[૧૯૬૬]

Regd. No. MH. 117
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૭ : અંક ૧૭

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, જાન્યુઆરી ૧, ૧૯૬૬, શનિવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૨૫ પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

☆ શ્રી વિમલાબહેનનો એક પત્ર ☆

(શ્રી વિમલાબહેન ઠકારના નામથી અને તેમની પ્રવૃત્તિથી 'પ્રબુદ્ધ જીવન'ના વાચકો આજ સુધી સુપરિચિત રહ્યા છે. તેઓ યુરોપનો લગભગ છ માસનો પ્રવાસ કરીને ગયા વર્ષે ૨૪-૧૨-૬૪ ના રોજ મુંબઈ પાછા ફર્યા હતાં. તેમના એ પ્રત્યાગમનના સંદર્ભમાં તા. ૪-૧-૬૫ ના રોજ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે શ્રી વિમલાબહેનનો વાર્તાલાપ ગોઠવવામાં આવ્યો હતો અને તેની વિગતો તા. ૧૬-૨-૧૯૬૫ ના 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ કરવામાં આવી હતી. આ વાર્તાલાપમાં તેમના યુરોપના નિવાસ દરમિયાનનાં કેટલાંક સ્મરણો અને તે અંગે તેમના ચિત્ત ઉપર પડેલા સંસ્કારો રજૂ કરવામાં આવ્યા હતા. ત્યાર બાદ તેઓ આશરે દશ મહિના ભારતમાં અને તેમાં પણ મોટા ભાગે માઉન્ટ આબુમાં રહ્યા અને ગયા ઑક્ટોબર માસની ૧૯ મી તારીખે તેઓ યુરોપ તરફ વિદાય થયા. ત્યાંથી તેમના તરફથી ગત નવેંબર માસની ૧૨ મી તારીખનો એક પત્ર મારી ઉપર આવ્યો છે. આ પત્રમાં ભારત ખાતેના તેમનાં નિવાસ દરમિયાન કોને કોને મળવાનું બન્યું તે અંગેની કેટલીક માહિતી આપવામાં આવી છે; ભારતની અદ્યતન પરિસ્થિતિ અંગે તેમના કેટલાક વિચારોનું તેમાં નિરૂપણ કરવામાં આવ્યું છે, અને હાલ યુરોપમાં તેઓ કઈ કઈ પ્રવૃત્તિમાં રોકાયેલા રહે છે તેનો પણ કેટલોક ખ્યાલ આપવામાં આવ્યો છે. 'પ્રબુદ્ધ જીવન'ના વાચકોના વિમલાબહેન અંગેનાં સ્મરણોને તેમની આ વચગાળાની પ્રવૃત્તિઓ સાથે અનુસંધિત કરવાના હેતુથી તેમનો એ રસપ્રદ તેમ જ પ્રેરક પત્ર જે મૂળ હિંદીમાં છે તેનો અનુવાદ નીચે આપવામાં આવે છે. આ પત્ર વિમલાબહેનના અતિ સમૃદ્ધ અને સૌહાર્દભર્યા વ્યક્તિત્વનો પરિચય કરાવવામાં પણ ઠીક ઠીક ઉપકારક બનશે. પરમાનંદ)

હીલ્વરસમ, હોલાંડ, તા. ૧૨–૧૧–૬૫

પ્રિય ભાઇ,

પત્ર મળ્યો. ત્યાં આપનું સ્વાસ્થ્ય નરમ રહે છે એ જાણીને થોડી ચિન્તા થાય છે. વખતોવખત કુશળપત્ર લખતા રહેશો. મારું સ્વાસ્થ્ય ઠીક છે.

મિલન–પરંપરા

ભારતમાં આ વખતે હું લગભગ દશ મહિના રહી. આ સમય દરમિયાન માઉન્ટ આબુમાં છ મહિના રહેવાનું બન્યું. ચાર મહિના ભારતના વિભિન્ન વિભાગોમાં પરિભ્રમણ થયું. એ દિવસોની યાદ આવે છે કે જે દિવસો પ્રિય વિનોબાજી પાસે પવનારમાં પસાર કર્યા હતા. ત્રણ દિવસ ડિસેંબર ૧૯૬૪ માં; બે દિવસ ફેબ્રુઆરી ૧૯૬૫ માં, તેમના ઉપવાસના સમયે. તેમની અને મારી વચ્ચે હવે શબ્દમય સંવાદ માટે અવકાશ નથી રહ્યો. નિઃશબ્દ મૌન સહવાસમાં પરિપૂર્તિનો અનુભવ થાય છે. યાદ આવે છે ફેબ્રુઆરી ૧૯૬૫ ના બાર દિવસો કે જ્યારે પ્રિય કૃષ્ણમૂર્તિજીને મુંબઈમાં અનેક વાર મળવાનું બન્યું. ત્યાં પણ એવો જ અનુભવ છે કે વાઙ્મય વ્યાપાર માટે ગુંજાયશ નથી રહી. તેની અને મારી વચ્ચે એક એવી નિગૂઢ અખંડ એકતા ઝંકૃત બનતી રહી છે કે જેનું સંગીત મૌનની ભાષામાં જ વ્યક્ત થઈ શકે છે. માર્ચમાં રહેવાનું બન્યું ભાઈ જયપ્રકાશજી તથા પ્રભાવતીજી સાથે. છ વર્ષ બાદ હું બિહાર ગઈ. નિમિત્ત હતું પ્રભાવતીજીની મહિલા ચરખા સમિતિનો રજત જયન્તી મહોત્સવ. આત્મવિલોપન–યોગની અદભુત સાધિકા પ્રભાવતીજી; ઋજુતા-યોગના મહાન અધિકારી જયપ્રકાશજી. અમે પાંચ દિવસ સાથે રહ્યા, એમ છતાં પણ વાતોનો અંત ન આવ્યો; ન મિલનની ખુમારીની મજાનો છેડો આવ્યો. સભાઓ ચાલતી; પરિસંવાદ ચાલતા; મળવા-હળવાવાળાનો તંતુ ચાલુ રહેતો; અને આ બધાંની વચ્ચે અમારી ત્રણેની મહેફિલ ગાળે ગાળે ચાલુ રહેતી. માર્ચમાં જવાનું બન્યું બનારસ, પંડિત ઑંકારનાથજી પાસે થોડો સમય રહેવા માટે. મારી વિદ્યાર્થી અવસ્થાથી હું પંડિતજીની સંગીત સાધના ઉપર મુગ્ધ છું. એમની સ્વાયત્ત કન્યા બન્યાને લગભગ વીશ સાલ થવા આવી છે. દર સાલ યુરોપથી પાછા ફરતાં બાપુની પાસે બે ચાર દિવસ રહું. બાપુ પોતાની આત્મના માટે જ્યારે ગાવા બેસે છે ત્યારે એ મજા આવે છે કે જે મજા તેમની કોઈ ઔપચારિક બેઠકમાં નથી આવતી.

આબુમાં આ વખતે સ્નેહીજનોએ સ્નેહ વરસાવ્યો. ત્રણ મહિના મારી પાસે શ્રી શંકરરાવ દેવ શિવકુટીમાં રહ્યા. જયપ્રકાશ–પ્રભાવતીજી એક અઠવાડિયું રહ્યાં. સંત તુકડોજી એક સપ્તાહ રહી ગયા. મારી બેનપણી ડૉ. પ્રેમલતા શર્મા (બનારસ યુનિવર્સિટીની સંગીત અને લલિતકળાઓની અધ્યાપનશાખાની ડીન) એક અઠવાડિયું મારી સાથે રહી ગઈ. તેની સાથે સ્વામી પ્રત્યગાત્માનંદ સરસ્વતીનું જપસૂત્ર, સ્વામીશ્રી કૃષ્ણચૈતન્ય ભારતીનું વૈદિક મેથેમેટીક્સ,' બ્રહ્મર્ષિ દેવરાતજીનું 'છંદોદર્શન', કવિરાજ ગોપીનાથના તંત્રવાઙ્મયમાંની શાકત ઉપાસના–વગેરે ગ્રંથો જોવાનું બન્યું. એક અમેરિકન મિત્ર ડૉ. ફ્રેડ બ્લૂમ એક અઠવાડિયું રહી ગયા. Mutations of the Mind–માનવી-મનના પર્યાય–ને લગતી સમસ્યા અંગે ચર્ચા કરવા માટે તેઓ આવ્યા હતા. શ્રી ચુનંદાબહેન વોરા તથા કલ્યાણભાઈ શાહ સાત દિવસ રહી ગયા. સમાજ-સેવકોની માનસિક સમસ્યાઓ ઉપર વિચાર–વિમર્શ કરવા માટે આવ્યા હતા. દિલીપ કોઠારી તથા તેમનાં પત્ની કાન્તાબહેન એક અઠવાડિયું

આવી ગયાં. એ બેનો સહવાસ એટલે સાહિત્ય સંગીત-કલાવિનોદનો જીવંત સહવાસ. સંયોગવશાત એ જ સમયે આવ્યા હતા શ્રી ગંગાશરણપ્રસાદ સિન્હા. ગંગાબાબુની અભિજાત રસિકતા, વિનોદશક્તિ તથા રાજનૈતિક ક્ષેત્રની સેવાના અગણિત અનુભવોનો આ વખતે પરિચય થયો. રાત વહી જતી અને દિવસ દોડયે જતો, પણ અમારી મહેફિલનો રંગ જામેલો રહેતો. કેટલું લખું? ઑગસ્ટમાં દાદા (ધર્માધિકારી) આવ્યા, સાથે રહ્યા. પ્રભા મરચન્ટ, ડૉ. નિર્મલ ચૌધરી, પાર્વતી ધવન, પ્રભા ચૌધરી વિગેરે સખીઓ આવી. સાથે રહી અને ગઈ. આપ આવ્યા હતા. આપ સર્વેએ સ્નેહવર્ષા વરસાવીને મને અનંત શક્તિનું પ્રદાન કર્યું. ભલેને બહુ થોડા સમય માટે, આવ્યા હતા પરમમિત્ર વસુભાઈ તથા ચંદ્રાબહેન પારેખ, જેમની સાથેની મારી મૈત્રી પુરાણી હોવા છતાં નિત્યનૂતન રહી છે. રાજસ્થાન સેવક સંઘની શિબિરના નિમિત્તે આવ્યા હતા સર્વશ્રી ગોકલભાઈ, સિદ્ધરાજજી, પૂર્ણચંદ્ર જૈન, કૃષ્ણરાજ મહેતા વગેરે સર્વ પુરાણા સાથી પ્રેમપૂર્વક મળ્યા. કારણવશ આવ્યા હતા અકબરભાઈ - મદીનાબહેન અને અમે ખૂબ મળ્યા, ભજન ગાયાં, મજા લૂંટી.

દેશની અદ્યતન પરિસ્થિતિ વિષે

આમ આ બધી મધુર ઘટનાઓ બનવા છતાં, આખો સમય મારું ચિત્ત ભારે રહ્યું, જે દિવસે (તા. ૨૪-૧૨-૬૪) મુંબઈમાં પગલાં માંડ્યાં તે દિવસથી ભારત છોડ્યું તે દિવસ સુધી (તા. ૧૯-૧૦-૬૫)ની ક્ષણ સુધી ચિત્ત ઉપર બોજો રહ્યો ભારતની કુલ પરિસ્થિતિ અંગે. વિશેષ ઉલ્લેખનીય છે કાશ્મીર સમસ્યા. ૧૯૬૫ ના જુલાઈ માસમાં કાશ્મીર જવાનું બન્યું. અનેક લોકોને મળવાનું બન્યું. કેટલાંય ગામોમાં ઘૂમવાનું બન્યું. હું ત્યારે સમજી ગઈ હતી કે કાશ્મીર સમસ્યાને એક જાગતિક પ્રશ્ન બનાવવામાં ઘણા લોકો વ્યસ્ત છે, વ્યગ્ર છે. મારી સમજમાં આવી ગયું હતું કે કોઈ ને કોઈ એક દિવસે ભારત સરકાર તથા કાશ્મીરી જનતાના નેતાઓ સાથે, એક સાથે બેસીને, આ સમસ્યાનો ઉકેલ લાવવો જ પડશે. આજ પણ મારો ખ્યાલ છે કે જેટલું જલ્દિથી આ કરવામાં આવે એટલું એ કાશ્મીરી જનતા, ભારત સરકાર તથા પાકિસ્તાની જનતાના વધારે હિતમાં હશે. પાકિસ્તાનને, યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકાને તેમ જ અન્ય દેશોને આપણે જરૂર કહીએ કે, 'Hands off' – 'કાશ્મીરની બાબતથી દૂર હઠો' પણ જ્યાં સુધી કાશ્મીરી જનતાનો સવાલ છે, તે અંગે તે લોકોને પૂરું આશ્વાસન મળવું જોઈએ, તેના નેતાઓની આપણે ઈજ્જત કરવી જોઈએ, તેમના પ્રત્યે આદરપૂર્વક જોતાં થવું જોઈએ. હું અહિં અહિંસાની બાબત આગળ ધરતી નથી. માનવતાના હક્કમાં, ઓછામાં ઓછું આપણે શેખ સાહેબ, મૌલાના મસૂદી જેવા સમજપૂર્વક વર્તવાવાળી વ્યક્તિઓ સાથે વાતચીત તો શરૂ કરીએ. આટલું જરૂર કરવું ઘટે છે. કાશ્મીરની બાબતમાં ભારતીય જનતાને સાચી હકીકતોની બહુ ઓછી જાણકારી મળે છે. ખેર!

ઑગસ્ટમાં કાશ્મીરમાં ધુંસપેઠ થઈ. પ્રતિકારાત્મક લડાઈનું પગલું ભારત સરકારને અનિવાર્યપણે ભરવું પડ્યું. કિન્તુ વિવશ બનીને લડવાવાળાની મનોવૃત્તિમાં હોય છે સંયમ. આ આંશિક લડાઈની, આંશિક સફળતાની ખબરો જ્યારે લોકસભામાં સંભળાવવામાં આવતી હતી, ત્યારે જે વાતાવરણ પેદા થતું હતું, જે તાળીઓ ઉચ્છૃંખલતાપૂર્વક પાડવામાં આવતી હતી, એ બધું કંઈક બીજી જ બાબતનું દ્યોતક હતું. આજે તો દેશ યુદ્ધની મઝધારમાં છે. એમ છતાં મારી જેવી અનેક વ્યક્તિઓ હશે કે જેમને આ હકીકતથી ગંભીર વેદના થતી હશે કે ૧૮ વર્ષ દરમિયાન ભારત–પાકિસ્તાન વચ્ચે સુલેહ થઈ ન શકી, કાશ્મીરની સમસ્યાનો ઉકેલ શાન્તિથી નીકળી ન શક્યો. આપણું સદ્‌ભાગ્ય છે કે શ્રી લાલબહાદુર શાસ્ત્રી જેવા જાગૃત બુદ્ધિ ધરાવતા મગજવાળી વ્યક્તિના હાથમાં આજે ભારતનું નેતૃત્વ છે. કુદરતની કૃપા છે કે આજ સુધી વિનોબા–જયપ્રકાશ–મૌલાના મસૂદી જેવા લોકનેતા દેશની સેવામાં ઉપલબ્ધ છે. સંભાળીને ચાલવાનો અવસર આજે પણ છે.

આ નાની સરખી લડાઈના કારણે જનતામાં રાષ્ટ્રીય એકતાની ભાવના જાગી ઉઠી છે; ઝગડા ઊભા કરવાની, લોકોને ભડકાવવાની વૃત્તિ મંદ પડી છે; આ એક લાભ થયો છે. આ પરિસ્થિતિમાં ધર્મનિરપેક્ષ સહજીવનનો મૌલિક અર્થ ભારતના ખૂણે ખૂણે સમજાવવાવાળા દીપસ્તંભોની, ચોતરફ ફરતા હરતા પ્રેમદૂતોની નીતાંત આવશ્યકતા છે. સામાજિક જીવનમાં બંધુતા, પરસ્પર વિશ્વાસ તેમ જ આદરની જ્યોતિ ફરીથી પ્રગટાવવાની આવશ્યકતા છે. મને આશા છે કે આ તરફ જાગરૂક નાગરિકોનું ધ્યાન કેન્દ્રિત બનેલું રહેશે.

ગમે તે કારણથી પણ, ભારતને અન્ન - સ્વાવલંબનનું મહત્ત્વ પ્રતીત થવા લાગ્યું છે એ એક શુભ લક્ષણ છે. કેટલું સારું થાત જો ભારતના નેતાઓ શ્રી વિનોબાજીનો પોકાર ૧૯૫૧માં સાંભળ્યો હોત, જો આર્થિક સંયોજનની બુનિયાદ વિનોબાજીની સૂચના અનુસાર રાખવામાં આવી હોત? તટસ્થતાની નીતિ અને આર્થિક ક્ષેત્રમાં દયાજનક પરાવલંબન–આ આન્તરવિરોધ મટાડવા માટે વિનોબાજી વારંવાર ઉર્ધ્વબાહુ થઈને પોકાર કરતા રહ્યા છે. તેમનું ભૂદાન - ગ્રામદાન–આન્દોલન આ દિશામાં એક અદ્‌ભુત પ્રયાસ રહ્યો છે. પણ કોણ સાંભળે છે? આજે પણ રાજ્યસરકાર તેમ જ કેન્દ્ર સરકાર કૃષિકેન્દ્રિત અર્થયોજના એટલે કે ગ્રામદાનપ્રેરિત ભૂમિવ્યવસ્થાનો શીઘ્રાતિશીઘ્ર સ્વીકાર કરશે તો અન્નસ્વાવલંબન ઉપલબ્ધ થશે, એટલું જ નહિ પણ, ગંભીર આન્તરવિરોધ મટશે. અરે ચીનના વૈચારિક આક્રમણનો એક સશક્ત સમર્પક જવાબ દુનિયાની સામે રજુ કરી શકાશે.

૧૯૬૭માં ભારતમાં ચૂંટણી આવશે. જે નાગરિકો એમ ઈચ્છતા હોય કે દેશમાં જનતંત્રાત્મક ધર્મનિરપેક્ષ રાજ્યવ્યવસ્થા કાયમ રહે, તેમણે આજથી સજાગ બનીને જોવાનું રહેશે કે સંપ્રદાયવાદી લોકો દેશભક્તિના નામ ઉપર ચૂંટણીમાં જનતાને ભ્રમિત ન બનાવે. જ્યાં સુધી અમુક એક રાજનૈતિક પક્ષ સત્તા ઉપર છે, ત્યાં સુધી દેશમાં એક સશક્ત વિરોધી પક્ષનું હોવું અનિવાર્ય છે. એ વિરોધી પક્ષ સાંપ્રદાયિક ન હોય, કોઈ પણ અર્થમાં પ્રતિક્રિયાવાદી ન હોય, એ જોવાની જવાબદારી સાવધાન નાગરિકોની છે. આપ મારા વિચાર જાણવા ઈચ્છો છો તેથી આ બધું હું લખી રહી છું.

યુરોપ ખાતેની પ્રવૃત્તિ

અહિંનો મારો કાર્યક્રમ શરૂ થઈ ચૂક્યો છે. આમસ્ટરડામમાં એક 'પ્રોગ્રેસીવ ગ્રુપ' છે, જેમાં સાહિત્યિક, કલાકાર, આધ્યાત્મપ્રેમી, સંગીતજ્ઞ લોકો મહિનામાં બે વાર એકઠા થાય છે, ચર્ચા કરે છે. આ ગ્રુપમાં મારી બે સભા થઈ. ચર્ચાવાર્તાલાપની એ સભાઓ હતી. હૉલેન્ડની ખ્યાતનામ અભિનેત્રી હેન્સ હરમસ (Hens Hermus) મારી સભાઓમાં બે વર્ષથી બરોબર આવે છે. તેણે ચર્ચા ચલાવી. સવાલ લખી લાવી હતી: એકાગ્રચિત્ત શું છે? ધ્યાન શું છે? ધ્યાનાવસ્થાનો સત્ય અને પ્રેમ સાથે સંબંધ શું છે? બાકીના શ્રોતાઓ પણ સવાલ ઉપસ્થિત કરતા હતા. આ ચર્ચા આપે સાંભળી હોત તો આપ જરૂર ખૂબ પ્રસન્ન થયા હોત. આવતી કાલે હું અમર્સફૉર્ટ (Amersfort) જઈ રહી છું. ત્યાંના ઈન્ટરનેશનલ ઈન્સ્ટીટ્યુટ ઑફ ફીલોસોફીમાં સપ્તાહના અન્તે એક પરિષદ ગોઠવવામાં આવી છે. વિષય છે Encounter with the unconscious–અજાગ્રત મનની આલોચના. લગભગ ૧૨૫ વ્યક્તિઓ મારી સાથે શનિ-રવિ પસાર કરશે. પ્રવચનો બાદ ચર્ચા ચાલશે. સાથે ભોજન પણ હશે. સાથે સાથે હળવી વાતો પણ ચાલશે. એવી જ એક સપ્તાહના અન્તે પરિષદ હશે બિલ્થોવનના ઈન્ટરનેશનલ ઈન્સ્ટીટ્યુટ ઑફ સાઈકોલોજીમાં. ત્યાં ૧૦૦ ભાઈ–બહેનો મારી સાથે બે દિવસ પસાર કરશે. યુટ્રેચનાં ઈન્ટરનેશનલ યોગ એસોસીએશનમાં એક એવી જ પરિષદ મળશે. બિલ્થોવનમાં વિષય રાખ્યો છે The mutations of the mind –માનવીચિત્તના પર્યાયો. યુટ્રેચટમાં વિષય છે યોગનું હાર્દ. આ પરિષદોમાં ભાગ લેવા માટે બેલ્જિયમ, લગ્ઝંબર્ગ, નોર્વે વગેરે દેશોમાંથી શ્રોતાઓ આવે છે. હૉલેન્ડના વિભિન્ન ભાગોમાંથી તો શ્રોતાઓ આવતા જ હોય છે. હેગમાં વર્લ્ડ ફેડરેશન ઑફ બ્રધરહૂડ મારફત એક પરિષદ છે, જેમાં The Psycological Content of International Co–operation–આન્તર રાષ્ટ્રીય સહકારનું મનોવૈજ્ઞાનિક રહસ્ય–એ વિષય ઉપર મારું ભાષણ થશે. હેગમાં પણ ચૂફી સેન્ટરમાં–ચૂફ્રિોની પરિષદમાં The Enigma of Time–'કાળનો કોયડો'–એ વિષય ઉપર

પ્રવચન થશે. હિલ્વરસમમાં સ્વતંત્ર પ્રવચનમાળા થશે. ગત વર્ષનાં પ્રવચનોનું પુસ્તક પ્રેસમાં છે. જ્યારથી હું અહિં આવી છું ત્યારથી તેનાં પ્રૂફ જોવામાં લાગી રહી છું. પુસ્તક મારા હાથ ઉપર આવ્યે આપના માટે એક નકલ મોકલીશ.

ગયાં ત્રણ વર્ષો સુધી હોલૅંડમાં સભાઓ ખાનગી ઘરોમાં ગોઠવી શકાતી હતી. આ વખતે શ્રોતાઓની સંખ્યા વધી ગઈ છે. સભાઓ ઘરમાંથી નીકળીને સંસ્થાઓમાં, ઓરડાઓમાંથી નીકળીને મોટી વ્યાખ્યાનશાળાઓમાં ભરાવા લાગી છે. આ વખતે મારી મનાઈ હોવા છતાં પણ, ૨૦૦ સુધીની સંખ્યા સંયોજકોને સ્વીકારવી પડી છે. લાગે છે કે આવતા વર્ષે પ્રવચન કરવાનું મારે બંધ કરવું પડશે. કારણકે મોટી સભાઓ, ભાષણ, પરિષદ વગેરે માધ્યમોમાં મારી જરા પણ શ્રદ્ધા નથી. બીજી બાજુ સંયોજકોની સામે સમસ્યા ઊભી થાય છે કે તેઓ કોને ના કહે અને કેવી રીતે ના કહે?

ડિસેંબરના અન્ત સુધી હોલૅંડમાં રહેવું છે. જાન્યુઆરીનો આખો મહિનો ઈંગ્લૅંડમાં પસાર થશે. ફેબ્રુઆરીમાં સ્વિટઝર્લૅંડ તથા ફ્રાન્સ જવાનું છે. આગળનો કાર્યક્રમ હજુ સુધી નક્કી થયો નથી. નક્કી થયે આપને જણાવીશ. દક્ષિણ અમેરિકાથી વેનેઝુલાના યુવકો તરફથી આગ્રહપૂર્વકનું નિમંત્રણ છે. આગળના વર્ષમાં નિમંત્રણ હતું, હું જઈ શકી નહોતી, આ વખતે પણ હું જઈ શકીશ કે નહિ તેનો કોઈ અંદાજ નથી.

એક બાબત વધારે લખીને આ પત્ર સમાપ્ત કરું. તે દિવસે મુંબઈમાં આચાર્ય રજનીશને મળવાનું થયું. ખૂબ પ્રસન્નતા અનુભવી. તેમનું સ્વાસ્થ્ય વારંવાર બગડે છે. પરિશ્રમનો અતિરેક થાય છે એ બાબત તરફ એમનું ધ્યાન ખેંચવા માટે મેં એક પત્ર તેમની ઉપર લખ્યો હતો. તેના ઉત્તરમાં રજનીશજી લખે છે કે, "જ્યારે તમે પાછા આવશો ત્યારે એવી ફરિયાદ કરવાનું કારણ નહિ રહે. સ્વાસ્થ્ય ઠીક રહે એ તરફ પૂરું ધ્યાન રાખીશ." એ નિર્ભય આત્મનિર્ભર નૂતન યુવક મિત્ર વિષે મને આદરયુક્ત આત્મીયતાનો અનુભવ થાય છે.

બીજું શું લખું? આપના કારણે જે જે વ્યક્તિઓનો પરિચય થયો છે તે સર્વ વ્યક્તિઓને સ્નેહસ્મરણ. બાને સાદર વન્દન. આપની સર્વ તનુજાઓને (સપરિવાર) આ સ્નેહાયત્ત કન્યાનાં પ્રેમસ્મરણ. આપની કુશળતાના સમાચાર વખતો વખત લખતા રહેશો.

આપની કન્યાતુલ્ય
વિમલનાં વંદન.

☆ દિવંગત આત્માઓને શ્રદ્ધાંજલિ ☆

મુંબઈના પ્રખર કેળવણીકાર સ્વ. શ્રી મગનભાઈ ટી. વ્યાસ

મુંબઈની જાણીતી શિક્ષણ સંસ્થા ન્યુ એરા સ્કૂલના સ્થાપક શ્રી મગનલાલ ત્રિભુવનદાસ વ્યાસ લાંબી માંદગી ભોગવીને ૭૧ વર્ષની ઉંમરે તા. ૧૩-૧૨-૬૫ સોમવારના રોજ મુંબઈ ખાતે પોતાના જ નિવાસસ્થાને અવસાન પામ્યા. તેમની સાથે મારો વર્ષોજૂનો સંબંધ હતો. અમારાં પ્રવૃત્તિ-ક્ષેત્ર ભિન્ન હોઈને અમારું મળવાનું સમયનાં લાંબા-ટૂંકા ગાળે બનતું. એમ છતાં જ્યારે મળવાનું બનતું ત્યારે તેમનામાં રહેલી ઊંડી હાર્દિકતાનો સુખદ અનુભવ થતો, અને અમારી વચ્ચે વિચારોની-સંવેદનોની-લેવડદેવડ અતૂટ-ધારાએ ચાલતી. આ રીતે મેં નવા નવા વિચારોથી તરવરતા ઉષ્માભર્યા મિત્રને ગૂમાવ્યા છે. તેમના વિચારસમૃદ્ધ વ્યક્તિત્વનો તેમ જ યશસ્વી કારકીર્દિનો પરિચય આપવાની યોગ્યતા શ્રી વ્યાસને વધારે નિકટતાથી જાણનાર મુંબઈની મ્યુનિસિપાલીટીના શિક્ષણ ખાતાના સેક્રેટરી ડૉ. મધુરીબહેન શાહ ધરાવે છે એમ સમજીને તેમને મગનભાઈ વિષે એક પરિચય નોંધ લખી આપવા મેં વિનંતી કરી. એ વિનંતીના જવાબમાં મળેલી નોંધ નીચે મુજબ છે:-



સ્વ. શ્રી મગનભાઈ ટી. વ્યાસ

"શ્રી વ્યાસનો જન્મ ભરૂચ જિલ્લામાં અવિધા ગામે થયો. તેઓ બાળપણથી જ નમ્ર, સાદા, પરોપકારી અને પ્રેમાળ તથા આદર્શસેવી હતા. વિદ્યાર્થી અવસ્થામાંથી જ તેઓ ગામને દુષ્કાળ, મરકી, પુર જેવી આફતોમાં દક્ષતાપૂર્વક સંગીન સહાય મેળવી આપતા અને ગામની સેવા બજાવતા. તેઓએ પોતાના ગામની શાળાને પૂર્ણ હાઈસ્કૂલમાં ફેરવીને સરકારને હસ્તક સોંપી. ગામમાં અનેક પ્રકારની કલ્યાણ પ્રવૃત્તિઓ ચાલુ કરી અને રાજ્યભરની કેળવણીમાં અગત્યના સુધારાઓ કરાવ્યા. બાળપણથી જ તેમને થિઓ-સોફીદ્વારા સેવાનું સંસ્કરણ મળ્યું હતું. તેમણે પોતાના મિત્રોના અંગત વિકાસમાંયે પોતાનાં તન, મન અને ધનનો ગૌરવ અને પ્રસન્નતાપૂર્વક ભોગ આપ્યો હતો. તેમના સંબંધમાં જે કોઈ વ્યક્તિ આવતી તેને પ્રેમ અને સુનિષ્ઠાથી બાંધી લઈ તેના સર્વ વિકાસમાં તેઓ માર્ગદર્શન અને સહાય કરતા રહેતા. આજે એવા અનેક ભાઈ-બહેનો છે કે જેઓ મમતાપૂર્વક આ ઋણ પોકારીને સ્વીકારે છે.

એમણે મુંબઈ, મદ્રાસ અને લંડનની યુનિવર્સિટીઓનો લાભ ઉઠાવ્યો હતો. તેમાંયે ખાસ મદ્રાસ-અડિયારની ડૉ. એનીબીસેન્ટે સ્થાપેલી નેશનલ યુનિવર્સિટીમાં એમના જીવનગુરુ ડૉ. જી. એસ. એરુન્ડેલના હાથે શિક્ષણક્ષેત્રની તેમણે જીવનદીક્ષા લીધી હતી અને શુકલતીર્થના સુરમ્ય સ્થળે શિક્ષણયજ્ઞનો તેમણે પ્રારંભ કર્યો હતો. ત્યાંના લતામંડપોમાં ચાલતી અને શિક્ષણની વિવિધ અવનવી ઉચ્ચ વસ્તુઓ રજુ કરતી આ શાળાને ત્યારના કેળવણી અધિ-કારીઓ પણ એક અજોડ અને આદર્શ શાળારૂપે બિરદાવી હતી. ત્યાર પછી વિલાયત જઈ એમ. એ. એડ. થયા બાદ તેમણે મુંબઈ ખાતે ફેલોશીપ સ્કૂલ સ્થાપી ત્રણ વર્ષ ચલાવી હતી. તેમાં ચાલુ લોક-અભિપ્રાયને ગૌણ ગણીને સહશિક્ષણ, પ્રારંભિક પ્રાર્થના, પર્યટન, શિબિર-જીવન, ચિત્ર-સંગીત-નૃત્ય, નાટ્યાદિ, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ તથા નૂતન શિક્ષણપદ્ધતિ તથા શિક્ષક શિષ્ય અને માબાપો વચ્ચેનો કૌટુંબિક સંબંધ તથા પૂર્વ પ્રાથમિક શિક્ષણ જેવા અનેક નૂતન અને સર્જનાત્મક પ્રયોગો અજમાવવામાં આવ્યા હતા અને તે સર્વને પછીથી પોતે સ્વતંત્રપણે સ્થાપેલી ન્યૂ ઈરા સ્કૂલમાં પોતાની આગવી કલ્પના મુજબ દ્રઢીભૂત કર્યા હતા. આજે તો આ ઉચ્ચ અને અતિ આવશ્યક પ્રણાલિકાઓ લગભગ સર્વમાન્ય જેવી બની ગઈ છે.

પોતાના જીવનધ્યેયને પરિપુષ્ટ કરવા અને અવનવું જોવા જાણવા, તેમણે જાપાન, ચીન, રશિયા, ઈંગ્લેંડ, અમેરિકા વગેરે દેશોની શિક્ષણયાત્રા આદરીને તે સર્વને હિંદની શિક્ષણપ્રણાલિમાં રસ લેતા પણ બનાવ્યા હતા અને હિંદમાં ન્યુ એજ્યુકેશન ફેલોશિપ--વર્લ્ડની એક રાષ્ટ્રીય શાખા ખોલીને તેના તેઓ પ્રારંભથી આજ સુધી પ્રમુખ રહ્યા હતા.

તેઓ ડૉ. બેસંટના હસ્તે સ્કાઉટિંગની દીક્ષા પામ્યા ત્યારથી તે આજ સુધી તે ક્ષેત્રને મુંબઈના મહારાષ્ટ્ર રાજ્ય તથા ગુજરાત રાજ્યમાં તેમણે ભારે સેવા આપી છે અને ભારત સ્કાઉટ ગાઈડ સંઘની પ્રવૃત્તિને સુપ્રતિષ્ઠિત બનાવી છે. વળી ૧૯૫૨માં ભારત

સરકારે નિમેલા માધ્યમિક કેળવણી કમિશનના તેઓ સભ્ય હતા. મુંબઈ રાજ્યની પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ અભ્યાસક્રમ સમિતિના તેઓ પ્રમુખ હતા. મુંબઈના અને મહારાષ્ટ્ર રાજ્યના આચાર્ય મંડળના તેઓ પ્રમુખ હતા, તેમજ અનેક સંસ્થાઓ સાથે તેઓ સક્રિયપણે જોડાયેલા હતા.

શ્રી વ્યાસ અનેક સંસ્થાઓના સર્જક કે સહાયક હતા, એટલુંજ નહિ, પણ માનવવ્યકિતત્વના પણ એક કુશળ શિલ્પી હતા. સંબંધમાં આવનાર વ્યકિતનાં ગુણશકિત પિછાણી લઈ, સ્નેહ અને ધૈર્યથી તેનો સદુપયોગ કરાવી, તેમાં તેવા ઈતર ઉચ્ચ ગુણો ખીલવી તેને ઉચ્ચ સ્થાને પહોંચાડવાની તેમણે એક અજબ સિદ્ધિ પ્રાપ્ત કરી હતી.

પોતાના મિત્રો તથા સહકાર્યકરો ઉપરાંત બીજી અનેક વ્યકિતઓને તેમનો પારસમણિ સ્પર્શ્યો છે. તેમની બે દીકરીઓનો તેમની અંગત રુચિને અનુલક્ષીને જ તેમણે ઉચ્ચ વિકાસ સાધ્યો છે. તેવીજ રીતે મારી અંગત વાત કરું તો કેટલાંયે વર્ષોથી મને પણ પોતાની એક નાની બેન તરીકે, એક કલ્યાણવાંચ્છુ સ્નેહાળ વડીલ બંધુના રૂપે, મારા જીવનવિકાસમાં રસ લઈ મહત્વાકાંક્ષા જગાડી માર્ગદર્શન આપીને, મારા જીવનને ઘડવામાં તે મોટા ભાઈનો જેવો તેવો ફાળો નથી!

તેઓ ક્રોમ, ધર્મ, જાત, ભાતથી પર રહીને વિશ્વબંધુત્વ અને આંતરરાષ્ટ્રિય ભાવના કેળવવાના અને ખીલવવાના આજીવન હિમાયતી હતા અને તે અંગે ૧૯૬૪માં ન્યુ યોર્કની યુનિવર્સિટીના આમંત્રણને માન આપીને તેઓ શિક્ષણશાસ્ત્રીઓનું એક મંડળ લઈને વિશ્વયાત્રાએ ઊપડયા હતા. સદ્‌ભાગ્યે ત્યારે જ તેમના મંત્રી તરીકે હું તેમના બહુજ નિકટ અને સતત પરિચયમાં આવી, અને શ્રી મગનભાઈ વ્યાસ અને તેમનાં પત્ની શ્રીમતી સરોજબહેન વ્યાસના પરસ્પર સુમેળના અને તેમનાં સ્વભાવનાં પૂરક તેમજ વર્ધક પાસાનાં મને સુભગ દર્શન થયાં, ત્યારથી હું તે ચારિત્ર્યશીલ યુગલથી ખૂબ પ્રભાવિત બની છું.

ભારત સરકારે તેમની શિક્ષણક્ષેત્રની સેવાઓની કદરમાં તેઓશ્રીને "પદ્મશ્રી"નું જે બહુમાન આપ્યું છે તે જેટલું ગૌરવપ્રદ છે તેટલું જ સમુચિત છે. તેમની સ્થાપેલી—તેમના જવલંત સ્મારક રૂપ—ન્યુ ઈરા શાળાને, તેમણે પોતાને હાથે ઘડીને તૈયાર કરેલા સુજ્ઞ, દક્ષ અને સુનિષ્ઠ એવા પોતાના ભત્રીજા ડૉ. કાંતિલાલ વ્યાસનાં સબળ હાથમાં મૂકી છે. એટલે તે હજીયે સવિશેષ ફાલશે ફૂલશે અને ફળશે એવી આપણને સૌને આશા રહે છે. આપણ સૌ એમના આદર્શોને સમજીને સેવા દ્વારા આપણા ક્ષેત્રોમાં તેનો વિસ્તાર કરીને કૃતકૃત્યતા પામીએ એ જ તેમનું સાચું તર્પણ છે.

મધુરીબહેન શાહ"

વ્યાયામવીર અને પૂર્ણયોગના સાધક સ્વ. શ્રી અંબાલાલ પુરાણી

ગુજરાતમાં વ્યાયામ પ્રવૃત્તિને વિકસાવનાર અને શ્રી અરવિંદના જીવનદર્શનને પાયામાં રાખીને સાહિત્ય, કલા, શિક્ષણ તથા યોગસાધનાનાં સ્વરૂપો વિષે બુનિયાદી વિચારણા દ્વારા ગુજરાતી ભાષા અને સાહિત્યને ખેડનાર તથા ખીલવનાર શ્રી અંબાલાલ બાલકૃષ્ણ પુરાણી છેલ્લાં બે કે ત્રણ વર્ષથી હૃદયરોગથી પીડાતા હતા. તેમનું ગયા માસની ૧૧મી તારીખ અને શનિવારે સવારે શ્રી અરવિંદ આશ્રમમાં જ અવસાન થયું છે. તેમના દેહવિલયથી ગુજરાતે એક પનોતો પુત્ર ગુમાવ્યો છે; દેશને એક જ્ઞાનસમૃદ્ધ સંસ્કૃતિવિવેચકની ખોટ પડી છે; શ્રી અરવિંદ આશ્રમનો એક આધારસ્તંભ તૂટી પડયો છે. તેમની લાંબી તથા ઉજ્જવલ જીવન કારકીર્દિનો પરિચય આપતાં તા. ૧૨-૧૨-૬૫ના જન્મભૂમિ—પ્રવાસીમાં નીચે મુજબ નોંધ કરવામાં આવી છે:—

શ્રી છોટુભાઈ પુરાણી અને શ્રી અમ્બુભાઈ પુરાણી એ વ્યાયામવીર બંધુ-બેલડી ગુજરાતભરમાં વિખ્યાત છે. આ બંને ભાઈઓએ ગુજરાતને વ્યાયામ પ્રવૃત્તિ પ્રત્યે વાળવામાં અને વ્યાયામ માટે સાચો રસ જગાડવામાં ઘણો મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

શ્રી અમ્બુભાઈનો જન્મ સન ૧૮૯૩માં જામનગરમાં શિક્ષક પિતા શ્રી બાળકૃષ્ણને ત્યાં થયો હતો. વીસમી સદીની પહેલી પચીસીમાં ગુજરાતના નવયુવાનોનો વ્યાયામદ્વારા દેહઘડનાર અને આત્મનિષ્ઠ જીવનદર્શન દ્વારા એમનું માનસ ઘડનાર શ્રી અમ્બુભાઈનું નામ અને કામ ગુજરાતના ઈતિહાસમાં ચિરસ્મરણીય રહેશે.

અરવિંદ આશ્રમમાં

શ્રી અમ્બુભાઈએ ૧૯૨૩માં ગુજરાત છોડયું અને પોંડીચેરી જઈ શ્રી અરવિંદ આશ્રમમાં પ્રવેશ કર્યો. ત્યાં એ મહર્ષિનાં સાન્નિધ્યમાં રહ્યા અને તેમને તથા માતાજીને પોતાનું જીવન સમર્પી તેમની ભકિતમાં રત રહ્યા. શ્રી અરવિંદની યોગસાધના અને તેમના જીવનકાર્યને ગુજરાત તેમ જ બહારના જગત સમક્ષ સત્ય સ્વરૂપે રજૂ કરવા અને મૂલવવામાં શ્રી અમ્બુભાઈએ જે પ્રદાન કર્યું છે તે ઘણું મહત્ત્વનું છે. શ્રી અરવિન્દ આશ્રમમાં પ્રવેશ્યા પછી પૂરા ત્રેવીસ વર્ષ સુધી શ્રી અમ્બુભાઈ ત્યાં જ રહ્યા હતા, આશ્રમ છોડીને તેઓ કયાંય ગયા ન હતા. ઈ. સ. ૧૯૪૬માં તેઓ આશ્રમની બહાર નીકળ્યા અને ત્યાર બાદ તેમણે વિશ્વપ્રવાસ કર્યો.

પૂર્ણયોગની સાધના

આધુનિક ગુજરાતી ગદ્યના પ્રથમ પંકિતના સર્જકોમાં શ્રી અમ્બુભાઈનું સ્થાન ઘણું ગૌરવભર્યું લેખાય. સ્વભાવે બહાદુર, વ્યાયામપ્રિય, શીલવંત, સાહિત્યકાર, દૃષ્ટિસંપન્ન, કલાકોવિદ અને ભારતીય સંસ્કૃતિના પુરસ્કર્તા એ સર્વ એમના જીવનની વિશિષ્ટતા અલબત્ત ખરી, પરન્તુ એમના જીવનનું સર્વોચ્ચ શિખર તો પૂર્ણયોગની સાધના જ ગણાય.

શ્રી અરવિંદના પરમ ભકત એવા શ્રી અમ્બુભાઈએ પોતાના આરાધ્ય યોગીના મહાકાવ્ય "સાવિત્રી"નું અંગ્રેજીમાં વિવેચન કર્યું. એ એમનું એક મૂલ્યવાન પ્રદાન છે. યોગસાધના વિષે ગુજરાતના યુવકોને માર્ગદર્શન આપતા એમના "પથિકના પત્રો" અને "પથિકનાં પુષ્પો" સહુ કોઈને જાણીતાં છે. શ્રી અરવિંદના શ્રીમદ્ ભગવદ્‌ગીતા વિષેના નિબંધોનું ભાષાંતર કરવા ઉપરાંત શ્રી અમ્બુભાઈએ શ્રી અરવિન્દના "આત્મસિદ્ધિયોગ," "ભકિત યોગ" "જ્ઞાન યોગ", "વિજ્ઞાન યોગ" અને "કર્મ યોગ" એ પાંચે ગ્રન્થોનું ભાષાંતર કર્યું છે.

આ ઉપરાંત "શ્રી અરવિન્દનું કાવ્યદર્શન"; "પૂર્ણયોગની ભૂમિકાઓ," "સમિત્પાણિ," "વેદ રહસ્ય," "સાવિત્રી ગૂંજન" આ સર્વ એમનાં પુસ્તકો પણ મહત્ત્વનાં છે.

પોંડિચેરીથી કવિ શ્રી સુન્દરમ્‌ના સંપાદન હેઠળ પ્રસિદ્ધ થતા સામયિક "દક્ષિણા"માં શ્રી અમ્બુભાઈનાં કલા અને યોગ વિષે સંખ્યાબંધ લેખો પ્રસિદ્ધ થયા છે તે એમના તે વિષયોના ઊંડા અભ્યાસના અને સમજદારીના દ્યોતક છે.

વિષયસૂચિ

		પૃષ્ઠ
શ્રી વિમલાબહેનનો એક પત્ર		૧૬૭
દિવગંત આત્માઓને શ્રદ્ધાંજલિ: મુંબઈના પ્રખર કેળવણીકાર સ્વ. શ્રી મગનભાઈ ટી. વ્યાસ, વ્યાયામવીર અને પૂર્ણયોગના સાધક સ્વ. શ્રી અંબાલાલ પુરાણી.		૧૬૯
મહા પ્રસ્થાનના પથ પર - ૩	શ્રી પ્રબોધકુમાર સાંન્યાલ	૧૭૧
"ગ્રામદાન એક સંરક્ષણ પગલું"	વિનોબા	૧૭૩
પ્રકીર્ણ નોંધ: વિશ્વ હિંદુ સંમેલનમાં મહામના મુનશીએ રજૂ કરેલા વિચારો, વિશ્વ હિંદુ સંમેલનમાં રાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણને કરેલું પ્રવચન, સત્તર લાખનું સોનું સુવર્ણબ ન્ડમાં અર્પણ કરવા માટે મુંબઈની જૈન મહિલાઓને ધન્યવાદ.	પરમાનંદ	૧૭૫
વર્તમાન ભારત - અમેરિકી સંબંધો: એક સમીક્ષા.	ચેસ્ટર બોલ્સ	૧૭૭
આ તે ધર્માદેશ કે ફતવો?	પરમાનંદ	૧૭૮

મહાપ્રસ્થાનના પથ પર—૩

યાત્રા

વૈશાખ ૧૯૧૩-૩૯ તે દિવસે મેં યાત્રાની શરૂઆત કરી હતી. ખાંધ પર ઝોળી ને હાથમાં લાઠી લઈને બે મિત્રોને સાથે લઈને હું ચાલ્યો. પથ્થર ને કાંકરાવાળો રસ્તો હતો. ડાબી બાજુએ દૂર પર્વતશિખરે ટેહરીનો રાજમહેલ, તાજમહેલ જેવો દેખાતો હતો. એનો નીચે દહેરાદુનનું ગાઢું જંગલ હતું. દક્ષિણ દિશાએ પ્રભાતસૂર્યનો નિઃશબ્દ સમારોહ આકાશમાં ફેલાતો હતો. પથ્થરમાંથી વહેતી સૂકી જેવી ચન્દ્રભાગા નદી પાર કરીને મૌનીવનમાં થોડે દૂર જવું પડ્યું. વનમાં એક સામાન્ય ગામડું હતું. ત્યાં ભરત-શત્રુઘ્નજીનું મંદિર હતું. મંદિર વટાવીને ધીરેધીરે મેં ચાલવા માંડ્યું. પહાડનું ચઢાણ શરૂ થયું. મારી ગતિ ધીમી પડી ગઈ. પહાડને રસ્તે ચાલતાં ચાલતાં વાતો થઈ શકે નહિ. જ્યારે મોટું બંધ હોય ત્યારે મન પોતાનું કામ કર્યા કરે છે. બે માઈલ ચાલતાં ચાલતાં તો હું થાકી ગયો. નવા જોડા પગમાં ડંખતા હતા, બ્રહ્મચારી બગલાની જેમ ઠમક ઠમક ચાલતો હતો. ઘણે વખતે એણે પગમાં જોડા પહેર્યા હતા. એથી જોડા પહેરવાના ઉલ્લાસમાં તે ચાલતો હતો, ત્યારે ચમચમ અવાજ થતો હતો. રસ્તો ખૂબ ઊંચે જઈને પછી નીચાણમાં જતો હતો. પહાડી રસ્તો યાત્રીઓને પોતાની ઈચ્છા મુજબ જ લઈ જતો હોય છે. સમતલ ભૂમિમાં ચાલનારને નિર્બંધ સ્વતંત્રતા હોય છે, જ્યાં ખુશી હોય ત્યાં વાંકાચૂકા, આડાઅવળા તમે જઈ શકો, પણ અહીં તો એ પ્રમાણે ચલાય જ નહિ. અહીં તો તમે રસ્તાને આધીન, એ લઈ જાય તે પ્રમાણે તમારે જવાનું. ધીમે ધીમે પાણીનો અવાજ કાનને ભરી દેવા લાગ્યો. મને લાગ્યું કે હવે હું નીચે ઉતર્યો છું. થોડે દૂર ચાલ્યા ત્યાં લક્ષ્મણઝૂલા આવ્યું. ગંગાની નીલધારા પર પૂલ હતો, બન્ને બાજૂએ લોખંડનાં દોરડાંથી બાંધેલો હતો. બદરીનારાયણને રસ્તે લગભગ બધા પૂલો જ લક્ષ્મણઝૂલાની ઢબે જ બંધાયલા છે. પૂલ પસાર કરવા જઈએ એટલે આખો ડોલવા લાગે. આપણને ડર લાગે, કે, જાણે પૂલ તૂટી પડશે, જો કે મળ્યા પણ આવે. પૂલ પાર કર્યો ત્યાં કેટલાંક બંગાળી સ્ત્રી-પુરુષ મળ્યાં. અમે બદરીનારાયણ જઈએ છીએ એ સાંભળીને તેમને આશ્ચર્ય થયું, અને શુભેચ્છા દર્શાવી, ને નમસ્કાર કરીને એમણે વિદાય લીધી.

સામે જ ગગનસ્પર્શી નીલકંઠ પર્વત હતો, એની નીચે દક્ષિણ દિશાએ સ્વર્ગાશ્રમનું સફેદ મંદિર હતું. હંસના પાંખ જેવું એ સફેદ હતું. પગ આગળ ગંગાનો શ્વેત પ્રવાહ વહેતો હતો. મેં મનોમન કહ્યું "વિદાય સ્વદેશ, વિદાય સભ્યતા, વિદાય જનસમાજ! આત્મીયજનો, મિત્રો, પરિચિત, એ સઘળાંની મનથી મેં વિદાય લીધી. મારી આંખમાં દૂર દૂર જવાની ઝંખના હતી, અંતરમાં ઉત્સાહ ને ઉત્તેજના હતાં, ને હૃદયમાં સાહસપૂર્ણ યાત્રાનો માર્ગ લેવાનો દુર્જય આનંદ હતો. મને તો ઘરની જંજાળ હતી નહિ, ને તોયે મારું મન કેમ લાગણીવિવશ બની ગયું? શા માટે મારા પગમાં ધ્રુજારી આવે છે? અને ગળું કેમ અંદરથી સૂકાતું હોય એમ લાગે છે? કદાચ બધાને એમ જ થતું હશે. આ બધું છોડીને ચાલી જતાં મનુષ્યના હૃદયમાં વેદનાનો સૂર ઊઠતો હશે. આટઆટલી માયામમતા, આટલી બધી હૃદયની વિધવિધ ઊર્મિઓ, એ બધું હોવા છતાં વખત આવ્યે બધું છોડીને ચાલ્યા જવું જ પડે છે, વિદાય લેવી જ પડે છે. એક દિવસ સવારનો આ નિર્મળ પ્રકાશ, ઉજ્જવળ તડકો, એ બધું આંખ આગળથી લુપ્ત થઈ જશે. હા, આમ જ એક દિવસ આ આકાશ, આ ગંગા, આ પર્વતમાળા, ચારે તરફ વિસ્તરેલો ધરતીનો મનોરમ ઐશ્વર્યસંભાર એ બધું ખોઈને મારે વિદાય લેવી પડશે. એ દિવસને કદાચ હવે ઝાઝી વાર નહિ પણ હોય. એ દિને પણ આ મર્ત્યલોકમાં તો આવો જ આનંદ ને કિલ્લોલ થતો હશે. પણ આ ક્ષુધા, આ આશા, આ સ્વપ્ન એ બધું જતી વખતે રસ્તામાં જ ફગાવીને જવું પડશે, અને એની તરફ પછી કોઈ નજર પણ નહીં નાંખે.

રસ્તો ઘણો મુશ્કેલ હતો. વચમાં પથરા વેરાયલા પડ્યા હતા. વચ્ચે પહાડમાં પાંદડાંઓની વચ્ચેથી આવતો એકલદોકલ ઝરણાંનો અવાજ સંભળાતો હતો. વસન્ત ઋતુ પૂરી થવા આવી હતી, એટલે રસ્તો પાંદડાંથી સારી પેઠે છવાયેલો હતો. મનુષ્ય ક્યાંય દેખાતું નહિ, કોઈનો ય શબ્દ સંભળાતો નહોતો. નવા જોડા હતા, એટલે પગમાં આંટણ પડતાં હતાં. પીઠ પર જે કામળો બાંધ્યો હતો તેને લીધે, અને ઝોળીની દોરડીથી ખભામાં વેદના થતી હતી, શરીર થાકી ગયું હતું. જાતજાતના લોકોએ તરેહ તરેહના ઉપદેશ આપ્યા હતા, પણ એ શિખામણ તે શિખામણ આપવા પૂરતી જ હતી. રસ્તો કાપતાં એ શિખામણની જરાયે જરૂર ન લાગી. બેએક કલાક ચાલ્યા હોઈશું એટલામાં પેલા બ્રહ્મચારીનું ગળું સુકાવા લાગ્યું, એણે કંઠે શોષ પડતા કહ્યું "ચાલો દાદા, જરા ક્યાંક બેસીએ, ખૂબ જ તરસ લાગી છે."

રસ્તામાં ઝાડની શીતળ છાયામાં અમે બન્ને બેઠા. નીચે નદીનો કલરવ આવતો હતો, પહાડ ગાઢાં જંગલોથી છવાયલો હતો, પાસે જ એક નાનુંસરખું મંદિર હતું, ત્યાં એકાંત હતું, શાંતિ હતી. પૂજારીએ અમને પીવાનું પાણી આપ્યું. પાણી પીને બ્રહ્મચારીએ બીડી સળગાવી. વાતો કરવાને માટે કોઈ વિષય નહોતો. અને વાતે શી કરવાની હોય! ધીરે ધીરે પગ લાંબા કરીને ત્યાં જ આડા પડ્યા.

આ જગતમાં હૃદયના આવેગની કશી કિંમત નથી એ હું જાણું છું, તો પણ આ રસ્તાની એક બાજુ સૂતાં સૂતાં કોણ જાણે ક્યાંથી હૃદય ભાવાવેશથી ભરાઈ જતું લાગ્યું. શોખને લીધે દેશ-ભ્રમણ કરવું એ મારો ધંધો નથી. જેઓ ધર્મચક્રડી મચાવી, ટોળી જમાવી હવાફેર માટે જાય છે, તેમની વાત હું કરતો નથી. પ્રાકૃતિક સૌંદર્ય જોઈને જેઓ ભાવાવેશમાં તણાઈ જાય છે તે સ્વલ્પપ્રાણ ઉલ્લાસમય લોકોને પણ હું પિછાનું છું. જોકે, એ લોકોથી હું જુદો છું એવું મારા મનમાં વસતું નથી. આજે મને બધા જ લોકો વહાલા લાગે છે. જે મિત્ર છે, જેઓ, ધૃણાસ્પદ છે, જેમને છોડીને હું ચાલ્યો આવ્યો છું, જે જન્મભૂમિ મને સંજીવની પાત્ર છે તે સમાજ, જે લોકો પ્રસિદ્ધ નથી ને જેમનો અનાદર થયો છે, કોઈ મને આજે પારકું લાગતું નથી. આજે મેં સંન્યાસીનો વેષ ધારણ કર્યો છે, પણ એ તો કેવળ બહારનું આવરણ છે, એ તો ઢાંકણ છે. કારણ કે આજે પણ દેશની વાત મનમાં આવે છે, ત્યાં મારા શરીરનો આણુ યે આણુ ઝણઝણ કરતો આલાપી ઊઠે છે. નશીબજોગે તે દિવસે જે માયા મમતા છોડીને આવ્યો હતો, વિરક્ત બનીને જેમની મેં વિદાય લીધી હતી, આજ એ જ સન્યાસીના વાઘાના કૃત્રિમ આવરણ નીચે મારું વિયોગદુઃખી મન બોલી ઊઠે છે, "તમે મને ભૂલી ના જતાં, હું છું. હજી જીવતો છું."

આમ તો એક દિવસ બધા મરવાના છે. પરંતુ, આપણને કોઈ યાદ ન કરે, અને સંગીસાથી કોઈ આપણા માટે બે આંસું ન સારે, એવું શાન્ત્વના વિનાનું મૃત્યુ બીજું નથી. આપણે નિરુપાય છીએ, દુર્બલ છીએ, નશીબને રમવાનાં રમકડાં છીએ, આમ છતાં આપણે પ્રતિક્ષણ જીવવાની તો ઈચ્છા રાખીએ છીએ ને? અને જીવવાની ચેષ્ટા તો, પૃથ્વીમાં રાતદિન ચાલ્યાં જ કરે છે. કોઈ જીવે છે નવજીવનસૃષ્ટિદ્વારા, કોઈ કલા અને સાહિત્યદ્વારા પોતાની જાતને અભિવ્યક્ત કરીને જીવે છે, કોઈ ખ્યાતિ અને યશ પ્રાપ્ત કરીને જીવનને ટકાવે છે—આમ આ સમાજમાં, સભ્યતા, વિજ્ઞાન, ક્ષમતા, પ્રતિષ્ઠા, એના મૂળમાં મનુષ્યની જીવન જીવવાની અનંત પિપાસા રહેલી છે. જેઓ જીવનને અસાર માનીને મોક્ષપ્રાપ્તિની તમન્નાથી તીર્થભ્રમણ કરવાને અગ્રસર થાય છે તેઓ પણ જીવવા તો ઈચ્છે છે, તેઓ રસ્તા પરની ધર્મશાળામાં પોતાનું નામ લખીને ને કોતરીને અમર રાખવા કેવો તનતોડ પ્રયાસ કરે છે!

બ્રહ્મચારી શરીર ખંખેરતો ઊઠ્યો, ને મને કહ્યું, "ચાલો દાદા, બાર વાગી ગયા હોવા જોઈએ, તમને જરૂર ભૂખ લાગી હશે."

એક નિસાસો નાંખીને ઝોળી ને કામળો લઈને ઊભો થયો, મેં પૂછ્યું, "આપણે કેટલા માઈલ ચાલ્યા હોઈશું બ્રહ્મચારી!"

રસ્તામાં માઈલ જેની પર નોંધેલા હતા એવા પથરા હતા. બ્રહ્મચારીએ મનમાં ને મનમાં હિસાબ કર્યો ને કહ્યું, "પાંચેક માઈલ."

થોડે દૂર ગયા હોઈશું ત્યાં ગરુડચટ્ટી આવી. ત્યાં એક મોટી ધર્મશાળા હતી. નીચે એક દુકાન હતી. દુકાનમાં બધું ખાવાનું મળતું હતું,

જે કે ભાવ ઘણા વધારે હતા. ધર્મશાળાની પાસે એક સુંદર બાગ ને જળાશય હતાં. પાસે જ પહાડમાંથી ધીમે ધીમે વહેતું એક ઝરણું હતું. એનું પાણી આ જળાશયમાં યાત્રીઓ માટે એકઠું કરવામાં આવ્યું હતું. ચટ્ટીમાં રાંધવા માટે, ચટ્ટીવાળા પાસેથી લોટ, ચોખા, દાળ, ઘી, વગેરે ખરીદીએ તો પિત્તળનાં વાસણ મળતાં હતાં. જેઓ કશું ખરીદવા માગતા ન હોય તેમને માટે ધર્મશાળામાં જગ્યા મેળવવી મુશ્કેલ હતી. ઘણી ધર્મશાળામાં માથાદીઠ બે પૈસા આપવાથી પણ જગ્યા મળતી હતી. બધી ધર્મશાળામાં ઘણુંખરું એક જ નિયમ હતો. આ વખતે તો અહીં જ આરામ લેવાનો હતો, પછી પાછી યાત્રા શરૂ કરવાની હતી. ધર્મશાળાને બીજે માળે ઘણા યાત્રીઓ આવ્યા હતા. થોડો આરામ કરીને અમે બન્ને મિત્રો, રાંધવાની કડાકૂટમાં પડ્યા.

આમારી યાત્રા આ રીતે જ ચાલતી હતી. બે વાર રસોઈ કરવાની, બે વાર વાસણ માંજવાના ને બે વાર પદયાત્રા કરવાની. બપોરના વખતે જમી કરીને ઘેરી ઊંઘ લેતા, મચ્છરના ત્રાસથી પગથી માથા સુધી ઓઢી લેતા, ઊંઘીને પાછા ચાલવાનું શરૂ કરતા, સાંજે કોઈ એક ધર્મશાળામાં આશરો લેતા, જમીને જનાવરની જેમ ઊંઘતા, અંધારું થતાં થતાં તો અમે ગાઢનિદ્રામાં પોઢી જતા, ધર્મશાળા પણ રેઢિયાળ હતી, એક દિવસ ઉઘાડી તો ત્રણ દિવસ બંધ. ઘાસ અને ઝાડના ડાળપાંદડાથી એનું છાપરું છવાયું હતું, જમીન છાણમાટીથી લીંપેલી હતી, ઘર અત્યંત દરિદ્ર ને સામાન્ય હતું. અમે યાત્રીઓએ તો જઈને કપડાં ઉતારીને લંબાવી જ દીધું. થાક ને ખિન્નતાને લીધે મોઢામાંથી એક પણ અક્ષર બોલવાની અમને હામ નહોતી.

યાત્રીઓ દૂર દૂરથી આવ્યા હતા. કોઈ દક્ષિણી, કોઈ સિંધી, કોઈ પંજાબી, હિન્દી, મારવાડી, ઉડિયા, ગુજરાતી, મહારાષ્ટ્રી તથા બંગાળીની મંડળી એમાં આવી હતી. બધા વ્યવહાર માટે હિન્દુસ્તાનીનો ઉપયોગ કરતા. બે ચાર જણ સિવાય બધાના પગમાં જોડા હતા. મોટા ભાગના જોડા કેનવાસના હતા. એને તળિયે રબરનાં સોલ હતાં. આ જાતના જોડાથી ઘણી સગવડ રહેતી હતી. હાથમાં એક લાકડી તો રાખવી જ પડે, નહિ તો આખર સુધી રસ્તો કાપવો અસંભવિત બની જાય. ઘણા યાત્રીઓ ગઢવાલી મજુરની પીઠ પર ચઢીને યાત્રા કરે છે. ગઢવાલીઓ ઘણા મજબૂત હોય છે. એમને કંડીવાળા કહેવામાં આવે છે. કંડી ઝોળી જેવી હોય છે. એ પીઠ પાછળથી બાંધેલી હોય છે. એમાં માલ પણ લઈ જવાય, ને માણસો પણ બેસી શકે. કંડીમાં યાત્રા કરનારી મોટે ભાગે સ્ત્રીઓ જ હોય છે. ડંડી આરામખુરશી જેવી હોય છે. એની નીચે ચાર લાકડી જડી હોય એટલે ચાર જણ ખાંધ પર યાત્રીને લાકડી દ્વારા ઊંચકીને ચાલે. નરમ ને બીકણ યાત્રીઓ ડંડીમાં જ યાત્રા કરે છે, કારણ કે બીજા બધા કરતાં એ વિશેષ આરામદાયક હોય છે. ઝાંપાંઓ પણ હોય છે, એ દેખાવમાં નનામી જેવી લાગે છે. એમાં ઉટીચુંટીયું વાળીને બેસવું પડે. એમાં ચાલવાનો શ્રમ તો બચે, પણ એમાં આરામ ન મળે. શરૂઆતમાં તો યાત્રીઓ સાથીદારો હોય, એટલે ઉત્સાહમાં ને ઉત્સાહમાં ચાલી જાય, પણ બે ચાર છ દિવસમાં, એમની ચાલ ધીમી પડી જાય, કોઈ ખોડંગાતા ચાલે, કોઈ ચાલતા ચાલતા ઢીલાઢસ થઈ ગયા હોય, કોઈ પાછળ પડી જાય, કોઈ માંદગીમાં પટકાય, કોઈનો ઉત્સાહ મોળો પડી જાય, તો કોઈ પાછા ચાલી જાય. યાત્રાના આરંભ વખતે જેઓ તંદુરસ્ત, તાકાતવાળા પ્રફુલ્લ અને મિષ્ટભાષી હોય, તેઓ, થોડા દિવસ પછી, સૂકાયલા, તડકાથી ને ધૂળથી ગંદા થઈ ગયેલા, કરુણતાભરી દષ્ટિવાળા બની જતા. એમના ધુંટણ દુ:ખવા આવ્યા હોય, એમના મોઢા પર ને આંખમાં એક પ્રકારનો કંટાળાનો ભાવ નજરે ચઢતો હોય, ને બગડેલા મિજાજવાળા જણાતા હોય. એમની પાસે ઊભા રહ્યા હોઈએ તો આપણને બીક લાગે. યાત્રીઓની આ દશા મજુરો બરાબર જાણતા હોય છે. આથી જ જેઓ બેકાર મજુરો હોય છે, તેઓ પોતાની પીઠે ખાલી ડંડી લઇને દિવસોના દિવસો, ધીરજથી યાત્રીઓની પાછળ પાછળ ચાલતા હોય છે. ક્રમે ક્રમે એમને એક પછી એક ગ્રાહકો મળતા જાય, અને ત્યારે એઓ યાત્રીઓની ગરજ જાણીને વધારે પૈસા માગે ને યાત્રીઓ ગરજના માર્યા આપે. ગરજનો માર્યો માણસ બધું કરવા તૈયાર થાય. આ રસ્તે સભ્ય સમાજની જેમ, ચોરીચપાટી, છેતરપીંડી, દગોફટકો એવું કશું ન મળે. યાત્રીઓને એ બાબતની ઉપાધિ હોતી નથી. મજુરો વિશ્વાસપાત્ર, સીધા ને સંસ્કારી હોય છે. પૈસાનો એમને લોભ હોય છે ખરો, પણ એને માટે એઓ કોઇ દુષ્પ્રવૃત્તિ નહિ કરે. એઓ જીભાજોડી કરે, પણ છેતરપીંડી નહિ રમે. એઓ ગરીબ હોય છે, પણ ગરીબી એમના હૃદયને કલુષિત કરતી નથી. એઓ વિત્તહીન હોય છે, પણ ચિત્તહીન નથી હોતા.

ઉત્તરાખંડમાં ગંગાને કિનારે કિનારે અમારો રસ્તો જતો હતો. આ કિનારે બ્રિટીશ ગઢવાલ, ડાબી તરફ નદી, ને પેલે કિનારે ટેહરી ગઢવાલ. એ આમ તો સ્વતંત્ર રાજ્ય હતું, પણ બ્રિટીશરાજ્યના તાબામાં જ હતું એમ કહીએ તો ચાલે. ગંગા, અલકનંદા, ને મંદાકિની સાધારણરીતે એ રાજ્યની સીમાઓને નક્કી કરતી હતી. ગઢવાલીઓનાં ગામડાં કોઈ કોઈ વાર તો પહાડમાં બે બે માઈલ ઊંચાં હતાં. ગામવાસીઓ મોટે ભાગે સારી સ્થિતિના હતા. બધાજ ખેડૂત, પહાડની ઢળાણ જમીનમાં ખોદાણ વગેરે કરીને એઓ બહુ આશ્ચર્યજનક રીતે અનાજ ઉત્પન્ન કરતા હતા. ઘઉં, બટાટા, હળદર, સરસવ વગેરે ઊપજાવતા હતા. જેઓ યુવાન હોય, અથવા તો ભાર ઉપાડી શકે એવા પ્રૌઢ કે વૃદ્ધ હોય, તેઓ ચૈત્ર પૂરો થતાં જ પહાડપરથી નીચે ઉતરી આવે, ને હરદ્વાર જઈને યાત્રીઓને પકડે, ને એમનો સામાન ઉપાડીને પહાડ પર ચઢે. હરદ્વારથી મહલચોરી સુધી એમનો રસ્તો મુકરર જ કરેલો છે. એ રસ્તાથી બહાર જવાનો એમને પરવાનો નથી. મહલચોરી એ ગઢવાલ જીલ્લાનો છેલ્લો સરહદનો પ્રદેશ છે. આ દુનિયામાં ક્યાંય પણ સમતલ પ્રદેશ હોઈ શકે, શહેર હોય, નાટકગૃહ હોય, શાળા અથવા હોસ્પીટલ હોઈ શકે, એવો તો એમને વિચાર સરખો પણ ન આવે. રેલના પાટા પરથી ટ્રેન દોડે, પાણીમાં જહાજ તરે, શહેરમાં મોટરો દોડે, ખેતરમાં ફૂટબોલ ખેલી શકાય એ બધું તો એમને માટે સ્વપ્ન જેવું. શિયાળાના દિવસોમાં એઓ કેવી રીતે જીવી શકે છે, તે તો મને ખબર નથી, પણ ઉનાળામાં કામળો ઓઢીને એઓ રાત્રી વિતાવે છે. આ મજૂરો મોટે ભાગે બ્રાહ્મણ કે ક્ષત્રીય હોય છે. એઓ યાત્રીઓ જોડે સૂએ, બેસે, વાતો કરે, બીડી પીએ, પણ એમનું અડેલું અન્ન એ લોકો ખાય નહિ, ખાવાપીવાની બાબતમાં એ લોકો ચોકખાઈનો ખૂબ આગ્રહ રાખે છે. માંસાહારને તો એ લોકો પાપ સમજે છે. જીવહિંસા તો એઓ કદાપિ કરે જ નહિ. એમની સ્ત્રીઓ કાંઈ ઘરકામ કરીને જ બેઠી ન રહે, એઓ પણ ખેતી કરે, પાળેલાં જનાવરોની બરદાસ્ત કરે, કામળા વણે, કપડાં સીવે, તેલ–ઘી બનાવે, પહાડી વનોમાંથી લાકડાં કાપી લાવે, નાનાં નાનાં બાળકોને પીઠ પર બાંધીને ફરવાં નીકળે. રસ્તામાં જતાં જો કોઈ ગામડું આવે તો મોટાંઓ ને છોકરાછોકરીઓ, આવીને યાત્રીઓ આગળ ભીખ માંગે ને કહે, "એ શેઠજી, એ રાણા, સોયદોરો આપો, પૈપૈસો આપો ! યે રાણા, આપોની રાણા." સોયદોરો અને પૈપૈસા સિવાય તેઓ બીજી કશાની ભીખ ન માગે. જો એમને પુરો એક પૈસો મળ્યો તો તો એ લોકો રાજી રાજી થઈ જાય, જાણે મોટી સંપત્તિ હાથમાં આવી. સોયદોરા માટે એમને ખૂબ જ આસક્તિ હોય છે. એ ચીજ ગઢવાલ જિલ્લામાં મળતી નથી. (ક્રમશ:)

અનુવાદક: ડૉ. ચંદ્રકાન્ત હ. મહેતા

મૂળ બંગાળી : શ્રી પ્રબોધકુમાર સાન્યાલ

"ગ્રામદાન: એક સંરક્ષણ પગલું"

(ગતાંકથી ચાલુ)

નહીં તો ગામડાં બેહાલ થશે

આ દૃષ્ટિએ ગ્રામદાન અને ગ્રામોદ્યોગપ્રધાન યોજનાઓ વિશે વિચારવું જોઈએ. ગાંધીવાદી પ્લાનિંગની દૃષ્ટિએ તો તે મહત્ત્વનું છે જ; પરંતુ એ દૃષ્ટિ હમણાં હું જતી કરું છું. રાષ્ટ્રીય આયોજનની દૃષ્ટિએ અને દેશને બચાવી લેવાની દૃષ્ટિએ, અર્થાત્ યુદ્ધની અસરો આપણા દેશ પર ઓછામાં ઓછી કેમ પડે, ઓછામાં ઓછા ગામડાં તો બચી જ જાય, અને શહેર પણ બને તેટલા બચી જાય તો વળી ઘણું સારું, એ દૃષ્ટિએ હું કહું છું કે આજે ગ્રામદાન અને ગ્રામોદ્યોગ-પ્રધાન યોજનાઓ અનિવાર્ય છે. એના વિના લડાઈના દિવસોમાં ગામડાંના લોકો માર્યા જશે, ગામડાં બધાં બેહાલ થઈ જશે. યુદ્ધને વખતે સરકાર લાચાર સાબિત થશે અને આટલાં લાખો ગામડાંઓ તરફ તે ધ્યાન આપી શકશે નહીં. માટે ગામેગામને પગભર કરવું પડશે. તેના વિના દેશ ટકશે નહીં. ગામને પગભર કરવા ગામના લોકો એક થઈને યોજના કરે. આવી ગ્રામ-યોજના એ લોકો ત્યારે જ કરી શકશે, જ્યારે ગ્રામદાન થશે. જ્યાં લગી ગામડામાં આજના જેવી દશા રહેશે, ત્યાં લગી ગામના લોકોનું દિલ એક નહીં થાય; અને જો દિલ એક ન થાય તો ગ્રામ-યોજના બને નહીં. ગ્રામ-યોજના વિના ગામડું સ્વાવલંબી ને પગભર થઈ શકે નહીં, અને આવી ગ્રામ-યોજના ગ્રામદાન વિના થાય નહીં. તેથી ગ્રામદાન જરૂરી છે. આ હું જે દર્શાવી રહ્યો છું તે દેશના સંરક્ષણના એક પગલાંની વાત કરી રહ્યો છું. ડિફેન્સ મેઝર તરીકેની ગ્રામદાનની જરૂરિયાતની વાત કરી રહ્યો છું. આપણા દેશની આઝાદી માટે, આપણા દેશના ગ્રામજનોની ઉન્નતિ માટે, અને દેશના સંરક્ષણ માટે ગ્રામદાન ખૂબ જ જરૂરી છે.

સરકાર તે કયાં કયાં પહોંચશે?

લોકો સરકારના મોં સામે તાકયા કરે છે. પણ સરકાર તે ક્યાં ક્યાં પહોંચશે? હમણાં બિહારના મુખ્ય પ્રધાને જાહેર સભામાં એવી ફરિયાદ કરી કે બિહારના ચોખા ચોરીછૂપીથી ચીન પહોંચે છે. આ શી વાત છે? નરી લાચારી છે! કોઈ નાગરિક ઊઠીને આવી ફરિયાદ કરે તો સમજી શકાય, પણ ખુદ મુખ્ય પ્રધાન ફરિયાદ કરે છે! પરંતુ આનો અર્થ હું એવો કરું છું કે તેઓ આ ચીજને રોકવાને અસમર્થ છે, તેથી જનતા પાસે અપેક્ષા રાખે છે કે જનતા પોતે આવી વસ્તુને રોકે. હવે ખબર નથી કે કેટલા ચોખા જતા હશે. પણ જતા જરૂર હશે, કેમ કે સરહદ પર આ જાતની આવ-જા બધે જ ચાલે છે. ત્યારે મને વિચાર થાય છે કે સરહદ પરનો આ બધો વિસ્તાર ગ્રામદાની થઈ જાય અને ગ્રામસભા સક્રિય બને, ગ્રામરાજ્યની ભાવના લોકોમાં જન્મે, તો ગામડાંઓની આયાત-નિકાસ પર નિયંત્રણ રાખવું સુલભ બને. એના વિના આવું બધું રોકવાનું બિલકુલ અશક્ય છે. આ બધી બાબતોનો આપણે ગંભીરતાથી વિચાર કરવો ઘટે.

આજે મોંઘવારી ઘણી છે. રોજબરોજની જરૂરિયાતની ચીજોના યે ભાવ વધી રહ્યા છે અને ગરીબ લોકો માટે એ ચીજો ખરીદવાનું ખૂબ મુશકેલ બની રહ્યું છે. આનાથી દેશનો પાયો જ ખોદાઈ રહ્યો છે. હવે આમાં લડાઈ ફાટી નીકળે તો તો ભાવો આસમાને જ ચઢી જાય! જો પ્રાથમિક જરૂરિયાતની ચીજવસ્તુઓના ભાવો સામાન્ય લોકોના ગજા બહારના થઈ જાય તો દેશની આર્થિક વ્યવસ્થા પડીભાંગે. એવે વખતે ગામડાંઓની શી સ્થિતિ થશે? દેશમાં ગરીબી રાખીને, અનાજની અછત રાખીને, તમે ક્યે જોરે લડશો? ફક્ત સેનાને જોરે નથી લડાતું, લડવા સારું અંદરનું બળ જોઈએ.

ગામડાંઓને આર્થિક આક્રમણમાંથી ઉગારી લો

માટે શાણપણ તો એમાં છે કે આપણે જીવનની પ્રાથમિક જરૂરિયાતની ચીજવસ્તુ ગામમાં જ ઉત્પન્ન કરી લઈએ. પ્રાણ ટકાવવા અન્ન, શીલ સાચવવા કપડાં, બાળકોને માટે દૂધ, બિમારોને માટે દવા—આ બધી ચીજો માટે આપણે બીજાઓ પર નિર્ભર ન રહી શકીએ. આટલી ચીજોની બાબતમાં તો દેશનું ગામેગામ સ્વાવલંબી બની જવું જોઈએ. શહેરો તો જાણે આર્થિક આક્રમણમાંથી બચી જશે, કેમ કે ગામડાંમાંથી ચીજવસ્તુઓ શહેરમાં પહોંચી જાય છે અને એને ખરીદવા માટેના પૈસા પણ શહેરોમાં હોય છે. પણ જો ગામના લોકોને અનાજ ખરીદવાની નોબત આવે તો અનાજના ભાવ એટલા ઉપર ચઢશે કે લાખોને ભૂખે મરવા વારો આવે. શહેરો માટે વધારે ભય લશ્કરી આક્રમણનો છે. ત્યારે જ્યાં સીધી લડાઈ ચાલતી હોય ત્યાંનાં ગામડાંઓ સિવાયના બધાં ગામડાંઓ લશ્કરી આક્રમણમાંથી તો બચી જશે, પરંતુ એમને ખતરો આર્થિક આક્રમણનો રહેશે. એ આર્થિક આક્રમણમાંથી એમને બચાવી લેવાય એવી કોઈ યોજના થવી જોઈએ. દેશનું રક્ષણ લશ્કરથી નથી થઈ શકતું. એ રક્ષણની વ્યવસ્થા તો ગામેગામ થવી જોઈએ. એનો અર્થ એ નહીં કે ગામેગામ સેના ઊભી કરો અને લશ્કરી તાલીમ લો. ગામેગામનું યથાર્થ રક્ષણ એટલે કે આર્થિક આક્રમણમાંથી એમને ઉગારી લેવાં.

મુખ્ય માણસો પર મુખ્ય જવાબદારી

હવે, ગામેગામના રક્ષણ માટે તમારે જ તૈયાર થવું પડશે. તમે તૈયાર નહિ થાઓ તો બીજું કોણ થશે? અને આ 'તમે' એટલે કોણ? જેમની પાસે પૈસા નથી, જમીન નથી, શિક્ષણ નથી, ઉત્સાહ નથી, તેઓ લોકશાહી અંગે અને આ બધી ચીજો અંગે શું વિચારવાના? હજી ભારતમાં એટલી જન-જાગૃતિ ક્યાં આવી છે? તેથી ગામેગામના જે મુખ્ય માણસો છે, એટલે કે જમીનવાળા, સંપત્તિવાળા, વેપારી, શિક્ષક, સરકારી અમલદાર વગેરે. એમના પર ગામને સંભાળવાની આ બધી જવાબદારી આવે છે.

ગામનું રક્ષણ કરવા માટે ગામમાં પરસ્પર સહાનુભૂતિ જોઈએ, એકતા જોઈએ, સંપ જોઈએ, ગામનું આયોજન જોઈએ. એની શરૂઆત વીસમો ભાગ ગરીબો માટે દાનમાં દેવાથી કરાય તો સારું. એનાથી ગામના ભૂમિહિનો અને મુખ્ય માણસો વચ્ચે એકતા સધાશે. કટોકટીની પરિસ્થિતિમાં તો ઉત્પાદન વધારવાની જરૂરિયાત સહુને જણાય છે. પણ ગામેગામ ઉત્પાદન વધે કઈ રીતે? તે માટે પ્રથમ તો મહેનત-મજૂરી કરનારાઓમાં ઉત્પાદન વધારવાનો રસ પેદા થવો જોઈએ ને? આજે જે મહેનત—મજૂરી કરે છે તેની પાસે ન જમીન છે, ન ઉદ્યોગ છે, કામ સુદ્ધાં બારે માસ મળતું રહેશે તેની બાંહેધરી નથી, અને ન તો બારે માસ અનાજ મળતું રહેવાની યે બાંહેધરી છે. આવી સ્થિતિમાં તેને ઉત્પાદન વધારવામાં રસ કેવી રીતે પડશે? ગમે તેટલું ઉત્પાદન કરવા છતાં તે તો ભૂખ્યો જ રહેવાનો છે. અને એ વાત પણ સો ટકા સાચી છે કે ખેતરમાં કામ કરનાર મજૂરમાં રસ પેદા કર્યા વિના ઉત્પાદન નહીં વધારી શકાય. તેથી ગામમાં જે ભૂમિવાનો છે એમણે ભૂમિહીનો અને ઓછી ભૂમિવાળાઓને પોતાની જમીનનો થોડો ભાગ આપીને એમને પોતાના પરિવારમાં સામેલ કરી લેવા જોઈએ. તેમ કરવાથી જ ગામમાં પ્રેમ વધશે, ખેતી કરનારાઓમાં રસ પેદા થશે અને ઉત્પાદન વધશે. એનાથી ગામના ભૂમિહીનો અને મુખ્ય માણસો વચ્ચે એકતા સધાશે. તમે જે સારી જમીન, ખેડાઉ જમીન આપો તો સારું જ છે, પણ પડતર જમીન આપો તો એને તમારા બળદથી ખેડાવીને આપજો. એવી ખેડેલી જમીન જ્યારે ભૂમિહીનોને આપશે ત્યારે તેઓ એ જમીન પર પાક લેશે. તમે એમને બિયારણ પણ આપજો. તો પાક સારો થશે. કોઈને ઠગવાથી કશું કામ નહીં થાય. સારાં કામોથી જ શક્તિ આવશે ને વધશે.

આવી રીતે ગામેગામ ભૂમિહીનોનો પ્રશ્ન ઉકેલી દઈએ. એવી રીતે ભૂમિહીનોને આપ્યા પછી બાકીની જમીન તમારી પાસે રહેશે.

દેશ નહીં બચે તો તમે બચશો કે?

પછી ગામના બધા પુખ્ત વયના સ્ત્રી-પુરુષોની એક ગ્રામસભા બને. ગ્રામસભાનો કારભાર સર્વાનુમતિથી ચાલે. દર વર્ષે તમારી ઉપજનો ચાલીસમો ભાગ ગ્રામસભાને દાનમાં આપો. એના આધારે ગામમાં ઉદ્યોગ-ધંધા ઊભા કરો. આમ એક 'પેટર્ન' બનશે. ધીરે ધીરે બધા બદલાશે. પણ એને માટે પહેલાં મોટા માણસોએ ત્યાગ કરવો પડશે. દેશને માટે તમે થોડો યે ત્યાગ નહીં કરો તો પછી દેશ કેમ બચશે? અને જો દેશ નહીં બચે તો તમે પણ શું બચશો કે? પોતાના સ્વાર્થને જરા દૂર કરીને જુઓ, ત્યારે કામ થશે.

રખે આ ઝેર દેશમાં ફેલાય!

બીજી એક વાત તરફ પણ ધ્યાન આપવું પડશે. અય્યુબખાંએ હમણાં પોતાના એક ભાષણમાં અલ્લાને અને મહમદ પયગમ્બરને યાદ કર્યા હતા. આ મારી સમજમાં નથી આવતું. આખરે રસુલને અને અલ્લાને આમાં તકલીફ આપવાની શી જરૂર હતી? કાશ્મીર-માંની ધુસણખોરી માટે શું મહમદ રસૂલ આશીર્વાદ આપવાના? આનો અર્થ એ જ કે હિંદુ-મુસલમાન વચ્ચે ઝેર પેદા કરવાનો એમનો ઈરાદો છે. એનું પરિણામ જેહાદ અને ધર્મઝનૂની યુદ્ધમાં જ આવે. આ એક બહુ મોટો ખતરો છે. તેથી આપણે સાવધાન થઈ જવું જોઈએ. હિંદુસ્તાનની અંદર આ ઝેર ન ફેલાય તે જોવું જોઈએ. પોતપોતાની જગ્યાએ શાંતિ જાળવી રાખવાની જવાબદારી આપણે સહુએ ઉપાડી લેવી જોઈએ. આ સંદર્ભમાં ગ્રામદાનના કાર્યક્રમ ઉપર વિચાર કરશો તો સંરક્ષણના પગલાં તરીકેનું તેનું મહત્ત્વ ધ્યાનમાં આવશે.

મૂળ પર જ પ્રહાર કરવો જોઈએ

આજે દેશ પર સંકટ આવ્યું છે. એ સંકટનો બાહ્ય સામનો કરવા આપણને જે કરવું પડે છે તે કરીએ જ છીએ. પરંતુ આખરે ઝઘડાનું મૂળ શું છે તે સમજવું જોઈએ, અને સીધો મૂળ પર પ્રહાર થવો જોઈએ. ફક્ત ડાળાંપાંખડાં તોડવાથી વૃક્ષ તૂટતું નથી. સંસ્કૃતમાં કહે છે કે એક છે શાખાગ્રાહી પાંડિત્યમ અને બીજું છે મૂલગ્રાહી પાંડિત્યમ. માટે આપણે મૂળ પર જ પ્રહાર કરવો જોઈએ.

કોમવાદ અને સામ્યવાદનો બેવડો હુમલો

ભારત પર આજે બેવડો હુમલો થઈ રહ્યો છે, એક પાકિ-સ્તાન તરફથી અને બીજો ચીન તરફથી. આનું મૂળ શું છે? પાકિસ્તાન અને ચીન સપનામાંયે નહીં વિચારતા હોય કે દિલ્હી ઉપર કબજો કરવો. વાસ્તવમાં આ હુમલો થઈ રહ્યો છે એક બાજુથી કમ્યુનિઝમનો અને બીજી બાજુથી કમ્યુનલિઝમનો. પાકિસ્તાન તરફથી જે હુમલો થઈ રહ્યો છે તે કોમવાદનો છે, જાતિવાદનો છે; અને ચીન તરફથી જે હુમલો થઈ રહ્યો છે તે સામ્યવાદનો છે. કોમવાદ અને સામ્યવાદ એ બે વચ્ચે આપસમાં મેળ નથી. તેમ છતાં બન્નેનો હુમલો ભારત પર થઈ રહ્યો છે, કેમ કે ભારતમાં બન્નેનો સામાન ભર્યો પડ્યો છે.

મને કોઈ પૂછે કે ભારતમાં કેટલી જાતિઓ છે, તો હું કહું છું કે સામેના ઝાડ પર જેટલા પાંદડાં છે તેટલી. તેથી કોમવાદના પોષણનો પૂરો મસાલો ભારતમાં પડ્યો છે. બીજી બાજુ ભારતમાં અનહદ ગરીબી છે. મને લાગે છે કે ભારતની ગરીબીની બરોબરી કરનારો ભાગ્યે જ બીજો કોઈ દેશ હશે. કદાચ પાકિસ્તાન થોડી કરી શકે. તેથી સામ્યવાદ માટેય પૂરો મસાલો અહીં ભર્યોપડ્યો છે. આ બેઉ હુમલાનો આજે ખતરો છે. જે એકબીજાના હાથનું ખાશે નહીં, એકબીજાની આભડછેટ રાખશે, એકબીજાને નીચ સમજશે, તે ખભેખભા મિલાવીને લડશે શી રીતે? આજેય હરિજનોને કૂવેથી પાણી નથી લેવા દેતા, તો આફતને વખતે એમના મનમાં દેશને સારુ મરીફીટવાનો ઉત્સાહ કઈ રીતે પેદા થશે? અને દેશ જો ગરીબીમાં સબડતો રહેશે તો ચીન કે બીજા કોઈ દેશથી જે ખતરો છે, તેના કરતાં સોગણો ખતરો રહેશે.

ત્યારે કરીશું શું?

તો હવે આપણે શું કરવું જોઈએ? સેના તો મોકલી આપી છે. પણ એટલાથી કામ ચાલશે ખરું? દેશની અંદર આપણે શું કરવું પડશે? એક તો ભારતની ગરીબી દૂર કરવી અને અસમાનતા ઓછી કરવી. આટલું આર્થિકક્ષેત્રમાં કરવાનું છે અને સામાજિક ક્ષેત્રમાં જાતિભેદ નાબૂદ કરવાનો છે અને ભાવાત્મક એકતા સાધવાની છે. આ બે વાત જો આપણે કરીશું તો બહારના આક્રમણનો ખતરો નહીં રહે, અને એવો ખતરો ઊભો થશે તોયે મક્કમતાથી આપણે તેનો મુકાબલો કરી શકીશું.

હવે, આ બે વાત માટે સરકાર પણ કોશિષ કરી રહી છે. પરંતુ અંદર જનતામાં હૃદયની એકતા નહીં હોય તો સરકારના ઉપર-ઉપરના ઉપાયોથી શું વળશે? મુખ્ય કામ તો લોકોએ જ કરવું પડશે, અને તે એ કે, ગામેગામમાં અંદરની એકાત્મતા સાધવી પડશે, ગામના ભેદ મિટાવવા પડશે, ગરીબી અને અસમાનતા દૂર કરવી પડશે, ગામેગામનું અન્ન-સ્વાવલંબન અને વસ્ત્રસ્વાવલંબન સાધવું પડશે, અને એ રીતે ગામેગામને પગભર કરવું પડશે. તેના વિના દેશ ટકશે નહીં.

આ માટે ગ્રામદાનનો કાર્યક્રમ છે

આ માટે ગ્રામદાનનો કાર્યક્રમ છે. હું કહું છું કે ભાઈ, ગ્રામ-સભા બનાવો. જમીનનો વીસમો ભાગ ગામના ભૂમિહીનોને આપો. દર વર્ષે તમારી ઉપજનો ચાલીસમો ભાગ ગ્રામસભાને દાનમાં આપો. એ મૂડીના આધારે ગામમાં ગ્રામોદ્યોગો ઊભા કરો, ખાદી ઊભી કરો, ગામના બેકારોને કામ આપો. ગામમાં ઝઘડા ન થાય, થાય તોયે કોર્ટમાં ન જાય, તેવું કરો. ઉત્પાદન વધારો. ગામ માટે જરૂરી અનાજ ગામમાં રાખી લો. ગામની આયાત-નિકાસ પર ગ્રામસભાદ્વારા નિયંત્રણ રાખો. આ હું ગામેગામ સમજાવી રહ્યો છું. આમાં જમીનની માલિકી ગ્રામસભાને સમર્પણ કરવી પડશે. તેથી તમારો જમીન વેચવાનો અધિકાર જશે, પણ ખેડવાનો અને વારસાનો અધિકાર કાયમ રહેશે. આ તમારા લાભમાં જ છે. બિહારની સરકારના ધ્યાનમાં આ વાત આવી ગઈ છે. તેથી જ એણે ઓર્ડિનન્સ બહાર પાડીને ગ્રામદાન એકટ એકદમ અમલમાં આણી દીધો છે. વટહુકમ જાહેર કર્યો, એટલી બધી ઉતાવળ કેમ? કેમ કે આ ગ્રામદાનનું કામ જલદી થવું જોઈએ.

કૃપા કરી મારું સાંભળો!

લોકો પૂછે છે કે 'બાબા, તમે આમ ગામડે ગામડે ફરો છો શા સારુ? તમે થાકતા નથી?' હું જવાબ આપું છું કે આ ઘડ-પણમાં મારે માટે થાકવું સહેલું છે, પણ હું થાકતો નથી, કારણ હું મારી નજર આગળ દેશનો વિનાશ જોઉં છું. હું જોઈ રહ્યો છું કે આપણે એકબીજાને મદદ નહીં કરીએ, મજૂરો અને ગરીબોને પોતાના કુટુંબના માણસો નહીં ગણીએ તો હિંદુસ્તાનની આઝાદીનો નાશ થશે. જે આંધળો હોય છે તે ભીંત સાથે અથડાય છે, જ્યારે આંખ-વાળો ભીંતને જોઈ એને ટાળીને આગળ વધે છે. પરમાત્માની કૃપાએ મને આંખ છે. હું જોઈ રહ્યો છું કે આગળ ઉપર શું થવાનું છે. તેથી તમને ચેતવણી આપવા સારુ એક દિવસની યે રજા લીધા વિના હું ઘૂમી રહ્યો છું અને મારે નબળો અવાજ તમારા કાન સુધી પહોંચાડું છું.

યુદ્ધને વખતે આજની પંચવર્ષીય યોજના ગાંજીફાના મહેલની માફક પડી ભાંગશે. તે વખતે તો ટકશે ગ્રામરાજ અને ગ્રામસ્વરાજ. માત્ર સેનાથી દેશ સુરક્ષિત નહીં રહી શકે. દેશને જો સુરક્ષિત બના-વવો હોય તો દિલ્હીથી ગામની યોજના ન ઘડાવી જોઈએ, ગામનું જ પોતાનું 'પ્લાનિંગ' હોવું જોઈએ. ગામ ઉપર તે જવાબદારી નાખવી

જોઈએ. ગામને તે અધિકાર હોવો જોઈએ. કેન્દ્રનું પ્લાનિંગ પણ પછી તે ઢબે ઘડાય. ગામના આવા સર્વાંગી આયોજન માટે આ ગ્રામદાનનો કાર્યક્રમ છે. જરા વિચારવું જોઈએ. આજે આપણા દેશમાં ૨૦ ટકા લોકો શહેરમાં વસે છે. અને ૮૦ ટકા ગામડામાં વસે છે, તેમ છતાં આજે સરકાર પર અને સરકારના પ્લાનિંગ પર રંગ શહેરનો છે. આમ શું કામ થવું જોઈએ ? હું તો કહેવા માગું છું કે સરકારનો અને સરકારના પ્લાનિંગનો રંગ આપણે બદલવો છે. સરકારનું પ્લાનિંગ પોતે જ ગ્રામદાનના પાયા ઉપર ખડું થવું જોઈએ. આપણા જેવા ગામડાંઓમાં વસેલા ખેતી-પ્રધાન દેશનું પ્લાનિંગ તો ગ્રામાભિમુખ, ગ્રામમૂલક, ગ્રામનિષ્ઠ પ્લાનિંગ હોવું જોઈએ. આ તો જ થઈ શકે જો દેશમાં લાખો ગ્રામદાન એકી સાથે થઈ જાય. અને હું એ પણ કહેવા માગું છું કે આવી રીતે ગામેગામને પગભર નહીં કરીએ તો માત્ર સેનાથી આવડા મોટા દેશનો કદી બચાવ નહીં થઈ શકે. સંકટને સમયે દેશ નહીં ટકી શકે. આજે ગામેગામ ગ્રામસ્વરાજની સ્થાપના કરવાનું કામ સંરક્ષણની દૃષ્ટિએ પણ અત્યંત તાકીદનું કામ છે. હિંદુસ્તાન સ્વાધીન ગામોનો સ્વાધીન દેશ બનવો જોઈએ. જેમ કહેવાય છે ને કે યુ. એસ. એસ. આર.તે પ્રમાણે યુનિયન ઑફ સર્વોદય રિપબ્લિક્સ રચાવું જોઈએ. પ્રત્યેક ગામ સ્વાધીન બનવું જોઈએ, એક સંપૂર્ણ પ્રજાસત્તાક બનવું જોઈએ, અને પછી એવા પ્રજાસત્તાકોનું એક સંયુક્ત રાષ્ટ્ર બને. બાપુના ગ્રામસ્વરાજનો ખ્યાલ આવો છે. આજે દેશના સંરક્ષણને માટે પણ આવા ગ્રામસ્વરાજ વિના આરો નથી. આ હજીયે નહીં સમજીએ તો ખત્તા ખાઈશું.

આમ, દેશનું ગામડે ગામડું મજબૂત બનાવીશું ત્યારે દેશ સુરક્ષિત રહી શકશે. એક એક ગામ એક પરિવાર જેવું બને. સહુ નક્કી કરે કે અમારા ગામની યોજના અમે બનાવીશું. અમારા ગામમાં કોઈ ભૂખ્યું નહીં રહે, બેકાર નહીં રહે. કોઈ દુઃખી હશે તો એના દુઃખમાં અમે સહુ ભાગ પડાવીશું. આમ થશે તો લડાઈની દૃષ્ટિએ તો જાણે લાભ થશે જ, પણ તે ઉપરાંત દેશ બહુ મજબૂત બનશે, અને તેનો કાયમને સારુ લાભ મળશે. અને એ ખરું સ્વરાજ્ય હશે.

અત્યારે ભારતને સ્વરાજ્ય મળ્યું છે ખરું, પણ એના આનંદની અનુભૂતિ નથી થતી. જેમ સૂર્યોદય થાય તો તે માત્ર કલકત્તા કે દિલ્હીમાં જ નથી થતો, પણ તેનું દર્શન ગામેગામ અને ઘરેઘર થાય છે, અને નાનું બાળક પણ જાણે છે કે સૂર્યોદય થયો. એવી જ રીતે સ્વરાજ્યના સુખની અનુભૂતિ પણ ગામેગામના બાળકને થવી જોઈએ. સ્વરાજ્યમાં એક ઉષ્ણતા છે, એનો એક પ્રકાશ છે. એ પ્રકાશ ને એ ઉષ્ણતાનો અનુભવ દરેકને થવો જોઈએ. આમ થશે તો બહારના કોઈ આક્રમણનો આપણે શાંતિપૂર્વક પ્રતિકાર કરી શકીશું. એને માટે નિર્ભયતા જોઈએ, પૂર્ણ પ્રેમ ને સહયોગ જોઈએ, ત્યારે અહિંસાની શક્તિ પાંગરી શકે. ગ્રામદાનનો કાર્યક્રમ એ આવી અહિંસક લોકશક્તિ નિર્માણ કરવાનો કાર્યક્રમ છે. હું માનું છું કે આ કાર્યક્રમથી બહારના દેશોની આક્રમણવૃત્તિ પણ કુંઠિત થઈ શકે છે. પરંતુ રાજ્ય-વિસ્તાર-તૃષ્ણાની અંધતાને કારણે કદાચ આક્રમણવૃત્તિ કુંઠિત ન યે થાય, તો પણ તેનાથી આક્રમણની શક્તિ તો કુંઠિત થઈ જ જશે. આ દૃષ્ટિએ ગ્રામદાન એ એક અત્યંત મહત્ત્વનું સંરક્ષણનું પગલું છે. આજે દેશભરમાં નાદ ગાજી જવો જોઈએ.

રાષ્ટ્ર રક્ષા કાજે ગ્રામદાન !

સમાપ્ત **વિનોબા**

રાષ્ટ્રીય તેમ જ આન્તરરાષ્ટ્રીય રાજકારણી પરિસ્થિતિ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના ઉપક્રમે તા. ૬-૧-૬૬ ગુરુવારના રોજ સાંજના ૬ વાગ્યે સંઘના કાર્યાલયમાં (૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ) સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનું "રાષ્ટ્રીય તેમ જ આન્તરરાષ્ટ્રીય પરિસ્થિતિ"એ વિષય ઉપર એક જાહેર વ્યાખ્યાન રાખવામાં આવેલ છે. આ વિષયમાં રસ લેતા સર્વે ભાઈબહેનોને હાજર રહેવા વિનંતિ છે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

પ્રકીર્ણ નોંધ

વિશ્વ હિન્દુ સંમેલનમાં મહામના મુનશીએ રજુ કરેલા વિચારો

દિલ્હી ખાતે ડિસેંબર માસની તા૦ ૯, ૧૦, ૧૧, અને ૧૨ એમ ચાર દિવસનું વિશ્વ હિન્દુ સંમેલન યોજવામાં આવ્યું હતું. આ સંમેલનમાં દેશના જુદા જુદા ભાગોમાંથી આવેલા ૧૫૦૦ પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. આ પ્રતિનિધિઓમાં બૌદ્ધ ધર્મ, જૈન ધર્મ તથા શિખ ધર્મના અનુયાયીઓનો તેમજ આદિવાસી નેતાઓનો સમાવેશ થતો હતો. શ્રી નિત્યાનંદ બેનરજી આ સંમેલનની સ્વાગતસમિતિના પ્રમુખ હતા અને ગોવર્ધનપીઠના શંકરાચાર્ય શ્રી નિરંજન દેવ પ્રસ્તુત સંમેલનના અધ્યક્ષ હતા.

પહેલા દિવસની બેઠકનું ઉદ્‌ઘાટન કરતાં શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશીએ સૂચવ્યું હતું કે હિન્દુ ધર્મમાં નવા પ્રાણનો સંચાર કરવા માટે તેમ જ પાયાનાં મૂલ્યોનો ભોગ આપ્યા સિવાય આધુનિક પરિસ્થિતિ સાથે હિન્દુધર્મનો સુમેળ સાધવા માટે હિન્દુઓની એક કેન્દ્રસ્થ સંસ્થા ઉભી કરવાની ખાસ જરૂર છે. પોતાના પ્રવચન દરમિયાન તેમણે વિશેષમાં જણાવ્યું હતું કે "આજની દુનિયાના સંદર્ભમાં હિન્દુ ધર્મની બળવત્તા અને નિર્બળતા અંગેનો સાચો ક્યાસ કાઢવા માટેનો સમય પાકી ચુક્યો છે. જો કે ભૂતકાળમાં અનેક અવરોધો ઉભા થવા છતાં, હિન્દુ ધર્મ હજારો વર્ષથી ટકી રહ્યો છે, એમ છતાં પણ, આજે તેના અસ્તિત્વ સામે કટોકટી તોળાઈ રહી છે. ઔદ્યોગિક ક્રાન્તિએ દુનિયાને સાંકડી બનાવી દીધી છે, ભૌતિક સંપત્તિ અને સફળતા જીવનનાં મુખ્ય ધ્યેય બની બેઠાં છે અને સ્કૂલો અને કોલેજો માત્ર ભૌતિક જીવનમૂલ્યોના વાતાવરણને પોષી રહેલ છે, ઉત્તેજિત કરી રહેલ છે. જેના ચોગઠામાં પુરાઈને હિન્દુ ધર્મ સદીઓથી આજ સુધી પોષાતો-સંવર્ધિત થતો રહ્યો છે તે વર્ણાશ્રમધર્મે પ્રાણ અને પવિત્રતા- બન્ને ગુમાવી દીધા છે. કેટલાક શિક્ષિત માનવીઓ એમ માનવા લાગ્યા છે કે વિજ્ઞાન અને ધર્મ વચ્ચે પાયાનો વિરોધ છે, પણ એ તો પશ્ચિમે ઉભું કરેલું તૂત છે. હિન્દુ ધર્મનું પાયાનું વલણ એ રહ્યું છે કે અસત્ય તરીકે પુરવાર થયેલાં તૂતો ઉપર ધાર્મિક માન્યતા લાંબો સમય ટકી ન જ શકે. વસ્તુત: વિજ્ઞાન અને ભૌતિકવાદ માનવીમાં રહેલી ધાર્મિક આકાંક્ષાઓને-એષણાઓને-સંતોષી શકે તેમ છે જ નહિ. આજે સુખસગવડો વધી છે, પણ ખરું સુખ વધ્યું નથી. ખરું સુખ પ્રાપ્ત કરવા માટે ક્રિયાશીલ ધર્મની જ જરૂર છે. હિંદુ ધર્મને પ્રાણવાન બનાવવા માટે, ધાર્મિક પ્રક્રિયાઓ આધુનિક માનસને સંતોષે તેવી હોવી જોઈએ, ક્રિયાકાંડ અને અનુષ્ઠાનો ચિત્તનું ઉર્ધ્વીકરણ કરે તેવાં હોવાં જોઈએ અને ધાર્મિક પ્રતીકો પ્રેરણાદાયી હોવાં જોઈએ. મંદિરો સ્વચ્છ હોવાં ઘટે, તેના વાતાવરણમાં પવિત્રતા હોવી ઘટે, પ્રાર્થના સાથેનું સંગીત આત્મસ્પર્શી હોવું ઘટે, મંદિરનો પુરોહિત વિદ્વાન તેમ જ શ્રદ્ધાસંપન્ન હોવો ઘટે."

શ્રી મુનશીએ આગળ ચાલતાં જણાવ્યું કે "હિંદુ કુટુંબવ્યવસ્થાને પુનર્જીવિત કરવા માટે મોટા પાયા ઉપરનું આન્દોલન ગતિમાન કરવાની જરૂર ઊભી થઈ છે. લગ્ન સાથે જોડાયેલી પવિત્રતાની ભાવના પુન: પ્રતિષ્ઠિત કરવાની જરૂર છે. કેટલાક દેશમાં મરજી મુજબ લગ્નજીવનમાં પ્રવેશ કરવાનું અને તેમાંથી ફાવે ત્યારે છુટા થવાનું ચાલી રહ્યું છે તે પદ્ધતિ જીવનનાં સર્વ મૂલ્યોને ઘાતક નિવડવાની છે."

શ્રી મુનશીનાં ઉપર આવેલાં વિધાનો આપણા સર્વ માટે મનનીય તેમ જ આદરણીય છે.

વિશ્વ હિન્દુ સંમેલનમાં રાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણને કરેલું પ્રવચન

ઉપર જણાવેલ વિશ્વ હિન્દુ સંમેલનના બીજા દિવસની બેઠકનું ઉદ્‌ઘાટન કરતાં ડૉ૦ રાધાકૃષ્ણને એક મનનીય પ્રવચન કર્યું હતું. તે પ્રવચન દરમિયાન તેમણે જણાવ્યું કે "ઉપાસનાના ભિન્ન ભિન્ન માર્ગો એક જ ઈશ્વર સમીપ લઈ જાય છે. કોણે કયા માર્ગે જવું એ બાબત અંગે ધાર્મિક પુરૂષોએ જરા પણ ઝગડો કરવાની જરૂર નથી.

"હિન્દુ તત્ત્વજ્ઞાન સંબંધમાં સાંપ્રદાયિક કે રૂઢ માન્યતા જેવું કશું નથી. એ એક એવું સૂત્ર છે કે જે સભ્યતાના પ્રારંભથી ભારતને પ્રાપ્ત થયેલ છે. હિન્દુ વિચારસરણી મુજબ, દુ:ખગ્રસ્ત માનવજાત ઉપર અનુગ્રહ કરવા માટે પરમ તત્વે અનેક રૂપો

ધારણ કર્યાં છે. હિન્દુ તત્ત્વજ્ઞાનનું હાર્દ મહાન આધ્યાત્મિક સત્ય તરફ લઈ જતા અનેક ઉપાસનામાર્ગો વચ્ચેની સંવાદિતામાં રહેલું છે.

"આજે અનેક સંસ્કૃતિઓ અને અનેક ધર્મો એકમેકની ખૂબ સમીપ આવીને ઊભા રહેલ છે. આજની દુનિયાની આ વિશેષતા છે. આપણી દુનિયાએ એક સુગ્રથિત ઘટક બનવું જોઈએ. જો ધર્મોના બાહ્ય આકારો ઉપર મૂકાતો ભાર માનવજાતમાં ભેદભાવ વધારતો હોય તો ધર્મોના આધ્યાત્મિક રહસ્ય ઉપર મૂકાતો ભાર માનવજાતને એકત્ર બનાવવામાં મદદરૂપ બને તેમ છે.

"સદીઓ દરમિયાન માનવી આશ્ચર્યપૂર્વક જોઈ રહ્યો હતો અને પાયાનો પ્રશ્ન પૂછતો રહ્યો હતો કે એવી કોઈ ગૂઢ પરમ શક્તિ છે કે જેનું આ વૈશ્વિક પ્રક્રિયા ઉપર શાસન પ્રવર્તે છે? જડ દ્રવ્યમાંથી જીવન નિર્માણ થયું; જીવનમાંથી પાશવ ચેતના નિર્માણ થઈ અને ત્યાર બાદ માનવીની બુદ્ધિનો આવિષ્કાર થયો.

"પણ માનવીની બુદ્ધિ માત્ર તેની જે અનાદિ કાળની શોધ ચાલી રહી છે, તેને સંતોષ આપી શકે તેમ હતું જ નહિ. તર્કપુરઃસર વિચાર કરતાં માલુમ પડે છે કે માનવીને પોતાના અન્તર્તમ પ્રદેશમાં ઈશ્વરની વાસ્તવિકતાની અનુભૂતિ થવી જોઈએ. તે માટે અનાદિ અનન્ત એવું જે પરમ તત્વ છે તેનો પ્રત્યક્ષ અનુભવ થવો ઘટે. તે માટે મનોમન્થન આવશ્યક બને છે. તે માટે ઉત્કૃષ્ટ પ્રકારના શિસ્તની અને હૃદયની પવિત્રતાની અપેક્ષા રહે છે.

"જેમને સાક્ષાત્કાર થયો છે એવા માનવીઓ ઈશ્વર વિષે ભિન્ન ભિન્ન વિધાનો કરતા રહ્યા છે, પણ તેમના પાયાના દર્શનમાં કોઈ મૌલિક વિસંવાદ જોવામાં આવ્યો નથી. ભારતના ધર્મશાસ્ત્રો હંમેશાં ભિન્ન ભિન્ન અભિગમો વચ્ચે રહેલી એકવાક્યતા ઉપર જ ભાર મૂકતા રહ્યા છે.

"ઈશ્વર વિષેના માનવીના સનાતન પ્રશ્નનો પ્રતીતિકર ઉત્તર મેળવવામાં જ માનવીના જીવનની પરિપૂર્તિ રહેલી છે, અને તે માટે જે પાછળ આર્ષદૃષ્ટિ રહેલી છે તેવો ધર્મ—Prophetic Religion—સાક્ષાત્કારનું ઉતમોત્તમ સાધન લેખાયું છે. પુરોહિતો વડે પ્રચારિત પરંપરાગત ધર્મ અને તર્કઆધારિત ધર્મ મૂળ ધર્મનાં ઉતરતી કોટિનાં રૂપો છે. આર્ષદૃષ્ટિસંપન્ન ધર્મ જ એક એવો ધર્મ છે કે જે દરેક વ્યકિત માટે જીવનસંદેશનો વાહક બનાવી શકે છે."

ત્યાર બાદ રાષ્ટ્રપતિએ ધાર્મિક ક્રિયાકાંડની ટીકા કરી કે, જે ક્રિયાકાંડે હિન્દુ ધર્મના પાયાના હાર્દને નાબુદ કરવાનો પ્રયત્ન કર્યો છે.

ત્યાર બાદ ધર્મના નામે જેઓ હિંસા કરવામાં માને છે તેવા લોકોની ટીકા કરતાં રાષ્ટ્રપતિએ એક સંસ્કૃત શ્લોક રજુ કર્યો, જેનો અર્થ એવો છે કે "જો હિંસા એ જ સ્વર્ગનું દ્વાર હોય તો પછી નરકનું દ્વાર બીજું શું હોઈ શકે?"

અન્તમાં ડૉ. રાધાકૃષ્ણને જ્ઞાતિપદ્ધતિનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે "પરમ તત્વના સાક્ષાત્કારને કે મોક્ષની પ્રાપ્તિને કોણ કઈ જ્ઞાતિમાં જન્મ્યો છે અથવા તો કોણ કઈ પરિસ્થિતિમાં જીવન ગાળે છે તે સાથે કશો પણ સંબંધ નથી. તમારામાં ઈશ્વરપ્રેમ હશે તો તમને મોક્ષ મળવાનો જ છે."

સત્તર લાખનું સોનું સુવર્ણ બોન્ડમાં અર્પણ કરવા માટે મુંબઈની જૈન મહિલાઓને ધન્યવાદ

તા૦ ૧૯મી ડિસેંબર રવિવારના રોજ રાષ્ટ્રીય સહકાર જૈન સમિતિના ઉપક્રમે મુંબઈ ખાતે પાયધુની ઉપર આવેલા ગોડીજીના ઉપાશ્રયમાં જૈનાચાર્યોની નિશ્રામાં જૈન મહિલાઓની એક જાહેર સભા મળી હતી અને આ સભામાં ભારત સરકારના ગૃહપ્રધાન શ્રી ગુલઝારીલાલ નંદા અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત થયા હતા. આ પ્રસંગે વિશિષ્ટ વ્યકિતઓનાં પ્રસંગોચિત વિવેચનો બાદ મુનિશ્રી યશોવિજયજી મહારાજની પ્રેરણા અને સદુપદેશના પરિણામે જૈન સમિતિની મહિલાઓએ એકત્ર કરેલી રૂા. ૧૭ લાખની કિંમતનું ૧૨૫૦૦૦ ગ્રામ સોનું સુવર્ણ બોન્ડ માટે શ્રી નંદાજીને અર્પણ કરવામાં આવ્યું હતું. આવી પ્રેરણા આપવા માટે મુનિશ્રી યશોવિજયજીને અને આટલા મોટા પ્રમાણમાં સુવર્ણ બોન્ડ માટે સોનું અર્પણ કરવાની પહેલ કરવા માટે મુંબઈની આ જૈન મહિલાઓને અનેક ધન્યવાદ ઘટે છે. આપણે આશા રાખીએ કે આ શુભ ઘટનાથી પ્રેરિત બનીને અનેક જૈન—જૈનેતર બહેનો સુવર્ણ—સંગ્રહના મોહને હળવો કરશે અને સંગ્રહિત સોનું ભારત સરકારના ચરણે રજુ કરીને આજની કટોકટીને હળવી કરવામાં મદદરૂપ થશે.

પરમાનંદ

'સાધના શિબિર'

સૌરાષ્ટ્રના ઉના જિલ્લામાં એક શાન્ત એકાન્ત ખૂણે તુલસીશ્યામ નામનું એક તીર્થધામ આવેલ છે. આ તીર્થસ્થળ ઉપર તુલસીશ્યામ વિકાસ સમિતિ તથા સૌરઠ શિક્ષણ અને સંસ્કૃતિ સંઘના સંયુકત ઉપક્રમે આગામી ફેબ્રુઆરી માસની તા, ૪, ૫, ૬ એમ ત્રણ દિવસ માટે આચાર્ય રજનીશજીના સાન્નિધ્યમાં ૩૦૦ જિજ્ઞાસુ ભાઈ—બહેનો માટે એક શિબિર ગોઠવવામાં આવી છે. આ શિબિરમાં મુંબઈથી આશરે ૮૦ ભાઈબહેનોને લાવવા લઈ જવાની ગોઠવણ વિચારાઈ રહી છે. આ શિબિરનો મુંબઈ જૈન યુવક સંઘના સભ્યો લાભ લઈ શકે તે માટે ઉપર જણાવેલ ૮૦ માંથી આશરે ૪૦ નું ઘટક મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા ગોઠવવું એમ નક્કી કરવામાં આવ્યું છે. શિબિરમાં જોડાનાર વ્યકિતએ તુલસીશ્યામ ખાતે નિવાસ વગેરેની સગવડ માટે રૂા. ૨૦-૦૦ ભરવાના છે. ખાવા પીવાના ખર્ચની જવાબદારી સંયોજક સંસ્થાઓએ વહન કરવાની તત્પરતા દાખવી છે. શિબિરની પૂર્ણાહુતિ બાદ મુંબઈથી આવેલી મંડળીને એક દિવસ આસપાસના પ્રદેશોમાં બસમાં ફેરવવાની ગોઠવણ વિચારવામાં આવનાર છે. મુંબઈથી જવા આવવાને લગતો પ્રબંધ ગોઠવાઈ રહ્યો છે, જેની માહિતી હવે પછી આપવામાં આવશે. આ પ્રવાસ છ થી સાત દિવસનો હશે એમ ધારણા છે. અહિંથી શિબિરમાં જોડાવા ઈચ્છતા ભાઈબહેનોને તુલસીશ્યામ પહોંચાડવા તથા ત્યાંથી મુંબઈ પાછા લાવવા અંગે તેમ જ તુલસીશ્યામ ખાતે બસના એક દિવસના ગોઠવવા ધારેલ પર્યટન અંગે વ્યકિત દીઠ કેટલી રકમ લેવી તે હજુ નક્કી કરવાની છે, પણ ઉપર જણાવેલ રૂા. ૨૦-૦૦ તથા પ્રવાસખર્ચ મળીને કુલ રૂા. ૮૫-૦૦ આસપાસની તે રકમ હશે. તો સંઘના જે કોઈ સભ્યને એકલા કે પોતાના કુટુંબ સાથે આ શિબિરમાં જોડાવાની ઈચ્છા હોય તેમણે જાન્યુઆરીની ૧૫મી તારીખ પહેલાં સંઘના કાર્યાલયમાં (૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ-૩) રૂા. ૮૫-૦૦ ભરી જવા વિનંતી છે. સંઘના સભ્યો માટે આ એક પ્રકારની જ્ઞાનયાત્રા છે. આ યાત્રા કેવળ આનંદલક્ષી વિહાર નથી. આથી સહજ પ્રસ્તુત બને છે કે જેના દિલમાં તત્ત્વજિજ્ઞાસા હોય તેવા જ સભ્યે અને તે પ્રકારના જ કુટુંબીજનોએ આ શિબિરમાં જોડાવાનું છે. શિબિરમાં જોડાનાર પ્રત્યેક ભાઈબહેન શિબિરના દિવસો દરમ્યાન શિબિરના ગાંભીર્યને અનુરૂપ વર્તન દાખવે એ એટલું જ અપેક્ષિત છે. આ શિબિરમાં નાની ઉમ્મરનાં બાળકોને સાથે લાવવાના નથી.

પ્રવાસખર્ચ અંગે સંયોજક સંસ્થાઓ જે કાંઈ રકમ નક્કી કરશે તે મુજબ સંઘ તરફથી હિસાબ સરખો કરી આપવામાં આવશે. આને લગતી વધારે માહિતી સંઘના કાર્યાલયમાંથી તેમ જ જીવન જાગૃતિ કેન્દ્ર, ૫૦૫, કાલબાદેવી રોડ, મુંબઈ-૨, માંથી મળશે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

વર્તમાન ભારત–અમેરિકી સંબંધો: એક સમીક્ષા

[યુનાઈટેડ સ્ટેટ્સના ભારત ખાતેના અદ્યતન એલચી શ્રી ચેસ્ટર બોલ્સ ભારતના એક પુરાણા મિત્ર છે. ભારત આઝાદ થયું ત્યાર બાદ શ્રી ચેસ્ટર બોલ્સ ભારત ખાતે આવેલા યુનાઈટેડ સ્ટેટ્સના ત્રીજા એલચી હતા. તેઓ ગયા નવેંબર માસમાં અમદાવાદ ગયા હતા અને ત્યાંના લાસ્કી ઈન્સ્ટીટ્યુટમાં તેમણે ૧૭મી નવેંબરે એક વ્યાખ્યાન આપ્યું હતું. ભારત અને યુનાઈટેડ સ્ટેટ્સના આજ સુધીના સંબંધોની આ વ્યાખ્યાનમાં સુન્દર સમીક્ષા કરવામાં આવી છે. આજ સુધીમાં ભારત માટે યુનાઈટેડ સ્ટેટ્સે શું શું કર્યું છે તે યથાસ્વરૂપે સમજવામાં આ વ્યાખ્યાન ઉપયાગી થશે એમ સમજીને તે વ્યાખ્યાનનો તા. ૨૬-૧૧-૬૫ના 'અમેરિકન સંદેશ'માં પ્રગટ થયેલો અનુવાદ નીચે આપવામાં આવે છે. તંત્રી.]

હું આજે અહીં ભારતના મિત્ર તરીકે આવ્યો છું. તમારી આઝાદીના પ્રારંભિક દિવસોથી જ ભારતના નેતાઓને અને હજારો નાગરિકોને હું ઓળખું છું.

આ લાંબા સમયના અંગત સંબંધ ઉપર ભાર મૂકવાનું કારણ એ છે કે આજે તમારી સમક્ષ નિખાલસતાથી પૂરેપૂરી વાત કહી દેવાની જરૂર છે.

પાકિસ્તાન-ભારત સંઘર્ષને પરિણામે નવી દિલ્હી અને રાવલપિંડીમાં જૂની નીતિ અને જૂના સંબંધોની સારા પ્રમાણમાં પુનર્વિચારણા થાય એ અનિવાર્ય છે. વળી જેમનાં હિતો અને જેમના સંબંધો ઉપર આ કરુણ સંઘર્ષની અસર થઈ હોય એવા મારા દેશ જેવા બીજા દેશો પણ હવે નિર્માણ થનારી નવી પરિસ્થિતિ અને નવી વલણો સાથે પોતાની નીતિ અને સ્વીકારેલી જવાબદારીઓનો મેળ બેસાડવા, આ પુનર્મૂલ્યાંકનના પરિણામની રાહ જોતા હોય એ સમજી શકાય એવું છે.

નવી પરિસ્થિતિમાં બંધ બેસે તેવી નવી નીતિની ખોજ દરમિયાન તમામ દેશોના પ્રતિનિધિઓએ ઉતાવળાં નિવેદનો કે પગલાંથી દૂર રહેવું યોગ્ય છે એમ મને લાગે છે. આવાં નિવેદનો કે પગલાં તત્કાલીન ક્ષણિક ગરમી અને ગૂંચવાડામાં ભૂતકાળમાં બંધાયેલા મૈત્રીસંબંધોને અને ભવિષ્યમાં વધુ સારા સંબંધ બંધાવાની આશાને કદાચ જોખમમાં મુકી દે.

આ ભૂમિકાને લક્ષમાં રાખીને આપણે બે દેશના સંબંધોને અસર કરતી કેટલીક ઐતિહાસિક હકીકતોનો ટૂંકમાં વિચાર કરીએ.

હું એવો મત રજુ કરૂ છું કે આઝાદી પછી ભારતને અમેરિકા કરતાં વધુ સારો કે વધુ એકધારો મિત્ર મળ્યો નથી. તમારા લાબાં સ્વાતંત્ર્યસંગ્રામ દરમિયાન પણ અમેરિકાના ઘણા મોટા ભાગના લોકોએ તમને મક્કમ ટેકો આપ્યો હતો. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન પ્રમુખ ફ્રાન્કલિન ડી. રૂઝવેલ્ટે ભારતમાં એક પછી એક મોકલેલા ખાસ પ્રતિનિધિઓએ ગાંધીજી પ્રત્યે એટલી ખુલ્લી રીતે સહાનુભૂતિ વ્યકત કરી હતી કે વાઈસરોયે તેમને પાછા બોલાવી લેવાની વિનંતી કરી હતી.

આઝાદી પછી ભારતની સરકારને ટેક્નિકલ સહાય આપનાર પહેલો જ દેશ અમેરિકા હતો. અમેરિકી એલચી તરીકેની મારી પહેલી અવધ દરમિયાન ૧૯૫૨માં મેં કોઈ પણ એશિયાઈ કે આફ્રિકી દેશ સાથેના કેપીટલ ગ્રાન્ટ અથવા લોન માટેના સૌથી પહેલા કરાર પર સહી કરી હતી. આ નાણાં મેલેરિયાને નિર્મૂળ કરવાના અને ગ્રામવિકાસ યોજનાનો પ્રારંભ કરવાના ભારતના વિશાળ કાર્યક્રમ માટે મદદરૂપ થયાં હતાં. આ વિકાસયોજનાએ આજે ૫,૫૦,૦૦૦ ગામને આવરી લીધાં છે.

ત્યારથી આજ સુધીમાં અમેરિકાએ ભારતને ૧,૨૦૦ કરોડ રૂપિયાનો ઉત્પાદક માલસામાન અને ટેક્નિકલ સહાય ધીરાણ કે ભેટ તરીકે આપ્યાં છે. આ સહાય ભારતે આ સમય દરમિયાન વાપરેલી કુલ વિદેશી સહાયના ૫૮ ટકા જેટલી થાય છે.

વધારે ચોક્કસ વાત કરું તો અમેરિકાની સહાયે ભારતની વિદ્યુતશકિતના વિકાસ માટે ૫૬ ટકા જેટલું વિદેશી હૂંડિયામણ પૂરું પાડ્યું છે. એ ભારતના વાહનવ્યવહારને અદ્યતન બનાવવામાં, ભારતની કરોડો એકર ખેતીવાડીની જમીન માટે સિંચાઈની સગવડ કરવામાં, સાત આધુનિક કૃષિ-કૉલેજોની સ્થાપના કરવામાં, ડુંગરોમાંથી રસ્તા કોરી કાઢવામાં અને ભારતમાં ભૂમિસૈન્ય તથા હવાઈ દળને સાધનસામગ્રી પૂરી પાડવામાં મદદરૂપ થઈ છે.

આ કેપીટલ લોન અને ગ્રાન્ટ ઉપરાંત છેલ્લાં ૧૪ વર્ષમાં અમેરિકાએ ભારતને ૩ કરોડ ૫૦ લાખ ટન અનાજ આપ્યું છે. અત્યારે આ અનાજ તમારા કુલ વાર્ષિક અન્નપુરવઠાના સાત ટકા જેટલું થાય છે. એ અમેરિકાની ઘઉંની કુલ પેદાશના આશરે ૧૮ ટકા જેટલું છે. ભારતની શાળાઓનાં એક કરોડ બાળકો દરરોજ અમેરિકાથી આવેલા પાઉડરનું દૂધ પીએ છે.

ભારતના આર્થિક વિકાસમાં અમેરિકાએ લીધેલી વિશાળ જવાબદારીનો ઉલ્લેખ કર્યા પછી હવે આપણે આપણને જુદા પાડનારા રાજકીય પ્રશ્નોનો તથા જેણે આપણને સહકાર કરવામાં મદદ કરી છે તેવા રાજકીય પ્રશ્નો સંપૂર્ણ નિખાલસતાથી વિચાર કરીએ.

૧૯૫૦માં જોસેફ સ્ટાલિનના સહકારથી ચીને દક્ષિણ કોરીઆનું રક્ષણ કરી રહેલાં સંયુકત રાષ્ટ્રોનાં દળો ઉપર મોટું આક્રમણ કર્યું. આ આક્રમણનું અંતિમ લક્ષ્ય તો નિ:શસ્ત્ર જપાન હતું. જપાન એશિયાના સૌથી અગ્રણી ઔદ્યોગિક રાષ્ટ્ર તરીકે ચીનની મહત્ત્વાકાંક્ષાનું લોભામણું લક્ષ્ય બન્યું હતું. તે પછીના નિર્ણાયક સંઘર્ષમાં ભારતે તટસ્થ વલણ સ્વીકાર્યું અને એવી જ રીતે મુકત બર્લિન ઉપર ભારે દબાણ થયું ત્યારે પણ એણે તટસ્થ વલણ લીધું.

તે પછીનાં વર્ષોમાં અમેરિકાની સરકારે ભારતને તથા બીજા એશિયાઈ મિત્રોને અનેક વાર ચેતવણી આપી હતી કે સામ્યવાદી ચીનના નેતાઓ વિશાળ વિસ્તારવાદી મહત્ત્વાકાંક્ષાઓ ધરાવે છે તેમ છતાં યુદ્ધથી કંટાળેલું જાપાન અલિપ્ત જ રહ્યું એવી જ રીતે ભારત, ઈન્ડોનેશિયા અને પાકિસ્તાન એ ત્રણ મોટા એશિયાઈ દેશો પણ અળગા રહ્યા.

પાંચ વર્ષ પછી તિબેટ ચીનની આક્રમણખોરીનો ભોગ બન્યું. હજીયે ઘણા ભારતવાસીઓ શાંતિથી રહેવાની વાત ચીનને ગળે ઉતારી શકાશે એવી, સમજી શકાય તેવી છતાં મિથ્યા આશામાં, "હિન્દી-ચીની ભાઈ-ભાઈ" રટી રહ્યા હતા.

આ લાંબા મુશ્કેલીભર્યા સમય દરમિયાન ચીનની સેનાનાં ૧૦૦ જેટલાં મક્કમ અને તાલીમ પામેલાં ડિવિઝનોને રોકી ચીની આક્રમણને ખાળવાની જવાબદારી લગભગ એકલા અમેરિકાને માથે આવી હતી. ચીનને ખાળવાના અમારા પ્રયત્નો ભારતમાં ખાસ લોકપ્રિય ન હતા. પણ મને વિચાર થાય છે કે એ નિર્ણાયક દિવસોમાં અમેરિકાએ તમારી અનુમતિ મેળવવા ખાતર પોતાનાં મંતવ્યોનો ભોગ આપ્યો હોત તો આજે આપણે એશિયાને કેવી સ્થિતિમાં જોતા હોત?

૧૯૫૦ પછીના દાયકાના ઉત્તરાર્ધમાં, અમે ભાખ્યું હતું તેમ, ચીને ભારતને હિમાલયની સરહદે "આક્રમક" ઠરાવવા માટે કેસ ઊભો કરવા માંડ્યો. આ દાવાઓ કેવળ જૂઠાણાં જ હતાં એટલે જવાહરલાલ નેહરુની નેતાગીરી નીચે ભારતે હિમતપૂર્વક એનો ઈન્કાર કર્યો અને સાથે સાથે શાંતિમય સમાધાનનાં પ્રયત્નો ધીરજથી ચાલુ રાખ્યા.

૧૯૬૨ના ઑકટોબરમાં ચીનનાં સૈન્યોએ તમારી ઉત્તર સરહદે એકાએક આક્રમણ કર્યું ત્યારે અમેરિકાએ સહાય માટેની તમારી

ટહેલનો મક્કમ જવાબ વાળ્યો. ચીની ધસારા સામે ભારતની સરહદોનું રક્ષણ કરી રહેલા જવાનોને મદદ કરવા બે જ દિવસમાં અમેરિકી હવાઈ દળના વિરાટકાય સી-૧૩૦ માલવાહક વિમાનો ભારતીય હવાઈ મથકોએ મશિનગનો, રાયફલો, પર્વતીય તોપો, રેડિયો, દારૂ-ગોળો અને અન્ય લશ્કરી સામગ્રી ઢગલાબંધ ઠાલવી રહ્યાં.

પણ, તમે કદાચ પૂછશો, પાકિસ્તાન સાથેના અમેરિકાના લશ્કરી સંબંધનું શું ?

૧૯૫૪ની શરૂઆતમાં અમેરિકાએ દક્ષિણ એશિયા અને પશ્ચિમ એશિયાના રક્ષણ માટે પાકિસ્તાન અને ભારત બન્નેને લશ્કરી સામગ્રી અને સહાય આપવાની તૈયારી બતાવી. દક્ષિણ અને પશ્ચિમ એશિયા એ વખતે સામ્યવાદી સૈન્યોના વધુ ને વધુ ભારે રાજકીય દબાણ હેઠળ હતાં.

પાકિસ્તાને આ ઑફર સ્વીકારી પણ ભારતે એવી આશાથી એનો અસ્વીકાર કર્યો કે તમારી સરકાર ચીનની આક્રમણખોરીને હળવી પાડવાનો પ્રયાસ કરીને શાંતિનું વધુ અસરકારક પરિબળ બની શકશે. આ હેતુ ઉમદા હતો એના ના નથી.

અમે પાકિસ્તાનને આપેલી અમેરિકી શસ્ત્રસામગ્રી તમારી સામે વપરાઈ ત્યારે સ્વાભાવિક રીતે વિરોધ પ્રગટયો. આ સંયોગોમાં અમને લાગ્યું કે યુદ્ધવિરામ માટે અમે જો સૌથી વધુ અસરકારક ફાળો આપી શકીએ તો તે બન્ને દેશોને લશ્કરી સહાય આપવાનું બંધ કરવું તે છે. આ પગલું તરત જ લેવાયું.

ઑગસ્ટ મહિનાથી અમે સલામતી સમિતિની અંદર, જગતની એક પંચમાંશ જેટલી વસ્તી ધરાવતા તમારા બે દેશો વચ્ચેનો ઝઘડો શમાવવા ધીરજથી પ્રયત્ન કર્યો છે. અમે કોઈ ચોક્કસ યોજના રજૂ કરી નથી, પણ અમારી એવી ઊંડી માન્યતા છે કે સારા સંબંધો માટેનો કોઈક પાયો શોધી જ કાઢવો જોઈએ. અમે એમ પણ માનીએ છીએ કે શાંતિ અંતે તો આ બે દેશોએ જાતે જ સિદ્ધ કરવાની રહેશે; ગમે તેવો શુભ આશય ધરાવતી પણ બહારની કોઈ સત્તા એ શાંતિ લાદી શકશે નહિ.

અમેરિકાની વતી બોલતાં હું કહું કે આ બધાં વર્ષો દરમિયાન ભારતે રશિયા અને અમેરિકા વચ્ચેના ભંગાણને સાંધવા જેવો સહૃદય પ્રયત્ન કર્યો છે તેવો જ સહૃદય પ્રયત્ન પાકિસ્તાન અને ભારત વચ્ચેના મતભેદો નિવારવા અમે કરવા ઈચ્છીએ છીએ.

કરોડો અમેરિકનો, અને મને ખાતરી છે કે કરોડો રશિયનો પણ, તમારા આ સેતુ-નિર્માણના કાર્ય પ્રત્યે શુભેચ્છા દર્શાવે છે. મને એવી જ શ્રદ્ધા છે કે કરોડો ભારતવાસીઓ આ ઉપખંડમાં વધુ સારા પાડોશી-સંબંધો પ્રગટાવવાના અમારા પ્રયત્નો સફળ થાય એવી આશા રાખે છે. ક્રમશ:

મૂળ અંગ્રેજી : શ્રી ચેસ્ટર બોલ્સ

આ તે ધર્મોપદેશ કે વિચારવીહિન ફતવો ?

નીચે મુજબના એક વિચિત્ર સમાચાર મુંબઈના તા. ૨૩-૧૨-૬૫ ના દૈનિકોમાં વાંચવામાં આવ્યા છે.

"દેવસ્થાનોની મિલકતો સુવર્ણ બૉન્ડમાં રોકવા અંગે ચાલી રહેલી ઝુંબેશમાં જૈન દેવસ્થાનોની મિલકતો રોકવી કે નહિ તે અંગે જૈન સમાજમાં ચાલતી ચર્ચાનો અંત આવી ગયો છે. આ અંગે જૈન ધર્માચાર્યો અને મુનિવરોએ એવો ધર્મોપદેશ આપ્યો હોવાનું જાણવા મળે છે કે જૈનશાસ્ત્રની મર્યાદા અનુસાર દેવદ્રવ્યનો ઉપયોગ ધાર્મિક સિવાયના કોઈ પણ કાર્યમાં થાય એ કોઈને પણ હિતાવહ નથી. માટે ધાર્મિક સંસ્થાઓના વહીવટદારોએ શ્રી જૈન શાસનની મર્યાદાને જ અનુસરવું ઉચિત છે."

"આ પ્રશ્ન ઘણા વખતથી ચોળાતો હોવાથી ગયા સોમવારે —તા. ૨૦-૧૨-૬૫— શ્રી શ્રમણ સંઘના ઉપક્રમે શ્રી પ્રેમસૂરીશ્વરજી પન્યાસ, શ્રી મંગળવિજયજી પન્યાસ, શ્રી સુબોધસાગરજી પન્યાસ, શ્રી ભદ્રંકરવિજયજી, શ્રી સુરેન્દ્રવિજયજી મહારાજ વગેરે લગભગ બધા જ ઉપાશ્રયોના મુનિવરોની એક સભા મળી હતી. આ સભામાં ધર્મચર્ચા થયા બાદ ઉપર્યુક્ત ધર્મોપદેશ અપાયો છે."

આ કહેવાતો ધર્મોપદેશ અમદાવાદ ખાતે હાલ વિચરતા શ્વે. મૂ. સંપ્રદાયના અમુક ધર્માચાર્યો તરફથી આપવામાં આવ્યો છે, આ ધર્મોપદેશ તેમને અને માત્ર તેમના અનુગામીઓને બંધનકર્તા હોઈ શકે. પણ આ ધર્મોપદેશ જાણે કે આખા જૈનસમાજને બંધન-કર્તા હોવાનું મનાવવું અને પ્રસ્તુત પ્રશ્નને લગતી ચર્ચાનો આ ધર્મોપદેશના કારણે હવે અંત આવી ગયો છે એમ કહેવું કે મના-વવું એનાથી વધારે મોટું બીજું કોઈ અસત્ય હોઈ ન શકે.

બીજું, આજનો પ્રશ્ન જૈન મંદિરમાં એકઠું કરવામાં આવેલ સુવર્ણનો કોઈ પણ અન્ય - ધાર્મિક કે સામાજિક - કાર્યોમાં ઉપયોગ કરવાને લગતો છે જ નહિ, પણ આ સુવર્ણને ભારત સરકારે કાઢેલા સુવર્ણ બૉન્ડમાં રોકી શકાય કે નહિ તેને લગતો છે. આ સુવર્ણ અલ-બત્ત દેવદ્રવ્ય છે, પણ જેમ દેવદ્રવ્યના નામે ઓળખાતી મુડી અને મિલ્કતનું રોકાણ મકાનોમાં અને સરકારી સીક્યોરિટીઝમાં કરવામાં આવે છે તેમ આ સુવર્ણ બૉન્ડ પણ એક પ્રકારની સરકારી સીક્યો-રિટી છે અને તેથી આ સોનુ સુવર્ણ બૉન્ડમાં રોકવા સામે દેવદ્રવ્યના ઉપયોગ અંગે સ્થિતિચુસ્ત વિચારણા ધરાવતા ધર્માચાર્યો કે શ્વે. મૂ. સમુદાયના આગેવાનોને કોઈ પણ પ્રકારનો વાંધો કે વિરોધ હોઈ ન શકે. આ દીવા જેવું સ્પષ્ટ છે.

ઉપર જણાવેલ ધર્મોપદેશ બહાર પાડયા બાદ પ્રસ્તુત પ્રશ્નને લગતી બધી ચર્ચાનો અંત આવી ગયો છે એમ કહેવું કે માનવું એ કેવળ ભ્રમણા છે. ઉલટું આ ધર્મોપદેશે પ્રસ્તુત ચર્ચાને નવો વેગ આપ્યો છે. અને આજના સામયિકોમાં તેને લગતાં નવાં નવાં ચર્ચાપત્રો પ્રગટ થઈ રહ્યાં છે. તાજેતરમાં તા. ૨૮મી ડીસેમ્બરના રોજ જૈન-જૈનેતર સમાજમાં ખૂબ જાણીતા પુરાતત્ત્વસંશોધનવેત્તા મુનિ પુણ્યવિજયજી તરફથી અમદાવાદથી બહાર પાડવામાં આવેલા તેમના નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે "મને જૈન ધર્મના અલ્પસ્વલ્પ અધ્યયનને અંગે એમ લાગ્યું છે કે રાજ્ય અને પ્રજાનો સંકટના સમયમાં સદાય પરસ્પર પૂરો સહકાર હોવો જોઈએ. આ જ આશયથી જૈન ધર્મકથાઓમાં ધાર્મિક પુરુષોએ પડોશીધર્મ, કુળધર્મ, જ્ઞાતિધર્મ, સંઘધર્મ, નગરધર્મ, દેશધર્મ રાજ્યધર્મ આદિ ધર્મો પ્રસંગે પ્રસંગે આચરેલા જોવામાં આવે છે. જૈનાચાર્યોએ પણ પ્રસંગે પ્રસંગે આવા ધર્મોમાં સાથ આપ્યો છે. એટલે શેઠ આણં-દજી કલ્યાણજીની પેઢીએ સુવર્ણ બૉન્ડ ખરીદ્યા છે એ દેશકાલો-ચિત અને પ્રજાધર્મ તેમ જ રાષ્ટ્રધર્મને છાજતી વસ્તુ છે. આથી જૈન ધર્મને, જૈન શાસ્ત્રોને કે જિનાજ્ઞાને ક્ષતિ પહોંચે છે એમ જરા પણ નથી. ઉલટું રાજ્ય, આમપ્રજા અને ધર્મસંપ્રદાયોમાં આથી પરસ્પર અમીદૃષ્ટિ વધે છે, અને પરિણામે વ્યવસ્થિત ધર્મમાં એકબીજાના સહકારથી અભિવૃદ્ધિ થાય છે એમ મને લાગે છે."

મુનિશ્રી પુણ્યવિજયજી જેવા પ્રતિષ્ઠિત અને વિદ્વાન મુનિ-વરનું આ અધિકૃત નિવેદન ઉપર જણાવેલ જૈનાચાર્યો તરફથી બહાર પાડવામાં આવેલ કહેવાતા ધર્મોપદેશને અથવા તો સમજણ અને વિવેક-વિહોણા ફતવાને પૂરતો જવાબ આપે છે અને તેથી એ સમજણ વિનાના ધર્મોપદેશની વધારે આલોચના કરવાની જરૂર નથી.

પરમાનંદ.

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ : ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ-૩.
મુદ્રણસ્થાન : ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ

Regd. No. MH. 117
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૭ : અંક ૧૮

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, જાન્યુઆરી ૧૬, ૧૯૬૬, રવિવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૨૫ પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

☆ રાષ્ટ્રવ્યક્તિત્વની આસ્થા ☆

(ગુજરાતી સાહિત્ય પરિષદના સૂરત ખાતે તા. ૨૫, ૨૬, ૨૭, ડિસેમ્બર ૧૯૬૫ના રોજ મળેલા ૨૩ મા અધિવેશન પ્રસંગે સ્વાગતાધ્યક્ષ શ્રી વિષ્ણુપ્રસાદ ૨. ત્રિવેદીએ આપેલું પ્રવચન.)

સૂરતને આંગણે મળતા ગુજરાતી સાહિત્ય પરિષદ અધિવેશનની સ્વાગત સમિતિ વતી આપને સૌને આવકારતાં મને આનંદ થાય છે. સાહિત્ય પરિષદનું નામ લોકહૃદયમાં વસી ગયેલું છે, કેમકે તેને ગોવર્ધનરામ, રણજિતરામ, નરસિંહરાવ, કેશવલાલ, રણછોડભાઈ, અંબાલાલ, આનન્દશંકર, રમણભાઈ, ગાંધીજી, હરગોવિન્દદાસ, બળવંતરાય, કમળાશંકર, કૃષ્ણલાલ ઝવેરી, ખબરદાર, વિદ્યાગૌરી, રામનારાયણ જેવા પવિત્ર નામોની સુવાસની ભાવના મળી છે. પચાસ વર્ષે એવી પરિષદનું અધિવેશન સૂરતમાં મળે એ અમારે માટે મહાન ઉત્સવનો પ્રસંગ છે અને તેથી આપ સહુને સત્કારતાં મને ખૂબ હર્ષ થાય છે.

સૂરતની સંસ્કાર–સમૃદ્ધિ

લાટ પ્રદેશ કે ભરૂચ-સૂરતની ઈતિહાસસામગ્રી ધરી આ ભૂમિનું સ્તવન હું કરી શકું, પણ હવે આપણું જીવન એવું વિશાળ અને સમરસ થતું જાય છે કે પ્રદેશ કે નગરની વિશિષ્ટતા–એની મહત્તા અને મર્યાદા સમેત–આપણા સમગ્ર ઈતિહાસ અને જીવનની મર્યાદા-રૂપે જોવી એ જ યોગ્ય. જૂનાગઢ, ભાવનગર, પાટણ, અમદાવાદ, વડોદરા, મુંબઈ જેવી સૂરતને આંગવી વ્યક્તિમત્તા છે; તે મશહૂર છે. સત્તરમાં સૈકામાં તે ભારતનું સર્વશ્રેષ્ઠ બંદર અને સૌથી ધનાઢ્ય નગર હતું તે જાણીતું છે. તેની ખાણીપીણીની તેમ જ કારીગીરીની સૂક્ષ્મ રસિકતા, તેના ધનદોલતમાં તેમ જ દિલમાં ઉદારતા, જાતિ, ધર્મ, સંપ્રદાય આદિના ભેદને ભુલાવતી તેના સામાજિક સહકાર અને સહચારની ભાવના, એ આપણા સમગ્ર પ્રજાજીવનને એનું સુંદર અર્પણ છે. ઈતિહાસે અને ભૂગોળે એને ખાનાખરાબી પણ આપ્યાં છે. સંપત્તિની વાયકાએ એને ડારવામાં બાકી નથી રાખ્યું; એમ છતાં, એના સૂક્ષ્મ જીવનમાં સ્વતંત્રતાની તેજસ્વિતા, આત્મશ્રદ્ધાનો પ્રભાવ, બુદ્ધિની દૂરદર્શિતા, હૃદયનાં ઉલ્લાસ, શાણપણ અને માધુર્ય જેટલાં જ વરતાય છે. દુર્ગારામ અને મલબારીનું, કોટવાલ અને દયાળજીનું, વીર નર્મદ અને ધીટ ઈચ્છારામનું સ્મરણ આજની રાષ્ટ્રીય સંકટની ઘડીએ હૃદયને ઢંઢોળવે અને વીરોત્સાહ ભરવે સમર્થ છે.

વર્તમાન રાષ્ટ્રીય સંકટ મેં ઉલ્લેખ્યું, તો સહેજે પ્રશ્ન થાય કે આ સાહિત્યસમૈયો એને અનુવર્તતો છે? ૧૯૨૦ માં એ જ પ્રશ્ન આનંદશંકરે પૂછ્યો હતો અને એમણે આપેલો ખુલાસો તે આપણો પણ બચાવ છે. આપણું સકલ જીવન સર્વ અંગમાં બલિષ્ઠ હોવું જોઈએ. હરકોઈ અંગની પંગુતા તે હરેક અંગની પંગુતા છે. એક પણ અંકોડાની નિર્બળતા તે અખિલ જીવનના દારિદ્રની માત્રા છે. રાષ્ટ્રીય કલેવર અને રાષ્ટ્રનો સ્વ-ભાવ, તેનું અધ્યાત્મ, તેની સૂક્ષ્મ અવસ્થા ને સંપત્તિ નોખાંનોખાં પાડવા ન જોઈએ. આંતરજીવનને અનુરૂપ બાહ્ય, રક્ષણીય કલેવર હોવું જોઈએ. આમ્રરસ સાચવવો હોય તો કોઠાનું કલેવર નહિ ચાલે. સૂક્ષ્મ જીવનદ્રવ્યોની ઓળખ, તેનાં શોધન, સંવર્ધન અને અભિસરણ એ આવા સમારંભોનું પ્રયોજન હોય છે. એનું બાહ્ય રૂપ ઉત્સવનું હોય. એ ઉત્કર્ષહેતુક ઉત્સવ છે. આપણી સર્વ પ્રવૃત્તિઓ પાછળ જે પ્રેરક અને નિયામક સંકલ્પો અને વૃત્તિઓ છે તેમને કેળવવાનો આવા ઉત્સવોનો હેતુ હોય છે.

ભાષા: કોશિયો ને ઋષિ

વળી, સમાનભાવી એકતા અને સામંજસ્ય સ્થાપવાનું પણ આવાં સંમેલનોનું ગૂઢ પ્રયોજન છે. રાજકીય, સામાજિક, સાંપ્રદાયિક, આર્થિક હિતોને અનુલક્ષીને સંમેલનો થાય છે અને પોતપોતાની રીતે મર્યાદિત અર્થમાં એકરાગ સ્થાપે છે; પણ એમની પણ મર્યાદા ઓળંગીને કોઈ એક તત્ત્વને આધારે આપણે સમુદાય તરીકે ભેળાં થઈ શકીએ, વર્તી શકીએ, તો આપણું જીવન સુદૃઢ થાય એમાં શંકા નથી. આ તત્ત્વ હોઈ શકે, ઘણે અંશે છે – કેળવણીમાં, કળામાં, ભાષામાં, સાહિત્યમાં, તત્ત્વજિજ્ઞાસામાં. હૃદય ને મનની સૂક્ષ્મતમ, ઉચ્ચતમ, પ્રબળતમ સપાટી પર કામ કરવાનો આમાં અવસર ને અવકાશ છે તેટલો બીજે નથી; મેધા અને હૃદયધર્મનાં પ્રવર્તન આમાં જેટલાં પ્રસાદપૂર્ણ ને પ્રીતિપ્રદ છે તેટલાં બીજે નથી; અને ભાષા તો આ સર્વનો ઉપસ્કર છે. ભાષા જેટલું આત્મીય બનેલું કોઈ કરણ, કોઈ મનઃસંચારી, મનોવેગી ને મનઃસ્પર્શી વાહન માણસને મળ્યું નથી. એ જેટલી મુલાયમ ને દૃઢ, એ જેટલી સમૃદ્ધ ને પ્રૌઢ, એ જેટલી સરલ, સુંદર, મધુર, ઓજસ્વી ને છટામય, તેટલી આપણા સર્વ સામાજિક વ્યવહારમાં, આપણા સર્વ ચૈતસિક આવિર્ભાવમાં સુવિધા. ભાષા તો વિચારનું ઉપાદાન અને કરણ બેઉ છે એટલું જ નહિ, ભાષા વિના જાણે પ્રત્યગાત્માનો આણસાર પણ અશક્ય છે. ભાષાની ગરજ કોશિયાને છે તો ઋષિને પણ છે; પ્રતિભા અને પાંડિત્યને એની સ્પૃહા છે તેટલી શાસન અને વાણિજ્યને પણ છે. વકતા, શિક્ષક અને પત્રકાર – તેમની નાણાવટ તો શબ્દકોશમાં છે. એટલે ભાષા-સાહિત્યના ઉત્કર્ષનો કોઈ પણ અભિક્રમ કસમયનો નથી; રાષ્ટ્રીય સંકટ અને રાષ્ટ્રીય પરિસ્થિતિ જેમ વિજ્ઞાન અને શાસ્ત્રને આહ્વાન છે તેમ ભાષા અને સાહિત્યને પણ છે.

ગુજરાતના ભાષા-સાહિત્ય-કેળવણીના ઈતિહાસમાં દક્ષિણ ગુજરાતનું અને ખાસ કરીને સૂરતનું અર્પણ વિશિષ્ટ અને અસરકારક

રહ્યું છે. અર્વાચીન યુગની પહેલી પચીસીમાં નર્મદે અને ટેઈલરે ગુજરાતી ભાષાની ચોક્કસ ઓળખ કરાવી; ગુજરાતીને કાયમી પ્રતિષ્ઠા આપતો એ સર્વપ્રથમ જવાબ હતો. નર્મદે જૂના સાહિત્યનો પરિચય કરાવ્યો અને નવું રંગરાગી સાહિત્ય પણ રચી આપ્યું. જૂના અને નવા બેઉ સાહિત્યને મૂલવવાની રીત નવલરામે દાખવી, તો આ સૈકાની પહેલી પચીસીમાં કમળાશંકરે વ્યાકરણનું કામ આગળ ધપાવ્યું. સ્વ-ભાન, સ્વ-પોષણ અને સ્વ-સંવર્ધન: ભાષાનાં એ ત્રણે કામ શરૂ થઈ ગયાં; અને એ રાજમાર્ગે આજે પણ આપણે જઈ રહ્યાં છીએ. શબ્દસૃષ્ટિ નિશ્ચિત થાય, શબ્દછટાની ટેવ પડે, અપૂર્વ લલિત સાહિત્યનું સર્જન થાય, અન્ય અન્ય સૌન્દર્યબોધક અનુવાદ થાય, એ બધી ભાષારિદ્ધિની કસોટીઓ છે. એ તેની એક પરંપરા સ્થાપે છે. શેક્સપિયર અને ટૉલ્સ્ટૉય, કાલિદાસ અને શંકર, ટાગોર અને શ્રી અરવિન્દ ગુજરાતીમાં ઉતારી શકીએ એ, ભાષાની પરીક્ષા તેમ જ સિદ્ધિ છે. નર્મદથી માંડી આજની ઘડી લગી આહ્વાન અને જવાબની વિધિમાળા ચાલુ છે. આજે પણ બુદ્ધિભ્રંશનું સંકટ નથી એમ નથી; પણ જે પ્રક્રિયા શરૂ થઈ છે તે પૂર્ણ સિદ્ધિએ જ જંપશે, કેમ કે એમાં જ આપણો સ્વાભાવિક, આપણા સકલ સૂક્ષ્મ શરીરને અનુકૂળ વિકાસ રહ્યો છે.

જ્યોતીન્દ્રનો સરળ પ્રસન્ન ગદ્યપ્રવાહ

ગયા શતકમાં સૂરતે ત્રણ મુખ્ય ગદ્યશૈલીઓ આપી; નર્મદે ઉછાળા લેતી, વકતાની ઉદ્બોધક શૈલી; નવલરામે પ્રૌઢ મધ્યમા ને રાજમાર્ગી શૈલી; અને નંદશંકરે ઉદારપ્રસ્તાર રમણીય શૈલી. નર્મદની શૈલીના સંસ્કાર પારસી લેખકોમાં, ઈચ્છારામમાં, નરસિંહરાવમાં, બળવંતરાયમાં, મોહનલાલભાઈમાં, ચન્દ્રવદન મહેતામાં જણાઈ આવે છે. નંદશંકરની આરોહઅવરોહાત્મક શૈલીમાંથી, બાણ-બર્કના સંસ્કાર સાથે ગોવર્ધનરામની મેઘગંભીર ભવ્ય શૈલી જન્મી. રામનારાયણભાઈ જેવા ઘણા અર્વાચીન લેખકોમાં નવલરામની મધ્યમા શૈલી જણાય છે. એમના પોતાના યુગમાં મહીપતરામ અને છગનલાલ મોદીએ એનો વિનિયોગ કર્યો છે. નર્મદ અને નવલરામની શૈલીઓ વર્તમાનપત્રોમાં વિસ્તરી. એમની અસર નીચે ઈચ્છારામે ઉદ્બોધક, ચર્ચાત્મક અને વિવરણાત્મક, પત્રકારી લઢણો નિપજાવી, જે ગુજરાતી પત્રોમાં સર્વત્ર જણાય છે. સૂરતનાં 'ગુજરાતમિત્ર', 'પ્રતાપ', 'લોકવાણી' માં એ જ લઢણો વિલસી છે. નર્મદ અને નવલરામની કટાક્ષ અને હાસ્યની પરંપરા પણ-ચન્દ્રવદન, જ્યોતીન્દ્ર, ધનસુખલાલ જેવા થોડા બાદ કરીએ તો—મુખ્યત્વે વર્તમાનપત્રોએ જ જીવતી રાખી છે. નવલરામની શૈલીનું પૂર્ણ વિકસિત ચારુ રૂપ જ્યોતીન્દ્ર દવેના સરલ પ્રસન્ન ગદ્યપ્રવાહમાં આપણે પામીએ છીએ.

શૈક્ષણિક અને સાહિત્યિક ગતિશીલતા

ભાષા સાહિત્ય અને શિક્ષણ અંગે આપણી પ્રતીતિઓ હજી ઝાંખી છે, નવી નવી પરિસ્થિતિઓમાં, હેતુઓના સંઘર્ષમાં બુદ્ધિભ્રંશ થાય છે, જૂના જ પ્રશ્નો નવા અને વધારે બળવાન રૂપે ઉદ્ભવે છે અને આપણને મૂઢ કરે છે. આપણાં વૈયક્તિક અને સામાજિક ધ્યેયો સ્પષ્ટ નથી, પૂર્ણ સ્વીકૃત નથી. તેથી કેળવણીની પ્રથા અને પદ્ધતિમાં ખેંચતાણ થાય છે. કોઈ વાર તો જાણે આપણે 'મૅકૉલે યુગ' માં સરી પડયા હોઈએ એમ લાગે છે! પણ એવી મૂંઝવણ અયોગ્ય તેમ અયુક્ત છે. 'મિશન'ની મર્યાદિત વ્યવસ્થામાંથી છૂટી શિક્ષણનું તંત્ર સરકારી અર્ધસરકારી બન્યું તેમાં દેશહિતચિન્તકોએ સારું કામ આપ્યું. યુનિવર્સિટીના શિક્ષણક્રમે અને ખાસ કરીને મેટ્રિકયુલેશનની પરીક્ષાએ એક ધોરણ તરફ બધી કેળવણી ખેંચી. એના લાભ અને ગેરલાભ બેઉ હતા. એમાંથી બે ત્રણ રીતે શિક્ષણક્રમ અને શિક્ષણતંત્ર ઊગર્યાં. શિક્ષણમાં ઈતિહાસ, ભૂગોળ, પ્રયોગાત્મક વિજ્ઞાન, અર્થશાસ્ત્ર, રાજકારણ વગેરે ઠીક પ્રવેશ્યાં. દેશભાષાઓનું મહત્ત્વ વધ્યું. આડકતરી રીતે ગાંધીજીના આદર્શો ઓછાવત્તા ઝિલાયા; કેળવણી ઘણે અંશે સરકારી તંત્રને જવાબદાર મટી સામાજિક તંત્રને જવાબદાર થઈ. આ સર્વ શિક્ષણગતિમાં સૂરતનું કાર્ય હંમેશાં ગણનાપાત્ર રહેશે. ગુજરાતમાં જ્યારે ચાર જ કૉલેજો હતી તે વખતે, ૧૯૧૨ માં, સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સ્થપાઈ. કેટલીક બાબતમાં તે ગુજરાતમાં અજોડ નીવડી. નેતૃત્વમાં, લોકના સહકારમાં, વહીવટની શુદ્ધિ અને દક્ષતામાં, શિક્ષક અને અધ્યાપકને અપાતી પ્રતિષ્ઠામાં આ સંસ્થાએ સારો આદર્શ આપ્યો. ગુજરાતની અને હવે નવી દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની ભૂમિકા અને હવા નિપજાવવામાં આ સંસ્થાનું કામ મહિમાવંત છે.

તો, આવા ગતિશીલ, વિકાસશીલ ઐતિહાસિક સંદર્ભમાં આશંકા અને અનાસ્થા શાને વારુ?

ગાંધીજી પ્રેરિત જીવનભાવના

અપૂર્વ અવસર ઝીલવા, નવી શક્યતાઓને પહોંચી વળવા, અભિનવ તકો આવકારવા, આપણામાં કેમ પૂર્ણ ઉત્સાહ નથી? આપણા સામાજિક સત્ત્વમાં હજી કયાંક નાનમભાવ ભરાઈ રહ્યો છે; આપણે કયાંક સસ્તી સલામતી શોધી રહ્યાં છીએ. ૧૯૨૦ થી ૧૯૫૦ સુધીની ગાંધીજીપ્રેરિત જીવનભાવનાઓ સુકાઈ ગઈ છે. આદર્શનું સ્થાન દંભે, આત્મવંચનાએ વા જડાગ્રહે લીધું છે. હરેક વ્યકિત જાણે યન્ત્રચક્રે ચઢી સ્થૂલ, ધનદત્ત કિંવા સત્તાદત્ત સાફલ્યની પાછળ પડી છે. આટલી બધી સિદ્ધિ અને પરાક્રમની શક્યતાઓ છતાં, મેધાવીને લાગે છે કે તે બંધિયાર હવામાં છે. અર્થસ્પર્ધામાં પૂંજીપતિનો સ્થાપિત લાભ ચાલુ જ રહ્યો છે. વળી એક એવો મત્સરી ને દુર્વિદગ્ધ વર્ગ પણ છે, જેના વ્યવહારના ને મોટાઈના ખ્યાલ હજી પશ્ચિમમાંથી જ આવે છે. સાહિત્યરસિકો અને સાહિત્યકારો યુરોપી 'નૉબેલ' પારિતોષિકવિજેતાઓનો વૈશ્વદેવ કર્યા કરે છે; અને લઘુ જ ગણાય એવા વિચારકો અને વિવેચકોના ખ્યાલોથી પોતાને શણગારવામાં ધન્યતા સમજે છે. આ હવા અને આ માનસિક સ્થિતિ ભાષા, સાહિત્ય અને શિક્ષણના સંવર્ધનને બાધક છે; તે તેના પાયામાં જ લૂણો લગાડે છે.

અનાસ્થાથી આશા પ્રગટશે નહિ; શ્રદ્ધા જ શ્રદ્ધા વધારશે. વ્યાપક કેળવણી અને ઉત્તમ કેળવણી બેઉને માટે માર્ગ કરવા પડશે. ઉત્તમોત્તમ શિક્ષણ, તાલીમ અને ઉપાધિ માટે જર્મની, ઈંગ્લેન્ડ અને અમેરિકા પર મીટ મંડાય એ કંઈ સામાજિક સ્વાસ્થ્યની નિશાની નથી. કેળવણીનાં સર્વ ક્ષેત્રમાં અને સ્તરમાં આપણી જ ભાષા શિક્ષણનું વાહન હોય એ આપણા રાષ્ટ્રીય વ્યકિતત્વમાં આસ્થા પ્રગટાવવાની પહેલી શરત છે. પણ સાથે જ શિક્ષણની ઉચ્ચતા કે વિશિષ્ટતા કુંઠિત ન થાય તે ખાતર હિન્દી અને અંગ્રેજીનો ઉપયોગ કરવો જ પડશે. ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીને, સંસ્કૃત તથા અરબીને, જર્મન ફ્રેન્ચ રશિયન આદિને, આપણી નવી યુનિવર્સિટીઓ શિક્ષણના ધોરણની ઉચ્ચતાની દૃષ્ટિએ તેમ જ આપણી આત્મશ્રદ્ધાના વિકાસની દૃષ્ટિએ, યોગ્ય અને પૂર્ણ સ્થાન આપશે. કોઈ પણ શિક્ષણક્રમમાં માતૃભાષાને અવર પદ મળશે તો તે સ્વત્વઘાતક નીવડશે; અને જે સ્વત્વઘાતક છે તે ભાષા-સાહિત્યને પ્રાણપ્રદ ન હોઈ શકે; એ સાર્વત્રિક અનાસ્થા વધારવાનો રસ્તો છે.

સૂરતનું આ અધિવેશન તોરણ બનો!

આ સ્વાગત—પ્રવચનના ઉપસંહારમાં શ્રદ્ધાની જ વાત મૂકીશ. આપણા સમુદ્ધારમાં કોઈ અકળ બળ કામ કરતું જ હશે. કેવી વિષમ પરિસ્થિતિમાં રામમોહનરાય, વિવેકાનંદ, ટાગોર પ્રગટયા! દયાનંદ અને ગાંધીજી કેવી ભોંયમાં ઉદ્ભવ્યા! છેવટે તો ઋષિ, કવિ, સાહિત્યકાર, વિચારક—એકાકી અને મહાન—બધી વિષમતાઓ વિદારે છે, બૃહત્ સમન્વય સિદ્ધ કરે છે અને પ્રજાકીય વ્યકિતત્વમાં તેમ ભાષા-સાહિત્યમાં પ્રાણ પૂરે છે. વળી, ખરું જોતાં, એ એકલો હોતો જ નથી. કેટલાંય નાનાં નાનાં બળોનો એ સ્ફોટક છે. આપણા જીવનમાં એવો વ્યાપક સમુલ્લાસ આવે તેવી પરિસ્થિતિ સર્જવામાં આપણે નાના મોટા સૌ અને આ આપણું અધિવેશન સહાયભૂત થાઓ! સાહિત્ય પરિષદ એ મહા આગમનનું તોરણ બનો!

બન્ધુઓ, હું આપ સૌનું આદર અને પ્રીતિથી સ્વાગત કરું છું; મારો આ અધિકાર એ મારો લહાવો છે.

વિષ્ણુપ્રસાદ ૨. ત્રિવેદી

રાષ્ટ્રીય તેમ જ આન્તરરાષ્ટ્રીય રાજકારણી પરિસ્થિતિ

(શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે શ્રી મુંબઈ જૈન યુકવ સંઘના ઉપક્રમે તા૦ ૬-૧-૬૬ના રોજ યોજાયલી સભામાં પાકિસ્તાન સાથે ગયા સપ્ટેંબર માસ દરમિયાન યુદ્ધ શરૂ થયું ત્યારથી આજ સુધીની રાષ્ટ્રીય તેમ જ આન્તરરાષ્ટ્રીય રાજકારણી પરિસ્થિતિની નીચે મુજબ સમીક્ષા કરી હતી. તંત્રી)

આપણે છેલ્લાં મળ્યાં ત્યારથી આજ સુધીમાં આન્તરરાષ્ટ્રીય ક્ષેત્રે મહત્વની બે ઘટનાઓ બની છે. (૧) વિયેટનામમાં ચાલી રહેલું યુદ્ધ (૨) દક્ષિણ રોડેશિયાએ કરેલી સ્વતંત્રતાની એકપક્ષી જાહેરાત.

તો આપણે પહેલાં વિયેટનામમાં ચાલી રહેલા યુદ્ધની સમીક્ષા કરીએ.

વિયેટનામનું યુદ્ધ

વિયેટનામમાં અમેરિકાના ઘણા પ્રયત્નો છતાં અને લડાઈનું પ્રમાણ તેણે ખૂબ વધારેલું હોવા છતાં ઉત્તર વિયેટનામને વાટાઘાટમાં ઉતરવાની સ્થિતિ ઉપર હજુ સુધી અમેરિકા લાવી શકયું નથી. અમેરિકાએ જાહેર કર્યું છે કે ઉત્તર વિયેટનામને હરાવવાનો તેનો કોઈ ઈરાદો નથી તેમ જ દક્ષિણ વિયેટનામમાં કાયમને માટે પગપેસારો કરવાનો પણ તેનો કોઈ ઈરાદો નથી; દક્ષિણ–પૂર્વ એશિયામાં ચીનના સામ્યવાદનું વર્ચસ્વ વધે નહિ એટલા પૂરતી જ તેની નેમ છે. આમ છતાં પણ વિયેટનામના યુદ્ધ વિષે આજની દુનિયાનો અભિપ્રાય તીવ્રપણે વહેંચાયેલો છે, એટલું જ નહિ પણ, અમેરિકામાં પણ એક મોટો જનસમુદાય માને છે કે અમેરિકાએ વિયેટનામમાંથી છૂટી જવું જોઈએ, નીકળી જવું જોઈએ. અત્યારના સંયોગોમાં પ્રેસિડન્ટ જોનસન વિયેટનામ છોડી દે એ શકય નથી, પણ સુલેહ થતી હોય તો તેમ કરવા પોતે તૈયાર છે અને એ વિચારને તેણે છેલ્લા પંદર દિવસો દરમિયાન ક્રિસમસના દિવસે યુદ્ધવિરામની ફેર કરીને તેમ જ પોતાનું દૃષ્ટિબિન્દુ સમજાવવા માટે ખાસ પ્રતિનિધિઓ મોકલીને સારો વેગ આપ્યો છે અને આ માટે સંયુકત રાષ્ટ્રસંઘ તથા દુનિયાનાં અન્ય રાજ્યોની મદદ માગી છે. રશિયા દેખીતી રીતે ઉત્તર વિયેટનામના પક્ષમાં છે. એમ છતાં રશિયા એમ નથી ઈચ્છતું કે વિયેટનામમાં ચીનનું વર્ચસ્વ વધે. રશિયા હેનોય ઉપર આડકતરી રીતે દબાણ લાવી રહ્યું છે કે કોઈપણ રીતે સમાધાન થતું હોય તો કરવું. ઉત્તર વિયેટનામમાં અમેરિકા જે બોંબીંગ કરી રહ્યું છે તે તદ્દન બંધ થાય એમ ભારત ઈચ્છે છે. આ લડાઈને લીધે વિયેટનામની સમસ્ત પ્રજા જે પરેશાની ભોગવી રહી છે તે, તેનાં જે ચિત્રો અને વર્ણનો આવે છે તે જોતાં, અકલ્પ્ય છે. ૧૯૫૪ ની સાલમાં જીનીવા કરાર થયા ત્યારથી ત્યાંની પ્રજા પારવિનાની હાડમારી વેઠી રહી છે એ જોઈને આપણને પ્રશ્ન થાય છે કે આ બધું શાને માટે?

છેલ્લા સમાચારો મુજબ વિયેટનામમાં મુકત ચૂંટણી કરીને વિયેટનામની આ પરેશાનીનો અન્ત આણવો એવી સૂચના છે, પણ આમ બનવાની સંભાવના ઓછી છે. અત્યારના સંયોગોમાં લડાઈનો અન્ત નજીક દેખાતો નથી. અમેરિકન પ્રજા આ આર્થિક તેમ જ લશ્કરી બોજો ક્યાં સુધી સહન કરી શકશે તે એક સવાલ છે. ચીન પોતાની નિર્બળતા જાણે છે, એટલે ઉત્તર વિયેટનામની મદદે સીધી કે પ્રત્યક્ષ રીતે ગયું નથી, તે જઈ શકે તેમ નથી.

છેલ્લા ચાર મહિના દરમિયાન ચીનની ચારે બાજુએથી પીછેહઠ થઈ રહી છે. અલજિરીયામાં જો કે શિખરપરિષદ થઈ ન શકી, એમ છતાં એટલું તો સિદ્ધ થઈ ચુકયું કે આવી એશિયા-આફ્રિકા કોન્ફરન્સ જ્યારે પણ યોજાશે ત્યારે રશિયાને તેમાંથી બાકાત રાખી નહિ શકાય. આફ્રિકાના દેશોની પણ આંખ ઉઘડી છે કે ચીનની પડખે રહેવામાં કોઈ લાભ નથી. આપણી ઉપર પણ અલ્ટીમેટમ આપવા સુધીની તેણે દમદાટી કરી જોઈ, પણ આખરે તેને નાલેશીકારક રીતે પીછેહઠ કરવી પડી. ઈન્ડોનેશિયામાં ચીને ભારે ભૂલ કરી અને તેને નરાતાર અસફળતા સાંપડી. પ્રમુખ સુકર્ણોનું સામ્યવાદી ચીન પ્રત્યે અનુકુળ વલણ હોવા છતાં ઈન્ડોનેશિયામાં અનેક સામ્યવાદીઓની કતલ કરવામાં આવી છે અને સામ્યવાદી પક્ષ હાલ તો દબાઈ ગયો છે.

દક્ષિણ રોડેશિયાનું પ્રકરણ

દક્ષિણ રોડેશિયાએ બ્રિટનની ઉપેક્ષા કરીને એકપક્ષી સ્વતંત્રતાની જાહેરાત કરી તેની લાંબાગાળાની અસર ઘણી મોટી છે. રંગભેદની નીતિનો પ્રશ્ન દક્ષિણ આફ્રિકા પૂરતો સીમિત હતો તે હવે આફ્રિકાનાં બે રાજ્યોનો થયો છે. આ પરિસ્થિતિ બ્રિટન બળજબરીથી અટકાવી શકત કે નહિ તે કહેવું મુશ્કેલ છે. અલબત્ત, દક્ષિણ રોડેશિયામાં બહુમતીનું રાજ્ય અંતે થવું જોઈએ એમ બ્રિટન કહે છે, પણ બ્રિટનમાં બહુ મોટો એવો એક વર્ગ છે કે જે માને છે કે આજની કક્ષાએ દક્ષિણ રોડેશિયામાં ગોરા લોકોનું જ રાજ્ય હોવું જોઈએ અને તેમાં જ કાળી પ્રજાનું હિત રહેલું છે. દુનિયાને દેખાડવા માટે બ્રિટને અમુક આર્થિક પગલાં લીધાં છે, પણ તે અસરકારક બની શકયા નથી, બને તેવો સંભવ નથી, કારણ કે દક્ષિણ આફ્રિકા અને પોર્ચુગલનો દક્ષિણ રોડેશિયાને ટેકો છે અને આફ્રિકાના સ્વતંત્ર દેશોમાં દક્ષિણ રોડેશિયા ઉપર દબાણ લાવી શકાય એવી આર્થિક કે લશ્કરી તાકાત આજે છે નહિ.

યુરોપની પરિસ્થિતિનો વિચાર કરતાં ફ્રાન્સના પ્રેસિડેન્ટ દ'ગોલ ની ચૂંટણી આપણું ધ્યાન ખેંચે છે. આ ચૂંટણી એની પોતાની તથા દુનિયાની ધારણાથી જુદા પ્રકારની થઈ છે. પહેલા રાઉન્ડમાં ૫૧ ટકા પણ મત તેને ન મળે એથી આશ્ચર્ય થાય છે. તેની અને તેના હરીફ વચ્ચે જે મતફેર રહ્યો તે ઉપરથી દ'ગોલનું વર્ચસ ફ્રાન્સમાં ઘટયું છે એમ કહેવાય. આમ છતાં પણ દ'ગોલ યુરોપનો એક અત્યન્ત પ્રભાવશાળી નેતા છે. તેની બરોબરી કરી શકે એવો ત્યાં આજે બીજો કોઈ નેતા નથી. આજે પણ દ'ગોલ એટલે ફ્રાન્સ અને ફ્રાન્સ એટલે દ'ગોલ એમ કહી શકાય. યુરોપિયન કોમન માર્કેટમાં પાંચ દેશો એક હોવા છતાં દ'ગોલ સામે તેઓ પોતાનું કશું ધાર્યું કરી શકતા નથી—આવું આજે દ'ગોલનું પ્રભુત્વ વર્તે છે.

આમ સમગ્ર રીતે વિચારતાં આન્તરરાષ્ટ્રીય ક્ષેત્રે પરિસ્થિતિ પ્રમાણમાં શાન્તિભરી છે. તત્કાળ કોઈ સ્ફોટક ઘટના પેદા થવાનો સંભવ બહુ ઓછો છે.

રાષ્ટ્રીય ક્ષેત્રે

આપણે છેલ્લા મળ્યા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામ બલ્કે શસ્ત્રવિરામ થયો. આ શસ્ત્રવિરામ સંયુકત રાષ્ટ્રસંઘ દ્વારા સ્થપાયો. આ હકીકત સંયુકત રાષ્ટ્રસંઘની ઉપયોગીતા અને મહત્વ પ્રસ્થાપિત કરે છે. આવી સંસ્થા ન હોત તો આવો સત્વર યુદ્ધવિરામ શકય જ નહોતો. આ શસ્ત્રવિરામ હજુ અસ્થિર હોવા છતાં શાન્તિની દિશાએ જરૂરી એક મોટું પગલું છે. શસ્ત્રવિરામ જાહેર થયો ત્યારે એ બે મહિના સુધી પણ ટકશે કે કેમ એ સવાલ હતો. આજે શસ્ત્રવિરામ તો ધીમે ધીમે સ્થિર થતો જાય છે, બન્ને પક્ષના લશ્કરો છુટા પાડવાની દિશાએ હજુ કશું થયું નથી.

આજે ચીન અને ઈન્ડોનેશિયાને બાદ કરો તો દુનિયાના બધા દેશો અંતરથી ઈચ્છે છે કે ભારત અને પાકિસ્તાન વચ્ચે સુલેહ થાય,

શાંતિની સ્થાપના થાય. આ બે દેશો વચ્ચે ફરીથી યુદ્ધ ન થવું જોઈએ, કારણ કે તેથી વિશ્વશાંતિ જોખમાય છે, એટલું જ નહિ પણ, તેથી ચીન ફાવી જશે—એમ વિચારીને દુનિયાના બીજા બધા દેશો આપણી અને પાકિસ્તાન વચ્ચે સુલેહશાંતિ થાય એમ ઝંખી રહ્યા છે, પણ પરિસ્થિતિ એટલી બધી ગૂંચવાયેલી અને rigid છે કે તેમાંથી માર્ગ કેમ નીકળે, શું નીકળે તેની આજે કોઈ કલ્પના આવતી નથી.

આજે રશિયાની પ્રેરણા અને પરિશ્રમથી તાસ્કંદ ખાતે દેશના મુખ્ય પ્રધાનો અને પ્રતિનિધિઓ આ મડાગાંઠનો ઉકેલ લાવવા એકઠા થયા છે. આમ બે દેશના નેતાઓને રશિયા એકત્ર કરી શકયું એ રશિયાનો ભારે મોટો વિજય ગણાય. આ યશ રશિયાને મળ્યો, પણ આમ બનવામાં અમેરિકાએ પણ મહત્ત્વનો ભાગ ભજવ્યો હોય એમ અનુમાન થાય છે. અમેરિકાએ અય્યુબખાનને સ્પષ્ટપણે જણાવી દીધું હોય એમ લાગે છે કે યુદ્ધ કરવું હોય તો આર્થિક કે લશ્કરી મદદ નહિ મળે. જો કે કાશ્મીરના પ્રશ્ન ઉપર અમેરિકાનો તેમ જ બીજા દેશોનો અભિપ્રાય આપણા વલણ અને અભિગમથી જુદો છે, એમ છતાં પણ, બન્ને દેશો વચ્ચે યુદ્ધ ન થાય એ જોવા અમેરિકા ઈન્તેજાર છે.

વળી કાશ્મીરના પ્રશ્ન અંગે આપણું વલણ અત્યન્ત મક્કમ રહ્યું છે તે કારણે તેમ જ યુદ્ધમાં ભારતના સૈન્યે જે કામ કર્યું તે કારણે પહેલાં બીજા દેશોમાં જે ભારતવિરોધી વલણ હતું તેમાં ઘણો ફરક પડયો છે. અમેરિકાનું વલણ તો મૂળથી ભારતવિરોધી નહિ પણ તટસ્થ હતું, જ્યારે બ્રિટનનું વલણ ભારતવિરોધી અને પાકિસ્તાનપક્ષી હતું. એમ લાગતું હતું કે બ્રિટનનાં વલણમાં થોડો ફેરફાર પડયો છે. વીલ્સનના છેલ્લા પત્ર ઉપરથી એમ લાગે છે કે બ્રિટિશ પ્રજાના વલણમાં કાંઈ ફેર પડયો હોય કે નહિ, પણ વીલસનનું ઘણું ખરાબ વલણ છે. યુદ્ધ દરમિયાન અને ત્યાર બાદ આજ સુધીમાં ભારતમાં જે રાષ્ટ્ર વ્યાપી એકતા જોવા - અનુભવવા મળી છે તેની દુનિયાના દેશો ઉપર ઊંડી છાપ પડી છે.

આજે આપણા દેશમાં અન્ન અંગેની જે તંગ પરિસ્થિતિ પ્રવર્તે છે તેને હળવી કરવાની દિશાએ અમેરિકાએ આપણને ૧૫૦ લાખ ટન અનાજ પૂરું પાડવાની અને જરૂર પડે તો તે હવાઈ માર્ગે પહોંચતું કરવાની જે તૈયારી દાખવી છે તે ભારતમાં અમેરિકા ભારત વિરોધી છે એવી જે કાંઈ આછીપાતળી છાપ છે તે ભૂંસી નાખવાના પ્રયત્ન રૂપ હોય એમ લાગે છે. આ ઉપરથી અનુમાન થાય છે કે આપણને જો કે લશ્કરી સહાય અમેરિકા તરફથી નહિ મળે, પણ આપણને આર્થિક સહાયનું તેણે જે વચન આપ્યું છે તેમાં ઘટાડો નહિ થાય. અલબત્ત, ભારત-પાકિસ્તાન વચ્ચે પાકી સુલેહ થાય તો પછી જોઈતી બધી સહાય મળવામાં પણ વાંધો નહિ આવે.

આજે તાશ્કંદમાં ચાલી રહેલી વાટાઘાટોનું શું પરિણામ આવશે તે કહી શકાય તેમ નથી. હું એમ માનું છું કે અયુબખાન અને લાલબહાદુર શાસ્ત્રી સમાધાનનો માર્ગ કંઈ નીકળતો હોય તો કાઢવાના પ્રામાણિક આશયથી ત્યાં એકઠા થયા છે. પ્રારંભના ત્રણે પ્રવચનો—રશિયાના મુખ્યપ્રધાન કોસિજીન અને શાસ્ત્રીજી તથા અયુબખાનનાં —ઉદાત્તતાથી ભરેલાં હતાં. આપણા તરફથી 'no war paet' કરવાની દરખાસ્ત મૂકવામાં આવી છે. અયુબખાન કાશ્મીરની મડાગાંઠ ઉકેલવાની દિશાએ કાંઈક નિશ્ચિત પગલાની માગણી કરે છે. કાશ્મીર ભારતમાં બધી રીતે સંલગ્ન હોઈને તે બાબત આ ચર્ચામાં તદ્દન અપ્રસ્તુત છે એમ આપણું કહેવું છે. આ ઊંડી ગૂંચનો કાંઈ નિકાલ આવે છે કે કેમ તે જોવાનું રહે છે.

આ બૃહત્ મિલન પાસેથી બહુ આશા રાખવાને કોઈ કારણ નથી. શસ્ત્રવિરામ સ્થાયી થાય અને લશ્કરો પાછાં હઠાવવાની દિશાએ કોઈ નક્કર નિર્ણયો લેવાય અને વાતાવરણ સુધરે. આથી વધારે પરિણામની આશા રાખી શકાય નહિ.

ટી. ટી. કૃષ્ણમાચારીનું રાજીનામું :

આ રાજીનામાના અનુસંધાનમાં જે વિગતો બહાર આવી છે તે જોતાં આ રાજીનામું અને તેનો સ્વીકાર અનિવાર્ય હતો એમ લાગે છે. શ્રી કૃષ્ણમાચારીના નિવેદન ઉપરથી સ્પષ્ટ થાય છે કે કેબિનેટના બીજા સાથીઓ સાથે તેમનો મેળ નહોતો, કેટલાક રાજ્યના મુખ્ય પ્રધાનો સાથે પણ વિચાર - વલણના મેળનો અભાવ હતો. પાર્લામેન્ટના ૧૧ સભ્યોએ કૃષ્ણમાચારી વિરુદ્ધ જે નિવેદન રજૂ કર્યું તે સંબંધમાં લાલબહાદુરજીએ પોતે જ નિર્ણય લેવો જોઈએ—એ બાબતમાં કોઈ બીજી વ્યકિતની તેઓ સલાહ માગે અને તે સલાહ આપે—એ યોગ્ય નથી—આવો ટી. ટી. કે. નો આગ્રહ વજૂદવિનાનો છે એમ હું નહિ કહું. સંભવ છે કે ટી. ટી. કે. ને શાસ્ત્રીજી છુટા કરવા માગતા હોય; અને તેથી 'કાં તો મને clean certificate આપો, નહિ તો હું છૂટો થાઉં છું' એવા અલ્ટીમેટમનો જવાબ શાસ્ત્રીજીએ તેમને છુટા કરવામાં આપ્યો. આ મુદ્દા પર શાસ્ત્રીજીએ આવી મક્કમતાથી પગલું લીધું અને તે પણ તત્કાલ—આથી તેમના પ્રભુત્વમાં—statureમાં—ઘણો વધારો થયો છે.

ટી. ટી. કે. ની જગ્યાએ જે નવા અર્થસચિવની નિમણૂંક કરી તે ભારે આશ્ચર્ય પમાડનારી છે. આથી વિશેષ તેમના વિષે અત્યારે કહેવાપણું રહેતું નથી.

પૂરક નોંધ:

આ વ્યાખ્યાન આપાયું ત્યારે તાશ્કંદ મંત્રણાઓ ચાલતી હતી. ત્યાર પછીના બે દિવસ જે સમાચારો આવ્યા તે ઘણા નિરાશાજનક હતા અને મંત્રણાઓ લગભગ તૂટી પડી છે એવી છાપ પડી હતી. પણ આશ્ચર્યજનક રીતે ત્યાર બાદ અત્યારના સંજોગોમાં સંતોષકારક કહી શકાય તેવું સુખદ સમાધાન થયું, તેનો યશ જેટલો શાસ્ત્રીજી અને અયુબખાનને જાય છે તેટલો જ, કદાચ તેથી વિશેષ પણ, કોસિજીનની ધીરજ, કુશળ મુત્સદીગિરી અને ખંતને જાય છે. તત્કાળ યુદ્ધનો ભય નિવારી શકયા છીએ અને બન્ને દેશો વચ્ચેના સંબંધો ધીમે ધીમે સુધરશે એવી આશા બંધાઈ છે. યુદ્ધવિરામ કાયમ કરવું, લશ્કરો પાંચમી ઓગસ્ટની સ્થિતિ ઉપર પાછા ખેંચી લેવા, રાષ્ટ્રસમૂહના માળખામાં રહી, શાન્તિમયમાર્ગે જ બધા પ્રશ્નોનો નિકાલ લાવવો, વ્યાપાર અને આર્થિક સંબંધો શરૂ કરવા, હાઈ કમીશનરો મોકલવા, લડાઈના કેદીઓ, એક બીજાની મિલ્કતને કબ્જે કરી છે તેની વિચારણા, પરસ્પર વૈમનસ્ય વધે તેવો પ્રચાર અટકાવવો, ઉચ્ચ કક્ષાએ વખતોવખત મંત્રણાઓ કરવી—આ બધી બાબતોનો આ સમાધાનમાં સમાવેશ થાય છે. બન્ને દેશની પ્રજાઓનું હિત અને વિશ્વશાન્તિ લક્ષ્યમાં રાખી, આ સંયુકત જાહેરાત થોજાઈ છે. તેમાં રશિયાનો મોટો વિજય છે, તેમ જ ભારત - પાકિસ્તાન માટે અત્યંત હિતકારક છે. પાંચમી ઓગસ્ટની સ્થિતિ ઉપર લશ્કર પાછા ખેંચવા તેથી હાજીપીર પાસ, તીથવાલ અને કારગીલનાં સ્થાનો આપણે છોડવા પડશે, પણ એમાં એ વિશ્વાસ રહ્યો છે કે હવે ફરી સશસ્ત્ર સંઘર્ષ થવાનો નથી. આ સમાધાનમાં રાષ્ટ્રસમૂહ—યુનાઈટેડ નેશન્સ—ના ઠરાવનું સમર્થન થયું છે અને ભવિષ્યનો દોર રાષ્ટ્ર સમૂહના હાથમાં રહે છે. આ સંયુકત નિવેદનનો પ્રામાણિક અમલ થાય તો બન્ને દેશો મોટા સંકટમાંથી બચી જાય અને એશિયા અને દુનિયાની શાંતિમાં અસરકારક ફાળો આપી શકે.

આ સુખદ સમાચાર મળે તે સાથેજ દેશ ઉપર વ્રજાઘાત પડયો. શાસ્ત્રીજીનું અકસ્માત તાશ્કંદમાં જ અવસાન થયું. વિધિની કેવી વિચિત્રતા! મંત્રણા સફળતાપૂર્વક અને દેશની પ્રતિષ્ઠા પૂરી રીતે જાળવીને પૂરી કરી, જાણે પોતાની જીવનલીલા શાસ્ત્રીજીએ સમાપ્ત કરી લીધી!

ચીમનલાલ ચકુભાઈ શાહ

મહાપ્રસ્થાનના પથ પર–૪

ચોથે દિવસે સવારે ઉત્તરાપથમાં અમે બસના સ્ટેન્ડ તરફના રસ્તે ચાલ્યા. પર્વતશિખરપરથી જાણે પાણીની ધારા છૂટતી હોય તેમ યાત્રીઓ ઉતરતા હતા. જ્યારે કોઈ નદી પાર કરવાની હોય, અથવા એક પહાડ પરથી બીજા પહાડ પર જવાનું હોય, ત્યારે રસ્તાનું ઉતરાણ શરૂ થાય. રસ્તો ઉતરતાં જ બહુ મુશીબત નડે છે. ગબડવાનો કે પગ સરકી પડવાનો મોટો ભય હોય છે. બહુ જ સંભાળી સંભાળીને પગ મૂકવાના, અને કાળજી રાખી રાખીને ક્લાકોના ક્લાક ચાલવાથી ઉતરતાં ઉતરતાં ત્રાસી જવાય. ઘૂંટણને જોર પડે, દુ:ખવા લાગે, ને આખો પગ લથડિયાં લેવા માંડે. ઉપર ચઢવાનું હોય ત્યારે, ચઢતાં ચઢતાં ગરદન, પીઠ, કમર, બધું દુ:ખવા માંડે ને છાતીમાં પણ દુ:ખાવો શરૂ થાય, ને દાંત વડે હોઠ ચાવી ચાવી દર્દ સહન કરવું પડે. આગળ જતાં ચઢાણ છે એવા ખબર મળતાં, અમે ગભરાઈને એકબીજાની સામે જોતા–જાણે કહેતા હોઈએ કે હવે મુશીબતના મોઢામાં જઈને પડવાનું છે.

તે દિવસે આકાશ સવારથી જ વાદળાંથી છવાયલું હતું. નયાર નદી ને ગંગા નદીના સંગમ આગળ હૂહૂ કરતો પવન વાતો હતો. જાણે કોઈ નવા જ રાજ્યમાં પ્રવેશતા હોઈએ એવું લાગતું હતું. આજ સવાર સુધીમાં અમે બત્રીસ માઈલનો રસ્તો કાપ્યો હતો. સમતલ જમીનમાં આટલો રસ્તો ચાલવામાં અમને ખાસ કાંઈ થાક ચઢતો નહિ, પણ આ પહાડ–દુર્ગમ, ચઢવામાં મુશ્કેલ પડે એવો, અને રસ્તો પથરાળો. આ રસ્તાનો અંત નહોતો, રસ્તો ક્યાંય અટકતો નહોતો, એકસરખો ત્રાસદાયક રસ્તો હતો. નયાર નદીનો પૂલ વટાવીને અમે વ્યાસગંગાને કિનારે એક ચટ્ટીમાં જઈ પહોંચ્યાં. આગલે દિવસે સાંજ સુધીમાં અમે કેટલીયે ચટ્ટીમાંથી પસાર થયા હતા. નાઈમુહાના, વિજની, વાંદર, શેમાલુ, કાન્દી વગેરે. વાંદરચટ્ટીમાં તે દિવસે રાત્રે એક સનસનાટીભરેલો પ્રસંગ બન્યો. અમે બે મિત્રો ઊંઘતા હતા, એક મોટો પહાડી સાપ આવીને અમને પ્રેમથી વળગેલો, પણ અમારું સારું નશીબ કે એ અમને ડસ્યો નહિ. લાઠીના એક ફટકાથી સાપ તો મર્યો, પરન્તુ એ નિમિત્તે એક પંડિતજીની જોડે અમારી દોસ્તી જામી. પંડિતજીનું ઘર મધ્યભારતના બુરહાનપુર જીલ્લામાં હતું. એ એકલદોકલ જ હતા. ને યાત્રાના ભારે શોખીન હતા. એકાદ વર્ષથી એ પરિવ્રાજક બનીને બધા તીર્થોમાં ઘૂમતા હતા. એમનો વેશ સન્યાસીનો–યોગીનો હતો, તેથી રેલ્વે એમની પાસેથી ક્યારેય ભાડું વસુલ કરી શકતી નહોતી. વસુલ ન થઈ શકવાનું એક બીજું કારણ પણ હતું. એની ચતુર અને મધુર વાતથી એ માણસને તો શું પણ જંગલનાં જનવરોને પણ ખુશ કરી દેતા. એની ઉંમર પીસ્તાળીશથી પાંસઠ વર્ષની વચમાં ક્યાંક હશે. પડછંદ કાય હતી, થોડા દાંત પડી ગયા હતા, એની બન્ને આંખમાં ચાતુરીનું અને ભગવદ્‌શકિતનું સંમિશ્રિત તેજ હતું. ગળામાં ચારપાંચ રૂદ્રાક્ષની માળાઓ પહેરેલી હતી. એ જપ કરવા બેસતા, અને થેલી ઉઘાડીને ચન્દન કાઢી, તિલક કરીને ભગવાનની સેવા કરતા, અને મુખે સીતારામનું ઉચ્ચારણ તો સતત ચાલુ જ હોય. એવામાં અમે ત્યાંના યાત્રીઓમાં ભળ્યા. પેલા કાલીઘાટના યાત્રીઓ આવીને અમારી ભેગા થઈ ગયા હતા. મોટામોટા વાળવાળા, ગાંજો પીને મસ્ત, બુઢાદાદા આવી પહોંચ્યા હતા, અને એની પાછળ પાછળ એક બુઢ્ઢી આવી હતી. એ ડોસીનો ઉત્સાહ, ધીરજ, ને સહનશીલતા જોઈને આપણને નવાઈ ઉપજે.

ચારુની માની કમર ભાંગેલી હતી, એ વાંકી વળી ગયેલી હતી, તદ્દન સૂકલકડી શરીર હતું, એ કાલીઘાટમાં દૂધ વેચવાનો ધંધો કરતી હતી, એની પાસે અનેક ગાયો હતી. આ જગતમાં એક છોકરી અને કેટલીક ગાયો સિવાય બીજું એનું કોઈ નહોતું. છોકરીનું નામ ચારુ હતું.

"સાંભળો છો કે, મા ઠાકુરન, ભાદુ જે દિવસે વિયાઈ...? શું વરસાદ, ને કેટલું બધું અંધારું, મને થયું કે હવે ભાદુ ફરી નહિ વિયાય... પણ પછી તો કાનિ, જમની, પાગલી, ને પછી પાછી...,

"ચારુની મા, એ શું બકયાં કરે છે? તારો પટપટારો ચાલુ જ છે." ડોસી બામણીએ ગુસ્સે થઈને વચ્ચેથી જ એને તોડી પાડી. "તને કાંઈ આ બકબક કરવાને જોડે નથી લઈ આવી, આ તારી ગાયનું પારાયણ સાંભળી સાંભળીને તો કાન પાકી ગયા. આટલી બધી ગાયની માયા હતી, તો અહીં શું કરવા આવી? હું તો ટાઢથી ધ્રુજું છું... તારો કામળો મારા શરીરે ઓઢાડી દે."

"તમારે ન સાંભળવી હોય તો મારી વાત ન સાંભળતા બામુનમાં! પછી સમજ્યાને મા ઠાકુરન."...

"રહે, રહે હવે, મુઈ.... અમને અડીશ નહિ, ત્યાં જરા ખસતી બેસ, અમને અડકી અડકીને કાંઈ જાતિધર્મ રહેવા દીધો નહિ. દેશમાં જઈને પ્રાયશ્ચિત કર્યા વિના છૂટકો નથી."

અસ્પૃશ્ય ચારૂની મા, ત્યાંથી દુર ચાલી ગઇ.

દાદાની જોડે અમરાસિંહ હતો. એ પંડાઓનો માણસ હતો, અને યાત્રીઓનો માર્ગદર્શક બનીને યાત્રીઓને બદરીનાથ સુધી પહોંચાડવાની જવાબદારી લેતો હતો. એ શુદ્ધ આચરણવાળો બ્રાહ્મણનો છોકરો હતો. થોડું લખતાં વાંચતાં પણ આવડતું હતું. દેવપ્રયાગથી થોડે દૂર એક પહાડી ગામમાં એનું ઘર હતું. વર્ષા પુરું થતાં થોડી કમાણી કરવા એ હરદ્વાર જતો. યાત્રીઓની સુખસગવડ તરફ તેની દષ્ટિ હતી. વીશત્રીસ રૂપિયા માટે એ એ સાડાત્રણસો માઈલ ચાલવા તૈયાર થતો. એ માણસ સારા માણસના વેશમાં જંગલી નહોતો. પણ સાચા અર્થમાં ભદ્ર હતો.

વ્યાસઘાટમાં કુદરતી સૌન્દર્ય અપૂર્વ હતું. વિશાળ પર્વતશ્રેણી, કાળાં વાદળાંથી છવાયલા આકાશની છાયા નદીમાં પડતી હતી, નદી પથ્થરને લીધે ફરતી ફરતી સર્પાકારે કલ્લોલ કરતી વહેતી હતી. દૂર સુધી પથરાયેલી રેતીના ઢગમાં કોઈ એકાદો સંન્યાસી જપ કરતો બેઠો હોય, ઘનશ્યામ વનની રેખાઓ હતી, એની અંદર ઝરણાંનો કલકલ અવાજ આવતો હતો, અને એક અનિર્વચનીય અવકાશ હતો. પણ અમારે માટે આરામ લેવાનો સમય નહોતો. આ સ્વપ્નરાજ્યની શોભા જેમ હું એક આંખે જોતો હતો, તો બીજી આંખે રસ્તાની આગ, અપરિમિત દુ:ખ, અને અસહ્ય કષ્ટ હતું. હું વિચાર કરતો હતો, કે શી રીતે પાછો ફરું. બેચાર જણને પાછા ફરતાં મેં જોયા હતા, તો હું પણ જો પાછો જાઉં તો એમાં એવો તે શો મોટો ગુન્હો હતો? હજીય વખત છે, હજીય ત્રણ દિવસ ચાલુ એટલે જન્મભૂમિનો સ્પર્શ કરી શકું, હજી રસ્તો ઘણો કાપ્યો નહોતો, પછી પસ્તાવાનો પાર નહીં રહે. પાછા ફરવાથી લોકોમાં શરમાવા જેવું છે, પણ શું લોકલાજને ખાતર હું મારા જીવનનું બલિદાન આપું? ના. હું મરી તો નહિ જ જાઉં. મરણની મને ઘણી બીક લાગે છે.

"બાબા, તમે તીર્થયાત્રા કરવા આટલી નાની ઉંમરમાં કેમ આવ્યા? મેં કહ્યું, "હું કાંઈ તીર્થયાત્રા કરવા આવ્યો નથી."

"તો? તો આ મુશીબત શા માટે વહોરી? તું તો હજી છોકરું છે."

"એમ જ ફરવા નીકળ્યો છું માજી."

"ફરવા નીકળ્યો છે? તારું થશે શું? ફરવા માટે બીજી કોઈ જગ્યા ન મળી? લગન થયાં નથી લાગતાં?"

મેં હસતાં હસતાં જવાબ આપ્યો, "શું કોઈ પરણેલો માણસ આ રસ્તે ન આવી શકે?"

એકજણે કહ્યું, "આહા! એ તો બાબા બદ્રીનાથની દયા છે. એ તો એ જેને પોતા તરફ ખેંચે તેજ...

મેં કહ્યું, "જેને ભગવાનની દયાની પડી નથી, તે શું કરવા, આવે માજી?."

માજીએ આકાશ તરફ આંખ ઊંચી કરી ને કહ્યું, "ભગવાનની દયાની જેને પડી નથી એવો માણસ ... એ તો નાસ્તિક કહેવાય ભાઈ."

થોડા માઈલ રસ્તે ચાલ્યાં હોઈશું ત્યારે, રસ્તે લોકો છાનાછાના વાતો કરતાં હતાં કે "આવો નાસ્તિક તો આ દેશમાં બીજો કોઈ નહિ હોય." નિન્દા થતી હતી, વ્યંગ, અણગમો એ બધાંનો અનુભવ થતો હતો. મારામાં માજીની શ્રદ્ધા હતી, ને સ્નેહ હતો, તે લુપ્ત થયાં. રસ્તામાં મારા જેવો અભિમાની, નાસ્તિક

યાત્રી મળે એ એમને મોટું પાપ લાગ્યું. નીચું માથું રાખીને એમની વાત માની લેવી તે સિવાય અન્ય કોઈ ઉપાય નહોતો.

"એ કાંઈ મનમાં ન લાવવું, સમજ્યા દાદા. એ તે બૈરાંબુદ્ધિ. પાગલ લોકો તો એવું જ બોલ્યાં કરે." બ્રહ્મચારીએ કહ્યું.

"એ લોકો શું કહે છે? મેં તો કાંઈ સાંભળ્યું નહિ."

"ન સાંભળ્યું એ જ સારું છે. એવે વખતે કાનમાં આંગળી નાંખી દેવી એ વધારે ઈચ્છવાયોગ્ય છે. એ બચ્ચાં લોકોની વાતો. સાંભળવી જ નહિ. એ લોકો તો ભારે પુણ્યસંચય કરવા આવ્યાં છે.

તે દિવસે ઘણો રસ્તો કાપીને સાંજે દેવપ્રયાગ આવી પહોંચ્યા. રસ્તાપર એક સન્યાસી, નિર્લિપ્ત, નિર્વિકાર રીતે બેઠો હતો. પાસે એનો એક ભક્ત શિષ્ય બે ઘુંટણની વચમાં માથું રાખીને બેઠો હતો. નવા આવેલા યાત્રીઓને જોઈને એણે માથું ઊંચું કર્યું નહિ, મને લાગ્યું, કે એ એજ સ્થિતિમાં ઊંઘી ગયો હશે. પાસે ધૂણી ધખતી હતી. એક પથ્થર પર કાચી ભાંગ તૈયાર કરવામાં આવી હતી. ભક્તિભાવથી એના પગ પાસે થોડી મિનિટ બંધ આંખે બેસીને હું ઊઠીને ખસી ગયો. એ સાચા અર્થમાં સન્યાસી હતો.

દેવપ્રયાગ એક નાનુંસરખું પહાડી શહેર છે. અહીં અલકનંદા ને ગંગાનો સંગમ થાય છે. જાણે કે નીલવસ્ત્રધારી બે યક્ષકન્યા બહેનો ઘણા વખતે એકબીજાને મળી છે, તેથી એકબીજાનાં ગળામાં વીંટળાઈને પડી છે. અહીં રામચન્દ્રનું મંદિર છે, એમ સાંભળ્યું કે દેવપ્રયાગમાં ઉત્તરપુરુષને આવતા જોઈને પૂર્વ-પુરુષોએ પિતૃલોકમાં આનંદનૃત્ય કરવા માંડ્યું. એટલા માટે કે, એમણે માન્યું કે આપણા વંશવારસો પાસેથી પિંડ મળશે, કારણકે પિતૃલોકમાં હંમેશાં દુષ્કાળ જેવી જ પરિસ્થિતિ હોય છે. શહેરમાં જરૂરી હોય એવી કેટલીક સામગ્રી અહીં સામાન્ય પ્રમાણમાં દેખાઈ. કેટલીક ધર્મશાળાઓ, કમળીવાળાનો આશ્રમ, અને દવાખાનું, એક નાનું સરખું બજાર, એક વિદ્યાલય અને પોસ્ટ ઓફિસ.

આજની યાત્રા તો પૂરી થઈ. થાકેલું મન અને થાકેલા શરીરથી અમરાસિંહના માર્ગદર્શન અનુસાર અમે સૌ આવીને એક ધર્મશાળામાં ઉતારો કર્યો. છૂટ્યા, શહેરથી છૂટ્યા, મનુષ્યનો સમાગમ અને લોકસમૂહથી છૂટ્યા. આ હિમાલયનું રાજ્ય, ને મહાપ્રસ્થાનનો માર્ગ જેનો આરંભ છે પણ અન્ત નથી, એમાં કયાંક કયાંક મનુષ્યે રહેવા માટે ઘર બાંધ્યાં છે, સમાજ-રચના કરી છે. અહીં પણ જીવનસંગ્રામ તો છે, આશા, આનંદ, બધુંય છે, તે મને આગળથી સમજાયેલું જ નહિ. અમે તો સૌ ઉદાસીન, સમાજથી વિખુટા પડેલા તીર્થયાત્રીઓ હતા. વાયુને હિલોળે અહીંથી ત્યાં ફરતાં સૂકાં અને વેરવિખેર પાંદડાં જેવાં હતાં. અમે શહેર તરફ વૈરાગ્યની દષ્ટિથી જોતાં. અમારા હૃદયની જોડે આજ એનો કયાંય મેળ નથી.

થોડું ખાઈપીને કમળો પાથરીને અમે સૂતા. પડખે બ્રહ્મ-ચારી હતો; માથા આગળ વૃદ્ધ દાદા હતા, પેલી બાજુ ડોસીઓ બીલાડીની જેમ કકલાણ મચાવતી હતી. કોઈના શરીર પર કોઈનો પગ પડતો હતો, કોઈનો પૈસાટકાનો હિસાબ મળતો નહોતો, કોઈ દેશમાં કાગળ લખવાની વાત કરતું હતું, તો કોઈ જમાઈએ એને આવવાની મના કરેલી તેની વાત કરતું હતું. કોઈ મધમાખી પગે કરડી હતી તેની ફરિયાદ કરતું હતું, ને દુ:ખે છે, દુ:ખે છે, એવી બૂમો મારતું હતું. આ પ્રકારનો જાતજાતનો કોલાહલ ત્યાં થતો હતો. બામણીમાનો અવાજ આ બધા અવાજોમાંથી તીરની માફક આવીને કાનને સોંસરો વીંધતો હતો.

બહુ મહેનતથી ને આગ્રહથી એક નાની ચલમ તૈયાર કરીને અંધારામાં દીવાસળી આગળ ધરીને દાદાને કહ્યું "સળગાવો દાદા! તમે જ્યાં સુધી સળગાવી ન આપો ત્યાં સુધી ચલમ પીવાની મઝા ન આવે. જુઓને અંદરનો મસાલો પણ સૂકાઈ ગયો છે!"

એક મેલું કપડું ભીંજવીને એણે ચલમની નીચેના ભાગમાં લપેટી લીધું.

બ્રહ્મચારી જાણે પ્રસાદ મળવાનો હોય એમ એકદમ ઊઠીને બેઠો થયો. ઉઘતા પહેલાં ચલમની બે ફૂંક ને મારી હોય ત્યાં સુધી એને ચેન ન પડે.

ચલમ ફૂંકતાં ફૂંકતાં દાદાએ કહ્યું "ગોપાલ ઘોષ માણસોને બરાબર ઓળખે, ગમે તેવા લોકો જોડે એ ભાઈબંધી કરે જ નહિને. તમને રસ્તામાં બરાબર પકડી પાડ્યા દાદા, તમારા જેવા માણસ કાંઈ એમ સહેજે થોડા મળે છે!" એમ કહીને ચલમ મૂકીને એણે લંબાવ્યું.

બ્રહ્મચારીએ એની વાતમાં સૂર પૂરાવતાં કહ્યું, "એટલા બધા ધાર્મિક છે ગોપાલદા, કે આખે રસ્તે મને ખવડાવતા ખવડાવતા લઈ આવ્યા છે. તમારું ઋણ તો આ જીવનમાં–"

આ રીતે ગુરુને શિષ્ય બન્ને જણને ચલમનો નશો ચઢયો હતો.

મેં કહ્યું, "બ્રહ્મચારી, નિન્દા ને પ્રસંશા બન્ને હવે મારે માટે એકસરખાં જ છે. પણ તમે યે આ રીતે આવાં નકામાં વખાણ કરવા મંડીગયા."

"શું દાદા? કેવી વાત કરો છો?"

"આ ઋણની વાત કરવાની શી જરૂર હતી? સન્યાસીનો તો મોટામાં મોટો ગુણ નિર્વિકાર થવું એ છે." મોડી રાત સુધી બ્રહ્મ-ચારી જોડે વાતો ચાલી. થોડું એણે પોતાના મનને મોકળું કર્યું, તો થોડો બકવાદ ને થોડી કલ્પના. એણે કહ્યું, "ભગવાનમાં પૂરો વિશ્વાસ ન હોય ... જે દિવસે હું મઠની સ્થાપના કરીશ ત્યારે તેનો બધો ભાર તમારે માથે લેવો પડશે. મઠ તો હું સ્થાપ-વાનો જ. હમણાં થોડો વખત ભિક્ષાવૃતિ કરીશ. પણ પૈસાની તો જરૂર પડશે જ. પછી છલે–બલે– કૌશલે ગમે તે રીતે..."

બ્રહ્મચારી, કોણજાણે શાનો થોડો સમય વિચાર કરતો બેસી રહ્યો. પછી એણે કહ્યું, "નશો કર્યો છે, છતાં તમને સ્પષ્ટ વાત કરી દઉં,... કેટલાય દિવસથી તમારી સલાહ લેવાની મારી ઈચ્છા હતી... હવે તમને કહી જ દઉં. ગોપાલદા! કેમ ઊંઘો છો કે?"

ગોપાલદાએ કંઈ જવાબ આપ્યો નહિ, એટલે એમણે ધીરે ધીરે કહ્યું, "થોડા પૈસા ભેગા કર્યા છે દાદા! હજારેક રૂપિયા. બીજા બેએક હજાર જોઈશે. શું વિચાર કરું છું તે ખબર છે? બંગાળમાં જ મારે તો જવું છે, જ્યાં પાણી ને હવાપાણીનું સુખ હોય એવા એક ગામમાં. ત્રણેક દિવસ પહેલાં રાતના વખતે સંતાતો આવીને ગામના એક ખેતરમાં એક ઝાડની નીચે..."

મેં મોઢું ઊંચું કરીને એની સામે જોયું.

"તમારી પાસે પેટછૂટી વાત કરી દઉં." બ્રહ્મચારી જરા ખંચ-કાઈને બે આંખ નીચી ઢાળીને બોલ્યો 'એ ઝાડની નીચે માટી ખોદીને એક શિવલિંગ અંદર ધૂંસાડી દઈશ, ને બધું, માટી પૂરીને ઠીકઠાક કરી દઈશ. ત્રણ દિવસ પછી એ જ ગામમાં સન્યાસીનો વેશ ધારણ કરીને જઈશ ને કહીશ, "કૈલાસથી એક સંદેશ લઈને આવ્યો છું. વડના ઝાડની નીચે શંકર ભગવાનની પ્રતિષ્ઠા થશે. સ્વયંભૂ ઝાડની નીચેથી જ પ્રગટશે. એ મંદિરની મારે સ્થાપના કરવી છે."

મેં ઉત્સાહીત થઈને કહ્યું, "તો બ્રહ્મચારી મને પણ એમાં શામેલ કરી દે. હું તારી જાહેરાત કરીશ. જોજે ઝાડ ખૂબ જ જનું હોય, પ્રાચીનતાના આપણા લોકો જબરા ભક્ત છે."

બ્રહ્મચારી રાજી થઈને બોલ્યો, "સાળાઓ, દેશને ઓળખતા નથી, દેવદેવતાને લઈને જ બધા કંઈ પણ કરવા તૈયાર થાય."

મેં કહ્યું, "તું એક કામ કર બ્રહ્મચારી. સાથે સાથે પરચુરણ દવાનું કામકાજ પણ શરૂ કરી દે. જે સ્ત્રીને છોકરાં ન થતાં હોય, જેને ધણી જોડે બનતું ન હોય, જેને હીસ્ટીરીયા અવતો હોય, જેને છેયાં-છોકરાં તરફથી ત્રાસ હોય તેવાને..."

ઉત્સાહ ને આનંદથી હસતો હસતો સન્યાસી બોલ્યો, "ચલ-મમાં સુલફા ભરું કે દાદા?"

અહીં ચરસને સુલફા કહેવામાં આવે છે. એનો બ્રહ્મચારીને ખૂબ ચડસ.

ક્રમશ:

અનુવાદક: **ડૉ. ચન્દ્રકાન્ત મહેતા**

મૂળ બંગાળી: **શ્રી. પ્રબોધકુમાર સન્યાલ**

☆ ગુજરાતી સાહિત્ય પરિષદ: ત્રેવીશમું અધિવેશન—સુરત ☆

(મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજના ગુજરાતી ભાષા અને સાહિત્યના પ્રાધ્યાપક શ્રી ભૂપેન્દ્ર ત્રિવેદીએ, મારી વિનંતિને માન આપીને, લખી આપેલી સમીક્ષા નીચે રજુ કરતાં આનંદ થાય છે. તંત્રી)

તા. ૨૫, ૨૬, ૨૭, ડિસેમ્બર ૧૯૬૫ના દિવસોએ સુરત ખાતે સુપ્રસિદ્ધ હાસ્યકાર અને સાક્ષર શ્રી જ્યોતીન્દ્ર હ. દવેના પ્રમુખપદે ગુ. સા. પ.નું ત્રેવીસમું અધિવેશન ભરાયું. સુરતની ઐતિહાસિક ને સાહિત્યક્ષેત્રે અને સંસ્કારક્ષેત્રે મોખરાનું સ્થાન ભોગવનાર ભૂમિમાં ત્રણેય દિવસ સાહિત્યકારો અને સાહિત્યરસિકોનો મોટો મેળો જામ્યો હતો. શિયાળો અને નાતાલની રજા બન્નેનો લાભ લઈ સાહિત્યચર્ચાના આસ્વાદ સાથે સુરતનાં પ્રખ્યાત 'પોંખ, પાપડી ને ઊંધિયું'નો સ્વાદ લેવા ૭૫૦ ઉપરાંત પ્રતિનિધિઓ સુરતને આંગણે આવી રહેતાં સ્વાગત સમિતિના કાર્યકરો અને અધિકારીઓ, એમણે આવડી મોટી સંખ્યાની અપેક્ષા રાખી ન હોઈ, ઉતારા અને ભોજનવ્યવસ્થાની બાબતમાં ભારે મૂંઝવણમાં પડી ગયા હતા અને તે કારણે કેટલાક પ્રતિનિધિઓને આરંભમાં થોડી તકલીફ ઊભી થઈ હતી, જે નોંધપાત્ર કુનેહથી અને શાંતિથી વ્યવસ્થાપકોએ દૂર કરવામાં આવી હતી.

અધિવેશનના પહેલા દિવસે સવારે સાર્વજનિક કૉલેજ ઓફ સાયન્સના મધ્યભવનમાં સા. પ.ની બેઠકો સાથે સંકળાયેલા પ્રદર્શનના ઉદ્‌ઘાટનનો વિધિ જાણીતા કવિ—વિવેચક શ્રી ઉમાશંકર જોષીના હાથે થયો હતો. એમણે સાહિત્ય પરિષદ સાથે કલાપ્રદર્શન યોજવાની પ્રણાલીને અગાઉના મહાસભાના અધિવેશન સાથે સમાજસુધારાના અધિવેશનની થતી યોજના સાથે સરખાવીને સાહિત્યનો વ્યાપક અર્થ કરી એમાં ભગિની કલાઓનો સમાવેશ કેટલો સહજ રીતે શક્ય છે તે દર્શાવ્યું હતું, જો કે એમણે સાહિત્ય સિવાયની બીજી કલાઓ પ્રત્યે આપણે ઓછા જાગ્રત છીએ એવી ટકોર પણ કરી હતી, અને લલિતકલાઓ પ્રત્યે અભિમુખ થવાની આવશ્યકતા પર ભાર મૂક્યો હતો.

તે પછી સુરતની નર્મદ સાહિત્ય સભાના આશ્રયે સભાના પ્રમુખ વયોવૃદ્ધ સાક્ષર શ્રી મોહનલાલ પાર્વતીશંકર દવેના શુભહસ્તે 'નર્મદ સુવર્ણચંદ્રક'પ્રદાનનો વિધિ થયો હતો. વયોવૃદ્ધ સાહિત્યકાર શ્રી ધનસુખલાલ મહેતાને એમના કરુણ રસના નાટક 'ગરીબની ઝુંપડી' માટે અને કવિશ્રી સુંદરજી બેટાઈને તેમના ઉત્તમ કાવ્યસંગ્રહ 'તુલસીદલ' માટે સુવર્ણચંદ્રકો એનાયત કરવામાં આવ્યા હતા. જાણીતા નટ અને નાટ્યકાર શ્રી ચંદ્રવદન મહેતાએ પોતાની લાક્ષણિક શૈલીમાં શ્રી ધનસુખલાલ મહેતાનો પરિચય આપ્યો હતો. કવિ વિવેચક શ્રી. ઉશનસે શ્રી સુંદરજીભાઈનો પરિચય આપ્યો હતો અને 'તુલસીદલ'-ની વિશદ વિવેચના કરી હતી. શ્રી ધનસુખલાલ મહેતાએ પોતાના પ્રવચનમાં રંગભૂમિ પરિષદની આવશ્યકતા ઉપર ભાર મૂક્યો હતો, જ્યારે શ્રી સુંદરજીભાઈએ વિવિધ સાહિત્યકારો અને ઘટના—પ્રવાહોના પોતા પર પડેલ પ્રભાવનો ઉલ્લેખ કર્યો હતો.

બપોરે સાડા ચારે સંમેલનના પ્રમુખશ્રી, અતિથિ-વિશેષ, વિભાગીય અધ્યક્ષો, પરિષદના પદાધિકારીઓ તથા સ્વાગત સમિતિના પદાધિકારીઓ તેમજ કારોબારી સમિતિના સભ્યો કૉલેજના સભાખંડમાંથી અધિવેશન માટે કૉલેજના વિશાળ ક્રીડાંગણ પર ખાસ તૈયાર કરેલ અધિવેશનમંડપમાં આવ્યા બાદ અધિવેશનની ખુલ્લી બેઠકનો આરંભ થયો હતો. મંડપ આખો સાહિત્યપ્રિય સ્ત્રીપુરુષોથી ચિકાર ભરાઈ ગયો હતો. આરંભમાં ડૉ. રતન માર્શલે શુભેચ્છાના સંદેશા વાંચ્યા હતા.

સ્વાગતપ્રમુખ પ્રા. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ પોતાના સ્વાગત-પ્રવચનમાં સુરતની આગવી વ્યક્તિમત્તાનો ઉલ્લેખ કરી, ગુજરાતના ભાષાસાહિત્ય કેળવણીના ઈતિહાસમાં સૂરતનું વિશિષ્ટ અર્પણ દર્શાવ્યું હતું, 'ભાષાની ગરજ કોશિયાને છે તો ઋષિને પણ છે.' એમ જણાવી, માનવ વ્યવહારમાં ભાષાની મહત્તા દર્શાવી, કેળવણીક્ષેત્રે થયેલ વિકાસ તથા વર્તાતી ઉણપોને નિર્દેશી જણાવ્યું હતું કે "ઉત્તમોત્તમ શિક્ષણ, તાલીમ અને ઉપાધિ માટે જર્મની, ઈંગ્લેન્ડ અને અમેરિકા પર મીટ માંડાય એ કંઈ સામાજિક સ્વાસ્થ્યની નિશાની નથી. કેળવણીનાં સર્વ ક્ષેત્રમાં અને સ્તરમાં આપણી જ ભાષા શિક્ષણનું વાહન હોય એ આપણા રાષ્ટ્રીય વ્યક્તિતત્વમાં આસ્થા પ્રગટાવવાની પહેલી શરત છે. પણ સાથે જ શિક્ષણની ઉચ્ચતા કે વિશિષ્ટતા કુંઠિત ન થાય તે ખાતર હિન્દી અને અંગ્રેજીનો ઉપયોગ કરવો જ પડશે. ગુજરાતી, હિન્દી, અંગ્રેજી અને સંસ્કૃત તથા અરબીને, જર્મન, ફ્રેન્ચ, રશિયન આદિને, આપણી નવી યુનિવર્સિટીઓ શિક્ષણના ધોરણની ઉચ્ચતાની દૃષ્ટિએ તેમ જ આપણી આત્મશ્રદ્ધાના વિકાસની દૃષ્ટિએ, યોગ્ય અને પૂર્ણ સ્થાન આપશે. કોઈ પણ શિક્ષણક્રમમાં માતૃભાષાને અવર પદ મળશે તો તે સ્વત્વઘાતક નીવડશે અને જે સ્વત્વઘાતક છે તે ભાષા—સાહિત્યને પ્રાણપ્રદ ન હોઈ શકે; એ સાર્વત્રિક અનાસ્થા વધારવાનો રસ્તો છે."

સૌનો આદરપૂર્વક સત્કાર કર્યા બાદ પ્રા. ત્રિવેદીએ અતિથિ-વિશેષ તરીકે પધારેલ વયોવૃદ્ધ પંડિતવર્ય પ્રજ્ઞાચક્ષુ શ્રી સુખલાલજીને બોલવા વિનંતિ કરી હતી. પંડિતજીએ મહાકવિ કાલિદાસના રઘુવંશના પહેલા જ શ્લોકમાં રહેલ ચમત્કૃતિ વિગતે સમજાવી હતી. એમાં જેમ પાર્વતી અને પરમેશ્વર એટલે શિવને વંદન છે તે રીતે 'પાર્વતીપ' એટલે શિવ અને 'રમેશ્વર' એટલે વિષ્ણુ એ બન્નેને વંદનનો અર્થ પણ નીકળી શકે તે સમજાવી, વાણી અને અર્થની માફક સંકળાયેલ એ યુગલની વન્દનાનો તત્ત્વાર્થ સુંદર રીતે સમજાવ્યો હતો. કાલિદાસ અસામાન્ય કવિ હોઈ એ પોતાની તાત્ત્વિક દૃષ્ટિ પૌરાણિક રૂપે રજૂ કરે છે. વૈદિક ઋષિઓએ કહ્યા પ્રમાણે "તેણે ઈચ્છા કરી, તપ તપ્યા, એકમાંથી અનેક થયા." એકમાંથી અનેક થવા માટે તપ જરૂરી છે, કામનામાંથી ઉત્પન્ન થતું તત્ત્વ તે સ્ત્રીત્વ અને પુંસ્ત્વ. જ્યાં એ બન્ને છે ત્યાં સૃષ્ટિ સર્જાય છે. લોકોને શ્રદ્ધા હોય એવાં પાત્રોનાં નામ લઈ કાલિદાસે આ વાત પ્રસિદ્ધ કરી છે. પુરાણોમાં રહસ્યોને સ્થૂળ રૂપે સમજાવવાની પ્રથા હતી તે કવિએ ચાલુ રાખી, પુંસ્ત્વ અને સ્ત્રીત્વનું મિલન આવે ત્યાં તપ. એ બે વચ્ચે તપ ન હોય તો એ યુગલ આગળ ન આવે—'ડાઈવોર્સ' થઈ જાય. મહાદેવ યોગારૂઢ તપસ્વી કામદહન કરે છે. પાર્વતીએ પણ એમને મેળવવા તપ કર્યું હતું. આ તપ એટલે પરસ્પરનું સંવાદીપણું, વફાદારી. ગૃહસ્થાશ્રમ જ કાલિદાસને મન મુખ્ય છે. એ માટે એ યુગલને આગળ કરે છે.

જગતનો વ્યવહાર, લેવડદેવડ બધું ભાષા દ્વારા ચાલે છે. જગતનો જ્ઞાનરાશિ સાચવવા ભાષા જ કામ લાગે છે. જેનાથી જગતનાં બધાં કામો સુસંવાદિત રીતે ચાલે છે તે ચૈતન્ય તત્ત્વ તે શબ્દ. ચૈતન્યમાંથી શબ્દ ઉત્પન્ન થાય છે અને શબ્દદ્વારા ચૈતન્ય આવિર્ભાવ પામે છે. તેથી બ્રહ્મને એ શબ્દતત્ત્વ કહે છે, એ 'અક્ષર' છે. શબ્દ તત્ત્વનો—ભાષાનો—વિકાસ—વિવર્ત તે અર્થભાવથી વિસ્તાર પામે છે. અર્થ વિનાની વાણી નકામી. તેથી વાણી અને અર્થ માતપિતા જેવાં સંપૃક્ત. આમ પાર્વતી—પરમેશ્વર પ્રતીક છે—પુંસ્ત્વ અને સ્ત્રીત્વ એ અકર્મક સકર્મક ધાતુ છે. કાલિદાસના પ્રસ્તુત શ્લોકમાં જે પ્રાપ્ત કરવું છે તે માટે એ બે મૂળ ધાતુઓને વંદન કર્યું છે અને તેમને જગતનાં માતપિતા તરીકે કવિએ વર્ણવ્યાં છે. ઋષિઓ અને વિદ્વાનોએ પોતાનો પ્રયત્ન વાણીદ્વારા સાધ્યો છે. સાહિત્ય પરિષદ વસ્તુ ઉપરાંત શબ્દને સ્પર્શે છે. પરિષદના ક્ષેત્રતળે અનેક વિષયો આવે છે, અનેક જાતના માનવીઓનો સહકાર સાંપડે છે.

દક્ષિણ ગુજરાતની યુનિવર્સિટી સુરતમાં સ્થપાય તે ટાણે બે

વિષય દાખલ કરવાનું પંડિતજીએ સૂચવ્યું હતું. ભારતમાં અનાજની તાણ છે. આપણે ભણતા બહુ જઈએ છીએ પણ શરીરમાં લોહી નથી. તે માટે દૂધ જોઈએ. તેથી પશુપાલન એ મુખ્ય વાત. અન્ન એ બ્રહ્મ છે. મૂળે બ્રહ્મની સાધના તે આધ્યાત્મિક સાધના. પ્રાણ, મન, વિજ્ઞાન, આનંદ એ બધામાં એકેકને અભાવે પાછળનું નહિ. એને આપણે ભૂલી ગયા. કૉલેજમાં તો ચોપડીઓ જ આવે. આ યુનિવર્સિટી અન્નબ્રહ્મને પહેલું રાખે. શારીરિક અને માનસિક બળ અને શકિત માટે ગાયનું દૂધ જોઈએ, આપણે તો 'ક્ષીરપા:' આ બે શાખાઓ વગર બધું અધૂરું. એ હશે તો એ આગળ આવશે.

સાહિત્ય પરિષદ પહેલેથી માતૃભાષા દ્વારા શિક્ષણની વાત કરતી આવી છે; વિદેશી ભાષાને જોઈતો આદર નથી. બીજી ભાષાઓમાંથી સતત અધ્યયન-અધ્યાપન કરતા પ્રોફેસરો આજે આપણને નહીં મળે. માતૃ-ભાષા મારફતે પૂર્ણ શિક્ષણ આવે પણ વિચાર અને જ્ઞાન કયાંથી આવશે? જ્યાં હોય ત્યાંથી-બીજા સમર્થભાષાઓના અભ્યાસમાંથી-તે આવે. આપણે તો જ્ઞાનસમૃદ્ધિ જોઈએ, વાગ્વિલાસથી નહીં ચાલે. આજે થયેલ ભાષાવિકાસમાં સંસ્કૃત, પાલિ તથા અન્ય પ્રાકૃતોના અભ્યાસની આવશ્યકતા છે. આજે તો આપણા ભારતીય સાહિત્યને ઈતિહાસ લખવો હોય તો આપણને જર્મન વિદ્વાનોને આકાયે જવું પડે. પોતપોતાની પરંપરાની પૂર્ણતા ખાતર પણ તત્ત્વજ્ઞાન ઈત્યાદિનો અભ્યાસ આવશ્યક છે. આ વિષે વિચાર કરજો. તો જ સાહિત્ય પરિ-ષદની બેઠક યથાર્થ થશે.

પંડિતજીના આ પ્રેરક ને ઉદ્બોધક મંગલ પ્રવચન પછી શ્રી. ઉમાશંકર જોષીએ પરિષદના વરાયેલા પ્રમુખ સૌના લાડીલા હાસ્યકાર શ્રી જ્યોતીન્દ્ર દવેને પરિષદનું સુકાન સંભાળી લેવા વિનંતી કરી હતી, અને ઉત્તમ નિર્દેશ હાસ્યકાર તરીકે એમને બિરદાવી "ભિદેને હસી નાખી અમને પણ હસી નાખતાં શીખવજો" એવી ઈચ્છા પ્રગટ કરી હતી. પ્રસ્તાવને અનુમોદન આપતાં શ્રી ચંદ્રવદન મહેતાએ શ્રી જ્યોતીન્દ્રને વિચારક વિવેચક સર્જક ઉપરાંત અજાતશત્રુ તરીકે ઓળખાવ્યા હતા. તે બાદ નિવૃત્ત થતા પ્રમુખ શ્રી રસિકલાલ પરીખે શ્રી જ્યોતીન્દ્રને પુષ્પહાર અર્પી પ્રમુખસ્થાને આરૂઢ કર્યા હતા. શ્રી પરીખે પરિષદે હાથ ધરેલાં ને હાથ ધરવા જોઈતાં કાર્યોનો ઉલ્લેખ કર્યો હતો અને પરિષદમંત્રી શ્રી યશવંત શુક્લે પરિષદની બે વર્ષની પ્રવૃત્તિઓનો અહેવાલ આપ્યો હતો. પ્રતિ-નિધિઓની સંખ્યાની બાબતમાં સુરતે ૭૫૦ ઉપરાંતની સંખ્યા દ્વારા મુંબઈ-કલકત્તાના આંકને વટાવી વિક્રમ સરજ્યો હોવાનું એમણે જણાવ્યું હતું.

શ્રી અરવિંદ આશ્રમ તથા શ્રી હરિ ૐ આશ્રમ તરફથી તેમની ઉત્તમ કૃતિઓ 'ભારતરત્ન', 'ભરતી અને ઓટ' તથા 'પાંદડે પાંદડે મોતી' માટે ડૉ. ઉપેન્દ્ર રાય સાંડેસરા, શ્રીમતી રંભાબહેન ગાંધી તથા શ્રીમતી વસુબહેન ભટ્ટને, પ્રમુખને હસ્તે પારિતોષિકો અપાયાં હતાં. એ પ્રસંગે શ્રી રંભાબહેન તથા શ્રી વસુબહેને પોતાને ઈનામરૂપે મળેલી ચાંદીની કિંમતની રકમ સંરક્ષણ ફાળામાં પોતે આપશે એવી પ્રશસ્ય જાહેરાત કરી હતી.

એ પછી પરિષદના પ્રમુખ શ્રી જ્યોતીન્દ્ર દવેએ પોતાનું પ્રવચન રજૂ કર્યું હતું, જેમાં છાપેલ વ્યાખ્યાનમાં મૂળ લખાણમાં કરવામાં આવેલ ફેરફારોનો પણ એમણે ઉલ્લેખ કર્યો હતો. પોતાની હાસ્યશૈલીની અનેક આવકારપાત્ર વિશિષ્ટતાઓને રજૂ કરતા પોતાના વિદ્વત્તાભર્યા પ્રવચન-માં શ્રી જ્યોતીન્દ્રે સાહીત્યસર્જન, સાહિત્યનું સત્ય તથા સાહિત્યનું ઉપાદાન વગેરેની કેટલીક સુંદર, રમૂજપ્રેરક ઉદાહરણો સાથેની, સંગીન વિચારણા રજૂ કરી હતી. સાહિત્યસંબંધી પ્રવર્તતા અનેક અભિ-પ્રાયોનો ઉલ્લેખ કરી એમણે સર્જનપ્રક્રિયા અંગે કહ્યું હતું:-

"સર્જકનું ચિત્ત, બીજાઓ કરતાં વધુ સંવેદનશીલ હોય છે. એ રમ્યાણિ વીક્ષ્ય મધુરાંશ્ચ નિશમ્ય શબ્દાન્ પર્યુત્સુકી ભવતિ રમ્ય દશ્યો જોઈને અને મધુર કલરવ સાંભળીને પર્યુત્સુકી થઈ જાય છે, એને કંઈનું કંઇ થઇ જાય છે. બીજાઓને પણ થાય છે, પણ તે સમજતા નથી કે તેમને શું થાય છે. કવિ સમજે છે, સમજે છે એટલું જ નહિ પણ એના માનસમાં જે સંવેદનો જાગે છે તેને સંધરે છે, બરાબર ગોઠવે છે અને એ સંધરેલી સંવેદનશકિતનો યથા-કાલે પરિપાક થતાં, હેય-ઉપાદેયનો વિવેક કરી, એને લાગેલાં બીજાં વળગણો ખસેડી, જૂના સંદર્ભમાંથી એને ઉપાડી લઈ, એને કોઈક નવા સંદર્ભમાં મૂકે છે અને વેરવિખેર પડેલી એ કાચી સામગ્રીમાંથી એક સુશ્લિષ્ટ અને અખંડાવયવ આકૃતિની રચના કરે છે. જગતનું સર્વ રમ્ય અને મધુર એના ચિત્તના સંસ્કારોને જગાડે છે એમ નથી. જે જે હૃદયમાં સંક્ષોભ પ્રેરે છે, તે તે સર્વ-નિકૃષ્ટ, વિરૂપ, અભદ્ર પણ -એના સર્જનવ્યાપાર માટેનું સંચાલક બળ બની શકે છે."

"સત્યનું સ્વરૂપ સર્વથા અને સર્વત્ર એકસરખું નથી" એમ જણાવી શ્રી જ્યોતીન્દ્રે કહ્યું: "દરેક કલાને અને શાસ્ત્રને પણ પોતપોતાનાં સત્યો હોય છે. અથવા એમ કહેવું વધારે યુકત છે કે, સત્યની અભિવ્યકિત કરવાની દરેકની રીત આગવી હોય છે. વ્યવહારની દૃષ્ટિએ સાચી ન લાગે એવી કેટલીયે વાતો સાહિત્ય ને ઈતર કલા-ઓના ક્ષેત્રમાં જ નહિ, પરંતુ આ સ્થૂળ વ્યવહાર જગતમાં પણ સાચી હોય એ રીતે ચલાવી લેવી પડે છે." "શું સાહિત્યસૃષ્ટિ અસત્યની સૃષ્ટિ છે?" એવો પ્રશ્ન ઊભો કરી એમણે કહ્યું: "ના, એ કાલ્પનિક છે, પણ અસત્ય નથી. જે ભેદ છે, તે સત્ય-અસત્ય વચ્ચેનો નહિ, પરંતુ વાસ્તવિક ને કાલ્પનિક વચ્ચેનો. દિક્કાલ વિષે જેની સત્તા (સત્+તા=હયાતી-Existence) હોય, તે વાસ્તવિક જગતના દિક્કાલથી જુદા જ છે. વાસ્તવિક જગતમાં થયેલા અનુભવોને આધા-રે જ સાહિત્યજગતનું સર્જન થઈ શકે એ સાચું છે. વાસ્તવિકતાની ભૂમિ પર જ સાહિત્યની ઈમારત ચણી શકાય છે એ ખરૂં; પરંતુ સાહિત્યસૃષ્ટિ એ વાસ્તવિક સૃષ્ટિથી સર્વથા વિચ્છિન્ન નથી. વાસ્તવિક સૃષ્ટિ સાથે અવિચ્છિન્નતા નહિ, પણ વિભિન્નતા જ એનું ધર્મવૈશિષ્ય છે." એમણે ઉમેર્યું: "સાહિત્યસૃષ્ટિ આત્મસૃષ્ટિ છે. એ સૃષ્ટિમાં નિરૂપાયેલા પ્રસંગો બનતા નથી, એ બનાવેલા અથવા બનાવી કાઢેલા હોય છે. એ જગતનાં સ્ત્રીપુરુષોની હસ્તી હોય છે, પણ એ વાસ્તવિક જીવન જીવતાં માનવીઓ હોતાં નથી. કોઈ સમર્થ નવલકથાકાર કે નાટક-કારનાં દક્ષ અથવા ખલ પાત્રો જીવતાં હોય, હાડમાંસ ચામનાં બનેલાં હોય એવાં લાગે છે; એ વાસ્તવિક જગતનાં કોઈ પણ જીવતાં માણસ જેવાં છે, એમ આપણે કહેતાં નથી... જેના વિના વાસ્તવિક જગતમાં માણસ જીવી જ ન શકે, તે બધા વિના સાહિત્યનાં નરનારીઓ જીવી શકે છે. જીવવા માટે જમવું જોઈએ; કેટલાક જમવા માટે જીવે છે; પણ સાહિત્યની સૃષ્ટિમાં કોઈ દિવસમાં બે વાર તો શું, એક વાર પણ જમતાં નથી! અને તેથી જ, આપણી સંખ્યાબંધ નવલકથાઓ, નાટકો, અને ટૂંકી વાર્તાઓની પાત્રસૃષ્ટિમાં વધારો થતો જ રહે છે. એની વસતિસંખ્યાનું કોઈ કરતાં કોઈ પ્રમાણ જળવાતું નથી! છતાં એને કારણે, આપણે દેશમાં વધતી જતી વસતિનો અને અન્ન-નો પ્રશ્ન ખાસ ઉગ્ર બનતો નથી... દેશમાં વ્યાપેલાં દીનતા, હીનતા, કંગાલિયત, ભૂખમરો, આદિ દૂર કરવાના, એ સૌ નામશેષ કરવાના પ્રયત્નો આપણે આરંભ્યા છે; પરંતુ આપણી સાહિત્યસૃષ્ટિમાં અવતાર લઈને આવેલાં ભૂખ્યાં, દીન, હીન, દરિદ્ર, કંગાળ નરનારીઓને આપણે વધાવી લઈએ છીએ! એમને હૈયાસરસાં ચાંપતીએ છીએ! એમની દરિદ્રતા સાહિત્યની સમૃદ્ધિ બને છે; એમની ભૂખ સાહિત્યિક જીવોની દરિદ્રતા બને છે; એમની હીનતા સાહિત્યનું ગૌરવ બને છે!"

"સાહિત્યનું ઉપાદાન શું? ભાષા? કે માનવીનાં ભાવ, વિચાર, અનુભૂતિ, વર્તન આદિ?" એવો પ્રશ્ન રજૂ કરી એમણે કહ્યું, "ભાષા-દ્વારા મનુષ્યનાં ભાવ, ભાવના, વર્તન આદિ કલામય સ્વરૂપ પામે છે.

ભાષા સાહિત્યનું સત્ત્વ છે. મનુષ્યનાં સ્વભાવ, વર્તન, વૃત્તિ, વલણો આદિ સાહિત્યના પદાર્થ છે. એ મળીને જે રચનાવિશેષ બને છે, તેનું નામ સર્જન છે." આકાર અને અન્તસ્તત્ત્વ બેમાંથી કોનું મહત્ત્વ એ પ્રશ્ન સમજાવી એમણે કહ્યું કે, "બન્ને વચ્ચે કોઈ જાતનો વિશ્લેષ કરવો તે સમગ્ર કૃતિનો ધ્વંસ કરવા જેવું છે ... વિશિષ્ટતા, સુશ્લિષ્ટતા અને અકિલષ્ટતા એ ત્રણ કોઈ પણ ઉત્તમ સાહિત્યકૃતિના પ્રધાન ધર્મો છે. વાણીના વિનિયોગમાં વિશિષ્ટતા, વસ્તુગૂંથણીમાં સુશ્લિષ્ટતા અને વર્ણ્ય વિષયના નિરૂપણમાં અકિલષ્ટતા એ સર્વ શિષ્ટ સાહિત્યનાં લક્ષણો છે."

સાહિત્યની દુનિયા વાણીની દુનિયા હોઈ એમાં વાણીથી–શબ્દોથી–નિરપેક્ષ કંઈ પણ આવતું નથી એમ જણાવી ભાષાનું મહત્ત્વ દર્શાવતાં એમણે કહ્યું હતું કે "ભાષાના પ્રભાવે જ માણસ માણસ બન્યો છે એવું એક વિદ્વાનનું વિધાન સર્વથા યથાર્થ છે ... પેઢી દર પેઢી આપણે જે પ્રગતિ કરી શકયા છીએ તે ભાષાના સાધન વિના ન જ કરી શકયા હોત ... ભાષા સાહિત્યનું ઉપાદાન છે તેમ જ વ્યવહારનું સાધન પણ છે. અન્ય કલાનાં ઉપાદાનો કરતાં આ એની વિશિષ્ટતા છે." શાસ્ત્રની, જ્ઞાનવિજ્ઞાનની ભાષા તથા સાહિત્યની ભાષા અંગે સોદાહરણ ચર્ચા કરી એમણે કહ્યું, "શાસ્ત્રની ભાષા પતિવ્રતા નારી જેવી જ છે. જે અર્થ સાથે એ સંલગ્ન થઈ છે તેને છોડીને, એ બીજે નજર ફેરવતી નથી. એ એકને જ વફાદાર રહે છે ... સાહિત્યની ભાષા કોડભરી મુગ્ધ કન્યા સરખી છે. એ કુલીન છે, સંસ્કારી છે, પણ સ્વતંત્ર સ્વભાવની છે; પોતે નક્કી કરેલા નિયમો અને નિયંત્રણો સિવાય, એ બીજા કોઈના નિયમ નિયંત્રણ સ્વીકારતી નથી."

સાહિત્યમાં આવતાં પ્રતીકો માટે એમણે કહ્યું: "એક ઈન્દ્રિયના અનુભવનું જુદી જ ઈન્દ્રિયના અનુભવ રૂપે નિરૂપણ અથવા એક સાથે એકથી વધારે ઈન્દ્રિયોના અનુભવોનું આલેખન–એ બે ઉપરાંત કવિ પોતાના વકતવ્યને સચોટ બનાવવા સારૂ પ્રતીકોનો પણ આશ્રય લે છે. ... પ્રતીકપૂજા આપણા માટે નવી નથી, સાહિત્યમાં તેમ જ સંસારમાં, પરંતુ સાહિત્યમાં યોજવામાં આવેલાં એ પ્રતીકો જૂનાં થઈ ગયાં છે, ઘસાઈ ગયાં છે ... સાહિત્યની દુનિયામાં ઘણો સમય ગાળીને ઘરડાં થઈ ગયેલાં કોયલ અને બુલબુલને, થોડા સમયથી તાજાંમાજાં થઈને આવેલાં ઘુવડ ને કાબરે મારી હઠાવ્યાં છે! ચંદ્ર, કમળ, જ્યોત્સ્ના, શમા, પતંગ, મોર, ચાતક, હંસ: એ સૌ ગયાં અથવા જવાની તૈયારીમાં છે અને એને સ્થાને આવ્યાં છે. "ખવાયેલાં શબ, અસ્થિપિંજર, સીત્કાર, કીડા, તીવ્ર દુર્ગંધ, કાળા કાંટા, સૂનકાર, વન્ધ્યત્વ, નપુંસકતા, ઉઝરડા, વગેરે" ... દિક્કાલની સીમાથી પર એવા સાહિત્યના વિશાળ પ્રદેશમાં એ સૌને સ્થાન છે. અન્યથા સુસંવેદ્ય અને આસ્વાદ્ય બનાવવી મુશ્કેલ એવી વિશિષ્ટ અનુભૂતિઓને સાકાર બનાવવા માટે, ઉદાત્ત કે સુંદર પ્રતીકોને બદલે, હીન ને વિરૂપ લાગે એવાં પ્રતીકોની યોજના કરવી પડે, તો તેમ કરવામાં કંઈ ખોટું નથી. પરંતુ પ્રતીકયોજના, માત્ર પ્રતીકયોજના, એ કાવ્યરચના બની જતી નથી, પ્રતીકોની પાછળ જે અર્થચ્છાયા વિલસે અને એ અર્થની પાછળ પણ વ્યંજનાનો જે દીર્ઘદીર્ઘતરો વ્યાપાર: આઘે ને આઘે લઈ જાય એવો વ્યાપાર ચાલે તો જ અને ત્યાં જ કવિતા અવતાર લઈને આવે."

પરિષદ અંગે એમણે જણાવ્યું: "સાહિત્યના ઉત્કર્ષ અર્થે સ્થપાયેલી આ પરિષદ સાઠ વર્ષ પૂરાં કરી ચૂકી છે. હવે એ વૃદ્ધ બની ગણાય. ત્યારે, મુંજે મૃણાલવતીને ઉદ્દેશીને જે વચન કહ્યાં તે સંભારવા જેવાં લાગે છે. ... મુંજ કહે છે, "યૌવન ભલે ગયું, તેમાં તું મૃણાલવતી, આમ ઝૂરે છે શું? સાકરના સો ટુકડા થઈ જાય તેથી શું? એનો પ્રત્યેક ટુકડો શું મીઠો નથી લાગતો?" પરિષદના વાર્ધક્યનો કાળ નિષ્ક્રિયતા અને નીરસતાનો નહિ, પણ પ્રવૃત્તિપરાયણતા ને સ–રસતાથી ભર્યો ભર્યો બની રહો એવી વાગ્દેવીને પ્રાર્થના સહિત શ્રી જ્યોતીન્દ્રભાઈએ પોતાનું, અગાઉના પ્રમુખોના પ્રવચનો કરતાં સાવ જુદી જ ભાત પાડતું, પ્રવચન પૂરું કર્યું હતું. શ્રી ઈશ્વરલાલ દેસાઈનાં આભારવચન બાદ 'જય જય ગરવી ગુજરાત' એ ગીત મીઠી હલકથી ગવાયું હતું. રાત્રે સુરતના રાષ્ટ્રિય કલાકેન્દ્રે 'વળામણાં' નાટક ભજવ્યું હતું.

અપૂર્ણ

ભૂપેન્દ્ર ત્રિવેદી

વર્તમાન ભારત–અમેરિકી સંબંધો : એક સમીક્ષા

(ગતાંકથી ચાલુ)

આપણુ સૌની મુખ્ય ચિંતા તો એ છે કે ભારત અને પાકિસ્તાન ઝડપી આર્થિક વિકાસની પોતપોતાની સમસ્યા ઉકેલી શકે તેમ છે કે નહિ.

ભારતમાં એ કોઈ જીવનમરણની સમસ્યા નથી. ભારત હજારો વર્ષથી ટકયું છે અને ગમે તે થાય તો પણ, બીજાં હજારો વર્ષ સુધી ટકવાનું છે. મુખ્ય પ્રશ્ન તો આ છે : ભારત, પ્રત્યેક નાગરિકને વધુમાં વધુ સ્વાતંત્ર્ય અને ગૌરવ મળી રહે તે માટે, પોતાના અર્થતંત્રને પૂરતી ઝડપથી અને લોકશાહી પદ્ધતિએ વિકસાવી શકશે ?

તમે આ હેતુ પાર પાડી શકશો એ તમે પણ જાણો છો અને અમે પણ જાણીએ છીએ. વધુ ચોક્કસ વાત કરું તો, તમે પાંચ-છ વર્ષમાં વિદેશી આયાતમાંથી મુકત થવા જેટલું અનાજ ઉગાડી શકશો એમ અમે માનીએ છીએ.

અમે માનીએ છીએ કે દસ વર્ષમાં, તમારા પોતાના મક્કમ પ્રયત્નોથી અને તમારા મિત્રોની મદદથી, તમે મૂડીસંચય માટે એટલી બચત કરી શકશો કે પછી તમારે વિદેશી આર્થિક સહાયની બિલકુલ જરૂર નહિ રહે.

અમે અમેરિકનો આ વાતો માનીએ છીએ એટલું જ નહિ; અમે તો આટલાં વર્ષથી ભારતનાં બંદરોમાં સતત ઠલવાઈ રહેલી અમેરિકી આર્થિક સહાય આપીને એની ઉપર ભારે મદાર રાખી રહ્યા છીએ.

તો હવે, આ અમેરિકી સહાયનો હેતુ શો છે ?

એટલું ચોક્કસ કે અહીં કોઈએ આક્ષેપ કર્યો તેમ ભારતની સરકાર ઉપર રાજકીય દબાણ લાવવાનો તો અમારો હેતુ છે જ નહિ. અમેરિકાના હિતોને સાવ સીધી રીતે અસર કરતા મહત્ત્વના પ્રશ્નો વિષે પણ ભારતે ક્યારેક અમારાથી જુદું વલણ અપનાવ્યું છે.

દાખલા તરીકે, વિયેટનામના પ્રશ્ન અંગે. મને એક પણ એવા ભારતીય નેતા મળ્યા નથી જે આગ્નિ એશિયામાં ચીનનો પગદંડો જામવાના જોખમ વિષે સચિંત ન હોય. આમ છતાં કેટલાકે, દક્ષિણ વિયેટનામમાંના ઉત્તર વિયેટનામ-સંચાલિત દળો માટેની હેનોઈની પુરવઠા-હરોળો કાપી નાખવાના અમારા પ્રયત્નોની ટીકા કરી છે. એ પણ વિધિની વકતા છે કે ગયા સપ્ટેમ્બરમાં ચીને ભારતને આપેલી ધમકીને ટેકો આપનારા દેશોમાં ઉત્તર વિયેટનામ મોખરે હતું.

મેં ભારતના કેટલાંક વર્તમાનપત્રોમાં એમ પણ વાંચ્યું કે અમેરિકા ભારતની રાજકીય વિચારણાને કોઈક રીતે વળાંક આપવા પી. એલ. ૪૮૦ ના અનાજનો ઉપયોગ કરી રહ્યું છે. મારે ખૂબ ભારપૂર્વક કહેવું જોઈએ કે આ આક્ષેપ સંપૂર્ણ અને નિર્ભેળપણે વાહિયાત છે.

સપ્ટેંબરમાં, પાકિસ્તાન અને ભારત વચ્ચેનું યુદ્ધ પરાકાષ્ઠાએ પહોંચ્યું હતું ત્યારે, ૩૪ જહાજો ૫,૩૭,૦૦૦ ટન અનાજ લઈને ભારતનાં બંદરોમાં આવ્યાં હતાં. ઑકટોબરમાં ૩૫ જહાજો ૫,૮૬,૦૦૦ ટન અનાજ લાવ્યાં હતાં. નવેમ્બરમાં પણ અમેરિકાથી આ જ વેગે ધઉં આવી રહ્યા છે. અને આગામી મહિનાઓમાં પણ આ જ પ્રમાણે તે આવવા ચાલુ રહેશે.

અલબત્ત, અમે અનાજની વ્યવસ્થાને ૩૦ દિવસના ધોરણ પર મૂકી છે, પણ એને પાકિસ્તાન-ભારત સંઘર્ષ સાથે કશો સંબંધ નથી.

યુદ્ધ શરૂ થયું તેના કેટલાય મહિના પહેલાં આ નીતિ અમલમાં મૂકવામાં આવી હતી. એનું સાદું સીધું એક જ કારણ હતું : અમારા ઘણા કૃષિનિષ્ણાતોને ભારત પોતાનું અન્નઉત્પાદન વધારવા માટે કરવું જોઈતું અને કરી શકાય તેટલું બધું કરી છૂટે છે એવી ખાતરી નહોતી થઈ.

જે વિકાસલોન, ગ્રાન્ટ અને ટેકનિકલ સહાય અંગે અગાઉ કરારો થયા છે તેની બાબતમાં કશો વિક્ષેપ પડયો નથી. એવા કરાર નીચે ભારતને ૨૫૬.૨ કરોડ રૂપિયાની સહાય મળનાર છે.

મુખ્ય પ્રશ્ન આર્થિક વિકાસનો

અમે જે અટકાવ્યા છે તે તો ભારત અને પાકિસ્તાન બન્નેને

ભવિષ્યમાં લોન આપવા અંગેના કરારો. અમે આ વલણ લીધું છે તેનું કારણ એ છે કે આ ઉપખંડમાં ચાલી રહેલા સંઘર્ષ માટે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે નાણાં પૂરાં પાડવાની અમારી ઈચ્છા નથી. અમારી ઊંડી માન્યતા છે કે ઉકેલ માગતો મુખ્ય પ્રશ્ન આર્થિક વિકાસનો છે.

જીવનધોરણ ઝડપથી ઊંચે જવાં જોઈએ અને કૃષિઉત્પાદનને વિસ્તૃત કરવાનો તથા આધુનિક સ્વાવલંબી ઔદ્યોગિક કારખાનાનાં વિકાસનો પાયો નંખાવો જોઈએ. લોકોનું ધ્યાન ફરીવાર ચોક્કસપણે વિકાસ ઉપર કેન્દ્રિત થાય ત્યારે જ ભાવી સહાય અસરકારક બની શકે.

હવે એક વધુ મુદ્દા ઉપર હું ભાર મૂકવા ઈચ્છું છું. ભારતને આપાતી અમેરિકી સહાયને કોઈ રાજકીય બંધનો જોડેલાં નથી, તેમ છતાં મારા દેશને, સૌથી વધુ અસરકારક નીવડી શકે તેવી વિકાસ-વિષયક રાજકીય નીતિને લગતો ઠીક ઠીક અનુભવ ૬૦ વિકસતા દેશોમાં મળેલો છે.

અમેરિકાની પ્રજાને અને અમેરિકાની સંસદને ખાતરી કરાવવી પડે છે કે અમારી સહાયનાં નાણાં સારી રીતે વપરાય છે. અમેરિકાનાં નાણાં જે વિકાસયોજનાઓમાં વપરાતાં હોય તે યોજનાઓને ચીવટથી તપાસ્યા કરવાની અમારે માથે જવાબદારી છે.

છેલ્લાં દસ વર્ષમાં ભારતની આર્થિક કામગીરી એકંદરે સારી છે અને કેટલાંક ક્ષેત્રોમાં તો ખાસ ધ્યાન ખેંચે તેવી છે. પણ જે ભારતીય અર્થશાસ્ત્રીઓ અને રાજકીય નેતાઓ આ કામગીરી વધુ સારી થઈ શકે અને થવી જોઈએ એમ માને છે તેમની સાથે અમે મળતા થઇએ છીએ એ મારે નિખાલસપણે કહેવું જોઈએ.

ખેતીને પ્રથમ સ્થાન

દાખલા તરીકે, અમે એમાં સંમત થઈએ છીએ કે ખેતીને સૌથી ઉચ્ચતમ સ્થાન આપવું જોઇએ અને વસ્તીવધારો નિયંત્રિત કરવાના પ્રયાસો વધુ પ્રબળ અને વિસ્તૃત બનાવવા જોઈએ. આમ થાય તો જ પ્રત્યેક ભારતીય નાગરિકને આધુનિક ઉદ્યોગવિદ્યાઓ શક્ય બનાવેલા ઉચ્ચતર જીવનધોરણની ખાતરી આપી શકાય.

જેને અભાવે અત્યારે ભારતનાં હજારો કારખાનાંને પોતાની શકિત કરતાં ઓછું કામ કરવાની ફરજ પડે છે તે છૂટા ભાગો અને કાચા માલની આયાત માટે સગવડ કરવી આવશ્યક છે એવું જે ભારતીય નિષ્ણાતો માને છે તેમની સાથે પણ અમે સંમત છીએ.

અંતમાં, અમને ખાતરી થઇ છે કે જો ભારત નાના-મોટા દેશી-વિદેશી ખાનગી ઉદ્યોગોને વધુ પ્રોત્સાહન આપી રહેલા અને ઝડપથી વિકસી રહેલા જાપાન, ઇટલી અને અન્ય લોકશાહી દેશોના અનુભવમાંથી બોધપાઠ લેશે તો તેનું અર્થતંત્ર વધુ ઝડપથી વિકસશે.

વિદેશી મૂડી સૌએ લીધી છે

ભારત અને અમેરિકા એકબીજાના હેતુઓ, સ્વાવલંબન અને સહાયનો પરસ્પર સંકળાયેલો પ્રશ્ન વિચારે ત્યારે એ યાદ રાખવું ઉપયોગી છે કે દરેક સમૃદ્ધ દેશે પોતાના વિકાસ માટે ઘણે અંશે વિદેશી મૂડી અને વિદેશી નિષ્ણાતો પર આધાર રાખ્યો છે.

અમેરિકાની રેલવે માટે મોટા પ્રમાણમાં બ્રિટિશ મૂડીએ નાણાં પૂરાં પાંડયાં હતાં. ફ્રેન્ચોએ અમને રાસાયણિક ઉદ્યોગ ઊભો કરવામાં મદદ કરેલી. અમેરિકાના વ્યાપક આધુનિક નવા ઉદ્યોગનો પાયો નાખવામાં અન્ય દેશોમાં જન્મેલા હજારો ઇજનેરો, વિજ્ઞાનીઓ અને ટેકનિશિયનોને મદદ કરી છે. આજે અમેરિકામાં કુલ ૫,૦૦૦ કરોડ રૂપિયા જેટલું વિદેશી મૂડીરોકાણ છે.

બીજા વિશ્વયુદ્ધ પછી પશ્ચિમ યુરોપ મોટે ભાગે અમેરિકી મૂડીથી ફરી ઉભું થયું છે. ગઇ લડાઇ દરમ્યાન અમે રશિયાને લોન કે ગ્રાન્ટ તરીકે ૬,૦૦૦ કરોડ રૂપિયા જેટલી સહાય કરી હતી. યુદ્ધ પછી અમે બીજા ૧૨૫ કરોડ રૂપિયા અન્ન અને રાહત માટે રશિયા મોકલ્યા હતા.

વિદેશી મૂડી અને ટેકનિશિયનોના પ્રવાહે અમેરિકા, યુરોપ કે જાપાનને નુકસાન પહોંચાડયું હોય એવો કોઈ પુરાવો નથી. મુકત ભારતને પણ એ નુકશાન પહોંચાડશે એવો કોઈ ભય રાખવાની જરૂર નથી.

સંબંધો ઓછા ન આંકીએ

હવે અંતમાં, મને જે એક પાયાનું સત્ય જણાય છે તે ભાર-પૂર્વક રજૂ કરું. આજે જગતભરમાં ભારતવાસીઓ અને અમે-રિકનોની સામે ખડા થયેલા અનેક જટિલ પ્રશ્નોમાંથી બધા વિષે એકમત થવાની આશા તો આપણે ન રાખી શકીએ, પણ આપણી બે પ્રજાઓને, જગતની બે મોટામાં મોટી લોકશાહીઓનાં નાગરિકોને, જોડતા પ્રબળ સંબંધોનો આંક પણ આપણે ઓછો ન મૂકવો જોઈએ.

છેલ્લાં પંદર વર્ષમાં હજારો અમેરિકનો તમારી યુનિવર્સિટીઓમાં શીખવવા, તમારા બંધો બાંધવામાં મદદ કરવા, તમારી ઈસ્પિતાલોમાં કામ કરવા અને તમારા ગ્રામ વિકાસમાં સહાય કરવા ભારત આવ્યા છે.

આમાં ૫૪૨ અમેરિકી શાંતિસેનાના સ્વયંસેવકો છે. તેમાંથી ઘણાખરા અત્યારે જ ભારતના ખેડૂતો સાથે ખભેખભા મિલાવીને ગ્રામપ્રદેશમાં મરઘાઉછેરનું, શાળામાં ભણાવવાનું અને ચિકિત્સાલયોમાં આરોગ્યનું કામ કરી રહ્યા છે.

આ હજારો અમેરિકનોમાંથી લગભગ બધા ભારતની પ્રજા માટે ઊંડા માનની અને મૈત્રીની લાગણી લઈને અમેરિકા પાછા ફરે છે.

આ જ સમય દરમિયાન ૫૫,૦૦૦થી વધુ ભારતીય નાગરિકો ટેકનિકલ તાલીમ અથવા શિક્ષણ માટે અમેરિકા ગયા છે. અત્યારે અમેરિકાની યુનિવર્સિટીઓમાં ૮૦૦૦ ભારતીય વિદ્યાર્થીઓ છે. બહારના બીજા કોઈ પણ દેશમાં ભણતા વિદ્યાર્થીઓ કરતાં આ સંખ્યા ઘણી મોટી છે. આ ઉપરાંત ૧,૦૦૦થી વધુ ભારતીય પ્રાધ્યા-પકો અત્યારે અમારી યુનિવર્સિટીઓમાં ભણાવે છે.

આ સાથે ગાંધીજીના અહિંસક પ્રતિકારના વિચારે અમેરિકન હબસીઓને વધુ તક અને ગૌરવ અપાવવા માટેના ગોરા અને હબસી લોકોના સામુદાયિક, શાંતિમય, ક્રાન્તિકારી પુરુષાર્થની પ્રેરણા આપી છે.

આમ છતાં ગમે તેટલી શુભેચ્છા હોય તો યે મોટાં રાષ્ટ્રો વચ્ચે ખરેખરો સહાનુભૂતિયુક્ત સંબંધ સહેલાઈથી બંધાતો નથી. વિવિધ સાંસ્કૃતિક ભૂમિકા, વિવિધ ભાષાઓ, અનુભવ અને મંતવ્યો ઘણીવાર આડશો ઊભી કરે છે, અને તે સમજદારી માટેના જોરદાર પ્રયાસથી અને ક્યારેક ક્યારેક બન્ને પક્ષે થોડીક સ્પષ્ટ વાતોથી જ દૂર કરી શકાય છે.

ભારત અને અમેરિકા જેવા લોકશાહી સમાજોમાં જ્યાં બધા માણસો પોતાના મનની વાત ખુલ્લેખુલ્લી કહી દેતા હોય અને (હંમેશાં તેના પરિણામની પરવા ન કરતાં હોય ત્યાં તો) આ વાત ખાસ સાચી છે. સરમુખત્યારશાહી દેશોમાં, જ્યાં સરકારો ટીકા અને જાહેર રજૂઆતોને દાબીને મતભેદોને ઢાંકે છે ત્યાં ઘણી વાર એકમતીનો દેખાવ ઊભો થઈ શકે છે, પણ તે પાયાના મતભેદને ઉકેલવાને બદલે તેની ઉપર ફકત આંચળો ઓઢાડે છે.

ભારત અને અમેરિકા વચ્ચે કોઈક મતભેદો તો હંમેશા રહેવાના, પણ આપણી વચ્ચે જે સમાન ધ્યેયો છે તે અનેકગણાં વધુ મહત્ત્વનાં છે. અહીં ભારતમાં મને આ હકીકતનો ઊંડો ખ્યાલ આવે છે; અને અમેરિકાની મુલાકાતે જનાર અને ત્યાં અમેરિકનોમાં ભારત માટે એવી જ લાગણીનો અનુભવ ન કરનાર ભારતનો માણસ પણ તમને ભાગ્યે જ મળશે.

અમારું દૃઢ મંતવ્ય છે કે મુકત, સમૃદ્ધ અને શાંતિમય ભારત સ્થિર અને મુકત એશિયા માટેની સૌથી પહેલી આવશ્યકતા છે અને લોકશાહી ભારત લોકશાહી અને મુકત વિશ્વસમાજની દિશામાં એક મોટા પગલારૂપ હશે. અમે એમ પણ માનીએ છીએ કે આ હેતુ સિદ્ધ કરવા માટે પાયાની શુભેચ્છા રાખે પરસ્પર હિત-વિચાર સારા પ્રમાણમાં અસ્તિત્વ ધરાવે છે.

આથી જ અમે અમેરિકનો છેલ્લાં ૧૫ વર્ષથી ભારતને સહાય કરી રહ્યા છીએ; એથી જ અમે અમારી સહાય ચાલુ રાખ-વાની ધારણા રાખીએ છીએ.

આપણી સામે કપરો સમય ખડો થયો છે, જ્યારે તમામ દેશોને અટપટા અને અણધાર્યા પ્રશ્નોનો સામનો કરવો પડે છે. કોઈક દિવસે આપણે આ ખળભળતી નવી દુનિયાને જરાક જુદા દૃષ્ટિ-કોણથી જોવાના એ ચોક્કસ છે.

પણ આપણે સમાન ભૂમિકા શોધતાં શોધતાં એ કદિ ન ભૂલીએ કે અમેરિકા અને ભારત એક જ લક્ષ્યો સિદ્ધ કરવા મથી રહ્યાં છે: એ લક્ષ્યો તે મુકત સમાજમાં જીવવાનો અધિકાર, પ્રત્યેક વ્યક્તિનો પૂરેપૂરા ગૌરવ અને આર્થિક ન્યાય માટેનો અધિકાર અને તમામ માણસો માટે શાંતિમય જગતમાં જીવવાનો અવસર.

સમાપ્ત. **શ્રી ચેસ્ટર બોલ્સ**

દિવંગત આત્માઓને શ્રદ્ધાંજલિ

ભારતના મહાઅમાત્ય સ્વ. લાલબહાદુર શાસ્ત્રી

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિની તા. ૧૩-૧-'૬૬ ના રોજ મળેલી સભા ભારતના મહાઅમાત્ય લાલબહાદુર શાસ્ત્રીના તાસ્કંદ ખાતે એકાએક નીપજેલ અવસાનથી ઊંડા શોક અને દુ:ખની લાગણી અનુભવે છે. તેમનું જીવન પ્રારંભથી દેશની સેવાને સમર્પિત હતું; તેમણે દેશની આઝાદી અર્થે અનેકવાર જેલવાસ ભોગવ્યો હતો; સ્વરાજ્ય બાદ નવી નવી રાજકારણી જવાબદારીઓ સ્વીકારીને દેશના નવનિર્માણમાં તેમણે મહત્ત્વનો ફાળો આપ્યો હતો; પાકિસ્તાન સાથેના યુદ્ધનું તેમણે સફળ અને યશસ્વી સંચાલન કર્યું હતું; તાસ્કંદ ખાતેની મંત્રણાને પાકિસ્તાન સાથે સમયોચિત કોલકરાર કરીને દેશના ગૌરવમાં વધારો કર્યો હતો. ભારતના ઈતિહાસમાં ભારતના મહાઅમાત્ય તરીકેની ૧૯ માસની ટૂંકી છતાં અસાધારણ મહત્ત્વ ભરી કારકિર્દી તેમને જરૂર ચિરસ્મરણીય બનાવશે; તેમનું નામ અને કામ સદાને માટે સુઅંકિત બનશે.

તેમના કુટુંબીજનો પ્રત્યે મુંબઈ જૈન યુવક સંઘ આ દુ:ખમાં સહાનુભૂતિ દર્શાવે છે; ઈશ્વર તેમના આત્માને ચીરશાંતિ આપે એવી પ્રાર્થના કરે છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

દક્ષિણ રશિયાના મુખ્ય શહેર તાશ્કંદમાં રશિયાના મુખ્ય પ્રધાન શ્રી કોસિજીનના સાન્નિધ્યમાં ભારત અને પાકિસ્તાનના પ્રમુખ રાજપુરુષો મહાઅમાત્ય શ્રી લાલબહાદુર શાસ્ત્રી અને પ્રમુખ અય્યુબ-ખાન વચ્ચે જાન્યુઆરીની ચોથી તારીખથી શરૂ થયેલી મંત્રણાઓનો સુખદ સમાધાનીમાં અન્ત આવ્યો એની ભારે રાહત અનુભવતા આપણે દશમી જાન્યુઆરીની રાત્રે સૂતા હતા અને ભારત અને પાકિસ્તાન બન્ને તત્કાલ યુદ્ધના ભયથી મુકત બન્યા અને વિશ્વશાંતિની દિશાએ એક મહત્ત્વનું પગલું ભરાયું એ કારણે આપણાં દિલ રાચી રહ્યાં હતાં, ત્યારે સવારે વહેલાં ઉઠવાની સાથે ભારતના આ મહાન શિલ્પીએ એકાએક આપણી વચ્ચેથી વિદાય લીધી છે એવા સમાચાર સાંભળવાના છીએ એવી કલ્પનાને કોઈ સ્થાન હતું જ નહિ. આમ છતાં આ સમાચારનું તથ્ય સ્વીકારવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી એમ પ્રતીતિ થતાં રાત્રીના પ્રારંભનો આનંદ અત્યન્ત ઊંડા શોકમાં-અકલ્પ્ય ગ્લાનિમાં-ફેરવાઈ ગયો; અને હર્ષનાં આંસુ શોકના આંસુમાં પલટાઈ ગયા.

સાધારણ રીતે કલ્પના વાસ્તવિકતાની સીમાને વટાવીને ચાલતી હોય છે; પણ કદિ કદિ કલ્પનાને પણ વટાવી દે એવું વાસ્તવિકતાના ક્ષેત્રમાં બનતું હોય છે. જે પરિસ્થિતિમાં શાસ્ત્રીજી અવસાન પામ્યા તે પરિસ્થિતિ કાંઈક આવી લાગે છે. આ આખી ઘટના કોઈ કુશળ નવલકથાકાર પણ પોતાની કથાવસ્તુમાં કલ્પી ન શકે એવી વિલક્ષણ, હૃદયદ્રાવક અને આશ્ચર્યજનક ભાસે છે.

ગાંધીજી ગયા; જવાહરલાલજી ગયા. જવાહરલાલજીના સ્થાન ઉપર શાસ્ત્રીજીના આવવાનું નિશ્ચિત હતું, પણ એ મુજબ જ જ્યારે બન્યું ત્યારે ક્યાં ગાંધીજી અને જવાહરલાલ અને ક્યાં આ વામન-દેહધારી શાસ્ત્રીજી.- આમ આપણે એ બન્નેના વ્યકિતત્ત્વ વચ્ચે રહેલા અસીમ અન્તરની આંકણી કરતા હતા અને યુગે યુગે વિરલ પાકે એવા ગાંધી કે જવાહરલાલ હવે ઓછા જ મળવાના છે એમ વિચારીને તેમજ લાલબહાદુર શાસ્ત્રી જેવા છે તેવાથી આપણે ચલાવી લેવું જ રહ્યું એમ ચિન્તવીને શાસ્ત્રીજીને આપણે અપનાવી રહ્યા હતા, પણ તેમના ૧૯ મહિનાના વહીવટ દરમિયાન તેમણે જે સત્ત્વ તેમ જ સામર્થ્ય દાખવ્યું તે જોતાં શાસ્ત્રીજી પણ ગાંધી-જવાહરની પરંપરાના યોગ્ય વારસદાર હતા એમ આપણે નિ:શંકપણે કબુલ કરવું જ રહ્યું.

લાલબહાદુર શાસ્ત્રી શ્રી અયુબખાન તથા કોસીજીનની કાંધ ઉપર.

ગાંધીજી તો યુગપુરુષ હતા અને આઝાદી મળ્યા બાદ તેમણે તો વહીવટી જવાબદારીમાં પડવાનો સાફ ઈન્કાર કર્યો હતો; પણ જવાહરલાલજીએ આ દેશનો ૧૭ વર્ષ વહીવટ કર્યો અને શાસ્ત્રીજીએ માત્ર ૧૯ મહિના વહીવટ કર્યો. જવાહરલાલજી બીજી અનેક રીતે અનુપમ હતા. તેમની વિશ્વસ્પર્શી સંવેદનશીલતા, ગગનલક્ષી કલ્પનાશીલતા એક મહાન યુગના નીચોડ રૂપ સંસ્કાર-આઢ્યતા તથા તેમની કરુણાપૂર્ણ માનવતાનાં દર્શન બહુ વિરલ માનવીઓમાં થવાનો સંભવ છે. પણ વહીવટી ક્ષેત્રે, રાજ્યસંચાલન ક્ષેત્રે શાસ્ત્રીજીમાં જે નિશ્ચિતતા, મક્કમતા, સ્વસ્થતાનાં આપણે દર્શન કર્યાં તે તો શાસ્ત્રીજીની જ વિશેષતાઓ હતી.

શાસ્ત્રીજી કદમાં નાના હતા; એક માનવી તરીકે ગાંધી-જવાહરની અપેક્ષાએ તેમને જરૂર નાના ગણી શકાય. પણ શાસ્ત્રીજીમાં ગાંધીજીનું ખમીર હતું. તેમનો વાણીસંયમ, ચિતની સ્થિરતા અને પ્રસન્નતા, સાહસિકતા અને મક્કમતા ગાંધીજીના હતાં. જે સ્થિતપ્રજ્ઞનો આદર્શ આપણે ગાંધીજીમાં મૂર્તિમન્ત થયેલો નિહાળતા હતા એ જ સ્થિત-પ્રજ્ઞનું નાનું સ્વરૂપ શાસ્ત્રીજી હતા. જવાહરલાલ પૂર્વ અને પશ્ચિમના મિશ્રાણરૂપ હતા; શાસ્ત્રીજી શુદ્ધભારતીય સત્ત્વના પ્રતીકરૂપ હતા. તેમણે જે રીતે ભારત અને પાકિસ્તાન વચ્ચેના યુદ્ધનું સંચાલન કર્યું તેમાં તેમની સ્થિર અને સ્થિત એવી પ્રજ્ઞાનું આબેહુબ દર્શન થતું હતું. તેમનામાં નહોતો રોષ કે આવેશ. ઘોર સંગ્રામ ચાલતો હતો ત્યારે પ્રતિપક્ષી પણ વિષે તેમણે એક નાનો સરખો પણ હીણો ઉદ્‌ગાર કાઢયો નહોતો; હકીકતના આધાર ઉપર દેશને પ્રજાજનોને-સ્પષ્ટમાર્ગદર્શન આપવું અને જરૂરી બલિદાન આપવા માટે પ્રેરવા એજ તેમના યુદ્ધકાલીન સર્વ પ્રવચનોનો સુર હતો. આથી પણ વધારે મક્કમતા તેમ જ કુશળતા, આગ્રહપરાયણતા તેમ જ જરૂરી બાંધછોડ કરવાની કુશળતા તેમણે તાશ્કંદ ખાતે ચાલેલી મંત્રણાઓ દરમિયાન દાખવી અને ભારત અને પાકિસ્તાન વચ્ચે તત્કાળ યુદ્ધની સંભાવના ન રહે એવી પરિસ્થિતિ તેઓ સરજી ગયા. આ રીતે તેઓ ભારત માટે ચિરસ્મરણીય બની ગયા છે.

તા. ૧૨મી જાન્યુઆરીના ટાઈમ્સ ઑફ ઈન્ડિયામાં એક

ફોટોગ્રાફ પ્રગટ થયો હતો. ગઈ કાલ સુધી જેઓ એકમેકના દુશ્મન લેખાતા હતા, તેમાંના એક શાસ્ત્રીજીના શબને ધારણ કરતી સ્ટ્રેચરને તેમાંના બીજા અય્યુબખાન હાથ આપી રહ્યા છે, ઊંચકી રહ્યા છે. આંખો માની ન શકે એવું આ દ્રશ્ય છે. આખરે માનવી માનવી વચ્ચે શત્રુતા ઉપરની વસ્તુ છે; મિત્રતા એ પાયાની વસ્તુ છે. જ્યારે અયુબખાને શાસ્ત્રીજીને પોતાની કાંધ ઉપર લીધા ત્યારે તેનું અંતર પણ હલી ઊઠયું હશે અને તેને પણ જરૂર પ્રશ્ન થયો હશે કે આ બધો વિખવાદ - શત્રુવટ - શાને માટે? આપણે આશા રાખીએ કે કદિ કદિ દુર્ઘટનામાંથી સુઘટના સરજાય છે તેમ ભારત અને પાકિસ્તાન વચ્ચેના મતભેદો મિટાવવા માટે આપણે પશુબળનો આશ્રય નહિ લઈએ એવી પરસ્પરની પ્રતિજ્ઞા ઉપર સહીઓ થયા બાદ તરતમાં નીપજેલું શાસ્ત્રીજીનું મૃત્યુ આ પ્રતિજ્ઞાને પરિપક્વ બનાવશે અને ભારત અને પાકિસ્તાન વચ્ચે મૈત્રીભર્યા સંબંધોનું નિર્માણ કરશે.

સ્વ.ન્યાયમૂર્તિ શ્રી રતિલાલ ભાઇચંદ મહેતા

ગુજરાત સ્ટેટ રેવન્યુ ટ્રીબ્યુનલના પ્રેસીડેન્ટ શ્રી રતિલાલ ભાઈચંદ મહેતાનું મુંબઈ ખાતે ૬૩ વર્ષની ઉમ્મરે આ માસની છઠ્ઠી તારીખે થોડા દિવસના હૃદયરોગના પરિણામે અવસાન થયું. આ સમાચારે તેમના બહોળા પરિચિત મંડળમાં સ્વાભાવિક રીતે ઊંડા ખેદની લાગણી પેદા કરી છે. ગુજરાતને એક ગૌરવપ્રદ ગુજરાતીની ખોટ પડી છે.

ગુજરાત સંયુકત મહારાષ્ટ્રથી છુટું પડયું ત્યાર પહેલાં તેઓ બૃહદ મુંબઈના પ્રીન્સિપાલ સેશન્સ જજ હતા. તેમની એ કારકિર્દી દરમિયાન બહુ ચકચારને પાત્ર બનેલો નાણાવટી કેસ ચલાવવાની જવાબદારી તેમના શિરે આવી હતી. આ કેસમાં નેવીના કમાન્ડર કે. એમ. નાણાવટી સામે મુંબઈના એક વ્યાપારી શ્રી પ્રેમ આહુજાનું ખૂન કરવાનો આરોપ મૂકાયો હતો.જ્યુરીએ કમાન્ડર નાણાવટીના પક્ષમાં પોતાનો અભિપ્રાય જાહેર કર્યો હતો. પણ આ અભિપ્રાયને—જ્યુરીના વર્ડીકટને—perverse—વિકૃત માનસ દાખવતો—જાહેર કરીને આ કેસને વધારે વિચારણા માટે હાઈકોર્ટ તરફ તેમણે રવાના કર્યો હતો. આ કેસને અંગે તેમણે બહુ મોટી નામના પ્રાપ્ત કરી હતી, ઘણી મોટી હીંમત દાખવી હતી.

૧૯૬૦માં મુંબઈ રાજ્યનું વિભાજન થયા બાદ શ્રી રતિલાલ ભાઈચંદ મહેતા ગુજરાતની હાઈકોર્ટના જજ તરીકે નીમાયા હતા જે સ્થાન ઉપરથી ૧૯૬૧ની આખરમાં તેઓ નિવૃત્ત થયા હતા. ત્યાર બાદ ૧૯૬૨ની શરૂઆતમાં ઉપર જણાવ્યા મુજબ ગુજરાત સ્ટેટ રેવન્યુ ટ્રીબ્યુનલના પ્રમુખ નીમાયા હતા અને તેમના અવસાન સુધી તે સ્થાન ઉપર તેઓ ચાલુ હતા.

તેમનો જન્મ પાલણપુરમાં થયો હતો. તેમણે ઉચ્ચ અભ્યાસ મુંબઈમાં રહીને કર્યો હતો. ૧૯૫૦ થી ૬૦ ના દશકાની શરૂઆતમાં તેઓ મુંબઈમાં સેશન્સ જજ નિમાયા હતા. તે પહેલાં મુંબઈ હાઈકોર્ટની ઓરીજીનલ સાઈડે તેઓ પ્રેકટીસ કરતા હતા. શ્રી રતિલાલભાઈ એક વિનયનમ્ર, શીલસંપન્ન અને સૌજન્યપૂર્ણ વ્યકિત હતા. તેમનું ન્યાયપ્રદાન એકાન્ત સત્યનિષ્ઠાથી પ્રેરિત અને પ્રભાવિત હતું. એક શાન્ત, ગતિશીલ અને નિર્મળ જળને વહાવતા ઝરણા જેવું તેમનું જીવન હતું. જાહેરાત કે ધાંધલધમાલથી તેઓ સદા દૂર હતા. યથા શકિત કર્તવ્યપાલન અને સત્ય આચરણ એ જ માત્ર તેમનો જીવનનું ધ્યેય હતું.

સ્વ. સાહિત્યાચાર્ય શ્રી બાલચંદ હીરાચંદ

મહારાષ્ટ્રના સુપ્રસિદ્ધ સાહિત્યકાર શ્રી બાલચંદ હીરાચંદનું નવમી જાન્યુઆરીના રોજ લાંબી માંદગી ભોગવ્યા બાદ ૯૨ વર્ષની પરિપક્વ ઉંમરે માલેગાંવ ખાતે અવસાન થયું છે. તેઓ જૈન સમાજના એક પ્રૌઢ આગેવાન હતા, તથા સારા કવિ, લેખક અને વિવેચક હતા. અનેક જૈન સામયિકોમાં તેમનાં કાવ્યો અને લેખો પ્રગટ થતાં હતાં. તેમને, તેમની સાહિત્યસેવાની કદર બદલ, 'સાહિત્યચંદ્ર'નું બિરુદ આપવામાં આવ્યું હતું. ગુજરાતી તેમ જ મરાઠી ભાષા ઉપર તેઓ સારું પ્રભુત્વ ધરાવતા હતા. તેમના પરલોકગમનથી દેશને—ખાસ કરીને જૈન સમાજને—એક સાચા ચિન્તક, વિચારક અને સેવાભાવી સજ્જનની ખોટ પડી છે. તેમના આત્માને શાશ્વત શાંતિ પ્રાપ્ત થાઓ!

પરમાનંદ

સાધના શિબિર

સૌરાષ્ટ્રના દક્ષિણ પ્રદેશમાં આવેલા તીર્થધામ તુલસીશ્યામ ખાતે આચાર્ય રજનીશજીના સાન્નિધ્યમાં ફેબ્રુઆરી માસની ૪, ૫, તથા ૬ એમ ત્રણ દિવસ માટે યોજાયલી શિબિર અંગે પ્રબુદ્ધ જીવનના ગતાંકમાં જે જાહેરાત કરવામાં આવી છે તેના અનુસંધાનમાં વિશેષ જણાવવાનું કે આ શિબિરમાં જોડાવા ઈચ્છતાં ભાઈ - બહેનોએ વ્યકિતદીઠ રૂ. ૮૫ ને બદલે ૧૦૦ નીચે જણાવેલ ઠેકાણે ભરીને પોતપોતાનાં નામ નોંધાવવાના છે અને આ ભાઈ - બહેનોએ મુંબઈથી અમદાવાદ પહોંચવાની ગોઠવણ પોતે જાતે કરવાની છે. તેમના માટે અમદાવાદના નવા સ્ટેશને પશ્ચિમ બાજુએ ગુજરાત સ્ટેટ ટ્રાન્સપોર્ટની તુલસીશ્યામ પહોંચવા માટે ખાસ રિઝર્વ કરેલી બસ ફેબ્રુઆરીની ત્રીજી તારીખે સવારે બરોબર ૭-૩૦ વાગ્યે ઉપડશે અને સાંજના સાડાસાત વાગ્યા લગભગ તુલસીશ્યામ પહોંચશે. આ બસ બપોરના ભોજન માટે અમરેલી મુકામે દોઢથી બે કલાક ખોટી થશે. શિબિરની પૂર્ણાહુતિ થયા બાદ સાતમી તારીખે આ બસમાં આવેલા ભાઈ - બહેનોને આસપાસ આવેલાં કેટલાંક જોવાલાયક સ્થળોએ ફેરવવામાં આવશે. આઠમી તારીખે સવારે તુલસીશ્યામથી આ બસ ઉપડશે અને સાંજના સમયે અમદાવાદ પહોંચશે. અમદાવાદથી મુંબઈ યા અન્ય સ્થળે પહોંચવાની સગવડ દરેક ભાઈ - બહેને જાતે કરવાની રહેશે.

અમદાવાદથી તુલસીશ્યામ પહોંચવાનો બીજો માર્ગ એ છે કે અમદાવાદથી રાત્રે નવ વાગ્યા લગભગ ઉપડતી સોમનાથ મેલમાં નીકળીને અમરેલી પહોંચવું અને ત્યાંથી તુલસીશ્યામ માટે ઉપડતી બસમાં બેસી તુલસીશ્યામ પહોંચવું અને એ મુજબ તુલસીશ્યામથી અમદાવાદ પાછા આવવું.

આ શિબિરમાં જોડાનાર ભાઈ - બહેનો માટે તુલસીશ્યામમાં રહેવા, ખાવા, પીવા તથા સુવા વગેરેને લગતી સર્વ પ્રકારની સગવડ હશે. આ સંબંધમાં વધારે માહિતી મેળવવા તથા શિબિરમાં જોડાવા ઈચ્છનારે નીચે જાણાવેલ ઠેકાણે સંપર્ક સાધવો :

ઠે. : જીવન જાગૃતિ કેન્દ્ર,
ઍડવર્ડ સિનેમાની સામે,
૫૦૫, કાલબાદેવી રોડ, મુંબઈ-૨.

શ્રી રમણલાલ સી. શાહ,
ઑફિસ : ટે. નં. ૩૫૮૪૫૧
ઘર : ટે. નં. ૨૨૩૩૧

વિષયસૂચિ

		પૃષ્ઠ
રાષ્ટ્ર વ્યકિતત્વની આસ્થા	વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી	૧૭૯
રાષ્ટ્રીય તેમજ આન્તરરાષ્ટ્રીય રાજકારણીય પરિસ્થિતિ	ચીમનલાલ ચકુભાઈ શાહ	૧૮૧
મહાપ્રસ્થાનના પથ પર—૪	શ્રી પ્રબોધકુમાર સન્યાલ	૧૮૩
ગુજરાત સાહિત્ય પરિષદ : ત્રેવીસમું અધિવેશન, સુરત	ભૂપેન્દ્ર ત્રિવેદી	૧૮૫
વર્તમાન ભારત—અમેરિકી સંબંધો : એક સમીક્ષા	ચેસ્ટર બોલ્સ	૧૮૭
દિવંગત આત્માઓને શ્રદ્ધાંજલિ	પરમાનંદ	૧૯૦

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ : ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ. મુંબઈ-૩.
મુદ્રણસ્થાન : ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, ફોર્ટ, મુંબઈ

Regd. No. MH. 117
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૭ : અંક ૧૯

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ફેબ્રુઆરી ૧, ૧૯૬૬, મંગળવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૨૫ પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

☆ મહામના લાલબહાદુર શાસ્ત્રી : એક મૂલ્યાંકન ☆

"For a brief time in our nation's history, the meek inherited a large part of this small planet"
"આપણા રાષ્ટ્રના ઈતિહાસમાં થોડી ઘડિ માટે, એક વિનમ્ર આદમીનું આ નાનાસરખા ગ્રહના મોટા ભાગ ઉપર શાસન પ્રવર્તું હતું."
(તા. ૨૦-૧-૬૬ના રોજ ઓલ ઈન્ડિયા રેડિઓ મુંબઈ ઉપરથી પ્રસારિત કરવામાં આવેલ પ્રવચનનો અનુવાદ.)

લોકશાહી તંત્રમાં રાજકારણ અવશ્ય અત્યન્ત મહત્ત્વનું-જેની ઉપેક્ષા થઈ ન શકે એવું-તત્ત્વ છે; આ રાજકારણ આપણા ચાલુ જીવન સાથે ગાઢ સંબંધ ધરાવે છે અને તે પ્રજાના સ્થાયી રસનો હંમેશા વિષય રહ્યો છે. અને એમ છતાં આ જ રાજકારણ અમુક અંશે આપણને અવનત બનાવે છે; સત્તાલોભ, અધિકાર-તૃષ્ણા, અંગત હરીફાઈઓ અને મેલી ખટપટ-આવા માનવી પ્રકૃતિમાં રહેલાં હીણાં તત્ત્વો બહાર લાવવામાં રાજકારણ હંમેશા નિમિત્ત-ભૂત્ત બનતું રહ્યું છે.

આમ છતાં પણ, સદ્‌ભાગ્યે, વખતો વખત અનેક દેશોમાં એવા માનવીઓ પાકતા જોવામાં આવે છે કે જેઓ પોતાનાં વચનો અને વર્તન વડે જાહેર જીવનને ઊંચી કક્ષા ઉપર લઈ આવે છે અને સંસ્થાઓ અને સામુદાયિક પ્રવૃત્તિઓને નવા પ્રાણ-નૂતન અર્થમયતા-અર્પે છે. આવા એક માનવી લાલબહાદુર શાસ્ત્રી હતા. તેઓ નાની અને અતિ સામાન્ય શરૂઆતથી માંડીને દુનિયાની સૌથી મોટી લોકશાહીના માળખામાં રહેલા સર્વોચ્ચ અધિકારસ્થાન ઉપર પહોંચ્યા હતા. પણ કાશીની એક ઝુંપડીમાંથી નવી દિલ્હીમાં આવેલા નં. ૧૦ જનપથ સુધીનું તેમનું ઉર્ધ્વારોહણ જન્મના કોઈ અકસ્માતના કારણે અથવા તો વિશિષ્ટ કોટિની કોઈ કૌટુંબિક પ્રતિષ્ઠાના કારણે, અથવા તો કાવાદાવા કે મેલી ખટપટના પ્રતાપે બનવા પામ્યું નહોતું, પણ કેવળ પોતાના ચારિત્ર્યબળના કારણે, સખ્ત પરિશ્રમને કારણે અને ધર્મશાસ્ત્રોની પ્રેરણા દ્વારા અને ગાંધીજી જેવા મહા-માનવ સાથેના વર્ષોભરના સંપર્કના લીધે તેમનામાં જે પ્રકારની શિસ્તવૃત્તિ કેળવાઈ તે શિસ્તવૃત્તિના પરિણામે આમ બનવા પામ્યું હતું. શાસ્ત્રીજીએ રાષ્ટ્રીય આઝાદીના આન્દોલનમાં ભાગ લીધો હતો, કૉંગ્રેસની હીલચાલના એક અગ્રગણ્ય નેતા બન્યા હતા, અને તેઓ દિલ્હીમાં આવીને સ્થિર થયા તે પહેલાં સરકારી ક્ષેત્રની અંદર તેમ જ બહાર તેમણે અનેક અધિકારો અને સત્તાસ્થાનો ધારણ કર્યાં હતાં. પણ જો કે તેઓ કોઈ પણ જવાબદારીથી કદિ દૂર ભાગ્યા નહોતા, એમ છતાં પણ, તેમણે કદિ પણ કોઈ અધિકાર કે સત્તા-સ્થાન પ્રાપ્ત કરવાની લાલસા ધરાવી હોય એમ બન્યાનું કદિ પણ જાણવામાં આવ્યું નથી. તેમણે સહજપણે જે જવાબદારી પોતાની સામે આવી તે સ્વીકારી હતી અને તે મુજબ પ્રાપ્ત થતી ફરજનું પાલન કર્યું હતું. તેઓ સંવેદનશીલ પ્રકૃતિના અને સહૃદય માનવી હતા અને નૈતિક જવાબદારી અંગે તેઓ તીવ્રપણે સભાન હતા.

૧૯૫૬ની સાલમાં જ્યારે આપણા દેશમાં રેલ્વેના અકસ્માતોની પરંપરા નિર્માણ થઈ હતી ત્યારે, જો કે ખરી રીતે આ ઘટના તેમની કોઈ સીધી જવાબદારી સાથે સંબંધ ધરાવતી નહોતી, એમ છતાં પણ, પોતાના હોદ્દાનું તેમણે એકાએક રાજીનામું આપ્યું હતું. જ્યારે પણ માંગણી કરવામાં આવી ત્યારે પોતાના સ્થાન ઉપરથી તેઓ નિવૃત્ત થયા હતા અને જરૂર પડી ત્યારે કશી પણ ધાંધલ કે ધમાલ કર્યા સિવાય અધિકાર પર તેઓ પાછા ફર્યા હતા. ૧૯૬૪ના જાન્યુ-આરી માસમાં ભુવનેશ્વર ખાતે ભરાયેલા કૉંગ્રેસ અધિવેશનમાં, જ્યારે નહેરુની તબિયત એકાએક લથડી પડી હતી ત્યારે, શાસ્ત્રીજીએ કૉંગ્રેસ અધિવેશનનું કુશળતા, ધીરજ તેમ જ ભારે દક્ષતાપૂર્વક સંચાલન કર્યું હતું. ત્યારે જ લોકોની સમજમાં આવી ગયું હતું કે નહેરુનો વારસદાર શોધવામાં મુશ્કેલી નહિ પડે. જ્યારે નહેરુ વિદાય થયા ત્યારે તેમના જવાથી પેદા થયેલું ખાલીપણું શાસ્ત્રીજીએ એવી રીતે પુરી દીધું કે સત્તાપરિવર્તનનો દેશના વહીવટને નાનોસરખો પણ આંચકો ન લાગ્યો. ભારતના સામાન્ય માનવીમાં જે શ્રેષ્ઠ તત્ત્વ રહેલું છે તે શ્રેષ્ઠ તત્ત્વના તેઓ પ્રતિનિધિ હતા; તેઓ ખરેખર અસામાન્ય એવા એક સામાન્ય માનવી હતા. કશી પણ અતિશયોક્તિના જોખમ વગર કહી શકાય કે પોતાના પક્ષ સાથે વાટાઘાટ કરીને અને જરૂર જણાતાં વિરોધપક્ષના અભિપ્રાયોની જાણકારી મેળવીને સમગ્ર અભિપ્રાયની તારવણી કરવાના પ્રયત્નો દ્વારા તેમણે કેટલીક રીતે આપણા દેશમાં લોકશાહીના ઊંડા પાયા નાંખ્યા હતા. જ્યારે પોલીટીશ્યન-રાજકારણી નેતા-આગામી ચૂંટણીનો જ વિચાર કરે છે ત્યારે સ્ટેટ્સ-મેન-રાજકીય સૂત્રધાર-આવતી પેઢીનો વિચાર કરે છે. શાસ્ત્રીજી દેશનાં સામાન્ય સ્ત્રી-પુરુષોની જરૂરિયાતો, અપેક્ષાઓ, આકાંક્ષાઓ, અને હાડમારીઓ-જેથી તેઓ પોતે સારી રીતે વાકેફ હતા-આ બધાનો વિચાર કરતા હતા; તે વિષે પૂરી ચિંતા ધરાવતા હતા.

જ્યારે છેલ્લા ઑગસ્ટ-સપ્ટેમ્બર માસ દરમિયાન દેશ ઉપર લડાઈ લાદવામાં આવી ત્યારે શાસ્ત્રીજીએ જરા પણ ખચકાયા સિવાય અને તેમના પ્રશંસકો પણ આશ્ચર્યચકિત બની જાય એવી નિશ્ચળતા-પૂર્વક તેમણે લડાઈનું સંચાલન કર્યું હતું. જે લોકો ૧૯૬૨ ની આખર દરમિયાન ચીની હુમલાના પ્રસંગે મળેલા પરાજયના કારણે હતાશ બન્યા હતા તેમના દિલમાં પાકિસ્તાન સાથેના કમનસીબ સંઘર્ષ દર-મિયાન શાસ્ત્રીજીની નેતાગીરીએ અને દોરવણીએ નવો આત્મવિશ્વાસ પેદા કર્યો હતો. આ બધું છતાં શાસ્ત્રીજી લડાયક વૃત્તિના કોઈ ભોગ

બને તેમ હતું નહિ તેમ જ અંગત ફાયદા માટે આ દુશ્મનાવટભરી પ્રવૃત્તિનો લાભ ઉઠાવવાની ઈચ્છા સેવે એ પણ તેમના વિષે શકય હતું નહિ. પાકિસ્તાન સાથેનો આ સંઘર્ષ ભારત ઉપર લાદવામાં આવ્યો છે અને આક્રમણનો સામનો કરવો એટલો જ માત્ર સીમિત હેતુ આ સંઘર્ષનો છે અને આખરે તો, ભારતને પોતાના પડોશી સાથે શાંતિપૂર્વક રહેવાનું જ છે—આ હકીકત ઉપર તેઓ સતત ભાર મૂકતા રહ્યા હતા. સાંકડી દૃષ્ટિથી પ્રેરાયેલી ટીકાટીપ્પણીની સામે થઈને પણ, કચ્છ અંગે થયેલી સમાધાનીને વળગી રહેવાની તેમણે નૈતિક હિમત દાખવી હતી; અને ઈન્ડસ બેઝીન—સિન્ધુ નદીના પાણીને—લગતા કોલકરારને તેઓ એટલી જ મક્કમતાપૂર્વક વળગી રહ્યા હતા. સુલેહ-શાંતિ પુનઃ પ્રસ્થાપિત કરવાના સર્વ કોઈ સ્વમાનભર્યા માર્ગો ઢુંઢવા તેઓ પ્રયત્નશીલ રહ્યા હતા, જેનું તાશ્કંદનું જાહેરનામું આબાદ સાક્ષી-રૂપ છે. " The last of life for which the first was made." જે હેતુ માટે તેમણે જન્મ લીધો હતો તે હેતુની અંતિમ પરિપૂર્તિ—આવી એક કવિની ઉકિત તેમના વિષયમાં સંપૂર્ણ-પણે સાચી પૂરવાર થઈ હતી.

શાસ્ત્રીજી પોતાના અંગત સંબંધોમાં વિનમ્ર હતા અને પૂરી ધીરજવાળા હતા. તેઓ ભારતના મહા અમાત્ય બન્યા ત્યાર બાદ તેમને મારે બે વાર મળવાનું બનેલું. આ અંગે મારા મન ઉપર એવી છાપ પડી હતી કે આપણે જે કાંઈ કહેવા માગતા હોઈએ તેને તેઓ પૂરી ધીરજ અને ધ્યાનપૂર્વક સાંભળતા હતા અને આપણા મુદ્દા અંગે પોતે બંધાઈ જાય એવો ઉત્તર તેઓ સ્વાભાવિક રીતે ન આપે અથવા તો તે અંગે પોતાના વિચારો મુકતપણે આપણને ન જણાવે તો પણ, પોતાના દૃષ્ટિકોણથી જુદા પડતા દૃષ્ટિકોણની તેઓ પૂરી કદર કરતા હતા અને નવા વિચારો અને ખ્યાલોનો તેઓ પૂરો આદર કરતા હતા. મને યાદ છે કે તેમણે આપણને મળવા માટે આપેલા સમયથી ત્રણ કે ચાર મિનિટ પણ મોડું થયું હોય તો પણ તે માટે તેઓ દિલગીરી દર્શાવતા હતા અને ક્ષમા માગતા હતા, જ્યારે છેલ્લી ઘડીએ આપેલી એપોઈન્ટમેન્ટ (મળવાનો સંકેત) રદ કરવામાં અથવા તો લોકોના ટોળાને એક કે બે કલાક ખોટી કર-વામાં પોતે કશું જ ખોટું કરતા નથી એવા આપણા આગેવાન રાજ-કારણી પુરુષોની વાત સાવ જુદી જ છે. શાસ્ત્રીજીની સાદાઈ સાચા દિલની હતી. એમાં કોઈ દેખાવ કરવાની વૃત્તિ નહોતી. તેમની નમ્રતા મુગ્ધ બનાવે તેવી હતી; તેમની અંતરનિષ્ઠા પારદર્શક હતી. જેમ જેમ તેમનો અનુભવ વધતો ગયો અને એક પછી એક કટો-કટીનો તેઓ સામનો કરતા ગયા, તેમ તેમ તેમનો વિશ્વાસ અને અંતરગત તાકાત વધતાં ગયાં જેનું, જો તેઓ વધુ જીવ્યા હોત તો, દેશ માટે પારવિનાનું મૂલ્ય હતું. કમનસીબે, તેમને મળેલા મહાન નૈતિક વિજયની સર્વોત્કૃષ્ટ ઘડિએ આપણી વચ્ચેથી તેઓ એકાએક હંમેશને માટે વિદાય થઈ બેઠા!

મૃત્યુ સૌ કોઈને સરખા બનાવે છે, પણ એ જ મૃત્યુ મહાન માનવીની મહત્તાને કાંઈ જુદી જ આભા અર્પે છે. જે સંદર્ભમાં શાસ્ત્રીજીનું મૃત્યુ નીપજ્યું એ સંદર્ભે શાસ્ત્રીજીને દુનિયાની નજરમાં મહામાનવ બનાવી દીધા છે. પોતાના ૧૮ મહિ-નાના રાજકીય સૂત્રધારણ દરમિયાન શાસ્ત્રીજીએ રાષ્ટ્રની પાયાની એકતા, અને ધૃતિપૂર્ણ તાકાતને પ્રતિબિંબિત કરી છે. જેટલી શાંતિ-પૂર્વક જીવવાની ઈચ્છા છે એટલો જ પ્રબળ પોતાને મળેલી સ્વતંત્રતા ટકાવી રાખવાનો નિશ્ચય છે—એવી પ્રજાસમુદાયની—રાષ્ટ્રની—ઈચ્છા અને નિશ્ચયમયતાને શાસ્ત્રીજીએ મૂર્તરૂપ આપ્યું છે.

બાઈબલની પરિભાષામાં કહું તો For a brief time in our nation's history, the meek inherited a large part of this small planet : આપણા રાષ્ટ્રના લાંબા ઈતિહાસમાં થોડી ઘડિ માટે, આ ના નાસરખા ગ્રહના એક મોટા ફલક ઉપર ઈશ્વરને પ્યારા એવા એક વિનમ્ર આદમીનું શાસન પ્રવર્ત્યું હતું.

અનુવાદક : મૂળ અંગ્રેજી :
પરમાનંદ **શ્રી ગગનવિહારી લ. મહેતા**

પૂરક નોંધ: લાલબહાદુર શાસ્ત્રીનું અવસાન થયે આજે લગ-ભગ ૨૦ દિવસ થવા આવ્યા એમ છતાં તેમના અવસાન અંગેની આપણા દિલની વેદના હજુ જરા પણ શમી નથી. જેમ જેમ તેમનો વિચાર કરીએ છીએ, તેમના વિષે વધારે સાંભળીએ છીએ, જાણવા પામીએ છીએ તેમ તેમ તેમના વિષેનો આપણો આદર વધતો જાય છે, તેમની મહત્તા વિષેનો આપણો આંક ઊંચે ચઢતો જાય છે, સામા-ન્ય દેખાતો આદમી શું આટલો બધો અસામાન્ય હતો એવું કૌતુક અને કુતૂહલ આપણાં ચિત્તને ઘેરી વળે છે. એમાં પણ જ્યારે આપ-ણને ખબર પડે છે કે તેમના અવસાન સમયે તેમની પાસે કોઈ બૅંક-બેલેન્સ નહોતી—કોઈ મૂડી નહોતી — ત્યારે આપણા આશ્ચર્યનો કોઈ પાર રહેતો નથી, અને આપણું મસ્તક તેમના ચરણમાં સહજભાવે નમી પડે છે. કોઈ પણ દેશનો મહાઅમાત્ય અને તે પણ આવી પાકટ ઉમરે ગુજરી જાય ત્યારે તેની પાસે મૂડીમાં કશું જ ન હોય — આવો બીજો દાખલો ઈતિહાસમાં મળવો મુશ્કેલ છે. આવો અપ-રિગ્રહ ભાગ્યે જ અન્યત્ર જોવા, જાણવા કે સાંભળવા મળે તેમ છે, અલબત્ત, જૈન સાધુઓ પરિગ્રહી હોવાનો દાવો કરી શકે તેમ છે, પણ તેઓ સંસારથી નિવૃત્ત છે, અકર્મક છે, અને ભિક્ષોપજીવી છે. શાસ્ત્રી પ્રવૃત્ત હતા, કર્મયોગને વરેલા હતા, સકર્મક હતા અને સ્વાવ-લંબી હતા. ચોતરફ ભોગ વૈભવથી વીંટળાયલા અને પારવિનાની સત્તાના ધારક અને એમ છતાં આવો અપરિગ્રહી—આવો અનાસકત માનવી દુનિયામાં ભાગ્યે જ પાકે છે. તેનું ખરું મૂલ્ય, શ્રી ગગન-વિહારી મહેતા કહે છે તેમ, તેના મૃત્યુ બાદ જ જગતના જાણવામાં આવ્યું છે. આવી એક વ્યકિતની મહત્તાના અનુમાપક બે ત્રણ નાના છતાં રહસ્યપૂર્ણ પ્રસંગો નીચે રજૂ કરતાં ઊંડી પ્રસન્નતા અનુભવું છું.

પરમાનંદ

શાસ્ત્રીજી અને રામનાથ

લાલબહાદુર શાસ્ત્રીનો રામનાથ નામનો એક નોકર હતો. તે શાસ્ત્રીજીની છેલ્લાં ૪૫ વર્ષથી નોકરી કરતો હતો. શાસ્ત્રીજી પોતાના બધા પ્રવાસમાં તેને સાથે રાખતા હતા અને મોટા ભાગે તે તેમની રસોઈ કરતો હતો અને સારસંભાળ પણ લેતો હતો. તાશ્કંદની યાત્રા પ્રસંગે પણ રામનાથ શાસ્ત્રીજીની સાથે હતો. તાશ્કંદ રામનાથ ગયો સાથે અને પાછો આવ્યો એકલો. શાસ્ત્રીજીની અંતિમ યાત્રા નીકળી ત્યારે તે બેહોશ થઈ ગયો હતો. શાસ્ત્રીજી સાથે રામનાથનો સંબંધ શેઠ નોકરનો નહિ પણ અમુક અંશે બાપ - દીકરા જેવો હતો. આ બાબતનો પત્તો લાગતાં જન્મભૂમિનો પ્રતિનિધિ લાલબહાદુર શાસ્ત્રીના નિવાસસ્થાને ગયો અને આ રામનાથને મળ્યો. તેની સાથે વાતો કરતાં રામનાથે આંસુભરી આંખોએ શાસ્ત્રી સાથેના સંબંધને જે રીતે વર્ણવ્યો તે તેના જ શબ્દોમાં નીચે મુજબ હતો:—

"મારી બા ભગવાનને ઘેર ગઈ ત્યારે હું તો એક વર્ષનો હતો, હું અને મારી બહેન એમ અમને બંનેને અહીં આ કુટુંબમાં આધાર મળી ગયો. મને બાબુજીની રસોઈ કરવાનું કામ સોંપાયું અને એમની બીજી તજવીજ સાચવવાનું પણ સોંપાયું. બાબુજી મને પોતાના દીકરા જેવો જ સમજતા. આટલું કહેતાં કહેતાં રામનાથનો અવાજ ગળગળો બની ગયો. મેં એને પૂછ્યું: "તો ભાઈ રામનાથ, શાસ્ત્રીજીની કઈ વસ્તુ તને ખૂબ જ ગમી ગઈ હતી?" મારો સવાલ સાંભળી રામનાથ બે ક્ષણ થોભ્યો... વિચારના રૂપમાં ઊતરી ગયો... પણ તુરત જ બહાર આવ્યો: "બાબુજીની એવી તે કઈ વસ્તુ નહોતી જે મને પ્રિય ન હોય! ઓ હો, કેવા માયાળુ હતા એ! ન કોઈ દિવસ એ એ ગુસ્સે થાય. તમને કહું, હમણાં થોડા દિવસ પર અમે અલાહાબાદ

ગયેલા. ત્યારે હું એમના સામાનમાં એમની સ્વચ્છ ધોયેલી ટોપી વિમાનમથકે લઈ જવાનું ભૂલી ગયેલો. બાબુજી તો એવા કે ટોપી પહેર્યા વિના એ કદી બહાર ન નીકળે. વિમાન-મથકેથી હું સીધો જ ઘેર દોડયો. અને ટોપી લઈને પાછો ફર્યો તેમાં એક કલાક નીકળી ગયો. એક કલાક વિમાન ખોટી થયું. પણ બાબુજી જેનું નામ, એ જરા યે ગુસ્સે ન થયા અને મને કશો ઠપકોએ ન આપ્યો. હું ટોપી લઈને વિમાનઘરે પહોંચ્યો ત્યારે બાબુજી તો હસતા હતા.

"અને બીજી વાત કરું." રામનાથ હવે બાબુજીમય થઈ ગયો હતો. બાબુજીને પોતાના ગુરુ માટે અનહદ માન. મારી સાથે બાબુજી ઘણી વાતો કરતા. થોડાંક વર્ષ પહેલાં એમના ગુરુ ગુજરી ગયા ત્યારે બાબુજી ગુરુને ગામ ગયા હતા. અને ત્યાં ઘણાં દિવસ રહ્યા હતા.

શાસ્ત્રીજીના જીવનના આખરી દિવસનું રામનાથે વર્ણન કર્યું તે પણ જાણવા મળે છે.

એણે કહ્યું: "પરોઢિયું થયું ત્યારે વાતાવરણ સ્વચ્છ હતું. એવી કંઈ ઠંડી ન હતી. બાબુજી સૂતા હતા. આમ તો રોજ વહેલા ઊઠવાનો એમનો નિયમ છે, પણ તે દિવસે તેઓ સવારે નવ વાગ્યા સુધી સૂઈ રહ્યા. મને અચરજ થયું. પણ કામે ય કેવું સતત કર્યે રાખેલું એટલે થાકે ય લાગે જ ને! ઊઠ્યા પછી બાબુજી પાછા કામમાં પરોવાઈ ગયા. અને સાંજે મને કહ્યું: "રામનાથ તારે મારી સાથે પાર્ટીમાં આવવાનું જ છે." હું પાર્ટીમાં ગયો તો ખરો પણ વહેલો ઘેર આવી ગયો. બાબુજીએ ઘેર આવ્યા પછી મને કહ્યું: "રામનાથ ચાલ તો જરા બટેટાનું શાક બનાવી નાખ." થોડુંક જમ્યા ત્યારે રાત્રિના બાર વાગેલા. મને કહ્યું: "અલ્યા જો બાર વાગી ગયા, બત્તી બૂઝાવી નાખ, હમણાં કંઈ સામાન બાંધવો નથી. પણ જો આવતી કાલે મારે વિમાનમાં જવાનું છે તો મારો ઊનનો ધાબળો લેવાનું ભૂલીશ નહિ." આમ કહીને બાબુજી સૂઈ ગયા, ઊંઘી યે ગયા. એક કલાક રહીને હું જાગી ઊઠયો અને ખંડની બહાર જઈને જોયું તો બાબુજી શર્માજીના ખોળામાં સૂતેલા હતા. પછી શું થયું તે મને ખ્યાલ નથી." આટલું બોલ્યા પછી રામનાથ વિશેષ બોલવા જતો હતો પણ ત્યાં વાણી કંઠમાં અટકી ગઈ હતી. પણ રામનાથની આંખ ઘણું ઘણું કહેતી હતી.

શાસ્ત્રીજી અને ટાંગાવાળો

પોતાની આખી જિંદગી દરમિયાન શાસ્ત્રીજી બે વાર ગુસ્સે થયાનું – મીજાજ ગુમાવ્યાનું–જણાવવામાં આવે છે. એક વાર, વર્ષો પહેલાં, અલાહબાદમાં એક ટાંગાવાળાએ તેમને છેતરીને બહુ લાંબા રસ્તા ઉપર ફેરવીને સૂચિત સ્થાને પહોંચાડયા હતા અને આને લીધે તેઓ જે સમયે જેમને મળવા ઈચ્છતા હતા તેમાં ઠીક ઠીક મોડું થયું હતું. આથી શાસ્ત્રીજી ખૂબ ખીજાઈ ગયા અને આવી છેતરપીંડી કરવા માટે ટાંગાવાળાને તેમણે ખૂબ ધમકાવ્યો અને પછી તે અંગે ખૂબ પસ્તાવો અનુભવતા હોય અને પોતાનો મીજાજ ગુમાવવા બદલ પ્રાયશ્ચિત કરતા હોય તેમ શાસ્ત્રીજીએ ટાંગાવાળાને તેની સાથે આઠ આના ભાડું નક્કી કરેલું તેના બદલે એક રૂપિયો આપ્યો.

શાસ્ત્રી અને તેમનો બાળ–હરિ

ગુસ્સે થવાનો બીજો પ્રસંગ આ મુજબ હતો. તેમના મોટા દીકરા હરિએ, તે બહુ નાનો હતો ત્યારે, કાંઈ અટક્યાળું કરેલું, અને શાસ્ત્રીજી આ કારણે તેના ઉપર ખૂબ ખીજાયા. એક સોટી લઈને હરિને મારવા માટે તેની પાછળ પડયા અને સોટીના મારથી બચવું હોય તો બાથરૂમમાં સંતાઈ જવાનું પણ બૂમો પાડીને શાસ્ત્રીજી કહેતા રહ્યા.

શાસ્ત્રીજી વિષે શ્રી. ડી. આર. માંકેકર

જાણીતા પત્રકાર શ્રી ડી. આર. માંકેકરે તા. ૧૬-૧-૧૯૬૫ ના ટાઈમ્સ ઑફ ઈન્ડિયામાં સ્વ. લાલબહાદુર શાસ્ત્રીને અંજલિ આપતી એક વિસ્તૃત સ્મરણનોંધ લખી છે. તેના અંત ભાગમાં શાસ્ત્રીજી વિષે ઘેરું દર્દભર્યું અંતઃસંવેદન રજૂ કરતાં તેઓ નીચે મુજબ જણાવે છે:–

"મને અંગત રીતે, આપણને આરપાર નીરખતાં તે મૃદુ નયનો, એ મીઠો મધુર અવાજ જે સાંભળતાં આપણે એક પ્રકારની સ્વસ્થતા અનુભવતા હતા અને આપણાથી કોઈ ચડિયાતી વ્યક્તિની નહિ પણ સમકક્ષના બંધુની પ્રતીતિ થતી હતી, પણ જેમાં, રાજકારણના ક્ષેત્રે આગેવાન લેખાતી મોટી મોટી વ્યક્તિઓમાં જે ત્રૂટિઓનો આપણને આજે ચાલુ અનુભવ થાય છે તેવી કોઈ અહંતા, આત્માભિમાન કે વિચિત્રતાઓનો લેશ માત્ર અનુભવ થતો નહોતો એવા એ કર્ણ-મધુર અવાજની અને દર્શનમધુર નયનોની તીવ્રપણે ખોટ સાલે છે. છેલ્લાં ત્રીશ વર્ષના ગાળા દરમિયાન જાહેર જીવનમાં આગળ આવેલી એવી અનેક વ્યક્તિઓના સીધા સંપર્કમાં આવવાનું મારા ભાગે આવ્યું છે. આ વૈવિધ્યભર્યા અનુભવોમાં શાસ્ત્રીજી સૌથી વધારે માનવતાથી ભરેલા વ્યક્તિવિશેષ હતા.

"દુઃખ સાથે કહેવું પડે છે કે નવી દિલ્હીમાં કે અન્યત્ર આપ-ણને શાસ્ત્રીજીની સભ્યતા ફરીથી જોવા કે અનુભવવા નહિ મળે. કારણકે શાસ્ત્રીજીને સરજીને ઈશ્વરે જાણે કે એ મોલ્ડ-એ ઢાળો–ભાંગી નાંખ્યો છે. એમની જોડ બીજી કોઈ છે જ નહિ."

"ખુદા હાફિઝ"

તા. ૧૦ મી જાન્યુઆરીના રોજ તાશ્કંદ મંત્રણા પૂરી થયા બાદ પ્રમુખ અય્યુબખાન અને વડા પ્રધાન લાલબહાદુર શાસ્ત્રીએ એક બીજાની વિદાય ભારે પ્રેમભરી રીતે લીધી હતી. સોવિયેટ વડા પ્રધાન કોસિજીને યોજેલા ભોજન સમારંભ પછી એક બીજાની વિદાય લેતી વેળાએ પ્રમુખ અય્યુબખાને કહ્યું: "ખુદા હાફિઝ" (ખુદાનો આપને સાથ હો!) શ્રી શાસ્ત્રીએ આના જવાબમાં જણાવ્યું. "ખુદા હાફિઝ" (ઈશ્વરનો આપને સાથ હો!) શ્રી શાસ્ત્રીએ વધુમાં કહ્યું:–

"અચ્છા હી હો ગયા!"

અય્યુબખાને જવાબ આપ્યો.

"ખુદા અચ્છા હી કરેગા!"

આવા હતા આપણા લાલબહાદુર શાસ્ત્રી!

પરમાનંદ

દશ મુદ્દાની ઐતિહાસિક તાશ્કંદ જાહેરાત

સોવિયેટ રશિયાના વડા પ્રધાન કોસિજીનની દરમિયાનગિરી નીચે તાશ્કંદ ખાતે તા. ૪ જાન્યુઆરીથી તા. ૧૦ જાન્યુઆરી સુધીની સતત વાટાઘાટોના પરિણામે ભારતના મહાઅમાત્ય લાલ-બહાદુર શાસ્ત્રીની અને પાકિસ્તાનના પ્રમુખ જનરલ અય્યુબખાન વચ્ચે જે દશ મુદ્દાની સમજૂતી થઈ તે દશ મુદ્દાઓ, અત્યંત મહ-ત્વના હોઈને તેમ જ તેનો હવે પછીની મંત્રણાઓમાં અવારનવાર ઉલ્લેખ થવાની શકયતા હોઈને, તેની પૂર્વભૂમિકા સાથે, નીચે આપ-વામાં આવે છે:–

"વડા પ્રધાન શ્રી લાલબહાદુર શાસ્ત્રી અને પ્રમુખ અય્યુબ-ખાન વચ્ચે જે તાશ્કંદ જાહેરનામા પર સહીઓ થઈ હતી, એ જાહેરનામું અક્ષરસઃ આ પ્રમાણે છે:–

ભારતના વડા પ્રધાન અને પાકિસ્તાનના પ્રમુખ તાશ્કંદ ખાતે મળ્યા હતા અને આ દરમિયાન એમણે ભારત અને પાકિસ્તાન વચ્ચેના વર્તમાન સંબંધો વિશે ચર્ચા કરી હતી. આ બાદ બન્ને પોતાના એવા દઢ નિરધારની જાહેરાત કરે છે કે તેઓ એમના બંને દેશો વચ્ચે મૈત્રીભર્યા અને સમજદારીપૂર્ણ સંબંધો વિકસાવશે. આ રીતના સંબંધો વિકસાવવાના ધ્યેયને તેઓ ભારત અને પાકિસ્તાનના ૬૦ કરોડ લોકોના ભલાને માટે અત્યંત મહત્ત્વનું ગણે છે.

(૧) ભારતના વડા પ્રધાન અને પાકિસ્તાનના પ્રમુખ એ બાબતમાં સંમત થાય છે કે બંને દેશો સંયુક્ત રાષ્ટ્રસંસ્થાના ખતપત્ર અનુસાર ભારત અને પાકિસ્તાન વચ્ચે સારા પડોશી તરીકેના સંબંધો વિકસાવવા સર્વ પ્રયાસો કરશે. તેઓ ખતપત્ર મુજબ બળનો આશ્રય

નહિ લેવાનું અને પોતાની વચ્ચેના સઘળા પ્રશ્નો શાંતિમય રીતે ઉકેલવાની પોતાની જવાબદારીનું પુનઃ ઉચ્ચારણ કરે છે.

એમને લાગે છે કે એમના પ્રદેશમાં શાંતિના હિતો અને ખાસ કરીને ભારત અને પાકિસ્તાનના ઉપખંડ તેમ જ ભારત અને પાકિસ્તાનના લોકોનાં હિતોની, બંને દેશો વચ્ચે તંગદિલી ચાલુ રહે તો, જરા ય જાળવણી થતી નથી. આ પૂર્વ ભૂમિકામાં જમ્મુ અને કાશ્મીરની ચર્ચા થઈ હતી અને આ વિશે બંને પક્ષે પોતપોતાનાં વલણો રજૂ કર્યાં હતાં.

(૨) ભારતના વડા પ્રધાન અને પાકિસ્તાનના પ્રમુખ એ બાબતમાં સંમત થયા હતા કે બંને દેશોના સશસ્ત્ર માણસોને ૧૯૬૬ની ૨૫મી ફેબ્રુઆરી સુધીમાં, તેઓ ૧૯૬૫ની પાંચમી ઑગસ્ટે જ્યાં હોય ત્યાં, ખસેડી લેવામાં આવશે અને બંને પક્ષો યુદ્ધવિરામ હરોળ પર યુદ્ધવિરામની શરતોનું પાલન કરશે.

(૩) ભારતના વડા પ્રધાન અને પાકિસ્તાનના પ્રમુખ એ બાબતમાં પણ સંમત થાય છે કે ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધો એકબીજાની આંતરિક બાબતોમાં દરમિયાનગિરી નહિ કરવાના સિદ્ધાંત પર આધારિત હશે.

(૪) ભારતના વડા પ્રધાન અને પાકિસ્તાનના પ્રમુખ એ અંગે સંમત થયા હતા કે બંને પક્ષો એકબીજા દેશ સામે થતા વિરોધી પ્રચારને ઉત્તેજન નહિ આપે, એટલું જ નહિ પણ, બંને દેશો વચ્ચે મૈત્રીભર્યા સંબંધો વિકસે એ પ્રકારના પ્રચારને ઉત્તેજન આપશે.

(૫) ભારતના વડા પ્રધાન અને પાકિસ્તાનના પ્રમુખ એ બાબતમાં સંમત થયા હતા કે પાકિસ્તાન ખાતેના ભારતીય હાઈકમિશનર અને ભારત ખાતેના પાકિસ્તાની હાઈકમિશનર એમના હોદ્દાઓ પર પાછા ફરશે અને બંને દેશોનાં રાજદ્વારી એલચી ખાતાઓ પૂર્વવત્ કામકાજ કરતાં થશે. રાજદ્વારી વિનિમય માટે બંને દેશો ૧૯૬૧ના જીનિવાના કરારનું પાલન કરશે.

(૬) ભારતના વડા પ્રધાન અને પાકિસ્તાનના પ્રમુખ બંને દેશો વચ્ચેના આર્થિક અને વેપારી સંબંધો તેમ જ સાંસ્કૃતિક વિનિમયની પુનઃ શરૂઆત કરવાનાં પગલાં વિચારવા તેમ જ ભારત અને પાકિસ્તાન વચ્ચેની અત્યારની સમજૂતીઓના અમલ માટે પગલાં લેવા સંમત થયા છે.

(૭) યુદ્ધકેદીઓની ફેરબદલી માટે પોતપોતાના સત્તાવાળાઓને સૂચનાઓ આપવા ભારતના વડા પ્રધાન અને પાકિસ્તાનના પ્રમુખ સંમત થયા છે.

(૮) નિર્વાસિતો, સ્થળાંતરિતો અને ગેરકાયદેસર રીતે ઘૂસી આવેલાઓને લગતા પ્રશ્નોની વિચારણા બન્ને પક્ષે ચાલુ રાખવા માટે ભારતીય વડા પ્રધાન શ્રી શાસ્ત્રી અને પાકિસ્તાનના પ્રમુખ શ્રી અય્યુબખાન સંમત થયા છે એને લોકોની હિજરત અટકી જાય તેવી પરિસ્થિતિ બન્ને પક્ષે ઊભી કરવા માટે પણ તેઓ સહમત થાય છે. સંઘર્ષ સાથે સંકળાયેલી હોય તેવી કબજે લેવામાં આવેલી મિલકતો અને અસકયામતો એકબીજાને પાછી આપવા સંબંધમાં ચર્ચા - વિચારણા કરવા માટે પણ તેઓ સંમત થાય છે.

(૯) બંને દેશોને સીધી રીતે સ્પર્શતી બાબતો સંબંધમાં સહુથી ઉચ્ચ કક્ષાએ તથા ઈતર કક્ષાએ બન્ને પક્ષે ચર્ચા - વિચારણા કરવા અને તે ચાલુ રાખવા માટે પણ તેઓ સંમત થાય છે અને હવે પછી વધુ કયાં અને કેવાં પગલાં લેવાં તે સંબંધમાં બન્ને દેશોને ભલામણો કરવા માટે ભારત અને પાકસ્તિાનની બનેલી સંયુકત સંસ્થા ઊભી કરવાની જરૂરિયાતનો બંને પક્ષ સ્વીકાર કરે છે.

(૧૦) ભારતના વડા પ્રધાન અને પાકિસ્તાનના પ્રમુખ સોવિયેટ સંઘના નેતાઓ પ્રત્યે અને સોવિયેટ સંઘના વડા પ્રધાન તથા અન્ય પ્રધાનો પ્રત્યે, તેમણે આ મંત્રણાઓ યોજવા માટે મૈત્રી - સહકારની સક્રિય ભાવનાથી પ્રેરાઈને જે કાર્ય કર્યું છે તે માટે ઊંડી આભારની લાગણી વ્યકત કરી છે. ઉઝબેકિસ્તાનની સરકાર તથા પ્રજાએ બતાવેલી ઉદાર આતિથ્યભાવના માટે તેનો ઊંડા અંતઃકરણપૂર્વક આભાર માને છે અને તેઓ સોવિયેટ સંઘના વડા પ્રધાનને આ જાહેરનામાના સાક્ષી બનવા માટે આમંત્રણ આપે છે."

ભારતના વડા પ્રધાન : શ્રી લાલબહાદુર શાસ્ત્રી.

પાકિસ્તાનના પ્રમુખ : શ્રી મોહમદ અય્યુબખાન.

તાશ્કંદ, તા. ૧૦-૧-૧૯૬૬.

મહાપ્રસ્થાનના પથ પર—૫

વહેલી સવારે ઊંઘ ઊડી ગઈ. શરીર થાક અને ખેદથી કળતું હતું. માથું ઊંચું કરવાની પણ ઈચ્છા નહોતી, ગરદનમાં દુઃખાવો થતો હતો. ખભા, પીઠ, કમર બધું દુઃખતું હતું, ને પગની દશા જોઈને તો આંખમાં પાણી આવ્યાં. એને બિચારાને કેટલા હેરાન કરું છું. પ્રભુભકત બન્ને પગો દુઃખ સહન કરતા હતા, જરા જેટલો ય વિરોધ કરતા નહોતાં.

ઊઠીને બેઠો થયો. શરીર અકડાઈ ગયું હતું. જાણે શરીર પર કોઈએ લાઠીમાર માર્યો હોય એમ લાગતું હતું. આજે બધા કરતાં મોટામાં મોટો આનંદ એ હતો કે ચાલવાનું નહોતું. અહીં જો નિયમિત રીતે ખાવાનું અને કપડાં મળી રહેતાં હોય તો પછી સ્વર્ગમાં પણ જવાની મારી ઈચ્છા નહોતી.

પૃથ્વીમાં જે માણસ બધાથી સુખી હોય એવી આપણી ધારણા હોય છે, તો પણ જ્યારે મળે ત્યારે એના આત્માને શાંતિ મળે એવી આપણે પ્રાર્થના કરીએ છીએ. મનુષ્ય આમ તો પૃથ્વીમાં જન્મ ધારણ કરીને દુઃખી થાય છે, એવી આપણી ધારણા છે. અહીં એને શાન્તિ નથી, એ વાતનો જાતે અનુભવ કરે છે. એટલે તો એ દેવદેવતાની દુનિયા, સ્વર્ગની ભાવના, પરલોકમાં શાન્તિનો ભાવના વગેરેની એ કલ્પના કરે છે. કલા, સાહિત્ય, સંસ્કૃતિ, સભ્યતા, એ બધું હોવા છતાં માણસની દષ્ટિ ઉર્ધ્વગામી હોય છે. ગંભીરતામાં એ શાંત્વનાની વાણી શોધે છે, આશાનો આશરો ખોળે છે. જીવનના અન્તની પાછળ પણ એ દૂરદૂરની વેદનાનો હમેશાં અનુભવ કરે છે.

નિર્મળ તડકાથી ચારેબાજુ છવાઈ ગઈ છે, મધુર પવન વાય છે. આકાશ કોમળ, ભૂરું હતું, કયાંક કયાંક સફેદ વાદળાં આકાશમાં આમતેમ આંટા મારતાં હતાં. તેમાનાં કોઈ કોઈ પર્વતશિખરને સ્પર્શ કરતાં હતાં. એ પર્વતશિખરોએ ઘેરા લીલા રંગનું અરણ્યરૂપી ઉત્તરીય પહેર્યું હતું. પવનને લીધે એ ઉત્તરીય આકુળ હોય તેમ હાલતું હતું.

ગંગા ને અલકનંદાના સંગમમાં પાપીઓનું દલ શ્રાદ્ધ અને તર્પણ કરવા બેસી ગયું હતું. ગોપાલદા, બ્રહ્મચારી તથા ડોસા-ડોસીનું ટોળું માથું મુંડાવવા બેસી ગયું હતું. પંડાઓએ મંત્ર ભણાવ્યા, પિતૃલોકમાંથી પુરુષોએ આવીને ભકત એવાં વંશજોના હાથમાંથી લોટના ગોળા ખાઈને સંતોષ પામીને ફરી પ્રસ્થાન કર્યું. બધા પ્રયોગોમાં શ્રાદ્ધ ને પિંડદાન કરવું એવો શાસ્ત્રનો આદેશ છે, અને આ તો શાસ્ત્રની જ ભૂમિ.

દિવસ મજાનો લાગતો હતો. આટલી હેરાનગતિ, આટલો થાક હોવા છતાં આવી સુંદર સવારની રેખાએ રેખાનો હું ઉપભોગ કરતો હતો, પાસે જ નદીની પેલીપાર કાઠમલ્લિકાનું ઝાડ પવનથી ઝોલા ખાતું હતું. નદી ઘણી નીચે હતી, શરીરપર પવનની લહરી અનુભવતો હું અલકનંદાના પૂલપર ફરતો હતો. મનમાં ને મનમાં ગીત ગૂંજતો હતો. "કેવળ અકારણ પુલકિત થઈ જાઉં છું. આ દિવસના ક્ષણજીવી તેજમાં, હે પ્રાણ, ક્ષણિક ગાન ગાઈ લે." આ કવિતાનો જે વ્યંગ્યાર્થ હતો, તે જ દરેક દિશામાં ધ્વનિત થતો મેં અનુભવ્યો. સવારનું આ ચિત્ર જાણે કોઈ, કલાકારે પોતાના સમસ્ત જીવનની સાધનાથી અંકિત કર્યું હતું. મારું સમસ્ત મન આ ચિત્રના પટમાં પૂર્ણતૃપ્તિની તંદ્રા અનુભવતું હતું.

ઘણી વાર થઈ ગઈ હતી. રસોઈની તૈયારી કરીને અલકનંદામાં સ્નાન કરી આવ્યો. બ્રહ્મચારીને આજે રામચન્દ્રનો પ્રસાદ લેવાનો હતો. એ આજે મારી જોડે જમવાનો નહોતો, એ મંદિરે ગયો હતો. હું રસોઈ કરવાની તૈયારીમાં બેઠો હતો. એવામાં ગોપાલદાએ કહ્યું, "નોટના છૂટા ન મળી શકયા, ચારેક આનાના પૈસા આપો

તો દાદા! દુકાનદારનો હિસાબ પતાવી દઉં, પાછા આપી દઈશ.'

લાકડાના ચૂલામાં ફૂંક મારી મારીને આંખમાં આગ બળતી હતી. આંખમાંથી પાણી પડતું હતું. મેં કહ્યું "જરા ઊભો રહે આપું છું."

રૂમાલે બાંધેલા પૈસા ટ્રંકમાં જ રહેતા હતા, ને દિનરાત મારી સાથેસાથે જ ફરતા હતા. પૈસા બહાર કાઢવા જતાં મેં જોયું ટ્રંક ખાલી હતી. રૂમાલની તો કોઈ નિશાની જ નહોતી એનો અર્થ શું? ચારે બાજુ જોયું અને મારા મોઢાંની શકલ એક મિનિટમાં બદલાઈ ગઈ. ઊઠીને ઝોળીને ઝાટકીને જોયું, કામળો ઝાટકયો, કફનીનાં ખીસ્સાં વારંવાર તપાસી જોયાં. ગળાની અંદર જાણે કોઈ ધકેલા મારતું હતું. છાતીમાં જાણે કોઈ ચુપડાંથી ઝાટકતું હોય તેવો અવાજ આવતો હતો. ચીસ પાડીને ઊઠવાનો મેં પ્રયત્ન કર્યો, પણ ચીસ પાડી શકાઈ નહિ. નાસી જવાની ઈચ્છા થઈ, પણ જવું ક્યાં? સત્યાનાશ! અરે, ભગવાન, આ શું થઈ ગયું?

કૂતરાના માથા પર કોઈએ ખબર ન પડે એમ જોરથી લાઠી મારી હોય અને એ જેમ લથડિયું ખાઈને પાગલની જેમ આમ તેમ ચક્કર લગાવે તેવી જ થોડી ક્ષણ ચેતનવિહિન બનીને હું ધર્મશાળામાં આંટા મારવા લાગ્યો. બધું હતું, કામળો હતો, ઝોળો હતો, લાઠી લોટો હતાં, નહોતી ફકત એ બધા કરતાં જે વધારે ઉપયોગી ને બધાના મૂળમાં હતી તે તરતુ–સર્વશ્રેષ્ઠ ધન. મારાં સુખ સ્વપ્ન, આનંદવેદના, પથશ્રમ ને તીર્થયાત્રા, સ્વપ્ન અને સૌંદર્યબોધ, સહાનુભૂતિ અને અનુપ્રેરણા, બધાના મૂળમાં જે રહેલું છે તે, મેલા રૂમાલમાં બાંધેલા પૈસાટકા જ નથી એ વાત મારા મનમાં ઘોળાયા જ કરી, મારા પ્રાણનો રસ એક ક્ષણમાં જ બધો સૂકાઈ ગયો, શરીરમાં ટીપું પણ લોહી રહ્યું નહોતું, આખું શરીર બરફ જેવું ઠંડું હતું, એમાં ચૈતન્ય નહોતું–જાણે મારું અપમૃત્યુ થયું હતું. મારી આ દુર્દશાનો વિચાર કરતાં કરતાં મારો જાણે શ્વાસ રૂંધાઈ ગયો. આ માર્ગમાં નહોતી કોઈની સહાનુભૂતિ, નહોતી કોઈની મમતા, –જે થોડી હોય તે કેટલી મૌખિક હતી-સ્નેહહીન, પુણ્યલોભી યાત્રીઓનું દલ–ઉદાસીનતાથી મને છોડીને ચાલી જશે – આજથી ઘણા દિવસો સુધી મારી સ્થિતિ નિર્વાસિત જેવી થઈ જવાની. ચારે તરફના પહાડો, રાક્ષસની જેમ, મારી સામે આવીને ભયાનક નૃત્ય કરતા હતા.

"કેમ દાદા! મારે ઉતાવળ છે, પૈસા આપોને?"

મેં કહ્યું, "મારી પાસે છૂટા પૈસા નથી ગોપાલદા! તમારે નોટ વટાવવી પડશે.."

"તો તો પછી બજારમાં જ જાઉં, નોટ વટાવી લાવું. અહીં નોટ વટાવવી બહુ મુશ્કેલીનું કામ છે." કહીને ગોપાલદા ચાલી ગયા.

ડોસીઓ પેલી તરફ ખાવા બેઠી હતી. મારા ચૂલામાં આગ ઠરવા લાગી, ને ધૂમાડો નીકળવા લાગ્યો, સેંકડો માખીઓ ચારે બાજુ છવાઈ ગઈ હતી. ખાવાની વસ્તુ લઈ જઈ શકાય એમ હતું જ નહિ. એમની સામે જોતો હું પથ્થરની જેમ ઊભો રહ્યો. નદી જાણે મરી ગઈ. સ્રોત સૂકાઈ ગયો, ચારેબાજુ ભેંકાર હતો. કયાંય છાયા નહોતી, આંખોમાં તેજ નહોતું, આનંદ નહોતો, આકાશ આખું વિષમય બની ગયું હતું. સમગ્ર કુદરત જાણે વિષમય બની ગઈ હતી. હું સન્યાસી નથી, મારો ભગવાનમાં પૂર્ણ વિશ્વાસ નહોતો. બાબા બદરીનાથની દયાની આશાથી મેં કાંઈ આ યાત્રા માટે તૈયારી કરી નહોતી, દેવોની ઉપર મને જરા જેટલો પણ વિશ્વાસ નહોતો; મને ભૂખ તરસ હતાં, મારું જીવન મને બધા કરતાં વધારે વહાલું હતું. દારિદ્રયથી, દુ:ખથી, હતાશાથી મને વેદના થતી હતી. બધું ગુમાયાથી હું આફતમાં આવી પડયો હતો. ગ્રહની દુર્દશાને લીધે, દેવોનો શાપ લાગવાને લીધે, મારી આંખમાં પાણી આવ્યાં. મારી અંદર વિષયલાલસાભર્યું મન હતું. સ્વાર્થ અને સુવિધા માટે મને લોલુપતા હતી, મારે મારા વતનમાં પાછા ફરવું હતું. સમાજમાં, માણસમાં, સ્નેહ, મમતા, દયા–દાક્ષિણ્ય લોભમોહ, કલહ, કલંક, ગ્લાનિ ને માલિન્ય–એ બધાની વચ્ચે રહીને એક સંસારીની જેમ જીવવાનું મને ગમતું હતું. મારું આખું શરીર ભય અને હતાશાથી કંપવા લાગ્યું. જો હું મદદ માગવા જાઉં તો બધા મારાથી દૂર જ ભાગશે, મૌખિક પ્રેમનો બુરખો ઉતરી જશે અને બધા એમના સાચા રૂપમાં પ્રગટ થશે, બધા મારી અવગણના કરશે, મારા દુર્ભાગ્યની તરફ આંગળી બતાવી મોઢું ફેરવીને ચાલી જશે. એ સિવાય પણ યાત્રીઓ યાત્રા દરમિયાન પોતાના નભાવ પૂરતા જ પૈસા લાવે, તીર્થપૂજનો ખર્ચ હોય, ગરીબ પુણ્યાકાંક્ષીઓ એ બધા, એમને કરવી હોય તોય મારા જેવા અસહાયને મદદ કરવાની તેમની સ્થિતિ જ ન હોય ને? જેઓ શહેરમાં રહેતા હોય છે– પૂજારી, પંડા, દુકાનદાર, તે વર્ષમાં આ વખતે જ યાત્રીઓનું શોષણ કરવા અહીં આવે છે. સંઘરો કરવાની ને જેટલું બને તેટલું ધન ભેગું કરવાની તેમને અધીરાઈ હોય છે. એઓ વળી દાન શાના કરે?



એકાએક મનમાં વિચાર આવ્યો. બ્રહ્મચારીએ તો મારા પૈસા લીધા નહિ હોય? આ વિચારથી હું આકુળવ્યાકુળ થઈ ગયો. ને ગુસ્સાથી મારી બંને આંખો રાતી થઈ ગઈ. હવે બરાબર પકડાયો છે. ગઈકાલે મારા રૂમાલ વિશે એ ઈશારો કરીને તરત જ અટકી ગયો હતો. બસ એના સિવાય બીજું કોઈ નહિ. એનો આ જ ધંધો ને આ જ રીતિ લાગે છે. કાલે રાત્રે એના અંતરમાં રહેલો લોભાતુર માણસ મેં જોઈ લીધો હતો. એ સાધુના રૂપમાં માણસને છેતરે છે, એ સાપના જેવો છે, એની આંખો શિયાળના જેવી છે, અને ગરૂડના જેવો એ તકવાદી છે. એને જે આશરો આપે તેના જ ઘરમાં એ આગ લગાડે. વિશ્વાસઘાતી, બાયલો, એનું ગળું ટૂંપીને...

"દાદા! ઊભા ઊભા શું વિચાર કરો છો?" કહેતો કહેતો બ્રહ્મચારી પાસે આવીને ઊભો. મારા ખભા પર હાથ મૂકીને મારી હડપચી ઊંચી કરીને બોલ્યો. "ઘણા દિવસ પછી આજે પાન ખાધું. રોટલા ને બટાકા ખાઈ ખાઈને મોઢું ખરાબ થઈ ગયું હતું."

મેં એના મોઢા તરફ તાકીને જોયું. એણે ફરીથી કહ્યું, "હું તમારે માટે એક પાન લાવ્યો છું; આ શું! તમે હજી ખાધું નથી! હજી નાહ્યા નથી?"

"નહાવાની વાત કરો છો? આ ચાલ્યો."

"હા, અલકનંદામાં નહાવાની ખૂબ મજા આવે છે, ચળકતું પાણી છે... ખૂબ આરામદાયક છે."

લાગલોજ હું નદી તરફ દોડીને ગયો. જો પડી જાઉં તો મરી જાઉં, થોડે દૂર જઈને ડાબે હાથે વળવાનું હતું, તે પછી પથ્થરો મૂકીને એક સીડી બનાવી હતી, નદી ઘણે નીચે હતી. ગાંડાની જેમ સીડી ઉતરીને નીચે ઉતરીને આવ્યો, સામે રેતીનો વિશાળ પટ હતો, ઝડપથી ચલાય એવું નહોતું, ચારેબાજુએ નાના મોટા પથરા રેતીમાં પડયા હતા, પગમાં ઠોકર વાગવાથી લોહી નીકળ્યું હતું. એમ કરતાં કરતાં પાણી સુધી આવી પહોંચ્યો.

એક મોટા પથ્થર પર નિશાન કર્યું હતું. એની પાસે ઝડપથી ગયો ને નીચા વળીને એને તળીયે રેતીમાં મેં હાથ નાંખ્યો. હા, આ જ મારાં સોના ને રતન, મારા સાત રાજ્યનું ધન, મારું સ્વર્ગ, હે બદરી ભગવાન, તમે મને બચાવી લીધો. નહાતી વખતે રૂમાલને આની નીચે છૂપાવી રાખ્યો હતો. એ વાતને હું સદંતર ભૂલી ગયેલો. ધન્યવાદ તને બ્રહ્મચારી. હે વેગવતી અલકનંદા, તને યે ધન્યવાદ. આનંદ ઉભરાતાં ભાન રહ્યું નહિ, આલ્હાદમાં સંયમ રહ્યો નહિ. સ્નેહ અને પ્રેમના આવેગમાં ઉત્તેજીત થઈને આનંદાશ્રુથી રૂમાલ મોઢામાં લઈને મેં એને હૃદયસરસો ચાંપ્યો.

'બદરીવિશાલક કી જય: 'જય બાબા બદરીનાથ', તમારે ચરણે રાખો બાબા."

જેનું અમને ખૂબ પ્રયોજન હતું, તેમને સમય થતાં અમારે છોડીને જવું પડયું. તે દિવસે બપોરે દેવપ્રયાગનો આપવાલેવાનો હિસાબ ચૂકતે કરીને , યાત્રીઓનું દલ એ જ પરિચિત પથે આવી પહોંચ્યું. આ રસ્તો જોઈને જ ડર લાગતો હતો, એ બધાને દૂર-દૂર દુર્ગમપથમાં તાણી લઈને, પછી ધકેલે છે. સાપના જેવો શીર્ણ ને કઠણ એનો દેહ છે, સામેની અને પાછળની દુર્ગમ એવી પર્વત-માળાને વીંટીને અજગરની જેમ એ ચિરનિદ્રામાં ઊંઘે છે. ગ્રીષ્મ વર્ષા કે બરફ જામ્યો હોય ત્યારે એમાં ચાંચલ્ય નથી. રસ્તે આવીને ધર્મશાળા તરફ મેં એક નજર નાંખી, પણ એ ઝાંખી જ નજરે પડતી હતી. જેણે મને આશરો આપ્યો, સ્નેહથી જેના ખોળામાં બે દિવસ હું રમ્યો એણે મારી અવળચંડાઈ સહન કરી, પણ એનો પ્રતિકાર કર્યો જ નહિ. આજે એની તરફ મોઢું ફેરવ્યા છતાં હું જોઈ પણ શકતો નથી. એ દેખાતી નહોતી. દુનિયામાં એવું જ થાય છે. હવે કેટલાય દિવસ સુધી ત્યાં કદાચ દીવો નહીં સળગે, જ્યાં બોક લાગે એવી શૂન્યતા વ્યાપશે. કદાચ કોઈ જંગલી જાનવર આવીને ત્યાં આશરો લેશે. રાતના અંધકારમાં કોઈ ધૂળીયો પવન આવીને એના ખૂણેખૂણામાં વિયોગનો નિસાસો નાંખી જશે, ને તોયે અમારી પ્રિય ધર્મશાળા એવી ને એવી નિર્વિકાર રહેશે. અકૃપણ, આદરયુકત, સ્થાયી સન્યાસીના જેવી રહેશે.

પ્રત્યેક અગ્રગતિની પાછળ એક પ્રકારનો ઉત્સાહ, પ્રાણનો વેગ, એક ચેતનમય ઉદ્યમ હોય છે, પણ આ તત્વ જેમનામાં હોતું નથી તેઓ પણ અટકી શકતા નથી. તેઓ જાણે તણાતા હોય એમ ચાલે છે, ઠેલાતા હોય એમ એમને જવું પડે છે, અંદરથી પ્રતિક્ષણે, એમને એક પ્રતિજ્ઞા ઠેલે છે, શા માટે જાઉ? ચાલો ચાલો, જીવન ભલે પાછળ રહ્યું, ભલે મૃત્યુ આવે, રહેવા દો, મારી ઈચ્છાઓ ને મારી પ્રાપ્ત કરવાની વસ્તુઓ—ચાલો, ગૌરીશંકર સીતારામ ! જય બદરીવિશાળલાલની જય.

"મહારાજજી ?"

મોઢું ફેરવીને જોયું. કૌપીનધારી, એક સાધુ ચીપટો હાથમાં લઈને હસતો હસતો બોલ્યો "સીતારામ મત બોલો, રાધેશ્યામકા નામ લો. રાધેશ્યામ કહોંગે તો ચિમટા બજાકર ચલોંગે, સીતારામ કહોંગે તો ધરમેં બૈઠકે કહેંગે, હા, હા હા, ... ચલો ભાઈ ચકાચક."

વિરકત અને નિ:સ્વાર્થ સાધુજી પરમ સ્ફૂર્તિ અને આનંદે ગદ્‌ગદ્ હસીને ઉલટપાલટ ખાઈને આગળ આગળ ચાલવા લાગ્યા. પોતાની જાત ઉપરનો વિજય એ પ્રાપ્ત કરી શકયા હતા.

અત્યારસુધી હું તપોલોકમાં ભ્રમણ કરતો હતો, હવે મેં દેવ-ભૂમિમાં ડગ દીધો. ડાબી તરફ આ વખતે નવી નદી હતી. દક્ષિણ દિશાએ વહેતી અલકનંદા, ગંગાના જેવો જ એનો વહેણનો અવાજ હતો, નીલનિર્મળ પ્રવાહ હતો. જલપ્રવાહના સતત અવાજથી નીરવતા વિશેષ ગંભીર બનતી હતી. ચઢાઈને માર્ગે અમે ઉત્તર-દિશામાં જતા હતા. ક્રમશ: અમારી ગતિ ઉત્તર દિશા તરફ જ હતી. મહાન યોગીની જટાને સ્પર્શ કરવા માટે જાણે એના દેહ પરથી કીડીઓનું દળ ઉપર ચઢતું ન હોય ! તીર્થનો આ લાંબો માર્ગ જ અમારી તપશ્ચર્યારૂપ હતો. રસ્તો પૂરો થતાં જ બધાને મુકિત મળવાની હતી. જીવનમાં પણ એવું જ હોય છે. અવિછિન્ન અગ્ર-ગતિ જ આપણો આરો છે. આપણી સાધના છે ચરમ પરિણામનો સ્પર્શ કરવા આપણે આગળ ધપીએ છીએ. ક્યાં જઈને પહોંચીશું એ આપણને ખબર નથી. શિયાળો પૂરો થતાં આરંભાતી વસંત ઋતુના જેવું વાતાવરણ હતું. વનની ઔષધિલતા, અને જંગલી ફૂલોની એક પ્રકારની મિશ્રા વાસથી કયાંક કયાંક માર્ગ આચ્છાદિત હતો. પવન એ ગંધને દૂર દૂર સુધી ફેલાવી યાત્રી-ઓને રાજી કરતો હતો. પર્વતના શિખરની શ્યામશ્રી ઉપર જ લાલ સૂર્યરેખા ધીમે ધીમે વિપુલ થતી હતી. નીચે નદીના નિર્જન સ્થાનમાં સંધ્યાની છાયા શાંત રીતે ઉતરતી હતી. આ વખતે તો થોડુંક જ ચાલવાનો વિચાર હતો. એક દિવસ વિશ્રામ લેતાં આરામ લેવાનો મારો લોભ મારામાં ઊઠયો હતો. પહેલી તકે સગવડ મળતાં હું જરૂર આરામ લેવાનું વિચારતો હતો. આશરે ત્રણેક માઈલનો રસ્તો હતો. ઉતાવળ નહોતી, સમય વિષેનો મનમાં અંદાજ આવી ગયો હતો. વિદ્યાકુટી ચટ્ટીએ પહોંચતાં બહુ મોડું નહિ થાય.

પણ ગ્રહ પાધરા નહોતા. આજે સવારથી જ મારાં ઘૂંટણમાં દર્દ થતું હતું. આ વખતે દર્દ વધતું જ જતું હતું. જે લોકોને ઊંચાણ ને નીચાણવાળી જમીનમાં ચાલવાની ટેવ નથી, તેમને આ પ્રમાણે ઘૂંટણમાં દર્દ થાય છે એમ સાંભળ્યું છે. પગે ચાલીને બદરીનાથ જવામાં આ દર્દ જ મોટે ભાગે લોકોને આડું આવે છે એ વાત બધાને ખબર છે. ચઢાણ વખતે ઉપર જતાં આ દર્દ ઉત્પન્ન થાય છે, ને ઉતરતાં એની પ્રતિક્રિયા થાય છે. મને ડર લાગવા માંડયો ને એ ડર કેવો હતો, તે આજે લખતી વખતે હું સમજાવી શકતો નથી. આસ્તે આસ્તે ચાલતાં મારા પગ લથડિયાં લેતા હતા, બધા આગળ ચાલી ગયા હતા, બ્રહ્મચારી ને ગોપાલદા નજરથી દૂર ચાલી ગયા હતા. શા માટે ન જાય ? જે માંદો ને અશકત હોય તેની સાથે સાજાસમા માણસ સથવારો કરે અને પોતાને તેઓ પાંગળા શા માટે કરે? એમને શાનું ઋણ? હું લંગડાતો લંગડાતો ચાલતો હતો. સાંભળ્યું હતું, કે પોતાની જાતને ભૂલી જવાથી થોડેઅંશે વ્યાધિ શમે છે. પણ હું પોતાની જાતને શી રીતે ભૂલી શકું? જેમને ભૂલી જવાની જરૂરિયાત છે, તેઓ જ મારા મનમાં સૌથી પહેલાં આવે છે. જો અરીસો હોત તો હું જોઈ શકત કે મારી જાતને મેં કેવી કરી નાંખી છે? ધૂળ અને તડકાથી માથાના વાળ સૂકા ઘાસની જેમ મેલા થઈ ગયા હતા. ચામડી વિવર્ણ ને લોહીવિનાની થઈ ગઈ હતી. આંખો ખાડામાં ઊંડી ઊતરી ગઈ હતી. હાથપગ જોવા ન ગમે એવા ને દૂબળા થઈ ગયા હતા. લાકડાની આગથી બે હાથના વાળ સફાચટ થઈ ગયા હતા, કફની અને ધોતિયામાં ને માથાના વાળમાં એક પ્રકારનું દુ:ખ થાય એવી જ પડી ગઈ હતી. તેની અશાન્તિ અને પીડાના કારણે રાત્રીના ઊંઘ આવતી નહોતી ને એક વાર એને ઝાટકી નાંખતાં છતાં કોણ જાણે ક્યાંથી પાછી માથામાં ભરાઈ જતી હતી. એની સાથે સાથે માખી-ઓનો ત્રાસ પણ બહુ પ્રબળ હતો, લાખલાખ, કરોડ કરોડ માખીઓ હતી. આખું વાતાવરણ માખીમય હતું. જાણે માખીઓનો દરિયો ન હોય ! માખીના ડંખથી જેના હાથપગ બચ્યા હોય એવો એક પણ યાત્રી નહોતો. પાણીની ઉપર પણ માખીઓ ભમ્યા કરે એ દશ્ય અહીં પહેલવહેલાં જોયું. ક્રમશ:

અનુવાદક: મૂળ બંગાળી:

ડૉ. ચન્દ્રકાન્ત મહેતા **શ્રી પ્રબોધકુમાર સન્યાલ**

પક્ષનેતા તરીકે શ્રીમતી ઈન્દિરા ગાંધીની વરણી

સ્વ. લાલબહાદુર શાસ્ત્રીના અવસાન બાદ તત્કાળ પ્રશ્ન ઊભો થયો શાસ્ત્રીજીના સ્થાને પાર્લામેન્ટના કૉંગ્રેસ પક્ષના સભ્યોના નેતાની પસંદગીનો અથવા તો ચૂંટણીનો. આ સંબંધમાં બંધારણની રીતે સામાન્ય સીધો રસ્તો બન્ને ધારાસભાના કૉંગ્રેસી સભ્યો મળીને શક્ય હોય તો સર્વાનુમતીથી અને એ શક્ય ન હોય તો બહુમતીથી નેતાની પસંદગી અથવા ચૂંટણી કરે તે છે. પણ જ્યારે પંડિત જવાહરલાલનું અવસાન થયું ત્યારે આ સીધી ચૂંટણીનો માર્ગ આપનાવવાને બદલે કૉંગ્રેસ પ્રમુખ શ્રી કામરાજે જેને 'કૉન્સેન્સસ પદ્ધતિ' કહેવામાં આવે છે એટલે કે આવા મહત્ત્વના સ્થાન ઉપર નીમવાની કે ચૂંટવાની જેની જવાબદારી હોય અને તે પ્રકારે નીમાનાર કે ચૂંટાનાર સાથે જેમને સીધો કે આડકતરો સંબંધ હોય તેવી વ્યકિતઓ સાથે વ્યકિતગત કે સમૂહગત મંત્રણાઓ કરીને તે દ્વારા તેમના સમગ્ર મતોનો તાગ મેળવવો અને આ સમગ્ર મત જે વ્યકિત તરફ ઢળે એવી વ્યકિતની પ્રસ્તુત સ્થાન ઉપર સર્વાનુમતે નિમણુક કરવી–આવી પદ્ધતિ અખત્યાર કરી હતી અને એ રીતે સ્વ. લાલબહાદુર શાસ્ત્રીની ચૂંટણી નહિ પણ સર્વાનુમતિથી નિમણુક અથવા તો પસંદગી કરવામાં આવી હતી.

ભારતના મહાઅમાત્યનું પદ અસાધારણ મહત્વનું તેમ જ પાર વિનાની જવાબદારીનું છે. આ પદ માટેના ઉમેદવારો વચ્ચે અંદર અંદર હરીફાઈ અને રસાકસી ન થાય અને જે કોઈ વ્યકિત બહુજન–સંમત હોય તેની સર્વાનુમતીથી નિમણુક થાય એ દેશ માટે તેમ જ લોકશાહી માટે ભારે ગૌરવપ્રદ લેખાય અને તેથી કૉંગ્રેસ પ્રમુખે આ વખતે પણ 'કૉન્સેન્સસ પદ્ધતિ' દ્વારા દેશના પ્રધાન મંત્રીની નિમણુક કરવાનું વિચાર્યું, પણ આ વખતની અને આગળની પરિસ્થિતિ વચ્ચે મોટું અંતર હતું. જવાહરલાલજી ન હોય ત્યારે તેમની જગ્યાએ લાલબહાદુર શાસ્ત્રી આવે એ નિશ્ચિત જેવું હતું અને તેથી જવાહરલાલજી જતાં કોને પ્રધાનમંત્રી બનાવવા એ અંગે કોઈ સ્પર્ધા કે હરીફાઈ જેવું નહોતું. આ વખતની પરિસ્થિતિ આવી સરળ નહોતી. આ વખતે પ્રધાનમંત્રીના પદ માટે ત્રણ ચાર કૉંગ્રેસી નેતાઓ વચ્ચે હરીફાઈ હતી. લાલબહાદુરનું અવસાન થયું કે તરત જ શ્રી ગુલઝારીલાલ નંદા પ્રધાનમંડળમાં શાસ્ત્રીજી પછીનું સ્થાન ધરાવતા હોઈને, તેમની કામચલાઉ પ્રધાનમંત્રી તરીકે નિમણુક કરવામાં આવી હતી અને તે સ્થાન ઉપર ચાલુ રહેવાની તેમની ઈચ્છા હતી. આ ઉપરાંત શ્રી મોરારજી દેસાઈ આ પદના ઉમેદવાર હોવાનું જાહેર થઈ ચૂકયું હતું. વળી શ્રી ચવ્હાણ, શ્રી જગજીવનરામ તથા શ્રી એસ. કે. પાટિલનાં નામ પણ ઉમેદવાર તરીકે સંભળાતાં હતાં. આ ઉપરાંત આ પદ માટે શ્રી ઈન્દિરા ગાંધીનું નામ પણ એકથી વધારે દિશાઓથી સૂચવાઈ રહ્યું હતું. ગુલઝારીલાલ નંદાને ચાલુ રાખવાની બાબતમાં કૉંગ્રેસના મોવડીમંડળનો ટેકો નથી એમ જાણવા મળતાં તેઓ ઉમેદવારીમાંથી ખસી ગયા, પણ મોરારજીભાઈ પોતાની ઉમેદવારીમાં મક્કમ રહ્યા. એમ લાગે છે કે તેઓ કોઈ રીતે આ પદ ઉપર ન આવે એ હેતુથી બાકીના બીજા ઉમેદવારો પણ હરીફાઈમાંથી ખસી ગયા અને કામરાજે તેમ જ અન્ય આગેવાનોએ પોતાનું વજન ઈન્દિરા ગાંધીના પલ્લામાં નાંખ્યું. લાલબહાદુર શાસ્ત્રી વખતે બન્યું હતું તેમ કામરાજે આ વખતે પણ પ્રાદેશિક પ્રધાનમંત્રીઓનો અભિપ્રાય મેળવવાની કોશિષ કરી અને આ મંત્રીઓ મોટા ભાગે ઈન્દિરા ગાંધીની તરફેણમાં છે એમ તેમણે જાહેર પણ કરી દીધું. લોકસભા તથા લોકપરિષદના કૉંગ્રેસી સભ્યો પણ મોટા ભાગે ઈન્દિરા ગાંધીની તરફેણમાં છે એમ જણાવીને, પ્રસ્તુત નિમણુક સર્વાનુમતિથી થાય તો સારૂં એ હેતુથી, શ્રી મોરારજીભાઈને ઈન્દિરા ગાંધી સામેની હરીફાઈમાંથી ખસી જવાનું કૉંગ્રેસ પ્રમુખ તરફથી સૂચવવામાં આવ્યું. પણ મોરારજીભાઈ પોતાની ઉમેદવારી અંગે આણનમ ઊભા રહ્યા. કહેવાય છે કે કામરાજે પ્રાદેશિક પ્રધાનમંત્રીઓ દ્વારા તે તે પ્રદેશના પાર્લામેન્ટના સભ્યો ઉપર ઈન્દિરા ગાંધીની તરફેણમાં દબાણ લાવવાનો પ્રયત્ન કર્યો હતો. આવી સમસ્યા અંગે કૉંગ્રેસ પ્રમુખની સ્થિતિ બહુ નાજુક બને છે. જે પક્ષનો એટલે કે જે સંસ્થાનો આખા દેશ ઉપર વહીવટ ચાલે છે તે સંસ્થાના પ્રમુખે પાર્લામેન્ટના કૉંગ્રેસી પક્ષનો કોણ નેતા બને તે અંગે કૉંગ્રેસી સભ્યોને યોગ્ય માર્ગદર્શન આપવું એ તેની અવશ્ય ફરજ છે. આ રીતે વિચારતાં તેની સ્થિતિ લોકસભાના સ્પીકર જેવી કેવળ તટસ્થતાની નથી. પણ બીજી બાજુએ પોતાને મનપસંદ વ્યકિતને ચૂંટવા માટે કૉંગ્રેસ-સભ્યો ઉપર કોઈ પણ પ્રકારનું કૉંગ્રેસ પ્રમુખ તરફથી દબાણ લાવવામાં આવે તો તેણે પોતાની ફરજની વિવેકરેખા જરૂર ઓળંગી કહેવાય. વળી તેમણે પ્રાદેશકિ પ્રધાનમંત્રીઓનો વ્યકિતગત અભિપ્રાય જાણવાની કોશિષ કરી તે સામે આપણે કદાચ વાંધો ન લઈએ, કારણ કે પાર્લામેન્ટના કૉંગ્રેસી સભ્યો જેટલા જ આ પ્રાદેશિક પ્રધાનમંત્રીઓને કેન્દ્રના કોણ મુખ્ય પ્રધાન થાય છે તેમાં રસ ધરાવવાનો અને તે અંગે પોતાનું ચોક્કસ વલણ દાખવવાનો હક્ક છે. પણ આ સમગ્ર વલણની જાણકારીનો ઉપયોગ પક્ષના નેતા અંગે માર્ગદર્શન આપવા પૂરતો તેમણે કરવો ઘટતો હતો, પણ રીતસરની ચૂંટણી થયા પહેલાં તેની જે જાહેરાત કરવામાં આવી તે યોગ્ય લાગતું નથી. કારણ કે, ધારો કે આ પ્રાદેશિક મુખ્ય પ્રધાનોએ અમુક એક વ્યકિતનું નામ સૂચવ્યું હોય અને ચૂંટણી અન્ય વ્યકિતની થઈ હોય તો તેવી પરિસ્થિતિમાં આવી જાહેરાતનું પરિણામ આ ચૂંટાયેલી વ્યકિત અને પ્રાદેશિક પ્રધાનો વચ્ચે પ્રારંભથી જ વૈમનસ્ય પેદા થવામાં આવે.

મોરારજીભાઈએ પ્રસ્તુત પદ માટે ઉમેદવારી કરી તે સંબંધમાં બે શબ્દ લખવાનું મન થાય છે. આજની લોકશાહીમાં વિચિત્ર અને સ્વત્વ ધરાવતી વ્યકિતને મૂંઝવે એવું એક તત્ત્વ એ છે કે તેને લગતી ચૂંટણીઓમાં ઊભા રહેવા ઈચ્છનાર ઉમેદવારને પોતાની યોગ્યતા આગળ ધરવી પડે છે; પોતાની યોગ્યતાની મુખ્યપણે પોતે જ જાહેરાતો કરવી પડે છે. અમુક વ્યકિત ગમે તેટલી યોગ્યતા ધરાવતી હોય, પણ જ્યારે કોઈ એક સત્તાસ્થાન ઉપર આવવાની આકાંક્ષાપૂર્વક ઉમેદવાર બનીને તે પોતે જ જાહેર જનતા સમક્ષ પોતાની સ્તુતિ અથવા તો ગુણવત્તાની જાહેરાત કરવા માંડે છે ત્યારે ઔચિત્યનો ભંગ થાય છે અને પરિણામે તે વ્યકિત હોય તે કરતાં ઘણી નાની લાગે છે. વાતો કરવામાં આવતી હોય છે સેવાની તમન્નાની, પણ મોટા ભાગે હોય છે સત્તાની મહત્ત્વાકાંક્ષા. આ મહત્ત્વાકાંક્ષાનું જાહેર પ્રદર્શન માનવીને નાનો-હીણો બનાવે છે. મોરારજીભાઈના સ્ટેચરવાળી–મોભાવાળી–વ્યકિત માટે ઉચિત એ જ લેખાય કે તેમને લોકો – જનતાના પ્રતિનિધિઓ–વિનવણી કરે કે આપ આ પદ સ્વીકારો અને અમને આપની શકિત અને સેવાનો લાભ આપો. પણ પ્રસ્તુત પરિસ્થિતિમાં પક્ષનેતા બનવા માટે જાહેર રીતે મોરારજીભાઈને વિનવનાર કોઈ બહાર આવ્યું જાણવામાં આવ્યું નથી. તેમને પોતાનો પ્રચાર પોતે જ કરવો પડયો છે. આમ છતાં સંભવિત છે કે તેમણે શુદ્ધ સેવાભાવથી પ્રેરાઈને અને આજે આ ઉચ્ચ પદ ઉપર મારી જરૂર છે અને તે માટે મારી જાતને આગળ ધરવી એવી મારી ફરજ છે એવી પ્રામાણીક માન્યતાપૂર્વક ઈન્દિરા ગાંધી સામે સ્પર્ધામાં ઉતરવું ઉચિત માન્યું હોય. એ પણ આપણે ધ્યાનમાં લેવું જ જોઈએ કે આ સ્પર્ધામાં ઉતરીને તેમણે પોતાના આજ સુધીના જાહેર જીવનને હોડમાં મૂકયું હતું અને ધારો કે ચૂંટણીમાં તેમને ૧૦૦ અથવા તો તેથી પણ ઓછા મત મળ્યા હોત તો તેમની આજ સુધીની પ્રતિષ્ઠા અને સ્થાનને ભારે હાનિ પહોંચી હોત. આવું જોખમ ખેડીને તેઓ ઊભા રહ્યા હતા. આમ છતાં પણ, મોટી બહુમતી ઈન્દિરા ગાંધી તરફ

છે એમ સ્પષ્ટ થઈ ચૂકયા બાદ કામરાજની ઈચ્છાને માન આપીને તેઓ સ્પર્ધામાંથી ખસી ગયા હોત તો તેમના પક્ષે જરા પણ ખોટું ન દેખાત અને પક્ષનેતાની ચૂંટણી માટે સર્વાનુમતનું જે ગૌરવ છે તે આપણા દેશને પ્રાપ્ત થાત. પણ તેઓ તો સ્પર્ધાને વળગી જ રહ્યા અને હાર્યા. આ બધું છતાં, ચૂંટણીનું જે પરિણામ આવ્યું તે જોતાં એટલું જરૂર કબૂલ કરવું ઘટે કે તેમણે ઈન્દિરા ગાંધીને મળેલા ૩૫૧ મત સામે ૧૬૯ મત મેળવ્યા અને તે પણ કામરાજે ઊભી કરેલી આટલી મોટી પ્રતિકૂળતા સામે – આ રીતે વિચારતાં મોરારજીભાઈને મળેલો પરાજય એક રીતે તેમના નૈતિક વિજય જેવો લેખવો ઘટે. આજના ભારતના કૉંગ્રેસના રાજકારણમાં મોરારજીભાઈની ઉપેક્ષા થઈ શકે તેમ છે જ નહિ એમ આ પરિણામ ઉપરથી જરૂર પુરવાર થઈ ચૂકયું છે. મોરારજીભાઈના પક્ષે આ ગૌરવપ્રદ હકીકત છે.

આ ચૂંટણીના પરિણામનો વિચાર કરતાં એમ લાગે છે કે આ ચૂંટણીમાં મતપ્રદાન થયું તે ઉમેદવારોની વ્યકિતગત ગુણવત્તાને અનુલક્ષીને નહિ પણ ઉમેદવારો સામેના અંગત વિરોધને અનુલક્ષીને થયું છે. અને એ રીતે જેઓ ઈન્દિરા ગાંધીના પક્ષકાર નહિ પણ મોરારજીભાઈના વિરોધી હતા તેમણે મોટા ભાગે ઈન્દિરા ગાંધીને મત આપ્યા છે અને જેઓ મોરારજીભાઈના પક્ષકાર નહિ પણ ઈન્દિરા ગાંધીના વિરોધી હતા તેમણે મોરારજીભાઈના પક્ષમાં મત આપ્યા છે એમ ન હોત અને કેવળ ગુણવત્તા જ મતપ્રદાનનો માપદંડ હોત તો આજની કટોકટીમાં મોરારજીભાઈ અને ઈન્દિરા ગાંધી વચ્ચે મોરારજીભાઈના ચડિયાતાપણા અને સવિશેષ યોગ્યતા વિષે બે મત હોત જ નહિ.

કૉંગ્રેસ પ્રમુખ કામરાજ વિષે અહિ બે શબ્દો કહેવામાં ન આવે તો આ નોંધ અધૂરી ગણાય. જવાહરલાલજીના અવસાન વખતે કૉંગ્રેસ પક્ષની નેતાની ચૂંટણી અથવા પસંદગીનું કાર્ય એટલું બધું વિકટ નહોતું, કારણ કે તેમની પછી લાલબહાદુર શાસ્ત્રીની કરવામાં આવેલ પસંદગી લગભગ પૂર્વનિર્ણિત જેવી હતી. પણ આ વખતની કટોકટી એવી સરળ નહોતી. કૉન્સેન્સસ પદ્ધતિની વાત ટકી શકે તેમ નહોતી, કારણ કે ઉમેદવાર આગેવાનોમાંથી અમુકને તેમનામાં વિશ્વાસ નહોતો. પરિણામે ઉમેદવારો વચ્ચે સ્પર્ધા નિશ્ચિત હતી. તેમની સાથે જરૂરી વાટાઘાટો કરીને આ પદ માટેની સ્પર્ધા બને તેટલી હળવી કરવી અને તેનો કશા પણ સંઘર્ષ વિના સરળ રીતે ઉકેલ લાવવો, અને બને ત્યાં સુધી સર્વાનુમતિથી પક્ષના નેતાની ચૂંટણી કરવી એ કૉંગ્રેસ પ્રમુખનો ધર્મ હતો. આ સંબંધમાં શ્રી કામરાજે પૂરી કુશળતાપૂર્વક અને મક્કમતા વડે કામ લીધું છે એમ કહેવામાં જરા પણ અતિશયોકિત થતી નથી. સૌથી પ્રથમ તો કેટલાક આગેવાનો તરફથી તેમને પક્ષનેતા બનવાની કરવામાં આવેલી માગણીનો તેમણે પોતે સાફ ઈન્કાર કરી દીધો હતો અને પોતાની જાતને સ્પર્ધામુકત કરી હતી. ત્યાર બાદ પક્ષનેતૃત્વ માટેના ઉમેદવારોને સમજાવટપૂર્વક એક પછી એક ખસી જવાનું કહેવામાં તેમણે સારી સફળતા મેળવી હતી અને આખી સ્પર્ધાને માત્ર બે વ્યકિતઓ વચ્ચે જ કેન્દ્રિત બનાવી દીધી હતી. આ સ્પર્ધા ટાળવા માટે પણ તેમણે શકય તેટલો પ્રયત્ન કર્યો હતો, પણ એ શકય નથી એમ માલુમ પડતાં મતપ્રદાનને લગતી સભાનું કાર્ય તેમણે ભારે દક્ષતાપૂર્વક પાર પાડયું હતું અને વાતાવરણમાં કશી કડવાશ પેદા થવા દીધી નહોતી. અલબત તેમણે પક્ષનેતા તરીકે કરેલી પસંદગી વિવાદાસ્પદ છે. વળી તે પસંદગીનો સ્વીકાર કરાવવા માટે ધારાસભ્યો ઉપર તેમના તરફથી આડકતરું દબાણ લાવવામાં આવ્યું હતું–આવો શ્રી મોરારજીભાઈ તરફથી આક્ષેપ કરવામાં આવ્યો છે. જો કે ડૉ. જીવરાજ મહેતાની બાબતમાં આવું જ દબાણ લાવનાર શ્રી મોરારજીભાઈને આવી ફરિયાદ કરવાનો હક્ક નથી, તો પણ આ આક્ષેપમાં જો તથ્ય હોય તો તે પણ શ્રી કામરાજના પ્રમુખસ્થાનને ગૌરવ આપનારું ન જ ગણાય. આ બધું છતાં પણ લાલબહાદુર શાસ્ત્રીનું ભારે કપ્રમતનું મૃત્યુ અને તે કારણે પક્ષનેતા નક્કી કરવા અંગે ઊભી થયેલી અણધારી વિષમ કટોકટીનો તેમણે ભારે મક્કમતાપૂર્વક તેમ જ કુશળતાપૂર્વક સામનો કર્યો છે અને તેમાં તેમણે સફળતા પ્રાપ્ત કરી છે. તેમને જોતાં અને તેમની કાર્યવાહીનું નિરીક્ષણ કરતાં, સરદાર વલ્લભભાઈ પટેલ યાદ આવે છે. તેમના હાથમાં કૉંગ્રેસની નૌકા સહીસલામત છે એવી આપણને પ્રતીતિ થાય છે. તેમને આપણ સર્વના હાર્દિક ધન્યવાદ ઘટે છે.

હવે શ્રીમતી ઈન્દિરા ગાંધી કૉંગ્રેસના પાર્લામેન્ટરી પક્ષના નેતા બન્યા છે એટલે આખા ભારતના નેતા બન્યા છે એ નિશ્ચિત હકીકત છે. આ નેતૃત્વની અપાર જવાબદારીઓ છે. આ જવાબદારીઓને નવા નિમાયેલા પક્ષનેતા આજની અત્યંત કટોકટીભરી પરિસ્થિતિમાં પહોંચી શકશે કે કેમ એ સવાલ આજે અનેકના દિલમાં ખટકયા કરે છે. જ્યારે લાલબહાદુર શાસ્ત્રી આ સ્થાન ઉપર આવ્યા ત્યારે પણ આવી જ શંકા સૌ કોઈના મનમાં ઊભી થઈ હતી, અને એ શંકા શાસ્ત્રીજીએ પોતાની કુશળ કામગીરીથી ખોટી પાડી હતી. પણ અનેક જટિલ સમસ્યાઓને હલ કરવાની હથરોટીનો શાસ્ત્રીજીના સંબંધમાં આપણને થોડો ઘણો અનુભવ હતો. ઈન્દિરા ગાંધી વિષે હજુ આપણો આવો કોઈ અનુભવ નથી. એમ છતાં પણ દેશનું ભાગ્ય ઘણું મોટું છે. જેને ઈશ્વર આવા સ્થાન ઉપર મૂકે છે તેને મોટા ભાગે જરૂરી સૂઝ પણ ઈશ્વર આપે છે. આપણે આશા રાખીએ કે જેમ શાસ્ત્રીજીના સંબંધમાં આપણી અટકળો ખોટી પડી તેમ ઈન્દિરા ગાંધી વિષેની આપણી અટકળો પણ ખોટી પડે અને તેમના નેતૃત્વ નીચે દેશ વધારે આબાદ બને અને તાશ્કંદ મંત્રણાઓએ જે સુલેહશાંતિની ભૂમિકા પેદા કરી છે એ ભૂમિકા ઉપર સુલેહશાંતિની નક્કર ઈમારતનું ઈન્દિરા ગાંધીના હાથે નિર્માણ થાય.

આ લાંબી આલોચનાના અંતે એક જ વાત કહેવાની બાકી રહે છે કે દેશનો સર્વોત્કૃષ્ટ નેતા આપણી વચ્ચેથી એકાએક વિદાય થાય અને નવા નેતાની પસંદગી કરવાની પરિસ્થિતિ ઊભી થાય–આ કોઈ પણ દેશ માટે એક મોટી કટોકટી પેદા થઈ ગણાય. આવી કટોકટીને આટલી બધી સરળતાથી આપણી લોકશાહી પહોંચી વળી શકી, ન કોઈ સંઘર્ષ, ન કોઈ અથડામણ, ચૂંટણી કરવી પડી તો પણ પૂરી ખેલદિલીથી, જીતનારના મોઢા ઉપર કોઈ વિજેતાનો ગર્વ નહિ, હારનારના મોઢા ઉપર પરાજિતની કોઈ હતાશા નહિ, આગળ કે પાછળ ન મળે કોઈ કડવાશ, ન મળે કોઈ અશિષ્ટ પ્રચાર – આ કોઈ સામાન્ય ઘટના નથી. આ જે કાંઈ બન્યું તે પુરવાર કરે છે કે આપણે – આપણા દેશે –લોકશાહીને પુરેપુરી પચાવી છે. સાચી લોકશાહી એટલે ઉદાત્ત સ્પર્ધા, ખેલદિલી અને વિનયપૂર્ણ સંયમ. આ તત્વોનું પક્ષનેતાની આ ચૂંટણીમાં આપણને સુભગ અને ભારે ગૌરવપ્રદ દર્શન થાય છે. આસપાસ પ્રવર્તતી સરમુખત્યારશાહી વચ્ચે પણ આપણે ત્યાંની લોકશાહી સુરક્ષિત છે, સુનિશ્ચળ છે એવી પ્રેરક પ્રોત્સાહક શ્રદ્ધા આપણા દિલમાં પેદા થાય છે.

ઈન્દિરા ગાંધીએ રચેલા નવા પ્રધાનમંડળ વિષે ખાસ કાંઈ કહેવાનું પ્રાપ્ત થતું નથી. ફેરફારો નજીવા તો પણ નિરર્થક નથી. આ પ્રધાનમંડળની મદદ વડે ઈન્દિરા ગાંધીનું શાસન યશસ્વી બને અને દેશની જટિલ સમસ્યાઓ હળવી બને, તાશ્કંદ મંત્રણાઓ દ્વારા સ્થાપાયલી શાંતિ ચિરપ્રતિષ્ઠિત બને અને આર્થિક અકળામણમાંથી દેશ ઊંચો આવે એમ આપણે અંતરથી ઈચ્છીએ અને પ્રાર્થીએ!

પરમાનંદ

સંઘ સમાચાર

તા. ૨૭-૧-૬૬ના રોજ રાત્રીના ૮ વાગ્યે શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી સંઘના સભ્યો તથા તેમના કુટુંબીજનોને મુંબઈ ખાતે મરીન લાઈન્સ સ્ટેશનની પાછળ આવેલા તારાબાઈ હોલમાં ભારત સરકારના ફિલ્મ ડીવીઝનના સહકાર વડે ભારતના સ્વર્ગસ્થ મહાઅમાત્ય લાલબહાદુર શાસ્ત્રી પ્રધાનમંત્રીના પદ ઉપર આવ્યા ત્યાર બાદ તેમણે લીધેલી કેનેડા તથા બ્રિટનની મુલાકાત, ૧૯૬૫ના મે માસમાં તેમણે કરેલો રશિઆનો પ્રવાસ, જાન્યુઆરીના પ્રારંભમાં રશિયામાં તાશ્કંદ ખાતે યોજવામાં આવેલી ભારત પાકિસ્તાનની શિખર પરિષદ, અને શાસ્ત્રીજીના જીવનની અન્તિમ યાત્રાને લગતા ચિત્રપટો દેખાડવામાં આવ્યા હતા. આ પ્રસંગે સંઘના ઘણાખરા આગેવાન સભ્યો ઉપસ્થિત થયા હતા અને આશરે પાંચસો ભાઈબહેનોએ ભાગ લીધો હતો.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

ગુજરાતી સાહિત્ય પરિષદ: ત્રેવીશમું અધિવેશન, સુરત

[૨]

સંમેલનના બીજા દિવસે સવારે કૉલેજનો સભાખંડ વિભાગીય પ્રમુખોનાં વ્યાખ્યાનો પ્રસંગે શ્રોતાઓથી ચિકાર ભરાઈ ગયો હતો. શ્રી વિજયરાય વૈદ્ય, શ્રી જુગતરામ દવે, શ્રી પોપટલાલ શાહ, શ્રી બચુભાઈ રાવત અને શ્રી ધનસુખલાલ મહેતા—અનુક્રમે સાહિત્ય, શિક્ષણ, સમાજવિદ્યા, પત્રકારત્વ, અને રંગભૂમિ, એ પાંચ વિભાગોના પ્રમુખ હતા. શ્રી અનંતરાય રાવળે શ્રી વિજયરાય વૈદ્યનો, શ્રી ગુલાબદાસ બ્રોકરે શ્રી ધનસુખલાલ મહેતાનો, શ્રી 'સ્નેહરશ્મિ' એ શ્રી જુગતરામ દવેનો, શ્રી મનસુખલાલ ઝવેરીએ શ્રી બચુભાઈ રાવતનો તથા ડૉ. ભોગીલાલ સાંડેસરાએ શ્રી પોપટલાલ શાહનો પરિચય આપ્યો હતો.

સાહિત્યવિભાગના પ્રમુખ શ્રી વિજયરાય વૈદ્યે, 'અર્વાચીન વિવેચનપ્રવાહ' ઉપર વ્યાખ્યાન આપ્યું તેમાં નર્મદથી માંડીને શ્રી સુરેશ જોષી સુધીના વિવેચકોની વિવેચનપ્રવૃત્તિનો વિગતે ચિતાર આપ્યો. આપણી વિવેચનાના, પ્રથમ સિમાચિહ્ન તરીકે નોંધપાત્ર અને અભ્યાસપાત્ર નર્મદાશંકરની વિવેચના, વિચારપરાયણ અને સમતોલચિત્ત વિદ્યોપાસક નવલરામ લ. પંડિતનું નિષ્પક્ષપાત અને સર્જકતાની છાંટનો અનુભવ કરાવતું વિવેચનકાર્ય, તથા વિચારપ્રધાન કવિતાને કવિતાસૃષ્ટિમાં દ્વિજોત્તમ માનનાર સર્જક-ચિન્તક વિલક્ષણ પ્રતિભાવન્ત સાક્ષર બ. ક. ઠાકોર, ઉપરાંત ગોવર્ધનયુગના બીજા વિવેચકો નહાનાલાલ, નરસિંહરાવ, રમણભાઈ, મણિલાલ, આનંદશંકર તથા કેશવલાલના વિવેચનકાર્યને એમણે બિરદાવ્યું. તે પછી ગાંધીજી અને મુનશીજીની પ્રેરણા પામેલા 'મોહનયુગ'ના વિવેચકોમાં કાકાસાહેબ કાલેલકર, રામનારાયણ વિ. પાઠક, બટુભાઈ ઉમરવાડિયા, મેઘાણીના કાર્યનો નિર્દેશ કર્યો, ૧૯૨૦ની આસપાસ જેમની લેખનપ્રવૃત્તિનો આરંભ થયો હતો એવા વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, વિશ્વનાથ ભટ્ટ, સ્વ. નવલરામ ત્રિવેદી તથા વકતા પોતે, એ ચાર ઉપરાંત પ્રવર્તમાન યુગના ત્રણ પાંડિત્યપંડિત વિવેચકો સર્વશ્રી ડૉલરરાય માંકડ, રામપ્રસાદ બક્ષી તથા રસિકલાલ પરીખના કાર્યનો ઉલ્લેખ કર્યો. તે પછી અંબાલાલ પુરાણી, સુંદરજી બેટાઈ, અનંતરાય રાવળ, મનસુખલાલ ઝવેરી, ધીરુભાઈ ઠાકર, વ્રજરાય દેસાઈ જેવાના વિવેચનકાર્યની નોંધ લઈ, છેલ્લાં થોડાં વર્ષમાં જેમના વિવેચનસંગ્રહો પ્રગટ થયા છે એવા ભાઈલાલ કોઠારી, રમણ કોઠારી, ગુલાબદાસ બ્રોકર, ચૂનીલાલ મડિયા, ઉમાશંકર જોષી તથા સુરેપ જોષીનાં કાર્યનો સંક્ષિપ્ત પરિચય આપી અંતમાં ઉમાશંકરભાઈ તથા સુરેશભાઈનાં થોડાંક નોંધપાત્ર મન્તવ્યો રજૂ કરી પોતાની મીમાંસા પૂરી કરી.

રંગભૂમિ વિભાગના પ્રમુખ શ્રી ધનસુખલાલ મહેતાએ 'જૂની અને નવી રંગભૂમિ' ઉપર વ્યાખ્યાન આપતાં જૂનાં અને તાજાં અનેક સંસ્મરણો રજૂ કર્યાં. જન્મે કાયસ્થ અને કર્મે કલાકાર આ પ્રસિદ્ધ નાટકકારે પોતે છ વર્ષના હતા ત્યારથી પોતાને રંગભૂમિનો જે પરિચય થયો તેની અને રંગભૂમિ ઉપરના પોતાના કાર્યની અનેક વિગતો રજૂ કરતાં રંગભૂમિવિષયક કેટલાક મુદ્દાઓ ચર્ચ્યા. "કઈ રંગભૂમિ પ્રથમ શરૂ થઈ? વૈતનિક કે અવૈતનિક? એ કળાની શરૂઆત ધંધા તરીકે થઈ હશે કે આર્થિક દૃષ્ટિના કરતાં વિનોદના આકર્ષક સાધન તરીકે?" એવા પ્રશ્નો ઊભા કરી જુદા જુદા દેશોમાં નાટકની શરૂઆત ધાર્મિક કે સામાજિક ઉત્સવોને પ્રસંગે ઉદ્ભવતા આનંદ-ઉલ્લાસને સ્વયંસ્ફૂર્તિથી પ્રકટ કરવાના સાધન તરીકે થઈ હશે એવું અનુમાન કરી, રમતગમતમાંથી ધંધો શરૂ થયો એમ જણાવીને એવા કલાકારોને મંદિરોમાંથી અથવા રાજ્ય તરફથી પેટગુજારો મળવાની શક્યતા રજૂ કરી. આપણે ત્યાં નાટકના આરંભની બાબતમાં એમણે કહ્યું કે "ભવાઈની પ્રેરણામાંથી નહિ પણ તે પ્રત્યેના તિરસ્કારમાંથી આપણે ત્યાં નાટકોની શરૂઆત થઈ એમ માનીએ તો બહુ ખોટું નથી... આપણા ૧૯મી-૨૦મી સદીના પ્રયોગો ઉપર ભવાઈની કંઈ જ અસર નહોતી એ સત્ય હકીકત છે.... ઉત્તર ગુજરાતના તરગાળા-નાયકો-ભોજકો ભવાઈની સપાટ ભોંય છોડીને મુંબઈ જેવા શહેરોના ઊંચા તખ્તા ઉપર આવ્યા, ત્યારે તેમને વંશપરંપરાથી સાંપડેલી અભિનયની આવડત સાથે લેતા આવ્યા અને એ તખ્તા પર સારા ઝળક્યા, એટલું જ ઋણ આપણને ભવાઈનું સ્વીકારવું ઘટે." ફિલ્મોના આગમનથી નાટકોની પડતી થઈ એ કથનને તેમણે અર્ધસત્ય કહ્યું હતું. ૧૯૨૦ પછી આપણે ત્યાં ઊભા થયેલા બે ક્રાન્તિકારો—કનૈયાલાલ મુનશી અને ચન્દ્રવદન મહેતા—ના નામ અમદાવાદ ખાતે જયંતી દલાલ તથા રાજેન્દ્ર ઠાકોરના પ્રદાનનો, તેમજ યોગેન્દ્ર દેસાઈ, અવિનાશ વ્યાસ, દિલીપ કોઠારી, અદી મર્ઝબાન, ચન્દ્રવદન ભટ્ટ, વગેરેની આ ક્ષેત્રે સમર્પાયેલ સેવાનો ઉલ્લેખ કરી ૧૯૫૨માં ગુજરાતી રંગભૂમિની શતાબ્દી ઉજવાઈ તેની થોડી વિગતો આપી 'હાસ્યપ્રધાન સિવાયનાં નાટકો ચાલે જ નહિ' એવી પરિસ્થિતિ ઊભી થઈ છે તે બદલ ટકોર પણ કરી. પરિસ્થિતિ કાંઈક સુધરે તે માટેનો ઈલાજ દર્શાવતાં એમણે જણાવ્યું કે "હાલ જે થોડી ઘણી સંસ્થાઓને સરકાર 'સબસીડી' આપે છે તે અમુક સંસ્થાઓને આપવાને બદલે અમુક નાટકોને જ નામે આપવામાં આવે તો જે નાટકો સુંદર હોય, તખ્તાલાયકી ધરાવતાં હોય, પણ આ હાસ્યયુગમાં રજૂ નહિ થઈ શકતાં હોય, તેવાં નાટકો મંડળો રજૂ કરી શકે." રંગભૂમિક્ષેત્રે થયેલ ફેરફારોમાં સ્ત્રીઓના પાત્રો સ્ત્રીઓ ભજવતી થઈ છે તે ઉપરાંત સન્નિવેશ, કેમ્પોઝિશન તથા પ્રકાશયોજનામાં થયેલ પ્રગતિ તરફ ધ્યાન ખેંચી, એકાંકીઓની હરીફાઈઓનો નિર્દેશ કરી, "અભિનયની બાબતમાં આપણે ખાસ વધ્યાં હોઈએ તેવું જણાતું નથી." એમ કહ્યું મોડ્યુલેશન્સ—'સ્વરપરિવર્તન'—નું મહત્ત્વ દર્શાવી, અભિનય કેવો હોવો જોઈએ તે અંગે ફ્રાન્સના અદાકાર કોકેલિન, ઈંગ્લેન્ડના અભિનેતા હેનરી ઈરવિંગ અને આઈરિશ અભિનેતા બુસીકોલ્હના લેખોમાંથી ત્રણેનાં મત ટૂંકમાં રજૂ કર્યા. રંગભૂમિની પરિભાષાનો મુંઝવતો પ્રશ્ન આગળ કરી, 'એન્ટ્રી, ઍક્ઝિટ જેવા અતિપ્રચલિત શબ્દોના પર્યાય ગુજરાતીમાં છે જ નહિ' એમ જણાવી Tempo માટે 'લય', Rhythm માટે 'લયસંવાદ', Composition માટે 'પાત્ર-સંસ્થિતિ' જેવા નવા વપરાશમાં આણાયેલા શબ્દોની નોંધ લીધી. નવી વૈતનિક રંગભૂમિ ૪૫ વર્ષની પ્રૌઢા થઈ છે અને જૂની રંગભૂમિ તો વૃદ્ધા થઈ છે તે સમયે 'ગુજરાતી સાહિત્ય પરિષદના એક વિભાગ તરીકે એને ગણવા કરતાં એક સ્વતંત્ર પરિષદ ભરવાનો એને હક્ક મળવો જોઈએ, એમ જણાવી દર 'બબ્બે વર્ષે સ્વતંત્ર રંગભૂમિ પરિષદ પણ ભરાવી જોઈએ' અને 'પ્રથમ રંગભૂમિ પરિષદના પ્રમુખ તરીકે આ ક્ષેત્રના આદ્ય ક્રાન્તિકારી ચં. ચી. મહેતાને જ ચૂંટી કાઢવા' એમ પણ કહ્યું. રંગભૂમિના નિષ્ણાત થવા ઈચ્છનારાને ઉપયોગી સૂચનો કરી, તખ્તાલાયકીવાળાં મૌલિક નાટકોની અછતમાં 'રૂપાંતરિત નાટકો ભલે ભજવાતાં' એમ જણાવી છૂટ મૂકી, પણ મૌલિક નાટકોના લેખન ને અદાકારી અંગે લેખકો ને રંગભૂમિના નિષ્ણાતોના સહકાર ઉપરાંત સારા સારા નિષ્પક્ષપાત વિવેચકોને પણ અસ્તિત્વમાં આણવાની જરૂર ઉપર ભાર મૂક્યો.

શિક્ષણ વિભાગના પ્રમુખ શ્રી જુગતરામ દવેએ 'કેળવણી-દ્વારા ગ્રામ-સ્વરાજ્યનો પ્રયોગ' ઉપરના પોતાના વ્યાખ્યાનમાં કેળવણીક્ષેત્રના પોતાના અંગત અનુભવોનું મર્મસ્પર્શી ને વિચારપ્રેરક બયાન કર્યું. આપણા દુઃખો અને વિકૃતિઓનું કારણ "આપણને આ દેશમાં શુદ્ધ શાસ્ત્રીય એવું જીવન જીવવાની કળા કોઈએ શીખવી નથી... આ કળા વગર આપણા સાક્ષરો તેમ જ નિરક્ષરો અનેક શુભ અશુભ પ્રવાહોથી ધસમસતા વિશાળ રાષ્ટ્રજીવનથી જાણે કે અસ્પૃષ્ટ જેવા રહી જાય છે" એમ જણાવી, સ્વ. નાનાભાઈ ભટ્ટના શિક્ષક અને ગૃહપતિજીવનના આરંભકાળનો એક અનુભવ જણાવ્યો જેમાં અનેક પ્રકારની મુંઝવણ અને મથામણ અનુભવતાં નાનાભાઈએ વિદ્યાર્થીને ચોકડીમાં થઈ ગયેલ ઝાડો જાતે સાફ કર્યો હતો. વેડછી અને અન્ય આશ્રમમાં પોતે તથા બીજાઓ 'બાપુબોધી જીવનકળા' કઈ રીતે ખીલવી રહ્યા છે તે દર્શાવતાં એમણે બાળશિક્ષણ તથા પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ અંગે નિવેદન કર્યું : " આપણી કેળવણી એવી હોવી જોઈએ, જે આપણા સમાજના એકેએક મનુષ્યના મનને નિર્ભય બનાવે, તેના હૃદયને વજ્ર જેવું દૃઢ બનાવે, તેના જીવનને સત્યનિષ્ઠ બનાવે" એવાં ડૉ૦ રાધાકૃષ્ણનનાં વચનો ટાંકી, "આપણી હાઈસ્કૂલો અને કૉલેજોમાં આપણે આ ઉદ્દેશવાળી તેજસ્વી કેળવણી આપીએ છીએ શું?" એવો પ્રશ્ન કર્યો હતો બુનિયાદી શિક્ષણ અંગેની એમની પ્રવૃત્તિઓ માટે

એમણે કહ્યું: "અમે તો દેશનાં કિશોરો અને કિશોરીઓના ચારિત્ર્યનું અને તેમની સૂઝ-સમજનું ઘડતર થાય તેવી એક શિક્ષકપ્રણાલી ચલાવવા અને લોકપ્રિય બનાવવા મથી રહ્યા છીએ. કિશોરોના બાહુ મજબૂત થવા સાથે અનેક કળાઓ તેમની આંગળીઓમાં રમતી થાય, તેમની બુદ્ધિનું બંધારણ વિજ્ઞાન ઉપર રચાય, તેઓ જીવનમાં મહેનતુ અને સ્વાવલંબી રહી આપબળની, ખુમારીની તેજસ્વી કેળવણી લેવાના પાઠ શીખે, તેઓ શીખતા જાય તે સાથે દેશના નવનિર્માણનાં કામોમાં પણ પોતાનો ફાળો આપતાં જાય અને તે કામમાં પોતાના ઉત્સાહપૂર્ણ સહકારથી પ્રાણ પૂરતા જાય, આસપાસના જનસમાજમાં જીવન વિષે આશા અને ઉત્સાહ રેડતાં જાય એ દિશામાં અમે... પુરુષાર્થ કરી રહ્યાં છીએ." દેશને ખૂણે ખૂણે ઉચ્ચ શિક્ષણના ફેલાવાની વાત અંગે એમણે કહ્યું: "આપણે ચિન્તા કરવા જેવી વાત એ છે કે ગ્રામપ્રદેશોમાં, વન-પ્રદેશોમાં અને તટપ્રદેશોમાં હજુ એટલાં બધાં તરુણો અને તરુણીઓ ઊછરી રહ્યાં છે, જેમને પોતે ઉચ્ચ શિક્ષણ સુધી પોતાની લાયકાત કદી લઈ જઈ શકશે એવું સ્વપ્નું પણ આવી શકતું નથી. એ સૌને માટે એવા શિક્ષણની કલ્પના પણ આપણાં આયોજનોમાં કરવામાં આવતી નથી... આવાં સૌને કેળવણીનું અમૃત પહોંચાડવાનો ધર્મ આપણે બજાવતાં નથી તે મને ઘોર પાપરૂપ ભાસે છે.." એમણે કેટલાક પ્રશ્નો કર્યા: "આ બધો વિદ્યાપ્રવાહ હજુ શહેરોમાં જ કેમ અટકી પડયો છે? દર ચાર-પાંચ ગામ વચ્ચે એક ઉત્તર બુનિયાદી કેમ નહિ? દર તાલુકે અને પરગણે એક મહા-વિદ્યાલય કેમ નહિ? અને દર બે ત્રણ તાલુકા વચ્ચે એક વિદ્યાપીઠ કેમ નહિ?" ભારતમાં શિક્ષણ વ્યાપક બનાવવામાં વિજ્ઞાન આપણી વહારે ધાશે એવી આશા સેવનારાઓને સ્પષ્ટતા કરી કે "વિજ્ઞાન આપણને ઊંચામાં ઊંચી ટોચે લઈ જશે ત્યારે પણ એમણે (વિલાયતે) શ્રમ ઉપર અને શિક્ષણપદ્ધતિના પરિવર્તન પર ભાર મૂકયો છે તે જ આપણો સાચો તરણોપાય થવાનો છે; આર્થિક દૃષ્ટિએ જ નહિ, શિક્ષણની ગુણવત્તાની દૃષ્ટિએ પણ." આજની પરિસ્થિતિ અંગે એમણે કહ્યું: "પ્રતિષ્ઠાના અને મોટાઈના આપણા ખ્યાલો જ ફરી ગયા છે. સૌનું જીવનધોરણ સમાન હોય એમ આપણે ઈચ્છીએ છીએ. એક શિક્ષક ઈચ્છે છે કે તેનાં ઘરબાર, ખાનપાન, નોકરચાકર, એ બધું એક રાજાના સમાન, એક લખપતિના સમાન હોવું જોઈએ. એક શિક્ષક કે મજૂરના સાદા જીવન કરતાં રાષ્ટ્રપતિનું કે સર્વોચ્ચ ન્યાયાધીશનું ખાનપાન આદિ વધારે ન હોય એવો આદર્શ રાખીએ તો તો આપણાં સ્વમાન-ગૌરવ-સાચવીને આપણે તે પ્રાપ્ત કરી શકીએ અને ઉત્તમમાં ઉત્તમ કેળવણી આપણે ગામડે ગામડે પહોંચાડી શકીએ." કેળવણીના ક્ષેત્રમાં યુરોપીય ધોરણો લાગુ કરવાની ભૂલ ન કરવાનું સૂચવી વકતાએ આચાર્ય વિનોબાના શબ્દો ટાંકયા: "નવા રાજ્યમાં જેમ જૂનો ઝંડો એક દિવસ પણ ન ચાલી શકે તેમ નવા રાજ્યમાં જૂની તાલીમ પણ એક દિવસ માટે ન ચાલવી જોઈએ."

પત્રકારત્વ વિભાગના પ્રમુખસ્થાનેથી શ્રી બચુભાઈ રાવતે દોઢ સૈકાના ગુજરાતી પત્રકારત્વની વિવેચના કરી પત્રકારો લોકશિક્ષણનું યજ્ઞકાર્ય ઉત્તમ રીતે કયારે કરી શકે તેની ઉત્તમ મીમાંસા કરી હતી. આ જ સામયિકમાં પ્રવચન આખું હવે પછીના અંકોમાં છપાવાનું છે, તેથી તેનો અહિં સાર આપવાની મને જરૂર લાગતી નથી.

સા. પ.ના આ અધિવેશનમાં જ અસ્તિત્વમાં આવેલા સમાજવિદ્યા વિભાગના પ્રમુખપદેથી શ્રી પોપટલાલ ગો. શાહે પોતાના વ્યાખ્યા-નમાં સમાજવિદ્યાની તાલીમ માટે આગ્રહ કર્યો હતો. "એ માટે આપણી યુનિવર્સિટીઓ, કૉલેજો અને શાળાઓમાં પણ આપણી સામાજિક સ્થિતિને યોગ્ય ફેરફારો થવા જોઈએ. સમાજને ઊંચે ચઢાવવા માટે સમા-જના ઊંચા થરનાં સ્ત્રી-પુરુષોને એવી ટેવ પાડવાની સરળતા મળવી જોઈએ, કે જેથી તેઓ સમાજના પછાત વર્ગોની સેવામાં પોતાની નવરાશના સમયમાં મદદ આપી શકે. રાજ્ય તરફથી પછાત વર્ગોના શિક્ષણ, ઉન્નતિ અને વિકાસ માટે કરોડો રૂપિયાનો ખર્ચ થાય છે. તેમાં યોગ્ય કાર્યકરોની ઊણપને લીધે ઘણાં નાણાં વ્યર્થ જાય છે... એવી અસંખ્ય જાતિઓને સુધારવા માટે દૃઢ વૃત્તિવાળા, સમજ-શકિતવાળા અને ધૈર્યશીલ કાર્યકરોની જરૂર છે." તે માટે ગામે ગામ Social work ના Diploma classesની હિમાયત વકતાએ કરી. સમાજવિદ્યા, સમાજકલ્યાણ અને સામાજિક કાર્યની તાલીમ વધારે વ્યાપક કરવાના પ્રશ્નને એમણે મુખ્ય ગણ્યો. સરકાર, સમાજસંરક્ષણ સંસ્થાઓ, સ્ત્રીમંડળો તથા મુખ્યત્વે ગુજરાત સંશોધન મંડળના આ દિશામાંના પ્રયત્નો અને સેવાઓની સમીક્ષા કરી જ્ઞાતિઓની ઉત્પત્તિના ઈતિહાસ, જ્ઞાતિબળોનું ઊર્ધ્વીકરણ, સામાજિક અર્થશાસ્ત્ર સંબંધી વિચારપૂર્વક સંશોધન, ઔદ્યોગિક વ્યવસ્થા, પગારધોરણોની અસમાનતા વગેરે બાબતો છેડી વકતાએ "આપણી સમાજવિદ્યાને વિકસાવી, સમાજકલ્યાણના આદર્શોનો પ્રચાર કરવાનું અને તેમને અમલમાં મૂકવાનું કાર્ય કરવું પડશે." એવો ઉદ્‌ઘોષ કર્યો હતો.

વિભાગીય પ્રમુખોના પ્રવચનો પત્યા પછી સૂરત જૈન પુસ્તક ભંડારો તરફથી સંમેલન અને પરિષદના અગ્રણી કાર્યકરોનો સત્કાર શહેરના શ્રી દેવચંદ લાલચંદ પુસ્તકાલય ખાતે થયો હતો, જેમાં સાહિત્યકારો અને સંશોધકોએ સારી સંખ્યામાં હાજરી આપી હતી.

બપોરે સાયન્સ કૉલેજના જુદા જુદા ખંડોમાં એક સાથે વિભાગીય બેઠકો મળી હતી જેમાં સાહિત્ય, શિક્ષણ, અને પત્ર-કારત્વ વિભાગોમાં નિબંધવાચન થયું હતું, જ્યારે રંગભૂમિ અને સમાજવિદ્યા વિભાગોમાં પરિસંવાદોની યોજના હતી. શ્રોતાઓનો ધસારો રંગભૂમિ વિભાગમાં થતાં ત્યાં ખંડના દરવાજા બંધ કરાવી દેવા જેવી પરિસ્થિતિ સર્જાઈ હતી.

સાંજે અધિવેશનખંડમાં 'સર્જક કલાકારો અને આજના જગતની ચેતના' એ વિષય ઉપર યોજાયેલા પરિસંવાદમાં સર્વશ્રી જયંતી દલાલ, અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ, ગુલાબદાસ બ્રોકર તથા સિતાંશુ મહેતાએ ભાગ લીધો હતો. સંચાલન શ્રી ઉમાશંકર જોષીએ કર્યું હતું. આ વિષે હવે પછી.

ક્રમશ:

ભૂપેન્દ્ર ત્રિવેદી

આચાર્ય રજનીશજીનાં ટેપ રેકર્ડ કરેલાં પ્રવચનો

જીવનજાગૃતિ કેન્દ્રના મંત્રીઓ જણાવે છે કે આચાર્ય રજની-શજીનાં મુંબઈ તથા અન્ય સ્થળોએ અને સાધના શિબિરોમાં થયેલાં પ્રવચનો જે ટેપ રેકર્ડ કરી લેવામાં આવ્યાં છે તે સાંભળવા માટે જીવન-જાગૃતિ કેન્દ્ર તરફથી મુંબઈમાં નીચે મુજબ વ્યવસ્થા કરવામાં આવી છે, જેનો લાભ લેવા દરેક જિજ્ઞાસુ ભાઈ - બહેનોને નિમંત્રણ છે.

સ્થળ: મરીનલાઈન્સ સ્ટેશનની પશ્ચિમે,
આણુવ્રત સભાગાર.

સમય: દર અંગ્રેજી મહિનાના પહેલા અને ત્રીજા શનિવારે, રાત્રે ૭-૦૦.

વિષયસૂચિ

		પૃષ્ઠ
મહામના લાલબહાદુર શાસ્ત્રી: એક મૂલ્યાંકન.	શ્રી ગગનવિહારી લ. મહેતા	૧૯૧
પૂરક નોંધ: શાસ્ત્રીજી અને રામનાથ, શાસ્ત્રીજી અને ટાંગાવાળો, શાસ્ત્રીજી અને તેમનો બાળ–હરિ, શાસ્ત્રીજી વિષે શ્રી. ડી. આર. માંકેકર, ખુદા હાફિઝ.	પરમાનંદ	૧૯૨
દશમુદ્દા ની ઐતિહાસીક તાશ્કંદ જાહેરાત		૧૯૩
મહાપ્રસ્થાનના પથ પર–૫	પ્રબોધકુમાર સન્યાલ	૧૯૪
પ્રશ્નનેતા તરીકે શ્રીમતી ઈન્દીરા ગાંધીની વરણી	પરમાનંદ	૧૯૭
ગુજરાતી સાહિત્ય પરિષદ, ત્રેવિશમું અધિવેશન, સૂરત.	ભૂપેન્દ્ર ત્રિવેદી	૧૯૯

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ. મુંબઈ–૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, ફોર્ટ, મુંબઈ

Regd. No. MH. 117
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસસ્કરણ
વર્ષ ૨૭ : અંક ૨૦

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ફેબ્રુઆરી ૧૬, ૧૯૬૬, બુધવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૨૫ પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

☆ ભસ્મ વિસર્જનની ક્રિયામાં ઔચિત્ય કેટલું ? ☆

મારી વાત અંગે મોટી ગેરસમજૂતી ઊભી થવાનું જોખમ વહોરીને પણ મને લાગે છે કે આપણા દેશના મહાન નેતાઓ અને શાસકોના દેહવિસર્જનની બાબતમાં ઊભી થયેલી પ્રણાલિકાના વિરોધમાં ઉચ્ચારાતી વાતમાં હું પણ સૂર પુરાવું.

માનવી પોતાના જીવનકાળ દરમ્યાન ગમે તેવો મહત્ત્વપૂર્ણ હોય તો યે એના અવસાન પછી એનો દેહ સંપૂર્ણપણે ને એક માત્ર રીતે એના કુટુંબનો બની રહે છે. સામાન્ય નિયમ તરીકે તો કુટુંબના રૂઢિ રિવાજ કે પ્રણાલિકા પ્રમાણે એની ગતિ થાય, જો કે વ્યકિતએ પોતાના દેહ વિષે અગાઉથી કશી સૂચનાઓ આપી હોય તો તેનો અમલ થાય.

મને લાગે છે કે આ વાત સૌ પ્રથમ મહાત્મા ગાંધીની કરૂણ હત્યા પ્રસંગે ઊભી થઈ હતી. સરકારે આગળ પડી એમના દેહનો કબજો લઈ લીધો ને તે પછી જે કંઈ થયું એની સાથે એમના કુટુંબને જાણે કશી ખાસ લેવાદેવા ન હતી એ રીતે વર્તાયું. સ્વાભાવિક હતું કે એવા મહાન નેતાની વિદાય વેળાએ અંજલિ આપવા માનવમહેરામણ ઊમટે, પરંતુ જ્યાં દેહની અંતિમ ક્રિયાનો જ સવાલ હતો ત્યાં કુટુંબને જ આગળ આવવા દેવું જોઈતું હતું. પણ તેમ બન્યું ન હતું.

મહાત્મા ગાંધીની રાષ્ટ્રસન્માનિત સ્મશાનયાત્રા નીકળી હતી. એમાં લશ્કર પોતાની સઘળી રૂઢિઓ અને સઘળા કાફલા સાથે હાજર હતું. બંદૂકો ઊંધી કરી દેવામાં આવી હતી અને એવી બીજી રૂઢિઓને અનુસરવામાં આવી હતી. મહાત્મા ગાંધી અત્યંત વિશિષ્ટ વ્યકિત હતા અને એમના કિસ્સાને પણ વિશિષ્ટ ગણવો જોઈએ. પરંતુ ત્યાર પછી બીજા કિસ્સાઓમાં આ શિરસ્તો બની ન જવો જોઈએ.

૧૬ વર્ષ પછી એમના મહાન અનુગામી જવાહરલાલ નહેરુ મૃત્યુ પામ્યા. અને એમની પ્રતિષ્ઠા રાષ્ટ્રીય જીવનમાં જ નહીં, આન્તરરાષ્ટ્રીય ક્ષેત્રમાં પણ ગાંધીજી કરતાં જરાયે વિશેષ ઓછી ન હતી. પરિણામે એ આખીયે પ્રક્રિયાનું પુનરાવર્તન થયું અને એમની અત્યંષ્ટિ ક્રિયા લશ્કરી દોરદમામ અને ગંભીર ઔપચારિકતા સાથે કરાઈ. એમના કુટંબના સભ્યો ત્યાં હાજર હતા, પણ તેઓ ચિતાને આગ ચાંપી શકે તેટલાં નજીક ન હતાં. દેખીતી રીતે જ તેમને ફાળે ઘણું ઓછું કામ હતું. સરકારે સઘળું હાથમાં લઈ લીધું અને કુટુંબની સલાહસૂચના લીધા વગર જ અસ્થિકુંભને એકલા પ્રયાગમાં જ નહિ પરંતુ દેશના વિવિધ સ્થળોએ મોકલી આપવાની વ્યવસ્થા કરી દીધી.

એમ કહી શકાય કે એમના વીલમાં જવાહરલાલે એવી ઈચ્છા વ્યકત કરી હતી કે તેમની રાખ ધરતીની માટીમાં ભળી જાય તે રીતે વિખેરી દેવી. જોકે એ વીલમાં એ સ્પષ્ટ નથી કે એમની ઈચ્છા પૂરી કરવાનો ભાર જેમને માથે હતો એમણે એ એરોપ્લેન દ્વારા પૂરી કરવી કે કેમ. ગમે તેમ હોય, ગમે તેટલા સમૃદ્ધ કે સાધનસંપન્ન કુટુંબ માટે પણ મરનારની ઈચ્છાઓ પૂરી કરવાનું એ કામ શકય બન્યું ન હોત. તે સરકાર માટે શકય છે અને એ પણ રાજયને ખર્ચે જ !

બે વર્ષ વીત્યાં હશે અને જવાહરલાલના અનુગામી આપણા બહુ જ પ્રિય શ્રી લાલબહાદુર શાસ્ત્રીનો વિદેશી ભૂમિ પર દુ:ખદ અને એકાએક અંત આવવાથી વધુ દુ:ખદ ઘટના સર્જાઈ. યજમાન દેશે તેમના મૃતદેહને સ્વદેશ મોકલ્યો. પરંતુ એક વખત દિલ્હીમાં તે આવી ગયા પછી પેલી રૂઢ થતી જતી બધી જ જૂની પ્રણાલિકાઓનું ચુસ્તપણે પાલન કરવામાં આવ્યું અને જવાહરલાલના મૃત્યુ પ્રસંગે જે વિધિઓને વિસ્તૃતપણે અનુસરવામાં આવી હતી તેનું લાલબહાદુર શાસ્ત્રીના કિસ્સામાં પુનરાવર્તન થયું. મારો ખ્યાલ છે ત્યાં સુધી આ બાબતમાં કુટુંબને બહુ લક્ષમાં રાખવામાં આવ્યું ન હતું. કુટુંબની ઈચ્છાઓનું પાલન થયું ન હતું અને જે બધું થયું તેમાં કુટુંબને બહુ ઓછો ભાગ ભજવવાનો હતો.

ગમે તે થયું, પરંતુ જે વાત આજે મને બહુ દુ:ખ પેદા કરી રહી છે તે દેશના જુદા જુદા સ્થળે મૃતમાનવીની ભસ્મ વિસર્જન કરવાનો જે રિવાજ અને પ્રણાલિકા સ્થાપિત કરવાનો પ્રયાસ થયો છે તે અંગે છે. ધાર્મિક માન્યતા અને રાજકીય દષ્ટિબિંદુને માન આપીને આ સ્થળોની પસંદગી કરવામાં આવી હશે. સવાલ એ છે કે આ વસ્તુ યોગ્ય છે કે કેમ અને આ બધા કાર્યમાં રાજ્ય સક્રિય રીતે રસ લઈ રહ્યું છે તે માટે કોઈ સત્તાવાર મંજૂરી આપવાની જરૂર છે કે કેમ ?

જો લોકો પોતાના મૃત સગાવહાલાંઓની ભસ્મને દેશના દૂરદૂરના ભાગોમાં મોકલવા કે લઈ જવાનું ચાલુ કરે તો તેમાંનાં ઘણાં પોતાની સંપૂર્ણપણે બેહાલી કરી બેસશે. એ ભૂલવું ન જોઈએ કે મિલ્કતવેરા હેઠળ અંતિમવિધિઓ માટે વધુમાં વધુ રૂા. એક હજારનો ખર્ચ મંજૂર રાખવામાં આવ્યો છે. સરકાર લાખો રૂપિયાના જાહેર નાણાંનો આટલો બધો ખર્ચ શી રીતે કરી શકે અને પોતાના જ કાનૂનને વેગળો મૂકે તે હું સમજી શકતો નથી.

જ્યાં લાગણીનો પ્રશ્ન હોય ત્યાં પૈસાનો મુદ્દો ઊભો કરવો એ હંમેશાં અઘટિત છે. છતાં હું માનું છું કે બિનજરૂરી દુર્વ્યય દૂર થવો જોઈએ. સરકાર જો આ પદ્ધતિ ચાલુ રાખશે તો એક મુંઝવણભરી પરિસ્થિતિનો તેણે સામનો કરવો પડશે કે જ્યારે જુદા જુદા લોકો પોતાનાં સગાંવહાલાંઓની ભસ્મનું વિસર્જન કરવા માટે, રાજ્યે આપણા મહાન વડાપ્રધાનો જેઓ આપણા મહાન દુ:ખ વચ્ચે ઝડપથી પસાર થઈ ગયા છે તેમની જેમ છૂટછાટો માગશે.

આ પ્રક્રિયા ખચિતપણે બંધ થવી જોઈએ અને મૃત્યુ પામેલાઓના શબો, પછી તે ગમે એટલા મહાન હોય તો યે કેટલીક ખાસ વિધિઓ કે જેને વડાપ્રધાનો કે અન્ય ઉચ્ચ પુરુષોના સન્માન માટે રાજ્ય જરૂરી માનતું હોય તે પતાવીને તેમની અંતિમ વિધિ માટે તેમના કુટંબીઓને સોંપી દેવા જોઈએ. સરકારના સભ્યો તથા

અન્ય વ્યક્તિઓ અનગી વ્યક્તિઓ તરીકે આ શોક-પ્રસંગમાં જોડાઈ શકે.

જે રીતે થઈ રહ્યું છે તેથી હું ચોક્કસ રીતે દુઃખી છું અને મારો અવાજ ગમે તેટલો નિર્બળ હોય તો યે મારે અવાજ ઉઠાવવો જોઈએ.

('સંદેશ સાપ્તાહિક'માંથી સાભાર ઉધ્ધૃત) **શ્રી શ્રીપ્રકાશ**

પુરક નોંધ

મૃતદેહનો અન્તિમ નિકાલ અગ્નિસંસ્કાર વડે જેમ બને તેમ જલ્દિથી કરવો એ પ્રકારની પરંપરા સ્વીકારવા સાથે મૃતદેહ કે તેના અવશેષનું તેમ જ ભસ્મીભૂત થયેલા દેહની ભસ્મ કે અસ્થિનું કશું પણ મહત્ત્વ નથી એ પ્રકારની ધારણાનો સ્વીકાર રહેલો જ છે. આમ છતાં આચારમાં હિન્દુઓ કે જેમણે અગ્નિ-સંસ્કારની પ્રથા સૈકાઓથી અપનાવી છે તેમના દિલમાંથી અસ્થિનું મહત્ત્વ હજુ પણ નાબૂદ થયું નથી આ ભારે આશ્ચર્યજનક છે. આમાં પણ ઉપરના લેખમાં જેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે મુજબ ગાંધીજીના અવસાન સાથે ભસ્મવિસર્જનની જે નવી પદ્ધતિ શરૂ થઈ છે અને જે પદ્ધતિનો પંડિત જવાહરલાલજી તથા લાલ-બહાદુર શાસ્ત્રીના મૃતદેહની ભસ્મ અંગે અમલ કરવામાં આવ્યો છે, એટલું જ નહીં પણ, ગુજરાતના પ્રધાનમંત્રી સ્વ. બળવન્તરાય મહેતાના દેહાવશેષની ભસ્મ અંગે નાના પાયા ઉપર પણ જે પદ્ધતિનો અમલ કરવામાં આવ્યો છે તે પદ્ધતિ અને તે પાછળ કરવામાં આવતો અનર્ગળ દ્રવ્યવ્યય આજના તબકકે ખાસ વિચારણા માગી લે છે. એ ભસ્મને અને એ અસ્થિને મૃતાત્માની ભવ્યતા સાથે કશો જ સંબંધ હોઈ ન જ શકે એમ તાર્કિક વિચારણા દ્વારા કોઈને પણ સહજ સમજાય તેવું છે. આમ છતાં કોઈ પણ પયગંબરની દાઢ, અસ્થિ કે બાલની પવિત્રતા અંગે ચાલી આવતો વહેમ આજે આ ભસ્મવિસર્જનના વિધિ સાથે નવા આકારે જીવતો થાય છે અને આવી બાબત પાછળ રહેલી લોકમાનસની ઘેલછા નવા નવા રૂપે પ્રગટ થાય છે. આ વહેમ અને આ ઘેલછા આગળ વધવા ન પામે તે ખાતર તે સામે લાલબત્તી ધરવાની ખાસ જરૂર ઊભી થઈ છે.

આમ મૃતદેહ અને તેના અવશેષોને એક યા બીજા પ્રકારે મહત્વ આપતા વિશાળ જનસમુદાયમાં, મારી જાણ મુજબ, જૈન સમુદાય માત્ર એક એવો સમાજ છે કે જેનો આ બાબતને લગતો આચાર તેમ જ વ્યવહાર કેવળ વૈજ્ઞાનિક અને તર્કશુદ્ધ છે. જૈનોના અન્ય આચાર-વ્યવહારમાં વહેમ અને અંધશ્રદ્ધાને નાનું મોટું સ્થાન હશે, પણ મૃતદેહ અંગે તેને સ્પષ્ટ સમજણ છે કે દેહમાંથી ચેતનાનું વિસર્જન થયા બાદ તેમાં અને અન્ય જડ પદાર્થમાં કશો પણ તફાવત રહેતો નથી અને એ દેહને વધારે સમય રાખી મૂકવામાં આવે તો તે ફૂલવા માંડે, ગંધાવા માંડે તેથી તેનો અગ્નિસંસ્કાર દ્વારા જેમ બને તેમ જલ્દિથી નાશ કરવો એ જ માત્ર કર્તવ્ય રહે છે. મૃતદેહનો અગ્નિસંસ્કાર કર્યા બાદ જેનો નથી તેમાં અવશેષ રહેલા અસ્થિનો સંચય કરતા કે નથી તેની ભસ્મનું નદી યા દરિયામાં વિસર્જન કરતા. અને મૃતદેહના નિકાલ અંગે આ જ એક તર્કશુદ્ધ માર્ગ છે. અને આથી અન્યથા વિચારવું કે વર્તવું એક અર્થશૂન્ય ભાવુકતા કે લાગણીઓનું બેવકુફીભર્યું વેવલાપણું છે. આજના વૈજ્ઞાનિક યુગમાં આ વિચાર પૂરો સ્પષ્ટ થવો જોઈએ અને સંપૂર્ણ અંશમાં સ્વીકાર્ય બનવો જોઈએ.

આમ છતાં ભલે મૃતદેહ અંગે આવી વિવેકજાગૃતિ પેદા થતાં વાર લાગે. વિવેક મુજબ વ્યવહારમાં પરિવર્તન આપણે ઈચ્છીએ તે મુજબ સિદ્ધ થતું નથી. પણ ગાંધીજીથી માંડીને લાલબહાદુર શાસ્ત્રી સુધી જે ભસ્મવિસર્જનનો દબદબાભર્યો વિધિ શરૂ થયો છે અને તે પાછળ સરકાર કે પ્રજા જે પુષ્કળ દ્રવ્યનો વ્યય કરે છે તેની તો એકાએક અટકાયત થવી જ જોઈએ. સરકારે આ બાબત અંગે હવે પછીના આવા પ્રસંગો માટે પોતાની નીતિ સત્વર નકકી કરવી જોઈએ અને તેની યોગ્ય જાહેરાત કરવી જોઈએ. **પરમાનંદ**

રાષ્ટ્રપતિનું પ્રસાદપૂર્ણ પ્રવચન

(પ્રજાસત્તાક દિન તા. ૨૬મી જન્યુઆરીના રોજ ઑલ ઈન્ડિયા રેડિયો ઉપરથી પ્રસારિત કરવામાં આવેલા રાષ્ટ્રપતિ રાધાકૃષ્ણનના પ્રસન્નગંભીર અને પ્રસાદપૂર્ણ પ્રવચનનો અનુવાદ જગ્યાના અભાવે આગળના અંકમાં પ્રસિદ્ધ કરી શકાયો નહોતો. એ અનુવાદ જરા મોડો પ્રસિદ્ધ થાય છે, એમ છતાં તેની મૂલ્યવત્તા કે સામયિક મહત્વમાં કશો પણ ફેર કે ઘટાડો થતો નથી. આવું સુંદર અને માર્ગદર્શક પ્રવચન આપણને ઘણા લાંબા વખતે પ્રાપ્ત થયું છે. **તંત્રી**)

આ ૧૭ મા પ્રજાસત્તાક દિન ઉપર, ભારતમાં તેમ જ ભારત બહાર વસતા આપણા પ્રજાજનો જોગ થોડા થોડા શબ્દો કહેવાનો અવસર મળતાં હું આનંદ અનુભવું છું.

તાજેતરમાં પૂરું થયેલું વર્ષ આપણા માટે ભારે વિષમતાભર્યું નિવડ્યું છે. શ્રી લાલબહાદુર શાસ્ત્રી જેમનું નામ ઈતિહાસમાં ચિર-સ્મરણીય બની ગયું છે તેમને આપણે ગુમાવ્યા છે. માનવીઓને લોકો યાદ કરે છે તે તેમની ધનસંપત્તિ માટે નહિ, તેમના સત્તા-પ્રભાવ માટે નહિ, જે મહાન અધિકારો તેમણે ભોગવ્યા હોય તે માટે નહિ; આ બધું ક્ષણભંગુર છે. બહાદુરી ભરેલાં પરાક્રમો અને લોકોના દિલમાં ખળભળાટ પેદા કરતી ઘટનાઓ પણ સમય જતાં વિસરાઈ જાય છે. આપણી પાછળ નૈતિક મહત્તા દાખવતું જે કોઈ દૃષ્ટાંત મૂકી જઈએ તે જ માત્ર ટકે છે, ચિરસ્મરણીય બને છે.

શ્રી લાલબહાદુર શાસ્ત્રી ભારતની પ્રજાના એક મહાન સેવક હતા અને શાંતિ અને પ્રગતિને તેમનું સમગ્ર જીવન સમર્પિત હતું. પાકિસ્તાન સાથે થયેલા કમનસીબ સંઘર્ષ - દરમિયાન ન્યાયપૂર્ણ એવા આત્મરક્ષણના કાજે બળનો ઉપયોગ કરતા તેઓ અચકાયા નહોતા. આપણાં સશસ્ત્ર દળોએ હિમત અને હોશિયારીભર્યા શૌર્ય અને જીવન-સમર્પણ દાખવતા અનેક પરાક્રમો વડે પોતાની આબરૂ અને પ્રતિષ્ઠા વધારી છે. એ એક ભારે કરુણતા છે કે જેમ માનવીના જીવનમાં તેમ જ પ્રજાઓના જીવનમાં, આપણે શાંતિના રાહ ઉપર સ્થિર થઈએ તે પહેલાં, કેટલીકવાર બળનો ઉપયોગ કરવાની અને યુદ્ધો ખેલવાની આપણને ફરજ પડે છે. સોવિયેટ યુનિયન અને તેના પ્રધાનમંત્રી કોસિજીનનો આપણે આભાર માનીએ કે પાકિસ્તાનના પ્રમુખ અને આપણા પ્રધાનમંત્રી, જ્યાં જ્યાં શકય હોય ત્યાં ત્યાં પરસ્પરના મતભેદોનો ચર્ચાદ્વારા નિકાલ લાવવા માટે તાશ્કંદ ખાતે એકઠા થયા. શ્રી લાલબહાદુર શાસ્ત્રીએ અદ્‌ભુત સ્વસ્થતાનો અને શાંતિસાધના પ્રત્યેની એકાંત નિષ્ઠાનો આપણને પરિચય કરાવ્યો. તાશ્કંદના જાહેરનામાદ્વારા બન્ને સરકારોએ પોતપોતાની સર્વ સમસ્યાઓની હવે પછીના શાંતિ અને સદ્‌ભાવભર્યા વાતાવરણમાં ચર્ચા - વાર્તા કરવાનો પોતાનો ઈરાદો જાહેર કર્યો છે.

જાહેરનામું

આ જાહેરનામું એક સંપૂર્ણ દસ્તાવેજ છે એમ કોઈ દાવો કરી શકે તેમ નથી. તેની અંદર લેવડ-દેવડનાં, બાંધછોડ અને સમાધાનીનાં તત્ત્વો રહેલાં છે. પણ આપસઆપસના ઝઘડાઓ મીટાવવા માટે બળનો ઉપયોગ કરવાનો ઉભય પક્ષે સ્પષ્ટ ઈનકાર, શસ્ત્રવિરામની હરોળનું પાલન અને આંતરિક બાબતોમાં દરમિયાનગીરી નહિ કરવાની કબુલાત -- આટલી બાબતોનો પ્રામાણિકપણે અમલ કરવામાં આવે તો તે દ્વારા મૈત્રીભર્યું વાતાવરણ જરૂર પેદા થશે અને સારા પાડોશી તરીકે રહેવામાં તે મદદરૂપ થશે.

જો કે યુદ્ધ માત્રનો સદાને માટે જો અંત આવે તો તેના જેવું બીજું રૂડું શું? પણ, જ્યાં સુધી ઈર્ષ્યા, કટુતા, ભય અને રાષ્ટ્રીય રાગદ્વેષ માનવીના દિલમાં અસ્તિત્વ ધરાવે છે ત્યાં સુધી અંતિમ ધ્યેય દૂરનું દૂર જ રહેવાનું. તાશ્કંદનું જાહેરનામું સુલેહશાંતિના વિકટ માર્ગે આગળ લઈ જનારૂં એક ભારે મહત્ત્વનું પગલું છે. પાકિ-

સ્તાન સાથેના આપણા સંબંધોમાં એક નવા પ્રસ્થાનની આશા જાગૃત કરે છે. આપણા કાર્યમાં આપણે વિનમ્રતાપૂર્વક આગળ વધીએ. નાનાં રાષ્ટ્રો સાવ નિર્દોષ હોતાં નથી તેમ જ મહાન રાષ્ટ્રો કદિ ભૂલો ન જ કરે એમ પણ હોતું નથી.

૧૯૬૪ના જૂનમાં આપણે નહેરુથી શાસ્ત્રી પ્રત્યેનું પરિવર્તન સરળપણે સાધી શકયા. એ આપણી લોકશાહીની તાકાતનું દ્યોતક છે. ગયા અઠવાડિયા દરમિયાન શિષ્ટતા, ગૌરવ અને વ્યવસ્થિતતાપૂર્વક શાસ્ત્રીના અનુગામીની આપણે પસંદગી કરી શકયા એ પણ એટલું જ ગૌરવપ્રદ છે.

આ ચૂંટણી સ્પર્ધાયુકત હતી અને તેનું સંચાલન આપણા જાહેર જીવનમાં વ્યાપેલી ઉચ્ચ કોટિની સભ્યતાના વિજયરૂપ હતું. બન્ને ઉમેદવારો કશી પણ કટુતા કે કલુષિતતાથી મુકત હતા. તેઓ બન્ને દેશના ચાહક છે અને આપણા આદર્શોના પૂજક છે, અને આપણી સામે જે ભવ્ય અને ભીષણ સમસ્યાઓ છે તેને પહોંચીવળવામાં આપણા લોકો એકરૂપ બની રહેશે એવી આપણી શ્રદ્ધા છે.

આપણે આશા રાખીએ કે ભવ્ય આદર્શવાદના વાતાવરણમાં જે ઉછરેલ છે તેવા આપણા નવા સુકાનીથી સંચાલિત થનાર નવી સરકાર સ્વાતંત્ર્ય અને લોકશાહીની મશાલને આગળ ને આગળ લઈ જશે, સતત પ્રજ્વલિત રાખશે અને સામાજિક, આર્થિક તેમ જ રાજકીય ક્ષેત્રે, જ્યાં જ્યાં અન્યાય હશે ત્યાં ત્યાં, તે અન્યાયનો ધૈર્ય, પ્રામાણિકતા તથા અનુકંપાપૂર્વક સામનો કરશે. બીજી સમસ્યાઓમાં પણ અન્ન-સમસ્યા તરફ સરકારે તરતમાં જ પોતાનું ધ્યાન અને શકિત કેન્દ્રિત કરવાનાં રહેશે.

આજની દુનિયા ધનતૃષ્ણા કે પરિગ્રહના કારણે એટલી બધી હેરાનપરેશાન નથી, જેટલી હેરાનપરેશાન સત્તાની ભૂખના કારણે થઈ છે. માનવીની પ્રવૃત્તિઓનું નિયંત્રણ કરવા માટે, પરસ્પરના હક્કોનું રક્ષણ કરવા માટે, માનવી જીવનની પરિપૂર્તિ અર્થે જરૂરી તકો અને સગવડોની પુરવણી તથા વૃદ્ધિ કરવા માટે પ્રતિનિધિત્વયુકત લોકશાહીની યોજના કરવામાં આવી છે. તેની સફળતા માટે એવા જવાબદાર લોકનેતાઓની જરૂર છે કે જેઓ, જે સ્વતંત્રતા હજારો નિષ્ઠાવાન નરનારીઓની બહાદુરી અને બલિદાન વડે પ્રાપ્ત કરવામાં આવેલ છે તે સ્વતંત્રતાને દૃષ્ટિ અને કલ્પના વડે સુરક્ષિત રાખવા અંગે સતત પ્રયત્નશીલ હોય અને થોડા લોકો જ સ્વાર્થપ્રેરિત દરમિયાનગીરી કે દખલગીરીના કારણે મેળવેલી સ્વતંત્રતાને જરા પણ હાનિ ન પહોંચે એ અંગે જેઓ સતત જાગૃત હોય.

આપણા નેતાઓએ લોકોને દોરવણી આપવી ઘટે અને નહિ કે લોકોથી તેમણે દોરવાવું ઘટે. લોકો ક્ષણિક આવેશોને વશ બની ન જાય અથવા તો જે તે બાબતો અંગે મીજાજ ગુમાવી ન બેસે એ પ્રકારે તેમને આપણા નેતાઓએ કેળવણી આપવી જોઈએ. જે લોકશાહીના પાયામાં રહેલું સ્વાતંત્ર્ય આપણે હસ્તગત કર્યું છે તે સ્વાતંત્ર્યનું મૂલ્ય તેમ જ તેની નાજુકતા–બન્નેની બરોબર કદર કરવામાં આવે એવી તેમને આપણે તાલીમ આપવી જોઈએ.

આપણી લોકશાહી આત્માની ગુલામીની–વ્યકિતગત દાસત્વની–કટ્ટર વિરોધી છે. માનવીનું સંસ્થા વડે દમન થવું ન ઘટે, સત્તા અમુક ગણીગાંઠી વ્યકિતઓના હાથમાં કેન્દ્રિત થવી ઘટે, રાજનીતિ એવી હોવી ન ઘટે કે જે અન્યનો તિરસ્કાર કરવાનો આપણને આદેશ આપે, માનવીઓનું જીવન યંત્રવત્ – રોબોટ જેવું – બની જવું ન જોઈએ. આપણા દેશને આપણે ચાહીએ છીએ – એટલા માટે કે આપણે પ્રેમ અને સત્યના ચાહક છીએ. સાચો કે ખોટો મારો દેશ એ મારો દેશ - આવો કોઈ સવાલ જ નથી. આપણા દેશ અંગે આપણા ચિત્તમાં જે ભાવાત્મક ચિત્ર છે તે ચિત્રને – તે છબીને – આપણો દેશ મૂર્ત કરે એ જ ખરો પ્રશ્ન છે.

સમાજનિષ્ઠા

આપણા સમાજ પ્રત્યે આપણી વફાદારી અને નિષ્ઠા હોવી જ જોઈએ, કારણ કે તે દ્વારા આપણને અમુક સગવડો મળે છે, ધર્મ, અર્થ, કામ અને મોક્ષ – એ જે ચાર પુરુષાર્થ છે, માનવીજીવનનાં જે મુખ્ય ધ્યેય છે તે સિદ્ધ કરવામાં તે દ્વારા આપણને સહાય પ્રાપ્ત થાય છે. આ હેતુઓ સિદ્ધ કરવા માટે, સ્વતંત્ર અને સર્જનાત્મક વ્યકિતત્વ પેદા ભરવા માટે, દેશમાં વ્યાપી રહેલ ભૂખમરો, અપૂરતું પોષણ, વ્યાપક બીમારીઓ, નિરક્ષરતા, સામાજિક અસમાનતાઓ અને ઔદ્યોગિક પછાતપણું – આ સર્વનો આપણે અંત લાવવાનો રહે છે.

માનવીને માનવીથી વધારે મહત્ત્વનું બીજું કશું છે જ નહિ. આપણી લોકશાહીનાં પરિણામો આપણાં ગામડાંઓમાં, ખેતરોમાં અને ફેકટરીઓમાં, નિશાળોમાં અને ઈસ્પિતાલોમાં પ્રત્યક્ષ થવાં જોઈએ. એ દિવસ દૂર નથી કે જ્યારે દુનિયા શિક્ષણ, આરોગ્ય, વસવાટ અને નાનાં, ઘરડાં તેમ જ અસહાય લોકોની સારસંભાળને સૌથી વધારે મહત્વ આપશે.

આપણે જીવનની બાહ્ય પરિસ્થતિમાં સુધારો કરીએ તો પણ માનવીના આંતરજીવનની આપણે ઉપેક્ષા કરી ન જ શકીએ. તેની અસંયમી પ્રકૃતિ, તેનામાં રહેલાં આસુરી બળો – આ જ તેનાં મુખ્ય શત્રુઓ છે. આપણે કામનાઓને અને વાસનાઓને અને ભોગલક્ષી-વૃત્તિઓને ખૂબ ઉત્તેજન આપીએ છીએ. પ્રેમ એટલે કે દિલની અનુકંપા આ દુનિયામાં વિરલ બનતી જાય છે. તે વધારે વ્યાપક તેમ જ વધારે ઊંડાણવાળી બને એ અત્યંત આવશ્યક છે.

સદિચ્છા

સર્વ કોઈ સદિચ્છા–શુભ ભાવ–ધરાવતા માનવીઓના દિલમાં શાંતિની ઝંખના રહેલી જ હોય છે. આપણી સમસ્યાઓ હલ કરવા માટે આપણને આંતરબાહ્ય - ઉભય પ્રકારની – શાંતિની જરૂર છે. જો માનવીની સભ્યતા દ્વારા વિકસેલાં મૂલ્યો ટકાવવા હોય તો આપણે આપણા પાડોશીઓ સાથે સમાધાનીપૂર્વક રહેતા શીખવું જોઈએ અને વિશ્વબંધુત્વની દિશાએ કાર્ય કરતા થવું જોઈએ.

આજના વિચારશીલ માનવીઓની ગંભીર સંવેદનાત્મક ચિન્તા દુનિયાની વર્તમાન સ્થિતિ પરત્વે છે. આપણે દુનિયાની સામે જોતાં જો ઊંડી બેચેની અનુભવતા હોઈએ તો એ એટલું જ સૂચવે છે કે આ દુનિયા કોઈ એક મહાન પરિવર્તનને ઝંખી રહેલ છે. આપણે તે પરિવર્તનને અડકીને ઊભેલા છીએ અને તે કારણે ન સમજી શકાય એવો કંપ અનુભવીએ છીએ. આ પરિવર્તન આપણને અમાપ આબાદી તરફ આગળ લઈ જનારું છે કે જંગલીપણા તરફ પાછળ લઈ જનારું છે તેનો આધાર વિજ્ઞાન અને ટેકનૉલૉજી (તંત્ર વિદ્યા) ની અદ્‌ભુત સિદ્ધિઓનો આપણે કેવો ઉપયોગ કરીએ છીએ તેના ઉપર રહેલો છે. આપણી આગળ પૂરતા પ્રમાણમાં સ્ફોટક સામગ્રી છે કે જે આ દુનિયામાં સમગ્ર જીવનનો અંત આણવા માટે સમર્થ છે.

જ્યાં જ્યાં શક્ય હોય ત્યાં ત્યાં ન્યાય અને શાંતિભર્યા સમાધાનો માટે તેમ જ સંપૂર્ણ નિ:શસ્ત્રીકરણ અંગે આવશ્યક એવી–આણ્વિક શસ્ત્રોની અનભિવૃદ્ધિ માટે આપણે પ્રયત્નશીલ બનીએ. તે જ માત્ર શાણપણનો સારો માર્ગ છે.

અનુવાદક : પરમાનંદ મૂળ અંગ્રેજી : ડૉ. રાધાકૃષ્ણન્

પાયા વિનાની માન્યતાઓ અને વહેમોની
ગ્રંથિઓને વિદારનાર અને વિચારપ્રેરક
ચમત્કાર અને વહેમો
લેખક : રતિલાલ મફાભાઈ શાહ
મુ. માંડલ, વિરમગામ થઈને (ઉત્તર ગુજરાત)
કિંમત રૂા. ૧, પોસ્ટેજ ૦–૩૦
પ્રાપ્તિસ્થાન : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ,
૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ–૩

ગુજરાતી સાહિત્ય પરિષદ: ત્રેવીશમું અધિવેશન, સુરત

[૩]

ગયા અંકમાં જેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે મુજબ બીજા દિવસની સાંજે અધિવેશન મંડપમાં શ્રી ઉમાશંકર જોષીના સંચાલન નીચે યોજવામાં આવેલ 'સર્જક કલાકારો અને આજના જગતની ચેતનાર' એ વિષય ઉપરના પરિસંવાદનો આરંભ કરતાં શ્રી જયંતી દલાલે બે પ્રશ્નો રજૂ કર્યા હતા કે 'એકલા સર્જકે એવો ગુનો કર્યો છે કે સાંપ્રત સમયના પ્રત્યાઘાતો–ગમાઅણગમા ચુકાવવાનો વાત એને માથે આવી છે?' અને 'બીજા કોઈ પણ યુગ કરતાં આજનો જમાનો સર્જકને ચોક્કસ વધારે સંવેદનશીલ કરે છે એ વાત સાચી છે?' એમણે કહ્યું: 'સર્જનવ્યાપાર આજે શરૂ થયેલી પ્રવૃત્તિ નથી, ઘણા સૈકાઓથી એ તો એ જ રીતે ચાલ્યો આવે છે. સામાજિક દૂષણભૂષણોની સારી એવી જાણ અને ઉકેલ સર્જકે બતાવેલ છે અને જેમને આવું થયું હોય તેમની આગળ એ રજૂ કરતો આવ્યો છે. આજે જે બને છે તેથી સંવેદનશીલ આત્માને જરૂર કંઈક થાય છે. એનું મન પોચું બન્યું છે, નાનકડી વાતે ઉશ્કેરાય છે. માણસને દુઃખ થાય તેની નવાઈ નથી, પણ વિશેષ એ છે કે આજના સર્જકને સંવાદો રચવાની સગવડ જ રહી નથી. આજે તો 'સોલિલૉકવી'-આત્મસંતાપણ-વધી ગયેલ છે. જ્યારે Meaningful Dialogue અંદરો અંદર કરી શકીએ એવી સ્થિતિ નથી ત્યારે લખાણનો આખો ઓક આત્મસંભાષણ પર જાય છે. Absurd નાટકમાં નાટકોના સંવાદ નથી. બે પાત્રો પોતપોતાની અંગત અલગ અલગ વાત કરે છે. જ્યાં સંવાદનો સારો મોકો હોવો જોઈએ ત્યાં માત્ર આત્મસંભાષણથી જાતને–મનને–સંતોષવાનું રહે છે. માણસ પોતાના સિવાય બીજાની સાથે બોલી પણ ન શકે એવી પરિસ્થિતિમાં બીજું શું થાય? મનોવિજ્ઞાન આજે split personality ની વાતો કરે છે, જેમાં વ્યકિત એક અને વ્યકિતત્વ વિભિન્ન છે. 'Three Faces of You' માં એક જ બાઈમાં ત્રણ પાસાં રજૂ થાય છે. માનસિક પીડાનો અનુભવ સૌ કોઈ કરે છે. માણસ પોતાના વ્યકિતત્વથી પણ અલગ થતો જાય છે. ધર્મનું-શ્રદ્ધાનું-આશ્વાસન પણ આજે નથી રહ્યું. આવી ક્ષણે સર્જક પરિસ્થિતિ સામે આંખમીંચામણાં કરે તો એ સર્જક નહીં રહે. આજે તો વિવેચનમાં પણ સોલિલોકવી જેવી સ્થિતિ છે. વાંચ્યાં વિના ખોટાં વખાણ થવાથી બગાડો થાય છે. અવિચારની નહિ તો ન–વિચારની ભૂમિકાએ આપણે પહોંચ્યાં છીએ. આજે તો Alienation - અળગાપણું' થતું જાય છે. જમાનો સર્જક પાસે એવી રીતે પહોંચ્યો છે કે સર્જક બિચારો પોતાના ખૂણામાં ધકેલાઈ ગયો છે. પરિણામે soliloquy પણ નહિ; માત્ર રહ્યા છે અંતરના ઉદ્‌ગારો. પોતાનું મન હળવું કરવા માટે, કોઈક તો પોતાને સમજનાર નીકળશે એ આશાએ પણ, આજે એક માત્ર સહારો છે આત્મસંભાષણ.

શ્રી અનિરુદ્ધ બ્રહ્મભટ્ટે આજે પ્રવર્તતી વિચ્છિન્નતા, એકલતા, નિર્ભ્રાન્તિને એક ઈમેજ દ્વારા સમજાવતાં કહ્યું કે આજનો સર્જક લહેરાતા સાગરમાં એક હિમશિલા પર ઊભેલો માણસ છે. એ શિલા કયારે ઓગળી જશે એની એને ખબર નથી. શ્રદ્ધાની આધારશિલા ન છોડવાનું એને કહેવામાં આવે છે, પણ એ શિલા પથ્થરની છે કે બરફની છે તેની ચકાસણી એણે જ કરવાની છે. આજના સર્જકની વેદના છે તે આ. પૂર્વજો અમુક કહી ગયા છે માટે એનું પાલન કરો એમ કહેવામાં આવે છે, પણ આજે તો સંદર્ભ જ જુદો છે. કોઈ પણ સત્ય મારા પૂરતું સત્ય હોય તો જ મને તે ખપનું છે. સર્જક નકલી માલ નથી શોધતો. એકલો ઊભો રહી પોતાની અંદર એ જે શોધી રહ્યો છે તે શોધ જેવી તેવી નથી. પરંપરાગત મૂલ્યો સામે એ પ્રશ્ન કરે છે. આપણે કૃતિને વિવેચનના ચોકઠામાં મૂકીએ છીએ, પણ કૃતિ માટે વિવેચનનું નવું ચોકઠું ઊભું થવું જોઈએ. નવી કૃતિ અને વિવેચનને પ્રશ્નાર્થમાં મૂકતાં વિવેચનના સિદ્ધાંતોને ફેરતપાસની એક તક મળે છે. સર્જકે સર્જકપણું દાખવવામાં–પોતાપણું સિદ્ધ કરવામાં–જાતને ઓળખવામાં જો કશું ઉપયોગી ન હોય તો તેની અવગણના કરવી. ભૂતકાળનો વારસો કે પરંપરાને પચાવીને આપણે જે અવાજ કાઢીએ તે અવાજ આપણો જ છે, આપણા પૂર્વજોનો છે કે આપણા સમકાલીનોનો? 'હું'નો અવાજ પારખવો એ આજના સર્જકનો મોટામાં મોટો પ્રશ્ન છે. પ્રત્યેક સર્જકનો પોતાનો નોખો અવાજ છે. કશુંક જુદું કહેવાનું હોય ત્યારે જ એમ બને. મારો અવાજ બીજા કરતાં જુદો ન હોય તો હું માનવી ક્યાંથી? માનવી તરીકે માનવીનું શોધન કરવા માટે માત્ર સાઉન્ડ નહિ, વૉઈસ જોઈએ. પોતાની ચેતનાને વ્યકત કરવા યોજાતો શબ્દ સર્જકની સૃષ્ટિના અંતરંગમાં આપણને પહોંચાડે છે. પોતાના તળમાં પડેલાની રજૂઆત એ આજના સર્જકનો મોટો પ્રશ્ન છે. ઈલિયટે જે ત્રીજા અવાજની વાત કરી છે તે આ. આત્માભિવ્યકિત - અંતરના અંધારા ખૂણાની શોધ.

સર્જાતા સાહિત્યમાં સમાજનું પ્રતિબિમ્બ પડે છે એમ કહેવાનું રહ્યું છે. પણ એરિસ્ટોટલે કહ્યું છે તે પ્રમાણે તો સર્જાતા સાહિત્યનો વિરોધ ઈતિહાસની સામે છે. એનો ઓક ફિલસૂફી તરફ હોય છે. કૃતિમાં જ આકાર લેતું કૃતિનું સ્વતંત્ર તત્ત્વજ્ઞાન હોય છે. સર્જકનું એ સાહસ છે. માટે જ એ નિર્બંધતા ભોગવવા ઈચ્છે છે. ઈતિહાસની છાયામાં થતું સર્જન એ સર્જન નથી રહેતું; એમાં ફિલસૂફી તરફનું ખેંચાણ હોય છે ખરું, પણ એ તત્ત્વજ્ઞાન ઉછીનું હોય છે. યવતુશેન્કો કહે છે કે ઉછીના લીધેલા આશાવાદ કરતાં અમારો નિરાશાવાદ બહેતર છે. આજના જમાનાએ સર્જેલી એકલતાને પરિણામે વિષાદયોગ અનુભવતો આજનો પ્રત્યેક સર્જક અર્જુન છે.

શ્રી ગુલાબદાસ બ્રોકરે જણાવ્યું કે યુગચેતનાનો પડઘો સાહિત્ય-કલાની કૃતિઓમાં પડતો જ આવે છે. નવે યુગે નવી ચેતનાનો પડઘો પાડનારા કલાકારો એને મળે છે. નવા કલાકારોને જૂના સાથે અથડામણ થાય છે. કલાની સૃષ્ટિમાં આ ચાલતો આવેલો ક્રમ છે, અને આમ ચાલતું રહે તેમાં કલાનું શ્રેય છે. કાલિદાસ અને શેકસપિયર જેવા કલાકારોએ પણ પોતપોતાના યુગની ચેતનાનો પ્રતિઘોષ પાડવા મથામણ કરી છે. આજનો યુગ પલટાઈ ગયો છે. માનવજાત અને તેનાં મૂલ્યોનું કલા-સાહિત્યમાં પરિવર્તન થયું છે. જીવનમાં પણ પલટો આવ્યો છે. મુંબઈમાં ફ્લોરા ફાઉન્ટન જેવા માનવોથી ઉભરાતા લત્તામાં પણ એકલતા લાગે છે. કયાંય આપણું પ્રતિબિંબ મળવાની વાત નથી, માટે પોતાની સાથે વાતચીત કરવી રહે છે. સંવાદ નહિ પણ મોનોલૉગ શકય. આજે એવો જમાનો આવ્યો છે અને એનું પ્રતિબિંબ આપણી કૃતિઓમાં પડે જ. સર્જકને પોતાના અંતરના ઊંડા અંધારા ખૂણામાં જઈ કશુંક શોધી લાવવાની ઈચ્છા છે. એ ખૂણો એનો એકલાનો નથી, આપણા સૌનો છે. જેટલું આજનું જગત સત્ય છે તેટલું જ આગલા જમાનાઓનું પણ છે. જગતમાં સનાતન Monologue ચાલ્યાં જ કરે છે, પણ યુગે યુગે તે જુદી જુદી રીતે આવિષ્કાર પામી રહ્યો છે. શ્રદ્ધા-અશ્રદ્ધાને નામે આપણે પરિસ્થિતિનો વિરોધ ન કરીએ. કલાકારને પોતાની કલામાં જ્યાં સુધી શ્રદ્ધા છે ત્યાં સુધી કશું ગભરાવાનું નથી. Monologueમાંથી જ આપણે Dialogue કરી રહ્યા છીએ. વાત

એટલી જ છે કે આપણને નવી ચેતનાનો પડઘો પાડનાર કલાકારો જોઈએ છે.

શ્રી સિતાંશુ મહેતાએ કહ્યું કે સર્જકે પોતાની આજુબાજુ જે કાંઈ છે તેમાંથી નવા આનંદનું સર્જન કરવાનું છે. મૂલ્યો–જૂનાં કે નવાં–ને તપાસવાનાં નથી. આજના સર્જકે સર્જકતાનો નહિ, વિસર્જકતાનો આનંદ માણવાનો છે. આ વિસર્જકતા એટલે ઘટનાઓના સંબંધોનો વિનાશ. મારી આસપાસ એવું ઘણું બની રહ્યું છે જે દુ:ખ આપે, પણ મારે એવી સૃષ્ટિ સર્જવી છે જે મને આનંદ આપે. હું આ સૃષ્ટિને બદલી ન શકું, પણ ઘટનાઓ વચ્ચેના સંબંધનો નાશ કરું, નવા સંદર્ભો યોજી તેમાંથી નવી સૃષ્ટિ પેદા કરું, જે મને આનંદ આપે.

પરિસંવાદના સંચાલક શ્રી ઉમાશંકર જોષીએ કહ્યું : આજના સાહિત્યકારોને કશું વળગ્યું છે એમ કહે છે. આપણે સુરતમાં છીએ, પોંખ ખાઈએ છીએ, ઊંધિયું આપણી રાહ જુએ છે, તો શું આ લોકો ઉછીની વેદના મેળવવા મથે છે? ના, એમના શબ્દો જ કહી આપતા હતા કે એમાં કશું કૃત્રિમ નથી, એમની યાતના બનાવટી નથી, યંત્રયુગની મહાન ભીંસમાં સપડાયેલા વિશ્વના આપણે બધા નાગરિકો છીએ.

કલાકારો અગ્રયાયી છે. એમની ચેતના આગળ ચાલતી હોય છે. કવિઓ કંઈક એવું કરે છે કે જે મોટામોટા બેન્કરો ને ધર્મગુરુઓ પણ નથી કરતા. આ ગાંડાઘેલા માનવીઓ પોતાની રીતે સમાજનું કામ કરતા હોય છે. સમયમાં પૂરાઈ રહેવું એ કવિતાનું કામ નથી–સમયને એણે વટાવી જવાનો છે. કલાકૃતિ એ સમયની જ પેદાશ છે, પણ એનું આયુષ્ય સ્વતંત્ર, સ્વાયત્ત છે. તેથી એ આનંદ આપે છે. કલા ને ઈતિહાસનો ફરક એ છે કે ઈતિહાસ વાસ્તવિક હોય છે, છતાં તે ફરી થતો નથી. ફિલસૂફી યુનિવર્સલ છે, પણ પર્ટીકયુલર નથી. કલા પર્ટીકયુલર છે, એકમેવ છે, સાથોસાથ તે યુનિવર્સલ-સાર્વજનીન છે. કલા પોતાનો સાચો અવાજ પ્રગટાવે છે ત્યારે એ વિશ્વનો અવાજ બની જાય છે. કલાનો આ કીમિયો છે. વિષાદયોગ એ ગીતાનો પહેલો અધ્યાય છે, પણ ગીતામાં છેલ્લે બે આંતરરૂપ વચ્ચે જે સંવાદ થાય છે તે માનવજીવનની આશા છે. આજનો સર્જક જે વિષાદયોગ અનુભવે છે તે અર્જુનનો વિષાદયોગ છે એ ખરું, પરંતુ આખરે તો એ વિષાદમાંથી સંવાદ સર્જવાનો છે.

પ્રમુખસ્થાનેથી શ્રી જયોતીન્દ્ર દવેએ સમાપન કર્યું હતું. શ્રી સિતાંશુ મહેતાએ ઘટનાઓને જૂના સંદર્ભોમાંથી કાઢી નવા સંદર્ભોમાં યોજી આનંદ સાધવાની જે વાત કરી તેને અંગે એમણે બાળક જન્મે તે વખતે થતી નાળ છેદવાની ક્રિયાનું ઉદાહરણ આપ્યું હતું. નાળછેદન પછી જ બાળકનો સ્વતંત્ર વિકાસ થાય છે એ વાત પર ભાર મૂકયો હતો. આજનો સર્જક પોતાના અંતરના અંધારા ખૂણાને શોધી ત્યાંથી પ્રકાશ મેળવવા મથે છે તે અંગે એક બીજું ઉદાહરણ પણ શ્રી દવેએ આપ્યું હતું. ઘરના ઓરડામાં માણસ છે. ઓરડામાં અંધારું છે. પ્રકાશની જરૂર છે. માણસ ઊભો થઈ ઓરડાના ખૂણામાં રહેલી વીજળીની સ્વીચ દબાવી અજવાળું કરવા જાય છે. ખૂણે જઈ અંધારામાં મથામણ કરી એ સ્વીચ શોધી કાઢે છે ને અજવાળું કરે છે. પણ એ પ્રકાશ એટલા એ જ ખૂણાને અજવાળતો નથી, આખો ઓરડો એનાથી ભરાઈ જાય છે. અંતરના અંધારા ખૂણાને શોધી તેમાંથી સર્જકે મેળવેલો પ્રકાશ આ જ રીતે વ્યાપક બની સૌના અંતરને અજવાળે છે.

પરિષદના પ્રમુખશ્રી તથા પરિષદમાં હાજરી આપવા આવેલ અન્ય પ્રતિનિધિઓને સન્માનવા એક સમારંભ સુરત સુધરાઈએ યોજયો હતો. પરિસંવાદ પૂરો થતાં સૌ સુરત સુધરાઈના પટાંગણમાં ગયા હતાં. શ્રી ઉમાશંકરભાઈએ પરિચયવિધિ કરાવ્યા બાદ શ્રી જયોતીન્દ્ર દવેએ એમની લાક્ષણિક શૈલીમાં પ્રવચન કરતાં કહ્યું હતું કે "સુધરાઈએ શહેરનાં જે કામો કરવાનાં છે એમાં શહેરમાંથી કચરો કઢાવવાનો છે, પીવાના પાણીનો પ્રબંધ કરવાનો છે, અને દીવા પ્રગટાવવાના છે. કોઈને કદાચ એમ થાય કે સુધરાઈને સાહિત્યકારો સાથે શું સંબંધ? પણ સાહિત્યકારોનું પણ એ જ કામ છે. એમણે જીવનમાંથી કચરો કાઢવાનો છે, પ્રેરણાનું પાણી પાવાનું છે, અને હૃદયના દીવા પ્રગટાવવાના છે. એટલે અમે સાહિત્યકારો પણ આમ તો સુધરાઈ જેવા જ છીએ." સુરતનાં પોતાનાં અનેક સંસ્મરણોને રજૂ કરી શ્રી દવેએ હાસ્યનો ઘોધ વહાવ્યો હતો અને અંતમાં સાહિત્યકારોનું આવું ઔદાર્યપૂર્વક સન્માન કરવા બદલ નગરપાલિકાના પ્રમુખનો આભાર માન્યો હતો. તે પછી સુધરાઈના પ્રમુખ શ્રી ગોરધનદાસ ચોખાવાળાએ સૌ આમંત્રિતોનું સ્વાગત કર્યું હતું અને સુરતના ભવ્ય ભૂતકાળની ઝાંખી કરાવી હતી. તથા શહેરનાં વિકાસકાર્યોનો ખ્યાલ આપ્યો હતો. શ્રી પોપટભાઈ વ્યાસે આભારવિધિ કર્યો ને તે પછી અલ્પાહાર ને ચાપાણી બાદ સૌ છૂટા પડયા.

રાત્રે નવ વાગે રજૂ થયેલ સાંસ્કૃતિક કાર્યક્રમમાં લોકનૃત્ય, સુગમ સંગીત તેમ જ રાસ–ગરબાનો સમાવેશ થતો હતો. એકાદ અપવાદ સિવાયનો આખો કાર્યક્રમ ઠીક ઠીક મનોરંજક બન્યો હતો.

[૪]

સોમવાર, તા૦ ૨૭મી ડિસેમ્બર ૧૯૬૫, પરિષદના અધિવેશનનો ત્રીજો અને છેલ્લો દિવસ હતો. સવારે નવ વાગે કૉલેજના ખંડોમાં વિભાગીય બેઠકો ચાલુ થઈ તેમાં એક વાત ખાસ ધ્યાન ખેંચે તેવી હતી. કેટલાક વિભાગીય પ્રમુખોએ તેમને સ્થાને અવેજી પ્રમુખો મૂકી કારભાર તેમને પૂર્ણપણે સોંપી દીધો હતો. રંગભૂમિ વિભાગમાં તો અવેજી પ્રમુખે બીજા અવેજીઓને અધિકાર સુપ્રત કર્યાની વાત બહાર આવી. આ પરિસ્થિતિ દુ:ખદ છે. જે વિભાગોમાં આ પરિસ્થિતિ જન્મી તેના વરાયેલા પ્રમુખોએ પોતાની અશકિત અને મર્યાદા પહેલેથી જ જાહેર કરવાં જોઈતાં હતાં એમ કહેવું પ્રાપ્ત થાય છે. ભવિષ્યમાં આ રીતનો કારભાર ચાલતો અટકે એ જોવાની ગંભીર ફરજ વ્યવસ્થાપકોને માથે આવી છે.

આ અધિવેશનમાં એક અત્યંત આવકારપાત્ર કાર્યક્રમ સવા અગિયાર પછી શરૂ થયો. એમાં દરેક વિભાગના પ્રમુખે પોતાના વિભાગની કાર્યવાહીનો ટૂંકો અહેવાલ આપ્યો, જેને પરિણામે એક બે વિભાગમાં જ હાજરી આપી શકનાર સૌને અન્ય વિભાગોમાં શું શું થયું તેનો આધારભૂત અહેવાલ પ્રાપ્ત થયો.

સાહિત્ય વિભાગમાં ૩૮ નિબંધો આવ્યા હતા, અને તેમાંથી ૨૨ નિબંધો વંચાયા. શિક્ષણ વિભાગમાં ૧૮ નિબંધો આવ્યા હતા, પણ માત્ર ત્રણ જ નિબંધો વંચાયા અને તેને લગતી ઉપયોગી અને રસપ્રદ ચર્ચાઓ થઈ. પત્રકારિત્વ વિભાગમાં માત્ર ત્રણ નિબંધો આવ્યા હતા, જેમાંથી બે રજૂ કરવા જેવા પણ ન હતા. એ વિભાગમાં યોજાયેલ પરિસંવાદમાં હાજરી વધારે હતી. ચર્ચા માટે આપણા પત્રકારત્વને લગતા ચાર વિષયો હતા: એના પ્રશ્નો શા ને એ કેમ પાંગરે?, વિચારપત્રો ને તેમનો વિકાસ, પત્રકારત્વ પક્ષનિષ્ઠ કે લોકનિષ્ઠ હોવું જોઈએ? અને પત્રકાર સાહિત્યકાર ખરો? આ બધા વિષયો પર સુંદર ચર્ચા થઈ હતી અને પત્રકારોના પોતાના પ્રશ્નોની છણાવટ માટે સ્વતંત્ર પત્રકારત્વ પરિષદ યોજવી જોઈએ એવો સૂર ઊઠયો હતો.

સમાજવિદ્યા વિભાગમાં હાજરી ઓછી હતી. સમાજશાસ્ત્ર-વિષયક ૧૪ નિબંધો આવ્યા હતા. પરિસંવાદની વ્યવસ્થા કરવા છતાં હાજરીમાં ફેર પડયો ન હતો.

રંગભૂમિ વિભાગની કાર્યવાહીની કથા શ્રી જયંતી દલાલે કહી. એ વિભાગમાં પરિસંવાદ માટેનો વિષય 'આજનું લખાતું ને ભજવાતું નાટક–એની કોટિ ઊંચી વધી છે કે નહિ?' એવો હતો. સર્વશ્રી જયંતી દલાલ, જયંતી પટેલ, પીતાંબર પટેલ, શિવકુમાર જોશી, ભાનુશંકર આચાર્ય, ધીરૂભાઈ ઠાકોર વગેરે અને

પરિસંવાદનું સંચાલન કરતા 'પાંચ પાંચ મિનિટે બોલતા' શ્રી ચંદ્રવદન મહેતાએ પોતપોતાના વકતૃત્વ અને અદાકારીથી રંગભૂમિનું વાતાવરણ સરજ્યું હતું. આઠ નિબંધોમાંથી ચાર નિબંધો વંચાયા હતા.

સાહિત્યવિભાગની કાર્યવાહીનો ખ્યાલ શ્રી યશવંત શુકલે આપ્યો હતો. એ વિભાગ હેઠળનો પરિસંવાદ ખુલ્લી બેઠકમાં યોજવા માટેનું સૂચન શ્રી ચન્દ્રવદન ચુ. શાહ તરફથી આવ્યું હતું. આ પરિસંવાદની વિગતો અગાઉ આવી ગઈ છે.

પ્રમુખશ્રી જ્યોતીન્દ્ર દવેએ આ કાર્યવાહી અંગેની બેઠકનું સમાપન કર્યું હતું.

બપોરે સરદાર વલ્લભભાઈ સંગ્રહાલયની મુલાકાત યોજાઈ હતી.

સંમેલનની છેલ્લી બેઠક સાંજે પાંચ વાગે મળી હતી. એમાં રાબેતા મુજબ કેટલાક ઠરાવો પસાર થયા હતા. પહેલો ઠરાવ ભારતીય દળના વીર જવાનો અંગે, બીજો વિદેહ સાહિત્યકારો અંગે, અને ત્રીજો ગુજરાત રાજ્યના મુખ્ય મંત્રી શ્રી બળવંતરાય ગો. મહેતાના અવસાન અંગે હતો. ચોથા અને પાંચમા ઠરાવોમાં પ્રજાના સર્વતોમુખી સાંસ્કૃતિક ઉત્કર્ષ માટે સુયોગ્ય સ્થાને ગુજરાતનું સમૃદ્ધ પ્રાદેશિક સંગ્રહાલય ઊભું કરવાની દિશામાં રાજ્ય સત્વર પ્રબંધ કરે, તથા 'સાહિત્ય અને સંસ્કારક્ષેત્રે કામ કરનારી સંસ્થાઓની આર્થિક મર્યાદાઓ ધ્યાનમાં લઈને વર્ષોથી જેના અભાવે ગુજરાતની વાઙ્મય પ્રવૃત્તિને ભારે નુકસાન પહોંચતું રહ્યું છે તેવા સાધનગ્રંથો અને સંદર્ભગ્રંથો તૈયાર કરાવી તેના પ્રકાશન માટે માતબર રકમ ફાળવીને આ પાયાનું કામ કરવામાં અગ્રેસર થાય' એવી વિનંતી ગુજરાત રાજ્ય સરકારને કરવામાં આવી હતી. છઠ્ઠામાં 'ગુજરાત પ્રદેશની પૂર્વ પ્રાથમિક, પ્રાથમિક માધ્યમિક અને ઉચ્ચસ્તરે કામ કરતી શિક્ષણસંસ્થાઓમાં ભાષાશિક્ષણનું અને વિશેષત : ગુજરાતી ભાષામાં અભિવ્યકિત સાધવા માટેનું કાર્ય કેવુંક ગોઠવાયું છે તેનો ખ્યાલ મેળવી રાજ્ય સરકાર તથા શિક્ષણસંસ્થાઓને યોગ્ય સૂચનો કરવા' સમિતિ નીમવાની વાત હતી. સાતમામાં (૧) રંગભૂમિ ઉપર ભજવાયેલાં નાટકોની જે હસ્તપ્રતો અપ્રગટ રહી હોય તે એકત્ર કરવાનું, (૨) વિશ્વસાહિત્યની પ્રશિષ્ટ કૃતિઓના અનુવાદોનાં પ્રકાશનોની, તે બેવડાય નહિ તે રીતે, યોજના કરવાનું, (૩) પ્રકાશન-કાર્યો માટે રાજ્ય અને કેન્દ્ર સરકારની તેમ જ નાગરિકોની આર્થિક સહાય મેળવવાનું, અને (૪) મકાનફંડની રચના માટેની પૂર્વ-ભૂમિકા તૈયાર કરવાનું—એ ચાર કામો હાથ ધરી હવે પછી મળનાર જ્ઞાનસત્રમાં તે અંગે થયેલ પ્રબંધનો હેવાલ રજૂ કરવાની વાત હતી.

ઠરાવો બાદ શ્રી યશવંત શુકલે ને પીતાંબર પટેલે આભારવિધિ કર્યો હતો, જેમાં શ્રી પટેલે વ્યવસ્થા અંગે હળવી રીતે ટકોર કરી હતી જે અંગે વ્યવસ્થાપકોમાંથી ડૉ. રતન માર્શલે તેમ જ શ્રી ચન્દ્રવદન શાહે પરિસ્થિતિની દર્દભરી ચોખવટ કરીને રદિયો આપ્યો હતો. પ્રમુખસ્થાનેથી સમાપનવિધિ થયો હતો.

હવે પછીની પરિષદની બેઠક માટે દ્વારકા, રાજકોટ, દિલ્હી અને શારદાગ્રામમાંથી આમંત્રણો આવ્યાં હતાં, જેમાં છેલ્લા સ્થાનની જ્ઞાનસત્ર માટે પસંદગી થવાની સ્પષ્ટ શકયતાનો નિર્દેશ થયો હતો.

ચોથે દિવસે ગુજરાત રાજ્ય સરકાર તરફથી થયેલ પ્રબંધ અનુસાર 'સાપ-ઉતારા' જવાનો કાર્યક્રમ બહારગામના પ્રતિનિધિઓ માટે રખાયો હતો. માગણી વધી જતાં એક વધારાની બસનો પણ પ્રબંધ થતાં દોઢસો ઉપરાંત પ્રતિનિધિઓએ દક્ષિણ ગુજરાતના રમણીય પ્રદેશમાં ડાંગના જંગલ ખાતે લગભગ ૪,૦૦૦ ફૂટની ઊંચાઈ પર આવેલા સાપ ઉતારાના સૌન્દર્યધામનો લાભ લીધો હતો. સાપ ઉતારાને હવા ખાવાના ગિરિશિખર તરીકે વિકસાવવાના પ્રયત્નો રાજ્ય સરકાર કરી રહી છે. ડાંગપ્રદેશનું કુદરતી સૌન્દર્ય ને મહાબળેશ્વરનો ખ્યાલ આપતું સાપ ઉતારાનું ગિરિશિખર એ બે ઉપરાંત પ્રતિનિધિઓને 'ડાંગના વાઘ' ગણાતા શ્રી છોટુભાઈ નાયકની આહવા ખાતેની મુલાકાતનો સવિશેષ લાભ સાંપડયો હતો. રાજ્ય સરકાર તરફથી ભાઈ ધનંજય શાહે વ્યવસ્થા સંભાળી હતી અને ડાંગના જંગલ ખાતે જંગલ અધિકારી શ્રી દવેએ મહેમાનોનો સત્કાર કર્યો હતો. ભોજનપ્રબંધનું કપરું કાર્ય સ્વાગત-સમિતિએ નિષ્ઠાપૂર્વક બજાવ્યું હતું.

સમાપ્ત

ભૂપેન્દ્ર ત્રિવેદી

મહાપ્રસ્થાનના પથ પર—૬

લાઠીના ટેકે ટેકે ધીરે ધીરે વિદ્યાકુટી આગળ આવી પહોંચ્યો. તે વખતે સાંજ પડી ગઈ હતી. પાસે જ એક કેળનું જંગલ હતું. સુદ પાંચમની ચાંદની કેળના ઝાડના પહોળાં પાંદડાંની ઉપર ઊતરી આવી હતી, રૂપાનાં પાંદડાં હોય તેમ એની પર ચાંદની ચમકતી હતી. અંધારામાં નજરે નહિ પડતી અલકનંદાનો ઝરઝર અવાજ કાને સંભળાતો હતો. ચારે બાજુએ કુદરતની રોમાંચકર વસન્ત-શોભા હતી. થોડી વાર આરામ લઈને બ્રહ્મચારી રોટી શેકવાની તૈયારી કરવા લાગ્યો. શરૂઆતમાં કેમે કરીને પાણી ગરમ કર્યું. એમાં મીઠું નાંખીને, પગે માલિશ કરવા હું બેસી ગયો. આ દેશમાં આ જ રિવાજ હતો. મીઠું અને ગરમ પાણીના જેવી પગને માટે દવા બીજે કોઈ ઠેકાણે નથી. બ્રહ્મચારીએ કહ્યું, "તમારું દર્દ હું સારું કરી દઈશ. આ દવાથી જો ન મટે તો બીજી એક દવા મારી જાણમાં છે."

રસોઈ, ભોજન, ને ઊંઘમાં રાત વીતી ગઈ. વહેલી સવારે પાછી યાત્રા શરૂ થઈ. ડોસીઓએ નાસ્તિક અને ધર્મત્યાગી કહીને મારો સાથ છોડી દીધો હતો. એમને મારા તરફ જરા જેટલી પણ સહાનુભૂતિ નહોતી. ક્રમશ: વળી ગયેલી ચારુની મા બધાથી છાની છાની કહી ગઈ કે, "હું કાંઈ તમને છોડવાની નથી, બાબા 'ઠાકુર' હું તમારા ચરણે જ છું. કાલીઘાટના ચક્રવર્તીના ઘરમાં હું ત્રણ પાશેર દૂધ આપતી હતી, પૈસાટકા તો ચારુ જ રાખતી હતી, ... હાં, તેને ઘેર તમારા જેવો જ એક છોકરો છે.... અહા! જે દિવસે મારો નિવા-રણ મરી ગયો, તે એક જ મારો ભત્રીજો હતો,... તે જ વર્ષમાં હું દૂધ દોહવા બેઠી, હાબસીનો પગ છૂટી ગયો ને એની લાતથી મારો ઘૂંટણ ભાંગી ગયો.... હું, ત્યારે જાઉં, પેલા લોકો મને વઢશે. બાબા ઠાકુર. 'પગનો દુ:ખાવો કેમ છે?' એમ કહીને ચારુની મા લાઠી પકડી કેડથી નમેલી એવી એ લાંબાં લાંબાં ડગલાં ભરતી ચાલી ગઈ. એ ડોસીને સિત્તેર વર્ષ તો કયારનાંય વીતી ગયાં હતાં.

હું ધીમે ધીમે ચાલતો હતો. રસ્તો ઘણો લાંબો હતો, ચાલ્યા વિના છૂટકો નહોતો. હું સાધારણ રીતે બધાથી આગળ રહેતો હતો, પણ હવે તો એમ થઈ શકે એમ નહોતું. હવે તો પાછળ જ રહેવું પડશે. ગોપાળદા ડોસીને લઈ ગયા હતા. બ્રહ્મચારી પણ થોડો વખત મારી સાથે રહ્યો, ને પછી આગળ ચાલી ગયો. પાછળ પાછળ જે હિન્દુસ્તાની અને બિહારીઓનું ટોળું આવતું હતું, તેમણે પણ સ્નેહથી એકવાર મારા પગ તરફ નજર કરી મારી પાસેથી ચાલી ગયા, હવે કોઈ પાછળ હોય એવું મને લાગ્યું નહિ. બધા એક જ શબ્દ બોલતા, આગળ ચાલો, આગળ ચાલો. આજનો રસ્તો ઘણો દુર્ગમ અને ચાલતા મુશીબત પડે એવો હતો. કયારેક કયારેક નદીના કિનારા તરફ રસ્તો ધસી જતો હતો, કયાંક કયાંક, પથ્થરનો મોટો ઢગલો, બીક લાગે એવી દશામાં ભીંતની જેમ પહાડને અઢેલીને પડયો હતો. જો એકાએક ગબડયો, તો એની નીચે એક સામટા દશ યાત્રીઓનો ભુક્કો નીકળી જાય. ઝોળીનો તથા કામળાનો ભાર હવે ઊંચકાતો નહોતો. ખભો દુ:ખતો હતો. મારી જાતનો જ ભાર ઉપાડવામાં મુશ્કેલી પડતી હતી. હવે આ બોજો ઉઠાવું શી રીતે? સામાન્ય રીતે એક શેર વજન ઉપાડવાનું આ દુર્ગમ માર્ગમાં અત્યંત મુશ્કેલ હતું, ત્રાસદાયક અને થકવે એવું હતું, ત્યારે મારી ઝોળીનું અને કામળાનું વજન લગભગ સાત શેર હતું. યાત્રાનો આનંદ નહોતો, શરીર કળતું હતું, પગ પાંગળા બની ગયા હતા, ખાવાનું કાંઈ હતું નહિ, પગમાં જોડાને લીધે આંટણ પડવાથી ફોલ્લા થયા હતા, આખા શરીર પર ફોડકીઓ થઈ હતી, ને તેમાં દુ:ખાવો થતો હતો, મન નિરુત્સાહી બની ગયું હતું, પૂણ્ય સંચય કરવાની ઈચ્છા નહોતી, તો આ બધી હાડ-મારી વેઠીને હું શા માટે આગળ ચાલું? પણ આમ કરતાં કરતાં જ તો પહાડનો એંશી માઈલ રસ્તો કાપ્યો હતો.

એક અસ્ફુટ આર્તનાદ સાંભળીને મેં પાછળ જોયું. રસ્તામાં એક પથરાનો ટેકો લઈને બે જણ—એક સ્ત્રી અને એક પુરુષ

યાત્રી બેઠા બેઠા હાંફતા હતા. હું સમજી ગયો કે એમને પીડા થાય છે ને એઓ ચાલી શકતા નથી. બસ એટલે સુધી જ એઓ ચાલી શક્યાં. લાઠી ઠક ઠક કરતો આગળ જતો હતો ત્યા એક જણે હાથ હલાવીને બૂમ પાડી. હાથ હલાવવાથી કંઈ એકદમ પાસે થોડું અવાય છે, એટલે મેં ગુસ્સામાં બૂમ મારી "કહો, કયા બોલતા હૈ?" કોણ જાણે એ શું બોલ્યો તે કાંઈ સમજાયું નહિ કઈ ભાષા છે ને કઈ જાતનો છે? છેવટે એમાંથી એક જણ ઊઠયું ને મારા લોટાને સ્પર્શી ઈશારાથી પૂછ્યું, કે, અંદર પાણી છે કે નહિ? પાણી થોડુંક હતું, રોગીના મોઢામાં એ થોડું પાણી રેડીને હું આગળ ચાલ્યો. મને લાગ્યું કે પાછળથી કોઈએ આશીર્વાદ આપ્યા, પણ ભાષા સમજાઈ નહિ. એના આશીર્વાદની કિંમત મારે મને એક કાણી કોડી જેટલી પણ નહોતી. જ્યાં સુધી મારા પગનું દર્દ મટે નહિ ત્યાં સુધી હું આખી દુનિયાને શુભદૃષ્ટિથી જોઈ શકવાનો નથી.

હાં, સંસારનો નિયમ એવો જ છે. આપણા મનના ચશ્માનો જે રંગ હોય તે રંગે જ આપણે બધું જોઈએ છીએ. દુનિયા કોઈને સુંદર લાગે છે, કોઈને કઢંગી લાગે છે. પગનું દર્દ હોવાથી જ તે દિવસનો તીર્થયાત્રાનો રસ્તો, રસ્તામાંનું કુદરતી સૌંદર્ય, હિમાલયનો વિપુલ ઐશ્વર્યસંભાર એ બધું મારી દૃષ્ટિએ અત્યંત નીરસ લાગ્યું. મેં સ્વસ્થ મન, સહજ ઉપલબ્ધિ, ને સરળ દૃષ્ટિ ગુમાવ્યા. અવજ્ઞા ને વિરક્તિથી આંકાશ ને પૃથ્વી છવાઈ ગયાં. કદાચ જગતમાં એમ જ બનતું હશે. કલા અને સાહત્યિની સમાલોચનામાં જોઉં છું તો એક જ વસ્તુ સંબંધે સમાલોચકોનો ભિન્ન ભિન્ન મત હોય છે. વિભિન્ન મતની કિંમત છે તે હું જાણું છું. પરંતુ જ્યાં સાહિત્ય, કલાનું સ્થાન લઈને અભિવ્યકત થાય છે, અને જ્યાં ગંભીર અનુભૂતિનો નિર્મળ આનંદ પ્રગટ થાય છે, ત્યાં ભિન્ન મતોનો મન સ્વીકાર કરતું નથી. પોતાના ભિન્ન મતને લીધે સુંદર સાહિત્યને મલિન કરવા, ને અન્યાય કરવાની પ્રવૃત્તિમાં જેઓ પડયા રહે છે, તે સમાલોચકો આજે મારી જેમ ખોડંગતા ચાલે છે એ જાણી લેવું જોઈએ. પોતાના ખોડંગતા પગની ગ્લાનિથી તેઓ પોતાની સમાલોચનાને રંગે છે.

"કેમ દાદા! બહુ પીડા થાય છે?" ઘણા પાછળ પડી ગયાને? તમારી રાહ જોતો અહીં હું બેસી રહ્યો છું. સારું થયું કે એક સાથી મળી ગયો."

મેં મોઢું ઊંચું કર્યું. જોઉં છું તો એક લાંબો, પહોળો, કાળો બંગાળી ગ્રહસ્થ પથ્થર પર બેઠો બેઠો બીડી ફૂંકતો હતો. એકબીજાને નમસ્કાર કર્યા પછી સામાન્ય વાતચીત શરૂ થઈ. વાતવાતમાં ખબર પડી કે તે એકલો નહોતો, એની પત્ની ને સાસુ સાથમાં હતાં, તેઓ આગળ ચાલી ગયાં હતાં. રોજ દશ માઈલ ચાલવું તેમને માટે કઠણ હતું. એનું નામ અઘોરબાબુ હતું. તેમણે કહ્યું, "મેં કેટલીયે વાર કહ્યું કે ડંડી કે કાંડિમાં જાઓ, એમાં તે શું એટલો બધો ખર્ચ થઈ જવાનો છે? પણ માન્યા જ નહિ ને? સ્ત્રીઓ માટે તો માર્ગ ભયાનક જ ને? રસ્તાની વચ્ચે અટકી પડવું પડે એ મને ગમતું નથી. પગે ચાલો પછી પગમાં દર્દ તો થાય જ ને?"

મેં પૂછ્યું "ડંડીમાં બેસતાં શું વાંધો આવ્યો?"

"તો પુણ્ય ન મળે એટલે. ચાલતા જવાથી ભગવાનની કૃપા વધારે મળે."

બ્રહ્મચારીએ કહ્યું, "એ વાત તો સાચી છે. એમ તમો નારાયણાય. ભગવાનમાં પૂરો વિશ્વાસ ન હોય ને ચાલ્યા હોઈએ,.....તમે લોકો આવો આ બાજુ...હું જરા આગળ ચાલું છું." એમ કહીને એ ઝોળો તથા કામળી લઈને ચાલવા લાગ્યો.

અઘોરબાબુનું ઘર કલકત્તામાં હતું. એનો ધંધો હતો, પણ હમણાં વેપારપાણીમાં મંદી હતી, એટલે પત્નીને લઈને એ યાત્રા કરવા નીકળ્યો હતો. નશીબજોગે એને છોકરાંછૈયાં નહોતાં. એટલે મને કહ્યું, "તમે તો સંન્યાસી લોક છો. તમારે તો સંસારની ઉપાધિ નથી. તમે મને કહોને કે આ બ્રહ્મચારી કેવો માણસ છે? મેં તો સાંભળ્યું છે કે તમે એને ખવડાવતા ખવડાવતા અહીં સુધી લાવ્યા છો. એ માણસ છે કેવો? ઠગારોબગારો તો નથીને?"

મેં કહ્યું, "ઠગારો હોય તોયે આપણે એનું શું? બધા જ સારા માણસો હોય તો સંસાર ચાલે કેમ?"

"હું પણ એ જ કહેતો હતો. હું આપને સૌજ પૂછતો હતો. એણે મારી આગળ પોતાના દુ:ખની વાત કરી. થોડી મદદની માગણી પણ કરી, પૈસા તો મારાથી અપાય એમ નથી. થોડા દિવસ એને ખવડાવી શકું."

"તે તો બહુ સારું." મેં કહ્યું, "એને તમે રસ્તામાં ખવડાવો એ પણ ઘણું છે."

"હા, તેથી જ કહું છું. માણસને ઓળખવો ઘણો મુશ્કેલ છે, એક વાર એક નોકરને મેં રાખ્યો હતો. સાલો કહે કે ખાધા બદલ કામ કરીશ, મારે પગાર નથી જોઈતો. બહુ સારી રીતે રહેતો હતો. એવામાં એક દિવસ ભાગ્યો. પેટી તોડીને ઘરેણાંગાંઠા લઈને ભાગ્યો હતો. હું બીજાનાં ઘરેણાં ગીરોએ રાખી પૈસા ઉધાર આપતો હતો. તમે જ કહો કેવી મુશીબત આવી પડી?"

મેં હસતાં હસતાં કહ્યું, "એને પગાર ન આપ્યો, તેની તો એ મુશીબત હતી."

મારી વાત સાંભળીને એ ગૃહસ્થ રાજી થયા નહિ. પણ પોતાની જાતને સંભાળીને બોલ્યા, "એમ પણ હોય, લોભીનો ગોળ કીડીઓ હજમ કરી ગઈ."

વાતો કરતાં કરતાં અમે કાળચટ્ટીએ આવી પહોંચ્યા. આની પહેલાં રાણીબાગ આવતું હતું. સામે જ એક મોટું ઝરણું પહાડ પરથી નીચે વહેતું હતું. એની આસપાસ કેટલીક ચટ્ટી હતી. રસ્તા પર જ એક મોટી ચટ્ટી પાસે જ અઘોરબાબુની પત્ની તથા સાસુ દેખાયાં. રસ્તાના થાકથી બન્ને જણ થાકેલાં ને મેલાં લાગતાં હતાં. પણ ભસ્માચ્છાદિત અગ્નિના જેવી તે સ્ત્રીના દેહની સુંદરતા જોઈ બધા આકર્ષાયા. એના મુખની સુંદરતા કમનીય અને શાંત હતી. બ્રહ્મચારી પાસે જ ઊભો હતો. એણે ઉત્સાહભેર કહ્યું, "દાદા! આ જુઓ, આ મારી મા. અન્નપૂર્ણા મા. અને આ મારી દાદીમા." એમ કહીને એણે પાસે ઊભેલી ડોશી તરફ અંગુલિનિર્દેશ કર્યો.

મેં હસીને તેમના તરફ જોયું, પણ એમની જોડે વાત કરવાનું કાંઈ કારણ નહોતું. રસ્તામાં જેટલી સ્ત્રીયાત્રી મળી હતી તેમાં આ સ્ત્રી એ નાનામાં નાની અને રૂપવતી હતી. મેં પૂછ્યું, "મારે માટે કાંઈ ચટ્ટીમાં વ્યવસ્થા કરી છે. બ્રહ્મચારી?"

"આ ચટ્ટી, અહીં જ સારું છે દાદા! ગોપાલદા પણ આવી પહોંચ્યા છે."

"અચ્છા, પહેલાં તો હું બેસી જાઉં. પગમાં ઘણી પીડા થાય છે." આખા શરીરમાં દુ:ખાવો થતો હતો.

મારી ઉદાસીનતા જોઈને અઘોરબાબુ જરા ખિન્ન થયા. પણ બોલવાનું પણ શું હોય? એકાએક વ્યસ્ત થઈને બોલ્યા, "અહીં દૂધ નહિ મળે? અમારી પાસે ચા ને ખાંડ છે. દૂધ મળે તો ચા પીએ."

ચાની વ્યવસ્થા માટે એ ચાલી નકળ્યા એટલે એની વહુએ સ્નેહાળ હસીને મને પૂછ્યું, "તમને શું પગમાં ઘણી પીડા થાય છે?"

મેં કહ્યું, "હા. બહુ હેરાન થઈ ગયો."

ડોશીએ કહ્યું, "ચાલો, રાધારાણીને એક દુ:ખમાં સાથી મળ્યો. મારી દીકરીના ડાબે પગે પણ ભારે દર્દ થાય છે."

હું જરા હસ્યો, ને પછી કાંઈ બોલ્યો નહિ. પછી મેં બ્રહ્મચારીને પૂછ્યું, "તમે તો અમારી જોડે ખાવાના નહિ ને?"

બ્રહ્મચારીએ પોતાના સરીજતા માથાના વાળ ઊંચા કરીને કહ્યું, "હું એ જ વાત તો તમને કહેતો હતો. મા અન્નપૂર્ણાનો પ્રસાદ મળ્યો એટલે મારું ગાડું તો ગબડશે. તમે તો મારી બાબતમાં બધી ખબર રાખી છે ને? "હવેથી આ લોકો જ....."

"બહુ સરસ."

"હું તમને રાંધી આપું દાદા?"

"ના, ના, રાંધવામાં મને કષ્ટ નહિ પડે."

એટલામાં ગોપાળદા દેખાયા. તેઓ એક તરફ બેસીને નિરાંતે તમાકુમાં ચૂનો મેળવતા હતા. એણે છાના છાના કહ્યું "બહુ સારા ઘરની છોકરી છે. ખરું ને? એ શા માટે આટલું દુ:ખ વહોરીને આવી હશે? એનાથી સુખ સહન થયું નહિ હોય. તમે તેલમાં બોળેલું પોતું ધરો, હું દીવાસળી સળગાવું. "

પાસે પાસે જ અમે બધા રાંધવા બેઠા. અઘોરબાબુ છરી લઈને બટાકા છોલતા હતા. બ્રહ્મચારી કોણ જાણે કયાંથી મસાલો લઈ આવ્યો હતો ને પથ્થર પર પીસવા બેઠો હતો. પરંતુ કયાંય ઉત્સાહ નહોતો, તે બરાબર સમજાયું. મા ને દીકરી અધમૂઆંની જેમ બેઠાં હતાં, મને લાગ્યું કે હવે તેમનામાં ઉઠવાની શકિત નથી. એમનું આખું શરીર ધૂળિયું થઈ ગયું હતું. શરમ લાગે એવાં મેલાં કપડાં હતાં. માથાના વાળ તો જટા જેવા થઈ ગયા હતા, જાણે મડદાંને બાળીને સ્મશાનથી આવતા હોય તેવા. ખરેખર કોણ કોના તરફ જુવે? જ્યાં નજર ફેરવીએ, ત્યાં થાક, રસ્તાનો ત્રાસ, લોથપોથ થયેલાં શરીર, ને રોળાઈ ગયેલાં મન હતાં. એમાંનાં કેટલાક પુરુષો ને સ્ત્રીઓ ચાલી ન શકવાથી વધારે પૈસા આપીને નાકલીટી તાણીને મજૂરોની પીઠ પર કંડીમાં બેઠાં હતાં. ખીદીરપુરવાળાં માસીનો પગ પાકયો હતો, કંડીમાં બેસતાં ને ઊતરતાં એમનો ચીત્કાર સાંભળીને બીક લાગતી હતી. નિર્મળા તો અનાહારે મરવા પડી હતી, રસ્તો કાપીને રાંધવાની તેની હામ રહી નહોતી, પાણી ને ખાંડ લઈને એ લોટ મેળવીને ખાતી હતી, પણ પેટ એ કેમ સહન કરે? એટલે એને ઝાડા થયા હતા. આ ઉપરાંત માખીનો ત્રાસ જબરો હતો, અને કોઈ કોઈ તો ગાંડાની જેમ એનાથી દૂર ભાગતા હતા. મને થયું કે ઝરણાંનાં પાણીમાં કાંઈ દોષ રહ્યો છે, પહાડના નાની મોટી વેલ ને પાંદડાંવાળું પાણી વાપરવું એ સલામત નહોતું.

હવાપાણીનો ગુણ કેટલો આશ્ચર્યજનક છે! અરધો કલાક આરામ લીધાં પછી મરેલું શરીર જાણે બધી અશકિત ખંખેરીને ઊભું થયું. રાંધવાનું, જંજાળ, ગપ્પાં, બીજાની ચર્ચા, એ બધામાં ઉત્સાહનું મોજ આવેલું વર્તાતું હતું. જમી કરીને બધા વાસણ ધોઈને ચટ્ટીવાળાની જોડે હિસાબ કરવા બેસી ગયા. એક જણને સાધારણ રીતે ખાવાનો ખર્ચ ચારેક આના થતો હતો. પણ જ્યાં બધી ચીજવસ્તુ બરાબર મળતી ન હોય ત્યાં છએક આના જેટલું ખર્ચ થાય. ઘી અને દૂધ વિષે જેઓ ખર્ચની બીકથી કરકસર કરે તેને છેવટસુધી પથારી વશ જ રહેવું પડે. પોતાને હાથે તૈયાર કરેલું હોય તે સિવાયનું બીજું કાંઈ ખાવું એ અહીં હેરાનકર્તા છે. દરેક વર્ષે આહાર વગેરેના અત્યાચારથી કેટલાય યાત્રી પાંગળા ને મરણોન્મુખી બને છે, તેનો કાંઈ હિસાબ નથી.

"આ રીતે કેટલા બધા લોકો કષ્ટ ભોગવે છે? મને તો જોઈને રડવું આવે છે. એ લોકો શા સારું અહીં દુ:ખી થવા આવતા હશે?" વહુ'દિનો અવાજ સાંભળીને મેં મોઢું એ તરફ ફેરવ્યું. એના અવાજમાં જે કરુણતા હતી, ને એના વચનમાં જે આત્મીયતા હતી તેનો શરૂઆતમાં કોઈએ જવાબ આપ્યો નહિ, પણ તે પછી અઘોરબાબુ જરા ઊંચે સાદે બોલ્યા, "તું જ કહેને શા માટે આવી? ઘરમાં બેઠાં બેઠાં પૂજા કરી હોત તો શું કાંઈ પુણ્ય મળવાનું નહોતું!"

હસતાં હસતાં રાધારાણીએ કહ્યું, "મરવા માટે પણ કોઈ સારી જગ્યા જોઈએને?"

"તો છાનીમાની બેસી રહેને, નકામી બક બક ન કર."

સાસુએ કહ્યું: "બદ્રીનારાયણ અમને રસ્તો ભૂલાવીને અહીં લઈ આવ્યો ભાઈ! એ બહુ લુચ્ચો છે. અમારો કાંઈ વાંક નથી."

આટલા થાકમાં પણ વહુ'દિ હસી પડી. થોડીવાર પછી બોલી, "ઠીક, પગની દવાનો કાંઈ પત્તો લાગ્યો ને? બહુ હેરાન થયા! નહિ?"

મેં કહ્યું: "સાંભળ્યું છે, કે શ્રીનગરમાં હૉસ્પિટલ છે ત્યાં જોયું જશે."

"જુઓને, તમારો તો જમણો પગ ખરાબ થઈ ગયો છે, જ્યારે મારો ડાબો પગ. ઉપર ચઢતાં તો સહન કરી શકાય પણ ઊતરતી વખતે ... ઓરે બાબા! મારા ઘૂંટણ જાણે ભાંગી પડે છે, આંખમાં પાણી આવી જાય છે. લાઠીની ઉપર ભાર દઈ દઈને એ હાથ તો હવે હલાવાતો પણ નથી. વારૂ! એક વાત પૂછું?"

મેં મોંઢું ઊંચું કર્યું. તે અનેક દ્વિધા અને સંકોચ સહિત મારા મોઢા તરફ જોઈને બોલી, "કયારની ય હું વિચાર કરું છું..... આપ સ્વામી વિવેકાનંદના કોઈ સગા થાઓ છો?"

"ના જી."

પાછી થોડી વાર જે તે વાતોમાં વીતાવી. હું રાંધતો હતો ત્યાં વહુ'દિએ અઘોરબાબુ જોડે કાંઈ મસલત કરી. અઘોરબાબુ કહેતા હતા, "તું નહિ કહી શકે? કેવી નવાઈની વાત! એ વાત તો તારે જ કહેવી જોઈએ."

તે ફરીથી ઊભી થઈને મારી પાસે આવી.

હું મોંઢું ઊંચું કરું તે પૂર્વે જ એ સ્નેહાળ, તેજસ્વી, અને ભોળી સ્ત્રી એના સ્વાભાવિક કોમળ, શરમાળ અવાજે વિનયપૂર્વક બોલી, "રસ્તામાં કેરીનું ઝાડ જોઈને થોડી કાચી કેરી તોડી લાવી છું. મેં ચટણી બનાવી છે. તમે ખાશો?"

પૃથ્વીમાં કયાંય સ્નેહનું બંધન છે, કયાંય છે વણમાગી આત્મીયતા, અને માણસની માણસને માટે ઉદ્વેગ, ને હિતકામના, એ વાત જ હું ભૂલી ગયો હતો. મારા મનમાં થયું, આ બંગાળની કમનીયતા લઈને ને માટીની મમતા લઈને આવી છે. તો પણ મેં વિનમ્રતાથી કહ્યું, "શાસ્ત્રમાં કહ્યું છે, કે તીર્થયાત્રા વખતે કોઈની ચીજ લેવી યોગ્ય નથી."

"તો રહેવા દો, મને એ વાતની ખબર જ નહિ." બોલતાં બોલતાં તે માથું નમાવીને ચાલી ગઈ.

અનુવાદક: ડૉ. ચન્દ્રકાન્ત મહેતા

મૂળ બંગાળી: શ્રી. પ્રબોધકુમાર સન્યાલ

'વર્તમાન રાષ્ટ્રીય રાજકારણ'

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે સંઘના કાર્યાલયમાં (૪૫, ૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩) તા. ૧૯-૨-૬૬ શનિવારના રોજ સાંજના ૬ વાગ્યે શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ વર્તમાન રાષ્ટ્રીય રાજકારણની જાહેર સમીક્ષા કરશે. આ વિષયમાં રસ ધરાવતાં ભાઈ-બહેનોને સાદર નિમંત્રણ છે.

મંત્રીઓ: **મુંબઈ જૈન યુવક સંઘ**

વિષયસૂચિ

		પૃષ્ઠ
ભસ્મવિસર્જનની ક્રિયામાં ઔચિત્ય કેટલું?	શ્રી શ્રીપ્રકાશ	૨૦૧
પૂરક નોંધ.	પરમાનંદ	૨૦૧
રાષ્ટ્રપતિનું પ્રસાદપૂર્ણ પ્રવચન	ડૉ.રાધાકૃષ્ણન	૨૦૨
ગુજરાતી સાહિત્ય પરિષદ: ત્રેવિશમું અધિવેશન, સુરત	ભૂપેન્દ્ર ત્રિવેદી	૨૦૪
મહાપ્રસ્થાનના પથ પર-૬	શ્રી પ્રબોધકુમાર સન્યાલ	૨૦૬
જાણીતા જાદુગર શ્રી કે. લાલ: સંઘ તરફથી કરવામાં આવેલું બહુમાન		૨૦૯
તુલસીશ્યામ ખાતે યોજવામાં આવેલી સાધનાશિબિર		૨૧૦

જાણીતા જાદુગર : શ્રી. કે. લાલ

સંઘ તરફથી કરવામાં આવેલું બહુમાન

તા. ૩૧-૧-૧૯૬૬ના રોજ સાંજના સમયે ધી બૉમ્બે ગ્રેન એન્ડ ઑઈલ સીડ્ઝ એસોસીએશનના સભાગૃહમાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે મુંબઈમાં થોડા સમયથી આવેલા અને મુંબઈની પચરંગી પ્રજાને પોતાના અજાયબીભરેલા જાદુના ખેલોથી મુગ્ધ કરી રહેલા સુવિખ્યાત જાદુગર શ્રી કે. લાલ સાથે સંઘના સભ્યોનો મિલન-સમારંભ ગોઠવવામાં આવ્યો હતો. સમારંભના સમયે સભાગૃહ સંઘના સભ્યો વડે ચીક્કાર ભરાઈ ગયો હતો.

સ્વાગતનિવેદન

સમારંભના પ્રારંભમાં શ્રી કે. લાલનું સ્વાગત કરતાં સંઘના ઉપ-પ્રમુખ શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ જણાવ્યું હતું કે:- "સંઘ તરફથી આજ સુધીમાં અનેક મિલન સમારંભો - સત્કાર સમારંભો-ગોઠવાતા રહ્યા છે, પણ આજે જે વ્યકિતના અંગે આ મિલન સમારંભ ગોઠવવામાં આવ્યો છે તે વ્યકિત આગળના સર્વ વ્યકિતવિશેષો કરતાં અલગ પ્રકારની - ભિન્ન કક્ષાની-છે. આજના આપણા મહેમાન શ્રી કે. લાલનું આખું નામ છે શ્રી કાંતિલાલ ગિરધરલાલ વોરા. પણ જાદુગર તરીકે તેઓ પોતાને શ્રી કે. લાલના નામથી ઓળખાવે છે. તેઓ એક જાણીતા જાદુગર છે, પણ જાદુગરના આપણા ચાલુ ખ્યાલોથી આ જાદુગર જુદી કોટિના છે. આપણા ચાલુ ખ્યાલ મુજબ જાદુગર એટલે કોઈ ગૂઢ વ્યકિત. તેના સીધા પરિચયમાં આવતાં આપણને સંકોચ થાય, બીક લાગે. મંતરજંતર અને મેલી વિદ્યા જાદુગર સાથે જોડાયેલી હોય છે. વ્યસનો વિનાનો જાદુગર કલ્પી શકાતો નથી. તેની મુખાકૃતિ પણ લાંબી દાઢી મૂછોથી શોભતી હોય છે. આમાંનું કશું પણ શ્રી કે. લાલમાં આપણને જોવા મળતું નથી. તેમની ઉમ્મર ૩૯ વર્ષની છે. તેમનું કુટુંબ મૂળ કાઠિયાવાડમાં આવેલા બગસરાનું વતની છે. જાણીતા સામાજિક કાર્યકર શ્રી લાલચંદ વોરા તેમના કાકા થાય. જન્મે જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક. કલકત્તામાં તેમનો - તેમના કુટુંબનો - કાપડનો વ્યવસાય. વ્યસન તેમને કોઈ મળે નહિ. નિયમબધ્ધ જીવન, ભાવનાશાળી વૃત્તિ. શીલસંપન્નતા અને જાદુગરપણાનો અદ્‌ભુત અને વિરલ સુયોગ શ્રી કે. લાલમાં આપણને જોવા મળે છે. સ્વભાવે પ્રસન્ન, સરળ, સાદા, હસમુખા. આવા સજ્જન આજના આપણા મહેમાન છે. આવી વિશિષ્ટ વ્યકિત સાથે સંઘના સભ્યોનો સમાગમ થાય અને સંઘ તેમનો આદર કરે તે માટે આ સમારંભ આપણે યોજ્યો છે. સંઘ તરફથી શ્રી કે. લાલને હું આવકારું છું અને શ્રી બાલાભાઈ વીરચંદ જેઓ સાહિત્યના પ્રદેશમાં 'જય ભિખ્ખુ' ના તખલ્લુસથી ઓળખાય છે અને જેઓ આજના આપણા અતિથિને બહુ નિકટતાથી ઓળખે છે અને જેમણે તેમનો પરિચય આપતી એક નાની પુસ્તિકા પણ લખી છે તેવા શ્રી બાલાભાઈ અહિં ઉપસ્થિત હોઈને, તેમને કાંતિલાલભાઈનો વિશેષ પરિચય આપવા હું વિનંતિ કરું છું.

જયભિખ્ખુએ આપેલો પરિચય

શ્રી બાલાભાઈ (જયભિખ્ખુ)એ તેમને શ્રી કે. લાલના પરિચયમાં આવવાનું શી રીતે બન્યું તેનો ખ્યાલ આપતાં જણાવ્યું કે "જ્યારે થોડાં વર્ષો પહેલાં કલકત્તામાં ગુજરાતી સાહિત્ય પરિષદનું અધિવેશન ભરાયું ત્યારે હું કલકત્તા ગયેલો અને ત્યારે તેમના તરફથી મને ભોજનનું નિમંત્રણ મળેલું. ત્યારથી અમારા પરિચયની શરૂઆત થઈ અને પછી તો તેઓ સમયાંતરે અમદાવાદમાં આવ્યા અને તેમના વિષે, તેમની જાદુવિદ્યાની ઉપાસના વિષે મને વધારે જાણવાનું મળ્યું અને જેમ જેમ તેમના વિષેની મારી જાણકારી વધતી ગઈ તેમ તેમ તેમના વિશિષ્ટ વ્યકતત્વથી હું વધારે ને વધારે પ્રભાવિત બનતો ગયો. આજે અમે બન્ને એટલા બધા નિકટ છીએ કે અંતરમાં જડાયલી વ્યકિત વિષે બહુ કહેવું મારા માટે મુશ્કેલ છે. તેમને ભગવાને સુરત અને સીરત બન્ને આપેલ છે. તેઓ કલાકાર છે અને એમ છતાં, સાધારણ રીતે કલા અને વ્યસન સાથે ચાલતા જોવામાં આવે છે, જ્યારે ભાઈ કાંતિલાલને મદ્ય, ધૂમ્રપાન તો શું - ચાનું પણ વ્યસન નથી. ખાવા - પીવામાં અત્યંત મિતભોજી અને વ્યવહારમાં ઉદાર તેમ જ ખૂબ જ પ્રેમાળ છે. વળી તેમનું આખું કુટુંબ રાષ્ટ્રીય ભાવનાથી તેમ જ ધાર્મિક સંસ્કારોથી રંગાયેલું છે.

"આપણે ત્યાં મદારીની સંસ્થા પરાપૂર્વથી ચાલી આવે છે. તે અત્યંત અવમાનિત-ઉપેક્ષિત હોવા છતાં તેના જેવી પુરાણી અને દઢમૂળ આપણા દેશમાં બીજા કોઈ કલાકારની સંસ્થા નથી." આમ જણાવીને કે. લાલ આ મદારીઓ પાસેથી જાદુવિદ્યા કેવી રીતે શિખ્યા અને તે ખાતર તેમણે કેવી તપશ્ચર્યા કરી, કષ્ટો ખમ્યાં - તેમની ઉપાસનાની આવી કેટલીક વિગતો શ્રી બાલાભાઈએ રજૂ કરી. આગળ ચાલતાં તેમણે જણાવ્યું કે, "આમ અનેક ગુરુઓ દ્વારા, તેમણે આ વિદ્યા પ્રાપ્ત કરી છે. આ ઉપરાંત તેમને સાધુ-સંતોને મળવાનો, તીર્થયાત્રાઓ કરવાનો શોખ છે. વળી જે લીધું તે પૂરું કરવું એવી તેમની આગ્રહી પ્રકૃતિ છે. જાદુવિદ્યાનો તંદુરસ્ત રીતે ઉપયોગ કરવો એ એમના જીવનનો મંત્ર છે, અને આખરે જાદુ શું છે? જે તમે ન જાણી શકો તે જાદુ, એનું તમે રહસ્ય જાણો એટલે તે વિજ્ઞાન બની જાય છે. વિજ્ઞાન અને જાદુમાં માત્ર આટલો જ ફરક છે.

"આપણા દેશમાં આવા કે. લાલ એટલે કે આવા જાદુગર અનેક હશે પણ આ લાલના અંતરમાં જે ગુલાબ છે તેવું ગુલાબ ભાગ્યે જ અન્યત્ર જોવા મળે છે. આપણે આજે આ ગુલાબની સુગંધ માણવા એકઠા થયા છીએ. આવું સન્માન કોઈ જૈન સંસ્થાએ યોજેલું મારા ધ્યાનમાં નથી તેથી આવો પ્રસંગ યોજવા માટે શ્રી મુંબઈ જૈન યુવક સંઘને હું ધન્યવાદ આપું છું."

શ્રી કે. લાલનું નિવેદન

ત્યાર બાદ શ્રી કે. લાલે ઉપસ્થિત સભાજનોને સંબોધીને જણાવ્યું હતું કે "આપણા ગુજરાતમાં બહુ ઓછા જાદુગરો થયા છે. મહુવાવાળા સ્વ. નથ્થુ મંછાચંદ, ભાવનગરના સ્વ. એલ. કે. શાહ, સુરતના આલવારો - આમ આપણી બાજુ ગણ્યાગાંઠ્યા, જાદુગરો પાકયા છે, જ્યારે બંગાળા તો પ્રાચીનકાળથી જાદુગરોનો જ દેશ છે. અંગ્રેજ સરકારની હકુમત પહેલાં બંગાળ, બ્રહ્મદેશ અને આસામ મળીને એક જ દેશ ગણાતો હતો. આ દેશ અને ખાસ કરીને આસામ, કામરૂ દેશ તરીકે ઓળખાતો હતો, જેનું મણિપુર મુખ્ય મથક હતું. કામરૂ દેશનો ભાવાર્થ એવો છે કે ત્યાં એવી વિદ્યા છે કે જેને લીધે પુરુષને સ્ત્રી, સ્ત્રીને પુરુષ, એટલું જ નહિ પણ, માણસને કોઈપણ પ્રકારનો જાનવર બનાવી શકાય છે. આ મણિપુરમાં બહુ જ જાણીતી એવી ભાનુમતી નામની જાદુગરણ થઈ ગઈ. અને તેણે અનેક સ્ત્રીઓને જાદુવિદ્યા શિખવી અને જાદુગરણ બનાવી. આમ એ પ્રદેશ જાદુવિદ્યા માટે જાણીતો છે. જ્યાં હું વસું છું તે પ્રદેશનો આવો ઈતિહાસ મારા જાણવામાં આવતા હું જાદુવિદ્યા તરફ આકર્ષાયો અને તેની મેં આજથી પચ્ચીસ વર્ષ પહેલાં ઉપાસના શરૂ કરી.

"આમ તે કલા સિદ્ધ થતાં મેં જાદુગરનો વ્યવસાય શરૂ કર્યો. પણ ચાલુ જાદુગરો કરતાં મારી પદ્ધતિમાં થોડા ફેરફારો કર્યા જે ફેરફારો આ મુજબના છે:-

(૧) ચાલુ જાદુગરો બોલે છે બહુ, કામ ઓછું દેખાડે છે. મેં ઊલટી

રીત પકડી. બોલવું ઓછું, કામ વધારે દેખાડવું. આખરે તો આપણું કામ જ બોલે છે.

(૨) જાદુગરો ઑડિયન્સને પ્રભાવિત કરવા માટે નાભિમાંથી શ્વાસ ખેંચીને મોટા પણ કૃત્રિમ અવાજથી બોલતા હોય છે. હું મારા સ્વાભાવિક અવાજથી જ બોલું છું.

(૩) ઑડિયન્સ - પ્રેક્ષકગણ–બુદ્ધુ છે એવો ખ્યાલ કેળવીને જાદુગરો એક superman – લોકોત્તર માનવી – માફક વર્તવાનો પ્રયત્ન કરતા હોય છે. આવું કશું ઘમંડ ન સેવતાં "આપ મેરે હો, મેં આપકા હું" એવા ભાવથી પ્રેક્ષકો સાથે હું વ્યવહાર કરું છું.

(૪) જાદુગરો મોટું ગંભીર બિહામણું કરીને બોલતા ચાલતા હોય છે. મોટી મૂછો અને લાંબી દાઢી જાદુગરના આવશ્યક અંગો ગણાય છે. હું હસીને બોલું ચાલું છું અને પ્રેક્ષકોને હસાવું છું. દાઢી મૂછની મને કોઈ જરૂર લાગી નથી.

(૫) જાદુના વ્યવસાય સાથે હિંસા સારા પ્રમાણમાં જોડાયલી હોય છે. દા. ત. પારેવાને મારી નાંખીને જીવતા કરવામાં આવે છે. આમાં મારેલું પારેવું મરેલું જ ફેંકાઈ જાય છે, અને તે જ જગ્યાએ નવાં જ જીવતાં પારેવાં આપણી સામે રજૂ થાય છે. ઉપરવાળો એક જ જાદુગર છે કે, જે મરેલાને જીવતાં કરી શકે છે. આવી હિંસા જેમાં હોય એવો એક પણ પ્રયોગ હું કરતો નથી. જે પક્ષીઓનો અમે પ્રયોગમાં ઉપયોગ કરીએ છીએ તેમને પણ અમે બહુ જ સારી રીતે રાખીએ છીએ.

(૬) જાદુગરો મોટા ભાગે અશ્લીલ ભાષાનો ઉપયોગ કરતા હોય છે. હું કદિ પણ અશ્લીલ કે અશિષ્ટ ભાષાનો ઉપયોગ કરતો નથી.

જાદુ પદ્ધતિસરનું વિજ્ઞાન છે. આંગળીઓને રીયાળ કરીને તૈયાર કરવી પડે છે. મારું જીવન શુદ્ધ બની રહે, ઊંચા ધોરણ ઉપર ટકી રહે એ માટે હું હંમેશાં સંત – સાધુઓનો સમાગમ શોધતો રહું છું. ખાન - પાનમાં મિતાહારી રહું તો જ આ વ્યવસાય લાંબો વખત ચલાવી શકું એ વિષે હું પૂરો સભાન છું. શરીરસૌષ્ઠવનું અમારા માટે ખૂબ મહત્ત્વ છે. કોઈ પણ વ્યસન તો મને છે જ નહિ, પણ મારા દાંત સારા સફેદ ટકી રહે એ માટે પાન પણ હું ખાતો નથી. જાદુમાં આત્મવિશ્વાસ સૌથી મહત્ત્વનું તત્ત્વ છે. ગાંધીજી અને જૅક ઑફ આર્ક બન્ને દુનિયાના મોટા જાદુગરો હતા. તેમનો આત્મવિશ્વાસ ટક્યો ત્યાં સુધી દુનિયામાં તેઓ મહાન કાર્યો કરી શકયા. ચીન - લીંગ - ફૂ એ આત્મવિશ્વાસ ગુમાવ્યો અને બંદૂકની જે ગોળી તે રમતમાં મોમાં ઝીલી શકતો હતો તે જ ગોળીએ તેનો જીવ લીધો હતો. આ આત્મવિશ્વાસ એ મારી સૌથી મોટી મૂડી છે. આ મારો આત્મવિશ્વાસ ટકી રહી, સદા વધતો રહે અને જનતાની મનોરંજનદ્વારા વધારે ને વધારે સેવા કરતો રહું એવા આપના હું આશીર્વાદ માંગું છું."

અન્ય વકતવ્યો

આ સમારંભમાં ઉપસ્થિત થયેલા શ્રી શાંતિલાલ હ. શાહે, શ્રી કે. લાલના જાદુના પ્રયોગોથી ખૂબ પ્રભાવિત થયા હોવાનું જણાવ્યું અને પરદેશોના જાદુગરો કરતાં તે ચડિયાતા છે એવી કે. લાલની જાદુગરી અંગે પોતા ઉપર છાપ પડી છે એમ પણ જણાવ્યું. જેમ પરદેશના જાદુગરો અહીં આવે છે એમ કે. લાલે પોતાના ખેલો પરદેશમાં જઈને રજૂ કરવા જોઈએ એમ જણાવીને તે દિશાએ પોતાથી શકય હોય તેટલા મદદરૂપ થવાની તેમણે ખાત્રી આપી.

સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે શ્રી કે. લાલના ખેલો બે વર્ષ પહેલાં તેઓ અહિં આવેલા ત્યારે, જોયા હોવાનું અને તેમની સાથે પરિચય હોવાનું જણાવ્યું. "તે કોઈ આપણાથી અલગ દૂરના ચિત્રવિચિત્ર લેખાતા જાદુગર નથી પણ આપણામાંના જ એક સ્વજન સમા છે. તેમણે જાદુગરના વ્યવસાયને સુચારિત્ર્ય અને ભાવનાશીલતાવડે શોભાવ્યો છે, વધારે પ્રતિષ્ઠિત બનાવ્યો છે. તેઓ આપણા સર્વના સ્નેહ અને આદરના અધિકારી છે. આ રીતે બહુમાન કરીને સંઘે યોગ્ય વ્યકિતની ઉચિત કદર કરી છે." આમ જણાવીને તેમનું ફૂલહાર વડે સન્માન કર્યું.

ત્યાર બાદ સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહે આભારદર્શન કરતા કહ્યું "જગતના મોટામાં મોટા જાદુગર પરમાત્માની માયાજાળમાં જેમ આપણે ફસાયા છીએ અને ફસાવું ગમે છે તેમ શ્રી કે. લાલની માયાજાળમાં ફસાવું ગમે છે અને એનો આપણને આનંદ છે. તેઓ પ્રથમ મુંબઈ આવ્યા ત્યારે તેમના પ્રયોગની ટિકિટ મને મહામુશ્કેલીએ મળેલી. તેમની કલકત્તા ખાતેની કાપડની દુકાનની પણ મેં મુલાકાત લીધી હતી અને ત્યાંથી મને છસો - સાતસો રૂપિયાની સાડીઓ વળગાડવામાં આવી હતી. આમ એમની જાળમાં હું બે વાર ફસાયેલો. આજે તેમણે મુંબઈને ઘેલું કર્યું છે. તેમના જાદુના ખેલો જોતાં આપણને અદ્‌ભુત આશ્ચર્ય – આનંદ – થાય છે. તેમણે તેમનું નામ કાન્તિલાલ વોરા રાખવાને બદલે તખલ્લુસ કે. લાલ નામ રાખ્યું એ એમની સફળતાનું નિમિત્ત બન્યું છે. અને મારા એક મિત્ર કાંતિલાલે એનું નામ કે. મગનલાલ દેસાઈ રાખ્યું છે અને આજે એમની સંપત્તિનો પણ અસામાન્ય વિકાસ થયો છે.

"શ્રી કે. લાલ ફકત ધંધાદારી જાદુગર નથી, સાથે સેવાની પણ ભાવના રાખે છે. તેમણે અનેક સંસ્થાઓને એમનો શો આપીને ફંડ ભેગું કરવામાં સહાય કરી છે. આજે જે શ્રોતાઓ અહીં ઉપસ્થિત થયા છે એમનાં સૌના દિલની ઈચ્છા છે કે શ્રી કે. લાલ અહીં પણ એકાદ બે જાદુની આઈટેમ બતાવે." ત્યારબાદ શ્રી કે. લાલે મોઢામાંથી એક પછી એક ગોળા કાઢી બતાવ્યા હતા અને રૂમાલો એક પછી એક કાઢી બતાવ્યા હતા અને આમ આનંદના વાતાવરણમાં સભા વિસર્જિત થઈ હતી.

તુલસીશ્યામ ખાતે યોજવામાં આવેલી સાધના શિબિર

સૌરાષ્ટ્રના દક્ષિણ પ્રદેશમાં આવેલા તીર્થધામ તુલસીશ્યામ ખાતે 'તુલસીશ્યામ વિકાસ સમિતિ' તથા 'સોરઠ શિક્ષણ અને સંસ્કૃતિ સંઘ'ના સંયુકત ઉપક્રમે આચાર્ય રજનીશજીને અનુલક્ષીને ચાલુ ફેબ્રુઆરી માસની તા. ૪-૫-૬ એમ ત્રણ દિવસ માટે એક સાધના શિબિર ગોઠવવામાં આવી હતી. આ શિબિરનો લાભ લેવા માટે મુંબઈ, ગુજરાત તેમજ સૌરાષ્ટ્રમાંથી લગભગ ૪૫૦ ભાઈબહેનો ઉપસ્થિત થયા હતા. આ શિબિરનું આયોજન સૌરાષ્ટ્રના જાણીતા અગ્રગણ્ય કાર્યકર્તા શ્રી રતુભાઈ અદાણી તથા તેમના સહકાર્યકર્તાઓ તરફથી કરવામાં આવ્યું હતું અને શિબિરના સ્થળે એક સુંદર નાની સરખી રચના કરવામાં આવી હતી. ત્યાં આવેલા ભાઈ બહેનો માટે રહેવા ખાવા પીવા વગેરે માટે ઉત્તમ પ્રકારની સગવડ કરવામાં આવી હતી. શિબિરના દિવસોની શરૂઆત સવારના પહોરમાં ઐચ્છિક શ્રમદાન દ્વારા કરવામાં આવતી સાફસૂફીથી થતી હતી. શિબિરનું પ્રમુખસ્થાન પૂજ્ય રવિશંકર મહારાજે લીધું હતું. શિબિરનો પ્રારંભ ખરી રીતે ત્રીજી તારીખે રાત્રે નવ વાગે એકત્ર થયેલા સંમેલનથી થયો હતો, જ્યારે આચાર્ય રજનીશજીએ પ્રસ્તુત શિબિરનો ઉદ્દેશ સમજાવ્યો હતો. ત્યાર બાદ શિબિરના નિયત દિવસો દરમ્યાન સવારના ૯ થી ૧૦, બપોરના ૪થી ૫ તથા રાત્રીના ૯ થી ૧૦, એમ હંમેશા આચાર્ય રજનીશજીનાં ત્રણ પ્રવચનો થતાં હતાં. આ ઉપરાન્ત તા. ૪ સાંજના સમયે અમદાવાદવાળા શ્રી ચંદુલાલ સતિયાના હાથે બાજુએ આવેલ ટેકરી કે જેના શિખર ઉપર જવા માટેનાં રૂક્ષ્મણિ માતાનું મંદિર છે ત્યાં નીચેથી ઉપર પગથીયાં અંગે શિલારોપણ કરવામાં આવ્યું હતું. તા. પમીની સવારે શેઠ નાનજીભાઈ કાળીદાસના હસ્તે ગોસંવર્ધન કેન્દ્રનું શિલારોપણ કરવામાં આવ્યું હતું. એ જ દિવસે સાંજે શ્રી નારણદાસ ગાંધીના હાથે મોટા પાયા ઉપર તૈયાર કરવામાં આવેલા ગોબરગેસ પ્લાન્ટનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું અને તા. ૬ સવારના ભાગમાં શ્રી ગુલાબચંદ તલકચંદ શેઠના હાથે આજના ખ્યાલો મુજબ તૈયાર કરવામાં આવેલ ભોજનાલયનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. ઉપર જણાવેલ શિબિરના સમગ્ર કાર્યક્રમમાં ઉપસ્થિત થયેલા ભાઈ બહેનોએ રસપૂર્વક ભાગ લીધો હતો અને રજનીશજીનાં પ્રવચનોએ એક નવી વિચારચેતના પેદા કરી હતી. આ શિબિરમાં સૌરાષ્ટ્રનું જેને સત્વ કહી શકાય એવી વિચારલક્ષી અનેક વ્યકિતઓના સમુદાયે ખૂબ રસપૂર્વક ભાગ લીધો હતો અને ત્રણે દિવસ આનંદપ્રમોદમાં અને પ્રેરક વાતાવરણમાં પસાર થયાં હતાં. આ સાધના શિબિરનો સવિસ્તર અહેવાલ હવે પછીના અંકમાં આવશે.

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ. મુંબઈ–૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, ફોર્ટ, મુંબઈ

Regd. No. MH. 117
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૭ : અંક ૨૧

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, માર્ચ ૧, ૧૯૬૬, મંગળવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૨૫ પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપાડિયા

'કટોકટીની પળે પ્રગટેલું માટીનું કોડિયું:'

'An Earthen Lamp in an Hour of Destiny'

(યુનાઈટેડ સ્ટેટ્સના ઉપ-પ્રમુખ શ્રી હ્યુબર્ટ એચ. હંફરીએ ભારતના મહા અમાત્ય સ્વર્ગસ્થ લાલ બહાદુર શાસ્ત્રીના માનમાં ગયા જાન્યુઆરી માસની ૨૮મી તારીખે વૉશિંગ્ટન ખાતે યોજવામાં આવેલી 'મેમોરિયલ સર્વિસ' દરમિયાન કરેલા મનનીય પ્રવચનનો નીચે અનુવાદ આપવામાં આવે છે —તંત્રી)

આજથી બરોબર સોળ દિવસ પહેલાં, પ્રમુખ જૉન્સનની ઈચ્છાને માન આપીને, અમેરિકાના યુનાઈટેડ સ્ટેટ્સના પ્રતિનિધિ-મંડળને ન્યુ દિલ્હી ખાતે પવિત્ર યમુના નદીના કિનારે લઈ જવાની ખેદજનક જવાબદારી વહન કરવાનું મારા ભાગે આવ્યું હતું. પ્રધાન મંત્રી લાલ બહાદુર શાસ્ત્રી અંગેની અંતિમ ક્રિયાઓમાં ભાગ લેવા માટે ત્યાં એકઠા થયેલા લાખો લોકોમાં હું આ રીતે જોડાયો હતો.

આજે આ સ્થળે આપણે એટલા માટે એકઠા થયા છીએ કે જેઓ ભારત જેટલે દૂર લાંબો પ્રવાસ ખેડી શકે તેમ નહોતું તેઓ અહિં ઉપસ્થિત થઈને તેમને કાંઈક યોગ્ય અંજલિ આપી શકે.

આ અંજલિપ્રદાન પ્રસંગે, તેમના સ્થાન ઉપર આવેલા, સુવિખ્યાત શ્રીમતી ઈન્દિરા ગાંધીને, જે ગુણો વડે લાલ બહાદુર શાસ્ત્રી પોતાની મહાન જવાબદારીઓને પહોંચી વળવામાં સમર્થ નિવડ્યા હતા તે તાકાત, સુદૃઢ નિશ્ચયશકિત અને નિરાડંબર નિષ્ઠા પ્રાપ્ત થાય એવી શુભેચ્છા આપણે જરૂર પ્રગટ કરીએ!

ભારતના એક દૃષ્ટિસંપન્ન નિરીક્ષકે પ્રધાન મંત્રી શાસ્ત્રીને 'an earthen lamp in an hour of destiny.' 'ભાવિની અંધકાર ભરી કટોકટીની પળે પ્રકાશ પૂરો પાડતા કોડિયાના દીવા'—સાથે સરખામણી કરી છે.

તેમણે મહાન હિંદુ કવિ રવીન્દ્રનાથ ટાગોરમાંથી આ ઉપમા શોધી કાઢી છે. તેમના એક કાવ્યમાં, જ્યારે સૂર્ય આથમે છે અને ચોતરફ અંધકાર વ્યાપી વળે છે અને હવે શું થશે એમ સૌ કોઈ પૂછે છે ત્યારે બધાં મૌન ધારણ કરી બેસે છે, પણ એટલામાં એક માટીનું કોડિયું ધીમે રહીને બોલે છે: "મને પ્રગટાવો! મારાથી થશે એટલું હું જરૂર કરી છૂટીશ."

જ્યારે પ્રધાનમંત્રી નહેરુનો ઝળહળતો સૂર્ય સદાને માટે અસ્ત પામ્યો, ત્યારે એ અસાધારણ આફતની ઘડિએ લાલબહાદુર શાસ્ત્રી પોતાના પ્રજાજનો માટે માર્ગ અજવાળવાની દિશાએ પોતાથી શકય તેટલું બધું કરી છૂટ્યા હતા.

તેઓ કશા પણ આડંબર વિનાના એક વિનમ્ર માનવી હતા; તેઓ જનસમુદાયના એ અંગ હતા કે જેણે ભારતના લાખો મનુષ્યોની ગરીબી ભોગવી હતી અને એક ક્ષણ માટે પણ પોતાનાં પ્રજાજનો સાથેનો આ સંપર્ક જેણે ગુમાવ્યો ન હતો.

પ્રધાનમંત્રીના પદ ઉપર આવ્યા બાદ તરતમાં જ તેમણે પોતાના સાથી મંત્રીઓને જણાવ્યું હતું કે સામાન્ય માનવીની જીવન-જરૂરિયાતો—અન્ન, આશ્રયસ્થાન, વૈદકીય રાહત અને રોજગારી—આ બાબતો જ રાષ્ટ્ર માટે પ્રથમ વિચારણા માગે છે.

નાની ઉંમરે તેમણે એવી ગરીબી ભોગવી હતી કે હોડીનું ભાડું ચૂકવવા પૂરતા પૈસાના અભાવે, પોતાની ચોપડીઓ માથા ઉપર પટ્ટાથી બાંધીને તેઓ ગંગા તરીને ઘણી વાર નિશાળે પહોંચતા હતા અને જ્ઞાન માટે—વિદ્વત્તા માટે—તેમને એટલો બધો આદર હતો કે તેમને શાસ્ત્રીની જે પદવી મળી હતી તે નામથી જ તેઓ ત્યાર બાદ સર્વત્ર ઓળખવા લાગ્યા હતા.

ગાંધી, નહેરુ અને કૉંગ્રેસ પક્ષ સાથે ભારતની આઝાદી પ્રાપ્ત કરવા માટે તેમણે ભાષણો કર્યાં, કામ કર્યું અને સહન કર્યું હતું, અને આ મહાન ધર્મકાર્ય માટે કુલ સાત વર્ષનો તેમણે જેલવાસ ભોગવ્યો હતો. આઝાદી જંગમાં આ તેમનો ભારે મહત્ત્વપૂર્ણ ફાળો હતો.

પોતાના ઉત્તર પ્રદેશમાં તેમ જ કેન્દ્રમાં એક પછી એક નવી નવી જવાબદારીઓ ધારણ કરતા અને એ રીતે આગળ ને આગળ વધતા જતા જેમણે તેમને જોયા છે તેમની નજરમાં આટીઘૂંટીનો મધ્યમ માર્ગ કાઢતાં, વિકટ પરિસ્થિતિને પોતાની આગવી સૂઝ વડે પહોંચી વળતા અને જરૂર પડે ત્યાં બાંધછોડ કરીને આગળ ચાલતા એવા એક પ્રજ્ઞાસંપન્ન પુરુષ તરીકે તેઓ તરી આવ્યા હતા.

કારણ કે શાસ્ત્રી સ્વભાવથી અને આત્મપ્રતીતિથી લોકશાહીને વરેલા હતા અને કોઈ પણ કદમ ઉઠાવતા પહેલાં સૌ કોઈના અભિ-પ્રાયોનો લાભ ઉઠાવવા તેઓ સદા આતુર રહેતા. તેઓ સહિષ્ણુ હતા, ઉદાર હતા અને દરેક વસ્તુ યા વિષયને ઊંડાણથી સમજવા માટે તેઓ તત્પર રહેતા હતા.

તેમનામાં અક્ષુબ્ધ પ્રતિભા હતી, પોતાનામાં પૂરો વિશ્વાસ હતો અને વિચારપૂર્વકના આશાવાદી હતા, જેને લીધે વિકટમાં વિકટ ઘડિ-ઓમાં પણ પોતાના માર્ગે તેઓ સ્વસ્થપણે આગળ વધી શકતા હતા.

માનવીના મનના અને ચેતનાના આ સર્વ ગુણોની તેમને પૂરી જરૂર હતી. કારણ કે આપણે કે જેઓ પ્રમાણમાં ઘણી વધારે સુખ સગવડો અને સલામતીભર્યું જીવન જીવી રહ્યા છીએ તેમને, આ માનવી અને તેની પ્રજાને જે બોજા વહન કરવાના છે તેનો ખ્યાલ પણ આવવો શકય નથી.

એ એવા બોજાઓ હતા કે જેનું પરિણામ, બીજા દેશો અને બીજા પ્રકારની નેતાગીરી નીચે, લોકશાહીના વિસર્જનમાં જ આવ્યું હોય. એમ છતાં આ બધાં વર્ષો દરમિયાન ભારતમાં વિચાર, વાણી અને પત્રકારત્વને લગતી પાયાની સ્વતંત્રતા આજ સુધી એક સરખી

જળવાઈ રહી છે. પોતાના પ્રતિનિધિઓ ચૂંટવાની તેમજ તેમને ફેંકી દેવાની સ્વતંત્રતા તેઓ ભોગવતા રહ્યા છે અને આ બંને પ્રકારની સ્વતંત્રતા તેમણે પૂર્ણ રૂપમાં દાખવી છે, અભિવ્યકત કરી છે.

નહેરુ અને શાસ્ત્રીની નેતાગીરી નીચે તેમણે લોકશાહી માર્ગ ભારે પ્રયત્નથી વિકસાવ્યો છે. આ માર્ગ તત્કાલ ઘણો ભોગ માગી લે છે, પણ લાંબે ગાળે સારા પ્રમાણમાં લાભદાયી નીવડે છે. પણ, એ સર્વથી વિશેષ, પ્રધાન મંત્રી શાસ્ત્રીએ એક અદ્‌ભુત ધૃતિનાં આપણને દર્શન કરાવ્યા છે. યુદ્ધ વખતે આપણ સર્વ પાસેથી અપેક્ષિત હોય તે કરતાં પણ વધારે મહત્ત્વ ધરાવતી ધૃતિનાં તેમણે આપણને દર્શન કરાવ્યાં છે અને એ છે પ્રતિપક્ષ સાથે સુલેહ શાંતિ કરવાની ધૃતિ.

તાશ્કંદથી મળેલી છેલ્લી છબીઓ મારા ચિત્તને હલાવી નાખે છે, મારામાં અભૂતપૂર્વ સંવેદનો પેદા કરે છે. તેઓ એક સજ્જન પુરુષ હતા જેમણે એક મહાન કાર્ય સિદ્ધ કર્યું હતું અને તે વિષે સંતોષ આત્મગૌરવ દાખવવામાં તેમણે કોઈ સંકોચ અનુભવ્યો નહોતો. એ અકલ્પ્ય લાગે છે કે આ માનવી–આટલો બધો જીવંત માનવી–વસ્તુતઃ પોતાના મૃત્યની આટલો બધો સમીપ હતો.

જો તેઓ જીવ્યા હોત તો, શાસ્ત્રીજી આ શહેરમાં થોડા દિવસ બાદ આવ્યા હોત અને પ્રેસિડેન્ટ જૉન્સન સાથે અને અન્ય સરકારી અધિકારીઓ સાથે વાટાઘાટો કરતા હોત. આપણી વચ્ચેથી આવો એક વિનમ્ર, ભલો, દીન માનવી ચાલ્યો જાય તે અંગે આઘાત અને વેદના સિવાય આપણા દિલમાં બીજી કઈ લાગણીઓ હોઈ શકે?

મારા પૂરતું કહું તો તેમના આ પ્રકારના મૃત્યુનો વિચાર કરતાં આપણું જીવન કેટલું ક્ષણભંગુર છે તે મને ફરી ફરીને યાદ આવ્યા કરે છે.

અને એમ છતાં પણ, જે લોકો એમ વિચારે છે કે આ દુનિયા માત્ર અંધ અને અચેતન બળો વડે ધકેલાઈ રહી છે અને કોઈ એક વ્યકિત – પછી તે ભલેને ગમે તેટલી મહાન અને મહામના હોય તો પણ–તેમાં તે કશો પણ તફાવત કરી શકતી નથી–આવા લોકોનો ખ્યાલ બરોબર નથી એમ મને સ્પષ્ટપણે દિસે છે.

કારણ કે આ વિનમ્ર માનવીના અસ્તિત્વથી પોતાના લોકોના જીવન અંગે તેમ જ આખરે દુનિયામાં શાંતિ સ્થાપવા અંગે ભારે મહત્ત્વનો તફાવત પડયો છે.

આખરે, મને મારી અંદર નિશ્ચિતપણે ભાસે છે કે આ દુનિયામાં આપણે બધા માનવીઓ–આપણી વચ્ચે અંદર અંદર ગમે તેવી કાલ્પનિક સીમાઓ રચીએ અને રેખાઓ દોરીએ તો પણ–ભાઈઓ છીએ, બંધુઓ છીએ.

લાલબહાદુર શાસ્ત્રી, જો માનવ જાતના બંધુ નહિ તો, બીજું શું હતા?

અને જો માનવ જાતના કલ્યાણ માટે નહિ તો બીજા શેના માટે તેઓ મૃત્યુ પામ્યા હતા?

એવા લોકો છે કે જેઓ ઈતિહાસમાંથી અંધકારભર્યું ચિત્ર ઉપસાવે છે અને જેઓ ચાલુ માનવજાતની નાબુદીની અને માથે ઝઝુમતા સર્વનાશની આગાહી કર્યા કરે છે.

તેઓ સાચા હોય એમ પણ બને. કારણ કે પોતાને નાબૂદ કરવાની અને પોતાનાં સર્વ સર્જનોનો નાશ કરવાની સાધનસામગ્રી આજના માનવીએ જરૂર હસ્તગત કરી છે.

પણ મને પોતાને લાગે છે કે આ રીતે વિચારવાવાળા ખોટા છે. કારણ કે તેમને ખોટા પુરવાર કરવા માટે, આપણી વચ્ચે, શાસ્ત્રી જેવા માનવીઓ અવતરે છે, જેઓ એવી શ્રદ્ધા ધરાવે છે કે આ સિવાય બીજું કશું જ ન બને એમ માની લેવાને કોઈ કારણ નથી અને જેઓ માને છે કે જ્યારે માનવીઓ અન્ય માટે પોતાના જીવનનું સમર્પણ કરવાને તૈયાર થાય છે ત્યારે માણસની સ્વતંત્ર ચેતના માણસ જાતને જરૂર બચાવી શકે છે, ઉગારી શકે છે.

શાસ્ત્રીનું માટીનું કોડિયું વાસ્તવિક અર્થમાં ઓલવાઈ ગયું છે, પણ મને શ્રદ્ધા છે કે તેઓ જેવા હતા તે કારણે તેમ જ તેઓ જેવી રીતે જીવ્યા અને મરણ પામ્યા તે કારણે આપણા બધાના દિલમાં તે કોડિયું વધારે તેજસ્વીપણે સદાને માટે પ્રજ્જ્વલિત રહેશે.

અનુવાદક : મૂળ અંગ્રેજી:
પરમાનંદ **હ્યુબર્ટ એચ. હંફરી**

રાષ્ટ્રીય રાજકારણ

(શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે તા. ૧૯-૨-૬૬ શનિવારના રોજ સંઘના કાર્યાલયમાં રાષ્ટ્રીય રાજકારણ ઉપર શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે વ્યાખ્યાન આપ્યું હતું, અને તેમાં તાશ્કંદ મંત્રણાઓ, પ્રધાનમંત્રી લાલબહાદુર શાસ્ત્રીનું અણકલ્પ્યું અવસાન, તેમના સ્થાને થયેલી ઈન્દિરા ગાંધીની ચૂંટણી અને જયપુર કૉંગ્રેસ–આટલા મુદ્દાઓ ઉપર વિવરણ કર્યું હતું. તેમના વ્યાખ્યાનનો ટૂંકો સાર નીચે મુજબ છે. –તંત્રી)

ગયા જાન્યુઆરી માસની છઠ્ઠી તારીખે આપણે આ સ્થાને મળ્યા હતા અને મેં વચગાળાના રાષ્ટ્રીય તેમ જ આંતર રાષ્ટ્રીય રાજકારણની આલોચના કરી હતી. એ વખતે તાશ્કંદ ખાતે આપણા પ્રધાનમંત્રી લાલ-બહાદુર શાસ્ત્રી અને પાકિસ્તાનના પ્રેસિડેન્ટ જનાબ અયૂબખાન વચ્ચે મંત્રણાઓ ચાલતી હતી. તે ઘટનાને આજે દોઢ મહિનો થયો. આ દોઢ મહિના દરમિયાન એટલી બધી ઘટનાઓ એક પછી એક બનતી ગઈ છે કે તે ઘટનાઓને આટલા ટૂંકા સમયના ગાળામાં કલ્પના વડે પણ સમાવવી મુશ્કેલ છે.

સ્વ. લાલબહાદુર શાસ્ત્રી

તાશ્કંદ મંત્રણાઓ વિશે કાંઈ કહું તે પહેલાં તા. ૧૧-૧-૬૬ ના રોજ નીપજેલા લાલ બહાદુર શાસ્ત્રીના એકાએક અવસાન વિષે થોડો ઉલ્લેખ કરી લઉં. જેમ જેમ તેમનો હું વિચાર કરું છું અને તેમની પ્રધાનમંત્રી તરીકેની દોઢ વર્ષની કારકીર્દિનો ખ્યાલ કરું છું તેમ તેમ તેમના આમ એકાએક જવાથી કેટલી મોટી અને ન પુરાય એવી આપણને ખોટ પડી છે તેની વાસ્તવિકતાનો ખ્યાલ આવે છે અને અંતર ઊંડી ગમગીનીથી છવાઈ જાય છે. તેમના વ્યકિતત્વનું હું મૂલ્યાંકન કરું તે કરતાં યુનાઈટેડ સ્ટેટ્સના ઉપપ્રમુખ શ્રી હ્યુબર્ટ હંફરીએ લાલબહાદુર શાસ્ત્રીના માનમાં વૉશિંગ્ટન ખાતે યોજાયેલી મેમોરિયલ સર્વિસ પ્રસંગે આપેલી અંજલિનો ઉલ્લેખ કરું તે વધારે યોગ્ય લાગે છે. કારણ કે આટલી બધી ભાવભરી–સંવેદનપૂર્ણ–અંજલિ હજુ સુધી લાલ બહાદુર શાસ્ત્રીને અન્ય કોઈ વ્યકિતએ આપી નથી. આ અંજલિનો પરમાનંદભાઈ અનુવાદ કરવાના છે અને તે અનુવાદ પ્રબુદ્ધ જીવનના આગામી અંકમાં પ્રગટ થવાનો છે. એટલે તેનો વિસ્તારથી ઉલ્લેખ નહિ કરું. તે વિષે એક બે બાબતો જ જણાવીશ. રવીન્દ્રનાથ ટાગોરે એક કાવ્ય લખ્યું છે અને તેમાં જણાવ્યું છે કે પ્રખર તપતો અને પ્રકાશ આપતો સૂર્ય આથમે છે અને સર્વત્ર ગાઢ અંધકાર ફેલાઈ જાય છે અને હવે શું થશે એમ સૌ ચિંતા ભરી નજરે એકમેક સામું જુએ છે એવામાં એક માટીનું કોડિયું બોલી ઊઠે છે કે 'મને પ્રગટાવો અને આખા પ્રદેશને મારા પ્રકાશથી અજ-વાળી દઈશ!" આમ જણાવીને હ્યુબર્ટ હંફરીએ લાલ બહાદુર શાસ્ત્રીને જવાહરલાલના ઝળહળતા સૂર્યના આથમવા પછી વ્યાપેલા અંધકારને વિદારતા માટીના કોડિયા સાથે ' An earthen lamp in an hour of destiny ' સાથે સરખાવ્યા છે. લાલબહાદુર વિશે આથી વધારે ભવ્ય કલ્પના બીજી શું હોઈ શકે? વિશેષ વિગતો પરમાનંદભાઈના અનુવાદમાંથી જોઈ લેશો.

તાશ્કંદ મંત્રણા

હવે તાશ્કંદ મંત્રણા વિષે. એ દિવસોમાં લગભગ છેલ્લા દિવસ સુધી આવતા સમાચારો આપણને એક જ અનુમાન ઉપર લઈ જતા હતા કે આ મંત્રણા ભાંગી પડવાની અને જ્યાં હતા તે જ સ્થિતિ ઉપર આપણે પાછા આવવાના. પણ જાન્યુઆરીની ૧૦ મી તારીખે એટલે વસ્તુતઃ આપણે ત્યાં તો ૧૧ મી તારીખે આ મંત્રણાઓ સફળ થયાના અને બન્ને દેશો વચ્ચે સુલેહ શાંતિ સ્થાપિત થાય એવા કરારો થયાના સમાચાર આવ્યા. આ એક ચમત્કાર જ બન્યો છે અને તેનો યશ જેટલો લાલ બહાદુર શાસ્ત્રીના ફાળે જાય છે તેટલો જ યશ

અયૂબખાન અને રશિયાના પ્રધાનમંત્રી કોસિગિનના ફાળે જાય છે.

આ કરારનામાથી આપણે શું મેળવ્યું ? તેની જમા બાજુ તેમ જ ઉધાર બાજુઓ બન્ને રજૂ કરી શકાય તેમ છે. ઉધાર બાજુમાં કહી શકાય કે આપણે યુદ્ધની શરૂઆતમાં ઑગસ્ટમાં માસની પાંચમી તારીખે જ્યાં હતાં ત્યાં આપણા લશ્કરી દળોને પાછાં ખસેડવાનું આપણે કબૂલ કર્યું છે.

આપણે જીત્યા એમ માનવા છતાં, આપણને પારવાર આર્થિક નુકશાન છે થયું અને કબજે કરેલા પ્રદેશો છોડી દેવા પડયાં, છે, ખાસ કરીને હાજીપીર, કારગીલ અને તિથવાલ પણ છોડી દેવાનું કબૂલ કરવું પડયું છે. આમ છે તો પ્રશ્ન થાય છે કે પછી આપણે મેળવ્યું શું ?

તાશ્કંદ કરારના હાર્દને સમજવા માટે સંયુકત રાષ્ટ્રસંસ્થાની સિકયૉરિટી કાઉન્સિલના સપ્ટેમ્બર ૧૯ મી તારીખના ઠરાવને આપણે યાદ રાખવો જોઈએ. કારણ કે આ ઠરાવ અમુક reservations સાથે આપણે બન્નેએ સ્વીકાર્યો હતો. આ કરારનામામાં જે કાંઈ નક્કી કરવામાં આવ્યું છે તે સીકયૉરીટી કાઉન્સિલના ઠરાવના ચોગઠામાં રહીને કરવામાં આવેલ છે. આ કરારથી સિકયૉરિટી કાઉન્સિલનો ઠરાવ બન્નેને પૂરા અર્થમાં બંધનકર્તા બને છે. આવી પરિસ્થિતિમાં જે કાંઈ કરાર થાય તેમાં બાંધછોડનાં તત્ત્વો તો હોવાનાંજ. આથી યુદ્ધવિરામ પાકો થયો છે. આ કરારનામાને દુનિયાના બધા દેશોએ –અલબત્ત ચીન સિવાય – વધાવ્યો છે, આવકાર્યો છે. આથી ભારતની પ્રતિષ્ઠા ખૂબ વધી છે. ધૂસણખોરો સંબંધમાં આ કરારનામામાં કશો સીધો ઉલ્લેખ નથી, પણ પરસ્પરના ઝઘડા પતાવવામાં બળનો ઉપયોગ કોઈ પણ પક્ષે કરવામાં નહિ આવે એવી બાંયધરીના ગર્ભમાં હવે પછી ધૂસણખોરો મોકલવામાં નહિ આવે એવી કબૂલાત સૂચિત છે.

બીજું દુનિયાના આગળ પડતા દેશોમાં આપણા વિશે એવી છાપ છે કે કાશ્મીરની બાબતમાં આપણે જીદ કરી બેઠા છીએ અને તે ખાતર યુદ્ધ નોતરતા પણ આપણે અચકાતા નથી. કાશ્મીર સંબંધનું આપણું વલણ સ્પષ્ટ અને મક્કમપણે કાયમ રાખીને, તાશ્કંદ કરારથી આપણે દુનિયાને બતાવી આપ્યું છે કે યુદ્ધના વિજયથી મળતો લાભ જતો કરીને પણ–જોખમ ખેડીને પણ–આપણે શાંતિ ને–યુદ્ધવિરામને–ઝંખીએ છીએ.

આપણે હાજીપીર, કારગીલ અને તિથવાલ છોડવાને રાજી ન હોઈએ એ સ્વાભાવિક છે, પણ એ બાબતમાં અયૂબખાન નમતું આપે તો પાકિસ્તાનમાં જઈને તે શું મોઢું બતાવે એનો પણ આપણે ખ્યાલ રાખવો ઘટે છે. પાકિસ્તાને પણ આપણો પ્રદેશ ખાસ કરીને રાજસ્થાનમાં અને જમ્મુમાં કબજે કરેલો જ હતો તે તેણે પણ છોડવાનો જ છે.

યુદ્ધના કેળવાયલા માનસમાંથી શાન્તિ તરફ અભિમુખ બનવું એ સહેલું નથી. શાસ્ત્રીજીએ યુદ્ધ સંબંધમાં જેટલી મક્કમતા અને નિડરતા દાખવી છે તેટલી જ મક્કમતા, નિડરતા અને શાન્તિ–અભિમુખતા શાસ્ત્રીજીએ આ કરારનામું સ્વીકારવામાં દાખવી છે. આમ ભારતની પ્રતિષ્ઠા તાશ્કંદ મંત્રણાના કારણે આખી દુનિયામાં ખૂબ વધી છે.

આ કરારનામાને અમલી બનાવવામાં ભારત જેટલું જ–બલકે વધારે–આતુર પાકિસ્તાન રહેશે. જેતજેતામાં લશ્કરી દળો મૂળ યુદ્ધવિરામ રેખા સુધી પાછાં ખસી ગયા છે, એટલું જ નહિ પણ, બન્ને બાજુએ તેનું ચાલુ પ્રમાણ ઘટાડવાનું પણ કબુલાયું છે; હાઈ કમિશનરો પોતપોતાના સ્થાને પાછા ગયા છે; કેદીઓ પાછા સોંપાયા છે અને પરસ્પર વ્યાપારી સંબંધો પણ સુધરવા લાગ્યા છે. પાકિસ્તાનની આતુરતા આ સંબંધમાં એટલા માટે વધારે હોવાની કે આ બધી બાબતો પતે તો અને ત્યાર બાદ જ કાશ્મીરનો પ્રશ્ન તે ઊભો કરી શકે.

આ કરારનામું સીકયૉરીટી કાઉન્સીલના ઠરાવના માળખામાં થયેલું હોઈને આથી સીકયૉરીટી કાઉન્સીલ અને સંયુકત રાષ્ટ્રસંઘની પ્રતિષ્ઠા વધી છે.

આપણે ભારત પાકિસ્તાન વચ્ચે no war pactની માગણી કરેલી. કાશ્મીરની સમસ્યા ઉભેલી હોઈને આવી કબૂલાત આપવાની સ્થિતિમાં અયૂબખાન નહોતા. એમ છતાં યુનાઈટેડ નેશન્સ ચાર્ટરમાં બળનો ઉપયોગ નહિ કરવાની જે કબૂલાત રહેલી છે એ કબૂલાતને આ કરારનામામાં મહત્ત્વનું સ્થાન આપવામાં આવ્યું છે; આ બાબત પણ એટલી જ અગત્યની છે.

આટલી લાંબી આલોચનાના અન્તે, હવે પછીના મતભેદોનો નિકાલ પણ શાન્તિ અને સમજાવટભરી વાટાઘાટોથી થશે અને યુદ્ધના કારણે વધારે તંગ બનેલી આર્થિક પરિસ્થિતિ–જેવી આપણી તેવી જ પાકિસ્તાનની–તે સુધારવા તરફ આપણે આપણી શકિતઓને વધારે કેન્દ્રિત કરી શકીશું. દુનિયાના દેશો પણ ભારત પાકિસ્તાનનો સંબંધો સુધરે–શાન્તિભર્યા બને–એમ ખરા અન્તરથી ઈચ્છી રહ્યા છે. કારણ કે તે ઉપર આખરે કાયમની વિશ્વશાન્તિનો મોટો આધાર છે.

ઈન્દિરા ગાંધીની ચૂંટણી

હવે આપણા નવા પ્રધાનમંત્રીની જે ચૂંટણી થઈ તેનો વિચાર કરીએ. નહેરુના જવાથી પક્ષના નેતા ચૂંટવાની જે પરિસ્થિતિ ઊભી થઈ હતી તે કરતાં આ વખતની પરિસ્થિતિ વધારે વિકટ હતી; કારણ કે તે સમયે લાલબહાદુર શાસ્ત્રીની ચૂંટણી લગભગ નિશ્ચિત જેવી હતી. આ વખતે એ સ્થાન માટે એકથી વધારે હરીફો હતા.

સૌથી પહેલાં તો એ બાબતની ખાસ નોંધ લેવી ઘટે કે પક્ષનેતાના સ્થાન માટે તીવ્ર હરીફાઈ હોવા છતાં આપણે આ પ્રશ્નનો ઉકેલ આઠ કે દસ દિવસના ગાળામાં લાવી શકયા એ આપણા માટે ગૌરવનો વિષય ગણાય. આ હકીકત દેખાડે છે કે આપણે ત્યાં લોકશાહીની જડ બરોબર જામેલી છે અને પૂરી સભ્યતા અને સંયમપૂર્વક અને લોકશાહીની રીતરસમને સંપૂર્ણપણે વળગી રહીને આપણે આવી કટોકટીનો નિકાલ લાવી શકીએ છીએ.

આવા સુખદ પરિણામ માટે સવિશેષ યશ કૉંગ્રેસના પ્રમુખ શ્રી કામરાજને ઘટે છે. તેમણે જે મક્કમતા અને કુનેહથી કામ લીધું છે તેને લીધે આટલું સુખદ, સંતોષજનક અને ત્વરિત પરિણામ આવ્યું છે.

પક્ષ નેતાની ચૂંટણી અંગે વિચાર કરીએ અને આગામી ભારતવ્યાપી ચૂંટણી એક સવા વર્ષમાં આવવાની જ છે એ હકીકતનો ખ્યાલ રાખીએ તો એમ લાગતું હતું કે કદાચ શ્રી ગુલઝારીલાલ નંદાને આગામી ચૂંટણી સુધી ચાલુ રાખવામાં આવશે. પણ તેમ બની શકયું નહિ. શ્રી નહેરુના અવસાન સમયે consensus પદ્ધતિ સ્વીકારીને શ્રી મોરારજીભાઈએ પોતાની ઉમેદવારી પાછી ખેંચી હતી, પણ આ વખતે ચૂંટણી માટે યોગ્ય રીતે તેમનો આગ્રહ હતો. ગમે તે કારણે શ્રી કામરાજનો એ નિર્ધાર હતો કે શ્રી મોરારજીભાઈ પ્રધાનમંત્રીપદે આવવા ન જોઈએ. તેથી તેમણે એવા ઉમેદવારની પસંદગી કરવી રહી કે જેને શ્રી મોરારજીભાઈ સામે સફળતા મળે અને તેથી શ્રી ઈન્દિરા ગાંધીને તેમણે આગળ કર્યા અને તેઓ મોટી બહુમતીથી ચૂંટાયા. આ સ્થાનની ઉમેદવારી અંગે ચવ્હાણ, એસ. કે. પાટીલ વગેરેનાં નામો પણ સંભળાતાં હતાં. પણ આ સર્વને ઉમેદવારીમાંથી ખસી જવા કામરાજ સમજાવી શકયા એ શ્રી કામરાજની કુનેહનું પરિણામ છે.

શ્રી કામરાજે આ ચૂંટણીમાં આટલો બધો અને આવી રીતે સક્રિય ભાગ લીધો તે યોગ્ય ન હતું એવો કેટલાકનો અભિપ્રાય છે. કામરાજ દેશનું શાસન કરતા રાજકીય પક્ષના વડા હોઈને કોણ વ્યકિત આ દેશના પ્રધાન મંત્રી બને છે એ જોવાની તેમની ખાસ જવાબદારી છે અને એ રીતે તેમનું વર્તન અયોગ્ય ન કહેવાય.

રાજ્યોના મુખ્ય મંત્રીઓએ પણ આ ચૂંટણીમાં ઘણો સક્રિય ભાગ ભજવ્યો. લાલબહાદુર શાસ્ત્રીની ચૂંટણી વખતે પણ કેટલેક દરજજે આમ બન્યું હતું, પણ આ વખતે મોટા પ્રમાણમાં અને અસરકારક રીતે આવું બન્યું. મુખ્ય મંત્રીઓએ જે કર્યું તે વિષે મતભેદને અવકાશ છે. સમવાયતંત્રમાં અને ખાસ કરી એક જ રાજકીય પક્ષ બધા રાજ્યોમાં સત્તાસ્થાને હોય ત્યારે દેશના વડા પ્રધાન કોણ થાય તેમાં રાજ્યોના મુખ્ય મંત્રીઓને ઊંડો રસ હોય તેમાં આશ્ચર્ય નથી. પ્રધાનમંત્રીની ચૂંટણી કૉંગ્રેસ પાર્લામેન્ટરી પક્ષના સભ્યો જ કરી શકે, છતાં કૉંગ્રેસના બધા આગેવાનોનું તેમાં હિત છે તે સ્પષ્ટ છે. પક્ષના સભ્યો પર કોઈ અયોગ્ય દબાણ, ભય કે લાલચનો ઉપયોગ થવો ન જોઈએ, પણ તેમને માર્ગદર્શન આપે તેવા અથવા તેમને સમજાવવા પ્રયત્ન કરવામાં આવે તેમાં કાંઈ અનુચિત નથી.

મને એમ પણ લાગ્યું છે કે ઈન્દિરા ગાંધીએ આ પદ ઉપર આવવાની સ્વત: ઈચ્છા દર્શાવી હોય એમ નહોતું. ઉલટું જ્યારે પોતાને

બહુમતી મળવાની ખાત્રી થઈ ત્યારે જ તેમણે આ પદ માટેની હરીફાઈમાં ઊભા રહેવાની સંમતિ આપી જણાય છે.

આ વખતે જેને 'કોન્સેન્સસ પદ્ધતિ' કહેવામાં આવે છે માટેના આગ્રહને તો અવકાશ જ નહોતો, પણ સર્વાનુમતીથી જ ચૂંટણી થવી જોઈએ એવો આગ્રહ રાખવો જરૂરી છે એમ પણ મને લાગતું નથી. ઊલટું શ્રી મોરારજીભાઈએ હરીફ તરીકે ઊભા રહીને ચૂંટણી કરાવી અને એ રીતે લોકશાહીની પરંપરાને જાળવી રાખી તે યોગ્ય જ થયું છે.

તેમની સામે આટલી બધી પ્રતિકુળતા હોવા છતાં તેઓ ઈન્દિરા ગાંધીને મળેલા ૩૫૫ મત સામે ૧૬૯ મત પોતાની તરફેણમાં મેળવી શકયા એથી મોરારજીભાઈનું સ્થાન પક્ષમાં ઘણું મહત્ત્વનું છે અને ચૂંટણીમાં ઊભા રહેવાનો તેમનો આગ્રહ અસ્થાને ન હતો એમ જણાઈ આવે છે

મતપ્રદાનમાં જે મત શ્રી મોરારજીભાઈને મળ્યા તે શ્રી મોરારજીભાઈને જ નજરમાં રાખીને આપવામાં આવ્યા છે એમ કદાચ ન પણ હોય. જેઓ કામરાજ અને તેમની દ્વારા સંચાલિત આજની કૉંગ્રેસના વિરોધી છે તેમણે પણ મોરારજીભાઈના પક્ષમાં મત આપ્યા હોય એમ બનવા જોગ છે.

ચૂંટણીનું પરિણામ જાહેર થયા બાદ ખેલદિલીભર્યું મોરારજીભાઈએ ભાષણ કરેલું, જેમાં તેમણે ઈન્દિરા ગાંધીને પૂરો ટેકો આપવાની જાહેરાત કરી છે અને ત્યાર બાદ પોતે કોઈ જુદો પક્ષ સ્થાપવાના નથી એમ પણ જાહેર કર્યું છે. આ ભાષણ અને વલણ મોરારજીભાઈ વિષે આપણા દિલમાં સવિશેષ આદર પેદા કરે છે.

આ ચૂંટણીમાં ઊભા રહીને મોરારજીભાઈએ પોતાનું બળ માપી લીધું છે. આ રીતે ઊભી થયેલી પરિસ્થિતિનો આ ચૂંટણીના પરિણામ સાથે અન્ત આવે છે એમ હું માનતો નથી. આગામી ચૂંટણીના પ્રસંગે પણ મોરારજીભાઈ હરીફાઈમાં ઉતરે તો નવાઈ નહિ.

ઈન્દિરા ગાંધી પોતાને મળેલી જવાબદારીને પહોંચી વળી શકશે કે નહિ તે અંગે આજે કશું કહી શકાય તેમ નથી. તેમની ઉંમર નાની છે, અનુભવ ઓછો છે, પણ પોતાના પિતાદ્વારા તેમને સારી કેળવણી મળી છે. કૉંગ્રેસના મોવડી મંડળનો તેમને સાચો ટેકો છે. અલબત્ત, આજની અન્ન પરિસ્થિતિ જરૂર વિકટ છે અને કોઈની પણ કસોટી કરે તેવી છે, એમ છતાં પણ શાન્ત પડેલું યુદ્ધ ફરીથી સળગે એવો હાલ સંભવ નથી અને દુનિયાના દેશોની, અન્ન પરિસ્થિતિને પહોંચી વળવાની દિશાએ, પૂરી સક્રિય સહાનુભૂતિ છે. તેથી તેને પહોંચી વળવામાં મુશ્કેલી નહિ આવે એવી હું આશા સેવું છું.

જયપુર કૉંગ્રેસનું અધિવેશન

હવે જયપુરમાં તાજેતરમાં મળેલા કૉંગ્રેસ અધિવેશન અંગે બે શબ્દો કહું. કામરાજનું પ્રમુખ તરીકેનું ભાષણ વાંચીને પ્રતીતિ થાય છે કે કામરાજ અન્તર્ગત તેમ આન્તરરાષ્ટ્રીય પરિસ્થિતિ વિષે પૂરા સભાન છે. તેમણે પોતાના ભાષણમાં સમગ્ર પરિસ્થિતિનું સચોટ આકલન કર્યું છે. કામરાજની કાર્યપદ્ધતિ જોતાં સરદાર વલ્લભભાઈ પટેલ યાદ આવે છે. બોલવું ઓછું પણ મક્કમપણે કામ કરવું અને કામ લેવું—આ બન્નેના વ્યકિતત્વમાં રહેલું સમાન તત્વ છે.

કૉંગ્રેસમાં જે કાંઈ બન્યું તે વિષે એટલું જ કહેવાનું કે કૉંગ્રેસના કારભાર વિષે લોકોના દિલમાં વધતો જતો અસંતોષ આ કૉંગ્રેસમાં સારા પ્રમાણમાં જાહેર થયો છે. હવે વાતો માત્ર કર્યે નહિ ચાલે, કાંઈ નક્કર કામ કરી બતાવવું જ પડશે એ આ વખતના કૉંગ્રેસ અધિવેશનની ફલશ્રૂતિ છે.

બજેટ માથા ઉપર છે, આવતું વર્ષ ચૂંટણીનું વર્ષ છે. હું ધારું છું કે આ બજેટમાં મોટા ફેરફારો નહિ આવે અને નક્કી કરાયલી રાજનીતિમાં પણ કોઈ મોટા ફેરફારો નહિ થાય. ઈંદિરા ગાંધી લેફ્ટીસ્ટ હોવાનું માનવામાં આવે છે; કામરાજ વિશે પણ એ જ માન્યતા પ્રવર્તે છે. ભૂવનેશ્વર કૉંગ્રેસના ઠરાવને વધારે ને વધારે અમલી બનાવવા તરફ બવી રાજ્ય રચના ઢળેળતી જશે એવી માન્યતા સર્વત્ર રાખવામાં વામાં આવે છે.

ચીમનલાલ ચકુભાઈ શાહ

તુલસીશ્યામ સાધનાશિબિર

સૌરાષ્ટ્રનાં સોરઠ શિક્ષણ અને સંસ્કૃતિ સંઘ તથા તુલસીશ્યામ વિકાસ સમિતિના સંયુકત ઉપક્રમે આચાર્યશ્રી રજનીશજીનાં આધ્યાત્મિક પ્રવચનો અને ધ્યાનના કાર્યક્રમ માટે તા. ૪, ૫ અને ૬ ઠ્ઠી ફેબ્રુઆરી, ૧૯૬૬ના રોજ તુલસીશ્યામમાં એક સાધના શિબિર યોજવામાં આવી હતી. બિનસાંપ્રદાયિક ક્રાંતિકારી વિચારો, તત્ત્વનો ગહન પરામર્શ, વિષયની વિશદ અને તર્કસંગત રજૂઆત, રોચક શૈલી અને પ્રસન્ન મધુર અસ્ખલિત વાક્–પ્રવાહને કારણે આચાર્ય શ્રી રજનીશજીનાં પ્રવચનો જ્યાં જ્યાં થયાં છે ત્યાં ત્યાં લોકપ્રિય નીવડયાં છે.

જબલપુરની મહાકોશલ વિદ્યાપીઠના દર્શન વિભાગના આચાર્ય શ્રી રજનીશજીનાં પ્રવચનોનો લાભ જુદા જુદા પ્રદેશના લોકોને પણ મળે એ માટે છેલ્લા કેટલાક સમયથી એમનાં પ્રવચનોનો કાર્યક્રમ અથવા ધ્યાનના પ્રયોગો સાથે પ્રવચનો માટે શિબિરનો કાર્યક્રમ ભિન્ન-ભિન્ન સ્થળે યોજવામાં આવે છે. શિબિર માટે પ્રકૃતિના કોઈ એકાંત અને રમણીય સ્થળની પસંદગી માટે આચાર્ય શ્રી રજનીશજી આગ્રહ રાખે છે, કારણ કે રોજિંદા જીવનની જંજાળ અને વ્યગ્રતાથી માણસ મુકત થાય તો જ તે અધ્યાત્મ જેવા ગહન વિષયને ગ્રહણ કરવા માટે અધિકારી બને. વળી શિબિરમાં વ્યાખ્યાનને અંતે ધ્યાનની તાલીમનો પણ કાર્યક્રમ હોય છે, જે માટે નિસર્ગની શાંતિ અને રમણીયતા પણ સાનુકૂળ અને પ્રેરક બને. આથી આવી શિબિરનો અનુભવ પણ વિશિષ્ટ પ્રકારનો, આહ્લાદક અને સ્મરણીય બની રહે છે અને વિચારશીલ વ્યકિતઓને તો ત્યાંથી કંઈક ચિત્તનું પાથેય પણ મળી રહે છે.

આ વખતે શિબિરનો કાર્યક્રમ સૌરાષ્ટ્રમાં તુલસીશ્યામમાં યોજવામાં આવ્યો હતો. શિબિરની વ્યવસ્થા ઉપર જણાવેલ તુલસીશ્યામ વિકાસ સમિતિ અને સોરઠ શિક્ષણ અને સંસ્કૃતિ સંઘ તરફથી કરવામાં આવી હતી અને તેના સંયોજનની મુખ્ય જવાબદારી શ્રી રતુભાઈ અદાણી અને તેમના અન્ય સહકાર્યકર્તાઓએ ઉપાડી લીધી હતી. શિબિરમાં જોડાનાર વ્યકિતઓ માટે વિમાન, ટ્રેન, બસ વિગેરે દ્વારા જુદી જુદી વ્યવસ્થા કરવામાં આવી હતી. અમારી મંડળી, (જેમાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સભ્યો મુખ્યત્વે હતા) અમદાવાદથી ખાસ બસ દ્વારા તુલસીશ્યામ જવાની હતી. તા. ૩ જી ફેબ્રુઆરીએ સવારે લગભગ સવા આઠ વાગે, ધાર્યા કરતાં લગભગ પોણો કલાક મોડા, અમે અમદાવાદ સ્ટેશનેથી રવાના થયા. શ્રી પરમાનંદભાઈ કાપડિયા, શ્રી બચુભાઈ રાવત ('કુમાર'ના તંત્રી), શ્રી લવણપ્રસાદ શાહ, શ્રી મથુરાદાસ મિશ્ર (બિહારના એમ. પી.), શ્રી માણેકલાલ દલાલ, શ્રી મફતલાલ શાહ, શ્રી ભોગીલાલ શાહ, શ્રી કમળાબહેન પટેલ, શ્રી શાન્તાબહેન પટેલ, શ્રી મધુરીબહેન શાહ, શ્રી શાંતાબહેન પાટડિયા વગેરે અમારી સાથે હતાં. શિયાળાની શીતળતાના ખુશનુમાભર્યા વાતાવરણમાં ઠીક ઠીક ઝડપે જતી બસે અમને લગભગ સાડા અગિયાર વાગે વળા (વલ્લભીપુર) પહોંચાડયા. અમે સૌ અમારી વાતોમાં મગ્ન હતા, કોઈ પ્રવાસનો આનંદ માણી રહ્યા હતા, કોઈ વાંચી રહ્યા હતા, કોઈ ચર્ચામાં મગ્ન હતા. શ્રી બચુભાઈ રાવત પાસે મને બેસવાનું મળવાથી સાહિત્યિક ગોષ્ઠીનો ઠીક ઠીક લાભ મળતો હતો.

સંયોજકો તરફથી અમારે માટે વળામાં ચા-પાણીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ધાર્યા કરતાં અમને લગભગ કલાકેક મોડું થઈ ગયું હતું. વળાના ઠાકોર સાહેબ અમારી ઉત્સુકતાથી ચા-પાણી માટે રાહ જોઈ રહ્યા હતા. પહોંચ્યા કે તરત એમણે અમારું ભાવભીનું સ્વાગત કર્યું. અમારાં બધાંને એમને પરિચય કરાવવામાં આવ્યો. વળાના આ વયોવૃદ્ધ ઠાકોર સાહેબે પંડિત નહેરુ સાથે હેરોમાં અભ્યાસ કર્યો હતો. હેરોમાં તે વખતે હિંદી વિદ્યાર્થીઓમાં તેઓ જ હતા. એ સમયે હેરોમાં પડાવેલી એમના વર્ગની છબીઓ પણ એમના દીવાન-

ખાનામાં ટાંગેલી હતી. એ શિક્ષણ–સંસ્કારપ્રેમી રાજવી અને એમના યુવરાજ અમને ઠેઠ બસ સુધી વળાવવા આવ્યા હતા.

વળાથી રાજકોટને રસ્તે, સ્વર્ગસ્થ કવિ કલાપિના ગામ લાઠી ઉપર થઈને અમે લગભગ અઢી વાગે અમરેલી પહોંચ્યા. સંયોજકો તરફથી અમરેલીની ધર્મશાળામાં અમારી ભોજન તથા આરામની વ્યવસ્થા કરવામાં આવી હતી. વિશાળ ધર્મશાળામાં આરામ માટે પલંગ બિછાવીને તૈયાર રાખવામાં આવ્યા હતા. ભોજન પછી અમારામાંના ઘણા ખરા ગામના દેરાસરના દર્શને જઈ આવ્યા હતા.

અમરેલીથી લગભગ સવાચારે ઊપડી, ધારી ગામ ઉપર થઈને અમે સાંજે સરસિયા ગામે પહોંચ્યા. ગામ ઘણું જ નાનું હતું, પરંતુ લોકોમાં જાગૃતિ ઘણી જણાતી હતી. ગ્રામ રક્ષક દળના સભ્યો દ્વારા લશ્કરી ઢબની કવાયત તથા સલામી અને બેન્ડ સાથે અમારું સ્વાગત કરવામાં આવ્યું. સરસિયામાં શ્રી શ્યામજી ભગવાનના મંદિરના ચોતરા ઉપર અમને ચા તથા ફળાહાર આપવામાં આવ્યાં. ગામના મુખ્ય મુખ્ય આગેવાનો તથા તાલુકા પંચાયતના પ્રમુખ પણ ઉપસ્થિત રહ્યા હતા. સરસિયાના મંદિરની પ્રતિમા પણ જૂની છે, અને તુલસીશ્યામની જેમ એનું પણ માહાત્મ્ય છે એની માહિતી અમને આપવામાં આવી. વર્તમાન મંદિર મરામત અને વધુ બાંધકામ માગે એવી સ્થિતિમાં હતું. સરસિયાના ગ્રામજનોનો આભાર માની અમે બસમાં બેઠા. હવે લગભગ પંદરેક માઈલનો રસ્તો હતો, પરંતુ રસ્તો કાચો હતો. ગિરના જંગલનો પ્રદેશ હવે શરૂ થતો હતો, અને આસપાસ નાની મોટી ટેકરીઓ આવતી હતી. ધીમે ધીમે અંધારું થવા આવ્યું હતું. અડધા કલાક પછી ફરી એક નાનકડા ઝરણા આગળ દસેક મિનિટ માટે અમે બસ થોભાવી. વાતાવરણ અત્યંત શાંત અને પ્રસન્ન હતું, અંધકાર ગાઢ થતો જતો હતો. આકાશમાં ચાંદની ચમકવા લાગી હતી. ઝરણાનું પાણી ખળ ખળ વહેતું હતું. પાણીમાં પગ પખાળી, સ્વસ્થ થઈ ફરી બસમાં સફર ચાલુ કરી, અને લગભગ સાડા સાત વાગે અમે તુલસીશ્યામ પહોંચી ગયા. તુલસીશ્યામમાં જાણે કોઈ મેળો ભરાયો હોય એવું દશ્ય હતું. વ્યવસ્થા પણ મોટા પાયા ઉપર, દૃષ્ટિપૂર્વક કરવામાં આવી હોય એવી છાપ પડી. જતાંની સાથે અમને કાર્યાલયમાંથી અમારા નામ પ્રમાણે કયાં કયાં ઉતારાની સગવડ કરવામાં આવી છે તેની માહિતી, બિલ્લો, ભોજનની પાસ, રોજના કાર્યક્રમની પત્રિકા, તુલસીશ્યામ અને આસપાસનાં પ્રાચીન સ્થળો વિશે માહિતી આપતી પુસ્તિકાઓ વગેરે આપવામાં આવ્યાં.

સૌરાષ્ટ્રના ગિરના જંગલમાં નાનકડા રળિયામણા ત્રણ ડુંગરો વચ્ચે, નાનકડી શાંત ચાસી નદીનો કિનારે આવેલ તીર્થધામ તુલસીશ્યામ ભારતનું એક પ્રાચીન તીર્થ છે. ભારતભરમાંથી શ્રદ્ધાળુ યાત્રાળુઓ ત્યાં યાત્રાએ આવે છે. પ્રકૃતિસૌન્દર્યની દૃષ્ટિએ આપણા રાણકપુરની કંઈક યાદ અપાવે એવું આ રમણીય સ્થળ છે. મંદિરની અડોઅડ આવેલા ડુંગરાઓ જાણે તીર્થધામની ચોકી ન કરતા હોય તેવા શોભી રહે છે. ડુંગરાની ગાળીમાં વનસ્પતિની ઘટા છે. ઉના તાલુકામાં આવેલું આ સ્થળ યાત્રાળુઓમાં અને આસપાસના પંથકમાં શ્યામજીના ધામ તરીકે જાણીતું છે. તુલસીશ્યામનું મંદિર પ્રાચીન છે. એની પ્રતિમા હજારેક વર્ષ જૂની ગણાય છે. દંતકથા પ્રમાણે લગભગ બસો વર્ષ પહેલાં સરસિયા ગામમાં સ્થિર થયેલા એક દૂધાધારી મહારાજને સ્વપ્નમાં આ પ્રતિમાનાં દર્શન થયેલાં અને તે પ્રમાણે દટાયેલી મૂર્તિને ધરતીમાંથી બહાર કાઢવામાં આવેલી અને તેની પુનઃ પ્રતિષ્ઠા કરવામાં આવેલી. પ્રતિમા થોડીક ખંડિત થયેલી જણાય છે. મંદિર સામાન્ય હિંદુ મંદિરો હોય છે એવું જૂની ઢબની બાંધણીનું છે. એનાં પગથિયાંની રચના એવી છે કે દૂર ઊભેલો યાત્રાળુ પણ દર્શન કરી શકે. મંદિરની પડખે કાલમેઘનું નાનકડું મંદિર છે. બાજુમાં તપ્તોદક કુંડ છે. ગરમ પાણીના આ કુંડમાં ભાવિક યાત્રાળુઓ સ્નાન કરે છે. કુંડની બહાર પણ હવે તો ગરમ પાણીના નળ મૂકવામાં આવ્યા છે. કુંડ પાસે એક નાની ટેકરી છે, જેના ઉપર હાલ વિહારધામના કેટલાક બ્લોક બાંધવામાં આવ્યા છે. મંદિરની સામેની ટેકરી ઉપર રુકમણી દેવીની જીર્ણપ્રાય દેરી છે. ત્રણે ટેકરીઓમાં એ ઊંચી છે અને ત્યાંથી ગિરના જંગલની ઝાડીના અને આસપાસ આવેલા ડુંગરાઓના લગભગ પચ્ચીસેક માઈલના વિસ્તારનું મનોહર દર્શન થાય છે. નીચે શ્યામજીના મંદિર પાસે અન્નક્ષેત્ર–ભોજનશાળા છે, જ્યાં યાત્રાળુઓને મંદિર તરફથી મફત ભોજન અપાય છે. મંદિરનો વહીવટ મહંત ગુરુ રામપ્રસાદદાસજી સંભાળે છે. મંદિરની પાસે દીવની ધર્મશાળા છે. ડુંગરોની ગાળીમાં એક રસ્તો ઉના તરફ જાય છે અને બીજો રસ્તો ધારી તરફ જાય છે. ઉના, પચપચિયા, ધારી, અમરેલી, સાવરકુંડલા, જૂનાગઢ વગેરે સ્થળેથી તુલસીશ્યામ રોજ કેટકેટલી બસ આવે છે. એક યાત્રાના ધામ ઉપરાંત, એની આબોહવા વાતાવરણ તથા પાણીના ગરમ કુંડને લક્ષમાં રાખીને એક વિહારધામ (holiday camp) તરીકે પણ એને વિકસાવવા માટે પ્રયત્નો થઈ રહ્યા છે. તદુપરાંત તુલસીશ્યામ વિકાસ સમિતિ તરફથી પણ આ સ્થળને વિકસાવવા માટે ઠીક ઠીક પ્રયત્નો થઈ રહ્યા છે.

અમારો ઉતારો દીવની ધર્મશાળામાં, વિહારધામના બ્લોકોમાં તથા પાસેની ટેકરી ઉપર ખાસ બાંધવામાં આવેલા મંડપોમાં રાખવામાં આવ્યો હતો. લાલ કાપડના બાંધેલા એ મંડપોમાં (કુટિરોમાં) પ્રત્યેકમાં દસથી પંદર જણ માટે ગાદલા અને પલંગ સાથે સૂવા રહેવાની સુંદર સગવડ કરવામાં આવી હતી. પાણી, શૌચ, સ્નાન, ભોજન વગેરેની વ્યવસ્થા પણ એટલી જ ચીવટપૂર્વક કરવામાં આવી હતી. શિબિર સાચા અર્થમાં શિબિર લાગતી હતી.

તારીખ ત્રીજીએ સાંજ સુધીમાં લગભગ બધા શિબિરાર્થીઓ આવી ગયા હતા. મુંબઈ અને અમદાવાદ કરતાં સૌરાષ્ટ્રમાંથી ઘણા મોટા પ્રમાણમાં માણસો આવ્યા હતા, જેમાંના કેટલાક તો તે તરફના કાર્યકર્તાઓ હતા. પૂ. રવિશંકર દાદા અને કવિ શ્રી દુલા કાગ આ શિબિરમાં હાજરી આપવા માટે ખાસ પધાર્યા હતા.

તા. ત્રીજીએ રાત્રે, ભોજન પછી, નવ વાગે શિબિરનું ઉદ્‌ઘાટન થયું હતું. પૂ. રવિશંકર મહારાજ, કવિશ્રી દુલાકાગ, શ્રી દુર્લભજી ખેતાણી, શ્રી રતુભાઈ અદાણી વગેરેએ પ્રાસંગિક પ્રવચનો કર્યાં હતાં તથા શિબિર અંગે કેટલુંક માર્ગદર્શન આપ્યું હતું. આચાર્ય શ્રી રજનીશજીએ શિબિરની યોજના પાછળનો હેતુ દર્શાવ્યો હતો તથા બીજા દિવસથી શરૂ થનાર પોતાનાં પ્રવચનોની આધ્યાત્મિક વિચારભૂમિકા વિગતે સમજાવી હતી. વસ્તુતઃ એમનું એ વક્તવ્ય પણ એક પ્રવચન–રૂપ બની ગયું હતું. તેમ છતાં આખા દિવસના સતત પ્રવાસથી થાકેલા શિબિરાર્થીઓ માટે રાતના નવથી તે અગિયાર સુધીનો એ ઉદ્‌ઘાટન કાર્યક્રમ કંઈક ભારે બની ગયો હતો.

બીજે દિવસે સવારે પ્રાતઃ વિધિ તથા ચા-પાણી પછી બરાબર નવ વાગે આચાર્ય શ્રી રજનીશનાં પ્રવચનોનો કાર્યક્રમ શરૂ થયો હતો. ખુલ્લામાં બાંધવામાં આવેલા સભા મંડપનું વાતાવરણ આસપાસના વૃક્ષોને લીધે પ્રસન્ન, શાંત, શીતળ અને પ્રેરક હતું. લગભગ સાડા ચારસોની સંખ્યાના શ્રોતાવર્ગની આવા ગંભીર વિષયને ગ્રહણ કરવા માટેની શાંતિ પણ પ્રશસ્ય હતી. વળી, પોતાના વિષયને વિશદ, તર્કસંગત અને સચોટ રીતે તથા ઉદાહરણો વડે રોચક રીતે રજૂ કરવાની આચાર્યશ્રીની શૈલીને લીધે તથા એમની ભવ્ય મુખમુદ્રા અને અસ્ખલિત કર્ણપ્રિય વાણીપ્રવાહને લીધે શ્રોતાઓ મંત્રમુગ્ધ બનીને સાંભળી રહેતા. સવારે નવથી દસ વાગ્યા સુધી, સાંજે ચારથી પાંચ સુધી અને રાત્રે નવથી દસ સુધી એ રીતે ત્રણે દિવસ સુધી આચાર્યશ્રીએ આપેલાં પ્રવચનો અને પ્રશ્નના ઉત્તરો તથા તે દરેકને અંતે દસ મિનિટ માટે કરાવેલ ધ્યાનના પ્રયોગનો વિગતવાર અહેવાલ આપવાનું અહીં શક્ય નથી. પરંતુ ત્રણે દિવસનાં એમનાં પ્રવચનોનું મુખ્ય વક્તવ્ય શું હતું તે અહીં આપણે તેમણે આપેલાં સંખ્યાબંધ ઉદાહરણોમાંથી કેટલાંક નમૂનારૂપ ઉદાહરણો સાથે જોઈશું.

આચાર્ય શ્રી રજનીશનાં પ્રવચનોનો મુખ્ય વિષય સત્યની ખોજ એટલે શું અને તે કેવી રીતે થઈ શકે તે હતો. તેમણે કહ્યું હતું કે પ્રત્યેક મનુષ્ય જીવનમાં કંઈક ને કંઈક મેળવવા માટે કે શોધવા માટે પ્રયત્ન કરે છે. આવા પ્રયત્નો કરતો માનવી પોતે સત્યની ખોજ કરે છે એમ કેટલીક વાર માનતો હોય છે, પરંતુ વાસ્તવમાં તે સત્યની

ખોજ નહિ, પણ સુખની કે સંતુષ્ટિની ખોજ કરતો હોય છે. મનુષ્યને પોતાને જ કયારેક તો ખબર નથી હોતી કે પોતે શાની ખોજ કરે છે અને એથી ઘણાની ખોજ અધૂરી રહે છે. પરંતુ સત્ય શોધનારે સ્પષ્ટ રીતે સમજી લેવું જરૂરી છે કે તે પોતે સત્યની શોધ કઈ રીતે કરી શકે. સત્યની શોધ કંઈ સહેલી નથી. એને માટે તો જરૂર પડે તો પોતાના પ્રાણ આપવાની પણ મનુષ્યની તત્પરતા હોવી જોઈએ.

સત્યને સમજવા માટે જીવન શું છે અને જીવનનો અર્થ શો છે એ જાણવું જરૂરી છે. જીવનનો અર્થ જાણ્યા વગર જે જીવે છે તે નિરર્થક જીવે છે અથવા તો જીવતો જ નથી એમ કહેવાય. આપણે જેને જીવન કહીએ છીએ તે વાસ્તવમાં તો કેટલાય મનુષ્યો માટે જીવન નથી. જીવન એ ક્રમશ: મૃત્યુની જ સ્થિતિ છે. કયારેક કદાચ મૃત્યુ વખતે જ વિચાર આવે કે આપણે જે જીવી ગયા તે વાસ્તવમાં જીવન હતું નહિ. ઈશુ ખ્રિસ્તે એક માછીમારને કહ્યું, "કયાં સુધી માછલાં મારતો રહીશ? જીવનમાં બીજું કંઈ કરવું છે કે નહિ? જીવન વ્યર્થ ચાલ્યું જાય છે." માછીમારને સત્યનું દર્શન થયું અને તે ઈશુ ખ્રિસ્તની સાથે ચાલી નીકળ્યો. તે વખતે ગામના કોઈક માણસે માછીમારને કહ્યું: "તું જાય છે, પરંતુ તારો પિતા મૃત્યુ પામ્યો છે. એની અંતિમ ક્રિયા કરીને પછી જા." ઈશુએ માછીમારને કહ્યું, "તારે ત્યાં જવાની જરૂર નથી. ગામનાં બીજાં મડદાં એ મડદાંનો નિકાલ કરી નાખશે." આમ, જે માણસો જીવનનો અર્થ જાણતા નથી હોતા તે મડદાં કરતાં વિશેષ નથી હોતા. એવી રીતે ભગવાન બુદ્ધે એક વખત એક વૃદ્ધને તેની ઉંમર પૂછી. વૃદ્ધે કહ્યું, "ચાર વર્ષ", કોઈકે પૂછ્યું, "અરે, તને સિત્તેર વર્ષ થયાં અને ચાર વર્ષ કેમ કહે છે? "વૃદ્ધે કહ્યું, "જે જીવન નિરર્થક ચાલ્યું ગયું તેની ગણતરી શું કામ કરવી? જ્યારથી જીવન શું છે તે સમજતાં શીખ્યો ત્યારથી તેની ગણતરી કરવી જોઈએ." આમ, જીવન શું છે એ જ્યાં સુધી માણસ જાણતો નથી ત્યાં સુધી તે સત્યની સાચી શોધ કરી શકતો નથી.

અપૂર્ણ

ડૉ. રમણલાલ ચી. શાહ

'મહાપ્રસ્થાનના પથ ઉપર'

આ મથાળાની લેખમાળાના આજ સુધીમાં ૬ હપ્તા પ્રબુદ્ધ જીવનમાં (ક્રમશ:) પ્રગટ થયા છે. આ અને આવતા અંકમાં તુલશી-શ્યામ ખાતે યોજાયલી સાધના શિબિરને લગતું વર્ણન પ્રગટ થનાર હોઈને ઉપર જણાવેલ લેખમાળાના હવે પછીના હપ્તાઓ એપ્રિલ માસની પહેલી તારીખના અંકથી ક્રમશ: પ્રગટ કરવામાં આવશે.

–તંત્રી : પ્રબુદ્ધ જીવન

રજીસ્ટ્રેશન ઑફ ન્યુસપેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ ૧૯૫૬ના અન્વયે

'પ્રબુદ્ધ જીવન' સંબંધમાં નીચેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.

૧. પ્રસિદ્ધિસ્થળ : ૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩.
૨. પ્રસિદ્ધિ ક્રમ : દરેક મહિનાની પહેલી અને સોળમી તારીખે.
૩. મુદ્રકનું નામ : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા.
ક્યા દેશના : ભારતીય
ઠેકાણું : ૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩.
૪. પ્રકાશકનું નામ, ક્યા દેશના, ઠેકાણું : ઉપર મુજબ
૫. તંત્રીનું નામ, ક્યા દેશના, ઠેકાણું : ઉપર મુજબ
૬. સામયિકના માલિકનું નામ : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩.

હું પરમાનંદ કુંવરજી કાપડિયા આથી જાહેર કરું છું કે, ઉપર આપેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરોબર છે.

તા. ૧-૩-૬૬ પરમાનંદ કુંવરજી કાપડિયા–તંત્રી.

ચાર દિવસનો સાંસ્કૃતિક કાર્યક્રમ

શ્રી ગુજરાતી કેળવણી મંડળ, (માટુંગા), દ્વારા કેટલાક સમયથી ઊભી કરવામાં આવેલી વ્યાખ્યાન માળા સમિતિ તરફથી ફેબ્રુઆરી માસની આખરમા ચાર દિવસો દરમિયાન અમુલખ અમીચંદ ભીમજી વિવિધલક્ષી વિદ્યાલયના શ્રી સમતાબાઈ સભાગારમાં નીચે મુજબ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

તા. ૨૪-૨-'૬૬ ના ગુરુવાર રાત્રિના ૯-૦૦ પ્રિન્સીપાલ રામ જોષીનું 'ભારત મેં લોકતંત્રકા વિકાસ' એ વિષય ઉપર વ્યાખ્યાન.

તા. ૨૫-૨-'૬૬ ના શુક્રવાર, રાત્રિના ૯-૦૦ ડૉ. ઉમંગલાલ સી. મહેતા એમ. એસ. નું વિજ્ઞાની અને તત્ત્વજ્ઞાન ઉપર વ્યાખ્યાન.

તા. ૨૬-૨-'૬૬ ના શનિવાર રાત્રિના ૯-૦૦ શ્રી જ્યોતીન્દ્ર દવેની અધ્યક્ષતા નીચે કવિ સંમેલન.

તા. ૨૭-૨-'૬૬ ના રવિવાર રાત્રિના ૮-૦૦ 'સાજા નરવા રહો' એ વિષય ઉપર કેટલાક નામી ડૉકટરોનો પરિસંવાદ.

સ્વરાજ્ય મળ્યા પછી શું થશે?

ભારતનું તાત્કાલિક ભાગ્ય જેના હાથમાં હતું એવા સેક્રેટરી ઑફ સ્ટેટ ફોર ઈન્ડિયા વેજવૂડ બેન ભારતમાં આવ્યા હતા. ભારતના પ્રમુખ નેતાઓને એમણે મળવા બોલાવ્યા. નેતાઓ નવા નવા બૂટ-સૂટ પહેરી વેજવૂડ બેન ને મળવા ગયા. દેશી પોશાકમાં બે જ જણા મળ્યા હતા: લોકમાન્ય તિલક અને મહાત્મા ગાંધી. શિષ્ટાચાર પ્રમાણે બેન મહાશયે બધા સાથે હાથ મેળવ્યો, પણ વાતો કરી ફકત ભારતીય પોશાકવાળા બે નેતાઓ સાથે જ. તેમણે લોકમાન્યને પૂછ્યું: "તમે વસાહતનું સ્વરાજ્ય માંગો છો. તમે માનો છો કે એવું સ્વરાજ્ય મળવાથી તમે સુખી થશો?" લોકમાન્ય તિલકે દૂરંદેશી, તેજસ્વી અને સાચો જવાબ આપ્યો: "ના, સુખી તો આજે છીએ; પણ એવું સુખ અમને જોઈતું નથી. આજે અમને કશી ચિંતા નથી. આરામમાં છીએ. ભારતનું રક્ષણ તમે કરો છો. રાજ્ય તમે ચલાવો છો. અમને એથી હૈયાબળતરા નથી. સ્વરાજ્ય મળશે ત્યારે અમારા દુ:ખનો પ્રારંભ થશે, પણ એમાં જ અમે રાચીશું. વિઘ્નો આવશે એમને પહોંચી વળવામાં અમારૂં પૌરુષ કેળવાશે. અમે ભૂલો કરીશું તે સુધારતાં સુધારતાં જ અમે ઘડાઈશું. અમારે એ બધી હાડમારી જ જોઈએ છે."

* * *

લોકમાન્યને એમના સાથીઓમાંથી કોકે પૂછેલું: "બળવંતરાવ! સ્વરાજ્ય આવશે ત્યારે તમે કયા ખાતાના મંત્રી–મિનીસ્ટર–થશો?" ક્સાણું મોં કરી લોકમાન્યે જવાબ આપ્યો: "ના રે, એ ગંદા કામમાં કોણ ઊતરે? તમે માનો છો કે રાજદ્વારી વાતોમાં મને રસ છે? હું તો સ્વરાજ્ય થયે ગણિતનો અધ્યાપક થઈશ. થીઅરી ઑફ નંબર્સમાં મારે ઘણું સંશોધન કરવાનું છે, આ તો ભારતમાતા પરદાસ્યમાં રીબાય છે, તે એના કપાળ પરની કાળી ટીલી ભૂંસી નાખવી છે. એટલા માટે આ રાજદ્વારી ગંદવાડમાં હું ઊતર્યો છું."

કાકાસાહેબ કાલેલકર

ખરો અર્થ કયો સમજવો?

शहीरे जर्जरीभूते व्याधिग्रस्ते कलेवरे।
औषधं जान्हवीतोयं, वैद्यो नारायणो हरिः॥

આનો સામાન્ય અર્થ આ મુજબ કરવામાં આવે છે: શરીર જ્યારે જર્જરિત થાય અને દેહ જ્યારે વ્યાધિગ્રસ્ત થાય ત્યારે ગંગાજળ એ જ ઔષધ છે અને નારાયણ–હરિ એ જ વૈદ્ય છે.

પણ શ્રી જ્યોતીન્દ્ર હ. દવે પોતાના એક લેખમાં આ શ્લોકનો નીચે મુજબ અર્થ કરે છે: "શરીર જ્યારે ઘરડું, દુબળું, ઢીલું થઈ જાય, દેહ રોગો વડે ઘેરાઈ જાય ત્યારે દવા એ જ એના માટે ગંગા-જળની ગરજ સારે છે અને ડૉકટર એ જ એના સાક્ષાત્ ભગવાન બની જાય છે."

આત્મ-પરિચય

"તમારી જાતનો આપો તમે જાતે પરિચય",
તમારું વાક્ય એ વાંચી મને આશ્ચર્ય ઉપજે;
જાતને જાણી છે કોણે કે હું જાણી શકું, મુખે?
જાણે જે જાતને તે યે જણાવે નહીં અન્યને.
તથાપિ પૂછતા ત્યારે, મિત્રનું માન રાખવા;
જાણું ના જાણું હું તો યે મથું જાત જણાવવા.

જન્મે બ્રાહ્મણ, વૃત્તિએ વૈશ્ય ને હું પ્રવૃત્તિએ
શુદ્ર છું: કલ્પના માંહે ક્ષત્રિયે હું બનું વળી.
શૈશવે ખેલતો ખેલો, શાળામાં ભણતો વળી
બ્રહ્મચર્યાશ્રમે ત્યારે સ્થિતિ મારી ગણી હતી.
શાળાને છોડીને જ્યારે 'સાળાની બહેન'ને વર્યો,
ગાર્હસ્થ્યે આશ્રમ જ્યેષ્ઠે તદા પ્રેમે હું સંચર્યો.

પ્રભુતામાં ધર્યા પાદ, પૃથ્વીને રસ - પાટલે;
પયગમ્બર પ્રભુ કેરા પધાર્યા બે પછી ગૃહે.
દિનનાં કાર્ય આટોપી વાનપ્રસ્થ અનુભવું,
પારકાં કામ આવે ત્યાં સંન્યાસી હું બની રહું.
વર્ણાશ્રમ તણા આમ બધા હું ધર્મ પાળતો,
જાળવવા મથું નિત્યે આર્ય સંસ્કૃતિ - વારસો.

અરિને મોદ અર્પન્તું, દ્રવ્ય અર્પન્તું વૈદ્યને,
વ્હાલાંને અર્પતું ચિંતા, મને પીડા સમર્પતું.
પૃથ્વીયે ખેંચતી જેને બહુ જોર થકી નહિ,
ભારહીણું મને એવું ઈશે શરીર આપિયું.
રોગ ને સ્વાસ્થ્યની નિત્યે રણભૂમિ બની રહ્યું,
એવું શરીર આ મારું, દવાઓથી ઘડાયેલું.

સોટી ને શિક્ષકો કેરા શાળા માંહે સમાગમે,
વિદ્યા ને વેદના બે મેં એક સાથે જ મેળવ્યાં.
મન કેળવવા માટે દેહ વિદ્યાલયે પૂર્યો,
મન કિંતુ રહ્યું ના ત્યાં, બ્રહ્માંડો ભટકી વળ્યું!
વિદ્યાને પામવા પહેલાં અર્થનો વ્યય મેં કર્યો,
પછીથી અર્થને કાજે વિદ્યા વિક્રય આદર્યો.
ઘરમાં હોય ના કાંઈ, ક્ષુધા ત્યારે સતાવતી,
ભર્યું ભાણું નિહાળીને, ભૂખ મારી મરી જતી.

વૃત્તિ મારી સદા એવી હોય તે ના ગ્રહે કદી,
હોય ના તે સદા માંગે, મળ્યે, માગ્યું ય ના ગમે!

સાહિત્ય, સંગીત – કલા વિષે મેં
ધરી રૂચિ, કિન્તુ ન સિદ્ધિ આવી.
ગાઉં ન હું, કારણ માત્ર તેનું
આવે દયા કૈં સુણનાર કાનની.

કર્યું હતું એક જ વેળ જીવને
અપૂર્વ મેં નૃત્ય વિના પ્રયાસે,
હું એકદા માર્ગ પરે નિરાંતે
ઉઘાડ પાદે ફરતો હતો, ત્યાં
અર્ધી બળેલી બીડી કોક મુખે
ફેંકી હતી તે પર પાદ મૂકયો;
અને પછી નૃત્ય કરી ઉઠયો જે
તેવું હજી નૃત્ય કર્યું ન કોઈએ.

સાહિત્યની કંટકવાડ ભેદવા
કરે ગ્રહી કાતર કાવ્ય કેરી,
પાડી છીંડું નાનડું એક ત્યાં હું
ખુલ્લે ઉભો, કાતર ફેંકી દીધી!

દેહ દાતણના જેવો, મન મર્કટના સમું,
આત્મા કિન્તુ ગણું મારો વડો બ્રહ્માન્ડ જેવડો.
નાના રૂપ ધરી હું એમ ખીલવું માયામયી સૃષ્ટિને,
ખેલું ખેલ અનંત ભ્રાન્ત જગમાં દિકકાલને કંદુકે,
હું ચૈતન્ય ચૂડામણિ સકલ આ બ્રહ્માંડ વ્યાપી રહ્યો,
જે દેખાય, સુણાય, થાય જગમાં, તે સર્વ મારા થકી,

કુંજે કોકિલ કૂજતી કલરવે તે નાદ મારો નકી,
નિદ્રાભંગ કરંત શ્વાન ભસતાં, તે યે ક્રિયા માહરી;
દાતા હું જ સુવર્ણ ચંદ્રક તણો, લેનાર યે હું જ છું,
હું કૂટસ્થ, અનસ્ત બ્રહ્મ, મુજથી ના ભિન્ન લેશે કશું.
રજજુમાં સર્પની ભ્રાન્તિ થાય, તેમ મને સખે!
મહાજ્યોતિ પરબ્રહ્મ દીસે જ્યોતીન્દ્ર હ. દવે.

જ્યોતીન્દ્ર હ. દવે.

સાભાર સ્વીકાર

તનમનિયાં: લેખિકા તથા પ્રકાશક: શ્રી જયવતી કાજી, એમ.એ, ૪૦ એ, રીજ રોડ, મલબાર હીલ, મુંબઈ-૬. કિંમત રૂા. ૫-૭૫.

તિબેટના ભીતરમાં: મૂળ અંગ્રેજી લેખક: હેનરિક હેરર; અનુવાદક શ્રી મહેન્દ્ર મેઘાણી, પ્રાપ્તિસ્થાન: ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી રસ્તા, અમદાવાદ. કિંમત રૂા. ૩.

રંગ રાગ વિરાગ: લેખક: વૈદ્ય મોહનલાલ ચુનીલાલ ધામી, પ્રાપ્તિસ્થાન: નવયુગ પુસ્તક ભંડાર, નવા નાકા રોડ, રાજકોટ -૧, કિંમત રૂા. ૬-૭૫.

એક અજબગજબનું બુલબુલ: મૂળ ડેનિશ બાલકથાકાર હેન્સ એન્ડરસનની પરિકથાનું ગુજરાતી નાટય રૂપાન્તર કરનાર શ્રી. લીના બહેન મંગળદાસ, ક્રોયસ, અમદાવાદ-૭; કિંમત રૂા. ૨/.

તત્ત્વચિન્તન અથવા નિત્ય પાઠ શિક્ષાપત્રી: મૂળ અંગ્રેજી લેખક શ્રી જેમ્સ એલન કૃત 'મેડિટેશન્સ' નું ભાષાન્તર કરનાર સ્વ. વૈકુંઠલાલ શ્રીપતરાય ઠાકોર, પ્રકાશક :સસ્તું સાહિત્ય વર્ધક મંડળ, ભદ્ર પાસે અમદાવાદ, કિંમત રૂા. ૩/-.

ગાંવ કા વિદ્રોહી: આચાર્ય રામમૂર્તિ; પ્રકાશક: સર્વ સેવા સંઘ, વારાણસી, ઉત્તર પ્રદેશ, કિંમત રૂા. ૧/-

જમાને કી ચુનૌની ઔર ગ્રામદાન: લેખક શ્રી ધીરેન્દ્ર મજુમદાર પ્રકાશક: ઉપર મુજબ, કિંમત રૂા. ૨૫ પૈસા.

ઉપદેશસરિતા: લેખક: મુનિ ન્યાયવિજયજી, માંડલ, વિરમગામ.

મંગળ સંદેશ: લેખક મુનિશ્રી ન્યાયવિજયજી માંડલ, વિરમગામ.

ક્રાન્તિબીજ: મૂળ હિંદી: લેખક આચાર્ય રજનીશજીના પુસ્તકનો ગુજરાતી અનુવાદ કરનાર શ્રી પૂર્ણિમા પકવાસા, પ્રકાશક: જીવન જાગૃતિ કેન્દ્ર, ૫૦૫, કાલબાદેવી રોડ, મુંબઈ-૨, કિંમત રૂા. ૨/-

ધરશાળા પ્રકાશન મંદિર, તખ્તેશ્વર પ્લોટ ભાવનગર, સૌરાષ્ટ્રનાં ચાર પ્રકાશનો :-

જાતક કથાઓ ભાગ-બીજો લેખક: શ્રી હરભાઈ ત્રિવેદી, કિંમત ૬૦ પૈસા.

ગીરની શૌર્યકથાઓ અને બીજી વાર્તાઓ લેખક: શ્રી બી. જે. કાપડી કિંમત: રૂા. ૧-૫૦.

બે નાટકો : લેખક: શ્રી મુનિકુમાર મ. ભટ્ટ. કિંમત ૮૫ પૈસા.

ત્રણ નાટકો : લેખક: મુનિકુમાર મ. ભટ્ટ કિંમત: ૭૫ પૈસા.

લોકગંગા: ભારત-પાકિસ્તાન સંઘર્ષ : સંપાદક શ્રી મહેન્દ્ર મેઘાણી. પ્રાપ્તિસ્થાન: લોકમિલાપ કાર્યાલય, પો. બો. ૨૩, ભાવનગર કિંમત રૂા. ૧.

સંસ્કૃતિ કે પરિવ્રાજક : કાકાસાહેબ કાલેલકર સમર્પણ ગ્રંથ: પ્રકાશક: શ્રી માર્તંડ ઉપાધ્યાય, મંત્રી, સસ્તુ સાહિત્ય મંડળ, નવી દિલ્હી, કિંમત રૂા. ૨૦.

'Understanling India': શ્રી ગગનવિહારી લ. મહેતાના અમેરિકા ખાતેનાં વ્યાખ્યાનો તથા લખાણોનો સંગ્રહ: બીજી આવૃત્તિ: પ્રકાશક: એશિયા પબ્લીસીંગ હાઉસ, મુંબઈ. કિં. રૂ. ૧૨-૭૫

આકાશનાં પુષ્પો : લેખક: શ્રી. ગગનવિહારી લ. મહેતા, બીજી સંવર્ધિત આવૃત્તિ; પ્રકાશક મેસર્સ વોરા એન્ડ કંપની, પબ્લીશર્સ પ્રાઈવેટ લિમિટેડ, ૩ રાઉન્ડ બિલ્ડિંગ, મુંબઈ -૨. કિંમત: રૂા. ૩-૫૦.

વિદ્યા વિહાર ગીતમાલા: ૧૦૮ સ્વરાંકિત ગીતોનો સંગ્રહ: સંયોજક શ્રી ભાઈલાલ શાહ, પ્રકાશક: શેઠ ચીમનલાલ નગીનદાસ વિદ્યાવિહાર, અમદાવાદ ૬, કિંમત રૂા. ૭.

અમરસાધના : લેખક: શ્રી અમરચંદ માવજી શાહ, (પરછેગામવાળા) તળાજા, સૌરાષ્ટ્ર.

અભયદાનના અનુભવો : લેખક: શ્રી અમરચંદ માવજી શાહ

સર્વોદય વિચારણા : લેખક: શ્રી શિવાજી ભાવે તથા સ્વામી આનંદ; પ્રકાશક: યજ્ઞપ્રકાશન, હુઝરાતપાગા વડોદરા-૧. કિંમત: રૂપિયા--૨.

Economic Trends and Indications Vol. VI. લેખક: શ્રી ભીખાલાલ કપાસી, બી-૫ પેન્ડારા રોડ, ન્યુ દિલ્હી-૧૧; કિંમત રૂા. ૭-૫૦.

અકાળે વિચ્છેદાયલી એક આશાસ્પદ જીવનયાત્રા

મુંબઈમાં સાયણ ખાતે શ્રી ભાણુબાઈ નેણસી મહિલા વિદ્યાલય નામનું એક કન્યાછાત્રાલય છે. આ છાત્રાલયમાં હાઈ-સ્કૂલમાં ભણતી લગભગ ૧૫૦ વિદ્યાર્થિનીઓ વસે છે. આ છાત્રા-લયનાં ગૃહમાતા તરીકે સેવા બજાવતાં સુશીલાબહેન પટ્ટણી ગયા ડિસેમ્બર માસની ૯મી તારીખે અવસાન પામ્યાં. તેમના મૃત્યુ વખતે તેમની ઉમ્મર ૪૦ વર્ષની અંદર હતી. આઠ વર્ષ સુધી તેમણે ઉપર જણાવેલી સંસ્થાની ગૃહમાતા તરીકે સેવા બજાવી હતી અને નાની સરખી માંદગીના પરિણામે એક આશાસ્પદ કારકિર્દીનો એકાએક અન્ત આવ્યો હતો. અવસાનના કારણે અધુરી રહેલી આ જીવનયાત્રાની કેટલીક વિગતો જાણવામાં આવતાં પ્રેરણા-દાયી માલુમ પડી. તેથી તે વિગતો એક કથાના આકારમાં નીચે આપતાં હું પરમ સંતોષ અનુભવું છું.

તેમનું આખું નામ સુશીલાબહેન માણેકચંદ પટ્ટણી. મહારાષ્ટ્રમાં આવેલું એવલા ગામ તેમનું જન્મસ્થાન. એ દિવસોમાં માણેકચંદ રૂપચંદના નામથી તેમના પિતાની પેઢી બહુ ધીખતી ચાલતી હતી. ચાલુ રીતરીવાજ મુજબ તેર વર્ષની ઉમ્મરે આ સુશીલાનું ભાઈ રતિલાલ રંગીલદાસ દેવચંદ સાથે લગ્ન કરવામાં આવેલું, સુશીલા પૂરતી પોતાની જવાબદારી પૂરી થઈ સમજીને પિતા માણેકચંદે દીક્ષા લીધી અને તેઓ 'મુનિ ધન્યવિજય' બન્યા.

વિધિયોગે સુશીલા એક વર્ષમાં વિધવા થઈ. નાની ઉમ્મરે વૈધવ્ય પ્રાપ્ત થતાં શ્વસુરગૃહે જેનાં તેનાં મેણાં ટોણાં ખાવાની સ્થિતિમાં તે મૂકાણી. આ સ્થિતિમાંથી તેને મુકત કરવા માટે તેના મામા પોપટલાલ ચુનીલાલ તેને પોતાને ત્યાં અમલનેર લઈ ગયા. મામાનાં છોકરાંઓને શ્રી પ્રકાશ મોહાડીકર નામના એક ભાવનાશીલ શિક્ષક ભણાવતા હતા. તેમણે સુશીલાને આટલી નાની ઉમ્મરમાં વિધવા થયેલી અને કશા પણ વ્યવસાય વિનાનું જીવન વિતાવતી જોઈ અને તેમના દિલમાં લાગણી ઉભરાઈ આવી. સુશીલાને ભણવાની તેમણે ખૂબ પ્રેરણા આપી. પણ એ દિવસોમાં બાળવિધવાને ભણવા મોકલવાની ગોઠવણ કરવાનું સહેલું નહોતું. સમાજનો વિરોધ તો હોય જ. સદ્‌ભાગ્યે જાણીતા ચિન્તક ગાંધી-વાદી સાને ગુરૂજી એ દિવસોમાં અમલનેરમાં રહેતા હતા. તેમણે મામાને સમજાવ્યા અને તેમનું મન સુશીલાને ભણાવવા માટે તૈયાર કર્યું. પણ શું ભણવું અને કયાં ભણવું એ પ્રશ્ન હતો. સુશીલાના બીજા મામા ભાઈ ભોગીલાલ સોલાપુરમાં રહેતા હતા. તેમની સોલાપુરમાં મોટી પેઢી અને ધીકતો વ્યાપાર હતો. એમણે સોલાપુરના દિગંબર શ્રાવિકાશ્રમમાં સુશીલાને દાખલ કરાવી અને આ રીતે તેનું ભણતર શરૂ થયું.

જ્યારે જ્યારે રજાઓ પડતી ત્યારે ત્યારે, સુશીલા પોતાના પિતા મુનિ ધન્યવિજયજી જ્યાં હોય ત્યાં તેમને વન્દન કરવા ગયા વગર રહેતી નહિ અને જ્યારે જતી ત્યારે થોડા દિવસ તેમના સહવા-સમાં ગાળતી. સાધુ પિતા સુશીલાને દીક્ષા લેવાની પ્રેરણા આપતા હતા અને સુશીલાના મનમાં પણ તેવા ભાવ જાગવા લાગ્યા હતા. એક વાર સુશીલા નાતાળની રજાઓમાં મુનિ ધન્યવિજયજીને—પોતાના પિતાને—વન્દન કરવા ગયેલી, ત્યારે ત્યાં જતાં તેને માલુમ પડયું કે કોઈ કારણસર પિતાના ગુરુએ પિતાને ડાંડાવતી સારી પેઠે માર માર્યો હતો અને એમના આખા શરીર ઉપર સોજા આવ્યા હતા. આ ઉપરાંત સુશીલા દિક્ષીત સાધ્વીઓના સહવાસમાં પણ પૂરી સારી પેઠે આવતી હતી. ત્યાં પણ તેણે ઝગડા અને કંકાસ જ જોયાં. આથી તેના દીક્ષા લેવાના ભાવ એકાએક ઑસરી ગયા અને પોતાના ભણતરમાં જ આગળ વધવાની તેની ઈચ્છા વધારે સુદઢ બની.

સમય જતાં સુશીલા મેટ્રીક થઈ અને કૉલેજમાં દાખલ થઈ. અહિં તેને કર્ણાટકના ખ્યાતનામ પંડિત શ્રી અણ્ણા બેન્દ્રેનો પુણ્ય પરિચય પ્રાપ્ત થયો. સુશીલાની રીતભાત અને જ્ઞાનનિષ્ઠા જોઈને શ્રી અણ્ણા બેન્દ્રે પણ સુશીલા તરફ આકર્ષાયા. આ રીતે સુશીલાને અણ્ણા બેન્દ્રેની પ્રેરણા તથા માર્ગદર્શનનો પોતાના અભ્યાસકાર્યમાં સારો લાભ મળવા લાગ્યો.

અહીં જણાવવું અસ્થાને નહિ ગણાય કે સુશીલાનો ઉછેર ગાઢ ધાર્મિક વાતાવરણમાં થયેલો અને તેથી કૉલેજમાં ભણવા છતાં સુશીલા રાત્રી ભોજનત્યાગ, કંદમૂળ ત્યાગ વગેરે અનેક ધાર્મિક વ્રત નિયમોનું પાલન કરતી હતી.

વકતૃત્વમાં પણ તેણે ભારે કુશળતા પ્રાપ્ત કરી હતી. અને આ કારણે વકતૃત્વને લગતું જે શિલ્ડ આજ સુધી પુનાથી બહાર જતું નહોતું તે શિલ્ડ સોલાપુર કૉલેજમાં સુશીલા ખેંચી લાવી હતી. સમયાન્તરે સુશીલા બી. એ. થઈ અને વખત જતાં સંસ્કૃત તથા હિંદી લઈને એમ. એ. પણ થઈ ગઈ.

ત્યાર બાદ ૧૯૫૭ની સાલમાં સુશીલા મુંબઈ આવેલી અને તેનાં માશી સાથે અમારા મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં તેણે એક શ્રોતા તરીકે ભાગ લીધો. એ દિવસો દરમિયાન એ બન્ને બહેનો મને મળવા માટે મારે ઘેર આવેલાં અને એ રીતે સુશીલા સાથે મારી ઓળખાણની—પરિચયની—શરૂઆત થઈ. તેઓ મુંબઈમાં કોઈ છાત્રાલયની નિયામિકાનું કામ મળે એમ ઈચ્છતાં હતાં કે જેથી એ સ્થાન ઉપર રહીને પોતાનો અભ્યાસ પણ આગળ વધારી શકે. યોગાનુયોગ મારા મિત્ર અને સહકાર્યકર્તા શ્રી ખીમજી માંડણ ભુજપુરીઆ તેમની હસ્તકના ભાણુજી નેણશી મહિલા વિદ્યાલય માટે ગૃહમાતાની શોધમાં જ હતા. તેમને મેં સુશીલાબહેનનો પરિચય કરાવ્યો અને પરિણામે તેમની ૧૯૫૭ના નવેમ્બર માસમાં ઉપર જણાવેલ અધિ-કાર ઉપર નિયુક્તિ થઈ. ત્યાં તેમણે એકધારાં આઠ વર્ષ કામ કર્યું અને સંસ્થાના કાર્યવાહકો તેમ જ સંસ્થામાં રહેતી બાળાઓ—બન્નેનાં મન પોતાની અસાધારણ કાર્યનિષ્ઠા અને સ્વાભાવિક વત્સલતા વડે જીતી લીધાં. તેઓ આ સંસ્થાના ગૃહમાતા હતાં તે દરમિયાન B.Ed.ની પદવી તેમણે પ્રાપ્ત કરી હતી. તદુપરાન્ત એ વર્ષો દરમિયાન સોલાપુરની ગર્લ્સ કૉલેજની પ્રીન્સીપાલ-શીપ માટે તેમની માંગણી થઈ હતી અને આજે જ્યારે કોઈ પણ કન્યા છાત્રાલય માટે યોગ્ય ગૃહમાતા મળવાની ભારે મુશ્કેલી છે ત્યારે તેમના માટે અનેક દિશાએથી કંઈ કંઈ માગણીઓ આવ્યા જ કરે એ સ્વાભાવિક હતું. પણ સુશીલાબહેન કન્યાછાત્રાલય સાથે તેમ જ ત્યાં રહેતી બાળાઓ સાથે એટલામાં બધાં ઓતપ્રોત બની ગયાં હતાં, કે કોઈ પણ પ્રકારનું આર્થિક પ્રલોભન કે અન્ય સંસ્થાનું મહત્ત્વ તેઓ જ્યાં હતાં ત્યાંથી તેમને કદિ પણ વિચલિત કરી શકયાં નહોતાં. તેઓ ૧૪૫ના માસિક પગારથી કન્યાછાત્રાલયમાં જોડાયા હતાં. છેલ્લે તેમને રૂ. ૨૭૫નો માસિક પગાર બધી સગવડો સાથે મળતો હતો. તેઓ છેલ્લાં બે એક વર્ષથી નરમ-ગરમ રહેતાં હતાં. છેલ્લા પખવાડિયા દરમિયાન તેમની તબિ-યત લથડવા લાગી. તા. ૩૦-૧૧-૬૫ના રોજ તેમને જે. જે. હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં. ત્યાર બાદ ટાઈફોઈડના ચિહ્નો દેખાવા લાગ્યાં. પેટનો દુખાવો ખૂબ વધી ગયો. તા. ૭-૧૨-૬૫ ના રોજ તેમના પેટનું ઓપરેશન કરવામાં આવ્યું. પણ તેમની બીમારી વધતી જ ચાલી. તા. ૯-૧૨-૬૫ના રોજ તેમણે દેહ છોડયો અને પ્રારંભમાં જણાણાવ્યું તેમ એક આશાસ્પદ અને સતત વિકસતી કારકીર્દીનો આમ એકાએક અન્ત આવ્યો.

તેમના ગુજરી જવાને બે મહિના પહેલાં તા. ૧૨-૧૦-૬૫ના રોજ તેમના માર્ગદર્શન નીચે તૈયાર કરવામાં આવેલ 'શ્રીપાળરાજા મયણાસુંદરી'ની નૃત્યનાટિકા સંસ્થાની બાળાઓએ ભજવી બતાવી હતી અને તેમાં તેમણે ખૂબ સફળતા પ્રાપ્ત કરી હતી અને કચ્છી સમાજનાં તેઓ ભારે પ્રીતીપાત્ર બન્યા હતા. તેમના ઉપર મદાર બાંધીને સંસ્થાના કચ્છી કાર્યવાહકોએ વીલે પારલે ખાતે સ્કુલ, કૉલેજ તથા હોસ્ટેલ વગેરે સંસ્થાઓનું એક મોટું શૈક્ષણિક કેન્દ્ર ઉભું કરવા માટે વિશાળ જમીનની ખરીદી કરી હતી. પણ એ બહોળું ક્ષેત્ર તૈયાર થાય એ પહેલાં સુશીલા બહેને ઈતર લોક તરફ પ્રયાણ કર્યું હતું.

આપણા દેશમાં ગંગા, યમુના અને બ્રહ્મપુત્રા વહે છે. તેને સૌ કોઈ જાણે છે અને તેની સૌ કોઈ નોંધ લે છે. પણ લોક-કલ્યાણ સાધતી આવી અનેક નાની કલ્યાણ સરિતાઓ પણ દેશભરમાં ખૂણે ખૂણે વહેતી હોય છે, અને કોઈ થોડો પંથ કાપીને કે કોઈ લાંબો પંથ વટાવીને આખરે ભૂતકાળમાં કે મહાસાગરમાં લીન થાય છે, જેની નોંધ ભાગ્યે જ લેવાય છે. સુશીલા બહેન આવી એક નાની કલ્યાણ—સરિતા હતી. તેમણે પોતાના પુરૂષાર્થ વડે શૈક્ષણિક આત્મોત્કર્ષ સાધ્યો; સાંપ્રદાયિક સાધ્વી બનીને જીવનને રૂંધાવા ન દીધું; જીવ-નના અન્ત સુધી સેવા કરીને જે કાંઈ ટુંકું જીવન મળ્યું તે—જીવનને તેમણે ચરિતાર્થ કર્યું. આવી એક મંગળ મૂર્તિને—સેવા પરાયણ ભગિનીને—આપણા અનેક વન્દન હો! **પરમાનંદ**

સ્વર્ગસ્થ શ્રી ઉમેદચંદ દોલતચંદ બરોડિયા

શ્રી ઉમેદચંદ દોલતચંદ બરોડિયાનું મુંબઈ વિલે પારલે ખાતે તા. ૧૧-૨-૬૬ના રોજ વૃદ્ધાવસ્થાની જર્જરિતતા અને કેટલોક સમય માંદગીની વ્યથા ભોગવીને ૮૩ વર્ષની ઉમ્મરે અવસાન પામ્યા. તેમની સાથે આમ વર્ષોજૂનો સંબંધ અને અમુક વર્ષો સુધીના સહકાર્યકર્તા-આવા એક વડિલ સ્વજનને ગુમાવતાં અંગત રીતે હું ઊંડી ગ્લાનિ અનુભવું છું.

તેમના પિતાશ્રી દોલતચંદ બરોડિયા આજીવન શિક્ષકના વ્યવસાયને વરેલા હતા અને જૂનાગઢમાં જ તેમણે જિંદગી પસાર કરી હતી. તેમના પુત્ર ભાઈશ્રી ઉમેદચંદ પણ જૂનાગઢમાં જ મોટા થયા હતા અને ત્યાંની બાઉદીન કૉલેજમાં બી. એ. થયા હતા. ત્યાર બાદ તેઓ મુંબઈ આવ્યા અને દશ બાર વર્ષ તેમણે મુંબઈની એક યા બીજી હાઈસ્કૂલમાં વિજ્ઞાન અને ગણિતના શિક્ષક તરીકે કામ કર્યું. આ કામગીરી દરમિયાન તેમણે શ્રી ગોકુળભાઈ મૂળચંદ જૈન હોસ્ટેલના ગૃહપતિ તરીકે તેમ જ મહાવીર જૈન વિદ્યાલયના ધાર્મિક અધ્યાપક તરીકે કામ કરેલું. ત્યાર બાદ જૂના શેર મેનેજર બજારના એસિસ્ટન્ટ તરીકે ૨૫ વર્ષ સુધી તેમણે સેવા બજાવી અને પોતાની નિષ્ઠા અને કાર્યકુશળતા અંગે શેર બજારના જૂના અને જાણીતા પ્રમુખ શ્રી કે. આર. પી. શ્રોફની પ્રીતિ અને વિશ્વાસને પાત્ર તેઓ બન્યા.

૧૯૨૮-૩૦ દરમિયાન મુંબઈ તેમ જ ગુજરાતમાં બાલદીક્ષા-વિરોધી એક ભારે મોટી ઝુંબેશ ચાલેલી અને એ ઝુંબેશને વેગ આપવા માટે શ્રી મુંબઈ જૈન યુવક સંઘની સ્થાપના કરવામાં આવેલી. સંઘના સ્થાપના કાળથી શ્રી ઉમેદચંદભાઈ સંઘમાં સભ્ય તરીકે જોડાયેલા અને તે વખતે ચાલતા સંઘના મુખપત્રના તેઓ થોડા સમય માટે સંપાદક બનેલા અને તત્કાલીન ઉગ્ર આંદોલનમાં તેમણે સક્રિય ભાગ લીધેલો. આ ઉપરાંત વર્ષો સુધી મહાવીર જૈન વિદ્યાલય અને શ્રી જૈન શ્વે. મૂ. કૉન્ફરન્સની કાર્યવાહિઓમાં પણ તેઓ સારો રસ લેતા રહ્યા હતા. શેરબજારની નોકરીમાંથી નિવૃત્ત થયા બાદ તેઓ અગાસ ખાતે આવેલા શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમમાં રહેતા થયા અને ત્યાં તેમણે આશરે ૨૫ વર્ષ પસાર કર્યા. આ પ્રકારના વાનપ્રસ્થ જીવન દરમિયાન તેમણે શ્રીમદ્ રાજચંદ્રના સાહિત્યનું તેમ જ અન્ય ધાર્મિક તથા આધ્યાત્મિક સાહિત્યનું બહોળા પ્રમાણમાં અધ્યયન કરેલું. આના પરિણામે વિલેપારલેમાં ઊજવાતા નવદુર્ગા મહોત્સવમાં કેટલાક સમય પહેલાં શ્રીમદ્ રાજચંદ્રની જીવનકલા ઉપર તેમણે બે વ્યાખ્યાનો આપેલાં. તેઓ લેખક અને અભ્યાસી પણ હતા. 'હીસ્ટરી ઑફ જૈન લીટરેચર' એ નામનું તેમનું લખેલું પુસ્તક બ્રીટીશ પબ્લીશીંગ હાઉસે પ્રગટ કર્યું હતું.

વધતી જતી ઉમરના કારણે સંપૂર્ણ નિવૃત્તિ સ્વીકારીને તેઓ છેલ્લાં ચાર વર્ષથી પોતાના બહોળા કુટુંબ પરિવાર સાથે વીલે પારલેમાં આવીને રહ્યા હતા. તેમના મોટા દીકરા ભાઈ કાન્તિલાલ ઑઈલ સીડઝ એન્ડ ઑઈલ એકસચેન્જના સીનીયર એસિસ્ટન્ટ સેક્રેટરી છે અને શ્રી મુંબઈ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિના વર્ષોથી એક સભ્ય છે. તેઓ પણ સારા લેખક તેમ જ વિચારક છે.

હજી લગભગ એક મહિના પહેલાં સ્નેહીવર્ય ઉમેદચંદભાઈની લથડતી જતી તબિયતના ખબર સાંભળીને તેમને ખાસ મળવા માટે હું વીલેપારલે ગયેલો. આ પ્રસંગે અમે ઠીક સમય સાથે ગાળ્યો હતો અને અનેક જૂની વાતો અને ઘટનાઓ યાદ કરી હતી અને એક પ્રકારની સ્મરણયાત્રાનો આનંદ અનુભવ્યો હતો. એ વખતે જ મને ખબર પડી કે તેઓ કેટલાક સમયથી કૅન્સરના વ્યાધિથી પીડાય છે અને જીવન લાંબું ટકવાની બહુ આશા નથી. આખરે એ જીવનદીપ તા. ૧૧-૨-૬૬ના રોજ ઓલવાયો અને આપણી વચ્ચેથી એક શાન્ત, સરલ, પ્રસન્ન, શીલસંપન્ન અને જૈન વિચારસરણીને વરેલી એવી એક વ્યક્તિએ આપણી ૮૩ વર્ષની પરિપક્વ વયે હંમેશાને માટે વિદાય લીધી. શ્રીમદ્ રાજચંદ્ર વિષેની નિષ્ઠા એ તેમના જીવનની વિશેષતા હતી. તેમના પવિત્ર આત્માને શાશ્વત શાન્તિ પ્રાપ્ત થાઓ એવી આપણા અન્તરની પ્રાર્થના હો!

પરમાનંદ

વેદાન્તનું સમ્યક્ સ્વરૂપ

(ગત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં સ્વામી પ્રણવતીર્થે આપેલું વ્યાખ્યાન)

આ વ્યાખ્યાનના વિષયનું નામ પાડવા સાથે જ, વેદાન્ત નામે ઓળખાતા દર્શનનાં મૂળ તત્ત્વોમાંનો એકનું સ્પષ્ટીકરણ થઈ જવાનો પ્રસંગ આપોઆપ ઉપસ્થિત થઈ જાય છે. વાસ્તવમાં સિદ્ધાંત એ છે કે, કોઈ પણ વસ્તુના સમ્યક્ અને અસમ્યક્-એવાં બે સ્વ-રૂપ ન હોઈ શકે. સમ્યક્ પદનો ધાત્વર્થ જોતાં આ હકીકત ઉપસી જ આવે છે. સમ્યક્ એટલે સાચું, વાસ્તવિક, યથાતથ, અને અસમ્યક્ એટલે તેનાથી વિપરીત, ખોટું, અયથાર્થ. વસ્તુનું સમ્યક્ સ્વરૂપ એક જ હોય. મતલબ કે, અહીં આપણે જે વિચારવાનું છે તે એ યથાર્થ સ્વરૂપ, એ સ્વરૂપનાં જે ખરેખરાં લક્ષણો છે તે; નહિ કે એ વસ્તુથી અપરિચિત અથવા અર્ધપરિચિત પૃથગ્જનો દ્વારા ઘણી વાર પ્રમાણિક ભાવે, પરંતુ ખોટી રીતે તેના જે અર્થઘટનો થયા કરતાં જોવામાં આવે છે તે. આ વિષયની અસમ્યક્ રજૂઆતો જ્યાં અને જ્યારે થાય છે, ત્યાં અને ત્યારે તેમાં કો'ક વાર પ્રમાણિક ગેરસમજ, કો'ક વાર સાવ અણસમજ હોવા છતાં અપાઈ જતા અભિપ્રાયો, અને કો'કવાર પૂર્વગ્રહ-ગ્રસ્ત મતધારણો પણ કારણ બની શકે. અને તે રીતે જે કહેવા-સમજવામાં આવે, તે અસમ્યક્ બની જાય. આ પરિસ્થિતિ માત્ર વેદાન્તસિદ્ધાંત પરત્વે જ પ્રવર્તતી નથી જાણવાની. જીવનની એવી કઈ બાબત હશે, કે જેના બારામાં આવા મામલા બન્યા કરતા ન હોય? અને જો તેવું ન બનતું હોય, તો જગતમાં ઝગડારગડાને અવકાશ શેનો જ રહે? પરન્તુ તેવો અવકાશ છે, પુષ્કળ છે; અને એ તેવો હોવાને કારણે તો એના ક્લેશમાંથી "મુક્ત" થવા રૂપી મોક્ષની ઈચ્છા,-અર્થાત્ મુમુક્ષુતા જાગે છે; અને તે જાગે છે તે કારણે તો માનવી તે માટેનાં સાધનો શોધે છે; અને તેવી શોધને કારણે તો આ નાના-વિધ દર્શનો સંપ્રદાયો, પંથો...અને તેને લગતાં અનંત શાસ્ત્રો, કર્મ-કાંડો, તે માટેના વિધિનિષેધો, આગ્રહો, તે અંગેની અસહિષ્ણુતાઓ, રાગદ્વેષો ઈત્યાદિ કલેશોના રાફડા ફાટે છે, અને ઔષધ વ્યાધિ કરતાં પણ અતિવધારે વસમું થઈ પડે છે! આમ જીવ - જન્તુ, પીડાથી છૂટવા માટે બમણી પીડા વેંઢારતો જતો હોવાના મહા વિષ-વર્તુલમાં ભમે છે. એનું જ નામ મોહ; એ જ સંસારી ભાવ; એ જ દેહાધ્યાસ; એ જ ભવાટવિ; અને ટૂંકામાં, એ જ અવિદ્યા, એટલે કે પોતાના સ્વરૂપનું અજ્ઞાન.

આ કુંડાળા - વ્યૂહને ભેદવાનું એક માત્ર શસ્ત્ર તે એ અવિદ્યાનો નાશ એટલે કે પોતાના સાચા રૂપના જ્ઞાન વડે તેના અજ્ઞાનનો નાશ, અને તે સાથે અવિદ્યાના ક્લેશપરિવારનો ધ્વંસ. ભિન્નતામાં તથા નાનાત્વમાં જ ભય રહેલો છે. બધું કેવળ એકમાત્ર સત્-ચિત્ પરમ આત્મતત્ત્વરૂપ જ જણાવા માંડે, કે તરત "ભેદ"નામક સંસારી આસક્તિ તથા તજ્જન્ય તૃષ્ણાનો નાશ થઈ જાય-દુઃખસ્યાન્તં નિગચ્છતિ. એવો છે વેદાન્તનિષ્ઠાનો પાયાનો વિચાર.

આમ આપણે આ વિષય અને તેનું પ્રયોજન ટૂંકામાં સિદ્ધ કર્યાં; હવે એના આદિ અને અંતનાં એંધાણ માંડીને, આપણે તેનું વચલું ક્લેવર પૂરવા મેદાને પડીએ.

વેદાન્તનો હેતુ "મોક્ષ" કહ્યો છે. એને કૈવલ્યમોક્ષ પણ કહે છે, કેમકે તેમાં કેવળ સુખ - આનંદથી પૃથક્ કશું અભીષ્ટ નથી, અને તેની સિદ્ધિના પ્રત્યક્ષ સાધન તરીકે જ્ઞાનનો સ્વીકાર, એટલે કે જીવ-જગત - ઈશ્વરમાં અનુસ્યૂત તથા તે સર્વના આધારરૂપ જે એક જ સત્યતત્ત્વ છે, અને જે પ્રાણીમાત્રનું અંતરતમ સ્વ-રૂપ છે, તેના અનુભવનો જ સ્વીકાર...ટૂંકામાં કહીએ તો, વિચારનો જ સ્વીકાર, છે. અન્ય જે કંઈ કરવા - કહેવા - યોજવામાં આવે, તે સર્વ એ સદ્વસ્તુ-વિચારનાં ઉપકરણો જ, અને તેથી મોક્ષનાં પરોક્ષ સાધનસામગ્રી જ

હોવાં ઘટે. તેથી તો "મનુષ્ય" અથવા "માનવ" શબ્દનું સાર્થકય બને છે મનુતે ઇતિ. "માણસાઈ"નું લક્ષણ મનન એટલે કે વિચારશક્તિ તથા તેનો ઉપયોગ છે. તેથી તો કહેવાયું છે કે मनःपूतं समाचरेत्. યથાર્થ વિચાર જ જીવનનાં લૌકિક તેમ જ પારમાર્થિક ક્ષેત્રોમાં વ્યવહારને સુખરૂપ સિદ્ધ કરી શકે છે; અને જે અશાસ્ત્રીય હોય, જે ન્યાય તેમ જ પદ્ધતિ અને સમજપુરઃસરના ન હોય, તેવા અયથાર્થ વિચાર સર્વ ક્ષેત્રોમાં માનવી માટે ક્લેશ ઉપજાવીને, આ ખરેખર આનંદમય સુખમય જીવ તથા જગતથી માનવીને ખોટી રીતે ત્રસાવે છે. આ છે પાયાનો મુદ્દો; અને તેથી, સમજદારી તથા તટસ્થ ભાવે માહિતીપૂર્વક જીવનની સર્વ વ્યવસ્થાઓની વિચારણા વડે જ માનવી જીવ–જગતના આનંદમય સ્વરૂપનો અનુભવ સાધી શકે છે, અને તે અનુભવ તો સર્વત્ર, સર્વ સ્થળે, સર્વ કાળે એક જ છે, સુખભાવરૂપે, બે નહિ, એમ જાણવું, એનું નામ જ જ્ઞાન.

આથી કરીને વેદાન્ત મુખ્યત્વે જ્ઞાનનિષ્ઠ છે; જ્ઞાન ચિત્તશુદ્ધિનિષ્ઠ છે; શુદ્ધિ નિરહંતાનિષ્ઠ છે; નિરહંતા છે વિચારનિષ્ઠ; અને વિચાર છે નીતિનિષ્ઠ. આ છે જીવનના સમ્યક્ નિર્વહણની સીડી.

પાછળ આપણે ઈશારો કર્યો છે તેમ, વેદાન્તસિદ્ધાંત વિશે કેટલાક બુદ્ધિમાન અને શુભાશયી જનવર્ગોમાં પણ ખરી માહિતીનો અભાવ પ્રવર્તે છે; એમાં કંઈ વેદાન્તનો ઈજારો નથી; પરન્તુ અહીં આપણો વિષય વેદાન્તનો હોવાથી, તેના પરત્વે જ એનો ઉલ્લેખ કરવો રહ્યો. પ્રત્યેક વિચારશીલ મનુષ્ય જાણે છે, અનુભવે છે, અને ખૂબ દુઃખપૂર્વક પોકારે છે કે અજ્ઞાન ભયંકર વસ્તુ છે, પરન્તુ અલ્પજ્ઞાન તો તેથી યે વધારે ભયાનક છે. એ બે વચ્ચેનો ફરક એ–બૉમ્બ અને એચ-બૉમ્બ વચ્ચેના ફરક જેવો છે! એક છે "ફિશન" ને બીજું છે "ફ્યુશન"! અહીં ભર્તૃહરિના તદ્વિષયક પ્રસિદ્ધ શ્લોકો યાદ આવે જ, પરંતુ તે એટલા બધા જાણીતા છે, કે સુજ્ઞો માટે અહીં તેના ટાંચણની જરૂર નથી.

વેદાન્તસિદ્ધાંતાનુસાર, સર્વત્ર એક જ "અસ્તિ-ભાતિ" રૂપે પ્રિય તત્ત્વ પ્રવર્તી રહે છે, અને તે છે સર્વનો અંતરતર "આત્મા", અને એનું વિસ્મરણ જ ક્લેશપંચકની જનેતા છે; તેથી, આપણે એ અવિદ્યાકલ્પિત માયાવી દીવાલોને આતમ-બમ્બ વડે ઉરાડી દઈએ કે જે સર્વ બૉમ્બોનો બૉમ્બેશ્વર છે; અને તેમ કરીને આપણે એક-બીજાના અંતરને પોતાનું અંતર કરીએ ... તો જ "માનવ" સંજ્ઞા સાર્થક થાય; વળી, સહાનુભૂતિ વડે જ સામાના અંતરમાં પ્રવેશ સંભવે; સહ+અનુભૂતિ, સામાની દૃષ્ટિથી જ તેના અનુભવને અનુભવવાની તન્મયતામૂલક આવડત તથા તેવું આચરણ, અને તેવી ટેવ પાડવાનાં સાધન. આને વેદાન્ત સિદ્ધાન્તનો સરવાળો કહી શકાય. તેમાં ભિન્નત્વ જ બાધક છે; અને ભિન્નત્વ કેવળ અજ્ઞાનનું સંતાન છે. એ અજ્ઞાનનો ધ્વંસ તેના પ્રતિદ્વંદ્વી જ્ઞાન વડે જ બને.

એક જ ભારતીય દર્શનનાં વિવિધ પ્રસ્થાનો (–એક જ સમુદ્રે પહોંચવાના અનેક જળપ્રવાહોના પ્રયત્નોની રીતે) એક જ ધ્યેયલક્ષી છે, એ હકીકત, તેનો જરાક ખુલ્લા દિલે વિચાર કરતાં, પકડાઈ આવે છે. અને તેમ હોવાથી, ધર્મોની કે દર્શનોની સરખામણીઓ કરવાની તથા "એ બધા એક જ છે ને" એવું પ્રતિપાદન કરવાની ચેષ્ટાઓ વસ્તુતઃ હિતકર નથી; તેવી ચેષ્ટાઓ એ સર્વની એકતા સ્થાપિત કરવાને બદલે, તેમના ભિન્નત્વનું જ સ્મરણ કરાવ્યા કરે છે: જે દેશમાં શક્તિની જરૂરત તથા તે માટેની દવાઓની વિચારણા અને તેના ઈલાજોની ચર્ચા વધારે થાય, ત્યાં તેમ થવાનું કારણ એ દેશમાં શક્તિની ઊણપ જ હોઈ શકે, નહિ કે વિપુલતા. બધાં શ્રેયસ્સાધક પ્રસ્થાનોની એકવાક્યતાને સહજ તરીકે ચૂપચાપ સ્વીકારી લેવી - take for granted, ને તેને ચર્ચાનો વિષય બનાવવાનો વિચાર સરખો પણ ન કરવો, એ તે સર્વના એકત્વના વાસ્તવિક અસ્તિત્વનું સમુચિત લક્ષણ છે. તંદુરસ્ત માણસને શરીરનો વિચાર કે તેની સ્થિતિની ચર્ચા કરવાનું રુઝે નહિ; તેવી ચર્ચા તો રોગી જ કરે! આમાં શ્રી રામકૃષ્ણના પ્રયોગો કેવું સુન્દર દૃષ્ટાંત પૂરું પાડે છે! એ ભાવે આ વેદાન્તસિદ્ધાંતને પણ સમજવા અહીં આપ સર્વને મારું નિમંત્રણ છે, નહિ કે કથા પણ સરખામણીના ખ્યાલથી. આપ જો તેમ કરશો, તો આપને લાગશે કે, હું આપના જે હોય તો સંપ્રદાયના હાર્દની જ વાત કરી રહ્યો છું. કદાચ થોડા જુદા શબ્દોમાં, પરન્તુ એજ, એજ! અને તેથી આ વિષયની રજૂઆતમાં બને તેટલો સરળ થવાનો મારો આશય છે.

સમયાદિની મર્યાદા વ્યવહારમાં પ્રબળ છે. પરમાર્થમાં તેનો ઈન્કાર જ સર્વસાધક છે, તેમ સમાજવ્યવહારમાં તેનો કડક સ્વીકાર જ કાર્યસાધક બને છે. અહીં એની જહાંગીરી આપણે સ્વીકાર્યે જ છૂટકો–અને તે પણ સહર્ષ. તેથી બહુ જ સંક્ષેપમાં બે-ચાર વાતો ઉપર, ઊડતી છતાં યથાશક્ય મર્મસ્પર્શી નજર આપણે નાખી લઈએ.

પ્રથમ એ કહેવું પ્રાપ્ત થાય છે, કે વેદાન્ત શું છે એ જાણવા કરતાં, વધારે સ્પષ્ટીકરણની જરૂર છે વેદાન્ત શું નથી, એ જાણવાની.

પ્રથમ તો, વેદાન્ત કોઈ "ધર્મ" નથી, કે જે અર્થમાં ધર્મ શબ્દનું સામાન્યતઃ ગ્રહણ કરવામાં આવે છે. એટલું જ નહિ પણ, એ કોઈ પણ તેવા ધર્મથી ખાસ સંકલિત નથી; વૈદિક સંપ્રદાયથી પણ નહિ. એ દર્શન છે; જેને ફિલોસૉફી કહેવાય છે, તે છે. तत् કહેતાં જીવ-જગત-ઈશ્વર; તેનું પણ જે ત્વ, તેની સમજ, તેનો અનુભવ, તદનુસાર જીવન જીવવાની હૈયાઉકલત – તે એ છે. આંતરજીવનના મોક્ષનિષ્ઠ ઘડતરની એ એક સામગ્રી છે. દર્શન એટલે પરમ સુખનો અનુભવ.

ધર્મ અને ફિલ્સૂફી–એ બે શબ્દોની આપણી અંગ્રેજીમાં જ વાણીવિચાર કરવાની આત્મઘાતક આદતે કેવી સત્યાનાશી વાળી છે! ધર્મ શબ્દનો અર્થ આપણે "રિલિજ્યન" અને "દર્શન"નો માયનો "ફિલોસૉફી" શબ્દ મારફત જાણી શકીએ છીએ; અને ભારતીય ધર્મકલ્પના તથા દર્શનલક્ષણ બતાવવા એ ઊભય શબ્દો સાવ અસમર્થ, બલકે ઊંધી દિશામાં લઈ જનારા છે. પરન્તુ આ અંગ્રેજીના મોહે સર્જેલી ભારતીય ભાવનાના આત્મઘાતક નાશની કરુણતાનો વિચાર અહીં પ્રસ્તુત નથી.

'દર્શન' એટલે જીવનના પરમ લક્ષ્યના સિદ્ધાંતનું પારમાર્થિક જ્ઞાન, બલકે તેનો સ્પષ્ટ આંતરિક અનુભવ – "સગ્ગી આંખે દેખ્યા" જેવો, સચોટ; અને 'ધર્મ' એટલે દેહસ્થિત જીવને એવા દર્શનાનુસારી બતાવવાની દેશ-કાળ-સંજોગોથી મર્યાદિત વિધિનિષેધયુક્ત રીતરસમો, તે અંગેની કાર્યાકાર્યની વ્યવહારક્ષમ વિચારણા, તથા તેનું તદનુસાર આચરણ. આ ઉભયનું ધ્યેય એક જ–સુખાનુભવ. "ધર્મ" સમગ્રપણે જીવનવ્યાપી હોઈ, તેમાં ચારેય પુરુષાર્થો સમાઈ જાય છે; અને તે કેવળ ચોથા આત્મદર્શનસંજ્ઞક મોક્ષ રૂપી પરમપુરુષાર્થને સિદ્ધ કરવાની સામગ્રી જ હોવાનું જાણવું, એ જ્ઞાનનિષ્ઠા છે. એને તેથી વધારે મહત્વ અપાય, તેટલી જ્ઞાનમાં ઊણપ જાણવી. એનું લક્ષ્ય એક જ, ઉપર કહ્યું તેમ, સુખાનુભવ, અર્થાત્ નિત્ય સુખની પ્રાપ્તિ તથા દુઃખની આત્યંતિક નિવૃત્તિનો જીવતાંજીવત અનુભવ. એને સર્વાત્મભાવ કહ્યો છે.

અપૂર્ણ

સ્વામી પ્રણવતીર્થ

વિષયસૂચિ

		પૃષ્ઠ
કટોકટીની પળે પગટેલું માટીનું કોડિયું	હ્યુબર્ટ હંફ્રી	૨૧૧
રાષ્ટ્રીય રાજકારણ	ચીમનલાલ ચકુભાઈ શાહ	૨૧૨
તુલસીશ્યામ સાધનાશિબિર	ડૉ. રમણલાલ શાહ	૨૧૪
આત્મપરિચય (ક્રાવ્ય)	જ્યોતીન્દ્ર દવે	૨૧૭
અકાળે વિચ્છેદાયેલી એક આશાસ્પદ જીવનયાત્રા	પરમાનંદ	૨૧૮
સ્વ. ઉમેદચંદ દોલતચંદ બરોડિયા	પરમાનંદ	૨૧૯
વેદાન્તનું સમ્યક્ સ્વરૂપ	સ્વામી પ્રણવતીર્થ	૨૧૯
પત્રકારત્વ: લોકશિક્ષણનું યજ્ઞકાર્ય	બચુભાઈ રાવત	૨૨૧

પત્રકારત્વ : લોકશિક્ષણનું યજ્ઞકાર્ય

(ગુજરાતી સાહિત્ય પરિષદના સૂરત ખાતે મળેલા ૨૩મા અધિવેશન પ્રસંગે પત્રકારત્વ વિભાગના પ્રમુખસ્થાનેથી 'કુમાર'ના તંત્રી શ્રી બચુભાઈ રાવતે આપેલું વ્યાખ્યાન ચોકું ટુંકાવીને નીચે આપવામાં આવે છે. તંત્રી)

અરધા અરધા લાખના ફેલાવાવાળાં પત્રોના તંત્રીઓને પડછે મારા જેવા એક નાનકડું માસિક ચલાવનારને આ સ્થાન આપવામાં, હું તો મારા પ્રત્યેનો આપનો સદ્‌ભાવ જ જોઉં છું, કેમ કે આ વ્યવસાય અંગેની મારી સૂઝ અને શક્તિની મર્યાદાઓ હું સમજું છું. એટલે આપની અપેક્ષાઓ હું પૂરી નહિ કરી શકું એની ક્ષમાયાચના સાથે આપનો સદ્‌ભાવ માથે ચડાવું છું.

પત્રકારત્વની કેડી

આ ક્ષેત્રના બહોળા અનુભવ કે ઊંડા ચિંતનની તક મને મળી નથી. મારી પાસે તો થોડાંક આદર્શો અને સ્વપ્નો છે, જેની પાછળ ઘણા ગુરુજનોનું ઋણ છે. કૌટુંબિક સંજોગોએ કૉલેજ કેળવણીનું મોં જોવા ન દીધું એટલે શિક્ષણકાર્ય કરતાં કરતાં સાહિત્ય અને કલાનો છંદ સંતોષવા માટે સાંધેલા, "બિબિઝ એન્યુઅલ", "ગોલ્ડન હાઈન્ડ", 'ફોર્મ", આદિ જેવાં વાર્ષિકો – ત્રૈમાસિકોના સંપર્કમાંથી મને સામયિક પત્રકારત્વની નાનકડી કેડી હાથ લાગી ગઈ. જીવનના એ ઘડતરકાળે જેમની પ્રત્યક્ષ મૂર્તિઓને અભાવે એમનાં પત્રો "સ્ટ્રૅન્ડ" અને "પીઅર્સન", "વિન્ડસર" અને "લંડન", "નેશન" અને "પૅલપૅલ", "જૉન ઑ લંડન" અને "એવ્રીમૅન" સામયિકોને એકલવ્યની પેઠે નજર સમક્ષ રાખીને સાધના કરી અને સ્વપ્નો ઘડ્યાં તે અજ્ઞાત તંત્રીઓ, તથા જે પત્રો તથા તેના તંત્રીઓ મારા પ્રેરણાસ્રોત બન્યાં તે 'બુકમૅન'ના સૅન્ટ જૉન ઍડકૉક, 'પંચ'ના બર્નાર્ડ પૅટ્રિજ, 'માઈ મૅગેઝિન'ના આર્થર મી, 'જૉન બુલ'ના એ. જી. ગાર્ડિનર, 'ઑબ્ઝર્વર'ના જે. એલ. ગાર્વિન, 'મૅન્ચેસ્ટર ગાર્ડિયન'ના સી. પી. સ્કૉટ, સ્પેક્ટેટરના જે. એ. સ્પેન્ડર, 'નેશન ઍન્ડ ઍથીનીઅમ'ના એચ. જે. મેસિગહામ, 'ન્યુ લીડર'ના એચ. એન. બ્રેઈલ્સફર્ડ, 'લંડન મર્કયુરી'ના સર જૉન સ્કવાયર અને 'ઍડેલ્ફી'ના જૉન મિડલટન મરી, તેમ જ ભારતવર્ષમાં 'સરસ્વતી'ના મહાવીરપ્રસાદ દ્વિવેદી, 'મૉડર્ન રિવ્યૂ'ના રામાનંદ ચૅટરજી, 'ગુજરાતી'ના ઈચ્છારામ અને મણિલાલ દેસાઈ, 'વીસમી સદી'ના હાજી-મહંમદ અલારખિયા શિવજી અને જેમણે મને કામ કરવાની તક તથા ક્ષેત્ર આપ્યાં તે મારા મુરબ્બી મિત્ર શ્રી રવિશંકર રાવળ – એ સર્વના ઋણનું હું કૃતજ્ઞતાભાવે સ્મરણ કરું છું. એ આરાધનામાંથી જે થોડા શા આદર્શો અને સ્વપ્નો મને લાધ્યાં એટલો યે અનુભવ અને સિદ્ધિ મારાથી પામી શકાયાં નથી.

પત્રકાર : પ્રજાને ગુરુસ્થાને

પત્રકારત્વનો જે તત્ત્વવિચાર આ અગાઉ મારા ઘણા સમર્થ પુરોગામીઓ આપની આગળ મૂકી ગયા છે, એમાં મારે ભાગ્યે જ નવું ઉમેરવાનું છે. પત્રકારત્વનો અર્થ, સામાન્ય રીતે તો, સમાચારો આપવાનું તથા તેને અનુષંગી વિચારો દ્વારા પ્રજામત ઘડવાનું કાર્ય. એવો આપણે ત્યાં થતો જણાય છે. વસ્તુતઃ તો પ્રજાની સર્વાંગી કેળવણીની જવાબદારી પત્રકારને માથે છે. પ્રજાના જીવનના એકેએક પાસાને ઉપસાવીને ઊજળું ને સુરેખ કરવાની દૃષ્ટિવાળા પ્રજાશિક્ષણનો એક સુચિંતિત, નિશ્ચિત ને વ્યવસ્થિત કાર્યક્રમ પત્રકાર પાસે હોવો જોઈએ. પ્રજાનાં રાષ્ટ્રીય તેમ જ સામાજિક દૃષ્ટિબિંદુ ઘડવા તથા વિકસાવવા ઉપરાંત, તેનામાં રાષ્ટ્રીય અસ્મિતા અને સાંસ્કૃતિક ગૌરવ પ્રગટાવવાની સાથે સાથે તેનાં દેહઘડતર ને આરોગ્ય, આચારવિચાર અને વ્યવહાર–સંસ્કાર, ખોરાકપોશાક અને ગૃહશોભન–વ્યવસ્થા, વેપારવણજ અને અર્થકારણ, રંગરાગ અને મનોરંજન, નીતિમત્તા અને ધર્મદૃષ્ટિ, જ્ઞાનવિજ્ઞાન અને સાહિત્યકલા – એમ જીવનને સ્પર્શતા એકેએક વિષયમાં પ્રજાની સૂઝ અને સમજદારી વધારતાં જઈ તેની બુદ્ધિશક્તિનું ઘોરણ પત્રકારે ઊંચે લાવવાનું છે. આવી વિશાળ અને ગંભીર જવાબદારી જેના શિરે છે તે પત્રકાર તો પ્રજાને ગુરુસ્થાને છે. સમસ્ત જનસમુદાયનું ઉદ્ધરણ કે પતન તેના હાથમાં છે. તે સત્યસંકલ્પપૂર્વક ધારે તો એક સુચિંતિત, રેખાઉતાર કાર્યક્રમ દ્વારા, ધીમા પણ સ્થિર ને નિશ્ચિત રૂપમાં આવી પરોક્ષ કેળવણી વડે એકાદ-બે તપમાં તો આખા પ્રજાસમુદાયનું માનસ સ્વસ્થ, નિરામય, વિકસિત ને ઉન્નત કરી શકે. પોતાના આવા ગુરુસ્થાનની જવાબદારીના ભાનવાળો પત્રકાર, એક કર્તવ્યનિષ્ઠ શિક્ષકની જેમ, સંચિત ધર્મબુદ્ધિપૂર્વક પ્રજાશિક્ષણના વિવિધ માર્ગો અને સાધનોનો વિચાર કર્યા જ કરે છે.

ઓગણીસમી સદીની પહેલી પચ્ચીસીમાં પ્રારંભાયેલું આપણું પત્રકારત્વ આજ લગભગ દોઢસો વર્ષે ક્યાં લગી પહોંચ્યું છે? સ્વાતંત્ર્યપ્રાપ્તિ માટેના ભગીરથ પ્રયાસોની સાથે નવનિર્માણની પણ જે ભાવના પ્રજ્વલી ઊઠી હતી તેની જ્યોત આજ મંદ તો નથી થઈ ગઈ ને? સ્વાયત્ત થયા પછીના સાનુકૂળ સંજોગોમાં વ્યાપની દૃષ્ટિએ આપણું પત્રકારત્વ વિકસ્યું છે બેશક, પરંતુ સવા બે કરોડની પ્રજાનાં બેચાર પત્રો અરધા લાખના ફેલાવાને આંબે એટલાથી જ હરખાઈને બેસી જઈશું? કેરળના નાના રાજ્યનાં પત્રોનો ફેલાવો સાંભળ્યો છે? એકાદ દિશામાં બે ડગલાં આગળ ગયાના અલ્પસંતોષી થઈ બેસી ન રહીએ. જાગૃત પ્રજા પોતાની પ્રાપ્તિઓને પસવાર્યા નથી કરતી, પણ પોતાની ઊણપોને શોધે છે; પોતાની સિદ્ધિઓથી સંતોષ માનીને બેસી નથી રહેતી; પણ નવા નવા દિશાદોર સાંધે છે. આજે આપણે મળ્યા છીએ તો એવી થોડી ઊણપો ને નવી દિશાઓનો વિચાર કરીએ.

આપણે ત્યાંની એક ઊણપ તે પ્રાંતીય પત્રોની. પ્રાંતીય પત્રો આપણે ત્યાં બિલકુલ નથી એવું નથી. વસ્તુતઃ તળ ગુજરાતના પત્રકારત્વની શરૂઆત પ્રાંતીય પત્રોથી જ થઈ. ૧૮૨૨ની પહેલી જુલાઈએ અઠવાડિક 'મુંબાઈના સમાચાર' શરૂ થયું. ત્યાર પછી ગુજરાતમાં સૌ પહેલું પત્ર અમદાવાદમાં ૧૮૪૯માં ગુજરાત વર્નાકયુલર સોસાએટી (હાલની 'ગુજરાત વિદ્યાસભા)' તરફથી 'વરતમાન' નામથી નીકળ્યું. તે પછી સૂરતમાં ૧૮૫૦માં 'સૂરત સમાચાર,' ૧૮૬૧માં ભરૂચમાં 'ભરૂચ વર્તમાન' અને ખેડામાં, 'ખેડા વર્તમાન,' ૧૮૬૩માં સૂરતમાં 'સૂરતમિત્ર,' ૧૮૬૪માં રાજકોટમાં 'કાઠિયાવાડ સમાચાર,' ૧૮૮૨માં લીમડીમાં 'સુબોધપ્રકાશ' અને ૧૮૮૫માં મહુધામાં 'સ્વદેશબંધુ' નીકળ્યાં. આ સર્વ તળ ગુજરાતનાં પ્રથમ પ્રાંતીય પત્રકારત્વનાં જન્મવર્ષ છે. ઓગણીસમી સદીના ઉત્તરાર્ધની એ જાગૃતિની જે જૂની મશાલો હજી પણ જલતી રહી છે તેમાં ૧૮૬૧નું 'ખેડા વર્તમાન', ૧૮૬૩નું 'સૂરતમિત્ર' આજે 'ગુજરાતમિત્ર' તરીકે, ૧૮૭૯નું 'ભરૂચ સમાચાર' અને ૧૮૮૮નું રાજકોટનું 'કાઠિયાવાડ ટાઈમ્સ' એટલાની માહિતી છે. એ પ્રાચીનોમાં જો કોઈએ આ યુગને અનુરૂપ પૂરો વિકાસ સાધ્યો હોય, તો તે 'ગુજરાતમિત્રે'. આજે એ તળ સૂરતનું જ નહિ પણ સમસ્ત દક્ષિણ ગુજરાતનું પ્રમુખ પત્ર બની રહ્યું છે.

પ્રાંતિય પત્રો

પણ અહીં આપણને જે પ્રાંતીય પત્રકારત્વ અભિપ્રેત છે તે તો ગામ-તળનાં અને જિલ્લા-તાલુકાનાં પત્રો. આજે પણ અમરેલી અને ભુજ, પેટલાદ અને ખેડબ્રહ્મા, ભરૂચ અને નડિયાદ, ખંભાત અને રાજપીપળા, મહેસાણા અને ડીસા, પાટણ અને મોડાસા, ઊંઝા અને પાલનપુર, હિંમતનગર અને પ્રાંતીજ, ગોધરા અને કપડવણજ, વાડાસિનોર અને નંદરબાર, સુરેન્દ્રનગર, વાંકાનેર અને છેક બગસરામાંથી ગામ-તાલુકાનાં પત્રો નીકળે છે, પરંતુ એમની ખીલવટ થઈ નથી. એમનું ગજું વધવું જોઈએ. યુરોપ-અમેરિકા-જાપાનનાં પત્રોની માફક પ્રજા એને પાટનગરનાં પત્રો કરતાં પણ પ્રાધાન્ય આપતી થવી જોઈએ, અને એનો અવાજ એટલો પ્રબળ હોવો જોઈએ કે ગામ-તાલુકાની સત્તાઓએ એને લેખવવાની ફરજ પડે. એ અવાજ બ્લૅકમેઈલ કરીને લોકને ફફડાવતા પીળા પત્રકારત્વનો નહિ, પણ પ્રજાના સાચા હમદર્દ સેવકનો, એના સંકટ સમયના રક્ષણહાર અને હક માટેના લડનારનો, એના વિકાસના વાલેસરી અને પ્રગતિના અગ્રચારીનો હોવો જોઈએ. એનો તંત્રી પ્રજાનું પૂછવા-ઠેકાણું અને સરકારનો પણ સલાહકાર બની શકે એવો હોય. ગામ-શેરીઓની સફાઈના પ્રશ્નોથી માંડીને છેક દિલ્હી-યુનેસ્કોમાંથી પોતાના તાલુકા માટે વિકાસભંડોળની રકમો ખેંચી લાવવાની તેની પહોંચ હોવી જોઈએ.

ગામ–તાલુકાની શાળા–ઈસ્પિતાલોનાં ઉદ્‌ઘાટન કોઈ પ્રધાનને હાથે નહિ, પણ તેને હાથે કરાવવાની ઊલટ અને ગૌરવ લોકમાં પ્રકટે એવો તે સંસ્કારમૂર્તિ હોય, તેમ આગ ધાડ જેવા સંકટ સમયે આગળ પડીને જળબંબાકો પંપ ચલાવવા જેટલો ને હથિયારબંધ સામનાના મોખરે રહેવા જેટલો છાતીધડો અને મજબૂત કાંડાં–બાવડાંવાળો તે હોય. એની હિમત અને નૈતિક પ્રભાવ આગળ ગામના ગુંડાઓ પણ નમી પડતા હોય અને ખટપટી અમલદારો તથા લાંચિયા નોકરોમાં એના પત્રની ઝુંબેશનો ફફડાટ હોય. શેરી–ચૌટાના નાના બનાવથી માંડીને ફિલિપ્પાઈન્સના ધરતીકંપ અને યૂનોની ચર્ચાસભા સુધીના ખબર પણ એના પત્રમાં તાટસ્થ્યથી અને ટૂંકામાં તારવીને મૂકેલા મળી આવે. મ્યુનિસિપલ કાયદાઓની, રેવન્યુની આંટીઘૂંટીઓની કે યુનિવર્સિટીના અભ્યાસક્રમોની માત્ર માહિતી જ નહિ પણ સૂઝ પ્રજાને પાડી શકે એટલો એ બહુશ્રુત હોય. એના પત્રમાં ગામ - તાલુકાની પ્રજાને સીધા ને પ્રથમ સ્પર્શતા પ્રશ્નો અને બનાવોની માહિતી, સાચી અને ઝીણામાં ઝીણી વિગતો ઠાંસીને એટલી વિશદતાથી આવતી હોય કે ગામનો પાનબીડીનો દુકાનદાર, રેણ દેનારો વહોરો, કે હળખેડૂ પણ તે સમજે ને તેમાં રસ લે; બલ્કે એ પાટનગરનાં પત્રો કરતાં પણ પોતાના ગામનું પત્ર વાંચવાનું ઝંખે; કેમ કે એમાં ગામની ઘાસની ગંજી સળગાવવાની જાસાચિઠ્ઠી મોકલનારનું પગેરું કાઢવાથી માંડીને રોડેશિયાના રાજકીય બળવા સુધીના એક પણ સમાચાર બાકાત રહ્યા ન હોય; સ્થાનિક હોય તે વિગત અને છણાવટથી ભરપૂર, અને દેશ - પરદેશના હોય તે ટૂંકા, પણ તણખો મૂકી જનારા. એ સાચું છે કે આજે મોટાં શહેરોનાં દૈનિકો પાછલી રાતથી મોટરો દોડાવીને પોતાની આસપાસના છેક દૂરના જિલ્લાઓનાં ગામ - ગામડાં સુધી પહોંચી જાય છે, પરંતુ તળપ્રદેશના એવા ઘણા સ્થાનિક પ્રશ્નો અને સમાચારો હોય છે જે એ શહેરી પત્રોના રસ અને પહોંચની બહારના હોય છે, પણ ગામ - કસ્બાના લોકોને માટે મહત્ત્વના અને જિજ્ઞાસા-પ્રેરક હોય છે. ઉપર કહ્યો તેવો તાલુકા - પત્રનો કાબેલ તંત્રી જરૂર પોતાના પત્રને શહેરી પત્રોની હરીફાઈથી પર મૂકી શકે. બલ્કે શહેરોમાં પણ પોતાની લોકપ્રિયતા સ્થાપી શકે.

વિચારપત્રો

આપણે ત્યાં બીજી અછત છે 'વિચાર–પત્રો'ની. સમાચાર - પત્રો–ન્યુસપેપરો આપણે ઠીક ઠીક ખીલવ્યાં, પણ વિચાર–પત્રો–વ્યુઝપેપરો, એટલે કે રાજકારણ, અર્થકારણ, સમાજ, શિક્ષણ, વ્યાપાર, સંસ્કાર આદિ ક્ષેત્રોના ચાલુ બનાવો, પ્રશ્નો ને સમસ્યાઓની ચર્ચા કરતાં, તેની ગૂંચો ઉકેલતાં, તેની બદીઓ સામે પ્રબળ ઝુંબેશ ઉઠાવતાં, ચાતરી જતી પ્રજાનો કાન પકડીને તેને ઠેકાણે લાવતાં અને તેના સંકટકાળે તેને હૈયાધારણ આપી, તેના ખમીરને ઉત્તેજિત કરી સંકટમાંથી મુક્ત થવાની સૂઝ અને શક્તિ પ્રકટાવતાં તથા પ્રગતિનો માર્ગ બતાવતાં પત્રો આપણે ત્યાં કેટલાં? 'નવજીવન' અને 'હરિજનબંધુ' વિલીન થયા પછી પ્રકટેલું 'સત્યાગ્રહ', 'વિનોબા - વિચાર-સરણીનું પુરસ્કારક 'ભૂમિપુત્ર' તથા 'પ્રબુદ્ધ જૈન'ના સાંકડા વાડામાંથી બહાર નીકળી વિશાળ વિચારપ્રદેશમાં વિચરતું 'પ્રબુદ્ધ જીવન' એ દિશામાં પોતપોતાની મર્યાદાઓ સાથે મથી રહ્યાં છે ખરાં; પણ ઈંગ્લંડનાં 'ન્યૂ સ્ટેટ્‌સમૅન', 'સ્પેક્ટેટર', 'ઈકનૉમિસ્ટ' અથવા અમેરિકાનાં 'ન્યૂ રીપબ્લિક' કે 'સર્વે ગ્રાફિક', આદિ જેવાં, અથવા 'ટાઈમ' કે 'ન્યૂસ વીક' જેવું પણ સંગીન કામ કરતાં સામયિકો કેટલાં? બંગાળીમાં વર્ષોથી ચાલતું સાપ્તાહિક 'દેશ', હિંદીમાં હમણાં પ્રકટેલું 'દિનમાન' અથવા મહારાષ્ટ્રમાં ત્રણ પેઢીથી ત્યાંની પ્રજામાં અરમાન પ્રકટાવતું અને તેની આકાંક્ષાઓને પોષતું 'કેસરી', આજે જે વિકાસ કરી ગયું તે આપણું એક કાળનું ગૌરવાન્વિત 'ગુજરાતી' કેમ ન કરી શક્યું, ને તેને મરવા કેમ દીધું? અરે, આપણા પાટનગરના 'પ્રજાબંધુ'ને આપણે કેમ મારી નાખ્યું? અમૃતલાલ શેઠ અને ઝવેરચંદ મેઘાણીનું 'સૌરાષ્ટ્ર' સૂઈ ગયા પછી 'ફૂલછાબ' એવું કેમ ફાલી ન શક્યું? 'જ્યોતિર્ધર' જર્જરિત કેમ થઈ ગયું અને 'સોપાન'નું 'સુકાની' સૂકાતું કેમ જાય છે? સામળદાસ ગાંધીએ 'કર્મભૂમિ' માંથી 'જન્મભૂમિ' અને 'વંદેમાતરમ્' દૈનિકોના દોર કરી, ઈંગ્લંડના 'ઑબ્ઝર્વર' જેવું કાઢવાના કોડ સાથે 'આસોપાલવ'નું તોરણ બાંધ્યું એવું જ કેમ કરમાઈ ગયું? એક કાળે ઊજળી 'રેખા' આંકતા જ્યંતી દલાલ, નવતર 'ગતિ'નો માર્ગ છોડીને માત્ર 'ચાલ અને ચીલા' તથા 'વહણ અને વમળ'માં જ કેમ અટવાઈ રહ્યાં હશે?

'જન્મભૂમિ'એ રવિવારે 'પ્રવાસી' ભેળવીને કરેલી અઠવાડિક આવૃત્તિ પેઠે 'મુંબઈ સમાચાર', 'સંદેશ' અને 'ગુજરાત સમાચાર' આદિ પોતાની સાપ્તાહિક આવૃત્તિઓમાં ફાળ ભરતાં લાગે જરૂર, પરંતુ એ ફાળ થોડાક સિન્ડિકેટેડ લેખો, થોડીક તારવેલી માધુકરી અને અમુક નિશ્ચિત વિભાગોદ્વારા પ્રજાને રવિવારની નિરાંતમાં વિવિધ રસના વિષયોનું વાચન આપવાની દિશામાં જ છે. એમાં મોટા ભાગે માહિતી હોય છે, માર્ગદર્શન જવલ્લે જ; અને વૈચારિક ઘડતર કેટલું એ પ્રશ્ન રહે છે. ગુજરાતી ભાષામાં આજે નીકળતાં ૧૦૪ સાપ્તાહિકોમાં આપણાં અવસન્ન 'ગુજરાતી' અને 'પ્રજાબંધુ'ની જેમ, દેશાવર વસતા ગુજરાતીઓને વતનના વિચાર અને સમાચાર પહોંચાડતાં તથા પોતપોતાના જિલ્લા - તાલુકાઓની પ્રજાની મશાલ બની રહેતાં સાપ્તાહિકો પણ કેટલાં તે મશાલ લઈને શોધવું પડશે.

ગુજરાતી માસિકો અને પાક્ષિકો

સાપ્તાહિક - પાક્ષિકથી આગળનાં સામયિકોનો વિચાર કરીએ તો અંગ્રેજીમાં જેને 'પીરીઑડિકલ વિથ આ પરપઝ' અથવા 'પ્લેન્ડ પીરીઑડિકલ' કહે છે એવાં હેતુલક્ષી અને ચોક્કસ આયોજનપૂર્વક ચાલનારાં સંગીન સાયમિકો—માસિક ત્રિમાસિકો–કેટલાં? અથવા બીજી બાજુએ, સાહિત્ય અને સંસ્કારક્ષેત્રમાં નવનિર્માણ કરનારાં, સમર્થ પણ પોતાની જાતને નમ્રતાપૂર્વક 'લિટ્‌લ મૅગેઝીન્સ' કહેવડાવનારાં સર્જન અને વિવેચનનાં, અભ્યાસ અને આલોચનનાં પત્રો કેટલાં? આચાર્ય આનંદશંકરના 'વસન્ત' કે મણિલાલના 'સુદર્શન' અથવા 'સમાલોચક', 'યુગધર્મ' કે હાજી મહંમદના 'વીસમી સદી' જેવું વ્યક્તિત્વ આજે જણાય છે? 'બન્ધુસમાજ'ના 'સુન્દરી-સુબોધ' અને કાંટાવાળાના 'સાહિત્ય'ની સૌરભનું તો સ્મરણ રહી ગયું. વિજયરાયનાં 'ચેતન' – 'કૌમુદી' – 'માનસી'ના ચોથા અવતાર 'રોહિણી'ને હજી પ્રતિષ્ઠાન પ્રાપ્ત થતું જણાતું નથી. રામનારાયણ પાઠકનું 'પ્રસ્થાન' એની જૂની જાહોજલાલીની યાદ કરાવવા માટે જ જાણે જીવતું લાગે છે. પહેલી આંગળીના વેઢા પર 'સંસ્કૃતિ'ને આંકતો અંગૂઠો એથી આગળ જઈ શકે છે ખરો? હા, 'બુદ્ધિપ્રકાશ' સાપની માફક ફરી એક વાર જૂની કાંચળી ઉતારી છે અને 'સ્વાધ્યાય', 'અભ્યાસ', 'રુચિ' તથા 'ગ્રંથ' ઊજળા પ્રભાતની આગાહી આપે છે ખરાં; સાથે 'સમર્પણ' પણ દેખાય છે અને યુવાસહજ ઉત્સાહપૂર્વક નવસર્જનની કેડીએ પશ્ચિમી સાહિત્યના અહોભાવમાં જરા વધુકું દૂર જતું 'ક્ષિતિજ' પણ પૂર્વાકાશમાં છે. 'મિલાપ' અને 'વિશ્વમાનવ'? એ બે હેતુલક્ષી માસિકોને પણ ગણવાં જોઈએ. આશા રાખીએ કે એ સૌનો મધ્યાહ્ન તપે.

બીજી બાજુએ, અન્ય સામયિકોને માટે મોટાં દૈનિકોની રવિવારિયા આવૃત્તિઓ ચેતવણીની લાલ બત્તી છે. રાજકારણ - અર્થકારણ આદિ પ્રાસંગિક વિષયો પરના સિન્ડિકેટેડ લેખો ઉપરાંત ટૂંકી વાર્તા, ચાલુ વાર્તા, સ્ત્રી વિભાગ, બાળ વિભાગ, સાહિત્ય, કળા, કાયદો, વિજ્ઞાન, આરોગ્ય, સિનેમા – રંગભૂમિ, જ્યોતિષ અને વ્યંગવિનોદ સુધી વિસ્તરેલા એના વિભાગો તથા યુરોપ – અમેરિકાનાં ફીચર્સની વાનગીઓ, જૂનાં પીઢ સામયિકો અને ડાયજેસ્ટો માટે પણ ચાનકરૂપ છે, તો ફક્ત લેખકો તરફથી તેમના ગજા પ્રમાણેની જે કાંઈ લેખસામગ્રી ટપાલમાં મળે તે છાપી નાખવાની પદ્ધતિએ ચાલતાં સામયિકો કેમ નભી શકશે?

અપૂર્ણ

બચુભાઈ રાવત

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ. મુંબઈ–૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્‌સ પીપલ: પ્રેસ, કોટ, મુંબઈ

Regd. No. MH. 117
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૭ : અંક ૨૨

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, માર્ચ ૧૬, ૧૯૬૬, બુધવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૨૫ પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

તાજેતરમાં મુંબઈમાં અપાયેલી બાલદીક્ષા વિશે એક અનુભવ

મુંબઈ ખાતે એક કચ્છી ગૃહસ્થ વેલજી ડુંગરશીના દીકરા જયંતને તા. ૨૩-૨-૬૬ ના રોજ મુંબઈમાં વર્ષોથી સ્થિરવાસ ધારણ કરી રહેલા શ્રી વિજયધર્મસૂરિના શિષ્ય મુનિ યશોવિજયજીના શિષ્ય મુનિ જયાનંદ વિજયજીએ શ્રી નેમિનાથજીના જૈન મંદિર સાથે જોડાયેલા ઉપાશ્રયમાં દીક્ષા આપી છે. આ દીક્ષા સંબંધમાં જૈન સમાજ સમક્ષ થોડીક વિગતો રજૂ કરવાનું જરૂરી લાગે છે.

પ્રસ્તુત ઘટના બની તેના થોડા દિવસ પહેલાં કોઈ ૧૪-૧૫ વર્ષના એક છોકરાને દીક્ષા અપાવાની છે એમ કર્ણોપકર્ણ જાણવામાં આવ્યું અને તે અંગે તપાસ કરતાં એ મુજબની ખબર મળી કે ઈ. સ. ૧૯૬૪ની સાલ દરમિયાન પ્રાર્થનાસમાજની બાજુએ આવેલા ઉપાશ્રયમાં મુનિ કુશળવિજયજી ચોમાસું કરી રહ્યા હતા તે દરમિયાન તેમની પાસે ઉપર જણાવેલ વેલજી ડુંગરશીએ પોતાનો દીકરો જેની ઉંમર એ વખતે આશરે ૧૩ વર્ષની હતી તેને સ્વીકારવા એટલે કે તેને દીક્ષા આપવા વિનંતિ કરેલી અને તેના બદલામાં, પોતાની સ્થિતિ આર્થિક ભીડવાળી હોઈને, આશરે રૂા. ૧૩,૦૦૦ ની જોગવાઈ કરી આપવા ભાઈ વેલજીએ સૂચવેલું, પણ મુનિ કુશળવિજયજીએ આવી બાલદીક્ષા સામે પોતાનો વિરોધ જાહેર કરીને અને તેમાં પણ આવા સોદાની જ્યાં વાત હોય ત્યાં દીક્ષા આપવાના વિચારને સ્વપ્ને પણ સ્થાન ન હોઈ શકે એમ મક્કમપણે જણાવીને ભાઈ વેલજીની ઉપર જણાવેલી વિનંતિનો સાફ સાફ અસ્વીકાર કર્યો અને એ રીતે દીક્ષાની વાત એ વખતે અદ્ધર રહી. ત્યાર બાદ પછીનું ચોમાસું એટલે કે ગત વર્ષનું ચોમાસું જેમનો ઉપર ઉલ્લેખ કરવામાં આવ્યો છે એ મુનિ જયાનંદવિજયજીએ—એ જ ઉપાશ્રયમાં કર્યું અને એ દરમિયાન આ છોકરાને દીક્ષા આપવાનાં ચક્રો પાછાં ફરીને ગતિમાન થયાં. એ ચક્રો અંગે એવી વાતો વહેતી સાંભળવામાં આવી કે આ છોકરાને દીક્ષા આપવાનાં બદલામાં રૂા. ૧૩,૦૦૦-થી પણ વધારે મોટી રકમ—આશરે રૂા. ૧૬,૦૦૦—આ છોકરાના બાપને આપવાનું નક્કી કરવામાં આવ્યું છે અને પરિણામે ફેબ્રુઆરી માસની ૨૩ મી તારીખે તેને દીક્ષા આપવાની છે.

આ બધી માહિતી મળી કે તરત જ એટલે કે તા. ૨૧ મી ફેબ્રુઆરીની સાંજે, ઉપરની વાતોમાં કેટલું તથ્ય છે એ અંગે જાણકારી મેળવવા તેમ જ ધારો કે એમાં કશું પણ તથ્ય ન હોય તો પણ આટલી નાની ઉંમરના છોકરાને દીક્ષા ન આપવાની વિનંતિ કરવા માટે હું અને અમારા મુંબઈ જૈન યુવક સંઘના બે સહકાર્યકર્તાઓ શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારી અને શ્રી ચંદુલાલ મોહનલાલ ઝવેરી નેમિનાથજીના ઉપાશ્રયે મુનિ જયાનંદજીને મળવા ગયા અને ઉપરની વિગતો તેમની સમક્ષ રજૂ કરીને મેં મુનિશ્રીને જણાવ્યું કે "આવા ૧૪—૧૫ વર્ષના છોકરાને આપ દીક્ષા આપો અને તે પાછળ કોઈ ને કોઈ સોદા જેવું હોવાનો અંદેશો હોય—આમ બન્ને રીતે આ દીક્ષા યોગ્ય નથી લાગતી—આ બાબત તરફ આપનું ધ્યાન ખેંચવા અને શક્ય હોય તો આ દીક્ષા આપવાનું મુલતવી રાખવા માટે વિનંતિ કરવા અમે આવ્યા છીએ." તેના જવાબમાં તેમણે જણાવ્યું કે "છોકરાની ઉમ્મર ૧૪-૧૫ નહિ પણ ૧૬-૧૭ વર્ષની છે અને બે વર્ષ પહેલા ચાલેલી દીક્ષા આપવાને લગતી વાટાઘાટોમાં લેવડદેવડનું કાંઈ હશે, પણ અમારી સાથેની વાતમાં આવું કશું જ નથી. છોકરો અમારી સાથે એક વર્ષથી રહે છે અને દીક્ષા લેવા માટે પૂરો યોગ્ય માલૂમ પડયો છે અને તેના બાપે પૂરી રાજીખુશીથી સંમતિ આપી છે." મેં જણાવ્યું કે "જો આગળ અપાનારી દીક્ષાની વાટાઘાટમાં લેવડદેવડની વાત હોય તો આ વખતે અપાનારી દીક્ષામાં આવું કશું ન હોય એમ અમારાથી માની શકાતું નથી." અમારામાંના એક સાથીએ પૂછ્યું કે "પણ આગળ અપાનારી દીક્ષામાં છોકરાના બાપને રૂા. ૧૩,૦૦૦ જેટલી રકમ આપવાની વાત હતી તે તો બરોબર છે ને?" મુનિશ્રીએ જણાવ્યું કે "આ બાબત હું ચોક્કસ કહી ન શકું, પણ તેના બાપે એ મતલબનું કહેલું કે મારે એ વખતે આર્થિક જોગવાઈની ખાસ જરૂર હતી અને તે કારણે એવી વાટાઘાટ થયેલી, પણ આ વખતની દીક્ષામાં તો હું ખાત્રીપૂર્વક જણાવું છું કે એવું કશું નથી." આ સાંભળીને મેં જણાવ્યું કે "આટલી નાની ઉમ્મરનાને આપ દીક્ષા જેવા ભારે કઠણ આજીવન વ્રતથી બાંધી લ્યો તેના બદલે તેને સાથે રાખી ક્ષિશણ અને ધાર્મિક તાલીમ આપો અને તે પરિપક્વ ઉમ્મરનો થાય પછી તેને દિક્ષા આપો તો અમે પણ આપને એવી દીક્ષામાં સાથ આપીએ." તેમણે જવાબ આપ્યો કે "તેની ઉમ્મર ૧૭ વર્ષની છે અને જો બીજી બધી રીતે યોગ્ય લાગે તો પછી આ ઉમ્મરે દીક્ષા આપવામાં અમને કશું અયોગ્ય લાગતું નથી. આ બાબતમાં અમારા અને તમારા વિચારમાં તફાવત છે એ તમે જાણો છો." મેં જણાવ્યું કે "આમ જાણવા છતાં પણ અમે આપની પાસે એમ સમજીને આવ્યા છીએ, કે આપનો સાધુસમુદાય જમાનાને પીછાણનારો છે અને ઘણી બાબતમાં આપણી વિચારભૂમિકા સરખી છે. જો આપની જગ્યાએ વિજયરામચંદ્રસૂરિ હોત તો આવી બાબતોમાં તેમનું અક્કડ અને જડબેસલાટ વલણ અમે જાણતા હોઈને અમે તેમની પાસે આ માટે ન જ ગયા હોત." મુનિશ્રીએ કહ્યું કે "આ બધું બરોબર છે, પણ અમારા ગુરુના ગુરુ વિજયધર્મસૂરિ અહીં બાજુએ જ છે, તેમની સાથે આ બાબતની ચર્ચા કરો." એટલે અમે તેમની પાસે ગયા. તેમની તબિયતના ખબર પૂછીને અમારા આવવાનો ઉદ્દેશ તેમને જણાવ્યો અને આવી બાલદીક્ષા મુલતવી રાખવા અમે વિનંતી કરી. તેમણે ઉશ્કેરાટપૂર્વક અમારી સાથે આ બાબતની ચર્ચા કરવાની સાફ સાફ ના ફરમાવી. અમે ફરીફરીને અમારી વાત સમજાવવા પ્રયત્ન કર્યો પણ અમે તેમને તેમના મક્કમ નકારમાંથી

ચલાયમાન કરી ન શકયા અને તેમનાં આવા વર્તનથી આઘાત પામીને પાછા ફર્યા.

અમારા મુંબઈ જૈન યુવક સંઘ માટે બાલદીક્ષાની અટકાયત એ પાયાનો પ્રશ્ન છે અને તેથી આ સંબંધમાં બનતું કરી છૂટવું જોઈએ એમ સમજીને બીજે દિવસે સાંજે અમારા સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ, એક મંત્રી શ્રી ચીમનલાલ જેઠાલાલ શાહ અને હું સંઘનો ઉપપ્રમુખ—એમ ત્રણ સાથીઓ નેમિનાથજીના ઉપાશ્રયે ગયા અને મુનિ જયાનંદવિજયજીને મળ્યા અને તેમની સાથે કેટલીક ચર્ચા કરી, પણ તેમના વિચાર વલણ ઉપર અમે કશી અસર પાડી ન શકયા, એટલે અમે તેમની રજા માંગી. પછી ગઈ કાલના અમારા અનુભવ ઉપરથી અમારી અનિચ્છા હોવા છતાં મુનિ જયાનંદવિજયજી અમને આગ્રહ કરીને પોતાના ગુરુના ગુરુ શ્રી વિજયધર્મસૂરિ પાસે લઈ ગયા. તેમને નમસ્કાર કરીને અમે બેઠા એટલે આગલે દિવસે પોતે અખત્યાર કરેલા વલણ અંગે દિલગીરી દર્શાવતાં તેમણે જણાવ્યું કે "તમે જાણો છો કે આમ મારી તબિયત જોઈએ એટલી સારી રહેતી નથી અને ગઈ કાલે હું બહુ થાકી ગયો હતો. આમ છતાં પણ સાધારણ રીતે કોઈ વખત હું ઉશ્કેરાઉં નહિ, અને ગઈ કાલે કોણ જાણે કેમ મારાથી આમ વર્તાઈ ગયું જે માટે હું ખરેખર દિલગીર છું." આવી તેમની સરળતા અને ઉદારતાથી અમે પ્રસન્નતા અનુભવી અને આવી બાલદીક્ષા સંબંધમાં અમારું દૃષ્ટિબિંદુ રજૂ કરીને આ ૧૪-૧૫ વર્ષના બાળકને દીક્ષા ન આપવા અમે તેમને વિનંતી કરી. એટલામાં મુનિ જયાનંદવિજયજીએ જણાવ્યું કે "છોકરાની ઉમ્મર ૧૪-૧૫ વર્ષની નહિ પણ ૧૭-૧૮ વર્ષની છે." મેં ટકોર કરી કે "બે દિવસના ગાળામાં છોકરાની ઉમ્મર ૧૬—૧૭, ૧૭ અને ૧૭—૧૮ વર્ષ એમ ફરતી રહી છે, પણ છોકરાને નજરે જોનારા તેની ઉમ્મર ૧૪-૧૫ વર્ષથી વધારે આંકતા નથી." આચાર્યશ્રીએ વચ્ચે પડીને જણાવ્યું કે "જ્યાં બાલદીક્ષાના પ્રશ્ન ઉપર અમારી અને તમારી વચ્ચે પાયાનો મતભેદ છે ત્યાં આ છોકરાની ઉમ્મર ૧૪-૧૫ હોય કે ૧૭-૧૮ હોય તે પ્રશ્ન અમારા માટે કોઈ ખાસ મહત્ત્વનો નથી. અમારા માટે તો દીક્ષા લેનાર જીવની યોગ્યતાનું અને તેના દિલમાં ઊઠેલા ભાવનું મહત્ત્વ છે અને આ છોકરામાં બન્ને પ્રકારે અમને પૂરી યોગ્યતા ભાસી છે અને તેથી તમે અમારી સાથે સહમત ન થાઓ તો પણ અમને આવી દીક્ષા આપવામાં કશું પણ અજુગતું લાગતું નથી. અને તમે તો જાણો છો કે અમારામાંના ઘણાખરા બાલદીક્ષિત છીએ, છતાં અમને તે અંગે કોઈ પસ્તાવો કરવાનું કારણ મળ્યું નથી." આના ઉત્તરમાં શ્રી ચીમનભાઈએ જણાવ્યું કે "આપણા વડીલો બહુ નાની ઉમ્મરે પરણતા હતા તે ઉપરથી જેમ આજે કોઈ બાળલગ્નની હિમાયત કરતું નથી તે મુજબ જ જૈન દીક્ષા જેવું ગંભીર જવાબદારીભર્યું અને આજીવન વ્રત લેવા માટે પરિપકવ ઉમ્મર આવશ્યક છે એમ અમને સુદૃઢપણે લાગે છે. અને એ ઉપરથી અમારી સ્થાનકવાસી કૉન્ફરન્સે કોઈ પણ દીક્ષાર્થી માટે ઓછામાં ઓછી અઢાર વર્ષની ઉમ્મર કેટલાંય વર્ષથી નક્કી કરી છે. હવે થોડા સમય પહેલાં જ એમ બન્યું કે અમુક ત્રણ બહેનો એક સાથે દીક્ષા લેવા ઇચ્છતી હતી. આમાંની એક બહેનની ઉમ્મર પૂરી ૧૮ વર્ષની નહોતી. આ બાબત વિચારણા માટે અમારા સંઘ આગળ રજૂ થતાં સૌથી નાની બહેનની ઉમ્મર અઢાર વર્ષ પૂરાં થાય ત્યાર બાદ જ ત્રણેને દીક્ષા અપવી એવો નિર્ણય કરવામાં અવ્યો અને પરિણામે એ દિક્ષાઓ ચાર મહિના આગળ ઠેલવામાં આવી." આમ જણાવીને આવી કોઈ ઉમ્મરને લગતી મર્યાદા દીક્ષા સંબંધમાં આજે હોવી ઘટે છે એ બાબત આગ્રહપૂર્વક તેમણે રજૂ કરી. પણ એક વખત મક્કમપણે બંધાયેલા અભિપ્રાયો અને વલણોમાં તત્કાળ ફેરફાર કરવાનું લગભગ અશક્ય બને છે એ મુજબ આ આચાર્યશ્રીના નિરધારમાં ફેરફાર કરાવવામાં અમે નિષ્ફળ નિવડ્યા. આમ છતાં પરસ્પર કશી પણ કટુતા અનુભવ્યા સિવાય અમે પ્રસન્નતાપૂર્વક એકમેકથી છૂટા પડ્યા.

આખરે પૂર્વનિર્ધારિત મુજબ તા. ૨૩-૨-'૬૬ ના રોજ ભારે ધામધુમપૂર્વક આ છોકરાને દીક્ષા આપવામાં આવી અને ગઈ કાલનો છોકરો જયંત આજે મુનિ જયશેખરવિજયજી બન્યો અને માત્ર વેશપલટાના કારણે આખા જૈન સમાજનો—વિશેષતઃ જૈન શ્વે. મૂ. સમાજનો—એક વંદનીય સાધુ બની ગયો.

આ દીક્ષાપ્રકરણની વિગતો બે મુદ્દા આગળ ધરે છે. એક તો આ દીક્ષા આપવા સાથે છોકરાના બાપ સાથે કોઈ આર્થિક સોદો કરવામાં આવ્યો છે કે કેમ? જો મુનિ જયાનંદનજી સાથેની વાતચીતમાં તેમણે લગભગ કબૂલ કર્યું છે તે મુજબ આગળ અપાનારી દીક્ષામાં આ પ્રકારની વાટાઘાટો ચાલી, તો પછી બાપની આર્થિક પરિસ્થિતિ આજે પણ લગભગ એ જ પ્રકારની ચાલુ હોવા છતાં આજે એવું કશું વિચારવામાં કે નક્કી કરવામાં આવ્યું ન હોય એમ સહેજે માની શકાય તેમ નથી. અને જો એમ બન્યું હોય તો આવી દીક્ષાને સોદાબાજી સિવાય બીજું શું કહી શકાય? અને તો પછી પ્રશ્ન થાય છે કે આ પ્રકારની સોદાબાજી જૈન દિક્ષાના ગૌરવમાં વધારો કરે છે કે ઘટાડો? ધર્મકૃત્ય કરવા જતાં ધર્મને જ હાનિ પહોંચતી હોય તો એના જેવું અધર્મમય બીજું શું હોઈ શકે?

બીજો મુદ્દો ઉમ્મરનો છે. આ બાબતમાં તપાસ કરતાં માલુમ પડે છે કે નવદીક્ષિત જયંત, મુંબઈની કબુભાઈ હાઈસ્કૂલમાં આઠમાં ધોરણમાં ભણતો હતો અને તે નિશાળમાં તેનો જન્મદિવસ તા. ૧૩-૯-૫૧ નોંધાયો છે. આ રીતે તેની ઉમ્મર ૧૫ વર્ષ નીચે ગણાય, જ્યારે દિક્ષાગુરુએ તેની ઉમ્મર ૧૭-૧૮ ની હોવાનું જણાવ્યું છે.* આ તફાવતનો ખુલાસો એ રીતે કરી શકાય કે જેમ કોઈ વિવાહ સંબંધ નક્કી કરવાની વાટાઘાટો દરમિયાન સૂચિત વરની ઉમ્મર મોટી હોય તો કન્યાની વાસ્તવિક ઉમ્મર હોય તે કરતાં તે સહેજે બે ચાર વર્ષ મોટી હોવાનું જણાવવામાં આવે છે અને સૂચિત વરની ઉમ્મર નાની હોય તો કન્યાની ઉમ્મર સહેજે બે—ત્રણ વર્ષ ઘટી જાય છે, તેમ બાલદીક્ષા—વિરોધી સાથે વાત કરતાં દીક્ષાર્થી, ઉપરના કિસ્સામાં બન્યું તેમ, બે-ત્રણ વર્ષ મોટો થઈ જાય છે અને બાલદીક્ષાના અનુમોદક સાથે વાતો કરતાં તેને થોડો યા વધારે નાનો લેખાવવામાં ગૌરવ અનુભવાય છે. આ આખા પ્રકરણ દ્વારા સૂચિત થતા અર્થો વિવેકી વાચક સહજમાં તારવી શકે તેમ છે. તેથી આ પ્રકરણની વિશેષ આલોચના કરવાની જરૂર લાગતી નથી. **પરમાનંદ**

પૂરક નોંધ: ઉપરની નોંધ લખાયા બાદ મુનિ કુશળવિજયજી મુંબઈમાં જ વસતા હોઈને તેમને થોડા દિવસ પહેલાં મળવાનું બન્યું અને તાજેતરમાં જે છોકરાને દીક્ષા આપવામાં આવી છે તે જયંત સંબંધમાં મુનિ કુશળવિજયજી અંગે આ નોંધની શરૂઆતમાં જે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે વિષે પૂછતાં તેમણે જણાવ્યું કે "મારા વિષે ઉપર જે વિગત આપવામાં આવી છે તે બરોબર છે, એટલું જ નહિ પણ, વેલજી તો પોતાનાં બન્ને બાળકોને (બીજું બાળક આશરે દશ વર્ષનું હતું) વહોરાવવાને તૈયાર હતો અને તેને તો તમે જણાવી તેવા નક્કર આર્થિક ટેકાની જરૂર હતી અને તેથી તાજેતરમાં જે દીક્ષા આપવામાં આવી છે તે દીક્ષા સાથે આર્થિક વળતર જોડાયલું હોય એ પૂરું સંભવિત છે. બાકી ખરેખર શું બન્યું છે તે તો દીક્ષા આપનાર ગુરુ સિવાય બીજું કોણ કહી શકે?" **પરમાનંદ**

* આ દીક્ષામહોત્સવના તા. ૫-૩-૧૯૬૬ ના "જૈન" માં પ્રગટ થયેલ સત્તાવાર અહેવાલમાં આ છોકરાની ઉમ્મર ૧૬ વર્ષની જણાવવામાં આવી છે.

વિષયસૂચિ

		પૃષ્ઠ
તાજેતરમાં મુંબઈમાં અપાયેલી બાલદીક્ષા વિષે એક અનુભવ	પરમાનંદ	૨૨૩
વેદાન્તનું સમ્યક્ સ્વરૂપ	સ્વામી પ્રવ્રાજતીર્થ	૨૨૫
તુલસીશ્યામ સાધનાશિબિર	ડૉ. રમણલાલ ચી. શાહ	૨૨૬
પત્રકારત્વ	બચુભાઈ રાવત	૨૨૯
વીર સાવરકર	સોહમ્	૨૩૧
ભસ્મવિસર્જનની ક્રિયામાં ઔચિત્ય કેટલું?	પરમાનંદ	૨૩૨

વેદાન્તનું સમ્યક્ સ્વરૂપ

(ગતાંકથી ચાલુ)

જીવના સંસ્કાર તથા દેશકાલાદિને કારણે એ લક્ષ્યની સિદ્ધિના રાહ અનેક હોય; તેથી શું? नृणामेकोगम्यस्त्वमसि पयसामर्णव इव. કામ મમ્મં જોડે છે; ટપ-ટપ તો જે હોય તે! મંજિલે પહોંચવાના રાહરસ્તા તો, સંયોગવશાત્ ને શ્રદ્ધાનિષ્ઠાનુસાર, સ્વ સ્વ ક્ષેત્રે ઉત્તમ જ હોય છે. પેટમાં અન્નને પહોંચાડવું, એ સર્વ ભોજનોને સમાન એવો પરમ સિદ્ધાંત છે; જમવાની રીતો કે વાનીઓના પ્રકાર ભલેને સહસ્રાવધિ હોય; તેમાં એકબીજા પ્રત્યે આગ્રહ કે દબાણ શા માટે?... જેને જેમ જમવું હોય તેમ જમે; ટેબલ-ખુરસીએ, પાટલે, ઊંધા પડીને, ઊભા રહીને, આડા પડીને... પણ એક વાતનો આગ્રહ જરૂર, કે જમે! આ વેદાન્તનો મુદ્દો હોવાથી, એ દર્શનને કોઈ "અન્ય" સામે વાંધો નથી, કેમકે તેને કોઈ "અન્ય" છે જ નહિ. તે કારણે તો એ અભેદદર્શન કહેવાયું છે, અને કોઈ પણ સંપ્રદાય કે પંથના સરહસ્યપાલનમાં એ અભેદદર્શન સાધક જ બને છે, કદી પણ બાધક નહિ. તે કહે છે કે વેદ એટલે જ્ઞાન; જ્ઞાન એટલે જાણવું, "જાણવું" તો સ્વતઃ હમેશાં નિર્દોષ અને પવિત્ર જ હોઈ શકે; એનો "યોગ" પરમ હિતકારી જ હોય; પરંતુ ભિન્નતા આવે છે એ જ્ઞાનના 'ઉપયોગ'માં, તેના સંસારાસકત જીવભાવ સાથેના અવિચારી જોડાણમાં. ભેદમાત્રનું મૂળ એ છે. શ્રી શંકરાચાર્યે મુમુક્ષુ માટે વેદના મોક્ષભાગને, વિશાળ સંસારી જનસમુદાયના ઉપયોગ અર્થે યોજાયેલા તેના કર્મકાંડાદિ ભાગથી ખાસ તારવી લઈને, તેનો સ્ફોટ તથા તેની વ્યાખ્યા કરી આપ્યાં છે.

બધું જ શ્રેયસ્કર ઘણું ખરું બધાં જ દર્શનોમાં સમાવિષ્ટ હોય છે; ફરક જ્યાં હોય ત્યાં માત્ર તેમાંના અમુક અમુક અંગો ઉપર ઓછો-વત્તો ભાર મૂકાયા પૂરતો, તથા પ્રક્રિયાઓના વૈવિધ્ય પૂરતો, વિગતોનો જ હોય છે. સંસારમાં સરસો જેવો રહ્યા છતાં માનવી સંપૂર્ણતઃ આંતરિક સ્વરૂપજ્ઞાનજન્ય તાટસ્થ્ય અર્થાત્ સાક્ષીભાવ ધારણ કરીને પ્રસન્નતામાં અવિચળ રહે, એ પાસાને વેદાન્તસિદ્ધાંત ખાસ મહત્વ આપે છે. અને એવી ચિત્તસ્થિતિની સિદ્ધિ, તે વેદાન્તનો "સદેહે મોક્ષ" છે, કે જેની પ્રતિષ્ઠા અર્થે શાંકરભાષ્યો પ્રવર્તે છે. તેથી તેમાં ક્યાંયે વિધિનિષેધનું માળખું નથી, અને આચાર્ય મુક્તકંઠે મોક્ષમાર્ગ ગાતાં લલકારે છે કે चांडालोऽस्तु स तु द्विजोऽस्तु गुरुरित्येषा मनीषा मम; જેમ શ્રી હેમચંદ્રાચાર્યે ગાયું કહેવાય છે કે શિવ હોય કે વિષ્ણુ હોય કે ગમે તે નામ હોય, પરંતુ જે કોઈ વીતરાગદ્વેષ પ્રભુ તત્ત્વ સત્ત્વ હોય તેને મારા નમસ્કાર હો તેના જેવું! વેદાન્તસિદ્ધાંત આમ પરમાર્થમાં જાતિવર્ણભેદનો છેદ ઉરાડી દે છે; અને જે સંપ્રદાયમાં એવા ભેદ હોવાનું ભાસતું હોય ત્યાં પણ વેદાન્તની દૃષ્ટિ પ્રકટતાં એ ભેદ ગૌણ, નિઃસત્ત્વ અને તેથી નહિવત્ બની જઈ, કંઈ જ હાનિ કરવા અસમર્થ થઈ જઈ, છેવટે નાશ જ પામે છે. એ અભેદ સ્થાનની રીત છે.

આપણે એ અભેદશાસ્ત્રનાં ચાવીરૂપ પદોમાંનાં કેટલાંકને નાણી જોઈએ-બહુ જ ટૂંકામાં, માત્ર નમૂનારૂપે જ, સ્થળમર્યાદાના કાયદામાં રહીને. દા. ત. બ્રહ્મ; बृहँ = વધવું, એ ધાતુ; જે સદૈવ બધાથી વધીને, વધારેમાં વધારે મહત્ત્વનું રહે છે, તે તત્ત્વ. એ કયું? ચરાચર સમગ્ર વિશ્વમાં નિરપવાદ સ્પૃહણીય વસ્તુ કઈ હતી, છે, ને રહેશે? સુખ, આનંદ, પ્રસન્નતા, સંપૂર્ણ દુઃખાભાવ! એ જ સર્વેશ્વર તત્ત્વ છે. "ગુરુ", એટલે જે કદીયે, ક્યાંયે, ને કશાથી લઘુ નથી, તે. એ કયું? એ સુખેચ્છાની, નિત્ય પ્રસન્નતાની સ્થિતિ જેના દ્વારા પ્રાપ્ય હોઈ શકે તે, આધ્યાત્મિક રાહબર! "ગુરુ-ગોવિન્દ દોનોં ખડે..." વાળી ઉક્તિ અનુસાર, બ્રહ્મ-લક્ષ્યનો એવો હાજરાહજુર દેહધારી પથપ્રદર્શક, વિદ્યમાન્ કે વિદેહ, જે હોય તે, તેમ જ ઉભય, આત્મશ્રેયસાધનનો ગુરુ છે; અને તેને સર્વ ઉપનિષદો "બ્રહ્મ એવ" કહે છે, કેમ કે સુખ અને તેનો નિર્દેશક અભિન્ન જ છે. આત્મા, अवति इति; अव् रक्षणे; જે સમગ્ર જીવનનું ધારણ કરનારું ચેતન તત્ત્વ છે કે જે કેવળ આનંદરૂપ જ છે તે. સુખની જ આશાએ જીવ "જીવે" છે; તેવી આશા ઊડી જતાં, જીવવામાંથી રસ ઊડી જઈ, માનવી પ્રાણત્યાગ કરવા તત્પર બને છે; એ જ માનવીનું મૂળ સ્વ-રૂપ છે, કે જેના વિના તેનું અસ્તિત્વ જ અસંભવ છે ઈત્યાદિ.

શ્રી શંકરાચાર્યે વ્યાવહારિક સત્તા અર્થાત્ જીવ-જગતની વ્યાવહારિક સત્યતાની દૃઢ પ્રતિષ્ઠા કરી આપી છે; તેનું સમ્યક્ સ્વરૂપ સ્થાપી દીધું છે; અને "બધું જ બ્રહ્મ છે; તું, આ જીવાત્મા, જ્ઞપ્તિ... તત્ત્વતઃ બ્રહ્મ જ છે," એ સિદ્ધાંતઘોષણાને નક્કર વ્યાવહારિક ક્લેવર આપવા સાથે પારમાર્થિક દૃષ્ટિએ સર્વ દૃશ્યમાન જગતનું મિથ્યાત્વ સમજી લઈને વીતરાગભયક્રોધ થઈને માનવી સંસારમાં પ્રવર્તતો છતો, ઉભય લોકને જીતી શકે – પછી ભલેને એ ગમે તે વિધિનિષેધ-મૂલક આચારસંપ્રદાય પાળતો હોય–એ છે શાંકર અદ્વૈત સિદ્ધાંત–દર્શન. એવો અભેદાનુભવ, એ વેદાન્તજ્ઞાનનું ફળ છે. લક્ષ્ય છે, દુઃખની સમૂલ (=અવિદ્યાસહિત) નિવૃત્તિ, અને સુખની નિત્યપ્રાપ્તિ; પ્રત્યેક "રિલિજ્યન" એ દર્શનની સિદ્ધિ અર્થેની પ્રક્રિયા–માત્ર છે. તેથી સુરેશ્વરાચાર્ય કહે છે કે "જેના જેના વડે મનુષ્યને અંતરાત્માની વ્યુત્પત્તિ થવા પામે, તે તે પ્રક્રિયા તેને માટે ઉત્તમ જ છે;" જેનાથી તારું કામ સરે, તે સાધન તારું; અર્થાત્, ધર્મ-સંપ્રદાયાદિ તો, પ્રત્યેક બુદ્ધિમાન મનુષ્ય માટે, પોતપોતાની રુચિની અર્થાત્ ફાવટની બાબત છે, નહિ કે અન્યોથી વૈમનસ્યની. એ અભેદદર્શનનો અભિપ્રાય છે. મહત્વની બાબત ત્યાં એ જ છે કે પ્રાપ્તવ્યનો નિર્ણય સ્પષ્ટ થઈ જવો જોઈએ. તેને માટે એક સ્થળે સુંદર પ્રકારે કહ્યું છે કે, "ઋત, આત્મા, પરબ્રહ્મ, સત્ય ઈ૦ પદો વડે જ્ઞાનીજનોએ માત્ર વ્યવહારના નિર્વાહણ અર્થે એ મહાત્મા (–પરમશ્રેય) ની સંજ્ઞાઓ કલ્પી આપી છે; એ જ સાંખ્યદૃષ્ટિનો પુરુષ, વેદાન્તવાદીનું બ્રહ્મ, વિજ્ઞાનવાદીઓ (બૌદ્ધો)નું વિજ્ઞાન એકાન્ત નિર્મલ વિજ્ઞાનમાત્ર, મહાદેવિયાઓનો શિવ, કાળના પૂજક જ્યોતિષીઓનો કાલ.... છે." અરે, જમીન ખોદવાના ઈચ્છુકના ઈશ્વર કોદાળી, સુતારનો લાકડું, લુહારનો લોઢું...એમ ઈશ્વરોનો પાર નથી... અને મોક્ષેચ્છુનો ઈશ્વર છે સ્વાત્મસ્થિત બ્રહ્મ!... અન્યત્ર કહ્યું છે કે "જેને શૈવો શિવ નામે, વેદાન્તીઓ બ્રહ્મ નામે, બૌદ્ધો બુદ્ધ નામે, તર્કપટુ નૈયાયિકો કર્તા નામે, જેનો અર્હત્ નામે, મીમાંસકો કર્મ નામે... ઉપાસે છે, તે સર્વ ક્લેશહર ત્રિલોકીનાથ તત્ત્વ આપનું રક્ષણ કરો." એને વેદાન્તનો સાર કહી શકાય.

એવું જ ભૂમા, (–સમગ્ર ભૂ કહેતાં વિશ્વને માપે જેનું માપ છે તેવો સર્વાત્મભાવ), સમત્વ (–સર્વત્ર સર્વ કંઈ સ્વ=આનંદ રૂપે સમાન જ ભાસવું તે–), નિર્દોષતા, પ્રેમ, રસ, સત્ય ઈત્યાદિ વેદાન્તના "બ્રહ્મ"ના પર્યાયોનું વિશ્લેષણ સુજ્ઞો સમુચિત ભાવે કરી લ્યે, પોતપોતાને માટે.

મોટા વાદવિવાદો 'માયા' તથા "મિથ્યા" શબ્દો પરત્વે થતા જોવામાં આવે છે; અને તે બધા પાયા વિનાના છે. માયાનો અર્થ "વસ્તુ ખરેખર જેવી હોય તેવી ન જણાતાં વિપરીત અથવા અન્ય રૂપે ભાસવી, અને તે સાચેસાચ તેવી જ હોવાનો ચિત્તમાં અભિનિવેશ થવો તે"; એથી વિશેષ કંઈ નહિ. જે વસ્તુ અંતે ખરેખર અનિષ્ટ હોય તેને ઈષ્ટ લેખીને તેની સ્પૃહા થવી, તેમ જ વસ્તુતઃ જે હિતકર શ્રેયઃસાધક હોય તેને "નથી ગમતી" સમજીને ત્યજી દેવી, એ પ્રકાર જીવનમાં સર્વત્ર પ્રવર્તતો દેખાય છે જ. એમ થવું, એ "માયા." એને આ દર્શન સ્વરૂપાજ્ઞાન અથવા અવિદ્યા પણ કહે છે; એવી અવિદ્યા અથવા ભ્રાંતિ જ સર્વ "પાપ"નું મૂળ છે, બીજું કશું જ નહિ; અને એવો જે અવિદ્યાજન્ય જાદુ જેવો છળ થાય છે, તે જ શંકરકથિત "માયા" છે. એ છે અજ્ઞાનનો પર્યાય, અને આત્મા છે જ્ઞાનનો પર્યાય; સ્વરૂપજ્ઞાન વડે જ આ અજ્ઞાનજન્ય મોહરૂપી માયા નષ્ટ થઈ શકે છે, અન્ય કોઈ રીતે નહિ. આ નકરી હકીકત, ઈહ કે ઈતર સર્વ ક્ષેત્રો

પરત્વે શું સો એ સો ટકા સત્ય નથી? જગત "મિથ્યા" છે, તે તેની અનિત્યતાને કારણે, પારમાર્થિક મોક્ષની દૃષ્ટિએ જ; દેહની વિદ્યમાનતાને લાગે વળગે છે ત્યાં સુધી જગત નક્કર સત્ય જ છે, કેમકે એવા "મિથ્યા" "જીવ–જગત્"ના યથોચિત ઉપયોગ દ્વારા જ પારમાર્થિક "સત્ય" સચ્ચિદાનંદ સ્વરૂપતાની સિદ્ધિ સંભવે છે, અન્યથા નહિ જ, એ રખે કોઈ જિજ્ઞાસુ ભૂલે – એવી શાંકરદર્શનની છાપરે ચઢીને બોધાયા કરતી ચેતવણી છે. આની જેને જાણ ન હોય, અથવા અમુક મતાંતરના પૂર્વગ્રહને કારણે એ તરફ જેનું જાણ્યે કે અજાણ્યે પણ દુર્લક્ષ થતું હોય, તેવાઓ જ માયા અને મિથ્યા શબ્દો વિશે વાદ-જલ્પ-વિતંડા કરે. વેદાન્તદર્શીઓને તો આચાર્યોની સ્પષ્ટ આજ્ઞા છે કે અભેદમાં ભેદને સ્થાન ન હોવાથી, જલ્પ કે વિતંડાને તો ત્યાં અવકાશ હોય જ કેવી રીતે! જે કોઈ જે રીતે જે કંઈ માને, તે સર્વ અભેદદર્શનની સર્વગ્રાહી દૃષ્ટિમાં યથાસ્થાને, જેને તેને માટે હિતાવહ અને ઈષ્ટ જ છે; અને તેવા જીવાત્માને આત્મવિકાસના અટલ સિદ્ધાન્તાનુસાર યથાકાળ વ્યુત્પન્નમતિત્વ પ્રાપ્ત થશે જ. તેથી, અભેદના બોધથી ઈતર ભેદમૂલક ચર્ચા વિવાદ કે આગ્રહ જેવું કશું પણ કરવાની સિદ્ધાંત ના પાડે છે. પારમાર્થિક મૂલ્યો અશુદ્ધ, એટલે કે અહંભાવથી વ્યાપ્ત ચિત્તને અગમ્ય હોય જ. ચિત્તની શુદ્ધિ વિનાનું વેદાન્તનું જ્ઞાન, જ્ઞાન નહિ પણ, તેની માત્ર માહિતી છે; ઈન્ફર્મેશન છે, નૉલેજ નહિ; અને તે મહાઅનર્થકારી છે; તેથી તો જ્યાં ત્યાં બ્રહ્મવિદ્યાને ગુહ્ય, ગોપ્ય, પુત્ર-શિષ્યાદિ સિવાયના કે કોઈ પણ અસાધનશુદ્ધ માનવીને નહિ કહેવાયોગ્ય કહેલી છે. બધાં જ જીવસટોસટના રહસ્યજ્ઞાનો અનધિકારીના હાથમાં ઉપદ્રવકારક બને છે, તેનો આજના આણુશોધનના મામલા કરતાં વધારે ઉત્તમ દાખલો કયો મળવાનો હતો?

વેદાન્ત કહે છે કે જગતના મિથ્યાત્વના પારમાર્થિક જ્ઞાનભાનની ભૂમિકાની સ્થાપના આડે વ્યાવહારિક જીવન જીવવું, એ જ "બ્રહ્મ"નું રહસ્ય છે. મિથ્યા એટલે જેની ત્રણેય કાળમાં વિદ્યમાનતા ન હોય તે; અથવા, નિત્ય સુખનું જે સાધક ન હોય તે. આ વ્યાખ્યાની, આંતરસમજ હોવી જોઈએ. તેવી સમજણવાળો માનવી જગતમાં સારી પેઠે પ્રવર્તતો હોવા છતાં, ઉભય અભ્યુદય-નિ:શ્રેયસ્ સહજે સાધી જાય. અને તે પણ ઇહ, જીવતાં જીવત જ; આ દર્શનમાં દેહોત્તરકાળના વાયદાના સોદાને સ્થાન નથી. એને જીવનમુક્તિ જ ખપે છે. પાપ એટલે રાગદ્વેષજનિત કામ્ય કર્મ. કાર્યકારણનો નિયમ વેદાન્ત અટલ લેખે છે. જેનાથી ક્લેશ ઉપજવાનો સંભવ હોય તે પાપ કર્મ. પાપ, સંતાપ, દુરાચાર ઈ. સર્વ કંઈ, જીવ તથા જગત્ના અંતરતર અવિનાશી સત્ય "હું" સ્વરૂપના અજ્ઞાનનો જ પરિવાર છે. બધું દૃશ્ય નાશવંત, તેથી, મિથ્યા છે, અને તે સર્વનો દ્રષ્ટાસાક્ષી, એક માત્ર સુખ જ જેનું સ્વરૂપ છે તે "હું", નિત્ય સત્ય છે; એ બ્રહ્મત્વ, એ આત્મત્વ, કેવળ પારમાર્થિક "હું"ના જ પર્યાયો છે.

"હું"નાં ભ્રાંતિજન્ય રૂપો, તેમ જ તે સર્વની પાછળ રહેલા સર્વસાક્ષી-ચેતન સ્વરૂપ "હું"ની વિચારણા અહીં શક્ય નથી. ઉપનિષદો, એટલે જ વેદાન્તગ્રન્થો. તેમાં કહેવાયેલી આત્મદર્શનની વિદ્યા, તે બ્રહ્મવિદ્યા; તેનું લક્ષ્ય, તે "ઔપનિષદપુરુષ"; એ સર્વનો મંત્ર છે "શાન્તિ", અર્થાત્ શમાદિ તપશ્ચર્યારૂપી સાધન વડે પ્રાપ્ત થઈ શકતી ચિત્તના સમાધાનની સુખદ સ્થિતિ. તેથી તો ઉપનિષદાદિના પઠન કે વ્યાખ્યાનના પ્રારંભ તેમ જ તેની પૂર્ણાહુતિ સમયે શાન્તિપાઠની વિધિ છે, જેમાં જગત્ની, શ્રેયના સાધનરૂપે, ભારોભાર મહત્તા ગાઈ છે. વેદાન્ત એટલે "જાણવાનો છેડો"; બધું જ જાણવાપણું, જે કાંઈ હોય તે, એ સર્વનું પ્રયોજન-પરમ સુખની પ્રાપ્તિ-"ધ એન્ડ ઓવ્ ધ ચેઈઝ", અને સુખાનુભવનો પ્રારંભ. એ પરમ રસાસ્વાદ વેદાન્તદર્શનનો વિષય છે; અને તે જીવતાં જીવત જ મેળવવાનો છે. તે આપ સર્વને પોતપોતાની રીતે ને રસ્તે પ્રાપ્ત થાઓ! ઓમ્-તત્-સત્! તથાસ્તુ!!

સમાપ્ત

સ્વામી. પ્રણવતીર્થ

તુલસીશ્યામ સાધનાશિબિર

(ગતાંકથી ચાલુ)

જીવન અને મૃત્યુ વિષે સમજાવતાં આચાર્ય શ્રી રજનીશે કહ્યું કે "જે જીવનને ઓળખે છે તે મૃત્યુના ભયથી મુકત હોય છે. જેને આપણે જીવન સમજીએ છીએ તે વસ્તુત: મૃત્યુની જ ગતિ હોય છે. જન્મ એનું પ્રથમ ચરણ છે અને મૃત્યુ એનું છેલ્લું ચરણ છે. આત્મા અમર છે એમ સૌ કહે છે, પરંતુ તેમ માનવું અને જાણવું એ બન્ને વચ્ચે બહુ મોટો ફરક છે. માનવાથી કંઈ વળતું નથી. જ્ઞાનનું મૂલ્ય જ સાચું છે. આત્માને અમર કહેનારા પણ ઘણીવાર મૃત્યુથી ડરતા હોય છે.

મૃત્યુનો ભય શું છે? દેહ નષ્ટ થવાની શંકા તે ભય. દેહના ઉપર પોતાના સ્વામીત્વનો ભાવ જ દેહ નષ્ટ થવાની શંકામાંથી ભયને જન્માવે છે. જેને સત્યની ખોજ કરવી છે તેણે ભયમાંથી મુકત થવું જ જોઈએ. શારીરિક તાકાત કે સત્તાથી ભયનું નિવારણ થતું નથી. વસ્તુત: બીજા ઉપર બળ દાખવનારા માણસો અંદરખાને બીકણ હોય છે. જે માણસો ભયભીત હોય છે તે જ ઘણીવાર વધુ હિંસક કે જુલમી હોય છે. ચંગીઝખાન માટે કહેવાય છે કે તે ઘણો ક્રુર અને ઘાતકી હતો, તેણે ઘણા માણસોની કતલ કરેલી, પરંતુ ભયને લીધે તે રાત્રે ઊંઘી શકતો ન હતો. પોતાની આસપાસ દિવસરાત પહેરેગીરો રખાવતો હોવા છતાં તે ઘણો ભયભીત રહેતો અને ભયને લીધે જ એક રાત્રે તે ભાગ્યો અને મૃત્યુ પામ્યો.

ભયમુકિતનો ઉપાય એ છે કે ભય પ્રત્યે સતત જાગૃતિ રાખવી અને ભયને ઓળખવાની અને સમજવાની કોશિષ કરવી. જે માણસ ભયમુકત હોય છે તે જ બીજાને પ્રેમ આપી શકે છે. જેની પાસે અભય ન હોય તે બીજાને પ્રેમ નહિ પણ ઘૃણા જ આપી શકે.

જીવન અને મૃત્યુમાં બહુ અંતર નથી. જીવન સાધના બને તો મૃત્યુ મોક્ષ બની જાય છે. પરંતુ જીવન અને મોક્ષમાં તો અનંત અંતર છે. હું શરીર છું એવો ભ્રમ જ્યાં છે ત્યાં મૃત્યુ છે અને હું આત્મા છું એવો જ્યાં સાક્ષાત્કાર છે ત્યાં મોક્ષ છે. પરંતુ એવો સાક્ષાત્કાર સહેલો નથી, કારણ કે હરેક માણસ પાગલની જેમ પોતાના સુખની સંતુષ્ટિ માટે દોડાદોડ કરી રહ્યો છે. દોડતાં દોડતાં જે કંઈ મળે તે એને મેળવવું છે, તે એને જોવું છે, સાંભળવું છે. કદાચ એ ઊભો રહેશે તો પણ એનું મન ભાગતું જ રહે છે. આવી ઉતાવળ અને અધીરાઈથી પરમાત્માની પ્રાપ્તિ થતી નથી. ઊલટાનું ઉતાવળ જેટલી વધારે હશે તેટલું તે કામ મુશ્કેલ બનશે. જે માણસ સમતા રાખી, ધીરી ગતિએ વિશ્વાસપૂર્વક જાય છે તે પોતાના ધ્યેય પર પહોંચી જાય છે". માણસની દૃષ્ટિમાં પણ કેટલો બધો ફેર હોય છે તે વિશે ઉદાહરણ આપતાં તેમણે કહ્યું કે "એક ગુરુ અને શિષ્ય ગામબહાર ઝૂંપડીમાં રહેતા હતા. તેઓ બહાર ગયા ત્યારે વાવાઝોડું થયું અને અડધી ઝૂંપડી તૂટી ગઈ. ગુરુ અને શિષ્ય પાછા ફર્યા ત્યારે તૂટેલી ઝૂંપડી જોઈ શિષ્ય બોલ્યો, "અરે, ભગવાન, તેં આ શું કર્યું? જે લોકો અધર્મ કરે છે અને જેમની પાસે સંપત્તિ છે તેમનું બધું સલામત રાખ્યું અને અમારી એક ઝૂંપડી હતી તે પણ તોડી નાખી?" ત્યારે ગુરુ બોલ્યો, "હે ભગવાન! તું કેવો દયાળુ છે? અડધી ઝૂંપડી તો તેં બચાવી લીધી. એમાં બેસીને હવે તારું ભજન સારી રીતે કરી શકાશે. કારણ કે હવે તૂટેલા ભાગમાંથી આકાશનાં તારાઓ અને ચંદ્રના સૌન્દર્યમાં પણ તારાં દર્શન કરી શકાશે."

સત્ય વિષે બોલતાં આચાર્યશ્રીએ કહ્યું કે "આપણે બિલકુલ શાંત બની, ચિત્તમાં બીજી કોઈ પણ ધારણા કે કલ્પના વગર સત્યની પાસે પહોંચવાનું હોય છે. મનુષ્ય જેની ખોજ કરે છે તે બહાર નથી

પણ તેની ભીતર છે. એ વસ્તુની ખોજ કરવાની રહેતી નથી, કારણ કે તમે એને કદી ખોઈ નથી કે તમે કદી એને ખોવાના નથી, કારણ કે એ છે તો તમારું અસ્તિત્વ છે. એ એવી ચીજ છે કે જે ખોઈ શકાતી નથી.

"સત્ય એક છે અને એની અનુભૂતિ પણ એક જ છે. એટલે જે એને જાણવા ઈચ્છે છે એણે બીજી અનેક ધારણાઓ અને કલ્પનાઓ છોડી દેવી પડે છે.

"સત્યદર્શનની સાધના વસ્તુત: સ્વપ્નમુક્તિની સાધના છે. આપણે જ્યારે આપણા ખ્વાબોમાંથી મુક્ત થઈ જઈએ ત્યારે જ સત્યનું દર્શન થાય છે. જ્યાં સુધી આપણે આપણા સ્વપ્નોમાં રાચીએ છીએ ત્યાં સુધી સત્ય ઉપસ્થિત હોવા છતાં અનુપસ્થિત જેવું જ હોય છે. વસ્તુત: આપણે જ એના તરફ અનુપસ્થિત હોઈએ છીએ. એટલા માટે, સત્યની કોઈ કલ્પના કરવાની હોતી નથી, પરંતુ ચિત્તમાં જ્યારે કોઈ જ કલ્પના નથી હોતી ત્યારે ચિત્ત સત્યમાં હોય છે. સત્યની ખોજમાં અજ્ઞાન જેટલું વિઘ્નકર હોય છે તેટલું જ પાંડિત્ય કે મિથ્યાજ્ઞાન પણ વિઘ્નકર હોય છે. પાંડિત્ય, શાસ્ત્રજ્ઞાન, ન જાણવા છતાં હું જાણું છું એવી ચિત્તની દશા એ બધું જ સત્યાનુભવમાં બાધકર નીવડે છે અને એટલા માટે સત્યની ખોજ કરનારાઓએ એ બધાંમાંથી મુક્ત થવાની પ્રથમ જરૂર છે."

આચાર્યશ્રીએ સત્યની ખોજ વિશેના મુખ્ય વિષય ઉપર આપેલા પ્રવચનોમાં અને પ્રશ્નોત્તરીમાં ગુરુની આવશ્યકતા, મૂર્તિપૂજા, બાળકોને અપાતું ધાર્મિક શિક્ષણ, ભક્તિ, જ્ઞાન અને કર્મ વગેરે ભિન્ન ભિન્ન બાબતો વિષે પોતાના મૌલિક વિચારો દર્શાવ્યા હતા.

"પ્રવચનને અંતે ધ્યાનની તાલીમ અપાતી હતી. ધ્યાન વિષે સમજાવતાં એમણે કહ્યું હતું કે 'ધ્યાન' શબ્દથી રખે કોઈ માને કે એ એક પ્રકારની ક્રિયા છે. એ કોઈ ક્રિયા નથી. એટલા માટે 'હું ધ્યાન ધરું છું' કે 'ધ્યાન કરું છું' એમ કહેવું ખોટું છે. 'હું ધ્યાનમાં છું' એમ કહેવું સાચું છે. જેવી રીતે 'હું પ્રેમ કરું છું' એવો પ્રયોગ ખોટો છે. 'હું પ્રેમમાં છું' એમ કહેવું સાચું છે. તેવી રીતે ધ્યાન એ પણ ચિત્તની એક અવસ્થા છે. જ્યારે એ અવસ્થાનો અનુભવ થાય છે ત્યારે ત્યાં 'ખરાપણાનો' નહિ પણ ફક્ત 'હોવાપણા'નો ભાવ હોય છે. એ એક પ્રકારની વિચારશૂન્યતાની દશા છે, જ્યાં સત્યદર્શનની સ્થિતિ શરૂ થાય છે અને જ્યાં આત્મા સાક્ષીભાવે સંસારને નિહાળે છે."

આચાર્યશ્રી રજનીશના આધ્યાત્મિક વિચારોમાં ઘણી જ સૂક્ષ્મતા અને ધાર્મિકતા રહેલી છે. પરંપરાગત વિચારોમાં ક્રાન્તિ આણનારા એમના વિચારો છે અને જ્યાં વિચારોની જડતા છે ત્યાં તેવા પ્રહારોની આવશ્યકતા છે. આમ છતાં આચાર્ય રજનીશના વકતવ્યમાં ક્યારેક આત્યંતિક કોટિનાં વિધાનો થાય છે ત્યારે બે ભિન્ન ભિન્ન કોટિની વચ્ચે વચલી સ્થિતિ કે સ્થિતિઓનો પણ સંભવ રહે છે એ ભૂલવું ન જોઈએ. આચાર્ય રજનીશ પણ એનો અસ્વીકાર નથી કરતા, પરંતુ એ સમજવા માટે ઘણી ઊંચી બૌધિક ભૂમિકાની અપેક્ષા રહે છે અને એટલા માટે, આચાર્ય રજનીશની વારંવાર ચેતવણી છતાં, સામાન્ય કક્ષાના શ્રોતાઓ તેમના વિચારોને ક્યારેક અતિશ્રદ્ધાથી તો ક્યારેક અભિનિવેશથી ગ્રહણ કરીને એટલા પૂરતું જ સત્ય માનીને ઈતર શક્ય સ્થિતિઓનો અસ્વીકાર કરે એવો સંભવ કે ભય રહે છે. એ તરફ દુર્લક્ષ ન થવું જોઈએ.

સાધના શિબિરની સાથે સાથે તુલસીશ્યામ વિકાસ સમિતિ તરફથી ગોસંવર્ધનકેન્દ્ર, રુકિમણી માતાની ટેકરીનાં પગથિયાંની શિલા ભોજનાલય, ગેસપ્લાન્ટ વગેરેનાં ખાતમુહૂર્ત ઉદ્‌ઘાટન, ઈત્યાદિના કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા, જેમાં પૂ. રવિશંકર મહારાજ, કવિ દુલા કાગ, દર્લભજી ખેતાણી, બાબુભાઈ જશભાઈ પટેલ, રતુભાઈ અદાણી, પરમાનંદભાઈ કાપડિયા વગેરેએ પ્રાસંગિક પ્રવચનો કર્યાં હતાં. રોજ રાતના સાંસ્કૃતિક કાર્યક્રમ પણ રખાયો હતો, જેમાં મેરુભા ગઢવી, દુલા કાગ વગેરેએ પોતાની લોકસાહિત્યની પ્રસાદી પીરસી હતી.

છેલ્લે દિવસે રાતના આભારવિધિનો કાર્યક્રમ રખાયો હતો. જેમાં સંયોજકો અને શિબિરાર્થીઓ તરફથી પ્રાસંગિક પ્રવચનો થયાં હતાં.

તુલસીશ્યામની સાધના શિબિરની પૂર્ણાહુતિ પછી બીજે દિવસે ઉના, અજારા પાર્શ્વનાથ, પ્રાચી, વેરાવળ અને શારદાગ્રામના પ્રવાસનો અમારો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ઉના પાસેના ગુપ્તપ્રયાગ, દીવ અને દેલવાડાનો, સમયના અભાવે તેમાં સમાવેશ થઈ શકતો નહોતો. એથી શ્રી મફતભાઈ શાહ અને ભોગીલાલ શાહ અને એમના કુટુંબના સભ્યો સાથે મેં પણ આગલી રાતે ઉના પહોંચી જઈ, એ ત્રણે સ્થળો વહેલી સવારમાં જોઈ, મુખ્ય મંડળી સાથે ઉના અથવા અજારામાં જોડાઈ જવાનો વિચાર કર્યો અને તે મુજબ, એક મિત્રની મોટર મળી જતાં અમે તા. છઠ્ઠીએ રાત્રે ઉના પહોંચી ગયાં. ઉનામાં પાંચ દેરાસરો બાજુ બાજુમાં આવેલાં છે. વળી ઉના ગામ પણ ઠીક ઠીક વિકાસશીલ જણાયું. ત્યાનો ટાવર, બગીચો અને જાહેર જનતા માટે વોટરકૂલરવાળી પરબ વગેરેની યોજનામાં ગામના યુવાનોના ઉત્સાહની પ્રતીતિ થતી હતી.

બીજે દિવસે સવારે અમે ગુપ્તપ્રયાગ ગયા. ઉનાથી પાંચેક માઈલના અંતરે, સમુદ્રકિનારાથી થોડું અંદર આવેલું આ સ્થળ નાળિયેરી અને તાડનાં વૃક્ષોનાં ઝુંડ વચ્ચે મનોહર લાગે છે. નદી, કુંડો, મંદિર, ધર્મશાળા અને બીજાં એક બે મકાનો, એક બે દુકાનો, એટલું હોવાથી આ તીર્થસ્થળ શાંત અને પ્રસન્ન લાગે છે. અહીં ગુપ્ત રીતે ગંગાજી વહે છે, માટે એને ગુપ્તપ્રયાગ કહેવામાં આવે છે. ભગવાન વિષ્ણુએ પ્રયાગરાજ વગેરે તીર્થો સાથે અહીં ગુપ્ત વસવાટ કર્યો હતો એમ પણ મનાય છે. અહીં નદીના શાંત વહેતા પાણીની આસપાસ મોટા કુંડ બાંધી લેવામાં આવ્યા છે, જેથી સ્થળની રમણીયતા વિશેષ લાગે છે. શાંત, નિર્મળ, શીતલ અને કાચ જેવા લીલા રંગના પાણીમાં માછલીઓનાં ટોળાં અને કાચબાઓ દોડાદોડ કરતા હોય છે, અને પાણીમાં કોઈક કંઈક ખાદ્યપદાર્થ નાખે કે તરત તરાપ મારતાં હોય છે. અહીં શેષશાયી ભગવાનની કાળા આરસમાથી કોતરેલી મૂર્તિ સુંદર લાગે છે. ગુપ્તપ્રયાગનું મહાત્મ્ય બીજી એક રીતે પણ ગણાય છે, કારણ કે શુદ્ધાદ્વૈત પુષ્ટીમાર્ગના સ્થાપક શ્રી વલ્લભાચાર્યે વિક્રમના સોળમા સૈકામાં ભારતમાં ભિન્ન ભિન્ન સ્થળે સ્થાપેલી ૮૪ બેઠકોમાંની ૬૭મી બેઠક આ સ્થળે આવેલી છે.

ગુપ્તપ્રયાગથી અમે દીવ જવા ઉપડયા. પ્રભાતનું વાતાવરણ ખુશનુમા હતું. રસ્તો પણ સારો હતો. આ બાજુ તાડનાં ઝાડ, સામાન્ય રીતે બીજે જોવા મળે છે તેના કરતાં કંઈક વિશિષ્ટતાવાળાં હોય છે. આ તાડનાં ઝાડ ઊંચાં અને ઉત્તરોત્તર વિભક્ત થતી, ક્યારેક તો મૂળથી જ વિભક્ત થતી ડાળીઓવાળાં, પંખાળા આકારના હોય છે. ગુપ્તપ્રયાગથી ચારેક માઈલને રસ્તે અમે ઘોઘલા બંદરે પહોંચ્યા અને ત્યાંથી લોંચમાં બેસી ખાડીને સામે કિનારે આવેલા દીવમાં પ્રવેશ્યા. દીવ ગામ ઘણું નાનું છે, પરંતુ આખા ગામમાં પાકા કોંક્રીટના રસ્તા અને તેને લીધે જળવાતી સ્વચ્છતા આપણું તરત ધ્યાન ખેંચે છે. અહીંનો કિલ્લો પણ જોવા જેવો છે. દીવમાં દેરાસરનાં દર્શન કરી અમે પાછા ફર્યા અને દેલવાડા થઈને અજારા પાર્શ્વનાથ પહોંચ્યા. તે સમયે તુલસીશ્યામથી અમારી મંડળી બસમાં આવી પહોંચી હતી, અને ઉના તરફ જતી હતી. અજારામાં અમીઝરા પાર્શ્વનાથ ભગવાનનાં દર્શન કરી, હજારેક વર્ષ જૂનો ઘંટ જોઈ, થોડુંક ભાતું વાપરી અમે અમારી મંડળી સાથે જોડાવા ઉના તરફ ઊપડયા, પરંતુ

રસ્તામાં નદી ઓળંગતાં પાણીમાં અમારી મોટર બગડી. પ્રયત્નો કર્યા, પરંતુ તરત મોટર ચાલુ થાય એવી આશા નહોતી, એટલે મોટરવાળા મિત્રની વિદાય લઈ, સામાન સાથે ચાલતા ચાલતા અમે ઉના ગામમાં પહોંચ્યા અને બસમાં બેઠા. અમારે કારણે અમારી મંડળીને કેટલુંક મોડું થયું, પરંતુ તેમાં પણ કંઈ સંકેત જ હશે, કારણ કે તે જ વખતે સંદેશો આવ્યો કે અજરાને રસ્તે બસમાંથી કોઈકનો બિસ્તરો પડી ગયો છે. એ લેવા માટે ફરી અમારે બસને પાછી લેવડાવવી પડી. નદીમાં બગડેલી મિત્રની મોટર ત્યારે ચાલુ થઈ ગઈ હતી, એટલે એમની મોટર બિસ્તરો લઈ આવવા માટે અમને કામ લાગી. આમ ધાર્યા કરતાં લગભગ દોઢેક કલાકનું મોડું અમને ઉનામાં જ થઈ ગયું.

ઉનાથી લગભગ સાડાઅગિયાર વાગે ઊપડી અમે વેરાવળને રસ્તે લગભગ એક વાગે પ્રાચી પહોંચ્યા. પ્રાચી એ એક પ્રાચીન પૌરાણિક તીર્થસ્થળ છે. આ તીર્થની સ્થાપના ભગવાન શ્રીકૃષ્ણે કરી હોવાનું મનાય છે. ઋષિમુનિઓના શાપના ફળ રૂપે યાદવાસ્થળી રચાઈ અને યાદવો અંદરોઅંદર કપાઈ મર્યા તે પછી શ્રીકૃષ્ણ ભગવાન પ્રભાસપાટણ આવ્યા અને ત્યાંથી અહીં આવી તેમણે પિતૃતર્પણ કર્યું. પ્રાચી પાસેથી સરસ્વતી નદી વહે છે. ભારતના પશ્ચિમ કાંઠાની નદીઓ સામાન્ય રીતે પૂર્વમાંથી પશ્ચિમ તરફ વહે છે. ત્યારે આ સ્થળે સરસ્વતી નદી પશ્ચિમમાંથી પૂર્વ દિશા તરફ – ઉગમણી બાજુ – વહે છે. આ પૂર્વભાગા નદીના કિનારે પીપળાનું પ્રાચીન વૃક્ષ આવેલું છે અને કથા કહે છે તે પ્રમાણે શ્રી કૃષ્ણ ભગવાને અહીં નદીમાં સ્નાન કરીને પીપળાને પાણી રેડ્યું હતું અને યાદવ આત્માઓનો ઉદ્ધાર કર્યો હતો. વળી એમ પણ મનાય છે કે આ જ સ્થળે પરીક્ષિત રાજાના પુત્ર જનમેજયે બ્રાહ્મહત્યાનાં પાપ નિવાર્યા હતાં. અહીં જ કૃષ્ણ ભગવાને ઉદ્ધવજીને મોક્ષજ્ઞાન આપ્યું હતું અને અહીં જ વેદવ્યાસે જગતને ભગવતજ્ઞાન આપ્યું હતું. આ રીતે પ્રાચી તીર્થનું માહાત્મ્ય પ્રાચીન સમયથી ગવાતું આવ્યું છે અને 'સો વાર કાશી તો એક વાર પ્રાચી' એવી કહેવત પડી ગઈ છે.

પ્રાચીમાં પીપળા પાસેથી વહેતી નદી આગળ ઘાટ અને પગથિયાં બાંધવામાં આવ્યાં છે તથા કુંડ જેવી રચના કરવામાં આવી છે, જેથી બારે માસ ત્યાં પાણી રહે. સામી બાજુ મંદિર છે. મંદિરનાં દર્શન કરી, નદીના પાણીમાં પગ પખાળી અમે બસમાં બેઠા અને પ્રભાસ તરફ ઊપડ્યા.

રસ્તો સારો હતો, છતાં બપોરનો તાપ વધતો જતો હતો. લગભગ અઢી વાગે અમે પ્રભાસપાટણ પહોંચ્યા. અહીંની અમારી મુલાકાત ઊડતી જ કહી શકાય. જે સ્થળે ભગવાન શ્રી કૃષ્ણને શિકારીએ તીર મારેલું અને જ્યાં ભગવાને દેહ છોડેલો તે ભીલ્લતીર્થ અથવા ભાલ-તીર્થ અને દેહ છોડ્યા પછી હિરણ્ય, સરસ્વતી અને કપિલા એ ત્રણ નદીઓના સંગમ ઉપર ભગવાનના દેહને અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો તે દેહોત્સર્ગ અથવા ત્રિવેણીસંગમ, બળદેવજીની ગુફા, ગીતામંદિર, મહાકાલિકાનું મંદિર વગેરે જોઈ, ભોજન લઈ અમે સોમનાથના મંદિરનાં દર્શન કર્યાં. ભગવાન શંકરના આ મંદિરની ચડતીપડતીની ગાથા ઐતિહાસિક છે. એ પ્રાચીન જીર્ણપ્રાય મંદિરની, સ્વતંત્રતા મળ્યા પછી, પુનર્રચના કરવાનો સંકલ્પ સરદાર પટેલે કર્યો હતો અને તે મુજબ ૧૯૫૦ માં જામસાહેબના હસ્તે તેનો શિલારોપણ વિધિ થયો અને ૧૯૫૧ માં રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદના હસ્તે મંદિરમાં લિંગનું પ્રતિષ્ઠાપન કરવામાં આવ્યું. આ મંદિર ઘણું જ વિશાળ, ઊંચું અને ભવ્ય છે. એક બાજુ વિશાળ પટાંગણ અને બીજી બાજુ નીલ સમુદ્ર અને વિશાળ લાંબા તટ વચ્ચે શોભતા આ મંદિરની ભવ્યતા અનેરી છે. મંદિરનું બાંધકામ પૂરું થવા આવ્યું છે, છતાં હજુ કેટલુંક પરચુરણ કામ બાકી છે. પરંતુ મંદિર બાંધવા માટે યોગ્ય પથ્થરની પસંદગી થઈ લાગતી નથી, કારણ કે દરિયાની ખારી હવાને લીધે પથ્થર જલદી ખવાઈ જતો જોઈ શકાય છે અને એને લીધે બહારના ભાગમાં આવેલી કેટલીક શિલ્પાકૃતિઓ પણ બગડવા લાગી છે. યોગ્ય પથ્થર ન વપરાવાનો લાભ એ થશે કે બહુ ઓછા વખતમાં આ મંદિર અર્વાચીન હોવા છતાં પ્રાચીન જેવું લાગવા માંડશે!

પ્રભાસમાં જૈન દેરાસરનું બાંધકામ પણ નવેસરથી થયેલું છે. એ દેરાસરનાં દર્શન કરી, તથા શિલ્પસ્થાપત્યનું મ્યુઝિયમ જોઈ અમે લગભગ સાડાચાર વાગે શારદાગ્રામ જવા માટે રવાના થયા. કેશોદ અને માંગરોળ થઈને અમે લગભગ પોણાસાત વાગે શારદાગ્રામ પહોંચ્યા. એક શિક્ષણસંસ્થા તરીકે શારદાગ્રામની ખ્યાતિ તો એ સંસ્થા કરાંચીમાં હતી ત્યારની છે. એના પ્રાણસમા શ્રી મનસુખરામભાઈ જોબનપુત્રાએ અહીં પણ આ સંસ્થાને ખૂબ વિકસાવી છે. શારદાગ્રામમાં પ્રવેશતાં જ જાણે કોઈ તપોવનમાં પ્રવેશતાં હોઈએ એવો અનુભવ થાય છે. પ્રત્યેક નાનીમોટી બાબતની દૃષ્ટિપૂર્વકની યોજના, વિવિધ પ્રકારની, માવજતપૂર્વક ઉછેરવામાં આવેલી હરિયાળી વનસ્પતિ, રસ્તા ઉપર પાથરેલી દાણાદાર ચળકતી રેતી અને બધે જ જોવા મળતી અસાધારણ સ્વચ્છતા આપણા ચિત્તને પ્રભાવિત કરી દે છે. પહોંચીને તરત અમે પ્રાર્થનામાં ગયા, પછી ભોજન લીધું અને ત્યાર પછી પુસ્તકાલય, પ્રયોગશાળા, ગૌશાળા વગેરે જોયાં. ચાંદની રાત હતી એટલે આસપાસનું વાતાવરણ પણ ઉલ્લાસમય લાગતું હતું. સંસ્થાના કાર્યકર્તાઓએ અને શ્રી મનસુખરામભાઈએ અમને સંસ્થાનો સવિગત પરિચય કરાવ્યો. એકબાજુ ગ્રામજીવનની સાદાઈ, સ્વાશ્રય, શુદ્ધ પૌષ્ટિક ખોરાક, વ્યક્તિગત દેખરેખ એ બધું હોવા છતાં વૈજ્ઞાનિક સાધનોની દૃષ્ટિએ જરા પણ પછાત ન રહે અને વિદ્યાર્થીઓને એનો લાભ મળી રહે એ રીતે સંસ્થાનો વિકાસ સાધવામાં આવ્યો છે. અહીંની ગૌશાળા પણ નમૂનેદાર છે. ગાયો દોહતી વખતે સંગીત, રંગોળી, ધૂપ અને ફૂલતોરણો વગેરેની યોજના પણ કેટલીક મૌલિક છે. ગૌશાળાની સ્વચ્છતા પણ એટલી ચીવટપૂર્વક રખાય છે કે ત્યાં પણ એક માંખ કે મચ્છર દેખાતાં નથી.

બીજે દિવસે સવારે પાંચેક વાગ્યાથી માઈક ઉપર શરૂ થયેલી વેદ-ઉપનિષદના મંત્રોની મધુર વાણી ઊઠતાંની સાથે કાનમાં ગુંજવા લાગી. સ્નાન વગેરે પતાવી છ વાગે અમે પ્રાર્થનાસભામાં ઉપસ્થિત થયા. પ્રાર્થના પછી વિદ્યાર્થીઓને બે શબ્દો કહેવા માટે શ્રી બચુભાઈ રાવત તથા મને કહેવામાં આવ્યું. વિદ્યાર્થીઓને પ્રાસંગિક ઉદ્બોધન કરી, નાસ્તો કરી, અમારા ભાવભર્યા સ્વાગત માટે આભાર માની અમે બસમાં બેઠા.

શારદાગ્રામથી સવારે સાડાસાત વાગે બસ ઊપડી અને અમે જૂનાગઢ પહોંચ્યા. અહીં અમારામાંના કેટલાક ગિરનાર જવા માટે છૂટા પડ્યા. બાકીના અમે વીરપુરમાં જલારામ બાપાના મંદિરનાં દર્શન કરવા દસેક મિનિટ રોકાઈ, સાડા બાર વાગે રાજકોટ પહોંચ્યા અને ત્યાંની રાષ્ટ્રીય શાળામાં ભોજન લઈ, સાંજે સાડાસાત આઠ વાગે અમદાવાદ આવી પહોંચ્યા. શ્રી બચુભાઈ રાવતની બાજુમાં બેસવાનું મળ્યું હોવાથી આખે રસ્તે એમની પાસેથી 'કુમાર'ના આરંભથી તે વર્તમાન સમય સુધીના ઈતિહાસની રૂપરેખા જાણવા મળી અને બીજી ઘણી સાહિત્યિક માહિતી અને ગોષ્ઠીનો લાભ મળ્યો.

અમદાવાદ પહોંચતા અમારો સામૂહિક કાર્યક્રમ પૂરો થયો અને અમે સૌ છૂટા પડ્યાં.

આમ, તુલસીશ્યામની સાધના શિબિર શ્રી રજનીશજીનાં આધ્યાત્મિક પ્રેરક પ્રવચનો ઉપરાંત, એની શિબિરની ચીવટપૂર્વકની યોજના, રમ્ય નૈસર્ગિક વાતાવરણ તથા સોરઠના એ પ્રદેશનાં ભિન્ન ભિન્ન પ્રાચીન તીર્થસ્થળોના પ્રવાસ તથા શારદાગ્રામ જેવી નમૂનેદાર સંસ્થાનાં દર્શન વગેરેને કારણે અમારી સાથે આવેલા સૌ કોઈને માટે અવશ્ય એક ચિરસ્મરણીય અનુભવ બની રહેશે એમાં સંશય નથી.

સમાપ્ત

ડૉ. રમણલાલ ચી. શાહ

પત્રકારત્વ: લોકશિક્ષણનું યજ્ઞકાર્ય

(ગતાંકથી ચાલુ)

નાનાં કદનાં ન્યુસપેપર

ભલભલાં માતબર દૈનિકોને આજે મૂંઝવતો પ્રાણપ્રશ્ન કાગળનો છે. વિદેશી હૂંડિયામણને અભાવે ઊભી થયેલી કાગળની એ કારમી તંગીમાં અને આ ગરીબ દેશમાં, નાના કદનાં ન્યુસ પેપરનો અખતરો પણ કરવા જેવો છે. અમેરિકન માહિતી સંસ્થામાં કામ કરતા એક મિત્રે કહ્યું હતું કે સવારે અહીંનું કોઈ પણ દૈનિક હાથમાં લેતાં માત્ર થોડી મિનિટોમાં જ તેમાંથી જાણવા જેવું બધું વંચાઈ રહે છે. એકાદ કૉલમમાં જ સમાઈ જાય એટલા એ સમાચારોને બૂમરાણ કરતાં મથાળાં અને શબ્દોના સાથિયા વડે મલાવીફૂલાવીને મોટા કરી ભરેલાં પાનાને બદલે લાઘવપૂર્વક લખાયેલાં ગણતરીનાં વાક્યોમાં બધા જ મહત્ત્વના મુદ્દાઓ ઠાંસોઠાંસીને ભરીને સૌષ્ઠવપૂર્વકનાં મથાળાં સાથે ક્રમબદ્ધ ગોઠવવામાં આવે, તો ઘણી નિરર્થક મહેનત, પૈસા અને સમયનો બચાવ થાય અને ગરીબ પ્રજાને તથા વ્યવસાયી વર્ગને અડધી કિંમતે સસ્તું અને સંગીન વાચન મળી જાય. નાના કદનાં આવાં ન્યુસપેપર–રેબ્લૉઈડ–નો ઢાંચો પ્રાંતીય પત્રોને પણ અનુકૂળ થઈ પડે.

ચિત્રાત્મક પત્રકારત્વ

હવે એક નવી દિશા: આપણે ત્યાં જેનો સદંતર અભાવ છે તે 'ચિત્રાત્મક પત્રકારત્વ'ની–ઈલસ્ટ્રેટેડ અને પિક્ટોરિયલ જર્નાલિઝમની. અગાઉ એક પ્રસંગે મેં એની વિગતે વાત કરી છે. ચિત્રની અમોઘ શકિતનો આપણે પત્રકારત્વના ક્ષેત્રમાં નહિવત્ વિનિયોગ કરીએ છીએ, ત્યાં સમગ્રતયા ચિત્રમયતાનું તો સ્વપ્ને ય કયાંથી હોય? ભાષાને–લેખિત શબ્દને–એક મોટી મર્યાદા છે: અભણ કે ઓછું ભણેલાના ક્ષેત્રને તે આવરી શકતી નથી. શ્રાવ્ય રૂપમાં પણ, એ બોલાય ત્યારે પણ, તે ચિત્રના જેટલી પ્રતીતિજનક નથી બની શકતી. હા, તે લાગણીઓનો ઉદ્રેક જગાડી શકે છે, પણ જ્ઞાનવિતરણના કાર્યમાં તો ચિત્રની શકિત નિ:સંશય ચડી જાય છે. આપણે જ્વાળામુખી પર્વતના ઉદ્‌ભવ અને રચના વિષે પૃથ્વીના પેટાળમાં થતી ક્રિયા-પ્રક્રિયાઓનું વ્યાખ્યાન સાંભળીએ, અને એ જ વિષયને સિનેમા-ફિલ્મ દ્વારા તાદૃશ કરીએ, એ બેમાં કયું વિશેષ પ્રતીતિજનક છે, તે સમજાય એવું છે.

સચિત્ર પત્રકારત્વના બે પ્રકાર છે: એક તો લેખનસામગ્રીને વિશદ અને પુષ્ટ કરવા માટે તેની સાથે થોડાં આનુષંગિક ચિત્રો આપવાં તે; બીજો, તે કેવળ ચિત્રોદ્વારા જ્ઞાન-વિતરણ, વિવિધ અને વિપુલ; લખાણ તેને માત્ર સ્પષ્ટ અને પુષ્ટ કરે એટલું જ. આ ક્ષેત્ર ખર્ચાળ છે અવશ્ય, પણ માતબર પત્રો એમાં દૃષ્ટિ અને આયોજનપૂર્વક પ્રસ્થાન કરે, તો સફળતાનું ઉદાહરણ 'ટાઈમ્સ ઑફ ઈંડિયા'નાં ચિત્રપત્રોનું આપણી આગળ છે. ગુજરાત તો વાણિજ્યચતુર અને દૂરંદેશીવાળો પ્રદેશ છે. સંપત્તિને સાહસમાં યોજવાની કુનેહ તેનામાં છે. આ દિશા તરફ તે દૃષ્ટિ નહિ દોડાવે?

સચિત્ર પત્રકારત્વના વિધાયકમાં બે શકિત હોવી જોઈએ: કિસમકિસમના ચિત્રપ્રકારોની સમજ તથા તેનો વિનિયોગ કરવાની સૂઝ અને બહુશ્રુતતા. તેનું વાચન એટલું વિપુલ અને તેના જ્ઞાન-વૈવિધ્યનો વ્યાપ એટલો વિશાળ હોવો જોઈએ કે કોઈ પણ વિષયને લગતી ચિત્રસામગ્રી તેમ જ લેખસામગ્રી કયાંથી ને કેવી રીતે મેળવી કે નિપજાવી શકાય તે ઝબકારાની પેઠે તેના મગજમાં આવી જાય. બાલે નૃત્ય કે સલ્ફેનિમાઈડ દવાઓ, જાપાનની બાગબાની કલા કે કોલોરાડો નદીનાં કૅન્યન, અંકોરવાટનાં ખંડેરોમાં ભારતીય સંસ્કૃતિનો તંતુ કે છેલ્લી શોધાયેલી ઈશાપોર રાઈફલની વિશિષ્ટતા, ચીનની ચિત્રકળાની મુલાયમ હથોટી કે મેટ્રોગોસોનાં અણતાગ રહેલાં સમૃદ્ધ જંગલોની રમણીય ભયંકરતા–આમ, પૃથ્વીના પેટાળથી માંડી અવકાશમાં અવગાહન કરતા ઉપગ્રહો સુધીના વિષયોની જાણકારી તથા તેની સમજ પકડવા પૂરતો પ્રવેશ તેનામાં હોવાં જોઈએ, એટલું જ નહિ, પણ તેને લગતી સવિશેષ માહિતી, આંકડા, આધારભૂત સાધનો કે ચિત્રસાહિત્ય કયાં કયાંથી મળી શકે તેની જાણે કે અનુક્રમણિકા તેના મગજમાં હોવી જોઈએ. ટાઈપરાઈટરની ચાવી દબાય ને અક્ષરની છાપ પડે એટલી ત્વરાથી, કોઈ પણ વિષય હાથ આવતાંવેંત તેને લગતી સામગ્રીઓની હારમાળા તેની નજર આગળ ખડી થઈ જવી જોઈએ. વળી કાપલીઓ, ચિત્રો, નકશાઓ, આકૃતિઓ, ફોટોગ્રાફો, આંકડાના કોઠા વગેરેનો તેનો સંગ્રહ અને તેની લાયબ્રેરી પણ તેની સ્મરણશકિત જેટલાં જ સમૃદ્ધ હોવાં જોઈએ.

અને સચિત્ર પત્રકારત્વ એટલે માત્ર ચિત્રો અને ફોટોગ્રાફો જ છાપી મારવાં એમ નહિ. તે ઉપરાંત નકશા, આકૃતિઓ, આલેખો, માનચિત્રો, સોપાન-ચિત્રો, ચિત્રવૃક્ષો, સંકેતચિત્રો, એવી એ સાધનોની એક આખી વૈવિધ્યભરી સૃષ્ટિ પશ્ચિમે ઊભી કરી છે, અને તે દ્વારા જ્ઞાનને આકાર આપીને અને સરલ કરીને પ્રજાને કેળવવા તેઓ મથે છે. એમાં યે વિષય જેમ અઘરો તેમ એમની મથામણ વધારે. આપણી ફરજ તો, એમને મુકાબલે, ઊલટી વધારે છે, કેમ કે આપણે ત્યાં કેળવણીનું પ્રમાણ ઘણું ઓછું છે અને જે સામાન્ય કેળવાયેલો વર્ગ છે તેની સમજદારીનું ધોરણ હજી ઘણું નીચું–બાળકની કક્ષાનું છે. એટલે આપણે તો બાળશિક્ષણની ઢબે સરળ અને પુષ્કળ ચિત્રો છુટે હાથે ને અવનવી શૈલીથી આપીને, જ્ઞાનને સામાન્ય જનતા માટે સુલભ અને સાકાર કરી આપવું જોઈએ.

ફોટોગ્રાફોનો અર્થ આપણે માત્ર જાણીતી વ્યકિતઓ કે બનતા બનાવોની છબીઓમાં જ પર્યાપ્ત થયેલો સમજીએ છીએ! પણ કટોકટીના પ્રસંગો, યાત્રાનાં તથા ઐતિહાસિક સ્થાનો, કિલ્લાઓ અને યુદ્ધભૂમિઓ, આપણા ઉદ્યોગ-કારીગીરીની ક્રિયાઓ, વિશિષ્ટ ચહેરા મહોરાવાળી આપણી વિવિધ જાતિઓ ને વર્ણો, સુંદર સ્થાપત્યો તથા શિલ્પો, રળિયામણી ગુર્જરી કુંજોનાં નૈસર્ગિક દશ્યો, આપણાં પ્રાણી-પંખી અને તેમની ખાસિયતો; એવી તો અસંખ્ય વૈવિધ્યભરી સૃષ્ટિ, ફોટોગ્રાફીથી અણસ્પર્શી પડી છે.

નકશાઓ અને માનચિત્રોની કલાને પણ હજી કોઈએ પૂરી સંકોરી નથી. સંકેતચિત્રો અને સોપાનચિત્રોનું ક્ષેત્ર એવું જ અણખેડાયેલું પડયું છે. દેશનું બજેટ બહાર પડે ત્યારે આવક-જાવકના નિરસ આંકડાઓને બદલે તેનાં પ્રમાણ દર્શાવતી નાણાંની થેલીઓનાં કે એવા બીજા સંકેતોના આલેખો વડે આંકડાઓની ભેજાંદુખણ અને ભૂલભુલામણી સરળ બનાવી શકાય. ધરતીકંપનાં કારણો તરીકે પૃથ્વીના પેટાળમાં થતા કેવા કેવા ફેરફારો જવાબદાર હોય છે, આપણે ખોરાક લઈએ છીએ ત્યાંથી તે મળરૂપે બહાર નીકળે ત્યાં સુધીમાં શરીરમાં તે કેવાં કેવાં રૂપ ધારણ કરે છે અને આપણી પાચનક્રિયા કેવી રીતે કામ કરે છે, વિવિધરંગી સૂતરના માત્ર ધાગામાંથી ખૂબસૂરત અને બહુમૂલા ગાલીચા કેવી ખૂબીથી વણાય છે, એ બધું સોપાનચિત્રો વડે સાકાર કરાવી શકાય. જુદાં જુદાં ફળો અને અનાજમાં રહેલાં વિટામિનો દર્શાવતા ચિત્રકોઠા, કે ઍલ્યુમીનિયમની ધાતુ કેવી રીતે ઉત્તરોત્તર બનતી જઈને, કેટલા વિવિધ ઉપયોગમાં આવે છે તેનો પેઢીનામા જેવો આલેખ, કે સૃષ્ટિના ઉગમ કાળે જન્મેલા અશરીરી જીવમાંથી ઉત્ક્રાન્તિદ્વારા જીવસૃષ્ટિમાં કેટલા તબક્કા પછી આજનો માનવ થયો, તથા તે દરેક તબક્કે તેની કેટલી શાખા-પ્રશાખાઓ ફૂટી તેનું ચિત્રવૃક્ષ; એ અઘરા ને અણગમતા વિષયને પણ આકાર આપીને તે રસમય બનાવી શકે. ઈતિહાસનાં પાત્રોને તે તે કાળનાં પોશાક, આભૂષણો ને શસ્ત્રાસ્ત્રોનાં અભ્યાસયુકત આલેખનોદ્વારા, આપણી કલ્પનામાં હોય તે કરતાં પણ વધુ જીવંત ને રોમાંચક કરી શકાય. પ્રવાસવર્ણનો માત્ર લુખ્ખા ફોટોગ્રાફોથી નહિ, પણ સમસ્ત પ્રવાસમાર્ગના નકશાના આલેખન ઉપર, તેમાં અનુક્રમે આવતાં વિવિધ સ્થળોનાં માનવપાત્રો ને વિશિષ્ટ વસ્તુઓ, પેદાશો ને કારીગરીઓ, શિલ્પસ્થાપત્યો ને ખંડિયેરો, પશુપક્ષી તથા વનસ્પતિઓના આકલન દ્વારા ફ લગૂંથણી કરીને, રમ્ય ને રંગદર્શી કરી શકાય.

અમોઘ શકિત અને મબલખ શકયતાઓવાળું ચિત્રાત્મક પત્રકારત્વનું આ વિશાળ ક્ષેત્ર આપણી આગળ પડયું છે. એનાં દ્વાર કોણ ખખડાવશે?

મુદ્રણનો નિખાર

હવે થોડુંક આપણાં પત્રોનાં રૂપરંગ વિષે. આપ સૌ જાણો છો કે સરકાર તરફથી વર્ષોવર્ષ મુદ્રણમાં કલ્પકતા અને શ્રેષ્ઠતાનાં પારિતોષિકો અપાય છે. તેમાં ભારતીય ભાષાનાં વર્તમાનપત્રોમાં ગુજરાતે

કદી પારિતોષિક મેળવ્યું નથી. એના કારણમાં બહુ ઊંડા ઊતરવાની જરૂર નહિ પડે. વૃત્તપત્રના મુદ્રણમાં એના શિરોભાગે આવતા નામાક્ષરોની સુવાચ્યતા તથા ઉઠાવથી માંડીને તેનાં બીબાંની પસંદગી, એકસરખા સ્પેઈસિંગવાળું કંપોઝ, તેના પતાકાવાક્ય તથા અન્ય મથાળાંનાં ભારપ્રમાણ, ચિત્રો, લખાણ (મૅટર), નકશા, જાહેરખબરો આદિની સંતુલિત રચના અને સપ્રમાણ સંયોજન, છેકછાંટ કે પાછલી બાજુ છાપદાબ વિનાનું, એકસરખી પથરાયેલી શાહીવાળું સુઘડ મુદ્રણ, પાનાંની ધાર અને છેડા મળી રહેતા હોય એવી પાનાંની ગડીમેળવણી (ફોલ્ડિંગ); આ એકેએક તત્ત્વ કાળજીભરી માવજત માગી લે છે અને એ માવજતને પરિણામે પત્રમાંથી એક સંતર્પક નિખાર નિષ્પન્ન થાય છે. આપણાં પત્રોમાં એવો નિખાર જોવા મળે છે ખરો? કેટલાંક તો હાથમાં પણ લેવાં ન ગમે એવાં હોય છે. આ માટે બેદરકારી સિવાય બીજું કારણ ન હોઈ શકે. જૂનાં યંત્રો અને બિનકાબેલ કામદારો હોવા છતાં ગાંધીજીનાં "નવજીવન"–"યંગ ઈન્ડિયા"નું સારું મુદ્રણ સાધનાર સ્વામી આનંદની આજથી સાડાચાર દાયકા પરની દિવસ રાતની જહેમત મારી નજર સામે છે. ઈચ્છારામ અને મણિલાલ, હાજી મહંમદ અને સામળદાસ ગાંધીની ચીવટ પણ એવી જ હતી. ત્યારને મુકાબલે આજે આપણે ત્યાં મુદ્રણની ઘણી ઘણી સગવડો વધી છે; અને આજે દુનિયામાં તો બીબાં ગોઠવવાની કડાકૂટ વિનાનું ફોટોગ્રાફિક કંપોઝ થાય છે; 'કૉમ્પ્યુટર' મશીનોમાં ટેલિફોનનો સંદેશો દાખલ કરવા માત્રથી એક મિનિટમાં ૧૩૫૦ અક્ષરોની ઝડપે તેની ટેઈપ, પંચ થઈને ફિલ્મ પર ઊતરી, તેમાંથી ફોટોગ્રાફિક છાપ પડી જઈ, વેબ-ઑફસેટ મશીન પર એક કલાકે તેનાં ૨૪ પાનાંની ૩૦,૦૦૦ નકલો છપાઈ-કપાઈ-મેળવાઈને જ્યારે બહાર પડે છે, ત્યારે આપણે તો આપણા દેદાર પણ પૂરા સુધારી શકયા નથી.

ઉત્પાદન અને સંશોધન

આપણી ઊણપો ને ઓછપો બતાવતું આ બધું જે કહું છું તે વાંકદેખી દૃષ્ટિથી નહિ, પણ આપણા પત્રકારત્વ પ્રત્યેના પ્રેમ અને દાઝથી કહું છું; અને મારા અલ્પ અનુભવ પ્રમાણે એ બધું સાધવું કદાચ અઘરું હશે, પણ અશકય નથી. દેશનાં મોટા ભાગનાં વૃત્તપત્રો આજે કરોડપતિઓની સિન્ડિકેટો અને લાખોની લિમિટેડ કંપનીઓ ચલાવે છે. ગુજરાતની વણિક બુદ્ધિએ પણ માતબર પત્રો જમાવવા માંડયાં છે, એ જોઈને છાતી ફૂલે છે. પણ વર્ષોવર્ષનાં સરવૈયાંમાં મબલખ નફો બતાવનારાં પત્રોની વાડી વેડનારાઓ જેટલી ફળની ફસલો ઉતારે છે તેટલી, એક અનુભવી પત્રકાર મિત્રે કહ્યું હતું તેમ, એમાં ખાતર પૂરવાની ખેવના રાખે છે ખરા?

આ વ્યવસાયની સમસ્યાઓ પણ વિવિધ છે. એમાંની એક મોટી ચિંતા કાગળની છે. પણ દેશનાં જંગી છાપાંઓના માંધાતા માલિકો મોંઘા હૂંડિયામણને ભોગે પરદેશથી આયાત થતા હજારો ટન કાગળના લાયસન્સના પોતાના સ્વાર્થમાં કાપ મૂકીને નાનાં વર્તમાન-પત્રોના હિતમાં સહિયારા સંપથી પેઈજ-પ્રાઈસ-શિડ્યૂલ (પૃષ્ઠસંખ્યા પ્રમાણેની કિંમત)નું ધોરણ કેમ નહિ અપનાવતા હોય? પરદેશની આયાતની પરાધીનતામાંથી સ્વાધીન થવાની દિશામાં એ કરોડાધિપતિ પત્રમાલિક સિંડિકેટો કાગળ ઉત્પાદનનું એક સહિયારું ને સહકારી જંગી સાહસ કેમ નહિ યોજી શકતી હોય? પરદેશી માલને મુકાબલે ધૂળ જેવો માલ મોંઘી કિંમતે માથે મારતી આપણી જાહેર ક્ષેત્રની મિલ, એ માલ સુધારવાની ને સસ્તો પાડવાની કાળજી કેમ નહિ રાખતી હોય? વનસ્પતિ ઘીને માટે હજી સુધી ખાદ્ય રંગ નથી શોધી શકાયો એવી કોઈ મુસીબત એમાં પણ હશે શું? પશ્ચિમનાં કેટલાંક પત્રો તો પોતાના કાગળના પુરવઠા માટે પોતાની માલિકીનાં જંગલો ધરાવે છે. આપણે ત્યાં શેરડીનાં છોતરાં, મગફળીનાં ફોતરાં, ડાંગરની પરાળ ને વાંસ ઉપરાંત હિમાલયની વનસમૃદ્ધિનાં સંશોધન અને મોજણી જરૂરી નથી શું? આપણા કાપડ-ઉદ્યોગ માટેના "અટીરા" કે બ્રિટિશ મુદ્રણાધિપતિઓના 'પાટ્રા' જેવાં સંશોધન કેન્દ્રો આપણા પત્ર-વ્યવસાયના ધુરંધરો કેમ નહિ સ્થાપતા હોય?

પશ્ચિમના દેશોનાં પત્રોમાં ટેલિપ્રિન્ટરો એમની પોતાની ભાષામાં તારસંદેશ ઉતારતાં હોય છે. આપણે ત્યાં 'જન્મભૂમિ' પત્રો પોતાના આંતરિક વ્યવહારમાં ગુજરાતી ભાષાનાં યંત્રો વાપરે છે ખરા, પણ સમગ્ર દેશે હજી એવો વિકાસ કર્યો ન હોવાથી દેશી ભાષાનાં પત્રોને એ યંત્રો પરથી અંગ્રેજીમાં ઊતરતા સમાચારોના સ્વભાષામાં અનુવાદ કરી લેવાની વધારાની ક્રિયામાં ઊતરવું પડે છે. એમાં ખર્ચ અને વખત વધવા ઉપરાંત કાચા અનુવાદકોએ વાળેલા છબરડા પણ ભોગવવા પડે છે.

આમ, સ્વાધીન બનવાના અરમાનની સાથોસાથ, વ્યવસાયમાં જેમ ખાતર પૂરવાના આયોજન કરવાં જોઈએ, તેમ વ્યવસાયના સર્વ અંગભૂતોના યથોચિત યોગક્ષેમની જોગવાઈ ઉપરાંતની કમાણી વગે કરવાને બદલે, આ લોકયજ્ઞનું ફળ લોકને જ અર્પણ થાય એવી શ્રેયાર્થી ભાવના પણ આ વ્યવસાય પરત્વે પ્રકટાવવી જોઈએ. ઑક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસ જેવાં પ્રકાશન ટ્રસ્ટોનાં બંધારણ જ, પોતાનાં કમાણી આપતાં પ્રકાશનોનો નફો, ઉચ્ચ ગણિત, તત્ત્વમીમાંસા કે વિજ્ઞાનસંશોધનો જેવાં નહિ ખપનારાં પુસ્તકોના પ્રકાશનયજ્ઞમાં વાપરવાના ધ્યેયવાળાં હોય છે. વ્યાપારી બુદ્ધિથી ચાલતી ઘણી પ્રકાશન પેઢીઓ પણ પાઠયપુસ્તકોમાંથી થતી પોતાની ધીકતી કમાણી ઈતિહાસ ને અર્થશાસ્ત્ર, શિક્ષણ ને સાહિત્ય, કાવ્ય અને વિવેચન આદિનાં ઓછી ખપતવાળાં પ્રકાશનો પાછળ રોકતી હોય છે. આપણી પત્રમાલિક કંપનીઓ તથા ટ્રસ્ટો એ રીતે આ વ્યવસાયમાંથી રળાતી સમૃદ્ધિનો વિનિયોગ વિચારપત્રો અને ચિત્રપત્રોનાં નવાં પ્રસ્થાન પાછળ કેમ ન કરે?

લોકશિક્ષણ: પત્રકારત્વનું યજ્ઞકાર્ય

પત્રમાલિકો પાસેથી એક તરફ જેમ આ બધી અપેક્ષાઓ રહે છે, તેમ બીજે પક્ષે પણ આમુક ઉત્તરદાયિત્વ અદા કરવાનું રહે છે. આપણી આગલી પેઢીની ધ્યેયનિષ્ઠા અને ધગશની પરંપરા આજે પાતળી તો નથી પડતી જતી ને? નર્મદ–નાનાલાલ ને વિજયરાય-વિશ્વનાથ જેવા ટેકના અપવાદો ય આજે કેમ જણાતા નથી? આજથી ત્રણ દાયકા પહેલાંની સ્વાતંત્ર્યની લડત વખતે ખભે ખડિયો લઈને નીકળી પડતા, સ્વપ્નશીલ આંખો અને યજ્ઞેચ્છાની આભાથી ઓપતા ચહેરાવાળા થનગનતા જુવાનો આજે કેમ નજરે પડતા નથી? પુરોગામીઓએ મેળવેલા સ્વરાજ્યને જીરવવા અને જોગવવા માટે તો હવે જીવનના એકેએક ક્ષેત્રમાં આસનબદ્ધ થઈને બેસી જવાની તમન્નાવાળા તેજસ્વી તરુણોની જરૂર છે, એ કયાં છે? પત્રકારત્વનું ક્ષેત્ર પણ એવા યજ્ઞકાર્ય માટે ખુલ્લું પડયું છે. વાચન અને વિચારના ભાથા સાથે લોકશિક્ષણનું અવિશ્રાંત વૈતરું કરવા માટે તત્પર યુવાનોને તાલુકા-પત્રોનું ક્ષેત્ર સાદ દે છે; ચિંતન અને લેખનની સ્વસ્થ પ્રૌઢી ધરાવનારાઓ અને કેળવવા ઈચ્છનારાઓ માટે વિચારપત્રોનું સૂનું ક્ષેત્ર વાટ જુએ છે; બહુશ્રુતતા અને કલાદૃષ્ટિ વરેલાઓ આગળ ચિત્રપત્રોના નવા ખેડાણની ધરતી હજી કુંવારી જ પડેલી છે. આ બધાંને માટે, શહેર-કસબાની કૉલેજોની આરામ અને આમદાનીભરેલી પ્રોફેસરી તરફ વળવાનું છોડીને, પત્રકારત્વના યજ્ઞકાર્યમાં વરુણી થવા ઈચ્છનારા ભાવનાપૂત અને ધ્યેયનિષ્ઠ જુવાનો માટે મારી ટહેલ છે.

ભારતવર્ષનો બ્રાહ્મણ–આદર્શ તો ઝાડ નીચે બેસી વિદ્યા આપનારાં ઋષિકુળોનો છે. એ બ્રાહ્મણ-આદર્શની પાછળ પોતાની વારસાગત જાગીર-જાયદાદ અને 'નોબેલ' પારિતોષિકની જંગી રકમનો હોમ કરીને શાંતિનિકેતન સર્જનાર ગુરુદેવ રવીન્દ્રનાથ; આર્યજીવનના એવા જ આદર્શોને આકાર આપવાની ઝંખનાથી દેશમાં અનેક ગુરુકુળો ઊભાં કરનાર સ્વામી શ્રદ્ધાનંદ, અને અકિંચનતાનો અંચળો ઓઢીને ગૈસાફંડ જેવી પ્રવૃત્તિઓમાંથી ટીપેટીપે સરોવર ભરીને મહિલા શિક્ષણની યુનિવર્સિટી સ્થાપનાર મહર્ષિ કર્વે, અરે, આપણે ઘરઆંગણે આશ્રમશાળા અને વિદ્યાપીઠના કાકાસાહેબ, દક્ષિણામૂર્તિના નાનાભાઈ ને સૂરતની સાર્વજનિક સંસ્થાના સ્વ. ચૂનીલાલ શાહ સાહેબનાં પ્રેરક દૃષ્ટાંતો છે. પત્રકારત્વ પણ લોકશિક્ષણનો એવો બ્રાહ્મણ વ્યવસાય છે. જાહેર ખબર લીધા વિના પણ પ્રભાવશાળી પત્રો ચલાવીને ગાંધીજીએ આપણને એનો આદર્શ આચરી બતાવ્યો છે. આપણાં માતબર પત્રોના આજના ચાલકો અને યુનિવર્સિટીમાંથી બહાર પડતા આપણા યુવાનોને એ આદર્શોની મશાલ જલતી રાખવાનો મારો અનુરોધ છે.

સમાપ્ત

બચુભાઈ રાવત

સ્વ. વીર સાવરકર

('જન્મભૂમિ પ્રવાસી'માંથી સાભાર ઉદ્‌ધૃત)

માણસ સંજોગોને નથી ઘડતો, સંજોગો માણસને ઘડે છે. ફેબ્રુઆરીની ૨૭ તારીખે મુંબઈમાં અવસાન પામેલા આપણા સ્વાતંત્ર્ય સંગ્રામના વીર વિનાયક દામોદર સાવરકરને નવી પેઢીએ જાણ્યા નથી અને જૂની પેઢી તેમને ભૂલી ગઈ છે. કારણ કે તેઓ બિનસાંપ્રદાયી ન હતા, હિન્દુ મહાસભાના નેતા હતા. આ એક હકીકતના તરણા ઓથે સાવરકરની પ્રતિભાનો ડુંગર ઢંકાઈ ગયો છે. પરંતુ જે સંજોગોમાં સાવરકર ઉછર્યા, જીવ્યા, દેશ માટે લડ્યા અને જે યાતનાઓ ભોગવી તે જોતાં સાવરકર સંપ્રદાયી બન્યા એ એક કરુણતા હોવા છતાં અજાયબી નથી. સાવરકરને સાંપ્રદાયી બનવાની ફરજ પાડનાર મુસ્લિમ લીગ હતી અને મુસ્લિમ લીગ હિંદના સ્વાતંત્ર્ય સંગ્રામને તોડી નાખવા માગતા બ્રિટિશ કુહાડાનો હાથો હતી.

દુનિયાનો કોઈ દેશ અહિંસક સત્યાગ્રહ વડે સ્વતંત્ર થયો ન હતો. જે જમાનામાં અહિંસા અને સત્યાગ્રહનું નામ કોઈએ સાંભળ્યું ન હતું તે જમાનામાં સાવરકર પણ બળવા અને યુદ્ધના માર્ગે દેશને મુક્ત કરવા બહાર પડ્યા. દાયકાઓ સુધી કાળા પાણીની અને રત્નાગિરિ જેલની અમાનુષી યાતનાઓ ભોગવીને સાવરકર બહાર આવ્યા ત્યારે પણ તેમને પોતાના ધ્યેય પર શ્રદ્ધા રહી તે બતાવે છે કે દીર્ઘકાળ સુધી તેમણે પીડા ભોગવવા છતાં તેમના જુસ્સાને અંગ્રેજો ભાંગી શકયા નહિ. આ નિષ્ઠા, હિંમત અને દેશભક્તિ ઉત્કૃષ્ટ છે.

એક દિવસ ઝીણાએ અભિમાનથી કહ્યું કે બ્રિટિશોની પહેલાં હિન્દુસ્તાન પર મોગલો રાજ કરતા હતા. સાવરકરે જ્યારે તે સાંભળ્યું ત્યારે જવાબ આપ્યો, "ખરું, પણ ઝીણા ભૂલી જાય છે કે છેલ્લો મોગલ બાદશાહ મરાઠાઓનું પેન્શન ખાતો હતો."

સાવરકરને કોમવાદી હિંદુ ઠરાવીને ઘણાએ તેમનો તિરસ્કાર કર્યો હતો. પણ એ ટીકાકારોમાં એથી પણ વધુ સંકુચિત પ્રાંતવાદીઓ અને ભાષાવાદીઓ શું ન હતા? સાવરકરે કદી પ્રાંત કે ભાષાના ભેદ જાણ્યા ન હતા. તેઓ એક અને અખંડ ભારતના હિમાયતી હતા. એક ભાષા, એક ધર્મ અને એક રાષ્ટ્રના સ્વપ્નદષ્ટા હતા. સંપ્રદાયના વાડામાં પોતાની જાતને મૂકી દેનારા સાવરકરની એ નબળી બાજુને જેમ વાજબી ઠરાવી શકાય નહિ તેમ તેમના ટીકાકારોની નબળાઈઓ ઢાંકી શકાય તેમ નથી.

સાવરકરના વ્યક્તિત્વના સાંપ્રદાયિક પાસાને બાદ કરો તો બીજા કેટલાં બધાં પાસાં છે અને તે પણ કેવા ઝળહળતાં! કવિ, લેખક, વક્તા, વિદ્વાન અને સામાજિક સુધારક તરીકે તેમની બરોબરી કેટલા કરી શકે?

કૉંગ્રેસમાં સામાજિક સુધારણાની ધગશ તો ગાંધીજી સાથે જ ગઈ. સાવરકર જેવા રાજકીય બળવાખોર હતા તેવા જ સામાજિક બળવાખોર હતા. જરીપુરાણી અને અર્થહીન રૂઢિ પર તથા સામાજિક અન્યાયો પર પ્રહાર કરવામાં તેમણે પોતાનો શેષ કાળ વ્યતીત કર્યો. જેલમાંથી છૂટીને તેમણે હિંદુ મહાસભાનું નેતૃત્વ લેવાને બદલે સામાજિક ક્રાંતિની મશાલ સળગાવી હોત તો ચિરસ્થાયી છાપ પાડી શકયા હોત.

રાજકારણમાં જ બધું સમાઈ નથી જતું. સામાજિક અને ધાર્મિક ક્ષેત્રે ઘણું ઘણું કરવાનું છે. જેલની અસહ્ય યાતનાઓથી જેમનું સ્વાસ્થ્ય તૂટી પડ્યું હતું તેવા વીર સાવરકરે સક્રિય રાજકારણમાંથી ક્ષેત્રસન્યાસ લીધો, પરંતુ તેમનું ચિત્ત હજી રાજકારણમાં હતું. ૧૯૪૭માં હિંદના ભાગલા પડાવવામાં મુસ્લિમ લીગને સફળતા મળી અને પછી જે કોમી અત્યાચારો થયા તેથી સાવરકર ઊકળી ઊઠ્યા. ૧૯૪૯માં સાવરકરને થોડા સમય માટે અટકાયતમાં રાખવા પડ્યા એ તેમના જીવનની સૌથી મોટી કરુણતા છે.

સાવરકર શેષ જીવન માત્ર સામાજિક અને ધાર્મિક સુધારણામાં જ સક્રિય રીતે ગાળી શકયા હોત તો કેવું સારું થાત! આવી સુધારણામાં તેમની દષ્ટિ કયાં સુધી પહોંચતી હતી તે તેમના વસિયતનામામાં દેખાઈ આવે છે.

સાવરકરના વિચારોમાં આપણને અમાન્ય કે અણગમતા કોઈ વિચાર પણ હોય, પરંતુ ભારતમાતાનો એ એક મહાન સપૂત હતો. એમના જીવનનો અને એમની શક્તિનો પૂરેપૂરો ઉપયોગ ન થઈ શકયો એ એમનું અને દેશનું પણ દુર્ભાગ્ય છે. મૃત્યુ સાથે મતભેદો પણ મરી જાય છે, મરી જવા જોઈએ. આથી રાષ્ટ્રપતિથી માંડીને બધા પક્ષોના અનેક નેતાઓએ સાવરકરને જે ભવ્ય અંજલિ આપી છે તેમાં દેશની લાગણી વ્યકત થઈ છે. સોહમ્

જ્યાં પરિગ્રહ ત્યાં લડાઈ હોવાની.

કવિવર દિનકરે કહ્યું: "હવે હિન્દુસ્તાન અહિંસાના રટણથી ઉપર ઉઠ્યું છે, તેનામાં શૌર્ય જાગ્રત થઈ ચૂકયું છે."

આચાર્ય તુલસીએ કહ્યું: "દુનિયા એ ભ્રમથી મુક્ત થઈ ગઈ કે હિન્દુસ્તાન કાયર છે. અને આજ સુધી હિન્દુસ્તાન અહિંસક હોવાની માન્યતા ચાલી રહી હતી તો હિંદુસ્તાન અહિંસક છે એ ભ્રમ પણ હવે દૂર થઈ ગયો છે. અહિંસકને કાયર માનવો એ જેવો ભ્રમ છે, તેવો જ ભ્રમ જે અહિંસક ન હોય તેને અહિંસક માનવો તે છે. અહિંસક વ્યકિત થઈ શકે છે અને તે તે વ્યકિત કે જેની આધ્યાત્મિક ચેતના જાગૃત થઈ હોય છે."

શ્રી દિનકરજીએ કહ્યું: "આપે જણાવેલો ભ્રમ એ કારણે પેદા થયો હતો કે વ્યકિતની ચેતનાને રાષ્ટ્ર ઉપર લાદવામાં આવી હતી." આચાર્યશ્રીએ જણાવ્યું: "લાદવામાં અમારો વિશ્વાસ નથી. અહિંસા સ્વતંત્ર ચેતનાનું પરિણામ છે."

શ્રી એચ. સી. ગાંગુલીએ આવતાંવેંત જણાવ્યું કે "આ લડાઈ આપના સિદ્ધાંતને અનુકૂળ તો ન થઈ?"

આચાર્યશ્રીએ કહ્યું: "શું પરિગ્રહ અમારા સિદ્ધાંતને અનુકૂળ છે? લડાઈ પરિગ્રહ - શૃંખલાની અનિવાર્ય કડી છે. એમ કેમ બને કે પરિગ્રહ આદરણીય હોય અને લડાઈ પેદા ન જ થાય? અમારો સિદ્ધાંત અવ્યવહારિક નથી. અહિંસાની પૂર્ણ સાધના તેના માટે શકય છે કે જે પૂર્ણ અપરિગ્રહી હોય. જે પરિગ્રહી છે તેના માટે અહિંસાની મર્યાદિત સાધના વિહિત છે. મર્યાદિત સાધનાનું તાત્પર્ય છે કોઈ આક્રમણકારી ન બને, બાકીની ભૂમિ કે ધનનું અપહરણ કરવાની ચેષ્ટા ન કરે આટલું થાય તો અહિંસાની પૃષ્ઠભૂમિ પ્રશસ્ત બની જાય.

નિષ્ણાતોના ચક્રાવામાં

કોઈ પણ રોગ થયો છે એવો વહેમ પડે ત્યારે સામાન્ય ડૉકટરો - જી. પી. (જનરલ પ્રેકટીશનર્સ) પાસે જવા કરતાં નિષ્ણાત પાસે જ પહેલાંથી જવું એમ કેટલાંક માનતા હોય છે. એવા એક ભાઈને સખ્ત ઉધરસ ઉપડી આવી. ઘરગથ્થુ ઉપચારોથી મટ્યું નહિ એટલે એ ભાઈ નિષ્ણાત પાસે પહોંચ્યા. "તમને છાતીમાં કશું નથી, ક્ષય જેવું પણ નથી. તમે કોઈ નાક, કાન અને ગળાના નિષ્ણાતને બતાવો," એમને સલાહ મળી. આ મોંઘી સલાહનું મૂલ્ય ચૂકવી એ નાક - કાન,- ગળાના નિષ્ણાત પાસે પહોંચ્યા. એમનાં નાક - કાન - ગળાની બારીક તપાસ કરી રહ્યા પછી નિષ્ણાતે જણાવ્યું: "તમારાં નાક - કાન - ગળું બધાં બરોબર છે. કદાચ પેટનો વ્યાધિ હશે. ઉદરરોગના નિષ્ણાત પાસે તપાસ કરાવો." એ ઉદર રોગના નિષ્ણાત પાસે પહોંચ્યા. એમના ઉદરને કશી ફરિયાદ કરવા જેવું નથી એમ ખાતરી થતાં એ ચિંતામાં પડ્યા. 'બધું બરાબર છે; એક તબિયત બરાબર નથી.' એવી એમની ખાતરી થઈ. છેવટે કોઈકે તેમને સલાહ આપી "તમને કોઈ જાતની શારીરિક બીમારી નથી. કદાચ માનસગ્રંથિ બંધાઈ ગઈ હોય, અને આ ઉધરસ રૂપે એની અભિવ્યકિત થતી હોય એમ પણ બને. માટે તમે કોઈ મગજના નિષ્ણાત પાસે જાઓ." અનેક નિષ્ણાતો પાસે જઈ આવીને કંટાળી ગયેલા પેલા ભાઈએ ઉધરસ ખાતાં ખાતાં જવાબ દીધો: "મગજના નિષ્ણાત પાસે જવાની મારે જરૂર નથી. મને મગજ જ નથી. મગજ હોત તો હું આવા ચક્રાવામાં પડત ખરો?'

જયોતીન્દ્ર હ. દવે

☆ "ભસ્મવિસર્જનની ક્રિયામાં ઔચિત્ય કેટલું?" ☆

તા. ૧૬-૨-૬૬ના પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ કરવામાં આવેલ ઉપરના મથાળાના બાબુ શ્રીપ્રકાશના લેખે અને તે ઉપરની મારી નોંધે પ્રબુદ્ધ જીવનના વાચકોના મન ઉપર તરેહ તરેહના પ્રત્યાઘાતો – મોટા ભાગે અનુકુળ અને અમુક ભાગે પ્રતિકૂળ– પેદા કર્યા છે. તેના નમુનારૂપે મને મળેલા પત્રોમાંના થોડાંક અવતરણો રસપ્રદ નીવડશે એમ સમજીને નીચે આપવાનું ઉચિત લાગે છે.

કલકત્તાથી એક સ્નેહી સ્વજન જણાવે છે કે "ભસ્મવિસર્જનની ક્રિયામાં ઔચિત્ય કેટલું ?–એ લેખ અને તમારી નોંધને વધારે જાહેરાત મળવી જોઈએ. આ વિષય ઉપર જાહેર જનતાએ ગંભીરતાથી વિચાર કરતાં થવું જોઈએ. જન્મભૂમિ, મુંબઈ સમાચાર, સંદેશ, ગુજરાત સમાચાર અને અંગ્રેજી અખબારોમાં આ બન્ને છપાય તો બહુ સરસ થાય. ગાંધીયુગમાંથી પસાર થયેલું ભારત ગાંધીજીની સાદાઈને આટલું જલ્દિથી તો ન જ ભૂલી શકે. આ મહત્ત્વનો મુદ્દો ધ્યાનમાં લઈને શ્રી શ્રીપ્રકાશે પોતાના પ્રસ્તુત લેખમાં જે વિચારશ્રેણી રજૂ કરી છે તે માટે તેમ જ તેઓ પોતે પ્રખર હિન્દુ હોઈને આવું વિચારી શકે છે તે માટે તેમને ખરેખર ધન્યવાદ ઘટે છે."

કલકત્તાથી એક સુશિક્ષિત બહેન એ લેખ તથા નોંધ વાંચીને જણાવે છે કે "ભસ્મવિસર્જનની ક્રિયા પાછળ જે ખર્ચ થાય છે તેનો ખ્યાલ કરીને, જો ઉપરથી શાસ્ત્રીજી સંદેશો મોકલી શકતા હોત તો જરૂર કહેત કે આવી ઘેલછા બંધ કરો. લેખ તથા નોંધ ખૂબ ગમી. ઘણાના મનમાં આવું લાગતું હશે, પણ તેઓ જાહેરમાં કહી શકતા નથી. કોઈએ તો અવાજ ઊઠાવવો જ જોઈએ. આ માટે તમોને હું હાર્દિક ધન્યવાદ આપું છું."

ભાવનગરથી મારા મિત્ર શ્રી હરભાઈ ત્રિવેદી જણાવે છે કે "ભસ્મવિસર્જન ઉપરની તમારી નોંધ માટે તમને કેટલા ધન્યવાદ આપું ? બંધિયાર વિચાર અને રૂઢ માન્યતાઓમાંથી આપણો દેશ બહાર આવતો જ નથી તેનું ભારે દુઃખ રહે છે ત્યારે તમારા સામું જોઈને શાન્તિ અનુભવાય છે."

બીજી બાજુએ માન્યવર મુરબ્બી સર મણિલાલ બાલાભાઈ નાણાવટી થોડા દિવસ પહેલાં કોઈ એક લગ્નને લગતા સત્કાર સમારંભ પ્રસંગે મળેલા અને પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ થયેલા પ્રસ્તુત લેખ અંગેનું પોતાનું સંવેદન સહજપણે વ્યકત કરતાં તેમણે એ મતલબનું જણાવેલું કે "શ્રીપ્રકાશના આ વિચારો અને વલણ સાથે હું સંમત થતો નથી. મૃતાત્માની ભસ્મ કે અસ્થિ એ તેનો સ્મરણાવિશેષ છે. ગાંધી, જવાહરલાલ કે શાસ્ત્રી જેવા મહાપુરૂષના આવા દેહાવશેષનું આપણે જેટલું બહુમાન કરીએ તેટલું તે મહાપુરુષનું બહુમાન કરવા બરોબર છે અને રાષ્ટ્રની દૃષ્ટિએ આ બહુમાન જરૂરનું છે. આ બાબતનો વિચાર તે પાછળ થતા કેવળ ખર્ચની દૃષ્ટિએ કરવો ન ઘટે."

બનારસ હિન્દુ યુનિવર્સિટી અન્તર્ગત ભારત કલાભવનના ડિરેકટર મારા પુરાણા મિત્ર રાયકૃષ્ણદાસ એ જ બાબત એક પત્ર દ્વારા નીચે મુજબ જણાવે છે :-

"આપણા રાષ્ટ્રીય જીવનને વીસ વરસ પૂરા થયાં છે. કોઈ પણ રાષ્ટ્રના જીવનમાં વીસ વરસનો કાળ નહિ જેવો ગણાય. આપણામાં રાષ્ટ્રીયભાવના અને ભાવાત્મક રાષ્ટ્રીય એકતાની ઊણપ છે. આપણે ધર્મના નામ ઉપર એકતા વિચારી શકીએ છીએ, જાતિવાદ પર વિચારી શકીએ છીએ, નગરો અને પ્રાંતોના નામ પર વિચારી શકીએ છીએ, પરંતુ અખંડ રાષ્ટ્રીય એકતા પર વિચારવાની અને આચરણમાં મૂકવાની શકિતનો આપણામાં નીતાન્ત અભાવ છે. આ અભાવને દૂર કરવા માટે તથા રાષ્ટ્રીયતાને જાગૃત કરવા માટે જ્યાં બીજાં અનેક ઉપાયો છે ત્યાં રાષ્ટ્રીય પર્વો પણ એક છે જેની અત્યંત આવશ્યકતા છે. અસ્થિવિસર્જન એક એવું જ પર્વ છે, અને એની પરંપરા ચાલુ રાખવી આવશ્યક છે. જ્યારે આપણે તર્પણમાં ભીષ્મપિતામહ વગેરેનો આદર કરીયે છીએ ત્યારે આ રાષ્ટ્રીય યોદ્ધાઓ જેમણે સ્વાતંત્ર્ય સંગ્રામમાં જીવન હોમીને સ્વતંત્રતા ઘર આંગણે' આણી, તદુપરાંત સ્વતંત્રભારતની નાવને ભયંકર વાવંટોળમાંથી પાર કરી, એવા વીરોનું સન્માન કરવું એ આપણો રાષ્ટ્રીય ધર્મ છે, જેનું પાલન સાચા સ્વરૂપમાં થવું જોઈએ. પાશ્ચાત્યો આ બાબતમાં જે કાંઈ કરતા હોય એ પ્રમાણે વર્તવું એવો આપણો આદર્શ હોવો ન ઘટે. આપણો દેશ આપણી પરંપરા અનુસાર હોવો જોઈએ. સારા ભારતને ખૂણે ખૂણે સમ્રાટ અશોકે ભગવાન બુદ્ધના અવશેષો પર અસંખ્ય સ્તૂપો બંધાવ્યાં હતાં. એ પરંપરાના આપણે વારસદાર છીએ, એ પરંપરા આપણી સન્મુખ આદર્શ રૂપે રાખીને ચાલવું ઘટે".

આ બન્ને મહાશયોના અભિપ્રાયો અંગે પૂરા આદરપૂર્વક વિચાર કરવા છતાં પણ, મારા મૂળ વિચાર અને વલણમાં ફેરફાર કરવાની મને જરા પણ જરૂર લાગતી નથી. જેમ કોઈ મખમલની પેટીમાં પડેલો કોહીનૂર લઈ લેવામાં આવે પછી તે પેટીની કીંમત કોડીની બની જાય છે તેવી જ રીતે માનવદેહને પ્રભાવિત કરતી ચેતના વિસર્જિત થયા બાદ તે દેહનું કોઈ મહત્ત્વ જ નથી–તેનો જેમ બને તેમ જલ્દિથી અગ્નિસંસ્કાર દ્વારા નીકાલ કરવામાં આવે તે જ ઈષ્ટ અને આવશ્યક છે.–આવી જે સ્પષ્ટ સમજણ આપણને ચૈકાઓથી પ્રાપ્ત થઈ છે તેને પૂરા અર્થમાં વફાદાર રહેવું અને તે મુજબ વર્તવું-એટલું જ કર્તવ્ય આપણને પ્રાપ્ત છે. એ દીવા જેવું સ્પષ્ટ છે કે અગ્નિસંસ્કાર બાદ અવશેષ રહેલી ભસ્મમાં કે અસ્થિમાં કોઈ દૈવત કે પવિત્રતા સંભવે જ નહિ. તેમાં દૈવત કે પવિત્રતા કલ્પવી કે આરોપવી એ પદાર્થ છોડીને પડછાયાની પૂજા કરવા બરોબર છે. આમ વિચારવા કે વર્તવામાં પશ્ચિમનું અનુકરણ રહેલું છે એમ માનવાને કોઈ કારણ નથી. તત્કાલીન પરંપરાને વશ વર્તીને સમ્રાટ અશોકે ભગવાન બુદ્ધના અવશેષો ઉપર ભલે સ્તૂપો રચાવ્યા. પણ એ ઉપરથી ભગવાન બુદ્ધના દેહાવશેષોને આપવામાં આવેલ મહત્ત્વનું ઔચિત્ય કોઈ અંશમાં તર્કયુકત બનતું નથી. અને આજના જમાનાની અનિવાર્ય માગ છે કે માનવી જીવનને બૌધિક સ્તર ઉપર ઊંચે ઊઠાવવું હોય અને એમ હોય, તો આવી તત્ત્વહીન માન્યતાઓ જેટલી બને તેટલી જલદીથી નાબૂદ કરવી ઘટે છે. વળી સમય જતાં ભસ્મ કે અસ્થિના આવા વહેમભર્યા અવલંબન વિના પણ એક યા અન્ય મહાપુરુષ પ્રત્યે–ભગવાન બુદ્ધ અથવા તો મહાવીર પ્રત્યે–ભકિતભાવ દાખવતાં અનેક આલીશાન મંદિરો નિર્માણ થતાં રહ્યાં છે. એ પુરવાર કરે છે કે ભકિતભાવ ઉત્તેજિત કરવા માટે આવા ભ્રાન્તિજનક અવલંબનોનો આધાર લેવાની કોઈ જરૂર નથી.

ઈજીપ્તમાં પાંચ હજાર વર્ષ પૂર્વે રાજવીઓના મૃતદેહોને, તેમાં મશાલો ભરીને, બાળવવામાં આવતા અને તેનું જાહેરમાં બહુમાન કરવામાં આવતું. આજે પ્રચલિત બનેલી ભસ્મપૂજા ઈજિપ્તમાં એક વખત પ્રચલિત બનેલી મમી પૂજાનો અવશેષ છે એમ સમજીને આ નવા આકારની મમીપૂજામાંથી આપણા પ્રજાજનોને સત્વર મુકત કરવા આપણે કટિબદ્ધ થવું જોઈએ.

પરમાનંદ

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ. મુંબઈ-૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ

Regd. No. MH. 117
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૭ : અંક ૨૩

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, એપ્રિલ ૧, ૧૯૬૬, શુક્રવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૨૫ પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

પ્રકીર્ણ નોંધ

'પ્રાણીમિત્ર' શ્રી જયન્તીલાલ માનકરનું રાષ્ટ્રપતિએ કરેલું બહુમાન

(થોડા સમય પહેલાં એનીમલ વેલફેર બોર્ડે જીવદયાના આજીવન મીશનરી શ્રી જયંતીલાલ માનકરને 'પ્રાણીમિત્ર' નો ખિતાબ આપવાનો નિર્ણય કરેલો અને એ ખિતાબ તેમને તા. ૩૧-૧-૬૬ ના રોજ રાષ્ટ્રપતિ રાધાકૃષ્ણનના હાથે નવી દિલ્હી ખાતે અર્પણ કરવામાં આવેલો. આ સમારંભની તા. ૧૯-૩-૬૬ ના 'જૈન'માં પ્રગટ થયેલી વિગતો અને તંત્રીનોંધ ઉપરથી સંકલિત કરીને નીચેની નોંધ તૈયાર કરવામાં આવી છે. તંત્રી)

અહિંસા અને પ્રાણીદયા એ ધર્મનાં મુખ્ય અંગો છે, ધર્મના પ્રાણ છે અથવા સાક્ષાત્ ધર્મ જ છે. એટલે જેઓ અહિંસા અને પ્રાણીદયાના હિમાયતી અને ઉપાસક બનીને એના પાલન તેમ જ પ્રચારને માટે નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરે છે, તેઓ ધર્મનું કે ધર્મના પ્રસારનું જ કામ કરે છે. આપણે ત્યાં જીવદયા અને એના ફેલાવાને પોતાના જીવનકાર્ય તરીકે સ્વીકારીને એવા ધર્મકાર્ય માટે દિલ દઈને ભાવનાપૂર્વક સતત પ્રયત્ન કરનાર કાર્યકરોમાં શ્રીયુત જયંતીલાલ નારદલાલ માનકરનું સ્થાન આગળ પડતું છે.

જીવદયા અને જીવનરક્ષાના કાર્યમાં જીવનના આનંદનો અનુભવ કરનાર અને દેશ-વિદેશમાં એનો ધર્મસંદેશ પહોંચતો કરવામાં ઓત-પ્રોત બનીને એની પાછળ દિવસ કે રાત અને ઊંઘ અને આરામને વિસરી જનાર શ્રી માનકર આ કાર્યક્ષેત્ર અંગે બહારના દેશોમાં કરુણા અને અહિંસાપરાયણ ભારતીય સંસ્કૃતિના પ્રતિનિધિ બની ગયા છે, અને એ રીતે આપણા દેશ ઉપરાંત બહારના દેશોમાં પણ એમની નામના થઈ છે, એ આપણ સૌને માટે આનંદ અને ગૌરવની બીના છે. સેવાના કોઈ પણ ક્ષેત્રમાં આવા ઉમંગી, કાર્યદક્ષ, નિષ્ઠાવાન, નિઃસ્વાર્થ અને ભાવનાશીલ કાર્યકર્તા મળવા એ ખુશ-નસીબી લેખાવી જોઈએ.

મુંબઈ જીવદયા મંડળી પ્રાણીદયા અને પ્રાણીરક્ષાના પોતાના પવિત્ર ધ્યેયને પાર પાડવાની દિશામાં અત્યાર સુધીમાં જે કંઈ નોંધપાત્ર પ્રગતિ સાધી શકી છે, એમાં શ્રી માનકરની દાયકાઓની સેવાભાવભરી કામગીરીનો ફાળો ઘણો મોટો છે. આ માટે સૌ જીવ-દયા પ્રેમીઓએ અને અહિંસા ધર્મના ચાહકોએ એમનો આભાર માનવો ઘટે છે, અને એમને હાર્દિક ધન્યવાદ આપવા ઘટે છે.

પ્રાણીદયાનું એટલે પ્રાણીઓ પ્રત્યેની ક્રૂરતાના નિવારણનું તેમજ પ્રાણીઓની રક્ષાનું કામ દેશવ્યાપી રાષ્ટ્રીય ધોરણે થઈ શકે એ માટે જાણીતાં જીવદયાપ્રેમી શ્રીમતી રુક્ષ્મણીદેવી એરંડેલના અવિરત પ્રયાસોથી લોકસભાએ એક કાયદો પસાર કર્યો છે, અને ૧૯૬૦માં એ કાયદો દેશભરમાં અમલી બન્યો છે. આ કાયદો પસાર થાય એવું વાતાવરણ દેશમાં તૈયાર કરવામાં શ્રી. માનકરે દિલ દઈને પ્રયત્નો કર્યા હતા. એમને મનગમતું અને પોતાના જીવનકાર્યને જ આગળ વધારતું એ કામ હતું. આ કાયદાને લીધે દેશમાં એનીમલ વેલફેર બોર્ડ (પ્રાણીકલ્યાણ બોર્ડ)ની રચના થઈ છે; અને શ્રીમતી રુક્ષ્મણીદેવી એના અધ્યક્ષ છે.

જીવદયા માટે ઉચ્ચ ધોરણે પ્રયાસો કરનાર મહાનુભાવો પ્રત્યે દેશની કૃતજ્ઞતાની લાગણી પ્રદર્શિત કરવા માટે પ્રાણીકલ્યાણ બોર્ડે એવી વ્યક્તિઓને "પ્રાણીમિત્ર"નો સાર્થક ખિતાબ આપવાનો નિર્ણય કર્યો છે; અને એ ખિતાબ માટે સર્વ પ્રથમ શ્રી માનકર જેવા સન્નિષ્ઠ કાર્યકરની વરણી કરવામાં આવી છે.

તા. ૩૧-૧-૬૬ ના રોજ નવી દિલ્હી ખાતે રાષ્ટ્રપતિ ભવનમાં રાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણન્‌ના વરદ હસ્તે શ્રી માનકરને આ ખિતાબ અર્પણ કરવામાં આવ્યો હતો. આ ગૌરવપૂર્ણ સમારંભ પ્રસંગે આ બોર્ડના અધ્યક્ષ શ્રીમતી રુક્ષ્મણી એરન્ડલે શ્રી માનકરને 'પ્રાણીમિત્ર'નો ખિતાબ અર્પણ કરવાની વિનંતિ કરતાં નીચે મુજબ નિવેદન કર્યું હતું:

"શ્રી જયન્તીલાલ માનકર એનિમલ વેલફેર બોર્ડના સભ્ય છે; એમણે પ્રાણીના કલ્યાણના કાર્યમાં પોતાના જીવનને અર્પણ કર્યું છે, અને છેલ્લાં ૪૧ વર્ષથી ભારતમાં પ્રાણીઓના કલ્યાણનાં કાર્યોમાં પોતાની સતત અથાક સેવાઓ અર્પી છે.

"એમનો જન્મ જામનગરના એક ઉચ્ચ સંસ્કારી કુટુંબમાં ૩૧મી ઑગસ્ટ ૧૮૯૫ને દિને થયો હતો. એમણે વિદ્યાભ્યાસનો આરંભ જામનગરની એક નિશાળમાં કર્યો હતો અને કૉલેજ–શિક્ષણ જૂનાગઢ તથા વડોદરામાં મેળવ્યું હતું. ત્યારપછી એમણે શિક્ષક તરીકે જીવન આરંભ્યું હતું અને આગળ જતાં રાજકોટની મિશન ગર્લ્સ હાઈસ્કૂલના હેડમાસ્તર બન્યા હતા. એમણે જામનગર સંસ્થાનમાં વકીલાતની સરકારી સનદ મેળવી હતી, પણ વકીલાત શરૂ કરી નહોતી. ૧૯૨૦માં એમણે મુંબઈમાં નિવાસ કરીને શેર દલાલનો વ્યવસાય શરૂ કર્યો. આ વ્યવસાયમાં મોટી કમાણી તથા ઉજ્જ્વલ ભાવીનો સંભવ હોવા છતાં એમણે એ છોડ્યો અને પ્રાણીકલ્યાણના દુષ્કર અને ઉપેક્ષા પામેલા સેવાક્ષેત્રમાં હૃદયની પૂર્ણનિષ્ઠાથી ઝંપલાવ્યું.

"શ્રી માનકરને આ ઉમદા સેવાકાર્યમાં પોતાનું જીવન અર્પવાની પ્રેરણા મુંબઈ જીવદયા મંડળીના સ્થાપક દયાલંકાર શ્રી લલ્લુભાઈ ડી. ઝવેરી તરફથી મળી હતી. શ્રી માનકરે જીવદયા મંડળીના કાર્યની પુનર્વ્યવસ્થા કરી. એ ઉપરાંત અનેક પ્રાણીકલ્યાણની સંસ્થાઓ સ્થાપી. આ કાર્યમાં એમણે ભારતના એક છેડાથી બીજા છેડા સુધી અસંખ્ય પર્યટનો કર્યાં છે. પંચમહાલ (ગુજરાત), બિહાર, ઓરિસ્સા પંજાબ, સૌરાષ્ટ્ર, કચ્છ, મહારાષ્ટ્ર, કર્ણાટક અને ઉત્તર પ્રદેશમાં ધરતી-કંપ, દુષ્કાળ અને જલસંકટ દરમ્યાન શ્રી માનકરે ઢોરના સંકટ નિવા-રણની વ્યવસ્થિત યોજના રચી હતી અને એ યોજના વડે લાખો

ઢોરને ભૂખમરા વગેરેથી અવશ્ય થનારા મૃત્યુમાંથી ઉગાર્યા હતા. ઉપયોગી ઢોરના વધનો નિષેધ અને નિગ્રહ કરાવવામાં એમનો ફાળો સ્તુત્ય અને સફળ હતો. એમણે ગૌશાળાઓ અને પાંજરાપોળોની પુનર્વ્યવસ્થા કરી છે અને પ્રાણી પ્રત્યેની ક્રૂરતાનિવારણ માટે મારા તરફથી રાજ્યસભામાં પેશ કરવામાં આવેલા ખરડાની તરફેણમાં અનુકૂળ લોકમત સાધવામાં પણ ઘણો ફાળો આપ્યો છે. આ દેશની અનેક પ્રાણી કલ્યાણકારી સંસ્થાઓ સાથે તેઓ એક અથવા બીજા પ્રકારે કે અધિકારે સક્રિય રીતે સંકળાયેલા છે.

"પ્રાણીકલ્યાણ મંડળ વતી એ સંસ્થાના પ્રમુખ તરીકે ભારતના રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્‌ને હું વિનંતિ કરું છે કે, શ્રી જયંતીલાલ ના. માનકરને, એમના પ્રાણી-કલ્યાણના મહાન સેવાકાર્યની કદરના પ્રતીકરૂપે, ૧૯૬૬ ના વર્ષનું પ્રાણીમિત્ર પારિતોષિક ચંદ્રક તેઓ પોતાના વરદ હસ્તે અર્પણ કરે."

ત્યાર બાદ મહામના રાષ્ટ્રપતિએ પ્રસ્તુત ખિતાબ અર્પણ કરતાં શ્રી માનકરને નીચે મુજબ અંજલિ આપી હતી :-

"હું જાણું છું કે, શ્રી જયન્તીલાલ માનકર છેલ્લાં ૪૦ વર્ષથી ગોરક્ષા, જીવદયા અને પ્રાણીકલ્યાણનું કાર્ય કરે છે. આવી કલ્યાણકારક પ્રવૃત્તિ માટે જીવન અર્પણ કરવું એ મહાન ઘટના છે. શ્રી. માનકરને હું એમની અનેકવિધ પ્રવૃત્તિ માટે અભિનંદન આપું છું, અને આશા રાખું છું કે, અહિંસામાં શ્રદ્ધા ધરાવનાર ભારતીય જનતા એમના ઉજ્જવળ ઉદાહરણનું અનુકરણ કરી દેશમાં ચાલતી હિંસા અને પ્રાણીઓ પ્રત્યેની ક્રૂરતાને રોકવા માટે તથા કરુણાધર્મના પ્રચાર માટે વધારે ખંત અને ઉત્સાહથી કાર્યપરાયણ બનશે. શ્રી જયન્તીલાલ માનકરને 'પ્રાણીમિત્ર'નો એવૉર્ડ આપતાં હું આનંદ અનુભવું છું અને તેઓ દીર્ઘકાળ સુધી આપણા ભલા પ્રાણીમિત્રોની સેવા કરે એ શુભેચ્છા સાથે આ પદક અર્પણ કરું છું."

રાષ્ટ્રપતિના આ ઉદાત્ત ઉદ્‌ગારો સર્વ કોઈ અહિંસા અને જીવદયા-પ્રેમીઓની શ્રી માનકર પ્રત્યેની કૃતજ્ઞતા અને પ્રશંસાની લાગણીનો પડઘો પાડે છે. આપણે પણ એમાં સૂર પુરાવીએ અને શ્રી માનકર તન્દુરસ્તીભર્યું દીર્ઘ જીવન ભોગવે અને પશુદયાનાં અનેક કાર્યો તેમના હાથે થતાં રહે એવી આપણે તેમના વિષે શુભેચ્છા ચિન્તવીએ અને ઊંડા દિલની પ્રાર્થના કરીએ!

સૌમ્યવદન ડૉ. પી. એમ. સાંગાણી

સર હરકીસનદાસ નરોત્તમદાસ હૉસ્પિટલની મેનેજીંગ કાઉન્સીલ તરફથી મુંબઈ ખાતે વનિતા વિશ્રામના ચોગાનમાં માનનીય રેલ્વે-પ્રધાન શ્રી એસ. કે. પાટિલની અધ્યક્ષતા નીચે સર હરકીસનદાસ નરોત્તમદાસ હૉસ્પિટલના સંનિષ્ઠ સુપ્રીન્ટેન્ડન્ટ - નિયામક - ડૉ. પ્રાણજીવનદાસ એમ. સાંગાણીનું, તેમણે હોસ્પીટલની લાગલગાટ ૩૫ વર્ષ સુધી એકસરખી સેવા કરી તેની કદરરૂપે, તા. ૨૬-૩-૬૬ના રોજ સન્માન કરવામાં આવ્યું હતું. આજ વર્ષે તેમણે જીંદગીનાં ૬૦ વર્ષ પૂરાં કર્યાં હતાં. એ આ સમારંભ સાથે જોડાયેલો અણધાર્યો સુયોગ હતો. આ પ્રસંગે તેમને શહેરના નામી સર્જનો તેમજ ફીઝીશિયનો તથા મુંબઈના આગેવાન નાગરિકો તરફથી અત્યન્ત ભાવભરી અંજલિઓ આપવામાં આવી હતી. સર હરકીસનદાસ હૅસ્પીટલના મેનેજીંગ કાઉન્સીલના પ્રમુખ શેઠ શ્રી ગોરધનદાસ ભગવાનદાસનું, તેમને ભારત સરકાર તરફથી પદ્મશ્રીનો ઈલ્કાબ મળવા બદલ, હજુ થોડા સમય પહેલા જ ગયા ઑક્ટોબર માસ દરમિયાન બહુ મોટા પાયા ઉપર મહારાષ્ટ્ર રાજ્યના રાજ્યપાલ ડૉ. ચેરિયનના પ્રમુખપણા નીચે જાહેર સન્માન કરવામાં આવ્યું હતું. શ્રી ગોરધનદાસ ભાઈ હૉસ્પિટલની મેનેજીંગ કાઉન્સીલના પ્રમુખ અને ડૉ. સાંગાણી હૉસ્પિટલના સુપ્રીન્ટેન્ડન્ટ-આ બન્નેની જોડીએ અથવા તો આ બન્નેના જોડાણે હૉસ્પિટલને તેના થઈ રહેલા સતત વિકાસ અને વિસ્તારની આ કક્ષાએ પહોંચાડવામાં અસાધારણ ફાળો આપ્યો છે. આમાં પણ કોઈ પણ સંસ્થાના પ્રમુખ કે ટ્રસ્ટીપદ ઉપર આવ્યા બાદ તેના માટે અન્ય સાથે અથડામણના બહુ ઓછા સંયોગો હોવાથી તે સ્થાન ઉપર તે વ્યક્તિ મોટા ભાગે વર્ષો સુધી ચાલુ રહી શકે છે; પણ એક મોટા હોસ્પિટલના સુપ્રીન્ટેન્ડન્ટના વિપુલ જવાબદારીભર્યા સ્થાન ઉપર આટલી લાંબી મુદત સુધી ચાલુ રહ્યાની ઘટના ભાગ્યે જ અન્ય કોઈ સુપ્રીન્ટેન્ડન્ટના સંબંધમાં બની હશે, કારણ કે, એક હૉસ્પિટલના સુપ્રીન્ટેન્ડન્ટની જવાબદારી કોઈ પણ રાજ્યના પ્રધાનમંત્રી જેવી અત્યંત કપરી હોય છે. તેણે ડૉક્ટરોને એટલે કે તેમના મીજાજને સંભાળવાના હોય છે; વહીવટકર્તા ટ્રસ્ટીઓને સંભાળવાના હોય છે; નાનો પણ રાયનો દાણો એવી નર્સોને સંભાળવાની હોય છે; તરેહ-તરેહના દર્દીઓને પણ સંભાળવાના હોય છે; અને આજના લેબર યુનિયન અને તેની ધાકધમકી સામે હૉસ્પિટલની વ્યવસ્થાને તેણે એક સરખી ટકાવી રાખવાની હોય છે. આવી અત્યંત જટિલ જવાબદારી સંભાળવા માટે માત્ર તબીબી કુશળતા પૂરતી નથી. તે માટે કુનેહ, મિતભાષિતા, દક્ષતા અને પ્રકૃતિની સમતા અત્યન્ત જરૂરી છે. આ ઉપરાંત સંસ્થાના શ્રેય ખાતર કદિ કદિ કડવા ઘુંટડા ગળવાના પ્રસંગો પણ ઉપસ્થિત થાય છે. આ ગુણો અને આ તાકાત ડૉ. સાંગાણીએ, ૩૫ અથવા તો ૩૭ વર્ષની તેમની સર હરકીસનદાસ નરોત્તમદાસ હૉસ્પિટલની ઉજ્જવલ કારકીર્દી દ્વારા, પોતામાં હોવાનું આબાદ પુરવાર કરી આપેલ છે. હૉસ્પિટલનો પણ છેલ્લા ૩૫ વર્ષના ગાળામાં તેમની દેખરેખ નીચે કેટલો બધો વિકાસ થયો છે? આ સર્વ માટે આપણે ડૉ. સાંગાણીને જેટલા ધન્યવાદ આપીએ તેટલા ઓછા છે.

વિશેષ ધન્યવાદ તો ડૉ. સાંગાણીને ઘટે છે તેમની પ્રસ્તુત હૉસ્પિટલ અંગેની અપૂર્વ નિષ્ઠા માટે. આજે શક્તિશાળી વ્યક્તિને આગળ વધવા માટે કેટલાં બધાં આકર્ષણો ઊભાં થયાં છે? ઉતરતા સ્થાનેથી ચડિયાતા સ્થાને જવાનાં પ્રલોભનો આવી વ્યક્તિ સામે મોજુદ હોય છે. એમ છતાં અમુક હોસ્પિટલ જેવા એક નાના ખુણાને પોતાની સર્વ શક્તિઓ અર્પિત કરવી, તેના વિકાસને જ પોતાનો વિકાસ સમજવો-આવી નિષ્ઠા આજે વિરલ જોવા મળે છે

ડૉ. સાંગાણીની સફળતા તેમની સ્વસ્થ, પ્રસન્ન, ધીરગંભીર એવી પ્રકૃતિને આભારી છે. ગમે તેવી ગુંચવણભરી પરિસ્થિતિ ઊભી થાય, તો પણ અકળાવું નહિ, મુંઝાવું નહિ અને સ્વસ્થતાપૂર્વક ઉકેલ શોધવો, દર્દી તરીકે અનેક નાના મોટા માણસો આવે-અને મોટા માણસો તો પોતાનો મીજાજ સાથે લઈને જ હોસ્પિટલમાં આવે છે-એમ છતાં સૌ કોઈને સંતોષ આપવા પ્રયત્ન કરવો અને સામેના ઉશ્કેરાટ સામે બને ત્યાં સુધી ઉશ્કેરાવું નહિ-આ તેમની ખાસિયત છે. જેવી તેમની સૌમ્ય પ્રકૃતિ છે તેવી જ તેમને ભગવાને મધુર આકૃતિ આપી છે. વળી તેઓ માત્ર એકાંગી ડૉક્ટર નથી; રોટરી ક્લબના તેઓ એક આગેવાન સૂત્રધાર છે; જાહેર જીવનના અનેક ક્ષેત્રોમાં તેમ જ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં તેઓ સારો રસ ધરાવે છે. મુંબઈના આજે તેઓ એક અગ્રગણ્ય નાગરિક લેખાય છે. આ બધા આત્મોત્કર્ષના પાયામાં એક પરિમિત પ્રવૃત્તિ પ્રત્યેની તેમની વફાદારી અને તે પ્રવૃત્તિ અંગે તેમણે દાખવેલી અસાધારણ કાર્યકુશળતા રહેલી છે. તત્ત્વજ્ઞાનમાં એક સૂત્ર છે કે જેણે એકને જાણ્યું તેણે સર્વને જાણ્યું. સેવાના ક્ષેત્રમાં પણ એટલું જ સાચું છે કે જેણે એકની સેવા સાધી અને તેને જીવન સમર્પણ કર્યું તેણે સમસ્ત જગતની સેવા સાધી. ડૉ. સાંગાણી વિષે આમ કહેવામાં જરા પણ અત્યુક્તિ નથી. ડૉ. સાંગાણીને આપણે આરોગ્યભર્યું દીર્ઘ આયુષ્ય ઈચ્છીએ અને તેમની દેખરેખ નીચે સર હરકીસનદાસ હૉસ્પિટલ ફાલતું ફુલતું રહે એવી આપણા અન્તરની પ્રાર્થના હો!

પાટણ ખાતે ઊભું કરવામાં આવેલ નવા જનરલ હૉસ્પિટલનું ઉદ્‌ઘાટન

જ્યારે આપણામાંની જ કોઈ એક પ્રાણવાન વ્યકિત દ્રવ્યોપાર્જનના ચાલુ વ્યવસાયના ભારથી હળવી બનીને લોકસેવાના કોઈ એક ચોક્કસ માર્ગે વળે છે અને તે પાછળ પોતાની સર્વશકિતઓને એક મીશનરીની તમન્નાથી કેન્દ્રિત કરે છે ત્યારે તે કેટલું મોટું પરિણામ લાવી શકે છે અને તેની આ નવી પ્રવૃત્તિ સ્થાનિક અને આસપાસ વસતી જનતાને કેટલા મોટા આશીર્વાદ રૂપ બને છે તેનું દૃષ્ટાન્ત મુંબઈના જાણીતા હીરાના વ્યાપારી શ્રી હીરાલાલ ભોગીલાલ શાહ અને તેમણે આજથી ૧૩ વર્ષ પહેલાં પાટણ ખાતે સ્થાપેલ અને શરૂ કરેલ 'ભારતીય આરોગ્ય નિધિ' નામની સંસ્થા પુરું પાડે છે. પાટણ શહેરથી એકાદ માઈલ દૂર એક મોટા ક્ષેત્રફળને આવરી લેતા વિભાગ ઉપર આ સંસ્થાનાં વિવિધલક્ષી મકાનો ઊભા કરવામાં આવ્યા છે અને ટી. બી. સેનેટૉરિયમ, ટી. બી. કિલનિક, સર્જિકલ હૉસ્પિટલ અને આંખની હૉસ્પિટલ – આટલી સંસ્થાઓ ભારતીય આરોગ્યનિધિના ઉપક્રમે આજ સુધીમાં અસ્તિત્ત્વમાં આવી છે અને પાટલ અને તેની આસપાસ વસતી જનતાને અનેક તરેહની વૈદ્યકીય રાહત પૂરી પાડી રહેલ છે. આ આરોગ્યનિધિ તરફથી મુંબઈમાં પણ એક એકસ-રે ઍમ્બ્યુલંસ–ઍકસ-રેને લગતું મોબાઈલ હૉસ્પિટલ– બે વર્ષથી ચાલુ કરવામાં આવેલ છે અને તે દ્વારા મુંબઈની જનતાને ટી. બી. અંગે મફત ઍકસ-રે ટ્રીટમેન્ટ અપાઈ રહી છે. આ ઉપરાંત પાટણ અને આસપાસના પ્રદેશોમાં તેમજ મુંબઈના પરાઓમાં વસતી બહેનોને અને બાળકોને અમેરિકાની 'કેર' નામની સંસ્થા તરફથી મળેલ આશરે રૂ. ૧૦,૦૦૦૦૦ ની કીંમતના મિલ્ક પાવડર, ઘી, ચોખા, ઘઉં, વગેરે બીજી ખાદ્ય વસ્તુઓ થોડાં વર્ષ પહેલાં મફત વહેંચીને ત્યાંની જનતા ઉપર ઘણો મોટો ઉપકાર કર્યો હતો. આ ઉપરાંત બીજાં પણ અનેક સેવા તથા રાહતનાં કાર્યો આ ભારતીય આરોગ્યનિધિ તરફથી થતાં રહ્યા છે. આ સર્વ પરિણામ આરોગ્યનિધિના મુખ્ય આયોજક અને સંચાલક શ્રી હીરાલાલ ભોગીલાલ શાહના સેવાનિષ્ઠ પુરૂષાર્થને આભારી છે. તેમણે હીરાના ધીકતા ધંધાની ચિન્તા બાજુએ મૂકીને ભારતીય આરોગ્યનિધિના કાર્ય પાછળ પોતાની સર્વશકિતઓનો યોગ આપ્યો છે અને તેનું પરિણામ એક વિરાટ કલ્યાણ કેન્દ્રનું નિર્માણ થવામાં આવ્યું છે.

સમય જતાં આ સતત વિકસતી પ્રવૃત્તિમાં એક જનરલ હૉસ્પિટલની પુરવણી કરવાનું જરૂરી બન્યું. આ હૉસ્પીટલનું મકાન ઊભું કરવા માટે મારા મિત્ર શ્રી ચંદુલાલ મોહનલાલ ઝવેરી અને તેનાં પત્ની તારાબહેને એક લાખની રકમ આપવાની ઈચ્છા દર્શાવી. તેમની આ દરખાસ્તનો સંસ્થાની કાર્યવાહક સમિતિએ સહર્ષ સ્વીકાર કર્યો અને પરિણામે જોતજોતામાં ઉભું કરવામાં આવેલ હૉસ્પિટલના નવા મકાનનું તા. ૧૯–૩–૬૬ શનિવારના રોજ ગુજરાત રાજ્યના આરોગ્યપ્રધાન શ્રી મોહનલાલ વ્યાસના હાથે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ શુભ પ્રસંગ ઉપર આચાર્ય રજનીશજી ખાસ પધારે અને આશીર્વચન સંભળાવે એવી ભાવના આરોગ્યનિધિના કાર્યકર્તાઓના અને ખાસ કરીને ચંદુભાઈ અને તારાબહેનના દિલમાં ઊભી થઈ અને તેમની ભાવના જબલપુર જેટલા દૂરના રથળેથી આચાર્યશ્રીને આ પ્રસંગ ઉપર પાટણ સુધી ખેંચી લાવી. પ્રસ્તુત ઉદ્‌ઘાટન પ્રસંગે તેમણે પ્રેરક પ્રવચન કર્યું. ત્યાર પછી પણ પાટણ ખાતે એ દિવસે સાંજે તથા પછીના દિવસની સવારે એમ તેમનાં બે પ્રવચનો થયાં. આ રીતે આ ઉદ્‌ઘાટન પ્રસંગ પાટણના પ્રજાજનો માટે એક વૈચારિક સંમેલન જેવો બની ગયો હતો.

ભાઈશ્રી હીરાલાલ શાહે આ પ્રસંગે જણાવ્યું કે આ હૉસ્પિટલના અનુસંધાનમાં બહુ ટૂંક સમયમાં નર્સીંઝ કૉલેજ શરૂ કરવામાં આવશે. ત્યાર પછી એક મેડિકલ કૉલેજ માટે આવશ્યક એવાં બધાં ઘટકો ઊભા થતાં પાટણ ખાતે બહુ થોડા સમયમાં એક મેડિકલ કૉલેજ ઊભી થવી જોઈએ–કરવી જોઈએ એવો પોતાનો મનોરથ તેમણે રજૂ કર્યો અને ગુજરાત સરકાર પણ આ રીતે અહીં મેડિકલ કૉલેજ ઊભી કરવાનો વિચાર કરતી થાય એવી તેમણે તત્કાળ ઉપસ્થિત આરોગ્ય પ્રધાનને વિનંતિ કરી. આપણે ઈચ્છીએ કે ભાઈ હીરાલાલ શાહનું આ સ્વપ્ન જલ્દિથી મૂર્ત રૂપ ધારણ કરે અને એ રીતે પાટણ શહેર વૈદ્યકીય રાહત અને ઉપચારોનું તેમ જ વૈદ્યકીય શિક્ષણનું એક મહત્ત્વનું કેન્દ્ર બને. જણાવવા આનંદ થાય છે કે, ભાઈ હીરાલાલ શાહના અને ભારતીય આરોગ્યનિધિના આજ સુધીના સેવાકાર્યથી પ્રભાવિત બનીને ઉદ્‌ઘાટન પ્રસંગ ઉપર ઉપસ્થિત થયેલા મારા અન્ય મિત્ર શ્રી મથુરાદાસ મંગળદાસ પારેખે ભારતીય આરોગ્યનિધિને રૂ. ૨૫૦૦૦ ની રકમ ભેટ કરવાની ઈચ્છા પ્રદર્શિત કરી. આમ વૈદ્યકીય રાહતની પ્રવૃત્તિને એક યા બીજી રીતે વેગ આપતા આ મિત્રો – શ્રી હીરાલાલ ભોગીલાલ શાહ, શ્રી ચંદુલાલ મોહનલાલ ઝવેરી તથા શ્રી મથુરાદાસ મંગળદાસ પારેખ–આપણા સર્વના હાર્દિક અભિનંદનના અધિકારી બને છે. **પરમાનંદ**

સમર્થ સત્યાગ્રહી સ્વ. ઈશ્વરભાઈ દેસાઈ

ફ્રેન્ચ તત્ત્વવેત્તા રૂસોએ લખ્યું હતું કે સોક્રેટીસ તત્ત્વજ્ઞાનીની જેમ મર્યો, ઈસુ દેવ તરીકે મર્યો. ગયા સોમવારે અમદાવાદમાં અવસાન પામેલા શ્રી ઈશ્વરભાઈ દેસાઈ અન્યાયો સામે બળવાખોર તરીકે જીવ્યા હતા અને છેવટ સુધી બળવાખોર જ રહ્યા. તા. ૨૧–૩–૬૬ના રોજ નીપજેલા એમના અકાળ અને આકસ્મિક અવસાનથી ખાસ કરીને ગુજરાતને ગંભીર જખમ થયો છે.

ઈશ્વરભાઈએ ગાંધીજીના દાંડી–નમક સત્યાગ્રહથી ગુલામી સામે બળવાની શરૂઆત કરી અને જ્યારે દેશમાં રાજકીય ગુલામીનો અંત આવ્યો ત્યારે પીડિત અને શોષિત લોકોની આર્થિક ગુલામીનો નાશ કરવા લડ્યા. અન્યાય સામે લડવું એ એમનું સહજ કર્મ હતું. પછી એ અન્યાય કરનાર અંગ્રેજો હોય, પોર્ચુગીઝો હોય કે આપણા પોતાના દેશભાઈઓ હોય.

ઈશ્વરભાઈ સ્વભાવથી સુધારક અને સ્વતંત્ર પ્રકૃતિના હતા. તેમના વિચારોમાં મૌલિકતા હતી. આથી સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાન, તેઓ સમપ્રકૃતિના યુસુફ મહેરઅલી, અશોક મહેતા, જયપ્રકાશ નારાયણ અને અચ્યુત પટવર્ધન જેવા સુધારક વિચારકોના કૉંગ્રેસ-સમાજવાદી પક્ષમાં ભળ્યા. તેઓ કૉંગ્રેસના ભારેખમ એન્જિનના પાટા બદલી ન શકયા ત્યારે તેઓ સમાજવાદી પક્ષમાં જોડાયા.

ઈશ્વરભાઈને સૈદ્ધાંતિક દલીલોનાં ફોતરાં ખાંડવામાં રસ ન હતો; તેમને કામ કરવામાં રસ હતો. સ્વતંત્રતા પછી જ્યારે ઘણા કૉંગ્રેસીઓ હોદ્દા અને રાજકારણમાં ખોવાઈ ગયા ત્યારે ઈશ્વરભાઈ ખેતમજૂરો, આદિવાસીઓ વગેરે ઉપેક્ષિત, શોષિત અને પછાત કોમોના ઉદ્ધારમાં ઓતપ્રોત થઈ ગયા. પરંતુ ભારતની ધરતી પર હજી પરદેશી પોર્ચુગીઝોનાં થાણાં હતાં. તેમનું એક થાણું ગુજરાતમાં પણ હતું. અંગ્રેજોની વિદાય પછી તરત જ પોર્ચુગીઝોને હાંકી કાઢવાની જરૂર હતી, પરંતુ ભારત સરકાર ન લશ્કરી પગલાં લેતી હતી, ન અહિંસક સત્યાગ્રહીઓને દીવ–દમણ–ગોવામાં સત્યાગ્રહ કરવા જાય તેને મંજૂર કરતી હતી. પોર્ચુગીઝોની પાશવી વૃત્તિ અહિંસક સત્યાગ્રહી અને સશસ્ત્ર બળવાખોરોની વચ્ચે ભેદ રાખતી ન હતી. આથી જ્યારે ઈશ્વરભાઈ સત્યાગ્રહીઓની ટુકડીને દમણમાં દોરી ગયા ત્યારે આ દાનવોએ નિઃશસ્ત્ર સત્યાગ્રહીઓ પર ગોળીબાર કર્યા. એક સત્યાગ્રહી ઠાર થયો, એક ઘવાયો, એ જોઈને ઈશ્વરભાઈએ આ દાનવોને કહ્યું કે એમનો સરદાર તો હું છું, તેમને શું મારો છો?

પછી ઈશ્વરભાઈને પોર્ચુગીઝોની પાશવતાનો અનુભવ થયો. તેમને ઢોરમાર માર્યો, જેલમાં પૂર્યા અને પછી ગોવાની જેલમાં

દોઢ વર્ષ રાખ્યા. ત્યાં બીજા સમાજવાદી નેતાઓ મધુ લીમયે, ત્રિબિધ ચૌધરી, એન. જી. ગોરે વગેરે પણ હતા.

પારડીની ધાસિયા જમીન તેના જમીનદારો પાસેથી લઈને આદિવાસી ખેતમજૂરોને ખેડવા આપવી જોઈએ એવો આગ્રહ ધરાવતા ઈશ્વરભાઈએ તે માટે વર્ષો સુધી વારંવાર સત્યાગ્રહ કર્યો હતો. આખરે ગુજરાત સરકારે તેમની માગણી સ્વીકારી, પરંતુ તેના અમલમાં મુશ્કેલીઓ ઊભી થઈ. અસાધારણ ઢીલ થઈ. જે દિવસે ઈશ્વરલાલનું અવસાન થયું તે જ દિવસે આ પ્રશ્ન પર ગુજરાત સરકાર સાથે તેમની ચર્ચાવિચારણા થવાની હતી.

અવાડી અને ભુવનેશ્વર કૉંગ્રેસ અધિવેશનમાં કૉંગ્રેસે સમાજવાદી સમાજરચનાનું ધ્યેય સ્વીકાર્યા પછી ઈશ્વરભાઈને લાગ્યું કે હવે પ્રજાસમાજવાદીઓ કૉંગ્રેસની બહાર રહીને કંઈ કરી શકે તેના કરતાં કૉંગ્રેસમાં રહીને વધુ અસરકારક કામ કરી શકશે અને સમાન વિચારસરણી ધરાવતા કૉંગ્રેસીઓનો પણ સાથ મેળવી શકશે. આથી તેઓ કૉંગ્રેસમાં જોડાઈ ગયા, પણ પોતાના વિચારો અને વ્યક્તિત્વ તો જાળવી જ રાખ્યાં.

ગુજરાતના પાટનગર જેવા શહેરમાં કૉલેરાના ચેપથી તેમનું અવસાન થયું. તેમને બચાવી ન શકાયા એ એક કરુણતા છે. આજીવન બળવાખોર ઈશ્વરભાઈએ મોતને પણ સખત લડત આપી. મૃત્યુ જીતી ગયું એમ લાગે છે, પણ ઈશ્વરભાઈ તો મરીને પણ જીતી ગયા છે અને તેમનાં કાર્ય અને ધ્યેય વડે જીવંત રહેશે.

આદરણીય સ્વ. મણિલાલ છ. બક્ષી

એક જર્મન કહેવત છે કે દાન દેવાથી માણસ સમૃદ્ધ બને છે; સંઘરો કરવાથી ગરીબ થાય છે. ગાંધીજી કહેતા હતા ધનવાનોએ ગરીબોના ટ્રસ્ટી તરીકે રહેવું જોઈએ. ધનવાનો સમાજ પાસેથી મેળવે છે અને સમાજનું કલ્યાણ થાય એવી રીતે તેને તેમણે પાછું આપવું જોઈએ. ગઈ તા. ૮મીએ મુંબઈમાં ૮૨ વર્ષની વયે અવસાન પામેલા શ્રી મણિલાલ છગનલાલ બક્ષી એક એવા ધરદીવડા હતા, જેમનો જીવનદીપ બૂઝાઈ ગયો હોવા છતાં, તેનો પ્રકાશ પરવારી ગયો નથી.

મણિભાઈ ગરીબ માબાપના ગરીબ પુત્ર હતા અને ગરીબીમાં રહીને જાતે જ પોતાના જીવનનું ઘડતર કર્યું હતું. પચીસ રૂપિયાના પગારમાં આખો દિવસ નોકરી કરીને, રાતે કલાકના દોઢ આનાના દરે નામું લખવા જાય અને નોકરી માટે રોજ છ માઈલ ચાલે. એ રીતે તેમણે બચત કરીને શેર બજારનું કાર્ડ ખરીદ્યું અને પ્રમાણિકપણે દલાલી કરી. તેમના આ ગુણોનો બદલો કુદરતે આપ્યો. મણિભાઈ પહેલા વિશ્વવિગ્રહમાં ઠીક કમાયા. પછી વધુ કમાણીની તૃષ્ણા રાખ્યા વિના માત્ર ૩૯ વર્ષની વયે તેઓ નિવૃત્ત થઈ ગયા

પછી તેમની એક જ દૃષ્ટિ રહી. સમાજ પાસેથી જે કમાયા છીએ તે સમાજના જરૂરિયાતવાળા સભ્યોના કલ્યાણ માટે વાપરવું. તેમની એ તમન્નામાંથી ભાવનગરમાં અરધો ડઝન જેટલી જાહેર સંસ્થાઓ પ્રગટી. એ સંસ્થાઓ માટે તેમને મમતા હતી, પણ એમની પર રાજ્ય કરવાની તૃષ્ણા ન હતી. આથી નાણાં અને વહીવટ ભાવનગર જિલ્લા પંચાયતને તેમણે સોંપી દીધાં. આ આદર્શ ગૃહસ્થના નૈતિક જીવનથી પ્રભાવિત થયેલા ઠક્કરબાપા મુંબઈ આવતા ત્યારે મણિભાઈના ઘરને પોતાનો મુકામ બનાવતા.

નાની વયમાં એક બ્રાહ્મણે કહ્યું હતું કે, આ છોકરો મોટો થઈને ઘણું કમાશે. મણિભાઈએ કહ્યું કે, કમાઈશ તો તમને યાદ કરીશ. દાયકાઓ બાદ બ્રાહ્મણ તો ગુજરી ગયો હતો, પણ તેના પુત્રો મણિભાઈને એ પ્રસંગની યાદ આપી. મણિભાઈએ તરત તેના હાથમાં પાંચસો રૂપિયા મૂકી દીધા. ધનમાં સુગંધ નથી, પણ તે વાપરી જાણનારની સુગંધ ફેલાય છે.

'જન્મભૂમિ–પ્રવાસી'માંથી ઉદ્‌ધૃત સોહમ્

વિજ્ઞાનના અગ્નિમાં ધર્મવિશ્વાસ

(આચાર્ય રજનીશજીના એક પ્રવચનમાંથી ઉદ્‌ધૃત અને અનુવાદિત)

હું માનવઈતિહાસની સૌથી પહેલી ઘટનાનું સ્મરણ કરું છું. એમ કહેવાય છે કે આદમ અને ઈવને સ્વર્ગથી બહાર મોકલી દેવામાં ત્યારે દરવાજામાંથી નીકળતાં આદમે ઈવને સૌથી પ્રથમ આ કહ્યું : "આપણે એક બહુ મોટી ક્રાંતિમાંથી પસાર થઈએ છીએ." ખ્યાલ નથી પહેલાં મનુષ્યે આ શબ્દો ઉચ્ચારેલા હશે કે નહિ ઉચ્ચાર્યા હોય, પણ એના મનમાં ભાવ તો આ જ રહ્યો હશે. એક બિલકુલ જ અજ્ઞાત જગતમાં એ પ્રવેશ કરી રહ્યો હતો. જે પરિચિત હતું તે છૂટી રહ્યું હતું અને જે અપરિચિત હતું તેવા અણજાણ્યા જગતમાં એને જવું પડતું હતું. અજ્ઞાત સાગરમાં નૌકા ખોલતાં આવો ભાવ થવો સ્વાભાવિક છે. અને આ ભાવ પ્રત્યેક યુગમાં મનુષ્યને પ્રતીત થતો રહ્યો છે, કારણ કે જીવનવિકાસ નિરંતર જ્ઞાતથી અજ્ઞાતમાં જ રહ્યો છે. જે જ્ઞાત છે એને પણ છોડવું પડે છે, જેથી જે અજ્ઞાત છે તે પણ જ્ઞાત થઈ શકે. જ્ઞાનની જ્યોતી જ્ઞાતથી અજ્ઞાતમાં પદાર્પણ કરવાના સાહસથી જ પ્રજ્વલિત થાય છે. જે જ્ઞાત પર રોકાઈ જાય છે તે અજ્ઞાન પર જ થોભી જાય છે. જ્ઞાત પર જ ઊભા રહી જવું જ્ઞાનની દિશા નથી. જ્યાં સુધી મનુષ્ય પૂર્ણ નથી ત્યાં સુધી તેણે હંમેશ પરિચિત અને પુરાણાને છોડવા જ જોઈએ અને અપરિચિત તથા અજાણ્યાને આવકારવા જોઈએ. નવા સૂર્યોદય વખતે રોજ–પરિચિત પુરાણા સૂર્યને વિદાય કરવો જોઈએ. પછી સંક્રમણ કાળમાં રાત્રીના અંધકારમાંથી પણ પસાર થવું પડે છે. વિકાસની આ પ્રક્રિયા ઘણી કષ્ટદાયક છે. પરંતુ પ્રસવપીડા વગર કથાનો પણ જન્મ થતો નથી.

આપણે પણ આ પ્રસવપીડામાંથી પસાર થઈ રહ્યા છીએ. આપણે પણ એક અભૂતપૂર્વ ક્રાંતિમાંથી પસાર થઈ રહ્યા છીએ. કદાચ માનવીય ચેતનામાં આવી ક્રાંતિનો સમય કદિ આવ્યો નહિ હોય. આમે ય પરિવર્તન તો હંમેશાં થયા જ કરે છે, કારણ કે પરિવર્તનના અભાવમાં જીવન જ સંભવે નહિ, પરંતુ પરિવર્તનની સતત પ્રક્રિયા કોઈ વખત બાષ્પીભવનના ઉત્તાપબિંદુ સુધી પહોંચી જાય છે. આ ૨૦મી શતાબ્દિ એક એવા જ ઉત્તાપબિન્દુ પર મનુષ્યને લઈ આવી છે. આ ક્રાંતિથી ચેતના એક બિલકુલ જ નવા માર્ગ પર ગતિમાન થઈ રહી છે. આ યાત્રા એક અત્યંત અજ્ઞાત માર્ગ પર થવાનું સંભવિત છે. પરંપરાઓથી ચાલી આવતા જીવનમૂલ્ય ખંડિત થઈ રહ્યાં છે. કડીઓ તૂટી રહી છે. ખરેખર જ આ એક ખૂબ મોટી છલાંગની પૂર્વ તૈયારી છે. આ સર્વમાં હું મનુષ્યને જીવનનાં અજ્ઞાત રહસ્ય–દ્વારો પર જતાં જોઈ રહ્યો છું. પરિચિત માર્ગ ઉજ્જડ થઈ રહ્યા છે અને અંધકાર ભર્યા માર્ગને પ્રકાશિત કરવાની ચેષ્ટા ચાલી રહી છે. આ બહુજ શુભ છે. અને હું બહુ જ આશાથી ભર્યો છું. મનુષ્યની ચેતના નવું આરોહણ કરવા મથે છે. વિકાસનાં કોઈ નવા સોપાન તરફ આપણે જઈ રહ્યાં છીએ. કંઈક નવીનતા આવવાની છે. મનુષ્ય જે હતો તે નહિં રહે. બીજમાંથી અંકુર ફૂટતી વખતે જેવી ઊથલપાથલ મચે છે તેવીજ ઉથલપાથલનો સામનો આપણે કરી રહ્યા છીએ. એમાં ચિંતાનું કે ગભરાવાનું કશું કારણ નથી. એનાં ભયથી પાછા વળવાની વૃત્તિ આત્મઘાતી છે. જીવન ફક્ત આગળ જ વધે છે. એમાં પાછા ફરવાનું શક્ય જ નથી.

ચેતના માટે થઈ રહેલી આ સર્વ અરાજકતા, ક્રાંતિ તથા નવા જન્મની સંભાવનાનું કેન્દ્ર છે વિજ્ઞાન. વિજ્ઞાને જ આપણી આંખો ખોલી નાંખી છે તથા ઉંઘ ઉડાડી દીધી છે. એણે જ ઘણા સમયથી પોષેલાં સ્વપ્નો છીનવી લીધાં છે. અર્ધી રાત્રીએ જેમ ઝબકીને જાગી જઈએ તેમ વિજ્ઞાને આપણને જગાડી દીધા છે. વિજ્ઞાને

મનુષ્યનું બાળપણ છીનવીને પ્રૌઢતા આપી છે. વૈજ્ઞાનિક શોધોના કારણે રૂઢિબદ્ધ ચિન્તનથી આપણે મુકત થયા છીએ. ખરું જોતાં એ ચિન્તન એ ચિન્તન નહિ પણ ચિન્તનનો મિથ્યાભાસ જ છે. કારણ કે જે વિચાર સ્વતંત્ર ન હોય એ વિચાર જ નથી. સદીઓથી ચાલી આવેલો અંધ વિશ્વાસ કરોળિયાની જાળની જેમ આપણી આસપાસ ઘેરાયેલો હતો. હવે એનાથી મુકત થઈ માનવી વિવેક તરફ અગ્રસર થઈ રહ્યો છે. ગઈ કાલ સુધીના ઈતિહાસને આપણે વિશ્વાસનો કાળ કહી શકીએ. આવતી કાલનો સમય વિવેકનો હશે. વિશ્વાસથી વિવેકમાં પરિવર્તન એ વિજ્ઞાનની દેન છે. વિશ્વાસથી પરિવર્તન માત્ર જ નહીં પણ વિશ્વાસથી મુકિત છે. શ્રદ્ધા તો હંમેશા બદલાતી જ રહી છે. જૂના વિશ્વાસોની જગ્યા નવા વિશ્વાસો લઈ રહ્યા છે. પણ વિજ્ઞાન દ્વારા જે આજે થઈ રહ્યું છે તે તદ્દન અનોખું છે. જૂના વિશ્વાસોની જગ્યાએ નવા વિશ્વાસો નથી આવ્યા. જૂની શ્રદ્ધાઓની જગ્યાએ નવી શ્રદ્ધાનો આવિર્ભાવ નથી થયો. શ્રદ્ધા અને વિશ્વાસ બદલાયા નથી. પણ શૂન્ય થઈ ગયા છે અને ચેતનાનો જન્મ થયો છે. જેમ પાલખી લઈ જતી વખતે ખભા બદલાય એમ વિશ્વાસ બદલાય તો કંઈ બહુ ફરક નથી પડતો. વિજ્ઞાને વિશ્વાસને બદલ્યો નથી પણ એની વૃત્તિ જ તોડી નાખી છે. આ વૃત્તિ જ અંધવિશ્વાસ તરફ મનને ખેંચી જાય છે. જે ચિત્ત પક્ષથી બંધાયું હોય તે ચિત્ત સત્ય નથી પારખી શકતું. જે કંઈ પણ માની લે છે તે નવું જાણવાથી વંચિત રહી જાય છે. આ માનવું જ એનું બંધન બની જાય છે. સત્યના સાક્ષાત્કારને માટે તો ચેતનાએ મુકત થવું આવશ્યક છે. વિશ્વાસ નહીં, વિવેક જ સત્યનાં દ્વાર સુધી લઈ જવાને સમર્થ છે; અને વિવેકનાં જાગરણને માટે વિશ્વાસ જેવી મોટી બીજી કોઈ બાધા નથી.

યાદ રહે કે જે માણસ વિશ્વાસ કરી લે છે એ શોધ નથી કરી શકતો. શોધ તો સંદેહથી થાય છે, શ્રદ્ધાથી નહીં. સર્વ જ્ઞાનનો જન્મ સંદેહથી થાય છે, અને સંદેહનો અર્થ અવિશ્વાસ નથી. શોધ વિશ્વાસ અથવા અવિશ્વાસથી નથી થતી. એને માટે તો સંદેહની સ્વતંત્ર ચિત્ત દશા જોઈએ. માત્ર સંદેહ જ સત્યની શોધ કરી શકે છે.

પરંપરાથી ચાલી આવતા પ્રચલિત જ્ઞાન પર જ વિજ્ઞાને સંદેહ કર્યો. સંદેહ જેમ જેમ અંધ વિશ્વાસ અને અંધ અવિશ્વાસથી મુકત થતો ગયો તેમ તેમ વિજ્ઞાન સત્ય તરફ આગળ વધ્યું. વિજ્ઞાનનો ન કોઈ પર વિશ્વાસ છે, ન અવિશ્વાસ. અહીં પ્રયોગપૂર્વકનાં જ્ઞાન સિવાય બીજું કશું પણ માનવાની તૈયારી નથી. એ ન તો આસ્તિક છે, ન તો નાસ્તિક. અહીં કોઈ જાતની પૂર્વ માન્યતા નથી. એ કશું પણ સિદ્ધ નથી કરવા માગતું. એ તો જે સત્ય છે એને જ જાણવા માગે છે. આ જ કારણથી વિજ્ઞાનમાં પંથ અને સંપ્રદાય નથી થયા. જેની શરૂઆત પૂર્વ ધારણા તથા પૂર્વ પક્ષપાતથી થઈ હોય ત્યાં અંત સુધી સત્ય નહીં સંપ્રદાય જ હોય છે. અજ્ઞાનમાં સ્વીકારેલી કોઈ પણ ધારણા સાર્વલૌકિક નથી થઈ શકતી, કારણ સાર્વલૌકિક કેવળ સત્ય જ હોય છે. આજ કારણથી વિજ્ઞાન એક છે તથા ધર્મ અનેક છે. ધર્મ પણ જે દિવસે વિશ્વાસ પર નહીં પણ શુદ્ધ વિવેક પર આધાર રાખશે તે વખતે એક થઈ જશે. વિશ્વાસ અનેક હોઈ શકે પણ વિવેક એક જ. અસત્ય અનેક અને સત્ય એક.

ધર્મનો પ્રાણ શ્રદ્ધા અને શ્રદ્ધા એટલે જાણ્યા વિના માની લેવું. શ્રદ્ધા નહીં તો ધર્મ પણ નહીં. શ્રદ્ધા સાથે ધર્મ પણ ચાલ્યો. અને ધર્મ વિરોધી નાસ્તિકતાનો પ્રાણ અશ્રદ્ધા, અશ્રદ્ધા એટલે જાણ્યા વિના અસ્વીકાર કરવો, જે શ્રદ્ધાનો જ બીજો ભાગ છે. શ્રદ્ધા અને અશ્રદ્ધાની વચ્ચે હંમેશા આપણે ડોલતા રહ્યા છીએ. વિજ્ઞાને એક ત્રીજો જ રસ્તો બતાવ્યો, જેથી કોઈ પણ વ્યકિત એક પણ વિશ્વાસથી બંધાયા વગરનો રહી શકે. હિન્દુ, જૈન, બૌદ્ધ, ઈસ્લાઈ, અથવા તો ઈસ્લામમાં પોતાની માન્યતાઓ તથા વિશ્વાસો બાળકોને શિખવાડવામાં આવે છે. નિરંતર પ્રચારથી એ ચિત્તમાં એટલું બધું ઊતરી જાય છે કે પછી વ્યકિતમાં સ્વતંત્ર વિચારણાની સંભાવના નથી રહેતી. આ જ કમ્યુનિઝમ અથવા તો નાસ્તિક ધર્મ કરી રહ્યું છે. વ્યકિતની અબોધ અવસ્થામાં કરવામાં આવેલો અત્યાચાર ખૂબ જ મોટું પાપ છે. ચિત્ત એટલું બધું પરતંત્ર થઈ જાય છે કે પછી એની ગતિ, પાટા પર દોડતી ગાડી જ્યાં પાટા લઈ જાય ત્યાં ગાડી જાય, એવી થઈ જાય છે. પરંતુ એને એવો જ ભ્રમ હોય છે કે આ વિચારો મારા છે. આ વિશ્વાસ યાંત્રિકતાને જન્મ આપે છે અને યાંત્રિકતા કરતાં વધારે ઘાતક ચેતનાનાં વિકાસમાં બીજું શું થઈ શકે? વિશ્વાસોની પરિધિમાં ફરતો રહીને માનવી મુકત વિચાર નથી કરી શકતો. વિચારને માટે સ્વતંત્રતા જોઈએ. ચિત્તની પૂર્ણ સ્વતંત્રતામાં જ પ્રસુપ્ત વિચાર શકિતનું જાગરણ થાય છે અને વિચારશકિતનો પૂર્ણ આવિર્ભાવ સત્ય સુધી લઈ જાય છે.

વિજ્ઞાને મનુષ્યની વિશ્વાસવૃત્તિ પર પ્રહાર કરીને ઘણો મોટો ઉપકાર કર્યો છે. ધર્મનો પણ નવો જન્મ થશે. ધર્મ હવે વિશ્વાસ પર નહીં, વિવેક પર આધાર રાખશે. શ્રદ્ધા નહીં પણ જ્ઞાન એનો આધાર હશે. ધર્મ પણ હવે વિજ્ઞાન જ હશે. વિજ્ઞાન પદાર્થોનું વિજ્ઞાન છે, ધર્મ ચેતનાનું વિજ્ઞાન છે. ખરું જોતાં તો ધર્મ સદા યે વિજ્ઞાન રહ્યો છે. મહાવીર, બુદ્ધ, ક્રાઈસ્ટ, પાતંજલિ ઈત્યાદિની અનુભૂતીઓ વિશ્વાસ પર નથી; પરંતુ વિવેકપૂર્ણ આત્મપ્રયોગો પર નિર્ભર છે. એમણે જેટલું જાણ્યું તેટલું માન્યું. માનવું પ્રથમ નહીં પણ છેલ્લે હતું. આધાર તો જ્ઞાન હતું. જે સત્યોની એ વાતો કરતા એ પોતે અનુભવેલું હતું. એમની અનુભૂતીઓમાં પણ ભેદ નથી. એમનાં શબ્દ જુદા છે, પણ સત્ય એક છે, સત્ય જુદું હોઈ જ ન શકે. પણ આવો વૈજ્ઞાનિક ધર્મ લોકધર્મ ન બન્યો. લોક ધર્મ તે અંધ વિશ્વાસ જ બની રહ્યો. આ અંધવિશ્વાસ પર આધારિત ધર્મને વિજ્ઞાન નિષ્પ્રાણ બનાવી રહેલ છે, જે ધર્મનાં હિતમાં જ છે. વિવેક કોઈ દિવસ સાચા ધર્મનાં વિરોધમાં ન હોઈ શકે. વિજ્ઞાનનાં અગ્નિમાં અંધવિશ્વાસ રૂપી કૂડો કચરો બળી જશે. અને ધર્મ વધારે ચોકખો થઈ બહાર આવશે. આ ધર્મ જ્યારે શુદ્ધ થઈને પ્રગટશે ત્યારે મનુષ્યના ચેતના–જગતમાં નવો સૂર્યોદય થશે. પ્રજ્ઞા અને વિવેક પર અવલંબતો ધર્મ ખરેખર જ મનુષ્યને અતિ–માનવીય ચેતનામાં પ્રવેશ કરાવી શકશે અને જ્યારે મનુષ્ય સ્વયંનું અતિક્રમણ કરશે ત્યારે એ પ્રભુથી એક થઈ જશે.

અનુવાદક : બહેન આરતી મહેતા મૂળ હિંદી : આચાર્ય રજનીશજી

મહાવીર જયન્તી અંગે વાયુપ્રવચન

એપ્રિલ માસની ત્રીજી તારીખ રવિવારના રોજ રાત્રીના ૮-૧૫ વાગ્યે ઑલ ઈન્ડિયા રેડિયો મુંબઈ કેન્દ્ર ઉપરથી શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા મહાવીર જયંતી અંગે ભગવાન મહાવીર ઉપર દશ મિનિટનો વાર્તાલાપ પ્રસારિત કરશે.

વિષયસૂચિ

		પૃષ્ઠ
પ્રકીર્ણ નોંધ : પ્રાણીમિત્ર શ્રી. જંતીલાલ માનકરનું બહુમાન, સૌમ્યવદન ડૉ. પી. એમ. સાંગાણી, પાટણ ખાતે ઊભું કરવામાં આવેલ જનરલ હૉસ્પિટલનું ઉદ્‌ઘાટન, સમર્થ સત્યાગ્રહી સ્વ. ઈશ્વરભાઈ દેસાઈ, આદરણીય સ્વ. મણિલાલ છ. બક્ષી,	પરમાનંદ	૨૩૩
વિજ્ઞાનના અગ્નિમાં ધર્મવિશ્વાસ આપણે બેમાંથી શેની પસંદગી કરીશું?	આચાર્ય રજનીશજી	૨૩૬
જીવનની કે મૃત્યુની?	એરિક ફ્રોમ	૨૩૮
'તું તારી જાતને પિછાણ!'	વિમલા ઠકાર	૨૩૯
મહાપ્રસ્થાનના પથ ઉપર-૭	પ્રબોધકુમાર સન્યાલ	૨૪૦

આપણે એમાંથી શેની પસંદગી કરીશું? જીવનની કે મૃત્યુની?

(આ લેખ તા. ૬-૩-'૬૬ના ભૂમિપુત્રમાંથી ઉદ્ધૃત કરવામાં આવ્યો છે. 'શાણો સમાજ' એ નામનું પુસ્તક નવા યજ્ઞપ્રકાશન તરફથી પ્રગટ થનાર છે. તેમાં આ લેખ અન્તર્ગત કરવામાં આવ્યો છે. આ લેખ દુનિયાની અદ્યતન પરિસ્થિતિનું આબેહુબ વિશ્લેષણ કરે છે અને એ વિશ્લેષણને ધ્યાનમાં લઈને આજની દુનિયા એટલે કે આપણી પેઢી અને હવે પછીની પેઢી શું પસંદ કરશે? જીવન કે મૃત્યુ? આ પ્રશ્ન બહુ સચોટ રીતે આ લેખમાં રજૂ કરવામાં આવ્યો છે. આ ચિન્તનપ્રેરક લેખ ફરી ફરીને વાંચી વિચારીને મનમાં ઉતારવા વિનંતિ છે. તંત્રી)

આજે માણસે અગાઉ કદી જોયું ન હોય એવું ધરમૂળનું પરિવર્તન થઈ રહ્યું છે. પૃથ્વી એક ખંડ જેવડી બની ગઈ છે. અને માનવજાત એક અવિભાજ્ય સમાજ જેવી બની ગઈ છે, જેમાં દરેકનું ભાવિ એકબીજાના ભાવિ પર નિર્ભર છે. આજે એવાં અદ્‌ભુત સાધનો શોધાયાં છે કે જેને પરિણામે સર્વોત્તમ કળા, સાહિત્ય અને સંગીત સમાજના દરેકે દરેક સભ્ય સુધી પહોંચાડવાનું શક્ય બન્યું છે. આજે ઉત્પાદન પણ એટલું વધ્યું છે કે દરેક જણ સન્માનભર્યું ભૌતિક જીવન જીવી શકે અને માણસે દિવસનો બહુ થોડો વખત જ કામ પાછળ આપવો પડે.

તેમ છતાં આજે, જ્યારે માણસ એક નૂતન, સમૃદ્ધ અને વધુ સુખી માનવયુગને ઉંબરે ઊભો છે ત્યારે જ, તેનું અસ્તિત્વ તેમ જ હવે પછી આવનારી પેઢીઓનું અસ્તિત્વ અગાઉ ક્યારે ય ન આવ્યું હોય એવા ખતરામાં આવી પડ્યું છે. આમ કેમ બન્યું?

માણસ ધર્મ અને સંપ્રદાયની સત્તામાંથી મુકત બન્યો હતો. પોતાની વિવેકબુદ્ધિ અને પોતાના અંતરાત્માને જ તેણે પોતાના માર્ગદર્શક માન્યા હતા. પરંતુ આ નવી મેળવેલ સ્વતંત્રતાથી એ ડરતો હતો. તેણે અમુક બંધનોમાંથી સ્વતંત્રતા મેળવી ખરી; પરંતુ પોતાનું આગવું વ્યકિતત્વ ખીલવવાની, સર્જનશીલ બનવાની, પૂર્ણ જાગૃતિ પામવાની સ્વતંત્રતા હજી તેણે સિદ્ધ કરી નહોતી. તેથી તેણે સ્વતંત્રતામાંથી ભાગી છૂટવાનો પ્રયત્ન કર્યો. પ્રકૃતિ ઉપર પ્રભુત્વ મેળવવાની તેની સિદ્ધિએ જ તેના આ પલાયનવાદ માટે બારી ખોલી આપી.

નવું ઔદ્યોગિક યંત્ર ઊભું કરવાના કામમાં માણસ એટલો બધો ગરકાવ થઈ ગયો કે એ જ તેના જીવનનું પરમ ધ્યેય બની ગયું. એની શકિતઓ, જે એક વાર ઈશ્વર અને મુકિત માટેની ખોજમાં સમર્પિત હતી, તે હવે પ્રકૃતિ ઉપર પ્રભુત્વ મેળવવાના તથા વધુ ને વધુ ભૌતિક સુખસગવડ પ્રાપ્ત કરવાના કામમાં વળી. ઉત્પાદન તેને સારુ એક વધુ સારા જીવન માટેના સાધનરૂપ બનવાને બદલે પોતે જ એક ધ્યેય બની બેઠું, અને તેની આગળ જીવન ગૌણ બની ગયું. શ્રમના વધતા ને વધતા જતા વિભાજનની, કામના વધતા ને વધતા જતા યંત્રીકરણની, અને સામાજિક માનવ–ઢગલાઓના વધતા ને વધતા જતા કદની પ્રક્રિયામાં માણસ પોતે યંત્રનો સ્વામી રહેવાને બદલે યંત્રનો એક ભાગ બની ગયો. તે પોતાની જાતને બજારમાંના એક માલ તરીકે, એક મૂડી–રોકાણ તરીકે ગણવા લાગ્યો. વેપારમાં ફત્તેહ મેળવવી એ તેનું ધ્યેય બન્યું; એટલે કે બજારમાં પોતાની જાતને વધુમાં વધુ નફે વેચવી. તેનું મૂલ્ય પ્રેમ, વિવેકબુદ્ધિ કે કળાકુશળતા રૂપી માનવ ગુણો ઉપર નહીં, પણ બજારમાંની તેની વેચવાલી ઉપર આધાર રાખે છે. તેને મન સુખ એટલે નવી ને નવી અને વધુ સારી વસ્તુઓનો ઉપભોગ. સંગીત, સિનેમા, મોજમજા, જાતીય સુખ, દારૂ, સિગારેટ વગેરેના તેણે ઘૂંટડા ભર્યે રાખવા છે. તેણે આત્મપ્રત્યય ગુમાવી દીધો છે. તે માત્ર ટોળામાંનો એક છે. તેનામાં મેંઢાશાઈ ઘર કરી ગઈ છે. તે પોતે બિનસલામતી અને વ્યગ્રતા અનુભવે છે. તે પોતાની જાત સાથે પણ પરાયાપણું અનુભવે છે. પોતે જ બનાવેલ ચીજવસ્તુઓનો, પોતે જ ઊભા કરેલ નેતાઓનો, તે દાસ બની ગયો છે; જાણે તે બધું તેના શિરમાથા પર છે, અને નહીં કે તેનું પોતાનું જ સર્જન.

આજે દુનિયામાં બે મહાન વિરાટ સમાજવ્યવસ્થા ઊભી થઈ છે. તે બંને એકબીજાના ડરની મારી સલામતી ખાતર લશ્કરી શસ્ત્રસરંજામ દિવસે દિવસે વધારતી જ જાય છે. આ બંને પ્રતિસ્પર્ધીઓ એવો દાવો કરે છે કે પોતાની સમાજવ્યવસ્થા માણસને તેની અંતિમ મુકિતની તેમ જ ભાવિ સ્વર્ગની ખાતરી આપે છે. બંનેનો એવો દાવો છે કે પોતાના પ્રતિસ્પર્ધીની સમાજવ્યવસ્થા પોતાની સમાજવ્યવસ્થા કરતાં બિલકુલ વિરુદ્ધ છે, અને માનવજાતને જો બચાવવી હોય તો મોડી કે વહેલી તે સમાજવ્યવસ્થાને દુનિયામાંથી નેસ્તનાબૂદ કર્યા વિના છૂટકો નથી. તે બંને કરોડો લોકોની કલ્પનાશીલતાને કબજે કરવામાં તેમ જ તેમનું ઝનૂનાંધ અનુયાયીપણું પ્રાપ્ત કરવામાં સફળ થયા છે.

તેમ છતાં સ્વતંત્ર મૂડીવાદ અને સરમુખત્યારશાહી સામ્યવાદ વચ્ચેનું સામ્ય ઊડીને આંખે વળગે તેવું છે. બંને વ્યવસ્થા ઉદ્યોગીકરણ ઉપર રચાયેલી છે. આર્થિક કાર્યકુશળતા તેમ જ ભૌતિક સંપત્તિ દિવસે દિવસે વધારતા જવી, એ બંનેનું ધ્યેય છે. આ બંને સમાજવ્યવસ્થાનું સંચાલન મેનેજર વર્ગ અને ધંધાદારી રાજનીતિજ્ઞોના હાથમાં છે. બંનેની દૃષ્ટિ નરદમ ભૌતિકવાદી છે. બંને વ્યવસ્થા માણસનું કેન્દ્રિત તંત્રમાં, ગંજાવર કારખાનાંઓમાં અને વિશાળ રાજકીય પક્ષોમાં સંગઠન કરે છે. દરેક માણસ જંગી યંત્રમાંનો એક નાનો અમથો ભાગ છે, અને તેણે યંત્રમાં કશી ખલેલ ઊભી કર્યા વિના કામ કર્યે રાખવાનું છે.

આપણે આણ્વયુદ્ધ નિવારી શકીશું એમ માનીને મૂડીવાદ અને સામ્યવાદ બંનેના આવતા પચાસ કે સો વર્ષમાંના વિકાસનું કલ્પનાચિત્ર દોરીએ તો એમ જણાય છે કે સ્વયંસંચાલિતતા અને પરાયાપણાની પ્રક્રિયા આગળ વધતી જશે. બંને વ્યવસ્થાઓનો આજે મેનેજરવાદી સમાજોમાં વિકાસ થઈ રહ્યો છે. તેમાં રહેનારાઓ ખાધેપીધે સુખી છે, પહેરવે-ઓઢવે સુખી છે, તેમની ઈચ્છાઓ સંતોષાયેલી છે, અને જે ઈચ્છાઓ સંતોષી શકાય તેવી નથી તે ઈચ્છાઓ તેમને થતી જ નથી, તેઓ યંત્રમાનવો જેવા છે. આ વ્યવસ્થા માણસની જેમ વર્તતાં યંત્રો અને યંત્રોની જેમ વર્તતા માણસો પેદા કરે છે. તેઓ એવા માણસો ઘડે છે કે જેમની બુદ્ધિ વધતી જાય છે, પણ વિવેકશકિત મંદ થતી જાય છે.

આ પરાયાપણા અને સ્વયંસંચાલિતતાને પરિણામે દિવસે-દિવસે માનસિક અસ્વસ્થતા વધતી જાય છે. જીવન નિરર્થક બન્યું છે, તેમાં ન આનંદ છે, ન શ્રદ્ધા-વિશ્વાસ છે, ન વાસ્તવિકતા છે. દરેક જણ "સુખી" છે – સિવાય કે તે સંવેદનશીલતા અનુભવતો નથી, પોતાની વિવેકબુદ્ધિનો ઉપયોગ કરતો નથી, પ્રેમની અનુભૂતિ કરતો નથી.

ઓગણીસમી સદીમાં સમસ્યા હતી–"ઈશ્વર મરી પરવાર્યો છે." વીસમી સદીમાં સમસ્યા છે–"માણસ મરી પરવાર્યો છે." ઓગણીસમી સદીમાં નિર્દયતાનો અર્થ હતો અમાનુષિતા; વીસમી સદીમાં તેનો અર્થ થાય છે પોતાની જાત સાથેનું પરાયાપણું. ભૂતકાળમાં માણસો ગુલામ બનતા તેનો ખતરો હતો; ભવિષ્યનો ખતરો એ છે કે માણસો કદાચ યંત્રમાનવો બની જાય. અલબત્ત, એ ખરું કે યંત્રમાનવો વિદ્રોહ જગાવતા નથી. પરંતુ માણસના સ્વભાવવાળા યંત્રમાનવો માનસિક સ્થિરતા જાળવીને જીવી શકે જ નહીં, તેઓ આત્મઘાતી બની જાય. તેઓ પોતાના જગતનો અને પોતાની જાતનોયે સંહાર કરશે, કેમ કે અર્થહીન જીવનની નિરસતા તેઓ વધુ વખત સહન કરી શકે નહીં.

આનો વિકલ્પ શું? આજે જે ચીલામાં આપણે ચાલી રહ્યા છીએ તેમાંથી બહાર નીકળી જવું. સૌ પ્રથમ તો યુદ્ધનો ખતરો દૂર થવો જોઈએ અને પછી બધા જ માણસોના જીવનની જવાબદારી આપણે ઉપાડી લેવી જોઈએ. આજે બધાં જ મોટાં રાષ્ટ્રોએ પોતાના આંતરિક ક્ષેત્રમાં જે કર્યું છે, તે હવે આપણે આંતરરાષ્ટ્રીય સ્તરે પણ કરવું જોઈએ–સંપત્તિની પ્રમાણમાં વહેંચણી અને આર્થિક સાધનસંપત્તિનું નવું ને વધુ ન્યાયી વિતરણ. આ વસ્તુ આખરે આપણને આંતરરાષ્ટ્રીય આર્થિક સહકાર અને આયોજનનાં સ્વરૂપો તરફ, વિશ્વસરકારના સ્વરૂપો તરફ, અને સંપૂર્ણ નિ:શસ્ત્રીકરણ તરફ દોરી જશે. ઔદ્યોગિક પદ્ધતિ આપણે જાળવી રાખવી જોઈએ. પરંતુ આપણે કામનું તેમ જ રાજ્યનું વિકેન્દ્રીકરણ કરવું જોઈએ, કે જેથી તેમનું સ્વરૂપ માનવીય રહે, માણસના પ્રમાણમાં રહે. આર્થિક ક્ષેત્રે આપણને કારખાનામાં કામ કરતા બધા માણસોનું સહસંચાલન જોઈએ છે, કે જેથી તેમનો બધાનો સક્રિય અને જવાબદારીભર્યો સહયોગ સાંપડી શકે. રાજકીય ક્ષેત્રે આપણે ગ્રામ–સભાઓ અને નગરસભાઓ તરફ પાછા વળવું જોઈએ. યંત્રમાનવવાદના ખતરાને નિવારવો હોય તો આપણી સામે કેવળ એક જ વિકલ્પ છે – માનવતાવાદી પારિવારિકતા. આ પ્રશ્ન મૂળમાં સંપત્તિની માલિકી અંગેનો અથવા "નફા"

ની વહેંચણી અંગેનો કાનૂની પ્રશ્ન નથી; એ પ્રશ્ન તો છે "કામ" ની વહેંચણીનો, "અનુભવ"ની વહેંચણીનો. સમાજને હાનિકારક હોય એવું ઉત્પાદન નફાના પ્રલોભનથી ન થતું રહે તે માટે જરૂરી હોય તેટલા ફેરફાર માલિકીમાં કરી લેવા જોઈએ. માણસની સમાજમાંના તેના સર્વોચ્ચ સ્થાને પુનઃસ્થાપના કરવી જોઈએ.

કોઈ પણ પરિવર્તન જબરદસ્તીથી ન લાવવું જોઈએ, અને વળી તે આર્થિક, રાજકીય અને સાંસ્કૃતિક ક્ષેત્રોમાં એકી સાથે આવવું જોઈએ. આદિ માનવ જેમ કુદરતનાં પરિબળો સામે લાચારી અનુભવતો હતો, તેમ આધુનિક માનવી આજે પોતે જ સર્જેલાં સામાજિક ને આર્થિક પરિબળો સામે નિઃસહાયતા અનુભવે છે. પોતે જ ઊભાં કરેલ તત્ત્વો આગળ તે મુજરો કરી રહ્યો છે. એક પ્રકારની નવી મૂર્તિ-પૂજા જ ચાલી રહી છે. માણસની જરૂરિયાતોને, માનવ–અસ્તિત્વ સાથે મૂળભૂત રીતે વણાયેલી જરૂરિયાતોને અનુરૂપ એવો એક શાણો સમાજ રચીને જ માણસ તેના પોતાના આ ગાંડપણનાં પરિણામોમાંથી પોતાની જાતને બચાવી શકશે.

આવો સમાજ રચવો એનો અર્થ એ કે માનવજાતે ઉત્ક્રાંતિના ક્રમમાં એક આગળનું પગલું ભરવું. પરંતુ એનો અર્થ એ નહીં કે માણસના જીવનમાં હવે સંપૂર્ણ સંવાદિતા સ્થપાશે અને તેની સામે કોઈ સંઘર્ષો કે સમસ્યાઓ રહેશે નહીં. ઊલટાનું માણસનું ભાગ્ય જ એવું ઘડાયું છે કે તેનું અસ્તિત્વ હમેશાં સંઘર્ષો અને સમસ્યાઓથી ઘેરાયેલું રહે છે. તેમનો ઉકેલ કદી આવવાનો નથી. તેમ છતાં માણસે આ સંઘર્ષો અને સમસ્યાઓ કાયમ ઉકેલતા રહેવાનું છે. માણસ જ્યારે માનવઆહુતિ – પછી તે ધાર્મિક વિધિ રૂપે હોય કે યુદ્ધ રૂપે હોય – આપવાની અસંસ્કારી પછાત અવસ્થાને વટાવી ગયો હશે, જ્યારે તે પ્રકૃતિ સાથેનો પોતાનો સંબંધ અંધ પરિબળોને હવાલે રાખવાને બદલે વિવેકપૂર્વક ગોઠવી શકયો હશે, જ્યારે ચીજવસ્તુઓ તેને માથે ચઢી જવાને બદલે ખરેખર તેની ચાકર બની ગઈ હશે, ત્યારે તેને ખરેખર માનવીય સંઘર્ષો અને સમસ્યાઓનો સામનો કરવાનો આવશે. પરંતુ તેની શકિતઓ ત્યારે મૃત્યુની નહીં, પણ જીવનની સેવામાં હશે. માનવ - ઈતિહાસનો આ નવો તબક્કો જો સંભવિત બનશે, તો એ એક નૂતન આરંભ હશે, ને નહીં કે અંત.

માણસની સામે આજે સૌથી મૂળભૂત પસંદગી કરી લેવાનો વારો આવ્યો છે. આ પસંદગી મૂડીવાદ અને સામ્યવાદ વચ્ચેથી નહીં, પણ યંત્રમાનવવાદ (મૂડીવાદી તેમ જ સામ્યવાદી બેઉ પ્રકારનો) અને માનવતાવાદી પારિવારિક સમાજવાદ વચ્ચેથી. મોટા ભાગની હકીકતો જાણે એમ સૂચવે છે કે માણસ યંત્રમાનવવાદને, અર્થાત્ લાંબે ગાળે માનસિક અસ્થિરતા અને વિનાશને પસંદ કરે છે. પરંતુ આ બધી હકીકતો માણસની વિવેકબુદ્ધિ, સદ્‌ભાવના અને શાણપણમાંની આપણી શ્રદ્ધાનો નાશ કરવા જેટલી સંગીન નથી. હજી જ્યાં સુધી આપણે બીજા વિકલ્પો અંગે વિચારી શકીએ છીએ, ત્યાં સુધી શ્રદ્ધાને સ્થાન રહેલું છે; જ્યાં સુધી આપણે ભેળા મળીને વિચાર-વિનિમય કરી શકીએ છીએ અને આયોજન કરી શકીએ છીએ, ત્યાં સુધી આપણે આશા રાખી શકીએ. પરંતુ ખરેખર, ઓળાઓ લંબાતા જાય છે, પાગલપણાના ધાંટા મોટા ને મોટા થતા જાય છે. આપણા મહાન ગુરુઓના દર્શનને અનુરૂપ માનવજાતની અવસ્થા અત્યારે આપણી પહોંચમાં છે, અને તેમ છતાં આખીયે માનવ - સંસ્કૃતિના વિનાશનો અથવા માનવ - યંત્રીકરણનો ખતરો આજે આપણે માથે ઝળુંબી રહ્યો છે. હજારો વર્ષ પહેલાં એક નાની જમાતના સભ્યોને કહેવામાં આવેલું: 'મેં તમારી સમક્ષ જીવન અને મૃત્યુ, આશીર્વાદ અને અભિશાપ મૂકયાં – અને તમે જીવન પસંદ કર્યું.' આપણી પસંદગી પણ આ જ હો.

મૂળ અંગ્રેજી : **એરિક ફ્રોમ**

"તું તારી જાતને પીછાણ!"

(આ મુદ્દાને પ્રાધાન્ય આપતા શ્રી વિમળાબહેન ઠકારના એક મિત્ર ઉપર લખાયલા મૂળ અંગ્રેજી પત્રનો નીચે ગુજરાતી અનુવાદ આપવામાં આવેલ છે. તંત્રી)

હું તારી આંખોમાં આંખ ઝબોળું છું અને મને એમાં શોકની વાદળી વરતાય છે. એ આંખોમાંથી જીવનનાં રશ્મિ નથી ફૂટતાં; એના પર આત્મગ્લાનિનાં અંધારાં છવાઈ ગયાં છે.

હું તારા દિલમાં ડૂબકી મારીને કાન માંડું છું તો મને સંવાદી સંગીતના સૂરો નથી સંભળાતા. સ્વરોની અરાજકતાનો ઘોંઘાટ ત્યાં તો કાને પડે છે. વિચ્છિન્ન સંવાદિતા અને અવમાનિત સુંદરતા એ અરાજકતાની પછીતે મોં વાળીને બેઠાં જણાય છે.

તું કહે છે: 'હું વ્યકિત છું.' પણ હું કહું છું કે તું વ્યકિત નથી. અરાજકતાની વચ્ચે વ્યકિતનો જન્મ સંભવે નહિ.

મને ડર છે કે તેં તારું સત્વ ખોઈ નાંખ્યું છે. ઘણે ભાગે એ મોંઘેરું સત્વ અનેક ટુકડાઓમાં છિન્ન ભિન્ન થઈ ગયું છે. તારી અંદર ધમસાણ મચાવતાં નિષ્ઠુર વિરોધી તત્ત્વોને પહોંચી વળવા તેં આંખો મીંચીને જે હડી કાઢી છે તેની હડફેટમાં આવીને જીવ જેવું દોહ્યલું કશુંક નંદવાઈ ગયું છે. એટલે તારી હાલત મુઠ્ઠી રાખ જેવી ઠાલી થઈ પડી છે.

સંવાદરહિતતાના કારણે, જિંદગી તારા માટે કોઈ વાસ્તવિકતા રહી નથી. ખરેખર તું જીવંત જ નથી.

જિંદગીને કાંઠે કાંઠે તું અદ્ધર જીવે દોડે છે. સભાન મન–conscious mind–એ જિંદગીનો કાંઠો છે, ઉપલક સપાટી છે. તેની આસપાસ તું કંઈ કાળ સુધી ફુદરડી ફર્યા કરીશ તો પણ તને ક્યાંય નિરાંતે બેસીને વિસામો ખાવા જોગ જગ્યા જડવાની નથી.

તું જિંદગીની ઉપલક સપાટી ઉપર કૃતકૃત્યતાને શોધવા વલખાં મારે છે. પણ 'Being'–'અસ્તિ'* કદિયે સપાટી ઉપર ઉઘાડી ભટકતી નથી. એટલે તું 'Becoming'–'ભવતિ' **મારફત ધન્ય થઈ જવા ઝાંવાં નાખે છે. 'ભવતિ'ની નથી હસ્તી કે નથી એમાં ઊંડાણ. જીવનનાં મોજાં ઉપર વળતા ફીણની જેમ એ તો ફીટી જનારી ભ્રાન્તિ છે. તારી સઘળી મથામણો મિથ્યા નિવડશે અને સરવાળે મરણ તોલ થાકનો જ તું ભોગ બનવાનો.

આમ હોવાથી તારી જિંદગી અર્થ વિનાના બોજારૂપ બની ગઈ છે. બીજો છૂટકો નથી તેથી જ તું એ બોજો વેંઢારીને ફરે છે.

કારણ વગર થંભી ગયેલા કર્મચક્ર જેમ તારું મરણ થશે. તું દેહાન્ત નહિ પામે. જે કામો કરતાં રહેવાની તને ટેવ પડી ગઈ છે તેને અચાનક જ નિર્દયતાપૂર્વક રોકી દેવામાં આવશે અને તું તેનો લાચાર ભોગ થઈ પડીશ.

તેં તારી જાતને જ જાણી નથી એ જરા વિચિત્ર નથી? તને તારી જાતને જાણવાની જરૂર નથી જણાઈ એ પણ વિચિત્ર નથી લાગતું? જાત–ઓળખની દિશા વિશે સદંતર બેખબર રહીને જ તું જીવનમાં ભટકે છે તે ય શું વિચિત્ર નથી?

ધાર કે સંયોગવશાત એકાદી દુર્લભ શાંત પળમાં અકસ્માત જ તને તારી જાત જ ભટકાઈ પડી તો? તું એને મળીને પણ ઓળખી નહિ શકે એવી ધાસ્તી નથી લાગતી શું?

તારી આસપાસની દુનિયા વિષે તો તું ઘણું જાણે છે. પૃથ્વીના ગોળા ઉપર તું જીવે છે તેને તું ઠીક ઠીક જાણે છે. સૂર્ય, ચંદ્ર તેમ જ મંગળ, શુક્ર વગેરે વિશે તને સારું એવું જ્ઞાન છે! અવકાશ અને સમુદ્રનાં રહસ્યો તને અવગત છે! પરંતુ તારી જાતથી તું સાવ અજ્ઞાત છે. તારા પોતાના જીવન વિષેનું તારું અજ્ઞાન અગાધ છે.

અને આનું શું પરિણામ આવ્યું છે? તારા જીવનમાં શકિત છે; પણ તારા અન્તરમાં શાન્તિ નથી. તારી ચેમ્બર વિશાળ પથારો છે; પણ તારી અંદર ઊંડું ગાંભીર્ય નથી. એક સર્વવ્યાપી વિષમતા તને વ્યાપી વળી છે. એક સર્વગ્રાહી પક્ષાઘાત તને ગ્રસી ગયો છે.

તું એક ધીમી ત્રાસદાયક આત્મહત્યામાં ઓળોટે છે તે જોઈને મને ખરેખર ખેદ ઉપજે છે. તરંગો અને લાગણીઓનાં વાવાઝોડાં સામે, આન્તરિક સંઘર્ષો અને ગૂંચવાડાઓ સામે તું ઝુકી પડે છે તે જોઈને મને ઊંડો ખેદ ઉપજે છે.

હું તને તારી મોહનિદ્રામાંથી જગાડવા આવી છું; જાતને ભુલાવતી ભુલભુલામણીમાંથી બહાર ખેંચી કાઢવા આવી છું.

મારી વાત હૈયે ધર! જાગ, ઊઠ! જીવન જ્યોતિ ઝળહળી રહ્યો છે. તારું મોં તેની તરફ ફેરવ અને અન્તરની આંખો ખોલી નાંખ! ટટ્ટાર થઈ જા! પૂર્ણ અર્થમાં માનવ બની જા!

વિમલા ઠકાર

---

*Being અસ્તિ એટલે હોવું નિર્ભેળ, નિરપેક્ષ, નિરુપાધિક અહેતુક અસ્તિત્વ (અકર્મ યોગ?)

** Becoming ભવતિ–થવું, બનવું, સહેતુક, સોપાધિક, કર્મબદ્ધ જીવનસંગ્રામ, કશુંક બનવાની ભ્રાંત મથામણ.

મહાપ્રસ્થાનના પથ ઉપર—૭

(તા. ૧૬-૨-૬૬ ના પ્રબુદ્ધ જીવનમાં આ પ્રવાસવર્ણનનો છઠ્ઠો હપ્તો પ્રગટ થયો હતો. તેના અનુસંધાનમાં આ સાતમો હપ્તો નીચે પ્રગટ કરવામાં આવે છે. વાંચકોને યાદ હશે કે, બદ્રી કેદારની યાત્રાએ નીકળેલો આપણો યુવાસંન્યાસી હરિદ્વાર, ઋષિકેશ થઈને પર્વતારોહણ શરૂ કરે છે; દેવપ્રયાગ પસાર કરીને તે આગળ ચાલ્યો છે અને પોતાના સાથી યાત્રાળુઓ સાથે શ્રીનગર તરફ જઈ રહ્યો છે. આ શ્રીનગર કાશ્મીરની રાજધાની શ્રીનગર નથી, પણ બદ્રીનાથના રસ્તે દેવપ્રયાગ બાદ આવતું એક નાનું સરખું શહેર છે. તેનો આજ સુધીનો તેમ જ હવે પછીનો પ્રવાસ માર્ગ નીચે આપેલ નકશા ઉપરથી વાંચકોને સ્પષ્ટ થશે.

આ પ્રવાસ વર્ણનના લેખક માન્યવર શ્રી પ્રબોધકુમાર સન્યાલ તરફથી મારા પત્રના જવાબમાં એક પત્ર મળ્યો છે. તે પત્ર લેખક-મહાશય વિષે કેટલીક અગત્યની માહિતી પૂરી પાડતો હોઈને તેમાંનો જરૂરી ભાગ નીચે આપવાનું ઉચિત ધાર્યું છે. તેઓ તે પત્રમાં જણાવે છે કે:—

"તમે મારા જીવન અને મારી પ્રવૃત્તિઓ વિષે જાણવા આતુર હો એમ તમારા પત્ર ઉપરથી લાગે છે. તેથી મારી જાતને લગતી કેટલીક અંગત બાબતો આ પત્રમાં હું રજૂ કરું છું. હિમાલયનાં આ તીર્થોની સૌથી પહેલી યાત્રા મેં ઈ. સ. ૧૯૩૨માં કરી હતી અને આ પુસ્તક કવિવર રવીન્દ્રનાથ ટાગોરના પૂરોવચન સાથે, મેં ૧૯૩૩ની સાલમાં પ્રગટ કર્યું હતું. આ પુસ્તકની લગભગ ૫૦,૦૦૦ નકલો આજ સુધીમાં ખપી ગઈ છે અને ભારતની સાત ભાષાઓમાં આ પુસ્તકનો અનુવાદ પ્રગટ થયો છે. છેલ્લા ૪૩ વર્ષ દરમિયાન હિન્દુકુશથી માંડીને આસામ, તિબેટ, લડાખ અને મધ્ય એશિયા સુધી હિમાલયના સમગ્ર પ્રદેશમાં મેં પ્રવાસ કર્યો છે. હિમાલય ઉપરનું મારું બીજું પુસ્તક 'દેવતાત્મા હિમાલય' ૧૯૫૫ તથા ૫૬ દરમિયાન બે વિભાગમાં પ્રગટ થયું છે અને તેનું આદિવચન પંડિત જવાહરલાલ નહેરૂએ લખ્યું છે. તેની કિંમત રૂા. ૧૯ છે. ભારતીય જ્ઞાનપીઠ તરફથી તેનો હિંદીમાં અનુવાદ થઈ રહ્યો છે. તે જર્મનીમાં પ્રગટ થઈ ચૂકેલ છે. મારું ત્રીજું પુસ્તક 'ઉત્તર હિમાલય ચરિત' તાજેતરમાં જ પ્રગટ થયું છે. તેનો હિંદી અનુવાદ પ્રગટ કરવાનું દિલ્હીની રાજકમલ પ્રકાશન સંસ્થા તરફથી હાથ ઉપર લેવામાં આવ્યું છે. સેન્ટ્રલ હિમાલય ઉપર મારું ચોથું પુસ્તક હજુ હવે લખવાનું છે. હું હલકત્તા હિમાલયન એસોસિયેશનનો સ્થાપક - પ્રમુખ છું. ૧૯૨૮માં હું હિંદી સૈન્યમાં જોડાયેલો હતો. મારા 'મહાપ્રસ્થાનેર પથે' ઉપરથી ૧૯૫૨માં હિંદીમાં 'યાત્રિક' નામથી ફિલ્મ ઉતારવામાં આવી હતી અને મુંબઈમાં તે સૌથી પહેલી વાર દેખાડવામાં આવી હતી, જે પ્રસંગે હું ત્યાં હાજર હતો. લોકોના કહેવા પ્રમાણે, એક જીવન્ત લેખકનું હિમાલયનું જીવન સીનેમાના પડદા ઉપર આ રીતે પહેલી જ વાર રજુ કરવામાં આવ્યું હતું.

હું મુખ્યત્વે કરીને વાર્તા લેખક (fiction—writer) છું. નવલકથાઓ, ટૂંકી વાર્તાઓ, નિબંધો અને અનુભવવર્ણનો—આ પ્રકારો મારી ચાલુ લેખન પ્રવૃત્તિઓના છે. આજ સુધીમાં નાની મોટી લગભગ સો ચોપડીઓ મેં પ્રગટ કરી છે અને જો કે ૧૯૩૦ થી ૧૯૪૦ દરમિયાન મેં ઘણા સામયિકો અને દૈનિક પત્રોનું સંપાદન કર્યું હતું, એમ છતાં છેલ્લાં ૩૫ વર્ષથી ઉપર જણાવ્યો તે જ માત્ર મારો વ્યવસાય રહ્યો છે. ભારતના ઉપખંડોમાં લગભગ સર્વત્ર મેં પ્રવાસ કર્યો, અને ઉત્તર ભારતમાં પોતાના ઘર માફક હું રહી શકું એવા મારા માટે ઘણાં સ્થળો છે. ગુજરાત, મહારાષ્ટ્ર, અને રાજસ્થાન સમેત ભારતનાં બધા રાજ્યો અને પ્રદેશોની મને સારી એવી જાણકારી છે. પરદેશનાં નિમંત્રણોના આધારે મેં યુરોપ અને સોવિયેટ યુનિયનનો ત્રણવાર પ્રવાસ કર્યો છે."

આ પત્ર ઉપરથી 'મહાપ્રસ્થાનના પથ ઉપર' એ નામનું પ્રવાસ વર્ણન લખનાર શ્રી પ્રબોધકુમાર સંન્યાલની ભવ્ય જીવનપ્રતિભાનો પ્રબુદ્ધ જીવનના વાચકોને ઠીક ઠીક ખ્યાલ આવશે. **પરમાનંદ)**

આજે શ્રીનગર પહોંચવું જોઈએ. બધા ઝટપટ લગભગ અઢી વાગે રસ્તા પર આવી રહ્યા. પગને લીધે બરાબર ચલાતું નહોતું. વહુદિ પણ લાઠી લઈને ખોડંગાતી ખોડંગાતી ચાલતી હતી. સારી રીતે માલિશની વ્યવસ્થા જ્યાં સુધી ન થાય ત્યાં સુધી આમ જ ચાલવાનું. હું છએક દિવસથી ચાલતો હતો. હજી એક મહિનો આમ ચાલવાનું હતું, એટલે પગને તો બરાબર રાખવા જ જોઈએને. એક ઠેકાણે બે- ચાર દિવસ આરામ લેવાથી અમારી પગની પીડા સારી થઈ જાય ખરી, પણ તેથી અમારી ચાલવાની હોંશ મરી જાય તો! અમે એક તો પાછળ પડી જઈએ, ને બધાંની જોડે તાલ રાખી શકીએ નહિ, વળી રસ્તામાં અમારા સુખદુ:ખના અસ્થાયી સંગી, સવાર - બપોર, દુ:ખમાં, મુશ્કેલીમાં, જેમનાં વ્યથિત ને કરુણ મુખ અમે નિયમિત જોતા હોઈએ તેમને ગુમાવવા પડે. અમે બધાં બધાંની જોડે આત્મીય બની ગયાં હતાં. પંડિતજી, પાધડીવાળો રામાયાર, એક પૂનાથી આવેલી મહારાષ્ટ્રી ડોસી, ગોપાલદા, અમરસિંહ, મજૂરો, કાલીચરણ અને તુલસીરામ બ્રહ્મચારી, રૂઈદાસ શુકલ—એમાંથી કોઈને પણ છોડવા પડે તેથી હૃદયને આઘાત થાય. અમારી વચ્ચે ન્યાતજાતનો વિચાર નહોતો. સ્પૃશ્યતા-અસ્પૃશ્યતાનો પ્રશ્ન નહોતો. બધાં એકસાથે બેસીને ખાતાં હતાં. પછી એ કાલીચરણ મજૂર હોય, એ તંબાકુનો કસ લગાવીને હોક્કો ગોપાળદાને આપે, ગોપાળદા આપે અમરસિંહને, અમરસિંહ બ્રહ્મચારીના હાથમાં સોંપે, ને બ્રહ્મચારીના હાથનો પ્રસાદ રુઈદાસ શુકલને મળે. સાંજના સમયે મોજમાં ન આવીએ તો અમને કોઈને ચેન ન પડે. સર્વ ત્યાગી સાધુઓની ટોળી અમારી આસપાસ હતી. ભાંગ અને ગાંજાના નશામાં અધમૂઆ જેવા તેઓ ચટ્ટીની એક બાજુ પડ્યા રહેતા. બહારની દુનિયાના કાંઈ સમાચાર એમને મળતા નહિ. એ લોકો જાણે માણસોની કલ્પના ને કામનાથી ઘેરાયેલા એક પરીકથાના સ્વપ્નરાજ્યમાં રાચતા હતા. એમના શિર પર પ્રથમ સૂર્યરશ્મિની રેખા આવતી હતી ને એમ લાગતું હતું કે ઉદાસીની સંધ્યાનો રહસ્યમય માર્ગ હોય. તેઓ બધા ગૃહત્યાગી સન્યાસી ને સન્યાસીની હતાં. તેમના મુખમાં માત્ર તીર્થ ને દેવમંદિરની વાતો હતી. નદી, સાગર, ને બરફના



દેશની વાત હતી, વનના જંતુઓની વાત હતી, ને મુશ્કેલીની કથા ને કાહિની હતી.

આ વખતે લગભગ આઠ માઈલનો રસ્તો હતો. ચાલતાં ચાલતાં પગ ભારે લાગતા હતા. ભીલ કેદાર સુધીનો ચાર માઈલનો રસ્તો અત્યંત કષ્ટદાયક હતો. આ જગાનું બીજું નામ હતું ટુંડ પ્રયાગ. ત્યાં ભીલગંગા ને અલકનંદા એકબીજાના ગાઢ આલિંગનમાં પરોવાઈ જાય છે. એ સ્થાને પાંચ-છ જુનીપુરાણી ચટ્ટી પાસે પાસે હતી. પહેલાં એમ સૂચના થઈ કે આજે ભીલકેદારમાં જ પડાવ નાંખીએ, પણ કોઈને એ પસંદ પડ્યું નહિ. હજી તો ઘણો સમય બાકી હતો, અનાયાસે ત્રણ-ચાર માઈલ તો ચાલી શકાશે. પગમાં દુ:ખે છે એમ કહીને અમે બન્ને જણે વિરોધ નોંધાવ્યો, પણ આખરે લોકમતનો જય થયો. ખબર પડી કે ઉપર ચઢવાનો કોઈને ઉત્સાહ રહ્યો નહતો. ગમે તેમ કરતાં ચાલી નાંખીશું. ગમે એમ પણ આજે શ્રીનગર પહોંચવું જ જોઈએ.

રસ્તો મલ્લિકા ને માલતી વગેરેથી છવાયેલો હતો. જંગલી ગુલાબની સુગંધ છાની છાની આવતી હતી. આટલા દિવસ પછી આજે સમતલ રસ્તો કાપવાનો હતો. અલકાનંદાને કિનારેથી ઢળાણનો પથ ખેતીવાડીથી સમૃદ્ધ હતો. નદીને કિનારે કિનારે નાના નાનાં ગામડાં જાણે ચિત્ર આંકયાં હોય એવાં સુંદર લાગતાં. રસ્તામાં ગીચ જંગલો હતાં. તેની વચમાં થઈને યાત્રીઓનો રસ્તો હતો. આ જંગલમાં બધાં કરતાં આશ્ચર્યજનક આંબાનાં ને સહિજનનાં વૃક્ષો હતાં. આસપાસ કયાંક કયાંક ચૂના અને રેતીના પહાડ હતા, અને એની ઉપર સૂકાયેલાં પાંદડાંનો રંગ લાગેલો હતો. નદીની પેલી પાર મનોરમ પ્રાકૃતિક શોભા હતી, પર્વતની દિવાલ પરથી અમારી થાકેલી દષ્ટિ ખસતી નહોતી, પ્રકૃતિના અબાધિત અવકાશમાં અમારી આંખોને જાણે મુકત વિહાર કરવાનો મળતો હતો. અમારા સ્નાયુઓ જાણે શરીરથી છૂટા પડી પ્રકૃતિની આ સુંદરતા જોડે એક થઈ જવા ચાહતા હતા. અમે લગભગ નદી કિનારેની સમતલ ભૂમિ પર હતા.

હું પાછળ પડી ગયો હતો. ચાલતાં ચાલતાં મેં જોયું તો સાસુ અને વહુ રસ્તા પર લોથપોથ થઈને પડયાં હતાં. હું આગળ જતો હોઉં કે પાછળ પડી ગયો હોઉં. દરેકની એકાદ વાર તો મુલાકાત થાય જ, કારણ ચાલતાં ચાલતાં બધાને એકાદ બે વાર તો થાક ખાવા બેસવું જ પડે, પાણી પીએ, શરીરને પવનનો સ્પર્શ થવા દે, ને પછી થાક ઉતારીને ચાલવા માંડે. નદીની પાસે આવીએ એટલે ઉનાળો, ને ઉપર ચઢાણને રસ્તે શિયાળો. ગરમ હવા કરતાં ઠંડી હવામાં યાત્રીઓને વિશેષ સગવડ રહે છે. સાસુએ મને બૂમ પાડી પૂછયું, "તમારું શ્રીનગર હજી કેટલું દૂર છે ભાઈ! આ મારી છોકરી તો હવે જરાયે ચાલી શકતી નથી."

ઊભા ઊભા વાત કરતાં આખું શરીર જાણે કાંપવા લાગે. ઝોળીને કપાળે લઈને રસ્તાની પેલી બાજુ મોં બગાડીને હું બેસી ગયો અને બોલ્યો: "હવે બહુ આઘે નથી."

સાસુ અને વહુ હાંફી રહ્યાં હતાં. વહુના પગ પર હાથ ફેરવતાં સાસુ કહેતી હતી, "તમારા લોટામાં પાણી છે ભાઈ? જરા આપો તો..."

અમે એટલા થાકી ગયા હતા, કે તે આવીને પાણી લઈ જાય, કે હું ઊઠીને પાણી આપી આવું એની મથામણમાં જ થોડો સમય વીતી ગયો. પછી એ જ ઊભી થઈને પાણી લઈ ગઈ. થોડું પોતે પીધું ને બીજું જેણે આંખો મીંચી દીધી હતી તેના મુખમાં ઢાળી દીધું. પગની વ્યથાને લીધે છોકરીમાં જરા ય ચેતન રહ્યું નહોતું. એનામાં ચાલવાની શકિત જ રહી નહોતી. એણે જરા સ્વસ્થ થઈને ઊંચું જોયું. હવે આભારની લાગણી પ્રદર્શિત કરવાની જરૂર નહોતી.એ બધું તો હવે જૂનું થઈ ગયું હતું. એણે ફકત કહ્યું: "તમે તો મરદ છો, તમને દુ:ખતું હોવા છતાં જેમ તેમ કરીને ચાલ્યા, પણ અમે બૈરાં તો ભાંગી જ પડીએ."

ધૂળથી, રેતીથી, તેલ ને પાણીના ડાઘથી, અથાગ ને અસાધ્ય પરિશ્રમને લીધે, એનું લક્ષ્મી જેવું રૂપ સૂકાઈને કાળું પડી ગયું છે, એ વાત એની સાસુ મને કહેતી હતી. મારા મનમાં પણ એ જ વિચાર આવ્યો. સુખનું શરીર ઐશ્વર્ય ને ભોગમાં જેનું લાલનપાલન થયેલું, એ છોકરીના મનમાં કોણ જાણે શું આવ્યું કે આવા મુશ્કેલ તીર્થયાત્રાને માર્ગે, અને તેમાંયે સાસુને સાથમાં લઈને આવી. આજકાલનાં છોકરા-છોકરી બધાં જ દુનિયાના ભ્રમણની ઈચ્છા કરે છે. શું આ બધું તીર્થદર્શન ને પુણ્યકામના માટે હોય છે? કોઈ કોઈ છોકરીઓ તો ભગવાનને યાદ પણ કરતી હોતી નથી. એમ છતાં આ છોકરી વિશે એમ માલુમ પડે છે કે કેટલાંક વર્ષોથી તીર્થોમાં ફર્યા વિના તેને શાંતિ થાય તેમ નહોતું. વળી એની ઉમર પણ કેટલી હતી? ત્રીસ પણ હજુ તો પૂરાં થયાં નહોતાં, એટલે ધીરજથી મેં એની સાસુની વાત સાંભળી.

આરામ લીધા પછી પાછું બધાને ઊઠીને ઊભા થવું પડ્યું, ઝોળા કામળાનો પાછો મરણતોલ બોજો ખાંધે નાંખી દીધો. સાસુ અને વહુ લાઠી ઠોકતાં ઠોકતાં આગળ ચાલ્યા. ફરી એક વાર બુઢ્ઢીએ કહ્યું, 'અઘોરને કહો કે ભાઈ આટલો બધો લાંબો રસ્તો અમારાથી નહિ કપાય. બહુ બહુ તો દશ દિવસ મોડું થશે એમને? આ તો જીવ નીકળી જાય છે. દશ માઈલના કરતાં પણ વધારે બૈરાંને રોજ ચાલવાનું... હવે નહિ બને બાબા..."

રસ્તા પર જોડા ઘસડતા ઘસડતાં એ લોકો ચાલતા હતા. ખરું જોતાં તો એમની દશા જોઈને કોઈના મનમાં પણ થાય કે હમણાં જ તેઓ મરણતોલ થઈને જમીન પર ઢળી પડે તો એમાં જરાય નવાઈ નહિ.

આખરે શ્રીનગરનાં ચિહ્ન દેખાવાં માંડયાં. રસ્તા પર જ કાળી કમળીવાલાનું એક છત્ર હતું. ડાબી તરફ જંગલની અંદર એક નાનો રસ્તો હતો. કમલેશ્વર મહાદેવનાં મંદિર તરફ જતો હતો. રસ્તાનાં વળાંક પર અઘોરબાબુ ને બ્રહ્મચારી રાહ જોતા હતા. સાસુ અને વહુ હાંફતાં હાંફતા ક્ષીણ અવાજે બોલ્યાં: "આ રીતે અમારાથી નહિ ચાલી શકાય. બધાંનાં શરીર કાંઈ સરખાં નથી હોતાં. પગની આ શોચનીય અવસ્થા."

બ્રહ્મચારીએ કહ્યું, "ધર્મશાળામાં જઈને તમારા પગ માટે સરસ દવાની વ્યવસ્થા કરું છું, મા!"

"બહુ સારું ભાઈ," કહીને વહુ સાસુની જોડે આગળ ચાલવા' માંડી, ત્યાં તો અઘોરબાબુએ કહ્યું: "કમલેશ્વરનાં દર્શન નથી કરવાં?"

'ના ભાઈ ના' એમ એ થાકેલા લોકોએ જવાબ આપ્યો.

બધા એક પછી એક આગળ જવા મંડયા, એટલે હું અને બ્રહ્મચારી મંદિરને દર્શન ગયા. ત્યાં ખાસ કાંઈ નહોતું. જૂનું મંદિર હતું. અને અંદર એક મોટું શિવલિંગ હતું. પૂજા વગેરેની કશી વ્યવસ્થા નહોતી. પાસે કોક ગામ હોય એમ લાગતું હતું. ત્યાંનાં છોકરા છોકરીઓ અને મંદિરના રખેવાળોનું ટોળું આ રીતે પૈ–પૈસા માટે અમને હેરાન કરવા લાગ્યું, ભારતના લગભગ બધા તીર્થોમાં ભગવાનનો આશરો લઈને યાત્રીઓ પર આ પ્રકારનો જ જુલમ થતો હોય છે. ચાલાકી છેતરામણ દ્વારા યાત્રીઓનું શોષણ કરવું એ આ દેશના તીર્થગુરુઓનું પ્રધાન કાર્ય હોય છે. કંટાળીને પાછો આવ્યો. રસ્તો કાંઈ બહુ દૂર નહોતો. થોડેક રસ્તે ચાલ્યા હોઈશું ત્યાં ડાબે હાથે એક પાકી બાંધેલી મોટી હૉસ્પિટલ દેખાઈ. આનંદિત થઈને અંદર પેઠો. એમાં જે થોડા રોગીઓ હતા તેમાંના બધા જ નવરા યાત્રીઓ હતા. અમારી અરજી ત્યાં નોંધાવી. પગને માટે મલમ, નાકના માટે વેસેલીન પોમેડ, ને બ્રહ્મચારીનાં દાંત માટે થોડું આઈડીન એટલું લઈને ચારે બાજુએ જોતાં જોતાં અમે બહાર આવ્યા. શ્રીનગર બધા ગામ જેવું જ એક સુસજ્જિત નાનું શહેર હતું. જો કે એનું મુખ્ય દફતર પૌડીમાં હતું, જે અહીંથી નવ માઈલ દૂર હતું. ત્યાં અદાલત, પોલીસ, જેલ ને હાકેમ સાહેબનું ઘર હતું. પૌડી બહુ જાણીતું હતું. રસ્તામાં બે એક બંગાળીઓને જોઈને આશ્ચર્ય થયું. તેઓ આ દૂર-દૂરના હિમાલયના ઊંડાણમાં આવેલા કોઈ રાજ્યની કોઈ કૉલેજના પ્રોફેસર હતા. બંગાળીઓ બહાદૂર હોય છે એ વાતનો અંદેશો રહ્યો નહિ. એમની જોડે વાતચીત કરીને પાછો આગળ વધ્યો. શહેરમાં એક પાકો સરિયામ રસ્તો હતો, નસીબજોગે રસ્તો સમતલ હતો. અનેક દુકાનો હતી, ત્યાં વિલાયતી અને જર્મન માલ વિશેષ ખપતો. એ યુગ કાયદાભંગનો હતો. સાંભળવામાં આવ્યું કે, અહીં પીકેટીંગ ને સભા સમિતિ પર પ્રતિબંધ મૂકતી ૧૪૪ મી કલમની નોટીસ લાગી હતી. શોધતાં શોધતાં ધર્મશાળામાં આવી પહોંચ્યો. અંદર બે મજલાનું મકાન હતું. એક મંદિરમાં સંધ્યા સમયની આરતીની તૈયારી ચાલતી હતી. મોટી બે ગાળાની જગ્યા હતી. મારામાં પાછી સ્ફૂર્તિ આવી. લાઠીને આધારે થોડુંક ઘૂમી વળ્યો. રસ્તા પર જ બે મોટી ખાવાપીવાની દૂકાન હતી, એટલે સવારે રાંધવા કરવાની કડાકૂટ કરવી પડે એમ હતું નહિ. રાત્રીના ભોજનથી જ આજનો દિવસ પૂરો થશે. તપાસ કરતાં માલમ પડ્યું કે દુકાનમાં ચાનો બંદોબસ્ત પણ થઈ શકે એમ છે. પછી બીજું શું જોઈએ? મને લાગ્યું કે જાણે ગઢ સર

કર્યો. પગનું દર્દ મટી ગયું. બદરી વિશાળલાલની જય! ॐ નમો નારાયણાય–આનંદથી બ્રહ્મચારી પાગલની જેમ ઘૂમવા લાગ્યો.

દૈવી અનિર્વચનીય આરામદાયક આજની રાત હતી. દૂધ, દહીં, જલેબી, ચા, સરસ ઘીમાં તળેલી પૂરી, બટાકાનું શાક ને અથાણું–બધાનું એક સાથે ભોજન કર્યું. જ્યાં સુધી ભોજનનો કાર્યક્રમ ચાલ્યો ત્યાં સુધી બ્રહ્મચારીએ આંખ ઊંચી કરી નહિ. એણે કહ્યું: "દાદા, પહેલાં જમી લેવા દો. જેટલું પેટમાં જાય એટલું ભરી લેવા દો."

"કૉલેરા થઈ જશે, બ્રહ્મચારી."

આ મામુલી મનુષ્ય આંખો બંધ કરીને મોટેથી હસી પડયો. એણે કહ્યું, "કેમ રથમાં બેસીને હવે બીક લાગે છે? વિશ્વરૂપ બતાવી દઉં? આજે આ પેટ બધું ય હજમ કરી જાય એમ છે. હું તો કાશ ભૂખ્યો ભૂંડ છું."

જમીને બ્રહ્મચારી ગીત ગાતો ગાતો ઉપર ચાલી ગયો. અમે બન્ને જણે પાસે પાસે જ અમારા કામળા પાથરી દીધા. બ્રહ્મચારીએ તો નાકથી "ॐ નમો શિવાય" નો જપ શરૂ કરી દીધો. મને મનમાં થયું કે આજના આહારથી એના દાંત, હોઠ, જીભ, તાળવું અને બધાને તૃપ્તિ થઈ ગઈ છે. એ ઊંઘમાં બબડતો પણ હતો. પેલી તરફ ગોપાળદા અંદર આવીને ડોશીઓની કડાકૂટમાં હેરાન થઈ રહ્યો હતો. સાંજે થોડું અફીણ ને એક ચલમમાં ગાંજો પુંકીને એનું જે સ્વરૂપ બન્યું હતું તે તો કોઈ અવનવું જ હતું. દેવલોકના પારિજાતના બાગમાં કોઈ જાણે દાર્શનિક ફરતો હોય એવી એની દશા હતી. એ વખતે કોઈએ પણ એને ગુસ્સે કર્યો હોય તો તો એ એનું ખુન જ કરી બેસે એવી એની દશા હતી. બિલાડીના જેવા સ્વભાવની પેલી ડોશીઓની આગમાં એને શાંતિ નહોતી. મારા માથા આગળ એક નાની ઓરડીમાં અઘોરબાબુ પરિવાર સહિત બેઠા હતા. હમણાં એ જમી રહ્યા હતા. તેઓ એટલે સાસુ અને વહુ એક વાર આવીને અમારા ભોજન અને સુવાની વ્યવસ્થા અંગે ખબર કાઢી ગયાં હતાં.

પગનું દર્દ કોઈનું પણ ઓછું થયું નહિ. તળાંસવાથી, ઢીંકો મારવાથી, માલિશથી, હૉસ્પિટલના ઈલાજથી કશાથી ય મટયું નહિ. આખરે એમ નક્કી કરવામાં આવ્યું કે ફકત પાંચ સાત માઈલથી વિશેષ રોજ ચાલવું નહિ. જ્યારે મુશ્કેલી હોય, ત્યારે આપણે સાધારણ રીતે જે કલ્પના કરીએ છીએ તે જ્યારે આપણે આચારમાં મૂકીએ છીએ, ત્યારે એમાં ફેરફાર કરવો જ પડે છે. રસ્તે નીકળો એટલે એમ થાય કે, રસ્તો પૂરો થાય તો સારું. શ્રીનગરથી સવારે નીકળ્યા. ને લગભગ અગિયારને સુમારે અમે ભટ્ટીસેરા આવી પહોંચ્યા. રસ્તામાં સુકૃતા નામની એક નાની નદી ને એક ચટ્ટી અમે પસાર કરી. ભટ્ટીસેરાનો રસ્તો થોડે અંશે સમતલ છે. તેથી જ એકી વખતે અમે એક સામટા આઠ માઈલ ચાલી શકયા. પાસે જ નદી હતી, એનું નામ હર્ષવતી હતું. એ અલકનંદાની જ એક શાખા હતી. ચટ્ટીની પાસે જ એક ઝરણું હતું, એનાં પ્રવાહનો બુદ્ધિશાળી મનુષ્ય કેવી રીતે ઉપયોગ કરે છે એ દશ્ય મેં અહીં જોયું. એનું નામ જળ ચક્કી અર્થાત્ પાણીની ઘંટી. લાકડાની એક ચક્કી હતી, એની પર પાણીનો પ્રવાહ આવીને એને ધક્કો મારતો હતો અને એ જ ફેરવવો હતો. એની ઉપર એક પત્થરની ઘંટી હતી ને એમાં હતા ઘઉં. આમ વગર મહેનતે લોટ દળાતો હતો. એની તારીફ કર્યા વિના રહેવાય જ નહિ. જ્યાં સુધી મને યાદ છે, આ ભટ્ટીસેરામાં ગોપાલદાના દળમાંની બ્રાહ્મણી માની જોડે અઘોરબાબુનો ઝઘડો થયેલો. એ ઝઘડાનું કારણ હતું જાતિનું અભિમાન અને આભડછેટ. કોઈ નજીવી વાતમાં બ્રાહ્મણીમાનો ક્રોધ જોઈને અઘોરબાબુની પત્ની છાનું છાનું હસતી હતી, ને એના મોઢા સામું જોતી હતી. બ્રાહ્મણીમા સનાતન ધર્મની મૂર્તિમતી પ્રતિમા હતી. જાતિ વિચાર ને આભડછેટ સિવાય એ જીવી જ ન શકે? એ તૂટેલાં વાસણની જેમ ખણખણી ઊઠી. "કોણ જાણે મેં કેવાં પાપ કર્યાં હશે, કે તમારી ઓળખાણ થઈ મા. મારા સૂકાં કપડાંને ન અડકતાં; એટલી પણ અક્કલ તારામાં નથી? આજકાલ શુદ્ર લોકોનું બહુ ચઢી વાગ્યું છે."

અઘોરબાબુએ ધીરજ ગૂમાવી હતી, એની પત્નીએ હસતી હસતી આવીને એને વારતાં કહ્યું: "છોને; ગમે તેવી પણ બ્રાહ્મણની દીકરી છે, એનું માન રાખવું જોઈએ આપણે."

બ્રહ્મચારી એકદમ ગુસ્સામાં આવીને બોલતો હતો, "એ શાની બ્રાહ્મણની દીકરી? એ તો ચંડાલ છે."

"ના ભાઈ. એવી વાત આપણાથી ન થાય. ને આંધળો હોય તેને આંધળો કહેવાથી ઘણું પાપ લાગે."

ગોપાલદા શાંત બેસી રહ્યા હતા. તેમને કોઈ શત્રુ નહોતું. તે બપોરે જ અમે એકબીજાથી છૂટા પડયા. છાન્તિખાલની ઊંચી અને હાંડકાં ભાંગે એવી બે માઈલની ચઢાઈ ચઢીને ખાંકરા ચટ્ટીની તરફ અમે ઉતરાણને માર્ગે ચાલ્યા. હજી સાંજને થોડી વાર હતી. અમારી ઈચ્છા પ્રમાણેનું સમતલ સ્થાન હતું. પાસે જ અલકાનંદાની જ એક શાખા હતી. તેનું નામ પટુવતી હતું. થોડે દૂર પર્વતની એક ખીણ હતી. ત્રણે બાજુ આકાશચૂંબી પર્વતશિખરો હતાં. ગમે એવો મધુર પવન હતો, ઝરણાનો ઝંકાર હતો, વનફૂલોની સુગંધ પ્રસરેલી હતી. અઘોરબાબુની પત્નીએ કહ્યું, "આજે હવે આગળ જવાની જરૂર નથી. અહીં જ થોભી જઈએ."

રસ્તા તરફ એક વાર ફરીને મેં જોયું. લગભગ એકાદ માઈલ દૂર નદીના વળાંક તરફ લોકોના ટોળામાં ગોપાલદાના સુસ્પષ્ટ શરીરનાં દર્શન થયાં. કીડીની જેમ ધીમી ગતિથી તે ચાલતા હતા. એની જોડે બીજા સાથીઓ પણ હતા. મેં પૂછયું. "એમને તમે છોડી દેવાનું કહ્યું હતું?"

ત્યારે અઘોરબાબુ બોલ્યા: "બે એક માઈલ સુધી આપણે પાછળ રહીશું. પણ પછી તો એમને પકડી પાડીશું." સાસુએ કહ્યું, "તો રહેવા દો ભાઈ! તમારું શરીર તો અમારા કરતાં પણ વધુ ખરાબ છે; આપણા મજૂરોની પાસે બિસ્તર છે. એ લોકો આવે એટલે તમારે માટે બિસ્તરો પાથરી દઉં. હવે તમારે માટે તમારે જુદું રાંધવાની જરૂર નથી. અમારી જોડે જ તમારી વ્યવસ્થા થશે." બ્રહ્મચારીએ કહ્યું: "આજના જેવી જ એમની માયા મમતા હંમેશને માટે રહે દાદા!"

પતિ પત્ની બન્ને અમારી તરફ જોઈને પોતાનો વિજય થયો હોય એમ હસ્યાં. જાણે એમના હાસ્યમાં વિજયનો આનંદ હતો. મેં કહ્યું: "આજે ભલે અહીં રહીએ, પણ આટલો થોડો રસ્તો કાપવાથી હવે પછી નહિ ચાલે. અમારે તો યાત્રા જલદી જલદી પૂરી કરવી છે."

"વારુ, આજે તો રહો, માની ઈચ્છા પણ પૂરી તો કરવી જ જોઈએને?"

સાંજ પડી. પહાડના શિખર પરથી ક્ષીણ ચંદ્રનાં દર્શન થયાં. આકાશ તારાઓથી છવાઈ ગયું.–સમગ્ર વાતાવરણ બદલાઈ ગયું. કદાચ આમ જ બદલાતું હશે. દિવસે પ્રખર તેજ હતું. સ્થૂલ વાસ્તવિકતા હતી, માણસનાં દૈન્ય અને સ્વાર્થનાં સ્થૂલ આઘાત પ્રત્યાઘાત હતા. પરન્તુ એ નવાઈની વાત હતી કે રાત્રે બધું બદલાઈ જતું હતું, આ વિશ્વપ્રકૃતિને પ્રસાધન- પરિપાટી બનાવીને, એને અલંકૃત બનાવીને કોણ જાણે કોણ મનોહર બનાવતું હતું! રાત્રીની સ્નિગ્ધ જ્યોત્સ્નામાં, દિવસની પ્રખરતા યાદ પણ રહેતી નહોતી.

(ક્રમશ:)

અનુવાદક: ડૉ. ચન્દ્રકાન્ત મહેતા

મૂળ બંગાળી: શ્રી પ્રબોધકુમાર સંન્યાલ

આચાર્ય રજનીશજીનો એપ્રિલ માસનો કાર્યક્રમ

જીવનજાગૃતિ કેન્દ્રના મંત્રી જણાવે છે કે, ચાલુ થયેલા એપ્રિલ માસ દરમિયાન આચાર્ય રજનીશજીનાં પ્રવચનો નીચે જણાવેલ સ્થળોએ તથા તારીખોએ ગોઠવવામાં આવનાર છે.

તા. ૧-૨ નાસિક; તા. ૩-૪ પૂના

તા. ૧૪, ૧૫, ૧૬ તથા ૧૭ મુંબઈ.

મુંબઈના પ્રવચનસ્થળ તથા સમયની વિગતો તે તે દિવસોના દૈનિક પત્રોમાં પ્રગટ કરવામાં આવશે.

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ. મુંબઈ-૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ.

Regd. No. MH. 117
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૭ : અંક ૨૪

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, એપ્રિલ ૧૬, ૧૯૬૬, શનિવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૨૫ પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

ક્રાન્તિકાર ભગવાન મહાવીરની કલ્યાણયાત્રા

[એપ્રિલ માસની ત્રીજી તારીખે–મહાવીર જયન્તીના રોજ–ઑલ ઈન્ડિયા રેડિયો, મુંબઈ કેન્દ્ર ઉપરથી પ્રસારિત કરવામાં આવેલું પ્રવચન તે સંસ્થાની અનુમતિપૂર્વક નીચે પ્રગટ કરવામાં આવે છે. તંત્રી]

ભગવાન મહાવીરના જીવનકાર્ય અને તેમણે આપેલા વિશિષ્ટ વિચારપ્રદાનને યથાસ્વરૂપે સમજવા માટે આજથી અઢી હજાર વર્ષ પહેલાંની સામાજિક તથા રાજકીય પરિસ્થિતિનો આપણને થોડો ખ્યાલ હોવો જરૂરી છે. એ વખતના સમાજ ઉપર બ્રાહ્મણ-વર્ગનું અસાધારણ પ્રભુત્વ હતું, અને વેદોને અપૌરુષેય અને તેથી સર્વમાન્ય ધર્મગ્રંથ તરીકે લેખવામાં આવતા હતા. આ વેદને સમજવા તેમ જ સમજાવવાનો ઈજારો માત્ર બ્રાહ્મણ પંડિતોને હતો. વેદ સંસ્કૃત ભાષામાં લખાયેલા હોઈને નીચેના વર્ગોને તેની સમજણ સુગમ પણ નહોતી. એ વખતે તપ ધ્યાન સંયમરૂપી જીવનસાધનાના સ્થાને ધાર્મિક ક્રિયાકાંડોનું–અને તેમાં પણ ખાસ કરીને યજ્ઞયાગાદિનું–ખૂબ જ મહત્ત્વ હતું અને આ યજ્ઞોમાં સંખ્યાબંધ પશુઓનાં બલિદાન અપાતાં હતાં. સ્ત્રીવર્ગ પુરુષવર્ગને સર્વથા પરાધીન હતો. તેના માટે જીવનમાં અનેક ક્ષેત્રો બંધ હતાં. તેને સંન્યાસનો કોઈ અધિકાર નહોતો. શાસ્ત્રો વિદ્વદ્‌ગમ્ય ભાષામાં રચાતા હોઈને સામાન્ય લોકો તેનો બહુ જ ઓછો લાભ લેતા હતા. શુદ્રો પ્રત્યે ઉપરના વર્ગો અવમાનનાની દૃષ્ટિથી જોતા હતા અને તેમાં પણ અતિ શુદ્ર લેખાતા વર્ગોને અસ્પૃશ્ય લેખવામાં આવતા હતા અને તેના પડછાયાના સ્પર્શને પણ અભડાવનારો ગણવામાં આવતો હતો. વળી એ વખતે આપણા દેશની–ખાસ કરીને આજે જે પ્રદેશ બિહારના નામથી ઓળખાય છે તેની–રાજનૈતિક સ્થિતિમાં પણ કોઈ જાતની એકતા નહોતી. ગણસત્તાક કે રાજસત્તાક રાજ્યો અહીં-તહીં ખેરવિખેર પડેલાં હતાં. એ બધાંને સંપ અને સહકારને બદલે કલહમાં જ વિશેષ રસ હતો. દરેક બીજાને કચડીને પોતાના રાજ્યનો વિસ્તાર કરવા માગતું હતું. દેશકાળની આવી પરિસ્થિતિ વચ્ચે ભગવાન મહાવીર અને બુદ્ધનો જન્મ થયો હતો.

મહાવીરના પિતા સિદ્ધાર્થ ક્ષત્રીયકુંડ નામના એક નાના રાજ્યના રાજવી હતા. ત્રિશલા તેમની માતાનું નામ. મહાવીરને તેમનાથી મોટા એક ભાઈ હતા જેનું નામ નંદીવર્ધન હતું, અને એક મોટી બહેન હતી જેનું નામ સુનંદા હતું. આ સુનંદાને જમાલી નામનો એક પુત્ર હતો.

ભગવાન મહાવીરનો જન્મ ચૈત્ર શુદ ૧૩ના રોજ એટલે કે આજના દિવસે થયો હતો અને તેથી ભારતભરમાં આજે સ્થળે સ્થળે તેમની જન્મજયંતી ઊજવાઈ રહી છે. ભગવાન મહાવીરના જન્મ સાથે રાજ્યમાં સર્વ પ્રકારની આબાદી થવાથી તેમના માતપિતાએ તેમનું 'વર્ધમાન' નામ પાડયું હતું. સમય જતાં તેમના પરમ પુરુષાર્થના કારણે તેઓ 'મહાવીર'ના નામથી ઓળખાવા લાગ્યા હતા.

તેમનો વિદ્યાભ્યાસ પૂરો થયો. યોગ્ય વયે તેમનું યશોદા નામની એક રાજકુમારી સાથે લગ્ન કરવામાં આવ્યું, જેનાથી તેમને પ્રિયદર્શના નામની પુત્રી થઈ હતી અને તે ભગવાન મહાવીરના ભાણેજ જમાલીને પરણી હતી. ભગવાન મહાવીરની ઉંમર મોટી થતાં તેમનામાં સંસાર વિષે વૈરાગ્ય પેદા થયો અને કૌટુંબિક તેમ જ સામાજિક બંધનો છોડીને–તોડીને–તેઓ આત્મસાધનાના માર્ગે આગળ જવા આતુર બન્યા, પણ માતપિતાનો પોતા વિષે અનુરાગ અનુભવીને સંસારત્યાગનું મહત્ત્વનું પગલું ભરવાનું તેમની હયાતી સુધી તેમણે મુલતવી રાખ્યું હતું. ૨૮ વર્ષની ઉંમરે માતપિતા સ્વર્ગવાસી બન્યા, એટલે સંસારત્યાગ કરવાને મહાવીર ઉત્સુક બન્યા. પણ તરતમાં જ રાજગાદી ઉપર આવેલા મોટા ભાઈ નંદીવર્ધનના આગ્રહને વશ થઈને તેઓ સંસારમાં બે વર્ષ વધારે રોકાયા અને ત્યાગી સંયમી વ્રતધારી જેવું જીવન તેમણે વ્યતીત કર્યું અને પોતાની સર્વ ધનસંપત્તિનું તેમણે છૂટા હાથે દાન કર્યું. ૩૦ વર્ષની ઉંમરે તેમણે સંસાર છોડયો અને જૈન દીક્ષા અંગીકાર કરી અને ત્યાર બાદ તેમણે બાર વર્ષ સુધી ઘોર તપસ્યા કરી. આ ઘોર તપસ્યા એક પ્રકારની ઉગ્ર જીવનસાધના હતી. તેમાં નાનાં મોટાં અનેક અનશનોને અને ટૂંકી લાંબી મુદત સુધીના ધ્યાનનો સમાવેશ થયો હતો. પરિણામે તેમને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું એમ કહેવામાં આવે છે. આ કેવળ-જ્ઞાન એટલે શું ? આનો અર્થ સંપૂર્ણ પ્રજ્ઞાનો ઉદય એટલે કે જીવ, જગત અને ઈશ્વર એ ત્રણે પાયાનાં તત્વો વિષે અને એકમેકના અનુબંધ વિષે સંપૂર્ણ જ્ઞાનજાગૃતિ, જાણવાયોગ્ય બધું જણાઈ જાય અને સ્વરૂપાનુસંધાનની સ્થિતિ પ્રાપ્ત થાય એવી પૂર્ણ જીવનઅવસ્થા. આ જ્ઞાન થયા પછી સત્ય તત્ત્વ વિષે કોઈ પ્રશ્ન કે શંકા ન રહે અને સમગ્ર વાસ્તવિકતાનું સંપૂર્ણ દર્શન થાય.

આમ સાધનાકાળ પૂરો થયા બાદ અને પરમ સત્યનું દર્શન થયા બાદ પોતાને જે પ્રકાશ મળ્યો, પોતાને જે ચોક્કસ જીવનદૃષ્ટિ પ્રાપ્ત થઈ તેનો તેમણે લોકકલ્યાણ અર્થે ઉપદેશ આપવા માંડયો. આ પ્રક્રિયાને ધર્મતીર્થની સ્થાપના તરીકે ઓળખવામાં આવે છે, અને એ રીતે ભગવાન મહાવીરને તીર્થંકર તરીકે ઓળખવામાં આવે છે. જૈન ધર્મમાં ૨૪ તીર્થંકરની એક પરંપરા કલ્પવામાં આવી છે. આ પરંપરામાં ૨૪મા તીર્થંકર ભગવાન મહાવીર છે. આ ભગવાન મહાવીરે અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અને અપરિગ્રહ–આ પ્રકારના પંચ મહાવ્રત રૂપી ધર્મની પ્રતિષ્ઠા કરી. આજે જૈનો જે જૈન ધર્મનું પાલન કરે છે તે ચરમ તીર્થંકર ભગવાન મહાવીરે પ્રરૂપેલો જૈન ધર્મ છે.

આ ધર્મનો ભગવાન મહાવીરે એક સ્થળેથી બીજા સ્થળે, એક નગરથી બીજા નગરે સતત પ્રચાર કર્યો અને તેમના ધર્મનો હજારો નરનારીઓએ અંગીકાર કર્યો અને તેમાંના અનેકે સંસાર છોડીને તેમની પાસે સન્યાસમાર્ગ ધારણ કર્યો. કહેવાય છે કે તેમના ત્યાગી ભિક્ષુક શિષ્યોની સંખ્યા ૧૪,૦૦૦ની હતી અને ભિક્ષુક શિષ્યાઓની સંખ્યા ૩૬,૦૦૦ની હતી. આ રીતે ૭૨ વર્ષનું આયુષ્ય પૂરું થતાં

તેઓ આજથી ૨૪૯૨ વર્ષ પહેલાં આસો વદ અમાસની રાત્રીના નિર્વાણ પામ્યા.

જે જૈન ધર્મની ભગવાન મહાવીરે પ્રરૂપણા કરી તેમાં તેમણે અહિંસાને સૌથી મુખ્ય સ્થાન આપ્યું. ભગવાન મહાવીરની અહિંસાએ જીવસૃષ્ટિની કલ્પનાને વનસ્પતિ સુધી વિસ્તારી અને સર્વ ભૂતમાત્ર વિષે મૈત્રી, કરુણા અને અભય-ભાવના ચિન્તવવાનો આદેશ આપ્યો. તેમણે જીવનસાધના માટે, અહિંસા ઉપર જેટલો ભાર મૂક્યો તેટલો જ ભાર તપ, સંયમ અને અપરિગ્રહ ઉપર મૂક્યો. હિંદુ ધર્મમાં પણ આ તત્વોને મહત્ત્વ આપવામાં આવ્યું છે, પણ આ તત્ત્વોને જીવનમાં અન્તિમ કોટિ સુધી ઉતારવાનો આગ્રહ એ જૈન-ધર્મની વિશેષતા છે.

જૈનધર્મ આત્મતત્વને સ્વીકારે છે, પુનર્ભવને તથા કર્મના સિદ્ધાન્તને આગળ ધરે છે અને જીવમાત્રના સુખદુ:ખનું કારણ તેનાં કર્મો છે, પ્રારબ્ધકર્મ અનુસાર વર્તમાન ઘડાય છે, અને વર્તમાન કર્મ એટલે કે પુરુષાર્થ અનુસાર ભાવી ઘડાય છે. જીવને બચાવનાર કે ડુબાડનાર તેનાં કર્મો સિવાય બીજું કોઈ નથી અને આવા કર્મોથી સર્વથા મુકત બનવું એનું નામ મોક્ષપ્રાપ્તિ છે. આવી વિચારસરણી મહાવીર-પ્રરૂપિત જૈન ધર્મ રજુ કરે છે.

અહિંસાના અનુસંધાનમાં જૈનધર્મના અનેકાન્તનો ઉલ્લેખ કરવો જરૂરી છે. મને મારો જીવ વહાલો છે તેમ અન્યને અન્યનો જીવ વહાલો છે એમ સમજીને અન્ય જીવને જરા પણ દુ:ખ થાય-ક્લેશ થાય એમ આપણાથી ન વરતાય તેનું નામ જૈમ અહિંસા છે, તે જ રીતે એક જ વસ્તુ વિષે આપણે અમુક રીતે વિચારતા હોઈએ અને અન્ય કોઈ તે જ વસ્તુ વિષે પ્રામાણિકપણે અન્યથા વિચારતું હોય ત્યારે આપણને અમુક રીતે વિચારવાનો હક્ક છે તો અન્યને અન્યથા વિચારવાનો એટલો જ હક્ક છે એમ સમજીને તેમ જ મારા મન્તવ્યમાં સત્યનો અંશ છે તો અન્યના મન્તવ્યમાં પણ સત્ય અંશ સંભવે છે-આવી રીતે વિચારીને, અન્યના વિચારો-મન્તવ્યો-પ્રતિ આદર દાખવવો અને તેમાં રહેલા સત્યના અંશને સમજવા પ્રયત્ન કરવો એનું નામ અનેકાન્ત દૃષ્ટિ છે. જ્યારે અહિંસા હૃદય-લક્ષી છે ત્યારે અનેકાન્ત બુદ્ધિલક્ષી છે. આ બન્ને એકમેકના પૂરક છે-આવી સમજણ જૈન વિચારસરણીના હાર્દમાં રહેલી છે.

ધાર્મિક તેમ જ સામાજિક ક્ષેત્રે ભગવાન મહાવીરનું જીવન એક મહાન ક્રાન્તિકારનું હતું. તેઓ પોતાની ભાવના અને વિચારોને મક્કમપણે વફાદાર રહીને ઉપદેશ દેતા રહ્યા, તત્કાલીન ધાર્મિક અને સામાજિક રૂઢ વિચારો અને પરંપરાઓને પડકારતા રહ્યા, અને હિત ધરાવતા વર્ગો સાથે-ખાસ કરીને બ્રાહ્મણવર્ગ સાથે-સારી પેઠે અથ-ડામણમાં આવતા રહ્યા. સાર્વજનિક ક્ષેત્રે તેમના આ સમર્પણને પંડિત સુખલાલજી પોતાના એક વ્યાખ્યાનમાં જણાવે છે તે મુજબ આ રીતે તારવી શકાય :

(૧) નાતજાતનો જરા પણ ભેદભાવ રાખ્યા સિવાય સૌને માટે-શુદ્રોને માટે પણ-ભિક્ષુપદ અને ગુરુપદનો માર્ગ તેમણે ખુલ્લો કર્યો. શ્રેષ્ટતા નક્કી કરવામાં જન્મને નહિ પણ ગુણવત્તાને અને ગુણ-વત્તામાં પણ પવિત્ર જીવનને તેમણે સવિશેષ મહત્ત્વનું ગણ્યું.

(૨) પુરુષોની જેમ સ્ત્રીઓના વિકાસ માટે પણ એમની પૂર્ણ સ્વતંત્રતાનો તેમણે સ્વીકાર કર્યો તથા વિદ્યા તેમ જ આચાર બન્ને માટે સ્ત્રીઓની સંપૂર્ણ યોગ્યતાને તેમણે માન્ય રાખી. એમના માટે આધ્યાત્મિક ગુરુપદનો માર્ગ તેમણે મોકળો કર્યો.

(૩) તત્ત્વજ્ઞાન અને આચારનો ઉપદેશ લોકભાષામાં આપીને કેવળ વિદ્વદ્ગમ્ય સંસ્કૃત ભાષાનો મોહ તેમણે ઘટાડ્યો અને યોગ્ય અધિકારીને જ્ઞાનપ્રાપ્તિ કરવામાં ભાષાના અન્તરાયને તેમણે દૂર કર્યો.

(૪) ઐહિક અને પારલૌકિક સુખને માટે થતા યજ્ઞાદિ કર્મ-કાંડોને સ્થાને સંયમ અને તપસ્યાના સ્વાવલંબી અને પુરુષાર્થપ્રધાન માર્ગનું તેમણે મહત્ત્વ સ્થાપ્યું અને અહિંસાધર્મ વિષે તેમણે લોકા-દર પેદા કર્યો.

(૫) ત્યાગ અને તપસ્યાના નામે વ્યવહારાતા રૂઢ શિથિલા-ચારોને સ્થાને સાચા ત્યાગની અને સાચી તપસ્યાની પ્રતિષ્ઠા કરીને ભોગને બદલે યોગના મહત્ત્વનું વાતાવરણ તેમણે ચોતરફ ઊભું કર્યું.

આવી એક વિશ્ર્વવન્દ્ય વિભૂતિને, જેમણે આપેલો અહિં-સાનો મંત્ર આજની દુનિયા માથે ઝઝુમતા સર્વ વિનાશમાંથી ઉગારવા માટે એક માત્ર ઉપાય છે એમ દુનિયાના ચિન્તકો અને વિચારકો પોકારીને કહી રહ્યા છે એવા ભગવાન મહાવીરને, આજે તેમના જન્મજયન્તીના દિવસે, આપણાં અંતરનાં વન્દન હો ! પરમાનંદ

આચાર્ય રજનીશજીના સાન્નિધ્યમાં-

(તા. ૨૬-૮-'૬૫ના 'જૈન ભારતી' માંથી સાભાર ઉદ્ધૃત અને અનુવાદિત)

આકાશ વાદળોથી છવાઈ ગયું હતું, ખૂબ પાણી વરસી રહ્યું હતું, પરંતુ હવે સૂર્ય બાહર નીકળ્યો અને વર્ષાના કારણે સ્વચ્છ બનેલો તડકો ખૂબ પ્રીતિકર લાગવા માંડ્યો. થોડી વાર પહેલાં એક મોટું ઈન્દ્રધનુષ્ય આકાશમાં ખીલી ઊઠ્યું હતું. અમે બહાર નીકળીને બગીચામાં બેઠા હતા.

આચાર્યશ્રીએ ઈન્દ્રધનુષ્ય તરફ અમારું ધ્યાન ખેંચીને કહ્યું : "આ જગત ... આ શરીર ... આ બધું ઈન્દ્રધનુષ્યની જેવું છે. સુંદર છે, છતાં વાસ્તવિક નથી. આના સૌન્દર્યને જાણો, પણ તેનું સ્વપ્ન આવે તો પણ તેને બાંધી શકાતું નથી. આમ છતાં પણ આપણે તો સ્વપ્નને પણ સ્વપ્ન તરીકે ઓળખતા નથી. એ પણ, જ્યારે આપણે એમાં હોઈએ છીએ ત્યારે, આપણને સત્ય જ માલુમ પડે છે."

મેં એમને પૂછ્યું : "શું સ્વપ્નમાં જે આપણે જોઈ રહ્યા છીએ તે સત્ય નથી, સ્વપ્ન છે – આ બાબત સ્મરણમાં રાખવાનો કોઈ ઉપાય નથી ?"

તેમણે જવાબ આપ્યો : "જે વ્યકિત જાગૃત અવસ્થામાં એમ યાદ રાખે છે કે પોતે જે જોઈ રહ્યો છે તે સર્વ સ્વપ્ન છે, તે ધીરે ધીરે સ્વપ્નમાં પણ સમજવા લાગે છે કે પોતે જે કાંઈ જોઈ રહ્યો છે તે સત્ય નથી. આપણે જાગ્રતને સત્ય માનીએ છીએ, એને લીધે સ્વપ્ન પણ સત્ય માલુમ પડે છે. જાગૃતમાં આપણા ચિત્તની જે આદત હોય છે, તેનું સ્વપ્નમાં પણ પ્રતિબિંબ પડે છે."

તેમની આ વાતો સાંભળીને અમે વિચારમાં પડી ગયા. તેઓ જે કંઈ કહે છે તેથી ખૂબ ચિન્તન-વિચાર પેદા થાય છે. તેમની જરા પણ વાત કેટલા અનુભવ તેમ જ કેટલી ઊંડી દૃષ્ટિ આપણામાં જાગૃત કરવા માંડે છે ?

આજે સવારના પહોરમાં કોઈ અમુક વ્યકિતઓ આચાર્યશ્રીને મળવા આવી હતી. આચાર્યશ્રી સ્નાન કરીને બહાર આવ્યા હતા અને તડકામાં બેઠા હતા. તેમને કોઈએ પૂછ્યું કે "જીવનને કઈ રીતે જીવવું જોઈએ ?" તેઓ થોડો સમય મૌન રહ્યા અને પછી બોલવા લાગ્યા : "દર્પણની માફક, સ્વાગત સૌનું પરંતુ સંગ્રહ કોઈનો પણ નહિ. ચિત્ત સંસ્કારો અને પ્રભાવોને ન પકડે - એવું જીવન જ શુદ્ધ જીવન છે. જે વીતી ગયું તેને વીતી જવા દે અને જે હજુ સુધી આવ્યું નથી તેની ચિન્તા ન કરે – આવી સાધના વડે જ વ્યકિત વર્તમાનમાં સંલગ્ન બની શકે છે અને સત્તામાં તેની જડોને ઘેરાપણું-ગહરાઈ-મળે છે. અતીત તેમ જ અનાગત માનસ - સત્તાઓ છે. તેમાં જે વ્યસ્ત અને ઘેરાયેલો રહે છે તે જીવનને જાણી શકતો નથી. જીવન તો હમણાં છે, અહિં છે. તેને બીજે કોઈ ઠેકાણે જે શોધે છે તે તેને ખોઈ બેસે છે." તેઓ આમ કહીને જેવા શાંત થયા કે તરત જ પક્ષી-ઓની એક કતાર સામેના વૃક્ષો ઉપરથી ઊડી અને જોરબંધ હવા ચાલી; અને વૃક્ષો તેથી હાલી ઊઠ્યાં. આ જોઈને તેમણે કહ્યું "વૃક્ષોની જેવા બની જાઓ. અને પક્ષીઓની જેમ શુદ્ધ વર્તમાનમાં જીવવા લાગો. આ રીતે જીવવાથી નિર્દોષ સરળતા પ્રાપ્ત થાય છે, તે જ સત્યને જાણવાનું દ્વાર છે."

આચાર્યશ્રીએ આજે એક ગોષ્ટી કરતાં જણાવ્યું કે "વિચાર અને બુદ્ધિ મનુષ્યના સ્વાસ્થ્યનો માત્ર અરધો ભાગ છે અને જે વ્યકિત અરધો સ્વસ્થ છે તે અસ્વસ્થ જ છે. વિજ્ઞાન અને તેની તર્કસરણી અરધા મનુષ્યને જ સ્પર્શ કરે છે અને મનુષ્યમાં એ વડે ઉત્પન્ન થયેલી બુદ્ધિમત્તા અધુરી જ હોય છે, અને જે મનુષ્ય અરધો બુદ્ધિ-માન છે તેને બુદ્ધિમાન કેમ કહેવાય ? વસ્તુત : જેનું અરધું મન સ્વસ્થ છે અને જેની બુદ્ધિમત્તા અરધી છે – અધુરી છે – તે પાગલ જ છે. મનુષ્યે પૂરા બનવું-પૂર્ણ બનવું – જરૂરી છે. તેના આ ખંડિત વિકાસમાં જ તેનું સર્વ દુ:ખ અને સંતાપ છુપાયલાં છે. બુદ્ધિ અને હૃદય...જ્ઞાન અને પ્રેમ ... વિજ્ઞાન અને ધર્મનું સંમીલન જ મનુષ્યને પૂરું સ્વાસ્થ્ય આપી શકે છે.

અનુવાદક : પરમાનંદ. મૂળ હિંદી : સુશ્રી ક્રાન્તિદેવી.

'मम सत्यम्' એ જ સર્વ સંઘર્ષોનું મૂળ છે.

[બિહાર પ્રદેશમાં કેટલાક સમયથી વિનોબાજીની ગ્રામદાનયાત્રા ચાલી રહી છે. આ યાત્રા દરમિયાન બને તેટલી મોટી સંખ્યામાં ગ્રામદાન મેળવવાનો વિનોબાજીનો આશય હોઈને આ યાત્રાને 'તુફાન યાત્રા'ના નામથી વર્ણવવામાં આવે છે. પ્રસ્તુત યાત્રા દરમિયાન ભગવાન મહાવીરના ઐતિહાસિક જન્મસ્થાન તરીકે આજના પુરાતત્ત્વ-સંશોધકોએ જે સ્થળને સ્વીકાર્યું છે તેવા વૈશાલી ગામના પડાવ દરમિયાન તા. ૨૬-૧૧-૬૫ના રોજ વિનોબાજીએ ભગવાન મહાવીરની અનેકાન્તલક્ષી વિચારણાને લક્ષમાં રાખીને પ્રેરક પ્રવચન આપેલું. તે પ્રવચનને ગુજરાતીમાં શ્રી મેનાબહેને ટૂંકાવીને આપ્યું જે તાજેતરમાં પસાર થયેલી મહાવીર જયન્તીના અનુસંધાનમાં અહિં પ્રગટ કરતાં આનંદ થાય છે. **પરમાનંદ**]

હમણાં તમે સાંભળ્યું છે કે અહીં દશ ગ્રામદાન મળ્યા અને આ વૈશાલી પ્રદેશમાંથી અગ્યાર મળ્યા છે, એટલે આ નાના એવા પ્રદેશમાં એકવીસ ગ્રામદાન મળ્યાં. મહાવીરનું આ જન્મસ્થાન છે. સારાયે ભારતમાં આ ક્ષેત્ર મશહૂર છે. જો આ પ્રદેશ પ્રખંડ ગ્રામદાનમાં એટલે કે તાલુકા દાનમાં આવી જાય તો ઘણી પ્રતિષ્ઠા મળે. એમ થાય તો એવું લાગશે કે જાણે મહાવીર આજે પણ અહિં કામ કરી રહ્યા છે.

હમણાં અહિં એમ કહેવાયું કે આ ક્ષેત્રમાં જમીન બહુ ઓછી છે. એક એકર જમીન ઉપર ત્રણથી ચાર માણસ નભે છે, એવી પરિસ્થિતિમાં જે કામ થઈ શકયું તેટલું કર્યું. મારું માનવું આનાથી ઊલટું છે. ઓછામાં ઓછી જમીન છે માટે તો ગ્રામદાન થવું જોઈએ. વધારે જમીન હોય તો ગ્રામદાનનો પ્રશ્ન જ કયાં રહ્યો? અમેરિકામાં માણસ દીઠ બાર એકર જમીન છે. તેમ અહીં હોય તો ગ્રામદાનનો પ્રશ્ન જ ઊભો ન થાય. બહુ ઓછી જમીન છે માટે જ ગ્રામદાનની આવશ્યકતા છે. તમારી દલીલ ઊલટી હોવી જોઈએ. બીજા પ્રદેશોમાં પણ મેં આ જ વાત કહી છે. કેરળમાં પણ આવી પરિસ્થિતિ છે. બલ્કે અહિં કરતાં ત્યાંની વસ્તી બમણી છે. આવી પરિસ્થિતિમાં બધાંએ એક થઈને રહેવું જોઈએ.

અહિં જેમ બને તેમ બધાએ સાથે મળીને ખેતી કરવી જોઈએ અને તેમ કરવા જે ઈચ્છતા હોય તેમને ઉત્તેજન આપવું જોઈએ. હું તમને ગ્રામદાનમાં આ ફરજ પાડતો નથી, પણ સલાહ જરૂર આપું કે બે બે ચાર ખેડૂત સાથે મળી ખેતી કરે. તેના લીધે વૈજ્ઞાનિક સાધનોનો ઉપયોગ સરળતાથી થશે. બધા એક થઈ જાઓ! આ મહાવીરનું ક્ષેત્ર છે. તેમના સંદેશનું પાલન કરી તમે પણ મહાવીર બનો. આ "વૈશાલી" એટલે કે વિશાળ ક્ષેત્ર છે. તમે તમે પણ વિશાળ બનો.

આ છોકરો પીળો સાફો પહેરીને બેઠો છે. હું પીળો સાફો પસંદ કરું છું, કેમકે તે અહિંસાની નિશાની છે. અહિંઆ ઘણી બહેનો બેઠી છે. બહેનોમાં શાંતિની ભાવના હોય છે. પણ જો બહેનો એમ સમજતી હોય કે અમારા તરફથી અશાંતિ ન જાગે તો બસ છે તો તે પૂરતું નથી. બહેનોએ શાંતિ સ્થાપવાની પ્રક્રિયામાં પણ સાથ પુરાવવો જોઈએ. ગામડાં અહિંસા દ્વારા જ ઊભાં થઈ શકશે. દરેક ગામડામાં સ્વરાજ્ય હશે. બધા પ્રેમથી રહેશે, ગૌરક્ષા કરશે, માખણ ખાશે, માંસાહાર તજશે, હાથછડના ચોખા વાપરશે, પોતાના કપડાં પોતે ઉત્પન્ન કરી લેશે. માંસાહાર તજવો એ એક મહત્ત્વની વાત છે. આ મહાવીરના ક્ષેત્રમાં માંસાહાર-ત્યાગનું વાતાવરણ ફેલાય તો તે એક વીરતાનું કામ છે.

મહાવીરે સહયોગની વાત કરી છે. મહાવીર પોતાના વિચારનો પ્રચાર કરતા, પણ બીજા પક્ષનો વિરોધ કરીને નહિં. તે માનતા કે દરેકના કહેવામાં કંઈક સત્યાંશ હોય છે. તો દરેકની વાતના સત્યાંશને ગ્રહણ કરવો અને સમગ્ર સત્યનું સંશોધન કરવું એ એમની રીત હતી. આ એક વિશાળ દૃષ્ટિ મહાવીરસ્વામીએ આપણને આપી છે. લોકોએ તેનો એક સિદ્ધાંત બનાવ્યો અને તેને અનુસાર આજે એક સુરક્ષાબળ કામ કરી રહ્યું છે. જે પ્રત્યેકમાંથી સત્યાંશ ગ્રહણ કરી પૂર્ણ સત્ય શોધવાનો પ્રયત્ન કરે છે.

ભૂતોએ કહ્યું કે "ચાલો તાશ્કંદ." શાસ્ત્રીએ કહ્યું "અમે કેવળ કાશ્મીર પ્રશ્ન પર ચર્ચા નહિ કરીએ. ભારત પાક બધા જ પ્રશ્નોની ચર્ચા કરશું." એટલે કાશ્મીર સિવાયના જ પ્રશ્નો ચર્ચીશું એમ નહિ, તેમ કાશ્મીર નહિ એમ પણ નથી કહ્યું. આ છે મહાવીરની ખૂબી. શાસ્ત્રીજી આમ મહાવીરના સૂત્રને અનુસર્યા. કોઈ એકમાં જ સત્ય છે એવો આગ્રહ નહિ તે અનાગ્રહ. એટલે મેં જે સત્ય માન્યું તેને તજી દેવાની વાત નથી, પણ તમારું બધું જ અસત્ય છે એમ પણ નહિં. આ મધ્યસ્થવૃત્તિ છે, અને હું કહું છું કે જો દુનિયામાં શાંતિ સ્થપાવાની હશે તો આ મધ્યસ્થવૃત્તિ દ્વારા જ સ્થપાશે.

યુદ્ધો ફરી ફરી ન થાય તે માટે અમે લડીએ છીએ એમ યુદ્ધ કરનારાઓ કહે છે. ભારત કહે છે "અમારા પર આક્રમણ થયું માટે અમે લડીએ છીએ." એટલે આક્રમણ ન થાય તો કોઈ લડે નહિં એમ સૌ કોઈ માને છે. તો આપણે બાંધછોડ કરવી પડશે. સત્ય બહુ ચાલાક છે. તે થોડું આમાં પણ રહે છે, થોડું તેમાં પણ. બન્ને પક્ષ પોતપોતાના સત્ય અંશને પકડી રાખી લડે છે, અને પરમાત્મા આ બધા ખેલ જોયા કરે છે. વેદમાં યુદ્ધને માટે એક શબ્દ કહ્યો છે, વેદમાં આવે છે "मम सत्यम्" યુદ્ધ માટે આ શબ્દ. હે ઈન્દ્ર, લોકો તારું આવ્હાહન કરે છે 'मम सत्यम्' માં અને આ ઉપર ભાષ્યકાર લખે છે, "मम सत्येषु-युद्धेषु इत्यर्थः" "મમ સત્ય" એટલે યુદ્ધ. કોઈ એમ કહ્યા કરે, "મારું જ સાચું, મારું જ સાચું" તો તે યુદ્ધને આવ્હાહન છે. ખરી રીતે કહેવું આમ જોઈએ, "મારું પણ કંઈક સાચું છે, તારું પણ કંઈક સાચું છે." તો એક બીજાનો મેળ મળે. દુનિયામાં જો એક વિશ્વરાજ્ય રચવું હોય તો મહાવીરના આ સિદ્ધાંતને અનુસરવો એ જ એક માર્ગ છે.

મેં માંસાહારની વાત કરી, તેનો અર્થ એ નથી કે પ્રાણીઓની સંખ્યા વધી જાય. પ્રાણીસંખ્યાની વૃદ્ધિ કરવી એ પણ હિંસા છે એમ જૈનોએ પણ કહ્યું છે. જૈનોએ શું કહેવાનું બાકી રાખ્યું છે? દરેક વિષય ઉપર તેમનું ચિંતન છે. એટલે મારું કહેવું એટલું જ છે કે પ્રાણીનો આહાર છોડો, માંસાહારનો ત્યાગ કરો. ઓછામાં ઓછું આ ક્ષેત્રમાં આટલું તો કરો જ.

આ ક્ષેત્રમાં જૈન શાસ્ત્રોનું અધ્યયન થઈ રહ્યું છે. ગ્રંથો બહાર પડી રહ્યા છે. પણ પુસ્તકો શું ચાટવાના છે? મહાવીરે સ્પષ્ટ આદેશ કર્યો છે કે મહાપુરુષો "નિર્ગ્રંથ" હોય. જૈનધર્મ બહુ સુક્ષ્મ છે. એણે વલોવી વલોવીને માખણ તમારી આગળ મૂકયું છે. એને વ્યવહારમાં મૂકવાની કોશિષ તમે કરો, અને તે માટે આટલું કરો, ૧ પીળો સાફો જોઈએ, ૨ પૂરું પ્રખંડ દાન કરો, ૩ માંસાહાર છોડો, ૪ માંસાહારની સાથે ચાલનારો દારૂ છોડો, આ બધું તમારે આ ભૂમિમાં કરવાનું છે.

મહાવીરે એક બીજી પણ ક્રાન્તિકારી વાત કરી. બુદ્ધ અને મહાવીર સમકાલીન થઈ ગયા. મારા ખ્યાલ પ્રમાણે બુદ્ધ અને મહાવીરનું મીલન પણ થયું હતું. ભગવાન બુદ્ધે સ્ત્રીને દીક્ષા ન આપી. એક વખત એમના શિષ્ય આનંદ એક બહેનને લાવ્યા અને કહ્યું, "ભગવન્! આ બહેન ખૂબ જ જિજ્ઞાસુ છે, આને દીક્ષા આપો." ત્યારે બુદ્ધે કહ્યું, "હે આનંદ! તેં પરીક્ષા કરી છે તો તારા ઉપર વિશ્વાસ રાખી એને દીક્ષા આપું છું, પણ સમજજે કે આપણા સંપ્રદાય માટે આ એક જોખમકારક વસ્તુ છે." એટલે બુદ્ધે સ્ત્રીને દીક્ષા આપવામાં જોખમ માન્યું, જ્યારે ભગવાન મહાવીરે સ્ત્રીઓને છૂટથી દીક્ષા આપી. કહેવાય છે કે એમના પરિવારમાં જેટલી સાધુઓની સંખ્યા હતી એથી વધારે સાધ્વીઓની હતી. આ એમણે બહુ હિંમતનું કામ કર્યું. અને આને લીધે એમનું 'મહાવીર' નામ સાર્થક છે. જ્યારે હું મહાવીરનું નામ લઉં છું ત્યારે મને એમ લાગે છે જાણે ચારેમેર હવામાં એ ઘૂમી રહ્યા છે. પરમ ત્યાગી, અનાગ્રહી, મધ્યસ્થદૃષ્ટિ મહાવીર હું જોવા ચાહું છું અને કદાચ મહાવીર પણ જોવા ચાહતા હશે કે આ પ્રજામાં મહાવીરના કંઈ લક્ષણ દેખાય છે કે નહિ. એટલે બાબાએ જે ગ્રામદાનની વાત કરી છે તે મહાવીરને ખૂબ પસંદ હશે, એમાં કોઈ શક નથી.

મૂળ હિંદી : **વિનોબા ભાવે**

સુલભ ગ્રામદાન

(છેલ્લાં ચૌદ વર્ષથી જે પ્રવૃત્તિનું પૂજ્ય વિનોબાજી એકધારું આંદોલન ચલાવી રહ્યા છે તે ગ્રામદાનની યોજનામાં વ્યક્તિની સ્વાર્થપ્રેરણા સાથે સમાજપ્રેરણાનો મેળ સધાય એ હેતુથી, કેટલોક ફેરફાર કરીને તેને નવું રૂપ આપવામાં આવ્યું છે અને આ યોજનાને 'સુલભ ગ્રામદાન' ના નામે ઓળખવામાં આવે છે. આ ગ્રામદાન અથવા 'સુલભ ગ્રામદાન' ની પ્રવૃત્તિનો જો દેશભરમાં અમલ કરવામ આવે તો તેમાં દેશની કાયાપલટ કરવાની અપાર શકિત રહેલી છે. આમ છતાં મુંબઈ બાજુ વસતાં ભાઈ-બહેનો 'આ સુલભ ગ્રામદાન' વિષે લગભગ અજ્ઞાત જેવા છે અને તે પ્રત્યે એક પ્રકારની ઉદાસીનતા સેવતા જોવામાં આવે છે. વિનોબાજી આજના યુગપુરુષ છે અને આ ગ્રામદાન પ્રવૃત્તિ એ તેમના જીવનનું સૌથી વધારે ધર્મકાર્ય છે. વિનોબાજીના આ ધર્મકાર્યને આ બાજુના ભાઈ-બહેનો યથાસ્વરૂપે સમજે એ હેતુથી, ગુજરાત સર્વોદય મંડળ તરફથી થોડા સમય પહેલા પ્રગટ કરવામાં આવેલ એક નાની પુસ્તિકા, ઉત્તર પ્રદેશમાં આવેલા 'બલીઆ' મુકામે તા. ૧૫-૧૬-૧૭ એપ્રિલ આમ ત્રણ દિવસ માટે ૧૬ મું સર્વોદય સંમેલન ભરાઈ રહ્યું છે એ અવસર ઉપર, અહીં નીચે પ્રસિદ્ધ કરવામાં આવે છે. તંત્રી)

ભૂદાનનો વિચાર મેં ચૌદ વર્ષ પહેલાં લોકો સમક્ષ મૂકયો હતો. અને ગ્રામદાનનો વિચાર તેર વર્ષ પહેલાં મૂકયો હતો. ગ્રામદાનના વિચારમાં જમીનની માલિકી છોડવાની અને જમીનની સરખી વહેંચણી કરવાની વાત હતી. તેના પરથી મને થયું કે ગ્રામદાનનો આ વિચાર સમાજ-પ્રેરણા માટે પૂરી રીતે અનુકૂળ છે, પરંતુ સ્વાર્થ-પ્રેરણા માટે તે એટલો અનુકૂળ નથી. ત્યારે બંનેનો મેળ કરવાની કોઈ નવી યુકિત અંગે હું વિચારવા લાગ્યો." અને "સુલભ ગ્રામદાન" ની વાત ધ્યાનમાં આવી.

જેટલું જેટલું હું વિચારું છું, 'સુલભ-ગ્રામદાન' બધી રીતે ભલા માટે જ છે. 'सौभाग्यप्रद सर्वतोभद्र निधि' એ તુલસીદાસજીના શબ્દો છે. આમાં સર્વ-સૌભાગ્ય સમાયેલું છે. અન્નનો સવાલ, અહિંસક ઢબે સમાજવાદી રચનાનો સવાલ – આ બધાનો ઉકેલ આમાં છે, બધી રીતનું એમ કલ્યાણ છે. તે સર્વતોભદ્ર છે.

'સુલભ ગ્રામદાન' માં જમીનની સંપૂર્ણ માલિકી ગ્રામસભાની થશે અને કુલ જમીનનો વીસમો ભાગ જમીન ભૂમિહીનોમાં વહેંચાશે. બાકીની જમીન ખેડવા માટે જે-તે માલિક પાસે રહેશે અને ભવિષ્યમાં પણ તેની સંમતિ વિના જમીન લેવાશે નહીં. આ એટલા માટે કરવામાં આવ્યું કે વ્યકિતની સ્વાર્થ-પ્રેરણા સાથે સમાજ-પ્રેરણાનો મેળ સધાય. મને ઉમેદ છે કે આ વિચારને આખું ભારત ઉપાડી લેશે અને નવા પ્રકારનાં (સુલભ) ગ્રામદાન આખા ભારતમાં થશે. વિનોબા

* * * *

ગ્રામદાન એટલે શું?

૧ જમીનની માલિકી ગ્રામસભાને અર્પણ કરવામાં આવે છે.
(અ) ગામની બહાર જમીન વેચી ન શકાય કે ગીરે ન મૂકી શકાય.
(આ) જમીન પર ખેતી કરવાનો, વારસામાં આપવાનો અને ગામમાં ગ્રામસભાની અનુમતિથી હસ્તાંતરિત કરવાનો અધિકાર ભૂમિવાનનો રહે છે.

૨ જમીનનો ૨૦ મો ભાગ ગામના ભૂમિહીનો માટે દાનમાં આપવાનો હોય છે. (દાતા જેમને પસંદ કરે તેવા ભૂમિહીનોમાં આ જમીન વહેંચાશે).

૩ ગ્રામ-કોષ માટે ખેડૂત પોતાની ઊપજમાંથી મણે એક શેર અનાજ દર વર્ષે આપશે. અને બીજા ઉદ્યોગ-ધંધામાં તથા નોકરી-મજૂરીમાં લાગેલા લોકો પોતાની આવકનો ૩૦ મો ભાગ દર વર્ષે આપશે.

૪ ગામના દરેક ઘરમાંથી એક એક પ્રતિનિધિ લઈને અથવા બધા પુખ્ત વયના ગ્રામવાસીઓની એક ગ્રામસભા બનાવવામાં આવશે. આ ગ્રામસભા ગ્રામમાતાની માફક ગામનાં બધાં કામ સર્વસંમતિથી કરશે.

૫ સુલભ ગ્રામદાનમાં રેવન્યુ–ગામને બદલે ગામ અથવા મહોલ્લાનું કે પરાનું પણ ગ્રામદાન થઈ શકે છે.

ગ્રામદાનનો અર્થ, ગામનું દાન નહિ, ગામ માટે દાન છે.

ગ્રામદાન જાહેર કરવા જરૂરી કાર્યવાહી

૧ 'ગ્રામદાન-ઘોષણા-પત્ર' પર ગામના ભૂમિવાનોમાંથી ૭૫ ટકા ભૂમિવાનોની સહી થવી જોઈએ.

૨ ગામમાં રહેનારા ભૂમિવાનોની તે ગામની કુલ જમીનમાંથી ઓછામાં ઓછી ૫૧ ટકા જમીન ગ્રામદાનમાં સામેલ થવી જોઈએ.

૩ ગામના કુલ કુટુંબોમાંથી ૭૫ ટકા કુટુંબો ગ્રામદાનમાં સામેલ થવાં જોઈએ.

૪ ભૂમિવાન દાતાઓનાં વ્યકિતગત 'સમર્પણ–પત્ર' ભરાવવામાં આવે.

ગ્રામદાન જાહેર થયા પછી શું કરવાનું?

ગ્રામદાન જાહેર થયા પછી ગ્રામદાન કરાવનાર કાર્યકર્તાઓ અથવા સંસ્થાઓએ નીચેની કાર્યવાહી પૂરી કરી લેવી જોઈએ.

૧ ગ્રામસભા રચવામાં આવે અને તેના પ્રમુખની સર્વસંમતિથી ચૂંટણી થઈ જાય. આ જરૂરી છે.

૨ વ્યકિતગત 'સમર્પણ-પત્ર' માં જમીનનો સરવે નંબર આપવાનો રહી ગયો હોય તો તે આપી દેવામાં આવે. દાતા જે જમીન ગ્રામસભાને આપે, તેનો સરવે નંબર આપવામાં આવે.

૩ એ રીતે ગ્રામસભાને મળેલી જમીનની વહેંચણી ભૂમિહીનોમાં કરવામાં આવે. એકદમ નાના ટુકડા હોય તો ગ્રામસભાની અનુમતિ લઈ જમીન પ્રમાણે તેની કીમત આંકીને દાતા એટલી રકમ ગ્રામસભા પાસે જમા કરાવી શકે છે. આ જમા રકમ વડે ગ્રામસભા બીજી જમીન ખરીદીને ભૂમિહીનોમાં વહેંચી શકે છે.

ગ્રામસભાનાં કર્તવ્યો

૧ કાયદેસર રજિસ્ટ્રેશન થવા સુધી ગ્રામસભાને રોકાવાની જરૂર નથી.

૨ જો પ્રમુખની ચૂંટણી ન થઈ હોય તો ગામના દરેક કુટુંબમાંથી એક પુખ્ત ઉંમરનો પ્રતિનિધિ લઈ ગ્રામસભાની પહેલી બેઠક અગાઉથી સૂચના આપીને બોલાવવામાં આવે ને અધ્યક્ષ તથા બીજા પદાધિકારીઓ સહિત કારોબારીની ચૂંટણી 'સર્વસંમતિ'થી કરવામાં આવે.

૩ ગ્રામસભા સૌથી પહેલાં દાતાઓ દ્વારા મળેલી ભૂમિ ભૂમિહીનોમાં વહેંચી દેશે.

૪ સભ્યો પાસેથી મળેલા દાનના આધાર પર એક ગ્રામ-કોષ નિર્માણ કરવામાં આવશે. આ ગ્રામ-કોષ દ્વારા બેકારોને કામ, શિક્ષણ ને આરોગ્યની સગવડ, ગામના આર્થિક વિકાસ માટેના સહાયક-ગ્રામોદ્યોગોની સ્થાપના તથા ગ્રામ-ભંડારનું સંચાલન વગેરે કામો માટે ગ્રામસભા પ્રયત્ન કરશે.

૫ ગ્રામદાન કાનૂન ન બન્યો હોય અથવા લાગુ ન થયો હોય તો વર્તમાન કૉ-ઑપરેટીવ ઍકટ (સહકારી કાયદા) ના આધારે એક 'ગ્રામસ્વરાજ્ય સહકારી મંડળી' રજિસ્ટર કરવામાં આવે.

૬ આ સહકારી મંડળી દ્વારા ગામ માટે ગ્રામભંડાર ચલાવવો, કરજ લેવું-દેવું, નિશાળ ખોલવી વગેરે વ્યવહાર ગ્રામસભાની અનુમતિથી શરૂ કરવામાં આવે.

૭ ગામનું એક વર્ષનું બજેટ તથા વિકાસની યોજના તૈયાર કરવામાં આવે અને અન્ય ગ્રામોદ્યોગો ઊભા કરવાની બાબત અંગે ગ્રામસભામાં નિર્ણય લેવામાં આવે.

ગ્રામદાનની સરકારી માન્યતા

૧ ગ્રામદાનનાં 'સંકલ્પ-પત્ર' તથા 'સમર્પણ-પત્ર' સરકારના રેવેન્યુ વિભાગના સ્થાનિક અધિકારીઓ પાસે રજૂ કરવામાં

આવે. તપાસ કર્યા પછી સરકાર ગ્રામદાનને માન્યતા આપે છે.

૨ ગ્રામદાની ગામમાં જમીનના વીસમા ભાગની ફરીથી વહેંચણી થતાં અને ગ્રામસભાના નામથી માલિકીનો પટ્ટો થતાં ગ્રામદાન 'ઘોષિત ગ્રામદાન' કહેવાશે.

ગ્રામસભાનાં કર્તવ્યો (સરકારી માન્યતા મળ્યા પછી)

૧ ખેડૂતો પાસેથી મહેસૂલ ઉઘરાવશે અને તે રાજ્યસરકારમાં જમા કરાવશે.

૨ સામુદાયિક કામો માટે જમીન અલગ રાખવી, જમીન સુધારણા કરવી, રાજ્ય પાસેથી કરજ લેવું, ખેડૂતોને ખેતીના વિકાસ માટે કરજ આપવું, ગામની જમીનની વ્યવસ્થા (પરસ્પર અદલ-બદલ કરવી અને એકીકરણ) કરવી, ઉત્પાદનનાં કે જે ગામની પરિસ્થિતિને અનુકૂળ અને રાજ્ય સરકાર દ્વારા સ્વીકારાયેલાં હોય તેવાં બીજાં કાર્યો કરવાં. આ બધાં કામો ગ્રામસભા કરશે.

૩ ગૌચરની કે બીજા ઉપયોગ માટેની જમીનની વ્યવસ્થા ગ્રામસભાના હસ્તક રહેશે.

૪ ગ્રામસભાનું કાર્ય સર્વસંમતિથી થશે.

૫ ગ્રામસભાની વિધિપૂર્વક સ્વીકૃતિ મળ્યા પછી ગ્રામપંચાયતના અધિકાર પણ ગ્રામસભાને મળશે.

૬ ગ્રામદાનની બધી જમીનનું ખાતું ગ્રામસભાને નામે રહેશે.

ગ્રામદાન કાયદો

રાજ્યના બીજા કાનૂનોની માફક ગ્રામદાન કાયદો કોઈ પણ ગામને ફરજિયાત ગ્રામદાન કરવાનું નથી કહેતો. પણ લોકોએ પોતાની રાજીખુશીથી જ્યાં જ્યાં ગ્રામદાન કર્યાં છે, ત્યાં તેની કાયદેસરની વ્યવસ્થા કરી દેવી અને તેને કાયદેસર માન્યતા આપવી—આટલો જ ગ્રામદાન કાયદાનો હેતુ છે. ગ્રામદાન કાયદાથી કોઈ પણ પ્રકારની બીક રાખવાનું કારણ નથી કે, ન તો એના વિરોધનું કોઈ કારણ છે.

જુદા જુદા પ્રદેશોમાં ગ્રામદાન કાયદો બન્યો છે. તેમાં કોઈમાં ૬૬ ટકા, કોઈમાં ૭૫ ટકા તો કોઈમાં ૮૦ ટકા લોકોની અનુમતિ ગ્રામદાન થવા માટે આવશ્યક માની છે. તે બધામાં ગામ અથવા મહોલ્લાની ૫૧ ટકા અથવા તેથી વધારે જમીન જોઈએ તેવો આગ્રહ રાખવામાં આવ્યો છે.

અત્યાર સુધીમાં રાજસ્થાન, આસામ, બંગાળ, મહારાષ્ટ્ર અને આંધ્ર પ્રદેશમાં ગ્રામદાન-કાનૂન બની ચૂક્યો છે. મદ્રાસ અને ઓરિસાના ભૂદાન-કાનૂનમાં ગ્રામદાની ગામોની જાહેરાતની વ્યવસ્થા રાખવામાં આવી છે. બિહારમાં વિનોબા-યાત્રા પ્રવેશ ટાણે ઓર્ડિનન્સ દ્વારા ગ્રામદાન-કાનૂન અમલી બનાવાયો છે, જ્યારે બીજા રાજ્યોમાં પણ ગ્રામદાન-કાનૂન જલ્દી બનાવવામાં આવી રહ્યા છે.

ગ્રામદાનથી પ્રશ્નનો ઉકેલ

ગ્રામદાનનો અર્થ ગ્રામ-સ્વરાજ છે. પરંતુ આ ગ્રામ-સ્વરાજ એવું નહીં હોય જેવું આજે દિલ્હીનું રાજ્ય ચાલે છે. ગ્રામ-સ્વરાજ્યમાં નીચેની ભાવના મુખ્ય રૂપે રહેશે.

૧ **એક પરિવાર ભાવના:** આખું ગામ મળીને એક કુટુંબ થશે.

૨ **ગરીબી-નિવારણ:** ગામમાં જે કોઈ દીન-દુઃખી, નાગો-ભૂખ્યો હશે, તેની ચિંતા ગ્રામસભા રાખશે.

૩ **સર્વાંગી વિકાસ તરફ:** ગ્રામસભાના માધ્યમથી ગામના સર્વાંગી વિકાસની સામૂહિક યોજનાઓ બનાવાશે, જેથી બેકારી-બેરોજગારી મટી શકે અને જીવનની આવશ્યક વસ્તુઓની બાબતમાં સ્વાવલંબન તરફ આગળ વધી શકાય.

૪ **શોષણ-મુક્તિ:** જમીનની માલિકી વ્યક્તિગત ન રહેતાં ગ્રામસભાને નામે રહેશે. ગ્રામસભા મારફત કર વસૂલાત વગેરે બધો વ્યવહાર થશે, જેથી ગામની તાકાત વધશે. આનાથી શોષણ અને સરકારી નોકરોનો ત્રાસ મટશે.

૫ **શાંતિ અને સુરક્ષા:** ગામના ઝગડા ગામની કચેરીમાં નિપટાવવામાં આવશે. શાંતિ અને સંરક્ષણ માટે ગ્રામસભા 'શાંતિ-સેના-દળ' ઊભું કરશે.

૬ **પક્ષબાજી મટશે:** ચૂંટણીને કારણે લઘુમતીના ઝગડા વધે છે. ગામમાં પક્ષો અને જૂથો બની જાય છે. ગ્રામદાન થયા પછી બધું કામ સર્વસંમતિથી ચાલશે એવી અપેક્ષા છે એટલે ઝઘડાઓ મટી જશે.

૭ **પુંજીનું નિર્માણ:** ગામમાં આખરે તો દર વર્ષની જરૂરિયાત જેટલું અનાજ રાખવાની વ્યવસ્થા અન્ન-ભંડાર દ્વારા થશે. આનાથી ફકત ગામના અનાજની આવશ્યકતા ગામમાં જ પૂરી થશે, એટલું જ નહીં, સંકટકાળમાં ગ્રામજનોને યોગ્ય કીમતે અનાજ મળી શકશે. વળી ગામની ખેતી અને ઉદ્યોગ-ધંધા માટે પુંજીનું નિર્માણ થશે.

ગ્રામદાન જ શા માટે?

ભારતને આઝાદી મળ્યે ૧૮ વર્ષ પૂરાં થઈ રહ્યાં છે. ત્રણ પંચવર્ષીય યોજનાઓ બની ચૂકી છે. અને ત્રીજી પૂરી થઈ રહી છે. તો પણ સ્વરાજ્યના લાભ અને તેનો અનુભવ ભારતનાં ગામડાંને હજી સુધી નથી થયો. બલ્કે અમીરો વધારે અમીરો બન્યા છે અને ગરીબો વધારે ગરીબ થયા છે. દિનપ્રતિદિન જીવનની અનેક સમસ્યાઓ વધતી જ રહી છે.

૭૫ થી ૮૦ ટકા ભારત ગામડાંમાં વસ્યું છે. જ્યાં સુધી દેશનું પ્લાનિંગ (આયોજન) નીચેથી ઉપર તરફનું નહીં બને, એટલે કે જ્યાં સુધી ગામ પોતાને સંભાળવાનો પ્રયત્ન નહીં કરે, જ્યાં સુધી સરકાર પર અવલંબિત રહેવાને બદલે પોતાના પગ પર ઊભા રહીને સાચા અર્થમાં પોતાને આઝાદ નહીં અનુભવે, ત્યાં સુધી ભારતની આઝાદીનું સાચું પરિણામ નહીં દેખાય.

સને ૧૯૫૭ માં યેલવાલ (મ્હૈસુર) માં જે ગ્રામદાન-પરિષદ થઈ હતી, તેમાં રાષ્ટ્રપતિ રાજેન્દ્રપ્રસાદ તથા વડા પ્રધાન જવાહરલાલ નહેરુ સહિત જુદા જુદા પક્ષોના નેતાઓએ ગ્રામદાનને ભૂમિ-સમસ્યાના ઉકેલના સર્વોત્તમ ઉપાય તરીકે માન્ય કર્યું હતું.

દેશના વિચારક લોકો પણ માનવા લાગ્યા છે કે દેશના સર્વાંગી ઉત્થાનની પ્રેરણા ગ્રામદાન અથવા ગ્રામ-સ્વરાજ્યના વિચારમાં સમાયેલી છે.

એટલે દેશમાં હજારો નહીં, બલ્કે લાખોની સંખ્યામાં ગ્રામદાન થાય તે જરૂરી છે અને ત્યારે જ તેમાં છુપાયેલી શકિતનું દર્શન દેશ ને જનતાને થશે.

ગ્રામદાન-સંકલ્પ પત્ર

અમે ..... જિલ્લા .....તાલુકા..... ગામના રહેવાસીઓ સંત વિનોબાજી દ્વારા પ્રવર્તિત ગ્રામ-સ્વરાજ્યના વિચારને સારી પેઠે સમજી-બૂજીને અમારા ગામ માટે ગ્રામદાન કરીએ છીએ, અને આ ઉદ્દેશ નિમિત્તે:

(૧) અમે અમારી ખેડવાલાયક જમીનનો ઓછામાં ઓછો વીસમો ભાગ ગામના ભૂમિહીન ભાઈઓ માટે આપીએ છીએ.

(૨) અમે આ ગામની અમારી કુલ જમીનની માલિકીનો અધિકાર ગ્રામસભાને સમર્પિત કરીએ છીએ. પરંતુ ભૂમિહીનો માટે ઓછામાં ઓછો વીસમો ભાગ આપી દીધા પછી જે જમીન અમારી પાસે રહેશે, તે અમારી કે અમારાં સંતાનોની સંમતિ વિના હેરફેર નહીં કરી શકાય. નીચેના અપવાદ સિવાય કોઈ પણ પરિસ્થિતિમાં આ જમીનનું હવે ન તો વેચાણ થઈ શકશે અને ન તે ગીરો મૂકી શકાશે.

[અપવાદ — ગ્રામસભાની અનુમતિથી અમે અમારા કબજાની જમીનનો કોઈ પણ ભાગ ગ્રામસભાને અથવા ગ્રામસભાના કોઈ સભ્ય પરિવારને હેરફેર કરી શકીશું.]

(૩) અમે અમારા કબજાની જમીનની ઊપજનો ચાલીસમો ભાગ (મણે એક શેર — જમીનનું મહેસૂલ ચૂકવ્યા તથા પાકનો ભાગ વહેંચ્યા પછી) અથવા જે ગ્રામસભા નક્કી કરે તે, ગ્રામકોષ અથવા ગ્રામનિધિ માટે ગ્રામસભાને આપીશું. અમારામાંથી જેમની પાસે જમીન નથી, અને જેમને રોકડ આવક થાય છે, તેઓ પોતાની માસિક આવ-

કનો ત્રીસમો ભાગ (એટલે મહિને એક દિવસની આવક) અથવા જે કાંઈ ગ્રામસભા નક્કી કરે તે, રોકડ અથવા ગ્રામ રૂપે ગ્રામસભાને આપશે. (નિશ્ચિત આવકનો ત્રીસમો હિસ્સો જ્યાં સ્પષ્ટ ન હોય ત્યાં ગ્રામસભા નક્કી કરશે. જેમ કે વેપારની આવક એટલે કુલ નફો નહીં, પરંતુ વેપારીના હાથમાં આવતો હશે તે હિસ્સો ગણાશે.)

આ રીતે જે મૂડી ઊભી થશે, તેનાથી ગામના વિકાસ ને ભલાઈનું કોઈ પણ કામ કરી શકાશે. આ પ્રકારનાં બધાં કામમાં હમેશાં એ લોકોની ભલાઈનાં કામ ખાસ ધ્યાનમાં રાખવામાં આવશે, જેઓ વિશેષ જરૂરિયાતવાળા કે અસહાય હશે.

(૪) ગામના દરેક પરિવારમાંથી એક એક વ્યકિત અથવા ગામની પુખ્ત વયની દરેક વ્યકિતને લઈને અમે ગ્રામસભાની રચના કરીશું. આ ગ્રામસભા ગ્રામ-માતાની માફક ગામના બધા લોકોની સંભાળ રાખશે.

(૫) ગ્રામસભાનું સંચાલન સાધારણ રીતે સર્વસંમતિ અથવા સર્વાનુમતિથી થશે.

ભારતમાં ગ્રામદાન

ભારતનાં સોળે રાજ્યમાં ગ્રામદાન થયાં છે. ૧૦ ઑકટોબર ૧૯૬૫ સુધીમાં દેશભરમાં ૯૫૪૨ ગ્રામદાન થયાં છે. બિહાર, મહારાષ્ટ્ર, ઓરિસ્સા, આંધ્ર ને આસામમાં આ પ્રવૃત્તિને વિશેષ વેગ મળેલ છે. ગુજરાતમાં ૨૪૨ ગ્રામદાન જાહેર થયાં છે. જે વડોદરા, મહેસાણા, બનાસકાંઠા ને સાબરકાંઠા જિલ્લામાં વિશેષ છે.

સંકલન: મંત્રી, ગુજરાત સર્વોદય મંડળ

* * *

હવે ગ્રામદાન નહીં, પણ તાલુકાદાન

પણ હવે તો ગ્રામદાનની વાત પુરાણી થઈ ગઈ. હવે મેં પ્રખંડદાન (બ્લોક-દાન)ની વાત શરૂ કરી છે. કેમ કે બે-ચાર ગ્રામદાન થાય છે અને આસપાસનાં બીજા ગામ ગ્રામદાની નથી હોતાં તો પેલાં બે-ચાર ગામને નુકસાન પણ થઈ શકે. માટે પૂરો બ્લોક ગ્રામદાન થવો જોઈએ.

આપણાં ગામડાંમાં ત્રણ-ત્રણ પ્રકારની હવા વહે છે– એક પંચાયતની હવા, બીજી સરકારી વિકાસ યોજનાની હવા, અને ત્રીજી ગ્રામદાનની હવા. હવે આખાયે બ્લોકનું ગ્રામદાન થયું હોય તો ત્રણે એક થઈ જાય અને તેની તાકાત બને છે, આગળના કામ માટે ઉત્સાહ પેદા થાય છે. સરકારી સહાયનો પણ ઠીક ઉપયોગ થઈ શકે છે. સરકાર તરફથી મદદ મળશે અને સર્વ સેવા સંઘ તરફથી માર્ગદર્શન મળશે. આખા બ્લોકનું દાન થતાં અદ્વૈત થશે. પછી ત્યાં બીજી યોજનાઓ નહી ચાલી શકે. તાલુકા-દાનમાં સરકાર અને ગામવાળાય આવશે ને મહાજનોએ પણ આવવું જોઈશે. એનાથી એમની પ્રતિષ્ઠા અને વેપાર પણ વધશે.

તમે પ્રખંડ-દાન (તાલુકા-દાન) કરીને સરકારને કહી શકો છો કે એ પોતાની યોજનાને સ્થાને ગ્રામદાનના આધાર પર નવી યોજના બનાવે. અને એમ ગામની યોજના તથા સરકારની યોજના એક થઈ જશે. સરકારી વિકાસ યોજના, પંચાયત તથા ગ્રામદાન આ ત્રણે યોજનાઓ એક થઈ જતાં, ત્રણેની શકિતનો સરવાળો થશે. તો મોટું કામ બનશે.

વળી મને લાગે છે કે છૂટક છૂટક ગ્રામદાન મેળવવાનું જેટલું–આસાન છે, તે કરતાં ય તાલુકા–દાનની વાત વધારે આસાન છે. એનાથી એક વાતાવરણ જામે છે. ગ્રામદાની ગામ અને ગ્રામદાની નહીં તેવા ગામનો ભેદ પછી રહેશે નહીં. તેનાથી શાંતિસેના રચવાનું પણ આસાન થશે. એટલા વાસ્તે ખાદીવાળા, ભૂદાન–ગ્રામદાનવાળા, વિકાસ–યોજનાવાળા પંચાયતવાળા, રાજકીય પક્ષોવાળા, ધર્મનિષ્ઠ લોકો અને શિક્ષકો સહુ કોઈ મળીને આ આંદોલન શરૂ કરે અને પ્રખંડ-દાન યાને તાલુકાદાનનો પ્રયત્ન કરે. વિનોબા

મહાપ્રસ્થાનના પથ પર–૮

સાસુ અને વહુની કાળજી અને સેવાભાવથી અમને સૌને ખૂબ આનંદ થયો. ઉચ્ચ શિક્ષણની આવી એક દીપ્તિ ને ગાંભીર્ય વહુના મોઢા પર જોઈને અમે બે જણ અને સન્યાસીઓ પણ એની પ્રસંશા કર્યા વિના રહી શકયા નહિ. બ્રહ્મચારી તો 'મા મા' કરતાં થાકતો નહિ, ને એ તો જાણે પાગલ બની ગયો હતો. હું બહાર બેસીને આકાશના તારા ગણવા લાગ્યો. એ રાત્રી તો વીતી. સવાર થતાં જ બ્રહ્મચારીને લઈને મેં આગળ ચાલવા માંડયું. પહેલા ત્રણચાર માઈલ તો અમે કાંઈ બોલ્યા વિના કાપી નાંખ્યા. રસ્તામાં કયાંક-કયાંક તો સવારના પહોરમાં મોટેભાગે દૂધ મળતું હતું, ચાર કે છ આને શેર. ગરમ દૂધ પીને પાછા ચાલતા. આજે કોઈ સંગી કે યાત્રીઓ સાથમાં નહોતા. જે બેએક જણ મળ્યા, તેઓ અપરિચિત હતા. સહયાત્રીઓ જોઈને 'જય બદરીવિશાળ' કહીને તેઓ ચાલ્યા જતા. ચાલતાં ચાલતાં અમે ચીડના જંગલમાં વહેતા વાયુના પ્રવાહની જેમ એકબીજાનો નિશ્વાસ સાંભળતા–વિશેષે કરીને ચઢાણને રસ્તે ચઢતાં હોઈએ ત્યારે. આજનો માર્ગ કયાંક અતિ સાંકડો હતો, બહુ જ કાળજીથી ને સાવધાનીથી ચાલવું પડતું, નીચેના પ્રદેશ તરફ અતિ સાહસ કરીને ચાલનારી વ્યકિતઓમાં પણ આમતેમ જોવાનું સાહસ રહ્યું નહોતું. ચક્કર આવે એવી શકયતા હતી, નીચેની અજબ ખીણ જાણે યાત્રીઓને આકર્ષિત કરતી હતી. પગની પીડા સહન કરવાની મને ટેવ પડી ગઈ હતી, વ્યથા અને દુ:ખ શરીરની જોડે જાણે જડાઈ ગયાં હતાં, સારા થઈને સ્વસ્થ દેહે ચાલવાનું જાણે હું ભૂલી ગયો હતો. બધાં જ દુ:ખો માણસમાં આવી જ સહનશીલતા કેળવતાં હશે, પોતાનો ઈલાજ પોતાથી કરી લેવાની માણસને સગવડ આપે, અને સરસ બનાવી દે, અને દુર્ગમને સહજ કરવાને માટે એને કઠણ બનાવી દે. નિર્મળ અને સ્વસ્થ બનીને ચાલ્યા સિવાય અમારો આરો નહોતો. આખા રસ્તાનો મેલ અમારા શરીરને લાગ્યો હતો. લોકોની દૃષ્ટિએ અમે પહેલાંનાં સામાજિક માનવી રહ્યા નહોતા. અમારા આખા શરીરે હિમાલયની છાપ લાગી ગઈ હતી, એક તરફ આગ ને દુ:ખ ને બીજી તરફ સહન ન થઈ શકે એવો થાક, ફાટેલાં ને મેલાં કપડાં, ધૂળથી કાળું થઈ ગયેલું શરીર, ઊંડી ઊતરી ગયેલી ને શૂન્ય આંખો, ફીકું પડી ગયેલું લોહીવિનાનું રૂપ. અમે પરસ્પરને જોઈને નિસાસો નાંખતા, અમે જાણે ખરચાઈ ગયા હતા, ખૂટી ગયા હતા.

તે દિવસે બપોરના તાપમાં અમે કેટલાક જણ પ્રાય: મુમુર્ષુ અવસ્થામાં અલકનંદાનો પૂલ ઉતરીને રૂદ્રપ્રયાગ આવી પહોંચ્યા. આરામ! કયાંક પણ અમે આરામ લેવા ઈચ્છતા હતા. લાઠીનો આધાર લેતા લેતા એક ધર્મશાળામાં બીજે માળે અમે આવીને બેસી પડયા. હવે આરામાં ગતિ કરવાની હામ નહોતી, રૂચિ નહોતી, હવે તો જાણે ઉઠવાનું પણ મન થતું નહોતું. એક વાર ચીસ પાડીને રસ્તામાં પડેલા દુ:ખનો પ્રતિકાર કરવા ગયો, પણ જવા દો, પહેલાં એક વાર સૂઈ જાઉં, બધું જાય ચૂલામાં, બધાનો ભલે વિનાશ થઈ જાય, એની શી જરૂર હતી જે આજે કોઈ કહી શકશે? અમને શું જોઈએ છે? આ દુ:ખનો અંત તે દિવસે આવશે. તે દિવસે અમને શું મળવાનું હતું? કંગાળની જેમ દૈન્ય અને મલિનતા લઈને શું અમે ભીખ માગવા આવ્યા હતા?

આંખ મીંચીને હું પડયો. હાં, એમાં જ મઝા છે. હવે આંખ ઉઘાડીને જોઈશ નહિ, ને મને કોઈ જોઈ ન શકે તો કેવું સારૂં! બધા મને છોડીને ભાગી જાય, દૂર જતા રહે, આ બધા પુણ્યલોભી તીર્થના કીડા તરફ મને જરા ય શ્રદ્ધા રહી નહોતી, કોઈની માયા રહી નહોતી. હવે કયાંય જવું નથી. પૂરી શિક્ષા મળી ચૂકી છે. આ માટીમાં જ પડયો રહીશ.

પણ હાય રે! નિર્લજ્જ દેહ ફરીથી પ્રેમાળ અને મધુર પવનના સ્પર્શથી ધીમે ધીમે સજીવ અને અચલ થઈ ગયો. ધર્મશાળાની નીચે જ

ઘેરી ભૂરી અલકનંદાનો કલ્લોલ સંભળાતો હોય, પછી શી રીતે આંખ બંધ કરીને બેસી રહેવાય! ઘેરી વનરાજી તથા કાળા પર્વતના શિખરની છાયા તડકાથી ઉજ્જવલ જળપ્રવાહની ઉપર પડી છે. અરે મન, ધારી ધારીને જો. ધારી ધારીને જોઉં છું તો દેહ હવે અકડાઈ ગયો નહોતો. આંખમાં ઝાંખપ નહોતી, દર્દ નહોતું, કોઈ ક્ષોભ નહોતો, આવું તો કયાંય અનુભવ્યું નહોતું. અહીં કેવળ રૂપ નહોતું, અહીં તો રૂપથી પર એવી સૃષ્ટિ હતી, ફકત સૌંદર્ય નહોતું. લોકોત્તર વાંછના હતી. કેવળ કાવ્ય નહોતું, સુદૂર અનિર્વચનીયતા હતી. જલ, માટી, વૃક્ષ, તેજ અને આકાશ—એ બધાને એક સૂરમાં પૂરીને એને ભાવરૂપ આપવા એનામાં વ્યંજનાનું ઈંગિત કરવું—એ સર્વની સરખામણીમાં સૌથી મહાન એવા કલાકાર, સર્વોત્તમ સૃષ્ટાનું જ ઉત્તમ કાર્ય છે. અરે મન! તું ધારી ધારીને જો.

ધીરે ધીરે ઊઠીને બેઠો થયો, જાણે હાડકાં ભાંગી ગયાં હોય ને હું પાંગળો બની ગયો હોઉં. પગ પર તો હાથ અડાડાતો નહોતો. મોટા મોટા ફોલ્લા થયા હતા. આ રૂદ્રપ્રયાગ. સામાન્ય એક શહેર પેલી તરફ પહાડની અંદર નાના નાના બે સરકારી બંગલાઓ હતા, દક્ષિણમાં અલકનંદા ને મંદાકિનીનું સંગમતીર્થ હતું. એક નદી હતી દેવલોકની, બીજી બ્રહ્મલોકની. આ નદીના સંગમમાં એક દિવસ ગય—રાજાના યજ્ઞથી અસંતુષ્ટ પરશુરામના શાપથી જેમને બ્રહ્મરાક્ષસની યોનિ પ્રાપ્ત થઈ હતી એવા બે લાખ બ્રાહ્મણોને મુકિત મળી હતી. અહીં રૂદ્રેશ્વરનું શિવમંદિર હતું, ધર્મશાળા ને સદાવ્રત હતાં, ટપાલ ઓફિસ હતી, ને નાનું સરખું બજાર હતું. રૂદ્રપ્રયાગમાં રસ્તાના બે ફાંટા પડતા હતા. એક ફાંટો કર્ણપ્રયાગમાં થઈને અલકાનંદાને કાંઠે કાંઠે સીધો બદ્રીકાશ્રમ તરફ ચાલ્યો જતો હતો, ને બીજો રસ્તો મંદાકિનીને કાંઠે કાંઠે કેદારનાથ તરફ જતો હતો. અમે લગભગ એકસો માઈલ કાપ્યા હતા. અંદર જઈને ચારે તરફ જોઉં છું તો જાણે મૃત્યુપુરી. ઘડપણથી જર્જરિત બનેલા, રોગથી હેરાન થયેલા, ને અશકત એવા યાત્રીઓ ત્યાં પડેલા હતા. એમના મોઢા પર ને આંખો પર માખીઓ બણબણતી હતી, પણ એ ઉડાડતા નહોતા. એઓ મરે તો એમનું શબ ઉપાડવા કોઈ નહોતું. પણ એવી સ્થિતિમાં પણ એઓ ચાલતા હતા. ખોડંગાતા ખોડંગાતા, ઠેકતા ઠેકતા, કીડીની જેમ પહાડ ઓળંગે, તો વળી વચ્ચે વચ્ચે રોગથી ને પીડાથી એઓ જર્જર થઈને રસ્તામાં અટકી પણ પડે, ને એમ માને કે ભગવાનની દયા પોતાને પ્રાપ્ત થઈ નથી.

બપોર થતા હતા. જેમને કેદારનાથ તરફ જતાં ડર લાગ્યો, તેમણે સીધો બદરીનાથનો રસ્તો લીધો. કેદારનાથનો રસ્તો ભયાનક છે. કેદારનાં દર્શન કરવાં હોય તો અહીંથી એંશી માઈલ જેટલો રસ્તો ચાલવાનો હતો. આથી જ રૂદ્રપ્રયાગના સંગમ આગળ યાત્રીઓની પુણ્યકામનાની અગ્નિપરીક્ષા થતી. જેમને શરીરની બીક લાગતી હતી, જેઓ અશકત ને દુર્બલ હોય, જેમનો યાત્રાનો ઉત્સાહ મંદ પડી જતો, રોગથી જેમનું શરીર કાળું પડી ગયું હતું, તેઓ તો કેદારના માર્ગ તરફ નજર પણ કરતા નહોતા, તેઓ સીધા કર્ણપ્રયાગ તરફ ચાલી જતા. તેમને માટે તો ફકત બદરીનાથ જ હતા, કેદાર—બદરી નહિ. હું પણ કેદારનાથને છોડવા તત્પર જ થયો હતો. પરન્તુ ઘટના એવી બની કે પરિણામ કાંઈ બીજું જ આવ્યું. બપોરે એક હલકી નાતની બંગાળી સ્ત્રી ઓકાએક ખોડંગાતી આવીને મારા પગ આગળ આવીને રડવા લાગી, "હે ભાઈ! મને બચાવો ભાઈ! મારી લાજ રાખ્યા વિના તમારો છૂટકો નથી. તમારી વાત તો રસ્તે સાંભળતી સાંભળતી આવી છું ભાઈ! મારું તો કોઈ જ અહીં નથી."

શરૂઆતમાં તો એ હાઉ હાઉ કરીને રડવા લાગી. રડતાં બંધ થઈ પછી ત્રૂટક ત્રૂટક તેણે જે વાત કહી તે એ પ્રમાણે હતી, કે ગુરૂમાતા સુરૂપા અને થોડી એની શિષ્યાઓ, કલકત્તાની ઉલટોડીંગી બૌષ્ટમીના અખાડામાંથી આવ્યા હતાં. શેઠના બાગમાં તેમનો અખાડો હતો. બધાં સારી રીતે આવ્યાં હતાં. પરમ દિવસે રાત્રે કોઈ એક ચટ્ટીમાં સુરૂપા કોઈ કારણસર ચટ્ટીના દરવાજામાંથી બહાર આવતી હતી, તેવામાં એનો પગ સર્યો, એ પહાડ પરથી પડી ગઈ. ગોઠમડાં ખાતી ખાતી કોઈ ઠેકાણે અટકી, ને પછી ચટ્ટીના માણસો ઉતરીને એને ઉંચકી લાવ્યા; તેમણે જોયું તો સુરૂપાના શરીરનાં હાડકાં ભાંગી ગયાં હતાં. તે લોહીલુહાણ ને બેભાન અવસ્થામાં પડી હતી. જે કાંઈ પૈસા ટકા હતા, તેના વડે એક કંડી કરીને મહામહેનતે શ્રીનગરની હૉસ્પિટલમાં એ ડોશીને લઈ ગયા. ત્યાં એનો પ્રાથમિક ઉપચાર કર્યો પણ જગા ન હોવાથી એને હૉસ્પિટલમાં રાખી નહિ, અને થોડી દવા આપીને એને રૂદ્રપ્રયાગ મોકલી દીધી. પેલી કહેતી હતી, "આવો ભાઈ! કાંઈક વ્યવસ્થા કરી આપો." ને પછી જોર જોરથી રડવા લાગી.

એણે જે વાત કહી તે સર્વાંશે સાચી હતી. નીચે આવીને જોઉં છું તો ડોશી વેદનાને લીધે બરાડાબરાડ કરતી હતી. એણે આખું જીવન ધર્માચરણ કર્યું હતું અને શિષ્યાઓના કાનમાં મંત્ર ફૂંકી આ સર્વશ્રેષ્ઠ તીર્થના માર્ગ ઉપર આવી પડેલી એક બિચારી નારીની આ તે કેવી દશા! પણ જીવનમાં એવું જ બને છે. અપરાધ નથી હોતો તેને સજા મળે છે. પાપ નથી હોતું, પણ પાપનું ફળ ભોગવવું પડે છે. કારણ નથી હોતું, પણ દુ:ખ ને વ્યથા ભોગવવાં પડે છે. પણ મૂંગા બેસી રહેવાનો વખત નહોતો. વખત વહી જતો હતો; લાઠી લઈને એને ટેકે ટેકે બહાર ગયો, ને છએક માણસને બોલાવી ડોશીની શોચનીય અવસ્થા જણાવી. એક સ્થાનીય યુવકે અને અઘોરબાબુએ સારા પ્રમાણમાં મદદ કરી. બજારમાં, રસ્તે, ઘાટ પર, ને યાત્રીઓની પાસે રખડી રખડીને મનુષ્યના જીવનની આ આકસ્મિક વિપત્તિ સંબંધે ઓજસ્વી ભાષામાં ભાષણો આપ્યાં. અંતમાં એમની નબળાઈનો લાભ લઈને કુશળતાથી ભિક્ષાપાત્ર આગળ ધર્યું. આપણી તો જાત જ ભિખારીની, અર્થાત્ મને એમાં કાંઈ શરમ લાગી નહિ, પણ પરોપકારનો બુરખો ભીખને કુશળતાથી પહેરાવી દીધો. આઠ આના, ચાર આની, પૈસો, બે પૈસા, આનો, બે આના, કોઈ કોઈએ આપ્યા. પણ પૂરો રૂપિયો કોઈએ આપ્યો નહિ. એમાં વાંક કદાચ મારો જ હશે, એક રૂપિયાની કિંમત જેવું મારું ભાષણ કદાચ નહિ હોય. સોળ આનાની કિંમત એક સામટી મળી નહિ. મને લાગે છે, કે જીવનમાં પહેલી જ વાર નિ:સ્વાર્થ પરોપકાર કરવાનો આ સુયોગ મળ્યો હતો, તેને મારે સહેજમાં જતો કરવો નહતો. ધીરે ધીરે યાત્રીઓની પાસેથી મેં દ્રવ્યનું શોષણ કર્યું. જે રીતે આંધળા આવેગથી, અમે જેનાં લોચા વળતા હતા, તે હિન્દીમાં મેં મનુષ્યોને નીતિબોધ, ધર્માનુભૂતિ, અને પરોપકારની પ્રેરણા વિષે ઉત્તેજીત થઈને મેં ભાષણ આપ્યું હતું તે જો રાજનીતિનાં વિષયમાં હોત, તો ચાલીશ કરોડ દેશવાસીઓ બ્રિટીશ શાસનની વિરુદ્ધ ઉકળી ઊઠયા હોત.

આટલું કરવા છતાં પંદર રૂપિયાની જરૂર હતી. છતાં સાડા બાર રૂપિયાથી વધારે પૈસા એકઠા કરી શકયા નહિ. બાકીના અમે જ અંદર અંદર વહેંચી લીધા. અઘોરબાબુની પત્નીએ હસતાં હસતાં કહ્યું, "તમે કોણ છો? લોક તો માને માટે પણ આટલું કષ્ટ ન વેઠે. હાં. આજે સવારે અમારી જોડે તમારે ખાવાનું છે, ખાશોને? આજે તમારી વાત હું જરાય સાંભળવાની નથી."

"તમે એના યોગ્ય પૈસા લઈ લેશોને?"

"આપવા જ હોય તો આપજો. જે આપો, તે ખાવા પૂરતા પૈસા જ હોવા જોઈએ, એટલું ધ્યાનમાં રાખજો."

અઘોરબાબુએ એમની પત્ની તરફ એક વાર જોયું ને પછી મને કહ્યું, "તમે બહુ નિર્દય છો, ભાઈ!"

પૈસાટકા એની એક શિષ્યાના હાથમાં સોંપી ડોશીને આવતી કાલે સવારે ડંડીમાં ઉખીમઠ હૉસ્પિટલમાં મોકલવાની વ્યવસ્થા કરી. જ્યારે હાંફતો હાંફતો ઉપર આવ્યો, ત્યારે રાતના દશ વાગી ગયા હતા. લગભગ બધા યાત્રીઓ ત્યારે ભરઊંઘમાં હતા. એટલામાં બ્રહ્મચારી

દેખાયો. આ તોફાન આવ્યું ત્યારે એ કયાં અલોપ થઈ ગયો હતો તે સમજાયું નહિ. ઝટપટ ભોજનાદિથી પરવારી, મને જરા પાસે બોલાવીને એણે પૂછ્યું, "દાદા! ગીત સાંભળશો."

ગીત! આ મારી નાંખે એવા વાતાવરણમાં તે વળી કોઈ ગીત ગાનું હશે? પીડિતનો નિ:શ્વાસ મેં સાંભળ્યો હતો, જર્જરિતનો વિલાપ સાંભળ્યો હતો, પણ ગીત સાંભળ્યું નહોતું. મેં વિસ્મિત થઈને પૂછ્યું, "ગીત ક્યાં સાંભળવાનું છે, બ્રહ્મચારી?"

"મારી જોડે આવો." એમ કહીને એણે મારો હાથ પકડીને ચાલવા માંડ્યું.

માર્ગ શાંત હતો. કયાંય અજવાળાંની નિશાની નહોતી. આંખમાં ઊંઘ હતી, શરીર થાકી ગયું હતું. તો યે જવું પડ્યું. મને ઘૂમાવતો ઘૂમાવતો એ નદીના સંગમ ભણી લઈ ગયો ને બોલ્યો, "હવે ઉતરીને આવો. આ બાંધેલી સીડી છે."

"કયાં જાઉં? આ તો નદી છે. નદીનું ગીત છે કે?"

"કહું છું ને કે સીડી પરથી ઉતરો".

લાઠીની ઉપર શરીરનો ભાર રાખીને, પગની વ્યથા હોવા છતાં હું સીડીનાં થોડાં પગથિયાં ઉતર્યો. આટલીવારે મેં જોયું કે સુંદર ચાંદની રાત હતી. સ્વચ્છ ને સ્મિત કરતા આકાશમાં નક્ષત્રો પ્રકાશતા હતા. બંને નદીના પાણીના અથડાટથી પાણીની એવી ગર્જના થતી હતી કે કાન ફાટી જતા હતા. પણ એ અવાજ હોવા છતાં મને લાગ્યું કે સુંદર ને શાંત રાત્રી છે. આજે રાતે ઊંઘવું નથી. નદી, પર્વત ને ચાંદનીને એકબીજાથી જોતાં જોતાં રાત એમ જ વીતાવવી એ યોગ્ય છે. તે સ્વપ્નમય રાત્રે ખાડા તરફ આંગળી કરીને બ્રહ્મચારીએ કહ્યું, "મારી સાથે આવો, ડાબી તરફ."

સીડીની પાસે જ પહાડના ઢળાણ તરફ એક કાચી ઝૂંપડી હતી. બ્રહ્મચારીની પાછળ - પાછળ એની અંદર આવી પહોંચ્યો. એક ખૂણામાં ઝાંખો દીવો બળતો હતો. વાઘ અને રીંછના ચામડાં બે-ત્રણ જગ્યાએ પાથર્યા હતાં. તેમાંના એકની ઉપર એક જાડી સન્યાસિની બેઠી હતી. નવા આવેલા માણસને જોઈને એણે હસતાં હસતાં સ્નેહે કહ્યું: "આવ બેટા."

જઈને એના ચરણ આગળ બેઠો ને પ્રણામ કર્યા. મને સમજાયું કે મારા આવતાં પહેલાં જ બ્રહ્મચારીએ મારે વિષે એને વાત કરી રાખી હતી. અત્યાર સુધી મારી નજર ગઈ નહોતી, એક સૂકલકડી ડોસો હાથમાં એકતારો લઈને બેઠો હતો. એ જ ગાયક હોવો જોઈએ. આદરની અને સત્કારની કાંઈ કમીના નહોતી. અનેક તીર્થસંબંધી ચર્ચા શરૂ થઈ ગઈ. સંન્યાસિની ગિરિમાઈએ કૈલાસ જવા માટે મને આગ્રહ કર્યો. આષાઢ મહિનામાં કૈલાસ જવા માટે યોગ્ય સમય હતો, એટલે આ વખતનો સુયોગ મારે ગુમાવવો ન જોઈએ. વિનય ને ભક્તિથી મેં એની વાણી સાંભળી. ઘરની અન્દર, થોડી રૂદ્રાક્ષની માળા હતી, બેએક શંખ હતા, થોડી લાકડાની ઘોડી હતી, બે-ચાર કામળા હતા, થોડાંક પથ્થરનાં વાસણો હતાં, થોડાં તાંબાનાં વાસણ ને ફૂલ હતાં, મોટી મોટી ત્રણેક ચોપડીઓ હતી, ને અગ્નિ રાખવાની એક કુંડી હતી. માઈજીની જોડે ઘણી વાત થઈ, બધાએ એમાં સાથ આપ્યો, માઈજી આગળ બધા જ બેટા-બેટી. ખૂબ સારું લાગ્યું. દીવો ટમ-ટમ થતો હતો. દરવાજા આગળ આકાશમાંથી ચાંદનીનો પ્રકાશ ઝરતો હતો, માઈજી એની મનોરમ હિન્દી તથા ઉર્દુ ભાષામાં અત્યંત મધુરતાથી એ બધાં તીર્થોની જાણકારીની વાત કહેતાં જતાં હતાં. કયાંક કોઈ નદીને કાંઠે હિંસક જાનવરોની આવજા, કેવી રીતે મરૂ-ભૂમિ પાર કરીને કેવો મઝાનો રસ્તો મળી ગયો, કોઈ અજાણ્યા પર્વતના શિખર પર બરફથી છવાયલા રસ્તે એને કેવી રીતે ઝબ્બુ ને ઘોડાની પીઠ પર બેસીને કૈલાસ જવું પડેલું, એવી એવી રહસ્યમય ને આશ્ચર્યજનક વાતો કરતાં કરતાં એક વખત એણે અંદરની બાજુ જોયું ને કહ્યું: "ચલમ તૈયાર કરો ને લાવો એ રૂપ્પી-સોની ..... "

અંદરથી અવાજ આવ્યો, "લાવું છું, માઈ," અને પછી બે મિનિટ પછી બે યુવાન સંન્યાસિની ધીરે પગલે બહાર આવી. પહેલી માની પાસે આવીને બેઠી ને બીજી પીત્તળની એક મોટી ચલમ માઈજીના હાથમાં આપીને બીજી તરફ બેઠી. અંદરની હવા એક ક્ષણમાં જાણે બદલાઈ ગઈ. પહેલાં તો મને થયું કે આ બન્ને ફક્ત એક જ ડાંખળીનાં છે. માથા ઉપર રૂક્ષ જટા હતી, મોઢા પર સંયમની દીપ્તિ ને કઠિનતાની રેખા હતી. મજબૂત ને લાંબા પહોળાં શરીર હતાં. ગેરૂઆ રંગનાં કપડાં હતાં. એ બન્નેની આંખોમાં નિસ્પૃહતા ને નિર્વિકારતા તરવરતાં હતાં. એમની તરફ એકવાર નજર કરીને બ્રહ્મચારીએ દીવાસળી સળગાવી, માઈજી ચલમમાંથી ફૂંક લેતા હતા. એમણે ફૂંક જોરથી લઈને, જ્યારે ધૂમાડો બહાર કાઢ્યો, ત્યારે ઝૂંપડીની અંદર અંધારું છવાઈ ગયું. બધાના હાથમાંથી ચલમ એક વાર પસાર થતી થતી આખરે સોની ને રૂપ્પીના હાથમાં જઈ પહોંચી. એમને નિરંતે ચલમ ફૂંકતાં જોઈને મને ઘણું આશ્ચર્ય થયું. હવે તો આ ડોસો ગીત ગાય એટલે કાંઈક બચીએ. એકતારાને ઠીક કરીને તેણે ધીરે ધીરે ગાવા માંડ્યું, ને અવાજ ખુલતો ગયો. એના કંઠમાં ચમત્કાર હતો. મુગ્ધ શ્રોતાઓનું ટોળું નિ:શબ્દે કાન માંડીને બેઠું રહ્યું હતું. કેવળ ચલમ વચ્ચે વચ્ચે એક હાથમાંથી બીજા હાથમાં ફરતી રહેતી હતી. પણ એ બધામાં એક વિસ્મયજનક વાતાવરણ હતું. જાણે કોઈ અવાસ્તવિક પરીકથાના વાતાવરણમાં હોઈએ એવું લાગતું હતું. અમે તો તરતના આવેલા વિદેશી હતા. ડોસો ગાયક પણ સંભવત: નવો જ પરિચિત હતો. સામે જ આ મમતામયી આશ્રયદાત્રી હતી, એની બન્ને બાજુ લક્ષ્મી અને સરસ્વતી હતી. આ ત્રણે સ્ત્રીઓનાં ઘરબાર, જીવન-યાત્રા, આચારવ્યવહાર, એ કયાંથી આવ્યાં, એ લોકો કોણ છે? એ લોકોનું જીવનનું અંતિમ ધ્યેય શું છે. આવા આવા અનેક પ્રશ્નો મારા મનમાં ઉભરાવા લાગ્યા ને હું મૂંઝાઈ ગયો. અર્થાત્ આજે જ્યારે હું આ વાત લખવા બેઠો છું ત્યારે, એકાંતમાં હું સ્વીકારું છું કે, એ જ્યોત્સ્નામયી સુંદર રજનીમાં, એ રહસ્યમય નાનીશી ઝૂંપડીમાં ઝાંખા દીવાના પ્રકાશમાં સંન્યાસીજીવનનો એક અપૂર્વ સંયમ, ને શોભા, બધાનાં મોઢા પરની નિર્મળતા, ને ઉદાસીનતા હતી, અને અત્યંત સહજ, સરળ, સૌજન્ય અને ઉદાસીનતાને લઈને અમે બધા એ વ્યાઘ્રચર્મ ઉપર એકબીજાની ખૂબ જોડાજોડ બેઠા હતા. તે દિવસે પણ એમનો પરિચય મેં કર્યો નહોતો, આજે પણ એમની વિષે હું એવો જ અજાણ્યો છું. એ બે યુવતીઓ કોણ હતી, માઈજી એ લોકની શું થતી હતી, એ લોકોનો કયો રસ્તો હતો, આ ઝૂંપડી પણ છોડીને એ લોકો જવાના હતા, પણ કયાં? એમનું જીવન ફક્ત શૂન્ય જ હતું, શું કાંઈ લક્ષ્ય વિનાનું હતું, એમની જીવનની સમસ્ત પથયાત્રાની પરમ સાર્થકતા શી હતી?

ગીત પૂરું થતાં માઈજીને પ્રણામ કરીને ભારે મને મેં વિદાય લીધી. હાં, એ સ્વીકાર કરવામાં જરા પણ શરમ નથી કે મારું મન કૌતુહલથી ભરાઈ ગયું હતું. પણ એ શું કેવળ કૌતુહલ જ હતું? આ ચન્દ્રકિરણથી ઉજ્જવળ શાંત રાત્રીના ચરણોમાં ઊભો રહેલો હું થાકેલો ને પાંગળો પથિક—હું સૌગનપૂર્વક કહી શકું કે એ શું કૌતુહલ માત્ર હતું, એમાં શું જરા જેટલી પણ વેદના નહોતી? મૂઢ ને રસ્તો ભૂલેલો હું સન્યાસી,—મને પણ ખબર છે કે જીવનની વ્યર્થતા કેવી હોય છે! સુખ, ઐશ્વર્ય, આનંદને સંભોગ, રસપિપાસા,—જીવનની અનિત્યતા છે એટલે તો એ બધાનું પ્રયોજન છે, એ સર્વેનું પ્રલોભન છે. સમસ્ત જીવન આપીને કઠિન વૈરાગ્ય અને ભ્રમાવહ શૂન્યતાને પ્રકાશિત કરો છો, તમે નારી છો, તમે કરો છો આ વિશ્વપ્રકૃતિના અનંત સ્રોતને પ્રતિહત, પ્રકૃતિ નિયમનો અસ્વીકાર કરો છો, આત્મનિગ્રહની મનોવૃત્તિ સંસારમાં લાવો છો, રૂપ અને સૌન્દર્યનું ગળું દબાવી હત્યા કરો છો.

એક હાથમાં લાઠી પર ભાર દઈને, ને બીજો હાથ બ્રહ્મચારીના ખભા પર મૂકીને પગ ખેંચતો ખેંચતો હું ઉપર આવ્યો. બ્રહ્મચારીએ મારા મોઢા તરફ જોઈને કહ્યું: "તમને શું થઈ ગયું દાદા? તમને ન લઈ ગયો હોત તો સારું થાત. મેં આવું નહોતું ધાર્યું."

અનુવાદક: મૂળ બંગાળી:
ડૉ. ચંદ્રકાન્ત મહેતા, શ્રી પ્રબોધકુમારી સન્યાલ

સમાચાર સંકલન

સ્વ. શ્રી એમ્. ટી. વ્યાસ મેમોરિયલ ફંડ

મુંબઈની ન્યુ એરા સ્કૂલના પ્રીન્સીપાલ સ્વ. શ્રી મગનલાલ વ્યાસે શિક્ષણના ક્ષેત્રમાં કરેલી અનેકવિધ સેવાઓની કદરરૂપે 'શ્રી એમ્. ટી. વ્યાસ મેમોરિયલ ફંડ' ઉભું કરવામાં આવ્યું આ ફંડમાં પ્રીન્સીપાલ વ્યાસનાં પત્ની શ્રી સરોજબહેન વ્યાસે ૧૫૦૦૦ની રકમ ભરીને આ ફંડની શરૂઆત કરી છે. આજ ામાં તે ફંડમાં નીચે મુજબ રકમો ભરવામાં આવી છે :-

કામાણી ફાઉન્ડેશન	રૂ. ૫૦૦૦
શ્રી ચંદુલાલ પારેખ અને તેમનું કૂટુંબ	રૂ. ૩૦૦૦
શ્રી કે. સી. પરીખ અને શ્રીમતી ભાનુબહેન પરીખ	રૂ. ૨૦૦૦
શ્રી સૂરજી વલ્લભદાસ અને તેમનું કુટુંબ.	રૂ. ૫૦૦૦
શ્રી આર. ડી. શાહ અને શ્રીમતી એમ. આર. શાહ.	રૂ. ૧૦૦૦
શ્રી હઝરત બ્રધર્સ અને તેમનું કુટુંબ	રૂ. ૧૫૦૧
શ્રી બાબુભાઈ પારેખ	રૂ. ૧૦૦૦
શ્રીમતી જરબેન ઘેયારા	રૂ. ૧૦૦૦
ન્યુએરા સ્કૂલનાં શિક્ષકો	રૂ. ૨૭૫૦
શ્રીમતી મૃણાલિની ચોકસી	રૂ. ૫૦૦
શ્રીમતી પ્રભાબહેન નાથાલાલ પારેખ	રૂ. ૧૦૦૦
	૨૩૭૫૧

આ ફંડને લગતું એક વિનંતીપત્ર શ્રી લાલભાઈ આર. દેસાઈ, .. બી. બી. ચૌધ, શ્રીમતી મધુરીબહેન શાહ, શ્રી પૂનમચંદ કામાણી, ી ચરણદાસ ઝરીવાળા, શ્રી પરંજય વી. હઝરત, શ્રી કેકી આર. ાલ્પાઈવાળા, શ્રી રમણભાઈ વકીલ તથા શ્રી વરદભાઈ એલ. પટે-ાની સહીથી બહાર પાડવામાં આવ્યું છે અને તેમાં સ્વ. મગનભાઈ યાસ પ્રત્યે આદર ધરાવતા ભાઈ-બહેનોને, શિક્ષકોને તથા ભૂતપૂર્વ ોમ જ વર્તમાન વિદ્યાર્થીઓને આ ફંડમાં પોતપોતાનો ફાળો સત્વર ોકલી આપવા અનુરોધ કરવામાં આવ્યો છે. આ ફંડનો ઉપયોગ શિક્ષણને લગતી પ્રવૃત્તિઓમાં કરવામાં આવશે એમ આ પરિપત્રમાં જાહેર કરવામાં આવ્યું છે. આ સંબંધમાં નીચેના ઠેકાણે પત્રવ્યવહાર કરવા જણાવવામાં આવ્યું છે.

ધી ન્યુ એરા સ્કૂલ, ૧૭, હ્યુજીસ રોડ, મુંબઈ-૭.

ઉપર જણાવેલ ફંડમાં પોતા તરફથી રૂ. ૧૫૦૦૦ની રકમ ભરવાની શરૂઆત કરવા બદલ શ્રીમતી સરોજબહેનને ધન્યવાદ ઘટે છે અને તે ફંડને મારું હાર્દિક અનુમોદન છે. **પરમાનંદ**

ખંભાત ખાતે યોજનારી ધાર્મિક શિક્ષણ શિબિર

જૈન શ્વે. મૂ. સમાજના અમુક કાર્યકર્તાઓ તરફથી છેલ્લાં ચાર વર્ષથી જુદા જુદા સ્થળોએ દર મે માસ દરમિયાન એક ધાર્મિક શિક્ષણ શિબિર યોજવામાં આવે છે. ૧૯૬૨, ૬૩, તથા ૬૪માં માઉન્ટ આબુ ખાતે અને ૧૯૬૫માં પાટણ ખાતે એમ આજ સુધીમાં આવી ચાર શિબિરો યોજવામાં આવી છે. આ આયોજન મંડળને હવેથી 'શ્રી ગ્રિષ્મ આધ્યાત્મિક શિક્ષાયતન સમિતિ' એવું નામ આપ-વામાં આવ્યું છે. (ઠે. મેસર્સ બંસીલાલ સોમચંદની કંપની, ૩૫૩, કાલબાદેવી રોડ, મુંબઈ ૨). આ આયોજન સમિતિના શ્રી. શાન્તિ-લાલ સોમચંદ ચોકસી (ભાણાભાઈ) તથા શ્રી કેશવલાલ મોહનલાલ મંત્રીઓ છે. આ પ્રવૃત્તિને શિબિર કેન્દ્ર બાજુએ વિચરતા અથવા તો ત્યાં વસતા જૈન આચાર્યોનો સારા પ્રમાણમાં સહકાર મળે છે. પાટણ ખાતે યોજાયેલી શિબિરનો ૧૮૦ વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો.

આ વર્ષે ખંભાત ખાતે તા. ૧-૫-૬૬થી તા. ૨૭-૫-૬૬ સુધીની એક ધાર્મિક શિક્ષણ શિબિર યોજવામાં આવી છે. આ શિબિરમાં કૉલેજોમાં તથા હાઈસ્કૂલોમાં ભણતા જૈન વિદ્યાર્થીઓ જોડાઈ શકે છે. તેમાં જોડાવા ઈચ્છનાર વિદ્યાર્થીએ ઉપર આપેલા સરનામે પત્ર લખીને તેને લગતી અરજીનું પત્રક મંગાવવું અને તે ભરીને ડીપોઝીટના રૂા. ૫ સાથે મોકલી આપવું. વિદ્યાર્થીની અર-જીનો સ્વીકાર કરવામાં આવે તે વિદ્યાર્થી આ શિબિરમાં જોડાઈ શકે છે. શિબિરનો લાભ લેવા બદલ વિદ્યાર્થીએ કંઈ રકમ આપવાની હોતી નથી. ભિન્ન ભિન્ન કક્ષાના જૈન વિદ્યાર્થીઓને સમુદાયમાં ધાર્મિક શિક્ષણ અને શિસ્તની તાલીમ આપવા માટે કરવામાં આવતું આવું આયોજન આવકારપાત્ર છે. **પરમાનંદ**

પંડિત જગજીવનદાસના સ્વર્ગવાસ અંગે શોકપ્રસ્તાવ

પ્રજ્ઞાચક્ષુ પંડિત જગજીવનદાસ પોપટલાલ સંઘવીના તા. ૨૯-૩-૬૬ના રોજ ૭૦ વર્ષની ઉમ્મરે નીપજેલ અવસાન અંગે ભાવનગરની અનેક જૈન તેમ જ અન્ય જાહેર સંસ્થાઓના ઉપક્રમે શેઠ ભોગીલાલ મગનલાલના પ્રમુખપણા નીચે મળેલી શોકસભાએ નીચે મુજબ શોકપ્રસ્તાવ પસાર કર્યો હતો :-

"પ્રજ્ઞાચક્ષુ પંડિતવર્ય શ્રી જગજીવનદાસ પોપટલાલ સંઘવી વ્યાકરણતીર્થનું તા. ૨૯-૩-૬૬ને સં. ૨૦૨૨ના ચૈત્ર શુદિ ૭ના રોજ સમાધિપૂર્વક સ્વર્ગગમન થયું છે, તેની આ સભા ભારે આઘાત સાથે નોંધ લે છે. સ્વ. પંડિતજી સંસ્કૃત તથા અર્ધમાગધી ભાષાઓના ઊંડા અભ્યાસી હતા. તેઓએ ભાવનગરમાં શ્રી ગંભીરવિજયજી સંસ્કૃત પાઠશાળા તથા શ્રી જૈન ધર્મ પ્રસારક સભાના આશ્રય નીચે લગભગ ચાલીસ વર્ષ સુધી જ્ઞાતિ, ધર્મ કે કોમના ભેદભાવ વિના અનેક વિદ્યાર્થીઓને ધાર્મિક ગ્રન્થોનો અભ્યાસ કરાવેલ તથા કેટલાએક ગ્રન્થોનો અનુવાદ કરી સાહિત્યપ્રચારમાં સારો ફાળો આપેલ છે. વર્ષોથી પ્રજ્ઞાચક્ષુ હોવા છતાં અને અનેક શારીરિક વ્યાધિથી પીડિત હોવા છતાં તેઓ અત્યંત શાંત, ધર્મપરાયણ તેમ જ, વિદ્યા-વ્યાસંગી જીવન પસન્ન રીતે અને સ્થિતપ્રજ્ઞ થઈને જીવ્યા હતા અને બોંતેર વર્ષની વયે તેમનું સમાધિપૂર્વક દેહાવસાન થયું છે. તેઓના અવસાનથી ભાવનગરની જનતાને, સંસ્કૃતના અભ્યાસીઓને અને ખાસ કરીને જૈન સમાજને ન પુરી શકાય તેવી ખોટ પડી છે. આ સભા સ્વર્ગસ્થ પ્રત્યે અત્યંત આદરપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પે છે અને તેમના આત્માને પરમ શાંતિ મળે એવી પ્રાર્થના કરે છે."

'પ્રબુદ્ધ જીવન'ના વાચકોને અભ્યર્થના

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી વૈદ્યકીય રાહત નિમિત્તે દર વર્ષે બેથી ત્રણ હજાર રૂપિયા કોઈ પણ જાતના ભેદભાવ સિવાય વહેંચવામાં આવે છે. આ રાહત સંઘની પરિમિત આર્થિક પરિસ્થિતિના કારણે બહુ મર્યાદિત આકારમાં આપી શકાય છે. સંઘના પ્રશંસકો અને પ્રબુદ્ધ જીવનના વાચકોને સંઘની આ પ્રવૃત્તિને સવિ-શેષ આર્થિક સીંચન દ્વારા વધારે વ્યાપક અને લોકોપયોગી બનાવવા વિનંતી છે.

સંઘ દ્વારા સંચાલિત શ્રી મણિલાલ મોકમચંદ શાહ વાચનાલય-પુસ્તકાલયને મળતાં દાનોને તાજેતરમાં સરકારી આવકવેરાથી મુકત જાહેર કરવામાં આવ્યા છે. આ પ્રવૃત્તિ પાછળ સંઘને દર વર્ષે આશરે રૂા. ૩૦૦૦ ની પુરવણી કરવી પડે છે. ઉદારદિલ મિત્રોને અને પ્રશંસકોને આ પ્રવૃત્તિને અર્થસભર બનાવવા માટે ઉપરની મુકિતનો લાભ લઈને શકય તેટલી પરિપુષ્ઠ કરવા અનુરોધ છે.

મંત્રીઓ : મુંબઈ જૈન યુવક સંઘ

શ્રી પાનાચંદ તુરખિયાનું જાહેર સન્માન

જાણીતા સામાજિક અને જીવદયાના કાર્યકર ઉદારદિલ શ્રી પાનાચંદ તુરખિયાને માનપત્ર અર્પણ કરવા, એક સમારંભ તા. ૨૭-૩-૬૬ના ભાટીયા હાલાઈ મહાજનવાડીમાં શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના પ્રમુખસ્થાને શ્રી પાનાચંદભાઈના મિત્રો અને શુભેચ્છકો તરફથી યોજવામાં આવ્યો હતો. આ સમારંભમાં શ્રી ગણપતિશંકર દેસાઈ, શ્રી મગનલાલ પી. દોશી, શ્રી. જયંતી-લાલ માનકર તથા અન્ય વકતાઓએ શ્રી પાનાચંદભાઈની ઉદારતા અને સેવા બદલ અભિનંદન આપ્યા હતા અને શ્રી ચીમનલાલ શાહના વરદ હસ્તે માનપત્ર એનાયત કરવામાં આવ્યું હતું.

પ્રજાનું હિંસક વલણ રાષ્ટ્રની લોકશાહી માટે મોટું ભયસ્થાન છે.

કૉંગ્રેસ મહાસમિતિના સત્તાવાર મુખપત્ર "એ. આઈ. સી. સી. ઈકૉનૉમિક રિવ્યુ"ના છેલ્લા અંકમાં "વાયોલન્સ એન્ડ ડેમોક્રસી" (હિંસા અને લોકશાહી) એ શીર્ષક હેઠળ એક અગ્રલેખ લખવામાં આવ્યો છે, એનો સાર નીચે પ્રમાણે છે:-

"પંજાબમાં અને બંગાળમાં હમણાં જે ઘટનાઓ બની ગઈ તે ખરેખર દુઃસ્વપ્ન સમી છે. લૂંટ, આગ અને અન્ય હિંસક પ્રવૃત્તિથી બંને રાજ્યોમાં નાગરિક જીવન ખોરવાઈ ગયું. આ ઘટનાઓનું અત્યંત ભયંકર પાસું તો પાણીપતમાં ક્રોધાંધ બનેલા લોકોના ટોળાએ ત્રણ કૉંગ્રેસીઓને જીવતા સળગાવી મૂક્યા એ છે. વડા પ્રધાન શ્રીમતી ઈન્દિરાને આ ઘટનાઓ અંગે એમ કહેવું પડ્યું કે 'આ દુર્ઘટનાથી હું ખરેખર શરમ અનુભવું છું; આ પરિસ્થિતિ ચાલુ રહેશે તો જગતના સભ્ય રાષ્ટ્રોમાં ભારત ઉન્નત મસ્તકે રહી શકશે નહિ.' બંગાળ અને પંજાબના બનાવો સમસ્ત રાષ્ટ્ર માટે નેત્રદીપક બની રહે તે સવિશેષ ઈચ્છનીય લેખાશે. પોલીસ, હિંસાનો આશ્રય લેનાર ટોળાં પર ગોળીબાર કરે છે અને ગોળીબારથી લોકો ક્રોધાંધ બને છે. આ ચક્ર ચાલતું જ રહે તે કોઈ પણ રીતે ઈચ્છનીય નથી. પ્રશ્ન એ છે કે આ ચક્રને તોડવું કઈ રીતે?

એટલું તો સ્વીકારવું રહ્યું જ કે કોઈ પણ સરકાર લોકોનું ટોળું કાયદો પોતાના હાથમાં લે ત્યારે હાથ જોડીને બેસી રહી શકે નહિ. કોઈ પણ રાજકીય પક્ષ પણ એ પ્રત્યે આંખ આડા કાન કરી શકે નહિ. જો હિંસાખોરીને ડામવામાં ન આવે તો સરકાર કર્તવ્યચ્યુત થઈ લેખાય. એટલે પાણીપતમાં ત્રણ કૉંગ્રેસીઓને જીવતા સળગાવી મૂકવાનો અમાનુષી અપરાધ કરવા માટે જવાબદાર હોય તે સર્વને કાયદાની અદાલતમાં ખડા કરી તેને યોગ્ય દંડ કરવાનું સરકાર માટે અનિવાર્ય હોય જ.

હવે હિંસાનું મોજું શમી ગયું છે.

હવે જાણે કે હિંસાનું મોજું શમી ગયું છે, પરન્તુ એણે જે વ્રણ સમાજશરીર પર નીપજાવ્યા છે તે હજી દૂઝતા અટકયા નથી. તોફાટો ફાટી નીકળે છે ત્યારે કોમી તત્ત્વનો પ્રવેશ થતાં હિંસાનો આકાર બેહદ વિકૃત બની જાય છે. પંજાબમાં જે બન્યું તે કેવળ તોફાન ન હતું. એમાં કોમી તત્ત્વ દાખલ કરવામાં આવ્યું હતું. હિન્દુ અને શિખ આ બંને કોમો વચ્ચે કડવાશ જન્માવવાના વ્યવસ્થિત પ્રયાસ કરવામાં આવ્યા હતા. બે કોમો વચ્ચે કુસંપ અને અણબનાવ નીપજાવવામાં આવે તે આખા રાષ્ટ્રની એકતા માટે વિઘાતક છે. આ વસ્તુ કોઈના પણ ધ્યાન બહાર રહેવી જોઈએ નહિ, એટલું જ નહિ પણ, આ વલણનો દૃઢતાથી પ્રતિકાર થવો જ જોઈએ. પંજાબની દુર્ઘટનાના કાળા વાદળની જો કોઈ રૂપેરી કોર હોય તો તે એટલી કે શીખોમાં કેટલાંક ઠરેલ તત્ત્વો હતાં, જેણે જબરદસ્ત ઉશ્કેરાટની સામે પણ સંયમ જાળવ્યો હતો. આ ઠરેલ તત્ત્વોએ કોમ કરતાં રાષ્ટ્રને મહત્ત્વ આપ્યું એ જોતાં તેના દેશાભિમાનની ભારોભાર પ્રશંસા જ ઘટે છે. પંજાબમાં કૉંગ્રેસી નેતાઓએ ૯મી માર્ચના ઠરાવની સમજણ આપીને વાતાવરણ ચોકખું કરવું ઘટે. ૯મી માર્ચના નિર્ણયથી પંજાબમાં શીખોને કંઈ સાર્વભૌમ રાજ્ય નિર્માણ કરવાની સત્તા નથી મળી ગઈ-માત્ર પંજાબી સુબાની રચના કરવાની માંગણી સંતોષવામાં આવી છે.

હાલના પંજાબમાંથી પંજાબીભાષી વિસ્તારનું એક અલગ ઘટક રચાશે. તો આ માત્ર ભાષાકીય અભિગમ છે, કોમી અભિગમ નથી. જે નિર્ણય થયો છે તે શાણપણયુક્ત છે. નિર્ણયમાં વિલંબ થયો તેટલા જ કારણસર એ ઓછો આવકારપાત્ર નથી. સારાયે પંજાબની સત્તાવાર ભાષા પંજાબી રાખવામાં આવે એ વાત એ રાજ્યનો હિંદીભાષી વર્ગ સ્વીકારવાને તૈયાર ન હોય તો યથાવત્ સ્થિતિ દીર્ઘકાળ પર્યન્ત ચાલુ રાખવાનું કોઈ પણ રીતે શક્ય નહોતું જ. સંસદીય સમિતિના હેવાલમાં પણ હિન્દીભાષી હરિયાણા રાજ્ય નિ કરવાની ભલામણ તો થઈ જ છે. કૉંગ્રેસીઓએ આ વસ્તુસ્થિ સમજવી લઘુમતી જનોની ભડક દૂર કરવી જોઈએ. તેમનું એ ક છે. નવું નિર્માણ થનારું રાજ્ય એ ભારત સંઘનું ઘટક રાજ્ય રહેશે ભારતથી અળગું થઈને તે કોઈ સાર્વભૌમ રાજ્ય બની રહેવાનું ન રાષ્ટ્રના બંધારણમાં લઘુમતી પ્રજાના હક્ક અને અધિકાર સ્વીકારવ આવ્યા છે તે અનુસાર આ વસ્તુ બની છે.

મહારાષ્ટ્ર અને ગુજરાત આ બે અલગ રાજ્યો રચાયાં પંજાબની પ્રજા માટે એક ઉજ્જવલ દૃષ્ટાન્તરૂપ બની શકે એમ ગુજરાતીઓ મહારાષ્ટ્રમાં અને મહારાષ્ટ્રીઓ ગુજરાતમાં સમૃદ્ધ થાય છે. એટલે પંજાબી સુબાના નિર્ણયનું ઔચિત્ય સ્વીકારવું રહ્યું.

આ દેશમાં હિંસા ફાટી નીકળતાં અને તોફાનનો દોર સમા વિરોધી તત્ત્વોના હાથમાં સરકી જતાં વાર નથી લાગતી. વસ્તુના મૂળ કારણ વિચારવામાં હવે કોઈ પણ વિલંબ સહ્ય ન લેખાય. એ વિચારવું રહ્યું કે લોકો શાંતિથી વિરોધ વ્યકત કરવા બદલે હિંસક કેમ બની જાય છે. લોકશાહીમાં શાંતિપૂર્વક વિરોધ વ્યકત કરવાની છૂટ અપાઈ જ છે. વળી આપણી પ્રજા પ્રકૃતિએ હિંસક છે એમ પણ નથી. તો પછી આ હિંસાનાં કારણો શાં છે એનો જવાબ છે નિર્બળતા અને ભય. નબળો અને ભયભિત બનેલો આદમી એકદમ હિંસક બની જાય છે. આ નિર્બળતા જ્ઞાતિ, ભાષા અને ધર્મના વિચ્છેદક બળોની જ નીપજ છે. અલબત્ત, આર્થિ ચનતા એ પણ એક આ નિર્બળતાનું પોષક તત્ત્વ છે. વળી નોકરશાહ અને પ્રજા વચ્ચેના પારસ્પરિક સંબંધમાં માનવસ્પર્શનો અભા છે એ મુદ્દો પણ આ પરિસ્થિતિના સંદર્ભમાં વીસરવા સરખો નથી લોકોનાં ટોળાંની સાથે કામ પાડવાની આપણી ટેકનીકમાં કંઈ પરિવર્તન આણવાની જરૂર છે. બંગાળમાં દરેક પક્ષે અખત્યાર કરેલ વલણ જડતાભરી હતી. શ્રી નન્દાની સલાહ અને દોરવણી પછી જ વલણમાંથી જડતા દૂર થઈ. વિરોધ પક્ષ જો પોતાની માગણીને પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવી મૂકે અને સરકાર સમક્ષ અનિષ્ઠ પરિસ્થિતિના પુનરાવર્તનનો ભય ખડો કરે તો સહકારભર્યું નિરાકરણ શોધવાનો માર્ગ અવરોધાશે. આ વસ્તુ બંગાળે ધ્યાનમાં લેવા જેવી છે. વિરોધ અને મતભેદોનું શમન મંત્રણાથી જ થઈ શકે. એ માટે અન્ય કોઈ વિકલ્પ નથી. આજની આ પ્રકારની પરિસ્થિતિમાં તાશ્કંદ જાહેરનામાની ભાવના ઘણી માર્ગદર્શક બની શકે એમ છે.

'જન્મભૂમિ'માંથી સાભાર ઉધ્ધૃત

મુદ્રણ શુદ્ધિ

'પ્રબુદ્ધ જીવન' ના ગયા અંકમાં પ્રગટ થયેલી 'પાટણ ખાતે ઊભું કરવામાં આવેલ નવા જનરલ હોસ્પિટલનું ઉદ્‌ઘાટન' એ મથાળા નીચેની નોંધમાં રૂા. એક કરોડની રકમનો ઉલ્લેખ કરવામાં આવે છે. તેને બદલે રૂા. દશ લાખ વાંચવા.

તંત્રી: 'પ્રબુદ્ધ જીવન'

વિષયસૂચિ

		પૃષ્ઠ
ક્રાન્તિકારી ભગવાન મહાવીરની કલ્યાણયાત્રા	પરમાનંદ	૨૪૩
આચાર્ય રજનીશજીના સાન્નિધ્યમાં	સુશ્રી કાન્તિદેવી	૨૪૪
'ક્ષમ સત્યમ્' એ જ સર્વ સંઘર્ષોનું મૂળ છે	વિનોબા ભાવે	૨૪૫
સુલભ ગ્રામદાન	વિનોબા	૨૪૬
મહાપ્રસ્થાનના પથ પર - ૮	પ્રબોધકુમાર સન્યાલ	૨૪૮
સમાચાર સંકલન	પરમાનંદ	૨૫૧
પ્રજાનું હિંસક વલણ રાષ્ટ્રની લોકશાહી માટે મોટું ભયસ્થાન છે.		૨૫૨

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ. મુંબઈ-૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ

Regd. No. MH. 117
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૮ : અંક ૧

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, મે ૧ ૧૯૬૬, રવિવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૨૫ પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

ભારતીય કલાસંસ્કૃતિના આધુનિક ઋષિ શ્રી નંદલાલ બસુ

શ્રી નંદલાલ બસુ 'નંદબાબુ'ના પ્યારા નામથી તેમના શિષ્યવૃંદમાં પ્રચલિત થયેલા હતા. તા. ૧૬-૪-૬૬ની સાંજે ૮૩ વર્ષની વયે તેઓ દિવંગત થયા. તેમણે ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરના શાન્તિનિકેતનને પોતાની કલાસાધનાનું જીવન કેન્દ્ર બનાવ્યું હતું અને દેશવિદેશના હજારો કલાર્થીઓને દીક્ષા આપી ભારતની ભૂમિજાત કલા–સંસ્કૃતિની પ્રતિષ્ઠા કરી તેનો મહિમા વિશ્વમાં વધાર્યો હતો.

પોતાનાં કલાસર્જનોમાં તેમણે અનેકાનેક પ્રયોગો કરી અનેક આશ્ચર્યજનક પ્રકારો અને વૈવિધ્યો ઉપજાવ્યાં છે. શાન્તિનિકેતનમાં ગુરુદેવ ટાગોર પછીના પ્રતિભાવાન પુરુષોની બીજી હરોળમાં તેમનું નામ દીપ્તિમાન હતું અને શાન્તિનિકેતનની સર્વ પ્રવૃત્તિઓમાં કલાસૌંદર્યની છાંટ આપી તેને નવી ચેતના તેઓ આપતા રહ્યા હતા. ઉત્સવો, સમારંભો, સન્માનો અને પ્રકાશનોમાં તેમની મૌલિક બુદ્ધિએ કલાની સર્વોપરિતા સ્થાપી હતી.

* * *

તેમનો જન્મ બિહારના મોંઘીર જીલ્લામાં ખડકપુર ગામમાં થયો હતો. તેમના પિતા પૂર્ણચંદ્ર બસુ બર્દવાન રાજ્યના જંગલખાતાના અમલદાર હતા; તેમનાં માતા ક્ષેત્રમણી એક કુશળ ભાવનાશીલ ગૃહિણી હતાં અને સર્વ ગૃહ્યકલાઓ, સુશોભનો અને દુર્ગાપ્રતિમાંના કાર્યમાં નિષ્ણાત હતાં. સ્વભૂમિનું વાતાવરણ અને દશ્યોની છાપ નંદબાબુ પર ચિરંજીવ પડી હતી.

* * *

ગામડાનું શિક્ષણ પૂરું કરી તેઓ કલકત્તાની કૉલેજમાં ગયા, પણ તે પહેલાં તેમણે રાજા રવિવર્મા અને રાફેલ વગેરે યુરોપીય ચિત્રકારોની નકલ કરી ચિત્રકાર્ય સાધી લીધું હતું. તેઓ કૉલેજમાં ગયા તે જ વર્ષે શ્રીમતી સુધીરાદેવી સાથે તેમનું લગ્ન થયું. તેમના સર્વ વડીલો તેઓ ડૉકટર થાય તેમ ઈચ્છતા હતા, પણ ચિત્રની લગનવાળા નંદબાબુનું અભ્યાસમાંથી મન ઉઠી ગયું હતું, તેથી કલકત્તાની સરકારી આર્ટ સ્કૂલમાં હાવેલ અને અવનીંદ્રનાથ પાસે કલાદીક્ષા લેવા તેઓ પહોંચી ગયા.

* * *

એ વખતે ભારતમાં યૂરોપીય ઘોરણે કલા શિક્ષણ અપાતું, પણ શ્રી ઈ. બી. હાવેલ મદ્રાસની કલાશાળામાંથી કલકત્તા આવ્યા ત્યારે તેમણે સંશોધન કરી ઉચ્ચ કોટિનાં મોગલ અને રજપુત ચિત્રો પ્રાપ્ત કરી જાહેર કર્યું કે, ભારતમાં અપૂર્વ કળાશૈલીની પરંપરા છે તે પ્રમાણે ભારતીય વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવવો જોઈએ. ૧૮૯૬માં તેમણે શ્રી અવનીંદ્રનાથનો સાથ મેળવ્યો. તેઓ પહેલાં પણ યુરોપીય ઢબે ચિત્રો કરતા હતા, પણ ભારતીય ચિત્રોનું ભાવસૌંદર્ય અને શૈલીશુચિતા જોઈ ભારતીય પ્રણાલી પર ગયા અને ૧૯૦૧માં દિલ્લીમાં તેમનું પ્રથમ ચિત્ર 'શાહજહાનની અંતિમ અવસ્થા'વાળું ચિત્ર ખૂબ પ્રશંસા પામ્યું. નંદબાબુને તેમણે પોતાની યજ્ઞદીક્ષાવાળા શિષ્ય બનાવ્યા અને તેમને ઓરીયેન્ટલ આર્ટ સોસાયટીમાં અધ્યાપક નીમાવ્યા. ત્યાં તેઓ શ્રી આનંદકુમાર સ્વામી, ઓ. સી. ગંગુલી, જસ્ટીસ વુડરોફ અને ભગિની નિવેદિતાના કૃપાપાત્ર બની રહ્યા અને તે સૌ પાસેથી તેમણે પ્રેરણા લીધી.

* * *

૧૯૨૮માં વિશ્વભારતીની સ્થાપના થઈ ત્યારે ગુરુદેવ ટાગોરે તેમને પોતાને ત્યાં બોલાવી લીધા અને કલાભવનના સર્વાધ્યક્ષપદે મૂકયા. ત્યાર પછી પાંચ વર્ષમાં જે તરૂણ ચિત્રકારો બહાર પડયા તે બધા ભારતની વિવિધ કલાસંસ્થાઓના અધ્યક્ષ બન્યા. પણ શ્રી નંદબાબુએ અનેક મોટા દરમાયાવાળી જગ્યાઓ મળતી તે જતી કરી અને શાન્તિનિકેતનને જ સાધનાશ્રમ બનાવ્યું.

* * *

નંદબાબુને ગાંધીજી પ્રતિ પરમ શ્રદ્ધા અને ભકિત હતાં. અસહકાર વખતે તેઓ શાંતિનિકેતન છોડી ચાલી નિકળ્યા, પરંતુ માળવામાં આવેલી બાગ ગુફાનાં ચિત્રો કરવાનું કાર્ય તેમને સોંપાયું, એટલે રોકાઈ ગયા. અજંતા અને બાગનાં ચિત્રોમાંથી તેમણે ભારતીય કલાનાં શુદ્ધ આદર્શો પ્રાપ્ત કર્યા અને તે શૈલીનો પ્રચાર કરવા પાછળ તેઓ સદા પ્રવૃત રહ્યા.

ગાંધીજીના આદેશથી તેમણે ફૈઝપુર, લખનૌ વગેરે સ્થળોમાં કૉંગ્રેસ મળી ત્યારે પોતાના છાત્રો સાથે ત્યાં જઈ ભારતીય સાધનોથી અપૂર્વ સુશોભનો કરી બતાવ્યાં. હરિપુરામાં પણ તેઓ હાજર થઈ ગયા, અને તે વખતે મારા અને કનુભાઈના નેતૃત્વ નીચે ૩૦ જેટલા ગુજરાતી તરૂણો હતા, તેમની સાથે તેમનો મધુર સમાગમ થયો. તેમની ભાવનાઓમાં અચળ શ્રદ્ધા, માનવતા અને પવિત્ર સૌંદર્યનો આગ્રહ સૌને સ્પર્શી ગયો અને આ રીતે સ્થપાયેલો મૈત્રીભાવ કાયમ રહ્યો.

* * *

નંદબાબુના અનેક શિષ્યો ગુજરાતમાં છે. સૌ પ્રથમ શ્રીમતી હકીસિંગ શાંતિનિકેતનમાં ગયાં હતાં. પછી મારી પાસે તૈયાર થયેલા કનુ દેસાઈ ગયા હતા. તે વખતે નંદબાબુએ લખ્યું કે "તમે બહુ સુયોગ્ય વિદ્યાર્થી મોકલી આપ્યા છે." ત્યાર પછી કૃષ્ણલાલ ભટ્ટ, કાન્તિલાલ દવે અને અંબાલાલ સારાભાઈનાં બાળકો અને બીજા અનેકની પરંપરા ચાલુ રહી હતી. શ્રી નંદબાબુને ગુજરાત અને ગુજરાતીઓ પ્રતિ પ્રેમ અને પક્ષપાત હતો એવું અનેકવાર જણાયું છે. વડોદરામાં કીર્તિમંદિરમાં તેમણે ભીંત પર મીરાંની જીવનકથા આલેખી તેમની સ્મૃતિ ગુજરાતમાં અમર કરી છે.

* * *

તેમના જીવનની સાધના, ભાવના અને પ્રેરણાથી ભારત ધન્ય બન્યું છે અને ભારત રાજ્યના પ્રમુખશ્રીએ તેમને 'પદ્મશ્રી'નું બહુમાન આપ્યું છે. દિલ્લીની લલિતકલા અકાદમીના અધ્યક્ષ અને સભ્યોએ શાંતિનિકેતનમાં સમારંભ કરી તેમને માનદ સભ્યપદ આપી સત્કાર કર્યો હતો.

* * *

ભારતના કલાક્ષેત્રના એક મહાન યોગી અને આદ્યઋષિ જેવા નંદબાબુના ભાવનાયુકત જીવનપ્રસંગોથી ભવિષ્યની પેઢીઓને પણ પ્રેરણા મળશે.

રવિશંકર મ. રાવળ

પ્રકીર્ણ નોંધ

'પ્રબુદ્ધ જીવન'નો ૨૮મા વર્ષમાં પ્રવેશ

'પ્રબુદ્ધ જીવન' આ અંકથી અઠ્ઠાવીશમાં વર્ષમાં પ્રવેશ કરે છે. દોઢ વર્ષ પહેલાં પ્રબુદ્ધ જીવનના ૨૬મા વર્ષ દરમિયાન ૧૯૬૪ના નવેમ્બર માસમાં 'પ્રબુદ્ધ જીવન'નો રજત મહોત્સવ ઊજવવામાં આવ્યો હતો. આ રીતે છેલ્લાં ૨૭ વર્ષથી પ્રબુદ્ધ જીવન એક સરખી નિયમિતતાથી પ્રગટ થતું રહ્યું છે. આજે જ્યારે અનેક સામયિકો ઉદય-અસ્તના નિયમને આધીન બનીને ટૂંકી આવરદા પુરી કરીને અલોપ થતા જોવામાં આવે છે ત્યારે અનેક પ્રતિકૂળ સંયોગોનો—વિશેષતઃ આર્થિક સંયોગોનો—સામનો કરીને 'પ્રબુદ્ધ જીવન' જેવું પત્ર આટલી લાંબી મુદત સુધી ટકી રહે તે હકીકત 'પ્રબુદ્ધ જીવન'ના સંચાલકો માટે અતિ સંતોષપ્રદ લેખાવી ઘટે.

'પ્રબુદ્ધ જીવન' મારી અને પ્રબુદ્ધ જીવનના વાંચકો સાથેની એક પ્રકારની વૈચારિક સહયાત્રા જેવું બની રહ્યું છે. આજે જ્યારે પ્રબુદ્ધ જીવનનાં આગળનાં વર્ષોની ફાઈલો નિહાળું છું—વિશેષ કરીને ગત વર્ષના અંકો ઉપર એક પછી એક નજર ફેરવું છું—ત્યારે અમો બન્નેએ સાથે મળીને કેટકેટલા ક્ષેત્રોમાં પ્રવાસ કર્યો છે, કેટકેટલા વિષયોની ચર્ચાવિચારણા કરી છે તેનું જાણે કે એક વિસ્તીર્ણ ચિત્રપટ આંખો સમક્ષ ખડું થાય છે. આ વૈચારિક સહયાત્રા અંગે વાચકોનાં કેવાં કેવાં સંવેદનો હશે તે વિષે તો હું શું કહી શકું? પણ અંગત રીતે હું એક પ્રકારની કૃતાર્થતા—સંતોષસભરતા—અનુભવું છું.

ગત વર્ષ દરમિયાન પ્રબુદ્ધ જીવને ૨૫૨ પાનાંની નક્કર વાચન સામગ્રી પુરી પાડી છે. તેમાં આગળના વર્ષથી અધૂરી — રહેલી 'સુકી ધરતીનાં મીઠાં સ્મરણો'ની લેખમાળા આગળના ત્રણ હપ્તાથી અનુસંધિત કરીને કુલ નવ હપ્તામાં પૂરી કરવામાં આવી છે. ગત વર્ષ દરમિયાન બંગાળી સુપ્રસિદ્ધ સાહિત્યકાર શ્રી. પ્રબોધકુમાર સન્યાલના મૂળ બંગાળી પુસ્તક 'મહાપ્રસ્થાનેર્ પથ પર' નો અનુવાદ લેખમાળાના આકારમાં પ્રગટ કરવો શરૂ કર્યો છે અને તેના આજસુધીમાં આઠ હપ્તા પ્રગટ થઈ ચૂકયા છે. હજુ તેના આશરે સોળ હપ્તા બાકી છે. આ બન્ને પ્રવાસકથાઓ પ્રબુદ્ધ જીવનના વાચકો માટે એક વિશિષ્ટ આકર્ષણરૂપ બની છે એમ પ્રબુદ્ધ જીવનના વાચકો સાથેનો પરિચય કહે છે.

પ્રબુદ્ધ જીવન ગયા વર્ષથી ન્યુસ પ્રીન્ટને બદલે વ્હાઈટ પ્રીન્ટીંગ પેપર ઉપર છાપવાનું શરૂ કર્યું છે; મુદ્રણના દરો પણ સારા પ્રમાણમાં વધ્યા છે અને સ્ટાફનો પગાર વગેરે આનુષંગિક ખર્ચમાં પણ ઠીક પ્રમાણમાં વધારો થયો છે. સદ્‌ભાગ્યે સૌરાષ્ટ્ર ટ્રસ્ટ તરફથી છેલ્લાં દોઢ વર્ષથી વાર્ષિક રૂા. ૧૫૦૦ ની મદદ મળવી શરૂ થઈ છે. એમ છતાં પણ વર્ષ આખરે પ્રબુદ્ધ જીવનના પ્રકાશન પાછળ આશરે રૂા. ૪૦૦૦ ની ખોટ આવી છે. આ બધું છતાં પણ પ્રારંભથી જે વાર્ષિક લવાજમે રૂા. ૪-૦૦નું હતું તે આજે પણ ચાલુ રાખવામાં આવ્યું છે, એવા વિચારથી કે પ્રબુદ્ધ જીવનના વાચકો ઉપર લવાજમનો બોજો બને ત્યાં સુધી ન વધારવો. બીજી બાજુએ આટલાં વર્ષની ઉપાસનાના પરિણામે પ્રબુદ્ધ જીવન પ્રત્યે આદર ધરાવતો સારો એવો વર્ગ પ્રબુદ્ધ જીવન પ્રાપ્ત કરી શકયું છે એમ મને લાગે છે. તો આ વર્ગનાં ભાઈ બહેનો પ્રબુદ્ધ જીવનને બે રીતે મદદ કરીને તેને લગતી ખોટના ભારને હળવો કરી શકે: એક તો પ્રબુદ્ધ જીવનના નિભાવ અર્થે સારી એવી રકમનું સંઘને દાન કરીને; બીજું સંઘનો દરેક સભ્ય અને પ્રબુદ્ધ જીવનનો દરેક ગ્રાહક ઓછામાં ઓછા નવા પાંચ પાંચ ગ્રાહકો મેળવી આપીને. આશા રાખું છું કે આ મારી અપેક્ષાને—અભ્યર્થનાને—યોગ્ય પ્રતિધ્વનિ જરૂર મળી રહેશે.

પ્રબુદ્ધ જીવનની કેટલીક નકલો અન્ય સામયિકોના વિનિમય પેટે વિના લવાજમે મોકલવામાં આવે છે. એ ઉપરાંત ગુજરાતી સમાજના અનેક વિદ્વાનો તેમ જ વિચારકોને પણ તથા કેટલાક સાધુસંતોને પણ સારા પ્રમાણમાં પ્રબુદ્ધ જીવન વિનાલવાજમે મોકલવામાં આવે છે. આ વિદ્વાનો તેમ જ વિચારકો તથા સાધુસંતો વિષે મારી એટલી અપેક્ષા રહી છે કે તેમના જ્ઞાન અને અનુભવનો લાભ તેઓ જુદા જુદા વિષયો ઉપર ચિન્તનાત્મક લખાણો દ્વારા આપતા રહે અને તે રીતે પ્રબુદ્ધ જીવનને વધારે ને વધારે વિચારસમૃદ્ધ કરવામાં તેઓ મદદરૂપ બને. સત્યની ઉપાસના અને લોકશ્રેયની સાધના—આ બે હેતુ પ્રબુદ્ધ જીવનના સંપાદન તથા પ્રકાશન પાછળ રહેલા છે. આ બે હેતુને પોષક અને પૂરક લખાણો પૂરાં પાડવા સમાજના વિદ્વાનો અને વિચારકોને મારી આગ્રહપૂર્વક પ્રાર્થના છે.

દેશમાં કે દુનિયામાં માનવી જીવનને સ્પર્શતી ઘટનાઓનું સાચું મૂલ્યાંકન રજુ કરવું, અવારનવાર ઊભી થતી માનવસમસ્યાઓ અંગે સમ્યક માર્ગદર્શન આપવું, માનવીના ચિત્તને 'સત્યં, શિવં, સુન્દરમ્' પ્રતિ અભિમુખ બનાવવું—પ્રબુદ્ધ જીવનના તંત્રી તરીકે પ્રારંભથી આજ સુધી આ મારો મનોરથ રહ્યો છે. પ્રબુદ્ધ જીવન દ્વારા જે કાંઈ અપાઈ રહ્યું છે તે આ મનોરથના પ્રમાણમાં કેટલું અલ્પ છે એ વિષે હું પૂરો સભાન છું. એમ છતાં પણ આ મનોરથનિષ્ઠા મને બળ અને પ્રેરણા આપતી રહી છે અને પ્રબુદ્ધ જીવન પાછળ લેવાતો ગમે તેટલો શ્રમ પણ આખરે આનંદ—અનુભૂતિમાં પરિવર્તિત થતો રહ્યો છે. 'પ્રબુદ્ધ જીવન' દ્વારા પ્રસ્તુત મનોરથ શકય તેટલો ચરિતાર્થ બને તે માટે, હું જેનો અંશ છું તે પરમાત્મા પાસે ચેતના અને શકિતની યાચના કરું છું અને મિત્રો અને સ્વજનો પાસે સાથ અને સહકારની માગણી કરું છું.

વળી પાછી એક વધારે બાલદીક્ષા!

તા. ૨૩-૨-૬૬ ના રોજ શ્રી વિજયધર્મસુરિના પ્રશિષ્ય મુનિ જયાનંદવિજયે જયન્ત નામના એક ૧૪-૧૫ વર્ષના છોકરાને આપેલી દીક્ષા અંગે 'મુંબઈ સમાચાર'માં આજ સુધી કેટલાક અનુકૂળ પણ મોટા ભાગે પ્રતિકૂળ ચર્ચાપત્રો પ્રગટ થઈ રહ્યા હતા, એટલામાં લાલબાગના ઉપાશ્રયમાં શ્રી વિજયરામચન્દ્રસૂરિએ વાપીનિવાસી શ્રી છગનલાલ ઉમેદચંદના ૧૩ થી ૧૪ વર્ષની ઉંમરના દીકરા દીપકકુમારને તા. ૨૭ મી એપ્રિલના રોજ બીજી બે મોટી ઉમ્મરની વ્યકિતઓ સાથે દીક્ષા આપી છે. આમાં કાંઈ આશ્ચર્ય પામવા જેવું નથી. નાનાં છોકરાંઓને મુંડવા એ શ્રી વિજયરામચંદ્રસૂરિનો વર્ષોજૂનો વ્યવસાય છે. આ જ છોકરાના મોટાભાઈને આ જ આચાર્યે આજથી છ વર્ષ પહેલાં ૧૩ વર્ષની ઉંમરે દીક્ષા આપી હતી. વચગાળાના વર્ષો દરમિયાન આ પ્રકારના નાની ઉમ્મરના છોકરાઓને દીક્ષા આપવાના કિસ્સાઓ ભાગ્યે જ સાંભળાતા હતા. એમ પણ લાગતું હતું કે બાલદીક્ષાના અનિષ્ટ અંગેના વર્ષોભરના પ્રચારના કારણે જૈન સમાજ સાધારણપણે બાળલગ્નની માફક બાલદીક્ષાથી પણ સારા પ્રમાણમાં વિમુખ બન્યો છે અને તે અંગે હવે કોઈ ચિંતા કરવાનું કારણ નથી. પણ આજની વસ્તુસ્થિતિ જોતાં આ ખ્યાલ બરોબર નથી લાગતો. અલબત્ત, પહેલાના સમયમાં નાના છોકરાઓને ભગાડીને છૂપી રીતે દીક્ષા આપવાના જે કિસ્સા બનતા હતા તે હવે બનતા નથી. આજે પણ સામાન્ય સમાજનું માનસ આવી બાલદીક્ષાને પસંદ કરતું નથી. દા. ત. લાલબાગ મંદિર અને ઉપાશ્રયના પાંચે ટ્રસ્ટીઓને પ્રસ્તુત દીક્ષા અંગે વ્યકિતગત રીતે પૂછતાં તે દરેકનો લગભગ એક જ જવાબ હતો કે "આવી કોઈ બાલદીક્ષા અપાવાની છે એવી અમને

પોતાને કોઈ ખબર નથી અને આવી દીક્ષા આપવા સંબંધે અમને કશું પૂછવામાં આવ્યું નથી અને અમે વ્યક્તિગત રીતે આવી બાલ-દીક્ષા પસંદ કરતા નથી." સામાન્ય વિચારવલણ આવું હોવા છતાં આવી ઘટનાઓ બને છે કેમ? તેનું કારણ એક જ છે કે અમુક વર્ગ આવી દીક્ષાઓ જરૂર પસંદ કરે છે, પણ મોટા ભાગનું વલણ તે વિશે કેવળ ઉદાસીન છે. વળી શ્વે. મૂ. સમાજની સ્થિતિ – ખાસ કરીને મુંબઈના શ્વે. મૂ. સમાજની સ્થિતિ — — નિર્નાયક જેવી છે અને તે સંપ્રદાયના સાધુઓ ઉપર કોઈનો અંકુશ નથી અને તેઓ પોતાને ફાવે તેમ વર્તી શકે છે. સ્થાનકવાસી સમાજમાં આજે સંઘની રજા સિવાય કોઈ પણ સાધુ કે સાધ્વી કોઈને પણ દીક્ષા આપી શકતું નથી, અને દીક્ષા લેનાર સૌ કોઈ માટે ૧૮ વર્ષની ઉમ્મરમર્યાદા બંધનકર્તા છે. આવો મજબુત પ્રબંધ જૈન શ્વે. મૂ. સમાજમાં નહિ થાય ત્યાં સુધી દીક્ષા સંબંધિની અનવસ્થા ચાલ્યા જ કરશે.

હજુ પણ સાધુઓની સંખ્યા વધારવા તરફ જૈન સમાજનું જેટલું લક્ષ છે તેટલું લક્ષ તેની ગુણવત્તા ઉપર ભાર મૂકવા તરફ છે જ નહિ. પરિણામે આજે સાધુસમાજમાં સારા નબળા સાધુઓની સારા પ્રમાણમાં ભરતી થઈ રહી છે અને તેમની ગુણવત્તાનો આંક એટલા જ પ્રમાણમાં ઉતરતો જાય છે.

બાલદીક્ષાના સમર્થનમાં એક ભારે ભુલભરેલી માન્યતા ફેલાવવામાં આવી છે. એમ કહેવામાં આવે છે કે દીક્ષિત બનતા નાની ઉમ્મરનાં છોકરાઓનાં મન, મગજ અને દિલ કોરી સ્લેટ જેવાં હોય છે અને તેને જે આકાર આપવા ધારો તે આપી શકાય છે. અને જે સુખભોગ તેને સુલભ નથી તેનો તેને કદિ વિચાર કે વિકાર આવતો નથી. તેના મનને આકાર તો જે અપાતો હોય તે ખરો, પણ કોઈ પણ છોકરો કે છોકરી પ્રકૃતિના નિયમથી મુક્ત હોતો નથી. આ નવદીક્ષિત બાળકો મોટી ઉમ્મરના થતાં અને પ્રકૃતિસહજ વાસનાઓ અને કામનાઓની સ્ફૂરણા થતાં કેવી કેવી વિકૃતિનાં ભોગ બને છે અને દમન કરાયલી વૃત્તિઓ તૃપ્તિના અભાવે કેવા અકુદરતી માર્ગો અને ઉપાયો શોધે છે તેનું ઉપર મુજબ વિચારનારાઓને ભાન હોતું નથી. તદુપરાંત પોતાની આસપાસ અનેક રંગરાગથી ભરેલી જે દુનિયા તે જુએ છે તેની તેના ઉપર કોઈ અસર થતી નથી એમ માની લેવું એ પણ એટલી જ નરી બાલીશતા છે. આજે તો આ બાબતમાં મનોવિજ્ઞાન ખૂબ જ આગળ વધ્યું છે અને તેણે આપણી અનેક માન્યતાઓ ખોટી પાડી છે અને ભ્રમણાઓ ભાંગી નાંખી છે. દબાયલી ઈચ્છાઓ કેવાં કેવાં વિકૃત રૂપો ધારણ કરે છે તેનું આજના મનોવિજ્ઞાને અદ્‌ભૂત વિશ્લેષણ કર્યું છે, આ બાલદીક્ષાનો પ્રશ્ન આજના મનોવિજ્ઞાનની દષ્ટિએ નવું સંશોધન માંગે છે. કેટલીયે વાતો અને બાબતો ઉપાશ્રયની દીવાલો પાછળ ઢંકાયલી રહે છે અને ધર્મપ્રતિષ્ટા જોખમાવાની બીકે તેને બહાર આવવા દેવામાં આવતી નથી. આ કૃત્રિમ દમનનાં સરવાળે કેવાં દુષ્પરિણામો આવે છે તે તો શેઠ કસ્તુરભાઈ લાલભાઈએ નીમેલી સંઘસમિતિના દફતરે નોંધાયલી અનેક સાધુઓના દુશ્ચરિત્રોને લગતી હકીકતો, જે પ્રતિષ્ટાહાનિના ભયથી બહાર પાડવામાં આવતી નથી તે બહાર પાડવામાં આવે તો જ તેની જૈન સમાજને ખરી જાણ થાય. આ બધો સડો દૂર કરવો હોય તો કાચી ઉમ્મરનાં બાળકોને મુંડવાની પ્રવૃત્તિ તો બંધ થવી જ જોઈએ, એટલું જ નહિ પણ, કોઈ પણ વ્યક્તિને દીક્ષા આપવા પહેલાં તે અંગેની યોગ્યતા અને તાલીમનાં કટ્ટર ધોરણો નક્કી થવાં જોઈએ અને તે સર્વસ્વીકૃત બનવાં જોઈએ. આ તો જ બને કે જો આ બાબત અંગે સાધારણતઃ વ્યાપેલી ઉદાસીનતા છોડવામાં આવે અને સાધુસંસ્થાના નિયમન અને નિયંત્રણ અંગે જૈન સમાજ વધારે સજાગ બને, એટલું જ નહિ પણ, વધારે આગ્રહી અને વ્યવસ્થિત બને.

પરમાનંદ

શ્રી સંયુકત જૈન વિદ્યાર્થીગૃહનું એક નવું પ્રસ્થાન

શ્રી સંયુકત જૈન વિદ્યાર્થીગૃહના શિવ ખાતેના અત્યારના મકાનની બાજુમાં આવેલા ખુલ્લા પ્લોટ ઉપર સંસ્થા માટે નવું મકાન ઊભું કરવા અંગે તા. ૨૨-૪-૬૬ શુક્રવારના રોજ સવારના નવ વાગ્યે સંસ્થાના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના હાથે શિલારોપણવિધિ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગના અનુસંધાનમાં સંયુકત જૈન વિદ્યાર્થીગૃહના હૉલમાં શ્રી ચીમનલાલ ચકભાઈ શાહના પ્રમુખસ્થાને એક સંમેલન યોજવામાં આવ્યું હતું.

પ્રારંભમાં સંસ્થાના મંત્રી શ્રી ધીરજલાલ ધનજીભાઈ શાહે ૧૯૬૫ના માર્ચની ૧૫મી તારીખે મુંબઈ ખાતે બિરલા માતુશ્રી સભાગૃહમાં સંસ્થાના લાભાર્થે યોજવામાં આવેલ સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા પ્રાપ્ય થયેલ આશરે રૂપિયા એક લાખના ભંડોળની વિગતો રજુ કરી હતી અને તે ભંડોળના પરિણામે શકય બનેલ મકાનનો પાયો નાંખવા માટે આપણે એકઠા થયા છીએ એમ તેમણે જણાવ્યું હતું. આ મકાનની યોજના અંગે તેમણે વિશેષમાં જણાવ્યું હતું કે આ ઊભા કરવા ધારેલ મકાન પાછળ આશરે રૂા. ત્રણ લાખનો ખર્ચ થવાનો અંદાજ છે અને તેમાં એક મોટો હૉલ નિર્માણ કરવામાં આવશે અને ૪૮ વિશેષ વિદ્યાર્થીઓનો સમાવેશ શકય બનશે.

ત્યાર બાદ સંસ્થાના ઉપપ્રમુખ શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ જણાવ્યું કે, "આજથી આશરે ૫૦ વર્ષ પહેલાં જૈન સમાજની એકતાનો સૌથી પહેલો વિચાર નિડર ચિન્તક અને વિવેચક સ્વ. વાડીલાલ મોતીલાલ શાહને આવ્યો અને તેમણે આપણા મુરબ્બી અને સંસ્થાના પ્રાણરૂપ સ્વ. મણિલાલ મોકમચંદ શાહના સાથપૂર્વક ૧૯૧૭ની સાલમાં પ્રીન્સેસ સ્ટ્રીટમાં આવેલ પીરભાઈ બીલ્ડીંગમાં આ સંયુકત જૈન વિદ્યાર્થીગૃહ ઊભું કરીને જૈનોની એકતાના વિચારને અમલી રૂપ આપ્યું. આ રીતે આ સંસ્થાની થયેલી સ્થાપનાનો હું જાતે સાક્ષી હતો. કેટલાંય વર્ષો સુધી સંયુકત જૈન વિદ્યાર્થીગૃહ જેવું હતું તે મુજબ ચાલતું રહ્યું. પણ ૧૯૫૦ની સાલ પછી મણિભાઈએ આ સંસ્થાના પોતાના મકાન માટે નવો પુરુષાર્થ આદર્યો અને પરિણામે જે મકાનમાં આપણે અહિં બેઠા છીએ તેનું ૧૯૫૪ની સાલમાં ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. આ રીતે આ સંસ્થા જૈન સમાજની એકતાના પ્રતીકરૂપ બની છે. આજે બાજુની ખાલી જગ્યામાં નવા મકાનનો પાયો નાખીને આપણે નવું પ્રસ્થાન શરૂ કરીએ છીએ. આ પ્રસંગે, ગત વર્ષમાં યોજવામાં આવેલ સાંસ્કૃતિક કાર્યક્રમના અવસર ઉપર આ સંસ્થા તરફથી વહેલામાં વહેલી તકે કન્યા છાત્રાલય ઊભું કરવામાં આવશે એવી આપણા તરફથી જાહેરાત કરવામાં આવેલી હતી તે બાબતની આપને હું યાદ આપું તો અસ્થાને નહિ ગણાય. હવે જો એક બે વર્ષમાં આપણે આ સંસ્થાનો સુવર્ણ મહોત્સવ ઊજવવા માગીએ છીએ તો તે અરસામાં આ કન્યા છાત્રાલયની જાહેરાતને મૂર્તરૂપ આપવા માટે આપણે આજથી કટિબદ્ધ થવું ઘટે છે." આમ જણાવીને તેમણે જૈનોની એકતાના પ્રશ્ન ઉપર કેટલુંક વિવેચન કર્યું અને આ બાબતમાં દખલરૂપ બનતા જૈન તીર્થોના ઝગડાઓનો નિકાલ લાવવા માટે જવાબદાર પક્ષોના આગેવાનો ઉપર ઉગ્ર આંદોલન દ્વારા આપણે દબાણ લાવવું જોઈએ એમ તેમણે જણાવ્યું

ત્યાર બાદ શ્રી ફૂલચંદ શામજીએ એકતાના વિચારનું સમર્થન કર્યું, શ્રી ખીમજી માડણ ભુજપુરીઆએ કન્યા છાત્રાલયના વિચારનું જોરદાર અનુમોદન કરતાં જણાવ્યું કે, "આ માટે રૂા. ૫,૦૦૦ આપવાની મેં આગળ ઉપર ઈચ્છા દર્શાવેલી તેના બદલે જો તમે કન્યા છાત્રાલયના વિચારને અમલી રૂપ આપવા માંગતા હો તો

રૂા. ૧૦,૦૦૦ સુધીની રકમ આપવાને હું તૈયાર છું, પણ સાથે સાથે મારા અનુભવના સારરૂપે જણાવું તો આજે કૉલેજમાં ભણતી કન્યાઓ કરતાં હાઈ સ્કૂલમાં ભણતી કન્યાઓ માટે આવા છાત્રાલયની વધારે જરૂર છે અને તેથી તમે તે દિશાએ જે પગલું ભરો તે પહેલું પગલું હાઈસ્કૂલમાં ભણતી બહેનો માટે ભરજો એવો મારો આગ્રહ છે." ત્યાર બાદ શ્રી કપુરચંદ નેમચંદ મહેતાએ આ સંસ્થા દ્વારા ઊભું કરવા ધારેલ કન્યાછાત્રાલયના વિચારને ખૂબ આવકાર્યો અને આ વિચારને જ્યારે પણ અમલ કરવામાં આવે ત્યારે તેમાં સારી રીતે મદદરૂપ થવા તેમણે તત્પરતા દાખવી. ત્યાર બાદ, શ્રી. રિષભદાસ રાંકાએ જૈનોની એકતાના સંદર્ભમાં તીર્થોના પ્રશ્નની છણાવટ કરી અને કેશરિયાજીનો ચુકાદો અને ત્યાર બાદ ઊભી થયેલી પરિસ્થિતિ વિષે વિવેચન કર્યું.

બધી ચર્ચાનો ઉપસંહાર કરતાં પ્રમુખસ્થાનેથી શ્રી ચીમનભાઈએ જણાવ્યું હતું કે "જે એકતાની આપણે વાતો કરીએ છીએ તે એકતા ભાષણોથી નહિ આવે, પણ સંયુકત જૈન વિદ્યાર્થીગૃહ જેવી સંસ્થાઓ ઊભી કરવાથી જ સાચી એકતાની પ્રતિષ્ઠા થશે." આ એકતાના વિચારનો વિસ્તાર કરતાં તેમણે જણાવ્યું કે "એકતાના વિચારને અમલી બનાવવો હોય તો ભાઈ ભુજપુરીઆએ જણાવ્યું તે મુજબ આપણે આવી બાબતોમાં સાધુમુનિરાજો ઉપર આધાર રાખતા બંધ થવું જોઈશે. અલબત્ત, આ મુનિઓનો આપણા સમાજ ઉપર ખૂબ પ્રભાવ છે અને તેઓ ધારે તો જૈનો જૈનો વચ્ચે એકતાની સ્થાપના કરવાની દિશામાં ઘણું કરી શકે તેમ છે. પણ તેમની દૃષ્ટિ અને વિચારણા પ્રાયઃ ભૂતકાળ તરફ વળેલી હોય છે. તેમને વર્તમાન તરફ કેમ વાળવા એ જ મોટો પ્રશ્ન છે. જૈનોની એકતા વર્તમાન યુગની અનિવાર્ય માંગ છે. તેથી આ બાબતમાં આજના મુનિરાજો ઉપર અવલંબિત રહેવાને બદલે જૈન સમાજે સ્વતંત્રપણે તે દિશામાં સક્રિય પગલાં લેવાના રહેશે." ત્યાર બાદ આપણે કેવા સક્રાન્તિકાળમાંથી પસાર થઈ રહ્યા છીએ તેનું તેમણે વિવેચન કરતાં જણાવ્યું કે, "એક કાળે પૂર્વના વિચારોનું પશ્ચિમ ઉપર પ્રાબલ્ય હતું; પછી પશ્ચિમનું પૂર્વ ઉપર પ્રાબલ્ય સ્થપાયું. આજે વળી પૂર્વની અસર પશ્ચિમ ઉપર થઈ રહી છે. આજે ચીન અને ભારત આગળ આવી રહ્યા છે. સમય જતાં ચીન સૌથી વધારે શકિતશાળી દેશ બને તો નવાઈ નહિ." આમ જુદા જુદા વિષયોને સ્પર્શીને આગળ ચાલતાં મુંબઈ શહેરમાં જૈન સમાજના છાત્રાલયો વચ્ચે અનુબંધ ઊભો થવાની જરૂર ઉપર ભાર મૂકીને જણાવ્યું કે "આપણે ત્યાં આજે છ જૈન છાત્રાલયો છે અને તેમાં કુલ લગભગ ૪૫૦ વિદ્યાર્થીઓ લાભ લે છે, પણ આ ભિન્ન ભિન્ન છાત્રાલયોના વહીવટકર્તાઓ વચ્ચે કોઈ અનુસંધાન નથી. આ બધા વિદ્યાર્થીઓ અવારનવાર એકઠા થાય તે માટે કોઈ યોજના નથી. આપણાં છાત્રાલયો વિષે કોઈ સામાન્ય નીતિ નથી. આવું પરસ્પર સંગઠન ઊભું થાય તો વિદ્યાર્થીઓની સગવડ ખૂબ વધી શકે અને વિદ્યાર્થીઓમાં એકતાની ભાવના કેળવાતી રહે." ત્યાર બાદ કન્યાછાત્રાલય અંગે આ પ્રસંગે રજુ કરવામાં આવેલા વિચારો અને ઉદ્‌ગારો અંગે તેમણે ખૂબ સંતોષ દાખવ્યો અને જણાવ્યું કે "ખીમજીભાઈ, કપુરચંદ ભાઈ અને ફૂલચંદભાઈએ આ વિષે જે કાંઈ કહ્યું તેથી હું ખૂબ ઉત્સાહ અનુભવું છું અને કન્યાછાત્રાલય આપણે બહુ ટૂંક સમયમાં ઊભું કરી શકીશું એવી આશા હું અનુભવું છું." અન્તમાં સંસ્થાના કોષાધ્યક્ષ શ્રી ચીમનલાલ પી. શાહે તથા સંસ્થાના અન્ય મંત્રી શ્રી રમણીકલાલ મણિલાલ શાહે આભારનિવેદન કર્યું અને અલ્પાહાર બાદ સંમેલન વિસર્જિત થયું.

અહિં એ જણાવવું અસ્થાને નહિ ગણાય કે જૈન સમાજમાં માત્ર સંયુકત જૈન વિદ્યાર્થીગૃહ જ એક એવી સંસ્થા છે કે જે એક જૈન સંસ્થા હોવા છતાં તેનાં દ્વાર જૈનેતર વિદ્યાર્થીઓ માટે પણ ખૂલ્લાં મૂકવામાં આવ્યાં છે અને આજે તેમાં એક અંધ જૈનેતર વિદ્યાર્થીને પણ દાખલ કરવામાં આવ્યો છે.

એક કર્મઠ યોગીની મંથનપોથી

('ગ્રંથ'ના ગયા સપ્ટેમ્બર માસના અંકમાં પ્રગટ થયેલ "Markings by Dag Hammarskjold "નું અવલોકન)

દાગ હૅમરશોલ્ડની આ વિચારપોથી પૂરી કરી ત્યારે ચિત્તમાં નમ્રતા ઊભરાઈ આવી. આધુનિક ભારતવાસીના મનમાં ઘણીવાર એવો અહંકાર હોય છે કે આપણા જેવા કોઈ આધ્યાત્મિક નથી. પણ અધ્યાત્મચિંતન કોઈ એક પ્રજાનો જ આગવો ઈજારો હોય તો માનવજાતનો વિકાસ કુંઠિત થઈ જાય. સદ્‌ભાગ્યે સ્થિતિ આવી નથી. ખંડે ખંડમાં જીવનવિદ્યાના ઉપાસકોની ધૂણી ધખી રહી છે. હૅમરશોલ્ડની નોંધપોથી આ હકિકતની પ્રતીતિ કરાવે છે.

આબોહવા, ખાનપાન, પહેરવેશ, રહેણીકરણી અને ભૌતિક સુખસમૃદ્ધિમાં અચંબો પમાડે એટલો તફાવત હોવા છતાં કઈ ચીજ સમગ્ર માનવજાતને એક તાંતણે બાંધે છે ? મને લાગે છે કે આત્મસાક્ષાત્કારની મથામણ વિશ્વકુટુંબની પાયાની એકતાનું સૂચન કરે છે. માણસની આજુબાજુની આબોહવા લઈ લો. એનાં ખાનપાન, અને પહેરવેશને ભૂલી જાઓ. એની મોટરગાડી અને ટેલીવિઝનને એક બાજુ મૂકો. આ બધાની બાદબાકી કર્યા પછી થોડી શેષ રહેવાની જ. એને તમે પરમાર્થવૃત્તિ કહો, સામાજિક જવાબદારી કહો કે ધર્મભાવના કહો. આ શેષ એ માનવજાતની આંતર સંપત્તિ છે.

સ્વીડન જેવા સમૃદ્ધ દેશના એક સુખી કુટુંબના બત્રીસલક્ષણા આ નબિરાને ચિત્તની આશાંતિ ક્યારેક ક્યારેક બુદ્ધ ભગવાનના સાંસારિક જીવનનું સ્મરણ કરાવે છે. દુન્યવી સફળતાના ગજે માપીએ તો એમ કોઈ પણ કહે કે પરભવ પેટ ભરીને પુણ્ય કર્યા હોય તો હૅમરશોલ્ડ જેવી કારકીર્દી મળે. તેમનો જન્મ ૧૯૦૫ના જુલાઈની ૨૯મી તારીખે અને મૃત્યુ ૧૯૬૧ના સપ્ટેમ્બરની ૧૮મી તારીખે. આ ૫૬ વર્ષના પ્રમાણમાં ટૂંકા આયુષ્ય દરમ્યાન હૅમરશોલ્ડે અસાધારણ સિદ્ધિ પ્રાપ્ત કરી. એમના પિતા નટ હૅમરશોલ્ડ પહેલા વિશ્વયુદ્ધ દરમિયાન સ્વીડનના વડા પ્રધાન હતા. પણ એમની ખ્યાતિ તો એક વિદ્વાન ન્યાયાચાર્ય અને આધ્યાપક તરીકેની હતી. હૅમરશોલ્ડનું કુટુંબ એટલે રાજપુરુષો અને લશ્કરી અફસરોનું કુટુંબ. દાગ હૅમરશોલ્ડની માતાનું કુટુંબ એટલે પાદરીઓ અને વિદ્વાનોનું કુટુંબ. આમ હૅમરશોલ્ડના લોહીમાં એક સાથે સત્તા અને વિદ્યાની ભૂખ વહેતી હતી. ૧૯૩૦માં અર્થશાસ્ત્ર અને કાયદાનું ઉચ્ચ શિક્ષણ પૂરું કરી એ સ્વીડીશ સરકારમાં જોડાયા. ૧૯૩૫માં એ બેન્ક ઓફ સ્વીડનના સેક્રેટરી થયા અને ૩૬ વર્ષની નાની ઉંમરે ૧૯૪૧માં તે બેન્કના ચેરમેન થયા. લગભગ આઠ વર્ષ એ હોદ્દો સંભાળીને તેઓ ૧૯૪૯માં સ્વીડનના ઉપવિદેશપ્રધાન બન્યા અને બે વર્ષ બાદ એ સ્વીડિશ પ્રધાનમંડળના પૂરા સભ્ય બન્યા. ૧૯૫૨માં હૅમરશોલ્ડે સ્વીડિશ પ્રતિનિધિમંડળના નાયબ નેતા તરીકે સંયુકત રાષ્ટ્રસંસ્થાની મહાસમિતિમાં હાજરી આપી અને એક વર્ષ બાદ એ સ્વીડિશ પ્રતિનિધિમંડળના મુખ્ય નેતા નિમાયા. આ દરમિયાન સંયુકત રાષ્ટ્રસંસ્થાના મહામંત્રી શ્રી લી વિષે બે મહાસત્તાઓ વચ્ચે તીવ્ર મતભેદ ચાલતો હતો. આ ખટરાગનું પરિણામ એ આવ્યું કે પ્રમાણમાં અજાણ્યા હૅમરશોલ્ડને ૧૯૫૩ના માર્ચ મહિનામાં સંયુકત રાષ્ટ્રસંસ્થાના મહામંત્રી તરીકે નીમવામાં આવ્યા. જેમણે આ પુસ્તકનો કુશળતાપૂર્વક અનુવાદ કર્યો છે તે કવિ ઓડનને હૅમરશોલ્ડે એકવાર મજાકમાં કહેલું કે સંયુકત રાષ્ટ્રસંસ્થાના મહામંત્રીનું કામ બિન-સાંપ્રદાયિક પોપ જેવું છે. સાચું કહીએ તો અત્યંત શકિતશાળી, ઉદ્યમી, અતડા અને અપરિણીત હૅમરશોલ્ડ લગભગ હંમેશા પોપ જેવા લાગતા હતા. તેઓ આવા આંતરરાષ્ટ્રીય સેવક ન હોત તો સુએઝ અને હંગેરીની આંધી વચ્ચે સંયુકત રાષ્ટ્રસંસ્થા ભાગ્યે જ હેમખેમ

રહી શકી હોત. સંયુકત રાષ્ટ્રસંસ્થાની સૌથી પ્રથમ શાંતિસેના ઈજિપ્ત અને ઈઝરાયેલની સરહદ વચ્ચે ગોઠવવાનું ઐતિહાસિક કાર્ય કરી બતાવી હૅમરશોલ્ડે એમના ધૈર્ય અને આવડતનો શાંતિભૂખ્યા જગતને સ્વાદ કરાવ્યો. કોંગોની હોળીમાં એ હોમાઈ ગયા. એમની આ નોંધપોથી વાંચનારને એમ લાગશે કે એમણે આવા જ મૃત્યુની ઝંખના કર્યે રાખી હતી.

હૅમરશોલ્ડને કર્મભૂમિમાં રહીને આત્મસાક્ષાત્કાર કરવો હતો. એમણે નોંધ્યું છે કે છેક બાળપણથી એમને એવા સંસ્કાર પડયા હતા કે પોતાના દેશ કે માનવજાતની શુદ્ધ સેવા વિના જીવનમાં શાંતિ કે તૃપ્તિ નહીં મળે. એમની સેવાની કલ્પના એવી હતી કે જરૂર પડયે સર્વસ્વનો ભોગ આપવો, પણ હૃદય-દુર્બળતાને કારણે જીવન-યુદ્ધમાં પીછેહઠ કદી ન કરવી. ૧૯૬૦માં રશિયાએ જ્યારે માગણી કરી કે હૅમરશોલ્ડે રાજીનામું આપી દેવું જોઈએ ત્યારે આ કર્તવ્ય-નિષ્ઠ પુરુષે આવો જવાબ આપેલો : "સૉવિયેટ યુનિયનના પ્રતિનિધિએ મારા રાજીનામાની માગણી કરતી વેળા હિંમતનો ઉલ્લેખ કર્યો છે. રાજીનામું આપવું તે સાવ સહેલી વાત છે. આવા સંજોગોમાં ટકી રહેવું એટલું સહેલું નથી. એક મહાસત્તાની ઈચ્છાને તાબે થવું એ સહેલી વાત છે. એ ઈચ્છા સામે પડકાર ફેંકવો એ એટલી સહેલી વાત નથી." પોતાની માન્યતા માટે બધું હોમી દેવું અને આંધી વચ્ચે અણનમ ઊભા રહેવું–હૅમરશોલ્ડે એમના જીવનમાં આ ભાવના ચરિતાર્થ કરવા પ્રમાણિક પ્રયત્ન કર્યો.

આવો પ્રયત્ન કરવાનો વિચાર કરવો તે પણ જેવી તેવી વાત નથી. કોઈ ઊંડા સ્તરમાંથી શકિત અને શ્રદ્ધા સતત ઝર્યા ન કરતાં હોય તો બાહ્ય જગતના ઝંઝાવાતમાં માત્ર સારી વાતો કરીને કોણ ટકી શકે ? હૅમરશોલ્ડના ચિત્તમાં નિભાડો ધખ્યા કરતો હતો. દુન્યવી સત્તાની ટોચે બેઠેલા આ હોશિયાર માણસ એના આંતર-જીવનના ધમસાણોની નોંધ રાખતા હતા એની કોઈને ખબર ન હતી. હૅમરશોલ્ડ વિષે કોઈ જાણતું ન હોય એને માત્ર આ નોંધપોથીમાંથી તો અણસારો ય ન આવે કે હૅમરશોલ્ડ સ્વીડનના આગેવાન અર્થ-શાસ્ત્રી તથા રાજપુરુષ હતા અને સંયુકત રાષ્ટ્રસંસ્થાના મહામંત્રી હતા. એમના બાહ્ય જીવનનો આ નોંધપોથીમાં કયાંય પડછાયોયે પડતો નથી. હૅમરશોલ્ડ વિષે કશું ન જાણનાર વ્યકિતને એમ લાગે કે કોઈ કર્મવીર અને સાધકની આ મંથનપોથી છે. હૅમરશોલ્ડનો વિચાર એવો ન હતો કે આ નોંધપોથી પ્રસિદ્ધિ પામે. એમના અવ-સાન પહેલાં પાંચેક વર્ષ એમને એમ થયું કે આ ટાંચણોમાં કોઈને કદાચ રસ પડે, પણ એમની હયાતિ દરમિયાન આ અંગત મથામણોનો ધજાગરો કરવાની આ શરમાળ માણસની જરા ય ઈચ્છા ન હતી. એમના મૃત્યુ પછી જે કાગળિયાં મળ્યાં એમાં એમણે એમ જણાવેલું કે આ નોંધપોથી જ એમનું ખરું "રેખાચિત્ર" છે.

હૅમરશોલ્ડ ખાનગીમાં કવિતા લખતા. તે શાંત પ્રકૃતિના કવિ હતા. અને હૈયાની ધમસાણોના પણ ગાયક હતા. એમણે આ નોંધપોથી લખવાની શરૂઆત કરી ત્યારે–લગભગ ૨૫ વર્ષની ઉમરે–જીવનની નેમ નક્કી કરી લીધી હતી.

Smiling, sincere, incorruptible—
His body disciplined and limber.
A man who had become what he could.
And was what he was—
Ready at any moment to gather everything
Into one simple sacrifice.

હસમુખો, સાચો, લાલચમુકત–
એનું શરીર ચપળ અને શિસ્તબદ્ધ.
એ માણસ જે કાંઈ બની શકે તે બન્યો.
અને હતો તે જ રહ્યો–
સાવ સાદા સ્વાર્પણમાં
ગમે તે ઘડીયે
સઘળું હોમી દેવા તૈયાર.

થોડાં વર્ષ બાદ એમણે સ્વાર્પણનું ચિત્ર વધુ સ્પષ્ટ કર્યું :

"We are not permitted to choose the frame of our destiny. But what we put into it is ours. He who wills adventure will experience it—according to the measure of his courage. He who wills sacrifice will be sacrificed according to the measure of his purity of heart."

"આપણા પ્રારબ્ધનું ખોખું પસંદ કરવાનું આપણા હાથમાં નથી. પણ એ ખોખામાં શું મૂકવું તે આપણા હાથની વાત છે. જેનામાં સાહસની સંકલ્પશકિત છે તે તેની હિંમતના પ્રમાણમાં સાહસનો સ્વાદ પામશે. જેનામાં સ્વાર્પણની સંકલ્પશકિત છે તે તેની નિર્મળતાના પ્રમાણમાં ભોગ આપી શકશે.

એમણે એક કાવ્યમાં એમ પણ કહ્યું છે કે જ્યારે માણસ પોતે ભોગ બનવા તલપાપડ થાય છે ત્યારે ઈશ્વર પોતે જ આવી વ્યકિતનાં ખોળિયામાં પ્રવેશે છે. પણ સ્વાર્પણ વેળાએ હૃદય રીઢું ન થવું જોઈએ. શહીદ શહાદત સમયે હૃદયની કુમાશ ગૂમાવી બેસે તો સ્વાર્પણનો શો અર્થ ? સ્વાર્પણનો હેતુ તો એ હોય કે જીંદગી બીજાને માટે વધુ જીવવા જેવી બને.

અનાસકિતથી શુદ્ધ સેવા કરતાં કરતાં જીવનને કઈ રીતે અર્થપૂર્ણ કરવું ? વાત મુશ્કેલ છે પણ કામ કરવા જેવું છે.

"What I ask is absurd : that life shall have a meaning. What I strive for is impossible: that my life shall acquire a meaning."

"જીવનનો કોઈ અર્થ હોવો જોઈએ એવી મારી માગણી બેહૂદી લાગશે. મારું જીવન અર્થપૂર્ણ બને એવી મથામણ મૃગજળ પાછળ દોડવા જેવી છે."

અપૂર્ણ

વાડીલાલ ડગલી

વણિક સેનાપતિ

વનરાજ રાજ્યની માટે યોગ્ય સ્થાન શોધતો હતો. એને ભરવાડ અણહિલ્લ સાખડે પૂછ્યું કે 'શું જુઓ છો ?' 'નગરનિવેશને લાયક શૂરભૂમિ ગોતીએ છીએ,' એમ એને કહ્યું એટલે એ કહે, 'નવી સ્થાપવાની નગરીને જો મારું નામ આપો તો સરસ જગ્યા બતાવું.' વનરાજ કહે, 'ભલે.' એટલે જ્યાં સસલાએ કૂતરાને બીવરાવ્યો હતો તે ઠેકાણું અણહિલ્લે બતાવ્યું :

यावती भूः शशकेन उच्छासिता (शशकेन श्वा त्रासित:) तावतीं भुवं दर्शयामास। (मेरुतुंग: प्रबंध चिंतामणि).

ત્યાં સંવત્ ૮૦૨ના વૈશાખ શુદિ ૨ ને સોમવારે વનરાજે અણહિલ્લપુર–પાટણનાં તોરણ બાંધ્યાં, પોતાનો રાજ્યાભિષેક કરાવ્યો, અને જંબ નામે વણિકને મહામંત્રી બનાવ્યો.

આ જંબ પણ કોઈ સામાન્ય વાણિયો નહોતો. વનરાજ જ્યારે બહારવટે ચડ્યો હતો ત્યારે તેના ત્રણ માણસે જંબને વનવગડામાં રોક્યો હતો. ચોર ત્રણ જ છે એમ જોઈને જંબ પાસે પાંચ બાણ હતાં તેમાંથી તેણે બે ભાંગી નાખ્યાં. ચોરે પૂછ્યું, 'કેમ ભલા ?' એટલે જંબ કહે, 'તમે ત્રણ જણ છો એટલે બે બાણ નકામાં હતાં.' પછી તો એણે હાલતાં વેધ વીંધી બતાવ્યાં, એટલે એને વનરાજ આગળ લઈ ગયા. એની ધનુર્વિદ્યા જોઈને વનરાજ આશ્ચર્ય પામ્યો ને કહે, 'મારો પટ્ટાભિષેક થાય ત્યારે તમે મારા મહામંત્રી બનજો.'

જંબ પછી તો ધનુર્ધારી વણિકની પરંપરા ચાલી. પહેલા ભીમદેવના સમયમાં વિમલ, બીજા ભીમદેવના કાળમાં આબૂ નામે શ્રીમાળી વણિક જે રાણાંગણ ઉપર પ્રતિકમાણ કરતો (ચંદ્રરાજ ભંડારી :

ભગવાન્ મહાવીર, પા. ૩૦૪) અને વચ્ચે કુમારપાલના સમયમાં સોરઠના રાજા સમરસેનને હરાવનાર ઉદયન મંત્રી ને કોંકણના રાજા મલ્લિકાર્જુનને હરાવનારો ઉદયનસુત અંબડ (વિજયલક્ષ્મીસૂરિ: ઉપદેશ-પ્રાસાદ ૪, ૩૬૯, ૩૭૫) સેનાપતિપદે હતા.

વિમલના અચૂક લક્ષ્યવેધ વિષે મુનિ લાવણ્યસમયના* વિમલ-પ્રબંધમાં વિલ્યમ ટેલની વાર્તાનું સ્મરણ કરાવનારી વિગત આપી છે :

૧. બાળ સુવરાવું કરી સાથરો,
પેટે પાન અટ્ઠોતેર ધરું,
કહો તેને વીંધું મનરંગ,
બાણ ન લાગે બાળકઅંગ.

૨. કળા દેખાડું અવર પ્રકાર,
વલોણું વલોવે નાર.
ઝબકે વીંધાઈ જાય ઝાલ,
ખસરકો નવ લાગે ગાલ.

૩. જાઓ ને જોઈ આવો બાણ,
પહોંચે ગાઉ પાંચ પ્રમાણ (૬ : ૨૩-૨૬).

વિમલની આ કળા 'ભીમતણે મન ભારે વસી' ને એને પાંચસો ઘોડેસ્વારનો ઉપરી દંડનાયક બનાવ્યો.

વિમલ વિરુદ્ધ ખટપટિયાએ રાજા ભીમના કાન ભંભેર્યા. વાઘને છુટ્ટો મૂકીને એને ઠેકાણે પાડવા તથા એક પ્રસિદ્ધ મલ્લ સાથે યુદ્ધ કરવા વિમલને કહ્યું, પણ એકે પ્રસંગે વિમલને ઊની આંચ ન આવી, એટલે વિમલના બાપદાદાના કાળનું રાજ્યનું લોણું કાઢ્યું.

છપ્પન કોટિ ટંકા ઘર ભરો, કે આવીને લેખું કરો (૭-૬).

આથી વિમલ કાઈ ગયો ને ચન્દ્રાવતીનગરી વસાવીને ત્યાં રહ્યો. ત્યાંથી તેણે રોમનગરી (૭-૬૪) ઉપર ચઢાઈ કરી ને ત્યાંના બાર સુલ્તાનને હરાવ્યા, જેણે 'આપ્યા દંડ જે ઘોડા હાથી ટંકા કોટિ જ ચાર' (૭-૧૦૦).

એવી જ રીતે એણે સિંધમાં નગરઠઠાના રાજા બંભણિયાને પણ હરાવ્યો. પછી 'રૂપનગર ને ઠઠા થકી વર્ષે વર્ષે આવે ખિદમતી' (નજરાણું ૮-૮૨).

એક સાધુ ચન્દ્રાવતી આવ્યા. એની પાસે સ્વપ્રમાદનિવેદનરૂપ આલોચના વિમલે કરી એટલે

ધર્મઘોષસૂરિ બોલે હસી, 'તુજ આલોયણ આપું કિસી?
મહારંભ કીધા લખ કોડિ, આલોયણ દેતાં અમ-ખોડિ (૯-૧૬૬).
પણ આગમે કહ્યું છે તોય, મિથ્યાદષ્ટિ થાનક હોય;
ત્યાં જિનમંદિર કિમ્હે કરાય તો નરવર આરાધક થાય (૧૬૭).'

એટલે વિમલે ત્રણ દિવસના ઉપવાસ કરી અંબાજીનું ધ્યાન ધર્યું. અંબાજી પ્રત્યક્ષ થયાં ને બોલ્યાં,

માગો વર, તમ તૂઠી સહી (૧૯૫).

વિમલે 'પહેલો વર માગ્યો પ્રાસાદ' (મંદિર) (૧૯૫) ને 'બીજો વર માગ્યો એક પુત્ર' (૧૯૬). પણ અંબાજી કહે,

કે સુત કે પ્રૌઢ પ્રાસાદ, બે વરનો, વત્સ, મ કરીશ વાદ.

વિમલે પોતાની પત્ની શ્રીદેવીને કહ્યું,

કહો તો સુત માગું વરલબ્ધ, કહો તો જિનપ્રાસાદ પ્રસિદ્ધ. (૧૯૭),

પત્ની કહે, 'સુત માગ્યે વાધે સંસાર. વળી દીકરો કલદીપક થાય કે પછી દીકર્યો કુલાંગાર થાય એ કોણ જાણે? એટલે

વેગે કરી માગો પ્રાસાદ (૨૦૦).'

અને સંવત્ ૧૦૮૮માં વિમલવસતિની પ્રતિષ્ઠા થઈ.

મંડપે મંડપે માંડિયા સોળ સોળ જે થંભ,
થંભે થંભે પૂતળી, નૃત્ય કરંતી રંભ (૯-૨૨૨).

* * *

પરમાનંદભાઈને હું મળું ત્યારે અમારી ગોઠડી ચાલતી હોય ત્યાં હું ટેબલ ઉપર ચોપડીઓ પડી હોય તેનું સવેક્ષણ કરું ને કોઈ ચોપડી જોવા જેવી લાગે તો લઈ જાઉં. આમ ધીરુભાઈની ચોપડી મારા હાથમાં આવી. એટલે ૧૯૨૬માં શ્રી નગીનદાસ અમુલખરાયની પ્રેરણાથી હું જૈનસાહિત્ય જે હાથમાં આવે તે જોતો હતો ત્યારે (શ્રી મણિલાલ વ્યાસનો) વિમલપ્રબંધ જોયો હતો એનું પુનર્દર્શન થયું ને ઉપલો લેખ લખવાનું બન્યું.

એ તો જાણે ઠીક, પણ પરમાનંદભાઈ ઉપર ધીરુભાઈની ચોપડીનું અવલોકન કરવાનો ભાર છે તેય મારે યથાશક્તિ ઉતારવો આવશ્યક છે.

ધીરુભાઈએ એક તો વિમલપ્રબંધનો શુદ્ધ પાઠ પાઠાન્તરસહિત ૨૩૬ પાનાંમાં આપ્યો છે ને ઉપોદ્ઘાતરૂપે ૧૬૦ પાનાંનો મહા-નિબંધ જોડ્યો છે. તેમાં લાવણ્યસમયનું જીવન તથા કવન, વિમલનું જીવન, વિમલપ્રબંધનું મૂલ્યાંકન, સાર, સમાજદર્શન તથા ભાષા—આવા આવા વિષયની ચર્ચા કરી છે.

ભાઈએ ઘણો પરિશ્રમ કર્યો છે, પણ લાવણ્યસમય વસ્તુ ઉપર નહિ પણ જૂના ગ્રંથો ઉપર આંખ ફેરવીને કાવ્ય રચે છે એ વાતનું ધ્યાન નહિ રહેવાથી સમાજનું યથાતથ દર્શન કરવામાં ભાઈને ક્યાંક ક્યાંક સફળતા નથી મળી. જેમ કે, ચોથા ખંડના ત્રીસમા શ્લોકમાં સમાજની વસ્તુસ્થિતિનું વર્ણન નથી, પણ એક સંસ્કૃત સુભાષિતનું ભાષાન્તર જ છે :

लालयेत् पञ्च वर्षाणि दश वर्षाणि ताडयेत् ।
प्राप्ते तु षोडशे वर्षे पुत्रं मित्रं समाचरेत् ।।

વિમલને પાંચ વર્ષ પૂરાં થયે નહિ પણ પાંચમે વર્ષે નિશાળે બેસાડ્યો હતો (૪-૨૫). કન્યાવિક્રયની 'પદ્ધતિ ચાલુ હતી' એમ નહિ પણ 'કોક કોક માબાપ કન્યાવિક્રય કરતાં' એમ કહેવું જોઈએ. ગાળ્યા વિનાનું પાણી તો જૈનેતર પણ ન વાપરે, કેમકે એમાં તો આરોગ્યની રક્ષાની વાત છે, પણ 'કપડાં ન ધુએ અણગળ વારિ' (૩-૧૧૫), આવું તો એક કુમારપાળ કરતા હોય તો કરતા હોય. સુપ્રભાત શબ્દ પ્રભાતિયાંમાં વપરાય છે, અંગ્રેજના good morning અથવા આપણા રામ રામ કે જે જે પ્રમાણે નહિ (ચૂલિકા ૧૦૬). કોટિધ્વજ ધજાગરો ચડાવે ને કોટિધ્વજને પડખે રહે તેનું ઐતિહાસિક પ્રમાણ કાંઈ છે? વણિક્પુત્ર વિરાટ્ પુરુષના હૃદયથી ઉત્પન્ન થયા એમ કહીને લાવણ્યસમયે પુરુષસૂક્તમાં રમણીય સુધારો કર્યો છે ને વાણિયા ને કણબીનું માન વધાર્યું છે :

'વૈશ્ય હૃદય ઉત્પત્તિ વખાણ' (૨-૮૦).

ભાઈએ વાણિયા ને મહેતાનું સમીકરણ કર્યું છે તે બરાબર નથી. મહેતા માનસૂચક શબ્દ છે ને એને અમુક નાત સાથે સંબંધ નથી. આજ પણ નાગરમાં ને પારસીમાં પણ મહેતા છે ને સાર્વત્રિક વિદ્યા-ગુરુ મહેતાજી કહેવાય છે (૨-૪૭). દ્રોણ ને ધનુષનાં માપ ચાલુ વ્યવહારમાંથી નહિ પણ ચોપડીઓમાંથી લીધાં છે (ઉપોદ્ઘાત પા. ૧૨૯). આધારગ્રન્થના સંક્ષેપની ટીપ છાપવાની રહી ગઈ લાગે છે. ગાંધીજીનું નામ મોહનલાલ લખ્યું છે તે સારું ન લાગ્યું.

અંતે વિમલ **મંત્રીના ચરિત્ર ઉપર ફરી આંખ ફેરવવાની તક આપી તે માટે મારે ધીરુભાઈનો પાડ માનવો જોઈએ.

દેસાઈ વાલજી ગોવિન્દજી

---

*ધીરજલાલ ધનજીભાઈ શાહ : વિમલપ્રબંધ (ગુજરાતી સાહિત્ય સભા).

**માગણ મનવાંછિતદાતાર, કરે નિરંતર પરઉપકાર:
ત્રિભુવન તેજ તપંતો ધીર, પરનારીનો પ્રકટ્યો વીર (૮-૧૧૪).
સંવત્ પંદર અડસઠે વડો રાસવિસ્તાર (ચૂલિકા. ૯૫).

આવા સ્વરાજ્ય માટે હું લડ્યો નહોતો!

ભાવિના ગર્ભમાં નજર પહોંચે છે ત્યાં સુધીમાં તો મને એમ વરતાય છે કે આપણો દેશ હવે બે ભાગમાં વહેંચાઈ જવાનો. એક બાજુ હશે સર્વસત્તાધીશ સરકારી અમલદારો, જ્યારે બીજી બાજુ હશે જેમને નાગરિક તરીકે લેખી શકાય નહિ તેવા નિઃસહાય પ્રજાજનો. સત્તાવાળાઓ જુલમ કરે, કરવેરા ઉઘરાવે, બીજી પણ ખરી ખોટી રીતે પૈસા પડાવે એ બધાંને તેઓ જીવનના એક સર્વસાધારણ ક્રમ તરીકે લેખતા થઈ જશે. એ બધું તદ્ન ખરું છે, બિલકુલ વ્યાજબી છે એમ જ તેઓ માનતા હશે.

હું જાણું છું કે કોઈને કંઈ કામ કરાવવું હોય તો પૈસા વેર્યા વગર તે થઈ શકે જ નહિ એમ આજે લોકો સ્વાભાવિક રીતે માનતા થઈ ગયા છે. વર્ષોનાં વર્ષો સુધી અદાલતમાં કેસ ચાલ્યો હોય તે વિષે જાણે કંઈ ન હોય તેમ સહજભાવે લોકો વાત કરે જ છે ને કે 'કેસની અમુક તારીખે મુદત પડી!'

સામાન્ય માનવીની અસહાયતા જોઈ મારા મનમાં શું નું શું થઈ જાય છે, કેવો રોષ ચઢી આવે છે તે હું કહી શકતો નથી. નાતજાતની વાત કરવી એ આજે ગુના બરાબર છે. પરંતુ મને લાગે છે કે સર્વસત્તાધીશ સરકારી અફસરોના વાડા પડી જશે. આજે પણ આપણે ત્યાં પહેલાથી માંડીને ચોથા વર્ગના અધિકારીઓની શ્રેણી તો અસ્તિત્વ ધરાવે જ છે. જૂના જમાનામાં ભારતમાં વિવિધ જ્ઞાતિના લોકોને વિધ વિધ હક્કો તેમજ સત્તાઓ મળતાં. સરકારી અધિકારીઓને પણ એવી જ જાતની સત્તા તથા હક્કો મળેલાં હોય છે. આ બધાં ઉપરાંત રાષ્ટ્રપતિ, રાજ્યપાલ તથા પ્રધાનો જેવા મહામાનવો પણ હોય છે, જેમનું વર્ચસ્વ બધા પર ચાલે છે અને કાયદા તો તેમને જાણે કોઈ સ્પર્શતા જ નથી.

હમણાં કોઈક ફરિયાદ કરતું હતું કે પરદેશથી પરત આવતા લોકોને દેશના જકાતખાતા તરફથી ભારે તકલીફ વેઠવી પડે છે. પરદેશથી વસવાટ કરી વતન પાછા ફરતાં હરખ થવાને બદલે એ પ્રસંગ ઉલટો ત્રાસજનક થઈ પડે છે. ફરિયાદ સાંભળી લાગતા-વળગતાં ખાતાના પ્રધાનશ્રી ધૂંવાકુંવાં થઈ ગયા હતા અને વાયુ પ્રવચન કરી તેમણે જડબેસલાટ જવાબ વાળ્યો હતો કે જકાત ખાતું જે કંઈ કાર્યવાહી કરે છે તે સૌના સારા માટે જ છે.

થોડા વખત પર મારી ભત્રીજી અમેરિકાથી અહીં ભારત આવી. જકાત ખાતાએ એની શું વલે કરી છે! તેનો બધો સર-સામાન ફેંદી વેરવિખેર કરી નાંખ્યો. ચીજ વસ્તુઓ પાછી પેટીઓમાં ભરવાની તો કોઈને પડી જ ન હતી. બિચારીની આંખે પાણી આવી ગયાં. એકલા હાથે તેને ચીજવસ્તુઓ ફરી ગોઠવીને મૂકવી પડેલી. જકાત ખાતાના કોઈ પણ માણસને ઉતારુનો સામાન એવી રીતે તપાસવાની સત્તા ન હોવી જોઈએ. હું મુંબઈમાં રાજ્યપાલના પદે હતો ત્યારે આ જ છોકરી પરદેશથી ભારત પાછી આવી હતી અને ત્યારે તેને લેવા હું હવાઈ મથકે ગયો હતો. તે વેળાએ એને કશી તકલીફ નહોતી નડી. જકાતવાળાએ રાજ્યપાલને જોયા એટલે તે માલસામાન લાવેલી તેની યાદી જકાત અધિકારીએ તરત માન્ય રાખી અને જે કંઈ જકાત લેવાની થતી હતી તે વસુલ કરી લીધી.

પરંતુ આ વખતે એવો કોઈ અધિકારી આ છોકરીને લેવા આવેલો ન હતો. એટલે જકાતવાળાઓએ તો તેના બાર વગાડી દીધા. સંબંધ ધરાવતા પ્રધાનશ્રીને આ બનાવમાંથી ચાહે તેટલો આત્મસંતોષ મેળવવાની છૂટ છે.

મારા પૂજ્ય પિતાશ્રી તથા પ્રિય પુત્રના દુઃખદ અવસાન થવાથી, હું રાજ્યપાલ હતો તે દરમ્યાન, મારે સંપત્તિવેરા ખાતાના અમલદારો સાથે કર્મસંજોગે કામ પાડવું પડ્યું હતું. મને બધી જાતની સગવડ કરી દેવામાં આવી હતી. સઘળાં રિટર્ન સ્વીકારી લેવામાં આવ્યા અને જે વેરો ભરવાનો થતો હતો તે મેં ભરી દીધો. હતો. એ રીતે આ દુઃખદ કાર્ય મારે માત્ર થોડાંક જ અઠવાડિયામાં પતી ગયું હતું.

ગવર્નરપદેથી હું ફારેગ થયો ત્યાર બાદ, મારો એક પિતરાઈ ગુજરી જતાં વળી એની એ જ સંપત્તિ માટે મેં સંપત્તિવેરાને લગતા ખાતા માટે રિટર્નો ભરી મોકલ્યાં. આંકડાઓ તો બધા અગાઉની માફક જ હતા, છતાં સત્તાવાળાઓ તે કેમે ય ન માને. એ આંકડાઓ સ્વીકારાવતા અમારા પરિવારને જે મુશ્કેલી પડી છે તેની વાત ન પૂછો. અગાઉ હું ગવર્નર હતો ત્યારે વારસા સર્ટિફિકેટો મેળવવામાં મને જરા ય મુશ્કેલી નડી ન હતી, જ્યારે હવે તકલીફોનો કંઈ પાર ન હતો. કેસનો નિકાલ લાવવાને બદલે ન્યાયાધીશ નિયત સમય કરતાં અદાલત વહેલી બરખાસ્ત કરી દે, અને કેસની મુદત પડે મહિનાઓ પછીની.

આ કિસ્સામાં અમારે ભારે વ્યાજ ભરીને એક લાખ રૂપિયા રીતસર ઉછીના લેવા પડેલા, કારણ થોડા અઠવાડિયામાં પતવાને બદલે આ કેસ વર્ષોથી પણ વધારે વખત ચાલ્યો. કેસની વિધિ પતાવવા પાછળ પૈસા તો ખરચવા જ પડે ને! તે સિવાય સંપત્તિવેરો ભર્યાનું સર્ટિફિકેટ મળે નહિ.

સંપત્તિવેરાવાળાઓએ કંઈ કેટલીક વાર દોડાવ્યા. સંપત્તિ વેરા તરીકે રૂા. ૫૦ હજાર ચૂકવ્યા બાદ બીજા દસ હજાર રૂપિયા વારસા સર્ટિફિકેટ મેળવવા પાછળ ખર્ચાયા. ઉપરાંત બીજો પણ કેટલોક ખર્ચ થયો. કારણ કે, મરનારની મિલકત અમારા હાથમાં ન હતી.

એ કંઈક અચાનક ગુજરી ગયેલો. વારસાનામું કંઈ ભરેલું નહિ. વારસા સર્ટિફિકેટ વગર નાણાં ધીરવા બેન્કો તૈયાર નહતી. સંપત્તિ-વેરો ભર્યાનું પ્રમાણપત્ર મળે તો જ વારસા સર્ટિફિકેટ મળે તેમ હતું. પણ સંપત્તિવેરાને લગતા ખાતાના અધિકારી કોઈ રીતે સંતોષાય એમ ન હતું.

પછી વારો આવ્યો વીમાના પૈસા મેળવવાનો. મારા સદ્ગત પિતરાઈએ પોતાનો વીમો ઉતરાવ્યો હતો. વીમાવાળા લોકોએ પણ વારસા સર્ટિફિકેટ હોવું જ જોઈએ તેવો આગ્રહ રાખ્યો; કારણ મર-નાર જવાન પોતાના મૃત્યુ બાદ પોલીસીના નાણાં કોને મળે તેની નોંધ પોલીસીમાં કરાવવાનું ભૂલી ગયેલો. આખરે વારસા સર્ટિફિકેટ તો મળ્યું, પણ વીમાવાળાઓએ જે ચેક મોકલ્યો તેનાં નાણાં ચૂકવવા સ્ટેટ બેન્ક તૈયાર ન હતી. કહે કે ચેક પર સહી કરવાનો મને હક્ક જ નથી. એટલે વળી પાછો પત્રવ્યવહાર ચાલ્યો. પછી વીમાની રકમ અમારે ત્યાં હાથ આવી અને એમ દેવું ચૂક્યું.

વીમા કંપનીનો વહીવટ જો ખાનગી માલિકોના હસ્તક હોત તો ઉપર જણાવ્યા મુજબનો ચેક આપવા બદલ તેના પર કંઈ ન વીતત. પણ અત્યારે તો વીમા કંપનીનો વહીવટ જાહેર ક્ષેત્ર કરે છે એટલે આ બધું ચાલે છે. ધી લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન વર્ષે ૩૮ કરોડ રૂપિયાનો નફો બતાવે છે. સંભવ છે કે તેને કંઈ કરવેરા ભરવા પડતા નહિ હોય. 'જીવન દીપ'નાં મકાનોનું ઉદ્ઘાટન કરતી વખતે આપણા સદ્ગત વડા પ્રધાન તેમ જ અન્ય પ્રધાનોએ આ કોર્પો-રેશનના વહીવટકર્તાઓની પ્રશંસા કરવામાં કંઈ મણા રાખી નહોતી. પરંતુ નાણાં ચૂકવવામાં ઢીલ કેમ થાય છે, ચેકો અપાય છે તે સ્વીકા-રાતા કેમ નથી તથા વીમાનાં નાણાં મેળવવાની કાર્યવાહી ઘણી મુશ્કેલ તથા ખર્ચાળ હોઈ કેટલીય પોલીસીના નાણાં પગાર થયા વગર વીમા કોર્પોરેશનમાં જ કેવી રીતે રહી જાય છે—આ બધું કોઈને પૂછવાનું સૂઝતું નથી.

વીમા કોર્પોરેશનના અધિકારીઓને સૂઝતું નથી કે વીમો ઉતરાવનાર પ્રત્યેક વ્યકિત પોતાની હયાતી બાદ વીમાનાં નાણાં કોને

મળે તે અંગે પોલીસીમાં અચૂક નોંધ કરાવે એ તેણે જોવું જ રહ્યું, જેથી આગળ ઉપર કોઈ તકલીફ ન થાય. ચૂકવવાના થતાં નાણાં સત્વર પગાર કરવાની એમની ફરજ છે એ તો તેમને ખ્યાલમાં જ આવતું નથી. ૩૮ કરોડ રૂપિયાના જંગી નફાથી સરકાર ભલે રાજી થાય, પણ જેમની દશા કફોડી થઈ હોય તેઓને એનાથી શું હરખ થાય?

અત્રે મને કાશી વિદ્યાપીઠના એક આચાર્યનો જૂના જમાનાનો એક કિસ્સો યાદ આવે છે. એ આચાર્યનું અચાનક અને અકાળે અવસાન થયું. એણે રૂ. ૨૦૦૦નો વીમો ઉતરાવેલો, એના નાણાં ચૂકવવા વીમા કંપનીવાળા ખુદ બનારસ આવેલા અને મેં મરનારનાં પત્ની આ જ બાઈ છે એ જાતની ઓળખ આપી તેટલા પરથી તેમણે ત્યાં ને ત્યાં જ એ બાઈને વીમાની રકમ ચૂકવી દીધી.

પરંતુ આ જગાએ જો બાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન પાસેથી નાણાં લેવાનાં હોત તો વીમાની રકમ કોર્પોરેશન પાસે જ રહી જાત, કારણ, વારસા સર્ટિફિકેટ મેળવવા પાછળ તેને વીમાની રકમ કરતાં વધારે નહિ તો એટલાં નાણાં તો ખર્ચવા જ પડત.

સરકારી કર્મચારીઓમાં નાનેથી માંડીને છેક મોટા સુધીના સૌ કોઈને હક્કો હોય છે, અમુક નિશ્ચિતપણું હોય છે, પરંતુ ફરજ તો તેમને કશી બજાવવાની હોતી જ નથી. ઈચ્છા ન હોય અને ફરજ ન બજાવે તો ય ચાલે છે. એને કોઈ કંઈ પૂછી શકતું નથી. પૂછવાની કોઈ હિમત કરે તો એ કહેશે કે હું આ ચાલ્યો હડતાળ પર. આવકવેરો ભરવાને પાત્ર હોય એવી વ્યક્તિએ નોટીસ મળતાં જ ટેક્સ ગમે તેટલો હોય તો પણ તે તરત ભરી દેવો પડે છે. પણ આવકવેરા ખાતાના અધિકારીઓ વર્ષો સુધી કેસ ન પતાવે તેનું કંઈ નહિ. શિક્ષાની ધાક આપી સઘળી જાતના વેરાઓ વસુલ કરી શકાય છે, કરવામાં આવે છે, પરંતુ સામાન્ય નાગરિકોને રાહત તો કશી જ મળતી નથી. કંઈ ફરિયાદ હોય તો કોર્ટે જઈ શકો છો એમ એને કહેવામાં આવે છે. કેમ જાણે અદાલતે જવાનું કામ ઝાઝ આસાન ન હોય!

વિધાનસભામાં ખુદ સરકાર તરફથી કરવામાં આવેલાં નિવેદનો અનુસાર પોસ્ટ ઓફિસની સેવિંગ્સ બેન્કનાં ખાતાઓમાં બાર કરોડ રૂપિયા એવા છે કે જે કોના જમે છે તે કળી શકાયું નથી. કોઈ પણ પ્રતિષ્ઠિત શરાફ કોને કેટલા પૈસા ચૂકવવાના છે તે શોધી કાઢતો હોય છે, પણ સરકારને તો જાણે એવી કોઈ ફરજ નથી, ફરજો બધી આમ જનતાના ભાગે આવેલી છે, હક્કો એને કશા નથી.

સમાજવાદી સમાજરચનાનો પ્રચાર કરનારાઓ તથા માનવી માનવી વચ્ચે પોતે સમાનતા સ્થાપી રહ્યા છે એવો દાવો કરનારાઓ યોગ્ય પ્રકારના ચશ્મા ચઢાવી જોઈ લે કે ખરી પરિસ્થિતિ કેવી છે! પચાસ પચાસ વર્ષના જાહેર જીવન બાદ આજે જ્યારે હું જોઉં છું કે સામાન્ય માનવીની કેવી અવદશા થયેલી છે. અને સરકારી કર્મચારીઓને કેવી કેવી સત્તાઓ આપવામાં આવેલી છે ત્યારે મારું દુ:ખ અતિ તીવ્ર બની જાય છે.

આવું સ્વરાજ્ય મેળવવા હું ઝઝુમ્યો ન હતો. દુખિયારા મારા આ દેશમાં જે કંઈ થઈ રહ્યું છે તે જોવા હું જીવતો રહ્યો છું એ બદલ મને ગ્લાનિ નિપજે છે. રાજકર્તાઓને મારે એટલું જ કહેવાનું છે કે જેમણે આત્મસન્માન પુરેપુરું ગુમાવેલું છે, લાંચ લેવી ને દેવી તેને જેઓ સાધારણ જીવનક્રમ લેખે છે તથા જેઓ એવી માન્યતા સેવતા થઈ ગયા છે કે કાં તો આપણે સરકારમાં દાખલ થઈ બેજવાબદાર સત્તા ભોગવવી અથવા શોષણખોરી તથા હીનવૃત્તાનો ભોગ બનેલાઓના વર્ગમાં ભળી જવું. એવા લોકો પર રાજ્ય ચલાવવામાં ય શો સ્વાદ છે?

(ગુજરાતી ડાયજેસ્ટ) શ્રીપ્રકાશ

મહાપ્રસ્થાનના પથ પર : ૯

બીજે દિવસે પાછો રસ્તો કાપવો શરૂ કર્યો. બ્રહ્મચારી ચાલતો હતો. અઘોરબાબુ આગળ જતા હતા. એમની સાસુ ને પત્ની પણ ધીમે ધીમે ચાલતાં હતાં. અમારી મૈત્રી અને આત્મીયતા ગાઢ બનતી જતી હતી. અઘોરબાબુ પણ ખૂબ આનંદમાં હતાં, ને એમની પત્ની જાણે મારી મોટી બહેન હોય એમ વ્યવહાર કરતી હતી. એની આંખમાં ને મુખપર સ્નેહભર્યું હાસ્ય હતું. વાતચીતમાં આત્મીયતા હતી. બન્ને હાથમાં ભાઈની સેવા ને કાળજી હતાં. એના સાથમાં કોઈને પણ સૌભાગ્યનો અનુભવ થાય. છતોલી અને મડચટ્ટી પાર કરીને મધ્યાહ્નના તડકામાં થાકેલા એવા અમે તે દિવસે રામપુર ચટ્ટીમાં આવી પહોંચ્યા.

પણ એકાએક આપત્તિ આવી ચઢી. અઘોર બાબુના સાસુના પગમાં એક મોટો ફોલ્લો ઉપસી આવ્યો હતો. એને ચાલતાં બહુ જ કષ્ટ થતું હતું. બધા જ ખૂબ મૂંઝાયા. આ બાજુ એક બીજી આફત આવી ચઢી. બ્રહ્મચારી ને અઘોરબાબુ નીચે ઊભેલા હતા. ત્યાં વાતો કરતા એકદમ ઝઘડી પડયા. વાતો કરતાં કરતાં અઘોરબાબુએ બ્રહ્મચારીની તરફ કાંઈ વ્યક્તિગત કટાક્ષ કર્યો. બ્રહ્મચારી આમ તો આળસુ હતો ને આરામપ્રિય હતો. જમવા સિવાય એ ભાગ્યે જ દેખાતો હોય. બ્રહ્મચારીના સ્વમાનને આઘાત લાગ્યો. એણે ક્રોધમાં કહ્યું, "હું કોઈની પરવા કરતો નથી સમજ્યા! તમે મને ખાવાનું આપો છો, તેનો અર્થ એ નહિ, કે તમને મારું અપમાન કરવાનો હક્ક મળી ગયો છે."

અઘોરબાબુએ કહ્યું, "તમારા જેવા તો બહુ જોઈ નાખ્યા." એટલે બ્રહ્મચારી ચાલી જવાને તત્પર થયો. ભગવાનમાં એને પૂરો વિશ્વાસ છે, એટલે એને તો ભગવાન સંભાળી લેશે, એમ કહીને એ પોતાનાં ગાંસડાં પોટલાં બાંધવા લાગ્યો. મારે પણ જવું જ પડશે. એક તો રોજ આટલો રસ્તો કાપવો એ મારાથી બને એમ નહોતું. બીજું, બ્રહ્મચારીને છોડી જવો એ પણ મારે મન મુશ્કેલ હતું. રાંધવા કરવાનું મેં પતાવ્યું હતું. બ્રહ્મચારીએ આજે ખાવાની ના કહી, નીચેના દુકાનવાળાને ત્યાંથી લોટ લઈને એને પાણીમાં મેળવીને એણે ખાઈ લીધો ને બોલ્યો, "હું તમારી રાહ જોઉં છું. તમે તમારું કામ પતાવી લો, નહિ તો દાદા આગળ ચાલો. શું કહો છો?"

મને લાગ્યું, કે અહીં એક ક્ષણ પણ એ રહેવા ઈચ્છતો નથી. ક્રોધથી એ કાંપતો હતો. મેં કહ્યું "જેમ સગવડ હોય એમ કરીએ."

એ ઘોર ધખતો કઠોર દિવસ આજે પણ મને બરાબર સાંભરે છે. ભોજન વગેરેથી પરવારી નિરૂપાય થઈને હું વિદાય લેવા ગયો. અઘોરબાબુએ દુ:ખી થઈને કહ્યું, "તમે જો અમારી સાથે હો તો અમને ખૂબ આનંદ આવે. એ જાય છે તો એને જવા દો. જો કે, તમારે ઉતાવળ છે એ ખરું. શું કરીએ તમે જ કહો. એમને માટે આસ્તે આસ્તે....."

મા અને દીકરીની પાસે વિદાય લેવા ગયો. જરા અંદર જઈને જોયું, તો તેઓ ભાત પીરસીને બેઠાં જ હતાં. સહેજ અડકતા પણ નહોતા. છોકરીએ કહ્યું, "તમે ચાલી જાઓ છો, તેથી માનાં આંસુ તો સૂકાતાં નથી."

"કેમ?"

"કેમ" એમ કહીને એણે પણ મોઢું ઊંચું કર્યું ને મારી તરફ જોયું. મારી તો એની તરફ જોવાય એવી દશા હતી જ નહિ. મેં કહ્યું, "તમે જ કહો હું શું કરું? મારે જવાની ઉતાવળ તો છે જ. પાછું તમને ક્યારેક મળવાનું થાય....."

દીકરીની આંખમાં હવે આંસું સમાઈ શકયાં નહિ. એમાંથી દડદડ આંસુ પડવા લાગ્યાં. એણે રડતે અવાજે કહ્યું, "મારે એકનો

એક નાનો ભાઈ હતો, તે તમારા જેવો જ હતો... એ આજે નથી... મા, છોકરા જોડે તમે જ વાત કરો."

માએ મોઢું ઊંચું કરીને મારી સામે જોયું. એના કંઠમાં ને આચારમાં એક પ્રકારની જડતા મને દેખાઈ. મેં કહ્યું, "તમારું સરનામું આપો. જો કયારેક હું બંગાળ પાછો ફરું તો....."

"સરનામું તો આપવા જેવું છે નહિ. ભાઈ." રાધારાણીએ જવાબ આપ્યો.

ફરીથી આશ્ચર્યચકિત થઈને મેં પૂછ્યું "એમ કેમ?" અસ્ફુટ સ્વરથી મા બોલી." "જવા દે, તું જ સરનામું આપ રાધારાણી. ગમે તેટલું અનુચિત હોય પણ આખરે તો આપણે માબેન."

આ બધા નાટક માટે મને વખત નહોતો. "વારુ, તો રહેવા દો." એમ કહીને નીચા વળીને નમસ્કાર કરવાનો પ્રયત્ન કરતો હતો, ત્યાં અઘોરબાબુની પત્નીએ મારો હાથ પકડયો. એણે મને કહ્યું, "મારાથી કહી શકાય એમ નથી. સ્ત્રીના અપમાનની વાત મોઢેથી નીકળતી નથી. તો યે તમારી આગળ કશું છુપાવવાનું નથી, નહિ તો અમારી બદરીનાથની યાત્રા ફોકટ જાય."

અમે બધાએ એકબીજાના મોઢા સામે જોયું. મા અને દીકરીએ માથું નીચું ઢાળી દીધું, અને નીચે મોઢે જ અઘોરબાબુની પત્નીએ સજલનયને મને કહ્યું, "હું તમારી મોટી બહેન છું, પણ હું એ માનને લાયક નથી. મારે જાતધર્મ નથી. હું... હું વેશ્યા છું."

વેશ્યા! મારા બન્ને કાનમાં ઝણઝણાટી થઈ આવી. મેં કહ્યું, "શું કહો છો?"

કાંઈ જવાબ નહોતો. પણ જવાબ સાંભળતાં પૂર્વે જ, કોઈ વિચિત્ર ઉશ્કેરાટથી પ્રેરાઈ એ ઓરડો છોડીને પથ્થર ઓળંગીને હું કેવી રીતે રસ્તા પર આવી પડયો ને રસ્તે ચાલવા માંડયું, તેનું તો આજે પણ બહુ સ્પષ્ટ ચિત્ર મારી આંખ આગળ રમે છે. હું કાંઈ મોટો નીતિનો આગ્રહી નથી. વેશ્યાને એ વેશ્યા છે એવું જાણતાં જ ભાગવા માંડું એમાંનો હું નથી. સાહિત્યકારને આવશ્યક એવી ઉદારતા મારામાં પણ કાંઈ કમ નથી. પણ એ કેવો આકસ્મિક આઘાત હતો! મારા સમગ્ર જીવનમાં ધ્યાન ધારણા અને બુદ્ધિવિચારની ઉપર કોઈએ જાણે એક ચાબૂકનો ફટકો લગાવ્યો. ખોડંગાતો પગ, ભાંગેલું શરીર, કાંધ પર ભાર, માથા પર સૂર્યની અગ્નિવૃષ્ટિ, પથરા ને કાંકરાવાળો ઊંચાનીચો રસ્તો, સૂકાતું ગળું, તોયે માઈલો સુધી હું ઝડપથી જતો હતો. કયાં ગયો બ્રહ્મચારી? એનું કયાંય નામનિશાન નહોતું. તે દિવસે શા માટે હું દોડી ગયો હતો, શા માટે નિશ્વાસ અંદર અંદર જ શમાવતો હતો, તે તો આજે પણ મારી આગળ વિસ્મયકર સ્થિતિ બની રહી છે. જીવ લઈને હું ભાગી છૂટયો હતો. મારા મનમાં થયું, પૃથ્વીના તેજ ને વાયુવિહીન કારાગારમાં હું બંદી હતો. હું જાણે રઘવાયો થઈ ગયો હતો.

ઝોળો ને સામાન એક જગ્યાએ રાખીને હું બેસી પડયો. પણ હવે તો બેસવાની જરાય શકિત રહી નહોતી. હું આડો પડીને સૂઈ ગયો. જાણે ઉઠવું જ નહોતું. આ બધી જવાળાને અંતે જાણે શાંત મૃત્યુ આવવાનું હોય! કયાંય છાયા નહોતી, મોઢાની ઉપર સૂર્ય જાણે સળગતો હતો. પાણી નહોતું. અંદરથી જાણે હાહાકાર ઊઠતો હતો. પણ આ તે કેવી અશાંતિ, કેવી ચંચળતા! મારું દુર્બળ ચિત્ત આજના બનાવને મનમાં સ્વીકારવા ઈચ્છતું નહોતું. આ શું સાચું હતું? શ્રદ્ધા અને સન્માનથી તેની પૂજા કરતો હતો, તે પ્રતિમા આજે ભાંગીને ભૂક્કો થઈને ધૂળમાં મળી ગઈ હતી. હે સત્યનારાયણ સૂર્યદેવ! તમે તો જાણો છો, કે એનામાં જરા જેટલી પણ મલીનતા નથી. યત્નથી, સ્નેહથી, દાક્ષિણ્યથી, અને વ્યવહારમાં એ તો કોઈ ગૃહસ્થ ઘરની છોકરીથી કમ નહોતી, તો પણ એણે પોતાનો પરિચય વેશ્યા કહીને શા માટે આપ્યો? એનામાં જરાય છેતરપિંડી નથી, મોહજાળ નથી, લાલસાનો કોઈ અસંસ્કારી ઈશારો નથી. એ તો જગતમાં કોઈનાથી હીન નહોતી, અયોગ્ય સ્ત્રી નહોતી. હે સૂર્યદેવ! તમે કહી દો, તમે આજે જ કહી દો, રાધારાણી શું વેશ્યા છે?

બપોર ઢળતાં તડકો ઓછો થયો હતો. સૂતાં સૂતાં અસહાય અસ્થિરતાથી પેટમાં ગડગડ થવા લાગ્યું ને ઊલટી પણ થઈ ગઈ. તો પણ ધૂળમાં ને રેતીમાં ઊલટીને આંખનાં આંસુથી ધોઈ, ને જાણે કાંઈ થયું નથી એવો ચહેરો કરીને, ઊઠીને મેં પાછું ચાલવા માંડયું. કોઈ અણજાણ મુનિના મંદિરને તથા સૌરી ચટ્ટીને હું વટાવી ગયો. ધીમે ધીમે સંધ્યા પ્રસરવા લાગી. રસ્તામાં કોઈ સાથી મળશે એમ લાગતું નહોતું. આકાશમાં ચંદ્ર પ્રગટવાની તૈયારી હતી. પણ જોતજોતામાં વાદળાં છવાઈ ગયાં. ઠંડી હવા પ્રસરવા લાગી. મનમાં આશા હતી કે ચન્દ્રાપુરી ચટ્ટીમાં આજે હું સાજો સારો જઈ રહીશ. શરીર દુર્બળ હતું, પવનથી એ જાણે ઝોલા લેતું હતું.

ચારેબાજુ ઘેરો અંધકાર છવાઈ ગયો. ઊંઘને લીધે જાણે રસ્તો ભૂલ્યો હોઉં એમ લાગતું હતું. પથની રેખા થોડે દૂર સુધી દેખાતી હતી. તે પછી બધું જ અદશ્ય હતું. કયાં ગયો બ્રહ્મચારી? હવે સાહસ રહ્યું નહોતું, ઉપર મેઘથી છવાયલા આકાશમાં ચન્દ્રનું અજવાળું સંતાઈ ગયું હતું, ફકત અંધકારમાં મેં કયારેય રસ્તો કાપ્યો નહોતો, ડાબી તરફ નીચે વનથી વીંટળાયલી નદી કલકલ વહેતી હતી, દક્ષિણમાં ને માથાની ઉપર પહાડના પહાડ અંધકારથી ઢંકાયલા હતાં, શરીર કંપવા લાગ્યું. મારાં પોતાનાં પગ વિષે મને જ આશ્ચર્ય થતું હતું. લાઠી ઉપર જોર દેવાનું સાહસ રહ્યું નહોતું. શરીરે પરસેવો છૂટતો હતો. પગ કાંપતા હતા.

આ શું? એ કયાં છે? નદી આગળથી રસ્તો કયાં લુપ્ત થઈ ગયો? મંદાકિની ને ચન્દ્રા નદીનો સંગમ હતો. પણ મારે જવું કઈ તરફ? ભયાનક ગર્જનાથી નદી હૂ હૂ કરતી વહેતી હતી, જોતજોતામાં રસ્તાનું નિશાન લોપ થઈ ગયું. મને થયું કે મોઢામાંથી કોઈ શબ્દ બહાર નીકળ્યો. પણ જાણે મોઢું કોઈ બીજાનું જ હોય એમ લાગતું હતું. શરીર કાંપતું હતું. શરીરનું લોહી બીકથી પ્રતિક્ષણ વેગથી વહેતું હતું. ગળું સૂકાઈને લાકડા જેવું થઈ ગયું હતું. મારાં બે ઘૂંટણ જાણે મારા જ ન હોય એમ લાગતું હતું. કેવળ દશ વર્ષના બાળકની જેમ, નિઃસહાય બનીને, આ રસ્તાની વચોવચ્ચ ઊભો રહીને, હું આંસુ વર્ષાવતો હતો. મારી દૃષ્ટિ ઝાંખી બની ગઈ હતી. આ રીતે જંગલી પશુઓવાળા જંગલમાં, ને નદીની વચમાં, અસહાય બનીને મરવાની મારી જરાય ઈચ્છા નહોતી. દુઃખમાં ભગવાનને સંભારવાનું પણ હું ભૂલી ગયો હતો અને આ જીવન તુચ્છ છે એ વાત પણ ભૂલી ગયો. સાચો ભય જે દિવસે સામો આવીને ઊભો રહે, ત્યારે સમજાય કે આ જીવનને આપણે કેવું દૃઢ બંધનમાં બાંધી રાખ્યું છે. હાય રે સન્યાસ! હાય રે નિષ્ફળ વૈરાગ્ય!

"કૌન હય?"

એકદમ બીકથી ને કાંઈ અવનવું બનશે એમ માનીને હું કાંપી ઊઠયો. આ અકસ્માત કોઈ માનવીના અવાજથી છાતી ધડક ધડક થવા લાગી. એક છાયામૂર્તિ પાસે આવીને ઊભી રહી, લાઠી જોરથી ઠોકવા કોશિષ કરી, પણ હાથમાં લાઠી ઢીલી પડી ગઈ. એના શ્વાસનો શબ્દ સાંભળીને ખાતરી તો થઈ કે એ માણસ જ છે. મેં કાંપતા અવાજે પૂછ્યું "તુમ કૌન હય?"

"મૈં જનાના."

સ્ત્રી! અંધારામાં એની પાસે જઈને એને જોવાનો મેં પ્રયત્ન કર્યો. ધીરે ધીરે લાઠી ઉપર હું જોર દઈ શકયો. ઠીક ઊભા રહેવાયું. કોણ કહે છે કે હું ગભરાઈ ઊઠયો છું? હું જેટલું જોઈ શકયો, તે પરથી એટલું તો માલૂમ પડયું કે સ્ત્રી પહાડી છે, ઉમર પણ

ઘણી નથી, ગળામાં ઘણી બધી રૂદ્રાક્ષની માળા હતી, માથા પર જટા હતી, કપડાં ગેરૂઆં રંગના હોય એમ લાગ્યું, બે હાથમાં ફૂલ ને રૂદ્રાક્ષનાં ધરેણાં હતાં, ડાબા હાથમાં કમંડળ ને જમણા હાથમાં એક શીંગડા જેવું હતું. ઉઘાડા પગ હતા. એ સ્ત્રી ચંચલ અને આશ્ચર્યકર લાગી.

"क्या देखता है साधुजी?"

"तुम जनाना है?"

"જી, યહાં क्यों खडा हुआ है? कहां जाओगे?"

"चन्द्रापुरी जाना. रास्ता छूट गया."

"અચ્છા પરદેશી! આઓ મેરી સાથ બતલાતી હું." એમ કહીને ભૈરવી આગળ ચાલી, પણ એનો રસ્તો કાંઈ સ્પષ્ટ આંકેલો નહોતો. એ વાંકીચૂંકી ચાલતી નદીના તટપરથી વળાંક લેતી નદીના પાણીની તરફ તે ઉતરતી હતી. મને આશ્ચર્ય થયું કે એને નહોતી કોઈ રૂકાવટ, નહોતી કોઈ આફત. જાણે એ પોતાના ઘરના આંગણમાં જતી હોય એમ ચાલતી હતી. એ તો સડસડાટ હસતી કૂદતી રમતી, નાચતી આનંદથી ચાલતી હતી. એની પાછળ બેસતાં બેસતાં ઢાળ ઉતરતો, ઉતરતો બહુ સાવધાનીથી ને ડગલે ડગલું જોઈ વિચારીને મૂકતો હું ચાલતો હતો. ઘણું ઉતરીને બાકી થોડું રહ્યું ત્યાં તો નદીના કિનારા આગળ એ કૂદી પડી. એનામાં લોહીનો પ્રબળ આવેગ હતો. એનો પ્રાણ તો જાણે અત્યંત અધીર હતો, જાણે નદીની જ પ્રતિમૂર્તિ ન હોય! એ ત્રણ મિનિટમાં ઉતરી, ત્યારે મને લાગી દશ મિનિટ. નદી આગળ ઉતરીને બન્ને જણ ચાલીને નદી આગળ ગયા, ને નદીપાર કરીને સામે કિનારે આવ્યા. એ આગળ આગળ જતી હતી, હું પાછળ પાછળ. પાસે જ ઝરણું વહેતું હતું, એની પાસે મને લઈ જઈને આઘેથી જ ચન્દ્રાપુરીનો રસ્તો બતાવીને એણે વિદાય માગી. એને વિદાય તો આપવાની જ હતી, પરન્તુ આટલી વારમાં મારી ચમક ભાંગી ગઈ. ઝરણાંને કાંઠે ઊભો રહીને આ આકસ્મિક આવીચઢેલી કપાલકુંડલાની તરફ જોઈને મેં પૂછ્યું, "तुम्हारा घर कहां?"

"બહુત દૂર યહાંસે. ચલતી હું, જાઓ તુમ, આરામ કરો." કહીને એ નદીના પથરાળા માર્ગે ઝડપથી ચાલવા લાગી. ચારેબાજુ ઘેરો કાળો અંધકાર હતો, કાળી પર્વતરાજી, એની ગંભીર ગુફામાંથી ઉન્માદિની ચંદ્રાનો પ્રવાહ ખૂબ વેગથી ધસી આવતો હતો. એ નદીને વટીને પેલી રહસ્યમયી સુંદરી થોડે દૂર ગઈ, નિશીથના અંચલામાં અદશ્ય થઈ ગઈ. ક્યાં હશે એનું ઘર, કેટલું દૂર, કેવા ગંભીર ને ઊંડાણભર્યા વનમાં? કોણ જાણે? વગરબોલ્યે સ્થિર દષ્ટિથી ફક્ત એ દિશા તરફ જ કેટલીય વાર સુધી હું જોઈ રહ્યો. એ વિચિત્ર પ્રસંગ આજે તો મને પોતાને યે સ્વપ્ન જેવો લાગે છે.

ચન્દ્રાપુરી પહોંચીને ગોપાલદા તથા બ્રહ્મચારીનો પાછો ભેટો થયો. લાંબા વિરહ પછી એ મિલન થયું હતું. હાશ, મારું ભલે બધું ય જાય, પણ ગોપાલદા ને બ્રહ્મચારીને હું છોડી નહિ શકું. જમ્યા ક્યાં પછી ગાંજાની અસરમાં એ હતા, ત્યારે મેં મારો આ અનન્ય અનુભવ કહ્યો. પણ એવામાં તો એથી નાનું નવું નાટક થયું. એક વાર મારો નાસ્તિક, અને પરિત્યકત લેખે તિરસ્કાર થયો હતો. મારી વાત સાંભળીને ડોશીઓનું ટોળું એકાએક મારી પાસે આદરથી આવ્યું ને કહેવા લાગ્યું. "એ ભાઈ; માણસના વેષમાં મહાપુરુષ તમે કોણ છો? અમે પાપી, અધમ, જ્યારે તમારા જેવા પુણ્યશાળીને જ, આ ભગવતીએ દર્શન દીધાં, હે ભાઈ! એ કઈ તરફ ગયાં, ક્યે રસ્તે? તમે એમને પકડી કેમ ન રાખ્યા ભાઈ! તમે તો પુણ્યશાળી પુરુષ છો, અમારો ગુનો મનમાં ન લાવશો ભાઈ! તમને અમે આટલા દિવસ સુધી....."

હસવું દબાવીને આંખ બંધ કરીને બેઠો હતો. હવે બે હાથ પહોળા કરીને જાણે એમને અભયનું વરદાન આપતો હોઉં તેમ દેવ બોલતા હોય એવા અવાજે મેં કહ્યું, " संभवामि युगे युगे..."

ચારુની માએ હસીને મારી ચરણરજ પોતાને માથે લીધી. સમતલ રસ્તો હોવાથી જંગલમાંથી મીરાચટ્ટી અમે પસાર કરી, રૂદ્રપ્રયાગથી અલકનંદાને વિદાય આપીને હવે અમે મંદાકિનીને પકડી હતી. મંદાકિનીને પેલે કિનારે ભીમસેન અને બલરામનું મંદિર અમે વટાવ્યું. તે પછી આવ્યું કુંડચટ્ટી. અહીંથી કેદારનાથનો બરફ દેખાવા માંડયો, બરફનાં શિખરોવાળો હિમાલય, સૂર્યના કિરણોમાં નહાતી, દૂધ જેવી સફેદ પર્વતમાળા, એના રંગની ઉજ્જવળતા રોમાંચકર હતી, એનું રૂપ નયનાભિરામ હતું. ત્યાંથી પાદું ચઢાણ શરૂ થતું હતું. એ જ ચઢતાં પ્રાણ નીકળી જાય એવો રસ્તો ને કીડીની જેવી ધીમી ગતિ. થોડાં પગલાં ચાલુ, પાછો ઊભો રહું. કોઈ અર્ધબેભાન યાત્રીના મોઢામાં થોડું પાણી રેડું, થોડું પાણી હું પણ પીઉં, ને પાછો થોડું આગળ ચાલું. એમ કરતાં કરતાં ગુપ્તકાશીની ધર્મશાળામાં આવી પહોંચ્યો. બહુ નાનું શહેર છે. એમાં પંદરથી વીશ ધર્મશાળાઓ હશે. થોડી દુકાનો, વિશ્વેશ્વરનું પ્રાચીન મંદિર, દૂર એક ટપાલ ઓફિસ ને સામે જ બરફથી છવાયેલો પર્વત. આકાશ વાદળાંઓથી ઘેરાયેલું હતું, કયાંય કયાંય થોડું ધુમ્મસ છવાયેલું હતું. નીચે પર્વતની તળેટીમાં નાનાશાં ગાંમડાં હતાં. એમાં સામાન્ય વસતિ, ધર્મશાળાઓ સારી પેઠે સજાયલી ને સુવ્યવસ્થિત હતી. આટલા દિવસે અમે ઠંડીથી કંપવા માંડયા. હવે અમે ઠંડકના આંગણામાં આવ્યા હતા. વસન્ત સમય પૂરો થવા આવ્યો હતો. બરફના સાન્નિધ્યમાં હતાં. અહીં જ ગોમુખી ધારા હતી. મણિકર્ણિકા કૂંડમાં સ્નાન અને ગુપ્તદાનનું માહાત્મ્ય હતું. રસ્તા ઉપરથી ગુપ્તકાશીનું રૂપ સુંદર લાગતું હતું. દૂર ઉખીમઠ શહેર છબીના જેવું દેખાતું હતું. શિયાળાના વખતમાં આ આખો રસ્તો ને શહેર બરફથી છવાઈ જાય. મનુષ્ય અને જનાવર બધા નીચેની બાજુ ચાલી જાય.

અનુવાદક: મૂળ બંગાળી

ડૉ. ચંદ્રકાન્ત મહેતા શ્રી પ્રબોધકુમાર સન્યાલ

મહાપુરુષોને માપવાનો સાચો માપદંડ

(તા. ૩૧-૩-૬૬ના દિવસે રામનવમીનું પર્વ હતું અને તા. ૩-૪-૬૬ના દિવસે મહાવીર જયંતી દેશભરમાં ઉજવાણી. આ બન્ને યુગાવતારી પુરુષોના જીવનનો અભ્યાસ કરતી વખતે સ્વ. કિશોરલાલ મશરુવાળાએ "રામ અને કૃષ્ણ" એ પુસ્તકની પ્રસ્તાવનામાં જે દૃષ્ટિબિંદુ રજૂ કર્યું છે તે મનન કરવા યોગ્ય હોવાથી અત્રે રજૂ કરવામાં આવે છે. **તંત્રી.**)

માણસ સ્વભાવથી જ કોઈને પૂજતો હોય છે જ. કેટલાકને દેવ કરીને પૂજે છે તો કેટલાકને મનુષ્ય સમજતો છતાં પૂજે છે. જેને દેવ કરીને પૂજે છે, તેને પોતાથી અલગ જાતિનો સમજે છે. જેને મનુષ્ય રાખીને પૂજે છે, તેને એ પોતાનો—ઓછોવત્તો—આદર્શ કરીને પૂજે છે. રામ—કૃષ્ણ, બુદ્ધ-મહાવીર, ઈશુ વગેરેને જુદી જુદી પ્રજાના લોકો દેવ બનાવી—અ-માનવ કરી—પૂજતા આવ્યા છે. એને આદર્શ કરી એના જેવા થવાની હોંશ રાખી પ્રયત્ન કરી, પોતાનો અભ્યુદય સાધવો એમ નહિ, પણ એનું નામોચ્ચારણ કરી, એમાં ઉદ્ધારક શક્તિનું આરોપણ કરી તેમાં વિશ્વાસ મૂકી પોતાનો અભ્યુદય સાધવો—આજ એ સુધીની આપણી રીત છે. એ રીત ઓછી વત્તી પણ અંધશ્રદ્ધા ઓટલે બુદ્ધિ ન ચાલે ત્યાં સુધીની જ માત્ર, શ્રદ્ધાની નહિ પરંતુ બુદ્ધિનો વિરોધ કરનારી શ્રદ્ધાની છે. વિચાર આગળ એ ટકી શકતી નથી.

જુદા જુદા મહાપુરુષોમાં આ દેવભાવ વધારે દઢ બનાવવાનો પ્રયત્ન એ જ સર્વ સંપ્રદાયોના આચાર્યો, સાધુઓ, પંડિતો વગેરેનાં

જીવનકાર્યનો ઈતિહાસ થયો છે. એમાંથી ચમત્કારોની, ભૂતકાળમાં થયેલી આગાહીઓની અને ભવિષ્યકાળ માટે કરેલા અને સાચા પડેલા વર્તારાઓની આખ્યાયિકારીઓ રચાયેલી છે અને એનો વિસ્તાર એટલો બધો વધી ગયો છે કે જીવનચરિત્રમાંથી સેંકડે નેવું કે એથી વધારે પાનાં એક જ વસ્તુથી ભરેલાં હોય છે. આનું સામાન્ય જનતાના મન ઉપર એવું પરિણામ થયું છે કે માણસની એનામાં રહેલી પવિત્રતા, લોકોત્તર શીલસંપન્નતા, દયા આદિ સાધુ અને વીર પુરુષોના ગુણોને લગતી એની કિંમત તેઓ આંકી શકતા નથી, પણ ચમત્કારની અપેક્ષા રાખે છે, અને ચમત્કાર કરવાની શક્તિ એ મહાપુરુષનું આવશ્યક લક્ષણ માને છે. શિલાની અહલ્યા કરવાની, ગોવર્ધનને ટચલી આંગળી ઉપર ઊંચકવાની, સૂર્યને આકાશમાં થોભાવી રાખવાની, પાણી પરથી ચાલ્યા જવાની, હજારો માણસોને એક ટોપલી રોટલીથી જમાડવાની, મરેલાને સજીવન કરવાની—વગેરે વગેરે દરેક મહાપુરુષના ચરિત્રમાં આવતી વાર્તાઓના રચનારાઓએ જનતાને આ રીતે ખોટા દૃષ્ટિબિન્દુએ ચઢાવી દીધી છે. આવા ચમત્કારો કરી બતાવવાની શક્તિ સાધ્ય હોય તો યે તેથી જ કોઈ માણસ મહાપુરુષ કહેવડાવવાને લાયક ન ગણાવો જોઈએ. મહાપુરુષોની ચમત્કારો કરવાની શક્તિ કે "અરેબિયન નાઈટ્સ" જેવાં પુસ્તકોમાં આવતી જાદુગરોની શક્તિ એ બેઉની કિંમત માણસાઈની દૃષ્ટિએ સરખી જેવી જ છે. એવી શક્તિ હોવાથી કોઈ પૂજાપાત્ર ન થવો જોઈએ. રામે શિલાની અહલ્યા કરી કે પાણી પર પથ્થર તરાવ્યા એ વાત કાઢી નાખીયે, કૃષ્ણ કેવળ માનુષી શક્તિથી પોતાનું જીવન જીવ્યા એમ કહીએ, ઈશુએ એક પણ ચમત્કાર બતાવ્યો ન હતો એમ માનીએ, છતાં રામ, કૃષ્ણ, બુદ્ધ, મહાવીર, ઈશુ, વગેરે પુરુષો માનવ જાતિના શું કામ પૂજાપાત્ર છે એ દૃષ્ટિથી આ ચરિત્ર આલેખવાનો પ્રયત્ન છે. એ કેટલાકને ન રુચે એ સંભવિત છે, પણ એ જ સાચી દૃષ્ટિ છે એમ મારી ખાતરી છે. એ તેથી જ એ રીતને છોડવાનો મેં આગ્રહ રાખ્યો છે.

આપણે હિંદુઓ માનીએ છીએ કે જ્યારે પૃથ્વી પરથી ધર્મનો લોપ થાય છે, અધર્મ વધી પડે છે, આસુરોના ઉપદ્રવથી સમાજ પીડાય છે, સાધુતાનો તિરસ્કાર થાય છે, નિર્બળનું રક્ષણ થતું નથી, ત્યારે પરમાત્માના અવતારો પ્રગટ થાય છે. પણ અવતારો કેવી રીતે પ્રગટ થાય છે, એ પ્રગટ થાય છે ત્યારે એમને કેવે લક્ષણે ઓળખવા અને એમને ઓળખીને અથવા એમની ભક્તિ કરીને આપણા જીવનમાં કેવા ફેરફાર કરવા એ જાણવું જરૂરનું છે.

સર્વત્ર એક પરમાત્માની શક્તિ—સત્તા જ કાર્ય કરી રહી છે. મારામાં—તમારામાં સર્વેમાં એક જ પ્રભુ વ્યાપી રહ્યા છે. એની શક્તિથી સર્વેનું હલન-ચલન-વલણ છે. રામ, કૃષ્ણ, બુદ્ધ, ઈશુ, વગેરેમાં એ જ પરમાત્માની શક્તિ હતી. ત્યારે આપણામાં અને રામ-કૃષ્ણાદિમાં શો ફેર? એ પણ મારા-તમારા જેવા જ મનુષ્ય દેખાતા હતા. એમને પણ મારી-તમારી માફક જ દુઃખો વેઠવાં પડ્યાં હતાં અને પુરુષાર્થ કરવો પડ્યો હતો, છતાં આપણે એમને અવતાર શા માટે કહીએ છીએ? હજારો વર્ષ વિતી ગયા છતાં શું કામ આપણે એમને પૂજીએ છીએ?

"આત્મા સત્યકામ—સત્યસંકલ્પ છે" એવું વેદવચન છે. જે આપણે ધારીએ, ઈચ્છીએ તે પ્રાપ્ત કરી શકીએ એવો એનો અર્થ થાય છે. જે શક્તિને લીધે આપણી કામનાઓ સિદ્ધ થાય છે એને આપણે પરમેશ્વર—પરમાત્મા—બ્રહ્મ—કહીએ છીએ. જાણે—અજાણે પણ એ પરમાત્માની શક્તિનું આલંબન—શરણ લઈ આપણે જે સ્થિતિમાં આજે છીએ તે સ્થિતિ પ્રાપ્ત કરી છે, અને ભવિષ્યમાં જે સ્થિતિ પ્રાપ્ત કરીશું તે પણ એ જ શક્તિનું આલંબન લઈને કરીશું. રામ—કૃષ્ણે પણ એ જ શક્તિનું આલંબન લઈને પૂજનીય બને એવું પદ પ્રાપ્ત કર્યું હતું. હવે પછી જે મનુષ્યજાતિના પૂજાપાત્ર થશે તે પણ એ જ શક્તિનું આલંબન લઈને. આપણામાં અને એનામાં ફરક એટલો કે આપણે મૂઢપણે-અજાણપણે એ શક્તિનો ઉપયોગ કરીએ છીએ. એમણે બુદ્ધિપૂર્વકનું એનું આલંબન લીધેલું.

બીજો ફરક એ કે આપણે આપણી શુદ્ર વાસનાઓને તૃપ્ત કરવા પરમાત્મા-શક્તિનો ઉપયોગ કરીએ છીએ. મહાપુરુષની આકાંક્ષાઓ, એમના આશયો મહાન અને ઉદાર હોય છે, એને જ માટે એ આત્મબળનો આશ્રય લે છે.

ત્રીજો ફરક એ કે સામાન્ય જનસમાજ મહાપુરુષોના વચનોને અનુસરનારો અને એમના આશ્રયથી તથા એમના ઉપરની શ્રદ્ધાથી પોતાનો ઉદ્ધાર માનનારો હોય છે. જૂના શાસ્ત્રો એ જ એમનો આધાર હોય છે. મહાપુરુષો કેવળ શાસ્ત્રોને અનુસરનારા નથી હોતા, એ શાસ્ત્રોને રચનારા અને ફેરવનાર પણ થાય છે. એમનાં વચનો એ જ શાસ્ત્રો થાય છે અને એમના આચરણો એ જ અન્યને દીવાદાંડીરૂપ થાય છે. એમણે પરમ તત્વ ઓળખી લીધું છે. એમણે પોતાનું અંતઃકરણ શુદ્ધ કર્યું છે. એવા સજ્ઞાન, સવિવેક અને શુદ્ધ ચિત્તને જે વિચાર સૂઝે, આચરણ યોગ્ય લાગે તે જ સશાસ્ત્ર, તે જ સદ્ધર્મ. કોઈ પણ બીજા શાસ્ત્રો એમને બાંધી શકતા નથી કે એમના નિર્ણયમાં ફરક પાડી શકતાં નથી.

આપણે આપણા આશયોને ઉદાર બનાવીએ, આપણી આકાંક્ષાઓને ઉંચા સ્તર ઉપર લઈ જઈએ અને પ્રભુની શક્તિનું જ્ઞાનપૂર્વક આલંબન લઈએ તો આપણે અને અવતાર ગણાતા પુરુષો તત્વતઃ જુદા નથી. વીજળીની શક્તિ ઘરમાં ગોઠવાયેલી છે. એનો ઉપયોગ આપણે એક શુદ્ર ઘંટડી વગાડવામાં કરી શકીએ તેમ જ તે વડે દીવાની પંક્તિથી આખા ઘરને શણગારી શકીએ. તે જ પ્રમાણે પરમતત્વ આપણા પ્રત્યેકના હૃદયમાં વિરાજી રહ્યું છે. એની સત્તા વડે આપણે એક શુદ્ર વાસનાની તૃપ્તિ કરી શકીએ અથવા મહાન ચારિત્ર્યવાન થઈ સંસારને તરી જઈએ અને બીજાને તારવામાં મદદગાર થઈએ.

મહાપુરુષોએ પોતાની રગેરગમાં અનુભવાતા પરમાત્માના બળથી પવિત્ર થવા, પરાક્રમી થવા, પરદુઃખભંજન થવા, આકાંક્ષા ધરી. એમણે એ બળ વડે સુખ દુઃખથી પર, કરુણહૃદયી, વૈરાગ્યવાન, જ્ઞાનવાન, અને પ્રાણીમાત્રના મિત્ર થવા ઈચ્છા કરી, સ્વાર્થના ત્યાગથી, ઈંદ્રિયોના જયથી, મનના સંયમથી, ચિત્તની પવિત્રતાથી, કરુણાની અતિશયતાથી, પ્રાણીમાત્ર તરફના અત્યંત પ્રેમથી, બીજાના દુઃખોનો નાશ કરવા પોતાની સર્વ શક્તિ અર્પણ કરવા માટેની નિરંતર તત્પરતાથી, પોતાની અત્યંત કર્તવ્યપરાયણતાથી, અનાસક્તિથી અને નિરહંકારીપણાથી, ગુરુજનોને સેવી તેમના કૃપાપાત્ર થવાથી એ મનુષ્યમાત્રને પૂજનીય થયા.

આપણે ધારીએ તો આપણે એવા પવિત્ર થઈ શકીએ, એવા કર્તવ્યપરાયણ થઈ શકીએ, એટલી કરુણ વૃત્તિ કેળવી શકીએ, એવા નિષ્કામ, અનાસક્ત અને નિરહંકારી થઈ શકીએ. એવા થવાનો આપણો નિરંતર પ્રયત્ન રહે એ જ તેમની ઉપાસના કરવાનો હેતુ. જેટલે અંશે આપણે એમના જેવા થઈએ તેટલે અંશે જ આપણે એમની સમીપ પહોંચ્યા એમ કહેવાય. જો આપણે એમના જેવા થવા પ્રયત્ન ન હોય તો આપણે કરેલું એમનું નામસ્મરણ પણ વૃથા છે, અને એ નામસ્મરણથી એમની સમીપ જવાની આશા રાખવી પણ વૃથા છે.

કિશોરલાલ ઘ. મશરૂવાળા

વિષયસૂચિ

		પૃષ્ઠ
ભારતીય ક્લાસંસ્કૃતિના આધુનિક ઋષિ' નંદલાલ બોઝ	રવિશંકર રાવળ	૧
પ્રકીર્ણ નોંધ: 'પ્રબુદ્ધ જીવન'નો ૨૮ મા વર્ષમાં પ્રવેશ; વળી પાછી એક વધારે બાલદીક્ષા!	પરમાનંદ	૨
શ્રી સંયુક્ત જૈન વિદ્યાર્થી ગૃહનું એક નવું પ્રસ્થાન		૩
એક કર્મઠ યોગીની મંથનપોથી	વાડીલાલ ડગલી	૪
વણિક સેનાપતિ	વાલજી ગોવિન્દજી દેસાઈ	૫
આવા સ્વરાજ્ય માટે હું લડ્યો નહોતો!	શ્રી શ્રીપ્રકાશ	૭
મહાપ્રસ્થાનના પથ પર—૯	પ્રબોધકુમાર સન્ચાલ	૮
મહાપુરુષોને માપવાનો સાચો માપદંડ	કિશોરલાલ મશરૂવાળા	૧૦
પરમાત્માની ખોજ	આચાર્ય રજનીશજી	૧૨

તાજેતરમાં અપાયલી બાલદીક્ષા સંબંધમાં શ્રી મુંબઇ જૈન યુવક સંઘનો ઠરાવ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની તા. ૨૮-૪-'૬૬ ના રોજ મળેલી કાર્યવાહક સમિતિની સભા તાજેતરમાં લાલબાગના ઉપાશ્રય ખાતે શ્રી વિજય રામચન્દ્રસૂરિએ એક ૧૩-૧૪ વર્ષના છોકરાને તા. ૨૭-૪-૬૬ ના રોજ આપેલી બાલદીક્ષા સામે પોતાનો સખ્ત વિરોધ જાહેર કરે છે અને જે બાલદીક્ષાનું અનિષ્ટ આજ સુધી લગભગ નાબૂદ થવા જેવી સ્થિતિમાં હતુ તે અનિષ્ટ આજે પાછું ફાલી ફૂલી રહ્યું છે તે તરફ જૈન સમાજનું ગંભીરપણે ધ્યાન ખેંચે છે. આવી બાલદીક્ષા જૈન દીક્ષાના મહત્ત્વ અને ગાંભીર્યને હાંસિપાત્ર બનાવે છે. આજે ઝાંખી પડતી જતી સાધુસંસ્થાનો ઉદ્ધાર કરવો હોય તો આમ અનિયંત્રિત રીતે સાધુઓની સંખ્યા વધારવાને બદલે તેની ગુણવત્તા ઉપર વધારે ભાર મૂકાવાની જરૂર છે એમ આ સંઘ માને છે અને તે માટે આવી બાલદીક્ષાઓ અટકવી જોઈએ, એટલું જ નહિ પણ, કોઈ પણ મોટી ઉમ્મરની વ્યક્તિને દીક્ષા આપવા માટે પણ યોગ્યતા અને તાલીમનું કડક ધોરણ નક્કી થવું જોઈએ અને સર્વસ્વીકૃત બનવું જોઈએ એમ આ સંઘ જાહેર કરે છે.

મંત્રીઓ, શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

સંઘના સભ્યો પ્રતિ–

સંઘના મોટા ભાગનાં સભ્યો પોતાનું વાર્ષિક લવાજમ વર્ષની મધ્યમાં તેમ જ વર્ષની આખરે ભરતાં હોય છે, અને એ કારણે વર્ષ પુરું થયા પછી પણ ઘણા સભ્યોનાં લવાજમો બાકી રહી જતાં હોય છે, અને બીજા વર્ષે પણ ત્રણ ચાર માસના સતત પ્રયત્ન પછી જ એમાંનાં મોટા ભાગનાં લવાજમો વસુલ કરી શકાય છે અને જે થોડા સભ્યોનાં લવાજમો આટલા પ્રયત્નો પછી પણ વસુલ થઈ શકતાં નથી તે સભ્યોને અને તેમનાં લવાજમો સંઘને ગુમાવવા પડે છે. એ કારણે વિનંતિ કરવાની રજા લઈએ છીએ કે, શક્ય હોય ત્યાં સુધી સભ્યો પોતાનાં લવાજમો વર્ષની શરૂઆતમાં જ ભરી જાય. ચાલુ વર્ષના ચાર માસ પસાર થઈ ગયા છે અને એમ છતાં હજુ મોટા ભાગનાં સભ્યોનાં લવાજમો બાકી છે. તો જે સભ્યોનાં ચાલુ વર્ષનાં લવાજમો હજુ સુધી ભરાયાં ન હોય તેમને પોતાનાં લવાજમના રૂા. ૫-૦૦ સંઘના કાર્યાલયમાં સત્વર ભરી જવા વિનંતિ કરવામાં આવે છે.

આ ઉપરાંત જે સભ્યોનાં આગલા વર્ષના–૧૯૬૫નાં–લવાજમો હજુ સુધી ભરાયાં નથી તેમને તો અલગ કાર્ડ લખીને યાદ આપવામ આવ્યું છે. તેમને પણ પોતાના બન્ને વર્ષનાં લવાજમો વિનાવિલંબે ભરી જવા આગ્રહભરી વિનંતિ કરીએ છીએ.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

પાયા વિનાની માન્યતાઓ અને વહેમોની ગ્રંથિઓને વિદારનાર અને વિચારપ્રેરક

ચમત્કાર અને વહેમો

લેખક : રતિલાલ મફાભાઇ શાહ

મુ. માંડલ, વિરમગામ થઈને (ઉત્તર ગુજરાત)

કિંમત રૂા. ૧, પોસ્ટેજ ૦-૩૦

પ્રાપ્તિસ્થાન : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ,

૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ–૩

પરમાત્માની ખોજ

હું પરમાત્માની ખોજ કરી રહ્યો હતો. તેમના મંદિરમાં પ્રવેશ કર્યા સિવાય જીવનનો મૃત્યુ સિવાય બીજો કોઈ અર્થ નથી. અને મૃત્યુ પણ શું કોઈ અર્થ છે? હું અનેક મંદિરોમાં ગયો છું, પણ કોઈ એમનું મંદિર નહોતું. ત્યાં પથ્થર હતા; પરમાત્મા નહોતા. શાસ્ત્રોના સ્મશાનમાં હું ભટક્યો છું. ત્યાં મૃત શબ્દ હતો; જીવન્ત સત્ય નહોતું. અને તેથી મન નિરાશા અનુભવવા લાગ્યું. શું સત્ય છે જ નહિ? કિન્તુ, મારી સામે તો બે જ વિકલ્પ હતા: પરમાત્મા અથવા મૃત્યુ. અમૃત પ્રાપ્ત કર્યા સિવાય જીવન જીવન નથી. એવી અંધકારની સ્થિતિમાં વીજળીની પેઠે એક વિચાર ચમકી ઊઠ્યો: "શું એમ તો નહિ હોય કે હું પોતે જ એમનું મંદિર હોઉં?" અંધકાર ગાઢ હોય તો તેની ગાઢતા જ પ્રકાશનું દ્વાર બની જાય છે. એક નવી દિશા ઉઘડી ગઈ. પોતામાં જ શોધવા લાગ્યો. પણ શોધવું એ શું હતું? ખોદવાનું જ હતું. ચિત્ત ઉપર અનેક આવરણો હતાં; અનેક પ્રકારના પક્ષપાતો હતા. અને સત્ય તો ત્યારે જ પ્રગટ થઈ શકે છે કે જ્યારે પૂર્ણ નિષ્પક્ષ ચિત્ત તેના સ્વાગત માટે તૈયાર હોય. શાસ્ત્ર તથા સિદ્ધાન્ત છોડવા પડ્યા, તેઓ એ સિંહાસન ઉપર બેઠા હતા, જ્યાં સત્ય બેઠેલું હોવું જોઈતું હતું. આ કાર્ય અતિ કઠણ હતું, કારણ કે, જ્ઞાનનો અહંકાર છોડવાનો હતો અને અજ્ઞાનનો સ્વીકાર કરવાનો હતો. અજ્ઞાનની સ્વીકૃતિ એ જ્ઞાનની દિશાએ પહેલું અને અનિવાર્ય ચરણ છે. વિવેક પ્રાપ્ત કરવા માટે વિશ્વાસ છોડવાનો જ રહે છે. આંધળાપણાની રાખ ઉપર જ આંખોનો જન્મ સંભવી શકે છે. વિશ્વાસ અને અવિશ્વાસ એ બન્ને અવરોધ છે. એકમાં પડતાં કૂવો છે, તો બીજામાં પડતાં ખાઈ છે. માર્ગ છે બન્નેની મધ્યમાં અને મધ્ય છે બન્નેથી મુકત. ન આસ્તિક, ન નાસ્તિક, એવું ચિત્ત જ 'જે છે' તેને શોધવામાં સમર્થ બને છે. વિચાર માત્ર છૂટી ગયા તો કિનારો છૂટી ગયો અને અજ્ઞાત સાગરની યાત્રા શરૂ થઈ. નિર્વિચાર ચેતના જ અનન્ત સાગર છે. શૂન્યની નૌકા અને અજ્ઞાત ચેતનાનો સાગર. પગ નીચેથી ભૂમિ સરી ગઈ. સર્વ અવલંબન છૂટી ગયું. સર્વ આધાર ખોવાઈ ગયો. હું નિરાધાર બની ગયો અને જાણે કે અતલ ખાઈમાં સરવા લાગ્યો. સર્વે જતો હતો-સર્વે જતો હતો. એમ લાગ્યું કે જાણે અમૃતની શોધમાં હું મૃત્યુના મોઢામાં પ્રવેશી રહ્યો હતો. બીજું બધું હું ખોઈ બેઠો હતો. માત્ર હું બચ્યો હતો. એ પણ આખરે સ્વપ્નની માફક વિખરાઈ ગયું. પછી કશું જ ન રહ્યું અને બધું બની ગયું. પરમાત્માનું મંદિર આવી ગયું. હું જ શોધવાવાળો હતો, હું જ શોધમાં અવરોધરૂપ હતો, અને હું જ હતો જેને જાણે કે શોધવાનો હતો. આ કેવું રહસ્ય છે? જ્યાં સ્વયં હતો, માલૂમ પડ્યું કે ત્યાં સર્વ છે. જ્યાં મૃત્યુ હતું, માલૂમ પડ્યું કે ત્યાં અમૃત છે. પછી તો શ્વાસોચ્છ્વાસમાં આનંદ વહેવા લાગ્યો, અને પ્રેમ વહેવા લાગ્યો. અંદર આનંદ, બહાર પ્રેમ. ધર્મ આ જ છે. સ્વરૂપ આ જ છે. સત્ય આ જ છે.

આચાર્ય રજનીશજી

આચાર્ય રાજનીશજીની સાધના–શિબિર

ઉદેપુર ખાતે ફત્તેહસાગર સરોવરની બાજુમાં વિદ્યાભવન ટીચર્સ ટ્રેનિંગ કૉલેજમાં મે માસની તા. ૧૪-૧૫-૧૬ તથા ૧૭ ના રોજ આચાર્ય શ્રી રજનીશજીના સાન્નિધ્યમાં એક સાધના-શિબિર યોજવામાં આવી છે. આ શબિરિમાં ભાગ લેનારે શ્રી હીરાલાલ કોઠારી, દાતા ભેરૂ, ઉદેપુર, રાજસ્થાન એ સરનામે રૂા. ૨૦ મોકલવાના રહેશે. અથવા તો જીવન જાગૃતિ કેન્દ્ર, ૫૦૫, કાલબાદેવી રોડ, મુંબઈમાં પણ ભરી શકાશે અને આ શિબિરને લગતી માહિતી પણ જીવન-જાગૃતિ કેન્દ્ર ટે. નં. ૨૨૩૩૧ ઉપરથી મળી શકશે.

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ. મુંબઇ–૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઇ

Regd. No. MH. 117
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૮ : અંક ૨

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, મે ૧૬ ૧૯૬૬, સોમવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૨૫ પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

☆ વ્યવહાર અને કર્મયોગ ☆

(ગત પર્યુષણ વ્યાખ્યાન માળા દરમિયાન તા. ૨૫-૮-૬૫ ના રોજ શ્રી મૃણિાલિનીબહેને આપેલા વ્યાખ્યાનની તેમણે પોતે કરી આપેલી નોંધ.)

કોઈ પણ વિષયને વિશે મનમાં જિજ્ઞાસા નિર્માણ થયા વગર એ વિશેનું જ્ઞાન પ્રાપ્ત થતું નથી – અથવા તો આપણે એ તરફ જોતાં નથી, જ્ઞાન મેળવવાનો પ્રયત્ન કરતા નથી અને પ્રયત્ન વગર તૈયાર કોળીયો કોઈ મોઢા પાસે લઈ આવે તો પણ તે વિષે અરુચિ હોય છે. 'કર્મયોગ' શબ્દ ઉચ્ચારતાં જ કોઈ અત્યંત જટિલ અટપટું જ્ઞાનચક્ર આંખ સામે આવે. એ ચક્રમાં પ્રવેશવાની ઈચ્છા અથવા તો કર્મ–જિજ્ઞાસા મનમાં જાગી એક સાંજે – એક સત્સંગ મંડળમાં. પ્રસંગ સામાન્ય હતો. ત્યાં નિયમિત હાજરી આપતા એક મોટી ઉંમરનાં બહેન તે દિવસે બહુ જ ગમગીન હતાં. પ્રવચન આપનાર મહારાજશ્રીએ સહજ સહાનુભૂતી બતાવી ખિન્નતાનું કારણ પૂછ્યું. બહેને કહ્યું કે: "મુંબઈમાં બે ઓરડીની નાની પણ સગવડવાળી જગ્યામાં પોતે એકલાં રહે છે. એ જગ્યાનો કબજો મેળવી એના પર સારી એવી પાઘડી લેવાની ઈચ્છાથી મકાનમાલિક હરકોઈ ઉપાયે મને પજવે છે." દુ:ખનું આ કારણ સાંભળી મહારાજશ્રી નારાજ થયા. ઉપહાસથી કહે:–

"મૈયા, રોજના સત્સંગ પછી આવી ઉપાધિ? આવી નજીવી વાતમાં જીવનની અમૂલ્ય ઘડી કયાં બગાડો છો? અત્ર તત્ર સર્વત્ર બ્રહ્મ છે. તારામાં જે બ્રહ્મ છે તેનો જ વાસ પેલા ભાઈમાં પણ છે! એક જ તત્ત્વના વિવિધ આવિષ્કાર – એ તરફ સમદૃષ્ટિ રાખવી. વિકારરહિત રહેવું." વગેરે.

બહેન બાપડાં આ સાંભળી પાણી પાણી થઈ ગયાં. એ જ્ઞાનની વાતો કરનારની વાણી પ્રભાવશાળી હતી; સામાને આંજી નાંખે એવી હતી. એમની સામે શબ્દ સરખો ઊઠાવવાની હિંમત કોઈ કરે એમ હતું નહીં ..... પ્રવચન શરૂ થયું. રોજની માફક પૂરું પણ થયું. છતાં એ બહેનનો દયામણો ચહેરો આંખ આગળથી ખસતો નહોતો. કાનપર જેટલી જ્ઞાનની વાતો પડી હતી તેના જોરે બુદ્ધિ મનને ફટકારતી હતી કે જીવન સાથે સંકળાયેલાં સંસારી કર્મો દુ:ખમૂલક છે, ઝાંઝવાના જળ જેવાં ફસાવી પાડનાર છે, સ્વાર્થમૂલક છે, ક્ષુદ્ર છે, એ બધાંની ઉપેક્ષા કરી એમને દૂર જ રાખવાં જોઈએ. ધર્મપાલન, દયા, દાન, કરુણા એવાં ઉત્તમ દેખાતાં કર્મોના મૂળમાં પણ આખરે શું છે? ભયથી ત્રાસી, હીન દીન બની માનવી ધર્મનું પાલન કરે ... એ આડંબર નીચે પોતાની ભીરુતા છુપાવે. વૃદ્ધ, અપંગ, દરિદ્રીને જોઈ – એ દશા પોતાની બાબતમાં સંભવે તો એવી કલ્પનાથી કાયર થઈ દયા બતાવે – દાન કરે ... આ કર્મોની ભવ્યતા પાછળ જ હીનતા પડેલી છે. આ સંસાર માત્ર દુ:ખદ છે. નૈયાયિકો કહે છે તેમ 'અનુકૂળવેદનીયમ્ સુખમ્, પ્રતિકૂલવેદનીયમ્ દુ:ખમ્' આખરે તો બધું 'વેદનીય' જ. એનો ત્યાગ કરવો એ જ યુક્ત.

બુદ્ધિની આ દલીલ હૃદય માનતું નહોતું. કર્મની પરંપરા તોડવી – એ સહેલું તો નહીં – પણ અશક્ય જ લાગ્યું. જાણ્યે અજાણ્યે આપણે કર્મ તો કરતા જ રહેવાના – તો શું કરવું અને શું ત્યાગવું? ગીતામાં પણ અર્જુન સામે 'કિં કર્મ કિમ કર્મેતિ કવયોઽપ્યત્ર મોહિતા:'. વિદ્વાનો સામે પણ અગમ્ય એવો પ્રશ્ન આવી પડયો હતો અને સંન્યાસ લઈ વનમાં જનાર સંન્યાસીઓ અથવા તો સંજોગો આગળ કાયમ નમતું મૂકી જીવનાર દુર્બળ માનવીઓ – એમના સિવાય બધાંની સામે આ સવાલ આવીને ઊભો રહે જ છે. યથા બુદ્ધિ મતિ દરેક જણ એનો ઉકેલ લાવવા મથે છે. જે કર્મ કરવા જેવું હોય તે કરવું, એટલું જ નહીં પણ, યુકિતથી કરવું – એ જ 'કર્મયોગ'. કર્મ–કૃ=કરવું; યોગ–યુજ્=જોડવું, મેળવવું, એકત્ર કરવું. કર્મ આચરવાની યુકિત, સાધન, ઉપાય યોજવો તે કર્મ-યોગ અને એ યોગ બતાવ્યો છે ગીતામાં, ઉપનિષદોમાં.

માનવમાત્રે કર્તવ્ય–અને અકર્મ–ને અંગે કેટલાક નિર્ણયો અનાદિકાળથી લીધા છે. એ નિર્ણયો જોતાં કર્મમાત્ર સ્વાર્થમૂલક અને ક્ષુદ્ર હોય છે એવું નથી લાગતું. એવું હોત તો રામ, કૃષ્ણ, ઈસુ, મહંમદ, બુદ્ધ કે મહાવીર પ્રભુનાં મંદિરોને બદલે આ દુનિયામાં ચાર્વાક, કણાદ અથવા સિકંદર, નેપોલિયન કે ચંગિઝખાનના મંદિરો ના બંધાયા હોત? અનાદિ કાળથી માનવ ઉદાત્તતાને પૂજે છે, ત્યાગને વંદે છે, નિ:સ્વાર્થ વૃત્તિ આગળ નમે છે, અને એ ગુણો કાંઈક અંશે પણ પ્રાપ્ત થાય એવાં કર્મોને 'કર્તવ્ય' ગણે છે. માનવજાતિએ જેમને પૂજ્ય અને આદર્શ સ્થાને સ્થાપ્યા છે, એમાંથી એક પણ મહાપુરુષે કર્મસંન્યાસ લીધો નથી. એ બધાં અસામાન્ય, લોકોત્તર કર્મ કરીને ગયા છે. વ્યાસ દ્વૈપાયને સંસારમાત્રને આવરી લે એવી 'મહાભારત'ની વિશાળ રચના કરી. શબ્દ-બ્રહ્મના શોધક મહર્ષિ પાણિનિએ છેક મૃત્યુના મુખમાં પણ વિભકિતની ભકિત ના છોડી. ક્ષત્રીયોનું ગર્વહરણ કરવા ભૃગુઓમાં શ્રેષ્ઠ એવા પરશુરામે પૃથ્વીને નક્ષત્રી કરી વારંવાર શોણિતસ્નાન કરાવ્યું. મર્યાદા પુરુષોત્તમ રામપ્રભુએ રાવણવધથી માંડી સીતાત્યાગ સુધીની જટીલ કર્મપરંપરા આચરી. કૃષ્ણ ભગવાને ગાયો ચરાવવાથી માંડીને ગીતા સુધી અને ગોવર્ધન પર્વત ઉપાડવાથી માંડીને જાદવાસ્થળી સુધીનો પ્રસંગ આદર્યો. બુદ્ધ, મહાવીર, ખ્રિસ્ત, મહંમદ આ વંદ્ય વિભૂતિઓમાં કર્મત્યાગ આદર્યાનો દાખલો કયાં યે જડતો નથી. સૉક્રેટિસ, કોલંબસ, શેકસપિયર, કાલીદાસ, જ્ઞાનેશ્વર તુકારામ, માર્કસ, ટૉલસ્ટૉય, કયુરી દંપતી, ટિળક, ટાગોર, ગાંધીજી રસેલ અને વિનોબા–જીવનના વિવિધ ક્ષેત્રોમાં આ કર્મયોગી મહાત્માઓ પોતાનો જીવનદીપ ઉજાળીને માર્ગદર્શન આપે છે. ભૌતિક સંપત્તિ કે ઐહિક યશ પ્રાપ્ત કરવા પાછળ એમાંથી કોઈ પડયા નથી. છતાં જીવનનાં વિવિધ પાસાં એમણે દીપાવ્યાં છે. એ બધાં જ્ઞાની છે, બુદ્ધિશાળી છે, શ્રદ્ધા અને ભકિત એ એમની શકિત છે. એ બધાંએ જીવી જાણ્યું, જીવનને માણ્યું છે. જે જે કર્મ સામે આવ્યું તેને 'પ્રાપ્યવરાન્ નિબોધત' એવી પ્રસન્ન વૃત્તિથી સ્વીકારી એને સત્ય, શિવ અને સુંદર બનાવ્યું છે. કોઈએ કર્મ સંન્યાસની વાત સરખી નથી કરી.

કર્મયોગની સાધના કરવાનો માર્ગ કયો? જ્ઞાન માર્ગે એ સાધ્ય થાય? 'જ્ઞાન'નો અર્થ 'અધ્યાત્મ વિષયક જ્ઞાન' હોય તો માત્ર જ્ઞાન આગળ કર્મ સાવ નિરર્થક લાગે. મોક્ષ માર્ગને આડે આવતાં ખાડાં ટેકરાં

જેવાં લાગે. તો પછી ભૌતિક વિદ્યા કે જેને 'અવિદ્યા' કહે છે તેનો આધાર લઈ કર્મયોગ આચરવો? કર્મ એ વિદ્યાના પાયા ઉપર આધારિત છે, છતાં કર્મયોગ માત્ર ભૌતિક વિદ્યાથી સાધ્ય થાય એમ નથી. કારણ ત્યાં કર્મ પોતે જ સર્વસ્વ બની જાય છે. યોગી કે મુનિને ત્યાં સ્થાન નથી રહેતું. પાણીનો સતત વહેતો પ્રવાહ હોય એવું આપણું જીવન છે. જે માનવી યોગ્ય રીતે એમાં તરે, આજુબાજુની સૃષ્ટિ જોઈ લે, છતાં ધ્યાન તરવામાં હોય – સૃષ્ટિ જોવા છતાં એનાથી અલિપ્ત જ રહે–પોતે તર્યા જ કરે, છતાં એવું ને એવું જ જળ આજુબાજુ છે એનો વિષાદ એનાં મનમાં ના હોય, કારણ જળનું રૂપ છેક સુધી એવું જ રહે છે, એ બદલાતું નથી એ હકીકત એ જાણે છે. અને આમ છતાં સમજપૂર્વક પોતે આગળ વધે છે અને અંતે મુકિત મેળવે છે એ કર્મયોગી. જ્ઞાનમાર્ગી પ્રવાહની વિશાળતા, વમળ વગેરે જોઈ સમજી એમાં તરવું વ્યર્થ છે એમ માની નિષ્ક્રિયતા સ્વીકારી ડૂબે છે, ત્યારે ભૌતિક વિદ્યાના ઉપાસક પ્રવાહમાં અર્થ શોધી પ્રવાહમાં જ ડૂબકીઓ માર્યા કરે એટલે બેમાંથી કોઈ પણ આગળ વધતાં નથી, મુકિત મેળવતા નથી, અને જીવન પણ પૂર્ણાંશે માણતા નથી. સંસારના ગહન વનમાં–ભવાટવિમાં–જ્ઞાની એનું ગૂંચવાડા ભરેલું સ્વરૂપ જોઈ પોતે એનાથી દૂર રહી નિષ્ક્રિય રહેવા માગે તેથી એ એમાંથી પસાર થઈ શકતો નથી, ત્યારે અવિદ્યાના ઉપાસકો કર્મ કરે છે, પણ એવાં કરે કે તેમાંથી અનેક કર્મોની પરંપરા નિર્માણ કરી એ વનનાં ઝાંખરા વધારે છે, અને એઓ પણ આગળ વધી શકતા નથી. એટલે જ ઈશોપનિષદે કહ્યું કે

સંભૂતિને અસંભૂતિ બેઉને ભજતો નર,
સંભૂતિથી તરી મૃત્યુ પામે અમૃત અન્યથી!

જ્ઞાન અને વિજ્ઞાનનો સંયોગ વિવેકથી કરી આ સંસારમાંથી મુકિત મેળવવી, જ્ઞાનથી સંસારનું સ્વરૂપ પામી એમાંથી સાર ને અસાર ઓળખવું–અલિપ્તભાવ કેળવવો, વિજ્ઞાનની ઉપાસના કરી કર્મ સુગમ કરવું–એક કર્મમાંથી કોઈ અનિષ્ટ પરંપરા કે બંધનો નિર્માણ ના થાય એવી સાવચેતી રાખવી, જ્ઞાનનો પ્રકાશ અને વિજ્ઞાનની ગતિ એ બેનો સમન્વય સાધવો એ જ યોગ છે કર્મયોગ. પ્રકાશ વગરની ગતિ રાક્ષસી સંહારનું સર્જન કરે, અને ગતિ વગરનો પ્રકાશ નિરર્થક પ્રકાશી કાળક્રમે નષ્ટ થાય. પ્રભુએ બક્ષેલા જીવન માટે એ બંને નકામાં છે, હાનિકારક છે, જીવન પ્રવાહનું 'ક્ષણે ક્ષણે સૃજામ્યહમ્' એ ગતિમાન તત્ત્વ અખંડિત રાખવું–તેજસ્વી રાખવું–એ પોતાનું કર્તવ્ય માને એવા કર્મયોગી જનસંસર્ગમાં સપડાતા નથી, પણ જનસંપર્ક સાધી પોતે આગળ વધે છે અને પોતાની સાથે બીજા અનેકોને લઈ જાય છે.

જીવનનો સર્વસમાન્ય વિચાર કરી કર્તવ્ય – કરવા યોગ્ય – અને અકર્તવ્ય – ન કરવા જોગ કર્મ અંગે કેટલાંક સંકેત રૂઢ થયા છે. છતાં પ્રાપ્ત સંજોગોમાં સ્વાર્થ કે આસકિતથી દૂર રહી જે યુકત દેખાય એ કર્મ કરવું પડે – સંકેત કે રૂઢિથી વિરુદ્ધ વર્તન પણ કરવું પડે, અવિહિત કે તામસ દેખાતું કર્મ પણ એવે વખતે અંતે વિહિત અને સાત્ત્વિક સિદ્ધ થાય છે. પરશુરામ જેવાં ભૃગુશ્રેષ્ઠ શસ્ત્ર ધારણ કરી પૃથ્વીને નક્ષત્રી કરે, રામચંદ્રજી સીતા સતીને ત્યાગે, શાકયમુનિ ગૌતમ નવજાત બાળક અને પત્નીનો ત્યાગ કરે, મહમ્મદ પયગંબર હિજરત કરે, અર્જુન સ્વજનોની હત્યા કરે, ગાંધી રાજાને વિષ્ણુનો અવતાર માની પૂજવાને બદલે જુલમી રાજ્યસત્તાને પડકારે અથવા તો પરકીય રાજા સામે સત્યાગ્રહ આદરે – એ બધાં કર્મો જે જે વ્યકિતઓએ કર્યાં તે તે સંજોગોનો સાંગોપાંગ વિચાર કરી – પોતાનો સ્વાર્થ કે અહંભાવ એમાં ભેળવ્યા વગર – કર્યા, એટલે સામાન્ય રીતે અવિહિત કહેવાય એવાં એ કર્મો યુકત અને દિવ્ય બન્યાં, માનવજાતિ માટે કલ્યાણકારી થઈ રહ્યાં.

કર્મયોગ સાધવો હોય તો જ્ઞાન, અનાસકિત અને વિવેકની સાધના કરવી રહી. એ સાધના માટે નિત્યકર્મના નિયમ – જેવાં કે નામસ્મરણ, પૂજા, ભકિત, જ્ઞાનસંકીર્તન વિગેરે માર્ગો અનુસરવા જોઈએ, પરંતુ એ માર્ગને જ મોક્ષ સમજવાની ભૂલ ના કરવી જોઈએ. એ સાધનો છે અને એ સાધનોના અવલંબનથી આપણાં જીવનવ્યવહારનાં કર્મોને યુકત બનાવી કર્મની સહાયથી જ મોક્ષ મેળવવાનો છે એ ધ્યેય ભૂલી ના જવાય. સાધનોમાં સાધ્યને ડૂબાડી દઈ જીવન સામેથી મોં ફેરવવું–જ્ઞાનના ઘમંડથી અકર્મણ્યમાં ફસાઈને, નિષ્ક્રિય બની સંસારી જનનો તિરસ્કાર કરવો એ કોઈ પણ રીતે યુકત નથી.

અનાસકત રહેવું–નિ:સ્વાર્થ રહેવું એનો અર્થ અન્યાય અથવા જુલમ સામે નમતું આપવું એવો કદાપિ ન થાય. અનાસકત ભાવે કરેલો પ્રતિકાર અત્યંત પ્રખર, પ્રભાવી અને શકિતશાળી હોય છે. એ પ્રતિકાર કરનાર વીરની પાછળ કોઈ શસ્ત્રધારી સૈન્ય, રાજસત્તા કે ભકતોનાં ટોળાં ન હોય, તો પણ અંતે એ જ વિજય મેળવે છે. સૉક્રેટિસને ઝેર પાઈ મારી નાખનારનું નામ કે સત્તાનું નામનિશાન ન રહ્યું; ઝેર પીને અમર થયા સૉક્રેટિસ. કાંટાળો તાજ પહેરી શૂળીએ ચઢેલ ઈસુ ને તેની શૂળી જગતના હૃદયમાં રાજ્ય કરી રહી. દિશોડપિ વસનં માનતા વિરકત તીર્થંકરો, ચપટી મીઠું હાથમાં લઈ પ્રચંડ રાજ્યસત્તાને પડકાર આપનાર મુઠી હાડકાનાં બાપુ–એ બધા એમના અનાસકત કર્મયોગથી જગને જીતી ગયા; જીવનને જીતી ગયા.

જીવનવ્યવહારમાં સદાચારી રહેવું જોઈએ. તેમજ કોઈ પણ અન્યાય મુંગે મોંએ સહન ના કરાય, જ્ઞાન ને ભકિતને નામે તો નહીંજ. અન્યાય ગુજારનાર જેટલો દોષિત છે એના કરતાં અન્યાય સહી લેનાર વધારે દોષિત છે. એટલે કર્મ વિષે જિજ્ઞાસાથી આટલું જાણી લીધા પછી, પેલાં બહેન જેમની વાત શરૂઆતમાં કરી તેમને જઈ કહેવાનું મન થયું કે "બહેન તમે બ્રહ્મ છો. પેલાં મકાનમાલિક પણ બ્રહ્મ છે. વાત સત્ય છે. પણ એ જ ન્યાયથી 'કાયદા બ્રહ્મનું' અને 'વકીલ બ્રહ્મનું' અસ્તિત્વ પણ નકારી શકાય એમ નથી અને જ્યાં સુધી તમારી પોતાની જગ્યામાંથી તમે પોતે અન્યાયથી કશું મેળવવાની ઈચ્છા ના રાખતા હો, અને શાંતિથી રહેવા માગતા હો, ત્યાં સુધી એ 'વકીલ બ્રહ્મ'ની મદદ લેવાને આડે સત્સંગ નહીં આવે!"

મૃણાલિની દેસાઈ

'જ્યોતિ-શિખા'

જૂન માસની પહેલી તારીખથી જીવન જાગૃતિ કેન્દ્ર, ૫૦૫, કાલબાદેવી રોડ, મુંબઈ - ૨ તરફથી 'જ્યોતિ-શિખા' નામના હિંદી ત્રિમાસિકનું પ્રકાશન શરૂ કરવામાં આવશે. આ ત્રિમાસિક આચાર્ય રજનીશજીના વિચારોનું મુખપત્ર હશે અને તેના સંપાદક શ્રી જટુભાઈ મહેતા અને પ્રકાશક શ્રી રમણલાલ સી. શાહ હશે. તેનું વાર્ષિક લવાજમ રૂા. ૫/- નક્કી કરવામાં આવ્યું છે, તો ગ્રાહક થવા ઈચ્છનારે ઉપર જણાવેલ ઠેકાણે લવાજમ મોકલી આપવું.

વિષયસૂચિ

		પૃષ્ઠ
વ્યવહાર અને કર્મયોગ	મૃણાલિની દેસાઈ	૧૩
એક કર્મઠ યોગીની મંથનપોથી	વાડીલાલ ડગલી	૧૫
અવલોકનો: વિદ્યાવિહાર ગીતમાલા, Economic Trands and Indications, બાળકોની હઠ, બિચારાં બાળકો, બાલવિકાસ અને શિસ્ત, આપણું ઘર	ગીતા પરીખ કાન્તિલાલ બરોડિયા	૧૬
પ્રકીર્ણ નોંધ: આપણી વચ્ચે વિચરતા એક માનવીરત્નનો પરિચય, પુનર્જન્મ અંગે સંશોધન, આજના રોકડિયા સંબંધો, અન્તિમ વર્ષો દરમિયાન નહેરુની વિચાર-પરિણતિ, દીક્ષા પ્રસંગે કરવામાં આવેલી સામાજિક સખાવત, કલાકાર શ્રી નંદલાલ બસુ અંગેની નોંધમાં થોડો સુધારો-વધારો, 'માનવમુડદાંનો નિકાલ' અંગેજીમાં–	પરમાનંદ	૧૮ ૨૧
માનવનાં મુડદાંનો નિકાલ	રજનીકાન્ત મોદી	૨૨

એક કર્મઠ યોગીની મંથનપોથી

(ગતાંકથી ચાલુ)

હૅમરશોલ્ડને સત્તા જોઈતી હતી. અસરકારક સેવા સત્તા વિના ન થઈ શકે એમ તેમને લાગતું હતું. પણ મુશ્કેલી એ હતી કે સત્તા ભોગવતાં ભોગવતાં કઈ રીતે રજકણ જેવા નમ્ર થવું? કઈ રીતે આંતરિક પરિપક્વતાનો સતત વિકાસ કરવો કે જેથી સત્તા વધુ ને વધુ સંસ્કારી બને? હૅમરશોલ્ડને સમાજની સેવા કરવી હતી, પણ તેમને સામાજિક ઉપચાર પ્રત્યે અત્યંત કંટાળો આવતો હતો. બીજી બાજુ એકલતાની ગૂંગળામણ એટલી તીવ્ર હતી કે કયારેક આત્મહત્યા કરવાનું મન થતું. સંસારમાં બેઠાં બેઠાં કઈ રીતે શરીરને પ્રભુના સાધન તરીકે વાપરવું? હૅમરશોલ્ડની આ મથામણ:

"मयि सर्वाणि कर्माणि संन्यस्याध्यात्मचेतसा।
निराशीर्निर्ममो भूत्वा युद्धस्व विगतज्वरः॥"

"અધ્યાત્મવૃત્તિ રાખી બધાં કર્મો મને અર્પણ કરીને આસક્તિ અને મમત્વ છોડી રાગરહિત થઈ તું યુદ્ધ કર."

ગીતાના આ શ્લોકનું સ્મરણ કરાવે છે. આ પુસ્તક વાંચતા ગીતાના શ્લોકોનું વારંવાર સ્મરણ એટલા માટે થાય છે કે હૅમરશોલ્ડ સંસારના અનાસકત કર્મવીર થવા પુરુષાર્થ કરતાં હતા. જીવનને યજ્ઞમય કરીને તેને પ્રભુચરણે ધરી દેવા માગતા હતા.

એમણે શરીરને એક સાધન તરીકે વાપરવા માટે અનુરોધ કર્યો હતો.

"Only he can conquer vertigo, whose body has learned to treat itself as a means."

"જે પોતાના શરીરને સાધન તરીકે વાપરતાં શીખ્યો છે તે જ ચિત્તના ચકરાવાને શાંત કરી શકે છે."

પરિપક્વતા, સત્તા અને એકલતા– હૅમરશોલ્ડનાં આંતરિક જીવનની આ ત્રણ મુખ્ય મૂંઝવણો હતી. પરિપકવ કઈ રીતે થવાય? સતત આંતરિક વિકાસ સાધવાનો કોઈ માર્ગ ખરો? હૅમરશોલ્ડનો જવાબ એ છે કે શબ્દ પ્રત્યેનો આદર એ પરિપકવતાની સીડીનું પહેલું પગથિયું છે. બુદ્ધિની, હૃદયની કે આત્માની પરિપકવતા માટે શબ્દનો ઉપયોગ અત્યંત કાળજીપૂર્વક અને સત્ય–પ્રેમથી કરવો જોઈએ. સત્ય પ્રત્યે આદર નહિ હોય તો સમાજ કે વ્યકિતનો વિકાસ નહિ થાય. શબ્દનો દુરુપયોગ કરવો એટલે મનુષ્ય પ્રત્યે તિરસ્કાર બતાવવો. જ્યારે શબ્દનો દુરપયોગ થાય છે ત્યારે માનવજાત એની ઉત્ક્રાંતિની મજલમાં બે ડગલાં પાછી પડે છે.

જીવનથી કંટાળો આવતો હોય કે દુનિયા સ્વાર્થી અને મેલી લાગતી હોય તો ફરિયાદ ક્યાં કરવી? હૅમરશોલ્ડને લાગે છે કે જ્યાં આપણા પોતાના જ હાથ નાના હોય ત્યાં ફરિયાદ શું કરવી? જ્યારે દુનિયામાં દોષ દેખાય ત્યારે ખરી જરૂર એ છે કે આપણે પોતે પરિપકવ થઈએ. આ પરિપકવતા શું છે? હૅમરશોલ્ડે કોઈ મર્મી કવિની છટાથી પરિપકવતાની ઓળખ આપી છે.

"Maturity : among other things—not to hide one's strength out of fear and consequently live below one's best."

"પરિપકવતામાં આ પણ આવે છે: ડરના માર્યા સાચી શકિત છુપાવવી નહીં અને સાથે સાથે જેટલું જોર હોય તે કરતાં જરા પણ નબળું જીવવું નહિ."

"Maturity : among other things—a new lack of self-consciousness—the kind you can only attain when you have become entirely indifirent to yourself through an absolute assent to your fate."

"પરિપકવતામાં આ પણ આવે છે. સભાનતાનો વિશિષ્ટ અભાવ–આવો અભાવ ત્યારે જ પ્રાપ્ત થાય, જ્યારે જાતની તમામ ફીકર છોડીને સઘળું ઈશ્વરને હવાલે કરી દઈએ."

"Maturity: among other things, the unclouded happiness of the child at play, who takes it for granted that he is at one with his play-mates."

"પરિપકવતામાં આ પણ આવે છે: ભેરુઓથી પોતે જરાય જુદો નથી એવા વિશ્વાસથી રમતાં બાળકનો નિર્મળ આનંદ."

અને આખરે પરિપકવતાનું આવું સ્વપ્ન હૅમરશોલ્ડ અર્પે છે :

"If only I may grow, firmer, simpler, quieter, warmer."

"મારો વિકાસ આ દિશામાં થાઓ: હું વધારે નિશ્ચળ, સરળ, શાંત, સ્નેહાળ બનું."

જે કુટુંબે દસકાઓ સુધી એકધારી રાજસત્તા માણી છે એ કુટુંબનો એક વિચારશીલ ફરજંદ પવિત્રતા અને કર્મનો અનિવાર્ય સંબંધ આ સ્મરણીય વાક્ય દ્વારા સૂચવે છે.

"In our age, the road to holiness necessarily passes through the world of action."

"આપણા યુગમાં તો હરિનો મારગ કર્મભૂમિમાંથી જ પસાર થાય છે."

પણ સત્તાધીશ કર્મવીર માથે મોટી જવાબદારી છે. જીવનનો હેતુ બીજા પર હકૂમત ચલાવવાનો નહિ પણ જનસાધારણની શુદ્ધ સેવા કરવાનો છે.

"Only he deserves power who everyday justifies it."

"સત્તા એને જ મળવી જોઈએ, જે દરરોજ એ માટેની લાયકાત બતાવે."

"Your position never gives you the right to command. It only imposes on you the duty of so living your life that others can receive your orders without being humiliated."

"તમારો હોદ્દો તમને હકૂમત ચલાવવાનો અધિકાર આપતો નથી. એ હોદ્દો તમારે માથે જવાબદારી નાખે છે કે માણસોને તમારો હૂકમ ઝીલવામાં અપમાન ન લાગે એવું જીવન તમે જીવો."

સત્તાધારીએ કૂણું હૃદય રાખવું જોઈએ, પણ પોતાની જાત પ્રત્યે સખત થાય તેને જ બીજા પ્રત્યે દયાળુ થવાનો અધિકાર પ્રાપ્ત થાય છે.

અતડા અને શરમાળ હૅમરશોલ્ડની એકલતા કેવી હતી. ?

"What makes loneliness an anguish
Is not that I have no one to share my burden.
But this
I have only my own burden to bear."
"આ એકલતાની વ્યથા
એ નથી કે બીજું કોઈ મારો બોજ
ઉચકાવતું નથી.
મારી વેદના આ છે :
મારા નસીબે
મારા એકલાનો જ બોજ ઉપાડવાનો આવ્યો છે."

"Work as an anaesthetic against loneliness, books as a substitute for people—!"

"એકલતા ભૂલવા માટે કામ અને માણસોને બદલે પુસ્તકો"

હૅમરશોલ્ડની જિંદગીની કરુણા એ હતી કે એમને દાંપત્ય–સુખનો અનુભવ નહોતો થયો. એમના જીવનની મુશ્કેલી એ હતી કે સંસારમાં ડૂબેલા રહીને એમને હૃદય–સંપત્તિ વધારવી હતી. એમણે પ્રવાસો ખૂબ કર્યા હતા. પણ એમનો સાચો પ્રવાસ તો બીજો હતો.

"The longest journey
Is the journey inwards."
"લાંબામાં લાંબો પ્રવાસ
અંતરનો પ્રવાસ છે."

હૅમરશોલ્ડને જાપાનીઝ હાઈકૂ ખૂબ પ્રિય હતાં. એમણે પોતે સંખ્યાબંધ હાઈકૂ લખ્યાં છે. એક હાઈકૂમાં એ એવા સુખની ઝંખના

કરે છે કે જે સ્મિત અને નાજુક હાથના હલનચલન દ્વારા સહજ રીતે પ્રાપ્ત થાય. વળી બીજા એક હાઈકૂમાં એ કહે છે "અરે જીવ ! લોકોના સહવાસથી થાકી જઈને તું એકાંત શોધે છે. પણ તું એટલો થાકેલો છે કે તે ખાલી એકાંતને ભરવા માટે તારી પાસે શક્તિ જ રહી નથી."

આવી એકલતા કઈ રીતે નિવારવી ? હૅમરશોલ્ડને લાગે છે કે એકલતા એ એક એવી માંદગી છે કે જે મોત સાથેજ જાય. તો શું તે હાથ જોડીને બેસી રહે ? આપણા યુગમાં હરિનો મારગ કર્મભૂમિમાંથી પસાર થાય છે એવું કહેનાર આ કર્મવીર જીવનનો તરસ્યો છે.

"Openness to life grants a lightening–swift insight into the life situation of others."

"જીવનના બધા આવિષ્કારોને તમે ખુલ્લાં હાથે આવકારો તો બીજાનું જીવન સમજવાની ત્વરિત સૂઝ આવે છે."

"Life yields only to the conqueror. Never accept what can be gained by giving in. You will be living on stolen goods, and your muscles will atrophy."

"જીંદગી તો વિજેતાને જ વરે છે. શરણે થવાથી મળી શકે તેને કદી હાથ ન લગાડશો. તો તો તમે ચોરીના માલ પર જીવશો અને તમારા સ્નાયુઓ સુકાઈ જશે."

એમની પ્રાર્થના એટલી જ હતી કે એકલતાની વ્યથાને કારણે એમને કંઈક એવું મળી જાય કે જેથી જીવન અને મોત બન્ને અર્થપૂર્ણ બને. આચાર્ય વિનોબા ભાવેએ એમના "ગીતાપ્રવચન"માં એવું વિધાન કર્યું છે કે ધર્મમય જીવન જીવવા માટે મરણનું સતત સ્મરણ રહેવું જોઈએ. મરણનું સ્મરણ રાખીને જીવીએ તો વધુ સજાગ રહેવાય છે એમ કહી એ પૂછે છે : "મરણનો વાઘ હંમેશ સામે ઘૂરકતો ઊભો હોય ત્યારે પાપ કરવાનું સૂઝે કયાંથી ? પાપ કરવું હોય તો તેને માટે પણ એક જાતની નિરાંત જોઈએ. મરણનું હંમેશ સ્મરણ રાખવું એ પાપમાંથી મુકત રહેવાનો ઈલાજ છે. મરણ સામે દેખાતું હોય ત્યારે કઈ અને કોની હિમતે માણસ પાપ કરશે ?" હૅમરશોલ્ડની આ નોંધપોથીમાં મૃત્યુ ડગલે ને પગલે ડોકિયું કરે છે.

"Give me something to die for !"

"મૃત્યુ ધન્ય બને એવો કોઈ અવસર દે !"

"The hardest thing of all—to die rightlyAn exam nobody is spared and how many pass it? And you ? You pray for strength to meet the test but also for leniency on the part of the examiner."

"કઠણમાં કઠણ કામ યોગ્ય રીતે મરવાનું છે. આ કસોટી કોઈને છોડતી નથી. એમાંથી કેટલા પાર ઊતરે છે ? અને તું ? કસોટી સામે ઊભા રહેવાના બળ માટે તું પ્રાર્થના કર અને સાથે સાથે પરીક્ષક ઉદાર થાય એવી પણ યાચના કર."

હૅમરશોલ્ડને ખબર હતી કે એમની ગમે તેટલી ઈચ્છા હોય તો પણ એમનું મૃત્યુ કોઈ એકાંત ખૂણાની મૌન અંજલિ નહીં જ બને. આમ છતાં એમણે એવી ઈચ્છા વ્યકત કરેલી કે હું દુનિયાની વિદાય લઉં ત્યારે ધીમે ધીમે ચોરપગલે એવી રીતે સરકી જાઉં કે મહેફિલના રંગમાં ભંગ ન પડે. પણ વિધિએ સાવ જુદું જ ધાર્યું હતું. કોંગોની ઉગ્ર કટોકટી હળવી કરવા એ જતે આફ્રિકા ભણી ઊપડયા અને નોર્ધન રહોડેશિયાના એક ગામડામાં એમનું વિમાન તૂટી પડયું. એ જે રીતે ગયા તેથી માત્ર મહેફિલો થંભી ન ગઈ, દાગ હૅમરશોલ્ડની આવી વિદાયથી માનવજાતનો તંદ્રામાં પડેલો અંતરઆત્મા પણ ચોંકયો અને સળવળ્યો.

સમાપ્ત **વાડીલાલ ડગલી**

અવલોકનો

"વિદ્યાવિહાર ગીતમાલા"

[સંયોજક : શ્રી ભાઈલાલ શાહ (સંગીત અલંકાર), પ્રકાશક :– હરિકૃષ્ણ આનંદજીવાલા, મંત્રી, શેઠ ચીમનલાલ નગીનદાસ વિદ્યાવિહાર, એલિસબ્રીજ, અમદાવાદ-૬. કિંમત રૂા. સાત]

સંગીતને માનવહૃદય સાથે સીધો સંબંધ છે. માત્ર માનવી નહીં, પણ પશુપંખી તેમ જ કુદરતનાં તત્ત્વો પર પણ સંગીતની સીધી અસર છે. મોરલીથી ડોલતો નાગ અને સંગીતના સૂર સાથે દોહવાથી વધુ દૂધ આપતી ગાયો (શારદાગ્રામમાં) આપણને અપરિચિત નથી. તેમ જ મલ્હારના સૂરથી રીઝાતા મેઘદેવ પણ માત્ર દંતકથાના પાત્ર જેવાં નથી. પરંતુ માનવીના હૈયાની તો અનેક ઊર્મિઓ સંગીતથી જાગે છે ને સંગીતમાં આવિષ્કાર પામે છે. ચાલુ જીવનનાં સુખદુઃખમાં સમાધાનવૃત્તિ કેળવવામાં પણ સંગીત આધ્યાત્મિક અસર ઉપજાવે છે. જીવનની અનેક પ્રવૃત્તિઓ સાથે સૂર અને લય વણી દેતાં એ કાર્ય ભારરૂપ થવાને બદલે આનંદદાયક બની શકે છે. મકાન ચણતાં કડીયા ને મજૂર સ્ત્રીઓ ભર તડકે જે કામની 'વેઠ' સહી લેતાં હોય છે એમાં એમના પ્રાણનું મુખ્ય બળ એમનું સંગીત હોય છે. આવી પ્રવૃત્તિઓમાં તેમજ શુભ કાર્યોનાં પ્રારંભમાં પણ પ્રાર્થનાના ઉદગારો એક અનોખી મંગલતા વર્ષાવી જાય છે અને રાષ્ટ્રચેતનાને જગાવવામાં તો આપણાં શૌર્યગીતો ને કૂચગીતોએ પોતાનું સ્થાન જમાવી દીધું છે.

આમ જીવનમાં સંગીતની ઉપયોગિતા ને અનિવાર્યતાને સ્થાપિત કરતો એક સુંદર ગીતસંગ્રહ- "વિદ્યાવિહાર ગીતમાલા"- શ્રી ભાઈલાલભાઈ શાહને હાથે સંયોજીત થયો છે. અમદાવાદમાં અનેક વાર શ્રી ભાઈલાલભાઈનો હલકભર્યો સુમધુર કંઠ માણવા મળ્યો છે. એમના પ્રત્યક્ષ પરિચય વગર પણ એમના સ્વરનો પરિચય હંમેશા આનંદદાયક રહ્યો છે. પરંતુ એમની શક્તિ માત્ર આટલામાં સીમિત ન હોય તેમ આ સંગ્રહ સાથે એમનો ચીવટભર્યા સંગીતશિક્ષક અને સંયોજક તરીકે પણ પરિચય થાય છે.

અમદાવાદની જાણીતી શિક્ષણસંસ્થા "શેઠ ચી. ન. વિદ્યાવિહાર" સાથે તેઓ છેલ્લાં બત્રીસ વર્ષોથી વિદ્યાર્થી તેમ જ શિક્ષકને નાતે જોડાયેલા છે. અનેક કંઠોને એમણે આજ સુધી વિવિધ ગીતોથી ગૂંજતા કર્યા છે. આમાંના ૧૦૮ ગીતોને એમણે સ્વરાંકન સાથે "વિદ્યાવિહાર ગીતમાલા"માં સંગ્રહિત કર્યાં છે. આમાં ૭૨ ગીતો ગુજરાતી છે તથા ૩૬ ગીતો અન્ય ભાષાઓના–જેમ કે બંગાળી, મરાઠી, હિંદી–છે, આવા ભાષાવૈવિધ્ય સાથે આવતાં આ સંગ્રહમાં વિષયવૈવિધ્ય પણ મજાનું છે. આમાં સવારે જગાડવા માટે ગાવામાં આવતાં વૈતાલિક (પ્રભાતિયાં), પ્રાર્થનાગીતો, અર્વાચીન તથા પ્રાચીન ભજનો, પ્રેરણાગીતો, પ્રવૃત્તિ, પ્રકૃતિ તથા રાષ્ટ્રચેતનાના ગીતો છે. તદુપરાંત પ્રકીર્ણ વિભાગમાં છૂટાછવાયાં વિષયના થોડાંક ગીતો પણ છે.

ગીતોની પસંદગી દરમ્યાન એના કાવ્યત્વ પ્રત્યે પણ સારું ધ્યાન અપાયું હોવાથી કાવ્ય–સંગીતનો સુમેળ સાધી શકાયો છે. ગુજરાતના પ્રસિદ્ધ કવિઓમાંથી લગભગ ૪૫ કવિઓનો આમાં સમાવેશ થયો છે. છતાં એ પસંદગીમાં બધા પ્રતિનિધિ કવિઓનો પૂરા ન્યાયપૂર્વક સમાવેશ થયો નથી લાગતો. સંસ્થાના આચાર્યની બંદરેક કૃતિઓ હોય, નાથાલાલ દવેની આઠ કૃતિઓ હોય અને રાજેન્દ્ર શાહ, બાલમુકુન્દ દવે કે નિરંજન ભગત જેવાની માત્ર એક એક કૃતિ જ હોય એમાં ઔચિત્ય લાગતું નથી. તેમજ પ્રિયકાન્ત મણિયાર કે વેણીભાઈ પુરોહિત જેવા કવિઓ વિસરાઈ ન ગયા હોત તો સંગ્રહમાં ઓર રંગત જામત.

લલિત-મંજુલ ભાવવાહી પદાવલિની દૃષ્ટિએ આ કવિઓ સહેજ પણ ઓછા પડે એવું મને નથી લાગતું.

આ "ગીતમાલા"માં ગીતો અને એના સ્વરાંકન ઉપરાંત સ્વરલિપિનાં ચિન્હો તેમ જ તાલનો પરિચય પણ આપ્યો છે. આટલી

ભૂમિકાનો લાભ મળવાથી એમનું સ્વરાંકન (Notation) બરોબર સમજીને ગાઈ શકાય છે. ગીતોના શબ્દો તેમ જ અક્ષરોના લઘુગુરુ તાલમાપ પણ બરોબર સચવાય તે માટે સંયોજકે ઝીણવટભરી દૃષ્ટિ રાખી છે. આખા સંગ્રહમાં જે સુઘડતા ને વ્યવસ્થિતતા છે તે સંયોજકની સુરુચિનો ખ્યાલ આપે છે. માત્ર વિવિધ વિભાગોની શરૂઆતમાં આપવામાં આવેલાં ચિત્રોથી થોડી નિરાશા જાગે છે. જૂની પાઠમાળામાં વર્ષો પહેલાં આવતાં ચિત્રોની કક્ષાનાં આ ચિત્રો હવે સ્હેજ પણ રુચિકર નથી બનતાં. આ (અને આવાં) ચિત્રો ન આપ્યાં હોત તો સંગ્રહને જરાય ઓછું ન આવત. અલબત્ત, મુખપૃષ્ઠ પરનું શારદાનું ચિત્ર ઘણું સુંદર ને યથાસ્થાને છે. એટલું જ પૂરતું નથી ?

આ સંગ્રહની ગુજરાતી ભાષા દેવનાગરી લિપિમાં છે, એ પણ એની નવીનતા ગણાવી શકાય. આથી એનો વ્યાપક ઉપયોગ થશે. આમ પણ આવું સમૃદ્ધ પુસ્તક કોઈ પણ શાળા, કૉલેજ તથા સંગીત-સંસ્થાની અમૂલ્ય મૂડી બની શકે એમ છે. સીનેમાઓના તદ્દન ક્ષુદ્ર સંગીત પ્રત્યે ભાનભૂલીને ખેંચાઈ રહેલા વિદ્યાર્થીઓ અને યુવક-યુવતીઓ સમક્ષ આવી "ગીતમાળા" એક સુંદર વિકલ્પ મૂકે છે. શાસ્ત્રીય સંગીતના ઊંડાણમાં ડૂબકી ન મારી શકે તેને પણ હળવું સંગિત આકર્ષી શકે છે. એમાં પણ આવો ઉદાત્ત મનોભાવ પ્રેરતાં ગીતો ઘડાઈ રહેલી સંગીત રુચિને સાચી દિશા તરફ વાળે એમ છે.

આ ગીતો ગાવાં વધુ સરળ બને એ દૃષ્ટિએ એટલું સૂચવું કે એની ટેપ-રેકર્ડ ઉતારીને લોકોમાં એને યથાર્થરૂપે વહેતાં કરો. સંગ્રહની કદ-મર્યાદામાં સમાઈ ન શકી હોય છતાં સુંદર હોય તેવી અન્ય ગેય-રચનાઓની એક નામાવલી—List—આમાં ઉમેરાઈ હોય તો અન્ય ગાયકો એને સ્વરબદ્ધ કરીને ગાઈ શકે ખરા.

જોતાં જ મન ગાવા માંડે તેવા આ પવિત્રમધુર ગીત-સંયોજન દ્વારા શ્રી ભાઈચાલભાઈએ સાહિત્ય—સંગીતની અવિસ્મરણીય સેવા કરી છે.

ગીતા પરીખ

Economic Trends and Indications

(ભાગ ૩, ૪, ૫ અને ૬: લેખક: શ્રી ભીખાલાલ કપાસી; ઠે. બી-૫; પંડારા રોડ, ન્યુ દિલ્હી-૧૧, કિંમત રૂા. ૫, રૂા. ૫, રૂા. ૭.૫૦, રૂા. ૭.૫૦)

શ્રી ભીખાલાલ કપાસી અર્થશાસ્ત્રના ઊંડા અભ્યાસી છે. તેઓ અઠવાડિકો, માસિકો, વિ. માં આ વિષયમાં અવારનવાર લખતા હોય છે અને અનુકૂળતાએ તેનો સંગ્રહ પ્રકાશિત કરી લોકો સમક્ષ મૂકે છે, જે પુસ્તકો અર્થશાસ્ત્રમાં રસ લેનારને તથા સામાન્ય જાગ્રત નાગરિકને સારું ને સરળ વાંચન પૂરું પાડે છે. ભાઈશ્રી કપાસીના લેખો પૃથક્ પૃથક્ લખાયા હોવા છતાં સળંગ રીતે વાંચનારને દેશ સમક્ષના આર્થિક પ્રશ્નોનો હૂબહૂ ખ્યાલ આપે છે. મુખ્ય પ્રશ્નોનું સ્વરૂપ તેના વિવિધ પાસાંઓને લેખક સ્પર્શે છે ને તે પરત્વે પોતાનું અવલોકન ને ટીકાટીપ્પણ અસરકારક રીતે રજુ કરે છે. એક રીતે જોતાં પ્રૌઢ શિક્ષણનો આ એક ઉત્સાહી ને સતત પ્રયત્ન જ છે, જે બદલ ભાઈશ્રી કપાસી આપણા સૌના અભિનંદનના અધિકારી બને છે.

આઝાદી પછી આયોજિત આર્થિક વિકાસનું ભગીરથ કાર્ય આપણે આરંભ્યું ને પંચવર્ષીય યોજનાઓ અમલી બની તેના ખેતી, ઉદ્યોગો ને નિકાસના સામાન્ય પ્રશ્નોની ચર્ચા ભાગ-૩માં કરવામાં આવી છે. Curate ના ઈંડા પ્રમાણે દેશનો આર્થિક વિકાસ કેટલાક ભાગે સાચો થયો છે. તેનો લોકશાહી રીતે અમલ થાય છે, તેથી ઉગતી લોકશાહીની મર્યાદાઓ વચ્ચે માર્ગ કાઢવાનો રહે છે. મોટો વસ્તીવધારો, બેસુમાર ગરીબી અને નીચા જીવનધોરણના પ્રશ્નો ઉકેલવાનું કાર્ય સહેલું નથી તેમ લેખકે સારી રીતે પુરવાર કરી બતાવ્યું છે. ભાગ ૪માં લેખકે ચોથી પંચવર્ષીય યોજનાના અનેક પાસાઓની છણાવટ કરતા લેખો સંગ્રહ્યા છે. લોકકલ્યાણને વરેલી સરકારે લોકોના અસંતોષને દૂર કરવો જ રહ્યો એ બાબત ઉપર ભાર મૂકીને ખેતીવાડી ક્ષેત્રે મળેલી નિષ્ફળતા અને મોંઘવારી તથા ભાવવધારાના પ્રશ્નો તેમણે ચર્ચ્યા છે ને જણાવ્યું છે કે, રશિયાની પદ્ધતિનું અનુકરણ કરવાને બદલે આપણે ખૂબ જ વાસ્તવવાદી ને નક્કર ધોરણે આગળ વધવું જોઈએ ને દેશના આંતરિક સાધનો બરાબર એકત્રિત કરી તેનો પૂરો ઉપયોગ કરવો જોઈએ, તથા તાત્કાલિક પરિણામો હાંસલ થાય તેવી યોજનાઓ હાથ ધરી ખેતીવાડીને અવશ્ય અગ્રસ્થાન આપવું જોઈએ. સ્વ. શ્રી. નહેરુના અવસાન પછી શ્રી શાસ્ત્રીએ દેશની ધૂરા સંભાળી તે સમયના લેખો ભાગ-૫માં છે. ૧૯૬૫-૬૬નું અંદાજપત્ર, આર્થિક વિકાસ ને વિદેશનો વેપાર, નિકાસ કરતા દેશના ઉદ્યોગો, સમાજવાદ, કૉંગ્રેસની આર્થિક નીતિ, જાહેર ક્ષેત્ર—ખાનગી ક્ષેત્રના ગજગ્રાહ જુદા જુદા ઉદ્યોગોના સવાલો વિ. વિષયો તેમણે ચર્ચ્યા છે.

શ્રી કપાસીનો લેખસંગ્રહ ભાગ ૬ઠ્ઠો તાજેતરમાં જ પ્રસિદ્ધ થયો છે. પહેલા વિભાગમાં ૧૯૬૫ની સાલના ભારતીય અર્થતંત્રના વિવિધ પાસાઓને છણવામાં આવ્યા છે. ભારતીય - પાક યુદ્ધથી અર્થતંત્ર પરનો બોજો વધ્યો ને તે દરમ્યાન જે પાઠ આપણે શીખ્યા કે 'આપણા પગ પર ઊભા રહેતાં આપણે શીખવાનું છે ને તેમાં જ સ્થાયી લાભ છે.' તે સરકારની વિવિધ નાણાકીય, આર્થિક ને ઔદ્યોગિક નીતિનું પણ લક્ષ્ય હોવું જોઈએ ને આ ઉદ્દેશ પાર પાડવા સરકાર અને પ્રજા વચ્ચે ઉચ્ચ કક્ષાનો સહકાર જરૂરી છે. લેખકે આ બાબત સારી રીતે સમજાવી છે. સંગ્રહનાં બીજા અને ત્રીજા ભાગમાં સંરક્ષણ અને નિકાસો, ચોથી યોજનાનું પહેલું વર્ષ ને વાસ્તવક્ષી નીતિ, નેહરુ પછીના એક વર્ષની આર્થિક સમશ્યાઓ, વિ. બાબતો ચર્ચવામાં આવી છે. આર્થિક બાબતોની ચર્ચા હરહંમેશ ગંભીર ને મુશ્કેલ હોય છે એવું નથી એમ ભાઈશ્રી કપાસીએ એમના સંગ્રહ થયેલા ઘણા લેખો દ્વારા પુરવાર કર્યું છે ને તેમણે આ અઘરા વિષયને લોકભોગ્ય રીતે રજુ કર્યો છે.

શ્રી કપાસીના ઉપરના પુસ્તકોમાં સંગ્રહાએલા લેખો જાણકારીની દૃષ્ટિએ, આંકડાઓની દૃષ્ટિએ ને સુવાચ્યતાની દૃષ્ટિએ વાંચકને ખૂબ પસંદ પડે તેવા છે. તેમના અભિપ્રાયો સાથે બધા સંમત થાય કે નહીં, છતાં તે અભિપ્રાયો તેમણે નિષ્પક્ષપાતપણે આપ્યા છે. ને આર્થિક પ્રશ્નોની ચર્ચા કરવાની તેમની પકડ ને અભ્યાસ જબરા છે તેમાં શંકા નથી.

બાળકોની હઠ, બિચારાં બાળકો, બાલવિકાસ અને શિસ્ત, આપણું ઘર.

લેખિકા : શ્રીમતી તારાબહેન મોડક; અનુવાદક: શ્રી ચંદુલાલ ભટ્ટ; પ્રકાશક; ગ્રામબાલશિક્ષણ કેન્દ્ર પ્રકાશન, કોસબાડ ટેકરી, ઘોલવડ, જિલ્લો થાણા, પશ્ચિમ રેલવે).

બાળકોમાં કે બાલશિક્ષણમાં રસ લેનાર ભાગ્યે જ કોઈ હશે જેમણે તારાબહેન મોડકનું નામ નહીં સાંભળ્યું હોય. વર્ષોથી તેઓ આ ક્ષેત્રમાં પડ્યા છે ને તેમણે જ કહ્યું છે તેમ 'તેમના જીવનકાર્યના નીચોડ રૂપે' આ પુસ્તિકાઓમાં તેમણે તેમના વિચારો સરસ ને સરળ રીતે રજુ કર્યા છે. બાળકેળવણી અને બાળજીવન જેવા મહત્ત્વના વિષયોમાં પરદેશો જેટલું આપણે ત્યાં ખેડાણ થયું નથી. તારાબહેન મોડક જેવા બીજા ઘણા શિક્ષણશાસ્ત્રીઓએ આ બાબતમાં પોતાના વિચારો રજુ કરવા જોઈએ અને 'બાળક અને વડિલોના વિભિન્ન તાલની મીલાવટ સમજપૂર્વક થઈ શકે તે માટે' ઉપયોગી સાહિત્ય બહાર પાડવું જોઈએ. તારાબહેને યોગ્ય જ કહ્યું છે કે 'બાલમનને પોષક છે પ્રસન્નતા, પ્રેમ, વ્યકિત સન્માન, પ્રવૃત્તિઓ, વ્યવસ્થા અને નિયમિતપણું.' આ સીંચન કુમળા રોપાઓને કરવા તેમણે માબાપને માળી બનવાનો ખાસ અનુરોધ કર્યો છે તે સાથે સૌ કોઈ સહમત થશે.

કાન્તિલાલ બરોડિયા

પ્રકીર્ણ નોંધ

આપણી વચ્ચે વિચરતા એક માનવીરત્નનો પરિચય

આર્થિક દૃષ્ટિએ જેમણે પોતાના જીવનની શરૂઆત લગભગ શૂન્યથી કરી હતી એવા શ્રી કાન્તિલાલ ઈશ્વરલાલ ધી બોમ્બે શેર એન્ડ સ્ટોક બ્રોકર્સ એસોસીએશનના પ્રમુખ તરીકે તાજેતરમાં ચૂંટાયા છે. આવી વ્યક્તિ કોઈ પણ સમાજને માટે ગૌરવ લેવા યોગ્ય ગણાય અને તેથી તેમનો પ્રબુદ્ધ જીવનના વાચકોને અહિં પરિચય આપવામાં આવે તે સર્વ પ્રકારે ઉચિત લેખાશે.

શ્રી કાન્તિલાલભાઈની આજે ૬૫ વર્ષની ઉમ્મર છે. તેમનો જન્મ રાધનપુરમાં થયેલો. કમનસીબે માતપિતાને આઠ દશ વર્ષની ઉમ્મરે ગુમાવતાં, તેઓ મુંબઈ ખાતે પોતાના મામાને ત્યાં રહીને બાબુ પનાલાલ પુનમચંદ હાઈસ્કૂલમાં ભણેલા. મેટ્રીક સુધી પહોંચ્યા ન પહોંચ્યા, એટલામાં શ્રી શકુન્તલાબહેન સાથે તેમનો વિવાહસંબંધ નક્કી કરવામાં આવ્યો અને થોડા સમય બાદ પોતાનાં લગ્ન થશે તો પછી પોતે કેવી રીતે પોતાનો જીવનનિર્વાહ કરી શકશે એ વિચાર અને ચિન્તામાં તેમણે પોતાનો અભ્યાસ છોડી દીધો અને દ્રવ્યોપાર્જન નિમિત્તે શેરબજાર તરફ તેઓ વળ્યા અને ઘણું ખરું એમના મામા જે શેરબજારનો વ્યવસાય કરતા હતા, તેમની ઑફિસમાં એક ક્લાર્ક તરીકે જોડાયા. આ વ્યવસાયની તેમને થોડા સમયમાં સુઝ બેસી જવાથી તે જ બજારમાં એક જોબર તરીકે તેમણે પોતાનો વ્યવસાય આરંભ્યો; વખત જતાં તેઓ જાતજોખમે ધંધો કરવા લાગ્યા; તેમાં તેમને ઉત્તરોત્તર સફળતા મળતી ગઈ; વિપુલ પ્રમાણમાં દ્રવ્યોપાર્જન થતું ચાલ્યું; મુંબઈના એક અગ્રગણ્ય કુશળ શેરબ્રોકર તરીકે તેમની પ્રતિષ્ઠા જામતી ગઈ.

આજથી ૨૬ વર્ષ પહેલા મુંબઈના શેર એન્ડ સ્ટોક બ્રોકર્સ એસોસીએસનના બોર્ડ ઉપર તેઓ નિમાયા. છેલ્લાં પાંચ વર્ષથી તેઓ એસોસીએશનના વાઈસપ્રેસીડેન્ટ-ઉપપ્રમુખ-તરીકે કામ કરી રહ્યા હતા અને તાજેતરમાં, એ એસોસીએશનના છેલ્લા ૪૦ વર્ષથી પ્રમુખપદને ભારે યશસ્વીપણે શોભાવી રહેલ ખ્યાતનામ શ્રી. ફે. આર. પી. શ્રોફ વૃદ્ધાવસ્થા અને નબળી તબિયતના કારણે એ પદ ઉપરથી નિવૃત્ત થતાં, વ્યાપાર અને ઉદ્યોગના ક્ષેત્રે અસાધારણ જવાબદારીભર્યા પ્રમુખસ્થાને શ્રી કાન્તિલાલભાઈની સર્વાનુમતે વરણી થઈ. આ હકીકત જ કાન્તિલાલભાઈની પોતાના વ્યવસાય-ક્ષેત્રમાં અસાધારણ કુશળતા અને શેરદલાલોમાં અપ્રતિમ પ્રતિષ્ઠા અને લોકપ્રિયતા પુરવાર કરવા માટે પૂરતી છે.

આ તો તેમની વ્યવસાયલક્ષી જીવનની આપણે ટૂંકી આલોચના કરી. આ ધંધાદારી જીવન સાથે તેમનું જાહેર જીવન—ખાસ કરીને જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સમાજને લગતું જાહેર જીવન—એટલું જ ઉજળું અને ગૌરવપ્રદ છે. અત્યંત ગરીબીમાંથી ઊંચે આવેલા કાન્તિલાલભાઈની પ્રકૃતિમાં દીનદુઃખી, ગરીબ, અભાગ પ્રત્યે ઊંડી સહાનુભૂતિ જડાયલી છે અને આ સહાનુભૂતિ અનેક ઉદાર સખાવતો દ્વારા વિવિધ પ્રકારે સક્રિય રૂપ ધારણ કરતી રહી છે. દ્રવ્યની આવક વધવા સાથે તેમનામાં ઉદારતાનો ગુણ સારા પ્રમાણમાં વિકસતો રહ્યો છે અને તે ઉદારતા અનેક સામાજિક તેમ જ શૈક્ષણિક સંસ્થાઓનું નિર્માણ કરવા પાછળ અથવા તો તેનું અર્થસીંચન કરવા પાછળ મૂર્ત થતી રહી. છે. તેમના જીવનનું સૌથી મહત્ત્વનું કાર્ય મુંબઈ ખાતે આવેલી શ્રી શકુન્તલા કાન્તિલાલ ઈશ્વરલાલ જૈન ગર્લ્સ હાઈસ્કૂલ છે. શ્રી મુંબઈ અને માંગરોળ જૈન સભા મારફત ચાલતી એક સામાન્ય કન્યાશાળાને પોતાની ઉદાર સખાવતથી તેમ જ તે પાછળના સતત પરિશ્રમથી તેમણે મુંબઈની એક અદ્યતન અને અગ્રગણ્ય શિક્ષણસંસ્થામાં પરિણત કરી છે. વર્ષો પહેલાં રાધનપુર ખાતે તેમણે એક જૈન બોર્ડિંગ ઊભી કરેલ છે અને તેને પોતાના પિતાશ્રીના નામ સાથે જોડેલ છે અને એક મોટો ઉપાશ્રય બંધાવી આપીને તેને પોતાનાં માતુશ્રીના નામ સાથે જોડેલ છે.

જૈન શ્વે. મૂ. સમાજના તેઓ એક અગ્રગણ્ય આગેવાન છે અને જૈન શ્વે. મૂ. કૉન્ફરન્સની વર્ષો સુધી તેમણે અથાક સેવા કરી છે. એ સેવાના અનુસંધાનમાં પ્રસ્તુત કૉન્ફરન્સના ઉત્તરોત્તર ફાલના અને જુનાગઢ ખાતે મળેલાં અધિવેશનોના પ્રમુખસ્થાનને તેમણે શોભાવેલ છે. આ સિવાય જૈન કૉન્ફરન્સ ઉદ્યોગગૃહ, શ્રી મહાવીર જૈન વિદ્યાલય વગેરે અનેક જૈન સંસ્થાઓને તેમની સેવા અને સંપત્તિનો સારો લાભ મળ્યો છે.

તેઓ એક વખત મુંબઈ જૈન યુવક સંઘના સભ્ય હતા. વિચારના ક્ષેત્રમાં તેઓ એક વખત ઉદ્દામ હતા. આજે જેમ બીજા અનેક આગેવાનોમાં જોવામાં આવે છે તેમ ધન, પ્રતિષ્ઠા અને મોભો વધવાના કારણે તેમ જ સામાજિક આગેવાનીના કારણે, નહિ એકદમ સ્થિતિચુસ્ત કે નહિ એકદમ સુધારક - એવી મધ્યસ્થ વૃત્તિનું વલણ તેમના આચારવિચારમાં જોવા મળે છે. જૈન ધર્મ વિષે તેમનામાં ઊંડી આસ્થા છે અને તેનું પરિણામ સંપ્રદાયપરાયણતામાં આવે તે સ્વાભાવિક છે. અને આમ છતાં તેમનામાં પ્રાકૃતિક સમભાવ અને ઉદારતાનું આપણને સુભગ દર્શન થાય છે.

તેમના જીવનમાં ધનનો પ્રવાહ વહેતો રહેલો હોવા છતાં, આજનું ભોગવિલાસભર્યું જીવન તેમને જરા પણ સ્પર્શ્યું નથી. તેમની રીતભાતમાં એક પ્રકારની સાદાઈ અને સરળતા જોવામાં આવે છે. શીલસંપન્નતા એ તેમની મોટામાં મોટી મૂડી છે. તેઓ એક લાગણીપ્રધાન સજ્જન છે; તેમના ગમા-અણગમા તીવ્ર હોય છે; મળો ત્યારે કદિ પ્રસન્ન હોય, કદિ ન પણ પ્રસન્ન હોય એવી તેમની આવેગપ્રધાન પ્રકૃતિ છે, જેને અંગ્રેજીમાં man of moods કહે છે, તેવું કાંઈક તેમની પ્રકૃતિનું રૂપ છે. આમ છતાં પણ તેમનું દિલ સાફ અને કંઈ વિનાનું છે. ઊંડા દિલની ઉષ્મા અને કોમળતા એ તેમની વિભૂતિ છે.

શ્રી શકુન્તલાબહેન જેવી ઉચ્ચ કોટિની સહધર્મચારિણી તેમને મળી છે એ તેમના જીવનનું પરમ સૌભાગ્ય છે. પત્ની તો પતિનિષ્ટ હોય જ, પણ એ જ માત્રામાં ભાગ્યે જ કોઈ પતિ પત્નીનિષ્ઠ હોય છે. આવી અપૂર્વ પત્નીનિષ્ઠા કાન્તિલાલભાઈમાં આપણને જોવા મળે છે. તેમને ત્રણ પુત્રો અને બે પુત્રી છે. પુત્રો વ્યવસાયપરાયણ છે; પુત્રીઓ પરણેલી છે; બધાં સુખી છે. ત્રણ પુત્રમાંના વચલા ભાઈ વસન્તલાલ સારા લેખક અને ચિન્તક અને આશાસ્પદ સાહિત્યકાર છે. આ કાન્તિલાલભાઈનું ગૃહસ્થજીવન અપૂર્વ સંવાદિતાથી ભરેલું છે અને તેની સૌરભ ચોતરફ સારા પ્રમાણમાં ફેલાયલી છે. કાન્તિલાલભાઈના જીવનની સફળતામાં શકુન્તલાબહેનના સહકારનો ઘણો મોટો ફાળો છે.

પત્રકારના નાતે, મારે અહિં કબુલ કરવું જોઈએ કે, તેમના જાહેર જીવનને લગતા એક યા બીજા કાર્યની ટીકા કરીને મેં તેમને, અવારઅનવાર દુભાવ્યા છે. એમ છતાં જ્યારે પણ તેમને મળવાનું બન્યું છે ત્યારે તેમણે તેમ જ શકુન્તલાબહેને પણ મને અંતરના ઉમળકાથી આવકાર્યો છે. આવા તેમની સાથેના અંગત સંબંધને હું મારું સદ્‌ભાગ્ય લેખું છું.

મારા ચિત્તમાં કાન્તિલાલભાઈનું જે પ્રકારનું ચિત્ર ઉપસેલું છે તેવું જ ચિત્ર અહિં શબ્દમાં આલેખવાનો મેં પ્રયત્ન કર્યો છે. માનવી માત્ર અપૂર્ણ છે. જેમ અન્યમાં તેમ જ તેમનામાં પણ કંઈ કંઈ ત્રૂટીઓ હશે, છે, આમ છતાં પણ અસાધારણ પુરુષાર્થ દાખવતું

તેમના જીવનનું સમગ્ર દર્શન કોઈના પણ દિલમાં આદર અને સદ્‌ભાવ પેદા કર્યા વિના ન જ રહે. એક સામાન્ય માનવી અને જીવનના સામાન્ય સંયોગો, એમ છતાં જીવનભરનો પુરુષાર્થ અને ઊંડી કાર્યનિષ્ઠા વડે એક માનવી કેટલો અસામાન્ય બની શકે છે તેનું કાન્તિલાલભાઈ પ્રેરક દૃષ્ટાંત છે.

પુનર્જન્મ અંગે સંશોધન

આપણા વંશપરંપરાગત ધાર્મિક ઉછેરને અંગે પુનર્જન્મને લગતી માન્યતા આપણા ચિત્ત સાથે એટલી બધી વણાઈ ગઈ છે કે આપણા ચાલુ જીવનમાં વ્યાપી રહેલી વ્યક્તિગત અસમાનતાનો પુનર્જન્મ સિવાય બીજો કોઈ ખુલાસો હોઈ જ ન શકે એમ આપણે સુદૃઢપણે માનતા આવ્યા છીએ. આમાં પણ કોઈ એક યા અન્ય વ્યક્તિને પોતાના પુર્વભવને લગતી હકીકતોનું સ્મરણ થયાના સમાચાર છાપાઓમાં અવારનવાર પ્રગટ થતા જોઈને તેમજ સાંભળીને આપણી ઉપર જણાવેલ પરંપરાગત માન્યતાને પાકું સમર્થન મળતું રહે છે અને તેથી પુનર્જન્મનો વિચાર આપણામાં વધારે ને વધારે દૃઢ થતો રહે છે. આમ છતાં પણ આપણે એ હકીકત ધ્યાનમાં લેવી જોઈએ કે પુનર્જન્મનો સિદ્ધાન્ત જે રીતે જૈનો તથા બૌદ્ધો સમેત હિંદુઓ સમજે છે અને સ્વીકારે છે તેવી માન્યતા દુનિયાના અન્ય ધર્મીઓની છે જ નહિ. આ ઉપરાન્ત આપણે એ પણ સમજવું જોઈએ કે આ પુનર્જન્મનો સિદ્ધાન્ત કેવળ અનુમાન ઉપર આધારિત છે, તેને કોઈ વૈજ્ઞાનિક સંશોધનનો આધાર છે જ નહિ. વળી પૂર્વજન્મસ્મરણના દાખલાઓ એટલા બધા વિરલ હોય છે, તેની વિગતો એટલી બધી કલ્પનાથી મીશ્રિત અને એ કારણે અવિશ્વસનીય હોય છે, અને પ્રસ્તુત પુર્વજન્મસ્મરણ એટલું બધું અલ્પકાલીન હોવાનું જણાવવામાં આવે છે કે તેના ઉપર કોઈ પાકા પાયાનો વૈજ્ઞાનિક સિદ્ધાન્ત હજુ સુધી ઊભો થઈ શક્યો નથી. પુનર્જન્મ સૂચવતા કિસ્સાઓના પણ આજના મનોવૈજ્ઞાનિકો તરેહતરેહના પુનર્જન્મ–વિરોધી ખુલાસાઓ આપે છે, પણ વ્યવસ્થિત સંશોધનના અભાવે આ ખુલાસાઓ પણ પૂરો સંતોષ આપી શકતા નથી. આ રીતે આજની વિચારક–દુનિયામાં પૂનર્જન્મના સિદ્ધાંત અંગે ભારે અનિશ્ચિત પરિસ્થિતિ પ્રવર્તે છે. એક યા બીજી બાજુને લગતી આ નિશ્ચિતતા દૂર થાય અને કોઈ ચોક્કસ નિર્ણય ઉપર આવી શકાય એ હેતુથી કેટલાક સમયથી જયપુર યુનિવર્સિટીમાં ડૉ. હેમેન્દ્રનાથ બેનરજીના માર્ગદર્શન નીચે પૅરાસાઈકોલૉજી વિભાગમાં પુનર્જન્મ અંગે સંશોધન ચાલી રહ્યું છે અને તેના અનુસંધાનમાં ડૉ. હેમેન્દ્રનાથ બેનરજી તાજેતરમાં યુરોપના પ્રવાસે નીકળ્યા છે અને આ સંશોધન અંગે તેમણે નીચે મુજબનું એક નિવેદન બહાર પાડ્યું છે:–

"જયપુરના રાજસ્થાન વિશ્વવિદ્યાલયનો પૅરાસાઈકોલૉજી વિભાગ કોઈ પણ પ્રકારના પૂર્વગ્રહથી મુકત બનીને વૈજ્ઞાનિક ઢબે આ સમસ્યાની વાસ્તવિક બાજુનું અધ્યયન કરી રહેલ છે. આ વિભાગ આવા પ્રકારની ઘટનાઓ પ્રત્યે કોઈ પણ પ્રકારનો આગ્રહ ધરાવતો નથી. તેથી અત્યાર પૂરતું તો એ વિભાગ આવા પ્રકારની ઘટનાઓને પુનર્જન્મની ઘટનાઓ તરીકે ઓળખાવવાનું માનવા યા મનાવવાને બદલે એ ઘટનાઓને Extra–cerebral–memoryની–અતિ–મસ્તિષ્ક–સ્મૃતિની ઘટનાઓ તરીકે ઓળખાવવી વધારે યોગ્ય લેખે છે. જ્યાં સુધી આવી જાતની અનેક ઘટનાઓના અધ્યયનના ફળરૂપે કોઈ વૈજ્ઞાનિક નિષ્કર્ષ ઉપર પહોંચી ન શકાય ત્યાં સુધી, આવી ઘટનાઓ કેમ અને કેવી રીતે બને છે એ કહેવું મુશ્કેલ છે. આ સમસ્યાનું સવિશેષ અધ્યયન થઈ શકે એ માટે એ જરૂરી છે કે આ નિવેદનના વાચકો આ વિભાગ ઉપર આવી વધુ ને વધુ ઘટનાઓની પ્રમાણભૂત ખબરો મોકલે તેમ જ આવી ઘટનાઓના ગંભીર અધ્યયન માટે જરૂરી સર્વ સાધનસામગ્રી પહોંચાડતા રહે. તેથી વાચક મહાનુભાવોને નીચેના સરનામે આવી ઘટનાઓ અંગેની જરૂરી અને પ્રમાણભૂત માહિતી મોકલવા વિનંતિ છે.

ઠેકાણું: **પ્રોફેસર હેમેન્દ્રનાથ બેનરજી, સંચાલક: પૅરાસાઈકોલૉજી વિભાગ, રાજસ્થાન વિશ્વવિદ્યાલય, જયપુર (રાજસ્થાન).**"

આ રીતે મોટા ભાગે ધર્મશ્રદ્ધા અને ધાર્મિક માન્યતાનો વિષય ગણાતી એવી 'પુનર્જન્મ' જેવી બાબતમાં વૈજ્ઞાનિક ધોરણે સંશોધન કરવાની પહેલ કરવા બદલ રાજસ્થાન વિશ્વવિદ્યાલયને અને તે સંશોધનને પોતાનું જીવનકાર્ય બનાવનાર પ્રોફેસર હેમેન્દ્રનાથ બેનરજીને ધન્યવાદ આપવા સાથે આપણે સફળતા ઈચ્છીએ!

આજના રોકડિયા સંબંધો

તા. ૨-૫-૬૬ સોમવારના 'જન્મભૂમિ' માં 'શીલ, સમાજ અને સંસ્કૃતિ' એ મથાળા નીચે પ્રગટ થયેલી "સમૃદ્ધ સમાજ અને સ્નિગ્ધતા વિહોણા માનવસંબંધો" એ શિર્ષક શ્રી મનુભાઈ પંચોળીની નોંધ આગળની પેઢી અને આજની પેઢી વચ્ચે રહેલા માનવતાલક્ષી તફાવતને બહુ સુંદર અને સચોટ રીતે રજૂ કરે છે, તે નોંધ નીચે મુજબ છે:–

"મારે ત્યાં કામ કરતી કામાવાળીને મેં પૂછી તો નાખ્યું: "આ તારી દીકરીનું શું નામ છે?" પણ પછી મનમાં થયું કે મારા બાપુજી હોત તો તેમણે આમ પૂછવાને બદલે "આ ભાણુકીનું નામ શું રાખ્યું છે?" એમ પૂછ્યું હોત. તારી દીકરી અને ભાણુકી – બંને વચ્ચે કેટલું મોટું અંતર છે? તારી દીકરી એટલે તારી, મારે કાંઈ નહિ અને ભાણુકી એટલે તારી દીકરી ખરી પણ મારી તો દીકરીની દીકરી. સૌજન્ય ને માધુર્યની સરવાણી તેમાં વહી રહી છે, જ્યારે પહેલી ઢબમાં છે માત્ર મારું કુતૂહલ.

"માર્કસે એક જગાએ કહ્યું છે કે બુર્જવા બધા સંબંધોને રોકડિયા બનાવી દે છે, અને રોકડિયા એટલે ક્ષુદ્ર, વ્યાપકતા વિનાના. માલિક - મજૂર, ગુરુ - શિષ્ય, અમલદાર - પટાવાળો, બાપ - દીકરો, ધણી ને ધણીયાણી બધા સંબંધોનો ગજ તેમાં થતાં પૈસાની લેવડ-દેવડ બની જાય છે, અને એ અર્થમાં ભદ્ર સંસ્કૃતિ અભદ્ર લાગે છે.

"મારી કામવાળી ચીવટાઈપૂર્વક ચળકતાં વાસણ ગોઠવી ફ્‌લદાની ભરી, તકીઆનો ગલેફ બદલાવી, મારા જોડા - ચંપલ સુઘડ પંક્તિમાં ગોઠવી ઘરને રમ્ય, આહ્‌લાદક બનાવે છે, તેની નાની છોકરીને મૂકીને આવી હોય તો પણ ઝટઝટ બધું પતાવવાની ધડપડ કરતી નથી, પણ તેની આ સાહજિક ને નૈસર્ગિક માવજત માટે મને કોઈ સ્વજનભાવ જાગતો નથી. પૈસા આપીએ છીએ; તે સારું કામ કરે છે. રૂપિયો વધારે આપીએ. તે તેના પૈસાની ધણી, હું મારા પૈસાનો. અમારી વચ્ચે રોકડો વહેવાર છે. રોકડો એટલો કોરો, સ્નિગ્ધતા વિનાનો.

"મારા પિતાના ઘરમાં પણ એક કુંભારની નાની છોકરી કામ કરતી. કામ તો શું કરે, પણ મારાં નાનાં ભાંડરડાંને રમાડે, ને લોટા-વાડકા માંજે; પણ એ પારવતી આવતી તે દહાડે ઘરના અન્ય સભ્યો જેવી લાગતી, મારાં બા ખાવાનાનો ભાગ તેને સારું રાખતાં, તેને ચુંદડી, ઘાઘરી, પોલકાં કરાવી આપતાં, અમે સાધારણ–સાવ સાધારણ–સ્થિતિનાં હતાં. અપાયું તે કેટલું હશે? પણ તે અમારા ઘરની લાગતી, ને તે પરણી (નાની ઉંમરે) સાસરે ગઈ ત્યારે અમને સૌને તેનો અભાવ સાલેલો, ને આંખ ભરાયેલી.

"મારા સસરાની વાત સાંભળી છે. તે માતબર ખેડૂત હતા. ઘેર આઠ - દસ હાળીઓ તો ખરા જ, પણ મોટી ઉમ્મરના હાળીને એ છનિયો – કાકો કહે, ને બાઈ હોય તો મંગળી કાકી કહે, આવો એક હાળી મરવા પડયો, તેની ખબર કાઢવા ગયા, પૂછ્યું: 'કાકા, કાંઈ મન રહી જાય છે". હાળી કહે, "ઓણ કેરી તો પાકવાની વાર છે ને હું આ ચાઈલો."

"મારા સસરાએ મુંબઈ માણસ મોકલી હાફૂસ કેરી મંગાવી ને પેલાને ખવરાવી.

"એરીફ ક્રોમે 'Sane Society'માં આ સમૃદ્ધ સમાજ પણ સ્નિગ્ધતા વિનાના સંબંધો વિષે ઉંડાણથી ચર્ચા કરી છે. આ સ્નિગ્ધતા માટે પરસ્પરાવલંબન – રોજિંદા જીવનમાં વણાયેલું પરસ્પરાવલંબન–ઘણું જરૂરી છે. આવું તો સમાજ નાનો હોય, ને મૂળભૂત જરૂરિયાત માટે અન્યોન્યાશ્રયી હોય ત્યાં આ માનવીય અમૃત (દેવાનું ભલે સ્થાયી રહ્યું) ટકી રહે છે. હાળીની પ્રથા સારી નહોતી, તેની કાળી બાજુ હતી, પણ હાળી એ બજારની વસ્તુ Marketable Commodity નહોતી. તેનું સ્થાન બીજો કોઈ લઈ શકે તેમ જ નહોતો તે–ને તે જ મારા સમગ્ર જીવનનો સહજ સ્વીકૃત ભાગ હતો. આજે એક ટાઈપિસ્ટ, મજૂર કે કામવાળી જાય તો બીજું આવશે. તે વ્યકિત મારા રોજિંદા જીવન માટે અનિવાર્ય હતી, પૈસા તેને ગમે ત્યાં લઈ જઈ શકે છે, પૈસા મને ગમે તે આપી શકે છે. આથી મને નથી તેનું મૂલ્ય, તેને નથી મારું મૂલ્ય. બંનેને Cash–Hard Cash–નું મૂલ્ય છે.

"માર્કસે મૂડીવાદની કઠોર નિર્ભર્ત્સના કરી છે તે આ ભદ્ર સંસ્કૃતિમાં માનવીય મૂલ્યો સીતાની જેમ પૃથ્વીમાં સમાવી લેવા પ્રાર્થી રહે છે તે કારણે."

અન્તિમ વર્ષો દરમિયાન નહેરુની વિચારપરિણતિ

તા. ૬-૫-૬૬ ના ઈન્ડિયન એકસપ્રેસમાં જણાવવામાં આવ્યું હતું કે, દિલ્હી ખાતે લોકસભાના મધ્ય ખંડમાં મે માસની પાંચમી તારીખે સ્વ. પંડિત નહેરુના તૈલચિત્રનું અનાવરણ કરતાં રાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણને એ બાબતની જાણ કરી કે પોતાના જીવનના અન્તિમ વર્ષો દરમિયાન નહેરુ અઠવાડિયામાં બે કે ત્રણ વાર તેમને મળવા આવતા અને રાજકારણ નહિ પણ તત્ત્વજ્ઞાન અને ધર્મના પ્રશ્નોની ચર્ચા કરતા હતા, અને છેવટના ભાગમાં નહેરુ વધારે ને વધારે વિનમ્ર પ્રકૃતિના બનતા જતા હતા, અને જાણે કે પોતાના હાથે બહુ થોડું થયું હોય અને કરવાનું ઘણું બાકી રહી ગયું હોય એવો ભાવ સૂચવતી ગ્લાનિની છાયા તેમના મોઢા ઉપર દેખાતી હતી, અને એમ છતાં તેઓ પ્રફુલ્લ જણાતા હતા અને મુશ્કેલીઓથી ભાગવાનો કોઈ અર્થ નથી એવી દૃઢતા તેઓ દાખવી રહ્યા હતા.

નહેરુના જીવનના અન્ત ભાગ વિષે આ સમાચાર નવો પ્રકાશ પાડે છે, અને પરિપકવ ઉમ્મર થતાં જાગૃત માનવી વધારે અન્તર્મુખ બને છે અને સતત પરિવર્તન પામી રહેલા આસપાસના સંસાર–પ્રપંચ ઉપરથી દૃષ્ટિ ફેરવીને માનવી જીવનના પાયાના પ્રશ્નોના ચિન્તન તરફ ઢળે છે. આ પ્રકારના સ્વાભાવિક પરિપાકથી રાજકારણના ઝંઝાવાતથી છેરાયલા નહેરુ પણ મુકત નહોતા એ હકીકતની આપણને ઉપરના સમાચાર ઉપરથી સૌથી પહેલી વાર જાણ થાય છે.

દીક્ષાપ્રસંગે કરવામાં આવેલી સામાજિક સખાવત

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહના વડીલબંધુ શ્રી વાડીલાલ જેઠાલાલ શાહની પુત્રી બહેન ચંદ્રિકાએ ધ્રાંગધ્રા ખાતે ગયા એપ્રિલ માસની ૨૫મી તારીખે ૨૨ વર્ષની ઉમ્મરે દીક્ષા અંગીકાર કરી એ શુભ નિમિત્તને અનુલક્ષીને શ્રી જેઠાલાલભાઈએ રૂ. ૧૧૧૧૧ ની રકમ અનાજ રાહતમાં આપી હતી અને રૂ. ૧૦૦૦૦ની રકમ ભિન્ન ભિન્ન ધાર્મિક તેમ જ સામાજિક સંસ્થાઓમાં વહેંચી આપી હતી. આ વહેંચણીમાં શ્રી. મુંબઈ જૈન યુવક સંઘને તેના મારફત ચલાવવામાં આવતી વૈદ્યકીય રાહત માટે રૂ. ૨૫૧ અને શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય- પુસ્તકાલયને રૂ. ૫૧/ આપવામાં આવ્યા હતા.

ઉપર જણાવેલ અનાજ રાહતમાં એ જ પ્રસંગે અન્ય સ્વજનો તરફથી નાની મોટી રકમો ભરવામાં આવી હતી અને એ રીતે કુલ રૂ. ૫૦૦૦૦ નો ફાળો એકઠો થયો હતો. આવા ધાર્મિક પ્રસંગે આવા સામાજિક કાર્ય માટે આવો ફાળો એકઠો કરવામાં આવે તે જરૂર સ્તુત્ય અને આવકારપાત્ર છે.

બહેન ચંદ્રિકા જે શુભ ભાવનાથી દીક્ષિત બની છે તે શુભ ભાવના સફળ થાય અને તેનું ચારિત્ર્ય સ્વપરકલ્યાણસાધક બને એવી આપણી પ્રાર્થના હો! તેના વડીલોને તેમણે કરેલા સામાજિક દાન માટે ધન્યવાદ!

'માનવ મુડદાંનો નિકાલ'

ભસ્મવિસર્જનની ક્રિયામાં ઔચિત્ય કેટલું?" એ મથાળાં નીચે થોડા સમય પહેલાં પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ થયેલ લેખ અને તે ઉપરની મારી નોંધ વાંચીને મારા મિત્ર શ્રી રજનીકાંત મોદીએ પ્રબુદ્ધજીવનમાં પ્રસિદ્ધિ અર્થે મોકલી આપેલો લેખ આ અંકમાં અન્યત્ર પ્રગટ કરવામાં આવેલ છે. શ્રી. રજનીકાન્ત મોદી એક વિદ્વાન ચિન્તક અને વિચારક છે અને તેથી આપણને જલ્દી ગળે ન ઉતરે એવા આ લેખને પ્રબુદ્ધજીવનમાં પ્રસિદ્ધિ આપવાનું મેં ઉચિત ધાર્યું છે.

ભસ્મવિસર્જનને લગતા લેખમાં મૃતદેહની ભસ્મને અપાતા વધારે પડતા મહત્ત્વનો વિરોધ કરવામાં આવ્યો હતો. આ લેખ મૃતદેહને બાળી કે દાટી દેવામાં આવે છે તેના બદલે તેના અંગ ઉપાંગનો બને તેટલો ઉપયોગ કરવાને લગતા વિચારને આગળ ધરે છે, મૃતદેહની આંખોનો આજ કાલ ઉપયોગ કરવામાં આવે છે એમાં પણ અકસ્માત કે હૃદયરોગ જેવા કારણે એકાએક નીપજેલાં મરણ બાદના દેહની જ આંખોનો ઉપયોગ થઈ શકે છે, બીજી આંખોનો નહિ–આ બાબતને શ્રી રજનીકાન્તભાઈએ લંબાવીને પ્રશ્નરૂપમાં એવી રજુઆત કરી છે કે જો મૃતદેહની આંખોનો ઉપયોગ થઈ શકે તો મૃતદેહના બીજા અવયવોનો કેમ નહિ, અને એ ઉપરથી શરીરના ખોખાને પણ મૃત માનવીનો ઘાટ આપીને તેને ઘરમાં સ્મરણ રૂપે સ્થાયીપણે રાખવાની–જેવી રીતે ઈજીપ્તના લોકો મમ્મી સાચવતા હતા તે રીતની–સગવડ ઊભી થાય એમ તેમણે સૂચવ્યું છે.

તાર્કિક રીતે તેમનો વિચાર બરોબર છે એમ કહીએ તો પણ માનવીના મૃતદેહનો આમ કેવળ ઉપયોગીતાની દૃષ્ટિએ વિચાર કરવો એમાં સુરુચિનો ભારે ભંગ થતો અનુભવાય છે. બીજું એ વિચારના સ્વીકારમાંથી માનવીના મૃતદેહના વ્યાપારની શકયતા પણ સહજપણે ફલિત થાય છે. અહીં આપણી સામે પશુઓના મૃતદેહ સાથે કરવામાં આવતા વ્યવહારનો તેમ જ વ્યાપારનો તેઓ દાખલો આપી શકે છે, પણ માનવીના મૃતદેહ સાથે આસપાસના સગાવહાલાંઓના સ્નેહસંબંધનું જે તીવ્ર સંવેદન હોય છે તેવું કોઈ સંવેદન પશુઓના મૃતદેહ સાથે હોતું નથી. માનવીના મૃતદેહ વિષે માનવીની લાગણીઓનો અમુક સંબંધ હોય છે અને તેથી સગાં સ્વજનો પોતાના અંગત જનના મૃતદેહનો આવો ઉપયોગ કરવા દેવા સંમત થાય એ કલ્પનામાં આવતું નથી. નંખાણિયાતા શબની વાત જુદી છે. કોઈ વ્યકિત પોતાના મૃત્યુ બાદ પોતાના શબની અમુક વ્યવસ્થા કરવાનું સૂચવે છે એ પણ જુદી વાત છે. પણ રજનીકાન્તના ઉપર આપેલા વિચારનો સર્વસામાન્ય સ્વીકાર શકય નથી લાગતો તેમ જ ઈષ્ટ પણ લાગતો નથી. આ કેવળ લાગણીવેડાનો સવાલ નથી અને શ્રી રજનીકાન્તભાઈએ સૂચવેલા શરીરના ખોખામાં મસાલો ભરીને જીવન્ત માનવીનો આકાર આપીને તેને ઘરમાં સંઘરવાનો વિચાર પૂર્વકાળની મમ્મી પૂજાને જીવતી કરવા બરોબર છે. આમાંથી અનેક પ્રકારનીના વહેમો અને અંધ માન્યતાઓ ઊભી થવાનાં જોખમો પણ છે. તેથી તે વિચાર જરા પણ ઉત્તેજનને કે અનુસરણને પાત્ર લાગતો નથી.

કલાકાર શ્રી નંદલાલ બસુ અંગેની નોંધમાં થોડો સુધારો-વધારો

'પ્રબુદ્ધ જીવન' ના ગતાંકમાં શ્રી નંદલાલ બસુ ઉપર શ્રી રવિશંકર મ. રાવળની એક નોંધ પ્રગટ કરવામાં આવી છે તેમાં તેમને ભારત સરકારે 'પદ્મશ્રી' નું પદ આપીને બહુમાન કર્યું છે એમ જણાવ્યું છે. આ 'પદ્મશ્રી' ના સ્થાને 'પદ્મ વિભૂષણ' એમ સુધારવું એમ રવિભાઈ જણાવે છે. આ ઉપરાંત તે નોંધમાં નીચે મુજબ ઉમેરવાની તેઓ સૂચના કરે છે :-

૧૯૫૦માં બનારસ હિન્દુ યુનિવર્સિટીએ તેમને 'ડૉકટર ઑફ લેટર્સ' ની પદવી એનાયત કરી છે અને વિશ્વભારતી યુનિવર્સિટીએ તેમને 'દેશિકોત્તમ' એ મુજબનું અભિનામ અર્પણ કર્યું છે. ડિસેમ્બર ૩, ૧૮૮૩ તેમની જન્મતિથિ છે.

મુદ્રણ શુદ્ધિ

શ્રી વાલજી ગોવિંદજી દેસાઈના 'વણિક સેનાપતિ' ના લેખમાં પાનું ૬ પહેલી કોલમના છેડે 'કલ દીપક' છપાયું છે તેના સ્થાને 'કુલદીપક' વાંચવું અને બીજા કોલમની શરૂઆતમાં 'સર્વે ક્ષણ' છપાયું છે તેના સ્થાને 'સર્વેક્ષણ' વાંચવું. પરમાનંદ

જીવનમાં આવતી આનંદ-મસ્તીની ક્ષણોને વધાવતા રહો !

જીવનથી અલગ એવી બીજી બાબત પાછળ દોડીને જીવનનો અર્થ શોધવો નહિ. જીવનનો ખરો અર્થ જીવનમાં જ છે. આ જીવનની નાનાવિધ પ્રેરણાઓ અને તેની પૂર્તિમાં જ ખરું સમાધાન અને ખરું સારસ્ય છે. આપણા શરીરની અંદર તંદુરસ્તીનો જે થનગનાટ હોય છે તેનો અર્થ જાણીને આપણે શું કરવું છે? આ થનગનાટ અને તરવરાટ દ્વારા આપણે કોઈ મહત્ત્વનું કાર્ય પાર પાડીએ એટલે ધાર્યું થયું. પણ આવું કોઈ કામ સિદ્ધ ન થયું તો પણ આવી થનગનાટ ભરી તંદુરસ્તીમાં સ્વયંસિદ્ધ આનંદ રહેલો જ છે. અસાધ્ય રોગથી જર્જરિત થયેલો એકાદ માણસ જ્યારે આત્મહત્યા કરવા નીકળે ત્યારે હું તેને અંતકાળને યોગ્ય એવા મંત્રો બોલી ખુશાલીથી વિદાય આપીશ. સડી સડીને, અથડાઈ કૂટાઈને, કણસી કણસીને મરણની વાટ જોવાની મારી બિલકુલ ઈચ્છા નથી. પણ જેનું આરોગ્ય ઉત્તમ છે, જેને પગ છે, તે માણસ આત્મહત્યાનો વિચાર કરે? છી, છી, છી! તેને કણસવાનું કે વિમાસવાનું કોઈ કારણ નથી. પ્રાતઃકાળે જ્યારે જ્યારે સારી સૃષ્ટિ સૂર્યપ્રકાશમાં ઉજાગળ બની ઊઠે છે, ત્યારે ઉલ્લાસમાં આવીને ઉદ્યોગમાં લાગી જવું જોઈએ!

જીવનના અસ્તિત્વનો અનુભવ, આરોગ્યની મસ્તી, પંચેન્દ્રિયના સ્નાયુઓની અખંડ હિલચાલમાં જે વિલક્ષણ આનંદ છે તે જ આ જીવનનો સીધોસાદો અર્થ છે. મોટા માણસ કરતાં નાનું બાળક અધિક આનંદી હોય છે તેનું કારણ આત્માને બદલે શરીરના અસ્તિત્વનું તેને વધુ ભાન હોય છે તે જ છે. આ હાથે પગે જ્યારે કામ કરવાનું આવે ત્યારે આપણે નાનાં બાળકોની માફક જ આનંદી રહીશું. ગોલ્ફની રમતમાં પૈટ ભરીને ખેલકૂદ કરવાનું મળે છે તે માટે આ ગોલ્ફની રમત શોધનારને અવશ્ય ધન્યવાદ આપું.

આનંદની, ઉલ્લાસની અને મસ્તીની થોડી ક્ષણો પ્રત્યેક માનવીના જીવનમાર્ગમાં કોઈ ને કોઈ સમય આવે જ છે. તો પછી જીવનનો કાંઈ અર્થ નથી એમ શા માટે માનવું? આવી થોડી ક્ષણો માટે પણ પ્રત્યેકે જીવવું જોઈએ અને ઝઝૂમવું જોઈએ. વરસાદમાં વાટ કાપવી, વાદળો સાથે શિર અફાળવું, બરફમાં ભટકવું અથવા ચન્દ્રકિરણોના પ્રકાશમાં નાહી રહેલી રાત્રિના સૌન્દર્યનું પાન કરવું-આ બધામાં ઓછી મોજ છે? જીવનના સૌંદર્યની પિછાન કરવા અને જીવન ઉપર પ્રેમ લાવવા માટે આ બધી બાબતો શું ઓછી છે? તમે કહેશો કે આખરે આપણે બધાને મરવાનું તો છે. પણ મરવાનું હોય તો યે શું થઈ ગયું? મૃત્યું આવશે ત્યાં સુધી સૌંદર્યની દિવ્ય શોભા અને નભમંડળમાં આવેલા તારકપુંજનો વૈભવ પેટ ભરીને લૂંટવાનો મળશેને? પછી શું જોઈએ?

કુદરત આખરે મારો નાશ કરવાની છે, ભલે ને કરે! તેમ કરવાનો નિસર્ગનો અધિકાર જ છે. મને ઉત્પન્ન પણ નિસર્ગે જ કર્યો છે ને? મારી પાંચેન્દ્રિયમાં ચૈતન્ય પરોવીને શતાવધિ સુખસંવેદનોનો અનુભવ પણ તેણે જ કરાવ્યો છે ને? જે તેણે મને મુક્ત મનથી આપ્યું તે જ પુનઃ પાછું લઈ લે તેમાં મારે તકરાર શા માટે કરવી જોઈએ? ઊલટું આ કુદરતનો હું કેટલો અને કેવી રીતે આભાર માનું?

વિલ ડુરાન્ટ

* અવેજીમાં- *

[આ એક મજેદાર બલ્ગેરિયન વાર્તા છે - (લેખક: ટોનિચી), તેનો અનુવાદ તે દેશના દૂત-ખાતા તરફથી મળતી ખબરપત્રિકામાંથી ઉતાર્યો છે. આપણે ત્યાં પણ નિરીક્ષણનો આવો મિથ્યાચાર બતાવે એવી આ અંગેની વાતો ન મળે? સરકારી શિક્ષણપદ્ધતિમાં બધે જ આ પ્રકારની હાસ્યપૂર્ણ ગંભીરતાઓ ચાલતી હશે? હિંદમાં તો મેચ ઈ૦ જેવા પ્રસંગે સરકારી કચેરીઓ પણ બંધ થાય. એટલે આને જ મળતું અવેજી નાટક ન બને એમ ખરું. અવેજી પરીક્ષાર્થીઓ તો હોય છે.]

એક દિવસ એક ઈન્સ્પેકટર સાહેબ એક માધ્યમિક શાળાની મુલાકાતે જઈ ચઢયા. એક વર્ગમાં તેઓ દાખલ થયા. ગણિતનો વર્ગ ચાલતો હતો. શિક્ષક અને વિદ્યાર્થીઓએ ઊભા થઈ સાહેબને આવકાર આપ્યો. ઈન્સ્પેકટર સાહેબે શિક્ષકને કલાસમાં ચાલતા લેસન વિષે પૂછયું.

"સાહેબ ગણિતનો વર્ગ ચાલે છે. આપ આ વર્ગના ત્રણ હોંશિયાર છોકરાઓને તપાસી શકો છો," શિક્ષકે કહ્યું.

ઈન્સ્પેકટર સાહેબે પહેલા નંબરના છોકરાને પાટિયા પાસે બોલાવી દાખલો લખાવ્યો. છોકરાએ તુરત દાખલો સાચો ગણી આપ્યો. ત્યાર પછી બીજા નંબરનો વારો આવ્યો. તેણે પણ બીજો દાખલો સાચો ગણી કાઢયો, અને પોતાની જગા પર જઈને તે બેઠો.

ઈન્સ્પેકટર સાહેબે ત્રીજા નંબરને પાટિયા પાસે આવવા કહ્યું. પેલો છોકરો હાથમાં ચોક લઈ પાટિયા તરફ મોં રાખીને દાખલાની રકમ લખવા લાગ્યો. એવામાં ઈન્સ્પેકટરને કશુંક ભાન થયું. તેને લાગ્યું કે, આ તો એ જ છોકરો છે કે જે પહેલી વખત આવીને દાખલો ગણી ગયો હતો. તેમણે છોકરાને પોતાની સામે ઊભો રહેવા કહ્યું. છોકરાના મોં પર ગુનો પકડાઈ ગયાનો ડર તરવરતો હતો.

ઈન્સ્પેકટરે કરડાઈને પૂછયું. "કેમ અલ્યા, પહેલા નંબર તરીકે તું જ આવ્યો હતો ને, બોલ? આ ઠગવિદ્યા કયાંથી શિખ્યો?"

"સાહેબ મને માફ કરો" છોકરો કરગરી પડયો "પણ ખરું જોતાં પહેલા નંબરનું સ્થાન થોડી વાર સાચવવા મેં એને વચન આપ્યું હતું."

"હેં! એટલે તું ડબલ રોલમાં આવ્યો, એમ ને? કયાં છે એ પહેલો નંબર?"

"સાહેબ, એ તો ફૂટબોલની મેચ જોવા ગયો છે."

"કેમ, માસ્તર, તમે કલાસમાં આવું જ ચલાવો છો? છોકરાઓ ઈન્સ્પેકટરને છેતરવાની હદ સુધી પહોંચે તોય તમે કશું બોલતા નથી ને તેમને તેમ કરવા દો છો?"

"પણ...પણ ... સાહેબ. હું આ છોકરાઓને ઓળખતો હોઉં તો ને?"

"તમે વર્ગશિક્ષક થઈને છોકરાઓને ઓળખતા નથી? કેવી નવાઈ! કેવી બેદરકારી! જ્યાં શિક્ષક આવા હોય, ત્યાં છોકરાઓનો શો દોષ?"

"પણ સાહેબ હું વર્ગશિક્ષક કયાં છું? હું તો આજે જ આવ્યો છું, આ વર્ગમાં."

"ત્યારે વર્ગશિક્ષક કોણ છે.? કયાં ગયા છે?"

"એ તો સાહેબ ફૂટબોલની મેચ જોવા ગયા છે તેની અવેજીમાં વર્ગ સાચવવાનું મને કહીને ગયા હતા એટલે હું અહિ આવીને બેઠો." શિક્ષકે થોથવાતાં કહ્યું."

ઈન્સ્પેકટરના મોં ઉપર સ્મિતની છૂપી રેખા ઉપસી આવી. તેમણે ધીમેથી કહ્યું: "ઠીક ઠીક, તમે બધા નસીબદાર છો. ખરી રીતે તો હું ડ્યુટી ઉપર નથી, એટલે જવા દઉં છું. ખરા ઈન્સ્પેકટર તો મેચ જોવા ગયા છે. એટલે મને તેમને બદલે આ મુલાકાતે આવવા કહી ગયા હતા! સારું ત્યારે!"

"સત્યાગ્રહ"માંથી સાભાર ઉદ્‌ધૃત

માનવનાં મુડદાંનો નિકાલ

(એક ક્રાંતિકારી સૂચન)

આપણામાં કહેવત છે કે હાથી જ્યારે જીવતો હોય ત્યારે એની કિંમત લાખની, પણ એ જ્યારે મરી જાય છે ત્યારે એની કિંમત સવા લાખની, અને એનું કારણ એ છે કે હાથીના મૃત શરીરનાં અનેક અવયવો તેમ જ દ્રવ્યો માણસના જાતજાતના ઉપયોગમાં આવે છે..

આ ઉપરથી એક વિચાર આવે છે કે માણસ પોતે જ્યારે મરી જાય છે ત્યારે 'માઈ ભેંસના મોટા ડોળા'એ કહેવત અનુસાર બીજા માણસો એના ગુણગાન કરીને અટકે છે. તે સિવાય માણસનો મૃતદેહ બીજા કશા જ કામમાં લેવાતા નથી. એનાથી ઊલટું જ, એનાં સ્નેહી સંબંધીઓ લાગણીવશ બનીને એના શરીરનું કોઈ પણ રીતે 'અપમાન' (?) કે 'તિરસ્કાર' (?) ન થાય એટલા માટે એને બાળી મૂકે છે અથવા તો દાટી દે છે. આમ માણસ જ્યારે જીવતો હોય ત્યારે ભલે લાખનો હોય, પણ મરી જાય ત્યારે એના શરીરની કોડીની પણ કીંમત રહેતી નથી. ઊલટું એને બાળવા માટે લાકડાંનો ખર્ચ અથવા તો દાટવા માટે કફનનો તેમ જ ઘોર ખોદવાનો તેમજ પાળિયા વગેરે ઊભા કરવાનો ખર્ચ થાય છે.

જો આપણે આવા અર્થહીન લાગણીવેડા બાજુએ મૂકીએ તો હું નથી ધારતો કે માણસના મૃતદેહનો બીજા કોઈ જીવતા માણસોનાં કામોમાં ઉપયોગ ન થઈ શકે. એને બાળવો કે દાટી દેવો એ તો માત્ર સૈકાઓથી કે હજારો વર્ષોથી પ્રથા પડી ગઈ છે. પણ જો એનો ઉપયોગ થઈ શકતો હોય તો જેમ બીજાં પ્રાણીઓનાં હાડકાં-ચામડાં તેમ જ બીજાં અંગો અને દ્રવ્યોનો ઉપયોગ થાય છે તેમ એનો પણ ઉપયોગ કરવો જોઈએ.

અલબત્ત, આ બાબતમાં આપણા ધાર્મિક વહેમો તેમ જ સામાજિક તેમ જ કૌટુંબિક પૂર્વગ્રહો બહુ જ જબરા છે. મોટા ભાગના માણસો એમ માને છે કે પોતાના મૃત સ્વજનનો અંતિમ સંસ્કાર થવો જ જોઈએ. પરંતુ જો આપણે બુદ્ધિપૂર્વક વિચાર કરીશું તો જણાશે કે આ તો છેક જ અતાર્કિક પૂર્વગ્રહ છે. માણસને પોતાનું સ્વજન વહાલું હોય એ સ્વાભાવિક છે. પણ મરી ગયેલા સ્વજનના દેહને બાળવા કે દાટવાની સંમતિ તો એનાં ગમે તેટલાં વહાલાં સ્વજનો પણ આપે જ છે, તો પછી જો મૃત્યુ બાદ એનાં દેહનાં જુદાં જુદાં અંગોનો લોકોપયોગી કાર્યમાં ઉપયોગ થતો હોય તો એમાં સંમતિ શા માટે ન અપાય એ સમજી શકાતું નથી.

જો કે આ પૂર્વગ્રહ હવે થોડો હળવો થવા માંડયો છે. લોકો પોતાના લોહીનું દાન કરતાં શીખ્યા છે, એટલું જ નહિ પણ પોતાના મૃત સંબંધીએ જો વસિયતનામામાં લખ્યું હોય તો એની આંખના કૉર્નિયાનું દાન કરવાની સંમતિ પણ આપતા થયા છે. આ જ વાતને જો આપણે એની તાર્કિક હદ સુધી લઈ જઈએ તો મૃત શરીરના એકેએક અવયવનો ઉપયોગ કરવા માટે સંમતિ કેમ ન આપી શકાય ?

દાકતરી વિદ્યા અનુસાર જે કોઈ અવયવ બીજા કોઈના પણ ઉપયોગમાં આવતું હોય તેના ઉપયોગમાં લેવું જ જોઈએ. વળી તે ઉપરાંત માણસનાં હાડકાં કે બીજાં એવાં જે અંગો ખાતર તરીકે અથવા બીજી કોઈ ઉપયોગી વસ્તુ બનાવવામાં કામ લાગે તેવાં હોય તેમનો ઉપયોગ કરવો જોઈએ. આ રીતે મૃતમાનવ પણ સમાજને ઉપયોગી થઈ શકે. બાકી અત્યારે તો માનવજાતિ પોતાનાં મુડદાંનો Waste (બગાડ) કરે છે. માત્ર મુડદાંનો બગાડ જ નહિ પણ એને બાળવા-દાટવાની ક્રિયાઓ પાછળ સેંકડો રૂપિયાનો બગાડ થાય છે. ખાસ કરીને ગરીબ માણસોને તો આ ખર્ચ અતિશય ભારે બોજારૂપ લાગે એ સ્વાભાવિક છે.

હમણાં હમણાં દાકતરી વિજ્ઞાન ખૂબ જ આગળ વધ્યું છે અને હજી વધતું જાય છે. એટલે મૃત માણસનાં અનેક અવયવો, જેવાં કે કિડની, હૃદય, આંખ, હાડકાં, સ્નાયુઓ વગેરે બીજા કોઈ જીવતા માણસના શરીરમાં ફેરબદલી કરી બેસાડવા માટે કામ લાગે એવાં હોય તેનો આ રીતે સદુપયોગ થઈ શકે એમ છે.

જેમને આવી રીતે સ્વજનોના મુડદાં ચૂંથવામાં અપવિત્રતા લાગતી હોય તેમને આપણે કહી શકીએ કે મહાપુરુષો મૃત્યુ પામતાં તેમના સ્થૂળ અવશેષોને માનવજાત પૂજતી આવી છે. તો એ બાબતમાં અપવિત્રતા નથી લાગતી? સિલોનમાં અને અન્યત્ર બુદ્ધના દાંતને મંદિરમાં પધરાવી પૂજવામાં આવે છે; કાશ્મીરમાં હઝરત મહમદ પયગંબરના વાળને પૂજવામાં આવે છે, તો પછી મૃત માણસના શરીરમાંનાં અંગોને ઉપયોગમાં લેવાના હેતુસર કાપી કાઢવામાં આવે તો એમાં અપવિત્રતા જેવું શું છે ?

વળી સ્વજનોના મુડદાં ચીરવામાં જેમની લાગણી દુ:ખાતી હોય તેમને આપણે કહીએ કે પોતાના પ્રિય જને વાપરેલી અનેક વસ્તુઓને જેમ એના મૃત્યુ પછી દરેક માણસ એનાં સંભારણાં તરીકે સંઘરી રાખતો હોય છે અને એના પ્રત્યે અતિશય પ્રેમભાવ દર્શાવતો હોય છે તેમ એનાં શરીરનાં જાળવી રાખી શકાય એવાં કેટલાંક અવયવોને (દા. ત. હાડકાં વગેરેને) એ સંભારણા રૂપે જાળવી રાખે તો હું નથી ધારતો કે એમાં કંઈ પણ ખોટું છે. ઊલટું, એણે લખેલા કાગળ, એણે પહેરેલાં વસ્ત્ર કે ઘરેણાં વગેરે બીજી કોઈ વસ્તુ કરતાં આવું કોઈ ખુદ એના શરીરનું જ અવયવ જરૂર વધારે પ્રેમપાત્ર બની રહે અને વધારે અંગતપણાનો ભાવ આપણામાં ઉત્પન્ન કરી શકે અને જાળવી શકે. પં. જવાહરલાલ નહેરુએ પણ એમના પત્ની કમળા નહેરુના અસ્થિ (ફૂલ) જીવનભર જાળવી રાખ્યાં હતાં.

તે ઉપરાંત, ટૅક્સિડર્મી (Taxidermy) નામનું જે સાયન્સ, વાઘ, હરણ વગેરે પ્રાણીઓનાં શરીરને આબેહૂબ તેઓ જીવતાં જેવાં દેખાતાં હોય તેવાં જ તેમના મરણ પછી જાળવી રાખે છે તેમ આપણા પ્રિયજનના શરીરનું બાહ્યરૂપ પણ એ જ સાયન્સની સહાયથી જાળવી રાખી શકાતું થાય તો જરૂર માણસ પોતાના મૃત સ્વજનની એટલી વધુ નિકટતા ચિરકાળ સુધી અનુભવી શકે. અલબત્ત, મૃત માનવ તો પાછો આવવાનો નથી એ ખરું છે, પણ જેમ એની છબી કે એનું ચિત્ર કે એનું શિલ્પ આપણે પ્રેમપૂર્વક જાળવી રાખીએ છીએ તેમ એના દેહનો બાહ્ય આકાર જો જાળવી રખાય તો, હું માનું છું કે, સૌ કોઈને એ વિશેષ તો ગમે જ. ઈજિપ્તમાં તો પૂર્વે મમીઓને જાળવી રાખવામાં આવતાં જ હતાં એ સર્વવિદિત વાત છે.

આમ મૃત માણસના શરીરના અંદરના બધાં દ્રવ્યો લોકહિતના કામમાં ઉપયોગમાં લેવાય અને એની બહારની આકૃતિ સ્મૃતિરૂપે એનાં સ્વજનોને ઘરે કાયમી રહે, એ બેવડો લાભ થઈ શકે, માત્ર માણસ જો પોતાના અતાર્કિક પૂર્વગ્રહને, વહેમને અને રૂઢિવાદને તિલાંજલિ આપે તો.

અને પછી હાથીની જેમ દરેક માણસ જ્યારે જીવતો હોય ત્યારે જ્યાં લાખનો હોય છે ત્યાં મરે ત્યારે એનાં પ્રિયજનોને માટે તેમ જ આખા માનવસમાજને માટે પણ માત્ર સવા લાખનો જ નહીં પણ દોઢ લાખ કે બે લાખ કે પાંચ લાખનો પણ બની જઈ શકે. અને તે ઉપરાંત, દધિચિ ઋષીએ તો માત્ર પોતાનાં હાડકાનું જ બીજાના ભલાને માટે દાન કર્યું હતું, ત્યાં દરેકે દરેક માણસ એને પણ ટપી જઈને પોતાની આખી કાયાનું દાન કરી શકે.

રજનીકાન્ત મોદી

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ. મુંબઈ-૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ

Regd. No. MH. 117
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૮ : અંક ૩

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, જુન ૧ ૧૯૬૬, બુધવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૨૫ પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

ઓરિસ્સાનો દુષ્કાળ

(આ તા. ૬-૫-૧૯૬૬ ના રોજ કરવામાં આવેલા અખબારી નિવેદન છે. આ વ્યથાપૂર્ણ નિવેદન કરનાર શ્રી નવકૃષ્ણ ચૌધરી એક વખત ઓરિસ્સાના મુખ્ય પ્રધાન હતા, આજે અગ્રગણ્ય સર્વોદય કાર્યકર્તા છે. તંત્રી)

ઓરિસ્સાના કલહંડી, બોલંગીર અને બીજા કેટલાક વરસાદની ખેંચવાળા વિસ્તારોમાં ભીષણ દુકાળની પરિસ્થિતિ પ્રવર્તે છે, એ વાતનો સ્વીકાર કરવામાં તેમ જ તેને નિવારવા માટેના ઉપાયો લેવામાં અમાનુષી ઢીલ દાખવવામાં આવી છે અને બિલકુલ અણઘડ શબ્દાળુતાનો આશરો લેવાયો છે. લોકોના જીવનમરણના આવા પ્રશ્ન સાથે ત્યાંની કૉંગ્રેસ સરકાર તેમ જ તેનું તંત્ર જે નિર્દયપણે વર્ત્યાં છે, તે નજરોનજર જોઈને કોઈ પણ સમજબુદ્ધિવાળા માણસને એમ લાગ્યા વિના રહે નહીં કે ત્યાં સરકાર અને તેનું તંત્ર લોકોના જીવન અને સુખ માટે જવાબદાર એવા પ્રજાના સેવકો તરીકે નહીં, પણ ચોખા ખરીદનારા એમના પોતાના જ એજન્ટોના એજન્ટ તરીકે વર્તી રહ્યાં હતાં.

મામૂલી ફી આપીને તથા માથે ધોળી ટોપી ચઢાવી લઈને સક્રિય કૉંગ્રેસીઓ થઈ બેઠેલા એવા ઘણા ચોખાની મિલના માલિકો મેં જોયા છે અને એમને હું ઓળખું છું. ખ્રધાનો અને બીજા અધિકારીઓ સમક્ષ દુકાળની વાસ્તવિક હકીકત છુપાવતા કે ઓછી આંકતા મેં એમને જોયા છે. ચોખાના અને તેમાંયે ખાસ કરીને ખૂબ નફાકારક એવા ચોખા છડવાના, ધંધામાંના એમના સ્થાપિત હિતને કારણે એમણે કૉંગ્રેસી પ્રધાનો તેમ જ વહીવટીતંત્રને દુકાળની નગ્ન વાસ્તવિકતા સામે આંખમિચામણાં કરવા પ્રેર્યા છે. શહેરી નેતાગીરી સામે ગ્રામ્યવિસ્તારો અંગેની તટસ્થ માહિતી પૂરી પાડવાનો દેખાવ કરીને એમણે બેશરમપણે એવું જુઠ્ઠાણું ચલાવ્યે રાખ્યું છે કે પોતાના જિલ્લાઓમાં બધું જ બરાબર છે. એમાંના એકને મેં એક પ્રધાનના ઘરમાં સીધો સવાલ પૂછ્યો, 'શું ખરીઅરમાં લોકો મરી રહ્યા નથી?' એમણે કપાળે હાથ દઈને કહ્યું, 'જેમના લલાટે મોત લખાયું હોય તે ગમે તે રીતે મરવાના જ.' હું ઊકળી ઊઠ્યો: 'તમારાયે લલાટે શું મોત લખાયું નથી?'

મુખ્યત્વે ચોખા ખાતા આ વિસ્તારમાં લોકોની પોતાની આગવી જીવનપદ્ધતિ અને સાદી અર્થવ્યવસ્થા છે. દરેકે દરેક ઘરમાં રોજ પોતાની ડાંગર છડાય છે અને તાજા ચોખા ખવાય છે. દૂર દૂર કયાંક છડાયેલા ચોખા ખાવા પ્રત્યે એમને નફરત છે. અમે સરકારને એવી વિનંતી કરી કે તમે ૨૦ હજાર રૂપિયાની ડાંગર સ્થાનિક જાહેર સંસ્થાઓને આપો, અને તેમાંથી તે સંસ્થાઓ કલહંડી જિલ્લામાં રાહત યોજનાઓમાં જે ખેડૂતોને કામ આપવામાં આવ્યું છે એમને મજૂરી પૈસાને બદલે ડાંગરમાં ચૂકવે. પહેલાં તો સરકારે આ સ્વીકાર્યું, પણ પાછળથી સત્તાવાર રીતે અમને જણાવવામાં આવ્યું કે સરકાર ડાંગર નહીં, છડેલા ચોખા જ આપી શકશે. આ બિલકુલ વિવેકહીન વાતનું ચોખ્ખું કારણ છે ધોળી ટોપીધારી ચોખાની મિલનો માલિક, જે નક્કી કરેલા ભાવો કરતાં ઊંચા ભાવે ડાંગર ખરીદે છે, અને તેને છડવામાં પુષ્કળ નફો કરે છે. ચોખાના મિલમાલિકોની નફાની આવશ્યકતા પ્રત્યે કૉંગ્રેસ ઘણી અનુકૂળ છે, કારણ કે પોતાના ચૂંટણી ફંડ માટે એમના ફાળાની કૉંગ્રેસને આવશ્યકતા છે.

આજની પરિસ્થિતિમાં કૉંગ્રેસ સરકારે તુરતાતુરત નીચેનાં પગલાં લેવાં જ જોઈએ, નહીં તો સત્તા પર રહેવાનો પોતાનો અધિકાર તે ગુમાવી બેસશે:

(૧) પોતાના પક્ષમાંથી ચોખાના મિલ-માલિકોને દૂર કરે.

(૨) ગેરરીતિઓ સામે ભારત સંરક્ષણ ધારા હેઠળ સખત પગલાં ભરે. દુકાળગ્રસ્ત લોકો દ્વારા સ્વાભાવિક રીતે જે ગુનાઓ થયા છે તેમાં પોલીસ માનવતાભર્યો વર્તાવ રાખે. આટલા બધા વિરોધ છતાંયે જ્યારે હજી ભારત સંરક્ષણ ધારો ચાલુ રખાયો છે, ત્યારે ઓછામાં ઓછો એકવાર તો એને નિર્દય શોષણખોરો સામે ભારતની જનતાના સંરક્ષણ સારુ વપરાવા દો!

(૩) દુકાળની માહિતી સમયસર ન પહોંચાડી હોય એવા અધિકારીઓને તત્કાળ રુખસુદ આપીને એમને સ્થાને નવી નિમણુંક કરો.

(૪) રોજી અમુક નક્કી ભાવે ડાંગરમાં ચૂકવો.

(૫) ગીરવે મૂકાયેલ પશુઓ વેચાય નહીં, બહાર ન મોકલી દેવાય કે મારી ન નખાય તેની કાળજી લો. ખેડૂતોને ડાંગર-લોનો આપવાથી આ થઈ શકે.

(૬) કૃષિ ઓજારો તેમ જ ઘરગથ્થુ વાસણકુસણ ગીરવે મૂકવા કે વેચવા ઉપર પ્રતિબંધ મૂકો. લોકોની વિપત્તિ અને દુર્દશા પર વેપલો કરતા કેટલાક વેપારીઓને ત્યાં છાપો મારીને ગરીબ લોકોનાં ઉત્પાદન અને વપરાશનાં સાધનો પાછાં મેળવો. આ જરૂરિયાતવાળા લોકોને ડાંગર-લોનો પૂરી પાડો. ગરીબની ચાલતી લૂંટ તત્કાળ અટકાવવી જ જોઈએ.

(૭) આ વિસ્તારની મોટા મહાનુભાવોની મુલાકાતો બંધ થવી જોઈએ. સરકારના એક પણ નોકરને દુકાળગ્રસ્ત લોકો પ્રત્યેની પોતાની ફરજ બજાવવાને બદલે આવી મુલાકાતે આવતા મહાનુભાવોની તહેનાતમાં ન રહેવા દેવા જોઈએ.

હું આશા રાખું છું કે કૉંગ્રેસ અને તેની સરકાર ઓછામાં ઓછાં આ સાત પગલાં ભરશે. છતાં નિખાલસપણે મારે કહેવું જોઈએ કે તેઓ આમ કરશે કે કેમ તે વિશે મને શંકા છે. સત્તા અને સંકુચિત સ્વાર્થના ખોટા રસ્તે હવે તેઓ ઘણા આગળ વધી ગયા છે નિષ્ઠુરતા ને લાગણીહીનતા જાણે એમના સામૂહિક વર્તાવનું એક કાયમનું લક્ષણ બની ગયું છે. ઓરિસ્સાનો દુકાળ જો આ દુઃખદ આશંકાઓને સાચી ઠેરવતો હોય, તો લોકો માટે કેવળ એક જ માર્ગ રહે છે – સુધારી ન શકાય એટલી હદે જે ભ્રષ્ટ થઈ ગયું છે તેને કાઢી નાખવું. ભારતીય પરંપરા કાળ-અવતાર કૃષ્ણની ફિલસૂફીથી સુપરિચિત છે – સત્તાના મદમાં ચકચૂર થઈને જ્યારે તે પૃથ્વી ઉપર એક ભાર રૂપ થઈ પડ્યું, ત્યારે કૃષ્ણે પોતે પોતાના યાદવ કુળનો સંપૂર્ણ સંહાર ઈચ્છ્યો. લોકશાહીને જીવતી રાખવા ઓછામાં ઓછું આટલું તો થવું જ જોઈએ. જે વ્યવસ્થા લોકોને તેના ભારમાંથી મુકત ન કરી શકતી હોય, તેને પોતાનું અસ્તિત્વ ચાલુ રાખવાનો કોઈ જ અધિકાર નથી.

મૂળ અંગ્રેજી:
'ભૂમિપુત્ર'માંથી સાભાર ઉધ્ધૃત. **નવકૃષ્ણ ચૌધરી**

☆ પ્રકીર્ણ નોંધ ☆

ઈન્ડો-અમેરિકન ફાઉન્ડેશનની આલોચના

આપણા દેશમાં કેટલાક સમયથી અનાજની ખેંચ શરૂ થઈ છે અને એ ખેંચ ઉત્તરોત્તર વધતી રહી છે. આ ખેંચને પહોંચી વળવા માટે એટલે કે જરૂરી અનાજનો જથ્થો પૂરો પાડવા માટે ભારત સરકાર તરફથી યુનાઈટેડ સ્ટેટ્સ સાથે જોગવાઈ કરવામાં આવી છે અને યુનાઈટેડ સ્ટેટ્સ પી. એલ. (એટલે પબ્લીક લૉ) ૪૮૦ નીચે આપણને ઘણા મોટા પ્રમાણમાં અનાજ પૂરું પાડતું રહ્યું છે. આ અનાજની કિંમત રિઝર્વ બેંકમાં યુનાઈટેડ સ્ટેટ્સ યુસ એકાઉન્ટ' એ ખાતા નીચે રૂપિયામાં જમે થઈ રહી છે. આ રીતે આજ સુધીમાં રૂા. ૧૬૫૦ કરોડનું અનાજ ભારત ખાતે આયાત થયેલ છે અને તેમાંથી અહિંના અમેરિકન એલચી ખાતાના પોતાના ઉપયોગ માટે અથવા તો ભારતને લોન અથવા ગ્રાન્ટ રૂપે અપાયલી અમુક રકમો પેટે આશરે રૂા. ૧૫૦૦ કરોડ આજ સુધીમાં વપરાયા છે એટલે કે ખેંચવામાં અવ્યા છે. આ રીતે હિસાબ કરતા યુનાઈટેડ યુસ એકાઉન્ટ ખાતે અત્યારે આશરે રૂા. ૧૫૦ કરોડ આપણી રિઝર્વ બેંકમાં જમે પડેલા છે. આ રકમ સંબંધમાં યુનાઈટેડ સ્ટેટ્સ તરફથી કેટલાક સમય પહેલાં – લાલ બહાદુર શાસ્ત્રી જીવતા હતા તે દરમિયાન એવી દરખાસ્ત કરવામાં આવેલી કે પી. એલ. ૪૮૦ નીચે મોકલાતાં અનાજ પેટે આ રીતે એકઠી થતી અમુક રકમનું એક ટ્રસ્ટ કરવું, તેને 'ઈન્ડો-અમેરિકન ફાઉન્ડેશન' એમ નામ આપવું અને તેનો એટલે કે તેના વ્યાજનો ઉપયોગ ભારતમાં ઉચ્ચ શિક્ષણ માટે તેમ જ વિજ્ઞાન તથા ટેક્નોલૉજીના વિકાસ માટે કરવો. તાજેતરમાં ભારતના મહા આમાત્ય શ્રીમતી ઈન્દિરા ગાંધી અમેરિકા ગયેલા ત્યારે યુનાઈટેડ સ્ટેટ્સના પ્રમુખ શ્રી જૉન્સન સાથે આ દરખાસ્ત અંગે વિશેષ વાટાઘાટો કરવામાં આવી હતી અને પરિણામે ઉપરની યોજનાનો અમલ કરવા માટે, જેમાં આઠ કે નવ ભારતના અમુક ઈલેક્ટોરલ કૉલેજ દ્વારા ચૂંટાયલા પ્રતિનિધિઓ હોય, અને આઠ કે નવ અમેરિકાના એ જ પ્રકારે ચૂંટાયલા પ્રતિનિધિઓ હોય અને જેના ચેરમેન અને એક્ઝીક્યુટીવ ઑફિસર વારાફરતી ભારતીય કે અમેરિકન હોય એવા એક સ્વતંત્ર બોર્ડની રચના કરવી એમ નક્કી કરવામાં આવ્યું છે. આ ફાઉન્ડેશનમાંથી વ્યાજ પેટે દર વર્ષે આશરે પાંચ કરોડની આવક થશે એટલે કે એટલી રકમ ઉચ્ચ શિક્ષણ કે જેમાં વિજ્ઞાન અને ટેક્નોલૉજીનો સમાવેશ થાય છે તે પાછળ ખરચવામાં આવશે એવી ગણતરી કરવામાં આવે છે.

આ યોજના સામે બે દિશાએથી વિરોધ કરવામાં આવ્યો છે: એક તો જેમને સામ્યવાદતરફી ગણવામાં આવે છે એવા કેટલાક લોકસભાના સભ્યો તરફથી અને બીજો વિરોધ ઉચ્ચ શિક્ષણ સાથે જોડાયલી અમુક અગ્રગણ્ય વ્યક્તિઓ તરફથી. આ વિરોધીઓનું એમ કહેવું છે કે આ યોજનાનો અમલ થતાં આપણા ઉચ્ચ શિક્ષણ ઉપર અમેરિકાનું પ્રભુત્વ સ્થપાશે અને આખું શિક્ષણ અમેરિકન ઢાંચા તરફ ઢળશે, તેને American Bias મળશે અને પરિણામે આપણી સંસ્કૃતિને ભારે હાનિ થશે. આ વિરોધ કરનારાઓ આવી કોઈ મદદ લેવાની ના કહેતા નથી, પણ તે આખા ટ્રસ્ટનું સંચાલન માત્ર હિંદીઓના હાથે થાય અને તેમાં કોઈ અમેરિકન દખલગીરી ન હોય એવી તેઓ માગણી કરે છે.

આજ સુધીમાં પશ્ચિમના અન્ય દેશો કરતાં ભારતનો અમેરિકા સાથેનો સંબંધ આપણને અનેક રીતે વધારે ઉપકારક બન્યો છે. પાકિસ્તાન સાથેના યુદ્ધ પહેલાં અમેરિકાએ આપણને પુષ્કળ મદદ કરી છે અને ચીન સાથેના ઘર્ષણને લક્ષમાં રાખીને આપણને તેણે સારા પ્રમાણમાં શસ્ત્રસામગ્રી પણ પૂરી પાડી છે. કટોકટીના સમયે અમેરિકાએ આપણને જોઈતું અનાજ પણ પૂરું પાડ્યું છે. આ અનાજના આર્થિક વળતરરૂપે એકઠી થયેલી ૧૫૦ કરોડ જેટલી રકમ અમેરિકા ક્યારે આપણી પાસે માંગી શકે છે અને એમ બને તો આપણી મુંઝવણનો કોઈ પાર ન રહે. આને બદલે અમેરિકન સરકાર આ રકમનો ઉપયોગ ભારતના શૈક્ષણિક વિકાસ પાછળ કરવાની ઈચ્છા જાહેર કરે છે. આ માટે કૃતજ્ઞતા દાખવવાને બદલે તે અંગે આપણે શંકાકુશંકા ઉઠાવીએ અને તર્કવિતર્ક કરીએ તે આપણને શોભતું નથી. આવું વળણ એક પ્રકારની કૃતઘ્નતાનું દ્યોતક લાગે છે.

બીજું ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રે આવી આર્થિક મદદ સ્વીકારવી અને તેને લગતી યોજનાના અમલમાં અમેરિકન સરકારનો કોઈ અવાજ હોવો ન જોઈએ એવી માગણી કરવી કે અપેક્ષા રાખવી તે આપણા પક્ષે એક પ્રકારની ધૃષ્ટતા જેવું જ લેખાય.

અને આવી યોજનાનો સ્વીકાર કરતાં આપણા ઉપર અમેરિકન વિચારસરણીનું પ્રભુત્વ સ્થપાશે એમ કહેવું યા બોલવું એ આજની વાસ્તવિકતાનો ઈનકાર કરવા બરોબર છે. કારણ કે આજે ભિન્ન - ભિન્ન વિષયોના ઉચ્ચ શિક્ષણ માટે આપણા અનેક યુવાન વિદ્યાર્થીઓને આપણે ઈંગ્લાંડ અને અમેરિકા મોકલીએ છીએ; પરદેશની ઉચ્ચ ડિગ્રીઓ પ્રાપ્ત કરીને પાછા આવતા યુવાનોને આપણી કૉલેજો અને સરકારી ખાતાઓ સારા પગાર આપીને રોકે છે. અહિં અપાતા વૈજ્ઞાનિક અને ટેક્નિકલ શિક્ષણની ભારતમાં અને ઈંગ્લાંડ કે અમેરિકામાં અપાતા ઉચ્ચ શિક્ષણની ભાતમાં – અહીંનું શિક્ષણ પ્રમાણમાં નબળું તથા પ્રાથમિક કક્ષાનું અને ત્યાંનું શિક્ષણ પ્રમાણમાં વધારે સંગીન તથા આગળ વધેલું–આથી બીજો તફાવત શું છે? હા,–રશિયા કે ચીન તરફથી આવી કોઈ શૈક્ષણિક યોજના આવી રહી હોય તો આપણી અને તે દેશોની વિચારસરણીમાં પાયાનો ફરક હોઈને તેમ જ પોતાની વિચારસરણીની દીક્ષા આપવી એ બન્ને દેશોનો મુખ્ય હેતુ હોઈને, આવી બાબતનો ઉપર જણાવેલ દૃષ્ટિબિંદુથી જરૂર વિચાર કરવાનો રહે. પણ અમેરિકાની અને આપણી વિચારસરણીમાં પ્રમાણમાં ઘણું સામ્ય રહેલું છે. બન્ને દેશો લોકશાહીને વરેલા છે. અમેરિકા ઉદ્યોગીકરણ અને યંત્રીકરણમાં ખૂબ આગળ વધેલ છે; આપણે ઘણા પાછળ છીએ એમ છતાં આપણી અભિમુખતા એ ક્ષેત્રોના સતત વિકાસ તરફ રહેલી છે. આ બધી રીતે વિચારતાં અમેરિકા તરફથી સૂચવાયલા ઈન્ડો-અમેરિકન ફાઉન્ડેશનનો સ્વીકાર કરવામાં મને કશું જોખમ લાગતું નથી. ઊલટું ત્યાંની ઉચ્ચ શિક્ષણ આપતી યુનિવર્સિટીઓ અને કૉલેજોથી આકર્ષાઈને આપણે આપણા તેજસ્વી વિદ્યાર્થીઓને ઘણો ખર્ચ કરીને અમેરિકા ભણવા મોકલીએ છીએ તેને બદલે આવા ફાઉન્ડેશનના પરિણામે એ જ કક્ષાની કૉલેજો આપણા દેશમાં ઊભી કરવામાં આવે એવો ઘણો સંભવ છે અને તેમ બને તો આપણા દેશના વિદ્યાર્થીઓને ત્યાં જવાની પછી જરૂર જ ન રહે અને આજના યંત્રીકરણમાં – ટેકનોલૉજીમાં – તૈયાર થયેલા અનેક યુવાનોની આજે આપણને જે જરૂર છે તેને પહોંચી વળવામાં આવી યોજના ઘણો મોટો ફાળો આપી શકે.

'દૂધનો દાઝેલો છાશ પણ ફૂંકીને પીએ' એ ન્યાયે આપણા દેશ ઉપર અંગ્રેજોની લગભગ દોઢસો વર્ષની હકુમત રહી અને તેથી આપણને થયેલા પારવાર નુકસાનનો ખ્યાલ કરીને પશ્ચિમના દેશો તરફથી આવી કોઈ મદદ કરવાની દરખાસ્ત આવે ત્યારે આપણા મનમાં તેની શુભ નિષ્ઠા વિષે શંકા આવે એ સ્વાભાવિક છે અને એ દૃષ્ટિએ આપણે આ યોજનાની પણ પૂરી ચકાસણી કરવી જ જોઈએ, પણ સાથે સાથે એ પણ સમજી લેવું જરૂરી છે કે અમેરિકાની જે તે બાબતમાં મદદની અપેક્ષા કરતા રહેવું અને સાથે સાથે તેની સામે ધુરકતા રહેવું–

એમાં નથી ઔચિત્ય, નથી સૌજન્ય કે નથી ડહાપણ. આ દૃષ્ટિએ અમેરિકા તરફથી સૂચવાયેલ ઍજ્યુકેશન ફાઉન્ડેશનનો વિચાર કરવા પ્રબુદ્ધ જીવનના વાચકોને અનુરોધ છે.

આ ઈન્ડો - અમેરિકન ફાઉન્ડેશનના વિગેધીઓને અનુલક્ષીને શ્રી એ. ડી. ગોરવાલા પોતાના 'ઓપીનિયન' નામના માસિકમાં ભારે રમુજી અને છતાં એકદમ પ્રસ્તુત એવી ટીકા કરતાં જણાવે છે કે, "તમારો કોઈ એક ભલો મિત્ર કોઈ સારા હેતુ પાછળ વાપરવા માટે તમને અમુક ઘણી મોટી રકમ આપવાની ઈચ્છા દર્શાવે અને તમારે અને તેણે મળીને તેના ઉપયોગને લગતી વિગતો નક્કી કરવી એમ સૂચવે તો તમારા માટે, વ્યાજબી રીતે વિચારતાં બે જ વિકલ્પો ઉભા થાય: કાં તો તમે એમ કહો કે "તમારો ઘણો મોટો આભાર. આથી હું ઘણો આનંદ અનુભવું છું. જરૂર, આ રકમનો કેમ ઉપયોગ કરવો તે આપણે બન્ને મળીને નક્કી કરીએ." અથવા તો જો તે દરખાસ્ત સામે વાંધો ઉઠાવવાને તમને સબળ કારણ હોય અથવા તો કોઈ પણ પાસેથી આવી રીતે નાણાં લેવા સામે તમને સૈધ્ધાન્તિક વિરોધ હોય તો તમે એમ કહો કે, "તમારો ઘણો મોટો આભાર. તમારો આ વિચાર ભારે સરસ અને આવકાર પાત્ર છે, પણ તમે જાણો છે કે, આવી બાબતોમાં હું જરા જુની ઢબે વિચારનારો માણસ છું; મને કોઈની પણ પાસેથી મદદ માટે પૈસા લેવા ગમતા નથી. મને ખાત્રી છે કે તમે મને અન્યથા નહિ સમજો". આ બેમાંથી કશું ન કરવું અને એમ કહેવું કે "આ તમારો કેટલો મોટો સદ્ ભાવ છે! જરૂર તમારી મદદ હું સ્વીકારીશ અને તેને કેમ ખરચવી - વહેંચી દેવી એ પણ હું જ નક્કી કરીશ. તમારે આ બાબતમાં કોઈ તકલીફ લેવાની જરૂર નથી. માત્ર મને રકમ આપી દો અને બાકીનું બધું હું સંભાળી લઈશ." - આવો જવાબ આપવો તે મનનું કલ્પી ન શકાય એવું સાંકડાપણું દાખવવા બરોબર છે, અને એ કહેવાની જરૂર નથી કે મહાન રાષ્ટ્ર અને સાંકડાં દિલ - બેનો કદિ પણ મેળ ખાઈ ન જ શકે."

અન્તિમ વર્ષો દરમિયાન નહેરુની વિચારપરિણતિ

પ્રબુદ્ધ જીવનના છેલ્લા અંકમાં ઉપરના મથાળાની નોંધ વાંચીને 'બ્લીટઝ'ના તંત્રી શ્રી. આર. કે. કરંજિયાએ લખેલ 'The Mind of Mr. Nehuru' એ મથાળાના પુસ્તકમાંથી શ્રી કરંજિયા અને નહેરુ વચ્ચે થયેલા અમુક પ્રશ્નોત્તરોને લગતાં અવતરણો સંઘના એક સભ્ય ભાઈ સુકેતુ શાહે મારી ઉપર મોકલ્યા છે. આ પ્રશ્નોત્તરો નહેરુના અન્તિમ વર્ષોની વિચારપરિણતિ સમજવામાં સવિશેષ ઉપયોગી બનશે એમ સમજીને તેનો અનુવાદ નીચે આપવામાં આવે છે:–

પ્રશ્ન: "રાજકારણી લોકશાહી અને ટેકનોલૉજીકલ (તાંત્રિક) ક્રાન્તિ આ બે આજની મુખ્ય સમસ્યાઓ છે એમ આપે જણાવ્યું. આ સિવાય બીજી કોઈ બાબત આપના મનમાં છે?"

જવાબ: "હવે પછીના દશકા દરમિયાન અથવા તો કદાચ આ દશકો પૂરો થયા બાદ, સંભવત: આપણી સમસ્યાઓમાં સૌથી મોટી સમસ્યા, ખાસ કરીને અમેરિકા અને બીજા અર્થસમૃદ્ધ બનેલા દેશો કે જેઓ મોટા પાયા ઉપર સ્વયંસંચાલિત યંત્રરચના–automation –તરફ જોસભેર ધસી રહ્યાં છે–આ દેશોમાં નવરાશનો સમય વધતો જશે તો તે નવરાશનો–ફુરસદનો–કેમ ઉપયોગ કરવો એ સમસ્યા ગંભીર સ્વરૂપ ધારણ કરવાની. હાલ ભારત જેવા અણવિકસિત દેશોમાં આ સમસ્યા એ હદ સુધી પેદા થઈ નથી જે હદ સુધી એ સમસ્યા યુનાઈટેડ સ્ટેટ્સ, યુરોપ અને ખાસ કરીને વધારે આગળ વધેલા સ્કેન્ડીનેવિયન દેશોમાં અને અલબત્ત સોવિયેટ યુનિયનમાં પણ પેદા થઈ છે. તે સમસ્યાના અસ્તિત્વનો સૌથી વધારે ઉત્કટ પુરાવો અમેરિકામાં જોવા મળે છે અને એ સમસ્યા સમયના વહેવા સાથે ત્યાં વધારે વ્યાપક અને ઘેરી બનવાની છે. ત્યાંના જુવાનોમાં જે ગુન્હાહિતપણાના ઘણા સારા પ્રમાણમાં બનતા કિસ્સાઓ જોવામાં આવે છે અને આબાદ બનેલા દેશોમાં અને સમાજોમાં જે નૈતિક અને આધ્યાત્મિક હ્રાસ નજરે પડે છે તે દ્વારા આ સમસ્યા આખી દુનિયાને આવરી રહી હોય એમ લાગે છે. આ ફુરસદવૃદ્ધિની–વધતી જતી નવરાશની–સમસ્યાનું કરવું શું? તેને શી રીતે હલ કરવી? કારણ કે જો તેનો ઉકેલ નહિ લાવવામાં આવે તો તેનું પરિણામ સભ્યતાના માનસિક અને નૈતિક નિકંદનમાં જ આવવાનું. વધતી જતી આ બેકાર નવરાશ દુનિયાનું નખોદ વાળવાની એવો ભય રહે છે."

પ્રશ્ન: "મારા વાંચવામાં આવે છે કે રશિયનો આ સમસ્યાનો વૈજ્ઞાનિક રીતે ઉકેલ લાવવાનો પ્રયત્ન કરી રહેલ છે."

જવાબ: "જરૂર તેઓ પ્રયત્ન કરી રહ્યાં છે, પણ રશિયામાં પણ જો કે બહુ ઓછા પ્રમાણમાં એ જ મુશ્કેલીઓ ઊભી થઈ છે. બીજાં ગૂલ્યોની ઉપેક્ષા કરીને આ સમસ્યાનો માત્ર વૈજ્ઞાનિક રીતે ઉકેલ લાવી શકાય કે કેમ તે વિષે મને શક છે. જે ખૂટતું લાગે છે– આ વિચાર કેમ રજૂ કરવો તે મને સૂઝતું નથી સિવાય કે એમ કહું કે આ એક નૈતિક બાજુ છે, જે કોઈ પ્રકારના આધ્યાત્મિક નિરાકરણની અપેક્ષા રાખે છે."

પ્રશ્ન: "નહેરુજી, નૈતિક અને આધ્યાત્મિક નિરાકરણની પરિભાષામાં વાતો કરનાર આ જવાહરલાલ ગઈ કાલના જવાહરલાલથી જાણે કે કોઈ જુદી જ વ્યકિત હોય એમ નથી લાગતું? આપ જે કહી રહ્યા છો તે પોતાની જીવનસંધ્યા ટાણે ઈશ્વરને શોધી રહેલા નહેરુની પ્રતિમાને આંખ સામે ઊભી કરે છે."

જવાબ: "જો તમે એમ કહેતા હો તો મારો જવાબ છે કે હા, હું બદલાયો છું. નૈતિક અને આધ્યાત્મિક નિકારણ–ઉકેલ–સમાધાન–ઉપર હું જે ભાર મૂકી રહ્યો છું તે કોઈ અજાગૃત મનોદશામાં નહિ પણ પૂરી સજાગ મનોદશામાં પૂરી સમજણપૂર્વક મૂકી રહ્યો છું. એ માટે સંગીન કારણો છે. ખરી વાત એમ છે કે ભૌતિક વિકાસ અત્યન્ત જરૂરી છે, પણ આ ઉપરાંત, હું માનું છું કે, જે વિના સર્વ કોઈ ભૌતિક પ્રગતિનો કોઈ અર્થ જ ન હોય એવા નૈતિક અને આધ્યાત્મિક વિકાસ સાથે જેનો સંબંધ હોય એ પ્રકારના કોઈ વધારે ઊંડા તત્ત્વને માનવીનું મન ઝંખી રહ્યું છે, તેની ઊંડી ભુખ અનુભવી રહ્યું છે."

આ જ બાબતને ધ્યાનમાં લઈને આ જ પુસ્તકમાં આગળ જતાં પં. નહેરુ જણાવે છે કે, "આજે દુનિયા જે શોધી રહેલ છે, ઝંખી રહેલ છે તે છે માનવીના અસ્તિત્વનું કોઈ નવું પરિમાણ- new dimension. આધ્યાત્મિક ઊંડાણ અને નૈતિક સામર્થ્ય ધરાવતો અને સમગ્રપણે સુગ્રથિત એવો માનવી જ માત્ર આ નવા સમયના પડકારનો સામનો કરી શકશે. આધ્યાત્મિક સમધારણ વિનાની ભૌતિક પ્રગતિ અત્યન્ત ખતરનાક નીવડવા સંભવ છે."

નહેરુના આ ઉદ્ગારો દેખાડે છે કે તેઓ ભૌતિક અને ટેકનોલાજીકલ વિકાસના પક્ષપાતી હોવા છતાં જેમ જેમ તેમની ઉમ્મર અને અનુભવ વધતા ગયાં તેમ તેમ આવા કેવળ એકાંગી વિકાસનાં ભયસ્થાનો તેમની નજર ઉપર આવતાં ગયાં અને નૈતિક અને આધ્યાત્મિક ઉત્થાન સિવાય માનવીનો કોઈ આરો નથી એ સત્ય તેમને વધારે ને વધારે પ્રતીત થતું ગયું.

પૃથ્વી ફરતી નથી!

માર્ચ માસના અખંડઆનંદના જ્ઞાનગોષ્ટી વિભાગમાં નીચે મુજબના પ્રશ્નોત્તર પ્રગટ થયા છે. પ્રશ્ન કરનાર શ્રી ચંદ્રશેખર મહારાજ છે; જવાબ આપનાર શ્રી વિજયગુપ્ત મૌર્ય છે.

પ્રશ્ન: તમે કહો છો કે પૃથ્વી સૂર્યની આસપાસ લંબગોળ કક્ષામાં ફરે છે અને જ્યારે તે પૃથ્વીથી ઓછા અંતરે હોય ત્યારે

તેની ઝડપ વધી જાય છે, વધુ અંતરે હોય ત્યારે ઘટી જાય છે. હું આ સાથે જૈન ભૂગોળ નામના લેખનું પાનું ફાડીને મોકલું છું. તેમાં એવી દલીલ કરવામાં આવી છે કે સૂર્ય-ચંદ્ર ફરે છે, પણ પૃથ્વી કદી ફરતી નથી. આ વિશે શું સમજવું?

જવાબ: ભૂગોળ એ ભૂગોળ છે; તો જૈન, વૈષ્ણવ, મુસ્લિમ કે ખ્રિસ્તી ભૂગોળ કેવી રીતે હોઈ શકે? ધર્મને વિજ્ઞાનની ચર્ચામાં ન લાવવો જોઈએ. ધર્મ એ સદાચારી, સ્વસ્થ અને ઈશ્વરપરાયણ જીવન કેમ જીવવું તેનાં નીતિનિયમો અને તત્ત્વજ્ઞાનનું શાસ્ત્ર છે. વિજ્ઞાનના ક્ષેત્રને લગતું જે કંઈ બાઈબલમાં છે તે બધું વિજ્ઞાન વડે ખોટું ઠર્યું છે. તેમ છતાં ખ્રિસ્તી ધર્મગુરૂઓ પણ આજે નથી કહેતા કે વિજ્ઞાન ખોટું છે અને બાઈબલ સાચું છે. આશરે પોણાચારસો વર્ષ પહેલાં ગેલિલિયોએ પહેલું દૂરબીન ચંદ્ર તરફ માંડીને બાઈબલના કથનને ખોટું ઠરાવ્યું હતું, પણ જ્યારે તેણે ધર્મગુરુઓને દૂરબીન વડે ચંદ્ર જોવાનું આમંત્રણ આપ્યું ત્યારે તેમણે કહ્યું કે તારા દૂરબીન વડે ચંદ્ર જોઈને અમે પાપમાં પડવા નથી માગતા; બાઈબલમાં લખેલું છે તે જ સાચું છે! જૈન ભૂગોળમાં આ ધર્મગુરુઓનું ૪૦૦ વર્ષ જૂનું માનસ છે. આ જમાનામાં જ્યારે વિમાનોનો, રૉકેટોનો અને અવકાશયાનોનો વહેવાર પૃથ્વીની ગતિના આધારે ચાલે છે ત્યારે પૃથ્વી નથી ફરતી એમ કહેવું એ ૪૦૦ વર્ષ મોડું છે. પૃથ્વી નથી ફરતી એમ આપણે ત્યાં આજે લખાય છે, છપાય છે અને વંચાય છે, એ પણ એક અજાયબી નથી."

આમ અન્ય ધર્મશાસ્ત્રો માફક જૈન ધર્મશાસ્ત્રમાં એવાં એવાં અન્ય વિધાનો પણ મળવા સંભવ છે કે જે આજના વૈજ્ઞાનિક સંશોધન અને નિર્ણયો સાથે બંધબેસતા ન હોય. દા. ત. અગ્નિતત્વ સજીવ હોવાની જૈનધર્મની માન્યતા. આ માન્યતા કેમ ઊભી થઈ હશે? બીજમાંથી વૃક્ષ થાય છે; બાળકમાંથી યુવાન થાય છે; નાના બચ્ચામાંથી મોટું જાનવર થાય છે. આ ઉપરથી એક એવી વ્યાપ્તિ બાંધવામાં આવી કે જ્યાં સ્વયં હલનચલત અથવા વિકાસ હોય ત્યાં સજીવતા સમજવી. આ ઉપપત્તિ ઉપરથી તણખામાંથી ચોતરફ ફેલાતો ભડકો અથવા તો અગ્નિ નિર્માણ થતો જોઈને તે પણ સજીવ હોવાની માન્યતા જૈન ધર્મમાં ઊભી થઈ હોય એમ બનવાજોગ છે. પણ જીવસૃષ્ટિની સ્વયંવૃદ્ધિ અને અગ્નિની સ્વયંવૃદ્ધિમાં આસમાન જમીનનો ફરક છે. અગ્નિમાં દેખાતી સ્વયંવૃદ્ધિ કોઈ સજીવતાની સૂચક નથી, પણ વસ્તુને ભસ્મીભૂત કરતી–disintegrate કરતી–અને એ રીતે વસ્તુનું વિસ્તૃત રૂપાન્તર કરતી એક શક્તિનું રૂપ છે. અથવા તો અગ્નિ એક પ્રકારની વસ્તુસ્થિતિ છે એમ પણ કહી શકાય. આવી રીતે શબ્દને પુદ્‌ગળ માનવામાં આવે છે, બટાટાને કંદમૂળની કક્ષામાં મૂકવામાં આવે છે–આ માન્યતાઓ પણ આજે અવૈજ્ઞાનિક પુરવાર થવાનો સંભવ છે. શાસ્ત્રોએ પવિત્ર મનાવેલું રેશમી વસ્ત્ર નરી હિંસાના કારણે કોઈ પણ અંશમાં પવિત્ર ગણી શકાય તેમ છે જ નહિ. આમ ભૌતિક તત્વ અથવા તો પદાર્થને લગતી જે કોઈ ધાર્મિક માન્યતાઓ આજના વૈજ્ઞાનિક સંશોધન સાથે બંધબેસતી ન આવે તે તે માન્યતાઓ સર્વજ્ઞકથિત કહીને સાચી પુરવાર કરવાનો પ્રયત્ન કરવાને બદલે ધર્મને અન્તસ્તત્વના ઉર્ધ્વીકરણ સાથે અને વિશ્વ સાથે સંવાદિતા પેદા કરે એવા આચાર સાથે સંબંધ છે અને વિજ્ઞાનને વસ્તુતત્ત્વના સમ્યક નિરૂપણ સાથે સંબંધ છે એ મુજબ ધર્મ અને વિજ્ઞાન વચ્ચે રહેલી ભેદરેખાને બરોબર સમજવી અને અન્તસ્તત્વનું ઉર્ધ્વીકરણ અને આચારશુદ્ધિ એ સનાતન વિચાર છે. જ્યારે વૈજ્ઞાનિક વિચાર નવાં નવાં સંશોધન ઉપર આધારિત હોઈને સદા પરિવર્તનશીલ છે એ પ્રકારનો વિવેક પ્રાપ્ત કરવો એ જ સત્યનિષ્ઠ–ધર્મનિષ્ઠ માનવી માટે સાચો અને સહીસલામત માર્ગ છે. પૃથ્વીના સ્વરૂપ વિષે ઉપર આપેલી ચર્ચા પણ આ જ દૃષ્ટિકોણને આગળ ધરે છે.

(અનુસંધાન ૩૨ મે પાને)

આ આપણા ભણેલા લોકો!

તા. ૨૭-૩-૬૬ ના 'ગુજરાત સમાચાર'માં આપણું એકદમ ધ્યાન ખેંચે એવા બે સામાજિક કિસ્સાઓ પ્રગટ થયા છે, જેની વિગતો નીચે આપવામાં આવી છે.

ગયા ફેબ્રુઆરી માસના અન્ત ભાગમાં અને માર્ચ માસની શરૂઆતના ભાગમાં મુંબઈના જાણીતા વિશિષ્ટ પરાંઓ ખાર, સાન્તાક્રુઝ અને વીલે પારલે આસપાસના વિભાગમાં એવા બે બનાવો બન્યા છે કે, જેમાં ચાર માનવીઓએ એટલે સ્ત્રી પુરુષોએ ન કરવા જેવાં કામો કર્યા છે અને આ સ્ત્રીપુરુષો તદ્દન સામાન્ય વર્ગના નથી કે કોઈ પછાત કે અભણ વર્ગના નથી. તેઓ ઉચ્ચ હિંદુ કુટુંબોનાં સ્ત્રી પુરુષો છે અને મોટી મોટી ડીગ્રીઓ ધરાવનાર છે, સમાજને શિક્ષણ આપનારા છે, સમાજનું સ્વાસ્થ્ય સાચવવા માટે જવાબદાર ગણાય એવા છે અને સમાજમાં આગેવાનીભર્યો મોભો ધરાવનારા છે. આ બે કિસ્સાઓમાંથી પહેલો કિસ્સો નીચે મુજબ છે:–

પહેલો કિસ્સો

વાત એમ બની છે કે મુંબઈના પરાંઓમાં એક અગ્રગણ્ય તબીબ તરીકે જેમની ગણના થાય છે તેવા સાઠની આસપાસની વય ધરાવતા એક ડૉક્ટર ચારપાંચ દિવસ થયા ગુમ થઈ ગયા છે. હા, હું ગુમ થઈ ગયા છે એમ એટલા માટે કહું છું કે, તેમનાં પત્નીને પણ તેઓ ક્યાં ગયા છે તેની ખબર નથી. આ ડૉક્ટર એક સુશિક્ષિત કુટુંબમાં સારવાર અર્થે અવારનવાર જતા હતા. ને આવા ડૉક્ટરો જેમ કુટુંબનાં તમામ રહસ્યો, સુખદુઃખ સગવડ અગવડોની વાતો જાણતા હોય છે તેમ આ ડૉક્ટર પણ આ બધું જાણતા હતા. આ કુટુંબમાં ૨૫-૨૭ વર્ષની ઉંમરની એક કુંવારી કન્યા પણ હતી. આ ઉંમરે સ્ત્રીને કે કુંવારી કન્યાને જે લાડકોડ, ઈચ્છા અરમાનો હોય. તે બધાં આ કન્યાનાં અધૂરાં હતાં. આપણા સમાજમાં ઘણીવાર બનતું આવ્યું છે તેમ અનેક કારણોસર એ કન્યાના લગ્ન વિષે એના વાલીઓએ પ્રયાસો કર્યા ત્યારે તે લગ્નની વાતો જામી નહિ. જ્યાં કન્યાને મુરતીઓ પસંદ આવ્યો ત્યાં મુરતીયાને કન્યા પસંદ ન આવી ને જ્યાં મુરતીયાને કન્યા પસંદ આવી ત્યાં કન્યાને મુરતીયો પસંદ ન આવ્યો. ઘણીવાર બનેને જામી જાય એવું લાગતું ત્યારે પાછળથી ખબર પડતી કે મુરતીયા કરતાં કન્યા જ વધારે ભણેલી હતી. અને એમને એમ યોગ્ય મુરતીયાની શોધમાં વર્ષો વીતી ગયાં.

વર્ષો વીતતાં જાય છે તેમ યૌવન પણ વધતું જાય છે અને એ એના તકાદા કરતું જ હોય છે. અને એનાં પરિણામો આવવા જોઈએ તેવાં આવે છે. આ જુવાન બાઈ પેલા પાડોશી ડૉક્ટરના મોહપાશમાં લપેટાઈ ગઈ. ડૉક્ટર પણ ઘણા જ સુશિક્ષિત અને ચતુરસુજાણ હતા. એમણે આ બાઈ ઉપર એવી ભુરકી છાંટી કે બાઈને ડૉક્ટર સિવાય કંઈ દેખાય જ નહિ.

બાઈના વાલીઓએ આ વાતની નોંધ લીધી ને તેને આ અવળે પંથેથી વાળવાના પ્રયાસો કર્યા. બાઈ તો ન સમજે તે સમજાય તેવું છે, પણ પેલા ભાઈ પણ ન સમજ્યા. બેચાર છોકરાંઓના બાપ એવા આ ડૉક્ટરે વાલીઓની સાચી વાત સમજીને બાઈને સવળે રસ્તે ચડાવવાને બદલે વાલીઓને દમદાટી આપવા માંડી. વચ્ચે એકવાર યુવતીએ કોઈ ઝેરી ગોળીઓ ખાઈને આપઘાતનો પ્રયાસ પણ કર્યો ને વાત જ્યારે વધી પડી ત્યારે છેવટે તે યુવતી ઘર છોડીને નાસી ગઈ છે. છેલ્લા પંદર દિવસ થયા મુંબઈની એક અગ્રગણ્ય શાળામાં શિક્ષિકા તરીકે કામ કરતી આ બાઈનો પત્તો નથી મળતો.

એટલું જ નહિ, ઉપરથી બાઈએ નાસી જતી વખતે મહારાષ્ટ્ર રાજ્યના ગૃહ પ્રધાનને, પોલીસ કમિશ્નરને તથા પોતાના વાલીઓને પત્ર લખીને ફરિયાદ કરી છે કે, તમે લોકો મને ત્રાસ આપો છો એટલે હું તમને છોડીને ચાલી જાઉં છું.

પેલા વાલીઓની આંખમાંથી આંસુ સૂકાતાં નથી. એમણે પેલા

ડૉક્ટરને મળીને કાકલુદી કરી કે તમે અમને અમારી જુવાન દીકરીનો પત્તો મેળવી આપો, પત્તો મેળવવામાં મદદ કરો. અમારી પ્રતિષ્ઠાનો, જીંદગીનો પ્રશ્ન છે. પણ ડૉક્ટરે તો સામે ગળે પડીને જવાબ આપ્યો છે કે, "મસીદમાં ઘુસ્યો છે જ કોણ ?"

ઉપરાંત છેલ્લા પાંચ છ દિવસ થયાં આ ડૉક્ટર પણ મુંબઈમાં નથી એટલું જ નહિ તેઓ ક્યાં ગયા છે તેની પણ કોઈને ખબર નથી. ખબર માત્ર એટલી જ છે કે, છેલ્લે તેઓ અમદાવાદ જવાની વાત કરતા હતા.

આમ એક શિક્ષિકા અને ડૉક્ટર વચ્ચેના પ્રણય કિસ્સાએ ડોક્ટરની પત્ની, તેમના બાળકો તથા શિક્ષિકાના પોતાનાં વાલીઓની જીંદગીમાં અત્યારે તો હોળી પ્રગટાવી છે ને ડૉક્ટરના દરદીઓ તથા શિક્ષિકાની શાળાના વિદ્યાર્થીઓ પોતાના આ "બેન"ની વાતો કરી રહ્યાં છે.

બીજો કિસ્સો

હવે આ બીજા કિસ્સામાં એવું બન્યું છે કે, પરાંની એક જાણીતી હાઈસ્કૂલના પ્રિન્સિપાલ બહેન કે જેઓ આમેય તે ચર્ચા અને ચકચારથી પર ન હતાં તેઓ એક વિમાની કંપનીના ઉચ્ચ કર્મચારીના સંપર્કમાં આવ્યાં. આ કર્મચારી અને બહેન બાજુબાજુમાં રહેતાં હશે ને ત્યાંથી ઓળખાણ થઈ હશે. જુવાન માણસો હોય, પૈસે ટકે થોડી છૂટ હોય, ને સમાજની થોડી ઓછી દરકાર કરતા હોય એવા લોકોને લપસતાં વાર નથી લાગતી. ને તેમાં ય પાછા આ બહેનને એકવાર કોઈ પ્રતિનિધિમંડળમાં મોસ્કો જવાનો ચાન્સ મળ્યો. બહેન મોસ્કો ગયાં ત્યારે પેલા ભાઈ પણ મોસ્કોમાં જ પોતાની ફરજ બજાવતાં હતાં. ને ત્યાં જે કંઈ છૂટ મળી તેણે એ લોકોને એક બીજાથી ખૂબ જ નજદીક લાવી મૂક્યા. પણ... છોકરાંનો બાપ ને જીવતી પત્નીવાળો! પેલો અધિકારી કાયદેસર બીજી પત્ની કરી કેવી રીતે શકે!

આ વાતે બંન્નેને બહુ જ મૂંઝવ્યાં. પેલા ભાઈ મોસ્કોથી મુંબઈ આવ્યા. આ મુંઝવણમાંથી રસ્તો કાઢવાના પ્રયાસો કર્યા. કોઈ મિત્રો વકીલોની સલાહ લીધી અને વકીલો તો દરેક કેસમાં ફી લઈને સલાહ આપતા જ હોય છે તેમ આ કેસમાં પણ સલાહ મળી ગઈ.

"તમે મુસ્લિમ થઈ જાઓ તો તમે ગમે તેટલા લગ્ન કરી શકો. મુસ્લિમને ચાર પત્નીઓ કરવાની છૂટ છે."

એટલે ભાઈ તો પહોંચ્યા જુમ્મા મસ્જીદમાં, અને ધર્મપલ્ટો કરાવવા માટે જેમ ઘણા ધર્મોમાં લોકો તૈયાર મળી રહે છે તેમ આ જુમ્મા મસ્જીદમાં પણ મુલ્લાંજી તૈયાર જ હતા.

મળેલા અહેવાલ પ્રમાણે પછી તો આ ભાઈ એ પેલા પ્રિન્સીપાલ બહેનને પણ મુસ્લિમ બનાવ્યાં અને બંને મુસ્લિમો તરીકે પરણી ગયાં. આ લગ્ન બાદ તેઓ પણ મુંબઈ છોડીને ચાલ્યા ગયાં છે. ક્યાં ગયાં છે તેનો પત્તો નથી.

આ આપણા અભણ લોકો!

ઉપર જણાવેલ બે કિસ્સાઓથી તદ્દન બીજા છેડાનો એક કિસ્સો તા. ૧૫-૪-૬૬ના 'જનસંદેશ' માંથી લીધો છે.

કેદારનાથ જવા માટે અમારો સંઘ ગુપ્તકાશીથી નીકળી ત્રિજુગી નારાયણ તરફ ચાલ્યો જતો હતો. ૧૦મી સપ્ટેમ્બર ૬૫નો એ દિવસ. ત્યારે પાકિસ્તાન સાથેની લડાઈ પૂરજોશમાં ચાલતી હતી. અમે બધા ડોળીમાં બેઠા હતા. મારી ડોળી ઉપાડનાર ચાર જણામાંથી એકનું નામ હતું ભોપાલ, તે સહુનો નેતા જેવો દેખાતો હતો અને હોંશિયાર તેમ જ ચપળ પણ લાગતો હતો. રસ્તો કાપવો સરળ પડે એટલે મેં તેની સાથે વાત કરવા માંડી. મેં કહ્યું: 'ભોપાલ, આપણી આ પાકિસ્તાન સાથેની લડાઈમાં આપણે જરૂર તેમનાં દાંત ખાટા કરી નાખશું એમ લાગે છે. આપણા જુવાનો કેવી બહાદુરીથી લડે છે! તમને લોકોને શું લાગે છે?'

તે બોલ્યો: "બાબુજી, આપની વાત સાચી છે. અમને પણ બધાને શ્રદ્ધા છે કે આપણે જ જીતીશું. આપણા સૈનિકોનું શુરાતન પહેલેથી જ જગતમાં પ્રસિદ્ધ છે. મેં પણ લડાઈમાં કામગીરી બજાવી છે. એમ કહી તે મૂંગો બની ગયો અને દૂર દૂર કશુંક જોઈ રહ્યો હોય એવી શૂન્ય નજરે સામેની દિશા તરફ તાકી રહ્યો.

હું તેની એ મુદ્રા સામે જોઈ રહ્યો. થોડી વારે ધીરેથી તેણે પછેડી વતી આંખમાંથી ટપકેલું આંસુ ઝટપટ લૂંછી નાખ્યું. મેં એ જોયું, હું સમજી ગયો કે લડાઈની તેની કામગીરી દરમિયાન કોઈ ભોગવેલી યાતના તેને યાદ આવી ગઈ લાગે છે. મેં તેને કહ્યું પણ ખરું:

"ભાઈ, એવું કુમળું હૃદય રાખવું ન જોઈએ. દેશદેશ વચ્ચે એવા યુદ્ધો તો ચાલ્યાં જ કરવાનાં. એમાં આપણે ભાગે કંઈ ને કંઈ બલિદાન આપવાનું આવવાનું જ. ને નાગરિક તરીકે એ બલિદાન આપવાની આપણી ફરજ પણ છે. એ બલિદાનને આપણું ગૌરવ જ સમજવું.'

'ના, ના, બાબુજી, એવી કોઈ વાત નથી. આ તો લડાઈની વાત નીકળતાં મારો એ સોનેરી ભૂતકાળ યાદ આવી ગયો, એથી જરા મન ખિન્ન થઈ ગયું.'

પહેલેથી જ સ્વભાવ કંઈક કુતુહલપ્રિય અને સામું માણસ વાત કરતું દેખાય તો વાતના મૂળ સુધી જવાનો મારો સ્વભાવ એટલે મેં જરા આગ્રહપૂર્વક તેના એ ભૂતકાળની વાત કહેવાનું તેને કહ્યું.

થોડી આનાકાની પછી 'ને અમારા ગરીબ માણસની એવી હલકી વાતમાં તમને શો રસ પડશે?' વગેરે કહી આખરે તેણે નીચેની વાત કરી.

અમે તો બાબુજી, અમે પહાડી પ્રદેશના પછાત કોમના માણસો કહેવાઈએ પણ ત્યાં અમારા કુટુંબની ગણના કંઈક ઊંચામાં ગણાય. છેલ્લા વિશ્વયુદ્ધ વખતે હરદ્વાર શહેરમાંથી અમારા ગામમાં લશ્કરી ભરતી કરવાવાળા સરકારી અધિકારીઓ આવ્યા અને જાતજાતની સગવડો તથા પૈસાનાં પ્રલોભનો આપી લશ્કર માટે માણસોની ભરતી કરવા લાગ્યાં. એ વખતે અમારી આર્થિક સ્થિતિ બહુ ખરાબ હતી. મહેનત કરી માંડ માંડ રોટલો અમે ખાતાં. એટલે આ બધાં પ્રલોભનો મારી પત્નીને અસર કરવાં લાગ્યાં. તે કહેવા લાગી 'તમે હાલ લશ્કરમાં જોડાઈ જાવ, તો આપણે ભવિષ્યમાં ખૂબ આરામથી અને સુખથી જીવી શકીશું. મારી લશ્કરમાં જોડાવાની અનિચ્છા હતી, પણ તેના અત્યંત દબાણને અંગે મારે લશ્કરમાં જોડાવું પડ્યું.

હું આર્મી સપ્લાઈ ખાતામાં કામ કરતો હતો. બે ગલોરના વડા મથકે મારે વર્ષો સુધી રહેવાનું થયું. દર મહિને પગારની રકમ મારા હાથમાં આવતી કે તરત તે હું ભવિષ્યનાં આરામનાં સ્વપ્નાં સેવતી મારી પત્નીને મનીઓર્ડરથી મોકલી આપતો. મારા સુખ માટે એક પૈસો પણ હું કદી ખર્ચતો નહીં. એ રીતે મેં લગભગ બેએક હજારની રકમ તેને મોકલી હશે. પછી મને થયું 'હવે અમારું સુખ આવી પહોંચ્યું.' એટલે એ સુખની કલ્પના કરતો હું થોડા દિવસ નોકરીમાંથી રજા લઈ મારે ગામ 'કુંડચટ્ટી' પહોંચી ગયો. મારા આવવાની ખબર મેં અગાઉથી પત્નીને આપી હતી. એટલે એ તો મારું સ્વાગત કરવા અતિ પ્રસન્ન મુખે મને સામી મળશે એવી મારી કલ્પના પણ હતી. પણ અફસોસ! ધાર્યું તું કંઈ અને બન્યું કંઈક. કલ્પના કલ્પના જ રહી. વાસ્તવમાં તો મારે મોટા આઘાતનો સામનો કરવાનો હતો. મારા આવવાની ખબર આપતો કાગળ મળતાં જ પત્ની બીજા એક પુરુષ સાથે બધી રકમ સાથે ક્યાંક ભાગી ગઈ હતી.

આ ખબર સાંભળતાં જ મારે માથે વજ્રઘાત થયો. ધીરે ધીરે 'જેવી ઈશ્વરની મરજી' માની મન મનાવ્યું. ફરી લશ્કરમાં જવાનું મન ન થયું. તેથી નોકરીનું રાજીનામું મોકલી આપી અને ગામમાં જ ઠરીઠામ થવાનો વિચાર કરી મારો બાપીકો ધંધો 'ડોળી ઉપાડવાનો' મેં શરૂ કરી દીધો.

વર્ષો વીતી ગયાં એ વાતને. પત્નીની યાદ મનમાંથી જતી

રહી નહોતી જ. પણ હવે એનો રોષ કે દુ:ખ વિસરાઈ ગયું હતું. તેમ ફરી લગ્ન કરવાની પણ કોઈ ઈચ્છા જન્મી ન હતી.

એક વાર હું નવી ડોળી ખરીદવા રુદ્રપ્રયાગ ગયો. મને આ વર્ષો દરમિયાન ખબર પડી ગઈ હતી કે મારી પત્ની ભાગીને તે પુરુષ સાથે રુદ્રપ્રયાગમાં રહેતી હતી. પણ મેં એને શોધવાનો કદી વિચાર કર્યો જ નહોતો. પણ આ વખતે અનાયાસે જ એક પરિચિત ગૃહસ્થે મને તેનું ઠેકાણું આપ્યું અને આટલાં વર્ષો પછી મને તેના સુખદુ:ખના સમાચાર જાણવાનું મન થયું. અને હું તેને ઘેર ગયો. આંગણામાં પ્રવેશતાં જ મેં ત્રણ મેલાંઘેલાં ચીંથરેહાલ રખડતાં બાળકો જોયાં અને ઝુંપડીની પરશાળમાં એક કૃશકાય સ્ત્રી ખાટલામાં પડી કણસતી હતી. ધ્યાનથી જોતાં હું એને ઓળખી ગયો. એ જ મારી પત્ની હતી. મને પણ તે તરત ઓળખી ગઈ. તેણે શરમથી આંખો નીચી ઢાળી દીધી. અને થોડી વારે ખૂબ જ દયામણે ચહેરે રડતાં રડતાં બોલી.

'જુઓ જુઓ, આ મારા પાપનું ફળ. તમને છોડીને આમ ભાગી જવા બદલ મને શું મળ્યું? હું ખૂબ જ દુ:ખી થઈ ગઈ છું.

તેણે પોતાની દુ:ખદર્દની કહાણી કહી. તેને ભગાડી જનાર પુરુષ તો બે ત્રણ વર્ષમાં જ હાથમાંની રકમ ખલાસ થતાં તેને રઝળતી મૂકી જતો રહ્યો છે. તેની તથા તેનાં બાળકોની સારસંભાળ લેનાર કોઈ નથી. તે મજૂરી કરી પેટ ભરતી હતી પણ હવે તેનાથી તે પણ બનતું નથી. અને અત્યંત દુ:ખમાં દિવસો વિતાવે છે વગેરે.

મારું મને તેનું દુ:ખ જોઈ કકળી ઊઠ્યું. મેં તે ઘડીએ જ તેની તથા બાળકોની સંભાળ રાખવાનું નક્કી કરી લીધું. ત્યારથી એ બધાંની સારસંભાળ હું લઉં છું અને તેમના ઘરનો બધો ખર્ચ હું જ ઉપાડું છું. બાળકોને ભણાવવાની પણ મેં જોગવાઈ કરી છે. ગામલોકો ઘણી વાર કહે છે 'નાહકની પળોજણ માથે લઈ શું કામ મહેનત કરીને મરી જાય છે.' તેમની વાત સાચી છે, પણ એ પારકી પળોજણ મને જાણે મારી જ લાગે છે. મનમાં એ ફરજ બજાવતાં એક જ વિચાર આવે છે 'આખરે એ એક વારની મારી સહધર્મીણી જ હતી ને! મારું અર્ધું અંગ જ કહેવાયને! ને એ નિરાધાર બાળકોના મુખ ઉપર આવતી તાજગી જોઈ મને પરમ આનંદ અને પરમ સંતોષનો અનુભવ થાય છે.

'ઘણા વડીલો હજુ પણ નવા લગ્નની સલાહ આપે છે. પણ વાતમાં મને હવે રસ જ રહ્યો નથી. 'ગઈ સો ગઈ' બસ મન એ બાજુથી વળી ગયું છે.'

ત્યાર પછી ભોપાળ મારા તરફ ફરી મને કહે, 'બાબુજી, આપની પાસેથી જે મજૂરી મળશે એમાંથી પચાસ રૂપિયા તેને પહોંચાડી હું મારે ઘેર જઈશ.'

મારું મન ભોપાલની આ પરમ ઉદારદિલીની વાત સાંભળી આશ્ચર્યથી મૂઢ બની ગયું હતું, છતાં મારી અંદરની વ્યવહારદક્ષતાથી બોલ્યા વગર ન રહેવાયું ને હું બોલ્યો :–

'ભોપાલ, એક બેવફા સ્ત્રી માટે આટલું બધું કરવું એ નરી મૂર્ખતા જ કહેવાય ને!'

તે તરત જ ફરી હસતો હસતો બોલ્યો. 'બાબુજી, મૂર્ખતા હશે, પણ એક વખતનું તે મારું અર્ધું અંગ છે. મારા સુખમાં સુખી અને દુ:ખમાં દુખી એવા યે ઘણા દિવસો તેણે મારી સાથે વિતાવ્યા છે, અને તેને તેની કરણીનો પસ્તાવો પણ થયો છે. ઉપરાંત તેને તેનું ફળ પણ મળી ગયું છે. હવે મારે તો માત્ર તેની સંભાળ લેવી જોઈએ ને! એટલું ન કરું તો હું માણસ શેનો!'

'ધન્ય છે ભોપાળ તારા આ રહેમીદિલીને. ઉજળા લોકોની સંકુચિતતા આગળ તારી આ પ્રાકૃત હૃદયની ઉદારતા જોઈ મારું મન ધન્ય બન્યું છે.' આવું આવું હું એને કહેવા જતો, ત્યાં તો અમારી રાતવાસો કરવા માટેની ધર્મશાળા આવી પહોંચી અને બધી ડોળીઓ ખભા પરથી નીચે ઊતરવા લાગી. આજે ભોપાળ ને તેની પેલી બીમાર પત્ની ક્યાં યે હશે, પણ મારા હૃદયમાં તે સદા માટે વસી ગયાં છે એક મધુર સ્મરણરૂપે.

તંત્રી નોંધ

આપણે સાધારણ રીતે ઉચ્ચ શિક્ષણપ્રાપ્તિને શીલસંપન્નતા સાથે જોડીએ છીએ. ઉપરની ત્રણ ઘટનાઓ એમ પુરવાર કરે છે કે ઉચ્ચ કેળવણી અને શીલસંપન્નતાને કોઈ અનિવાર્ય સંબંધ નથી. ભણતર–સારું ભણતર–માનવીને એક શકિત આપે છે. એક પ્રકારની કાર્યકુશળતા આપે છે. તે કેળવણી સાથે શીલના ઊંચા સંસ્કારો જોડાયેલા હોય તો કેળવણી દ્વારા પ્રાપ્ત થયેલી શકિતનો તે સદુપયોગ કરે છે. અને તેના જીવનમાં સહજપણે સંયમ અને સુવાસ પ્રગટે છે. એથી અન્યથા હોય તો 'સાક્ષરા વિપરીતા રાક્ષસા ભવન્તી' એ ઉકિત મુજબ એનો એ જ માનવી રાક્ષસ બની શકે છે અને સમાજમાં અક્ષમ્ય વિસંવાદો પેદા કરે છે. ત્રીજા કિસ્સામાં કોઈ શિક્ષણ કે ઉચ્ચ કેળવણીનો દાવો નથી, પણ જીવન્ત માનવતા છે. આવા માનવીઓ માનવતાની આધારશિલા છે; સમાજ તેમના ત્યાગ અને સમર્પણ ઉપર ટકી રહેલો છે.

પરમાનંદ

સાહિત્યપુરુષ ચૂનીભાઈ

કાળમાં દુકાળ હોય છે.

દુકાળમાં અધિક મહિનો હોય છે.

કોક વખત એવો જ આવે છે કે, જ્યાં 'પ્રજ્વલિત' એક ચિતા બુઝાતી નથી, ત્યાં મહામના માનવીને ગોદમાં લેતી બીજી ચિતા પ્રજ્વલી ઊઠે છે. અને બીજી દાહક અસર હજી ઓછી થઈ હોતી નથી, ત્યાં ત્રીજી ચિતા ભભૂકતી દેખાય છે.

હજી હમણાં જ સાક્ષરવર્ય શ્રી ધૂમકેતુના મૃત્યુની સંવત્સરી ઊજવી; હજી હમણાં જ શ્રી. ગુણવંતરાય આચાર્યના અવસાન પર આંસુનાં મોતી પરોવ્યાં; ત્યાં સાહિત્યકારોની-પ્રાચીન કાળની, સંધિકાળની અને અર્વાચીન કાળની એમ ત્રણ પેઢીને આવરી લેતા ભીષ્મપિતામહ જેવા ધીર, ગંભીર સાહિત્ય–પુરુષ શ્રી ચૂનીલાલ વર્ધમાન શાહના દેહાવસાનના દુ:ખદ સમાચાર સાંપડે છે.

એક (ધૂમકેતુ), બે (શ્રી આચાર્ય), ને ત્રણ (શ્રી. ચૂ. વ. શાહ.) એમ ત્રણે મહાન વ્યકિતઓ સાથે મારે ગાઢ ઉત્તરોઉત્તર સંબંધ હતો ને હું માનું છું કે, ગુજરાતી સાહિત્યને શ્રી મુનશી પછી આ ત્રણે વ્યકિતઓએ જાહેર–આહેર રીતે આવરી લીધું હતું ને સાહિત્યક્ષેત્રમાં પ્રવેશ કરનાર કોઈ પણ એમના ઝબકારાઓથી અસ્પર્શી રહી શકે તેમ નહોતું.

સુદીર્ઘ એંશી વર્ષનું આયુષ્ય, જીવનની તડકી છાયડીમાં સ્વસ્થ તન અને મનની નિરોગીતા, સમાજ, સંપ્રદાય ને દેશ-ત્રણેને યોગ્ય ત્રાજવે તોળીને સેવા કરનાર, કયારેય અજંપો કે અફસોસ નહિ, આવેલી કડવી મીઠી ઘડીને વધાવી લેવાની તત્પરતા–આવા માનવીનાં મૃત્યુ પર અફસોસ ગુજારવો - એ મરનારના વ્યકિતત્વને અવમાન આપ્યા બરાબર છે. જીવનનો છેડો મૃત્યુ છે; ને જો એ છેડો આવી શાનદાર રીતે આવતો હોય તો આ જમાનામાં ઝાઝું શોચવા જેવું નથી એમ લાગ્યા કરે છે.

શ્રી ચૂનીભાઈનો જન્મ સૌરાષ્ટ્રમાં ઝાલાવાડમાં, એ વખતના પ્રખ્યાત વઢવાણ શહેરમાં તા. ૩-૫-૧૮૮૭ના રોજ એટલે કે આજથી લગભગ એંશી વર્ષ પૂર્વે થયો હતો. માતાનું નામ નાથીબાઈ ને પિતાનું નામ શ્રી વર્ધમાન મુલચંદ શાહ હતું. જન્મે તેઓ સ્થાનકવાસી જૈન હતા.

પિતા સુરેન્દ્રનગરમાં એક વેપારીને ત્યાં નોકરી કરતા હતા: પણ તેમના કાકા વઢવાણ શહેરના જાણીતા વેપારી હતા. ચૂનીભાઈનું ભણતર વઢવાણમાં થયું ને ત્યાંની દાજીરાજ હાઈસ્કૂલમાં અભ્યાસ કરી ૧૯૦૨માં મેટ્રિક પાસ કરી મેટ્રિકમાં તેમને સારા ગુણ બદલ સરકારી રૂ. ૫૦નું ઈનામ મળ્યું હતું.

પિતાની સ્થિતિ સાવ સાધારણ હતી, એટલે ચૂનીભાઈને નોકરી તાત્કાલિક શોધવી પડી: અને તેઓએ શિક્ષકની સદા સસ્તી વૃત્તિ સ્વીકારી લીધી.

પણ ચૂનીભાઈની અંતરપ્રેરણા તેમને સાહિત્ય તરફ ખેંચતી હતી. પોતાના કાકા નાટકોના શોખીન હતા, સાત વર્ષની ઉંમરથી

એ નાટકો વાંચવાના ને જોવાના શોખીન બન્યા હતા. 'હિંમત વિજય' નામના એક નાટકની અસર નીચે જ તેમણે પોતાની પહેલી કૃતિ 'વિમલા' લખી. આ વર્ષ ઈસુનું ૧૯૦૪નું હતું ને તેમની ઉંમર વર્ષ ૧૭ની હતી. આ કૃતિ પ્રગટ કરનાર વઢવાણના બુકસેલર એમ. બી. મોતીવાલા હતા.

આ વખતે અમદાવાદમાં 'રાજસ્થાન' નામનું પત્ર ચાલે. એના સંચાલક શ્રી હીરાલાલ વર્ધમાન શાહ હતા. આ પત્રનું કામ કરવા તેઓ કાઠિયાવાડમાંથી ઈ. સ. ૧૯૦૬માં અમદાવાદ આવ્યા, ને પછી હંમેશને માટે અમદાવાદમાં સ્થિર થઈ ગયા.

'રાજસ્થાન' પત્રમાં તેઓએ ત્રણ વર્ષ કામ કર્યું. આ વખતે ઠાકોરબાઈ પ્રમોદરાય ઠાકોર નામના એક સદ્‌ગૃહસ્થ 'પ્રજાબંધુ' નામનું સાપ્તાહિક ચલાવતા હતા. આ પત્ર પર શેઠ શ્રી અંબાલાલ સાકરલાલ દેસાઈની ખૂબ લાગવગ હતી. શેઠ શ્રી અંબાલાલ ઠાકોરભાઈના સસરા થતા હતા. આ પત્ર કંઈક સ્વરાજની ચળવળનું ટીકાકાર પણ હતું. એકવાર લોકમાન્ય ટિળકના ભાષણની ટીકા કરી. ગ્રાહકો ૧૮૦૦ હતા, તે ૧૨૦૦ થઈ ગયા. પણ પછી વખત સાથે રાષ્ટ્રીય પત્ર થઈ ગયું.

'પ્રજાબંધુ' આ વખતે મુંબઈના 'મુંબઈ સમાચાર'ને આદર્શ રાખીને ચાલતું હતું. શુદ્ધ નીતિ ને મિતવાદી વલણ એ એની ખાસિયત હતી. ઈ. સ. ૧૯૦૯માં ત્રેવીસ વર્ષની ઉંમરે ચૂનીભાઈ આ પત્રમાં જોડાયા અને 'પ્રજાબંધુ'માં પોતે ઓતપ્રોત થઈ ગયા. આ પત્રમાં સુડતાલીસ વર્ષ કાર્ય કર્યું ને જ્યારે પત્ર બંધ થયું ત્યારે પોતે તેમાંથી છૂટા થયા.

ગુજરાતના પત્રકારત્વના ઈતિહાસમાં 'પ્રજાબંધુ' પોતાનું આગવું સ્થાન ધરાવતું હતું. ને તેના પહેલાં કે તેના પછી હજી કોઈ પણ પત્ર તેનું સ્થાન લઈ શક્યું નથી. પરદેશમાં વસતી ગુજરાતી પ્રજા માટે તો 'પ્રજાબંધુ' ખરેખર પરદેશમાં વસતી પ્રજાના બંધુની ગરજ સારતું.

આ પત્રમાં રહીને અર્ધી સદી સુધી સાહિત્યક્ષેત્રે ચૂનીભાઈએ અવનવા પ્રયોગો આદર્યા. એ પ્રયોગ દ્વારા ગુજરીને સ્વસ્થ, શુદ્ધ ને સભર કરી. ઈ. સ. ૧૯૨૦માં ગુજરાતી સાહિત્ય પરિષદનું અધિવેશન અમદાવાદ મુકામે ભરાયું. મહાત્મા ગાંધી એના પ્રમુખપદે હતા. શ્રી. રવીન્દ્રનાથ ટાગોર આ વખતે અમદાવાદમાં આવેલા. એ ટાંકણે પ્રજાબંધુમાં સાહિત્યવિભાગના શ્રીગણેશ કર્યા ને પોતે 'સાહિત્યપ્રિય'ના તખલ્લુસથી લખવું શરૂ કર્યું.

'સાહિત્યપ્રિયે' પોતાની કલમથી છત્રીસ વર્ષ સુધી આ કટાર લખ્યા કરી, ને 'પ્રજાબંધુ' ને સાહિત્યકારોની સ્કૂલ બનાવી, ને પોતે એના સ્વયંસિદ્ધ આચાર્ય બની રહ્યા. શ્રી ગુણવંતરાય આચાર્ય, શ્રી પેટલીકર વગેરે કેટલાય સિદ્ધહસ્ત લેખકોએ એમની પાસેથી પ્રેરણાનાં પાન કર્યા.

શ્રી. ચૂનીભાઈએ ૩૩ વર્ષ આલોચના દ્વારા, ૪૭ વર્ષ પત્રકારત્વ દ્વારા જેમ ગુજરાતની સેવા કરી એમ લગભગ ૬૦ થી વધુ વર્ષ એમણે લગભગ ૪૭ ગ્રંથો દ્વારા ગુજરાતી ગ્રંથ સાહિત્યને સભર કર્યું.

આ વખતે ગુજરાતી સાહિત્યમાં શ્રી નારાયણ વિસનજી ઠક્કુરની બોલબાલા હતી. શ્રી ઠક્કુરની અસર પ્રારંભમાં ચૂનીભાઈ ઉપર થઈ અને તેઓએ તેમને 'પ્રમોદા' નામની અર્ધ ઐતિહાસિક નવલકથા લખવાની પ્રેરણા પણ કરી. એ વખતે ઠક્કુર ખૂબ ઐતિહાસિક વાર્તાઓ લખતા. શ્રી. ચૂનીભાઈને શોખનો વારસો મળી ગયો.

બંગાળી સાહિત્ય ખૂબ આગળ પડતું હતું, અને એની કેટલીક નવલકથાઓ નાગરી લિપિમાં છપાતી. આવી એક નવલકથા પરથી તેઓએ 'કામરૂદેશની કામિની' નામની નવલકથા લખી. ને પછી એ વખતના લેખકો અંગ્રેજ નવલોની છાયામાં ગુજરાતી નવકથાઓ રચતા - એ રીતે 'સુવર્ણ પ્રતિમા' નામની નવલકથા લખી.

આ યુગ જૂનવાણી હતો. શ્રી ઠક્કુર વગેરે સ્ત્રીને ભણાવવી એવું માનતા હતા, પણ ઊંચી કેળવણીના વિરોધી હતા. 'એમ એ. બનાકે ક્યોં મેરી મિટ્ટી ખરાબ કી' જેવી નવલકથા એ એનું ઉદાહરણ છે.

આ વખતે સાહિત્યક્ષેત્રે શ્રી મુનશીનો પ્રવેશ થયો. શ્રી મુનશી આજન્મ ક્રાંતિકાર એટલે સાહિત્યમાં પણ ક્રાંતિ આવી ને સામાજિક નવલકથાઓનો નવો યુગ બેઠો.

શ્રી ચૂનીભાઈએ શ્રી ઠક્કુરની પ્રેરણાથી ગુજરાતી પત્રનાં ચાર પાંચ ભેટ પુસ્તકો લખ્યાં. પછી થોડી વાર થંભી ગયા. તેઓએ નિર્ણય કર્યો કે, જો કંઈ પણ નવું કહેવાનું હોય તો લખવું—નહિ તો ન લખવું. અને પાંચ વર્ષ કલમની ગતિને પ્રગતિ માટે અટકાવી દીધી.

આ પછી તેઓએ 'કર્મયોગી રાજેશ્વર' લખી પોતાની પ્રગતિનો નવો પંથ શરૂ કર્યો, જે પંથ પર તેમની નવલકથાઓ આગળ વધતી ગઈ, ને એક એકને આંટે તેવી તેમની કૃતિઓ બહાર પડતી ગઈ, ને ગુજરાતી સંસારને મળતી ગઈ. તેમની કેટલીક 'જિગર ને આમી', 'રૂપમતી', 'કંટકછાયો પંથ' વગેરે કૃતિઓએ ખૂબ નામના મેળવી. એમની પ્રારંભિક નવલકથા 'કર્મયોગી રાજેશ્વર'માં શ્રી મુનશી અને શ્રી મેઘાણીની અસર સ્પષ્ટ દેખાતી ને વત્તે ઓછે અંશે તે કલામય રૂપમાં ટકી રહેલી દેખાય છે.

આશ્ચર્યની એ વાત છે, કે મૂળે લેખનનો પ્રારંભ પોતાને ઈનામમાં મળેલાં 'ઋતુસંહાર'ના પદ્ય અનુવાદથી કર્યો હતો ને ધીરે ધીરે તેઓ પદ્યમાંથી ગદ્યમાં લખતા થઈ ગયા. તેઓએ પદ્યને સંબોધતાં કહ્યું છે:—

મને વહાલી લાગી,
પ્રથમ મળતાં હું તું જ થયો.
ઊભા વચ્ચે આવી,
દરશન દઈને તવ પિતા."

પદ્યના પિતા એટલે ગદ્ય.

તેઓને ઈ. સ. ૧૯૩૭માં રણજિતરામ સુવર્ણચંદ્રક આપીને તથા ઈ. સ. ૧૯૪૧માં ગુ. સા. પરિષદના પત્રકારત્વ વિભાગના પ્રમુખપદે સ્થાપી તેઓનું સન્માન કરવામાં આવ્યું. સરકારી પારિતોષિકો પણ મળ્યાં.

છેલ્લે છેલ્લે નિવૃત્તિકાળમાં તેઓએ બાહ્ય પ્રવૃત્તિ છોડી દીધી હતી: ને શાંતિથી ઘેર રહીને લખતા હતા.

શ્રી ચૂનીભાઈ સ્થા. જૈન હતા, ને પોતાના સમાજમાં પણ કામ કરતા, અને કેટલાય બહુશ્રુત સાધુઓ સાથે સંબંધ ધરાવતા. તેઓ અમદાવાદમાં જ્યાં રહેતા ત્યાંના કેળવણી મંડળના પણ આગેવાન હતા.

આ લેખકને પ્રારંભમાં તેમની કટુ આલોચનાઓનો સારો લાભ મળ્યો હતો, જે તંદુરસ્ત કટુતા આજની આલોચનાઓમાંથી ગુમ થઈ છે અને એ પછી વિદર્ભ તથા કલકત્તાના પ્રવાસનાં અત્યંત મીઠાં સ્મરણો આસ્વાદવા મળ્યાં છે. કલકત્તાની મુસાફરી બાદ અમદાવાદ સ્ટેશને છૂટા પડતાં તેઓએ કહેલા શબ્દો હજીય યાદ આવે છે:

"કલકત્તાની મુસાફરી સરસ થઈ, હવે એકવાર કાશ્મીર જઈ આવીએ' પણ કાશ્મીર જવું કુદરતને મંજૂર નહોતું.

જયભિખ્ખુ

તોફાન ભલે આવે

હું જીવનમાં કદી પાછું વાળીને જોતો નથી, કારણ કે પસાર કરેલા પથ પર નજર નાંખવાની જાણે કદી ઈચ્છા થતી નથી. મેં જીવનમાં એક નિશ્ચય કરી રાખ્યો છે કે આપણી નાવ નદીમાં છૂટી મૂકી દઈએ ત્યારે તેનું લંગર પણ કાપી નાંખવું. એથી ભવિષ્યની ચિંતા તો હું કરતો જ નથી. શું મુશીબતો આવશે એવો વિચાર જ આવતો નથી. કાલ્પનિક મુસીબતો માટે વિચાર પણ શા માટે કરવો? અને એવી મૂર્ખતા કરીને આપણા મનને કમજોર શા માટે બનાવવું!

તોફાનો આવશે જ એવું શા માટે માની લેવું! અને તોફાન આવતું હોય તો ભલે આવે અને તે વખતે તેનાથી બચવા કરતાં લડી લેવું એ જ સૌથી ઉત્તમ છે! બચવાનો ઈલાજ શોધવાને બદલે તોફાન સાથે બાથ ભીડીને લડી લેવાનું હું વધુ પસંદ કરું છું, કારણ કે, લડવા માટે ઝાઝો વિચાર કરવો પડતો નથી. કમર કસીને ખડા થઈ જઈએ કે તરત જ હિંમત આપમેળે આપણી નસેનસમાં પ્રસરી ઊઠશે! અને, દિલનો ધૂધવાતો દરિયો પોકારી ઊઠશે. 'આ મર્દનું પાણી દરિયાઈ છે. કોઈની મગદૂર નથી મારી સામે ઊભવાની! કેટલાય પીઠ દેખાડીને ભાગી ગયા ને કેટલાય અંદર ગરકાવ થઈ ગયા.' આ પરિસ્થિતિને જ વધુ પસંદ કરું છું, કારણ કે તે મુક્તિની સ્થિતિ છે. આવી મોટી શક્તિશાળી દવા કોઈ ફાર્મસીએ આજ સુધી બનાવી હોય તો બતાવો.

સંકલન: પૃથ્વીસિંહ ઝાલા. દાગ હેમરશીલ્ડ

મહાપ્રસ્થાનના પથ પર—૧૦

કેદારનાથ પહોંચવા અમે સૌ વ્યગ્ર હતા. પરંપરા પ્રમાણે યાત્રીઓની ધીરજ અને શક્તિની અગ્નિપરીક્ષા હવે નજીક જ હતી. અહિ બધાંયે મનની તૈયારી કરી રાખવાની હોય છે. જેઓ કેદારનાથનું દર્શન કરવા ઈચ્છતા નથી તેઓ હવે મંદાકિની પાર કરીને ઉખીમઠ થઈને, બદરીનારાયણનો રસ્તો લઈ લે. એ પછી માથું કૂટીને મરે તો યે બીજો ઉપાય રહેતો નથી. સામે જ ભયાનક ચઢાઈ, પ્રાણઘાતક વિપદસંકુલ માર્ગ, મુશ્કેલીથી મળતી ખાવાનાની ચીજો, બરફનાં તોફાન ને પ્રકૃતિનું ભયાનક રૂપ—અર્થાત્ જેઓ નબળા હોય, જેઓ બીકણ હોય, જેઓની ધીરજ ઓછી હોય, પ્રાણની મમતાને જેઓ સકોચપૂર્વક જકડી રાખે છે—તેઓ આ વખતે જ ઉખીમઠ તરફ ચાલી જાય. કેટલાક લોકોને તો મેં આ પ્રમાણે ચાલી જતા પણ જોયા. બીજી એક મુશ્કેલી હતી, ગુપ્ત કાશીથી લગભગ ત્રીશ માઈલનો રસ્તો કેદારનાથનો છે તે કાપીને ત્યાંથી એ જ રસ્તે સીત્તેર માઈલ પાછું આવવું પડે, અર્થાત્ ઉખીમઠથી ન જઈએ તો બદરીનાથ. જવાય નહિ. ખોટી રીતે આ સીત્તેર માઈલનો રસ્તો કાપવો પડે તે બહુ દુ:ખદાયી લાગે છે. આજસુધી અમે લગભગ એકશોવીસ માઈલ ચાલ્યા હતા. ચાલવામાં મને કષ્ટ નહોતું, પણ પહાડમાં ચઢાણ ઉતરાણનો એક માઈલનો રસ્તો સમતલ ભૂમિ પરના સો માઈલના રસ્તાની બરાબર થાય. જે થાય તે, અમે ગુપ્તકાશીનો માર્ગ લીધો. થોડે દૂર ગયા ત્યાં, પોસ્ટ ઓફિસ જોઈને મન પાછું દ્વિધામાં પડી ગયું. પણ કાગળ કોને લખું? મનની અંદર બધા અતલ તળિયે જઈને બેસી ગયાં હતાં. જવા દો બધું. 'જય કેદારનાથજી કી જય.' માઈલેક ચાલ્યા હોઈશું, ત્યાં નલાક્રામ ચટ્ટીમાં અમે આવી પહોંચ્યા. અહીં ચટ્ટીવાળા પાસે મોટો સામાન મૂકી તેની રસીદ લઈને, તે જમા રાખીને કેદારનાથ જવાની વ્યવસ્થા છે, અને આવતી વખતે પોતાનો સામાન પાછો લઈને યાત્રીઓ ઉખીમઠ તરફ જાય છે. ઝોળી રાખી જવાનો સુયોગ મળવાથી નિરાંત થઈ. આખે રસ્તે ઝોળી અને કામળો જાણે મને સજા થઈ હોય તેમ મને વળગ્યાં હતાં.

રસીદ તો લીધી, પછી જો સારા નશીબે ચટ્ટીવાળો એ પાછો સામાન ન આપે તો સારું. એનું મોઢું જોવાની મારી ઈચ્છા નહોતી. નલાક્રામથી એક માઈલ દૂર ભૈતાદેવી ચટ્ટી હતી, અહીં એક કુંડ ને પ્રાચીન મંદિર હતું. ત્યાંથી પાછું ચઢાણ શરૂ થતું હતું. ચઢાણ જોઈને જ રડવું આવતું હતું. છાતીનું લોહી સૂકાઈ જતું હતું. પૂરા બે માઈલના ચઢાણ પછી ભુંગમાલા ચટ્ટી આવી. મેં સાંભળ્યું કે, અહીં ભગવતીના મંદિરમાં અનેક મહાત્માઓનો મેળાપ થાય છે. જવા દો, હવે મહાત્માઓ તરફ રૂચિ રહી નહોતી. અહીં લાકડાંનાં વાસણ સસ્તે ભાવે મળતાં હતાં. ભુંગમાળાથી પાછું ઉતરાણ શરૂ થતું હતું. ચઢાણ અને ઉતરાણ: એકેએક પહાડ ચઢવાનો ને ઉતરવાનો. જનશ્રુતિ એવી હતી કે, બધા મળીને એક લાખ પહાડ ન ઓળંગીએ તો બદરીનારાયણ ન પહોંચાય. બે માઈલ રસ્તો પસાર કરીને મૈથંડા આવ્યો. અહીં મહિષમર્દિની દેવીનું મંદિર હતું ને નદી ઉપર દોરડાંનો ઝૂલતો પૂલ હતો. ઉપરની તરફ રસ્તો લઈએ તો બરફનું સામ્રાજ્ય દૃષ્ટિએ પડે. તડકામાં એનું રૂપ અપૂર્વ લાગતું હતું. ઉપર ઉજ્જવલ નીલ આકાશ હતું, તેની નીચે સફેદ બરફની રેખા હતી, ને તેની નીચે લીલી અરણ્યમય પર્વતરાજી હતી. પાછળની પટભૂમિકામાં ત્રણ રંગનું વિસ્મયકારક મિશ્રણ હતું. અંદરથી એક પ્રકારનો અદ્‌ભૂત આનંદ ગૂંજી ઊઠતો હતો. વળી એક માઈલ ચાલ્યો ત્યાં ફાટા ચટ્ટી પહોંચ્યો. અહીં એક સરકારી ધર્મશાળા ને પાણીચક્કી હતી. બધું જોતાં જોતાં સાંજનું અંધારું થવા આવ્યું. આજે તો અહીં જ વિશ્રામ લેવો પડશે. પણ એ નવાઈની વાત હતી, બ્રહ્મચારી આગળ ચાલી ગયો હતો. કાલથી જ એ અમારી નજર ચૂકાવી આગળ જવાનો પ્રયત્ન કરતો હતો. એનું કાંઈ તાત્પર્ય સમજાયું નહિ. અહીંથી બદલપુર ચટ્ટી લગભગ ત્રણ માઈલ હતી. રાત પડતી હતી, એ બદલપુર પહોંચી શકશે કે નહિ તેની કોને ખબર? ચિંતાતુર મને ગોપાલદા અને ડોશીની ટોળીને લઈને ચટ્ટીમાં આવી પહોંચ્યો. બ્રહ્મચારીના મનમાં કયાં ઓછું આવ્યું તે સમજાયું નહિ. ગોપાલદા જોડે પણ એને ઝાઝું બનતું નહિ. એને ભગવાનમાં પૂરો વિશ્વાસ હતો. તેથી કાંઈ ગોપાલદા મુગ્ધ થયા નહોતા, પણ મને તો એ આત્મીય લાગતો હતો.

બીજે દિવસે સવારે અંધારામાં જ યાત્રા શરૂ કરી. ઠંડક હોવાથી રસ્તે ચાલવાની મઝા પડી. સહેજમાં થાક લગતો નહોતો. શરૂઆતમાં તો ઠંડીથી થોડું કષ્ટ થતું. પણ પછી શરીર જરાક ગરમ થતાં ખૂબ સારૂં લાગતું હતું. ખોડંગાતો ખોડંગાતો પણ હું આગળ ચાલતો હતો. શૂન્યમન, બ્રહ્મચારીનો અભાવ મનમાં મનમાં અનુભવતો હું ચાલતો હતો. રસ્તામાં આપણો સમોવડિયો સાથી આપણને છોડી જાય તે ઘણું વસમું લાગે છે. દુ:ખ અને આનંદ બન્ને સમોવડિયો મળી જાય તો એક જ જગ્યાએ આપણે અનુભવીએ છીએ, અને બહુ સહેલાઈથી આપણે પરસ્પરને ઓળખી શકીએ છીએ. મનમાં એ સમોવડિયો કેટલીક જગ્યાએ લુપ્ત થયો, કેટલીક જગ્યાએ પાછો મળ્યો હતો એ વાત આવ્યા કરી. થોડુંક જતાં એ અનુભવ પ્રવાહમાં ઘસડાઈ જતો હતો, તો કયારેક એ બંધાઈને પથ્થરની જેમ જડાઈ જતો હતો. આવેગ સૂકાઈ ગયો હતો, ભાવુકતા દબાઈ ગઈ હતી, દુ:ખ અને આનંદ બન્ને એક જ પ્રકારનાં લાગતાં હતાં. ધીમે ધીમે પ્રાત:કાળનો પ્રકાશ ફૂટવા લાગ્યો, આકાશને ખૂણે ખૂણે પ્રભાતનો નિ:શબ્દ સમારોહ પ્રસરવા લાગ્યો. પર્વતનાં શિખરો લાલ રંગથી ચમકવાં લાગ્યાં. અમે ધીમી ગતિએ ચાલતાં હતાં. બદલપુર ચટ્ટીમાં આવી થોડી મિનિટ આરામ લીધો. આરામ લઈને પાછો ચાલવા માટે તૈયાર થયો. રસ્તો સમતલ હતો. પગને કઠણ લાગતો નહોતો. માથું નીચું કરીને ચાલતો હતો. કાંઈ વિચાર કરતો નહોતો. ફકત ચાલતો હતો. ચાલવા સિવાય મારે બીજું કાંઈ કામ હતું નહિ. રસ્તાની પાસે જ કુંદ ને કુરલકનાં ઝાડો હતાં—એ ભલે હોય, આપણે તો ચાલતા જ રહ્યા. ગૌરીફળ, દાડમ, ને અખરોટનાં વનો હતાં, એ ભલે હોય, આપણે તો આગળ ચાલો. કોઈ ઠેકાણે હૂ હૂ કરતો ધોધ પડતો હતો, કયાંક પહાડમાંથી ઝરણાં વહેતાં હતાં—એ ધોધ ભલે પડતો, ઝરણાં ભલે વહેતાં, મારે તો ચાલવાનું જ છે ને? ચટ્ટીથી એક પહાડી કૂતરો સાથે સાથે આવતો હતો, કદાચ, યુધિષ્ઠિરની જોડે, કુતરાનું રૂપ ધારણ કરીને ધર્મ ચાલતા હતા તેમ. એ કેટલે દૂર જશે કોને ખબર! તે દિવસે હિસાબ કરીને મેં જોયું હતું કે એક કુતરો મોટે ભાગે વીશ માઈલનો રસ્તે ખાવું મળવાના લોભે અમારી પાછળ પાછળ કાપતો આવ્યો હતો. રસ્તામાં ઘણા યાત્રીઓની પાછળ આમ કુતરા ભમતા હોય છે. આ રસ્તો મહાપ્રસ્થાનનો છે તે વિષે રજમાત્ર પણ શંકા નહોતી. ચાલતાં ચાલતાં પહાડની એક ખુલ્લી જગ્યામાં આવીને ઊભો રહ્યો. ગોપાલદા ઊભા ઊભા ઘોડાની જેમ હાંફતા હતા. રસ્તાના થાકને લીધે એમની આંખને ઝાંખપ વળી હતી. એ વિપુલ અવકાશમાં સ્વસ્થ થઈને ઊભા રહીએ તો ઉત્તર તરફ દૂર દૂર સુધી દૃષ્ટિ પહોંચે છે. રસ્તો અર્ધચન્દ્રાકારે રહેલો છે. અને દૂરે રસ્તો બે વિભાગમાં વહેંચાઈ જાય છે અને એક રસ્તો ઉપર જાય છે ને બીજો રસ્તો નીચે મંદાકિની તરફ જાય છે. મને થયું કે એ પથના સંયોગ અગળ એક નાના બિન્દુના જેવો બ્રહ્મચારી હાલતો હતો. પીઠપર લટકાવેલો લીલા રંગનો કામળો, અને રાતા ગેરૂઆ રંગના કપડાં, બ્રહ્મચારી સિવાય બીજો કોઈ નહિ. બે વાર જોરજોરથી બૂમ પાડી, હાથ હલાવીને એનું ધ્યાન ખેંચવાનો પ્રયત્ન કર્યો, પણ બધું નિષ્ફળ ગયું. મારો અવાજ એના કાને પહોંચ્યો નહિ. એ એમ જ નીચેને રસ્તે ચાલ્યા કરતો હતો. દોડીને એને પકડવાનો ઉપાય હોત તો એને પકડી પાડત, પણ એને એમ નિષ્ઠુર થવા દેત નહિ. મારા સિવાય એના વ્યવહારથી કોઈને આનંદ નહોતો. હું એને ચાહતો હતો.

લગભગ નવ વાગે અમે ત્રિજુગી નારાયણનો પગદંડી રસ્તો લીધો. રસ્તાની એક શાખા નીચે મંદાકિનીના તટપર ઊતરતી

હતી. શરૂઆતમાં તો કાંઈ વિશેષ સમજાયું નહિ, પણ સોળસો ગજ લગભગ ચઢાણને રસ્તે અમે ગયા હોઈશું, ત્યાં મેં તથા ગોપાલદાએ એકબીજાના મોઢા સામે જોયું. રસ્તો જેમ સરળ તેમ અઘરા ચઢાણવાળો પણ હતો. બન્ને બાજુ ઘન જંગલ હતું. ક્યાંક ક્યાંક પાંદડામાંથી ઝરણાંનો ઝરઝર અવાજ સંભળાતો હતો, ગિરિગિટિ પક્ષીનો સતત અવાજ આવતો હતો, ને છાયામય નિઃસ્તબ્ધતા હતી. દિવાલ પર જેમ ગરોળી ચાલે છે, એમ હું ચઢતો હતો. ચઢાણ તો છાતીમાં વાગે એવું હતું. અટકતો જાઉં ને પાછો જોર કરીને ચાલવા લાગું. આ તીર્થયાત્રા નહોતી, પણ જાણે પૂર્વજન્મમાં કરેલાં પાપની સજા હતી. મનુષ્યની ઉપર આ વિધાતાનો અન્યાય ને અત્યાચાર હતો. એક જગ્યાએ ઊભો ઊભો હું ગુસ્સે થઈ ગયો. "ત્રિયુગી નારાયણ ન આવત તો શું થઈ જાત? કોણે મને આવવા માટે ચોખા મૂકયા હતા?" ગોપાલદા સિવાય બીજું કોઈ મારી પાસે ઊભું નહોતું, કેટલીક સ્ત્રીઓ હતી, તે તો પાછળ રહી ગઈ હતી. એમણે હસીને કહ્યું: "માથું ફરવા માંડયું છે. હવે કાંઈ શકિત રહી નથી." તોયે અમે ચાલવા માંડયું. પગ ફસડાતા હતા. કમરમાં દર્દ થતું હતું, છાતી ધડક ધડક હતી થતી, એમ થતું હતું કે, બધાનું ગળું ટૂંપી દઉં.—આ પુણ્યલોભી, આ અંધ, આ અક્કલવિનાના યાત્રીઓનું. દાંત કડકડ થતા હતા, માથાના વાળની અંદર ને શરીર પર ફોલ્લા થયા હતા, ને તેમાં દર્દ થતું હતું. શરીર ગંદુ થઈ ગયું હતું. કપડાં મેલાં થઈ ગયાં હતાં. લાઠી પકડી પકડીને હાથમાં ફોલ્લા પડયા હતા. હવે જરાય શકિત રહી નહોતી. કંઠનળી સૂકાતી હતી. મૃત્યુ હવે બહુ દૂર નથી એમ લાગતું હતું.

જ્યારે કોઈ પણ દર્દ માનવની અનુભૂતિની સીમા ઓળંગે, ત્યારે એની શી દશા થાય એ કહી જાય નહિ. સીડી ચઢીને આકાશ તરફ જતો હતો. હવે આકાશને સ્પર્શવાને બહુવાર નહોતી. પણ દર્દની વાત મને ખબર છે. નખની અંદર સોયો ખોસી દે તો કેવી પીડા થાય? અર્ધું શરીર માટીના ખાડામાં ને બાકી અર્ધું કુતરાં ખાતાં હોય, ત્યારે ગુનેગાર શી રીતે રડે? શરીરનું ચામડું ઉતરડાતું હોય ત્યારે માણસ શી રીતે અવાજ કરે? રણક્ષેત્રમાં તોપગોળા ફેંકાતા હોય અને સૈન્ય કાંટાની વાડમાં પડતાં પડતાં ચીચીયારી કરતું હોય ત્યારે શું થાય? બસ, હવે પીડા થતી નહોતી. ચીસ પાડીને એકવાર હું હસી ઊઠયો. ગોપાલદા ત્યારે મોઢું ખોલીને બેસી પડયા હતા.

ચાર માઈલનું વિશાળ મેદાન પસાર કરીને ત્રિજુગી નારાયણમાં અમે આવી પહોંચ્યા. ગામનું નામ રાયણા હતું, અહીં ગંગોત્રીનો એક રસ્તો આવી મળતો હતો. મંદિરની આસપાસ જ ગામ વસ્યું હતું. શીતળ હવાથી હું ઊંટિયું ટૂંટિયું વળી ગયો હતો. માખીઓનો બહુ જ ત્રાસ હતો. રાંધવાની શરીરમાં શકિત રહી નહોતી. મંદિરમાં દર્શન કરવા માટે જાઉં છું ત્યાં જોઉં છું તો ખૂબ અંધારું હતું. મંદિરમાં એક મોટા પથરા પર ધૂણી ધખતી હતી. એ ધૂણી ત્રેતા યુગથી સળગતી હતી— કયારેય બૂઝાઈ નહોતી. શિયાળામાં આગને માટે લાકડાં એકઠાં કરીને પંડાઓ નીચે ઉતરી જતા હતા. ઉનાળામાં મંદિરનો દરવાજો ખોલીને જુએ તો રાખની અંદર જલતો અગ્નિ હોય—આવી વાતો ચાલતી હતી. કોઈ પણ વાતનું સત્ય શોધવાની રૂચિ રહી નહોતી, ને ઉત્સાહ પણ નહોતો. મને લાગ્યું કે સમગ્ર મહાભારત અને રામાયણ બન્ને ગ્રંથો ચૂર્ણવિચૂર્ણ થઈને ભારત—વર્ષમાં ફેલાયેલા પડયા છે. ભારત વર્ષની સંસ્કૃતિ, ને શિલ્પકલા, ધર્મ અને આચાર, શાસ્ત્ર અને દર્શન, સાહિત્ય અને વિજ્ઞાન, આ બન્ને મહાકાવ્યોને કેન્દ્રિત કરીને ઘડાયાં છે, તેમાં જરા જેટલો સંદેહ નથી. મંદિરમાં દર્શન કરીને દુકાનદાર પાસેથી પૂરી અને શાક ખરીદીને ચટ્ટીમાં આવ્યો. લગભગ ત્રણેક વાગ્યા હશે. ભલે, પણ આજે તો એક ડગલું પણ ચાલવું નથી.

બીજે દિવસે સવારની ઠંડીમાં, થોડું ખાઈને ત્રિજુગી નારાયણ ઉપરથી ઝડપથી ઉતર્યો. ઉતરાણમાં પગનું દર્દ વધવા લાગ્યું, તો પણ ઝડપથી ઉતર્યો. બધા જ ઝરણાંની જેમ પહાડ પરથી હૂ હૂ કરતા ઉતરતા હતા. ઉતરાણમાં બધાને થોડો આરામ રહે છે, ફકત મને જ દુઃખ હતું. આજે જો દુઃખની વાત કહું તો ગોપાલદાસ સાંભળે જ નહિ. મને લાગ્યું કે એનો રસ્તો કાપવાનો અભ્યાસ મારા કરતાં અનેક ગણો વધારે છે. આજે એમ નક્કી કર્યું છે કે ગૌરીકુંડમાં પહોંચીને ત્યાં જ બપોરના ભોજનની વ્યવસ્થા કરવી. રસ્તો કાપવો એ જ મુખ્ય પ્રવૃત્તિ બની ગઈ હતી. શયન અને ભોજન ગૌણ બની ગયાં હતા. એક માઈલ ઉતર્યા હઈશું ત્યાં એક નાનું મંદિર હતું. એની એક બાજુથી રસ્તો મંદાકિની તરફ ઢળતો હતો. સર્પાકારની બહુ જ સાંકડી પથની રેખા હતી, બન્ને બાજુએ પહાડી જંગલો હતાં. ગામના કોઈ કોઈ છોકરાં પૈ - પૈસાની ભીખ માગવા દોડી આવ્યાં. મોટી છોકરીઓને પાછળથી ભણાવીને મોકલવામાં આવતી હતી. ભિક્ષાવૃત્તિ એમનો ધંધો નહોતો, પ્રયોજન હતું. ઓકાદ માઈલ પગદંડીને રસ્તે ઝડપથી ઉતર્યો ત્યાં મંદાકિનીનો પૂલ આવ્યો. રૂદ્રપ્રયાગ પછી આ પહેલી નદી હતી. એને પાર કરીને પાછું પહાડનું ચઢાણ શરૂ કર્યું. માઈલના થાંભલા પરથી જાણ્યું કે અહીંથી કેદારનાથ થોડાક જ માઈલ દૂર છે. પહાડ પર પહાડ ચડતાં—ચડતાં જોયું, પાછલી બાજુ બીજી એક નાની નદી હતી, તે વેગથી વહેતી હતી. એનું નામ દૂધગંગા હતું. એ મંદાકિનીની એક શાખા હતી, ને મંદાકિનીને આવરીને મળતી હતી. અમે દૂધગંગાને કિનારે બહુ બહુ ઊંચા પર્વત પર ચઢયા. દશેક વાગ્યા હશે. પવન ઘણો ઠંડો હતો. આકાશ ઉજળું ને રૂદ્રસ્વરૂપી હતું. અમારો રસ્તો પર્વતના ઘેરા જંગલમાંથી પસાર થતો હતો. હવે તો આગળ આગળ ચાલવાથી જ કામ સરે એમ હતું. ચઢાણમાં પગમાં દર્દ ઓછું થતું હતું. એક એક કરતાં આગળ ચાલતાં યાત્રીઓને અભિમાનભર્યો હું પાછળ પાડી દેતો હતો. વનજંગલની વાંકીચૂંકી છાયામાં બધા એક તરફ સમૂહમાં જ ચાલતા હતા. ખબર મળ્યા કે આ તરફ જંગલી જાનવરોનો બહુ ભય છે.

લગભગ બપોરે અમે ગૌરીકુંડના ગામમાં પહોંચ્યા, ગામડાની ગોદમાંથી જ મંદાકિની નદી વહે છે. નદી બહુ નાની છે, પણ એનો વેગ બહુ પ્રબળ છે. પાણી બરફના કરતાં પણ ઠંડું હતું. તાજું જ બરફ પીગળીને પાણી થયું હતું. નવાય એમ તો હતું જ નહિ. રૂદ્રપ્રયાગથી જ મેં નાવાનું મૂકી દીધું હતું. ગૌરીકુંડમાં ગૌરીના મંદિરની પાસે જ એક નાનકડી ચટ્ટીમાં હું આવી પહોંચ્યો. એ સર્વેમાં પ્રાચીનતાની છાપ હતી. કેદારખંડમાં લખ્યું હતું કે દેવી પાર્વતી મંદાકિની તટે ઋતુસ્નાન કરતી હતી, તેથી એ સ્થાનનું નામ ગૌરીકુંડ પડયું હતું. જે જળાશયનું નામ ગૌરીકુંડ હતું તેનું દર્શન આટલીવારે થયું. અહીં ખૂબ ગરમ જલાગાર હતું. કોઈ અદૃષ્ટ પર્વતના શિખર પરથી એક ગરમ પાણીનું ઝરણું અહીં ઉતરી આવતું હતું. યાત્રીઓએ એ ગરમ પાણીને કિનારે બેસીને તર્પણ કરવા માંડયું. ખરું જોતાં આ ઠંડીના પ્રદેશમાં ફૂટતા ઝરણામાંથી વરાળ જોઈને મારું મન ઉલ્લાસિત થઈ ગયું. પાણી એટલું ગરમ હતું, કે એની અંદર હાથ પગ રાખી શકાય નહિ, તોપણ કોઈ કોઈ યાત્રીઓ પુણ્યને લોભે બહાદુરી દેખાડીને ખૂબ ગરમ પાણીની અંદર ઉતરીને મિનિટો સુધી ઊભા રહેતા. એ લોકો જરૂર પુણ્યલાભ કરવાના જ.

આ વખતે હવે વિશ્રામ નહોતો. બધાના શરીરમાં ઉત્સાહ હતો. સમયસર રામવાડા પહોંચીને રાતને માટે ત્યાં વિશ્રામ લેવાનો વિચાર હતો. આવતી કાલે સવારે હંમેશાં બરફથી આચ્છાદિત, બહુ આશા ને આકાંક્ષાનું પ્રતીક, અનેક સ્વપ્ન અને તપશ્ચર્યાને અંતે કેદારનાથને મંદિરે પહોંચીશ. આજે આખી રાત શકિતની સાધના કરીશ. બરફને પહોંચવાને હવે કાંઈ વાર નહોતી. દુકાનમાં ઓર્ડર આપીને પુરી લાવીને ખાઈશ, ને પછી રામવાડા તરફ યાત્રા કરીશ એમ વિચારતો હતો, એટલામાં એ તુમાખી ને સંસ્કારહીન રખડુઓ કોણ જાણે કયાંથી આવીને ભયચકિત કરીને ખટખટ કરતા ત્યાં આવી પહોંચ્યા. એ કેવા ચારિત્ર્યહીન ને બંધનહીન હતા. કયાંય પણ એમણે નજર કરી નહિ, એ જાણે લડાઈના ઘોડા કે શિકારીનું ટોળું હોય, દયાયાચના કરતા હોય એવી નજરે જોતા દરિદ્ર અને પીડિત યાત્રીઓ તરફ એમણે એકવાર જોયું. અમે જાણે માણસ જ ન હોઈએ તેમ એમણે અમારા અસ્તિત્વની નોંધ પણ લીધી નહિ. એમની તરફ જોઈને મારું મન કટુતાથી ભરાઈ ગયું. નદી, પર્વત, બરફ અને જંગલથી વીંટળાયલા આ વાતાવરણની જોડે, આધુનિક સભ્યતાસુલભ આચારવ્યવહાર, ને પેઢાકનો જરાય મેળ ખાતો નહોતો. હેટ, કોટ, પેન્ટ, ને બૂટની ઉદ્ધતાઈ, ભ્રમણનો વૈજ્ઞાનિક સાજ—સરંજામ, સુસજ્જિત ઘોડા ને ઘોડેસ્વારો—એ બધું મળીને, આ ધોળી જટા ધારણ કરનારા, સમાધિમાં બેઠેલા, મહાતપસ્વી હિમાદ્રિ દેવતાને જાણે અપમાનિત ને દૂષિત કરતું હતું.

આમ વિચાર કરતો હું ચાલ્યો જતો હતો, એટલામાં એકાએક એમાંની એક વ્યકિત જોડે વાર્તાલાપ થયો. કેમેરા ઉઘાડીને એણે મારી તસ્વીર ખેંચી. હું તો એક વિચિત્ર તીર્થયાત્રી હતો. એ એક ઉત્સાહી બંગાળી યુવક હતો. આંખે ચશ્મા, ગૃહસ્થ અને સંસ્કારી કુટુંબનો

છોકરો હતો. એનું નામ ધીરેન્દુનાથ શાહ હતું. લખનૌ રેડક્રોસ સોસાયટીનો એ મુખ્ય સીનેફોટોગ્રાફર હતો. સરકારી સ્વાસ્થ્ય વિભાગને ખરચે એ હિમાલયભ્રમણ કરવા નીકળ્યો હતો. એ ટોળીનો સરદાર હતો. એની જોડે વાત કરતાં મને આનંદ પણ થયો, ને મારી ભૂલ પણ ભાંગી. લોકોના હિતના કામ માટે તેઓ આટલો પરિશ્રમ વેઠીને આટલે દૂર આવ્યા હતા. હમણાં એ બદરીનાથ ને કેદારયાત્રાની ફિલ્મ લેતો હતો. ભારતવર્ષમાં આ પ્રકારનું ચલચિત્ર આ સર્વપ્રથમ હતું. એમાં હિમાલયનાં મનોરમ દશ્યો, અને પૌરાણિક તીર્થમાહાત્મ્ય સિવાય પણ શરીરની નીરોગીતા સંબંધી જાતજાતનાં સૂચનો ને શિખામણ આપવામાં આવ્યાં છે. યાત્રીઓનાં સુખ–સગવડ, રોગ, ભોગ, દુઃખ અને પીડા, અકાળે અને આકસ્મિક મૃત્યુ – ને એનો સામનો શી રીતે કરવો વગેરે એ ફિલ્મમાં સમજાવવામાં આવ્યું છે. આ ચલચિત્ર બદરીકેદારની યાત્રા કરતાં પહેલાં જ યાત્રીઓને હરદ્વારમાં દેખાડવામાં આવશે. લોકોના હિત સંબંધી લખનૌ રેડક્રોસનો આ વિપુલ ઉત્સાહ ને ઉદ્યમ ખરેખર પ્રસંશાને યોગ્ય લાગ્યો. ધીરેન્દુનાથની જોડે વાત કરતાં મને અત્યંત આનંદ થયો. મિષ્ટભાસી, હાજરજવાબી ને ચરિત્રવાન એ યુવક હતો. પોતાના પ્રયત્ન વડે લખનૌ રેડક્રોસના સૌજન્યથી ઉત્તરકાળમાં કેદાર - બદરીની તસ્વીરો સંગ્રહિત કરી શકયો હતો. પછી મને ખબર પડી કે ધીરેન્દુનાથ એ એક જ હિન્દવાસી ચિત્રસંગ્રાહક હતો, જે ૧૪૦૦૦ ફૂટ ઊંચે જઈને હંમેશાં બરફથી આચ્છાદિત નદી અલકનંદના જન્મસ્થાનની તસ્વીર પોતાના જીવને જોખમે લેવાને સમર્થ બન્યો હતો.

અનુવાદક :
ડૉ. ચંદ્રકાંત મહેતા,

મૂળ બંગાળી :
શ્રી પ્રબોધકુમાર સન્યાલ

વિષયસૂચિ

		પૃષ્ઠ
ઓરિસ્સાનો દુષ્કાળ	નવકૃષ્ણ ચૌધરી	૨૩
પ્રકીર્ણ નોંધ: ઈન્ડો–અમેરિકન ફાઉન્ડેશનની આલોચના અન્તિમ વર્ષો દરમિયાન નહેરુની વિચારપરિણતિ, પૃથ્વી ફરતી નથી!, કૃત્રિમ સંતતિનિયમન અને કાકાસાહેબ કાલેલકર.	પરમાનંદ	૨૪
આ આપણા ભણેલા લોકો: આ આપણા અભણ લોકો		૨૬
સાહિત્ય પુરુષ ચૂનીભાઈ	જયભિક્ખુ	૨૮
મહાપ્રસ્થાનના પથ પર–૧૦	પ્રબોધકુમાર સંન્યાલ	૩૦
'આદમી એ જવાહર નથી!'	હસિત બૂચ	૩૨

(પ્રકીર્ણ નોંધ : અનુસંધાન પાનું ૨૬)

કૃત્રિમ સંતતિનિયમન અને કાકાસાહેબ કાલેલકર

આજે આપણા દેશ સામે જનસંખ્યાવૃદ્ધિનો પ્રશ્ન ભારે ઉત્કટ રૂપ ધારણ કરતો જાય છે અને તે વૃદ્ધિ અટકાવવા માટે સંતતિનિયમનના કૃત્રિમ ઉપાયોને અમલી બનાવવા અંગે આપણી સરકાર તરફથી દેશભરમાં એક પ્રકારની ઝુંબેશ ચાલી રહી છે. આમ છતાં પણ આ પદ્ધતિનાં અનેક અનિષ્ટ પરિણામો ધ્યાનમાં લઈને ગાંધીજી તેના સખ્ત વિરોધી હતા અને વિનોબાજી પણ તે સામે એટલો જ વિરોધ દાખવે છે અને કોઈ પણ ગાંધીવાદીનું આ બાબતમાં અન્યથા વલણ સંભવી જ ન શકે એવી એક માન્યતા ચોતરફ ફેલાયેલી છે. આમ છતાં તા. ૧૫-૫-૬૬ ના 'મંગળ પ્રભાત'ના અગ્રલેખમાં કાકાસાહેબ કાલેલકર આ વિષયની ચર્ચા કરતાં જણાવે છે કે, "દરેક મનુષ્ય આખી પરિસ્થિતિ બરોબર સમજી લે અને સંયમના વિષયમાં ક્યાંય ન બને, અને જ્યાં જરૂર હોય ત્યાં કૃત્રિમ સાધનોનો ઉપયોગ પણ કરે. સમાજના નૈતિક નેતાઓની જવાબદારી છે કે સંયમ માટે સારું વાતાવરણ તૈયાર કરે, સંતતિનિયમનના કૃત્રિમ ઉપયોગની પ્રતિષ્ઠા ન વધારે, સાથે સાથે તેની તીવ્ર નિંદા કરીને આવા ઉપાયોને ભૂમિગત અથવા તો ગુપ્ત ન બનાવે. દંભથી સમાજને જેટલી હાનિ થાય છે તેટલી બીજી કોઈ પ્રક્રિયાથી હાનિ થતી નથી. દંભ સ્વયં દુર્ગુણ તો છે જ, પણ અનેક દુર્ગુણોને અધિકમાં અધિક પોષે છે." આ રીતે કૃત્રિમ ઉપાયો દ્વારા કરવામાં આવતા સંતતિનિયમનને કાકાસાહેબ, અલબત્ત, અમુક મર્યાદાપૂર્વક અનુમતિ આપે છે એ જોઈને આશ્ચર્ય તેમ જ આનંદ થાય છે. આશ્ચર્ય એટલા માટે કે ગાંધીજીના અન્તેવાસી જેવા લેખાતા કાકાસાહેબ આવી અનુમતિ આપે તે સામાન્ય કલ્પના અને અપેક્ષાની બહાર હતું. આનંદ એટલા માટે કે બ્રહ્મચર્ય અને સંયમ માટે પૂરા આગ્રહી હોવા છતાં, કાકાસાહેબ આજના સમયની ઉત્કટ માંગને અને માનવીની સંયમલક્ષી નબળાઈને યથાસ્વરૂપે પી પણી શક્યા છે અને જેને હું દેશની અદ્યતન પરિસ્થિતિનો વિચાર કરતાં એક અનિવાર્ય અનિષ્ટ ગણીને પણ સંમત કરું છું તે કૃત્રિમ સંતતિ નિયમનને, સંયમ ઉપર પહેલાં જેટલો જ આગ્રહ દાખવવા છતાં, જ્યાં જરૂરી હોય ત્યાં કાકાસાહેબ અનુમત કરે છે.

પરમાનંદ

'આદમી એ જવાહર નથી!'

તા. ૨૭ મી મેએ સ્વ. જવાહરલાલ નહેરુની પુણ્યતિથિ ગઈ એ પ્રસંગને અનુલક્ષીને આ કાવ્ય શ્રી નહેરુની પુણ્યસ્મૃતિને લાક્ષણિક અંજલિ આપે છે.

કદીય ન કરે ભૂલ, કરે નહીં અવસરે રોષ;
એવો કોઈ મળે ત્યારે,
કહી દેજો : આદમી એ જવાહર નથી!

છત ભાળી, આંગણમાં ફરી, કોઈ પામે જો સંતોષ.
વિના અવઢવ ત્યારે,
કળી લેજો : આદમી એ જવાહર નથી!

ધરતીની ધૂળ નરી ધૂળ ગણી બેઠો રહે,
કોઈ એવો મળે જ્યારે,
કહી દેજો : આદમી એ જવાહર નથી!

દિલાવરી દાખવતાં હાથ કોઈ હેઠો પડે;
ક્ષણ ખોયા વિના ત્યારે,
કહી દેજો : આદમી એ જવાહર નથી!

ફૂલ ખીલ્યું ગુલાબનું
છાતી પર ઝુલાવવું, કોને નહીં ગમે?
પણ એની ફોરમ જો દિલમાં રાતદિન ભમે,
મલકીને જરી ત્યારે,
કળી લેજો : આદમી એ જવાહર નથી!

માઈકની સામે મળ્યું.
લોક લાખ હિલોળતું, કેમ નવ ગમે?
પણ એ હિલોળા માંહ્ય કશું ય ન ઝમે;
ફટ દઈ ઝટ ત્યારે,
કહી દેજો : આદમી એ જવાહર નથી!

આજમાં ન આવતી જે કાલ કદી રોપી શકે;
જન એવો જુઓ જ્યારે,
કળી લેજો : આદમી એ જવાહર નથી!

સાદ પડે, ઊછળે ન જેનું કદી લોહી શકે;
જુઓ એવો જન ત્યારે,
કળી દેજો : આદમી એ જવાહર નથી!

વસંત ન ચાહી શકે, વીજળી ન માણી શકે;
મળે કોઈ એવો જ્યારે,
કળી લેજો : આદમી એ જવાહર નથી!

કોણ બુદ્ધ? ગાંધી કોણ? એ ય જે ન જાણી શકે;
કોઈ મળે એવો ત્યારે,
કહી દેજો : આદમી એ જવાહર નથી!

હસિત બૂચ

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ; મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ. મુંબઈ–૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ

Regd. No. MH. 117
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૮ : અંક ૪

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, જુન ૧૬ ૧૯૬૬, ગુરૂવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૨૫ પૈસા

તંત્રીઃ પરમાનંદ કુંવરજી કાપડિયા

રૂપિયાના મૂલ્યમાં ઘટાડો અને તેની આર્થિક તેમ જ રાજકીય અસરો

૧૯૬૬ ના ૬ઠ્ઠા મહિનાની ૬ઠ્ઠી તારીખે રૂપિયાનાં મૂલ્યમાં, અનેકવાર નકાર કર્યા પછી, ઘટાડો જાહેર કરી ભારતની સરકારે દેશને એક સખ્ત આંચકો આપ્યો. સૌ અચંબામાં પડી ગયા. ઘણાનાં મનમાં પ્રશ્નો થયા કે શું આ દેશની ત્રણ પંચવર્ષીય યોજનાનું પરિણામ? આર્થિક વિકાસથી રૂપિયાનું મૂલ્ય વધે કે ઘટે? આવું કરવાની જરૂર જ કેમ પડી? આ બધા પ્રશ્નોનું પૃથ્થકરણ આગળ કરીશું. અહીં એ હકીકતની નોંધ લઈએ કે રૂપિયાના મૂલ્યમાં આઝાદી પછી આ બીજો ઘટાડો છે. ૧૯ સપ્ટેમ્બર, ૧૯૪૯માં બ્રીટીશ પાઉન્ડ અને બીજા રાષ્ટ્રસમૂહનાં દેશો સાથે ભારતે રૂપિયાની કિંમત ૩૦.૫ ટકા ઘટાડેલી. આ વખતે ૩૬.૫ ટકાનો કાયદેસર ઘટાડો છે જ્યારે હકીકતમાં તે ૫૭.૫ ટકાનો ઘટાડો થાય છે. નાણાનું મૂલ્ય–દેશ અને પરદેશ માટે–સોના અને ડૉલરમાં નક્કી કરવામાં આવે છે. ૧૯ સપ્ટેમ્બર ૧૯૪૯ પહેલાં ૧ રૂપિયા બરાબર ૩૦.૨ અમેરિકન સેન્ટ હતાં, અને ત્યાર બાદ ૫મી જૂન ૧૯૬૬ સુધી ૧ રૂપિયા બરાબર ૨૧ સેન્ટ હતાં. અથવા ૦.૧૮૬૬૨૧ ગ્રામ સોનું અથવા રૂા. ૬૨.૫૦ નો ૧ તોલો સોનું, તેમ નક્કી કરવામાં આવેલું. હવે એક રૂપિયાની સરખાઈ ૧૩.૩૩ સન્ટ અથવા O. ૧૧૮૪૯૫ ગ્રામ અથવા રૂા. ૯૮.૪૪ નો ૧ તોલો સોનું કાયદેસર નક્કી કરવામાં આવેલ છે.આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ–International Monetary Fund–જેનું ભારત મેમ્બર છે તેણે આ રૂપિયાની નવી યોગ્યતાનો સ્વીકાર કર્યો છે!

કયા કારણોને લીધે ઘટાડો થયો?

ભારત સરકારના નાણાંસચિવે ઉપરનો ઘટાડો નીચેના કારણોસર કરવો પડયો છે તેમ જણાવ્યું છે: (૧) ફૂગાવો, (૨) અફાયદાકારક આંતરરાષ્ટ્રીય વ્યાપારનું પલ્લું (૩) આયાત - નિકાસ પરવાના - કરવેરા રાહતોની જટિલ યોજનાથી વધુ ગેરલાભો. ભારત સરકારની આ દલીલોમાં કેટલું વજુદ છે તે સમજવા ઉપરના મુદ્દાઓની સંક્ષિપ્ત આપણે છણાવટ હવે કરીએ.

૧૯૫૬ થી ૧૯૬૬ સુધીમાં ચાલુ રહેલા આંતરિક ફૂગાવાને લીધે સામાન્ય ભાવોનું ધોરણ ૮૦ ટકા ઉપર ગયેલું. તેથી જ રૂપિયાની ખરીદશકિતમાં સતત કાપ મૂકાતો રહ્યો. આ ફૂગાવો કોણે કર્યો અને કેવી રીતે થયો તે વિષે ભારત સરકારના નાણાંસચિવ તદ્દન ચૂપ રહ્યા છે. તે વિષે આપણે આગળ ઉપર ચર્ચા કરીશું. એટલું જણાવવું જોઈએ કે નાણાંપ્રધાને કાંઈ નવી વાત કરી નથી. કારણ કે આ ફૂગાવાની નોંધ આપણી દરરોજની વાતચીતમાં લેવામાં આવતી હતી. જ્યારે એમ કહેવામાં આવે કે દરેક વસ્તુના ભાવ વધતાં જાય છે અથવા પહેલાં જે વસ્તુ એક રૂપિયામાં મળતી તે જ મેળવવા હવે બે કે ત્રણ રૂપિયા ખર્ચવા પડે છે વિગેરે. ટૂંકમાં બધી ચીજવસ્તુઓ મોંઘી થતી હોય છે ત્યારે રૂપિયો સસ્તો થતો જાય છે અથવા એની ખરીદશકિત ઘટતી રહે છે તે સર્વસામાન્ય સમજની વાત છે. આ પ્રક્રિયા બીજી યોજનાની શરૂઆતથી આજ સુધી ચાલુ રહી છે. જેવી રીતે પૂનમે ઉગેલા ચંદ્રમાનો અંધારિયાના પંદર દિવસ દરમ્યાન ઉત્તરોત્તર ક્ષય થતો જાય છે તેમ ગોળ રૂપિયાની (હવે જો કે લંબચોરસ નોટ છે; આશા રાખીએ કે ચંદ્રમાંનો આકાર માણસના ઉતરાણથી ના બદલાય!) કિંમતમાં ૧૦ વર્ષ દરમ્યાન ઉત્તરોત્તર ક્ષતિ જ થતી રહી છે. ફકત આશ્વાસન એ છે કે હજુ અંધારિયાના (ચોથી યોજનાનાં પાંચ વર્ષ) પાંચ દિવસો બાકી છે અને એવું સ્વપ્ન સેવીએ કે વૈજ્ઞાનિક ચમત્કારથી પશ્ચિમના દેશો જેઓ આમાં આગળ વધેલા છે અને જેમની મદદ ઉપર આપણે જીવીએ છીએ, તેઓ આમાં પણ સહાય કરે અથવા દૈવી શકિતથી (જેમાં આપણે હંમેશા માનતા આવ્યા છીએ તેની સહાયથી) અંધારિયાનાં બાકીના દિવસોને અજવાળિયામાં ફેરવે! ખેર, ચોથી યોજના પછીથી તો અજવાળિયું આવશે અને રૂપિયાનો પ્રકાશ–મૂલ્ય વધશે તેવી આશા રાખવી વધારે પડતી ન ગણાય!

આર્થિક વિકાસ અને આંતરિક ફૂગાવાની માઠી અસરો ભારતના આંતરરાષ્ટ્રીય વેપાર ઉપર થતી રહી છે, જે નીચેના આંકડાઓથી સમજાશે:–

	(કરોડ રૂપિયામાં)		આંતરરાષ્ટ્રીય વેપારમાં
યોજના	આયાત	નિકાસ	વધારો કે ખાધ
બીજી યોજના	૪૯૨૬	૩૧૦૯	–૧૮૧૭
ત્રીજી યોજના	૬૦૬૭	૩૭૫૫	–૨૩૧૨

દેશના આર્થિક વિકાસને આગળ વધારવા, આપણી આયાતની–Importની–જરૂરિયાતો ઘણી વધી ગઈ. તેને સંયમમાં રાખવા ભારત સરકારે ઘણી સખ્ત મર્યાદાઓ લાદેલી, જેવી કે અમુક ચીજોની આયાત જ બંધ, ઊંચા આયાતવેરા અને વિસ્તૃત આયાત પરવાના આપવાની પ્રથા. જેમ જેમ આપણું પરદેશી હૂંડિયામણ ઘટતું ગયું તેમ તેમ આયાત પરવાના અને આયાત બંધની સખ્તાઈઓ વધતી ગઈ. માર્ચ ૧૯૫૬માં ભારત પાસે રૂા. ૯૦૪ કરોડનું પરદેશી હૂંડિયામણ હતું તે ૧૯૬૫ના ફેબ્રુઆરીમાં ફકત રૂા. ૨૦૮ કરોડનું રહેલું, જેમાંથી રૂા. ૨૦૦ કરોડ ચલણી નાણાંને ટેકો આપવા માટે–currency backing માટેકાયદેસર અલગ રાખવાં પડેલાં. આથી મુકત હૂંડિયામણ ફકત રૂા. આઠ કરોડનું જ હતું. આ પરિસ્થિતિને પહોંચી–વળવા ભારત સરકારે આંતરરાષ્ટ્રીય નાણાં–ભંડોળ પાસે કાયમચલાઉ મદદ માંગી, જે આપવામાં આવી. તે દરમ્યાન સંપૂર્ણ આયાત (એપ્રીલ, મે, જૂન, ૧૯૬૫) બંધ કરવામાં આવેલી. કાંઈક કળ વળે અને આર્થિક સ્થિતિ સુધરે તે પહેલાં કચ્છની ચઢાઈ આવી. તેનો નિવેડો આવ્યો કે તરત દુષ્કાળનાં ભણકારા

વાગવા શરૂ થયા. તે દરમ્યાન કાશ્મીર ઉપરનું અણધાર્યું પાક યુદ્ધ આવ્યું. "શાંતિ સ્થાપો પછી જ આર્થિક સહાય ચાલુ થશે." એવું કહી ઈંગ્લેન્ડ અને અમેરિકાએ આર્થિક સહાય બંધ કરી. પરિણામે ભારતનાં કારખાનાંઓ (જે આયાત–માલ ઉપર આધાર રાખતાં હતાં) ના ઉત્પાદનમાં ઘટાડો થયો. પરદેશી સહાયનું વ્યાજ ચૂકવવા માટે આપણી પાસે હૂંડિયામણ ન હતું, તેથી સુવર્ણ બૉન્ડ અને પરદેશી હૂંડિયામણ એકઠું કરવાની યોજના દાખલ કરવામાં આવી. તેમ છતાં આપણી પરિસ્થિતિમાં ખાસ ફેર ના પડયો અને ફરી એક વાર માર્ચ ૧૯૬૬ માં આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ–I. M. F.–પાસેથી સહાય લેવામાં આવી. તે જ મદદથી તેનું જ આગળનું દેવું અને વ્યાજ ચૂકવવામાં આવ્યાં. મે મહિનાની આખરે ફરી એક વાર આપણે તેમની (I. M. F.) પાસે માંગણી કરી. તેની કુલ મદદ લગભગ ૫૦૬ કરોડ રૂપિયાની આ એપ્રીલ સુધી હતી, અને ભારત રૂા. ૨૦૮ કરોડની મદદ વધુ માંગી શકે તેમ હતું. આ મદદ આપવી–ના આપવી તે નાણાંભંડોળની મુનસફીની વાત હતી. તેણે આપવાની હા પાડી, પણ એક શરત કરી કે રૂપિયાનું મૂલ્ય ઘટાડો. ગયા વર્ષે જુલાઈમાં આવી જ શરતને તે વખતનાં નાણાંસચિવે નકારી કાઢેલી.

સરકારે એ પણ દલીલ કરી છે કે આપણી નિકાસની ચીજોના (Exportના) ભાવો બીજા દેશોના ભાવની સરખામણીમાં ઊંચા હતા, અને તેથી નિકાસઅવરોધી બન્યા હતા. તદુપરાંત જ્યારે આંતરિક ફુગાવાને લીધે નિકાસ કરી શકાય તેવી ચીજોના ભાવો દેશમાં વધુ મળે ત્યારે નિકાસ કરવાનું ઉત્તેજન કોઈ પણ ઉદ્યોગપતિ કે વેપારીને ના રહે. આથી સરકારે અમુક ચીજોની નિકાસને વેગ આપવા આવકવેરામાં રાહતો –Export Tax Credit–,નિકાસ સામે આયાત પરવાના વિગેરે કિમિયાઓ અજમાવ્યા. આ બધી નિકાસ–ઉત્તેજક તેમ જ આયાત–મર્યાદિત યોજનાઓ આટલાં વર્ષોએ ભારત સરકારને "માયાજાળ" જેવી લાગી. રૂપિયાનું મૂલ્ય ઘટાડવાથી આ માયાજાળમાંથી છુટકારો મળશે તેવી ભારત સરકારની અપેક્ષા છે. આગળ ઉપર જોઈશું તેમ માયાજાળમાં છૂટકારો પામવા જતાં ભારત સરકાર ઈંદ્રજાળમાં ફસાઈ ગઈ હોય એમ લાગે છે.

ભારત સરકારની દલીલો પાયા વગરની છે.

આપણે પહેલાં નિકાસના પાસાની દલીલો લઈએ. ભારત સરકારની દલીલ એમ છે કે બધી નિકાસની ચીજોના ભાવ આંતરરાષ્ટ્રીય ભાવો કરતાં વધુ છે તે હકીકતથી વેગળું છે. તેનો જવાબ આ વર્ષના વ્યાપાર ખાતાના વાર્ષિક અહેવાલમાં છે, જે જણાવે છે કે ફક્ત ૨૦ થી ૨૨ ટકા નિકાસની ચીજોને આવકવેરામાં રાહત, આયાત પરવાના આપવામાં આવે છે, જ્યારે બાકીના ૭૮ થી ૮૦ ટકા કોઈ પણ પ્રકારના ઉત્તેજન વગર આંતરરાષ્ટ્રીય વેપારમાં હરીફાઈ કરી શકે છે. વિશેષમાં ભાવોનો ઉછાળો ફક્ત ભારતમાં જ નથી. ફુગાવાનો પવન સર્વત્ર ફેલાયેલો છે. ૧૯૫૦થી ૧૯૬૫ દરમ્યાનના ગાળામાં પાકિસ્તાનમાં ૪૯ ટકા, અમેરિકામાં ૩૧ ટકા, સીલોનમાં ૧૬ ટકા, પશ્ચિમ જર્મનીમાં ૧૦ ટકા, જ્યારે ભારતમાં ૪૯ ટકા ભાવોમાં વધારો થયો છે.

આપણી નિકાસની ચીજવસ્તુઓ રૂપિયાનાં મૂલ્યમાં ઘટાડો કરવાથી જરૂર સસ્તી થશે, કારણ કે, ૧ ડોલર જે પહેલાં પાંચ રૂપિયા ખરીદી શકતો અથવા દા. ત. ૨ શેર શણ ખરીદતો તે જ હવે ૭.૫૦ રૂપિયા અથવા ૩ શેર શણ ખરીદી શકશે. પણ આનો અર્થ તો એ કે ૧૯૬૪–૬૫માં આપણે ૮૦૩ કરોડ રૂપિયા કમાવા જે વસ્તુઓ મોકલી હતી તે જ હવે આશરે ૩૪૧ કરોડ રૂપિયા કમાઈ શકે કારણ કે ૫૭.૫ ટકાનો ઘટાડો થયો છે. આપણે વધુ નિકાસની ચીજોનું ઉત્પાદન કરવું પડશે, જો આપણે પહેલાં જેટલું હુંડિયામણ મેળવવું હશે તો. અલબત્ત, ભારત સરકારે નિકાસવેરો નાંખીને પરદેશી વ્યાપારીઓને મળતો ૫૭.૫ ટકાનો ભાવ ઘટાડી દીધો છે. અને એ રીતે આપણને જતી હૂંડિયામણ ખાધ ઓછી કરી છે. તેમ છતાં ૨૦ થી ૨૫ ટકા આપણે નિકાસ માલ વધુ આપવો પડશે. કારણકે બધી ખોટ પરદેશી વ્યાપારી ઉપર મૂકીએ તો નિકાસની ચીજો તેમને માટે સસ્તી ના બને. નિકાસ વધારવા ઉત્પાદનને ઉપર લઈ જવું પડશે. આપણી મોટા ભાગની નિકાસ ખેતીવાડી ઉપર નભે છે, જેવી કે શણ, ચા, કપાસ, તેલીબીયાં વગેરે. આ તાત્કાલિક વધી શકશે નહિ. તેથી આંતરિક વપરાશમાં કાપ મૂકવો પડશે અને એ રીતે પરદેશની વધતી માંગને પહોંચી શકાશે. લાંબે ગાળે નિકાસની પેદાશ ઉપક ભાર મુકીશું તો અનાજની પેદાશનું શું થશે? એ હકીકત છે કે, ત્વરિત રીતે આપણે ખેતીવાડીની ચીજોનું ઉત્પાદન વધારી શકવાનાં નથી અને દેશની વપરાશમાંથી નિકાસ માર્ગે વસ્તુઓ વાળવી પડશે. આથી ચીજોની અછત થવાની જ; જેનું અંતિમ પરિણામ આંતરિક ભાવોમાં ઉછાળો લાવવાનું નીવડશે. હાલમાં તો કાચા શણની અછત હોવાથી કારખાનાઓ એક અઠવાડિયું બંધ રાખેલાં. તદુપરાંત આપણે કાચું શણ પાકિસ્તાન અને થાઈલેન્ડમાંથી આયાત કરીએ છીએ. પાકિસ્તાન જે આપણું હરીફ છે તે ભારતની મુંઝવણનો શું કામ લાભ નહિ લે? તે શા માટે તેનું કાચું શણ જે ભારત આવે છે તેની કિંમત વધારી નહિ દે અને એ રીતે હિંદને મળતો લાભ નાબુદ ન કરે? આમ પણ હવે હિંદને વધુ રૂપિયા તે જ શણ ખરીદવા આપવા પડશે. પાકિસ્તાન તેના શણકાપડ ઉપર પહેલેથી નિકાસબોનસ આપે છે તે વધારી દેશે, જેથી આપણું શણકાપડ પરદેશોમાં તેની હરીફાઈમાં સસ્તું નહિ પડે. આવી જ રીતે લંકા (સિલોન) જે ચાની નિકાસમાં ૬૦ ટકા હૂંડિયામણ મેળવે છે તે સ્વરક્ષણ માટે નિકાસમદદ (Export subsidy) આપશે અને તેનાં ચાના પરદેશી બજાર ટકાવી રાખશે.

તદુપરાંત આંતરરાષ્ટ્રીય ખોરાક અને ખેતીવાડી (Food and Agriculture Organisation) ખાતાનાં અભ્યાસ પ્રમાણે શણની માંગ ઉદ્યોગપતિ દેશોમાં ઘટી રહી છે કારણ કે ત્યાં શણને બદલે કાગળ અથવા પ્લાસ્ટીકની પૂરક ચીજો (Substitutes)ની વપરાશ વધી રહી છે. સાથે સાથે નવા દેશો જેવા કે થાઈલેન્ડ, આર્જેન્ટીના અને પાકિસ્તાન શણની પેદાશ વધારી રહ્યા છે. જ્યારે આંતરરાષ્ટ્રીય માંગ સ્થગિત હોય અથવા ઓછી થતી હોય અને ત્યારે જો તેનો પુરવઠો વધી રહ્યો તો ભાવ વધુ તૂટવાનાં અને વળતર ઘટવાનાં. ચાની માંગની મુખ્ય હરીફાઈ કૉફી કરે છે. અમેરિકા અને યુરોપનું એ માદક પીણું છે. તેમજ રાજકીય સંબંધો જાળવવા અમેરિકા દક્ષિણ અમેરિકાના દેશો પાસેથી અને યુરોપ આફ્રિકાના કોફી–ઉત્પાદન કરતાં દેશો પાસેથી કૉફી લેવી પસંદ કરશે. યુરોપ અને અમેરિકામાં ચા પૈસાદારનું પીણું ગણાય છે, જ્યારે કૉફી સર્વસામાન્ય વપરાશમાં છે. જેવી રીતે ઈંગ્લેન્ડ હિંદ અને સીલોન પાસેથી ચા ખરીદે છે તેવી જ રીતે અમેરિકા અને યુરોપ તેમની સાથે રાંકળાયેલા–ભૂગોળની નિકટતાથી અથવા સંસ્થાનવાદથી–દેશો પાસેથી જ ચા કૉફી લે છે. તદુપરાંત ચાનું નવું વાવેતર આફ્રિકામાં વધતું ગયું છે. આથી વધારે વિકટ પરિસ્થિતિ કાપડ અંગે છે. અમેરિકા, ઈંગ્લેન્ડ, જર્મની ફ્રાન્સ–આ બધા ઔદ્યોગિક દેશો કાપડ પેદા કરે છે અને અવિકસિત દેશોની વધતી જતી કાપડની નિકાસને રોકવા તેમણે આંતરરાષ્ટ્રીય કાપડ કરારો કર્યા છે. જેમાં દરેક દેશને ફાળે કાપડ નિકાસના Quota નક્કી કરેલાં છે. ઉપરના સંજોગોમાં આપણને ખેતીવાડી પેદાશની ચીજોની નિકાસ વધારવામાં કેટલો ફાયદો થશે તે શંકા છે અને આ ફાયદો થતાં બે ત્રણ વર્ષ નીકળી જશે તો રૂપિયાનાં મૂલ્ય ઘટાડવાનાં લાભો ધોવાઈ જશે.

આયાતનું આપણું બીલ ૫૭.૫ ટકા વધી જશે. સરકાર આયાતવેરા દૂર કરશે તો પણ આયાતની ચીજો ૨૦ થી ૨૫ ટકા મોંઘી પડશે.

આ ભાવો સ્વાભાવિક રીતે જ ઉદ્યોગપતિઓ–વેપારીઓ સામાન્ય જનતા પાસેથી વસુલ કરશે.

તદુપરાંત, નાણાં–મૂલ્ય ઘટાડવાનું એક કારણ છે આયાત મોંઘી બનાવી તેની માંગ ઘટાડવી અને તેવી ચીજોનું આંતરિક ઉત્પાદન વધારવું. જ્યારે આપણી સરકારે એમ જાહેર કર્યું છે કે તેઓ આયાત પરવાના હવે છૂટથી આપશે એટલે આપણું આયાતનું ખર્ચ વધશે જ, જેથી હિંદનું આંતરરાષ્ટ્રીય વેપારનું પલ્લું બીજા દેશોના લાભમાં નમશે, એટલું નહિ, ઔદ્યોગિક દેશોને વેપારના સંયોગો (Terms of Trade) વધુ લાભકારક બનશે.

આ રીતે વધુ આયાતથી અને વધુ નિકાસથી ભાવોનું માળખું ઊંચું જશે, અને રૂપિયાની કિંમત બદલવાનો એક મુખ્ય હેતુ માર્યો જશે. આયાત ઉત્તેજનની નવી તરકીબો ૧૯૬૫-૬૬ ના બજેટમાં દાખલ કરવામાં આવેલી તેની સારી–માઠી અસરો બે ત્રણ વર્ષે દેખાય તે પહેલાં તો ઉતાવળથી આ યોજનાઓને એકી સપાટે સરકારે નાબૂદ કરી નાંખી તે બહુ મોટી ભૂલ લાગે છે. છાશવારે બદલાતા કાયદાથી અસ્થિરતા આવી જાય છે અને સાચાં પરિણામ જાણવાની તક મળતી નથી. તદુપરાંત, વિકાસને માર્ગે વળેલા બધા દેશોમાં આંતરરાષ્ટ્રીય સમતુલા અસ્થિર બને છે જ. અમેરિકા અને ઈંગ્લેન્ડ આમાંથી જ પસાર થઈ રહ્યા છે, છતાં ડોલર કે પાઉન્ડની કિંમત ઘટાડતાં નથી.

આપણી નિકાસને વિઘ્ન રૂપ ફુગાવો જ ફક્ત ન હતો. તે સાથે સાથે ઔદ્યોગિક દેશોએ ઊભી કરેલી ઊંચી નિકાસ કરવેરાની દિવાલો (High Tariff Walls) અને Quota જવાબદાર હતા અને છે, આપણા આ પગલાથી આમાં કશો જ ફેર નહિ પડે. કદાચ આ (Tariff walls) વધુ ઊંચી જાય તો ના ન કહેવાય.

રૂપિયાનું મૂલ્ય ઘટાડવાથી આપણો પરદેશી કરભારણનો બોજો રૂપિયામાં તો વધી જ ગયો. ૧૯૬૫-૬૬ રૂા. ૯૭ કરોડનું મુદ્દલ અને રૂા. ૮૪ કરોડનું વ્યાજ ચૂકવેલું, જે રૂા. ૪.૭૬ બરાબર ૧ ડોલરે, ૨૦ કરોડ ડોલર અને ૧૮ કરોડ ડોલર એમ થયું હતું. રૂા. ૭.૫૦ ના ભાવે તે જ ૩૮ કરોડ ડોલર બરાબર રૂા. ૨૮૫ કરોડ થાત જ્યારે આપણે રૂા. ૧૮૧ કરોડ ચૂકવેલાં. આ વધુ રૂપિયા ભારત સરકાર કયાંથી લાવશે તે એક મુખ્ય પ્રશ્ન છે? નીચેનાં આંકડાઓથી માલમ પડશે કે આ કરભરપાઈનો બોજો ૧૯૬૬–૬૭થી ૧૯૭૦-૭૧ માં પહેલાંનાં રૂપિયાને ભાવે કેટલો હતો અને હવે ઘટાડેલાં ભાવે કેટલો થશે.

૧૯૬૫-૬૬ ના અંદાજપત્રના આધારે.

વર્ષ	મુદ્દલ અને વ્યાજ	રૂા. ૪.૭૬ = ૧ ડૉલર	રૂા. ૭.૫૦ = ૧ ડૉલર
	ડૉલર કરોડ	રૂપિયા કરોડ	રૂપિયા કરોડ
૧૯૬૬–૬૭	૩૫	૧૭૦	૨૬૩
૧૯૬૭–૬૮	૩૬	૧૭૧	૨૭૦
૧૯૬૮–૬૯	૩૪	૧૬૩	૨૫૬
૧૯૬૯–૭૦	૩૩	૧૫૫	૨૪૮

ચોથી પંચવર્ષીય યોજનાનું કદ રૂા. ૨૧૫૦૦ કરોડનું કામચલાઉ નક્કી કરવામાં આવેલું. તેમાં આયાતની ચીજો ઉપર આધાર રાખતાં કારખાનાં વિગેરેના ભાવ ઊંચા જશે. આ રૂા. ૨૧૫૦૦ કરોડની યોજનાને પહોંચી વળવા જ સરકારને રૂા. ૪૮૦૦ કરોડની આર્થિક સહાયની જરૂર લાગી છે. અને બાકીની નવા કરવેરા નાણાંકીય ખાધપુરવણી (Deficit Financing) અને પબ્લીક લોનથી મેળવવાં. આયાતના ભાવ ઊંચા જતાં સરકારને નવા નાણાં એકઠા કરવા વધુ કરવેરા કે નાણાકીય ખાધપૂરવણી કરવી જ પડશે. નાણાંકીય ખાધપૂરવણી ૧૯૬૫-૬૬ માં રૂપિયા ૬૬ કરોડની હતી. ૮૦ ટકા જે ભાવનો વધારો ૧૯૫૬થી ૧૯૬૬ સુધીમાં થયો છે તેનું મુખ્ય કારણ તે દરમ્યાન છાપેલી રૂપિયા બાવીસો કરોડની નવી નોટો અથવા ખાધપૂરવણી છે. આવી જ નાણાંકીય ખાધપૂરવણી, વધુ કરવેરા સીધા (Direct) અને આડકતરા (Indirect) અને સરકારના બેકાબુ અને નકામા ખર્ચા ચાલુ રહેશે તો દેશમાં ફુગાવો સતત રહેવાનો જ અને રૂપિયાનું મૂલ્ય ઘસાતું જવાનું. આને માટે કોઈ પણ જવાબદાર હોય તો તે સરકાર છે, તેથી તેણે જ રૂપિયાની કિંમત ઘટાડવાનાં પગલાં સાથે બીજા પગલાંઓ જેવાં કે યોજનાનું કદ ઘટાડવું, સરકારી ખર્ચાઓ ઓછા કરવા અને સરકારી કારખાનાનાં નફા વધે તે લેવાં જોઈએ.

રાજકીય ફીલસૂફી વિરૂદ્ધ

નાણાંનો મૂલ્ય ઘટાડો એ સ્વતંત્ર અને બાનગી વેપાર (Laizzez–faire) ઉપર રચાયેલી આર્થિક - રાજકીય યોજનામાં અસરકારક નીવડે છે. શું સમાજવાદને વરેલી કોંગ્રેસ સરકાર પ્લાન ત્યજી દેશે? શું સમાજવાદી કોંગ્રેસ સરકારી ક્ષેત્રને માટે ઓછા નાણાં ખર્ચશે અને પ્લાનનું કદ (Size) કાપી નાંખશે? આ પ્રશ્નોના જવાબ સૌ કોઈને ખબર છે. દુર્ગાપુરમાં મળેલી કૉંગ્રેસમાં શ્રી કામરાજે આવી જ અપીલ કરી હતી અને તેની સત્તારૂઢ કૉંગ્રેસ ઉપર કાંઈ જ અસર થઈ ન હતી. ઉલટાનું એમ લાગે છે કે સરકારી ક્ષેત્રને વધુ અબાધિત (untied) પરદેશી સરકારની સહાયથી વિકસાવવા યત્ન કરવામાં આવશે અને સરકાર આ માટે ખાધપુરવણી ચાલુ રાખશે. ૧૯૬૬ – ૬૭ ના બજેટમાં રૂા. ૧૧૭ કરોડની ખાધ છે, આમાં પ્રાંતોની સરકારોની ખાધની નોંધ લીધી નથી. સરકારી ક્ષેત્રનો વિકાસ અને મૂલ્ય ઘટાડા સાથે જરૂરી બનેલા આર્થિક ઉપાયો – આ બે અથડામણમાં આવશે. અને જ્યારે આવું થાય છે ત્યારે રાજકીય ફીલસૂફી સર્વોપરી (Supreme) ગણાય છે. આર્થિક ઉકેલોને પ્રાધાન્ય આપવામાં આવ્યું હોય તો આપણે આ ફુગાવામાં ના ફસાત, કે રૂપિયાની કિંમત ના ઘટાડવી પડત. વળતર ના આપે અથવા કાર્યદક્ષ રીતે ચલાવી ના શકાય તેવાં સરકારી કારખાનાં ઊભા કરવાની જરૂર જ શી હતી? જનતાની મુખ્ય માંગ ખોરાક ઉપર પહેલેથી ભાર કેમ ના મૂકાયો? ભાર મૂકાયો તો તેનો અમલ પેપર ઉપર જ કેમ રહ્યો? આપણો અનુભવ આપણી નેતાગીરીમાં નિર્ભયતા, પરિપકવતા અને દીર્ઘદૃષ્ટિની ખામી છે તેમ બતાવે છે.

ભારતનાં રૂપિયાનાં મૂલ્યઘટાડાના પરિણામ કન્યાકુમારીથી કાશ્મીર અને કલકત્તાથી કંડલા સુધી જ સિમિત રહેવાના નથી. રૂપિયો એ બીજા દેશો સાથે આર્થિક તેમ જ રાજકીય સંબંધો જાળવે છે. આપણું શણ, ચા, કાપડ, મેંગેનીઝ વિગેરે સસ્તું બનાવી આપણે બીજા અવિકસિત અને ગરીબ દેશોને આપણા માર્ગે આવવા આડકતરી રીતે દબાણ (Compulsion) કર્યું છે. આથી ભારતની નેતાગીરીમાં આ દેશોનો વિશ્વાસ ચાલુ રહેશે કે નહિ તે શંકા છે. પરિણામે અવિકસિત અને ઔદ્યોગિક દેશો વચ્ચેનું આર્થિક અંતર વધશે, અને ગરીબ દેશો આ રીતે ઔદ્યોગિક દેશો ઉપર વધુ આધારિત બનશે.

કોઈ પણ દેશની આર્થિક સદ્ધરતા અને સ્થિરતા તેમ જ રાજકીય સ્વાતંત્ર્ય અને પરિપકવતા તેના સર્વસામાન્ય વપરાશનાં નાણાંકીય ચલણમાં પ્રતિબિંબિત થાય છે. જ્યારે તે ચલણના મૂલ્યમાં બહુ મોટો અને શીઘ્ર ફેરફાર થાય ત્યારે બહારનું જગત એ દેશનું માપ સહેલાઈથી કાઢી શકે છે. રૂપિયાનાં મૂલ્યનો ઘટાડો એ તીક્ષ્ણ, ઉતાવળિયું પગલું આટલા માટે જ છે. એ ફક્ત આર્થિક યોજનાઓની જ હાર નથી સૂચવતું, તેમાં રાજકીય ફીલસૂફીના પરાજયનો પણ સ્વીકાર સમાયેલો છે.

ડૉ. અભયકુમાર છોટાલાલ પરીખ

ડૉ. વિક્રમ સારાભાઈનો પરિચય

(એટમિક એનર્જી કમિશનના અધ્યક્ષ તરીકે જેમની તાજેતરમાં ભારત સરકારે નિમણૂંક કરી છે તે ડૉ. વિક્રમ સારાભાઈનો તા. ૫-૬-૬૬ના ટાઈમ્સ ઓફ ઈન્ડિયામાં પ્રગટ કરવામાં આવેલા પરિચયનો ગુજરાતી અનુવાદ.)

ડૉ. વિક્રમ સારાભાઈ એ પ્રકારના વૈજ્ઞાનિક નથી કે જે પ્રયોગશાળામાં પુરાઈ રહે અને દુનિયાને સાવ ભુલી જાય. પોતાની આસપાસના સંયોગોને વિસરી જાય એનું નામ સંશોધક એવી જે આપણી કલ્પના છે તે કલ્પના વિક્રમભાઈને જરા પણ લાગુ પડતી નથી. તેઓ વિજ્ઞાનમાં જેટલો રસ ધરાવે છે તેટલો જ રસ સમાજની અન્ય સમસ્યાઓમાં ધરાવે છે, અને આજના વિશાળ સમાજની જે જટિલ ગુંચો છે તે અંગે તેઓ ચાલુ ચિન્તન કરતા હોય છે.

તેઓ જણાવે છે કે "આપણે મનથી આપણા દૃષ્ટિસંપન્ન વિચારકોને જેઓ પ્રાયોગિક કાર્ય કરતા હોય છે તેમનાથી અલગ તારવતા રહીએ છીએ. આ જોઈને મને એટલા માટે આશ્ચર્ય થાય છે કે હું એમ માનું છું કે જેઓ પાયાના સવાલો ઊભા કરે છે તેઓ જ તેને લગતું પ્રાયોગિક કાર્ય સૌથી વધારે સારું કરી શકે છે; કારણ કે ઘણી બાબતોમાં, ખરી સમસ્યા શું છે એ નક્કી કરવામાંથી જ એના ઉકેલની આપણે બહુ નજીક જતા હોઈએ છીએ."

આ શકિતશાળી ૪૬ વર્ષના વિજ્ઞાનશાસ્ત્રીના મોઢા ઉપર ઉગતી ઉમ્મરના યુવાનની નિખાલસતા અને કોઈને પણ વશ કરે એવું મધુર સ્મિત તરવરતું દેખાય છે. તેઓ સતત કાર્યપરાયણ રહે છે અને એક સાથે અનેક પ્રવૃત્તિઓમાં રોકાયલા જોવામાં આવે છે. તેઓ આખા દિવસમાં જેટલું કામ કરે છે તે જોઈને કોઈ સામાન્ય માણસનું તો મગજ જ ભમી જાય. પણ તેમના માટે તો એક ક્ષણ પણ નકામી જાય તે અસહ્ય બની જાય છે.

મુંબઈ ખાતે જુની યાચ કલબના મકાનમાં આવેલી એટમિક એનર્જી કમિશનની ઓફિસમાં તેમને જ્યારે મારે એ દિવસે મળવાનું બન્યું અને મેં પૂછ્યું કે "આપ થાકી તો નથી ગયા ને?" ત્યારે લાક્ષણિક વિનમ્રતાથી મને તેમણે આવકાર્યો અને કહ્યું કે "ના રે, હું જરા પણ થાકેલો નથી. મારે હજુ ઘણું કામ કરવાનું છે. હજુ તો મારી ઉમ્મર ઘણી નાની છે."

તેમણે કબૂલ કર્યું કે આ તેમને જે નવું કામ મળ્યું છે-એટમિક એનર્જી કમિશનની ચેરમેનશીપનું (અધ્યક્ષતાનું) આ કામ તેમની તાકાતને એક પડકારરૂપ છે. આ અંગે તેમણે ઉષ્માપૂર્વક જણાવ્યું કે "આ પ્રકારનું સ્થાન મેળવવાની મેં કદિ પણ આકાંક્ષા સેવી નહોતી. મારા કામમાં મને ખૂબ રસ છે અને મારું કામ મને જ્યાં લઈ જાય છે ત્યાં હું સ્વેચ્છાએ જાઉં છું."

"આ પ્રકારનું વહીવટીકાર્ય તમને વૈજ્ઞાનિક સંશોધનથી અળગા તો નહિ કરે ને?" એવા મારા પ્રશ્નનો તેમણે તરત જ જવાબ આપ્યો કે "મને આવો કશો ભય છે જ નહિ. વિશ્વકિરણોના સંશોધનમાં...સૂર્યમંડળના વિજ્ઞાનમાં સક્રિય ફાળો આપવા હું ખૂબ ઈન્તેજાર રહું છું. આ જ મહિનામાં એક–Astro–physical–ખગોળને લગતા–માસિકમાં મારો એક લેખ પ્રગટ થવાનો છે."

જે કાંઈ કામ પોતાના હાથમાં લે તેમાં તેઓ પૂરા નિમગ્ન બની જાય છે એવી જેમની ખ્યાતિ છે તેવી આ વ્યકિતએ સંકોચાતાં જવાબ આપ્યો કે "જ્યારે હું કોઈ કામ હાથમાં લઉં છું ત્યારે હું કલાકના કલાકો સુધી કામ કરતો રહું છું અને મારા માટે ભાગ્યે જ કોઈ રજાનો દિવસ હોય છે."

જ્યારે તેમની ઉંમર નાની હતી અને તેમના માતા-પિતા શેઠ અંબાલાલ સારાભાઈ અને સરલાદેવીએ અમદાવાદ ખાતે શરૂ કરેલી શાળામાં તેઓ ભણતા હતા ત્યારે તેમના દિલમાં એક તીવ્ર આકાંક્ષા રમ્યા કરતી હતી–ફીઝીકસનો અભ્યાસ કરવા માટે કેમ્બ્રિજ જવાની. મહાન ભારતીય વિજ્ઞાનશાસ્ત્રી ડૉ. સી. વી. રમણ તેમના એક આદર્શરૂપ વ્યકિત જેવા હતા અને કોઈ દિવસ તેમની નીચે કામ કરવાની મહેચ્છા આ બાળવિક્રમ પોતાના અંતરમાં ગુપ્ત રીતે સેવ્યા કરતો હતો. તેમની આ બન્ને મહેચ્છાઓ સમયાન્તરે પરિપૂર્ણ થઈ હતી. તેમણે ૧૯૩૯માં નેચરલ સાયન્સના વિષયમાં સેન્ટ જોન્સ કોલેજમાં રહીને ડીગ્રી પ્રાપ્ત કરી અને પછી ડૉ. રમણની નીચે બેંગલોરના ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઑફ સાયન્સમાં છ વર્ષ સુધી રિસર્ચ સ્કોલર તરીકે કામ કર્યું. ૧૯૪૫માં તેઓ કેવન્ડીશ લેબોરેટરીમાં જોડાયા અને બે વર્ષમાં કેમ્બ્રિજમાં તેમણે ડોકટરની ઉપાધિ પ્રાપ્ત કરી.

ડૉ૦ વિક્રમ સારાભાઈ જેઓ અમદાવાદની ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીના ડિરેકટર છે તેઓ અમદાવાદની ટેકસ્ટાઈલ ઈન્ડસ્ટ્રીઝના રિસર્ચ એસોસીએશનના આઠ વર્ષ સુધી ઓનરરી ડિરેકટર હતા, અને ૧૯૬૫ સુધી અમદાવાદના ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઑફ મેનેજમેન્ટના પણ ઓનરરી ડિરેકટર હતા.

૧૯૬૨માં ભારત ખાતે અંવકાશ સંશોધન–Space-Research–નું આયોજન કરવાનું સ્વીકારીને તેમણે પોતાની અનેક જવાબદારીઓમાં એકનો વધારો કર્યો હતો. અવકાશ-સંશોધન અંગેની ઈન્ડિયન નેશનલ કમિટીના પહેલા ચેરમેન તરીકે, કેરળમાં થંબા ખાતે ઈકવેટોરિયલ રૉકેટ–લૉંચીંગ સ્ટેશન ઊભું કરવામાં અને અમદાવાદ ખાતે એકસપેરીમેન્ટલ સેટેલાઈટ કોમ્યુનિકેશન અર્થ સેન્ટર ઊભું કરવામાં અને ફ્રેંચ સેન્ટોર સાઉન્ડીંગ રૉકેટો બનાવવાનો કાર્યક્રમ શરૂ કરવામાં અને સ્પેસ સાયન્સ અને ટેકનોલૉજી સેન્ટર ઊભું કરવાને લગતી દરખાસ્તને વેગ આપવામાં તેઓ મુખ્યપણે જવાબદાર બન્યા હતા. ૧૯૬૨માં ફિઝિકસ માટેનું એસ. એસ. ભાટનગર મેમોરિયલ એવૉર્ડ–શાન્તિસ્વરૂપ ભાટનગર–સ્મારક–પારિતોષિક–તેમને આપવામાં આવ્યું હતું. ત્યાર બાદ ભારત સરકારે તેમને 'પદ્મભૂષણ'ના ઈલ્કાબથી નવાજ્યા હતા.

તેમનાં પત્ની મૃણાલિની સારાભાઈ સુવિખ્યાત નર્તિકા તરીકે વિશિષ્ઠ ખ્યાતિ ધરાવતાં એક સન્નારી છે. "તેમનાં નૃત્યને લગતાં કાર્યક્રમોમાં ભાગ લેવાનો તમને સમય મળે છે ખરો?" એવા પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું કે "જરૂર, હજુ હું ગઈ રાત્રે જ તેમાં ભાગ લેવા ગયો હતો."

અનુવાદક : પરમાનંદ મૂળ અંગ્રેજી : શ્રી પોલકસ

ભારત અને અણુબોમ્બ

(થોડા દિવસો પહેલાં ચીને ત્રીજો આણુબોંબ ફોડયા બાદ તેની હરીફાઈમાં ભારતે આણુબોંબ બનાવવો કે નહિ તે પ્રશ્ને નવી ઉત્કટતા ધારણ કરી છે. બે સંઘર્ષપરાયણ દેશો વચ્ચે શસ્ત્રશકિતની સ્પર્ધા પેદા થાય એ સ્વાભાવિક છે. અને તેથી કોઈ પણ દેશને પ્રતિપક્ષ કરતાં ચડિયાતા શસ્ત્રો વસાવવામાં પોતાની વધારે સુરક્ષિતતા લાગે એ સ્વાભાવિક છે. અને તેથી ચીને જો આણુબોંબ પેદા કરવા માંડયા તો ભારતે કેમ ન બનાવવા આવો પ્રશ્ન ઊભો થાય એ સમજી શકાય તેવું છે. પણ ચાલુ શસ્ત્રો જેને conventional weapons કહેવામાં આવે છે તે અને આણુશસ્ત્રો વચ્ચે ઘણો ફરક છે. આ તફાવતનું સ્વરૂપ ભારતના પ્રજાજનોએ સમજવું જરૂરી છે. આ સંબંધમાં એટમિક એનર્જી કમિશનના તાજેતરમાં નિમાયેલા અધ્યક્ષ ડૉ. વિક્રમ સારાભાઈએ ટાઈમ્સ ઑફ ઈન્ડિયાના રિપોર્ટર સાથે તા. ૨-૬-૬૬ના રોજ એક મહત્ત્વની ચર્ચા કરી હતી. આ ચર્ચાને લક્ષમાં લઈને લખવામાં આવેલો અને તા. ૪-૬-૬૬ના ટાઈમ્સ ઑફ ઈન્ડિયામાં પ્રગટ કરવામાં આવેલો

તંત્રીલેખ ટૂંકાણમાં આ આખા પ્રશ્નની વિશદ સમાલોચના કરતો હોઈને તેનો નીચે અનુવાદ આપવામાં આવે છે.–પરમાનંદ

ભારતે આણુ બૉંબ જાતે બનાવવાની પ્રવૃત્તિ હાથ ધરવી કે નહિ એ સમસ્યાને ધી એટમિક એનર્જી કમિશનના નવા અધ્યક્ષ ડૉ. વિક્રમ સારાભાઈએ બહુ સ્પષ્ટ આકારમાં રજુ કરી છે. બૉંબ બનાવવા અંગે અધીરાઈ દાખવતા લોકોને તેમણે કહ્યું છે કે ચીન બનાવે છે તેવું એક આણુશસ્ત્ર બનાવવું અને આણુશસ્ત્રો ધરાવતી એક શકિતસંપન્ન રાજ્યસત્તા બનવું એ બેમાં આસમાન જમીનનો તફાવત છે. ચાલુ બને છે તેવા આણુ બૉંબો બનાવવા માટે ભારત પાસે પૂરતાં સાધનો છે, પણ ભારતને એક આણુશસ્ત્રસંપન્ન રાજ્યસત્તા બનવા માટે જે જરૂરી છે તે એટલે કે એક મોટું ઔદ્યોગિક મથક, આગળ વધેલી ઈલેકટ્રોનિક પદ્ધતિ, અને બૉંબની હેરફેર કરવાની અને ધાર્યા સ્થળે ફેંકવાની પૂરા આયોજન પૂર્વકની તાકાત–આમાનું ભારત પાસે કશું જ નથી. આ જરૂરી સાધનસામગ્રી સિવાય માત્ર પોતા પાસે બૉંબ હોવાના કારણે ભારત અન્ય દેશો ઉપર પોતાનો પ્રભાવ પાડી શકે તેમ છે જ નહિ. આવા બૉંબનું મૂલ્ય કાગળના વાઘ કરતાં જરા પણ વધારે નથી. એનાથી કોઈ પણ છેતરાશે નહિ, કારણ કે "લશ્કરી વ્યૂહરચનાનો કોઈ પણ અભ્યાસી જાણે છે કે આવી બાબતોમાં કેવળ બણગાં ફૂંકીને કોઈને છેતરવાનું હવે શકય નથી." ન્યુકલીઅર કાર્યક્રમની વિરૂદ્ધ આટલી સુસંબદ્ધ રીતે કે વિશદ રીતે હજુ સુધી અન્ય કોઈએ રજુઆત કરી નથી. તેમણે ખુલાસાપૂર્વક જણાવ્યું છે તે મુજબ, ન્યુકલીયર બનવું–આણુશસ્ત્રસંપન્ન બનવું–એટલે એને લગતી બધી જરૂરિયાતોને હસ્તગત કરવી, એનું સમગ્ર અને સંપૂર્ણ આયોજન કરવું. એમાં અધકચરાપણું કે અધુરાપણું ચાલી શકે તેમ છે જ નહિ, જો કોઈ એક દેશ પાસે બૉંબ હોય તો તેની પાસે બૉંબરો હોવા જોઈએ અને તેને ફેંકવા માટેની બધી સામગ્રી પણ હોવી જોઈએ. એક પગલાંની પાછળ અચૂકપણે અનેક બીજા પગલાં ભરવાનાં રહે જ છે. આવા સમગ્ર આયોજનના વિચારે બ્રિટન અને ફ્રાન્સ ઉપર પારવિનાનો આર્થિક બોજો નાંખ્યો છે અને તેમની પાસે પુષ્કળ સાધનસામગ્રી હોવા છતાં આ બન્ને દેશો હજુ સુધી પણ સંપૂર્ણપણે આણુશસ્ત્રસંપન્નતા પ્રાપ્ત કરી શકયા નથી. ભારત પાસે આ પ્રકારના સમગ્ર કાર્યક્રમને પહોંચી વળવા માટે આર્થિક કે અન્ય પ્રકારની કોઈ ક્ષમતા છે જ નહિ. બીજાને ડરાવી શકે, પોતા સામે હાથ ઉપાડતાં અન્યને અટકાવી શકે એવી આણુશસ્ત્રોને લગતી તાકાત પ્રાપ્ત કરવાની ભ્રામક આશામાં પોતાની આર્થિક સુરક્ષાને ગંભીરપણે હાનિ પહોંચાડવાનું જોખમ ભારત ખેડી ન જ શકે.

ડૉ. સારાભાઈ વિજ્ઞાનશાસ્ત્રી હોઈને આ બૉંબ સાથે જોડાયલા રાજકારણી મુદ્દાઓને નહિ સ્પર્શવાની તેમણે સંભાળ લીધી છે. પણ આ મુદ્દાઓ ટેકનોલોજીકલ કે આર્થિક મુદ્દાઓ જેટલા જ પ્રસ્તુત છે. બૉંબની બનાવટને અને તેની હેરફેરને લગતી પદ્ધતિને ભારત પહોંચી વળી શકે તેમ હોય તો પણ આમ કરવા જતાં તેણે જે રાજકારણી વળતર ચૂકવવું પડે તે શું વધારે પડતું નહિ હોય એ મુદ્દો પણ તેણે વિચારવાનો રહેશે જ. શ્રીમતી ઈન્દિરા ગાંધીએ હજુ તાજેતરમાં જ એક જાપાનીઝ પ્રતિનિધિમંડળને જણાવેલું તે મુજબ, જો ભારત બૉંબ બનાવવાનો નિર્ણય કરશે તો તેના પડોશી દેશો પણ બૉંબ બનાવવા તરફ વળશે અને પરિણામે આ બધા દેશોમાં તંગદિલી વધતી જશે અને ઉગ્ર રૂપ ધારણ કરશે. આ ઉપરાંત આમ કરવાથી, જે બે મહાન રાજ્યસત્તાઓ આણુશસ્ત્રોના ઉત્પાદન અને વધારાની સુદઢપણે વિરૂદ્ધ છે એ બે મહાન રાજ્યસત્તાઓ સાથેના દેશના સંબંધો વિનાકારણ વધારે ગૂંચવણભર્યા બનશે. સુરક્ષાના દૃષ્ટિબિંદુથી પણ બૉંબ બનાવવાનો નિર્ણય દેશ માટે ભારે ખાતરનાક નિવડવાનો સંભવ છે. જે સાધનો વડે પરંપરાગત શસ્ત્રોની તાકાત ઘણા મોટા પ્રમાણમાં વધારી શકાય તેમ છે તે સાધનો આણુશસ્ત્ર ઊભા કરવા પાછળ ખરચાઈ જશે. જે કોઈ સંઘર્ષનો આ દેશને સામનો કરવાની પરિસ્થિતિ ઊભી થવાનો સંભવ છે તે સંઘર્ષનું પરિણામ તેની પરંપરાગત ચાલુ શસ્ત્રોની તાકાત ઉપર આધારિત હશે. છેલ્લાં ચાર વર્ષ દરમ્યાન ભારતને જે બે યુદ્ધો લડવા પડયાં તેમાં આણુશસ્ત્રો ભારત પાસે હોત તો પણ કશા કામમાં આવી શકયા ન હોત. યુનાઈટેડ સ્ટેટ્સ પાસે આણુશસ્ત્રોનો સૌથી મોટો ભંડાર હોવા છતાં, વિયેટનામ સાથેની લડાઈમાં આ શસ્ત્રો બહુ ઉપયોગી નીવડયા નથી. આપણો દેશ આણુશસ્ત્રસંપન્ન થઈ શકતો નથી.–આવી વાસ્તવિકતા કબુલ કરતાં આપણું રાષ્ટ્રીય અહમ્, શકય છે કે, દુભાય, પણ લાંબદોર દૃષ્ટિએ વિચારતાં માલુમ પડશે કે વાસ્તવિકતાના ભાનપૂર્વક સંરક્ષણની તાકાતને વિકસાવવી એમાં જ દેશનું ખરું શ્રેય રહેલું છે.

મૂળ અંગ્રેજી: ટાઈમ્સ ઓફ ઈન્ડિયા

ઈન્ડો–અમેરિકન ફાઉન્ડેશન

એક ચર્ચાપત્ર

(પ્રસ્તુત ફાઉન્ડેશનની આલોચના રૂપે લખાયેલી અને તા. ૧-૬-૬૬ ના પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ થયેલી નોંધ વાંચીને વીલે પારલેના શ્રી ચંદુલાલ નાણાવટી કન્યા વિદ્યામંદિરના આચાર્ય શ્રી વજુભાઈ પટેલે એક ચર્ચાપત્ર લખી મોકલ્યું છે જે નીચે પ્રગટ કરવામાં આવે છે. આ ઈન્ડો-અમેરિકન ફાઉન્ડેશનનો પ્રશ્ન વિવાદાસ્પદ બન્યો છે અને તેનો ભિન્ન ભિન્ન દૃષ્ટિબિંદુથી વિચાર કરવામાં આવે છે. આ બાબત સાથે સંબંધ ધરાવતા મુદ્દાઓમાંથી કયા મુદ્દા-ઉપર વધારે ભાર મૂકવામાં આવે છે તે ઉપર આ પ્રશ્નનો એક યા અન્ય પ્રકારનો નિર્ણય આધારિત છે. મને આ ઈન્ડો–અમેરિકન ફાઉન્ડેશનની યોજનાના સ્વીકારમાં સમગ્રપણે દેશનું શ્રેય રહેલું છે એમ લાગે છે. આથી અન્યથા વિચારતા લોકોનું દૃષ્ટિબિન્દુ નીચેના ચર્ચાપત્રમાં રજુ થયું છે. વાંચકોએ એમાંથી પોતાનો સ્વતંત્ર નિર્ણય તારવવાનો રહે છે. પરમાનંદ)

પ્રબુદ્ધ જીવન નિયમિત વાંચું છું. છેલ્લાં અંકમાં ઈન્ડો-અમેરિકન પ્રતિષ્ઠાન વિષેની આપની નોંધ વાંચી અને તે વિષે પ્રબુદ્ધ જીવનના વાચક વર્ગને આપે કરેલી ભલામણ વાંચી આ પત્ર લખવાનું મન થયું.

૧. આ પ્રતિષ્ઠાન વિષેનો જે વિરોધ થયો છે તેમાં બે પ્રકારના વિચાર ધરાવનાર બુદ્ધિશાળી વર્ગ છે. એક આવી કોઈ મદદ ઉપર આધારિત શિક્ષણપ્રતિષ્ઠાન સ્થાપવું તે સ્વત્વનો હ્રાસ કરનાર હોવાથી તે યોગ્ય નથી એમ કહેનાર વર્ગ અને બીજો તેમાં આપણું આગવું વ્યકિતત્વ નહિ રહે અને અમેરિકન અસર આપણી કેળવણી અને સંસ્કારમાં વ્યાપકરૂપે આવશે એમ ભીતિ ધરાવનાર વર્ગ.

૨. પહેલો વર્ગ પ્રમાણમાં નાનો છે. પણ તેમને મન આ પાયાનો પ્રશ્ન છે. ઉચ્ચ શિક્ષણ એ આખરે આપણી ધરતીમાંથી ઉદ્ભવેલું જોઈએ. તેનો હેતુ Talents–બુદ્ધિમત્તા–શોધી તેને શકિત આપવાનો છે અને તે શકિત દેશને માટે કેમ વપરાય તે બતાવવાનો છે. આ Talents જો પરદેશથી આયાત થશે તો દેશ માટે બહુ ઉપયોગી નહિ થાય. પ્રત્યેક ગામ અને શહેરમાંથી આવા યુવાનો તૈયાર કરવા હોય તો કેળવણીનું આખું આયોજન સ્વત્વ વિકસાવે તે ઢબે કરવું રહ્યું. ઈન્ડો–અમેરિકન ફાઉન્ડેશન આવું આયોજન કરવામાં બાધક નીવડવા સંભવ છે–નહિ કે એ લોકોનું આપણા ઉપર દબાણ થશે એ કારણે, પણ આપણી દૃષ્ટિ આપણા સ્વત્વને પ્રગટાવવા તરફ પહી નહિ રહે એ કારણે.

જવાહરલાલજીએ સ્વરાજ્ય મળ્યું ત્યારે એક પણ બ્રિટિશ સૈનિક આપણા રક્ષણ માટે અહીં રહે તે સામે મોટો રોષ બતાવી એમ કહેલું જાણવા

મળે છે કે લોકો મરી જશે તે સહન કરી શકીશ, પણ પરદેશી સૈન્ય આ ધરતી ઉપર હું સહન નહિ કરી શકું અને એમની નજર સામે ભાગલા સમયે છ લાખ જેટલા લોકોનો વિનાશ થયો તે વાતની આપણને ખબર છે.

આ જ પ્રમાણે એમણે જો પરદેશી મૂડીને આધારે આપણું આર્થિક આયોજન કરવાનું ટાળ્યું હોત તો સંભવ છે કે, ભારે ઉદ્યોગોમાં આપણે બહુ આગળ ન વધ્યા હોત, પણ પ્રજામાં સ્વત્વ પ્રગટયું હોત અને આજે જે ભારે પ્રમાણમાં અસંતોષ ચોતરફ જોઈએ છીએ તે કદાચ ન હોત અથવા ઓછા હોત.

આ જો-તો ની દલીલ ઈન્ડો-અમેરિકન ફાઉન્ડેશનની ચર્ચા સાથે પ્રસ્તુત એટલા માટે છે કે આપણે પ્રશ્ન ઉપર જણાવ્યું તેમ દેશમાંથી Talents શોધી તેને શકિત આપી દેશને માટે તે શકિતનો ઉપયોગ વિશેષ ફળદાયી રીતે કેમ થાય તે રીતનું આયોજન કરવાનો છે. તેમાં જેમ આપણું હાલનું આર્થિક આયોજન આમવર્ગની દૃષ્ટિએ નાકામિયાબ નીવડતું જાય છે તેમ જ શિક્ષણમાં પણ બની રહ્યું છે અને આવાં પ્રતિષ્ઠાનથી તે વધારે બનશે.

૩. બીજો વર્ગ ફાઉન્ડેશનમાં ભાગીદારો જુએ છે, પણ મદદ સ્વીકારવા તૈયાર થાય છે. આ વર્ગમાં ઠીક ઠીક પ્રમાણમાં કૉલેજનો અધ્યાપક વર્ગ છે. તેમની દલીલ, શ્રી ગોરવાલા મજાક ઉડાવે છે તેવી, તદ્દન અર્થહીન નથી. આપણા જે વિદ્યાર્થીઓ અમેરિકા અભ્યાસ અર્થે ગયા અને પાછા આવ્યા તેમાંના ઘણા સારે સ્થાને છે. પરિણામે આપણને વધુને વધુ વિદ્યાર્થીઓને ત્યાં મોકલવાનું મન થાય છે. આપણે પહોંચતા હોઈએ તો આપણા બાળકોને અમેરિકા ભણાવવાનું મન થાય છે. આ હકીકત તેમના શિક્ષણના ઉપયોગીપણાને સિદ્ધ નથી કરતી, પણ બલ્કે તે શિક્ષણ માત્ર વ્યકિતને જ ઉપયોગમાં આવ્યું છે અને દેશને પ્રમાણમાં આચાર, વિચાર, સંસ્કાર, આબાદીની દૃષ્ટિએ બહુ લાભકારક નથી નીવડ્યું તે વાતનું સમર્થન કરે છે. આજે એવા ભણેલા યુવાનોમાંનો ઠીક ઠીક વર્ગ, અનુકૂળતા મળે તો, પાછો અમેરિકા જઈ ત્યાં સ્થિર થવાની ઈચ્છા કરતો હોય છે તે જાણીતી વાત છે. વૈજ્ઞાનિકોમાં પણ આવી સંખ્યા નાની નથી. ત્યાગ, દેશભાવના, સમર્પણની ખગશ બતાવનાર યુવાનોની સંખ્યા ત્યાંથી ભણી આવનારમાં શોધવા જઈએ તો કદાચ આપણે નિરાશ થવું પડશે. માટે પ્રતિષ્ઠાનનો વિચાર ખોટો નથી તેમ તેઓ કહે છે પણ તેનો સંપૂર્ણ કાબુ હાલના આર્થિક આયોજનની માફક આપણી પાસે હોવો જોઈએ તેમ તેઓ માંગે છે.

આપનો, વજુભાઈ પટેલ

પ્રકીર્ણ નોંધ

વાસ્તવિકતાની અક્ષમ્ય અવગણના: ઔચિત્યભંગની પરાકાષ્ટા

મુંબઈ ખાતે ગયા મે માસની ૨૧, ૨૨, તથા ૨૩મીના રોજ ભરાયેલા કૉંગ્રેસ મહાસમિતિના અધિવેશનના અનુસંધાનમાં કૉંગ્રેસી મહાનુભાવો માટે જે ભાતભાતનાં આનંદ અને મોજમજાના ભોજન-સમારંભો અને વિવિધ પ્રબંધો ગોઠવવામાં આવ્યા હતા તે સંબંધમાં તા. ૩-૬-૬૬ ના રોજ બોલાવવામાં આવેલી પત્રકાર પરિષદ સમક્ષ ખુલાસો કરતાં મુંબઈ કૉંગ્રેસના પ્રમુખ શ્રી. પી. જી. ખેર જણાવે છે કે:-

"સાગરસફર વખતે જે ભોજન ૭૦૦થી ૮૦૦ માણસોને આપવામાં આવ્યું હતું તેમાં તથા જુહુની એક હોટેલમાં ૧,૦૦૦ માણસોને જે ભોજન આપવામાં આવ્યું હતું તેમાં અનાજની વાનગીઓ પીરસવામાં આવી નહોતી. આ બધા લોકો એમને ઉતારે જમ્યા હોત તો તેમને અનાજની વાનગી મળી હોત. આથી હકીકતમાં તો એ બે ટંક પૂરતો અનાજનો બચાવ જ થયો છે. રોજ સાંજે ૫ વાગ્યે હોટલના બંધ કરી દેવામાં આવી હતી અને વિધાનસભાના સભ્યોની હોસ્ટેલમાં પણ તે દિવસે રાત્રે કોઈ ભોજન આપવામાં આવ્યું નહોતું. આમ મહારાષ્ટ્ર સરકારના અનાજના વપરાશના નિયમન અંગેના કોઈ હુકમનો ભંગ પણ કરવામાં આવ્યો નહોતો.

"પ્રતિનિધિઓ તથા મહેમાનો માટે થયેલી ખરચાળ સરભરા અંગે વડા પ્રધાન તથા કૉંગ્રેસપ્રમુખે મુંબઈ કૉંગ્રેસ સમક્ષ પોતાની નાપસંદગી વ્યકત કરી છે એવા અહેવાલોને તેમણે પાયા વિનાના ગણાવ્યા હતા. એમણે કહ્યું હતું કે, સરભરા અંગેની બધી જ વ્યવસ્થા શ્રીમતી ઈંદિરા ગાંધી અને શ્રી કામરાજની પૂર્વ સંમતિથી થઈ હતી, એટલું જ નહિ, એમણે બન્નેએ મુશ્કેલીઓની વચ્ચે અમે જે વ્યવસ્થા કરી હતી તેના પ્રત્યે ઊંડો સંતોષ વ્યકત કર્યો હતો.

આ અધિવેશનનો ખર્ચ લગભગ બે લાખ રૂપિયા જેટલો આવ્યો છે."

આ ખુલાસો વાંચીને ભારે દુ:ખ તથા આશ્ચર્ય થાય છે, કારણ કે આ ખુલાસો ધીટતાથી ભરેલો છે; તેમાં ભોળા લોકોને સમજાવી લેવાનો પ્રયત્ન છે. આજે દેશભરમાં અનાજના દુષ્કાળની પરિસ્થિતિ પ્રવર્તે છે; મોંઘવારીની ભીંસ વચ્ચે, તરેહ તરેહની તંગી નીચે અને કરવેરાના અસહ્ય બનતા જતા બોજા નીચે પ્રજાજીવન કચડાઈ રહ્યું છે. આવી પરિસ્થિતિમાં આપણને અનિવાર્ય ધર્મરૂપે પ્રાપ્ત થાય છે કે ખાસ જરૂરી ન હોય ત્યાં સુધી આપણે કોઈ સામુદાયિક સંમેલનો યોજીએ નહિ અને જે કોઈ સંમેલનો યોજવાનું આવી પડે તે બને તેટલાં સાદાં યોજીએ અને તેમાં આજના સમય સાથે બંધ બેસે નહિ તેવા આનંદવિનોદનાં-મોજમજા કરવાનાં-કાર્યક્રમો ગોઠવીએ નહિ. ખાસ કરીને જેના માથે આખા ભારતની પ્રજાના સુખદુ:ખની જવાબદારી છે તેવી કૉંગ્રેસ સંસ્થાએ તો આવી બાબતમાં પૂરા જાગૃત રહેવું જોઈએ. આને બદલે તાજેતરમાં મુંબઈ ખાતે મળેલા કૉંગ્રેસ મહાસમિતિના અધિવેશન ઉપર આવેલા કૉંગ્રેસી નેતાઓને મુંબઈની આલીશાન લેખાતી હોટેલોમાં ઉતારવામાં આવ્યા હતા અને આ અધિવેશન સાથે જોડવામાં આવેલા કેવળ મોજમજાલક્ષી કાર્યક્રમના કારણે આખા અધિવેશને એક જલસાનું રૂપ ધારણ કર્યું હતું. એક રાત્રે ૭૦૦થી ૮૦૦ મહેમાનો માટે સાગર સફર યોજવામાં આવી હતી; બીજી રાત્રે જૂહુ જેટલા દૂર આવેલા સ્થળ ઉપર 'સન એન્ડ સૅન્ડ'ના નામે ઓળખાતી બાદશાહી હોટેલમાં ૧૦૦૦ કૉંગ્રેસીઓ માટે ભોજનસમારંભ ગોઠવવામાં આવ્યો હતો. ત્રીજી રાત્રે રીગલ થીએટરમાં આ મહાજનોને ચિત્રપટ દેખાડવામાં આવ્યું હતું. આજની વાસ્તવિક પરિસ્થિતિના સંદર્ભમાં આવો આનંદવિહાર કેટલો બધો કઢંગો, બેહુંદો, અસમયોચિત ગણાય તેનો આ આયોજકોને ખ્યાલ સરખો પણ ન આવ્યો! સ્વાભાવિક છે કે આ બધું જોઈને જાણીને સામાન્ય લોકોના દિલ ઉકળી ઊઠે અને જાહેરમાં તેમ જ ખાનગીમાં આ ઠઠારાની તેઓ સખત ટીકા કરે, �આટકણી કાઢે અને લોકોની કહેવાતી કૉંગ્રેસ આજે ક્યાં જઈ રહી છે એવો પ્રશ્ન પૂછે. આવી ટીકા ટીપ્પણીથી આ પ્રકારનાં અવિવેકી આયોજન માટે જવાબદાર કૉંગ્રેસી આગેવાનોએ સજાગ થવું જોઈએ, અન્તર્મુખ બનવું જોઈએ અને પોતાની ભૂલ જાહેરમાં કબુલ કરવી જોઈએ. આને બદલે મુંબઈ કૉંગ્રેસના પ્રમુખે જે ખુલાસો બહાર પાડયો છે તેમાં નથી કોઈ શરમનો ઉદ્‌ગાર કે પશ્ચાત્તાપનો એકરાર. ઉલટું જે થયું છે એ બરોબર, યોગ્ય અને ઉચિત જ થયું છે એવો ભાવ આ ખુલાસો વાંચતાં ઊઠે છે, એટલું જ નહિ પણ, બહાર કરવામાં આવેલી ભોજન વ્યવસ્થામાં પ્રતિબંધિત અનાજની વાનગીઓ પીરસવામાં આવી નહોતી અને એ રીતે એટલા પૂરતો પ્રતિબંધિત અનાજનો બચાવ કરવામાં આવ્યો હતો એવી આ ખુલાસામાં શેખી કરવામાં આવી છે-જાણે કે કાનુની મર્યાદામાં રહીને પણ આવી શાનદાર હોટેલોમાં તૈયાર કરવામાં આવેલી ભાત ભાતની વાનીઓ પાછળ થયેલા અમર્યાદ ખર્ચનો તો કોઈએ કશો વિચાર જ કરવાનો ન હોય. આવો ધીટ ખુલાસો રજુ કરીને સંતોષ ન માનતાં આ બધી ગોઠવણ શ્રીમતી ઈન્દિરા ગાંધી અને કૉંગ્રેસ-પ્રમુખ કામરાજની સંમતિપૂર્વક કરવામાં આવી છે એમ મુંબઈની

કૉંગ્રેસના પ્રમુખ જણાવે છે અને એ રીતે આ ગોઠવણના ગુણદોષ અંગે–ઔચિત્ય-અનૌચિત્ય અંગે કૉંગ્રેસની શિખરસ્થ વ્યક્તિઓનો હવાલો આપે છે. અને છેવટે આ અધિવેશન પાછળ લગભગ બે લાખ રૂપિયા જેટલો ખર્ચ થયો છે એમ મુંબઈ કૉંગ્રેસના પ્રમુખ વિનમ્ર ભાવે જણાવે છે–જાણે કે આટલો ખર્ચ કંઈ વધારે પડતો ન ગણાય. પણ જ્યારે આ અધિવેશન માટે કોઈ મોટો મંડપ બાંધવામાં આવ્યો નહોતો અને બહારથી આવેલા કૉંગ્રેસીઓને વસાવવા માટે કોઈ ખાસ નિવાસસ્થાનો ઊભાં કરવામાં આવ્યા નહોતાં ત્યારે સહજ ફલિત થાય છે કે આ બે લાખ રૂપિયાની રકમનો મોટો ભાગ કૉંગ્રેસી મહેમાનોની સરભરા કરવા પાછળ–તેમને ખવરાવવા પીવરાવવા તથા મોજમજાહ કરાવવા પાછળ જ–ખર્ચાયો છે. આ રીતે વિચારતાં આ બે લાખનો ખર્ચ પણ શું વધારે પડતો નથી?

અત્યન્ત નિરાશાજનક પરિસ્થિતિમાં પણ માનવી પુરુષાર્થબળે ઊંચો આવે છે.

ઉપરના વિચારને આગળ ધરતી એક નોંધ તા. ૪-૬-૬૬ ના ટાઈમ્સ ઑફ ઈન્ડિયામાં પ્રગટ થઈ છે જેનો અનુવાદ નીચે મુજબ છે:–

જયપુર સેન્ટ્રલ જેલમાં જીવનભરની કેદની શિક્ષા પામેલો ૧૯ વર્ષની ઉમ્મરનો એક કેદી પ્રી.યુનિવર્સિટી (એટલે કે કૉલેજના પ્રથમ વર્ષની) પરીક્ષામાં પહેલા નંબરે પસાર થયો છે અને પહેલા નંબરે આવ્યો છે. આ એક ખરેખર અસાધારણ ઘટના છે. પોતાના એક સાથી વિદ્યાર્થીનું ખૂન કરવા બદલ તેને ત્રણ વર્ષ પહેલાં ૨૦ વર્ષની કેદની શિક્ષા ફરમાવવામાં આવી હતી અને શરૂઆતમાં તેને જ્યુવેનાઈલ રેફરમેટરી (નાની ઉંમરના ગુનેહગાર છોકરાઓ માટેની જેલ)માં મોકલવામાં આવ્યો હતો. તે રેફરમેટરીમાં હતો તે દરમિયાન તેણે હાઈસ્કૂલની પરીક્ષા પસાર કરી હતી. જેલમાં ૨૦ વર્ષ જેટલી લાંબી મુદતની શિક્ષા જેવા કેવળ નિરાશાજનક સંયોગો વચ્ચે પણ નિરાશાને વશ બનવાનો ઈનકાર કરનાર એક વ્યક્તિનો આ ભારે બહાદુરીભર્યો કિસ્સો છે.

જીવનભરની જેલશિક્ષા અથવા તો મૃત્યુદંડની શિક્ષા પામેલા એમ છતાં જેલમાં રહીને ખ્યાતિ પ્રાપ્ત કરેલા માનવીઓના આજકાલ સારી સંખ્યામાં કિસ્સાઓ સાંભળવામાં આવે છે. આમાં સૌથી વધારે જાણીતો કિસ્સો કેરીલ ચેસમેનનો છે કે જે પોતાને મૃત્યુદંડની શિક્ષા થયેલી, એમ છતાં બાર વર્ષ સુધી એ શિક્ષાને તે ટાળી શક્યો હતો અને આખરે ૧૯૬૦માં તેને ફાંસીએ ચઢાવવામાં આવ્યો હતો. તે જેલમાં હતો તે દરમિયાન પોતાની કોટડીમાં રહીને તેણે કાયદાનો અભ્યાસ કર્યો હતો અને જેનું ખૂબ વેચાણ થયેલી, એવી ઢગલાબંધ નવલકથાઓ તેણે લખેલી હતી અને મૃત્યુદંડની શિક્ષા સામે તેણે જોરદાર આંદોલન ચલાવ્યું હતું. રૉબર્ટ એફ્ સ્ટ્રાઉડ જે 'આલ્કાટ્રાઝના પક્ષીનિષ્ણાત,' તરીકે ઓળખાતો હતો તેનો પણ એટલું જ ધ્યાન ખેંચે એવો કિસ્સો છે. એક દિવસ, તેની કોટડીમાં એક ઘાયલ ચકલી આવી પડી, અને તેની તેણે સારવાર કરી. આ શરૂઆતમાંથી, તેને મળેલી જીવનભરની જેલશિક્ષા ભોગવતાં ભોગવતાં તે પક્ષીશાસ્ત્ર ઉપર દુનિયાનો સૌથી વધારે વિખ્યાત એવો પ્રમાણભૂત લેખાતો નિષ્ણાત બનવા પામ્યો. જીન જેનેટ નામની વિવાદાસ્પદ બનેલી ફ્રેંચ લેખિકા પોતાના ગુનાહની પોતે જ કબુલાત કરવાના પરિણામે જેલશિક્ષા પામેલી. આ પણ કેદમાં રહીને જેની પ્રજ્ઞાનો ઉત્કર્ષ થયો હોય એ કક્ષાના માનવીઓનો એક વધારે કિસ્સો છે.

કળાગુરુ નંદબાબુ વિષેની જીવનનોંધમાં સુધારવાયેલો એક સુધારો

તા. ૧-૫-૬૬ ના પ્રબુદ્ધ જીવનમાં શ્રી નંદલાલ બસુ વિષે પ્રગટ થયેલી નોંધમાં જણાવવામાં આવ્યું હતું કે "૧૯૨૮માં વિશ્વભારતીની સ્થાપના થઈ ત્યારે ગુરુદેવ ટાગોરે તેમને પોતાને ત્યાં બોલાવી લીધા અને કલાભવનના અધ્યક્ષપદે મૂક્યા" આ ભૂલભરેલા વિધાન તરફ ધ્યાન ખેંચીને એક મિત્ર તેને આ મુજબ સુધારવા સૂચવે છે. "૧૯૧૮માં વિશ્વભારતીની સ્થાપના થઈ અને નંદલાલ બસુ ઉર્ફે નંદબાબુ ૧૯૧૯માં કલાભવનમાં જોડાયા, પણ થોડા જ મહિનામાં અવનીન્દ્રનાથ ટાગોરના બોલાવ્યા કલકત્તા ચાલી ગયા. ત્યારબાદ ૧૯૨૦માં તેઓ કાયમનો નિવાસ કરવા માટે પાછા શાન્તિનિકેતન આવ્યા અને ૧૯૨૨માં કલાભવનના પ્રિન્સિપાલ થયા."

પરમાનંદ

મહાપ્રસ્થાનના પથ પર–૧૧

ગૌરીકુંડ છોડીને હું આગળ ચાલ્યો. ઠંડી સારી પેઠે હતી. આખો રસ્તો ચઢાણનો હતો. ખોડંગતા પગે ચાલવાનું પણ હવે દુઃખ નહોતું. બધું કોઠે પડી ગયું હતું. આકાશ ક્યાંક ક્યાંક વાદળાંથી છવાયલું હતું. થોડીક વાર પહેલાં જ સહેજસાજ વરસાદ વરસી ગયો હતો. ઠંડો પવન સૂસવાતો હતો. વચ્ચે વચ્ચે કેદારથી પાછી આવતી ઠંડીથી હેરાન થયેલી એવી યાત્રીઓની ટોળીઓ મળતી હતી. પરસ્પર મળતાં 'જય કેદારનાથ' કહીને એકબીજાને સત્કારતા. દરેક જણ શક્ય તેટલે અંશે ગરમ વસ્ત્રથી ઢંકાયેલું હતું. બધા એકવાર બોલતા હતા, બધા અમને એકવાર કહેતા હતા. "સમાલકે ચલો બહુત બરફ, જાન બચાકે ભૈયા," જેમ આગળ જાઓ તેમ ભય, જાણે કે, આવતી આપત્તિ અમારી પ્રતીક્ષા કરતી જ બેઠી હતી. જાતજાતની શંકા, ચિંતા, હોવા છતાં મારી ગતિ મંદ થઈ નહોતી. મારી ગતિ એટલી જ ઝડપી અને સાવધાનીભરી હતી. ક્યાંક ક્યાંક રસ્તો અત્યંત સાંકડો હતો, વચ્ચે વચ્ચે પહાડી લોકો, બકરાની પીઠ પર ખાવાની ચીજો અને બળતણ લઈને જતા મળતા હતા, તેમની સાથે એકાદ પાળેલો મોટો કુતરો રહેતો. બકરાઓને જંગલી જાનવરો મારી ન નાંખે તે માટે એક મોટો શિકારી કૂતરો પર્યાપ્ત મનાતો.

અમે વનના પહાડી માર્ગોથી જતા હતા. એ જગ્યાનું નામ ચીરવાસા ભૈરવ હતું. જો કોશિષ કરીએ તો આજે જ અમે કેદારનાથ પહોંચી શકીએ એમ હતું. પણ સાંજ પડ્યા પછી કેદારનો રસ્તો સલામત નથી, વળી આકાશ પણ વાદળાંઓથી છવાયું હતું, ને એથી પણ અંધકાર વિશેષ ગાઢ બન્યો હતો, અને કદાચ વરસાદ તો પડે, પણ સાથે સાથે બરફ પણ પડે, ને કરા પણ વરસે, એથી જ રામવાડામાં જ અમે રાત ગુજારવાનું નક્કી કર્યું. અમારો પરમ પ્રિય છડીદાર અમરસિંહ આ સંબંધમાં અમને પૂરતી માહિતી આપતો જતો હતો. લગભગ સાડાચાર વાગ્યે અમો રામવાડાની ચટ્ટી પર પહોંચ્યાં. તે વખતે ઝરમર વરસાદ વરસવો શરૂ થયો હતો. એટલે પવન ને એટલી ઠંડી હતી કે, ખુલ્લી જગ્યામાં તો એક મિનિટ પણ ઊભા રહેવાય એમ ન હતું. છાતીની અંદર તો ઠંડી જાણે એકદમ પેસી જતી હતી. જાણે પવન કાંટાની જેમ છાતીમાં ભોંકાતો હતો. ઝટપટ મેં આખો કામળો ઓઢી લીધો. દાંત કડકડ બોલતા હતા.

વરસાદ તો અટક્યો, પણ આકાશ સાફ બન્યું નહિ. ચટ્ટીની દિવાલ અને ઉપરની છત હલવા લાગ્યાં, અને બરફના ઠંડા પવનના સૂસવાટાથી અમે ભયભીત બની ગયાં. ગોપાલદા ચલમ પકડીને કોણ જાણે શું વિચાર કરવા લાગ્યા. એવામાં કોણ જાણે ક્યાંથી તોફાનની જેમ બ્રહ્મચારી આવીને હાજર થઈ ગયો. હું તો એને જોઈને આનંદથી ચીસ પાડી ઊઠ્યો. હસતો હસતો તે બોલ્યો, "કેદારનાથ ફરી આવ્યા, અરે બાપરે! કેવું ભયાનક! બરફ, બરફ ને બરફ. ખૂબ સાવધાન રહેજો. જોજો તોફાનના મોઢામાં આવીને ન પડતા. હવે અહીંથી ભાગી છૂટાય એટલે બસ."

"તમે અમને છોડીને કેમ ચાલી ગયા બ્રહ્મચારી?"

"આ તમારી જોડે તો છું. એ તો હું આગળ જતો હતો. હવે બદરીનાથમાં આપણે ફરી મળીશું. મારે જરા ઉતાવળ છે ને. પાછો વળતાં હું વૃંદાવન જઈશ." ચોમ કહીને એ બીડી પીવા લાગ્યો. એની આંખમાં કોઈ નવી ચંચળતા હતી, એના હૃદયમાં આશા હતી, એનામાં કોણ જાણે ક્યાંથી આટલું સાહસ હતું? એ બધું આજે એને પૂછતાં મને શરમ આવવા લાગી કે કોણ એના ખાવાનાની સગવડ કરતું હતું? એના નવા મિત્રો કોણ છે? અમારા કરતાં એને કોણ વિશેષ આત્મીય સાંપડ્યા છે? પરન્તુ કાંઈ પણ બોલ્યા વગર એના મોઢા તરફ હું જોતો જ રહ્યો. મારે એની જોડે બહુ બહુ તો પંદર દિવસનો પરિચય, પણ સમયનું પરિમાણ કાંઈ વિશેષ મહત્ત્વનું નથી. અમને હસાવી હસાવીને

એ સ્થિર થતો ગયો. રસ્તે રસ્તે, દુઃખે સુખે, આપદમાં વિપદમાં, આમારો સંબંધ ઘનિષ્ટ બન્યો હતો. અને અમારી મૈત્રીની અનેક ગાંઠો દઢતાથી બંધાઈ હતી. બીડી પીને કામળો, લાઠી ને લોટી લઈને એ ઊભો થયો ને હસતાં હસતાં ગોપાલદા પાસે વિદાય લેતો બોલ્યો: "જાઉં દાદા! વખત છે, ત્યાં સુધીમાં ગૌરીકુંડ પહોંચી જાઉં, ૐ નમો નારાયણ."

હું એની સામે આંખ માંડી શક્યો નહિ. જો એમ કરી શકત તો એ જોઈ શકત કે પ્રિયજન છોડીને જાય ત્યારે મને કેવું દુઃખ થાય છે. મારા જેવો પોચો ને ઘડીમાં ભાંગી પડે એવો આ દુનિયામાં બીજો કોઈ નહિ હોય. ફકત એક વાર મેં બોલવાનો પ્રયત્ન કર્યો, "મેં તારો શો ગુનો કર્યો છે? બ્રહ્મચારી, બોલી તો જા." પણ મારા મુખમાંથી અવાજ બહાર જ ન નીકળ્યો.

એ આમ જ ઘણા સમયથી બધાની અવગણના કરીને છોડતો આવ્યો છે. કયારેક એમ કરવાનું કારણ હશે, તો કયારેક કારણ નહિ હોય, એ ભીખ માંગે, ગંગાળપણું દર્શાવે, આપણને ઘૂણા ઉપજે એવી ખુશામત કરતાં પણ એને જોયો છે. એમ છતાં એના હૃદયમાં કોણ જાણે કયાંક પણ લોખંડી દઢતા હતી. માનવસમાજની તરફ એ અભિમાનથી, ઊંચી ભમરે જોતો. એ જ એનું ચારિત્ર્ય હતું, એ જ એનો સંન્યાસ હતો. એ ચાલી ગયો તોયે હું એમ ને એમ બેઠો રહ્યો– બેઠો જ રહ્યો. અંદર કોઈ કોઈ યાત્રી ઠંડીને લીધે મોઢામાંથી સીસકારા બોલાવતા હતા, કોઈ કોઈ તાપણું સળગાવીને તાપતા બેઠા હતા, કોઈ કંપિત કંઠે મહાભારતની વાતો કરતા હતા. હું નિર્વાક બનીને ગૌરીકુંડના રસ્તા તરફ તાકતો બેઠો જ રહ્યો. સામે જ ઠંડીથી જર્જર થયેલી અંધારી રાત્રી જામતી હતી. હમણાં જ કદાચ વાદળ વરસશે ને પછી બરફ પડવા માંડશે. એવામાં એ નિષ્ઠુર કયાં અદશ્ય થઈ ગયો હશે કોને ખબર? જીવનમાં એ ફરી પાછો નહિ મળે એ પણ હું જાણું છું, તો પણ કંગાળની જેમ મારું મન એની પાછળ પાછળ ભટકયાં કરે છે. એ દરિદ્ર છે અને કોઈએ આપેલા અન્ન પર જ નિર્વાહ કરે છે એ જાણીને મેં એને રોજ રોજ આહાર ને આશરો આપ્યો હતો, તેનું અભિમાન મને નથી. મને તો એમ થયું કે અત્યાર સુધી હું જ એનો દબાયેલો હતો. હું એની આગળ પરાજિત થયેલો હતો. એને જ આધીન હતો.

રાત્રે ચટ્ટીવાળાને ચાર આના આપીને એક ગરમ ઓઢવાનું ભાડે લઈ લીધું. એથી સવાર થતાં પણ જાગ્યો નહિ. ન જ જગાય ને. ઓઢવાનાની ગરમી હતી. આમ તેમ નજર નાંખી તો ઘરડા ઉંદર જેવો ગોપાલદા મારા ઓઢવાનામાં લપાઈને નસકોરાં બોલાવતો હતો. અમરાસિંહ ને કાલીશરણના બૂમબરાડાથી અને બીકથી અમે બધા ઊઠી પડયા. ઓઢવાનું કાઢયું ત્યાં લાગલી જ બહારની ઠંડી જાણે કોઈ ચાબૂક મારતું હોય એમ પીડવા લાગી. ઝટપટ બધું સમેટીને બાંધી લીધું, ને ઠંડીથી સૂસવાતા રસ્તા પર આવ્યા, ત્યારે વખત સારી પેઠે વહી ગયો હતો.

આકાશ ઘેરાં વાદળ તથા ધુમ્મસથી અંધકારમય હતું. ખબર મળ્યા કે આખા વરસમાં કોઈ કોઈ દિવસે જ અહીં સૂર્યનાં કિરણ દેખાય છે. સામે જ બરફની ઉપરથી વાદળાંઓ પસાર થતાં હતાં. ઠંડીને લીધે પંગ બરાબર ઉપડતા નહોતા, પાગલની જેમ મારી લથડતી ગતિ હતી. દાંતની ઉપર દાંત બીડાયા હતા. મોઢા પર, આંખ પર બરફમાંથી આવતો પવન સપાટો લગાવતો હતો. લાઠી બરાબર પકડાતી નહોતી. પગદંડીવાળો પહાડનો રસ્તો હતો, લાંબો ને ઊંચો ચઢાણનો રસ્તો હતો, ને સર્પાકારે વળાંક લેતો ઉપર જતો હતો. છાતીમાં ખૂબ જોર હતું, પણ પગ ઢીલા પડતા હતા. થોડીવાર ઊભા રહીને પાછું ચઢવા માંડયું. આજે હું બધાથી આગળ હતો. નહોતી કોઈ વ્યથા, નહોતો કોઈ થાક, નહોતી કોઈ ઉત્સાહહીનતા. પાછળનો રસ્તો ધુમ્મસમાં ઢંકાઈ ગયો હતો, સામેજ હિમાલયનું અનંત એવું ધુમ્મસ હતું, રસ્તાને કિનારે કિનારે બરફનો ઢગ પડયો હતો, ઝરણાંઓમાંથી સાબુના ફીણની જેમ પાણી પડતું હતું. આજે હું આગળ હતો. આજે મારા શરીરમાં ફરીથી શકિતસંચાર થયો હતો, બળ હતું, ઉત્તેજના હતી, અપરિમેય પ્રાણલીલા હતી. કયાંક પાછળની જમીન લુપ્ત થઈ ગઈ હતી, કયાંક વિલીન થયો હતો પાછળની દુનિયાનો સમાજ, સંસાર, ને આત્મીય મિત્રોનો સમૂહ...આજે હું આરામ લેવાનો નથી, તુચ્છ દેહના અભાવ–અભિયોગ તરફ નજર કરવાનો નથી. આજે પૂરની જેમ અપ્રતિહત વેગથી હું દોડયો જઈશ. આજે સમસ્ત જીવનમાંથી મને મુકિત મળી છે, બધાં બંધન મારાં છૂટી ગયાં છે, લોભ, મોહ, સ્વાર્થ નીચેની દુનિયામાં છોડી આવ્યો છું, પાપ, પુણ્ય, દુઃખ કે આનંદનો સવાલ જ ઊભો થતો નથી. હવે નદી મહાસાગર તરફ ધસે છે. અંધકાર તેજની તરફ જાય છે, જીવન અને મૃત્યુ મહાનિર્વાણને રસ્તે ધપતું જાય છે. મનુષ્ય સ્વર્ગ તરફ દોડે છે. આજે હું કોઈ બંધન સ્વીકારવાનો નથી, જાઉં છું સ્વર્ગરાજ્યની પ્રસ્થાપનાની કલ્પનામાં, દેહમાંથી દેહાન્તરમાં આવ્યો છું. આત્માનો મેં આવિષ્કાર કર્યો છે. આજે હું આગળ આગળ દોડયો જ જાઉં છું. દોડયો જ જાઉં છું.

એકવાર ઊભો રહ્યો. દોડતાં દોડતાં બધાંને પાછળ નાંખી દીધાં હતાં. ચારે બાજુના વિસ્તૃત ધુમ્મસમાં સાથીઓ કોણ જાણે કયાં ખોવાઈ ગયા હતા, ફકત બન્ને બાજુની રસ્તાની રેખા જ દેખાતી હતી. કયાંય વૃક્ષો કે લતા નહોતાં, વન્ય અરણ્ય નહોતાં, જીવ કે જાનવરનું ચિહ્નમાત્ર નહોતું. ફકત બરફમય પર્વતમાળા હતી, અસંખ્ય ઝરણાંઓ વેગથી અવાજ કરતાં કરતાં નીચે દડતાં હતાં. ડાબાજમણી, ઉત્તર દક્ષિણ બધે જ મેઘની ઘટા છવાયલી હતી, આકાશ લુપ્ત થઈ ગયું હતું, પૃથ્વીનું નામનિશાન નહોતું. હવે તો મેં અંધની માફક ચાલવું શરૂ કર્યું હતું, ગર્જના કરતા પવનની સામે હું મારા બે પગોને સ્થિર રાખી શકતો નહોતો. ધીરે ધીરે અજવાળું વિશેષ પ્રખર બન્યું. એ અજવાળું આકાશમાંથી આવતું નહોતું, તડકાનો પણ એ પ્રકાશ નહોતો, વિજળી કે આગનું નહોતું, એ એક નવીન જાતનું અલૌકિક તેજ હતું. એ હતું બરફની ઉજ્જવલતાનું તીવ્ર, તીક્ષ્ણ અજવાળું. જાણે અજવાળાનો પ્રવાહ હતો, અજવાળાનો સમુદ્ર હતો, અજવાળાંનો ઘોધ હતો. પ્રબળ વેદનાથી આંખ મીંચાઈ ગઈ, બંને આંખો આ તેજને જોઈ શકતી નહોતી. આંખે હાથ દઈને આંધળાની જેમ સાંકડા માર્ગની રેખા ઉપર પગ મૂકતો મૂકતો હું ચાલ્યો, એ કેવી ભયાનક સર્વનાશી તેજની ઉગ્રતા, તીરની જેમ આંખમાં જાણે વાગતી હતી. યાત્રીઓ રસ્તો ચૂકી જતા ને મૂંઝવણને લીધે લથડી પડતા. જોતાં જોતામાં પાછું કાંઈક અવનવીન જોયું. આંધી આવી, ને આંધીની જોડે આવી હિમવર્ષા ને એની જોડે વરસાદનાં મોટાં મોટાં પાણીનાં ફોરાં. ઠંડી તો કહે મારું કામ. અરેરે! આજે કાંઈ જાન બચે એમ લાગતું નથી. હજી કેટલું દૂર છે કોને ખબર? મંદિર કેટલું દૂર હશે? માથા ઉપર બરફ પડતો હતો, ખભા ઉપર બરફ પડતો હતો, મારો કામળો બરફ છવાયાથી સફેદ બની ગયો હતો, આંખને ઉઘાડવાનો સખત પ્રયત્ન કર્યા છતાં પણ આંખ ઉઘડે નહિ. ગાંડાની જેમ દોડવાનો પ્રયત્ન કર્યો.

અરે, હું તો બરફ પર લપસી પડયો. રસ્તો બધો બરફથી છવાઈ ગયો હતો. આ શું? શું ખરેખર મારા શરીરમાં શકિત રહી નહોતી? શરીર પત્થરની જેમ જડ કેમ થતું જાય છે? આ હું કયાં ફસડાઈ પડયો? હાથ પસારતાં પસારતાં કામળો જડયો. બિચારા કામળાએ મારે માટે કેટલું દુઃખ સહન કર્યું હતું? કેટલો નીચે સરી પડયો હતો તે સમજાયું નહિ. બહુ પ્રયત્નથી આંખની પાંપણ ઉઘાડીને

જોઉં છું તો પાસે જ એક જલાશય. ઠંડીને લીધે એનું પાણી જામી જવાથી અરીસાના કાચ જેવું કઠણ બની ગયું હતું. શરીર ખંખેરીને પાછો ઊઠયો, બરફમાં પગ અંદર ઘૂસી ગયો. લાઠી બરફમાં રોપાઈ ગઈ હતી. ચૂલામાં ગઈ આ યાત્રા. હાશ, બચી ગયો. કમર સુધી ઠંડી લાગવાથી જાણે લકવો થઈ ગયો હતો, ઉપરનું શરીર જ ફક્ત બાકી હતું. જાતને ખેંચતો ખેંચતો હું આગળ વધતો હતો. આંખ ઉઘાડી શકયો હોત તો ખબર પડત કે કેટલે દૂર પહોંચ્યો છું. આંખ પર ને મોઢા પર બરફ પડયો હતો, ને પાણીનાં ટીપાં બાઝ્યાં હતાં. માથાના વાળ ભારે થઈ ગયા હતા. મારી ગેરુઆ રંગની કફની મુલાયમ બરફથી ઢંકાઈ ગઈ હતી. આંખ મીટ-મીટાવીને એકવાર જોવાને પ્રયત્ન કર્યો, સામે જ બરફની પુષ્પવૃષ્ટિ ઝાલરની જેમ ઝગમગતી હતી, માથા ઉપર બરફનું અજવાળું હતું. કેવું અનિર્વચનીય રૂપગૌરવ હતું! જાણે હું કોઇ વિરાટ રૂપના ચરણસ્પર્શ માટે ઉપર જતો હોઉં, જાણે એક વિપુલ વિશ્વના તોરણ દ્વારે ટકોરા મારવા માટે ગાંડાની જેમ જતો હતો, જાણે સ્વર્ગની જોડે આજે મર્ત્યનું આલિંગન થવાનું હોય!

એવામાં મેં શંખધ્વનિ સાંભળ્યો. કાંસાંનાં ઘંટાનો અવાજ આવતો હોય એમ લાગ્યું. કઈ તરફ? ઉત્તરે કે દક્ષિણે? ફરીથી કાન માંડીને મેં સાંભળ્યું. પણ હવે ચાલવાની મારી હામ નહોતી. એક વાર સૂઈને આરામ લઉં? પણ સૂતાં સૂતાં જ અંતિમ શ્વાસ લઈશ કે શું? પ્રાણમાં હું ધીરે ધીરે ડૂબતો જતો હતો. બધું ડૂબતું હતું, રૂપ, અજવાળું, શબ્દ, ચેતના, શ્વાસ, બધું જ. હાથ પગ હવે કશી વાત સાંભળવા માગતા નહોતા. એકવાર ચીસ પાડીને રડાય એમ પણ હતું નહિ ને તોફાનની જેમ એકવાર અટ્ટહાસ્ય પણ કરી શકતો નહોતો.

"મહારાજજી કયોં ખડા હુઆ હૈ?" હાથ પર પ્રચંડ પ્રહાર થતાં એકદમ સચેત થઈ ગયો. મારો હાથ પકડીને ધમધમ કરતો થોડાં ડગલાં આગળ આવીને પેલો બોલ્યો, "ઔસા હોતા હૈ ઠંડે મેં, જલદી...જલદી આના."

"કૌન હૈ તુમ? છોડો છોડો."

"આઓજી, આંખ ખોલો. મૈં અમરાસિંહ હું. આઓ પૂલ આગે." અમરાસિંહ મને ખેંચીને ચાલ્યો.

શરીરની બધી શકિત સંચય કરીને આંખનાં પોપચાં ઉઘાડીને એકવાર મેં જોયું. તે વખતે મંદાકિની-દૂધગંગાના પૂલની પાસે હું આવી પહોંચ્યો હતો. કાંસાના ઘંટનો અવાજ પાછો દૂરથી સંભળાયો. બે ચાર યાત્રી દૂર છાયાની જેમ હાલતા હતા. પૂલ પાર કરતાં જ સામાન્ય ગામ અને કેટલાંક પથ્થરનાં ઘર હતાં. બેએક દુકાન હતી. રસ્તો પથ્થરથી બાંધેલો હતો. ઘરબાર, દુકાન પથઘાટ બધું જ કઠણ બરફથી ઢંકાઇ ગયું હતું. એના પરથી જ આવજા ચાલતી હતી. ખબર કાઢતાં માલમ પડયું કે ગોપાલદાનું દળ ઘણું પાછળ રહી ગયું હતું.

થોડો રસ્તો કાપ્યો ત્યાં બરફથી આચ્છાદિત હિમાલયની પટ-ભૂમિકામાં કેદારનાથનાં મંદિરનાં દર્શન થયાં. સામે જ પથ્થરના ઓટલા પર, રસ્તાની ઉપર જ, પાછળ જ વિરાટ પથ્થરનો સાંઢ બેઠો હતો. આંખ બરફનું તેજ સહન કરવા ટેવાઈ ગઈ હતી. હવે ખાસ કષ્ટ થતું નહોતું. આ વખતે હાથની તરફ ધારીને જોયું તો, આંગળાનાં ટેરવાં ફાટી જઈને એમાંથી લોહી વહેતું હતું. પગની ચામડી ફાટી ગઈ હતી. તે ભલે હોય. બહાર જોડા કાઢીને આ પરમ રૂપવાન મંદિરના ગાઢ અંધકારની અંદર મેં ઝટઝટ પ્રવેશ કર્યો. અંદર કેટલાક માણસો, અર્ધાગાંડા સ્ત્રીપુરુષ કેદારનાથના વિપુલ દેહ આગળ આળોટતા હતા. કેદારનાથની મૂર્તિ નથી. કર્કશ, ખાડાવાળો મોટો એક પત્થરનો ટૂકડો છે-એ ભલે હોય, પણ એને આલિંગન કરીને કોઇ હસતા હતા, કોઈ રડતા હતા, કોઈ ચિત્કાર કરતા હતા, કોઈ ગીત ગાતા હતા, કોઈ આર્તનાદ કરતા હતા, તો કોઈ કરુણ વિનંતિ કરતા હતા. કોઈ શીર્ણવિદીર્ણ લાલલાલ મુખથી એને ચુંબન કરતા હતા. આવેગ, ઉત્તેજના, ઉલ્લાસ, આર્તસ્વર, પૂજાપાઠ, સ્તવનમંત્ર સ્નેહપ્રેમ, ભકિત અને આનંદ-આમ છતાં સ્થિર અને બહેરો' પથ્થરનો ખંડ અચંચલ નીરવતાથી એમને એમ જ પડયો રહ્યો હતો. અંદર કાળો અંધકાર હતો, ને કઠણ, અસહ્ય પ્રાણને રૂંધી નાંખે એવી ઠંડી હતી. પગ પસારીને ઊભા રહેવાય એમ હતું નહિ. સામે જ આ રસ્તે થાકેલું, પાગલનું દલ પોતાની જાતને ભૂલીને કોલાહલ કરતું હતું. કોણ જાણે શું મનમાં આવ્યું કે તે અંધારામાં એકવાર હું કાંઇ પણ બોલ્યા ચાલ્યા વિના ઊભો રહ્યો.

પણ અંદરના અતિશય ઠંડા અંધકારમાં સ્થિર થઈને ઊભા રહેવાય એમ હતું નહિ. ઠંડીથી પ્રતિક્ષણ આખું શરીર જડ બની જતું હતું. શરીરનું લોહી થીજી જતું હતું. ગળાની અંદરથી એક ભગ્ન, આર્તનાદ નીકળતો હતો. આ બાજુ ક્ષીણ અને ઉન્મત યાત્રીઓનો પ્રલાપ હતો. કેટલાક મોઢામાંથી લોહી કાઢતા હતા, કોઈ ફીણ કાઢતા હતા, એમના હાથ ને પગ પર હીમના ડંખ હતા, કોઈના શરીર પર લોહીના ડાઘ હતા, કોઈનું આખું શરીર બરફથી ઘવાયલું હતું, કોઈના સાદ બેસી ગયા હતા. આ બધું શા માટે? આવી બીભત્સ શરીરપીડા ભોગવવાની પાછળ શું રહસ્ય હતું? કઈ દુર્લભ વસ્તુ એમને મળતી હતી? મંદિરની અંદર મેં ભૂતની જેમ એકલા આમ તેમ કેટલાક આંટા માર્યા. અંદર ગાઢ અંધકાર હતો, ભયનું સ્થાન હતું, રહસ્યનું અવલંબન હતું, સોયની અણી જેટલા પણ પ્રકાશને અંદર આવવાનો ક્યાંય માર્ગ નહોતો. શું બોલું? કેવા પ્રકારની પ્રાર્થના કરું? આ જડ પત્થરસ્તુપની સામે ઊભો રહીને હું મારું કંગાળપણું પ્રગટ કરું? એ તો કેવી ભયાનક છોકરવાદી કહેવાય? અર્થાત્ એકજણ રસ્તે થાકેલો સામાન્ય તીર્થયાત્રી, એટલો જ કાંઈ મારો પરિચય નહોતો. હું ક્ષુદ્ર, હું નગણ્ય એ વાતનો અનુભવ હું કઈ સંકીર્ણતાથી કરું? આવેગથી, આનંદથી, વિશ્વાસ અને પ્રેમથી, જેમાં પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી હતી, એવો આ માટીનો પથરો એની પાસે આવીને ઊભો રહી હું જો પોતાની જાતને અલ્પ ન માની શકું તો શું એ મારું અહમ્ છે? દેવતાની પાસે આવીને ઊભા રહેતા આપણે તો પોતાના દેવત્વનો અનુભવ કરીએને?

ચાંધારામાંથી પગ ઠેરવતો ઠેરવતો દરવાજામાંથી હું બહાર નીકળી ગયો. હાથ, પગ, મોઢું ઠંડીથી જાણે જકડાઈ જતાં હતાં. ત્યાંથી ઉતરી મહામહેનતે જોડા શોધીને પહેર્યા. હું વેગથી ચાલવા માંડયો. હાથમાં લાઠી હતી. એને હલાવવાની હવે શકિત રહી નહોતી. જોડાને તળિયે બરફના પોપડા બાઝ્યા હતા, ને એમાંથી પચપચ અવાજ આવતો હતો, અંધારામાંથી બરફના અજવાળામાં ઉતરી આવતાં ફરીથી આંખો એ અજવાળું જાણે સહન કરી શકતી નહોતી. મોઢામાંથી સૂ સૂ અવાજ કાઢતો હું ધર્મશાળામાં આવ્યો.

અનુવાદક:
ડૉ. ચંદ્રકાંત મહેતા

મૂળ બંગાળી:
શ્રી. પ્રબોધકુમાર સન્યાલ,

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સભા

*

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા ચાલુ જૂન માસની ૧૮મી તારીખ શનિવારે સાંજના પાંચ વાગ્યે નીચે જણાવેલ સ્થળે મળશે, જે વખતે નીચે મુજબ કાર્ય હાથ ધરવામાં આવશે:-

(૧) ગત વર્ષનો વૃત્તાંત તથા સંઘ તેમ જ વાચનાલય અને પુસ્તકાલયના ઓડિટ થયેલા હિસાબોને મંજૂરી આપવી.

(૨) નવા વર્ષનું અંદાજપત્ર મંજૂર કરવું.

(૩) સંઘના અધિકારીઓ તેમ જ કાર્યવાહક સમિતિના ૧૫ સભ્યોની ચૂંટણી કરવી.

(૪) સંઘ તથા વાચનાલય અને પુસ્તકાલયના ઓડિટ-રોની નિમણુંક કરવી.

(૫) કાર્યવાહક સમિતિ દ્વારા મળેલું સંઘનું સંશોધિત બંધારણ મંજુર કરવું.

વાર્ષિક સભાના ઉપર જણાવેલા સમયે વખતસર ઉપસ્થિત થવા સર્વે સભ્યોને વિનંતિ છે.

સભાસ્થળ:
મરજીદ બંદર રોડ ઉપર આવેલા ગ્રેન, રાઈસ એન્ડ ઓઈલ-સીડ્ઝ મર્ચન્ટ્સ એસોસીએશનનો હોલ.

રમણિકલાલ મણિલાલ શાહ
ચીમનલાલ જેઠાલાલ શાહ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

ચલણશુદ્ધિના પ્રણેતા શ્રી અપ્પાસાહેબ પટવર્ધન

શ્રી અપ્પાસાહેબ ઉર્ફે સીતારામ પુરુષોત્તમ પટવર્ધનનો જન્મ તા. ૪થી નવેમ્બર ૧૮૯૪ના રોજ, મહારાષ્ટ્રના રત્નાગિરી જિલ્લામાં આવેલા આગરગુળે ગામમાં થયો હતો. મેટ્રિક સુધીનો અભ્યાસ રત્નાગિરીમાં કરી, એમણે ઉચ્ચવિદ્યા મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાંથી મેળવી. એમ. એ. થયા પહેલાં જ તેઓ પૂનાની સર પરશુરામ (તે વખતે ન્યુ પૂના) કૉલેજમાં દર્શનશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે નિમાયા હતા. પ્રોફેસર તરીકે એમણે લગભગ એક વર્ષ કામ કર્યું; ૧૯૧૯ના માર્ચ આખરે એમ. એ. ની પરીક્ષા આપી. એ પછી તરત તેઓ ગાંધીજીએ શરૂ કરેલા રૉલેટ ઍક્ટ સત્યાગ્રહમાં જોડાયા. આ સત્યાગ્રહમાં જોડાયા તે પૂર્વે, આજીવન બ્રહ્મચર્યવ્રત ધારણ કરી દેશસેવામાં જીવન સમર્પણ કરવાની પ્રતિજ્ઞા તેમણે લીધી હતી.

'સેવાધર્મ'કાર: સત્યાગ્રહની ચળવળ પછી તેઓ થોડાં વરસ ગાંધીજી પાસે સત્યાગ્રહાશ્રમમાં રહ્યા. ૧૯૩૧ના અંતમાં તેઓ પ્રત્યક્ષ ગ્રામસેવા અર્થે એમના વતન પહોંચી ગયા. સેવાકાર્યના ચોવીસ વર્ષના અનુભવ પછી, ૧૯૪૯માં એમણે "સેવાધર્મ" નામે સેવાની શાસ્ત્રીય મીમાંસા કરતો ગ્રંથ પ્રસિદ્ધ કર્યો. અનેક રચનાત્મક સેવકો માટે પ્રેરણાદાયી બનેલા આ ગ્રંથની પ્રસ્તાવનાના પહેલા ફકરામાં સ્વ. કિશોરલાલ મશરૂવાળાએ 'સેવાધર્મ'કારનો પરિચય આ રીતે આપ્યો છે.

'શ્રી અપ્પાસાહેબ પટવર્ધને બે વર્ષ સુધી પોતે અંગીકાર કરેલા વ્રતનું એકનિષ્ઠાથી આચરણ કરી, અનેક પ્રકારની મુશ્કેલીઓ અને કષ્ટોનો મુકાબલો કરતાં કરતાં છેવટે તેમાં યશ અને પ્રતિષ્ઠા મેળવ્યાં છે. મૂળથી જ વિદ્યાવ્યાસંગી પરંપરામાં જન્મેલા; નાનપણથી કેળવાયેલી સ્વાધ્યાયની ટેવ; તેમાં તર્કશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાનના ખાસ વિદ્વાન; અધ્યાપકની મનોવૃત્તિ; ઝીણી ઝીણી ચર્ચાઓ કરનાર યુવકો અને પંડિતોની સોબતમાં નિત્ય જીવન; જેલના એકાંતવાસમાં મળેલી મનની અનુકૂળતા; અને પોતાના તેમ જ બીજાના અનુભવોનો મનમાં ભરાયેલો ખજાનો. આ બધાના પરિપાક રૂપે તેમના હાથે પોતાના સ્વકર્મના શાસ્ત્ર જેવું આ પુસ્તક લખાય એમાં આશ્ચર્ય પામવાં જેવું નથી.

ભારત સફાઈ મંડળ: ભંગીમુકિતના ક્ષેત્રે શ્રી અપ્પાસાહેબે કરેલું પ્રદાન સૌથી આગવું છે. ગાંધી સ્મારક નિધિની ભંગીમુકિત સમિતિના તેઓ વર્ષો સુધી અધ્યક્ષ રહ્યા હતા. એમણે શોધેલું ગોપુરી શૌચઘર અને બીજાં સફાઈ સાધનોથી ભંગીમુકિત ઘણી સરળ બની છે. ભંગીમુકિત અને સામાજિક સમાનતાના ચિંતનમાંથી એમને લાગ્યું કે જ્યાં સુધી સમાજમાં ઉચ્ચ–નીચનો ભેદ છે ત્યાં સુધી સ્વેચ્છાએ નીચા ગણાવાનું પસંદ કરનાર ને તે માટે હલકાં ગણાતાં કામો નિયમિત વ્રતપૂર્વક કરનાર વર્ગ ઊભો કરવો જોઈએ. આ માટે એમણે ભારત સફાઈ મંડળની રચના કરી. રોજ નિયમપૂર્વક ઓછામાં ઓછી પંદર મિનિટ 'સફાઈ યજ્ઞ' કરનાર 'મળપતિ'ઓના આ સંગઠન દ્વારા એમણે 'બ્રાહ્મણ-ભંગી પ્રભુસંતાન, સફાઈ-પૂજા એક સમાન' એ નારો ગૂંજતો કર્યો.

સર્વોદય નેતા: શ્રી અપ્પાસાહેબ ભૂદાન આંદોલનના આરંભથી તેની સાથે ગાઢ રીતે સંકળાયેલા રહ્યા છે. 'गांवका गोगुळ'માં એમણે ભૂદાનનો માર્ગ સમજાવ્યો છે. ૧૯૫૬માં કાંજીવરમ (મદ્રાસ રાજ્ય) ખાતે ભરાયેલા આઠમા અખિલ ભારત સર્વોદય સંમેલનનું અધ્યક્ષપદ એમણે શોભાવ્યું હતું. શ્રી કિશોરલાલ મશરૂવાળા અને શ્રી કૃષ્ણદાસ જાજૂ પછી થોડાંક વરસ તેઓ ગાંધી સેવા સંઘના પ્રમુખ પણ રહ્યા હતા.

ચલણશુદ્ધિ: આર્થિક સમાનતાના મહા અનિષ્ટ વ્યાજને નાબૂદ કરવાના માર્ગો શોધતાં શ્રી અપ્પાસાહેબને અર્થશુદ્ધિ, મુદ્રાક્ષય યા ચલણશુદ્ધિનો ક્રાંતિકારી કાર્યક્રમ જડ્યો છે. આ કાર્યક્રમને તેઓ પ્રભુદિગ્દર્શિત ગણે છે, ને તેથી બીજાં બધાં કામો ગૌણ ગણી આ કાર્યક્રમ પાછળ મંડી પડ્યા છે, ને બીજા સેવકો પણ એમને અનુસરે એમ ઈચ્છે છે.

ચલણશુદ્ધિની આ ક્રાંતિકારી યોજનાને તદ્દન ટૂંકો સાર આ પ્રમાણે છે:

ચલણી નોટો સામાન્ય રીતે છ થી વીસ મહિના ચાલે છે. તેને બદલે બધા જ પ્રકારની નોટો એક વર્ષ ચાલે તેમ કરવું જોઈએ. નોટો પર વર્ષ છાપવામાં આવે અને જે તે નોટો તેના પર જણાવેલ વર્ષ જ ચાલે. વર્ષ બદલાય ત્યારે નોટો પણ બદલવી જોઈએ. આ નોટ–બદલીની જવાબદારી સરકાર ઉપાડે ને જૂના એકસો છ રૂપિયાને બદલે નવા સો રૂપિયા આપવા તેમ કરવામાં આવે. આમ કરવાથી વ્યાજખોરી લગભગ બંધ થઈ જશે ને લોકોમાં ભાઈચારો વધશે. પૈસાની વ્યકિતગત માલિકી ચાલુ રહે, પણ તેના ઉપયોગમાં સામાજિકીકરણ દાખલ થાય. આમ આર્થિક અને સામાજિક સમાનતા સ્થાપી ગ્રામસ્વરાજ સિદ્ધ કરવાની શકિત ચલણશુદ્ધિમાં પડેલી છે.

શાસ્ત્રીય વિચાર: છેલ્લાં દસેક વરસથી એક વ્યવસ્થિત વિચાર તરીકે રજૂ થયેલી આ યોજના ઉત્તરોત્તર વધુ સ્પષ્ટ બનતી ગઈ છે. શરૂઆતમાં એક યુટોપિયા જેવો જણાયેલો આ વિચાર હવે તો લગભગ શાસ્ત્રશુદ્ધ સિદ્ધાંત બની ગયો છે. ચલણશુદ્ધિ વિષયક એમનાં જુદાં જુદાં પુસ્તકો જેમણે વાંચ્યાં હશે તે કબૂલ કરશે કે, 'शोषणमुक्ति व नवसमाज' કે 'Towards a new society'માં ઝાંખી કરાવતો વિચાર 'અર્થશુદ્ધિ' અને 'A plea for shrinking currency'માં સારી રીતે વધુ સ્પષ્ટ બન્યો છે. ને હવે એપ્રિલ ૬૬ માં બહાર પડેલા 'चलनशुद्धि म्हणजेच सत्यतरयुग' તો આ મહાન વિચારનું એક શાસ્ત્રીય પુસ્તક ગણાશે એમાં શંકા નથી.

ચલણશુદ્ધિના વિચારને શાસ્ત્રીય સ્વરૂપ આપવામાં શ્રી અપ્પાસાહેબને જનતાનો પણ સહકાર સાંપડ્યો છે. તા. ૧-૯-૬૦ થી એમણે કેવળ ચલણશુદ્ધિના વિચાર પ્રચાર માટે મહારાષ્ટ્રની પદયાત્રા આરંભી ત્યારથી આજ સુધી અનેક લોકો સાથે એમને ચર્ચા–વિચારણા, શંકાસમાધાન અને વિચારવિનિમય કરવાના પ્રસંગો સાંપડ્યા છે. આ બધાના સરવાળે શ્રી અપ્પાસાહેબની શ્રદ્ધા દિનપ્રતિદિન બલવત્તર બનતી ગઈ છે. આજે તેઓ એમની સમગ્ર શકિત આ ક્રાંતિકારી યોજનાના અમલ માટે ખર્ચી રહ્યા છે. એમનો દાવો છે કે ચલણશુદ્ધિના અમલથી અત્યારના આપણા અનેક કોયડાઓ એકી સાથે મહદ્ અંશે હલ થઈ જશે.

પ્રયોગપાત્ર યોજના: ચલણશુદ્ધિની યોજના તદ્દન નવી શોધ નથી. શ્રી અપ્પાસાહેબ પૂર્વે જર્મનીના શ્રી સિલ્વીઓ ગેસેલ, અમેરિકાના શ્રી રિચર્ડ ગ્રેગ, આપણા શ્રી કિશોરલાલ મશરૂવાળા, શ્રી સુભાષચંદ્ર બોઝ વગેરેએ આ પ્રકારની યોજનાની હિમાયત કરેલી છે જ. જર્મનીના બવ્હેરિયા પ્રાંતના સ્વેનકર્ક ગામે તથા ઑસ્ટ્રેલિયાના ટાયરોલ પ્રાંતના વરગલ ગામે આવી યોજનાનો સફળ પ્રયોગ પણ કરેલો છે. પણ ચલણશુદ્ધિની યોજના ગ્રામસ્તર કરતાં રાષ્ટ્રીય સ્તરે અમલમાં મૂકવી પ્રમાણમાં વધારે સરળ છે. આથી લોકોએ આ યોજનાની અજમાયશ કરવા સરકારને તૈયાર કરવી જોઈએ.

શ્રી અપ્પાસાહેબ આ માટે લોકમત તૈયાર કરી રહ્યા છે. મહારાષ્ટ્રમાં રત્નાગિરી, કોલાબા, થાણા, મુંબઈ જિલ્લાઓમાં અનેક સંસ્થાઓએ–ગ્રામપંચાયત, તાલુકાપંચાયત, જિલ્લાપંચાયત તથા અન્ય–ચલણશુદ્ધિની માગણી કરતા ઠરાવો કરેલા છે. હવે આ વિચાર ગુજરાત–સૌરાષ્ટ્રમાં પણ ઠીક ઠીક વહેતો થયો છે ને તેથી આટલી મોટી ઉંમરે પણ શ્રી અપ્પાસાહેબની ગુજરાત–સૌરાષ્ટ્રયાત્રા એપ્રિલમાં ગોઠવાઈ હતી.

"મહારાષ્ટ્રના ગાંધી" શ્રી અપ્પાસાહેબ પટવર્ધનની આ ક્રાંતિકારી યોજનાનો આપણે સક્રિય રીતે ઊંડો અભ્યાસ કરીએ, ને તેના પ્રણેતાનું દીર્ઘ તથા કુશળ આયુષ્ય પ્રાર્થીએ!

રામજીભાઈ મા. પટેલ

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ. મુંબઈ–૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ

Regd. No. MH. 117
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૮ : અંક ૫

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, જુલાઇ ૧ ૧૯૬૬, શુક્રવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૨૫ પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

પ્રકીર્ણ નોંધ

ગુલબર્ગાની શરમજનક દુર્ઘટના

મહારાષ્ટ્ર–માઈસોરના સીમાસંઘર્ષના અનુસંધાનમાં રાષ્ટ્રના મહાઅમાત્ય અને કૉન્ગ્રેસપ્રમુખ તરફથી સૂચવવામાં આવેલ: One man commission–માત્ર એક વ્યક્તિના બનેલા તપાસપંચ–સામે વિરોધ દાખવવાના હેતુથી તા. ૨૪-૬-૬૬ના રોજ લગભગ ૨૫૦૦૦ લોકોના ટોળાએ રાયપુર–પૂના પેસેન્જર ટ્રેનને ગુલબર્ગા સ્ટેશન નજીકમાં બપોરના ત્રણ વાગ્યા લગભગ અટકાવીને તેમાંના પેસેન્જરોને લૂંટી લીધા અને આખી ટ્રેનને પારવિનાનું નુકસાન કર્યું અને પંખાઓ અને ઈલેક્ટ્રીક બલ્બો ઉખાડીને ઉપાડી ગયા–આ દુર્ઘટના અત્યન્ત દુ:ખદ અને આખા દેશના ભાવી અંગે ભારે ચિંતા નીપજાવનારી છે. રાજ્યપુનર્વ્યવસ્થા પંચે વર્ષો પહેલાં મુંબઈ રાજ્યથી કર્ણાટકને છૂટું પાડ્યું અને નવું માઈસોર રાજ્ય ઊભું કર્યું અને માઈસોર રાજ્યમાં કર્ણાટકને ભેળવવામાં આવ્યું અને પરિણામે બેલગામ અને તેને લગતો અમુક વિભાગ માઈસોરમાં દાખલ કરવામાં આવ્યો. આ નવી રચનામાંથી આ ઝઘડો પેદા થયો છે અને સમયના વહેવા સાથે વધારે ને વધારે ઉગ્ર રૂપ ધારણ કરતો ગયો છે. મહારાષ્ટ્ર બાજુએ, સામાન્ય લોકોની માન્યતા છે તે મુજબ, કૉંગ્રેસી સરકાર તરફથી આ આંદોલનને ખૂબ જોર આપવામાં આવે છે અને તેમાંથી પ્રેરણા પામીને જાતજાતના મોરચાઓ ઊભા કરવામાં આવે છે અને એ મોરચાના આગેવાનો ભૂખ હડતાળ ઉપર ઊતરે છે. માઈસોરના શાસકો અને કૉંગ્રેસપક્ષ આ પરિસ્થિતિને પડકારરૂપ સમજે છે અને તેની સીધી કે આડકતરી પ્રેરણાથી ત્યાંના લોકો વધારે આક્રમક આંદોલનના માર્ગે આગળ વધી રહ્યા છે. ઉપરની ઘટના માઈસોરમાં ચાલતા અને અહિંસક કહેવાતા આંદોલનનો ફણગો છે. કૉંગ્રેસની કારોબારી માટે આ એક અત્યંત મુંઝવતી પરિસ્થિતિ પેદા થઈ છે.

ગુલબર્ગાની આ દુર્ઘટના સાથે ત્યાં પ્રવર્તતા કૉંગ્રેસી શાસનને કોઈ સંબંધ જ નથી એમ માનવું મુશ્કેલ છે. એક રેલ્વે સ્ટેશન આગળ ૨૫૦૦૦ જેટલું લોકોનું ટોળું એકઠું થાય એ સ્થાનિક પોલીસના ધ્યાન બહાર બન્યું હોય એમ બની ન શકે. પોલીસે આંખ આડા કાન કર્યા હોય તો જ આટલા બધા લોકો અમુક એક સ્થળે ચોક્કસ ઉદ્દેશપૂર્વક એકઠા થઈ શકે અને આવી રીતે બેફામ લૂંટ ચલાવી શકે. આ જે કાંઈ બન્યું છે તેની સીધી કે આડકતરી જવાબદારી સ્થાનિક તેમ જ પ્રાદેશિક સત્તાધીશોની લેખાવી ઘટે અને આ સત્તાધીશોની પ્રેરણાથી અથવા ચશમપોશીથી આ ઘટના બની છે એમ પુરવાર થાય તો આવી ઘટના કેવળ રાજવિદ્રોહી છે એમ જાહેર કરીને ત્યાંના સત્તાધીશોને સત્વર સત્તાભ્રષ્ટ કરવા જોઈએ અને ત્યાં પ્રેસિડેન્ટનું–રાષ્ટ્રપતિનું–શાસન વિના વિલંબે સ્થપાવું જોઈએ.

દેશને આઝાદી મળ્યા પછીના આજ સુધીના ઈતિહાસમાંથી રાજ્ય રાજ્યના શાસકો અને પ્રજાજનો એક એવો બોધપાઠ તારવી રહ્યા છે કે જે રાજ્ય પોતાની માંગણી ધાકધમકીઓ, તોફાનો, અને એક યા બીજા પ્રકારના સીધા પગલાં દ્વારા રજૂ કરે છે તેની માગણી કેન્દ્ર મંજૂર રાખે છે. મહારાષ્ટ્ર અને સવિશેષપણે માઈસોર જાણે કે આ જ દિશા તરફ ગતિ કરી રહેલ હોય એમ લાગે છે. રાજ્યો ઘણી બાબતોમાં સ્વાધીન છે અને કેન્દ્ર ઉત્તરોત્તર નબળું પડતું જણાય છે. પરિણામે તાજેતરમાં રાજાજીએ કે મુનશીએ જણાવ્યું છે તે મુજબ, રાજ્યના પ્રધાનો મોગલ રાજ્યના સુબાઓ માફક જાણે કે વિચારી અને વર્તી રહ્યા છે, અને સદ્‌ભાગ્યે તેમના હાથમાં લશ્કર નથી, પણ જો દરેક રાજ્ય પાસે પોતપોતાનું આગવું લશ્કર હોત તો આ સુબાઓ પોતાની માંગણીઓનો સ્વીકાર કરાવવા માટે એકમેકના રાજ્ય ઉપર લશ્કરી ચઢાઈ કરવામાં પણ પાછા ન પડે આવી આજની મનોદશા નજરે પડે છે અને જો આ વૃત્તિને કાબુમાં લાવવામાં ન આવે તો દેશમાં અરાજકતા ફેલાયા વિના ન રહે અને મહામહેનતે સંધાયલું–એકત્ર કરવામાં આવેલું–ભારત ભાંગીને ભુક્કો થઈ જાય એવી દહેશત દિલ અનુભવે છે.

પૂરક નોંધ: અહિંસક સત્યાગ્રહના નામે માઈસોર રાજ્યના પ્રજાજનોને હિંસક ભાંગફોડના રસ્તે જવાનો માર્ગ ખુલ્લો કરી આપનાર માઈસોર રાજ્યના મુખ્ય પ્રધાન શ્રી એસ. નિજલિંગપ્પાએ, તા૦ ૨૮-૬-૬૬ના રોજના સમાચાર જણાવે છે તે મુજબ, માઈસોર-મહારાષ્ટ્ર સીમાસંઘર્ષનો ઉકેલ આણવા માટે એક વ્યક્તિના બનેલા કમિશનની નિમણૂંક સામે શરૂ કરવામાં આવેલ રાજ્યવ્યાપી સત્યાગ્રહ બંધ કરવા માટે 'sincerely and earnestly'–પૂરા દિલની ભાવનાપૂર્વક–અપીલ કરી છે અને ઠંડા કલેજે જણાવે છે કે જે આન્દોલન સુલેહશાન્તિભર્યું રહેશે એવી અપેક્ષા રાખેલી તે આન્દોલને હવે જ્યારે સ્પષ્ટપણે હિંસક વલણ લીધું છે અને એમ ચોક્કસ લાગે છે કે સમાજવિદ્રોહી તત્ત્વો આ અવસરનો વધારે હિંસક કૃત્યો નીપજાવવામાં ઉપયોગ કરશે ત્યારે સત્યાગ્રહ પાછો ખેંચી લેવો એ જ વધારે યોગ્ય માર્ગ છે. હરિહર અને દેવનગરમાં સીમા-સત્યાગ્રહના નામે ગુંડા તત્વોએ જે પ્રકારની ગુંડાગીરી કરી છે અને ગેરકાયદેસરની પ્રવૃત્તિઓ અખત્યાર કરી છે અને એના અનુસંધાનમાં જે કાંઈ દુર્ઘટનાઓ બની છે તે સંબંધમાં તેમણે પોતાની અત્યન્ત નાખુશી દર્શાવી છે અને માઈસોરના લોકોને આવી પ્રવૃત્તિઓ બંધ કરવા–તેથી દૂર રહેવા–તેમણે અપીલ કરી છે અને જણાવ્યું છે કે જે હેતુ માટે મિત્રોએ શાન્તિપૂર્ણ આન્દોલન શરૂ કર્યું હતું તે હેતુ આ રીતે સત્યાગ્રહ બંધ કરવાથી નબળો નહિ પડે પણ વધારે સુદૃઢ બનશે. 'સત્યાગ્રહ'ની આગ પેટાવીને આવી સુફિયાણી વાતો કરનાર માઈસોર રાજ્યના મુખ્ય પ્રધાન વિષે શું કહેવું કે શું વિચારવું?

આપણા લોકોની ચમત્કારઘેલછા

હઠયોગી શ્રી એલ. એસ. રાવ મુંબઈ - મલાડની બાજુએ આવેલા મઢ ટાપુમાં એક આશ્રમ ચલાવે છે. આ આશ્રમની જગ્યા ઉપર તા. ૧૨-૬-૬૬ રવિવારના રોજ હઠયોગના કેટલાક ચમત્કારિક પ્રયોગો મુંબઈની જાહેર જનતા સમક્ષ રજૂ કરવાના છે એમ જાહેર કરવામાં આવ્યું હતું. આ પ્રયોગોમાં એક પ્રયોગ પગ ઉપર ટટ્ટાર રહીને પાણી ઉપર ચાલવાનો હતો. આ માટે આશ્રમની ભૂમિ ઉપર ૨૦ ફીટ લાંબી, ૨૦ ફીટ પહોળી અને ૪ ફીટ ઊંડી એવી પાણીની એક ટાંકી તૈયાર કરવામાં આવી હતી. આ પ્રયોગો અંગે સારા પ્રમાણમાં જાહેરાત કરવામાં આવી હતી અને એ પ્રયોગો જોવા માટે રૂા. ૧૦૦ થી ૫૦૦ સુધીના દર રાખવામાં આવ્યા હતા, અને આટલા મોટા દર આપીને સંખ્યાબંધ સ્ત્રી-પુરુષો આશ્રમની જગ્યા ઉપર એકઠાં થયાં હતાં. આ પ્રેક્ષક મંડળમાં મહારાષ્ટ્રની વિધાન સભાના સ્પીકર શ્રી ભારદે, વિધાન પરિષદના પ્રમુખ શ્રી પાગે, બ્લીટ્ઝના તંત્રી શ્રી આર. કે. કરંજિયા, જાણીતા ક્રિકેટર શ્રી વિજય મરચંટ તથા મહારાષ્ટ્રના ડેપ્યુટી મિનિસ્ટર ડૉ. એન. એન. કેલાસ, તથા જાણીતા ફિલ્મ-સ્ટાર રાજેન્દ્ર કુમારનો પણ સમાવેશ થતો હતો.

શરૂઆતમાં આ હઠયોગી લોઢાના ચણા ખાઈ ગયા હતા, પછી કાચનો ગ્લાસ પાપડની માફક ચાવી ગયા હતા અને ત્યાર બાદ નાઈટ્રીક ઍસિડ કોઈ પણ માણસ જીરવી ન શકે એટલા પ્રમાણમાં તેઓ પી ગયા હતા. ત્યાર બાદ અગ્નિ ઉપર ઉઘાડા પગે ચાલવાનો પ્રયોગ પણ તેમણે કરી બતાવ્યો હતો. પછી તેઓ ટાંકીની પાળ ઉપર ચડયા, ૧૫ મિનિટ તેમણે ધ્યાન ધર્યું અને ત્યાર બાદ પાણી ઉપર તેઓ ચાલવા ગયા એવામાં જ પાણીની અંદર તેઓ સોંસરવા ઉતરી ગયા. આ પ્રયોગની તસવીર ઝડપી લેવા માટે કેટલાય કેમેરાવાળાઓ આવ્યા હતા. પાણી ઉપર ચાલવાના પ્રયોગની નિષ્ફળતા જોઈને ત્યાં એકઠા થયેલા લોકોના ટોળાએ બુમરાણ મચાવી મૂકેલું અને પૈસા પાછા મેળવવા માટે ધમાલ કરી મૂકી હતી, પણ આ પ્રસંગ ઉપર પોલીસની સારા પ્રમાણમાં હાજરી હતી અને આ પ્રયોગ યોજનારાઓ તરફથી પૈસા પાછા આપવાની ખાત્રી આપવામાં આવી તેને લીધે લોકોને કાબુમાં રાખી શકાયા હતા.

આ નિષ્ફળતાનો ખુલાસો કરતાં યોગીરાજે જણાવ્યું કે તેમને આગલા દિવસે કોઈ એક નાનો અકસ્માત થયો હતો અને તેને લીધે શ્વાસોચ્છ્વાસનું આવા પ્રયોગ માટે જરૂરી એવું નિયમન પોતે કરી શક્યા નહિ એ કારણે પોતાનો આ પ્રયોગ તેઓ સફળતાપૂર્વક કરી શક્યા નહોતા, પણ પંદર દિવસમાં આ પ્રયોગ ફરીને કરી બતાવવાની તેમણે ખાત્રી આપી હતી, જો કે આવો કોઈ પ્રયોગ તેમણે હજુ સુધી ફરીથી દેખાડવાની હિમત કરી નથી.

અલબત્ત, આવા પ્રયોગો કોઈ કરી દેખાડનાર છે એવી ખબર પડતાં તે અંગે કોઈને પણ કૌતુક થાય અને સહજપણે તેવા પ્રયોગો જોવાની તક મળે તો તેનો લાભ લઈને પોતાના કૌતુકને તે તૃપ્ત કરે—એ તદ્દન સ્વાભાવિક છે. પણ આ પ્રયોગો જોવા માટે લોકોની પડાપડી અને સોથી પાંચસો રૂપિયા જેટલા દામ ખરચીને તે પ્રયોગો જોવા પાછળની દોડાદોડ—આ બધું આપણામાં રહેલી એક પ્રકારની ચમત્કાર—ઘેલછા સૂચવે છે અને આવી ઘેલછાથી આપણા સમાજના શિષ્ટ અને માનનીય લેખાતી વ્યકિતઓ પણ મુકત નથી એ આપણે ઉપરની ઘટનામાં સ્પષ્ટપણે જોઈ શકીએ છીએ. આવી ઘેલછામાં વિવેકનો અભાવ અને વસ્તુતત્ત્વની અધુરી સમજણ નજરે પડે છે. ધારો કે આ યોગીએ પાણી ઉપર ચાલવામાં સફળતા મેળવી હોત તો પણ તેમાં આશ્ચર્યસ્તબ્ધ બનવા જેવું કશું જ નથી. જેમ આ પ્રસંગ ઉપર રજૂ કરવામાં આવેલા બીજા પ્રયોગો કેવળ હઠયોગીની સાધનાનું પરિણામ હતું તેમ આ પ્રયોગ પણ હઠયોગની એક નવી શકયતા આપણી સામે રજૂ કરત અને આવી સફળ પ્રક્રિયા એક નવા સંશોધનનો વિષય બનત. આ બધા પ્રયોગો કેવળ ભૌતિક કારણ કાર્યના નિયમ ઉપર આધારિત હોય છે એ વાસ્તવિકતાની કદિ પણ ઉપેક્ષા કરવી ન ઘટે. પ્રસ્તુત કિસ્સાનો વિચાર કરીએ તો માણસ પાણી ઉપર ચાલે એ કલ્પના આપણામાં કૌતુક એટલા માટે પેદા કરે છે કે પાણી અને માનવીશરીરને લગતી આપણી સમજણ સાથે આમ બનવું જરા પણ બંધબેસતું નથી, પણ સંભવિત છે કે શરીરને લગતી આપણી સમજણને વટાવે એવી કોઈ શારીરિક પરિસ્થિતિ શ્વાસોચ્છ્વાસના અમુક નિયમનથી પેદા થઈ શકતી હોય જેની આજે આપણને સામાન્ય માનવીઓને ખબર ન હોય: દા. ત. પ્રાણાયામના અમુક પ્રયોગથી માણસ જમીનથી અમુક ફીટ અદ્ધર થઈ શકે છે, તો આપણા અમુક અજ્ઞાનના કારણે જે ઘટના આજે આપણને ચમત્કારિક લાગતી હોય તે ઘટના આપણું તેને લગતું અજ્ઞાન દૂર થતાં ચમત્કારિક મટી જાય છે. કહેવાનો સાર એટલો જ કે આવા ચમત્કારોને કોઈ આધ્યાત્મિક સાધના સાથે જરા પણ સંબંધ છે જ નહિ. આમ છતાં ભારતનું લોકમાનસ એટલું બધું ભોળું, શ્રદ્ધાપ્રિય અને ચમત્કારઘેલું છે કે તે જ્યારે આવા ચમત્કારો જુએ છે ત્યારે તે ઘેલો બની જાય છે, આવા ચમત્કારો કરતી વ્યકિતમાં ઉચ્ચ કોટિની આધ્યાત્મિકતાનું આરોપણ કરે છે અને તેની પૂજા—ઉપાસના શરૂ કરે છે અને પછી તેની શકિતઓ વિષે લોકોમાં જાત જાતની સાચી ખોટી માન્યતાઓ ફેલાવા લાગે છે. આનું પરિણામ અંધશ્રદ્ધા અને જાતજાતના વહેમો વધારવામાં આવે છે. ઉપર જણાવેલ ચમત્કાર—પ્રદર્શનોમાં રહેલા આ ભયસ્થાન તરફ લોકોનું—આમપ્રજાનું—સતત ધ્યાન ખેંચતા રહેવાની જરૂર છે.

અણુવ્રતવિચારધારા: સર્વોદય વિચારધારાના સંદર્ભમાં

તા. ૧-૫-૬૬ ના 'જૈન ભારતી'માં તા. ૮-૨-૬૬ના રોજ એક બાજુએ શ્રી રતનલાલ જોષી તથા શ્રી યજ્ઞેશ્વર દત્ત અને બીજી બાજુએ આચાર્ય તુલસી વચ્ચે થયેલી ચર્ચા ગાંધીજી અને વિનોબાજીની વિચારસરણીના સંદર્ભમાં અણુવ્રતી વિચારધારાને રજૂ કરતી હોઈને વિચારપ્રેરક છે. તે ચર્ચા નીચે મુજબ છે:

શ્રી યજ્ઞદત્તજીએ આચાર્યશ્રીને પૂછયું: "અન્યાયની વિરુદ્ધ હિંસાવર્જનમાં અણુવ્રતનો દૃષ્ટિકોણ શું છે?" આચાર્યશ્રીએ ઉત્તર આપતાં જણાવ્યું કે "મહાવ્રતી અન્યાયને હૃદયપરિવર્તનના માધ્યમ વડે મટાડવાનો પ્રયાસ કરે છે, કિંતુ રાજનૈતિક તેમ જ સામાજિક વ્યકિત દંડવ્યવસ્થાને પણ માન્ય કરે છે. અણુવ્રતી સ્વયં કોઈને ધમકાવે નહિ કે કોઈ ઉપર આક્રમણ ન કરે, કિંતુ પ્રતિકારનો નિષેધ એમાં નથી. જો કે કોઈ સામે હથિયાર ઉપાડવું અને લડવું એ હિંસા છે, પણ ગૃહસ્થ પોતાના જીવનમાં આવશ્યકતાવશ બનીને યુદ્ધ કરે છે. પ્રતિકારાત્મક પ્રક્રિયાને અહિંસાનો અંચળો પહેરાવવો એ ભૂલ છે."

રતનલાલ જોષી: "વાસ્તવમાં આ ક્રાંતિકારી વિચારધારા છે."

આચાર્યશ્રી: "પૂર્ણ આદર્શ માત્ર વ્યકિત જ બની શકે છે, રાષ્ટ્ર નહિ."

યજ્ઞદત્ત: "ચીનના આક્રમણ પ્રસંગે સર્વોદયવાળાઓએ શાંતિસેના મોકલવાનો પ્રસ્તાવ કરેલો. આપનો આ બાબતમાં શું વિચાર છે?"

આચાર્યશ્રી: "રાષ્ટ્રમાં સેના ન હોય એવી સર્વોદયની માન્યતા હોઈ શકે છે, પણ અણુવ્રત વ્યવહારની ભૂમિકા ઉપર ચાલે છે."

રતનલાલ જોશી: "સર્વોદય શાસનવિહીન સમાજની કલ્પના કરે છે અને અણુવ્રત વ્યવસ્થાપ્રધાન સમાજની કલ્પના કરે છે."

યજ્ઞદત્ત: "આપ આચારપ્રેરણા દેવાવાળા છો, પણ આ સીડીઓ અમારાથી એટલી દૂર છે કે અમે તે ઉપર ચાલી શકતા નથી. આમ હોવાથી હું એમ વિચારું છું કે જનસમાજને સાથે રાખવા માટે પ્રેરક બને એવાં એક બે પગલાં રજૂ કરવામાં આવે તો વધારે સારું."

આચાર્યશ્રી: "મહાવ્રત આખા સમાજ માટે નથી, વ્યકિત માટે જ છે. લાખોમાં એક બે જણ એનો સ્વીકાર કરે છે. અમે પગે

ચાલીએ છીએ અને એ રીતે પ્રવાસ કરીએ છીએ, પણ આખો સમાજ પગપાળા ચાલી ન જ શકે. અમારો આદર્શ કેવળ પ્રેરક રૂપમાં છે. અમે અણુવ્રતના માધ્યમથી એક એવી શ્રેણી કાયમ કરવા માંગીએ છીએ કે જે સમાજમાં રહેતા હોવા છતાં શુદ્ધ હોય. એ સાધુ અને ગૃહસ્થો વચ્ચે એક કડીનું કામ કરશે. આવી કેટલીક વ્યક્તિઓ તૈયાર પણ થઈ છે."

યજ્ઞદત્ત: "અહિંસા સંબંધી આપના વિચાર બહુ જ ઉપયોગી છે. તેનો વ્યાપક પ્રચાર થવો જોઈએ."

રતનલાલ જોશી: રૂઢિગત પરંપરાઓને બદલવાનું આપે જે સાહસ કર્યું છે તે અજોડ છે."

આજ સુધી, અણુવ્રત આંદોલન સામાન્ય જનતાની નૈતિક શુદ્ધિને અનુલક્ષીને અને તત્પુરતું સીમિત રાખીને ચલાવવામાં આવતું હતું. ઉપર આપેલી ચર્ચા એમ દર્શાવે છે કે આચાર્ય તુલસી હવે અણુવ્રત આંદોલનદ્વારા વધારે વ્યાપક પ્રશ્નો અને સમસ્યાઓને સ્પર્શવા ઈચ્છે છે. આ નવા પ્રસ્થાન માટે આચાર્ય તુલસીને ધન્યવાદ ઘટે છે, કારણ કે અણુવ્રત-વિચાર સમગ્રને ન સ્પર્શે ત્યાં સુધી અધુરો જ રહેવાનો હતો. આચાર્યશ્રીએ ઉપરના વિચારો દર્શાવીને સમગ્રને સ્પર્શવાનો પ્રયત્ન હાથ ધર્યો છે. આચાર્યશ્રીએ પોતાના વિચારો ગાંધીજી અને વિનોબાજીના નામ સાથે જોડાયલી સર્વોદય અને પ્રતિકારલક્ષી વિચારધારાને લક્ષમાં રાખીને રજૂ કર્યા છે. તો આ વિચારો પ્રસ્તુત વિચારધારાથી ક્યાં જુદા પડે છે તેની તારવણી કરવામાં આવે તો તે બન્ને સમજવામાં ઉપયોગી થશે. આ તારવણી નીચે મુજબ છે:

(૧) અન્યાયને હૃદયપરિવર્તનના માધ્યમ દ્વારા મટાડવાનું કામ મહાવ્રતીનું છે. અણુવ્રતીની ક્ષમતાની બહારનું છે અને તેથી અણુવ્રતી દંડાવ્યવસ્થાનો સ્વીકાર કરે છે, આદર કરે છે. બીજી બાજુએ સર્વોદયવાદી દંડવ્યવસ્થાનું અવલંબન ન લેતાં જાત ઉપર કષ્ટ નોતરીને સામી વ્યક્તિના હૃદયપરિવર્તનની અપેક્ષાપૂર્વક અન્યાયનો પ્રતિકાર કરે છે.

(૨) અણુવ્રતી આવશ્યકતાવશ યુદ્ધ સ્વીકારે છે; સર્વોદયવાદી કોઈ પણ સંયોગમાં યુદ્ધનું સમર્થન કરી શકતો નથી.

(૩) અણુવ્રતી આક્રમણ નહિ કરે, પણ જરૂર પડયે પ્રતિકાર કરી શકે છે. પ્રતિકાર અંગે હિંસાત્મક અને અહિંસાત્મક એવા ભેદને તે સ્વીકારતો નથી. તે પ્રતિકારમાત્રને હિંસાત્મક લેખે છે.

(૪) રાષ્ટ્રમાં સેના ન હોય એવી સર્વોદયવાદીની ભાવના છે. અણુવ્રતી વ્યવહારની ભૂમિકા ઉપર ચાલે છે એટલે તે હંમેશાને માટે સેનાને આવશ્યક ગણે છે.

(૫) સર્વોદયવાદી શાસનવિહીન સમાજનું સ્વપ્નું સેવે છે; અણુવ્રતી વ્યવસ્થાપ્રધાન એટલે શાસનયુક્ત સમાજની જ કલ્પના કરે છે.

આ વિચારભેદ અથવા તો દૃષ્ટિભેદની ચર્ચા-આલોચના કરવાની જરૂર નથી. એક જૈનાચાર્ય આવા વ્યાપક પ્રશ્નો ઉપર ગંભીરપણે વિચાર કરતા થાય અને ગમે તેવી અધિકૃત વ્યક્તિથી પોતે જ્યાં જ્યાં જુદા પડતા હોય ત્યાં ત્યાં જાહેર રીતે જુદો અભિપ્રાય રજૂ કરવાની હિંમત કરે એ સ્વત: અભિનન્દનીય અને આવકારપાત્ર છે. આપણે આશા રાખીએ કે આચાર્ય તુલસીનું ચિંતન આજની સર્વોદય વિચારધારાને સવિશેષ પૂરક તેમ જ પ્રેરક બનતું રહે.

લાઉડ-સ્પીકરનો ઉપયોગ અને આચાર્ય તુલસી

તા. ૧-૫-૬૬ ના 'જૈન ભારતી' માં તા. ૮-૨-'૬૬ ના રોજ શ્રી જયપ્રકાશ નારાયણ અને આચાર્ય તુલસી વચ્ચે ધ્વનિવર્ધક યંત્ર-લાઉડ સ્પિકર-ના ઉપયોગ સંબંધે થયેલી ચર્ચા અમુક રીતે ખાસ ધ્યાન ખેંચે તેવી હોઈને અહીં ઉદ્ધૃત કરવાનું મન થાય છે. આ ચર્ચા નીચે મુજબ છે:

વાર્તાપ્રસંગ દરમિયાન શ્રી જયપ્રકાશ નારાયણે આચાર્યશ્રીને પૂછ્યું: "આપની પાસે હજારો લોકો આપને સાંભળવા આવે છે. લાઉડસ્પીકર વિના એ લોકો આપને બરોબર સાંભળી શકતા નથી. આપ લાઉડસ્પીકરમાં શા માટે બોલતા નથી? એનું શું કારણ છે?"

આચાર્યશ્રીએ જવાબ આપ્યો: "લાઉડસ્પીકરમાં નહિ બોલવાનું કારણ એ છે કે અમે આજ સુધી વીજળીનો ઉપયોગ કર્યો નથી અને લાઉડસ્પીકરમાં વીજળીનો ઉપયોગ થાય છે. એક વિચારધારા પ્રમાણે વીજળી અગ્નિ છે, પણ વૈજ્ઞાનિકોએ સિદ્ધ કર્યું છે કે તે અગ્નિ નથી; તે તો કેવળ એક શક્તિ છે. તેનું પ્રમાણ આપતાં તેઓ જણાવે છે કે અગ્નિ વાયુના અભાવમાં ટકી શકતો નથી, જ્યારે વીજળી વાયુના અભાવમાં ટકી શકે છે. આને પૂરતું પ્રમાણ માનીને જો અમે વીજળીને અગ્નિ ન માનીએ તો પણ એક લાંબી પરંપરાને એકાએક બદલવાનું ઘણું કઠણ છે. જે ધર્મસંઘમાં લાખો અનુયાયીઓ હોય ત્યાં કોઈ પણ નિર્ણય લેતી વખતે જનમાનસનું ધ્યાન રાખવું આવશ્યક બની જાય છે."

જયપ્રકાશ નારાયણે કહ્યું: "ઠીક છે, હવે મારી સમજમાં આવી ગયું. જનતાને સાથમાં લઈને જ કોઈ ક્રાંતિ કરી શકાય છે. આપની પાસે સાધુઓની એક તેજસ્વી શક્તિ છે. મને પૂરો વિશ્વાસ છે કે આપના પ્રયત્નોનું બહુ જલ્દિથી સારૂં ફળ આવશે."

લાઉડસ્પીકરના ઉપયોગ-અનુપયોગ સંબંધમાં આચાર્ય તુલસીએ આપેલ જવાબમાં એક પ્રકારની કુશળતા રહેલી છે. આજે લાઉડસ્પીકરનો પોતાનાં પ્રવચનો દરમિયાન ઉપયોગ કરવા માટે ચોતરફથી તેમના ઉપર ખૂબ દબાણ થઈ રહ્યું છે; આજના સમયમાં તેની ઉપયોગીતાનો-અનિવાર્યતાનો-તેમનાથી ઈનકાર થઈ શકે તેમ નથી, અને એમ છતાં, જો તેઓ લાઉડસ્પીકરનો ઉપયોગ કરે તો એની પોતાના આનુયાયી વર્ગ ઉપર ઘણી મોટી પ્રતિકૂળ અસર પડે એવો ભય તેઓ સેવે છે. વસ્તુસ્થિતિ આવી હોઈને તેમણે જે જવાબ આપ્યો છે તે એવો દ્વિમુખી છે કે, જ્યારે પણ તેઓ આ બાબતમાં પલટવા માગે ત્યારે પ્રસ્તુત જવાબના આધારે તેઓ સહજમાં પલટી શકે છે.

આજ સુધીમાં આચાર્ય તુલસીએ એટલાં બધાં નવાં પ્રસ્થાન કર્યા છે અને તે પાછળ કોઈ શાસ્ત્રવિહિતતા કે પરંપરાવિહિતતા નથી પણ કેવળ લાભાલાભની-ક્રોધઅક્રોધની-જ સમયલક્ષી દૃષ્ટિ રહેલી છે-કે જેના જીવનમાં પ્રચારકાર્ય એક મહત્વનું અંગ છે તેવા એક ધર્માચાર્ય માટે આજે અનિવાર્ય બનેલા એવા લાઉડસ્પીકરનું અવલંબન લેતાં તેઓ શા માટે અચકાય છે તે સમજાતું નથી. આજે તેમનું એક એવું સ્થાન છે કે જે સ્થાનનું મહત્ત્વ અને અમુક અંશે અદ્વિતીયતા લક્ષમાં લેતાં તેમણે પોતાના હજારોની સંખ્યા ધરાવતા અનુયાયીઓને આ કે અન્ય કોઈ બાબતમાં સ્પષ્ટ દોરવણી આપવાની રહે છે, અને નહિ કે તેમનાથી તેમણે બીતા અને દોરવાતા રહેવું ઘટે છે. દરેક બાબતમાં પોતાના અનુયાયીઓ શું ધારશે એવા જ માપદંડથી જો પ્રમુખ ધર્માચાર્યે બોલવા ચાલવા તથા વર્તવાનું હોય તો પછી તેમના હાથે કોઈ મહત્ત્વના અભિક્રમની-પાયાની ક્રાન્તિની-આશા જ શી રીતે રાખી શકાય?

આચાર્યશ્રીની ઉપરોકત દલીલનો સામનો કરવાને બદલે જયપ્રકાશજી તેમની દલીલનો જાણે કે સ્વીકાર કરતા હોય એવો તેમનો જવાબ છે. આ જોઈને ભારે આશ્ચર્ય થાય છે. કારણ કે તેમની સમગ્ર જીવનનીતિ અને પદ્ધતિ તો સમુદાય સાથે અથડાતા રહીને સ્પષ્ટ વાતો કહેવા સંભળાવવાની રહી છે. સંભવ છે કે આવી બાબતમાં આચાર્યશ્રી સાથે વાદવિવાદ કરવાનું તેમને ઠીક લાગ્યું ન હોય. બાકી તો તેમના જવાબમાં આવા ઔપચારિક વિનય સિવાય બીજું કશું દેખાતું નથી. કારણકે આચાર્યશ્રીની વિચારણા મુજબ જયપ્રકાશજી પણ આજ સુધી ચાલ્યા હોત તો જયપ્રકાશજી જયપ્રકાશ નારાયણ જ ન હોત.

લાઉડસ્પીકરના ઉપયોગ સંબંધમાં આચાર્યશ્રીએ જે વૈજ્ઞાનિક ખુલાસો રજૂ કર્યો છે તે તર્કસંગત લાગતો નથી. તેમણે એમ સૂચવ્યું છે કે અગ્નિ વાયુના અભાવમાં ટકી શકતો નથી અને વીજળી વાયુના અભાવમાં ટકી શકે છે, તેથી વીજળી અગ્નિ નથી, પણ એક શક્તિ છે અને તે રીતે વિચારતા લાઉડસ્પીકરનો ઉપયોગ વાંધાજનક

રહેતો નથી. આ દલીલનો કોઈ એમ જવાબ આપી શકે છે કે અગ્નિનો વાયુ સાથે અવિનાભાવ સંબંધ માની લેવો એ બરોબર નથી, કારણ કે ઈલેકટ્રીક લાઈટ એક પ્રકારનો અગ્નિ જ છે અને એમ છતાં તેને ટકવામાં વાયુની કોઈ જરૂર રહેતી નથી. પણ આ વૈજ્ઞાનિક ચર્ચામાં આપણે ન ઉતરીએ. અહિ એટલું જ જણાવવું પૂરતું છે કે, આ રીતે વિચારીને પણ આચાર્ય તુલસી ધ્વનિવર્ધક યંત્રનો ઉપયોગ શરૂ કરે અને એ રીતે એમના તેજસ્વી સાધુસાધ્વી વૃંદ માટે લાઉડસ્પીકરના ઉપયોગનો માર્ગ મોકળો કરે એ અત્યન્ત આવશ્યક છે. તેમનું જીવન પ્રચારલક્ષી છે; વિચારપ્રચાર તેમના જીવનનો મુખ્ય વ્યવસાય છે અને આ માટે સીધો કે આડકતરો તારટપાલનો પૂરો ઉપયોગ, મુદ્રણ પ્રકાશન અને તરેહતરેહના સમારોહોનાં આયોજન તેઓ કરી રહ્યાં છે. આ પરિસ્થિતિ સાથે લાઉડસ્પીકરનો ઉપયોગ કરવાનો ઈનકાર કોઈ પણ રીતે બંધબેસતો નથી. અને આ પગલું ભરતાં તેમનો અનુયાયી વર્ગ વિરોધ કરશે એમ માની લેવાને કશું જ કારણ નથી. ઉલટું તેઓ તો આ નવા પ્રસ્થાનને આવકારે એ વધારે સંભવિત છે. હું સમજ્યો છું ત્યાં સુધી તેમનો સાધુ-સાધ્વીવૃંદ પણ આ છૂટને ઝંખી રહ્યો છે. તો આ ધ્વનિવર્ધક યંત્રને અપનાવવામાં તેઓ હવે જરા પણ વિલંબ ન કરે એવી તેમને પ્રાર્થના છે.

'ત્રિભુવન તિલક : ભગવાન મહાવીર ચરિત્ર'

આ એક મહાકાવ્ય છે અને તેના રચયિતા શ્રી હીરાચંદ ક. ઝવેરી છે. આ મહાકાવ્ય ૨૪ સર્ગોમાં વહેંચાયેલું છે અને તેમાં ભગવાન મહાવીરના ગર્ભધારણથી માંડીને નિર્વાણ સુધીની જીવનકથા આલેખવાનો પ્રયત્ન છે. આ મહાકાવ્યની આલોચના કરવા પહેલાં કાવ્ય-રચયિતાનો થોડો પરિચય આપવો જરૂરી છે.

ભાઈ હીરાચંદભાઈ સૂરતના વતની છે. વ્યાપારઉદ્યોગના કારણે તેઓ વર્ષોથી મુંબઈમાં વસે છે. આજે તેમની ઉમ્મર ૬૫ વર્ષની છે. તેમનું ભણતર મેટ્રિક સુધીનું છે. સંયોગોવશાત્ તેઓ ભણતરમાં આગળ વધી ન શક્યા. પણ જીવનના પ્રારંભથી સાહિત્ય તરફ તેમનું ખૂબ જ વલણ રહ્યું છે. સંસ્કૃત સાહિત્યના તેઓ સારા અભ્યાસી છે; જૈન ધર્મનું પણ તેમણે ઊંડુ અધ્યયન કર્યું છે.

આશરે ૪૦ વર્ષ પહેલાં પ્રીન્સીપાલ એફ. ડબલ્યુ. બેઈનની એક નવલિકાનો ગુજરાતી અનુવાદ મારા જોવામાં આવેલો. આ અનુવાદ કરનારનું નામ હતું શ્રી હીરાચંદ ઝવેરી. ભારતીય સંસ્કૃતિને પચાવનાર અને અપનાવનાર પ્રીન્સીપાલ બેઈનની આ નવલિકા અનુવાદ કરવા પ્રેરાય એવા આ હીરાચંદ ઝવેરી કોણ હશે તેનું તે વખતે મને ભારે કુતુહલ થયેલું, પણ એ દિવસોમાં તેમની સાથે કોઈ સંપર્ક સધાયલો નહિ. હમણાં ખબર પડી કે તેમણે ૧૯૨૩-૨૪ આસપાસના સમયમાં પ્રૉ. બેઈનની એક નવલિકા નહિ પણ પાંચ નવલિકાના અનુવાદ કર્યા હતા—જેનાં નામ છે સંસાર-સ્વપ્ન, મૃગજળ, જગન્મોહિની, નટરાજ, નાગકન્યા. આજથી ૧૬ પુત્રી કુ. ઈન્દુકલાબહેન એમ. એ.ની પરીક્ષા પસાર કરીને પોતાના પી. એચ. ડી.ના અભ્યાસ માટે ૧૯૫૧માં તેમના પિતાશ્રી સાથે અમદાવાદ ગયા અને પંડિત સુખલાલજી સાથે રહેવા લાગ્યા. એ જ અરસામાં અમદાવાદ ખાતે પંડિતજીને મળવા જવાનું બનતાં બહેન ઈન્દુકલાનો અને તેના અનુસંધાનમાં તેમના પિતા હીરાચંદભાઈનો પરિચય થયો, અને તેમના સાહિત્ય-શોખ અને જ્ઞાનોપાસનાની જાણકારી થતાં મારા દિલમાં તેમના વિષે ઊંડો આદર પેદા થયો. ઈન્દુકલાબહેન તો પછી ૧૯૫૩ની સાલમાં બહુ યશસ્વી રીતે પી. એચ. ડી. થયાં અને અમદાવાદની હ. કા. આર્ટસ કૉલેજમાં અધ્યાપિકા તરીકે જોડાયાં, પણ હીરાચંદભાઈ તો મુંબઈમાં રહેતા હોવાથી તેમને અવારનવાર મળવાનું ચાલુ રહ્યું. તેમણે ૧૯૫૧ની સાલમાં ઓમર ખય્યામની રૂબાયતનું 'મયખાનું' એ નામથી ભાષાન્તર કર્યું છે અને એ પુસ્તકાકારે પ્રગટ થયું છે. આ ભાષાન્તર મારા વાંચવામાં આવ્યું અને એ ભાષાન્તર મૂળની છાયાને બહુ સુન્દર રીતે પ્રતિબિંબિત કરે છે એવી મારા મન ઉપર છાપ પડી. આ જ પ્રમાણે એ વર્ષો દરમિયાન તેમણે 'મેઘદૂત'નું પણ ભાષાન્તર કર્યું હતું, જે બુદ્ધિપ્રકાશમાં પ્રગટ થઈ ચૂકયું છે.

આ 'ત્રિભુવન તિલક' મહાકાવ્ય રચવાનો હીરાચંદભાઈએ ૧૯૨૫-૨૬ આસપાસ પ્રારંભ કરેલો, પણ એકાદ સર્ગ લખાયા બાદ અધુરૂં રહેલું. પાંચ સાત વર્ષ બાદ વળી તેમણે આ કામ હાથમાં લીધું અને નવ સર્ગ સુધી પહોંચાડયું. વળી પાછો લાંબો ગાળો પડયો. વ્યાપારક્ષેત્રે તેમજ કૌટુંબિક ક્ષેત્રે તેમણે ઘણી લીલી-સુકી જોઈ છે, અને તેથી ચિત્તની સ્વસ્થતા અને એકાગ્રતાની અપેક્ષા ધરાવતા આવા કાર્યને પૂરું કરવામાં ખાંચા પડયા કરે તે સ્વાભાવિક છે. તેમનો યુવાન પુત્ર ભાઈ રજનીકાન્ત ની ૧૯૪૮માં માંદગી શરૂ થઈ અને હવાફેર માટે તેને નાસિક લઈ જવો પડયો અને લગભગ એક વર્ષ હીરાચંદભાઈને તેની સાથે નાસિક રહેવું પડયું તે દરમિયાન આ કાર્ય તેમણે પૂરૂં કર્યું. સમાન્તરે ૧૯૫૩ની સાલમાં તાજેતરમાં જેણે સોલીસીટરની પરીક્ષા પસાર કરી હતી તે ભાઈ રજનીકાન્તનું લાંબી માંદગીના પરિણામે અવસાન થયું અને આ ઘટના હીરાચંદભાઈ માટે ભારે મર્મદાકારક બની. ઉપર જણાવ્યા મુજબ પૂર્ણાહુતિને પામેલાં મહાકાવ્યનું તેઓ પઠનપાઠન કરતા રહ્યા, તેમાં પારવિનાના સુધારાવધારા કરતા રહ્યા, અને એ રીતે આખું કાવ્ય તેમણે ફરી ફરીને ચાર વાર લખ્યું. કેટલાક સર્ગ આમૂલ છંદ બદલીને તેમણે નવા જ લખ્યા. આમ વર્ષોભરના મંથનના પરિણામે આ મહાકાવ્યની પ્રકાશન-યોગ્યતા અંગે તેમને જ્યારે પૂરો સંતોષ થયો ત્યારે જ તેમણે આ મહાકાવ્યને છપાવવાનું કાર્ય હાથમાં લીધું. આ રીતે તૈયાર થયેલું મહાકાવ્ય આજે આપણને પુસ્તક રૂપે પ્રાપ્ત થવા પામ્યું છે.

વ્યાપાર અને ઉદ્યોગ સાથે યૌવનના પ્રારંભથી આજ સુધી જોડાયલી એવી એક વ્યકિત આવું એક મહાકાવ્ય નિર્માણ કરી શકે એ આ કૃતિની ભારે વિસ્મયકારક વિશેષતા છે. આ છે એક આડપ્રવૃત્તિ તરીકે હીરાચંદભાઈની કાવ્ય અને સાહિત્ય પ્રત્યેની સતત અભિમુખતાનું, અખંડ જ્ઞાનોપાસનાનું અને ભગવાન મહાવીર વિષેના અનવરત ચિન્તન અને રટણનું પરિણામ. આ ઉપરાંત તેમના હાથે લખાયલું પણ મોટા ભાગે અપ્રગટ એવું સાહિત્ય ઠીક પ્રમાણમાં એકઠું થયું છે. આ 'ત્રિભુવન તિલક' મહાકાવ્ય પ્રગટ થયા પહેલાં તેનો એક સર્ગ દોઢ પોણાબે વર્ષ પહેલાં ઉજવાયલી પ્રબુદ્ધ જીવનની રજતજયન્તીને લગતા વિશેષ અંકમાં પ્રગટ થઈ ચૂકયો છે. તેથી પ્રબુદ્ધ જીવનના વાચકો તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા આ મહાકાવ્યથી સાવ અપરિચિત નથી.

આ કાવ્યમાં જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંપ્રદાયની માન્યતાને પૂર્ણપણે વફાદાર એવું ભગવાન મહાવીરના ચરિત્રનું નિરૂપણ કરવામાં આવ્યું છે. હીરાચંદભાઈએ સંસ્કૃત સાહિત્ય બહોળા પ્રમાણમાં વાંચ્યું છે. તેનું પરિણામ એ આવ્યું છે કે સહજ-સુબોધ નહિ એવા સંસ્કૃત શબ્દોનો આ રચનામાં ઠીક પ્રમાણમાં ઉપયોગ થયો છે અને તેથી કોઈ કોઈ ઠેકાણે સામાન્ય વાચકને આ કાવ્ય વાંચતાં દુર્બોધિતાનો અનુભવ થવા સંભવ છે. પણ જેઓ સંસ્કૃત કાવ્ય-સાહિત્યથી પરિચિત છે તેમના માટે આ મહાકાવ્યનું વાચન અત્યન્ત પ્રેરક અને આનંદપ્રદ નીવડવા સંભવ છે. રચયિતા હીરાચંદભાઈ ભગવાન મહાવીર પ્રત્યેના ઊંડા ભકિતભાવથી પ્રેરિત અને પ્રભાવિત છે અને તેનો ઉલ્લાસ આ કાવ્યમાં જ્યાં ત્યાં અનુભવગોચર થાય છે. જાણે કે રઘુવંશ કે કુમારસંભવ વાંચતા હોઈએ એવો આનંદઉન્મેષ આ કાવ્યના વાંચનદ્વારા આપણે અનુભવીએ છીએ. કેટલાક ઠેકાણે કાવ્યધારા જળધારાની માફક સરળપણે વહી જતી લાગે છે. ગુજરાતી ભાષામાં ભગવાન મહાવીરના ચરિત્ર ઉપર રચાયલું આવું અન્ય મહાકાવ્ય મારા જોવામાં આવ્યું નથી. ગદ્ય કરતાં પદ્યનો ભાવ ગ્રહણ કરવો હંમેશા વધારે મુશ્કેલ છે, તેથી જે કોઈ આ મહાકાવ્ય ધીરજથી વાંચશે અને તેનું અવારનવાર પુનરાવર્તન કરશે તે આ મહાકાવ્યની ગેયતાને ઉત્કટપણે માણી શકશે. ભગવાન મહાવીરના ભવ્ય ચરિત્રને આ રીતે કાવ્યમાં ઉતારવા માટે શ્રી હીરાચંદભાઈને અનેક ધન્યવાદ ઘટે છે. મહાવીર પ્રત્યે ભકિતભાવ આદર ધરાવતા સર્વ કોઈને આ મહાકાવ્યનું પારાયણ કરવા અને બને તો વસાવવા આગ્રહપૂર્વક અનુરોધ છે.

આ પુસ્તકનો ઉઠાવ તથા મુદ્રણ સુન્દર અને આકર્ષક છે. આ પુસ્તકની કિંમત રૂા. ૭-૫૦ છે અને મેસર્સ એન. એમ. ત્રિપાઠીને ત્યાંથી મળી શકે તેમ છે.

પરમાનંદ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો વાર્ષિક વૃત્તાંત—ઈ. સ. ૧૯૬૫

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો ગત વર્ષનો વૃત્તાંત રજુ કરતાં અમે આનંદ અનુભવીએ છીએ. સંઘ ઈ. સ. ૧૯૬૬ ના પ્રારંભ સાથે ૩૮મા વર્ષમાં પ્રવેશી ચૂકેલ છે. આપણો સંઘ ૩૭ વરસથી એકધારી પ્રવૃત્તિ કરતો રહ્યો છે એ નાનીસૂની વાત નથી, બલ્કે ગૌરવયુકત વાત છે. આપણો સંઘ શહેરની અન્ય ઘણી સંસ્થાઓના પ્રમાણમાં નાનો હશે, એનું ભંડોળ ઓછું હશે, એની પ્રવૃત્તિ મર્યાદિત હશે, પણ એ તો જેમ સાગરને એની વિશિષ્ટતા છે, તો ખળખળ વહેતા મધુર ઝરણાંને પણ એની કોઈ અનોખી વિશિ તા છે તેના જેવું છે.

અને સંઘનો જ્યારે જ્યારે વાર્ષિક વૃત્તાંત લખાય છે ત્યારે સંઘના પાયા જેમણે ઊંડા નાંખ્યા છે તેવા સદ્‌ગત શ્રી મણિભાઈનું સ્મરણ હંમેશ થાય છે. તેમણે પેટાવેલી જ્ઞાનની જ્યોત, તેમણે પ્રસરાવેલી સેવાની સુવાસ, અમારી અલ્પશકિત વડે પણ જારી રાખવાનો યત્કિંચિત પ્રયત્ન અમે ગત વર્ષ દરમિયાન કર્યો છે. આમ છતાં ગત વર્ષની પ્રવૃત્તિ બધી રીતે સંતોષકારક અમે કહી શકતા નથી—કારણ, પ્રવાસ - પરિભ્રમણ, જે સંઘની હંમેશ આકર્ષક પ્રવૃત્તિ રહી છે, તે ગત વર્ષ દરમિયાન અમે બીલકુલ કરી શકયા નથી. આથી થોડા સંકોચ સાથે અમે આ વૃત્તાંત આપની સમક્ષ રજુ કરીએ છીએ.

આ વૃત્તાંત કાર્યવાહીની દૃષ્ટિએ છેલ્લી વાર્ષિક સભા તા. ૨૬-૬-૬૫ ના રોજ મળી ત્યારથી આજ સુધીનો એટલે કે તા. ૧૮-૮-૬૬ સુધીનો છે, જ્યારે વહીવટી દૃષ્ટિએ ૧લી જાન્યુઆરી ૧૯૬૫ થી ૩૧ ડીસેમ્બર ૧૯૬૫ સુધીનો છે.

'પ્રબુદ્ધ જીવન'

ગત વર્ષ દરમિયાન સંઘની વિવિધ પ્રવૃત્તિઓ, પર્યટન - પ્રવાસ સિવાય એકસરખી ચાલુ રહી છે. સંઘનું ગૌરવવન્તુ મુખપત્ર 'પ્રબુદ્ધ જીવન' વધુ ને વધુ લોકચાહના મેળવતું થયું છે અને એમાં પ્રગટ થતાં લખાણો કોઈ એક સંપ્રદાય કે પક્ષના પ્રચારક ન રહેતાં સમાજને સત્યમ્—શિવમ્—સુન્દરમ્—અભિમુખ કરે તેવા હૃદયસ્પર્શી રહ્યાં છે. પ્રબુદ્ધ જીવન ચલાવવા પાછળ સંઘની એક ઉચ્ચ અને આદર્શ દૃષ્ટિ રહી છે, એટલે જ પ્રબુદ્ધ જીવન એક પ્રાણવાન પત્ર તરીકે પત્રકારત્વની દુનિયામાં પંકાયું છે અને વિશાળ સમાજનાં વિવિધ ક્ષેત્રે કામ કરતા અનેક ભાઈ બહેનોની શુભેચ્છા આ પત્રને મળતી રહે છે. વળી પ્રબુદ્ધ જીવનને જાહેરખબર લઈ નીચી કક્ષા ઉપર લઈ જવાનો અમે કદિ વિચાર કર્યો નથી, એટલે સ્વાભાવિક છે કે, સંઘને પ્રબુદ્ધ જીવનની આર્થિક ખોટ સારી એવી આવે. આમ પ્રબુદ્ધ જીવનને પક્ષે આર્થિક ચિંતા હંમેશની છે જ. ગત વર્ષ દરમિયાન પણ પ્રબુદ્ધ જીવનને રૂા. ૪૩૪૦—૬૦ ની આવક થઈ છે, જ્યારે રૂા. ૮૨૬૫—૦૯ નો ખર્ચ થયો છે, પરિણામે રૂા. ૩૯૨૪—૪૯ ની ખોટ આવેલ છે. સૌરાષ્ટ્ર ટ્રસ્ટ તરફથી ભેટના રૂા. ૧૫૦૦—૦૦ મળે છે તે જો ન ગણીએ તો ખોટ રૂા. ૫૪૨૪—૪૯ ની ગણાય.

પ્રબુદ્ધ જીવન મૌલિક ચિન્તનપ્રેરક પત્ર તરીકે આગવું સ્થાન ધરાવે છે અને એ માટેનો બધો જ યશ પ્રબુદ્ધ જીવનના તંત્રી અને સંપાદક શ્રી પરમાનંદભાઈને જાય છે. પરમાનંદભાઈ પછી પ્રબુદ્ધ જીવનનું શું? આવો પ્રશ્ન ફકત અમને જ નહિ પણ પંડિત સુખલાલજી અને કાકાસાહેબ કાલેલકર જેવાને પણ થાય છે. પણ ૧૯૬૪ના નવેમ્બરમાં જ્યારે આ પત્રની રજતજયંતી ઉજવાઈ ત્યારે પરમાનંદભાઈ પછી પ્રબુદ્ધ જીવનનો વારસો સંઘના ગૌરવસમા શ્રી ચીમનલાલ ચકુભાઈ સંભાળશે એવું પંડિત સુખલાલજીએ સૂચન કર્યું ત્યારે તાળીઓના ગડગડાટથી એ સૂચનને વધાવી લેવામાં આવ્યું હતું.

શ્રી મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ હસ્તક ચાલતું આ વાચનાલય અને પુસ્તકાલય મધ્યમવર્ગનાં ભાઈબહેનો અને બાળકો માટે એક આશીર્વાદરૂપ રહ્યું છે. આ જ્ઞાનપરબનો અનેક ભાઈબહેનો લાભ ઉઠાવે છે. પુસ્તકાલયનો લાભ લેનારની સંખ્યા ૩૫૦ આસપાસની રહી છે, જ્યારે વાચનાલયનો સવાર-સાંજ મળીને લગભગ ૧૨૫ ભાઈઓ લાભ લે છે. અહિં કુલ્લે ૧૦૩ સામયિકો આવે છે. ગત વર્ષ દરમિયાન રૂા. ૭૮૬-૫૩નાં નવાં પુસ્તકો પણ ઉમેરવામાં અવ્યા છે. પુસ્તકાલયમાં એક ગાંધી-સાહિત્યનો વિભાગ પણ ઊભો કર્યો છે. પુસ્તકાલયને એક આદર્શ પુસ્તકાલય બનાવવાનું સ્વપ્ન છે, પણ એનો વિકાસ જોઈએ એવો થતો નથી, કારણ જગ્યાને પહોળી કેમ કરવી? જગ્યા તો જે હતી વર્ષો પહેલાં તે જ આજે છે. આપણે કોઈ મોટી જગ્યા માટે ફંડફાળો કર્યો નથી. કોઈના કાને આપણે આ વાત પણ નાખી નથી. સંઘના સભ્યો તથા તેના શુભેચ્છકો જો ધારે અને કાર્યવાહીના સભ્યો ગંભીરપણે વિચારે, તો એકાદ ચેરીટી શો કરીને પણ લાખેક રૂપિયા ભેગા કરી શકાય અને એકાદ વિશાળ હોલ લાયબ્રેરી તથા સંઘ માટે મેળવી શકાય. ખેર, આ આજે નહિ પણ ભવિષ્યમાં પણ થશે તો સંઘની પાછળ જેમણે આત્મા રેડયો છે એમના આત્માને પરમ સંતોષ થશે.

વાચનાલય અને પુસ્તકાલયની પ્રવૃત્તિના સંચાલન પાછળ ગત વર્ષ દરમિયાન રૂા. ૭૦૨૦—૯૨નો ખર્ચ થયો છે, જ્યારે આવક રૂા. ૩૮૬૧—૨૦ ની થઈ છે. એટલે રૂા. ૩૧૫૯-૭૨ ની ખોટ આવી છે. આગલા વર્ષોની રૂા. ૮૨૫૨-૬૨ની ખોટ ઊભી છે તેમાં આ ખોટ ઉમેરતાં રૂા. ૧૧૪૧૨-૩૪ની કુલ્લે ખોટ થાય છે. સંઘે એના ફાળામાંથી રૂા. ૫૦૦૦ વાચનાલય અને પુસ્તકાલયને ભેટ આપ્યા. એટલે હવે ખોટ રૂા. ૬૪૧૨-૩૪ની ઊભી રહે છે.

પર્યુષણ વ્યાખ્યાનમાળા

સંઘની ત્રિવેણીસંગમ જેવી ત્રણ પવિત્ર પ્રવૃત્તિ તે પ્રબુદ્ધ જીવન, વાચનાલય અને પુસ્તકાલય અને ત્રીજી પ્રવૃત્તિ પર્યુષણ વ્યાખ્યાનમાળા.

પર્યુષણ વ્યાખ્યાનમાળા વરસોથી ચાલે છે અને આજે તો વ્યાખ્યાનમાળાની પ્રવૃત્તિ ફાલી ફૂલી છે. શહેરમાં અન્ય સંસ્થાઓ પણ વ્યાખ્યાનમાળા યોજતી થઈ છે એ આપણી વ્યાખ્યાનમાળાનું જ સુંદર ફળ લેખી શકાય. ગત વર્ષ દરમિયાન પર્યુષણ વ્યાખ્યાનમાળા તા૦ ૨૩ ઓગસ્ટથી તા૦ ૩૦ ઓગસ્ટ એમ આઠ દિવસ માટે અધ્યાપક શ્રી ગૌરીપ્રસાદ ચુ. ઝાલાના પ્રમુખપણા નીચે યોજવામાં આવી હતી. શરૂઆતના પાંચ દિવસની વ્યાખ્યાનસભાઓ બ્લેવાટ્સ્કી લૉજમાં અને પાછળના ત્રણ દિવસની વ્યાખ્યાનસભાઓ ભારતીય વિદ્યાભવનમાં ગોઠવવામાં આવી હતી. નિયત કાર્યક્રમ મુજબ સર્વ વ્યાખ્યાતાઓ ઉપસ્થિત થયા હતા અને પોતપોતાના વિષયને તેમણે પૂરો ન્યાય આપ્યો હતો. પ્રો. ઝાલાસાહેબે આઠે દિવસની વ્યાખ્યાનસભાઓનું પ્રમુખસ્થાન શોભાવ્યું હતું અને પ્રત્યેક વ્યાખ્યાન અંગે જરૂરી ટીકા ટીપ્પણી કરીને પ્રમુખ તરીકેની જવાબદારી તેમણે પૂરી નિષ્ઠાથી અદા કરી હતી. આ માટે સંઘ તેમનો ખૂબ જ ઋણી છે. આ વખતની વ્યાખ્યાનમાળાના વકતાઓની પસંદગી બહુ ઉચ્ચ કોટિની કરવામાં આવી હતી જેમાં સમાવેશ થાય છે શ્રી ઢેબરભાઈ, સ્વામી રંગનાથાનંદ, શ્રી રજનીકાન્ત મોદી, સ્વામીશ્રી પ્રણવતીર્થ, સૌ. મૃણાલિની દેસાઈ, શ્રી વી. એસ. પાગે, શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ, શ્રી વસંતરાવ નારગોળકર, આચાર્યશ્રી યશવંત શુકલ, આચાર્ય મનુભાઈ પંચોળી, પ્રવ્રાજિકા આત્મપ્રાણા, શ્રી ઉમાશંકર જોષી વગેરેનો. વ્યાખ્યાનમાળાના આખરી દિવસે સંગીતકાર અને ભજનિક પંડિત દેવેન્દ્રવિજયે શ્રોતાઓને ડોલાવ્યા હતા.

વૈદ્યકીય રાહત

સંઘ તરફથી વૈદ્યકીય રાહતની પ્રવૃત્તિ નાના પાયા ઉપર ચાલે છે જેમાં જૈન જૈનેતરના કોઈ ભેદભાવ વિના સૌને લાભ આપવામાં છે. વૈદ્યકીય રાહતનાં સાધનો પણ સંઘના કાર્યાલયમાં રાખવામાં

આવ્યા છે, જેનો ઉપયોગ પણ સારા પ્રમાણમાં થાય છે. આ પ્રવૃત્તિને પણ વિકસાવવાનો ખ્યાલ છે અને આમાં આપણને જૈન કલીનીકનાં મેડિકલ ઑફીસર ડૉ૦ સાંગાણી સારો સહકાર આપી રહ્યા છે.

વૈદકીય રાહતમાં ગયા વર્ષે રૂા. ૫૨૦–૯૭ ની રકમ લેણી ઊભી હતી. તેમાં ચાલુ વર્ષ દરમિયાન રૂા. ૮૬૨-૦૦ની મદદ આપવામાં આવી. એટલે એકંદર રૂા. ૧૩૮૨-૯૭ની રકમ થઈ. આ ખાતા માટે ભેટ આવેલી રકમ ફક્ત રૂા. ૩૬-૦૦ બાદ કરતા વર્ષની આખરે વૈદકિય રાહત ખાતે રૂા. ૧૩૪૬-૪૭ લેણા ઊભા રહે છે.

સંઘના સભ્યોને આ ખાતામાં, પોતાને ત્યાં શુભ પ્રસંગો આવે ત્યારે આ ખાતાને યાદ કરી ઉદાર રકમ નોંધાવવા પ્રાર્થના છે.

ગત વર્ષમાં યોજાયલાં સંમેલનો અને સન્માનસમારંભો

(૧) તા૦ ૭-૮-૬૫ શનિવારના રોજ સાંજના સમયે સંઘની કાર્યવાહક સમિતિના સભ્યો તેમ જ સંઘના અગ્રગણ્ય સભ્યોનું શ્રી કાકાસાહેબ કાલેલકર સાથે મિલન ગોઠવવામાં આવ્યું હતું.

(૨) તા૦ ૨૯-૮-૬૫ રવિવારના રોજ સાંજના ૪ વાગ્યે સમગ્ર વ્યાખ્યાનમાળાનું પ્રમુખસ્થાન શોભાવનાર શ્રી ગૌરીપ્રસાદ ચુનિલાલ ઝાલા–ઝાલાસાહેબ તથા વ્યાખ્યાનમાળાના વ્યાખ્યાતાઓ સાથે સંઘની કાર્યવાહક સમિતિના સભ્યો તથા સંઘના કેટલાક સ્વજનોનું એક 'સ્નેહમિલન' સંઘ તરફથી રીજ રોડ ઉપર આવેલા 'માનવ મંદિર' સંસ્થાના સભાગૃહમાં યોજવામાં આવ્યું હતું

(૩) તા૦ ૧૧-૯-૬૫ શનિવારના રોજ સાંજના સમયે સંઘ તરફથી સંઘના કાર્યાલયમાં 'રાષ્ટ્રીય તેમ જ આન્તરરાષ્ટ્રીય રાજકારણ' એ વિષય ઉપર શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનું એક જાહેર વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું.

(૪) તા૦ ૬-૧-૬૬ ગુરુવારના રોજ સાંજના સમયે સંઘ તરફથી સંઘના કાર્યાલયમાં 'રાષ્ટ્રીય તેમ જ આન્તરરાષ્ટ્રીય રાજકારણી પરિસ્થિતિ" એ વિષય ઉપર શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનું એક જાહેર વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું.

(૫) તા૦ ૨૭-૧-૬૬ના રોજ સાંજના સમયે શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી સંઘના સભ્યો માટે મરીનલાઈન્સ ઉપર આવેલા તારાબાઈ હોલમાં વડા પ્રધાન શાસ્ત્રીજીના જીવનને લગતા વિવિધ પ્રસંગો અંગેના ચિત્રપટો દેખાડવા માટેનો એક ફીલ્મ–શો રાખવામાં આવ્યો હતો.

(૬) તા૦ ૩૧-૧-૬૬ના રોજ સાંજના સમયે ધી બોમ્બે ગ્રેન એન્ડ ઓઈલસીડઝ એસોસીએશનના શીતળ સભાગૃહમાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે જાણીતા જાદુગર શ્રી કે. લાલ સાથે સંઘના સભ્યોનો એક મિલનસમારંભ યોજવામાં આવ્યો હતો.

(૭) તા૦ ૧૯-૨-૬૬ શનિવારના રોજ સાંજના સમયે સંઘ તરફથી સંઘના કાર્યાલયમાં 'વર્તમાન રાષ્ટ્રીય રાજકારણ' એ વિષય ઉપર શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનું એક જાહેર વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું.

સંઘની કાર્યવાહી તેમ જ આર્થિક પરિસ્થિતિ

વર્ષ દરમિયાન સંઘની કાર્યવાહક સમિતિની ૭ સભાઓ બોલાવવામાં આવી હતી.

સંઘને ગત વર્ષમાં ખર્ચ રૂા. ૭૧૩૩-૩૮નો થયો છે, આવક રૂા. ૧૬,૨૧૯-૨૩ની થઈ છે, અને સરવાળે રૂા. ૯૦૮૫-૮૫નો વધારો રહ્યો છે. આગલા વર્ષે જનરલ ફંડ ખાતે રૂા. ૧૫૬૧૩-૦૩ની રકમ જમા પડી હતી, તેમાં ઉપરનો વધારો રૂા. ૯૦૮૫-૮૫ ઉમેરતાં જનરલ ફંડમાં રૂા. ૨૪૬૯૮-૮૮ થયા. તેમાંથી પ્રબુદ્ધ જીવનની ખોટ રૂા. ૩૯૨૪-૪૯ તથા વાચનાલય અને પુસ્તકાલયને ભેટ તરીકે આપ્યા તે રૂા. ૫૦૦૦-૦૦ એમ એકંદર રૂા. ૮૯૨૪-૪૯ બાદ કરતાં વર્ષની આખરે જનરલ ફંડ રૂા. ૧૫૭૭૪-૩૯નું રહે છે.

સંઘે ૩૭ વર્ષ પૂરાં કર્યાં છે, વાચનાલય અને પુસ્તકાલયે ૨૬ વર્ષ પૂરાં કર્યાં છે અને પ્રબુદ્ધ જીવને ૨૭ વર્ષ પૂરાં કર્યાં છે.

સંઘની ગત વર્ષની પ્રવૃત્તિ આમ યથાવત્ ચાલુ રહી છે. આર્થિક રીતે આપણે 'પ્રબુદ્ધ જીવન'ને પગભર કરવાની ખાસ જરૂર છે. વાચનાલય અને પુસ્તકાલયને પણ વિશાળ બનાવવું પડશે. આ સિવાય અન્ય પ્રવૃત્તિનાં સૂચનો પણ આવકાર્ય છે, અને સંઘ એની મર્યાદામાં રહીને પ્રવૃત્તિ કરશેજ કરશે એની અમે ખાતરી આપીએ છીએ.

ગત વર્ષ દરમિયાન આપણી પ્રવૃત્તિમાં સીધો કે આડકતરો જેણે જેણે આપણને સહકાર આપ્યો છે તેમનો અમે આભાર માનીએ છીએ. આભાર તો પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાનના આપણા સુજ્ઞ શ્રોતાઓનો વિશેષ માનવો જોઈએ. તેમનો આર્થિક સહકાર તો આપણને હોય છે જ, તે ઉપરાંત સંઘ પ્રત્યે તેઓની જે મમતા દેખાય છે તે આપણને કાર્યરત રાખે છે, એટલું જ નહિ પણ, પર્યુષણના આઠ દિવસની તેમની સાથેના મિલનની જે હુંફ મળે છે તે આપણા માટે બાર મહિનાનું ભાતું બની જાય છે. આ સિવાય મુંબઈ સમાચાર, જન્મભૂમિ, જનશક્તિ વિ. દૈનિક પત્રોનો પણ આપણને સહકાર મળે છે. સ્ટેટ્સ પીપલ પ્રેસનો તેમ જ સૌરાષ્ટ્ર ટ્રસ્ટનો પણ આ સ્થળે અમે ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.

રમણિકલાલ મણિલાલ શાહ
ચીમનલાલ જેઠાલાલ શાહ
મંત્રીઓ : મુંબઈ જૈન યુવક સંઘ

સંઘની વાર્ષિક સામાન્ય સભા અને ચૂંટણીનું પરિણામ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા તા. ૧૮–૬–૬૬ ને શનિવારના રોજ સાંજના પાંચ વાગ્યે મસ્જીદ બંદર રોડ ઉપર આવેલા ધી ગ્રેન, સીડસ એન્ડ ઑઈલ સીડઝ મર્ચન્ટસ એસોસીએશનના હોલમાં શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના પ્રમુખસ્થાને મળી હતી, જ્યારે નીચે મુજબનું કામકાજ થયું હતું:–

(૧) સંઘનો વાર્ષિક વૃત્તાંત તથા સંઘ તેમ જ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયના સને ૧૯૬૫ની સાલના ઑડિટ થયેલા હિસાબો (જે આ અંકમાં અન્યત્ર પ્રગટ કરવામાં આવેલ છે) સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા તેમ જ સંઘની કાર્યવાહક સમિતિ તરફથી રજૂ કરવામાં આવેલા બન્ને સંસ્થાઓના ચાલુ વર્ષના અંદાજપત્રો મંજૂર કરવામાં આવ્યાં.

(૨) ત્યારબાદ નીચે મુજબ સંઘના અધિકારીઓ તથા કાર્યવાહક સમિતિની ચૂંટણી કરવામાં આવી.

(૧)	શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ	પ્રમુખ
(૨)	" પરમાનંદ કુંવરજી કાપડિયા	ઉપપ્રમુખ
(૩)	" ચીમનલાલ જેઠાલાલ શાહ	મંત્રીઓ
(૪)	" સુબોધચંદ્ર એમ. શાહ	"
(૫)	" રતિલાલ ચીમનલાલ કોઠારી	કોષાધ્યક્ષ
(૬)	" રમણીકલાલ મણિલાલ શાહ	સભ્યો
(૭)	" લીલાવતીબહેન દેવીદાસ	"
(૮)	" દુર્લભજી કેશવજી ખેતાણી	"
(૯)	" જયંતિલાલ ફત્તેહચંદ શાહ	"
(૧૦)	" ભગવાનદાસ પોપટલાલ શાહ	"
(૧૧)	" ચંદુલાલ સાંકળચંદ શાહ	"
(૧૨)	" રમણલાલ લાલભાઈ લાકડાવાલા	"

(૧૩) શ્રી દામજીભાઈ વેલજી શાહ સભ્યો
(૧૪) " પ્રવીણભાઈ મંગળદાસ શાહ "
(૧૫) " નીરૂબહેન એસ. શાહ "
(૧૬) " મફતલાલ ભીખાચંદ શાહ "
(૧૭) " જસુમતિબહેન મનુભાઈ કાપડિયા "
(૧૮) " કે. પી. શાહ "
(૧૯) " કાંતિલાલ ઉમેદચંદ બરોડિયા "
(૨૦) " હરિલાલ ગુલાબચંદ શાહ "

કાર્યવાહક સમિતિમાં સભ્યોની પૂરવણી

ત્યાર બાદ તા. ૨૪-૬-૬૬ ના રોજ મળેલી સંઘની નવી કાર્યવાહક સમિતિએ કાર્યવાહક સમિતિમાં નીચે જણાવેલા ત્રણ સભ્યોની પુરવણી કરી હતી.

(૧) પ્રો. રમણલાલ ચી. શાહ
(૨) શ્રી. દીપચંદ લક્ષ્મીચંદ સંઘવી
(૩) „ રિષભદાસ રાંકા

શ્રી મ. મો. શાહ સા. વાચનાલય-પુસ્તકાલય સમિતિ

આ સમિતિમાં પ્રસ્તુત વાચનાલય અને પુસ્તકાલયના નીચે જણાવેલા પાંચ ટ્રસ્ટીઓ અધિકારની રૂઈએ સભ્યો ગણાય છે:-

(૧) શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ
(૨) " પરમાનંદ કુંવરજી કાપડિયા
(૩) " રતિલાલ ચીમનલાલ કોઠારી
(૪) " રમણીકલાલ મણિલાલ શાહ
(૫) " ચીમનલાલ જેઠાલાલ શાહ

આ ઉપરાન્ત સંઘની કાર્યવાહક સમિતિમાંથી નીચેના ચાર સભ્યોની નિમણુંક કરવામાં આવી હતી.

(૧) શ્રી ચંદુલાલ સાંકળચંદ શાહ
(૨) „ પ્રવીણભાઈ મંગળદાસ શાહ
(૩) „ કાન્તિલાલ ઉમેદચંદ બરોડિયા
(૪) „ હરિલાલ ગુલાબચંદ શાહ

આ રીતે વાચનાલય – પુસ્તકાલય સમિતિ નવ સભ્યોની બને છે અને તેમાંના પાંચ ટ્રસ્ટીઓમાંના એક શ્રી ચીમનલાલ જેઠાલાલ શાહની આ સમિતિના મંત્રી તરીકે નિમણુંક કરવામાં આવી હતી.

ચીમનલાલ જેઠાલાલ શાહ
સુબોધભાઈ એમ. શાહ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

વિષયસૂચિ

	પૃષ્ઠ
પ્રકીર્ણ નોંધ: ગુલબર્ગાની શરમજનક દુર્ઘટના, આપણા લોકોની ચમત્કારઘેલછા, અણુવ્રત-વિચારધારા: સર્વોદય વિચારધારાના સંદર્ભમાં, લાઉડ-સ્પીકરનો ઉપયોગ અને આચાર્ય તુલસી, ત્રિભુવન-તિલક: ભગવાન મહાવીર ચરિત્ર. — પરમાનંદ	૪૩
શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો વાર્ષિક વૃત્તાંત : ૧૯૬૫	૪૭
સંઘની વાર્ષિક સામાન્ય સભા અને ચૂંટણીનું પરિણામ	૪૮
શ્રી. મુંબઈ જૈન યુવક સંઘના ઉદ્દેશો, નીતિ તથા કાર્યપદ્ધતિ	૪૯
૧૯૬૫ના વર્ષના વાચનાલય-પુસ્તકાલય તથા સંઘના ઓડિટ થયેલા હિસાબો.	૫૧

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉદ્દેશો, નીતિ તથા કાર્યપદ્ધતિ

તા. ૧૮-૬-૬૬ ના રોજ મળેલી શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સભાએ સંઘની કાર્યવાહક સમિતિ દ્વારા રજુ કરવામાં આવેલું સંશોધિત બંધારણ સર્વાનુમતે પસાર કર્યું છે. આ બંધારણ બે વિભાગમાં વહેંચાયેલું છે: પહેલા વિભાગમાં સંઘના ઉદ્દેશો, નીતિ તથા કાર્યપદ્ધતિ અને એ ઉપરથી ફલિત થતા શિસ્તપાલનના નિયમો અન્તર્ગત કરવામાં આવ્યા છે; બીજા વિભાગમાં સંઘના વહીવટી સંચાલન અંગે જરૂરી એવા નિયમોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આમાંનો પહેલો વિભાગ આ સંઘ કયા પ્રકારની વિશિષ્ટ વિચારસરણી ઉપર આધારિત કરવામાં આવ્યો છે તેનો ખ્યાલ આપે છે. સંઘમાં જોડાયેલા દરેક સભ્યને આ વિચારસરણી અને શિસ્તપાલનના નિયમો બંધનકર્તા છે. આ હકીકત તરફ સંઘના સભ્યોનું ધ્યાન કેંદ્રિત થાય એ હેતુથી બંધારણમાં રહેલો વિચારસરણી અને શિસ્તપાલન વિભાગ અહિં પ્રગટ કરવામાં આવે છે.

આ સંઘના બંધારણ અંગે જણાવવાનું કે આ સંઘની સ્થાપના ઈ. સ. ૧૯૨૮માં કરવામાં આવેલી. તે સમયના સંઘની રચના માત્ર જૈન શ્વે. મૂ. વિભાગને લક્ષમાં રાખીને નક્કી કરવામાં આવી હતી. ત્યાર બાદ ૧૯૩૬ની સાલમાં સમસ્ત જૈન સમાજ માટે સંઘનાં દ્વાર ખુલ્લાં કરતું એવું સંઘના બંધારણનું પાયામાંથી નવ-સંસ્કરણ કરવામાં આવ્યું. ત્યાર બાદ આજ સુધી બંધારણના વહીવટી માળખામાં નાના મોટા ફેરફારો થતા રહ્યા છે, અને સમય જતાં જૈનેતરો માટે પણ સંઘનાં દ્વાર ખુલ્લાં કરવામાં આવ્યાં છે, અને એ રીતે આજે કેટલાંક જૈનેતર ભાઈબહેનો સંઘમાં જોડાયાં છે. આમ છતાં પણ, સંઘની વિચારસરણી અને શિસ્તપાલનને લગતું માળખું આજ સુધી કાયમ રહ્યું છે, અને ૧૯૩૬ની સાલમાં દેશની તેમ જ સમાજની જે સમસ્યાઓ હતી એ સમસ્યાઓ આજે પણ ઓછા વધતાં અંશે કાયમ છે અને એ કારણે એને લગતી વિચારસરણી પણ આજે પ્રસ્તુત છે – આ વાસ્તવિકતાને લક્ષમાં લઈને આ સંશોધિત બંધારણમાં પણ એ આખું માળખું લગભગ મૂળ સ્વરૂપમાં કાયમ રાખવાનું સંઘની સામાન્ય સભાએ ઉચિત ધાર્યું છે.

મંત્રીઓ: મુંબઈ જૈન યુવક સંઘ

૧. નામ:

આ સંસ્થાનું નામ "શ્રી મુંબઈ જૈન યુવક સંઘ" રાખવામાં આવે છે.

૨. ઉદ્દેશો:

આ સંસ્થાના ઉદ્દેશો નીચે મુજબ નક્કી કરવામાં આવે છે:-

(ક) સમાજપ્રગતિને રૂંધતા ધાર્મિક તેમ જ સામાજિક વહેમોનો તથા રૂઢિઓનો સમાજમાંથી ઉચ્છેદ કરવો અને ધર્મ અને સમાજના નામે ચાલતાં પાખંડો ખુલ્લાં પાડવાં.

(ખ) આજના પ્રગતિશીલ વિચારો અને ભાવનાઓની દૃષ્ટિએ આપણી કાળજુની સમાજવ્યવસ્થા જે મૌલિક પરિવર્તન માંગી રહેલ છે તેને લગતી સમજણ અને સાહિત્યનો સમાજમાં ફેલાવો કરવો.

(ગ) સમાજઉન્નતિસાધક સાંસ્કૃતિક તેમ જ શૈક્ષણિક પ્રવૃત્તિઓ તથા જનસેવાનાં કાર્યો હાથ ધરવાં.

(ઘ) આપણો દેશ સ્વાવલંબી અને સમર્થ બને એ ધ્યેયપૂર્વક દેશભરમાં ચાલી રહેલી રાજકીય તેમ જ સામાજિક પ્રવૃત્તિઓને તેટલો ટેકો આપવો.

૩. સંઘની નીતિ અને કાર્યપદ્ધતિ:

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉદ્દેશો અતિ વ્યાપક પ્રદેશને સ્પર્શતા હોઈને, ધર્મ, સંપ્રદાય અને વિશાળ સમાજને લગતા ભિન્ન ભિન્ન પ્રશ્નો સંબંધી આ યુવક સંઘની નીતિ અને કાર્યપદ્ધતિ નીચે મુજબ નક્કી કરવામાં આવે છે:-

(ક) જ્યારે કોઈ પણ ધાર્મિક અથવા સામાજિક રૂઢિ કે પ્રણાલિકા દેશ અથવા સમાજના સ્વાસ્થ્ય કે ઉત્કર્ષની બાધક જણાશે ત્યારે તે રૂઢિ કે પ્રણાલિકાનો આ યુવક સંઘ સામનો કરશે. આવી અનિષ્ટ રૂઢિ કે પ્રણાલિકાના સમર્થનમાં રજૂ થતા

ધર્મશાસ્ત્રોનાં ઉલ્લેખોને જરા પણ બંધનકર્તા ગણવામાં આવશે નહિ. આવી બાબતોમાં જરૂર જણાયે સરકારી કાયદાઓ કરાવવાની પ્રવૃત્તિ પણ આ યુવક સંઘ હાથ ધરી શકશે.

(૫) આવી જ રીતે સમાજ અને ધર્મને લગતા અનેક પ્રશ્નો ઉપર પોતાના વિચારો છૂટથી જાહેરમાં રજૂ કરવાનો દરેક વ્યકિતને હક્ક છે એમ આ યુવક સંઘ માને છે, અને તેથી જ્યારે જ્યારે આવા હક્ક ઉપર સંઘબહિષ્કાર, જ્ઞાતિબહિષ્કાર કે એવી બીજી કોઈ રીતે કોઈ પણ સંઘ કે જ્ઞાતિ તરફથી આક્રમણ કરવાનો પ્રયત્ન કે પ્રવૃત્તિ હાથ ધરવામાં આવશે ત્યારે ત્યારે તેવા પ્રયત્ન કે પ્રવૃત્તિનો આ યુવક સંઘ સામનો કરશે.

(૬) આ યુવક સંઘ રાષ્ટ્ર અને વિશાળ સમાજના હિતને પ્રાધાન્ય આપીને પોતાની પ્રત્યેક પ્રવૃત્તિનું સંચાલન કરશે અને રાષ્ટ્રહિતને બાધક કોઈ પણ પ્રવૃત્તિ આ યુવક સંઘ કદિ હાથ ધરશે નહિ.

(૭) સામાજિક પ્રશ્નો પરત્વે આ યુવક સંઘની સર્વ પ્રવૃત્તિઓ નીચે જણાવેલ ધ્યેય અને ધોરણ સ્વીકારીને યોજવામાં આવશે :–

(૧) સમાજરચના અને વ્યવહારમાં સ્ત્રી અને પુરુષની સર્વત્ર સમાનતા સ્વીકારાવી જોઈએ.

(૨) જ્ઞાતિબંધનો, અનિષ્ટ લગ્નો, ફરજિયાત વૈધવ્ય, અસ્પૃશ્યત્વ આદિ કુરૂઢિઓનો નાશ થવો જોઈએ.

(૩) વ્યકિતસ્વાતંત્ર્યને સમાજજીવનમાં ખૂબ અવકાશ મળવો જોઈએ.

(૮) આ ઉપરાંત આ સંઘનો ઉદ્‌ભવ જૈન સમાજના વૈચારિક ઉત્થાનની દૃષ્ટિએ થયો છે એ હકીકતને અનુલક્ષીને જૈન સમાજના ખાસ ધાર્મિક પ્રશ્નો અને માન્યતા–ભેદો સંબંધમાં આ યુવક સંઘ નીચે મુજબના અભિપ્રાયોને અનુસરીને પોતાની પ્રવૃત્તિ ચલાવશે :–

(૮) ૧. પ્રથમ તો આ યુવક સંઘમાં જોડાનાર જૈન સભ્ય પોતે કોઈ પણ ચોક્કસ સંપ્રદાય કે ફીરકાનો જૈન છે એવી વિશિષ્ટ રીતે પોતાની જાતને ઓળખાવવામાં કશું પણ મહત્ત્વ સમજશે નહિ. પોતે જૈન છે એટલે ભગવાન મહાવીરપ્રરૂપિત જૈન ધર્મ અને સંસ્કૃતિનો વારસ છે એટલી જ ઓળખાણ આ યુવક સંઘમાં જોડાનાર જૈન સભ્ય પોતાને માટે પૂરતી ગણશે.

(૮) ૨. મૂર્તિપૂજા સંબંધમાં જૈન સમાજના વિવિધ વિભાગોની માન્યતામાં મોટો મતભેદ કેટલાય કાળથી ચાલતો આવે છે. આ યુવક સંઘમાંના કેટલાક જૈન સભ્યો મૂર્તિપૂજાને ધર્મોપાસનાના એક અગત્યભર્યા સાધન તરીકે સ્વીકારે છે, જ્યારે કેટલાક જૈન સભ્યો તેવી અગત્યને સ્વીકારતા નથી. તેમ છતાં પણ આજના જૈન સમુદાયના મોટા ભાગનું ધાર્મિક જીવન મૂર્તિપૂજા સાથે ગાઢપણે સંકળાયેલું છે અને રહેવાનું છે – એ પરિસ્થિતિ આ યુવક સંઘ સ્વીકારે છે, અને સાથે સાથે આજે ચાલી રહેલી મૂર્તિપૂજાની પદ્ધતિમાં જે અનેક વહેમો, દ્રવ્યનો અપવ્યય અને અતિશયતાઓ દાખલ થયેલાં છે તે વહેલી તકે દૂર કરવાની જરૂર વિષે પણ આ યુવક સંઘના જૈન સભ્યો એકમત ધરાવે છે અને તે સંબંધમાં નીચેનું ધોરણ સ્વીકારવામાં આવે છે :–

(૧) આજે ચાલી રહેલી મૂર્તિપૂજા પાછળના વહેમો અને ખોટી માન્યતાઓ દૂર થવી જોઈએ.

(૨) મૂર્તિને શણગારવાની અને આંગીઆભૂષણ ચઢાવવાની પ્રથા જૈન મૂર્તિપૂજાની કલ્પના અને આદર્શ સાથે બંધબેસતી નહિ હોવાથી તે પ્રથાનો સર્વત્ર નિષેધ થવો જોઈએ..

(૩) બીનજરૂરી નવાં મંદિરો બંધાવવા પાછળ તેમ જ ચાલુ મંદિરોના બીનજરૂરી શોભા-શણગાર પાછળ થતો દ્રવ્યનો પુષ્કળ વ્યય બંધ થવો જોઈએ.

(૪) મંદિરોને સાદી રીતે નિભાવતાં બચતી આવકનો તેમ જ એકત્ર થયેલી મૂડીનો જનકલ્યાણનાં કાર્યોમાં ચાલુ ઉપયોગ થવો જોઈએ.

(૫) શ્વેતાંબર કે દિગંબર મૂર્તિ એક જ ઈષ્ટદેવને મૂર્ત સ્વરૂપ આપવાનો પ્રયત્ન હોઈને તે બન્ને વચ્ચે આજ સુધી કેળવવામાં આવેલી ભેદની દિવાલ અર્થવિનાની અને બીનજરૂરી છે–એ પ્રકારની સમબુદ્ધિ સર્વત્ર કેળવાવી જોઈએ.

(૮) ૩. બીજો માન્યતાભેદ સાધુઓ સંબંધમાં પ્રવર્તે છે. તે વિષે આ યુવક સંઘ જાહેર કરે છે કે ભિન્નભિન્ન સંપ્રદાયના વેશભેદને આ યુવક સંઘ જરા પણ મહત્ત્વ આપતો નથી. જે સાધુઓ પંચમહાવ્રતને જીવનમાં ઉતારવાનો એકનિષ્ઠ પ્રયત્ન સેવતા હોય તથા પવિત્ર અને સમાજને ઉપયોગી જીવન જીવતા હોય તેવા કોઈ પણ જૈન વિભાગની અંદરના કે બહારના સાધુને આ યુવક સંઘ આદરયોગ્ય ગણશે.

(૮) ૪. કેટલાંક તીર્થોના ઝઘડાઓ આજે શ્વેતાંબર મૂર્તિપૂજક અને દિગંબર મૂર્તિપૂજક જૈનો વચ્ચે વૈમનસ્ય નિપજાવી રહેલ છે. જૈન સમાજના પેટાભેદો નષ્ટ કરીને સાચી એકતા અને સમાનતાનું માનસ ઉત્પન્ન કરવું એ વિચાર-ભૂમિકા ઉપર આ યુવક સંઘની રચના થયેલી હોવાથી આવા ઝઘડાઓ પરત્વે સંભાળપૂર્વક તટસ્થતા જાળવી રાખવી અને એ ઝઘડાઓ ચાલુ રહેવાથી આખા સમાજને કેટલું ભારે નુકસાન થઈ રહ્યું છે તેનો, લેખો તેમ જ ભાષણોદ્વારા, જૈન જનતાને સચોટ ખ્યાલ આપવો અને જ્યાં અને જ્યારે શકય હોય ત્યાં અને ત્યારે ચાલુ ઝઘડાઓની સ્થાયી પતાવટ કરાવવાની દિશાએ પોતાની લાગવગ અને શકિતનો ઉપયોગ કરવો – આ પ્રકારનું ધોરણ આ યુવક સંઘ સ્વીકારે છે.

(૮) ૫. બાલદીક્ષાનો આ યુવક સંઘ વિરોધ કરશે અને તેની અટકાયત થાય એવા પ્રયત્નો સંઘ હાથ ધરશે.

૪. શિસ્તપાલન :

આ સંઘમાં જોડાનાર સભ્ય પાસે નીચે મુજબના શિસ્તપાલનની અપેક્ષા રાખવામાં આવશે : –

(૧) દરેક સભ્યે પહેરવેશમાં સ્વદેશી વસ્ત્રોનો જ અને બની શકે તો ખાદીનો ઉપયોગ કરવો જોઈશે.

(૨) દરેક સભ્યે પોતાના જીવનવ્યવહારમાં અસ્પૃશ્યત્વની રૂઢિને તિલાંજલિ આપવી જોઈશે.

(૩) કોઈ પણ અનિષ્ટ લગ્નમાં આ સંઘનો સભ્ય ભાગ લઈ શકશે નહિ.

જૈન સભ્યો પાસે નીચેના વધારે નિયમોના પાલનની અપેક્ષા રાખવામાં આવશે :–

(૪) કોઈ પણ અયોગ્ય દિક્ષામાં આ સંઘનો સભ્ય ભાગ લઈ શકશે નહિ.

(૫) દેવદ્રવ્યના નામે થતી આવકનો જનકલ્યાણના કાર્યમાં ઉપયોગ કરવાનો પ્રબંધ થયો ન હોય એવાં મંદિરોની આવકમાં ઘી બોલીને કે તેના ફંડફાળામાં પૈસા ભરીને આ સંઘનો સભ્ય વધારો કરશે નહિ.

અપવાદ : દર્શન કરવા જતાં અને કૌટુંબિક મરણ જેવા પ્રસંગે કંઈ ને કંઈ નાણું મંદિરમાં ધરવાનો સામાન્ય રિવાજ આપણા સમાજમાં છે તેવા પ્રસંગો પૂરતો ઉપરનો નિયમ સંઘના સભ્યોને બંધનકર્તા ગણાશે નહિ.

શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય-મુંબઈ

તા. ૩૧ ડિસેમ્બર ૧૯૬૫ના રોજ પૂરા થતા વર્ષનો આવક તથા ખર્ચનો હિસાબ

આવક	રૂ. પૈ.	રૂ. પૈ.	ખર્ચ	રૂ. પૈ.	રૂ. પૈ.
વ્યાજના :			**ટ્રસ્ટના ઉદ્દેશો અંગે ખર્ચ**		
સીક્યુરીટીઓના	૧૬૦.૦૦		પેપર્સ લવાજમના	૩૪૪.૦૭	
ડીબેન્ચરોના	૧૨૬૨.૬૦		પગારના	૪૯૧૦.૨૮	
		૧૪૨૨.૬૦	મકાનભાડા તથા વીજળીખર્ચ	૫૨૯.૪૪	
ભેટના	૧૨૯૬.૭૫		પુસ્તક રીપેર્સ, બુક બાઈન્ડીંગ ખર્ચ	૮૮.૭૪	
પુસ્તકોના લવાજમના	૯૭૪.૦૦				
		૨૨૭૦.૭૫			૫૮૭૨.૫૩
પરચુરણ આવકના :			**વ્યવસ્થા ખર્ચ :**		
પસ્તીના વેચાણના	૧૦૩.૬૫		ફર્નિચર રીપેર્સ, ઈલેકટ્રીક રીપેર્સ તથા પરચુરણ ખર્ચ	૧૨૩.૨૫	
પાસબુકના વેચાણના	૫૬.૫૫		વિમાના પ્રિમીયમના	૪૮.૭૫	
પુસ્તકો મોડા આવવાથી તથા ખોવાઈ જવાથી દંડના	૭.૫૭		ઑડિટરોને ઓનેરેરીયમના	૭૫.૦૦	
		૧૬૭.૭૭	સ્ટેશનરી તથા છપામણી ખર્ચ	૬૪.૦૦	
સરવૈયા ફેરના		૦.૦૮	બેંક કમિશનના	૦.૩૪	
		૩૮૬૧.૨૦			૩૧૧.૩૪
વર્ષ દરમિયાન આવક કરતાં ખર્ચનો વધારો		૩,૧૫૯.૭૨	**ઘસારાના :**		
			ફર્નિચર પર	૧૦૬.૫૫	
			પુસ્તકો પર	૭૩૦.૫૦	
					૮૩૭.૦૫
		૭,૦૨૦.૯૨		કુલ રૂ.	૭,૦૨૦.૯૨

સાભાર-સ્વીકાર

શાણો સમાજ : મૂળ અંગ્રેજી. લેખક : શ્રી એરિક ફ્રોમ; અનુવાદક : શ્રી કાન્તી શાહ; પ્રકાશક : યજ્ઞ પ્રકાશન, હુઝરાત પાગા, વડોદરા - ૧. કિંમત : રૂ. ૩-૦૦.

ભારત ઍટમ બૉમ્બ બનાવશે ? લેખક : ડૉ. મધુકર શાહ; પ્રકાશક : ઉપર મુજબ, કિંમત : રૂ. ૧-૫૦.

વેણુ અને ક્ષીણ : મૂળ અંગ્રેજીમાં. લેખક : શ્રી ખલીલ જીબ્રાન; અનુવાદક : શ્રી લક્ષ્મીનારાયણ પંડ્યા અને શ્રી કાન્તી ઉપાધ્યાય. મુદ્રક અને પ્રકાશક : રાજેન્દ્ર મયાભાઈ શાહ, પ્રકાશ પ્રીન્ટર્સ, જાંબુલવાડી, વેસ્ટ, મુંબઈ - ૨;

ભવાનીદાસ એન. મોતીવાળા : અંગ્રેજી : લેખક : સંત નિહાલસિંગ; પ્રકાશક : ડૉ. મનોહર મોતીવાળા ૨૪૪, વિધાની કૉર્ટેજ, વાલકેશ્વર; મુંબઈ - ૬.

લોકશાહી-સમાજવાદ-સ્વતંત્રતા : મૂળ અંગ્રેજી લેખક : શ્રી ચક્રવર્તી રાજગોપાલાચાર્ય; અનુવાદક તથા પ્રકાશક : શ્રી ભોગીલાલ ગાંધી; વિશ્વમાનવ, રામજી મંદિર પોળ, વડોદરા. કિંમત રૂા. ૪-૦૦.

સમર્પણનો જય : લેખક : શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ; પ્રકાશક : શ્રી જીવનમણિ વાચનમાળા ટ્રસ્ટ, હઠીભાઈના દેરા સામે, દિલ્હી દરવાજા બહાર, અમદાવાદ કિંમત રૂા. ૧-૫૦.

ત્રિભુવન તિલક : મહાકાવ્ય : રચયિતા તથા પ્રકાશક : શ્રી હીરાચંદ ક. ઝવેરી, પારિજાત, ફ્લેટ નં. ૨૧, ૯૫, મરીન ડ્રાઈવ, મુંબઈ ૧, કિંમત રૂા. ૭-૫૦.

Understnding India : લેખક : શ્રી ગગનવિહારી લ. મહેતા; પ્રકાશક : એશિયા પબ્લીશીંગ હાઉસ, મુંબઈ. કિંમત રૂા. ૧૨-૭૫.

આકાશનાં પુષ્પો : લેખક : શ્રી ગગનવિહારી લ. મહેતા; પ્રકાશક : વોરા એન્ડ કંપની પબ્લિશર્સ પ્રાઈવેટ લિમિટેડ, ૩, રાઉન્ડ બિલ્ડીંગ, મુંબઈ - ૨, કિંમત રૂા. ૩-૫૦.

ઈલિયડ : હોમરકૃત મહાકાવ્યનું નાટય રૂપાંતર કરનાર શ્રીમતી લીનાબહેન મંગળદાસ, શ્રેયસ, શારદા સોસાયટી થઈને, અમદાવાદ - ૭. કિંમત રૂા. ૩-૫૦.

ફિલસૂફને પૂછો : લેખક : શ્રી ચીનુભાઈ પટવા, પ્રકાશક : બાળગોવિંદ પ્રકાશન, ગાંધી માર્ગ. અમદાવાદ ૧, કિંમત રૂા. ૪-૦૦.

ગાંવકા વિદ્રોહ : લેખક : શ્રી રામમૂર્તિ, પ્રકાશક : સર્વ સેવા સંઘ, રાજઘાટ, વારાણસી, કિંમત રૂા. ૧-૦૦.

રાજવહીવટ : મૂળ લેખક : શ્રી નારાયણ ગોવિંદ સાપેકર, અનુવાદક : શ્રી પુરુષોત્તમ ગણેશ માવળંકર, પ્રકાશક : મેસર્સ બી. એસ. શાહ, પાનકોર નાકા, અમદાવાદ, કિંમત રૂા. ૧-૦૦.

સ્પીકરનું પદ : લેખક શ્રી ગણેશ વાસુદેવ માવળંકર, પ્રકાશક : અભ્યાસ કાર્યાલય, માવળંકર હવેલી, ભદ્ર, અમદાવાદ, કિંમત ૦૦-૫૦.

એક અજબગજબનું બુલબુલ : મૂળ ડેનીશ બાળકથાકાર , હેન્સ એન્ડર્સનની પરિકથાનું નાટય રૂપાંતર, પ્રકાશક : શ્રી લીના બહેન મંગળદાસ, શ્રેયસ્ અમદાવાદ - ૭. કિંમત રૂા. ૨-૦૦.

'અભ્યાસ'-દાદાસાહેબ માવળંકર વિશેષાંક : સંપાદક : શ્રી પુરષોત્તમ ગણેશ માવળંકર, માવળંકર હવેલી, ભદ્ર, અમદાવાદ. કિંમત રૂા. ૬.

પંચાયતી રાજ્યના કેટલાક અનુભવો. લેખક : શ્રી શિખવદાસ જેસીંગલાલ. મેસાણા.

રંગ રાગ વિરાગ : લેખક : વૈદ્ય મોહનલાલ ચુનીલાલ ધામી; વિક્રેતા : નવયુગ પુસ્તક ભંડાર, નવા નાકા રોડ, રાજકોટ - ૧. કિંમત : રૂા. ૬-૭૫.

પાનખર અને વસન્ત : લેખિકા : શ્રી સત્યવતી ગોવિંદલાલ શાહ; પ્રાપ્તિસ્થાન : ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી રસ્તો, અમદાવાદ; કિંમત રૂા. ૩-૫૦.

મહાવીર વાણી : લેખક : પંડિત બેચરદાસ દોશી; પ્રકાશક : શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા, ૧૧, પારસી બજાર સ્ટ્રીટ, શારદા સદન, કોટ, મુંબઈ - ૧. કિંમત રૂા. ૨-૫૦ (પોસ્ટેજ સાથે)

શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય-મુંબઈ

તા. ૩૧ મી ડિસેમ્બર ૧૯૬૫ના દિવસનું સરવૈયું

ફંડો અને દેવું

શ્રી સ્થાયી ફંડ:

ગયા સરવૈયા મુજબ બાકી		૨૪,૫૬૧.૦૦
શ્રી પુસ્તક ફંડ:		
ગયા સરવૈયા મુજબ બાકી		૫,૫૦૦.૦૦
શ્રી ફરનીચર ફંડ:		
ગયા સરવૈયા મુજબ બાકી		૨,૪૦૦.૦૦
દેવું:		
પુસ્તકો અંગે ડીપોઝીટ	૫,૬૭૧.૦૦	
માસિકો અંગે ડીપોઝીટ	૨૫.૦૦	
એલ. એમ. મહેતા	૫.૪૬	
	૫,૭૦૧.૪૬	
પરચુરણ દેવું:		
શ્રી મુંબઈ જૈન યુવક સંઘ	૨,૮૭૯.૪૪	
		૮,૫૮૦.૯૦
	કુલ રૂા.	૪૧,૦૪૧.૯૦

મિલ્કત અને લેણું

ઈન્વેસ્ટમેન્ટસ (ચોપડા પ્રમાણે)			
સીક્યુરીટીઓ:–			
૪ ટકાની સને ૧૯૬૭ની સૌરાષ્ટ્ર ગવર્નમેન્ટ લોન	ફે. વેલ્યુ ૪,૦૦૦	૩,૯૯૩.૭૫	
પબ્લીક લિ. કું.ઓના ડીબેંચરો			
૭ ટકાના રાવળગાંવ સુગર ફાર્મ લી. ના ડીબેંચરો	૧૦,૦૦૦	૧૦,૦૦૦.૦૦	
૫ ૧/૪ ટકાના ધી એસો. સ્ટાન્ડર્ડ કું. ઑફ ઈ. લી. ના ડીબેન્ચરો.	૫,૦૦૦	૫,૨૭૩.૦૦	
૫ ટકા ધી તાતા એન્જી. એન્ડ લોકોમોટીવ કું. લી.ના ડીબેન્ચરો.	૬,૦૦૦	૬,૧૬૩.૫૦	
	૨૫,૦૦૦		૨૫,૪૩૦.૨૫
ફરનીચર (ચોપડા પ્રમાણે) ગયા સરવૈયા મુજબ બાકી		૩,૩૧૦.૯૩	
બાદ: કુલ ઘસારા લખી વાળ્યા–સને ૧૯૬૪	૧,૧૭૯.૮૩		
ચાલુ સાલના ૧૫ ટકા લેખે	૧૦૬.૫૫		
		૧,૨૮૬.૩૮	
			૨,૦૨૪.૧૫
પુસ્તકો: (ખરીદ કિમતે)			
ગયા સરવૈયા મુજબ બાકી	૧૧,૨૯૧.૪૬		
ઉમેરો: વર્ષ દરમ્યાન ખરીદીના	૭૮૬.૫૭		
		૧૨,૦૭૮.૦૩	
બાદ: કુલ ઘસારાના લખી વાળ્યા–સને ૧૯૬૪ સુધીના	૭,૨૦૭.૪૬		
ચાલુ સાલના ૧૫ ટકા લેખે	૭૩૦.૫૦		
		૭,૯૩૭.૯૬	
			૪,૧૪૦.૦૭
લેણું:			
ઈન્કમટેક્ષ રીફંડ અ.બે			૧,૦૬૨.૯૩
રોકડ તથા બેંક બાકી:			
ધી બેંક ઑફ ઈન્ડીયા લી.ના ચાલુ ખાતે		૧,૯૩૬.૯૮	
રોકડ સિલક		૩૪.૭૮	
			૧,૯૭૧.૭૬
શ્રી શ્રાવક–જાવક ખાતે:			
ગયા સરવૈયા મુજબ બાકી		૮,૨૫૨.૬૨	
ઉમેરો: વર્ષ દરમ્યાન આવક કરતાં ખર્ચનો વધારો		૩,૧૫૯.૭૨	
		૧૧,૪૧૨.૩૪	
બાદ: મુંબઈ જૈન યુવક સંઘ તરફથી ભેટ મળ્યા		૫,૦૦૦.૦૦	
			૬,૪૧૨.૩૪
		કુલ રૂા.	૪૧,૦૪૧.૯૦

અમોએ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય મુંબઈનું ૩૧-૧૨-૬૫ ના દિવસનું સરવૈયું મજકુર સંસ્થાના ચોપડા તથા વાઉચરો સાથે તપાસ્યું છે અને બરાબર માલુમ પડયું છે.

શાહ મહેતા ઍન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
ઓડિટર્સ.

મુંબઈ: તા. ૨૩–૪–૧૯૬૬

ભૂલ-સુધાર

તા. ૧૬-૬-'૬૬ ના 'પ્રબુદ્ધ જીવન' માં પ્રગટ થયેલી પ્રકીર્ણ નોંધના પેટામાં 'અત્યન્ત નિરાશાજનક પરિસ્થિતિમાં પણ માનવી પુરુષાર્થ બળે ઊંચો આવે છે' એ મથાળા નીચેની નોંધમાં "જીન-જેનેટ નામની વિવાદાસ્પદ બનેલી ફ્રેન્ચ લેખિકા પોતાના ગુનાહની કબૂલાત કરવાના પરિણામે જેલશિક્ષા અપામેલી. આ પણ કેદમાં રહીને જેની પ્રજ્ઞાનો ઉત્કર્ષ થયો હોય એવા માનવીઓનો એક વધારે કિસ્સો છે." આ પ્રમાણે જણાવવામાં આવ્યું હતું. આ વિગતોમાં રહેલી ભૂલો તરફ મારું ધ્યાન ખેંચતાં ભાઈ સુકેતુ શાહ જણાવે છે કે "તમે જેનો ઉલ્લેખ કર્યો છે તેમાં ઝાં જેને (Jean Genet) એ ફ્રેન્ચ લેખિકા નહિ પણ લેખક છે અને તેનું જીવનચરિત્ર પોતાના આગવા અસ્તિ-ત્વવાદી (existential – existentialistic) દૃષ્ટિકોણથી ઝાં પોલ સાર્ત્રેએ Saint Genet ના નામે લખી ઝાં જેનેને એક સંતના સ્વરૂપમાં રજૂ કરવાનો યત્ન કર્યો છે. ઝાં જેનેનો જન્મ ૧૯૧૦ માં થયેલો. તેણે The Maids (1948) Death Watch (1949) The Balcony (1957) The Blacks (1959) અને The Screens (1959) એ પુસ્તકો લખ્યાં છે. ૧૯૪૭ માં જ્યારે વીન્સેન્ટ ઑરિયોલ ફ્રેન્ચ પ્રમુખ બન્યા ત્યાર પછી ચિત્રકાર પિકાસો, સાર્ત્રે અને ઝાં કોકટો વગેરેના પ્રયાસોથી ઝાં જેનેને માફી બક્ષવામાં આવી અને તે જેલના જીવનથી મુકત બન્યો." આ મારી ભૂલ સુધારવા માટે અને ઝાં જેનેને લગતી આટલી માહિતી પૂરી પાડવા માટે ભાઈ સુકેતુ શાહનો હું આભાર માનું છું.

પરમાનંદ.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું ૩૧ ડિસેમ્બર ૧૯૬૫ના દિવસનું સરવૈયું

ફંડો અને દેવું

શ્રી રીઝર્વ ફંડ:

ગયા સરવૈયા મુજબ બાકી		૨૬,૭૦૪.૮૯
શ્રી સંઘ હસ્તકના ખાતાંઓ:		
શ્રી પુસ્તક પ્રકાશન ખાતું:		
ગયા સરવૈયા મુજબ બાકી	૩,૦૩૩.૬૬	
શ્રી માવજત ખાતું:		
ગયા સરવૈયા મુજબ બાકી	૩૯૫.૨૬	
ઉમેરો: માવજત સાધનોસારાના વસુલ આવ્યા	૦.૯૮	
	૩૯૬.૨૪	
		૩,૪૨૯.૯૦
દેવું:		
પરચુરણ દેવું		૧,૬૭૯.૫૮
શ્રી જનરલ ફંડ;		
ગયા સરવૈયા મુજબ બાકી	૧૫,૬૧૩.૦૩	
ઉમેરો: શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આવકખર્ચ ખાતેથી લાવ્યા	૯,૦૮૫.૮૫	
	૨૪,૬૯૮.૮૮	
બાદ: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય– પુસ્તકાલયને ઠરાવ અનુસાર આપ્યા	૫,૦૦૦.૦૦	
	૧૯,૬૯૮.૮૮	
બાદ: શ્રી પ્રબુદ્ધ જીવન આવક ખર્ચ ખાતેથી લાવ્યા	૩,૯૨૪.૪૯	
		૧૫,૭૭૪.૩૯
		૪૭,૫૮૮.૭૬

મિલકત અને લેણું

ઈન્વેસ્ટમેંટસ (ચોપડા પ્રમાણે)

૭ ટકા ધી ઈન્ડીયન હ્યુમપાઈપ કું.લી.ના ડીબેન્ચરો	ફે. વેલ્યું. ૫,૦૦૦.૦૦	૫,૨૩૬.૩૯	
૫½ ટકાના કાલટેક્ષ ઓઈલ ઈન્ડીયા લી.ના ડીબેન્ચરો	૫,૦૦૦.૦૦		
	૧૦,૦૦૦.૦૦	૫,૩૦૬.૦૦	
			૧૦,૫૪૨.૩૯
ફર્નીચર અને ફીટીંગ્સ (ચોપડા પ્રમાણે)			
ગયા સરવૈયા મુજબ બાકી		૮૪૫.૨૪	
બાદ: કુલ ઘસારાના લખી વાળ્યાં		૩૫૮.૩૪	
			૪૮૬.૯૦
ડીપોઝીટ:–			
પોસ્ટમાં		૭૫.૦૦	
પર્યટન અંગે		૫૦૦.૦૦	
			૫૭૫.૦૦
લેણું (સદ્ધર)			
શ્રી.મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય		૨,૮૭૯.૪૪	
ઈન્કમટેક્ષ રીફંડ અંગે		૪૨૦.૦૫	
સભ્ય લવાજમ અંગે		૪૫૦.૦૦	
ભેટ અંગે		૧૦૧.૦૦	
સ્ટાફ પાસે		૩૪૯.૨૭	
			૪,૧૯૯.૭૬
રોકડા તથા બેંક બાકી:			
ધી બેંક ઑફ ઈ. લી. ના ચાલુ ખાતે		૮,૬૫૪.૯૨	
ધી બેંક ઑફ ઈ. લી. ના ફીક્સ ડીપોઝીટ ખાતામાં		૨૦,૬૯૩.૫૯	
રોકડ સીલક		૪૧.૪૨	
			૨૯,૩૮૯.૯૩
પરચુરણ ખાતાંઓ:			
શ્રી વૈદ્યકીય રાહત ખાતું.			
ગયા સરવૈયા મુજબ બાકી	૫૨૦.૯૭		
ઉમેરો: વૈદ્યકીય રાહત ખર્ચના	૮૬૨.૦૦		
	૧,૩૮૨.૯૭		
બાદ: વર્ષ દરમિયાન ભેટના	૩૬.૦૦		
		૧,૩૪૬.૯૭	
શ્રી સત્યમ્ શિવમ્ સુંદરમ્ પુસ્તક પ્રકાશન ખાતું:			
ગયા સરવૈયા મુજબ બાકી	૧,૬૭૦.૬૧		
બાદ: પુસ્તક વેચાણના કુલ આવ્યા	૭૨૯.૩૦		
		૯૪૧.૩૧	
શ્રી બોધિસત્વ પુસ્તક પ્રકાશન ખાતું:			
ગયા સરવૈયા મુજબ બાકી	૨૮૮.૬૨		
બાદ: પુસ્તક વેચાણના કુલ આવ્યા	૧૮૨.૧૨		
		૧૦૬.૫૦	
			૨,૩૯૪.૭૮
			૪૭,૫૮૮.૭૬

અમોએ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ મુંબઈનું તા. ૩૧-૧૨-૬૫ ના દિવસનું સરવૈયું મજકુર સંઘના ચોપડાઓ તથા વાઉચરો સાથે તપાસ્યું છે અને બરાબર માલુમ પડયું છે.

શાહ મહેતા એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
ઑડીટર્સ

મુંબઈ: તા. ૨૪ મી મે, ૧૯૬૬

રૂપિયાના અવમૂલ્યાંકન ઉપર શ્રી વાડીલાલ ડગલીનું વ્યાખ્યાન

★

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે તા. ૮-૭-૬૬ શુક્રવારના રોજ સાંજના ૬-૧૫ વાગે સંઘના કાર્યાલયમાં (૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ,), શ્રી વાડીલાલ ડગલી તાજેતરમાં કરવામાં આવેલા રૂપિયાના અવમૂલ્યાંકન ઉપર જાહેર વ્યાખ્યાન આપશે.

મંત્રીઓ: મુંબઈ જૈન યુવક સંઘ.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુંબઈ

પ્રબુદ્ધ જીવનનો તા. ૩૧ મી ડીસેમ્બર ૧૯૬૫ ના રોજ પૂરા થતા વર્ષનો આવક તથા ખર્ચનો હિસાબ

આવક

	રૂ. પૈ.	રૂ. પૈ.
લવાજમના		
રોકડા આવ્યા	૧,૮૦૦.૬૦	
ઉમેરો: શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સભ્યોને મફત પ્રતો મોકલવામાં આવે છે તેના રૂા. ૨ લેખે એડજસ્ટ કર્યા	૧,૦૪૦.૦૦	
		૨,૮૪૦.૬૦
સૌરાષ્ટ્ર ટ્રસ્ટ તરફથી ભેટના		૧,૫૦૦.૦૦
		૪,૩૪૦.૬૦
વર્ષ દરમિયાન આવક કરતાં ખર્ચનો વધારો		૩,૯૨૪.૪૯
	કુલ રૂ.	૮,૨૬૫.૦૯

ખર્ચ

	રૂ. પૈ.
પગારના	૨,૫૭૫.૦૦
પેપર ખર્ચના	૧,૧૭૭.૨૨
છપામણી તથા સ્ટેશનરી	૩,૭૭૯.૮૦
પોસ્ટેજ ખર્ચ	૬૭૦.૨૨
પરચુરણ ખર્ચ	૬૨.૮૫
કુલ રૂ.	૮,૨૬૫.૦૯

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનો તા. ૩૧મી ડીસેમ્બર ૧૯૬૫ના રોજ પુરા થતા વર્ષનો આવક તથા ખર્ચનો હિસાબ

આવક

	રૂ. પૈ.	રૂ. પૈ.
ભેટના		૧૩,૬૧૮.૦૦
લવાજમના: કુલ આવ્યા	૨,૬૦૧.૦૦	
બાદ: 'પ્રબુદ્ધ જીવન''ની પ્રતો સભ્યોને મફત મોકલાવી તેના એડજસ્ટ કર્યા	૧,૦૪૦.૦૦	
		૧,૫૬૫.૦૦
અગાઉના લવાજમના		૨૦.૦૦
પુસ્તક વેચાણ પર કમિશન		૪૫.૯૦
વ્યાજના:		
ડીબેંચરોના વસુલ આવ્યા	૭૫૨.૧૦	
બેંકની ફીક્સ્ડ ડીપોઝીટ પર	૨૧૭.૮૩	
		૯૭૦.૩૩
		૧૬,૨૧૯.૨૩

ખર્ચ

	રૂ. પૈ.	રૂ. પૈ.
વહીવટ તથા વ્યવસ્થાખર્ચ		
પગારના	૨,૫૭૫.૦૦	
મકાન ભાડું તથા વીજળી ખર્ચ	૩૬૯.૨૩	
પ્રીન્ટીંગ અને સ્ટેશનરી ખર્ચ	૧૩૯.૫૯	
ટેલીફોન ખર્ચના	૨૦૩.૨૮	
પોસ્ટેજ ખર્ચ	૨૭૨.૪૬	
પરચુરણ ખર્ચના	૫૭૨.૮૪	
ઓડીટરોને ઓનરેરીયમના	૭૫.૦૦	
ફરનીચર પર ઘસારાના	૫૪.૧૦	
		૪,૨૬૧.૫૦
વ્યાખ્યાનમાળા ખર્ચ		૨,૮૩૧.૧૬
સરવૈયાના ફેરના માંડીવાળ્યા		૦.૭૨
વર્ષ દરમિયાન ખર્ચ કરતાં આવકનો વધારો		૯,૦૮૫.૮૫
		૧૬,૨૧૯.૩૩

ઉપરના હિસાબો તપાસ્યા છે અને અમારા રીપોર્ટ આધિન બરાબર છે.

મુંબઈ: ૨૪મી મે, ૧૯૬૬

શાહ મહેતા એન્ડ કંપની
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
ઓડીટર્સ.

મહાત્માજીના જીવનમાંથી

એક વાર ગાંધીજી અને ભુલાભાઈ દેસાઈ ભરબપોરે કોઈ જગ્યાએ જઈ રહ્યા હતા. તડકો સખત હોવાથી ગાંધીજીના ઉઘાડા પણ દાઝતા હતા. ભુલાભાઈનું ધ્યાન તે તરફ જતાં તેઓ બોલ્યા: 'બાપુજી, તમારા પગ બળતા હશે. આપ મારા ચપ્પલ પહેરી લ્યો.'

ગાંધીજીએ સામેથી બીજે ઊંચકીને આવતા એક મજૂરના ઉઘાડા પગ તરફ દૃષ્ટિ કરી કહ્યું: 'એના કરતાં પેલા મજૂરને ચપ્પલ આપો, તેના બિચારાના પગ બહુ બળતા હશે.'

* * *

એકવાર મહાત્માજી અને રવીન્દ્રનાથ ટાગોર વાતો કરી રહ્યા હતા. અચાનક કવિવરે પૂછ્યું: 'ગાંધીજી આપ અહિંસક છો? પ્રભાતના બાલસૂર્યને જોઈ તમને આનંદ નથી થતો? પક્ષીઓના કલરવ અને ગીતો સાંભળી તમારું હૃદય ઝણઝણી નથી ઉઠતું? બાગમાં ઊગેલા ગુલાબની કોમળ કળી જોઈ તમારા ગાલ લાલ નથી થઈ જતાં?'

ગાંધીજીએ મંદ-મંદ હસતાં જણાવ્યું: 'ગુરુદેવ, હું નથી સ્થિતપ્રજ્ઞ કે નથી સંવેદનાવિહીન. પરંતુ મારા અંતરમાં અહર્નિશ એક જ આકાંક્ષા, એક જ તમન્ના છે, કે આ બાલ-સૂર્યનાં કિરણો ભારતના સામાન્ય માનવીના હૈયાને કયારે પ્રકાશિત કરશે? ગુલાબની લાલી ભારતના અર્ધનગ્ન ગરીબોના મુખ પર હું કયારે જોઈશ? આ ભુખ્યા માણસોની આહને બદલે તેમના કંઠમાંથી હું પક્ષીઓના કલરવ જેવું સંગીત કયારે સાંભળીશ!'

પરેશકુમાર જે. દાવડા.

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ. મુંબઈ-૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ

Regd. No. MH. 117
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૮ : અંક ૬

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, જુલાઇ ૧૬ ૧૯૬૬, શનિવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૨૫ પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

☆ બાલવિકાસ ઘટક યોજના : ૧૯૬૬ થી ૧૯૭૫ ☆

અમદાવાદ ખાતે આવેલી શિક્ષણ સંસ્થા 'શ્રેયસ્' જેનો પરિચય 'પ્રબુદ્ધ જીવન'ના વાચકોને કેટલાક સમય પહેલાં આપવામાં આવ્યો છે તેના સ્થાપક અને મુખ્ય સંચાલક શ્રીમતી લીનાબહેન મંગળદાસ (ઠે. શ્રેયસ પ્રતિષ્ઠાન, આનંદનગર, અમદાવાદ ૭, ગુજરાત) તરફથી એક યોજના 'પ્રબુદ્ધ જીવન'માં પ્રકાશનાર્થે મળી છે. આપણા દેશમાં વધતી જતી નિરાધાર, નમાયા, અને કાયદેસરના નહિ એવાં અસ્વીકૃત બાળકોની સંખ્યા વધતી જાય છે. તેના ઉછેર, પોષણ અને શિક્ષણની જરૂરિયાતો પૂરી પાડવાના હેતુથી તેમ જ તેમની માતાની ખોટ બને તેટલી હળવી કરવાના આશયથી પ્રેરાયેલી આ યોજના આવકાર, ઉત્તેજન તથા બને તેટલા અર્થસીંચનને પાત્ર છે. આ યોજનાની નીચે મુજબ રૂપરેખા છે.

પ્રસ્તાવના

બાળક રાષ્ટ્ર અને માનવજાતની મોંઘી મૂડી છે. આદિકાલથી બાળકોનો પ્રશ્ન ચાલ્યો આવે છે. કુટુંબથી વિમુખ થયેલાં બાળકો નિરાધારતા અનુભવે છે. શારીરિક, માનસિક અને આંતરિક પોષણના અભાવે તેઓ વિવિધ વિકૃતિનો ભોગ બને છે. તેમનામાં આળસ, નિરક્ષરતા, નિષ્ક્રિયતા, ભિક્ષુકવૃત્તિ, ચોરી, રખડેલપણું અને ગુન્હાહિત વૃત્તિઓ ઘર કરે છે. બદમાશોનો શિકાર બની બદમાશ બનવાના અવળા માર્ગે વળી જાય છે. શેરીમાં રખડતાં કૂતરાંની માફક ભયભીત તેમ જ ભયરૂપ બની ગમે તેમ રખડી ખાય છે!

આવાં બાળકોને પૂરતો પૌષ્ટિક ખોરાક, જરૂરી કપડાં અને રહેવાને ઘર મળવું જોઈએ. પરંતુ આટલું જ પુરતું નથી. બાળકનું મન કોઈનો પ્રેમ, કોઈની હૂંફ માગે છે. બાળકના ઘડતર માટે કૌટુંબિક જીવન ઘણું મહત્ત્વનું છે. સાદું સુઘડ ઘર હોય, ઘરમાં મા કે મોટીબહેન હોય, પોતાનાં બાળકો માટે માતા રસોઈ કરે, વહાલથી જમાડે, તેનાં કપડાં ધૂએ, સાંધે, સીવે, એની તંદુરસ્તી અને સુખાકારી માટે ચિંતા સેવે અને કાળજી રાખે. નાનાં મોટાં ભાઈ બહેનની સાથે રહી, 'આ મારું ઘર, આ મારો ઓરડો, આ મારો વાડો, આ મારાં રમકડાં' એવું પોતાપણું અનુભવે, જ્યાં માતાની આંખ બાળકના શરીર અને આત્મામાં થતા ફેરફારો બાળકની વાચા અને આંખો દ્વારા હરઘડી વાંચતી હોય, ત્યાં જ માતાની છાયામાં બાળકનું ચારિત્ર્ય ઘડાય. બાળકના વિકાસ માટે પ્રેમાળ, મુકત અને આનંદભર્યા વાતાવરણની જરૂર છે. વૈભવ નહીં તેમ જ સાધનહીનતા નહીં, પરંતુ સાદાઈભર્યાં જરૂરી સાધન, ભોજન, કપડાં, અને રહેઠાણ – ઘરની સંપન્નતા, જીવનવ્યવહારમાં ઉપયોગી એવી શિક્ષણવ્યવસ્થા તથા કુટુંબની પ્રેમાળ છાયા બાળકના ઉછેર માટે અત્યંત આવશ્યક છે.

આવું ઘર અને આવી માતા, સારું શિક્ષણ અને સારી શાળા અને વાતાવરણ બાળકને આપવા માટે બાલવિકાસ ઘટકની યોજના ઘડવામાં આવી છે. આ યોજનામાં ઉદ્યોગની વ્યવહારુ તાલીમ દ્વારા બાળકને વ્યવસાય અને આજીવિકા માટેનું સાધન પૂરું પાડી શકાશે એવો વિશ્વાસ છે.

૧૯૬૬ થી ૧૯૭૪ સુધીમાં પાંચ કદમમાં ૧૨૦ બાળકોના એક બાળવિકાસ ઘટકને સર્વાંશે સંપૂર્ણ તૈયાર કરી, તેને એક મોડેલ તરીકે રજૂ કરવાની ઉમેદ છે. આ ઘટક તૈયાર થતાં એવાં અનેક ઘટકો દેશભરમાં ચલાવી, ભારતનાં અજ્ઞાન, બેકારી, ગરીબી, દુ:ખ અને કંગાલિયત દૂર કરી, રોજી અને રોટી આપે તેવાં ઉછેર અને શિક્ષણ મેળવી, ગૌરવવંતું જીવન ગુજારે એવી એક પ્રજા તૈયાર કરવાનો આ એક નમ્ર પ્રયાસ છે.

૧૯૬૩ માં અમને આવી યોજના ઘડવાની કલ્પના આવી હતી. તેના આધારે ૧૯૬૪ ના જૂનથી પ્રાયોગિક દૃષ્ટિએ ૧ માતા અને ૪ બાળકોના આવા એક ઘટકની શરૂઆત શ્રેયસ પ્રતિષ્ઠાનનો સહકાર મેળવી કરી છે. આ પ્રયોગને સારી સફળતા મળી છે. આથી પ્રોત્સાહિત થઈ પરદેશનાં આવાં કાર્ય અને પરિણામોનો અભ્યાસ કરવા યુરોપ અને સોવિયેત યુનિયનનાં કેટલાંક બાળગ્રામોની મુલાકાત લીધી. તે જોતાં અમારા કાર્યને દેશના વાતાવરણ અને સમાજવ્યવસ્થાને લક્ષમાં લઈ વિકસાવવાની ઉમેદ સેવીએ છીએ.

બાલવિકાસ ઘટક યોજના : રૂપરેખા



બાળગ્રામ પરિવાર વિભાગનું ધ્યેય છે: બાળકને માનો ખોળો આપવો અને ઘરની હૂંફ આપવી.

આ પરિવાર વિભાગમાં સગવડભર્યા ૧૫ ઘરો છે. દરેક ઘરમાં એક માતા પોતાનાં ૮ બાળકોને લઈને રહેશે. શરૂઆતમાં માતાની સંભાળ લેવા ૨ થી ૮ વર્ષની ઉમ્મરનાં ૪ બાળકો મૂકવામાં આવશે. બીજા વર્ષથી ઉત્તરોત્તર બાળકોની સંખ્યા વધીને ૮ની થશે. સામાન્યતઃ ૮ વર્ષથી ઉપરનાં બાળકોને પ્રવેશ મળશે નહીં. બાળક ૧૬ વર્ષનું થતાં તરૂણ વિભાગમાં જશે. ઘરમાં છોકરા અને છોકરીઓ બેઉ વિવિધ ઉમ્મરનાં મૂકવામાં આવશે. માતાની મુખ્ય અને એકમાત્ર ફરજ બાળકોને પ્રેમથી ઉછેરવાની છે અને તે માટે બાળકોની સર્વ-સામાન્ય જરૂરિયાતો – જેવી કે રસોઈ કરવી, ખવડાવવું, સુવડાવવું, બાળકને સાફસૂફ અને નિરોગી રાખવું, ઘર - કપડાં - વાસણ વગેરેની સફાઈ કરવી, બાળકના અભ્યાસમાં રસ લેવો, ઘરને સાફસુંદર રાખવું વગેરેની મમતાભરી કાળજી રાખવી–આ બધી જરૂરિયાતો પૂરી પાડવામાં આવશે. માતાને બાળકો અને પોતાના ખર્ચ – ભોજન, કપડાં, ઘર ચલાવવું, વગેરે અન્ય જરૂરી ખર્ચ–માટે ખેંચ ન પડે તેવી ૮ બાળક અને ૧ માતાને માટે અંદાજે માસિક રૂપિયા ૫૦૦) જેટલી રકમ ઘરખર્ચ પેટે આપવામાં આવશે. ખર્ચની વ્યવસ્થા માતા પોતે પોતાની સુઝ મુજબ કરી શકશે. બાળગ્રામ સંરક્ષક એ બાબતમાં માર્ગદર્શન આપતા રહેશે. ઘરખર્ચ ઉપરાંત માતાને દર વર્ષે રૂપિયા ૬૦૦ બચત તરીકે અને રૂપિયા ૩૦૦૦ ના વિમાનો લાભ આપવામાં આવશે. બચતની રકમ તેમના નામે બેંકમાં મૂકી શકાશે કે તેનાં સેવિંગ્સ સર્ટિફિકેટ્સ ખરીદી શકાશે. માતા જરૂર પડે મહિનાના રૂપિયા ૪૦ લેખે ઉપાડ કરી શકશે. માતા અને બાળકોને દર વર્ષે ૫ અઠવાડિયાંની છૂટ્ટી મળશે. આ સમય માતા પોતાની મરજી પડે ત્યાં જઈને ગાળી શકે છે. બાળકો હોલીડે કેમ્પમાં જશે. માતાને દર મહિને બે દિવસની રજા પણ મળશે. માતાઓને મળવા ઈચ્છતાં માતાઓનાં સગાંસંબંધીઓ રજાના દિવસે નિયત કરેલા સમયે માતાઓની મુલાકાત મુલાકાત–ખંડમાં લઈ શકશે. માતા રજા પર જાય ત્યારે તેનું ઘર સંભાળી લેવા અને ભવિષ્યમાં કોઈ માતાની જગ્યા ખાલી પડે તો તે પૂરવાને માટે ગ્રામમાં બે માશી પણ રાખવામાં આવશે. માશી ભાવિ માતા તરીકે ઉમેદવાર બનીને આ રીતે તાલીમ અને અનુભવ મેળવશે. માતાની સર્વવિધ સલામતી માટે પૂરતી વ્યવસ્થા અને તકેદારી રાખવામાં આવશે. એ અંગે સમગ્ર બાલગ્રામ વિભાગનું સંચાલન કરવા માટે એક કુટુંબવાળા અનુભવી સદ્‌ગૃહસ્થને સંરક્ષક તરીકે મૂકવામાં આવશે. તેઓ સૌની દેખભાળ કરશે તેમ જ માર્ગદર્શન આપશે. માતાને મોટીબહેન તરીકે બાળકો સંબોધન કરશે. નિવૃત્તિ વખતે માતાઓ નિવૃત્તિઘરમાં સ્થાન મેળવી શકશે. માતાઓને સગવડ પડે તે માટે ઘરદીઠ ૧ નાની સગડી (કૂકર) આપવામાં આવશે. શિશુસંવર્ધન વિભાગમાં દોઢ માસથી બે વર્ષનાં બાળકોને ઉછેરવામાં આવશે. અહીં ૧૦ બાળકો અને ૨ ધાત્રી તથા એક મદદનીશ હશે. શિશુ બે વર્ષનું થતાં પરિવારના ઘરોમાં અપનાવી લેવામાં આવશે. બાળકો માટે એક શિક્ષણ વિભાગ ચલાવવામાં આવશે. તેમાં બાળવિકાસ ઘટક તરફથી પૂર્વપ્રાથમિક અને પ્રાથમિક વિભાગથી શરૂ કરી ક્રમે ક્રમે માધ્યમિક શિક્ષણની સગવડ પણ આપવામાં આવશે. સાથોસાથ એક ઉદ્યોગ વિભાગ પણ ચલાવવામાં આવશે. આ બેઉ વિભાગના અભ્યાસક્રમ બાળકના ભાવિ જીવનઘડતર અને ભાવિ વ્યવસાયને અનુલક્ષીને ઘડવામાં આવશે. પરિવાર વિભાગમાં સર્વ કામકાજ ગુજરાતી ભાષામાં થશે. શિક્ષણ વિભાગમાં અનુક્રમે ગુજરાતી, હિંદી અને અંગ્રેજી મહત્ત્વ પ્રમાણે શરૂઆતથી જ શીખવવામાં આવશે. શિશુવાડી તેમ જ શાળામાં બાળગ્રામની બહારનાં બાળકોને પણ દાખલ કરવામાં આવશે. સમય આવતાં બાલગ્રામમાં ઉછરેલાં ૧૬ થી ૨૧ વર્ષનાં યુવક - યુવતીઓ તરૂણ વિભાગની યોજનામાં દાખલ થઈ શકશે. ગ્રામ સર્વધર્મ–સમાનતાની ભાવના પર કામ કરશે. ગ્રામમાં સ્વાશ્રયને ઉત્તેજન આપવાનો આગ્રહ રાખવામાં આવશે. આ સર્વ યોજનાઓના નિભાવ માટે વિવિધ પ્રકારનાં નાનાંમોટાં રોકડ તેમ જ વસ્તુઓનાં દાન સ્વીકારી બધા ખર્ચને પહોંચી વળવાની ઉમેદ છે.

બાળગ્રામ પરિવારની માતાનું ચિત્ર

બાળક પ્રત્યે નિર્મળ પ્રેમ. ઘરરખ્ખુ, ઘરનાં સર્વ કામકાજમાં રસ, સુઝ, આવડત. ઉમ્મર–સામાન્ય રીતે ૩૦ થી ૪૦ વર્ષના ઠરેલ બેન આવાં કાર્યમાં વધુ ન્યાય આપી શકે. છતાં એથી નાની ઉંમરની બેનો પણ યોગ્ય જણાશે તો આ યોજનામાં જોડાઈ શકશે. તંદુરસ્ત અને ખડતલ નિઃસંતાન વિધવા (અનિવાર્ય સંજોગોમાં એક બાળકની માતા). બાલઉછેરનો પોતાના કુટુંબમાં અનુભવ. બાળકો સાથે ધીરજ, પ્રેમ, સહિષ્ણુતા, સમજપૂર્વક આનંદથી કામ કરી શકે. ધાર્મિક, સામાજિક અને રાજકીય વિચારોમાં ઉદારતા. ગુજરાતી ભાષા સારી રીતે બોલી, વાંચી, લખી શકે. ગુજરાતી ૭ થી ૧૧ ધોરણ સુધી અભ્યાસ. હિંદી સમજી બોલી શકે. અંગ્રેજીનું જ્ઞાન આવકારપાત્ર. ઘરખર્ચનો હિસાબ રાખી શકે. મીઠાશ અને વ્હાલભર્યું વ્યક્તિત્વ. અન્ય સગાંઓની દખલ ન હોય. અન્ય માતાઓ અને પડોશીઓ સાથે હળીમળીને રહી શકે. બાળઉછેર કેવી રીતે કરવો અને ઘરની સંભાળ કેવી રીતે રાખવી તેની પૂર્વ તૈયારી માટે ૩ માસની માતૃતાલીમ લઈ શકે એવી ગ્રહણશક્તિ. બાળકોના અભ્યાસમાં અને રૂચિમાં રસ લઈ શકે અને માર્ગદર્શન આપી શકે. ૪ થી ૮ જેટલી સંખ્યાનાં બાળકોની માતાનું સ્થાન લેવા સિવાય જીવનમાં બીજી કોઈ મહત્ત્વાકાંક્ષા ન હોય. આ કાર્યમાં પોતાની કૃતાર્થતા સફળતા, સંતોષ અને સુખ છે, પ્રભુભક્તિ છે, દેશસેવા છે, માનવતાની પૂજા છે એવી શ્રદ્ધા હોય.

ભંડોળ અંગે

માસિક, ત્રિમાસિક, છમાસિક કે વાર્ષિક લવાજમ આપી. રોકડ રકમ ઉપરાંત જૂની–નવી ઉપયોગી વસ્તુઓ આપી કે સાધનો મેળવી આપી: દાખલા તરીકે: કાપડ, વસ્ત્રો, વાસણ, અનાજ, ફળ, દૂધ, રાચરચીલું, પુસ્તકો, રમતગમતનાં સાધનો, ઉદ્યોગનાં ઓજારો.

આ સહકાર્યમાં સૌ નીચે મુજબ યથાશક્તિ સહાય કરી શકે છે:

(૧) એક કે તેથી વધુ બાળકોના ભોજનનું ખર્ચ એક માસ કે તેથી વધુ માસ કે વર્ષ સુધી ઉપાડી લઈ.

(૨) એક કે તેથી વધુ બાળકનાં જરૂરી પુસ્તકો અને અભ્યાસનું ખર્ચ એક માસ કે તેથી વધુ માસ કે વર્ષ સુધી ઉપાડી લઈ.

(૩) એક કે તેથી વધુ બાળકના ભોજન તેમ જ અભ્યાસ અંગેનું પૂરું ખર્ચ એક માસ કે તેથી વધુ માસ કે વર્ષ સુધી ઉપાડી લઈ.

(૪) ૮ બાળક અને એક માતાના આખા ઘરના તમામ ખર્ચની જવાબદારી એક માસ કે તેથી વધુ માસ કે વર્ષ માટે ઉપાડી લઈ,

ફૂલ પાંદડી: નીચે બતાવ્યા મુજબનો ટેકો આપીને બાળકના હિતસ્વી બનવા વિનંતિ છે:

શુભેચ્છક...	રૂપિયા	૫	ભાંડુ	રૂપિયા	૧૦૦ ...
સ્નેહી ...	રૂપિયા	૧૨	વડીલ	રૂપિયા	૫૦૦ ...
મિત્ર ...	રૂપિયા	૨૫	સ્વજન	રૂપિયા	૧,૦૦૦ ...
સંબંધી ...	રૂપિયા	૫૦	રક્ષક	રૂપિયા	૫૦૦૦ ...

વિષયસૂચિ

		પૃષ્ઠ
બાલવિકાસ ઘટક યોજના: ૧૯૬૬ થી ૧૯૭૫		૫૫
શ્રી જયપ્રકાશ નારાયણ: જયપ્રકાશની વિચારણા, વિવિધ રંગોવાળું વ્યક્તિત્વ.	દાદા ધર્માધિકારી	૫૭
મેહ	ગીતા પરીખ	૫૮
વર્તમાન રાષ્ટ્રીય પરિસ્થિતિ	ચીમનલાલ ચકુભાઈ શાહ	૫૮
પ્રકીર્ણ નોંધ: મુંબઈ માથે તોળાઈ રહેલ પાણીની કટોકટી, કચ્છ–બીદડાના સાધુપુરૂષ વેલજીભાઈનો દુઃખદ દેહવિલય, ગાંધીજી અને મજૂર પ્રવૃત્તિ, કાનૂની આદર અંગેની આજની પરિસ્થિતિ, ભારતની બહેનોને કાયદાએ આપેલી સમાનતા અને આજની વાસ્તવિકતા, ડૉ. એન. એમ. શાહે 'પ્રબુદ્ધજીવન' પ્રત્યે દાખવેલી મમતા.	પરમાનંદ	૬૦
મહાપ્રસ્થાનના પથ પર – ૧૨	પ્રબોધકુમાર સંન્યાલ	૬૩

શ્રી જયપ્રકાશ નારાયણ

[સર્વોદય પ્રેસ સર્વિસ દ્વારા મળેલા સર્વોદયવાદી શ્રી જયપ્રકાશ નારાયણના મહુલક્ષી જીવનનો પરિચય આપતા બે લેખો નીચે પ્રગટ કરવામાં આવે છે.]

જયપ્રકાશની વિચારણા

આજના ભારતના ઈતિહાસમાં શ્રી જયપ્રકાશ નારાયણનું જે સ્થાન છે અને આપણા વૈચારિક તેમ જ રાજકીય જીવન પર એમનો જે પ્રભાવ છે તે વિષે બે મત હોઈ ન શકે. આજે લોકમાનસને આણગમતાં ઘણાં સૂચનો એમના તરફથી થયાં છે અને તેથી પ્રજામાં કંઈક ક્ષોભ પણ જાગ્યો છે એની ના પાડી શકાય એમ નથી. પણ આ સૂચનો કોઈ એક ક્ષણના તરંગો નથી કે દુનિયાને ચમકાવવાની કોઈ ઘેલછામાંથી જન્મ્યાં નથી, પણ દાયકાથીયે વધારે વર્ષોની એક જીવનતપસ્યામાં એનું ઉદ્‌ભવસ્થાન છે અને એનો એ પરિપાક છે. એટલે આપણે એ વિચારો સાથે મળતા થઈએ કે ન થઈએ તો પણ એને સમજવાની આપણી ફરજ છે, જેથી આજની અનેક જટિલ સમસ્યાઓ હલ કરવાના આપણા પ્રયત્નોમાં એ સમજ સહાયરૂપ થઈ પડે.

૧૯૨૧માં રાષ્ટ્રીય લડતમાં ઝંપલાવ્યું ત્યારથી આજ સુધી શ્રી જયપ્રકાશનું જીવન પુરુષાર્થરંગી રહ્યું છે. એમણે સત્યાગ્રહો કર્યા છે, જેલો ભોગવી છે, જેલોમાંથી નાસી પણ છૂટયા છે. ભારતને મુક્ત કરવા માટે 'આઝાદ દસ્તા' પણ એમણે ઊભું કર્યું હતું... આધુનિક ભારતના રાજકીય જીવનનું કોઈ એવું પાસું નથી જેમાં શ્રી જયપ્રકાશે કોઈ હિસ્સો ન આપ્યો હોય. ગાંધીજીના જીવન દરમિયાન એ ગાંધીવાદના કટ્ટર વિરોધી રહ્યા, છતાં ગાંધીજી એમને મહાન વિચારક અને પુરુષાર્થી તરીકે સન્માનતા ને સ્વીકારતા એ એમની સાહસિક વૃત્તિનો તેમજ માનસિક પ્રતિભાનો સચોટ પુરાવો છે.

આમ શ્રી જયપ્રકાશની મહત્તા જેટલી એમના જીવનમાં છે એટલી જ એમના મનનમાં પણ છે. એમની અનેકવિધ પ્રવૃત્તિઓમાંથી મળતા અનુભવો ઉપર એ સતત મનન કરે છે, પોતાના સિદ્ધાંતોને આ અનુભવની કસોટીએ ચઢાવે છે અને જો એ પર્યાપ્ત ન જણાય તો તેનો ત્યાગ કરતાં, અને એવો ત્યાગ એમણે કર્યો છે એ જાતનો ખુલ્લા દિલથી એકરાર કરતાં તેઓ કદી અચકાતા નથી. જ્યારે કોઈ સિદ્ધાંત એમને સાચો લાગે ત્યારે તેની સુંદર રીતે રજુઆત કરવાની અને તેના સમર્થનમાં જેટલી દલીલો શક્ય હોય તે બધી તર્કબદ્ધ રીતે રજૂ કરવાની કળામાં શ્રી જયપ્રકાશનો નંબર ગાંધીજી પછી બીજો આવે છે એમ ઘણા માને છે...શ્રી જયપ્રકાશની મહત્તા એ છે કે લોકોની આવી ટીકાઓથી ગભરાયા વગર તેઓ અનેક પ્રવૃત્તિઓમાં ઝંપલાવ્યે જાય છે, એમાંથી તારતમ્ય કાઢતા જાય છે અને લોકો સમક્ષ એ મૂકતા પણ જાય છે. હમણાં જ એમણે લોકોને ન ગમતા વિચારોમાં જો કોઈ ખરેખર માનતો હોય અને એ વિષે આગ્રહ રાખતો હોય તો તે બેધડક રજૂ કરવાની જરૂરિયાત ઉપર ભાર મૂક્યો હતો. આમ શારીરિક અને માનસિક અભયને વરેલા આ ચિંતનશીલ પુરુષના વિચારો જાણવાની અને સમજવાની જિજ્ઞાસા થાય તો તે ઈષ્ટ જ છે. આવી જિજ્ઞાસા માત્ર આપણા દેશ પૂરતી જ મર્યાદિત નથી રહી. વિદેશોમાં પણ એમના વિચારોનો અભ્યાસ થાય છે અને એમાં પરિવર્તનો કેમ અને કેવાં આવ્યાં તેની ચર્ચાઓ ચાલે છે.

એક પ્રખર વિશુદ્ધ માર્ક્સવાદી તરીકે એમણે પોતાની વિચારયાત્રા શરૂ કરી... માર્ક્સવાદનો સ્વીકાર અને ગાંધીવાદનો ત્યાગ આ સમયે એમણે બુદ્ધિપુરઃસર, પૂરતો વિચાર કરીને અને આંખ બરાબર ઉઘાડી રાખીને જ કર્યો હતો.

પછી તો વર્ષો વીતતાં એમના વિચારોમાં શાં પરિવર્તનો આવ્યાં તેનો ઈતિહાસ તો જાણીતો છે... એક વાર શ્રી જયપ્રકાશ માત્ર બ્રિટિશ સલ્તનત સામે જ નહિ પણ દેશમાં સમાજવાદના માર્ગમાં અંતરાયરૂપ બનતા તત્વો સામે પણ બળનો ઉપયોગ કરવાની હિમાયત કરતા; આજે ચીનના આક્રમણ સામે પણ શાંતિસેના ઊભી કરવાના પ્રયોગોમાં એમણે અગ્ર ભાગ ભજવ્યો છે. એક વાર શોષિત વર્ગની સરમુખત્યારીનો સિદ્ધાંત એમણે અપનાવ્યો હતો; આજે વર્ગવર્ગ વચ્ચેનો સહકાર અને કોઈ વર્ગનું બીજા વર્ગ પર વર્ચસ્વ ન હોય એ જાતની સમાજવ્યવસ્થા તેઓ વાંચ્છે છે. એક વાર રાજ્યસત્તા કબજે કરી તે દ્વારા સમજૂતીથી કે બળજબરીથી પણ સમાજવાદી સમાજ સ્થાપવાના એમને કોડ હતા; આજે રાજ્યશક્તિનો આશ્રય છોડી જનશક્તિ ખીલવવા અને તે દ્વારા સમાજપરિવર્તન લાવવા તેઓ માગે છે. એક વાર સામાજિક સંસ્થાઓમાં ફેરફાર કરી તેઓ દરિદ્રોનાં દુઃખ ટાળવા માગતા હતા; આજે વ્યક્તિના માનસમાં પરિવર્તન કરી તેઓ ન્યાયી સમાજ સ્થાપવાની હિમાયત કરે છે. એક વાર ભૌતિકવાદ એમણે અપનાવ્યો હતો; આજે અધ્યાત્મવાદ એમણે સ્વીકાર્યો છે. આમ માર્ક્સવાદના લગભગ બધા સિદ્ધાંતો એમણે છોડ્યા છે અને ગાંધીવાદના અપનાવ્યા છે, એટલું જ નહિ પણ, માર્ક્સવાદને સામાજિક વિશ્લેષણના સાધન તરીકે પણ છોડ્યું છે...

શ્રી જયપ્રકાશે માત્ર માર્ક્સવાદનો જ ત્યાગ નથી કર્યો, પણ સંસદીય લોકશાહીનો પણ વિરોધ કર્યો છે અને પક્ષનિષ્ઠ રાજનીતિ છોડી છે... પશ્ચિમના દેશોમાંથી આવતી સમગ્ર રાજનીતિની ભાવનાને અપર્યાપ્ત ગણી છે. એટલે માર્ક્સવાદના ત્યાગ સાથે કોઈ નવી સામાજિક ફિલસૂફીની શોધ તેઓ કરી રહ્યા છે. આ ફિલસૂફી ગાંધીવાદ પર આધારિત ભલે હોય તો પણ એ એનાથી આગળ જવા મથી રહી છે...

એ નવપથના નિર્માણમાં શ્રી જયપ્રકાશ તરફથી મોટી આશા રખાય છે.

રોહિત દવે

વિવિધ રંગોવાળું વ્યક્તિત્વ

જયપ્રકાશજીનું સર્વોદય ક્ષેત્રમાં આવવું એ આપણા દેશના અને દુનિયાના સમાજવાદના ઈતિહાસમાં એક મહત્વની ઘટના છે. એમનું વ્યક્તિત્વ વિવિધ રંગોથી સંપન્ન રહ્યું છે. એમને વિશે લોકોમાં ઘણા પરસ્પર - વિરોધી ભાવો પ્રવર્તે છે. તેઓ પોતે કહે છે કે હું ચર્ચાસ્પદ Controversial (કોન્ટ્રોવર્સિયલ) વ્યક્તિ છું. હું એમાં એટલું ઉમેરવા માગું છું કે એ વ્યક્તિત્વ ભાતીગળ—કલર—કલ Colourful—પણ છે. સૂર્યકિરણના સાતેય રંગોથી સભર હોવાથી એમાં અદભુત આકર્ષણ ભર્યું છે.

સમાજવાદનું વિવરણ કરનારાઓમાં અગ્રગણ્ય એવા ઈંગ્લાંડના મેકડોનાલ્ડે સમાજવાદ પરના પોતાના પહેલા પુસ્તકમાં એક ઠેકાણે લખ્યું છે: "રાષ્ટ્રના મહાપુરુષોનો ઈતિહાસ એ રોમાંચક ઈતિહાસ છે." આપણા દેશમાં સમાજવાદના ઈતિહાસનું પરિશીલન કરવા સારું જે જે ચરિત્રો જોવાં પડે તેમાં જે. પી. નું સ્થાન અગ્રગણ્ય છે.

રંગૂનમાં સમાજવાદી પરિષદના મંચ પરથી જે. પી. એ કહેલું: "આગામી સમાજવાદી ક્રાંતિની વિભૂતિ મજૂર નહીં પણ કિસાન થશે." પરંપરાગત સમાજવાદી વિચારમાં આ બહુ મોટો તફાવત છે.

વળી વૈજ્ઞાનિક સમાજવાદની પ્રગતિમાં હવે હિંસાને સ્થાન

નથી એવી ઘોષણા કરવામાં જે. પી. પહેલા હતા. લોકશાહી સમાજવાદના નેતાઓએ પણ આ ઘોષણા કરી હતી. પણ વૈજ્ઞાનિક ક્રાંતિકારી સમાજવાદી તરીકે આ મહત્વપૂર્ણ ઘોષણા જે. પી. એ પહેલી કરેલી. સમાજવાદી આંદોલનના અધ્વર્યુની હેસિયતથી એમણે એમ પણ કહ્યું કે માણસને સદાચારની પ્રેરણા ભૌતિક કારણોસર નથી થતી. ભૌતિક પ્રેરણાઓ કરતાં બીજી કોઈ મૂળભૂત માનવીય પ્રેરણા તરફ ડગ માંડવા પડશે. આમાં સમાજવાદનું આધુનિકતમ વૈજ્ઞાનિક સ્વરૂપ અભિવ્યક્ત થાય છે.

આમ એમના વ્યક્તિત્વના વિકાસની અંદર આપણા દેશના સમાજવાદના વિકાસનાં દર્શન થાય છે. એમના પદાર્પણથી સર્વોદય અધિક વૈજ્ઞાનિક, અધિક સમૃદ્ધ અને માનવીય દૃષ્ટિએ વધુ આધ્યાત્મિક બન્યો છે.

એમના જીવન વિશે એક વાત મારે કહેવી છે. તેઓ પ્રભાવતીદેવીના સહચર છે. હું એમ કહેવા નથી માગતો કે પ્રભાવતીદેવી એમની સહચારિણી છે. હું તો એમ કહું છું કે જે. પી. પ્રભાવતીદેવીના સહચર છે. આપણા દેશમાં સંત, સાધુ, ત્યાગી, વૈરાગી ઘણા છે. એવીયે અનેક વ્યક્તિ છે, જેમણે આજન્મ બ્રહ્મચર્યનું વ્રતપાલન કર્યું હોય, પરંતુ કશાયે વ્રત કે સંકલ્પ વિના જીવનભર નૈષ્ઠિ વિવાહિત બ્રહ્મચર્યનું અનુષ્ઠાન ભાગ્યેજ કોઈએ કર્યું હશે, એનું શ્રેય જેટલું જે. પી. ને છે એનાથી વધુ પ્રભાવતીદેવીને છે.

જે. પી.નેં જોઈને તેઓ એક સાધુપુરુષ હોય એમ નથી લાગતું. ઘણા સાથીઓ તો એમને હુજૂરવર્ગના જ માને છે. પરંતુ બહુ ઓછાને ખબર હશે કે અમેરિકામાં એમણે જે વિદ્યા સંપાદન કરી તે ત્યાં નાના મોટાં મજૂરીનાં કામ કરીને કરેલી. આજે પણ પોતાના આશ્રમમાં તેઓ મારા કરતાં વધુ શરીરશ્રમ કરે છે.

જે. પી. એક હૃદયવાન વ્યક્તિ છે. બુદ્ધિ એમની જેટલી સમૃદ્ધ અને વિકસિત છે એનાથી કયાંય વિશાળ અને ઉદાર એમનું હૃદય છે. તેથી તો દેશ અને દુનિયામાં થનાર ઘટનાઓનો પડઘો એમના વીર, ઉદાર હૃદયમાં આપણા કરતાં અનોખો પડે છે.

મેં એમની વીરતાનો ઉલ્લેખ જાણી જોઈને નથી કર્યો. ૧૯૪૨ અને પહેલાંના સ્વાતંત્ર્ય સંગ્રામમાં એમણે જે વીરતાપૂર્ણ ભાગ ભજવ્યો છે એનાથી સૌ પરિચિત છે. લોકોને એમનું ઘેલું હતું. જનતા પર એમના નામની જાદુ જેવી અસર થતી. આવું વિવિધગુણ-સંપન્ન એમનું વ્યક્તિત્વ છે તેથી તો મેં એને વિવિધ રંગોવાળું વ્યક્તિત્વ કહ્યું છે. દાદા ધર્માધિકારી

મેહ

મન મૂકીને વરસો, મેહ!
ધરણીની તડતડમાં વાચા
ધરે વ્યથાની ચેહ – મન...
દરિયો દિલનો નયનથકી આમ
છલકે અપરંપાર,
તોય અરે દરિયાવ દિલે તમ
ખૂટી ગઈ જલધાર?
માટીના ગોપિત કણ કણમાં
પ્રજળે છે તમ લેહ – મન...
કણે કણે જ્યાં ભરી લેહ ત્યાં
રખે ન ઝરશો ફોરાં!
ફોરે ફોરે લલચાવે તે
કદી ય આવે ઓરા?
ઝંઝાને જલધાર ઝબોળી
દીયો ધરાને નેહ! – મન...

ગીતા પરીખ.

વર્તમાન રાષ્ટ્રીય પરિસ્થિતિ

(જૈન સમાજના સુસ્થિત વર્ગમાં પરસ્પર સામાજિક વ્યવહાર કેળવાય એવા હેતુથી અને જૈન સમાજ માટે મિલનભૂમી ઊભી થાય એવી એક જૈન કલબનું નિર્માણ કરવું એવા ધ્યેયથી કાર્ય કરતી 'જૈન સોશિયલ ગ્રુપ' નામની એક સંસ્થા છેલ્લા દોઢ વર્ષથી અસ્તિત્વમાં આવી છે. તેની પ્રવેશ ફી રૂા. ૧૦૧ છે અને વાર્ષિક લવાજમ રૂા. ૫૧ છે. તેના અધિકારીઓ નીચે મુજબ છે.

પ્રમુખ : **શ્રી કાંતિલાલ વોરા**
મંત્રીઓ : **શ્રી ચીમનલાલ જેઠાલાલ શાહ**
: **શ્રી ચીમનલાલ ગોસલિયા**
કોષાધ્યક્ષ : **શ્રી જેવંતલાલ શાહ**

આ સંસ્થા તરફથી અવારનવાર સ્નેહ સંમેલનો તેમ જ જાણીતી વ્યકિતઓનાં વ્યાખ્યાનો ગોઠવવામાં આવે છે તથા ગાળે ગાળે સભ્યોનાં સમૂહભોજનો પણ યોજવામાં આવે છે. આ જૈન સોશિયલ ગ્રુપ તરફથી તા. ૨૯-૬-'૬૬ બુધવારના રોજ સાંજના ૭ વાગ્યે ગ્રેઈન એન્ડ ઑઈલ ડીસીડ્ઝ મરચન્ટ્સ એસોસિએશનના હૉલમાં શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનું વર્તમાન રાષ્ટ્રીય પરિસ્થિતિ ઉપર વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું. તે વ્યાખ્યાનનો સંકલિત સાર નીચે આપવામાં આવે છે. તંત્રી)

સ્વ. લાલબહાદુર શાસ્ત્રી પછી ઈન્દિરા ગાંધી વડા પ્રધાન થયા-અને ટૂંક સમયમાં જ એમને અનહદ મુશ્કેલીઓનો સામનો કરવો પડયો છે. એમણે લીધેલા નિર્ણયો શાણા હોય કે નહિ, પણ નિર્ણયો હિમતથી લીધા છે એની કોઈ ના પાડી શકે એમ નથી. જે પ્રશ્નોમાં નહેરુ કે લાલબહાદુર શાસ્ત્રી મૂંઝાયા હતા એ પ્રશ્નો વિષે આટલી નાની ઉમરમાં–એમને એટલો અનુભવ નથી એમ કહેવાય છે તે સંજોગોમાં પણ–આ મુકાન ઉપાડીને નિડર નેતાગીરીની છાપ એમણે પાડી છે.

વડા પ્રધાનનાં કહેવા પ્રમાણે આથી વધારે કટોકટીનો સમય –DARK DAYS–આપણે માટે હવે આવવાનો છે. તો, પ્રશ્ન એ થાય છે કે કટોકટીનાં શું કારણો છે? આજની પરિસ્થિતિ શું કોઈ આકસ્મિક ઊભી થઈ છે? ના. આજની કટોકટીનાં કારણો માટે આપણે આઝાદીનાં ૧૮ વરસનો ઈતિહાસ જોવો પડશે. ૧૮ વરસનું આપણું જે કામકાજ છે એ આજની કટોકટીનું કારણ છે.

આમ જોઈએ તો આપણે એક બાજુથી ભારે પ્રગતિ કરી છે. દુનિયાના અન્ય સ્વતંત્ર દેશોની સરખામણીમાં આપણે એક બાજુએ સ્થિર રાજ્યતંત્ર, એક મોટી લોકશાહી, ધ્યેયસરનું અર્થતંત્ર મેળવી શકયા છીએ તો બીજી બાજુએ આપણે કેટલીક મોટી ભૂલો પણ કરી છે અને એ ભૂલોનાં પરિણામો આજે ભોગવીએ છીએ અને કયાં સુધી ભોગવવા પડશે તે કહેવું મુશ્કેલ છે.

આપણે ત્યાં છેલ્લા કેટલાક મહિનામાં ત્રણ મુખ્ય બનાવો બન્યા છે:

૧. પંજાબના ભાગલા,

૨. આર્થિક ક્ષેત્રે રૂપિયાનું અવમૂલ્યાંકન,

૩. રાષ્ટ્રીય ક્ષેત્રે માનસિક અસ્થિરતા અને સ્ફોટક પરિસ્થિતિ.

પંડિત નહેરુએ દુનિયાને અને આપણા દેશને ઘણી મોટી વસ્તુઓ આપી છે તો તેમણે ભૂલો પણ નાની નથી કરી એમ સખેદ કહેવું પડે છે. આ ભૂલોમાંથી એક ભૂલ તે "ભાષાકીય પ્રાંત-રચના" – અને આ ભૂલનાં પરિણામો આજે આપણે જોઈએ છીએ.

ભાષાકીય પ્રાંત–રચના માટે ફાજલઅલી કમિશન નિમાયું હતું. એ કમિશનમાં અને પાર્લામેન્ટમાં પણ એ વખતે ગુજરાતનો કેસ રજૂ કરતાં મેં ભાષાકીય પ્રાંતરચનાનો વિરોધ કર્યો હતો અને આજે પણ હું એ જ કહું છું. શ્રી અશોક મહેતા એ દિવસોમાં ભાષા-

કીય પ્રાંતરચનાની વિરુદ્ધમાં એક ઊર્મિશીલ (Impassied Speech) ભાષણ પાર્લામેન્ટમાં કરેલું. આજે પંજાબી સુબાની રચનામાં શ્રી અશોક મહેતાનો ટેકો છે—અને જ્યારે એમને પૂછીએ કે આજે તમે આ શું કરો છો ત્યારે જવાબ મળે છે "બીજાને મળ્યું તો આને એકને કેમ નહિ?" શ્રી અશોક મહેતાના આર્થિક અને રાજકીય ક્ષેત્રે વિરોધાભાસી વિચારો વિષે ઘણું કહી શકાય એમ છે, પણ આજે આપણે એમાં નહિ ઊતરીએ.

પંજાબમાં ખરી રીતે ગુરુમુખી અને હિંદી અલગ ભાષાઓ નથી, પણ ત્યાં ય ભાષાની ભૂતાવળ પહોંચી અને સંત ફત્તેહસિંગે પંજાબી સૂબો ભાષાના ધોરણે માંગ્યો. માસ્તર તારાસિંગે તો કોમી ધોરણે શિખીસ્તાન માંગેલું એટલે એમની માંગણીનો તો વિરોધ કરી શકાયો. પણ સંત ફત્તેહસિંગને જવાબ આપવાની આપણી સરકાર હિંમત કરી શકી નહિ. જવાબ એક આપી શકાયો હોત કે 'અન્ય રાજ્યોમાં ભાષાકીય પ્રાંતો રચવાની અમે ભૂલ કરી છે તે ભૂલ પાછી અમે અહિં કરવા માંગતા નથી.' પણ પાકિસ્તાનના સંદર્ભમાં શિખોને નારાજ કરવા આપણને પાલવે તેમ ન હતું. આમ પંજાબી સુબાની માંગણી અનિવાર્યપણે સ્વીકારવી પડી છે.

નહેરુએ કહેલું કે ફાજલઅલી કમિશનનો રિપોર્ટ સર્વાંગપણે સ્વીકારાશે. પણ કમિશનની ભલામણો બાજુએ મૂકીને જેનો ગજ લાંબો એને વધુ મળે એવી સ્થિતિ ઊભી થવા પામી છે. હિંદુ—શીખ વચ્ચે જે વૈમનસ્ય ન હતું તે આવ્યું છે અને તે ક્યાં જઈને અટકશે તે કહેવું મુશ્કેલ છે.

પંજાબ અને હરિયાણા રાજ્ય હવે જુદા થશે. પંજાબ ઉદ્યોગપ્રધાન છે, સમૃદ્ધ છે, જ્યારે હરિયાણા ખેતીપ્રધાન અને નિર્બળ, પછાત રાજ્ય છે. કેન્દ્રે હરિયાણાને કરોડો રૂપિયાની મદદ કરવી પડશે. હરિયાણા નાનું રાજ્ય છે, એની પાસે કોઈ નેતાગીરી પણ નથી. હરિયાણા રાજ્યે પણ એની રાજધાની ઊભી કરવી પડશે.

આજે અન્ય રાજ્યોના ધોરણે જુદાં રાજ્યોની માગણી થઈ રહી છે અને આને કેટલાક રાજકીય માણસો ટેકો પણ આપે છે. મીઝો અને નાગાલેન્ડ આના દાખલા છે.

મીઝો અને નાગાલેન્ડની પરિસ્થિતિ અત્યારે તો આપણા કાબુમાં છે, પણ આ પરિસ્થિતિ વિકટ થવાનો સંભવ છે. કારણ ત્યાંના લોકોએ ગેરીલા યુદ્ધપદ્ધતિ અખત્યાર કરી છે. સ્થાનિક પ્રજાનો સહકાર ગેરીલાને હોય છે. વળી મિશનરીઓ અહીં કામ કરતા હોય છે એટલે સરકારને કામ લેવું ઘણું મુશ્કેલ છે. મીઝો પ્રદેશની આજુબાજુ બર્મા—પાકિસ્તાન છે. એક સાંકડી પટ્ટી જેવો આ પ્રદેશ છે એટલે લશ્કરને મજબૂત હાથે કામ કરવા દેવામાં ન આવે તો પરિસ્થિતિ ગમે ત્યારે વણસે એવું લાગે છે.

પાકિસ્તાન સાથે તાસ્કંદ કરાર કર્યા ત્યારે હવે શાંતિ થશે એવી માન્યતા હતી. પણ એ માન્યતા ભૂલભરેલી હોવાનું થોડાજ સમયમાં દેખાઈ આવ્યું છે. અલબત્ત, પાકિસ્તાનનો સામનો કરવા આપણી પૂરી તૈયારી છે, પણ પંદર દિવસમાં જે વિજય મેળવ્યો તે પાકિસ્તાનની પૂરી તૈયારી પછી પણ આપણે મેળવી શકીશું કે કેમ તે સવાલ છે. પાકિસ્તાને તો આક્રમણની પૂરી તૈયારી કરવા આ સમય લીધો છે. અને પાકિસ્તાન અમેરિકા અને રશિયા બંનેને ખેલાવે છે. એ કહે છે કે રશિયા એને બધા પ્રકારની સહાય કરશે. સમજાતું નથી કે તાસ્કંદ કરાર પછી રશિયા એને કેવી રીતે સહાય કરે!

પણ એક હકીકત છે કે આપણા માટે પાકિસ્તાનના આક્રમણનો ભય વધતો જાય છે. અબલત્ત, પૂર્વ પાકિસ્તાનમાં મામલો બગડતો જાય છે. પૂર્વ પાકિસ્તાનમાં 'હિંદુ—મુસ્લિમ' ભાવના કરતાં 'અમે બંગાળી' ભાવના વધતી જતી દેખાય છે અને આ ભાવના કેવું સ્વરૂપ પકડશે તે કહેવું મુશ્કેલ છે. પૂર્વ પાકિસ્તાનમાં તોફાનો સારા પ્રમાણમાં થતા હોય એમ દેખાય છે.

કૉંગ્રેસ પક્ષ સિવાય અન્ય કોઈ રાજદ્વારી પક્ષ દેશનું સુકાન સંભાળે એવો કોઈ પક્ષ હજુ મને દેખાતો નથી. નવી ચૂંટણીના પરિણામે મોટા ભાગે કૉંગ્રેસનો અમલ ચાલુ રહેશે એમ લાગે છે. અલબત્ત, કૉંગ્રેસ એના આંતરિક કલહોથી—સત્તાની સાઠમારીથી—નિર્બળ બની છે. જુદા જુદા રાજ્યોના આગેવાનોનાં વર્તન માત્ર ખેદ જ નહિ પણ તિરસ્કાર ઊભો કરે એવા છે. પછી ભલે એ વર્તન નદીના પાણીના પ્રશ્ન અંગે હોય કે સરહદના પ્રશ્ન અંગે હોય. કર્ણાટક—બેલગામની મરાઠી પ્રજા એમ કહે છે કે અમે મૈસૂરમાં નહિ રહીએ તો આ તો ગુજરાતીઓ એમ કહે છે કે અમે મુંબઈમાં નહિ રહીએ, એના જેવું થયું—અને આ કેટલું ભયંકર કહેવાય? આજે દેશનું ભાવિ નજીકના સમયમાં ઉજ્જવળ દેખાતું નથી. રાજ્યોના મુખ્ય પ્રધાનો વ્યવસ્થા અને શાંતિ જાળવી શકતા નથી. હાલતાં—ચાલતાં તોફાનો થાય છે. માઈસોર નજીક ગુલબર્ગા બાજુએ ૨૫,૦૦૦ લોકોનું ટોળું એક ટ્રેનને અટકાવી શકે અને લૂંટી શકે અને ત્યાંની પોલીસ કે સરકાર ઊભી ઊભી જોયા જ કરે તો શું સમજવું? આજે રાજ્યો ઉપર કેન્દ્ર સરકારનું વર્ચસ્ ઓછું થયું છે. મુખ્ય પ્રધાનોને મધ્યવર્તી સરકાર અંકુશમાં રાખી શકતી નથી. આ પરિસ્થિતિ ભારે ચિંતાજનક છે.

કૉંગ્રેસપ્રમુખ કામરાજ મજબૂત માણસ છે; સરદાર પટેલ જેવા લોખંડી માણસ છે; તેઓ બોલે છે ઓછું, પણ નિશ્ચયપૂર્વક કામ લે છે. પણ તેમને ભાષાની મોટી મુશ્કેલી નડે છે, તેથી પ્રજા સાથે તેઓ એકરૂપ થઈ શકતા નથી. તેમના વિચારો આપણે જાણતા નથી અને પ્રજાને જોઈએ તેવું માર્ગદર્શન તેમના તરફથી મળતું નથી. તેમણે દેશને બે વખત કટોકટીમાંથી બચાવી લીધો છે: પહેલી વાર નહેરુના અવસાન વખતે, બીજીવાર લાલબહાદુરના અવસાન વખતે. આ માટે તેઓ આપણા સર્વના અભિનન્દનના અધિકારી છે.

આજે લોકમાનસ અત્યંત અસ્થિર થઈ ગયું છે. આજે લોકો બુરું માનવા, બુરું સાંભળવા, બુરું કરવા તૈયાર થઈ ગયા છે અને આનું મૂળ કારણ છે આર્થિક ભીંસ. આર્થિક વિષમતા, વધતી જતી મોંઘવારી અને આ પણ એક જ દિવસનું પરિણામ નથી, અઢાર વર્ષનું પરિણામ છે. અને આ કટોકટી નિવારવા અવમૂલ્યાંકન કરવું પડ્યું છે. રાષ્ટ્રમાં જે પરિસ્થિતિ ઊભી થઈ એમાં અવમૂલ્યાંકન અનિવાર્ય હતું. દેશે નિકાસ માટેનાં જે લાભો વ્યાપારી વર્ગોને આપ્યાં એમાં વ્યાપારીઓએ જે ગેરરીતિઓ અપનાવી ગેરલાભ લીધો છે તે જોઈએ તો આપણે શરમાવા જેવું છે.

અવમૂલ્યાંકનથી પરિસ્થિતિને થાળે પડતા જરૂર વાર લાગશે. પણ જો પાયામાં ઉત્પાદન નહિ વધે તો અવમૂલ્યાંકન નિષ્ફળ જશે. ઉત્પાદન વધવું જોઈએ—માલ નિકાસ થવો જોઈએ અને પરદેશી હૂંડિયામણ અહિં આવવું જોઈએ. આ ઉપરાંત અવમૂલ્યાંકનને સફળ બનાવવું હશે તો પાયામાં પ્રામાણિકતા જોઈશે અને પ્રામાણિકતા નથી વ્યાપારીમાં - નથી અમલદારમાં - નથી રાષ્ટ્રમાં. એટલે ખરું તો એ વિચારવાનું છે કે આપણું નૈતિક ધોરણ કેમ ઊંચું આવે? આપણામાં દેશદાઝ કેમ આવે? આજે દોષો કાઢવા સહેલા છે. આપણે નેતાગીરીની અસફળતા સામે જ જોઈએ છીએ - આજે પ્રજામાં પ્રત્યાઘાતી માનસ ઊભું થયું છે, જાણે કે આ રાજ્ય વિદેશી હોય અને એની સાથે સહકાર નહિ પણ સત્યાગ્રહ કરવાનો કેમ ન હોય!

આમ આજે નિરાશાભરી અને કટોકટીની પરિસ્થિતિ પેદા થઈ છે. આપણે ઈચ્છીએ કે કૉંગ્રેસ નિષ્ઠાવાન અને સેવાભાવી માણસોને પોતાના કરે, બધા જૂદી જૂદી દિશામાં દેશને ન ખેંચે. પ્રજા પણ દેશદાઝ કેળવે - અને દેશદાઝથી જ અવમૂલ્યાંકન ફળદાયી નિવડશે. અને બે વર્ષમાં આબાદીનાં પંથે જઈ શકીશું, જો આપણે આપણું માનસ પરિવર્તન કરીશું તો.

સંકલન: ચીમનલાલ જે. શાહ ચીમનલાલ ચકુભાઈ શાહ

પ્રકીર્ણ નોંધ

મુંબઈ માથે તોળાઈ રહેલી પાણીની કટોકટી

'પ્રબુદ્ધ જીવન'નો આ અંક તૈયાર થઈ રહ્યો છે ત્યારે મુંબઈના માથે કોઈ કાળે કલ્પેલી નહિ એવી પાણી મેળવવાની અસાધારણ કટોકટી તોળાઈ રહી છે. મુંબઈને પાણી પૂરું પાડતાં સરોવરોનાં પાણી એકદમ ઓસરતાં ચાલ્યાં છે. સઘન વર્ષાના આ દિવસો બિલકુલ વરસાદ વિના કોરાધાકોર વ્યતીત થઈ રહ્યા છે. હવે પછીના દિવસોમાં વરસાદ નહિ જ આવે એમ કહી શકાય નહિ. ગમે ત્યાંથી વાદળાંઓ ખેંચાઈ આવે અને તરતમાં જોઈતું પાંચ-પચ્ચીસ ઈંચ પાણી ઠાલવી જાય એ તદ્દન અસંભવિત છે એમ પણ કહી ન જ શકાય. પણ સાધારણ ક્રમ પ્રમાણે મલબાર બાજુએ પહેલાં વાદળોનો ખૂબ ભરાવો થાય, સારા પ્રમાણમાં તે બાજુએ વરસાદ પડે અને પછી વર્ષોનો પ્રવાહ આ બાજુએ ખેંચાઈ આવે. તેના બદલે દક્ષિણ બાજુના પ્રદેશોમાં જેને મોનનસૂનનો પ્રવાહ કહેવામાં આવે છે એવા કોઈ પ્રવાહની જમાવટના હજુ સુધી કશા સમાચાર પ્રાપ્ત થયા નથી અને તેથી તરતના વરસાદની કોઈ પાકી આશા બંધાતી નથી. આવી ને આવી સ્થિતિ પખવાડિયું ચાલુ રહે તો મુંબઈના લોકોને પાણી પહોંચાડી ન જ શકાય એવી દુ:સ્થિતિ મુંબઈના શાસકો અને પ્રજાજનો સમક્ષ આવીને ઉભી રહે; આ કલ્પાઈ રહેલી સ્થિતિને પહોંચી વળવાના માર્ગો, ઉપાયો વિચારાઈ રહ્યા છે, ચર્ચાઈ રહ્યા છે, અમલમાં પણ મુકાઈ રહ્યા છે. આમ છતાં પણ આ બધા ઉપાયો ફાટેલા આભને થીંગડાં મારવા જેવા લાગે છે. આવી વણસતી જતી પરિસ્થિતિમાં પ્રબુદ્ધ જીવનનો આગામી અંક વખત સર પ્રગટ થઈ શકશે કે કેમ એ શંકાસ્પદ છે.

મુંબઈના માથે ધરતીકંપ જેવો કુદરતનો આ કોઈ ભયાનક કોપ ઉભો થયા જેવું લાગે છે. આ પાંચ પંદર દિવસમાં જોઈતો વરસાદ જરૂર આવી પડશે એવી આપણે આશા રાખીએ, પણ સાથે સાથે આ ટુંકા ગાળામાં જોઈતો વરસાદ ન પણ આવે તો મુંબઈમાં ઉભી થનારી પરિસ્થિતિનો મુકાબલો કરવા માટે પ્રજાજનોએ તૈયાર રહેવું ઘટે. આવનારી આફતનો શાન્તિ અને ધીરજ અને રાજ્ય-શાસન ફરમાવે તેવા શિસ્તપૂર્વક મુકાબલો કરવામાં આવે અને ગભરાટ અને આકુળ-વ્યાકુળતાપૂર્વક તથા શિસ્તના વિચારને બાજુએ મૂકીને પ્રસ્તુત આફતનો વિચાર કરવામાં આવે તે બેનાં પરિણામોમાં ઘણો ફરક પડે છે. બીજા વિકલ્પમાં પાર વિનાની ખુવારી અને નુકસાન થવા સંભવ છે; પહેલા વિકલ્પમાં ઓછી ખુવારી અને ઘણો બચાવ થઈ શકે તેમ છે. માથે ઝઝુમતી કટોકટી ખરેખર આવી પડે તો તેને પહોંચી વળવા માટે આપણને જરૂરી ધૈર્ય, સુઝ, તાકાત અને સમુદાયની અગવડ-સગવડને પ્રાધાન્ય આપવાની ઉદાત્તતા પ્રાપ્ત થાય એવી ઊંડા અંતરની આપણી પ્રાર્થના હો!

તા. ક. સદ્‌ભાગ્યે મુંબઈમાં અને મુંબઈને પાણી પુરૂ પાડતાં સરોવરોમાં, આ અંક છપાઈ રહ્યો છે તે દરમિયાન, સારો વરસાદ પડ્યો છે અને પાણીની કટોકટી તત્કાળ ઓગળી ગઈ છે.

કચ્છ-બીદડાના સાધુપુરુષ વેલજીભાઈનો દુ:ખદ દેહવિલય

કચ્છ-બીદડાના સાધના આશ્રમવાળા શ્રી વેલજીભાઈ પોતાની શારીરિક ચિકિત્સા માટે ગયા જૂન માસની ૨૦મી તારીખે મુંબઈ આવેલા, ૨૭મી તારીખે તેમને સર હરકીસનદાસ હૉસ્પીટલમાં દાખલ કરવામાં આવેલ અને ૨૯મી તારીખે અવસાન થયું. આ સાધુ પુરુષનો તા. ૧૬-૬-૬૫ના પ્રબુદ્ધ જીવનમાં 'સુકી ધરતીનાં મીઠાં સ્મરણો'ની લેખમાળામાં નીચે મુજબ પરિચય આપવામાં આવ્યો હતો:

"શ્રી વેલજીભાઈની આજે ૬૫ની વર્ષની ઉમ્મર છે અને કેટલાક સમયથી નિવૃત્તિ સ્વીકારીને અહિં સ્વાધ્યાયમાં તેઓ પોતાનો સમય પસાર કરે છે. પોતાના નિવાસસ્થાનને તેમણે એક આશ્રમનું રૂપ આપ્યું છે, અને તેથી જ આ સ્થળ 'સાધના-આશ્રમ'ના નામથી ઓળખાય છે. શ્રી વેલજીભાઈએ યુવાવસ્થામાં કચ્છના રાવના જુલ્મ અને આપખુદી સામે સારી ઝુંબેશ ચલાવેલી અને પ્રજાજનોને જાગૃત કરવામાં અને તેમને ઉન્નતિના માર્ગે લઈ જવામાં પોતાની શક્તિનો સારો યોગ આપેલો. ધીમે ધીમે તેઓ તત્ત્વસાહિત્ય તરફ વળતા ગયા. ખાસ કરીને શ્રી અરવિંદના તત્ત્વજ્ઞાન વિષે તેમનામાં ઊંડી અભિરૂચિ પેદા થઈ અને શ્રી અરવિંદે ચીંધેલા માર્ગે તેમણે સારો આત્મવિકાસ સાધ્યો. તેમણે પોંડીચેરી ખાતે આવેલા શ્રી અરવિન્દ આશ્રમમાં પણ ઠીક સમય ગાળેલો. આ કારણે તેમની સાધના અને ચિન્તન ઉપર શ્રી અરવિંદના તત્ત્વજ્ઞાનની ખૂબ જ અસર પડી છે. આમ છતાં પણ આજે તેમનું વાંચન-મનન કેવળ અરવિંદ-સાહિત્ય કે તેમના તત્ત્વદર્શનથી સીમિત નથી. તેમના આ આશ્રમમાં તેમણે પૌર્વાત્ય તેમ જ પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાનના વિષયને લગતું અતિ સમૃદ્ધ પુસ્તકાલય વસાવ્યું છે અને તત્ત્વરૂચિ ધરાવતા સાધકો-આલબત્ત મર્યાદિત સંખ્યામાં-તેમની સાથે રહે છે, રહી શકે છે. તેમને મળતાં અને તેમની સાથે વાર્તાલાપ કરતાં અમે બધાંએ ખૂબ જ પ્રસન્નતા અનુભવી. કચ્છના આ ખુણે સાંસારિક બધી ઉપાધિઓ અને આળ-પંપાળથી મુક્ત બનીને આવો એક ચિન્તક રહે છે એ જોઈ જાણીને અમે ભારે વિસ્મય અનુભવ્યું. તેમનો અભ્યાસ તો ત્રણ અંગ્રેજી સુધીનો છે, પણ સતત વાંચન તેમ જ જ્ઞાનોપાસના દ્વારા તેમણે અંગ્રેજી ભાષા ઉપર સારૂં પ્રભુત્વ મેળવ્યું છે. આ આશ્રમમાં આજે સાત આઠ ભાઈ-બહેનો રહે છે. ધ્યાન, પ્રાર્થના, અભ્યાસ, જ્ઞાન-ચર્ચા-એ જ અહીંની મુખ્ય પ્રવૃત્તિ છે. તેમના કહેવા મુજબ બહારની દુનિયાની વાતોથી અહિંનું શાન્ત વાતાવરણ શુબ્ધ ન બને તેથી અહીં સમાચારપત્રો પણ મંગાવવામાં આવતા નથી. વેલજીભાઈ સાથે અમે અઢીએક કલાક ગાળ્યો. તેમને મળતાં અને તેમના આશ્રમનું વાતાવરણ અનુભવતાં અમને બે ઘડી એમ થયું કે, આજ અહીં જ રહી જઈએ, પણ અમારી સાથેની મોટી મંડળી જોતાં અને આગળનો નક્કી કરેલો કાર્યક્રમ લક્ષમાં લેતાં એમ મનસ્વીપણે વર્તવાનું અમારા માટે શક્ય નહોતું."

આવી એક વ્યક્તિનો દેહવિલય તેમને જાણતા એવા સૌ કોઈના દિલમાં ઊંડું દુ:ખ અને દિલગીરી પેદા કરે એ સ્વાભાવિક છે. તેમના જવાથી આપણી દુનિયાને એક માનવીરત્નની ખોટ પડી છે.

'ગાંધીજી અને મજૂરપ્રવૃત્તિ'

આ પુસ્તક અમદાવાદના નવજીવન પ્રકાશન મંદિર તરફથી બહાર પાડવામાં આવ્યું છે. તેની કિંમત રૂા. ૩ છે. તેના લેખક ગાંધીજીના અનુયાયી અને સહકાર્યકર્તા શ્રી શંકરલાલ બેંકરનું નામ સુવિદિત છે. ગાંધીજીએ વર્ષો સુધી આઝાદીનું આંદોલન ચલાવીને ૧૯૪૭માં આપણને આઝાદી અપાવી તેના અનુસંધાનમાં અથવા તો તે દરમિયાન અમદાવાદની મજૂરપ્રવૃત્તિનું તેમણે સંચાલન કર્યું અને ખાદીપ્રવૃત્તિને ઘણો વેગ આપ્યો. આ બન્ને પ્રવૃત્તિઓ સાથે શંકરલાલભાઈ ગાઢપણે જોડાયલા હતા. આ પુસ્તકમાં આ બેમાંની એક મજૂરપ્રવૃત્તિનો ઈતિહાસ આપવામાં આવ્યો છે. આને લગતી પ્રસ્તાવનામાં શંકરલાલભાઈ જણાવે છે કે "હિંદમાં આવ્યા પછી ગાંધીજીએ ૧૯૧૭માં ચંપારણના ખેડૂતોની અને ૧૯૧૮માં ખેડાના ખેડૂતોની લડત ઉપાડી હતી. ૧૯૧૮માં ખેડાના ખેડૂતોની લડત અંગે અમદાવાદમાં તેઓ વિચારણા ચલાવી રહ્યા હતા તેવામાં જ અમદાવાદના મિલ મજૂરોના જીવનમાં પ્રવેશ કરવાનો અને સત્ય તથા અહિંસાને માર્ગે અન્યાય તથા શોષણનો કેવી રીતે સામનો થઈ શકે તેનો પદાર્થપાઠ પ્રત્યક્ષ લડતદ્વારા આપવાનો પ્રસંગ ઉપસ્થિત થયો. ખેડાની લડતને અંગે એ વખતે મારે અમદાવાદ આવવાનું થયું હતું, એટલે મને પણ એનો લાભ પ્રાપ્ત થયો.

"એ પછી ગાંધીજી જીવનના અંત સુધી ભારતના મજૂરોના

રાહબર રહ્યા. અમદાવાદમાં મજૂર મહાજન ૧૯૨૦માં સ્થપાયું. તેમાં તેમણે સત્ય અને અહિંસાની રીતે મજૂરપ્રવૃત્તિના પ્રયોગો શરૂ કર્યા અને તે છેક સ્વરાજ મળતાં સુધી ચાલુ રહ્યા. ૧૯૪૭માં એ પ્રયોગો દ્વારા પ્રાપ્ત થયેલા સિદ્ધાન્તોના પાયા ઉપર "હિંદ રાષ્ટ્રિય મજદૂર કોંગ્રેસ"ની સ્થાપના થઈ. ને પછી ટૂંક વખતમાં ગાંધીજીનું નિર્વાણ થયું.

"મજૂર મહાજનને ગાંધીજીએ મજૂરપ્રવૃત્તિ માટેની પોતાની પ્રયોગશાળા તરીકે વર્ણવી છે. એ પ્રવૃત્તિ અંગે ૧૯૧૮ થી ૧૯૪૦ સુધી જે પ્રયોગો થયા તે વિષેનાં મારાં સ્મરણો અત્રે આપવા પ્રયત્ન કર્યો છે."

ઉપર જણાવ્યા મુજબ શંકરલાલભાઈ અમદાવાદના આ મિલમજૂરોની પ્રવૃત્તિ સાથે પ્રારંભથી સંકળાયેલા હતા. આ પ્રવૃત્તિમાં મજૂર પક્ષે શેઠ અંબાલાલ સારાભાઈનાં બહેન અનસૂયાબહેને આ લડતના એક સૂત્રધારનું કામ કર્યું હતું. મજૂર મહાજનના ઉદ્‌ભવ અને વિકાસમાં તેમનો અત્યન્ત મહત્વનો ફાળો હતો. મિલમાલેકોના પક્ષે સ્વ. મંગળદાસ ગીરધરલાલ શેઠે બહુ મહત્વનો ભાગ ભજવ્યો હતો. તેઓ પોતે મિલમાલેક હોવા છતાં, મજૂરોના દૃષ્ટિબિન્દુને સમજવાનો તેમ જ બને તેટલો ન્યાય આપવાનો તેમણે ભારે સ્તુત્ય પ્રયત્ન કર્યો હતો અને ગાંધીજીને મજૂરો અંગેની વાટાઘાટોમાં વર્ષો સુધી, મહત્વપૂર્ણ સાથ આપ્યો હતો. આ બન્ને વ્યક્તિવિશેષોનાં પ્રેરક ચિત્રો આ સ્મરણોમાંથી આપણી આંખો સામે ઉપસી આવે છે. વળી શંકરલાલભાઈ પોતાની પ્રસ્તાવનામાં જણાવે છે તે મુજબ "મજૂરોનું જીવન, એમની તથા એમનાં કુટુંબીજનોની જરૂરિયાતો, એમના જીવનની સુધારણા અને એમનો સર્વાંગી વિકાસ, મજૂર–માલિકના સંબંધો અને એકબીજા તથા દેશ પ્રત્યેની એમની ફરજ–એ બધા વિષે ગાંધીજીના વિચારો તથા પ્રયોગો મૌલિક હતા અને તેથી તેમની મજૂરપ્રવૃત્તિ પશ્ચિમની 'ટ્રેડ યુનિયન મુવમેન્ટ'થી નિરાળી તરી આવે છે." અમદાવાદની મજૂર પ્રવૃત્તિનો આમ અનેક રીતે બોધક તેમ જ પ્રેરક એવો ઈતિહાસ આ પુસ્તક દ્વારા રજૂ કરવા માટે શ્રી શંકરલાલભાઈને અનેક ધન્યવાદ ઘટે છે. આજ સુધીમાં પ્રગટ થયેલા ગાંધી સાહિત્યમાં આ પુસ્તક મહત્વની પૂરવણી કરે છે.

શંકરલાલભાઈના નામ સાથે જોડાયેલું ગાંધીકથા રૂપે રજૂ થયેલું આ સર્વપ્રથમ પ્રકાશન છે. લેખન અને વિષયનિરૂપણ સાદું, સરળ, હૃદયંગમ અને વિનમ્રતાપૂર્ણ છે. ગાંધીજીના પહેલા જેલવાસ દરમિયાન શંકરલાલભાઈ તેમના સાથી હતા. ત્યાર બાદ ગાંધીજીના અવસાન સુધી શંકરલાલભાઈનો ગાંધીજી સાથે અતૂટ અને નિકટનો સંબંધ રહ્યો હતો. ૧૯૪૦ બાદ શંકરલાલભાઈની તબિયત લથડવાથી તેમને જાહેર જીવનમાંથી નિવૃત્તિ સ્વીકારવી પડી હતી. ત્યાર બાદ તેમનું સ્વાસ્થ્ય તો પ્રમાણમાં સારું સુધર્યું છે, અને મજૂર મહાજનના એક સલાહકાર તરીકે તેઓ ઉપયોગી સેવા અને ચાલુ માર્ગદર્શન આપી રહ્યા છે, આમ છતાં સમયનો મોટો ભાગ તેઓ વાંચન અને ચિન્તનમાં ગાળે છે. આગળ જેવું જાહેર જીવન હવે તેમના માટે શક્ય નથી. આ બધું છતાં પણ આપણે એટલી આશા જરૂર રાખીએ કે મજૂરપ્રવૃત્તિ સિવાયનાં ગાંધીજી સાથે જે બીજાં અનેક સ્મરણો તેમના ચિત્તમાં સંચિત થયેલાં પડ્યાં છે, તે સ્મરણોને સંકલિત કરીને તેઓ આપણને પુસ્તકાકારે આપતા રહે.

કાનૂની આદર અંગેની આજની પરિસ્થિતિ

તા. ૨૮-૬-૬૬ના રોજ ભારતના એટર્ની – જનરલ શ્રી. સી. કે. દફ્તરીએ મુંબઈની રૉટરી ક્લબ સમક્ષ 'Respect for Law'–'કાયદાકાનૂન માટે આદર'–એ વિષય ઉપર એક રહસ્યપૂર્ણ વ્યાખ્યાન આપ્યું હતું. આજે દેશમાં ચોતરફ વ્યાપી રહેલાં અશાંતિજનક તોફાનોને અનુલક્ષીને તેમણે પોતાના વિષયનો એમ કહીને પ્રારંભ કરેલો કે "મને લાગે છે કે આજે હું એવા વિષય ઉપર – Respect for Law – ઉપર બોલી રહ્યો છું કે જેનું આજે આપણે ત્યાં કોઈ અસ્તિત્વ જ રહ્યું નથી." આ વ્યાખ્યાનનો સાર તા. ૨૯–૬–૬૬ ના ટાઈમ્સ ઑફ ઈન્ડિયામાં પ્રગટ થયેલો. તેનો સંકલનપૂર્વક કરવામાં આવેલો અનુવાદ નીચે આપવામાં આવે છે:–

કાયદા - કાનૂન માટે આદર આજે સર્વથા નહિ તો ઘણા મોટા ભાગે દેશમાંથી અદૃષ્ય થયો છે. આજે દેશભરમાં કાયદા અને વ્યવસ્થાનો ધૃષ્ટતાપૂર્વક ભંગ થઈ રહ્યો છે, જે જોઈને ભારે ગ્લાનિ થાય છે. આપણે આપણી જાતને આખા દેશરૂપી ઘટકના અંગઉપાંગ તરીકે અનુભવતા નથી, આખા દેશને એક ઘટક રૂપે જોતા નથી. કદાચ એ કારણે નીતિ અને સભ્યતાના નિયમોનું, સભ્ય સમાજનું ધારણ પોષણ કરતી અને આપણ સર્વને પરસ્પર જોડાયેલા રાખતી મર્યાદાઓ અને સ્વીકૃત ધારણાઓનું પાલન થતું દેખાતું નથી. આવી પરિસ્થિતિનું વિશ્લેષણ કરતાં માલુમ પડે છે કે આપણા ચાલુ જીવનનું વિભાજન કરતી અનેક વિચારસરણીઓ દા. ત. જ્ઞાતિવાદ, કોમવાદ ઉપરાંત જૂની વફાદારીઓ સાથે આપણને વિચ્છિન્ન કરતી એવી નવી વફાદારીઓ આપણે તાજેતરમાં ઊભી કરી છે. દેશભરમાં 'બાજુનો માનવી એ મારો ભાઈ નથી' આ પ્રકારનું વલણ વ્યાપક બન્યું હોય એમ લાગે છે. અત્યન્ત સંકુચિત અને કેવળ સ્વલક્ષી વફાદારીઓને લીધે–નિષ્ઠાઓને લીધે–રાજ્ય પ્રત્યેની નિષ્ઠા અદૃષ્ય થઈ રહી છે.

લોકો આજે બસોનો શા માટે નાશ કરે છે અને જાહેર મિલ્કતનો કેમ લૂંટ ચલાવે છે? આ એ કારણે બને છે કે લોકો એમ માની રહ્યા છે કે, આ કોઈ એવા ત્રીજા પક્ષની માલેકીની ચીજો છે કે જે પોતાથી તદ્દન પરાયો છે. ઘણાંખરાં તોફાનો પાછળ કદાચ એ કારણ રહેલું છે કે, સામાન્ય માનવીને એમ નથી લાગતું કે પોતાને અને સરકારને કશી લેવાદેવા છે અથવા તો એ એમ અનુભવતો લાગે છે કે તેને કોઈ સાંભળવા માગતું નથી. સરકાર સુધી પોતાનો અવાજ પહોંચાડવાનું તેને માટે અત્યન્ત મુશ્કેલ બની ગયું છે.

આજનો અસંતોષ ઘણા મોટા ભાગે આ હકીકતને આભારી છે કે, કાયદાઓ ઘણા વધારે પ્રમાણમાં કરવામાં આવ્યા છે અને લોકોની ઉપર લાદવામાં આવ્યા છે. ઘણા કાયદાકાનૂનનો જાહેર જનતાના અભિપ્રાય કે અનુમતિ સાથે કોઈ મેળ જ રહ્યો નથી.

સમાજરચનામાં કાયદો એક અત્યન્ત મહત્વનું સાધન છે, પણ જે ઈંટનો ઘર બાંધવામાં ઉપયોગ થઈ શકે છે તે જ ઈંટનો અન્ય સામે ફેંકવામાં પણ ઉપયોગ થઈ શકે છે. જો કાયદો અમુક પ્રકારની બળજબરી અથવા તો વધારે પડતું દબાણ કરવા માટે વાપરવામાં આવતો હોય તો તેનો તત્કાળ પ્રત્યાઘાત તે કાયદાનો અનાદર કરવામાં–ભંગ કરવામાં જ–આવે. કાયદાઓ કરવાની એજન્સીઓ ખૂબ વધી ગઈ છે અને એનું પરિણામ પણ કાયદાના અતિરેકમાં આવ્યું છે. વળી કંપનીઝ એક્ટ અને કરવેરાને લગતા કાયદાઓ જેવા આપણા કેટલાક કાયદાઓ ભારે ગૂંચવણભરેલા તો છે જ, એટલું જ નહિ પણ, તેમાં વળી વારંવાર ફેરફારો કરવામાં આવે છે.

આટલા બધા કાયદાઓ એક પાયાની ખોટી માન્યતા ઉપર રચાયે જાય છે. આ માન્યતા એ મુજબની છે કે માણસ માત્ર અપ્રમાણિક છે. અલબત્ત, સમાજની રચના જેમ જેમ જટિલ બનતી જાય તેમ તેમ કાયદાઓ પણ જટિલ બનતા જાય એ તદ્દન સ્વાભાવિક છે. આમ છતાં પણ કાયદાઓને એવી માન્યતા ઉપર વધારે પડતા જટિલ કરવા ન જોઈએ કે જો તમે કાયદાઓને જડબેસલાટ નહિ બનાવો તો અપ્રમાણિક માણસો છટકી જશે. કાયદાઓ સારા હોય તો પણ તેનો અમલ કેમ કરવામાં આવે છે તે બાબત ખરા મહત્વની છે. લાંચરૂશ્વત, રેડ-ટેઈપ, જડતા અને બધિરતા - આ બધાં કારણો ઉપરાંત સૌથી વધારે પજવતું કારણ તો ન્યાય મેળવવામાં જે પાર વિનાનો વિલંબ થાય છે તે છે. આથી કાયદાઓનો હેતુ મોટા ભાગે માર્યો જાય છે.

આજની આવી પરિસ્થિતિને વધારે ગૂંચવતી હકીકત એ છે કે

કેટલાંક એવાં પગલાં ભરાયાં છે કે જેમાંથી પાછા હઠવું ભારે મુશ્કેલ છે. દા. ત. ભાષાકીય ધોરણે કરવામાં આવેલી રાજ્ય-પુનર્રચના. આ કારણે પારવિનાના અનર્થો પેદા થયા છે અને એમ છતાં આ પુનર્રચના નાબૂદ કરવી ઘણી જ કઠણ છે. આમ છતાં પણ આખા ભારતને એક 'યુનિયન ટેરીટરી' બનાવવું એ જ આજની દુ:સ્થિતિનો સાચો ઉકેલ હોય એમ ઘણી વાર લાગે છે.

આજે કાયદા કરતી સરકારને આપણે એમ જરૂર કહી શકીએ કે શાસક પક્ષ જો આગામી ચૂંટણી તરફ નહિ પણ આગામી પેઢી તરફ નજર રાખીને કામ કરશે અને કાયદાકાનૂન ઘડશે તો તે પ્રજાનું ઘણું વધારે કલ્યાણ કરી શકશે. લોકોએ પણ પોતાનો દૃષ્ટિકોણ બદલવાની જરૂર છે. વધારે સારું રાજ્ય નિર્માણ થાય તે માટે તેમણે પણ ઘણું કરવાનું રહે છે; તેમણે આજ સુધી કેળવેલાં માનસિક વલણોનું નિયંત્રણ કરવું જોઈશે. બન્ને બાજુએ હૃદયના પલટાની ઘણી જરૂર છે. આપણ સર્વેએ એક બીજા પ્રત્યે ભાઈઓ, મિત્રો, અને સાથીઓ માફક અને નહિ કે પરાયા માનવીઓ માફક જોતાં-વર્તતાં શિખવું ઘટે છે.

—આ છે સૌથી વધારે મહત્ત્વની વાત.

ભારતની બહેનોને કાયદાએ આપેલી સમાનતા અને આજની વાસ્તવિકતા

મુંબઈ ખાતે તા. ૨૯-૬-૬૬ ના રોજ શ્રીમતી નાથીબાઈ દામોદરદાસ ઠાકરશી વીમેન્સ યુનિવર્સિટીના સુવર્ણ મહોત્સવનું ઉદ્‌ઘાટન કરતાં ભારતના મહા અમાત્ય શ્રીમતી ઈન્દિરા ગાંધીએ જણાવ્યું કે, "આજની સુશીક્ષિત સન્નારીઓનું મુખ્ય કાર્ય કાયદાએ ભારતની સ્ત્રીઓને જે સમાનતા અર્પણ કરી છે તે સમાનતાને વાસ્તવિકતામાં પરિવર્તિત કરવાનું છે. આપણો એક એવો દેશ છે કે જ્યાં પરસ્પર-વિરોધી પરિસ્થિતિ એક સાથે અસ્તિત્ત્વ ધરાવે છે અને વર્ષો સુધી ચાલ્યા કરે છે અને આવી વિચિત્રતા-વિષમતા-જેટલી સ્ત્રીઓની બાબતમાં છે તેટલી અન્ય કોઈ બાબતમાં નથી. જો આપણે ત્યાં સૌથી વધારે પ્રગતિશીલ સન્નારીઓનાં દર્શન થાય છે તો સાથે સાથે સૌથી વધારે પછાત બહેનો પણ અહિં જ જોવા મળે છે. કાનૂનમાં સ્ત્રી અને પુરૂષ વચ્ચેના સર્વ ભેદભાવોને ભૂંસી નાખવામાં આવ્યા છે. આમ છતાં પણ, આપણા અત્યન્ત દરિદ્ર અને મોટા ભાગે મધ્યકાલીન યુગનું દર્શન કરાવતા સમાજમાં મોટા ભાગના લોકો જે સર્વસામાન્ય હાડમારીઓ ભોગવતા હોય છે એ હાડમારીઓ ઉપરાંત આપણી બહેનો અનેક પ્રકારની આર્થિક અને સામાજિક વિષમતા, અસહાયતા અને પરાધીનતા ભોગવી રહી છે એ આપણે સૌ સારી રીતે જાણીએ છીએ.

"ભારતમાં કાયદાઓ બદલાયા છે. અને ભારે વેગથી બદલાયા છે. પણ તેની નબળી કડી એ છે કે, આપણા સર્વસામાન્ય રોજ-બરોજના વ્યવહાર અને આચરણ કરતાં આપણા કાયદાઓ ઘણા આગળ છે. કાયદાથી સ્ત્રીઓને જે હકકો મળ્યા છે તે અને એ કાયદાને વાસ્તવિક રૂપ આપવા માટે-પૂરા અમલી બનાવવા માટે-જે સામાજિક પીઠબળ-Social Sanctions-હોવા ઘટે છે તે બે વચ્ચે ઘણું અન્તર છે. આના પરિણામે ભારતની સ્ત્રીઓનું સ્થાન કાયદાએ તેમને આપેલી સમાનતા સાથે જરા પણ બંધબેસતું નથી."

આ જ વિચારનો વિસ્તાર કરતાં શ્રીમતી ઈન્દિરા ગાંધીએ પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે "પશ્ચિમમાં જે રીતે પોતાના હક્ક અને અધિકાર ઉપર મુસ્તાક બનેલા પુરુષવર્ગની સામે જેહાદ ચલાવીને માથાભારી સ્ત્રીઓએ પોતાના હકકો પ્રાપ્ત કર્યા છે તે પ્રમાણે આપણે ત્યાંની સ્ત્રીઓએ પોતાના હકકો મેળવ્યા નથી. ભારતની સ્ત્રીઓ ભારે નસીબદાર છે કે તેમને રામમોહનરાય, વિદ્યાસાગર, મહાત્મા ગાંધી, જવાહરલાલ નહેરુ અને મહર્ષિ કર્વે જેવા દૂરદર્શી મહાન નેતાઓ મળ્યા કે જેમણે બહેનોને ઊંચે લાવવામાં અને સમાનતાના સ્થાને પ્રતિષ્ઠિત કરવામાં ઘણો મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. આઝાદી બાદ નેહરુએ બહેનોને સામાજિક, આર્થિક, તેમ સાંસ્કૃતિક હરોળમાં આગળ લાવવા માટે જરૂરી એવા સામાજિક પરિવર્તનને નવો આકાર આપ્યો છે, નવો વેગ આપ્યો છે. આમ છતાં પણ આપણો દેશ, અને સ્ત્રીઓને સમાનપદે સ્થાપનાર પશ્ચિમના દેશો વચ્ચે મોટો ફરક એ જોવામાં આવે છે કે આપણા દેશમાં સ્ત્રીઓને પોતાના હકકો પ્રાપ્ત કરવા માટે લડવું પડયું નથી, પુરુષો સાથે અથડાવું પડયું નથી, જ્યારે પશ્ચિમની સ્ત્રીઓને પોતાના હકકો પ્રાપ્ત કરવા માટે લડવું પડયું છે. પણ સાથે સાથે આ લડતનું ત્યાં ઈષ્ટ પરિણામ એ આવ્યું છે કે સ્ત્રીઓને લડતદ્વારા મળેલી મુક્તિ અને સમાનતાનો પુરુષોને એક હકીકત રૂપે સ્વીકાર કરવો પડયો છે અને એ રીતે સ્ત્રીઓને સ્વત્વ અને સમાનત્વ સાચા અને પૂરા અર્થમાં પ્રાપ્ત થયેલ છે. ભારતમાં પુરૂષવર્ગે સ્ત્રીઓને બંધારણ અને કાયદાકાનૂન દ્વારા મળેલી આ સમાનતાનો ખરા દિલથી અને પૂરા અર્થમાં સ્વીકાર કર્યો જ નથી અને તેથી સ્ત્રીઓની વાસ્તવિક પરિસ્થિતિમાં હજુ કોઈ મહત્ત્વનો ફરક પડયો નથી. હજુ પણ મુંગે મોઢે સહન કરતી સીતા એ જ આદર્શ માત્ર પછાત બહેનોના મનમાં નહિ પણ મુકત બનેલી સ્ત્રીઓના મનમાં પણ જડાયેલો પડયો છે અને એમાંથી અનેક સંઘર્ષો જન્મે છે અને અસમાનતાને નવું પોષણ મળ્યા કરે છે."

આપણી સ્ત્રીઓને મળેલા હકકોને વાસ્તવિકતાનું રૂપ આપવા માટે આપણે શું કરવું જોઈએ એ મુદ્દાનો ઉલ્લેખ કરતાં શ્રીમતી ઈન્દિરા ગાંધીએ જણાવ્યું કે, "રાજકારણ આજે આપણી આંખોને ખૂબ આંજતું રહ્યું છે. વિધાનસભાઓ, લોકસભા, કમિટીઓ, અને કમીશનો ભારે આકર્ષક લેખાય છે. એમ છતાં આપણને આ બધું બહુ આગળ લઈ જઈ શકે તેમ નથી. આ માટે તો આપણે સમાજના ખૂણે ખૂણે વ્યવસ્થિત બનીને કામ કરવાનું રહેશે. આ બદલાતી જતી દુનિયામાં બહેનોએ શું ભાગ ભજવવાનો રહે છે? આનો ઉકેલ સમાન સ્થાન માટે લડવામાં કે તેનો ઈનકાર કરવામાં નથી, તેઓ પાછા ઘરમાં ભરાઈ બેસે એમ વિચારવામાં કે તેઓ ઘરથી દૂર દૂર જાય એમ ઈચ્છવામાં નથી, આજે જે કટોકટીનો આ દુનિયાએ સામનો કરવાનો છે તેનો જવાબ માત્ર પુરુષોએ કે માત્ર સ્ત્રીઓએ આપવાનો નથી, પણ પ્રત્યેક માનવીએ આપવાનો છે. તે માટે જરૂર છે પરિપકવતાની, શાણપણની, તાકાતની અને ઊંડી સમજણની - જે નથી માત્ર પુરુષમાં કે નથી માત્ર સ્ત્રીમાં. એ માટે જરૂર છે બન્નેના પુરુષાર્થની, સહકારની અને પૂર્ણ યોગની."

સંક્ષિપ્તમાં કહેવાનું કે, સ્ત્રીઓના હકકો સંબંધી કાનૂન અને વાસ્તવિકતા વચ્ચે રહેલી વિસંવાદિતા દૂર થાય, અને પુરુષવર્ગ સ્ત્રી વર્ગની સમાનતાનો બુદ્ધિપૂર્વક અને હૃદયપૂર્વક સ્વીકાર કરે અને તેમના પ્રત્યે પૂરા આદરથી જોતો તેમ જ વર્તતો થાય ત્યારે અને ત્યારે જ સ્ત્રીઓને અપાયલી સમાનતા સાર્થક થાય, અને ત્યારે અને ત્યારે જ દેશના બન્ને અંગો પૂરા અર્થમાં એકમેકના પૂરક થાય.

ડા. એન. એમ. શાહે 'પ્રબુદ્ધ જીવન' પ્રત્યે દાખવેલી મમતા

ડૉ. એન. એમ. શાહ (ડૉ. નરસિંહ મૂળજીભાઈ શાહ) વિજ્ઞાન વિષયોના લેખક તરીકે ગુજરાતી સાહિત્યના વાચકોને સુપરિચિત છે. તેઓ મારા વર્ષોજુના મિત્ર છે. તેમણે વર્ષો સુધી અમદાવાદની ગુજરાત કૉલેજમાં વિજ્ઞાનના અધ્યાપક તરીકે કામ કર્યું હતું. ત્યાર બાદ ત્યાંની સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં તેઓ અધ્યાપક તરીકે થોડા સમય માટે જોડાયલા હતા. છેલ્લા દોઢ વર્ષથી તેઓ કપડવંજની પારેખ બ્રધર્સ સાયન્સ કૉલેજ અને શાહ કેશવલાલ સોમાભાઈ આર્ટસ કૉલેજના પ્રિન્સીપાલ તરીકે કામ કરે છે. તેનાં લખાણો પ્રબુદ્ધ જીવનમાં છૂટાછવાયા પ્રગટ થતા રહ્યા છે. તેમના તરફથી તાજેતરમાં મળેલા એક પત્રમાં તેઓ જણાવે છે કે 'પ્રબુદ્ધ જીવન' મારી ઉપર છેલ્લાં ત્રણ-ચાર વર્ષથી મોકલવામાં આવે છે. અવાર-નવાર મેં તેમાં મારા લખાણો પ્રગટ કર્યા છે. પ્રબુદ્ધ જીવન પ્રત્યે એક પ્રકારની મમતા બંધાણી છે-અન્ય પત્રોનાં કરતાં જુદી. મારા નમ્ર ફાળા તરીકે આ સાથે રૂા. ૫૧ નો ચેક બીડું છું. સદરહુ રકમ મારા તરફથી પ્રબુદ્ધ જીવન અંગે મારા ફાળા તરીકે ગણશો."

આમ કોઈ મિત્ર પોતાની સ્વતંત્ર પ્રેરણાથી અને પ્રબુદ્ધ જીવન પ્રત્યે પોતાના દિલમાં ઊભા થયેલા આદરના એક પ્રતીક રૂપે આવી રકમ મોકલે ત્યારે પ્રબુદ્ધ જીવનના સંપાદન પાછળ લેવાતા શ્રમનું ઘણું મોટું વળતર મળી ગયું એવા આનંદ અને સંતોષની લાગણી હું અનુભવું છું. આ માટે ભાઈ એન. એમ. શાહનો જેટલો આભાર માનું તેટલો ઓછો છે.

પરમાનંદ.

મહાપ્રસ્થાનના પથ પર—૧૨

નાનું પથરાનું ઘર બરફની અંદર જાણે સમાધિ લગાવીને બેઠું હતું. અંદર અમે કેટલાક યાત્રીઓ હતા.

ગોપાલદા અને ડોશીઓનું દળ કામળા ઓઢીને કાંપતું બેઠું હતું. કોઈ એક પણ શબ્દ બોલતું નહોતું. બધાની આંખમાં ને મોઢા પર પ્રાણભયનાં ચિહ્ન હતાં. બહાર આકાશ પર વાદળાં છવાયલાં હતાં. થોડી થોડી વારે નિશ્ચિત સમયે બરફ પડતો હતો. ધુમ્મસમાંથી જેટલે સુધી દૂર દેખાતું હતું તેટલામાં પથ્થરના ઘરો ઉપર, બારીમાં, બારણાં પર, પથે, ઘાટે, ટુકાનો પર સ્તુપાકાર બરફનું કઠણ આવરણ છવાયેલું માલુમ પડતું હતું. કોઈ કોઈ આ જગ્યામાં રહેનારા માણસો લોઢાના કોઈ હથિયારથી બરફ ભાંગી ભાંગીને પોતાનો ચાલવાનો રસ્તો કરી લેતા હતા. પ્રતિદિન બેચાર વાર એમને આ રીતે હથિયાર લઈને રસ્તો ખોદવો પડે. સૌ કોઈ આ દેશમાં જો નિષ્ક્રિય બનીને બેસી જાય તો એક દિવસ બરફ એ સર્વનો કોળીયો બનાવી જ લે.

એવામાં અમરાસિંહ થોડા કામળા ને લાકડાં લઈને હાજર થયો. અહીં પંડાઓ વગર ભાડે કામળા ઉધાર આપીને યાત્રીઓને મદદ કરે છે, ને લાકડાં પણ એઓ આ રીતે જ લાવી આપે છે. કામળા તો આવ્યા પણ, એને સહેલાઈથી સ્પર્શ થતો નહોતો. કારણ કે કામળા પણ બરફ બની ગયા હતા. એને અડકતાં જ હાથ ઠરી જાય ને શરીર પર નાંખ્યા હોય તો ઠંડી હાડમાં પેસી જાય. અમરાસિંહે એક લોઢાના તવા જેવા વાસણમાં આગ સળગાવી. આગ જોઈને અમને અવર્ણનીય આનંદ થયો. એ તો જાણે મૃતસંજીવની હતી, એ જાણે અમારા બધાનું લુપ્ત પરમાયુ હતાં. લાકડાં પણ એટલાં ઠંડા હતાં કે એ બરાબર સળગતાં નહોતાં, તો પણ એ આગની ચારેબાજુ યાત્રીઓ આવીને બેઠા. કોઈ એમાં હાથ નાંખી દેતા હતા. હાથપગ ભલે સળગી જતા, એને ભલે ઝાળ લાગે, તેની પરવાહ નહોતી. આગને માટે બધા પડાપડી કરતા હતા. ઝઘડતા હતા, મનનો મેલ ઉતારતા હતા. એક જણનું શરીર જો જરા વધારે ગરમ થઈ ગયું તો બીજો ઈર્ષ્યાથી સળગી જાય. બામણડોશી વિષે એવો સંદેહ ઉત્પન્ન થયો કે, એ સળગતાં લાકડાં બધા પાસેથી છીનવીને પોતાના શરીર પર નાંખી દેશે. એટલામાં બામણડોશીની પરમાર્થવૃત્તિ, અને બીજાનું દુઃખ દૂર કરવાની વૃત્તિ બધા યાત્રીઓમાં જાહેર થઈ ગઈ. ભાંગેલી કમરવાળી ચારૂની મા, અત્યારસુધી ઠંડીને લીધે કામળાઓની અંદર પોતાની જાતને લપેટીને બેસી રહી હતી, ત્યાંથી એક કામળો હાથમાં લઈને ઊઠીને ગાંડાની માફક આગ તરફ આગળ ગઈ. કામળાને અંગારાની ઉપર ધરી દીધો. એનો એક રેસો પણ બળ્યો નહિ. બામણ ડોશી હાં હાં કરીને ઊઠે એટલામાં તો એણે એ કામળો ઊંચકી લીધો. ને ઊંચો રાખીને એને ઝાટક્યો, ને પાછી એ આગળ આવી. લાકડાની જેમ કઠણ ને નિશ્ચલ થઈને અત્યાર સુધી હું એકતરફ બેઠો હતો ત્યાં ચારૂની માએ આવીને એકદમ પેલો ગરમ કરેલો કામળો મારા શરીર પર લપેટયો. એણે કહ્યું: "બધી આગ પેલા લોકોને ભાગે જ જાય છે. તમે પણ માણસ એ વાત એ લોકો ..... કામળો બરાબર ગરમ થયો નથી ખરૂંને બાઠાકુર:" એમ કહીને એ પાછી કામળાઓના ઢગમાં જઈને ભરાઈ ગઈ.

કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે ભાષા હતી, પણ શક્તિ નહોતી. ફક્ત ઠંડીથી વ્યગ્ર એવું મોઢું ફેરવીને મેં એ સ્નેહમયી વૃદ્ધાની સામે જોયું. આ કેડ ભાંગેલી ચારૂની મા પોતાના હાડપિંજર જેવા શરીરને લઈને બરાબર ચાલતી આવી હતી. એના મોઢા પર હંમેશાં હાસ્ય અને વાણીમાં રસ હતો. એ ડોશીનો બધા તિરસ્કાર અને અનાદર કરતા હતા, નજીવા કારણે એને ધમકાવતા ને એની પર રોફ બજાવતા, વાતવાતમાં રસપૂર્વક બધા એને પાગલ કહેતા, પૈસા ખર્ચ કરીને એ હિસાબ રાખતી ન હોવાથી, બામણમા એને લક્ષ્મીનો શાપ લાગ્યો છે એમ કહેતી. મેં દરેક ચટ્ટીમાં જોયું કે કોઈનાં એઠાં વાસણ માંજતી, કોઈને ચૂલો સળગાવી આપતી, કોઈને મસાલો વાટી આપતી અને વગર માગ્યે સેવા આપવાની ને બધાને રાજી કરવાની એ કોશિષ કરતી. આ તો સામાન્ય પરિશ્રમ છે, છતાં રસ્તે ચાલીને થાકેલા યાત્રીઓને તો આ એમની પર મહાન ઉપકાર છે એમ લાગતું.

બધા ઓરડા ચારે તરફથી બંધ હતા, પત્થરનું મજબૂત ઘર હતું. કયાંય એક બાકોરૂં સરખું નહોતું. બહારની હવાની બધાને વાઘના જેવી બીક લાગે. એ હવા જ્યાં પ્રવેશ કરી શકતી નહોતી, એવા ઘરમાં આગ સળગાવીને અમે સૌ બેઠા રહ્યા. આગની ગરમીથી જ્યારે અંદરની હવા થોડી ગરમ બની ત્યારે ધીરે ધીરે બધાના મુખમાંથી વાણી ફૂટવા લાગી. તે વખતે ઘણો વખત વહી ગયો હતો. લગભગ બારેક વાગ્યા હશે. કેદારનાથમાં એક રાત ગાળવાનો રિવાજ હતો. અમરાસિંહની મદદથી તે દિવસે પૂરી અને બટાકાના શાકની વ્યવસ્થા થઈ શકી હતી. આકાશ એવું જ ઘેરાયેલું હતું. આ પ્રદેશમાં સૂર્ય નહોતો આવતો. મેઘ અને ધુમ્મસથી આ પ્રદેશ હંમેશાં અંધકારમાં જ રહેતો. કયારેક ધુમ્મસનું સ્થાન વરસાદ લેતો. કયારેક વરસાદને સ્થાને ધુમ્મસ. એ ધુમ્મસ જોતજોતામાં જામીને બરફ બની જાય. વર્ષાકાળના અંત સુધી કેદારનાથમાં આપણને માણસનો સમાગમ થાય. શરદઋતુ બેસતાં જ બધા નીચે ઉતરી જાય. પછી પશુ, પક્ષી કે મનુષ્યનાં કોઈ ચિન્હ ત્યાં દેખાય નહિ. બધાં ઘરબાર કેટલાય મહિનાઓ સુધી બરફથી ઢંકાઈ જાય. અહીંના ઘરો ને રસ્તાઓ ઘણી શતાબ્દી પહેલાંનાં બંધાયલાં છે, તોય આજે પણ નવાં જેવાં જ છે, ચોકખાં છે. કયાંય ખંડેરની નિશાની ન જડે. એવું હશે કે અહીંની આબોહવાથી એમનું આયુષ્ય આટલું લાંબુ થતું હશે.

આખો દિવસ તાપણું સળગાવીને, કામળો ઓઢીને ઘરની અંદર કશું પણ કર્યા વિના બેસી રહ્યો. કયારે બપોરની સાંજ થઈ, કયારે સાંજમાંથી રાત પડી ગઈ, કશી ય ખબર પડી નહિ. આંખમાં ઊંઘ હતી ખરી, પણ ઠંડીમાં હું નિશ્ચલ બની ગયો, હાથપગ હલાવવાની શકિત પણ જાણે હરાઈ ગઈ હતી. તે ભયભીષણ રાત્રી ઠંડીના અસહ્ય ત્રાસ ને પીડામાં જ વીતાવી.

* * *

તે પછીની વાત હવે નહિ કહું. તે દિવસે સવારે આકાશની એવી જ સ્થિતિ હતી. બરફવર્ષા, વાદળનો અંધકાર, એ બધામાંથી શી રીતે ભાગી છૂટયો હોઈશ, કેવી રીતે ઉતરાણને માર્ગે રામવાડામાંથી પસાર થઈને સીધો ગૌરીકુંડમાં જઈને ફરીથી આરામ માટે થોભ્યો એ વાત કહેવાની હવે આવશ્યકતા નથી. આવતાં જે રસ્તો અમે લીધો હતો, એ રસ્તે જ અમે પાછા આવ્યા. બે દિવસનો રસ્તો પસાર કરીને બપોરના અમે એ જ નલાક્રામચટ્ટીમાં આવી પહોંચ્યા. અહીં જ અમે જતી વખતે પોટલાપોટલી રાખી મૂકયાં હતાં. હવે ઠંડી નહોતી, આકાશ નીલકાન્તમણિની જેમ પ્રકાશતું હતું, સુંદર, આરામદાયક તડકો હતો. પાછી અરણ્યની સુસ્નિગ્ધ શ્યામલતાએ દેખા દીધી. વસન્ત સમયમાં ફરી આવી પહોંચ્યો. હવેનો રસ્તો પાછો નવો હતો, દક્ષિણનો રસ્તો ગુપ્તકાશીનો હતો. સામેનો ગંભીર રસ્તો નીચેની બાજુ મંદાકિનીના તટ પર ઉતરતો હતો. ફરીથી પાછો માખીઓનો જબરો ત્રાસ શરૂ થયો, એ પાછા પગથી માથા સુધી ફોલ્લા થયા, પગના ઘૂંટણની પણ પાછી એ જ દશા. નલાક્રામચટ્ટીમાં ભોજનાદિ પતાવી, એ જ જૂના ઝોળાં વગેરેને ખભે લઈને, ઉતરાણને પથે પાછી યાત્રા શરૂ કરી—એમ ખબર મળ્યા કે મંદાકિનીને પાર

કરીએ તો પછી અહીંથી ઉખીમઠ ત્રણ માઈલ જ છે. કેદારનાથની યાત્રા પૂરી કરી હતી, હવે નવો ઉત્સાહ આવ્યો હતો, હવે સીધો બદ્રીકાશ્રમ, બીજી વાત નહિ, એક જ લક્ષ્ય.

પણ હાયરે ત્રણ માઈલ! ઝટપટ ઉતરતા યાત્રીઓનાં ટોળાં ચાલ્યાં જ કરતાં હતાં. પણ ત્રણ માઈલ પૂરા થતા નહોતા. યાત્રીઓનો ઉત્સાહ ટકાવી રાખવા માટે, કોઈ મિથ્યાવાદીએ એવો પ્રચાર કર્યો હશે કે આ લાંબો રસ્તો ત્રણ માઈલનો જ છે? પગદંડીનો રસ્તો ફરી ફરીને જ્યારે મંદાકિનીના પૂલ પાસે અમે ઊતરી આવ્યા, ત્યારે ખૂબ થાકી ગયા હતા. પૂલ પાર કરતાં જ રસ્તાની શિકલ તદ્દન બદલાઈ ગઈ. સીધું પર્વતનું ચઢાણ હતું. એ ચઢાણ કેવું ભયાનક હતું એનું અનુમાન કરવું પણ મુશ્કેલ છે. એક હાથમાં લાઠી ને બીજે હાથે રસ્તાને ટેકવીને ચાલતો હતો. એ કાંઈ ચાલવાનું ન કહેવાય. એ કહેવાય ચાર પગે ચાલવાનું. છેલ્લા બે દિવસથી અમે આવી ભીષણ ચઢાઈ ચઢ્યા નહોતા. કાંઈ પણ બોલ્યા વિના હું આગળ વધવા હાથ તથા પગ બન્નેનો ઉપયોગ કરતો હતો. કયાંક કયાંક કોઈ પીડિત યાત્રીનો કરુણ શબ્દ સાંભળાતો હતો. એ અવાજ ફાંસીને માંચડે ચડતો અપરાધી જ્યારે ગળામાં ફાંસીનું દોરડું પડે ને એ દોરડું ખેંચાય ને જેવો ચિત્કાર કરે તેવો એ ચિત્કાર હતો. ચાલતાં ચાલતાં મેં જોયું કે રસ્તામાં ખદીરપુરની પેલી નિર્મળા રડવા બેઠી હતી. એક તો એ થાકની બીકથી રાંધીને ખાતી નહોતી, તેમાં આવી ચઢાઈ– અને બિચારી! બિચારી સારું થયું! એ હતભાગિનીને? સારું થયું. શા માટે મરવા અહીં આવી હતી? મર તું. મરી જા. જાને ચૂલામાં!

પાછો એક એક ડગ મૂકતો મૂકતો ચાલતો હતો. કમંડળનું પાણી ખલાસ થયું હતું. ગળું સૂકાઈને લાકડું બની ગયું હતું. બન્ને આંખમાં બળતરા થતી હતી, - ભલે એવી સ્થિતિ હોય, પણ મારે તો આગળ જ ચાલવાનું. ગોપાલદા કયાં ગયા? પેલો જંગલી રીંછ જેવો બિહામણો માણસ? એ માણસનું મોઢું જાણે અર્ધા સળગી ગયેલા કામળા જેવું હતું. પાપી એ બધા જ પાપી છે. બન્ને બાજુએ જાણે પાપનો વરઘોડો નીકળ્યો છે. અમારી કાલિમા ને કલુષિતાનું જાણે પ્રદર્શન ભરાયું હતું, અસુંદરતા ને અશ્લીલતાનો મેળો ભરાયો હતો, આ લોકોમાંથી કોઈને જોઈને મને આનંદ થતો ન હતો. દુ:ખ થતું હતું. એમના મુખપર સમસ્ત જીવનના પાપની છાપ હતી. દુષ્કૃતિનો ડાઘ હતો. લિપ્સા, લોભ ને વાસનાની સ્મશાનભૂમિ હતી. દુતિયાએ એમની ઘૃણા કરીને એમને હાંકી કાઢ્યા હતા, તેથી એ લોકો એ પાપનો ભાર ઓછો કરવા તીર્થે તીર્થે ફરતા હતા. આ લોકો પર કંઈ દેવની દયા ને કરુણા જન્મવાની હતી? દયા ને કરુણા શું એ લોકોને સુલભ થવાની હતી? જે દિવસે તમારા જીવનમાં વર્ણની ઉજ્જવળતા, મનનું ઐશ્વર્ય હતું તે દિવસે તમે બધા કયાં ગયા હતા? જ્યારે તમારું યૌવન હતું, ત્યારે યૌવનનું તમે કર્યું શું?

જરા ઊભો રહું છું. તૃષાથી છાતી ફાટફાટ થાય છે. તે ભલે હોય પણ હું તો આગળ જ રહેવાનો. પેલી તરફ દૂર દૂર પર્વતના શિખરમાં ગુપ્તકાશીનું નાનું સરખું શહેર દેખાતું હતું. કેટલાય દિવસો પહેલાં, થોડા સમય પૂર્વે આ શહેરને હું પાછળ રહેવા દઈ આગળ ચાલ્યો ગયો હતો. ભૂતકાળને જીવનને પાને એ એક સામાન્ય સ્મૃતિની જેમ જડાઈ રહ્યું હતું. દરરોજ આપણે આગલા દિવસને ભૂલી જઈએ છીએ, પ્રત્યેક પ્રભાતે આપણો નવજન્મ થાય છે. જાણે આપણે ઘણા દિવસના તીર્થયાત્રી છીએ, લાંબા સમયથી તીર્થને રસ્તે ચાલ્યા જઈએ છીએ, જન્મજન્માંતર પાર કરીને ચિરસુન્દરની કેડીએ ચાલ્યા જઈએ છીએ, જે રીતે એક દિવસ શ્રીમતી શ્રીકૃષ્ણનો સો વર્ષનો વિરહ પાર કરીને જતી હતી તેમ. આજ પ્રેમની તપશ્ચર્યા, વેદનામાં જ એનું રૂપ સમાયલું છે. આપણા અંતરમાં જ એના દુ:ખનો પ્રકાશ રહેલો છે. જે ચીજ દુર્લભ છે, જેને માટે આ દુર્ગમ પથયાત્રા છે, આ પીડા છે, જેને માટે આ દુ:ખથી જર્જરિત માર્ગે પ્રાણઘાતક તપશ્ચર્યા કરીએ છીએ તે રૂપાતીત રૂપ મારે જોઈએ છે એ મારી આશાની પરિતૃપ્તિ છે, એ મારી બધી પ્રાપ્તિ પાછળ રહેલી પ્રાપ્તિ છે: આજે આ યાત્રાનો માર્ગ કાપતાં કાપતાં, આકસ્મિક રીતે મારી આંખની સામે જીવનનું રહસ્યમય ગતિતત્ત્વ પ્રગટ થયું. નારીની ગતિ મિલનની તરફ હોય છે, જ્યારે પુરુષની ગતિ હોય છે વિરહ તરફ. નારી પરમપુરુષને ચરણે આત્મદાન કરી ચાલી જાય છે, જ્યારે પુરુષ પરમજ્યોતિર્મયીનો આવિષ્કાર કરવા મથે છે. મિલનના આનંદમાં નારી પોતાનો અતિક્રમ કરે છે, જ્યારે આવિષ્કારના આનંદમાં પુરુષ જીવનનો અતિક્રમ કરે છે. નારી પ્રેમના સુકોમળ મર્ત્યલોકનું સર્જન કરે છે, જ્યારે પુરુષ વિરહનાં દૂર દૂર એવા સ્વર્ગલોકનું સર્જન કરે છે. નારીની તપસ્યા આનંદમય બંધન હોય છે, પુરુષની તપસ્યા દુ:ખમય મુકિત હોય છે.

જવા દો એ સ્ત્રીપુરુષની ગતિની વાત. હૃદયનું લોહી સૂકાવીને દુસ્તર માર્ગને પાર કરીને જ્યારે હું ઉખીમઠની ધર્મશાળામાં આવી પહોંચ્યો, ત્યારે દિવસ થોડો જ બાકી રહ્યો હતો. શહેર બહુ નાનું નહોતું. કેટલાક આમતેમ વેરવિખેર પડેલા શહેરી સાજસરંજામ અહીં દેખાતા હતા. જેમકે એક બજાર હતું, થાણું હતું, એક છાપખાનું હતું, હોસ્પીટલ હતી, ને કાળી કમલીવાળાનું સદાવ્રત હતું. ઉખીમઠનું સંસ્કૃત નામ ઉષામઠ છે. પ્રાચીન સમયમાં આ બાણાસુરની રાજધાની હતી. એની કન્યા ઉષાનું કૃષ્ણના પૌત્ર અનિરુદ્ધે હરણ કર્યું હતું. શ્રીકૃષ્ણના પૌત્રે દાદાના ગુણો યોગ્ય રીતે વારસામાં મેળવ્યા હતા. અમારી ધર્મશાળાની અંદર જ મોટું મંદિર હતું. આ મંદિરમાં કેદારનાથના પૂજારી રાવળનું રહેઠાણ હતું. શિયાળામાં કેદારનાથની પૂજા આ સ્થાનેથી કરવામાં આવે છે. આજસુધીમાં અમે બધા મળીને અઢાર દિવસથી ચાલતા હતા. અઢાર દિવસ પૂર્વે અમારું મૃત્યુ થયું હતું. અમે બધા હવે પ્રેતાત્માની ટોળકીના સભ્યો હતા. અત્યારે અમને કોઈ પણ અમારા પૂર્વેના આત્મીયો જુએ, તો જરૂર અમને ન ઓળખે ને મોઢું ફેરવીને ચાલી જાય. અમે પણ તેમને ન ઓળખી શકીએ. એ લોકો અમને ઓળખે તો અમારાથી ભય પામી ભાગી જાય, પૂર્વજન્મના પરિચયને પ્રેતયોનિમાં શા માટે ખેંચી લાવવો જોઈએ? મંદિરમાં થોડીવાર આંટા મારીને હું તરત બહાર આવ્યો. પાસે જ એક દુકાન હતી. દુકાન સારી એવી પ્રતિષ્ઠિત હતી, ત્યાં નીચે જ એક ખુરશી પર બેઠો. મંદિરની પાસે જ પોલીસથાણું હતું, તેનો જમાદાર ફરતો ફરતો આવ્યો, ને ત્યાં પડેલી બીજી એક ખુરશી પર બેઠો ને વાતો કરવા લાગ્યો, એની વાતો પરથી ખબર પડી કે થાણાની આવક કાંઈ નથી, ફકત ખર્ચો જ છે, અને તેથી બધાને પગાર આપીને પોષવા એ લોકોને પોસાતું નહોતું. થાણાની દરિદ્રતાની વાતો સાંભળીને અહીંના જનસમાજને વિષે આપણને માન ઉત્પન્ન થાય. ચોરી, લૂંટફાટ, અને એવા સામાજિક ગુન્હાઓ અહીં ઓછા હોય છે. આ ગઢવાલનો પ્રદેશ જ એવો છે. જમાદારના હાથમાં એક જૂનું અંગ્રેજી છાપું જોઈને હું ચમકી ઊઠ્યો. મને લાગ્યું કે અમે બધા હજી મર્ત્ય જગતમાં જીવતા જાગતા છીએ.

એ આશ્ચર્યજનક બીના હતી, કે આટલા સમય પછી આજે પહેલીવાર મેં કાગળનો ટૂકડો જોયો. હિમાલયમાં કયાંય કાગળ નજરે ન ચઢે. એથી આ છાપું બહારની દુનિયાનું પ્રતિનિધિ બનીને મારી આંખો સામે આવીને ઊભું. કંગાળ માનવીની જેમ મેં છાપું લીધું ને એની પર ભૂખી નજર નાંખવા માંડી. કેટલી બધી આતુરતા અને ઉત્સાહથી હું જોતો હતો! છાપું લાહોરનું "ટ્રીબ્યુન" હતું. બંગાળા, પંજાબ, વિલાયત, અમેરિકા, બધાં જાણે કે પરસ્પરને ભેટીને એમાં પડ્યાં હતાં. મહાત્માજીની ધરપકડ, પાંચમાં જ્યોર્જની તબિયત સારી છે; એક સ્ત્રી અવકાશયાત્રી ઈંગ્લેંડથી ઓસ્ટ્રેલિયા વિમાન ચલાવીને લઈ ગઈ હતી; મેદિનીપુરમાં મેજીસ્ટ્રેટની હત્યા; મુસોલિનીના મોઢા પર ઐતિહાસિક હાસ્ય; ગોળમેજી પરિષદની પછી; ચીનના શહેર પર જાપાનનો બોંબમારો; ડી વેલેરા; સુભાષ બોઝની માંદગી. સમાચારો તરફ જોતાં જાણે મારી પ્રિય પૃથ્વીનો દેહસ્પર્શ મને થયો હોય, એવો પ્રબળ આનંદ મને થયો. મારી આંખમાં આંસું આવ્યાં.

અનુવાદક:
ડૉ. ચન્દ્રકાન્ત મહેતા

મૂળ બંગાળી:
શ્રી પ્રબોધકુમાર સંન્યાલ

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ. મુંબઈ-૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ મેન પ્રેસ, કોટ, મુંબઈ

Regd. No. MH. 117
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૮ : અંક ૭

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ઓગસ્ટ ૧ ૧૯૬૬, સોમવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૨૫ પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

પ્રકીર્ણ નોંધ

લોકશાહી–વિઘાતક રાજકારણી ઉપવાસો

મુંબઈ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર શ્રી પી. બી. ગજેન્દ્રગડકરે તાતા ઈન્સ્ટીટ્યુટના ૨૬ પદવીપ્રદાન સમારોહના પ્રસંગે પ્રવચન કરતાં આજે કોઈ પણ રાજકારણી હેતુ સિદ્ધ કરવા માટે અંગીકાર કરવામાં આવતા ઉપવાસો અંગે જણાવ્યું હતું કે " લોકશાહી રાજ્યરચનામાં ઉપવાસ ઉપર જવાની પદ્ધતિને કોઈ સ્થાન કે અવકાશ હોવાં ન ઘટે. જેમાંથી લોકલાગણી મોટા પાયા ઉપર ઉશ્કેરાય અને અશાન્તિનું વાતાવરણ પેદા થાય એ પ્રકારના ઉપવાસો કાયદાના શાસનને નિશ્ચયપૂર્વક બાધક અને ઘાતક બને છે અને સર્વ સામાન્યપણે સ્વીકૃત એવી લોકશાહી જીવનપદ્ધતિ સાથે બીલકુલ વિસંવાદી છે.

"આ ઉપરથી અત્યન્ત જરૂરી બને છે કે જ્યાં સુધી તોફાની દેખાવો કે ઉપવાસો દ્વારા સમર્થન ન મળે ત્યાં સુધી લોકોની કોઈ પણ તકલીફ કે હાડમારી તરફ સરકાર ગંભીરપણે ધ્યાન નહિ આપે– આવી લોકલાગણી પેદા થવા પામે એ સંબંધમાં જરૂરી સાવચેતીભર્યાં બધાં પગલાં ભરવાની મધ્યસ્થ તેમ જ રાજ્ય-સરકારો પોતાની ફરજ સમજે. સાથે સાથે એ પણ એટલું જ જરૂરી છે કે રાજ્યનો બુદ્ધિશાળી વર્ગ પણ આવા ઉપવાસો અને તોફાની દેખાવો સામે પોતાનો અવાજ ઉઠાવે અને જાહેર જનતાને આ બાબતમાં સવિશેષ જાગ્રત કરે, ચેતવે અને તે પ્રકારની કેળવણી આપે."

આમરણાન્ત ઉપવાસના દબાણ નીચે આંધ્ર રાજ્યનું નિર્માણ થયું અને ત્યાર બાદ આખા દેશને ભાષાકીય પ્રાન્તરચનાના ધોરણે વિભાજિત કરવામાં આવ્યો અને તેમાંથી પારવિનાના અનર્થોની પરંપરા જન્મી–આ આપણી નજર સામેનો અનુભવ છે. આજે જ્યાં ત્યાં ઉપવાસ ઉપર જવાની ધમકીઓ આપવામાં આવે છે અને તેના દબાણ નીચે દેશ આખાના હિતમાં ન હોય એવા ફેરફારો સ્વીકારવામાં આવે છે. આજના ઉપવાસ પાછળ કોઈ પણ પ્રકારની આધ્યાત્મિક ભૂમિકા હોતી જ નથી, પણ મોટા ભાગે તે ત્રાગાં જેવા હોય છે અને એમ છતાં લોકો તેને મહત્ત્વ આપે છે અને શાસક વર્ગ તેથી ભડકે છે. જો લોકો–સમાજનો સમજુ વર્ગ–તેને મહત્ત્વ ન આપે તો આવા ઉપવાસો ભાગ્યે જ ઊભા થવા પામે અને થાય તો પણ લાંબો વખત ચાલે નહિ. ગાંધીજીએ આપેલા આ ઉપવાસના વારસાનો આજે ભારે દુરુપયોગ થઈ રહ્યો છે અને તેથી તેવા ઉપવાસો ઊભા થતા અટકાવવા અને થાય તો તેની ઉપેક્ષા કરવી, એટલું જ નહિ પણ, તેને જરા પણ નમતું નહિ આપવું એ આપણી સર્વની ફરજ છે.

મહારાષ્ટ્રી–બિનમહારાષ્ટ્રીનો ભેદ કરતી શ્રી બેલોસેની શરમજનક મનોદશા

આજથી દોઢ બે અઠવાડિયાં પહેલાં જ્યારે આ ધનિષ્ટ વર્ષાઋતુના દિવસો વરસાદ વિના વ્યતીત થઈ રહ્યા હતા અને આમને આમ ચાલ્યા કરશે અને પંદર વીશ દિવસ સુધી વરસાદ જ નહિ આવે તો મુંબઈની આવડી મોટી વસ્તીને પાણી પુરું પાડવાનું અશકય બની જશે અને મુંબઈને ક્રમશ: ખાલી કરાવવું પડે એવી શકયતા ઉભી થશે–આવી કટોકટી મુંબઈ સામે–મુંબઈના પ્રજાજનો સામે–ઝઝુમી રહી હતી અને એ દિવસોમાં જ્યારે મુંબઈની કોરપોરેશનમાં આ પ્રશ્ન ગંભીરપણે ચર્ચાઈ રહ્યો હતો ત્યારે કોરપોરેશનના એક કોંગ્રેસી સભ્ય શ્રી બેલોસેએ એવો અભિપ્રાય વ્યકત કરેલો કે "આવી કટોકટી ઊભી થાય તો સર્વપ્રથમ નોન-મહારાષ્ટ્રીઓને–મૂળ મહારાષ્ટ્રના ન હોય એવા લોકોને–મુંબઈ છોડી જવા કહેવું જોઈએ અને બહારથી પણ મહારાષ્ટ્રીઓ ન હોય એવા લોકોને મુંબઈમાં દાખલ થતા અટકાવવા જોઈએ." આ તેમના ઉદ્ગારો રાષ્ટ્રવિરોધી છે, એટલું જ નહિ પણ, મુંબઈ જેવા પચરંગી શહેરની નાગરિકતાનો ભયંકર દ્રોહ કરનારા છે. મુંબઈ, દિલ્હી કે કલકત્તાની વસ્તી એટલા બધા વ્યાપક મીશ્રણથી ભરેલી છે કે તેમાંના કોઈ એક નાગરિકને મહારાષ્ટ્રી, પંજાબી કે બંગાળી તરીકે તારવવો એ વાસ્તવિકતાનું વિસંવાદી છે. આ તેમના કમનસીબ ઉદ્ગારોની એટલી સખત ટીકા થઈ છે અને મુંબઈ કોંગ્રેસના પ્રમુખે તેમ જ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાને તેમને એટલા બધા કડક શબ્દોમાં વખોડી નાખેલ છે કે તેની વિશેષ ટીકા ટીપ્પણીની હવે જરૂર રહી નથી. માત્ર એટલું જ કહેવાનું પ્રાપ્ત થાય છે કે થોડા દિવસ પહેલાં ભારતના એટર્ની જનરલ શ્રી દફતરીએ આજની પરિસ્થિતિનું વિશ્લેષણ કરતાં પોતાના એક વ્યાખ્યાનમાં જણાવેલું કે "દેશભરમાં બાજુનો માનવી મારો ભાઈ નથી–આ પ્રકારનું વલણ વ્યાપક બન્યું હોય એમ લાગે છે." આ તેમનું વિશ્લેષણ ઉપરના ઉદ્ગારોથી તદન સાચું પુરવાર થાય છે. આવી મનોદશા આજના ભારત માટે સૌથી મોટું ભયસ્થાન બની રહેલ છે. જો આપણા દેશને એકત્ર રાખવો હશે, જેના માટે દુનિયાભરમાં આપણે ગૌરવ લઈએ છીએ તેવી મુંબઈ, દિલ્હી કે કલકત્તા જેવી પચરંગી નગરીઓને જાળવી રાખવી હશે તો શ્રી બેલોસેએ જાહેરમાં પ્રગટ કરેલી પણ અનેક લોકોના દિલમાં ઘર કરી બેઠેલી એકમેકને જૂદા પાડતી અને સ્વજનોને પરાયા માનવીઓ બનાવતી મનોદશાને પાયામાંથી આપણે નાબૂદ કરવી પડશે, નિર્મૂળ કરવી પડશે.

"સૌરાષ્ટ્રને ગુજરાતથી અલગ કરો!"

સૌરાષ્ટ્રના-રાજકોટના કોંગ્રેસી આગેવાન શ્રી રતિલાલ તન્નાએ સૌરાષ્ટ્રના રાજકારણમાં આ વિચાર વહેતો કરીને સૌરાષ્ટ્ર-ગુજરાતના સંદર્ભમાં એક નવી ક્ષોભક પરિસ્થિતિ ઉભી કરી છે. જો પંજાબમાંથી હરિયાણાને અલગ કરી શકાય છે તો જેનાં હિતો ગુજરાત સાથે રહેવામાં સલામત નથી, જેના હિતો પ્રત્યે ગુજરાત રાજ્યના શાસકો તરફથી ઉપેક્ષા–ઉદાસીનતા સેવવામાં આવે છે એવું તથા હરિયાણા પ્રાન્તથી વસ્તી અને ક્ષેત્રફળમાં ઘણું મોટું એવું

સૌરાષ્ટ્ર શા માટે જુદું કરવામાં ન આવે?—આવી કાંઈક તેમની વિચારસરણી હોય એમ માલુમ પડે છે. આ વિચારને સૌરાષ્ટ્રના રાજકારણી આગેવાનો તરફથી હજુ સુધી કોઈ મહત્ત્વભર્યો ટેકો મળ્યો હોય એમ લાગતું નથી. એમ છતાં દેશના કોઈ પણ ક્ષેત્રે વિભાજનની કોઈ વાતને જોર પકડતાં વાર નથી લાગતી. એક વખત વિભાજનનું વિષ રોપાતાં—તેનો વખતસર પ્રતિકાર કરવામાં ન આવે તો—સમય જતાં તે ફેલાયે જાય છે અને પછી બન્ને બાજુ વચ્ચે જુદાઈની નક્કર દિવાલ ઉભી થતાં વાર લાગતી નથી. સંભવ છે કે ગુજરાતની અપેક્ષાએ સૌરાષ્ટ્રના હિતની પૂરતી સંભાળ લેવાતી ન હોય, સંભવ છે કે સૌરાષ્ટ્ર માટેની અમુક યોજનાઓની અપેક્ષાએ ગુજરાતની અમુક યોજનાઓને સવિશેષ પ્રાધાન્ય આપવામાં આવતું હોય—પૂરી જાણકારીના અભાવે આ અનુમાનોમાં કાંઈ તથ્ય છે કે નહિ તે કહેવાની સ્થિતિમાં હું નથી—પણ માની લઈએ કે આ અનુમાનો સાચા છે, એમ છતાં પણ, તેનો ઉપાય ગુજરાતથી જુદાં થવામાં નથી, પણ તેવી પરિસ્થિતિ સામે જોરદાર આન્દોલન ઉપાડવામાં રહેલો છે. પંજાબી સુબાના ભાગલા થયા એ સારું થયું એમ ભાગ્યે જ કોઈ કહે છે કે વિચારે છે. અનિવાર્ય સંયોગોનાં બળોએ પંજાબના ભાગલા કરાવ્યા છે. આમ છતાં, તેમાં ભાષાનું પણ એક મહત્ત્વનું તત્ત્વ હતું. ગુજરાત—સૌરાષ્ટ્રને આમ જુદું પાડનારું આવું એક પણ તત્ત્વ નથી. આવી અલગતાની હિલચાલ ભારતના ઢીલા બનતા જતા સંગઠનને વધારે ઢીલું પાડશે, એટલું જ નહિ પણ, સૌરાષ્ટ્ર આર્થિક દૃષ્ટિએ પોતાના પગ પર ઉભું રહી શકે તેમ નથી—આ વાસ્તવિકતાના સંદર્ભમાં અને ભારતની આર્થિક તાકાત ક્ષીણ થતી જાય છે એ સંયોગમાં, સૌરાષ્ટ્રને પોતાને પણ આવી અલગતાની હીલચાલથી ભારે નુકસાન થવા સંભવ છે. તેથી આવી હીલચાલના હાથા ન બનવા સૌરાષ્ટ્રવાસીઓને આગ્રહભર્યો અનુરોધ છે.

માઈસોરના મુખ્ય પ્રધાનની આ ઉદ્ધત વાણી અને વર્તનને કેમ કોઈ પડકારતું નથી?

તા. ૧૦-૭-૬૬ના 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા'માં જણાવવામાં આવ્યું છે તે મુજબ કેટલાક સમયથી ઢીલમાં પડેલી કૃષ્ણા નદીના પાણીને નાથવાને લગતી યોજના સંબંધમાં કર્ણાટકના લોકસભાના સભ્યોને ઉદ્દેશીને માઈસોરના મુખ્ય પ્રધાન શ્રી એસ. નિજલિંગપ્પાએ તા. ૧૫મી જુલાઈના રોજ પોતાની બધી તાકાતનો ઉપયોગ કરવા અનુરોધ કર્યો હતો. કાં તો આ યોજના મધ્યવર્તી સરકાર એકદમ હાથમાં લે અથવા તો એ યોજનાને અમલી રૂપ આપવા માટે ૧૨૦ કરોડ રૂપિયાની લોન મંજુર કરે—આ માટે જરૂર હોય તો સત્યાગ્રહ કરો, ઉપવાસો આદરો, જે કાંઈ સુઝે તે કરો અને એ રીતે મધ્યવર્તી સરકાર ઉપર અનિવાર્ય દબાણ ઊભું કરો એવી મતલબનું તેમણે આવ્વાહન કર્યું હતું. આ એ જ મુખ્ય પ્રધાન છે કે જેમણે માઈસોર—મહારાષ્ટ્રના સીમા—સંઘર્ષ અંગે લોકોને કહેવાતા સત્યાગ્રહના માર્ગે જવાની પ્રેરણા આપી હતી અને જેના પરિણામે બીજી કેટલીક અનિષ્ટ ઘટનાઓ ઉપરાંત ૨૫૦૦૦ પચીશ હજાર લોકોના ટોળાએ ગુલબર્ગા આગળ આખી ટ્રેનને લૂંટી હતી. અને રાજ્યસરકારે અથવા તો પોલીસે તે સામે લગભગ આંખમીંચામણા કર્યા હતાં. આ મુખ્ય પ્રધાન સંસદીય ધારાસભ્યોને ઉપર મુજબનું આવ્વાહન કરીને મધ્યવર્તી સરકારને દબાણ દ્વારા નમાવવાની પ્રેરણા આપી રહેલ છે. અલબત્ત, પોતાની વ્યાજબી માગણી મધ્યવર્તી સરકાર સમક્ષ રજુ કરવી, તેની સાથે વાટાઘાટ કરીને તેની યોગ્યતા અને આવશ્યકતા તેના ગળે ઊતરાવવી એ સાદો સીધો અને શુદ્ધ બંધારણીય માર્ગ છે, પણ ગમે તેવાં સાધનનો ઉપયોગ કરીને, કોઈ પણ માર્ગ અખત્યાર કરીને, અમુક યોજનાનો સ્વીકાર કરવાની મધ્યવર્તી સરકારને ફરજ પડે એવી સ્થિતિ ઊભી કરવાનું કહેવું એ તો સંસદીય સભ્યોને બંડખોરીના માર્ગે જવાનું કહેવા બરોબર છે. કોઈ પણ સત્તાનિષ્ઠ સરકારે આવું ઉદ્‌બોધન સહન કરવું ન જોઈએ. એમ છતાં આ સત્તામદથી પ્રમત્ત બનેલા મુખ્ય પ્રધાન શ્રી એસ. નિજલિંગપ્પાને કોઈ કાંઈ કહી શકતું નથી, તેનો કોઈ કાન ખેંચી શકતું નથી એ ભારે આશ્ચર્યજનક છે અને ભારતના અમંગળ ભાવિનું દ્યોતક છે.

આપણી લોકશાહીનાં અદ્યતન વલણો

મુંબઈ ખાતે પ્રોગ્રેસીવ ગ્રુપ દ્વારા યોજાયેલી જાહેર સભામાં ભારત સરકારના ભૂતપૂર્વે એટર્ની—જનરલ શ્રી મોતીલાલ સી. સેતલવડે "Our Demoracy: the Present Trends" એ વિષય ઉપર પ્રેરક અને માર્ગદર્શક વિવેચન કર્યું હતું. પોતાના વિવેચનના પ્રારંભમાં બે રાજ્યો વચ્ચેના સીમા ઝગડાઓનો ઉકેલ લાવવા માટે તોફાની અને હિંસક આન્દોલનોને પ્રોત્સાહન આપતા રાજ્યપ્રધાનો વિષે તેમણે ભારે ચિન્તા વ્યકત કરતાં જણાવ્યું હતું કે "આવાં આન્દોલનો સરકારી મિલ્કતના નાશમાં, લૂંટફાટમાં, અરાજકતામાં અને હિંસક કૃત્યોમાં પરિણમે છે. આ માટે જ્યારે પ્રધાનો તરફથી ઉશ્કેરણી કરવામાં આવે છે ત્યારે લોકશાહી ભારે ખતરનાક સ્થિતિમાં મુકાઈ જાય છે. આવી પરિસ્થિતિમાં એવા દાખલા સાંભળતાં આશ્ચર્ય પામવાની જરૂર નથી કે જ્યારે લૂંટફાટ અને તોફાન ચાલી રહ્યાં હોય અને પોલીસ માત્ર બાજુએ ઉભી ઉભી જોયા જ કરતી હોય. આ સીમાઓ કે નદીઓના ઝગડાઓ કેન્દ્ર નીચેના રાજ્ય—રાજ્ય વચ્ચેના છે—આટલી પાયાની વાત પણ આ રાજકીય આગેવાનો ભૂલી જાય છે એ સૌથી વધારે આશ્ચર્યજનક છે. અમુક એક પ્રદેશ અમુક એક રાજ્યમાં રહ્યો કે બીજા રાજ્યમાં રહ્યો તે બાબત શું ખરેખર બહુ મોટા મહત્ત્વની છે? એમાં કોઈ સવાલ નથી કે આવી કોઈ ગોઠવણથી કોઈ એક ખેડૂત કે કોઈ એક વ્યાપારી માટે જરા પણ મહત્ત્વનો તફાવત પડતો નથી, પણ એક 'Busy Politician' માટે—એક વ્યસ્ત રાજકારણી નેતા માટે—એ બાબત મોટા મહત્ત્વની બની જાય છે.

"આજે આપણા દેશમાં પ્રવર્તમાન લોકશાહી અંગે બીજી ચિન્તા કરાવે એવી બાબત એ છે કે મધ્યવર્તી સરકાર કેટલીક બાબતોમાં પોતાની પકડ ગૂમાવી રહેલ છે. આ માઈસોર-મહારાષ્ટ્ર વચ્ચેના ઝગડાનો વિચાર કરો. આ ઝગડો પતાવવા માટે એક વ્યકિતનું કમિશન નિમવાની સૂચના—જેમાંથી આટલું બધું ઉગ્ર આન્દોલન પેદા થયું છે તે સૂચના—મધ્યવર્તી સરકાર તરફથી નહિ પણ કૉંગ્રેસની કારોબારી તરફથી આવી હતી. મધ્યવર્તી સરકારને આ બાબતમાં એક પણ શબ્દ ઉચ્ચારવાપણું નહોતું, જો કે એમ સાંભળવામાં આવ્યું છે કે કેન્દ્રના કેટલાક પ્રધાનોનું વલણ એક અથવા બીજી બાજુએ ઢળેલું હતું.

"ઊંચામાં ઊંચી કક્ષાએ ચોતરફ ભ્રષ્ટાચાર વ્યાપેલો છે. પાર્લામેન્ટે—લોકસભાએ—આ ભ્રષ્ટાચાર નાબૂદ કરવા માટે એક કમિટિની નિમણૂંક કરી હતી; પણ કમિટિની ભલામણોનો કોઈ અમલ થયો નહોતો. એમ જાણવામાં આવેલું કે આપણા ગૃહપ્રધાને અમુક ભલામણોનો અમલ કરવા માટે પ્રયત્નો કર્યા હતા, પણ પોતાના સાથીઓનો સાથ મેળવવામાં તેઓ નિષ્ફળ નિવડ્યા હતા.

"આજનો સામાન્ય માનવી બિનસલામતી અનુભવી રહ્યો છે. તેને જે કાંઈની જરૂર હોય તે માટે યોગ્ય વળતર આપ્યા સિવાય થઈ શકતું નથી. આનું પરિણામ એ આવ્યું છે કે બધી કક્ષાએ લાંચરૂશ્વતથી ખદબદતું રાજ્ય લાંબા વખત સુધી સ્થિર અને લોકશાહી ઢબે ચાલતું રાજ્ય બની શકે જ નહિ—આવો ભય તેના દિલમાં ઘર કરી બેઠો છે.

"આ ઉપરાંત એક પ્રકારની ભારે મોટી અસમાનતા આજના રાજ્યવહીવટમાં નજરે પડે છે. જો કોઈ ક્લાર્ક લાંચ લેતા કે ખોટું કામ કરતાં પકડાય છે, તો તેને શિક્ષા થાય છે. પણ ઊંચી કક્ષા ઉપર બેઠેલા લોકો—ખાસ કરીને રાજકારણી પુરુષો—સાવ છટકી જતા માલુમ પડે છે. કાયદા પાસે નાના મોટા સૌ સમાન છે એમ જે કહેવાય છે તે શું આ છે?

"બીજાં સચિન્ત બનાવતાં તત્ત્વોમાં ભાષાવાદ, જ્ઞાતિવાદ, કોમવાદ—આ બધાં વિભાજિત કરતાં વલણોનો સમાવેશ થાય છે. આ વલણો જે આપણામાં સૈકાઓથી ગૂઢપણે પડ્યાં હતાં તે બહાર આવી રહ્યાં છે, વધારે વેગ પકડી રહ્યા છે. આ જોઈને હું ભારે ખિન્ન બનું છું. આ જ વલણોનો ચૂંટણીના વખતે ઉમેદવારો પસંદ કર-

વામાં અને પ્રધાનો પણ પસંદ કરવામાં માર્ગદર્શક-નિયામક તત્ત્વ બનવાનો પૂરો સંભવ છે.

"આના બે ઉપાય છે. એક મધ્યવર્તી મજબુત સરકારની જરૂર છે, અને બીજું જાહેર મત ઘડવામાં અને તેને દોરવણી આપવામાં બુદ્ધિશાળી વર્ગના સક્રિય સહકારની જરૂર છે.

"લોકશાહીના અનેક પ્રકાર છે: guided, basic and people's– દોરવાતી, પાયાની અને લોકોની. લોકશાહી એટલે કાયદો અને વ્યવસ્થા સાથે સુસંબદ્ધ એવું વધારેમાં વધારે વ્યક્તિગત સ્વાતંત્ર્ય. લોકશાહીના પાયાના તત્ત્વો છે પુખ્તવયનો મતાધિકાર, મતપેટી દ્વારા મતપ્રદાન, અબાધિત ચૂંટણી, અને વાણી અને વિચાર-અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય.

"લોકશાહીના આકાર પુરતો વિચાર કરીએ તો તે આકાર આપણા બંધારણમાં પૂરેપૂરો જોવામાં આવે છે. આઝાદી મળ્યા બાદ આપણે ત્યાં લોકશાહીને વાસ્તવિક રૂપ આપવામાં અવરોધક બને એવી બે પરિસ્થિતિ ઊભી થઈ છે. એક તો એ છે કે આઝાદી મળ્યા બાદના આજ સુધીના ગાળાના મોટા ભાગ દરમિયાન લોકશાહીની સમગ્ર પ્રક્રિયા જવાહરલાલ નેહરુના મહાન અને શક્તિશાળી વ્યક્તિત્વ વડે અભિભૂત બની છે–અવરુદ્ધ બની છે. એવી એક પણ સરકારી પ્રવૃત્તિ નહોતી કે જેના ઉપર તેના વ્યક્તિત્વનો પ્રભાવ પડ્યા વિના રહ્યો હોય.

"બીજી પરિસ્થિતિ એ રહી છે કે, આ બધાં વર્ષો દરમિયાન દેશ ઉપર એ પક્ષનું શાસન રહ્યું છે કે જેની મધ્યમાં તેમ જ રાજ્ય-સરકારોમાં બહુમતી રહી છે. આ બધાં વર્ષો દરમિયાન એક જ રાજકીય પક્ષનું શાસન ચાલ્યું છે."

આમ જણાવીને મોતીલાલ સેતલવડે કેટલાક દાખલાઓ રજૂ કરીને એમ દેખાડવા–પુરવાર કરવા–પ્રયત્ન કર્યો હતો કે, આપણા 'Supreme Democrat'– 'સર્વશ્રેષ્ટ લોકશાસનવાદી' જવાહરલાલ નેહરુએ લોકશાહી પદ્ધતિ અને પગલાંઓની હંમેશાં તરફેણ કરી હતી તો પણ તેમના શક્તિશાળી વ્યક્તિત્વના કારણે કેટલીક વાર લોકશાહી રૂંધાતી પણ રહી હતી.

"તેમની એક મોટી નબળાઈ પોતાના સાથીઓ અને મિત્રો પ્રત્યેની નિષ્ઠાપૂર્ણ વફાદારી હતી - એ વફાદારી કે જે ઘણી વાર લોકશાહીને પ્રતિકૂળ બનવામાં પરિણમતી હતી. આને લીધે પોતાના પ્રધાનમંડળમાં તેમણે કેટલાક જડભરતોને નભાવ્યા હતા. શ્રી. નેહરુને એવા એક પ્રધાનમાં વિશ્વાસ હતો કે જેમણે તેમના દિલમાં એમ ઠસાવ્યું હતું કે, ચીનાઓ આપણી ઉપર કદિ પણ હમલો કરે જ નહિ અને એમ કરીને જે આપણને ભયંકર આફતની કટોકટી સુધી લઈ ગયો હતો. શ્રી નેહરુ કાયરોન વિરુદ્ધની તપાસને મંજુર કરવાને અનાતુર હતા. મુંદરાની તપાસ વખતે પણ તેઓ ખૂબ ખચકાયા હતા, કારણ કે તેમની કેબીનેટનો એક પ્રધાન (તે પ્રધાનના ગુણો ઉપર તેઓ એટલા બધા મુગ્ધ હતા) એમાં સંડોવાયેલો હતો.

"એકપક્ષી શાસન દેશનો રાજ્યવહીવટ સરળતાથી ચલાવવામાં મદદરૂપ બન્યું છે. તેનાથી મધ્યવર્તી સરકારને પોતાની વિકાસયોજનાઓ અને ઔદ્યોગિક આયોજનો આગળ ધપાવવામાં ઘણી અનુકૂળતા રહી છે. પણ તેણે એવાં પગલાં પણ ભર્યાં છે, કે જેથી પક્ષનો પ્રભાવ સતત વધતો રહે. આટલી મોટી બહુમતી વડે મધ્યમાં સત્તા-સ્થાને રહેલો કૉંગ્રેસપક્ષ પોતાની નીતિ, પદ્ધતિ અને વહીવટ વિષે થતી ટીકા-ચર્ચા અંગે બેપરવા બન્યો છે.

"પણ સમગ્ર રીતે વિચારતાં આપણી આ લોકશાહી સરકારે ઠીક કામ કર્યું છે અને પ્રગતિ પણ સાધી છે. આપણે શું સાધ્યું છે તેની કદર કરવા માટે સાઉથ–ઈસ્ટ એશિયા, પશ્ચિમ એશિયા અને તાજેતરમાં આઝાદ બનેલા કેટલાક આફ્રિકાના દેશો તરફ આપણે નજર દોડાવવી ઘટે. આપણે લાંબા ગાળાનું સ્થિર શાસન ભોગવ્યું છે એમાં કોઈ શક નથી.

"આપણે ઔદ્યોગિક ક્ષેત્રે સારી પ્રગતિ કરી છે. આપણી ઘણી ખરી જરૂરિયાતો દેશમાં બનેલી ચીજો દ્વારા પૂરી પાડવામાં આવે છે. આ કોઈ સાધારણ પ્રગતિ ન કહેવાય."

પરમાનંદ

વિજ્ઞાને માનવીને વિનમ્ર અને ભક્તિપરાયણ બનાવવો ઘટે

ઈલેકટ્રોનિક્સ સાથેના મારા અડધી સદી કરતાં વધારે મુદતના સંબંધ દરમિયાન ટેલીગ્રાફિક કી સાથેના જોડાણથી માંડીને સેટેલાઈટ ટેલીવીઝન સુધીનું તેનું વિસ્તરેલું જોડાણ મેં નિહાળ્યું છે અને જેનો એક વખત માત્ર દરિયામાં સફર કરતાં વહાણો વચ્ચે સંદેશાઓ લેવાદેવા પૂરતો ઉપયોગ હતો તે આજે માનવજાતનું ભાવી ઘડવામાં બહુ મહત્ત્વનો ફાળો આપી રહેલ છે–આવો તેનો અદ્‌ભુત વિકાસ હું જોઈ રહ્યો છું.

ઈલેકટ્રોનિક્સ મારફત આપણે અદૃષ્ટથી અનન્ત સુધી આપણી નજરને દોડાવી શકીએ છીએ, જીવન્ત ઘટકના અથવા તો શુક્રના અન્તસ્તમ રહસ્યોને આપણે ઉકેલી શકીએ છીએ, પ્રકાશની ગતિશીલતા દ્વારા પૃથ્વીની એક બાજુએથી આટલાન્ટિક મહાસાગર ઉપર થઈને ઊંચે અવકાશમાં શબ્દોને અને આકૃતિઓને મોકલી શકીએ છીએ અને પૃથ્વીની બીજી બાજુએ ટેલીવીઝનના પડદા ઉપર તેને પુનઃ પ્રત્યક્ષ કરી શકીએ છીએ. સ્પેસ–ટેલીવીઝન દ્વારા દુનિયાના હવામાનની આપણને ખબર પડે છે અને તે સંબંધમાં આપણે આગાહી કરી શકીએ છીએ અને કદાચ આખરે આપણે તેનું નિયમન પણ કરી શકીએ.

ઈલેકટ્રોનિક્સના વિકાસ અને વિસ્તાર સાથે અડધી સદી કરતાં પણ વધારે સમયથી હું આટલો બધો ગાઢપણે સંકળાયેલો હોઈને, માનવીએ મેળવેલી સિદ્ધિઓ અંગે અને વિજ્ઞાનના ક્ષેત્રે તેણે સાધેલી પ્રગતિ અંગે હું અભિમાન અને ગર્વની ઊંડી લાગણી અનુભવ્યા સિવાય રહી શકતો નથી. આમ છતાં પણ, વિજ્ઞાન સાથેના જીવનભરના સંબંધના કારણે માનવીના મનની અને વિજ્ઞાનની તાકાતની બહારની શક્તિઓ વિષે હું સવિશેષ સભાન બનું છું અને તે કારણે ઊંડા આશ્ચર્યની, આદરની અને વિનમ્રતાની લાગણી હું અનુભવું છું.

વિજ્ઞાનમાં સર્વત્ર વિશ્વના સર્વશ્રેષ્ટ શિલ્પીની કામગીરી આપણે જોઈ શકીએ છીએ. અસંખ્ય સૂર્યો જેમાંના એક સાથે આપણે જોડાયેલા છીએ, સહરાની પાર વિનાની રેતી, આકાશને આવરી રહેલી અનન્ત નક્ષત્રમાળા–આ બધું માત્ર અકસ્માત છે એમ કહી શકાય જ નહિ.

ડેનીશ વિજ્ઞાનશાસ્ત્રી હંસ ક્રિશ્ચિયન ઓર્સ્ટેડ જેણે મેગ્નેટીઝમ અને ઈલેકટ્રીસીટી વચ્ચે રહેલા સંબંધની શોધ કરી હતી તેણે બરોબર કહ્યું છે કે, "વિશ્વ અનન્ત પ્રજ્ઞાનો અવિષ્કાર છે અને કુદરતના કાનૂનો ઈશ્વરના સંકેતો છે."

આ રીતે, જેમ જેમ વિજ્ઞાનનાં ક્ષિતિજો વિસ્તરતાં જાય છે, અને આપણું જ્ઞાન વધતું જાય છે તેમ તેમ આપણે અલ્પ નહિ પણ અધિકતર વિનમ્ર અને અધિકતર દીન, ઈશ્વર–પરાયણ બનીએ છીએ. કારણ કે વિજ્ઞાન આપણી સમક્ષ ઉત્તરોત્તર એવા ગંભીર અને ગૂઢ પ્રશ્નો રજૂ કરતું જાય છે કે જે પ્રશ્નોનો તેની પાસે કોઈ જવાબ જ નથી.

આ જગત ઉપર વિચરતા માનવીના જીવનને પૂર્ણપર્યાપ્ત બનાવવા માટે વિજ્ઞાન પૂરતું નથી. માણસ માત્ર સુખ સગવડ, જ્ઞાન કે સત્તા ઈચ્છતો નથી; આ ઉપરાંત તે ઝંખે છે જીવનમાં સ્વત્વપ્રાપ્તિ, સૌન્દર્ય, સત્ય, અર્થસભરતા. જો વિજ્ઞાનનું કાર્ય માનવજાત માટે પ્રગતિનો માર્ગ નિર્માણ કરવાનું હોય તો ધર્મનું કાર્ય તેને નીતિ અને જીવન સિદ્ધાન્તોના સાચા માર્ગે દોરવાનું છે.

આજે, વિજ્ઞાન અને ધર્મ પરસ્પર વિશ્વવ્યાપી સમજણ, શાન્તિ અને સંવાદિતાની સર્વસામાન્ય અપેક્ષાને પહોંચી વળવા માટે સર્વસામાન્ય પુરુષાર્થને અનુલક્ષીને સમાન ભૂમિકા ઉપર એકત્ર થઈ રહેલ છે.

આપણે એ પેઢીના પુરોગામી થવાનું છે કે જે પેઢી પોતાનાં ભયો, વાસનાઓ અને ભયંકર શસ્ત્રો ઉપર કાબુ મેળવીને આ જગતમાં સર્વવ્યાપી સમજણ અને શાન્તિના યુગનું નિર્માણ કરવામાં પૂરા મદદરૂપ બને.

અનુવાદક: પરમાનંદ. મૂળ અંગ્રેજી: ડેવીડ સાનોફ

❋ શાંતિસેના શું છે? ❋

(પરિચય ટ્રસ્ટ તરફથી પ્રગટ થયેલ 'શાંતિસેના શું છે?' એ પુસ્તિકા ઉપરથી તારવેલો ટૂંકો સાર)

ભારતીય શાંતિસેનાના નીચે મુજબના ત્રણ ઉદ્દેશ છે:

૧. ભારતમાં બધાં સ્થળોએ શાંતિ જળવાઈ રહે એ જોવું.

૨. તેમ છતાં જો કયાંક અશાંતિ પેદા થાય તો તેને શાંતિમય ઉપાયો વડે શમાવવી.

૩. ભારતમાં એક એવી અહિંસક રચનાત્મક શક્તિ ખડી કરવી જેથી આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે સહકારભાવના વધે અને યુદ્ધ સમૂળગું નાબૂદ થાય.

આમ શાંતિસેનાનો ઉદ્દેશ ભારતના આંતરિક ક્ષેત્રમાં શાંતિમય સાધનોને સફળ બનાવી વિશ્વશાંતિનું વાતાવરણ સર્જવામાં મદદ આપવાનો છે.

શાંતિસેનાનો મૂળ વિચાર ગાંધીજીનો. દક્ષિણ આફ્રિકામાં જ એમણે પોતાની સત્યાગ્રહી ટુકડી સારુ 'અહિંસક સેના' શબ્દ વાપર્યો હતો. ૧૯૩૭-૩૮ માં કૉંગ્રેસે જ્યારે પહેલી વાર પોતાનું પ્રધાનમંડળ સ્થાપ્યું ત્યારે કોમી હુલ્લડોનો સામનો કરવા સારુ તેમણે શાંતિસેનાનો વિચાર મૂકેલો. ૧૯૪૧ માં સ્વ. શ્રી મહાદેવ દેસાઈએ કોમી હુલ્લડને ખાળવા જે ટુકડી સ્થાપી તેનું નામ "શાંતિસેના" આપેલું અને ભારત-પાકિસ્તાનના ભાગલા પછી તો શાંતિસેનાનો વિચાર ગાંધીજીના મનમાં સતત ઘોળાતો હતો. છેવટના દિવસોમાં તેઓ ઘણી વાર કહેતા કે "મને હિંદ પર બહારના આક્રમણ કરતાંયે વધારે ડર એની આંતરિક અશાંતિ અંગે છે."

શાંતિસેના અંગે વિચારણા કરવા એમણે ફેબ્રુઆરી ૧૯૪૮ માં અનેક મિત્રોને સેવાગ્રામ આવવાનું નિમંત્રણ આપેલું. પણ દુર્ભાગ્યે તેઓ સેવાગ્રામ પહોંચે તે પહેલાં જ, ૩૦ મી જાન્યુઆરીએ પ્રાર્થનાભૂમિ ઉપર જતાં એમની હત્યા થઈ.

૧૯૫૭ માં સ્થાપાના

ભૂદાનયાત્રા દરમિયાન કેરળના કુન્નૂર જિલ્લાના મેજેશ્વર ગામમાં ૧૯૫૭ ની ૨૩ મી ઑગસ્ટે વિનોબાજીએ આજની શાંતિસેનાની પ્રથમ ટુકડીની સ્થાપના કરીને ગાંધીજીની કલ્પનાને મૂર્ત રૂપ આપ્યું.

આજે દેશમાં પોતપોતાનાં હિતોનું રક્ષણ કરવા લોકો હિંસાનો આશ્રય લેતા જણાય છે અને સરકાર પણ લોકોની હિંસાને ખાળવા કે નિવારવા હિંસાનો આશરો લે છે. બંનેના પરિણામે રાષ્ટ્રની એકતા જ જોખમમાં મૂકાય છે. શાંતિસેના દ્વારા આંતરિક હિંસાને ટાળી શકાય તો દેશની એકતા જરૂર સબળ બને. વળી શાંતિસેના દ્વારા આપણને એવા સેવકોની પણ એક જમાત મળે, જે દેશના હિત આગળ પોતાના વ્યક્તિગત, જાતિગત, ધર્મગત કે પ્રાન્તીય હિતને ગૌણ ગણતી હોય.

દેશમાં વારંવાર હિંસક છમકલાં થાય એનું એક પરિણામ એ આવે છે કે લોકોનાં મનમાંથી લોકશાહી વિષેની આસ્થા ઓસરી જાય છે અને તેઓ અભાનપણે કે અજ્ઞાનમાં સરમુખત્યારશાહીનું સમર્થન કરવા લાગે છે. શાંતિસેનાની સફળતા દ્વારા આપણે દુનિયાની સૌથી મોટી લોકશાહી ઉપરનું આ જોખમ પણ ટાળી શકીએ.

શાંતિસેના સફળ થઈ છે?

પણ આ બધું તો શાંતિસેના સફળ થાય તો જ થાય એમ કહી શકાય ને? શાંતિસેના કયાંય પણ સફળ થઈ છે ખરી? એ પ્રશ્નનો જવાબ જાણવા સારુ આપણે શાંતિસેનાના કેટલાક અનુભવો જોવા જોઈશે.

રાજ્યપુનર્રચના અંગે ગુજરાતમાં રમખાણો થયાં ત્યારે શાંતિસૈનિકોની ટુકડીએ વડોદરામાં સારું કામ કર્યું. પરિસ્થિતિ ઠીક ઠીક વણસેલી હતી. શાંતિસૈનિકો એક તરફ બધા પક્ષના આગેવાનોને મળ્યા, બીજી તરફ એ લોકો પોલીસનો લાઠીમાર અને લોકોના પથ્થરમારની વચ્ચે જઈને ઊભા રહ્યા. આખા નગરમાં ફરી ફરીને તેમણે શાંતિસરઘસો પણ કાઢયાં. ખોટી અફવાઓ ન ફેલાય એટલા સારુ તેમણે શાંતિપત્રિકાઓ પણ કાઢી. એનું પરિણામ એટલું સારું આવ્યું કે જ્યારે તેઓ વડોદરા છોડીને અમદાવાદ જવાનો વિચાર કરવા લાગ્યા ત્યારે વડોદરાના પોલીસ અધિકારીએ એમને વડોદરામાં જ રોકાઈ જઈને પરિસ્થિતિને જાળવી રાખવામાં મદદ કરવા આગ્રહ કર્યો. વળી શાંતિસૈનિકોના આગ્રહથી તેમણે લોકોને બેફામ રીતે મારવાનું બંધ કરવાના હુકમો પણ કાઢયા.

પૂનામાં બંધ તૂટયો ત્યારે

પૂનામાં મૂળામૂઠાનો બંધ તૂટવાથી અસાધારણ રેલસંકટ આવી પડયું. શહેરે કદી નહોતી જોઈ એવી હોનારત જોઈ. રેલને લીધે શહેરનાં ઘણાં સેવાકાર્યો ભાંગી પડયાં. અનેક ઠેકાણે કચરાના ઢગલા ખડકાયા. આ ખતરાનો સામનો ફોજના લોકો કરી રહ્યા હતા અને આવે સમયે તો ફોજ જ કામ આવે એવી લોકમન્યતા હતી. મહારાષ્ટ્રની શાંતિસેનાએ ગંદકી દૂર કરવામાં લોકોવતી પહેલ કરી. પછી તો લોકશક્તિનું ય જાણે કે પૂર આવ્યું. શહેરની અનેક નાનીમોટી સંસ્થાઓ આ કામમાં ભળી અને અસંભવ જણાતું કામ પૂરું થઈ ગયું.

ઈન્દોરમાં માલિક-મજૂરોનાં ઝઘડાઓમાં અને વિદ્યાર્થીઓના આંદોલન વખતે ત્રણ ત્રણ વાર શાંતિસેનાએ બાજી વીફરતી અટકાવવામાં મદદ કરી. ઈન્દોર પાસે કસ્તૂરબાગ્રામમાં અભ્યાસ કરતી શાંતિસૈનિકાઓએ આ કામમાં સારી એવી મદદ કરી.

દક્ષિણમાં હિન્દી વિરોધી આંદોલન વખતે પણ શાંતિસેનાએ પોતાની શક્તિ મુજબ કામ કર્યું હતું. કેરળ અને કર્ણાટકમાં રમખાણો ન થયાં એનું એક કારણ શાંતિસૈનિકોની અગમસૂચકતા પણ ખરી. તામિલનાડમાં ઠેરઠેર ત્યાંના શાંતિસૈનિકો રાષ્ટ્રભાષા તરીકે હિંદી કેમ ઉચિત છે એ સમજાવતા ઘેરઘેર ફર્યા. બે સ્થળે શાંતિસૈનિકો ટોળાંની સામે ખડા રહ્યા, તેથી સ્ટેશનોને આગ ચંપાતી રોકાઈ.

પંજાબમાં રમખાણો વેળા

પંજાબી સૂબાવિરોધી રમખાણો વખતે લૂધિયાણા, જલંધર, અમૃતસર, બટાલા અને હિસારમાં શાંતિસેનાએ છાવણીઓ નાખી કામ કર્યું. તે ઉપરાંત બીજાં કેટલાંક શહેરોમાં છૂટાછવાયા શાંતિસૈનિકોએ કામ કર્યું. વિરોધ કરવો હોય તો પણ હિંસક રીતે ન કરવો ઘટે એવું ઘેરઘેર જઈને લોકોને સમજાવવું, રાજનૈતિક પક્ષના નેતાઓને મળવું, ઠેરઠેર શાંતિ સારુ અપીલ વહેંચવી એ આ છાવણીઓના શાંતિસૈનિકોનાં મુખ્ય કામ હતાં.

લૂધિયાણામાં પંડિત અમરનાથ ભારદ્વાજ અને કેટલીક શાંતિસૈનિકાઓએ ભારે પરાક્રમ દેખાડયું. રસ્તા પર ઈંટો ઊછળતી હતી, સડક પર પથરાના ઢગલા ખડકાયા હતા, સોડા વૉટરની બાટલીઓ પણ વીંઝાતી હતી. એ ભીડમાં પોલીસ પણ ઘૂસવાની હિમ્મત નહોતી કરતી તેમાં અમરનાથ અને બે બહેનો શાંતિસેનાના ગણવેશમાં ઘૂસ્યાં.

પહેલાં તો એ લોકોને સારી પેઠે પ્રસાદી ચાખવી પડી. પણ પછી ભીડમાંથી કોઈએ પંડિતજીને ઓળખ્યા, અને એમણે લોકોને મારતા રોકયા. ભીડ ગોળીબારથી મરેલા એક બાળકની સ્મશાનયાત્રામાં ફેરવાઈ ગઈ.

શાંતિકેન્દ્રની કામગીરી

બે કે વધારે શાંતિસૈનિકો જ્યાં પાસે પાસે રહેતા હોય ત્યાં તેમનું એક શાંતિકેન્દ્ર બનાવવામાં આવે છે. આ શાંતિકેન્દ્રો જ શાંતિસેનાનાં પ્રાથમિક એકમો ગણી શકાય.

શાંતિકેન્દ્રો અંગેની કલ્પના એવી છે કે ત્યાં શાંતિસૈનિકો નિય-

મિત રૂપે ઓછામાં ઓછું અઠવાડિયે એક વાર મળે, અઠવાડિયાના કામનો અહેવાલ આપે, પછીના અઠવાડિયાના કામની યોજના બનાવે, પોતાની આસપાસ કયાંક અશાંતિ થવાનો સંભવ દેખાતો હોય તો તેને રોકવાનો પ્રયત્ન કરે, કંઈક સ્વાધ્યાય, કંઈક સેવાકાર્ય, કંઈક રમતગમત, વ્યાયામ વગેરે કરે.

શાંતિકેન્દ્રના ત્રણ મુખ્ય કામ ગણાય છે: સેવા, સ્વાધ્યાય અને શ્રમ. દેશમાં જુદે જુદે ઠેકાણે પરિસ્થિતિ મુજબ શાંતિકેન્દ્રના જુદી જુદી જાતના કાર્યક્રમો આ ત્રણ મુખ્ય મુદ્દાને આધારે બને છે.

આખા દેશનું શાંતિસેનાનું કામ અખિલ ભારત શાંતિસેના મંડળ કરે છે. મંડળની નિમણૂંક સર્વ સેવા સંઘના અધ્યક્ષ કરે છે.

મંડળનો કાર્યક્રમ ૩ વર્ષનો છે. ૧૯૬૨થી અ. ભા. શાંતિસેના મંડળના અધ્યક્ષ તરીકે શ્રી જયપ્રકાશ નારાયણ અને મંડળના મંત્રી તરીકે આ લેખના લેખક કામ કરે છે. મંડળની જવાબદારીઓમાં દેશની શાંતિ માટેના તમામ કાર્યક્રમો ઉપરાંત શાંતિસૈનિકોને તાલીમ આપવી, શાંતિસેના અંગેનું સાહિત્ય પ્રકાશિત કરવું અને દેશના સીમા-ક્ષેત્રો ઉપર શાંતિસેનાનાં કેન્દ્રો ચલાવવાં એ મુખ્ય છે. ભારતીય શાંતિસેનાના સેનાપતિ આચાર્ય વિનોબા ભાવે છે.

દેશમાં આજે ૧૨,૨૪૨ શાંતિસૈનિકો અને ૧,૦૦૫ શાંતિ-કેન્દ્રો છે. શાંતિસેનાના સંચાલનનું તમામ ખર્ચ લોકોનાં દાનોમાંથી જ નીકળે છે. દેશના ૧૨ હજાર શાંતિસૈનિકો પૈકી મોટા ભાગના આંશિક સમયના કાર્યકર્તા છે અને પોતાનો નિર્વાહ તેઓ બીજી કમાણીમાંથી મેળવે છે. એટલે નિર્વાહખર્ચ શાંતિસેનાને ભોગવવો પડતો નથી. દરેક પ્રદેશમાં સર્વોદય મંડળો પોતાના બજેટમાં શાંતિ-સેનાના ખર્ચ સારું પણ જોગવાઈ રાખે છે.

સરહદી વિસ્તારોમાં

સરહદી વિસ્તારોનાં શાંતિકેન્દ્રોમાં કામ કરનારા શાંતિસૈનિકો પૂરા સમયના કાર્યકર્તા છે. એમનો ખર્ચ સીમાક્ષેત્રના કામ સારું સ્થાપવામાં આવેલી સમન્વય સમિતિ કરે છે. આ સમિતિને ગાંધી સ્મારક નિધિ, કસ્તૂરબા ટ્રસ્ટ વગેરે સંસ્થાઓ પાસેથી પૈસા મળે છે.

સરહદી વિસ્તારોમાં શાંતિસેનાના કામના ઉદ્દેશ નીચે મુજબ છે:

(૧) સરહદી વિસ્તારોના લોકો સાથે રાષ્ટ્રના બીજા ભાગના લોકોની એકાત્મતામાં વૃદ્ધિ, (૨) સરહદી વિસ્તારના લોકોની સેવા, (૩) એમનામાં આક્રમણ પ્રસંગે અહિંસક પ્રતિકારની શક્તિ ખીલવવી, (૪) સરહદી વિસ્તારોમાં એવું રચનાત્મક કામ કરવું કે જેથી મિત્રતાની ભાવના સરહદોની પેલે પાર પહોંચે.

આ ઉદ્દેશોને પૂરા કરવા સારુ કાર્યક્રમ પરિચય, સેવા અને લોકશિક્ષણનો છે.

આસામમાં સુમેળ

આસામમાં ૧૯૬૨ના ડિસેમ્બર માસથી શાંતિસૈનિકોએ કેન્દ્ર જમાવ્યાં છે. ત્યાં કામરૂપ, ઈરંગ, ઉત્તર લખીમપુર અને શિવસાગર જિલ્લાઓમાં કામ કેન્દ્રિત કરવામાં આવ્યું છે. ત્યાંનું કામ મુખ્યત્વે ગ્રામદાન આંદોલનની મારફતે ચાલે છે. અત્યારે આસામમાં હજાર કરતાં વધારે ગ્રામદાન થયાં છે. એનાથી લોકશક્તિ જાગૃત થઈ રહી છે.

આ આંદોલનનું એક સુપરિણામ એ આવ્યું છે કે જ્યાં પહેલાં આસામી – બંગાળી રમખાણો થયાં હતાં ત્યાં આજે એમની વચ્ચે મેળ થઈ ગયો છે. લોકશિક્ષણ–પ્રવૃત્તિમાં ઠેરઠેર ગામલોકોના શિબિરો ભરી તેમને ચાલુ પરિસ્થિતિ અંગે સમજ આપવાનું કામ ચાલે છે. ગ્રામદાની ગામોએ પોતાનો સંઘ રચી ગામના નિર્માણના કામની જવાબદારી પોતાને માથે લીધી છે.

ચીની આક્રમણ પછી તરત જ ત્યાં શાંતિસેના મંડળના અધ્યક્ષ અને મંત્રી પ્રવાસ કરી આવ્યા. વડાપ્રધાન પંડિત નહેરુએ જાતે મંડળના મંત્રીને સૂચવ્યું હતું કે, "નેફામાં તમારું કામ કેમ શરૂ નથી કરતા?" ત્યાંના કામ અંગે મંડળના મંત્રીએ એક યોજના તૈયાર કરી. ૧૫મી ઓકટોબર ૧૯૬૩થી નેફામાં શાંતિસેનાનું કામ શરૂ થયું.

સરહદી વિસ્તારોના કેટલાક અનુભવો જાણવા જેવા છે.

નેફાના સુબંસિરીક્ષેત્રના મુરિમુગલી કેન્દ્રના કામની અસર ગામડાંના લોકો ઉપર એવી સારી પડી છે કે એમણે જાતે શાળા, છાત્રાલય, શિક્ષકનિવાસ, ઉદ્યોગઘર, ગ્રામસાંસ્કૃતિક કેન્દ્ર વગેરેનાં મકાનો બાંધી આપ્યાં છે અને આસપાસનાં નવ ગામની પંચાયતે ભણતાં બાળકોની ખાદ્યાખોરાકીનો પૂરો ભાર પોતાને માથે લઈ લીધો છે. જીવનની ઘણીખરી બાબતો માટે સરકાર તરફ તાકનારી પ્રજાને સારુ આ મોટું પરાક્રમ કહેવાય.

લાંચ અને તારાજી અટકી

આસામના કામરૂપ જિલ્લામાં અંગારકાટા ગામમાં વર્ષોથી પાકિસ્તાનથી આવેલા નિરાશ્રિતો વસે છે. અવાવરુ જમીન ઉપર એમણે ઘણી સારી ખેતી કરી છે, પણ એ ખેતીમાં ફળછોડ કે લાંબો સમય ચાલે એવો પાક લેવાતો નથી, કારણ દર વર્ષે એકાદ વાર એ જમીન ઉપર સરકારી જપ્તી આવે છે, અને કાં હજારોની લાંચ લેવામાં આવે છે, કાં એ ખેતી ઉપર હાથી ફેરવીને ખેતી અને એની ઉપરનાં ઝૂંપડાંને તારાજ કરવામાં આવે છે.

શાંતિસૈનિકોએ આ ગામની પડોશમાં કેન્દ્ર સ્થાપ્યું અને આ લોકોના પ્રશ્નમાં રસ લેવા માંડયો ત્યારથી માલની તારાજી અને લાંચ બંને અટકયાં છે.

શાંતિસૈનિકોઓનાં સંપર્કને લીધે તે ગામની સ્ત્રીશક્તિ વિશેષરૂપે જાગી છે. ગામમાં દોઢસોથી વધુ રેંટિયા ફરવા શરૂ થયા છે અને એક બે સાળ નંખાઈ છે. બહેનોએ પોતાની એક ભજનમંડળી સ્થાપી છે.

ભજનમંડળીની બહેનોએ પડોશના ગામમાં દારૂનું પીઠું આવ્યું ત્યારે ભજન કરતાં કરતાં ત્યાં જઈને પીઠાના માલિકને કહ્યું કે, "કાં તમે પીઠું અહીંથી હઠાવી જાઓ, કાં અમારે સત્યાગ્રહ કરવો પડશે." માલિકે એ ગામમાંથી પીઠું ખસેડી લેવું વધુ શ્રેસ્કર માન્યું.

ત્રણ મૂલ્યો

શાંતિસેના આગળ આજે એ આદર્શ છે કે ભારતમાં એક એવી અહિંસક શક્તિ ખડી કરવી કે જેથી દેશની (૧) એકાત્મતા, (૨) ધર્મનિરપેક્ષતા અને (૩) લોકશાહી જળવાઈ રહે.

આ ત્રણ મૂલ્યો જ ભારતને એની આગવી અસ્મિતા આપે છે. ગમે તેટલી જાહોજલાલીવાળું ભારત પણ આ ત્રણ મૂલ્યો વિના ભારત ન રહે. આ ત્રણ મૂલ્યોને જાળવવા અને વિકસાવવા દેશના અબાલવૃદ્ધ સ્ત્રી - પુરુષોનો પુરુષાર્થ ભારતમાતાને ખપે છે. શાંતિસેના આવા પુરુષાર્થની તક પૂરી પાડે છે.

નારાયણ દેસાઈ

આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળા

આ વખતની પર્યુષણ વ્યાખ્યાનમાળા તા. ૧૧ સપ્ટેમ્બર રવિવારથી તા. ૧૮ સપ્ટેમ્બર રવિવાર સુધી - એમ આઠ દિવસની યોજવાનું નક્કી કરવામાં આવ્યું છે, અને ભારતીય વિદ્યાભવન તથા બ્લેવાટ્સ્કી લૉજને બદલે ચોપાટી ઉપર આવેલા બીરલા ક્રીડા કેન્દ્રના સભાગૃહમાં આઠે દિવસની વ્યાખ્યાનસભાઓ યોજાશે તેની ખાસ નોંધ લેવા વિનંતી છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

બહેન વિમલા ઠકાર સાથે વાર્તાલાપ

લગભગ આઠ માસના યુરોપનિવાસ બાદ શ્રી વિમલાબહેન ઠકાર બીજી ઑગસ્ટના રોજ મુંબઈ આવી રહ્યા છે. ઑગસ્ટ માસની ૭મી તારીખ સાંજના પાંચ વાગ્યે બીરલા માતુશ્રી સભાગારની બાજુએ, ન્યુ મરીન લાઈન્સ ઉપર આવેલા 'મનોહર'માં સંઘના સભ્યો સાથે શ્રી વિમલાબહેનનો વાર્તાલાપ ગોઠવવામાં આવ્યો છે. તો આ પ્રસંગ ઉપર ઉપસ્થિત થવા માટે સંઘના સભ્યોને નિમંત્રણ છે.

મંત્રીઓ : મુંબઈ જૈન યુવક સંઘ

ન્યાયવિતરણ અને આર્થિક વેતન

શ્રી ચંદુલાલ નાણાવટી કન્યા વિદ્યામંદિરના આચાર્ય શ્રી વજુભાઈ પટેલ તરફથી થોડા દિવસ પહેલાં મળેલું ચર્ચા પત્ર નીચે આપવામાં આવે છે :–

"મુંબઈ હાઈકોર્ટના હમણાં એક પછી એક એમ બે ન્યાયમૂર્તિઓ પોતાને ઓછો પગાર મળતો હોવાને કારણે અને પોતાનું જીવનધોરણ ટકાવી શકાય તેટલી આવક તેમાંથી મળી નહિ રહેતી હોવાથી ન્યાયાલયમાંથી રાજીનામું આપી છૂટા થયા. મહારાષ્ટ્ર હાઈકોર્ટના ન્યાયમૂર્તિ શ્રી ગોખલેએ વિદાય સમયે જે ઓછા પગાર સામે ચિંતા વ્યકત કરી તેમાં રહેલ પરિસ્થિતિ સમાજના સમજુ વર્ગને ચિંતામાં મૂકી દે તેવી છે.

"હાઈકોર્ટના ન્યાયાધીશોના પગાર સમાજના ધનિક વર્ગના જીવનધોરણની દૃષ્ટિએ અલબત્ત ઓછા ગણાય. વિકસી રહેલા ઉદ્યોગોમાં કામ કરતા મુખ્ય અધિકારી વર્ગના જે પગાર હોય છે અને ન્યાયાલયમાં ઉચ્ચ આસને બેસનાર ન્યાયમૂર્તિઓના પગાર છે તેમાં સારો એવો તફાવત છે. એડ્‌વોકેટ કે સારા પ્રતિષ્ઠિત વકીલની આવકમાં અને ન્યાયમૂર્તિની આવકમાં પણ ઘણો બધો તફાવત રહે છે. પરિણામે તો પ્રતિષ્ઠિત વકીલો કે એડવોકેટ, ન્યાયમૂર્તિના સ્થાન પસંદ કરવા તૈયાર નથી હોતા તેમ સંભળાય છે.

"આ પરિસ્થિતિ સમાજને ચિંતામાં મૂકી દે તેવી છે. આજે ન્યાયમૂર્તિ પોતાના જીવનધોરણ અને કાર્યનો વિચાર માત્ર આર્થિક આવકની દૃષ્ટિએ જ કરવા લાગેલ છે. આ પ્રકારનું તેમનું વલણ ન્યાયના ઉચ્ચ ધોરણ માટે ખતરનાક નીવડવા સંભવ છે. ન્યાયના ઉચ્ચ આસને વિરાજમાન સંસ્કારી વ્યકિત પોતાના ન્યાયના કાર્યનું મૂલ્યાંકન કોઈ ઊંચા જીવનમૂલ્યોના આધારે કરે એમ સંસ્કારી સમાજ અપેક્ષા રાખે તે સ્વાભાવિક ગણાવું જોઈએ. જેમ શિક્ષણમાં, પત્રકારત્વમાં તેમ ન્યાયમાં આજે ઊંચા જીવનમૂલ્યોની પ્રતિષ્ઠા બેહદ પ્રમાણમાં ઘટી ગઈ છે. Devotion ને–નિષ્ઠાને–કામમાં પ્રસ્થાપિત કરવા માટે સક્રિય પ્રયત્ન કરવાનો આ સમય આવ્યો લાગે છે. તે સમયે સમાજનો નિષ્ઠાવાન વર્ગ ઊંચા જીવનમૂલ્યોની પ્રતિષ્ઠા માટે સજાગ બને તે અત્યંત જરૂરી લાગે છે. જસ્ટીસ રાનડે અને અન્ય ભદ્ર ન્યાયમૂર્તિઓનો જે સ્થળે વારસો છે ત્યાં પણ જો ઊંચા જીવનમૂલ્યોની પ્રતિષ્ઠાને બદલે અર્થની પ્રતિષ્ઠા સ્થપાય અને ધનિક વર્ગના જેવું જીવનધોરણ ટકાવવા જેટલી આવક મળે તો જ ન્યાયાલયમાં આવવાનું એડ્‌વોકેટ–વકીલને આકર્ષણ થાય–આવી નજર સામે ઉપસ્થિત થતી વાસ્તવિકતા અત્યંત ધક્કો લગાડનારી ગણાય."

ઉપરના ચર્ચાપત્રમાં રજુ કરવામાં આવેલો મુદ્દો અવશ્ય વિચારણીય છે. ન્યાયમૂર્તિઓ અને ન્યાયાધિશોની કામગીરી અને વકીલ-બેરિસ્ટરોની કામગીરી વચ્ચે રહેલો ફરક જો બરોબર ધ્યાનમાં લેવામાં આવે તો શ્રી વજુભાઈએ રજુ કરેલા મુદ્દાનું હાર્દ સહેલાઈથી પકડી શકાય તેમ છે.

વકીલ–બેરિસ્ટરોનું કામ પોતાના અસીલોના કેસને સારામાં સારી રીતે રજૂ કરીને અસીલોને વધારેમાં વધારે લાભ કેમ થાય અથવા તો ઓછામાં ઓછું નુકસાન–શિક્ષા, દંડ વગેરે દ્વારા – કેમ થાય એટલું જ જોવાનું હોય છે, અને તે કામના વળતર તરીકે તેમને વિપુલ પ્રમાણમાં દ્રવ્ય મળે છે. જેમ વધારે હોશિયાર વકિલ-બેરિસ્ટર તેમ તે વધારે ને વધારે દ્રવ્ય માગે છે અને અસીલ અસહાય બનીને તે જે માગે તે આપે છે. આ પાછળ કોઈ ભાવના કે સેવાની વાત હોતી જ નથી. આ કેવળ પરસ્પર સ્વાર્થલક્ષી સોદો હોય અને તેમાં કેટલું લે તો વ્યાજબી અને કેટલું લે તો ગેરવ્યાજબી એવી કોઈ વિભાજક રેખા જોવામાં આવતી નથી.

બીજી બાજુએ ન્યાયાધીશનું કાર્ય બન્ને બાજુની રજુઆતોને ધ્યાનપૂર્વક સાંભળી સમજીને શુદ્ધ ન્યાય ચુકવવાનું હોય છે. આ એક ભારે પવિત્ર કાર્ય છે અને સમાજની મોટી સેવા છે. ન્યાયાધીશમાં માત્ર કાનૂની કુશળતા અપેક્ષિત નથી; સાથે સાથે ઉચ્ચ પ્રકારની સત્યનિષ્ઠા અને શીલસંપન્ન ચારિત્ર્ય એટલું જ અપેક્ષિત છે. આવો ન્યાયાધીશ જીવનનિર્વાહ માટે બેફીકર રહે એ માટે એ અત્યન્ત જરૂરી છે કે સભ્યસમાજમાં તે જરૂરી સગવડો અને સ્વસ્થતાપૂર્વકનું જીવન જીવી શકે એ માટે જરૂરી હોય તેટલું આર્થિક વેતન તેને મળવું જોઈએ. અને દરેક સરકારે આવા વર્ગનો પગાર નક્કી કરવામાં આવું ધોરણ સ્વીકારેલું હોય જ છે.

આમ છતાં પણ આજના વકીલ–બેરિસ્ટરોની અઢળક કમાણી સાથે ન્યાયમૂર્તિને આપવામાં આવતા આર્થિક વળતરની કોઈ સરખામણી કરે તો પ્રત્યેકના વ્યવસાયમાં રહેલી ગુણવત્તાના ફરકને તે સમજતો નથી એમ કહી શકાય. અલબત્ત ન્યાયપ્રદાનના કાર્ય માટે કાનૂની કુશળતા અપેક્ષિત હોઈને અને તેમની પસંદગી વકીલ-બેરિસ્ટરોમાંથી કરવાની હોઈને ન્યાયમૂર્તિ કે ન્યાયાધીશના પગારનું ધોરણ બીજા નોકરિયાત વર્ગો કરતાં અમુક પ્રમાણમાં ઊંચું રાખવાનું અનિવાર્ય છે. એમ છતાં પણ, એક મોટી પ્રેકટીસવાળો બેરિસ્ટર રહેવા માટે આલીશાન બંગલા ધરાવતો હોય, ફરવા હરવા માટે બે ત્રણ મોટરો તેણે વસાવેલી હોય, નોકરોનું તેને ત્યાં નાનું સરખું જુથ હોય, મનમાં આવે ત્યારે તે નાની મોટી મીજબાનીઓ ગોઠવી શકતો હોય અને પોતાના પરિવારને પરદેશ ભણવા માટે સરળતાથી મોકલી શકતો હોય–આ ઉપરથી હાઈકોર્ટના ન્યાયમૂર્તિને ત્યાં પણ આ બધી સગવડો હોવી જોઈએ એમ માનવાને કોઈ કારણ નથી. તાતા જેવા કોઈ કારખાનાના મેનેજરને દશ હજાર કે તેથી વધારે પગાર મળતો હોય તે ઉપરથી કોઈ પણ રાજ્યપ્રધાનને પણ એવો મોટો પગાર હોવો જોઈએ એમ કોઈ વિચારતું નથી. આ દૃષ્ટાન્તમાં રાજ્યપ્રધાનના કાર્યની કલ્પના જેમ જુદા પ્રકારની છે, તેની સાથે સાથે દેશસેવાની ભાવના જેમ જોડાયલી છે તેમ હાઈકોર્ટના ન્યાયમૂર્તિના કાર્યની કલ્પના સાથે શકય તેટલા દ્રવ્યોપાર્જનની નહિ પણ ન્યાય અને સત્યની ઉપાસનાની ભાવના જોડાયલી છે. આથી અન્યથા વિચાર કે વલણ ધરાવનાર ન્યાયાધીશ કેવળ દ્રવ્યલક્ષી જ હોવાનો અને તે સાચા અર્થમાં ન્યાયાધીશ થઈ શકવાનો જ નહિ. શકિતશાળી–બુદ્ધિશાળી–હોવા સાથે જે ભાવનાશાળી હોય, આદર્શલક્ષી હોય, અને તેથી ભૌતિક ક્ષેત્રે વધારે પડતો મહત્ત્વાકાંક્ષી ન હોય તેવી જ વ્યકિત ન્યાયાધીશ થવાને યોગ્ય લેખાવી ઘટે. આજે ન્યાયવિતરણનું કાર્ય કરતી બધી જ વ્યકિતઓ આ કોટિની છે એમ આપણે કદાચ કહી ન શકીએ. કોઈ કોઈ પોતાની મહત્ત્વાકાંક્ષા સિદ્ધ કરવાના વચગાળાના સાધન તરીકે આ વ્યવસાયમાં જોડાયા હોય એમ બનવાજોગ છે. એમ છતાં પણ આપણા દેશમાં ચુકવાતો ન્યાય ઊંચા પ્રકારનો લેખાય છે. એ સૂચવે છે કે આજે ન્યાયાસનને શોભાવતી મોટા ભાગની વ્યકિતઓ જરૂર સ્વસંતુષ્ટ, આદર્શલક્ષી અને ઉચ્ચ પ્રતિની છે. આપણા મોટા સંસ્કારસમૃદ્ધ વકિલ–બેરિસ્ટરોના સમુદાયમાં ન્યાયવિતરણનું પવિત્ર કાર્ય કરવા માટે યોગ્ય નિષ્ઠાવાન વ્યકિતઓ મળતી રહી છે અને મળવાની છે આ વિષે શંકા ધરાવવાનું કોઈ કારણ નથી.

આપણા ન્યાયાધીશ વર્ગની આર્થિક સ્થિતિ અઢળક ધન રળતા બેરિસ્ટરોની અપેક્ષાએ સામાન્ય જ રહેવાની, એમ છતાં આપણા વિશાળ સમાજમાં તેનો મોભો ઘણો મોટો છે એ ધ્યાન બહાર જવું ન જોઈએ. તેનું જીવન પણ સ્વસ્થ, શાન્ત અને સ્થિર હોય છે, અને તેને લેવો પડતો પરિશ્રમ પણ મર્યાદિત હોય છે. ભલેને મોટર

વસાવી શકવાની સ્થિતિના અભાવે તેને બસમાં બેસીને અદાલતમાં જવું પડતું હોય—અને આમ કરવામાં તેના સ્થાનને હીણપત પહોંચે છે આવો આપણો ખ્યાલ પાયામાંથી ભૂલભરેલો છે—પણ તે જ્યારે ન્યાયાસન ઉપર બેસે છે ત્યારે તેનું સ્થાન એક સમ્રાટ કરતાં પણ વધારે ઊંચું હોય છે, મોટા માંધાતા બેરિસ્ટરોને પણ તેને નમીને ચાલવું પડે છે, વાદી-પ્રતિવાદી ભલેને કરોડાધિપતિ હોય તો પણ આ ન્યાયાધીશ પર તેની કોઈ શેહ પડતી નથી. જેમ કોઈ એક પ્રોફેસરની આવક પ્રમાણમાં મર્યાદિત હોવાની, એમ છતાં સમાજમાં તેનો મોભો ઊંચો હોય છે, એમ સભ્ય સમાજમાં ન્યાયાધીશ પણ હંમેશાં આદરણીય બહુમાન્ય હોય છે, હોવો જોઈએ. આ બંનેના કાર્ય પવિત્ર અને સમાજના સમધારણ માટે મહત્ત્વનાં છે અને તેથી તે બન્નેનું સ્થાન અન્ય વ્યવસાયી જનોની અપેક્ષાએ અનોખું છે.

આ સમગ્ર વિવેચન ધ્યાનમાં લેતાં જે બે ન્યાયમૂર્તિઓએ પોતાને મળતું આર્થિક વળતર બેરિસ્ટરી દ્વારા થતી કમાણી સાથે સરખાવતાં અપૂરતું છે એવું કારણ દર્શાવીને રાજીનામાં આપ્યાં છે તેમને ચાલુ સગવડભર્યું જીવન જીવવા માટે ઓછું મળતું હતું એમ માનવાને કોઈ કારણ નથી. રૂ. ૩૦૦૦થી ૩૫૦૦નો માસિક પગાર કોઈ નાની રકમ નથી; બલ્કે મોટી છે એમ પણ કદાચ કહી શકાય. એમ છતાં પોતાના ન્યાયવિતરણના પવિત્ર કાર્યને કેવળ આર્થિક માપે માપીને એક ન્યાયાધીશના આદર્શ અને પ્રતિષ્ઠાને તેમણે દૂષિત બનાવ્યું છે, ન્યાય વિતરણના પવિત્ર કાર્યનું તેમણે હળવું મૂલ્યાંકન કર્યું છે. અલબત્ત આ રાજીનામાના સમાચાર છાપાઓમાં પ્રગટ થયા બાદ ભારત સરકાર કે મહારાષ્ટ્ર સરકાર હાઈકોર્ટના ન્યાયમૂર્તિઓને મળતા પગારમાં કાંઈક સુધારો વધારો કરવા ધારે છે—આવા સમાચાર પ્રગટ થયા છે. આ જે હોય તે ખરું, પણ આ બધા પાછળ એક જ પરિસ્થિતિ આંખ સામે તરી આવે છે અને તે એ છે કે આપણો શિષ્ટ અને સંસ્કારી લેખાતો વર્ગ, તમારે નો વધારે ગરીબીમાં થઈ રહ્યો છે અને અર્થદૃષ્ટિ સિવાયનાં બીજાં જીવનમૂલ્યોનું વર્ચસ્ બહુ જલ્દિથી ઓસરતું ચાલ્યું છે. ઉપરનાં રાજીનામાં આ પરિસ્થિતિનાં દ્યોતક છે અને તેથી આપણા ભાવી માટે ભારે ચિન્તાજનક છે.

પરમાનંદ

ટીકડી સંસ્કૃતિ

[આધુનિક જીવનની કૃત્રિમતા શારીરિક ને માનસિક અસ્વસ્થતા જન્માવે છે, અને એ અસ્વસ્થતા દૂર કરવા માણસ દવાની ટીકડીઓનો આશરો લે છે. આજે ચારે કોરથી માણસના મન પર આક્રમણ થઈ રહ્યું છે: 'એસ્પ્રો લીજીએ!' 'પેટ કી ગડબડ?—ગેસફર પીલ્સ ઈસ્તેમાલ કરેં!' 'ઊંઘ વેરણ થઈ છે?—રોજની બે-ચાર-છ-આઠ દસ ટીકડી લઈ લો.!' 'માનસિક અસ્વસ્થતા?—ટ્રાંક્વિલાઈઝર્સ તમારી તહેનાતમાં હાજર જ છે!' પરંતુ આપણે ત્યાં તો હજી પાશેરામાં પહેલી પૂણી છે. યુરોપ-અમેરિકામાં તો જાણે માણસ આ ટીકડીઓનો ગુલામ જ બની ગયો છે. ત્યાં ટીકડીનું સામ્રાજ્ય કેટલી હદે વિસ્તર્યું છે તેનો અચ્છો ખ્યાલ "ન્યૂ યૉર્ક ટાઈમ્સ"નો નીચેનો લેખ આપી જાય છે.—સં.]

બિલ અને માર્ગરિટ લાંબી સહેલગાહ માટે દવાની પેટી તૈયાર કરી રહ્યાં છે.

'ચાલ ત્યારે, માર્જી, આપણે હવે આ બધી દવાની ટીકડીઓ ચૅક કરી લઈશું?'

'હા, ચાલો. તમે એક-એક બાટલી આપતા જાઓ અને નામ બોલતા જાઓ, એટલે હું યાદી સાથે મેળવીને ચેક કરતી જઈશ.'

'બ્રાંડી. મારા માથાના દુઃખાવાની તો તને ખબર છે ને? સામાન્ય એસ્પેરિન કરતાં બેવડા પાવરની ટીકડીઓ મને જોઈશે. તો લે આ રહી.'

'ચેક.'

'મોશન સિકનેસ (મોટરમાં ફેર ચઢે) માટેની ટીકડીઓ.

'એક મિનિટ, બિલ! એન્ટીહિસ્ટામિનથી તમને ઝોકાં આવવા લાગે છે. માટે તે લીધા પછી તેની અસર દૂર કરવા મને અત્યારથી જ બેન્ઝાડ્રિન આપી રાખ.'

'તને સરસ યાદ આવ્યું, માર્જી!'

'ચેક. હવે મને મોશન સિકનેસ માટેની ટીકડીઓ આપો.'

'એન્ટી-મોશન-સિકનેસ ટીકડીઓ. હવે આગળ શું, માર્જી?'

'ઊંઘની ટીકડીઓ.'

'અલબત્ત, ઊંઘની ટીકડીઓ તો ભૂલી જ કેમ શકાય?'

ઊંઘની ટીકડીઓ આપણી પાસે હોય એટલે આપણે કેટલા બધા નસીબદાર! એન્ટી-હિસ્ટામિન ઝોકાં લાવે એટલે લઈએ બેન્ઝાડ્રિન. પછી ઊંઘની ટીકડીઓ ન હોય તો રાતે ઊંઘ જ શી રીતે આવે? હવે, શરદી સારુ શું લઈશું?'

'તેને માટેની અક્સીર દવા આ રહી.'

'ચેક. હવે હું યાદી વાંચી જાઉં છું. જોઉં, કાંઈ રહી તો નથી ગયું ને! વિટામિન ટીકડીઓ, એસ્પેરિન ટીકડીઓ, તેનાથી બેવડા પાવરની ટીકડીઓ, એન્ટી-હિસ્ટામિન ટીકડીઓ, ઊંઘની ટીકડીઓ, મોશન સિકનેસની ટીકડીઓ અને શરદીની ટીકડીઓ. આ ઉપરાંત શું જોઈશે, બિલ?'

'પરિવાર વધતો અટકાવવા માટેની ટીકડીઓ.'

'ચેક'.

'દાહ દૂર કરવાની ટીકડીઓ.'

'ચેક. અને પેટની વધારે પડતી એસિડિટી (અમ્લતા) દૂર કરવા માટે આલ્કાલાઈઝિંગ ટીકડીઓ સાથે લેવાનું ભૂલતા નહીં.'

'આ રહી, માર્જી! આપણે હવે ગરમ આબોહવામાં જઈ રહ્યા છીએ. તેથી પરસેવા વાટે શરીરનાં ઘણાં દ્રવ્યો આપણે ગુમાવીશું. તને નથી લાગતું કે આપણે ક્ષારની ટીકડીઓ પણ લેવી જોઈએ?'

'તમારી તો મને ખબર નથી, પણ મારા શરીરના ક્ષારનું સ્તર નીચું જશે, તો મારી તો આખી સફર બગડી જશે માટે તે ટીકડીઓ લાવો. અને લોહ-ટીકડીઓ લેવાનું યે ભૂલતા નહીં.'

'લોહ-ટીકડીઓ આપું છું. બીજું શું?'

'વિટામિન ટીકડી અને લોહ-ટીકડીને લીધે આપણી ભૂખ એકદમ જ ઉદ્દીપ્ત થઈ જશે અને આપણે ખૂબ ખાવા લાગીશું. પણ તેનાથી ફાંદ વધી જાય તે કાંઈ સારું નહીં. કમર તો પાતળી જ જોઈએ. માટે કેલરીનું પ્રમાણ ઘટાડવા તમે સેક્કરિનની ટીકડીઓ કાં નથી લેતા?'

'શરીરનું રાસાયણિક સમતોલપણું જળવાઈ રહે તેનો તું હમેશાં ખ્યાલ રાખતી હોય છે. માર્જી, તારે તો ડૉકટર થવું જોઈતું હતું. અરે, હું તો સાવ ભૂલી જ ગયો: ટ્રાન્ક્વલાઈઝર્સ!'

'હા, એ તો જોઈએ જ. પણ દવાની પેટી હવે બહુ ભારે થતી જાય છે હોં! આપણે હવે તેમાં બીજું કશું ન મૂકવું જોઈએ.'

'ચાલ, આખી યાદી એક વાર વાંચી જા.'

'ઠીક. વિટામીન ટીકડીઓ, એસ્પેરિન ટીકડીઓ, તેનાથી બેવડા પાવરની ટીકડીઓ, એન્ટી-હિસ્ટામિન ટીકડીઓ, બેન્ઝાડ્રિન ટીકડીઓ, ઊંઘની ટીકડીઓ, મોશન સિકનેસ માટેની ટીકડીઓ, શરદીની ટીકડીઓ, પરિવાર-વિસ્તાર અટકાવવા માટેની ટીકડીઓ, દાહ માટેની ટીકડીઓ, પેટની વધારાની અમ્લતા દૂર કરવાની ટીકડીઓ, ક્ષારની ટીકડીઓ, લોહ-ટીકડીઓ, સેક્કરિનની ટીકડીઓ, અને ટ્રાન્ક્વલાઈઝર્સ.'

'L. S. D. ટીકડીઓ આપણે ભૂલી ગયા. તેના વિના આપણે મનોવિહાર નહીં કરી શકીએ.'

'પણ બિલ, મનોવિહાર શું કામ કરવો જોઈએ?'

'માર્જી, આ ટીકડીઓની યાદી જોઈ? તે બધી ટીકડીઓ જશે આપણા પેટમાં, ત્યારે આપણે બીજે કયાંક વિહરવું પડશે.'

'ભૂમિપુત્ર'માંથી ઉધ્ધૃત

મૂળ અંગ્રેજી પરથી

☆ ઈશ્વરનિષ્ઠાનું બળ ☆

ભાષામાં એવા ઘણા શબ્દો છે, જેનો ઉપયોગ દરેક જણ કરે છે, છતાં તેના અર્થ વિશે કોઈ બે દર્શનો, સંપ્રદાયો કે કદાપિ વ્યક્તિઓનો પણ એકમત હોતો નથી. 'ઈશ્વર' એવા કઠણ શબ્દોમાંનો એક થઈ પડયો છે. થોડા વખત પર ગાંધીજીએ જ્યારે એમ કહ્યું કે 'સત્યાગ્રહીની ઈશ્વરમાં શ્રદ્ધા હોવી જ જોઈએ', ત્યારે ઘણા રાજકીય કાર્યકર્તાઓના મનમાં મૂંઝવણ ઊભી થઈ હતી. ઈશ્વરના અસ્તિત્વ વિષે કે તેને પોતાનો આધાર કરવા વિષે કેટલાક શંકાશીલ છે, કેટલાક શંકાશીલ જ નહીં, પણ ખાતરીથી ઈશ્વરનો ઈન્કાર કરે છે, છતાં સત્યાગ્રહની ધગશ રાખે છે. તેમને ગાંધીજીના આ શબ્દો ખૂંચે છે. વળી, જો સત્યાગ્રહી થવા માટે ઈશ્વરનિષ્ઠા આવશ્યક હોય તો એ સવાલ પણ ઉભો થાય છે કે કોના અથવા કયા ઈશ્વરમાં? જ્ઞાની-સૂફીઓના? સ્માર્તના? વૈષ્ણવના? આર્યસમાજીના? મુસલમાનના? ખ્રિસ્તીના? પારસીના? સગુણમાં? નિર્ગુણમાં? કે ગાંધીજીનો 'સત્યરૂપી ઈશ્વર' સમજી લઈ તેમાં જ? અને પછી નિરીશ્વરવાદી સાંખ્ય, જૈન, બૌદ્ધોનું શું? તેમને માટે સત્યાગ્રહનો માર્ગ બંધ સમજવો?

આ વસ્તુ સમજવા માટે ધર્મ અને તત્વજ્ઞાનની ઝીણી ચર્ચાઓ કરવામાં આવે છે, પણ એ ચર્ચાઓ સ્પષ્ટતા કરતાં ગૂંચવાડો જ વધારે છે. મારી દૃષ્ટિએ વિચારવાની વસ્તુ આ છે:

દુનિયાના ઈતિહાસમાં આપણને સેંકડો ઉદાહરણો એવાં મળે છે કે જેમાં એકલવાયી વ્યક્તિ–કોઈક વાર બાળક જેટલી નાની–કોઈની મદદ વિના જબરદસ્ત શક્તિઓની સામે નીડરપણે દૃઢતાથી મુકાબલો કરવા ઉભી થાય છે. એ શક્તિને થોડું નમતું આપવાથી પોતાનો જીવ બચે એમ હોય તથા લાભ પણ થાય એમ હોય, છતાં નમવા કરતાં તૂટવાનું પસંદ કરે છે. એવી વ્યક્તિના હૃદયમાં એવી કઈ વસ્તુનો અનુભવ છે કે જે તેને બળ આપે છે? એવી કઈ વસ્તુનો પ્રહ્લાદને પોતાના હૃદયમાં અનુભવ થતો હતો કે જેને બળે તે પોતાના બાપની કઠોર સતામણીને અવગણી શકયો? કે સુધન્વા તેલમાં તળાવાનું, ગુરુ ગોવિંદસિંહના બાળકપુત્રો ભીંતમાં જીવતાં ચણાઈ જવાનું, રોમના તરુણ સળગતી મશાલમાં પોતાનો હાથ ધરી દેવાનું સંતોષપૂર્વક સહન કરી શકયા? જીવ અને જીવનનાં સુખો વિષે આવી બેપરવાઈ બતાવવાનું બળ અપનાર, તથા શારીરિક જીવન કરતાં કોઈ અશરીરી વસ્તુ સાથે વધારે આત્મીયતાનો અનુભવ કરાવનાર એ કઈ વસ્તુ છે?

આમ વર્તવા કોઈ જબરદસ્ત 'લાગણી'નો અનુભવ થવો જોઈએ એમ અનીશ્વરવાદીને યે સ્વીકાર્યા વિના ચાલશે નહીં. સામાન્ય ઈંદ્રિયોના વિષયોની કે સંકલ્પવિકલ્પોની લાગણી નથી. પણ એક એવો અનુભવ છે, કે જેને લીધે તે માણસને એવો વિશ્વાસ લાગે છે, કે પોતામાં કોઈક એવી શક્તિશાળી પ્રેરણા કામ કરી રહી છે, કે જે દુનિયાની બીજી બધી યે શક્તિઓ કરતાં વધારે બળવાન છે, પોતાના શરીર અને પ્રાણ કરતાં પોતાની વધારે સમીપ છે.

આ શક્તિને કોઈ 'ઈશ્વરનિષ્ઠાનું બળ' કહેવાનું પસંદ કરે છે. કોઈ 'અધ્યાત્મબળ (Spiritual–Force) કોઈ 'આત્મબળ' (Soul–Force) કોઈ 'નૈતિક બળ' (Moral–Force) કહે છે. કોઈ 'પ્રતીતિ બળ' (Strength of conviction) કહે છે. પણ એ બળની પરીક્ષા આ છે: તમને એવો કોઈ બળવાન અનુભવ થાય છે ખરો કે જે કસોટીને પ્રસંગે એવી નબળાઈ તમારામાં પેદા નહીં કરે કે 'મને કોઈ બચાવી લે તો સારું,' અથવા 'જરા સંભાળીને ચાલું'? તમારી ભયવૃત્તિ પર પ્રભુત્વ ધરાવનારા એ અનુભવને તમે ગમે તે નામે ઓળખો, પણ જો તે અનુભવને બળે તમને તમારા નેકમાર્ગ અને કામમાં દૃઢ રહેવા અને તે માટે સંતોષપૂર્વક પોતાનાં જનમાલ તથા પોતાની પ્રવૃત્તિનું ઈષ્ટ માનેલું ફળ પણ ખોવા તમને તૈયાર રાખે એમ હોય તો તમે સત્યાગ્રહને માર્ગે રહી શકશો.

આ બાબતમાં બીજી એક વાત યાદ રાખવી જોઈએ. સ્વદેશ–ભક્તિ, પ્રેમ, લોભ, સાહસ વગેરેના વેગો પણ કદીક અસાધારણ હિમત પ્રેરે છે. આવી લાગણીઓના આવેગો પોતાનું ધ્યેય, જો કદી આડે માર્ગે મળી શકે એમ હોય તો, તે જતું કરવા તૈયાર નહીં થાય. ઉપર વર્ણવેલા બળનો આધાર રાખનારમાં ધ્યેયની સિદ્ધિની રીત વિષે નીતિનું પણ એક નિશ્ચિત ધોરણ હોય છે. એ નીતિનો ત્યાગ કરીને તે ધ્યેયને સિદ્ધ કરવા તૈયાર થતો નથી.

"ભલે આભ પણ તૂટી પડે, અને પોતાના બદ્યાંયે મનોરથો કે દુન્યવી ધ્યેયો માંગી પડે, તોયે પોતાના નિશ્ચયને અડગપણે, ઐકલો હોય તોયે, વળગી રહેવાની શક્તિનો પોતામાં રહેલો મૂળ સ્રોત તે 'અધ્યાત્મબળ' 'આત્મબળ' 'ઈશ્વરનિષ્ઠાનું બળ' છે. અને એ બળનો તે અંશ, કે જેને લીધે તે પોતાના ધ્યેયને સિદ્ધ કરવા માટે અમુક નીતિને વળગી રહેવા અથવા અમુક માર્ગોનો ત્યાગ કરવાના નિશ્ચયને ટકાવી શકે છે, તેને એનું નૈતિકબળ કહી શકાય."

આવું બળ પેદા કરનાર વિશ્વાસ, ધર્મ, ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય, વ્રત, તપ, નિયમ, શાસ્ત્રચિંતન, વિજ્ઞાન વગેરે ગમે તે નિમિત્તોથી ઉત્પન્ન થાય તે જ સત્યાગ્રહીનો ઈશ્વર કે આત્મા છે. એ એને ઈશ્વર, આત્મા કે અધ્યાત્મને નામે ઓળખે છે કે બીજી કોઈ રીતે સમજાવે છે તે ગૌણ છે; મુદ્દો એ છે કે એ બળ એને બહારનાં સાધનો કે સમાજમાંથી મળતું નથી. તે એની પોતાની અંદર જ તે અનુભવે છે. જેને આવા બળનો આધાર ન હોય, અને જે બાહ્ય યોજના અને વિવિધ સાધનો પર જ સત્યાગ્રહ કરવાની ગણતરી કરતો હોય, તે છેવટ સુધી સત્યાગ્રહી રહી શકતો નથી.

(સ્વ. કિશોરલાલ મશરૂવાળાના "સંસાર અને ધર્મ"માંથી સાભાર.)

सत्यं शिवं सुंदरम्

શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાનો લેખસંગ્રહ

કાકાસાહેબ કાલેલકર અને પંડિત સુખલાલજીના પ્રવેશકો સાથે

કિંમત રૂા. ૩, પોસ્ટેજ ૦૦–૫૦

બોધિસત્ત્વ

સ્વ. ધર્માનંદ કોસમ્બી રચિત મૂળ મરાઠી નાટક

અનુવાદકો:

શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા તથા શ્રી કાન્તિલાલ બરોડિયા

કિંમત રૂા. ૧–૫૦, પોસ્ટેજ ૦૦–૧૫

મુંબઇ જૈન યુવક સંઘના સભ્યો તથા પ્રબુદ્ધ જીવનના ગ્રાહકો માટે સત્યં શિવં સુન્દરમ્ કિંમત રૂા. ૨, બોધિસત્ત્વ: કિંમત રૂા. ૧

વિષયસૂચિ

		પૃષ્ઠ
પ્રકીર્ણ નોંધ: લોકશાહી વિદ્યાતક રાજકારણી ઉપવાસો, મહારાષ્ટ્ર–બિનમહારાષ્ટ્રીઓનો ભેદ કરતી શ્રી બેલોસેની શરમજનક મનોદશા, સૌરાષ્ટ્રને ગુજરાતથી અલગ કરો! માઈસોરના મુખ્ય પ્રધાનની આ ઉદ્ધત વાણી અને વર્તનને કેમ કોઇ પડકારતું નથી? આપણી લોકશાહીનાં અદ્યતન વલણો	પરમાનંદ	૬૫
વિજ્ઞાને માનવીને વિનમ્ર અને ભક્તિપરાયણ બનાવવો ઘટે	દેવીડ સાર્નોફ	૬૭
શાંતિસેના શું છે?	નારાયણ દેસાઈ	૬૮
ન્યાયવિતરણ અને આર્થિક વેતન	પરમાનંદ	૭૦
ટીકડી સંસ્કૃતિ		૭૧
ઈશ્વરનિષ્ઠાનું બળ	કિશોરલાલ મશરૂવાળા	૭૨
મહાપ્રસ્થાનના પથ પર–૧૩	પ્રબોધકુમાર સન્યાલ	૭૩
અવમૂલ્યન	ગીતા પરીખ	૭૪

મહાપ્રસ્થાનના પથ પર-૧૩

છાપું પાછું આપીને હું ચૂપચાપ બેસી રહ્યો. શરીરમાં ઝણઝણાટી થતી હતી. આજે હું થોડું ચાલ્યો તેમાં મને વિશેષ દર્દ હતું. જે દિવસો વીતતા હતા તેથી હું વધુ ને વધુ થાકનો અનુભવ કરતો હતો. દુ:ખ સહન કરવાની મારી શકિત પણ ઓસરી ગઈ હતી. શરીરમાં અકાળે ઘડપણ આવ્યું હતું, અને શરીર વિશેષ ને વિશેષ ઘસાતું જતું હતું. આમ કરતાં કરતાં જ એક જગ્યાએ આવી પહોંચીશું કુતુહલ અને આકાંક્ષાભર્યા અને આમ જ જતી વખતે બધાની અવહેલના કરીને ચાલ્યો જઈશ, ને મારા મનમાં જરા જેટલો પણ ધોખો રહી જવાનો નથી. આપણે બધી જગ્યામાં કાંઈક દુષ્પ્રાપ્ય વસ્તુને શોધતા ફરીએ છીએ. ક્યાંય એ વસ્તુ આપણે પ્રાપ્ત કરતા નથી. આપણી એક આંખમાં આશા હોય છે. બીજી આંખમાં આશાભંગનો મન:સ્તાપ હોય છે.. આ શોધાશોધ અને વ્યર્થતા એ જ જીવનનું સાચું સ્વરૂપ છે. જે માર્ગ જીવનથી મૃત્યુ પર્યન્ત વિસ્તરેલો છે, એ માર્ગની બન્ને બાજુઓ કેવી પરસ્પર ભિન્ન છે? એક તરફ આશા તો બીજી તરફ આશાભંગ, એક તરફ પ્રગતિ તો બીજી તરફ વિગતિ, એક તરફ આનંદ તો બીજી તરફ વેદના, એક બાજુ સંન્યાસ તો બીજી બાજુ ભોગ. આપણે બન્ને બાજુઓને સ્પર્શ કરતા કરતા જ જીવનમાં ગતિ કરતા હોઈએ છીએ. ક્યાંય રૂકાવટ નથી. એ બન્ને તત્ત્વો આપણી અગ્ર ગતિને મદદ કરે છે. આપણું પૂજાનું ઉપકરણ માત્ર છે. જીવનનો જે સ્રોત ઉત્પત્તિથી નિવૃત્તિની તરફ વહે છે એ સ્રોતના બન્ને કિનારા પર કેટકેટલાં હાસ્ય અને રૂદન, કેટકેટલાં સુખદુ:ખ અને માણસના નાના મોટા જીવનપ્રસંગોનો ઈતિહાસ સમાયેલો છે. ક્યાંક પ્રેમનો અનુભવ થાય છે, ક્યાંક સૃષ્ટિમાં સ્નેહ અને મમતાના બંધનનો અનુભવ કરીએ છીએ, ક્યારેક દગાનો અને પીડાનો પણ અનુભવ કરીએ છીએ, તો ક્યારેક દૈન્ય અને અપમાન પણ અનુભવીએ છીએ. પણ તેમ છતાં, ક્યાંક પણ જીવનમાં આંચકો આવતો નથી, એ રૂંધાતું નથી, એ પરિપૂર્ણ આત્મવિકાસની પ્રેરણાથી પોતાના વેગથી વહ્યું જાય છે.

સાંજ પડી, અને સાથે સાથે જ સુંદર ચાંદની પણ આવી પહોંચી. મને લાગ્યું કે આવતી કાલે પૂર્ણિમા હોવી જોઈએ, ને પૂર્ણિમા વૈશાખી હતી. એ સુદ ચૌદશની ચાંદની તરફ જોતાં જોતાં મને નિંદ આવી ગઈ. ક્યાંય પણ જો આપણે ચૂપચાપ બેસી રહીએ તો ઝોકાં આવવા માંડે ને એવી સ્થિતિમાં જો ઉંઘીએ તો બચી જઈએ છીએ. આપણી પ્રેરણા નિસ્તેજ બની જાય છે, ને ઉત્સાહ મંદ થતો જાય છે. જરા જરામાં થાક લાગે છે. સર્વનાશિની રસ્તાની માયા ગળામાં દોરડી બાંધીને મને ખેંચી જાય છે. ધૂળમાં કાંકરામાં, પથરાના, કાંટાના ઉઝરડા ને ઘાથી હું અનેક જગ્યાએ ઘવાયેલો છું. તો પણ ગયા વિના બીજો આરો નથી. એવું મારું ભાગ્યનિર્માણ છે. પાછળનો રસ્તો જેમ જેમ ઊંડાણમાં ડૂબી ગયો છે, તેમ સામેનો માર્ગ તો અનન્ત રહસ્યથી વીંટાઈ ગયેલો છે. મારા ઉપર હવે મારો કાબુ રહ્યો નહોતો, નિયતિની સમક્ષ મેં આત્મસમર્પણ કર્યું હતું. મારું જીવન અને મરણ એની ગાંઠથી બંધાયલું હતું. હું નિયતિ જે રમકડાંથી રમે છે, તેવું એક રકમડું છું. એની ઈચ્છાનુસાર હાલું છું, ચાલું છું, હસું છું ને રડું છું, જીવું છું ને મરું છું. મારા બધાં કામની પાછળ એ નિ:શબ્દ ઊભું રહ્યું છે, એના ઈશારાનુસાર જ મારે વર્તવું પડે છે, મારી સ્વતંત્ર સત્તા તો રજમાત્ર નથી.

જો ઊંઘ આવે તો છૂટકારો થાય. તંદ્રાથી આંખ ઘેરાઈ ગઈ છે. રસ્તે ચાલતાં ચાલતાં મારી આંખમાં આજકાલ ઉંઘ ભરાવા માંડે છે. કેટલીક વાર તો ઘણો રસ્તો કાપ્યા પછી મારી તન્દ્રા એકા-એક જાગૃતિમાં પરિણમે છે. તેથી તો ચાલતાં ચાલતાં સાચે જ હું તન્દ્રામાં હતો, તેનું મને જરાય ભાન રહ્યું નહોતુંને? ચાલતાં ચાલતાં મારો ઘોરવાનો અવાજ સાંભળીને હું જ ચકિત થઈ જતો, ને વ્યાકુળ બની જતો. તન્દ્રાની સ્થિતિમાં કોઈ વાર પહાડપરથી પગ સરકી જાય. એ જ દહેશતમાં હું જરા સાવધાન રહેતો. કડિયાળી ડાંગ હાથમાં મજબૂત રીતે પકડીને, ઠક ઠક કરતો હું ચાલતો. રસ્તાની એક બાજુ પર્વતો હતા, જ્યારે બીજી બાજુ ખીણની ભૂમિ હતી. હું પહાડને ઘસાઈને ચાલતો હતો. આ ક્ષણભંગુર જીવનની હું નિરંતર કાળજી રાખતો. એના વિષે મને હંમેશાં ચિંતા રહ્યા કરતી. અવશ્યંભાવી મૃત્યુ તરફ હું ક્ષણે ક્ષણે મીટ માંડતો. રોજ સવારથી રાત સુધી. મૃત્યુના મોંમાથી આત્મરક્ષા કરતાં કરતાં આપણે બધા થાકી જઈએ છીએ. જો કે, આપણને ખબર હોય છે કે, એક દિવસ આપણે એનાથી ભાગી શકવાના નથી. એક દિવસ તો પકડાઈ જવું જ પડશે. આટઆટલી સજાવટ, આટલો વિલાસ, આટલો ભોગ ને આટલી તિતીક્ષા, આટલું દુ:ખ ને આટલો પ્રેમ—એ બધું મૃત્યુની તરફ જ લઈ જતું હોય છે. આ બધું લઈને એક દિવસ મૃત્યુના ચરણમાં આપણને આત્મસમર્પણ કરવું પડવાનું છે. આથી જ અજ્ઞાન મનુષ્યને સ્થાયી તત્ત્વ માટેનું આટઆટલું પ્રલોભન હોય છે. કોઈ એટલા માટે તો પીરામીડ ઘડે છે, કોઈ તાજમહાલ બંધાવે છે, તો કોઈ વિશાળ દીવાલ ઊભી કરે છે. મૃત્યુ કોઈની દયા ખાતું નથી. એ નિદર્યતાથી એક દિવસ એના સોળેસોળ આના વસૂલ કરી લેવાનું છે. એની દષ્ટિએ એંશી લાખ જીવો જેવા છે, તેવો જ માનવી પણ છે. માણસ વિશેષ સન્માનને લાયક છે કે એના તરફ પક્ષપાત રાખવો જોઈએ એવું એને નથી. એ એની વિનાશની સાવરણીથી બધાને એકવાર સાફ કરી નાંખે છે. આજે જેઓ નવા છે, જેની આંખમાં નવું તેજ છે, નવો ઉદ્યમ ને અનુપ્રેરણા છે, કાલે તેઓ પાકા થઈ જશે, ને જૂના બની જશે, સંસારમાંથી એમનું પ્રયોજન ધીરે ધીરે ઘટતું જશે ને તેઓ મૃત્યુના ગર્ત તરફ ધકકેલાતા જશે. ફાટફાટ થતા ઉલ્લાસથી જેઓ ધપ્યા જાય છે, તેઓ ફટફટ પડતા પ્રહારથી વારંવાર નાશી છૂટવા પ્રયત્ન કરે છે.

આકાશ ને પૃથ્વીને મઢી લેતી સુદ ચૌદશની ચાંદની ઝરતી હતી, પર્વતના શિખર શિખરે નક્ષત્રો જાગી ઉઠયાં. વાંસામાં પવન પોતાનું ઉત્તરીય લહેરાવતો ભમવા લાગ્યો. મંદિરના ઓટલા પર એકલો હું પડી રહ્યો ને આવી ઊંઘ.

બીજે દિવસે પરોઢિયામાં જ સામાન ખભે લઈને એ રાબેતા મુજબની યાત્રા મેં શરૂ કરી. જે ઉખીમઠમાં પહોંચવા માટે આટ-આટલી તૈયારી હતી, જેની તરફ આટઆટલું આકર્ષણ હતું, તેની આજે યાત્રીઓ નિર્દયતાથી અવહેલના કરતા હતા. મારા જીવનમાંથી તો એનું પ્રયોજન પૂરું થયું હતું. એ પાછળ કરુણ દષ્ટિથી મારા માર્ગને જોયા કરતું હતું. પ્રભાતની બાજુથી મને આહ્વાન આવ્યું, મને બોલાવ્યો શુક્ર તારાએ. દૂરદૂરથી આમંત્રણ આપ્યું. રાતનું અંધારું પાછળ રહી ગયું. પ્રકાશે પોતાના તાજા સમાચાર પાઠવ્યા, ને મારી યાત્રા શરૂ થઈ. પરોઢિયાનો પવન મોઢું સંતાડીને આવજા કરતો હતો. પંખીઓનો કિલકિલાટ આનંદ અને અભિનંદન પ્રગટ કરતો હતો, રસ્તાની આસપાસ વસન્ત પુષ્પોનો સમારોહ હતો. આકાશના દેવતા સુંદર રંગવાળી માળા પહેરાવીને ઉષાને વન્દના કરતા હતા. એની નીચે જ તીર્થયાત્રીઓનો માર્ગ હતો. રસ્તો ફકત ચઢાણનો જ હતો. એ ફકત ઉપર જ જતો હતો. અમે નમેલી કમ્મરે ઉપર ચઢતા હતા. કોઈ આગળ જઈ શકે એમ નહોતું. ડગલાં સંભાળી સંભાળીને રાખીને જ આગળ જવાય એમ હતું. જેના બે પગ પાછળ રહે, તેને પાછળ રહેવું પડે એમ હતું. જો એ આગળ જવાનો પ્રયત્ન કરે, તો એનો શ્વાસ ભરાઈ જાય ને એને બેસી જ જવું પડે.

કોઈ જો બહાદુરી પ્રગટ કરે, તો રસ્તો એને બરાબર સ્વાદ ચખાડે, શકિતમાન અને ઝડપથી ચાલનાર માટે ભગવાન બદરીનાથને જરા જેટલો પણ પક્ષપાત નથી, દુર્બળ અને બળવાન બન્નેને તેઓ એકસરખા બનાવીને પોતાની પાસે તાણી લે છે.

કાથાચટ્ટી અને ગોલિયાબગડ પસાર કરીને વળી એક માઈલ વધારે ચઢાણ પાર કરીને તે દિવસે બપોરના તકડામાં અર્ધા મરેલા જેવા અમે દોપેડા ચટ્ટીમાં આવી પહોંચ્યા. આ બધી ચટ્ટીઓનો અંત કયારે આવશે, તે તો મને ખબર નથી. એ બધી ચટ્ટીઓ જાણે રસ્તાની એક બાજુ બેસી રહે છે. અને યાત્રીઓને પકડી પકડીને ગળી જાય છે, અને પછી વખત જતાં એમને બહાર કાઢી નાંખે છે. આ ઉપમાને જરા ઉલટી રીતે રજૂ કરીએ તો આ ચટ્ટીના જેવો મિત્ર રસ્તામાં બીજો કોઈ નથી. જે માર્ગમાં રૂકાવટ નથી, જેમાં કોઈ બંધન નથી હોતું, જે માર્ગમાં મુકિતનો અનાવૃત અવકાશ હોય છે, એ રસ્તા પર ચલાતું નથી. પથિકના પગને માટે એ માર્ગ ભયાનક બાધારૂપ થઈ પડે છે, એનું નામ મરુભૂમિ, તેથી જ થાકેલા વટેમાર્ગુને આદરથી આમંત્રણ આપે છે એ ડાળીઓથી બાંધેલી લતા અને પાંદડાંઓથી ઘેરાયેલી ચટ્ટી. દરિદ્ર, દુ:ખીણી માતા જાણે કે રસ્તા પર ઊભી રહીને રસ્તે થાકેલા સંતાનની આશાભરી વાટ જુએ છે. એના એક હાથમાં ઝરણાંનું સુશીતલ પાણી છે, ને બીજા હાથમાં સામાન્ય વિદુરની ભાજી છે.

ભોજન નિદ્રા ઈત્યાદિથી પરવારી લગભગ ત્રણ વાગે પાછો આગળ યાત્રા માટે રસ્તા પર આવ્યો. ધૂમ તડકો હતો. કયાંય વાદળની નિશાની નહોતી. ત્રણેક દિવસ પૂર્વે અમે બરફની અંદર ઠંડકમાં સમાધિસ્થ થઈને ચાલતા હતા, તે આજે પરસેવાથી નીગળતી સ્થિતિમાં ચાલતાં અમે વિસરી જ ગયા હતા. એ વખતે રસ્તામાં શિયાળો હતો, આજના રસ્તામાં વર્ષાના આગમન પૂર્વેની પરિસ્થિતિ હતી. અહીં ઋતુઓના થોડી થોડી વારે પલટા થતા હતા. ગ્રીષ્મ પછી તરત જ પાછી વસન્ત ઋતુ આવી પહોંચે. બપોરના ઠંડીથી આખું શરીર ધ્રુજવા માંડે, તો રાત્રે અત્યંત ગરમીથી ઉઘાડા શરીરે ચટ્ટીનાં દરવાજા આગળ જ સૂઈ રહેવું પડે. એક જ દિવસમાં કયારેક તમને શરદ ઋતુનું નીલોજજ્વલ આકાશ, મલ્લિકા ને શેફાલીની પ્રચુરતા મળે તો કયારેક શ્રાવણ મહિનાના જેવો ઘોધમાર વરસાદ, કદંબ ને ચંપાની શોભા મળે; વળી કયારેક ઋતુરાજનો વસન્તવિલાસ પણ જોવાનો મળે, પૂર્ણિમાની મધુર રાત્રી મળે; તો કયારેક શિયાળાની શીર્ણતા, પ્રકૃતિનો રૂક્ષ વૈધવ્યવેશ પણ જોવા મળે. રોજ રોજ વિચિત્ર ઋતુઉત્સવ નજરે જોવાને મળતો. હેરાન થયેલા અને જેમણે જીવનનો વૈરાગ લીધો હતો તેઓ અર્ધી મીંચેલી આંખે એ પ્રકૃતિસ્વરૂપનું પરિવર્તન જોતાં જોતાં ઉદાસીન ભાવથી ચાલ્યા જતા હતા. અમે હવે કશાથી પણ મુગ્ધ થતા નહોતા.

આગલે દિવસે મંદાકિની પાર કરીને ઊખીમઠના માર્ગમાં જે ચઢાઈ શરૂ કરી હતી, એ જ ચઢાણ હજુ ચાલતું હતું. એનો કયાંય અંત દેખાતો નહોતો, ને એમાં કયાંય આરામ નહોતો. આ પથનો ઉદ્દેશ જ જાણે અમને શકિતહીન કરવાનો અને અમારું લોહી શોષી લેવાનો હતો. આજે સવારે રૂઈદાસ શુકલ અને પંડિતજીને અકર્મણ્ય બનીને પાછળની ચટ્ટીમાં પડી રહેલા મેં જોયા હતા. પેલી જાડી મહારાષ્ટ્રી ડોશીને પણ રસ્તા પર બેસીને ચીખતી મેં જોઈ હતી. મનસાતલાવાળી માસી ખૂબ પૈસા આપીને કાંડી ભાડે કરીને મજૂરોની પીઠ પર બેઠી હતી. માખીના ડંખથી, ને ફોલ્લાની વેદનાથી બધાં દુ:ખથી ગાંડા જેવા બની ગયાં હતાં, તેમાં વળી પાછી આ ચઢાઈ. એથી જીવતા પાછા જઈશું એવી કોઈને આશા રહી નહિ. નિર્મળા ચાલતાં ચલાતાં થોડી થોડી વારે ઊભી રહે. એમ લાગતું હતું કે એ જાણે રડવાનો પ્રયત્ન કરે છે, પણ એ રડી શકતી નહોતી, જીભને તાળવાનો સ્પર્શ કરી શકતી નહોતી, તેથી એ કોઈ વિચિત્ર અવાજ મોઢામાંથી કાઢતી હતી, જાણે મૃત્યુને પથે જતો યાત્રી ડચકાં ખાતો હોય તેવો. ચાલતાં જતા કોઈ કોઈ યાત્રીઓ, યંત્રવત એના મોઢામાં પાણી રેડતા, એ પાણી ગળે ઉતારવાનો પ્રયત્ન કરે, ને પછી ઊભી ઊભી નિ:સહાય અવસ્થામાં જોયા કરે. કોઈ પણ એક શબ્દ બોલતું નહોતું. દાંતની જોડે જીભ અને તાળવું ચોંટી ગયાં હતાં. વાકય બોલવાની શકિત રહી નહોતી. એ લોકો તો ફકત એક જ વાત કહેતા હતા. "હજી રસ્તો કેટલો બાકી છે?" રસ્તો હજી કેટલો બાકી છે તે શી રીતે ખબર પડે? અમે બધા એક પ્રકારના જ અણજાણ માર્ગના યાત્રીઓ હતા, કેમ કરીને કહી શકીએ કે અમે જેની ઘણા વખતની ઝંખના કરીએ છીએ તે મંદિર હજી કેટલું દૂર છે? મનમાં તો એમને કહેવાની ઘણીય ઈચ્છા થતી હતી, કે તમે હવે આગળ ન વધશો, અહીં જ અટકી જાઓ. આ જ તમારી સીમા ને અહીં જ યાત્રાનો અંત; પણ બોલું શી રીતે? અહીં કાંઈ રોકાવાય એમ હતું નહિ. આ બધું તો પસાર કરીને જવું પડશે, નહિ જવાથી કાંઈ વળવાનું નથી, પાછળ રહેલી હિમાલયની અનંત-પર્વતમાળાની અંદર અમે ખૂંચી ગયા હતા. જો અટકીએ તો હંમેશને માટે જ અટકી જવું પડે, આગળ ગતિ કર્યા સિવાય બીજો કોઈ ઉપાય નહોતો. આ માર્ગમાં જેમ ક્ષમા નહોતી, તેમ સગવડનો પણ અભાવ હતો. જેઓ પગપાળા જાય છે, એની અવસ્થા ગમે તેટલી સારી હોય, પણ એને કાંઈ વિશેષ સગવડ મળી રહેતી નથી. આ જ બધા કરતાં મોટામાં મોટી કસોટી છે. નાનામોટાનો સવાલ ઊભા થવાનો અહીં જરા જેટલો પણ અવકાશ નથી, ગરીબ ને પૈસાદાર એકબીજાથી જુદા પડે એવી પરિસ્થિતિ જ અહીં નથી. સમાજમાં રહેતા મનુષ્યની સ્વભાવસિદ્ધ અહમિકા, આત્મરતિ, વિદ્વેષ, ચિત્તની મલીનતા, સ્વાર્થ ને સંકુચિતતા એ બધાને પ્રગટ કરવાની અહીં કોઈ સગવડ નથી. અહીં તો જાતિવર્ણ બધું લુપ્ત થઈને બધા સમાન જ બની જાય છે. આહાર, વિહાર, વિશ્રામ, શયન ને પરિશ્રમ બધાં એક પ્રકારનાં જ હોય છે. એક માણસે કયાંય પણ એકબીજા માણસના કરતાં વધારે સારું ખાવાનું ખાધું છે, એવી વાત કરવાની હોતી જ નથીને, જો કોઈ એમ કહે તો એ મિથ્યાવાદી છે.

અનુવાદક : ડૉ. ચંદ્રકાન્ત મહેતા.

ક્રમશ:

મૂળ બંગાળી : શ્રી પ્રબોધકુમાર સંન્યાલ.

અવમૂલ્યન !

(અનુષ્ટુપ)

"એક વ્હેલા પ્રભાતે કો છાપાના શ્રેષ્ઠ 'પ્રીન્ટ' માં
ચમકયો હું, ફર્યો તુર્ત ફેરિયાના સ્વરે-સ્વરે
લોકોના કાનકાને ને મુખે નામ જ માહરૂં
ગાજ્યું શું ! ત્યારથી નિત્યે લેખોમાં, ભાષણો મહીં
રેડિયો પર, સર્વત્ર –
વેપારીથી પ્રધાનો ને વડાપ્રધાનને ઉરે
બધે છે સ્થાન માહરૂં, વર્ચસ્વ મારૂં સર્વ પે !
કેટલું મૂલ્ય તો માહરૂં વધ્યું છે, અવમૂલ્ય કયાં ?"
– રૂપિયો બોલતો,
"આ તો મારૂં ના, કિંતુ રોટીને
કાજે ઝૂરતી જિંદગી.....તાણું છે અવમૂલ્યન !"

(તા. ૨૮-૬-'૬૬)

ગીતા પરીખ

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ. મુંબઈ-૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ

Regd. No. MH. 117
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસરકરણ
વર્ષ ૨૮ : અંક ૮

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ઑગસ્ટ ૧૬ ૧૯૬૯, મંગળવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૨૫ પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

☆ હું ભારત પ્રત્યે કેમ આકર્ષાઈ? ☆

(થોડા સમય પહેલાં, ૧૯૬૩ની સાલમાં પ્રગટ થયેલું 'Hunting the Guru in India' એ મથાળાનું પુસ્તક મારા વાંચવામાં આવ્યું. એ પુસ્તકની લેખિકા છે શ્રીમતી એની માર્શેલ. તે એક મનોવૈજ્ઞાનિક ઉપચારનિષ્ણાત છે. ૧૯૫૭ની સાલમાં તે પોતાના વ્યવસાયના અનુસંધાનમાં ઓસ્ટ્રેલિયા ગઈ ત્યાં સુધી ભારત વિષે એ લગભગ અજ્ઞાત હતી. ગાંધીજી અંગ્રેજી હકુમત સામેના આન્દોલનના એક અગ્રગણ્ય પ્રવર્તક હતા અને ૧૯૪૭માં કોઈ ધર્મઝનુની ખૂની માણસે તેમનું ખૂન કર્યું હતું—આથી વિશેષ ગાંધીજી વિષે તે કશું જ જાણીતી નહોતી. તે ઓસ્ટ્રેલિયામાં હતી તે દરમિયાન ગાંધીજી વિષેનું એક ચરિત્ર તેના વાંચવામાં આવ્યું અને પછી તો ભારતના અન્ય મહાપુરુષો વિષે તેણે ઘણું ઘણું વાંચ્યું અને આવા મહાપુરુષોને પેદા કરનાર ભારત વિષે તેના દિલમાં ભારે કૌતુક-કુતુહલ—પેદા થયું. અને ઓસ્ટ્રેલિયાથી પાછા ફરતાં તે ભારતમાં બે વર્ષ રોકાણી અને ભારતના અનેક આધ્યાત્મિક કેન્દ્રોની તેણે મુલાકાત લીધી અને અનેક વિશિષ્ટ વ્યકિતઓને જાતે મળી. આ સર્વ અનુભવો તેણે ઉપર જણાવેલ પોતાના પુસ્તકમાં સંગ્રહિત કર્યા છે, જેનુ વાચન અત્યન્ત રોચક અને બોધપ્રદ છે. પોતે નાસ્તિક—અજ્ઞેયવાદી—agnostic—એમ છતાં ભારતને લગતું ઉપર જણાવેલું સાહિત્ય વાંચતાં તેનામાં કેવું આકર્ષણ પેદા થયું અને ભારત તરફ તે કયા સંયોગોમાં ખેંચાઈ આવી તેનું પ્રેરક નિરૂપણ તે પુસ્તકના ઉપોદ્‌ઘાત અને પુરોવચનમાં કરવામાં આવ્યું છે. તેનો અનુવાદ નીચે આપવામાં આવે છે.

અહિં સ્પષ્ટ કરવાની જરૂર છે કે પ્રસ્તુત ઉપોદ્‌ઘાતના પહેલા બે પારિગ્રાફમાં પ્રાણીશાસ્ત્ર, શરીરશાસ્ત્ર અને મનોવિજ્ઞાનને લગતા પુષ્કળ પારિભાષિક શબ્દો આવે છે. તેનુ અક્ષરશ: ભાષાન્તર કરવાનું મારા માટે અશકય લાગવાથી તેનો સારાંશ આપવામાં આવ્યો છે.

પરમાનંદ)

ઉપોદ્‌ઘાત

હું નાસ્તિક લેખાતા કુટુંબમાં જન્મી હતી, અને મને પાશ્ચાત્ય ઘોરણે વૈજ્ઞાનિક શિક્ષણ આપવામાં આવ્યું હતું. શરૂઆતમાં એડિનબર્ગમાં રહીને મેં નેચરલ સાયન્સીઝનો અભ્યાસ કર્યો હતો અને ત્યાર બાદ લંડનમાં રહીને ક્લીનીકલ સાઈકોલોજીસ્ટ—મનોવૈજ્ઞાનિક ઉપચાર નિષ્ણાત—તરીકેનો મેં ડીપ્લોમા પ્રાપ્ત કર્યો હતો. જીવતત્વના વિકાસને લગતો જે ઉત્ક્રાંતિવાદ આજનું વિજ્ઞાન રજુ કરે છે તે મને સંપૂર્ણ અંશમાં માન્ય હતો. માનવી એ જીવસૃષ્ટિના વિકાસની પરમકોટી છે, પંચમહાભૂતમાંથી પેદા થયેલી એક સર્વોત્કૃષ્ટ રચના છે એમ હું માનતી હતી. ચેતના, મારી સમજણ પ્રમાણે, ભૌતિક-પૌદગલિક- મગજની પ્રક્રિયા છે ને આ શારિરીક મગજ—physical brain—સિવાય ચેતનાની કોઈ પ્રક્રિયા શકયજ નથી એમ હું માનતી હતી. આ આખા ચિત્રમાં અથવા તો કલ્પનામાં ઈશ્વરના કે શરીરથી ઈતર એવા આત્મતત્વના ખ્યાલને મારા ચિન્તનમાં કોઈ સ્થાન જ નહોતું.

આમ છતાં પણ માનવી જીવન વિષેની આ પ્રકારની વિચારણા અંગે હું એક તરેહનો અસંતોષ અનુભવતી હતી. 'આમ કેમ બને છે?' એ રીતે વિચારવાને બદલે "આમ શા માટે બને છે?"—આવો પ્રશ્ન હું મારા શિક્ષકો અને અધ્યાપકો પાસે હંમેશા રજુ કરતી હતી અને તેઓ મારી આ રીતે વિચારવાની રીતને અવૈજ્ઞાનિક Unscientific કહીને મને હસી કાઢતા હતા. Mutation and Natural Selecion—(પરિવર્તન અને નિસર્ગપ્રેરિત પસંદગી)ના સિદ્ધાન્તની ઉપર આધારિત ઉત્ક્રાન્તિને લગતો સિદ્ધાન્ત એ વખતે તેમ આજે પણ મને અધુરો—અપૂરતો—લાગતો હતો. તેનાથી માનવીમનને લગતી અનેક જટિલ સમસ્યાઓનો સંતોષકારક ખુલાસો થઈ શકતો નહોતો, કોઈ પણ પદાર્થનું જ્ઞાન તે પદાર્થના એક યા અન્ય ઈન્દ્રિયોદ્વારા માનવીના મગજ સાથે યોજાતો સંબંધ અને તે દ્વારા નિપજતા આઘાત પ્રત્યાઘાતદ્વારા થાય છે. આને આપણે ઈન્દ્રિયજન્ય જ્ઞાન તરીકે ઓળખીયે છીએ. આ ઉપરાન્ત એવું પણ ઈન્દ્રિય—નિરપેક્ષ એટલે કે ઈન્દ્રિયોના માધ્યમની મદદ વિનાનું જ્ઞાન-અનુભૂતિઓ—હકીકત રૂપે સંભવે છે, જે જ્ઞાનને—અનુભૂતિને—સંવેદનને ઉપર જણાવેલ માળખામાં કોઈ પણ રીતે આપણે ગોઠવી શકતાં નથી. આવી અનુભૂતિઓના અસ્તિત્વનો કોઈથી ઈનકાર થઈ શકે તેમ નથી. આમ છતાં આ અનુભૂતિઓ કેમ નિર્માણ થાય છે એ સવાલ જ્યારે હું મનોવૈજ્ઞાનિકો સમક્ષ રજુ કરતી ત્યારે કાં તો તેની વાસ્તવિકતાનો તેઓ અસ્વીકાર કરતા હતા અથવા આ એક પ્રકારનું thought—projection—વૈચારિક ભ્રમણા—છે એમ જણાવીને આવી અનુભૂતિઓને તેઓ ખાસ મહત્વ આપતા નહોતા. જાણે કે પોતાના નિયંત્રણ કે કલ્પનાથી બહારનું એવું કોઈ તત્ત્વ હોય એમ તેમને લાગતું હોય અને એમ છતાં એવો સ્વીકાર કરવાથી તેઓ ડરતા હોય—આવી છાપ મારા મન ઉપર તેમના વિષે પડતી હતી. જેને દિશા અને કાળના નિયમો લાગુ ન પડતા હોય અને તેથી વિશ્વને લગતી કેવળ ભૌતિકવાદી વિચારણાને જે પડકારરૂપ હોય એવી અનેક ઘટનાઓ માનવીના ઈતિહાસમાં નોંધાયેલ પડી છે. મને એમ પણ માલુમ પડ્યું હતું કે એવા ઘણા ડાકટરો, મનોવૈજ્ઞાનિકો અને પ્રાણીશાસ્ત્રીઓ હતા કે જેઓ આવા અતીન્દ્રિય—દિવ્ય—લેખાતી ચમત્કારિક ઘટનાઓમાં ખાનગીમાં ખૂબ રસ ધરાવતા હતા, પણ જાહેરમાં એવી કબૂલાત કરવાની તેમનામાં હિમત નહોતી.

આ બધી પરસ્પરવિરોધી અને અસમન્વિત હકીકતો ધ્યાન ઉપર આવવાને કારણે હું—agnostic—અજ્ઞેયવાદી—રહી હતી,

પણ સાથે સાથે એમ પણ માનતી હતી કે ઈન્દ્રિયોની પ્રક્રિયા દ્વારા પ્રાપ્ત થતું જ્ઞાન સમગ્ર વાસ્તવિકતાના બહુ નાના ભાગને સ્પર્શે છે. ત્રણ પરિમાણની મર્યાદામાં જ આપણું જ્ઞાન અને અનુભવ પૂરાયેલાં હોઈને, મને એમ લાગતું કે, જેનો ઘણો મોટો ભાગ હંમેશા અજ્ઞાત અને અજ્ઞેય જ રહેવાનો છે એવા સમગ્ર અસ્તિત્વને સમજવું, ગ્રહણ કરવું એ આપણી તાકાતની બહારનો વિષય છે. Mysticism–રહસ્યવાદ–રોગીષ્ટ કલ્પનાની એક તરંગમાળા છે એમ ગણીને મેં તેને કશું જ મહત્ત્વ આપ્યું નહોતું. સુગ્રથિત ધર્મના ક્રિયાકાંડો મને જરા પણ આકર્ષી શકયા નહોતા. એમ જ ઈશુ ખ્રિસ્ત એ જ માત્ર ઈશ્વરનો પુત્ર છે એવો ખ્રિસ્તી ધર્મનો દાવો અથવા તો સત્યનો સંપૂર્ણ સાક્ષાત્કાર માત્ર ખ્રિસ્તીધર્મનો જ ઈજારો છે એવું તે ધર્મના પ્રવર્તકો તરફથી મક્કમપણે કરવામાં આવતું પ્રતિપાદન મને સ્વીકાર્ય બની શકતું નહિ. માણસ કયા ધર્મને અનુસરે છે તેનો આધાર દુનિયાના કયા ભાગમાં તે જન્મ્યો છે તેની ઉપર આધાર રાખે છે એમ મને લાગતું. હું એમ પણ કદી માની ન જ શકી કે કોઈ બહારની શકિતથી મારો ઉધ્ધાર થઈ શકે તેમ છે, પછી આ શકિતને તમે ઈશુ ખ્રિસ્તના નામે ઓળખાવો કે બીજા કોઈ નામે ઓળખાવો. મને એમ લાગતું કે પાપ ઉપર ખ્રિસ્તીધર્મે મૂકેલા ભારે નિસર્ગ-અધીન માનવી અને આધ્યાત્મિક માનવી વચ્ચે એક ખતરનાક દિવાલ ઊભી કરી છે, જો કે મારે અહીં સ્પષ્ટ કરવું જોઈએ કે પાપ ઉપરનો આ વધારે પડતો ભાર ઈશુના પોતાના ઉપદેશોમાં કદિ હતો જ નહિ, પણ જેને મન જાતીય વૃત્તિ અને પાપ–બન્ને લગભગ સમાનાર્થક શબ્દો હતા એવા સેન્ટ પૉલે પાપને લગતા આવા વિચારને ખ્રિસ્તીધર્મમાં આટલાબધા મહત્ત્વનું સ્થાન આપ્યું હતું. આવાં કારણોસર ખ્રિસ્તીધર્મમાં સમગ્રને સ્પર્શે એવી કોઈ તાત્ત્વિક ભૂમિકા મને શોધી જડી જ નહિ. આમ છતાં કાંઈકમાં માન્યતા ધરાવવા તરફ–કોઈકનું અવલંબન શોધવા તરફ–મારું મન હંમેશાં ઝુકયા કરતું હતું.

આવા અસંતુષ્ટ માનસ સાથે ૧૯૫૭માં માનસિક ઉપચારને લગતી એક કામગીરી અંગે હું ઑસ્ટ્રેલિયા ગઈ. એ વખતે રસ્તામાં ભારતની મુલાકાત લેવાની મને તક હતી, પણ મેં તે લાભ જતો કરેલો, કારણ કે એ વખતે ભારત અંગે મને કોઈ ખાસ રસ જ નહોતો. ભારત પ્રત્યે મારા આકર્ષણની એક વર્ષ બાદ શરૂઆત થઈ. એક દિવસ મેલબૉર્નમાં કોઈ એક સેકન્ડહેન્ડ ચોપડીઓ વેચનારની દુકાનમાં હું ખાંખાખોળા કરતી હતી. એવામાં મારી નજર 'Lead, Kindly Light' (પ્રેમળ જ્યોતિ તારો દાખવી મુજ જીવનપંથ ઉજાળ') એ નામના પુસ્તક ઉપર પડી. આવું વિચિત્ર અને લાગણીવેડા દાખવતા નામનું પુસ્તક કઈ બાબતને લગતું હશે એ મારે જાણવું જોઈએ એવો વિચાર આવ્યાનું મને યાદ છે. એ પુસ્તક વિન્સન્ટ શીએને લખેલું ગાંધીનું ચરિત્ર છે એમ મને એ પુસ્તક તપાસતાં માલુમ પડયું. આ એ મહાપુરુષનું ચરિત્ર હતું કે જેના વિષે એ વખતે હું બહું ઓછું જાણતી હતી, સિવાય કે તેઓ ૧૯૩૦માં ઈંગ્લાંડ આવ્યા હતા અને એકદમ સફેદ કપડાં તેઓ પહેરતા હતા અને ભારતમાં એ વખતે ચાલતા અંગ્રેજી શાસન સામે અહિંસક પ્રતિકારના આન્દોલનના તેઓ પુરસ્કર્તા હતા અને એક ખુનીના હાથે તેમનું મૃત્યુ નિપજ્યું હતું. આ પુરુષ વિષેના મારા આવા અજ્ઞાન વિષે મેં ભારે શરમ અનુભવી અને મને મનમાં એમ થયું કે મારે તેમના વિષે વધારે જાણવું જોઈએ અને આ ચોપડી મારે વાંચવી જોઈએ. આ ઉપરાન્ત એ ચોપડીના રેપર–કવરપેજ–ઉપર આઈન્સ્ટીનની જાણીતી ફોર્મ્યુલા–સૂત્રાત્મક સંકેત 'E=mc.²'–છાપેલો હતો. આ ફોર્મ્યુલા અહિં છાપવાનો શું ઉદ્દેશ હશે તે મને સમજાયું નહિ. કદાચ શીએનનો હેતુ વિજ્ઞાનને ઈશ્વરની નજીક લાવવાનો હોય. આ ધારણામાં મને નિષ્ફળતા સાંપડી અને ગાંધી વિષેની ચોપડીમાં આઈન્સ્ટીનની આ ફોર્મ્યુલા શા માટે મૂકવામાં આવી હતી તેનો મને કોઈ ખુલાસો મળ્યો નહિ. પણ મહાત્મા ગાંધી વિષે મને જરૂર કંઈક જાણવા સમજવાનું મળ્યું. અને એ ચોપડી પુરી કરતાં ગાંધી વિશેનો મારો આદર ખૂબ જ વધી ગયો. આમ છતાં જે કારણે મારી કલ્પના ખૂબ પ્રભાવિત બની તે તો ગાંધી નહિ, પણ બંગાળમાં ૧૯મી સદીમાં થઈ ગયેલા સન્ત પુરુષ શ્રી રામકૃષ્ણ પરમહંસ હતા કે જેમનું ચરિત્ર પરિશિષ્ટ તરીકે આ પુસ્તક સાથે જોડવામાં આવ્યું હતું. રામકૃષ્ણ ઉપર સૌ કોઈને રૂચિ જ થાય એમ માની લેવાને કોઈ કારણ નથી, પણ હું તો તેમના વિષે એકા-એક મુગ્ધ બની બેઠી અને મને યાદ છે કે હું મારી જાતને એમ કહી રહી હતી કે જો આમાંના દશમા ભાગનું પણ સાચું હોય તો પણ તે જાણીને જીવન વિષેના કોઈના પણ દર્શનમાં પાયાનું પરિવર્તન થયા વિના રહે નહિ. એ પરિશિષ્ટ વાંચ્યાં પહેલાં એ સન્ત પુરુષ વિષે હું કશું જ જાણતી ન હતી, પણ પછી તો તેમના વિષે મેં ઘણું વધારે વાંચ્યું અને The Gospel of Shri Ramakrishna (શ્રી રામકૃષ્ણનો સદુપદેશ) પણ પહેલેથી છેલ્લે સુધી હું જોઈ ગઈ અને પરિણામે અમુક અંશે હું તેમના પ્રત્યે સારી પેઠે આકર્ષાઈ, અમુક અંશે પ્રત્યાકર્ષણ પણ અનુભવ્યું. તે કથા એકદમ Un-English છે, અંગ્રેજોના જીવનની કલ્પનાથી એકદમ જુદી પડે છે. અહિં મારે સ્પષ્ટ કરવું જોઈએ કે આ સન્ત પુરુષે પણ મારા મન ઉપર એટલી બધી ગૂઢ અસર પેદા કરી નહોતી જેટલી અસર જે દેશ આવા પુરુષને જન્મ આપી શકે છે એ દેશના વિશિષ્ટ વ્યકિતત્વે મારા દિલમાં પેદા કરી હતી. પછી ભારત વિષે હું વધારે ને વધારે વાંચતી ગઈ અને 'Lead Kindly Light' આ શબ્દોનું મારા માટે ખાસ મહત્ત્વ હતું એવી કલ્પના કરવાનું મને ગમવા લાગ્યું, કારણકે એ શબ્દોએ મને ભારત વિષેનાં અને ભારતીય વિચારસરણી વિષેનાં પુસ્તકોની લાંબી હારમાળાના અધ્યયન તરફ દોરી. પછી તો મેં ગાંધી વિષે વધારે વાંચ્યું અને તેમના વારસ વિનોબા ભાવે વિષે પણ સારા પ્રમાણમાં વાંચ્યું–એ વિનોબા ભાવે કે જેઓ ભારતની ભૂમિ ઉપર પદયાત્રા કરી રહેલ છે, દિવસ રાત એક ગામથી બીજે ગામ ભ્રમણ કરી રહેલ છે અને ભૂમિવાનોને પોતાની જમીન ભૂમિહિનોને આપવા માટે સમજાવી રહેલ છે. વિનોબા ભાવેની પદ્ધતિ અંગે અને તેની નીતિના વ્યવહારુ ડહાપણ અંગે અન્ય લોકો ગમે તે વિચારો ધરાવતા હોય, તો પણ તેમના એકાન્ત ત્યાગ અને સમર્પણ ઉપર તો કોઇ પણ માણસ મુગ્ધ અને પ્રભાવિત થયા વિના ન જ રહી શકે.

Vedanta for the Wesrern World (પશ્ચિમની દુનિયા માટે વેદાન્ત) અને વેદાન્ત સોસાયટીનાં બીજાં પ્રકાશનો હું વાંચી ગઈ અને ભારતીય ધર્મ વિષે મારા મનમાં ઘણો ઊંચો અભિપ્રાય બંધાયો. મારે મન ભારત, જ્યાં રાજાઓ હાથી ઉપર બેસીને ફરવા નીકળે છે અને લોકો ગાયની પૂજા કરવા જેટલા બેવકૂફ છે એવો ગરમ, ધુળીયો, વ્યાધીઓથી ભરેલો એવો કોઈ દેશ ન રહ્યો. આ દેશ વિષે એવું કાંઈક હોવું જોઈએ કે જે કોઈ એક પુસ્તક વાંચવાથી નહિ, પણ એ ભૂમિના વાતાવરણમાં વસીને જ હું પામી શકું, એવું કાંઈક કે જેણે રામકૃષ્ણ, ગાંધી અને વિનોબા ભાવે જેવી વ્યકિતઓના અસ્તિત્વને શકય બનાવ્યું છે–આવો વિચાર મનમાં ઘોળાવા લાગ્યો; કારણ કે ડૉ. આલ્બર્ટ સ્વાઈટઝરના અપવાદ સિવાય આધુનિક પશ્ચિમના દેશોમાં આવી મહાન વ્યકિતઓની જોડના માનવીઓ મેં કદિ જોયેલ નથી કે તેવા કોઈ માનવીઓ વિષે મેં કદિ સાંભળેલ નથી. આવી વ્યકિતઓની શોધ કરવા માટે, શકય હોય તો તેમને પ્રત્યક્ષ મળવા માટે, ભારતની મુલાકાત લેવાની મારામાં પ્રબળ ઈચ્છા જાગી અને ઈંગ્લાંડ પાછા ફરવાના મારા કાર્યક્રમમાં મેં ભારતના પ્રવાસનો સમાવેશ કર્યો. એક મહિનો, અને એક મહિનો જો ઓછો પડે અને વધારે રહેવાની જરૂર જણાય તો બે

પર્યુષણ પર્વ અંગેનો પ્રણાલિકાભેદ ટાળી શકાય એમ છે ખરું?

સાધારણ રીતે દિગંબર વિભાગ સિવાય અન્ય વિભાગના જૈનોનાં પર્યુષણ શ્રાવણ વદના છેલ્લા ચાર દિવસ અને ભાદરવા શુદના શરૂઆતના ચાર દિવસ એમ આઠ દિવસના હોય છે. એમાં પણ શ્વે. મૂ. ભાદરવા શુદ ૪ ને અને સ્થાનકવાસી વિભાગ ભાદરવા શુદ ૫ ને સંવત્સરિ પર્વ તરીકે ઉજવે છે. દિગંબરોના પર્યુષણ ભાદરવા શુદ ૫ થી ભાદરવા શુદ ૧૪ સુધી એમ દશ દિવસના હોય છે. આ વખતે બે શ્રાવણ હોઈને દિગંબર સિવાયના અમુક વિભાગે બે શ્રાવણની સંધિના આઠ દિવસને પર્યુષણ તરીકે ઉજવવાનું વિચાર્યું છે, જ્યારે બીજા વિભાગે બીજા શ્રાવણ અને ભાદરવાની સંધિના આઠ દિવસનાં પર્યુષણ ઉજવવાનું નક્કી કર્યું છે. જ્યારે શ્વે. મૂ. વિભાગ અને સ્થાનકવાસી વિભાગનાં પર્યુષણ એક સરખા હોય છે ત્યારે મુંબઈ જૈન યુવક સંઘ તરફથી આઠ દિવસની પર્યુષણ વ્યાખ્યાનમાળા ગોઠવવામાં આવે છે, પણ જ્યારે બે વિભાગના પર્યુષણમાં એટલે કે સંવત્સરિપર્વમાં એક દિવસનો ફરક હોય છે ત્યારે નવ દિવસની પર્યુષણ વ્યાખ્યાનમાળા ગોઠવવામાં આવે છે. પર્યુષણ પર્વ અંગે હવે જ્યારે બે શ્રાવણની ઉપાધિ ફરી વાર આવે ત્યારે પર્યુષણ પર્વ અંગે એકતા જળવાય એ હેતુથી મુનિ સન્તબાલજી તરફથી મળેલા એક ચર્ચાપત્ર દ્વારા તેઓ એમ સૂચવે છે કે:–

"જ્યારે બે શ્રાવણ માસ આવે ત્યારે સવાલ ઊઠે કે શું કરવું? જો બે આષાઢ આવે ત્યારે બીજા આષાઢથી ચોમાસું શરૂ થયું ગણતા હોઈએ, બે ભાદ્રપદ આવે ત્યારે પહેલા ભાદ્રપદ માસની જ ચોથ કે પાંચમની સંવત્સરી ગણતા હોઈએ તો આ રીતે ગણતાં બે શ્રાવણ માસ આવે ત્યારે ભાદરવાનો આગ્રહ છોડી બીજા શ્રાવણ માસની સુદ એકમથી માંડીને શુદ નોમ લગી જો પર્યુષણ પર્વ ઉજવાય તો ચારે ય ફિરકાઓનું મહત્ત્વ પણ જળવાય અને આ રીતે પર્યુષણ પર્વની મંગળ આરાધના પણ એકતાપૂર્વક યથાર્થ થઈ રહે. આ વરસે હવે આ ન બની શકે તો પણ આગામી વરસોમાં આવો કોઈ તોડ નીકળે તો શાસ્ત્રમર્યાદા તથા દરેક સંપ્રદાયની વહેવારમર્યાદાનો તાળો મળી રહેશે."

મુનિ સન્તબાલજીની આ યોજના સર્વ સ્વીકાર્ય બનતી હોય અને એ રીતે જૈનો–જૈનો વચ્ચે એકતા સધાતી હોય તેના જેવું બીજું કશું જ રૂડું નથી. પણ જ્યાં સંવત્સરી પર્વ અંગે ચોથ - પાંચમનો ભેદ પણ ટાળી શકાતો નથી ત્યાં આ તેમની સૂચના વ્યવહારુ બની શકે તેમ જરા પણ લાગતું નથી. આપણા સમાજમાં કેટલીક બાબતની જડ એટલી બધી ઊંડી હોય છે કે તે બાબતમાં પાયાનું કોઈ મહત્ત્વ ન હોય અને તે અંગે એક યા બીજો ફેરફાર કરવાનું સામાજિક એકતાની દૃષ્ટિએ અત્યન્ત હિતાવહ લાગતું હોય તો પણ તેવા ફેરફારની સૂચના માટે જાણે કે કોઈ અવકાશ જ ન હોય એમ લાગે છે. પર્યુષણ અને એમાં પણ સંવત્સરિ પર્વની બાબત કાંઈક આવી છે. તે પરંપરાની જડ ઘણી ઊંડી છે અને સંપ્રદાયને વરેલા સાધુગણને મન જૈનોની એકતા કરતાં પરંપરાની રક્ષાનું મહત્ત્વ ઘણું જ વધારે હોય છે. વસ્તુસ્થિતિ આવી હોઈને, મુનિ સન્તબાલજી સૂચવે છે તેવા કોઈ પરંપરાભેદ ફફેરફારનું આંદોલન ઊભું કરવામાં આવે તો તે આપણને એકતા તરફ લઈ જવાને બદલે પરસ્પર સંઘર્ષ વધારવામાં પરિણમે–એવી સંભાવના ઘણી વધારે લાગે છે અને તેથી અનુભવ એમ કહે છે કે વર્તમાન પરિસ્થિતિમાં જૈન સમાજની એકતા સાધવાની ઈચ્છા ધરાવનારા લોકોએ અન્ય જે કોઈ યોગ્ય લાગે તે ઉપાયો હાથ ધરવા પણ પર્યુષણ એક કરવાની બાબત હાથ ધરવાનો કોઈ અર્થ નથી એમ સમજીને તે જેમ ચાલે છે તેમ ચાલવા દેવું એ જ વધારે હિતાવહ છે.

પશ્ચિમ અને પૂર્વના દર્શનમાં રહેલું મૌલિક અન્તર

તાજેતરમાં તા ૧-૮-૬૬ ના 'જૈન પ્રકાશ'માં પ્રગટ થયેલ ઉપાધ્યાય મુનિ શ્રી અમરચંદજી મહારાજના 'આત્મા અને પરમાત્મા' એ મથાળા નીચે પ્રકટ થયેલ મૂળ હિંદી લેખનો ગુજરાતી અનુવાદ વાંચવામાં આવ્યો. એ વાંચતાં અને એ દ્વારા મુનિશ્રીની સંપ્રદાયમુકત અત્યન્ત ઉદાર અને વ્યાપક વિચારસરણીનો પરિચય થતાં હું ખૂબ પ્રભાવિત થયો અને "જૈન પ્રકાશ"ના છેલ્લા બે ત્રણ મહિના દરમિયાન પ્રગટ થયેલા મુનિશ્રીના અન્ય ત્રણ ચાર લેખો જોઈ ગયો અને સવિશેષ પ્રસન્નતા અનુભવી. ઉપર જણાવેલ લેખમાં તેમણે પશ્ચિમ અને પૂર્વના દર્શનમાં રહેલા મૌલિક અંતરનું સુન્દર વિશ્લેષણ કર્યું છે. આ બન્ને દૃષ્ટિમાં રહેલા અંતર અંગે કેટલાક સામાન્ય ખ્યાલો મન ઉપર જરૂર હતા, પણ આ અંતરને તેમણે જે સ્પષ્ટ આકાર આપ્યો છે તે આકાર ચિન્તનમાં આ રીતે પહેલાં સ્થિર થયો નહોતો. મુનિ શ્રી અમરચંદજી પ્રસ્તુત મુદ્દા અંગે નીચે મુજબ જણાવે છે.:

"પશ્ચિમ અને પૂર્વના દર્શનમાં આ મૌલિક અંતર છે. પાશ્ચિમાત્ય દર્શનના મતાનુસાર મનુષ્ય પહેલાં જાનવર હતો, વાંદરો હતો, વિકાસ થતાં થતાં તે આદમી બનેલ છે. અભિપ્રાય એ છે કે તે મૂળમાં પશુ છે અને મૂળમાં રહેવાવાળું પશુત્વ મુખ્ય છે. સભ્યતા અને સંસ્કૃતિએ આજ તેને મનુષ્ય બનાવી દીધેલ છે, પણ કોઈ-કોઈ વખતે તેનું પશુત્વ જાગી ઊઠે છે ત્યારે માનવ ક્રોધ અને ઈર્ષ્યાળુ બનીને પોતાનું મૂળ સ્વરૂપ–પશુત્વમાં ચાલી જાય છે. તેનું તાત્પર્ય એ છે કે મનુષ્ય મૂળ રૂપમાં વિકારોનું પૂતળું છે, પશુ છે.

"ભારતનો દૃષ્ટિકોણ તેનાથી ભિન્ન છે. તે માને છે મનુષ્ય મૂળમાં આત્મા અર્થાત્ પરમાત્મા છે. તે મૂળ સ્વરૂપની દૃષ્ટિથી ઈશ્વર છે. તેનામાં જે વિકાર દૃષ્ટિગોચર થાય છે તે તેનો પોતાનો સ્વભાવ નથી, પોતાનું સ્વરૂપ નથી, બહારથી આવેલ છે. જ્યારે વ્યકિત વિકારની તરફ જાય છે ત્યારે તે પોતાના સ્વરૂપથી દૂર ચાલી જાય છે અને ફરી જ્યારે સંભાળે છે ત્યારે તે પોતાના મૂળ સ્વરૂપની તરફ વળાંક લે છે. પૂર્વ અને પશ્ચિમની દૃષ્ટિમાં એ જ મૂળ ભેદ છે. મનુષ્યમાં જ્યારે બુરાઈનાં દર્શન થાય છે, ત્યારે પશ્ચિમ કહે છે કે તે પોતાના મૂળ સ્વરૂપની તરફ જઈ રહેલ છે અર્થાત્ તેનામાં પશુત્વ જાગૃત થઈ રહે છે અને પૂર્વ કહેશે કે તે પોતાના સ્વરૂપથી વિકારોમાં જઈ રહેલ છે, તેનું મૂળ સ્વરૂપ દુર્ગુણોમાં નથી, સદ્ ગુણોમાં છે. તે પ્રકારે પશ્ચિમ મૂળમાં પશુત્વ જુએ છે અને પૂર્વ દેવત્વ અથવા ઈશ્વરત્વનું દર્શન કરે છે."

અવકાશ સંશોધન પાછળ વ્યર્થ વેડફાતું અન્તર્ગળ દ્રવ્ય

આજે અમેરિકા અને રશિયાની પ્રજાને અવકાશ સંશોધનની જે ઘેલછા લાગી છે તે અંગે તા. ૭-૮-'૬૬ ના "ટાઈમ્સ ઑફ ઈન્ડિયા"માં પ્રગટ થયેલી નોંધ ભારે સૂચક અને વેધક છે. તે નોંધમાં જણાવવામાં આવ્યું છે કે "યુનાઈટેડ સ્ટેટ્સ અને સોવિયેટ યુનિયનના અવકાશ સંશોધનના કાર્યક્રમો સામે જાણીતા વૈજ્ઞાનિક ડૉ. સી. વી. રમણે જે ઉદ્ગારો કાઢયા છે તેમાં એક પીઢ વૈજ્ઞાનિકમાં સામાન્યત: કલ્પી ન શકીએ તેવી ઉગ્રતા રહેલી છે. મદ્રાસ ખાતે જુવાન ટેક્નોલૉજીસ્ટોને ઉદ્દેશીને બોલતાં તેમણે જણાવ્યું કે "માનવીઓને અવકાશમાં મોકલવા પાછળ અને તેમને અવકાશમાં ચલાવવા પાછળ કરોડો ડૉલર ખરચે જવા એ કેવળ ઉન્માદ અને ગાંડપણ છે." જરૂર આ બહુ આકરા શબ્દો છે, પણ તે ઘણા અંશમાં સાચા છે, એક અથવા બે આદમી ચંદ્રની સપાટી ઉપર ઊતરે, થોડી ક્ષણ અહીં તહીં ઘૂમે અને પછી ત્યાંથી પાછા આવે એ પહેલાં આ જ સુધીમાં બે મોટી રાજ્ય સત્તા તરફથી ૫૦,૦૦૦ કરોડથી ઓછા દ્રવ્યનો ધૂમાડો કરવામાં આવ્યો નથી. માનવજાતની સામે જે ભયંકર સમસ્યાઓ આજે ઊભી થઈ છે તેની જે કોઈ વૈજ્ઞાનિકને આછી સરખી પણ ઝાંખી થઈ હોય તે વૈજ્ઞાનિક આ તાંત્રિક ઉડાઉપણા અંગે વિસ્મય અનુભવ્યા વિના નહિ જ રહે. એમ લાગે છે કે વૈજ્ઞાનિક સંશોધન સાથે સંબંધ ધરાવતી માનવતાલક્ષી બાજુની તદ્દન ઉપેક્ષા થઈ રહી છે. ડૉ. રમણના ઉપર આપેલા ઉદ્ગારો, આ રીતે વિચારતાં, ખરેખર યોગ્ય છે અને આપણને નક્કી ધરતી ઉપર લાવનારા છે.

"અલબત્ત, એ સાચું છે કે આ બધાં નાણાંનો અવકાશમાં ધુમાડો કરવામાં આવતો નથી, પણ આ પૃથ્વી ઉપર આ નાણાં વેરાઈ રહ્યા

ત્રણ મહિના ભારત ખાતે રોકાવાનું મેં વિચારેલું. પણ તેના ઠેકાણે ભારતમાં હું બે વર્ષ રોકાણી. ભારતમાં ખરેખર એવું ખાસ કાંઈક હતું જ.

પુરોવચન

આ પુસ્તકનું પુરોવાચન નીચે મુજબ છે.

એમ માનવામાં આવે છે કે કોઈ પણ ખરેખરી જિજ્ઞાસુ વ્યકિત પ્રત્યે ભારત કદિ પણ પોતાનાં દ્વાર બંધ કરતું નથી. જેઓ ભારતનું નિમંત્રણ સ્વીકારે છે અને તેનાં ખુલ્લાં દ્વાર મારફત ભારતમાં પ્રવેશ કરે છે તેઓ જેવા હતા એવા ને એવા કદિ પણ પાછા ફરતા નથી. તેઓ જો પોતાના દેશનું વાતાવરણ પોતે જ્યાં જાય ત્યાં સાથે લઈને ન ફરે–અને આ અતિ મહત્ત્વનું છે–તો તેઓ આન્તિરિક રીતે પાયામાંથી પરિવર્તિત બન્યા વિના રહે નહિ. જો કોઈ પ્રવાસી પોતાના દેશના વાતાવરણને લઈને ભારતમાં ફરશે હરશે–અને આવા ઘણા લોકો હોય છે–તો તેમની આંખ સામે તે જ્યાં જશે ત્યાં ગરીબાઈ, વ્યાધિ અને કેવળ નિરૂદ્યમીપણું જ નજરે પડશે અને કદિ ભારતમાં પાછા નહિ આવવાના નિશ્ચયપૂર્વક પોતાના સરસામાન સાથે તે પોતાને વતન પાછો ફરશે.

આ પુસ્તકમાં ભારતીય તત્ત્વજ્ઞાન અને રહસ્યવાદનું–પચાવવું મુશ્કેલ પડે એવું–ભારે ભોજન પીરસવામાં આવ્યું નથી. એ કામ એ કાર્ય માટે વધારે યોગ્યતા ધરાવતા વિદ્વાનોને–પંડિતોને–હું સોંપું છું. આ પુસ્તક તો માત્ર ક્ષુધા જાગૃત કરનારું–appetiser છે, જે ભારત વિષે વાચકના દિલમાં માત્ર કુતુહલ–જિજ્ઞાસા–પેદા કરશે અને પરિણામે તે વાચક જો વધારે નક્કર વસ્તુ પ્રાપ્ત કરવા માટે અન્યત્ર નજર કરવા પ્રેરાશે તો આ પુસ્તક–પ્રકાશનનો હેતુ સાર્થક થયો લેખાશે.

આ પુસ્તકમાં ભારતના બહુ જાણીતા આશ્રમો અને આધ્યાત્મિક કેન્દ્રોમાંના કેટલાકની અને આ આશ્રમોની અંદર બહાર રહેતા લોકોમાંના કેટલાકની લેવામાં આવેલી મુલાકાતની નોંધ કરવામાં આવી છે. સાથે સાથે જ્યાં જ્યાં હું ગઈ ત્યાં ત્યાં મને મળેલ એક સરખા આદર, આવકાર અને માયાળુભાવને આ પુસ્તક આડકતરી રીતે અંજલિ આપે છે.

મારી ભારતયાત્રા દરમિયાન હું અવારનવાર ભારે વિચિત્ર પરિસ્થિતિમાં મૂકાતી અને કુતુહલ અને જિજ્ઞાસાથી પ્રેરાયેલી હું કદિ કદિ, મારા પોતાના દેશ ઈંગ્લાંડમાં સાધારણ રીતે ન વર્તુ એવી રીતે–કાંઈક ધૃષ્ટ બનીને પણ–હું વર્તતી. આ બધું છતાં પણ હું મને કોઈ ઠેકાણે 'Mysterious East' 'ગૂઢ પૂર્વ'નું દર્શન થયું નથી. એટલે મારે એવી કોઈ ગૂઢ વાતો કહેવાની છે જ નહિ. એ કામ ગૂઢ વાતો કહેવાના રસિયા લોકો ઉપર હું છોડું છું. ચમત્કાર બનતા હશે અને જો કે મને પણ અમુક થોડા વિચિત્ર અનુભવો જરૂર થયા છે, આમ છતાં પણ આ પુસ્તકમાં કોઈ ચમત્કારોની વાતો કરવામાં આવી જ નથી. ભારતને તેની જરૂર જ નથી, કારણ કે તે જેવું છે તેવું જ સૌ કોઈ માટે મુગ્ધતાજનક છે. કદાચ ખરો ચમત્કાર તો આ છે : દુનિયાનાં બધાં રાષ્ટ્રોમાં માત્ર ભારત જ આત્મતત્વને કેમ પોષણ આપવું, કેમ આગળ ધરવું એ જાણે છે. ભારત આવું ચિરકાળ ટકી રહો !

અનુવાદક : પરમાનંદ મૂળ અંગ્રેજી : એની માર્શલ

સાતત્ય

જીવનનો પ્રવાસ અનંત છે. જન્મ પછી જન્મ આવતા જાય છે અને મૃત્યુરૂપી અલ્પવિરામ આવ્યું કે ફરીથી પ્રવાસ આગળ જ વધારવાનો રહે છે. આ અનંત પ્રવાસમાં બનતી કેટલીક ઘટનાઓથી કયારેક આશ્ચર્યની અનુભૂતિ થાય છે અને કયારેક પ્રશ્નાર્થ જાગે છે. પણ આ અનંત પ્રવાસમાં કયાંય પૂર્ણવિરામ કેમ દેખાતું નથી. પૂર્ણવિરામ ન દેખાય ત્યાં સુધી જીવનની ગતિ અવિરત વહેતી જ રહેવાની છે.

વિરામ

ભવે ભવે અલ્પવિરામ મૂકી
આત્મા વધે આગળ વાક્ય માંહે,
આશ્ચર્ય–પ્રશ્નાર્થનું ચિહ્ન ઝૂકી
રહે કયાંક માત્ર;
દેખું ન કાં પુર્ણવિરામ રાહે ?

ગીતા કાપડિયા

('જન્મભૂમિ–પ્રવાસી'માંથી ઉદ્‌ધૃત)

પ્રકીર્ણ નોંધ

સંસદમાં સૌજન્યનું ચિન્તાજનક અવમૂલ્યાંકન

તા. ૮-૮-૬૬ના જન્મભૂમિમાં 'શીલ, સમાજ અને સંસ્કૃતિ' એમ મથાળા નીચે પ્રગટ થયેલી નોંધોમાં દિલ્હીની લોકસભાની થોડા સમય પહેલાં ચાલુ થયેલી બેઠકમાં થયેલા ધાંધલ, તોફાન અને જંગલી દેખાવો અંગેની નોંધ ચિન્તનપ્રેરક અને વિચારવેધક હોઈને નીચે આપવામાં આવે છે:–

"વર્ષાઋતુની આ સંસદની બેઠકમાં શરૂમાં જ જે ધાંધલ અને અધ્યક્ષની અવજ્ઞા થયાં તેને લીધે સંસદનાં બંને ગૃહોની બેઠક તે દિવસે બંધ રાખવી પડી, તે બધું શરમ અને ખેદ ઉપજાવે છે. શ્રી. હુકમસિંઘે બીજે દિવસે પોતાની વ્યથા પ્રગટ કરતાં યોગ્ય જ કહ્યું છે કે "ગૃહમાં પૂર્વવત્ કાર્યવાહી શરૂ થઈ શકશે, પણ અધ્યક્ષના મોભાને જે નુકસાન થયું છે તે કદી ભરપાઈ કરી શકાશે નહિ.

"સંસદ, દેશના ડહાપણ ને દીર્ઘદૃષ્ટિનો છેવટનો ને સર્વોત્તમ ભંડાર ગણાય. તેની પાસેથી વર્તમાન ને ભાવિ પેઢીઓ રીતભાતનાં ઘોરણો શીખે ત્યાં જો આવું થાય તો દેશને માટે આશા શું ? ઘરમાં આગ લાગે તો કૂવાના પાણીથી ને કૂવામાં આગ લાગે તો ગંગાના પાણીથી ઓલવાય, પણ ગંગામાં જ આગ લાગે ત્યાં કયાં જવું ? રૂપિયાનું અવમૂલ્યાંકન ચર્ચવા જતાં સૌજન્યનું જે અવમૂલ્યાંકન સંસદમાં થયું તે એવી શંકા ઉપજાવે છે કે દેશ ત્રિદોષજ્વરમાં તો નથી સપડાયો ?

"રોજ બોલાતા શ્લોકોમાં વિષ્ણુનું આ વર્ણન અત્યંત પ્રિય લાગે છે. 'શાંતાકારં ભુજગશયનમ્' સર્પ પર સૂતા છે., પણ શાંત છે, તેવું જ કવિએ વર્ણવ્યું - 'લક્ષ્મીકાંતં, કમલનયનં' - લક્ષ્મીના પતિ છે, પણ તેમની દૃષ્ટિ કમલ સમ તેનાથી નિર્લેપ છે. સંસદ વિષ્ણુરૂપ છે, તે જ દેશની ધાત્રી છે. તેણે આજે જ નહિ હંમેશ સર્પ પર જ સૂવાનું છે. આવડા મોટા દેશમાં કયાંક ને કયાંક અશાંતિ કે ઉકળાટ કે અછત ન હોય તેવું આ મતભેદના કાળે બનવું અસંભવિત છે. એવે વખતે સંસદે શાંતાકાર રહેવું જોઈએ. મતભેદો પ્રગટ ન કરવા, ચર્ચા ન કરવી, સવાલો ન પૂછવા તેવું નહિ, પણ અધ્યક્ષની અવજ્ઞા, ને ચર્ચા જ ન થઈ શકે તેવાં ધાંધલ તોફાન છેવટે ચર્ચાને જ ગળાટૂંપો દે છે, ને વહીવટકર્તાઓના મિજાજને ઉશ્કેરે છે તેનું ભાન હોવું જોઈએ. લોકશાહી ફેરફાર ચર્ચા દ્વારા કરે છે, બળજબરીથી પણ ફેરફારો થતા આવ્યા છે, પણ તેમાં બળ જીતે છે, સત્ય નહિ. સત્ય જીતે માટે ચર્ચા દ્વારા તેનું શોધન થાય ને તે પરિણામ મુજબ ફેરફાર થાય–તેવું નિર્વિષ રસાયન લોકશાહી છે. ચર્ચાની ભૂમિકા પરસ્પર માટે આદર, શાસનની જવાબદારી ઉઠાવવાવાળાને મળેલા અધિકારોનો સ્વીકાર, લાગણીની તીવ્ર ઉત્તેજનાનો પૂર્ણ અભાવ, અને અધ્યક્ષના ચુકાદાનો પ્રસન્નતાપૂર્વક સ્વીકાર–આ ચતુ:સૂત્રી પર અવલંબે છે. સંસદની વર્ષારંભની આ બેઠકમાં આનો પૂરો ભંગ થયો તે ચિંતામાં નાંખી દે છે, ત્યાં બેઠેલા બધા સારી પેઠે ભણેલા છે, તેમને મોકલનાર કરોડો અભણ લોકો તેમના વિશ્વાસે ખેતરો ને ખાણોમાં કામ કરે છે, તેઓ માને છે કે એ બધા દેશને શાંત, સમૃદ્ધ અને સુરક્ષિત રાખશે. ભણેલાને એમાં વધારે ખબર પડે. તેમના આ પરમ વિશ્વાસને આપણે શું નષ્ટ કરશું ? દેશમાં અન્નની તંગી છે, મોંઘવારી છે, ગંજના ગંજ પછાતપણું છે, કાળાંબજાર અને કૃપણતા છે. પણ આ બધાંનો નિવેડો લાવવાનું આ એક સત્તાકેન્દ્ર છે, જ્યાં ડાહ્યા લોકો અનેક બાજુઓ તપાસી આ બધાંને પહોંચી વળવાના માર્ગો શોધી રહ્યા છે. તે કેન્દ્રને પણ ત્રિદોષનો સન્નિપાત લાગુ પડે તો લોકમાનસ ઢળી પડશે. પછી તેને વિશ્વાસ આપી બેઠો કરવાનું શકય નહિ રહે. આ ભણેલા આગેવાનો આંતરનિરીક્ષણ કરશે ? કે અંધેન નિયમાના: યથાંધા: જેવું થશે ?

છે અને અનેક મોટા ઉદ્યોગોને કામ પૂરું પાડી રહ્યા છે; પણ એથી વધારે સત્ય તો એ છે કે માનવી–કલ્યાણનાં બીજાં એવાં અનેક ક્ષેત્રો છે કે જે સવિશેષ પ્રાધાન્યની અપેક્ષા ધરાવે છે. આજે લગભગ-અડધી દુનિયા અન્નવિહોણી છે અને અધુરા પોષણ ઉપર નભી રહી છે; લાખો માણસો એવા છે કે જેના માટે આવતી કાલની કોઈ આશા નથી; ધનાઢય દેશોમાં પણ હજારો લોકોને ન્યૂનતમ પોષણ પણ આજે મળતું નથી. વસતિગણતરી – વિશારદો આપણને સતત ચેતવી રહ્યા છે કે વસતિ વૃદ્ધિની ભયસૂચક સીમા તરફ આપણે બહુ ઝડપથી ગતિ કરી રહ્યા છીએ. વ્યાધિ અને સાર્વજનિક સ્વાસ્થ્યનો પ્રશ્ન માત્ર ઉપરછલી રીતે હલ થઈ રહ્યો છે; જાગતિક સ્વાસ્થ્ય સંશોધન કેન્દ્ર ઊભું કરવાની એક અતિ નમ્ર દરખાસ્તનો પણ પ્રમુખ રાજ્ય-સત્તાઓએ તાજેતરમાં ઈનકાર–અસ્વીકાર કર્યો છે. આવી જ બીજી તાકીદની – આપણી દુનિયાને સ્પર્શતી - સમસ્યાઓ સામે આવીને ઊભી છે. દાખલા તરીકે પીવાના પાણીની આંતરરાષ્ટ્રીય તંગી, દૂષિત બની રહેલાં હવામાન, પાણી અને જમીન, અનિયંત્રિત શહેરીકરણ, અને પરિણામે કુદરત સાથે લોકજીવનનો ઊભો થતો વિસંવાદ. માનવતા વિરોધી ટેક્ નોલૉજી અને જેમાં સાધનસામગ્રી સતત ઘટી રહી છે અને સમસ્યાઓ ઉત્તરોત્તર વધતી રહી છે એવી આ દુનિયામાં ઓછા મહત્ત્વની બાબતોને અપાતું વધારે પડતું પ્રધાન્ય – આ સામે ડૉ. રમણનો રોષ સમજી શકાય તેવો છે."

પરમાનંદ

સ્વ. વિદ્યાવિભૂતિ ડૉ. વાસુદેવશરણ અગ્રવાલ

જન્મે કરકસરશીલ, આદર્શ વૈશ્ય શ્રી વાસુદેવશરણજી કર્મે સાચા અને આદર્શ બ્રાહ્મણ હતા. ઉત્કટ વિદ્યાનિષ્ઠા, સૂક્ષ્મદર્શી કુશાગ્ર બુદ્ધિ અને સાવ સાદી જીવનપદ્ધતિનું જાણે એમને સહજ વરદાન મળ્યું હતું. એમનું સમગ્ર જીવન માતા સરસ્વતીની ઉપાસનાને અર્પણ થયું હતું. વિશ્વભરના ભારતીય સંસ્કૃતિના વિરલ વિદ્વાનોમાં પણ વિરલ લેખી શકાય એવી ઉચ્ચ કોટિના તેઓ વિદ્વાન હતા. એમના રોમ-રોમમાં સમગ્ર ભારતીય સંસ્કૃતિના ઊંડા અધ્યયનનો અનુરાગ ધબકતો હતો.

ભારતીય સંસ્કૃતિ અને ભારતીય વિદ્યાનો એવો કોઈ વિષય કે એનું કોઇ અંગ એવું ભાગ્યે જ હશે કે જેનું અવગાહન ડૉ. અગ્રવાલજીએ ન કર્યું હોય, કે જેના વિષયમાં આધારભૂત લેખી શકાય એવું કંઈ પણ ન લખ્યું હોય. ભારતની મુખ્ય ત્રણ ધર્મસંસ્કૃતિઓ– બ્રાહ્મણ, જૈન, બૌદ્ધ–ના અને ત્રણેના ધર્મશાસ્ત્રોની ભાષા સંસ્કૃત, પ્રાકૃત અને પાલિના તેઓ ઊંડા અભ્યાસી હતા. ઉપરાંત ભારતીય ઈતિહાસ, પુરાતત્ત્વ અને કળાના તેઓ મર્મજ્ઞ વિદ્વાન હતા; ઈતિહાસ અને ધર્મસંસ્કૃતિના સંદર્ભમાં તેઓએ ભારતીય દર્શનો સંબંધી પણ ઉપયોગી માહિતી મેળવેલી હતી. વેદ, ઉપનિષદ, રામાયણ–મહા-ભારત આદિ તો જાણે એમના હૃદયમાં રમ્યાં જ કરતાં હતાં. શિલ્પ-શાસ્ત્રને પણ એમના અધ્યયનના ક્ષેત્રમાં સ્થાન હતું.

શ્રી અગ્રવાલજીની ખરી વિશેષતા કોઈ પણ પ્રાચીન કે પરંપરા-ગત વિષયના મૌલિક ચિંતન અને અનોખા અર્થઘટન (Interperta tion)માં ચમકી ઊઠતી. વાત એક ને એક જ હોય, પણ શ્રી અગ્રવાલજીના વિવેચનનું તે જ પામીને એ ભારે અસરકારક કે હૃદયસ્પર્શી બની જતી. એમ કહી શકાય કે કોઈ પણ પ્રાચીન વિષયને અવલંબીને ચાલતી એમની લેખનશક્તિમાં સંવેદનશીલ અને સમર્થ સર્જકની વિરલ પ્રતિભા ચમકી ઊઠ્યા વગર ન રહેતી– એવું મધુર, એવું મર્મસ્પર્શી અને એવું હૃદયંગમ એમનું લખાણ બનતું–ભલે પછી એ લખાણ એમની માતૃભાષા હિંદીમાં ઊતર્યું હોય કે એમના ઊંડા અધ્યયનની બોધભાષા અંગ્રેજીમાં લખાયું હોય.

વિષય વ્યાકરણનો હોય, લોકસાહિત્ય, કાવ્ય–મહાકાવ્ય, નાટક કે ચરિત્રનો હોય, અથવા ઈતિહાસ, પુરાતત્ત્વ, કલા, ધર્મશાસ્ત્ર કે શિલ્પશાસ્ત્રનો હોય–ભારતીય જીવન અને સંસ્કૃતિના ગમે તે અંગને લગતો હોય–એને આત્મસાત્ કરી લેવાની એમની ગ્રહણશક્તિ અને એને જબાન કે કલમ દ્વારા રજૂ કરવાની એમની નિરૂપણશક્તિ સહૃદય વાચક અને જિજ્ઞાસુના હૃદયને ડોલાવી મૂકે એવી અદ્‌ભુત હતી. શ્રી અગ્રવાલજી સાચા વિદ્યાપુરુષ હતા.

એમણે મહાન વૈયાકરણ પાણિનિના વ્યાકરણના આધારે તે સમયના ભારતનું દર્શન કરાવતો દળદાર ગ્રંથ અંગ્રેજી અને હિંદીમાં ('પાણિનીકાલીન ભારત' નામે) લખ્યો છે; હર્ષચરિત્રનું સાંસ્કૃતિક દૃષ્ટિએ અવલોકન લખ્યું છે; કાદંબરીનું નિરૂપણ કર્યું છે; કળાને લગતા અનેક નાનાં મોટાં પુસ્તકો લખ્યાં છે. એમનાં છપાયેલ પુસ્તકોની સંખ્યા ૮૮ જેટલી અને હજી અપ્રગટ રહેલ પુસ્તકોની સંખ્યા ૪૪ જેટલી છે: આ બીના જ એમણે વિદ્યાનું ખેડાણ કેટલું વ્યાપક અને ઝડપી કર્યું હશે એનો ખ્યાલ આપવા માટે પૂરતી છે. ભારતીય સંસ્કૃતિને સમજવા અને સમજાવવા શ્રી અગ્રવાલજીએ જે સમર્થ પુરુષાર્થ કર્યો અને એ પુરુષાર્થ અનેક ગ્રંથરત્નો રૂપે પ્રગટ થયો, એને લીધે શ્રી. અગ્રવાલજીનું નામ અને કામ અમર બની ગયું છે: આ દેશના અને પરદેશના ભારતીય સંસ્કૃતિના અભ્યાસી કે જિજ્ઞાસુને શ્રી અગ્ર-વાલજીના ગ્રંથોનું પરિશીલન કર્યા વગર ચાલવાનું નથી: પોતાના આવા અદ્‌ભુત અક્ષરદેહદ્વારા શ્રી અગ્રવાલજી સાચા અર્થમાં અક્ષર અજર અમર બની ગયા છે.

શ્રી અગ્રવાલજીનો જન્મ સને ૧૯૦૪માં ઉત્તરપ્રદેશમાં અલાહ-બાદમાં થયો હતો. લખનૌ અને બનારસ હિંદુ યુનિવર્સિટીમાં અભ્યાસ કર્યા બાદ ૧૯૩૧થી તો ૧૯૩૯ સુધી તેઓએ **મથુરા મ્યુઝિયમના** અને તે પછી ૧૯૪૫ સુધી લખનૌ મ્યુઝિયમના ક્યુરેટર તરીકે ભારે યશસ્વી કામગીરી બજાવી હતી. મથુરામાંથી મળી આવેલા ભારતની ત્રણે સંસ્કૃતિના પુરાતન અવશેષોના તેઓ સિદ્ધહસ્ત વિદ્વાન હતા. એ સંબંધી એમણે પુસ્તક પણ લખ્યું છે, આ કામગીરીની સાથોસાથ જ વિશેષ અધ્યયન કરીને એમણે પી.એચ. ડી. અને ડી. લિટ્‌ની ડીગ્રી મેળવી હતી. દિલ્લીના સરકારી મ્યુઝિયમમાં કેટલાંક વર્ષો ગાળ્યા બાદ આખરે તેઓ બનારસ હિંદુ વિશ્વવિદ્યાલયમાં સ્થિર થયા હતા અને છેવટ સુધી ત્યાં રહીને જ એક યા બીજા સ્થાનો મારફત પોતાના વિદ્યાવ્યાસંગને વધારતા જતા રહ્યા હતા.

રાષ્ટ્રીયતા અને સતત કાર્યશીલતા એ એમના બીજા ગુણો હતા. શરીર ભલેને આરામને માટે ઝંખતું હોય, પણ વિદ્યાસેવા તો અટકવી ન જ જોઈએ એવી એમની મનોવૃત્તિ હતી. મન તો જાણે થાકતું જ નહીં. વિદ્યા એ જ એમનો જીવનરસ હતો. એ જ એમની મોજ હતી. તેથી જ બાસઠ વર્ષ જેટલી પ્રમાણમાં ઓછી ઉંમરે વિદાય થયા છતાં તેઓ શતાયુ વિદ્વાનના જેટલો સમૃદ્ધ અને અખૂટ વિદ્યા-વારસો પોતાની પાછળ મૂકતા ગયા છે.

પૂ. મુનિવર્યશ્રી પુણ્યવિજયજી અને સદ્‌ગત રાષ્ટ્રપતિ ડા. રાજેન્દ્રપ્રસાદના પ્રયાસથી પ્રાકૃત આગમગ્રંથો વગેરેના પ્રકાશન માટે સ્થપાયેલ પ્રાકૃત ટેક્ષ સોસાયટીના તેઓ અધ્યક્ષ હતા. ઉપરાંત, વિદ્યા-પ્રવૃત્તિને વરેલ નાની-મોટી અનેક સંસ્થાઓ સાથે શ્રી અગ્રવાલજી સંકળાયેલા હતા. આવા એક બહુશ્રુત વિદ્વાનનો તા. ૨૭-૭-૬૬ના રોજ, ૬૨ વર્ષની ઉંમરે વારાણસીમાં સ્વર્ગવાસ થયો છે અને આપણને એક વિદ્યાવિભૂતિની ન પૂરી શકાય એવી ખોટ પડી છે. બાકી શ્રી. અગ્રવાલજી તો **नास्ति येषां यशःकाये जरामरणजं भयं** । એ અંજ-લિના સાચા અધિકારી બનીને વિદાય થયા છે.

એ વિદ્યાવિભૂતિને આપણા પ્રણામ હો!

("જૈન"માંથી સાભાર ઉદ્‌ધૃત,) રતિલાલ દીપચંદ દેસાઈ

☆ થોડાંક અવલોકનો ☆

"શાણો સમાજ"

સુપ્રસિદ્ધ ચિન્તક, ફિલોસોફર, મનોવૈજ્ઞાનિક અને લેખક શ્રી એરિક ફ્રોમે અંગ્રેજીમાં લખેલાં 'Sane Society' એ મથાળાના પુસ્તકનો ભૂમિપુત્ર કાર્યાલય તરફથી (ઠે. હુઝરતપાગા, વડોદરા-૧) થોડા સમય પહેલાં અનુવાદ પ્રગટ કરવામાં આવ્યો છે. આ અનુવાદ કરનાર ભૂમિપુત્રના તંત્રી શ્રી કાન્તિભાઈ શાહ છે. તેની કિંમત રૂા. ૩ છે.

મૂળ અંગ્રેજીમાં લખનાર શ્રી એરિક ફ્રોમનો ટૂંક પરિચય આપતાં જણાવવાનું કે તેમનો જન્મ સને ૧૯૦૦માં ૨૩ માર્ચે જર્મનીના ફ્રેંકફૂર્ટ શહેરમાં થયેલો. સમાજશાસ્ત્ર અને માનશસાસ્ત્રનો એમણે હાઈડલબર્ગ, ફ્રેંકફૂર્ટ અને મ્યુનિચની વિદ્યાપીઠોમાં અભ્યાસ કર્યો. ૧૯૨૨માં પીએચ. ડી. થયા. ૧૯૨૬થી માનવચિકિત્સાની પ્રેક્ટીસ એમણે શરૂ કરેલી. ૧૯૩૪માં તેઓ અમેરિકામાં સ્થાયી થયા, અને કોલંબીઆ, યેઈલ વગેરે વિદ્યાપીઠોના મનોવિશ્લેષણ વિભાગમાં એમણે કામ કર્યું. અત્યારે તેઓ મેક્સિકોમાં છે.

આજની દુનિયાના માનવીની સમસ્યા ભારે કપરી બની છે. સામાજિક પરિસ્થિતિ વધારે ને વધારે જટિલ બનતી ચાલી છે અને દુનિયાના માથે સર્વનાશની કટોકટી તોળાઈ રહી છે. આ સમગ્ર વસ્તુસ્થિતિ ઉપર આ પુસ્તક મૌલિક પ્રકાશ પાડે છે. અને તેથી સમાજહિતચિન્તક સર્વ કોઈ નરનારીને આ પુસ્તકનું પઠનપાઠન કરવા ભલામણ છે. આ પુસ્તકની હું સમાલોચના કરું તેના બદલે આ પુસ્તકના હાર્દને સમજાવતી પ્રસ્તાવના શ્રી જયપ્રકાશ નારાયણે લખી આપી છે તે અહીં ઉદ્‌ધૃત કરવી વધારે યોગ્ય લાગે છે. મૂળ અંગ્રેજીમાં લખાયલી એ પ્રસ્તાવનાનો ગુજરાતી અનુવાદ નીચે મુજબ છે:–

"એરિક ફ્રોમનું 'શાણો સમાજ' પુસ્તક અંગ્રેજીમાં દશ વર્ષ પહેલાં પ્રસિદ્ધ થયેલું હોવા છતાં આજે પણ એની અગત્ય તેવી ને તેવી જ રહી છે. એરિક ફ્રોમ જેમ મનોવિશ્લેષણના એક લબ્ધપ્રતિષ્ઠ તજ્જ્ઞ છે તેમ ગણ્યમાન્ય સામાજિક ચિંતક, લેખક અને મહાન માનવતાવાદી પણ છે. ઉપરાંત સામાજિક આંદોલનોમાં પણ તેઓએ આગળ પડતો ભાગ ભજવ્યો છે. પાશ્ચાત્ય પ્રાજ્ઞપુરુષોમાં ફ્રોમ એક એવા વિરલ બુદ્ધિમાન છે, જેમની પારગામી દૃષ્ટિ પશ્ચિમી સમાજના ઝાકઝમાળ અને પ્રચૂર વૈભવને આરપાર વીંધી જઈ એના રોગનાં મૂળને ખુલ્લાં કરીને અવલોકી શકી છે એટલું જ નહીં પણ, માનવ તેમ જ સમાજના સ્વસ્થ વિકાસની નવલી દિશાઓ શોધી શકી છે.

"આ પુસ્તક આમ તો પશ્ચિમના, તેમાંયે ખાસ તો અમેરિકન, વાચકને ઢંઢોળીને જગાડવાની દૃષ્ટિથી લખાયેલું છે. પરંતુ આપણા દેશને માટે તેમ જ બીજાં નવસ્વતંત્ર રાષ્ટ્રો માટે પણ આ પુસ્તક એટલું જ મૂલ્યવાન નિવડે તેવું છે. બલ્કે તેની ઉપયોગીતા આપણે માટે ઘણી વધારે હોઈ શકે, કેમકે આપણે ઉદ્યોગીકરણની યાત્રાનો હજી તો આરંભ કરી રહ્યા છીએ, એટલે એનો વધુ લાભ લઈ શકવાની સ્થિતિમાં છીએ; જ્યારે અમેરિકાની પ્રજા આપણાથી વયમાં નાની છતાં ઉદ્યોગીકરણને પંથે ઘણી આગળ નીકળી ગયેલી છે, અને તેથી તે પોતાની દિશા સહેલાઈથી બદલી શકે તેમ નથી.

"પશ્ચિમી સમાજની "સફળતાની કથા"થી આપણી આંખો અંજાઈ જાય છે, અને આપણે એમને પગલે પગલે ચાલવા માટે તલપાપડ થઈ જઈએ છીએ. પણ આપણા પૈકી બહુ ઓછાને એ વાતનો ખ્યાલ છે કે એ સફળતા ઘણી એકાંગી છે, માત્ર ભૌતિક ઉત્પાદન અને ઉપભોગના કેન્દ્રો ફરતે વીંટળાયેલી છે–કટાક્ષચિત્રોમાં ઘણી વાર "હાથ પગ દોરડી અને પેટ ગાગરડી" જેવાં રાક્ષસી બાળક ચીતરેલાં જોવા મળે છે, તેવી એની દશા છે.

"પશ્ચિમી દેશો અને પૂર્વ (અર્થાત્ રશિયા)ના સમાજ વચ્ચેના ભેદ ફ્રોમ માર્મિક રીતે દર્શાવે છે, તેમ છતાં સોવિયેત છાપનો ઔદ્યોગિક સમાજ પણ, ઉપલક તફાવતો છતાં, વસ્તુતઃ તો અમેરિકન નમૂનાની દિશામાં જ ગતિ કરી રહ્યો છે, તે ચીંધી બતાવવાનું તેઓ ચૂકતા નથી. છેક પાંચમા દશકામાં એ બે ઢબના સમાજો વચ્ચેના તફાવતો આજે છે તે કરતાં ઘણા વધારે સ્પષ્ટ હતા, અને ફ્રોમે તે કાળે લખ્યું છે. પરંતુ તે બન્ને વચ્ચેની તાત્ત્વિક સમાનતાનું તેમણે આબાદ વર્ણન કર્યું છે.: 'બંને વ્યવસ્થા ઉદ્યોગીકરણના પાયા પર રચાયેલી છે અને બંનેના લક્ષ્ય છે : નિત્ય વધતી જતી આર્થિક ક્ષમતા અને સમૃદ્ધિ. એ બંને સમાજના સંચાલનનાં સૂત્રો એક વ્યવસ્થાપક વર્ગ અને વ્યવસાયી રાજકારણીઓના હાથમાં છે. પશ્ચિમી દેશોમાં ખ્રિસ્તી વિચારસરણી પ્રવર્તે છે અને પૂર્વના સામ્યવાદી દેશોમાં ધર્મનિરપેક્ષ પૈગમ્બરવાદની બોલબાલા છે, તેમ છતાં બંનેયના દૃષ્ટિકોણ તો નકરા ભૌતિકવાદી જ છે. મનુષ્યને એ બંને ય તોતિંગ કારખાનાઓ દ્વારા અને જંગી રાજકીય પક્ષો દ્વારા એક કેન્દ્રિત પદ્ધતિના સંગઠનમાં જકડી લે છે. ત્યાં એકેએક જણ યંત્રનો પૂરજો છે અને યંત્રના પુરજાની જેમ દરેકે યંત્રમાં કશી ખલેલ ઊભી કર્યા વિના પોતાની ફરજ નભાવવાની છે.'

"મારે માટે તો મનુષ્ય જ સર્વ વસ્તુનું માપ છે. મનુષ્યને માટે જ સર્વ કાંઈ અસ્તિત્વ ધરાવે છે; ધર્મ, વિચારસરણી, રાજ્ય, વિજ્ઞાન, યંત્રવિદ્યા, કલા અને બાકી બધું જ. એટલે, સ્વયં મનુષ્યને જ જો પુરજામાં, યંત્રમાં કે યંત્રમાનવમાં પલટી નાંખવામાં આવે તો પછી બાકી શું રહ્યું ? જૂના જમાનાની ગુલામી પ્રથામાં માનવી માનવીને ગુલામ બનાવતો; આ નવી ગુલામીમાં મશીન માનવીને ગુલામ બનાવે છે.

"દુર્ભાગ્યે આપણા દેશનો ભદ્ર વર્ગ અત્યારે તો હજી આ પ્રશ્નોમાં રસ પણ લેતો થયો નથી. જ્યારે આવા પ્રશ્નો ઊભા કરીએ છીએ ત્યારે અચૂક એક જ જવાબ સાંભળવા મળે છે: "પડશે તેવા દેવાશે." એ સમસ્યા ઊભી થાય ત્યારની વાત ત્યારે. પહેલાં આપણે ગરીબીને અને પછાતપણાને તો વાળીઝૂડીને સાફ કરી નાંખીએ ને પશ્ચિમવાળા આગળ નીકળી ગયા છે તેને આંબી જઈએ, તે પછી આ બધી બારીક સમસ્યાઓ નિરાંતે બેસીને ઉકેલશું.'

"આવી મનોદશા અતિશય નઠારી છે. ઈતિહાસના પાઠ શીખવાનો ઈનકાર કરવો એ નર્યું જરીપુરાણું માનસ છે. વળી, એમ માની લેવું પણ સાવ પાયા વગરનું છે કે માનવીય દૃષ્ટિએ વિકાસ કરવા જતાં આર્થિક વિકાસનો પ્રયત્ન રુંધાશે કે ધીરો પડશે. હકીકતે તો માનવીય વિકાસ આર્થિક વિકાસમાં મદદરૂપ જ થઈ પડે તેમ છે.

" "શાણો સમાજ" વર્તમાન સ્થિતિનું ફક્ત નિદાન જ નથી, પરંતુ હું આગળ કહી ગયો તેમ ભવિષ્યમાં ડોકિયું કરાવતી ખોજ પણ છે. અમેરિકનોએ વધુ સ્વસ્થ સમાજનું સર્જન કરવાની દૃષ્ટિએ શું કરવું ઘટે તે વિષે લેખકે કહ્યું છે : 'આપણે ઔદ્યોગિક ઉત્પાદન પદ્ધતિ તો જાળવી રાખવી જોઈએ.; પણ તેની સાથે જ આપણે કામનું અને રાજ્યસત્તાનું વિકેન્દ્રીકરણ કરવું જ રહ્યું, કે જેથી તે બન્નેનું સ્વરૂપ માનવીય રહે, માણસના પ્રમાણમાં રહે. ઉદ્યોગને માટે અમુક અનિવાર્ય હોય તેટલી જ હદે કેન્દ્રીકરણ થવા દેવું જોઈએ. આર્થિક ક્ષેત્રે આપણને કારખાનામાં કામ કરતા બધા માણસોનું સહસંચાલન જોઈએ છે, કે જેથી તેમનો બધાનો સક્રિય અને જવાબદારીભર્યો સહયોગ સાંપડી શકે. આવા સહયોગ માટેનાં નવાં સ્વરૂપો શોધી શકાય તેમ છે. રાજકીય ક્ષેત્રે, આપણે નાનાં શહેરોની સભા-

ઓની પદ્ધતિ પર પાછાં આવી જવું પડશે, ને તે માટે હજારો નાનાં નાનાં બે આંખની શરમવાળા પ્રત્યક્ષ પરિચિત સમૂહો રચવાં પડશે, જે સુમાહિતગાર હોય, જે ચર્ચા-વિચારણા કરે અને જેમના નિર્ણયોનું એક નવા પ્રકારની લોકસભાના "નીચલા ગૃહમાં" સંકલન થાય. તરુણો માટે કામની તાલીમ, મોટાઓની કેળવણી, અને રાષ્ટ્ર-વ્યાપી લોકકળા તેમ જ લોકઉત્સવો તથા ધર્મનિરપેક્ષ વિવાહાદિ વિધિઓ—આવા વિશાળ નવોન્મેષને આવરી લે તેવું એક સાંસ્કૃતિક પુનરુત્થાન આપણે કરવાનું રહેશે.'

"ભાવિનું દર્શન કરાવતા આ શબ્દોનો ભારતવાસીના હૃદયમાં પડઘો પડવો જોઈએ. ફ્રોમના વિચાર ગાંધીજીના વિચાર સાથે કેટલા મળતા આવે છે! અને આપણે ત્યાં તો હજી ૮૦ ટકા લોકો બે આંખની શરમવાળા પ્રત્યક્ષ સમાજમાં (ગામડાંમાં)જ વસે છે. અને આપણું ઉદ્યોગીકરણ પણ હજી તો એકદમ પ્રાથમિક અવ-સ્થામાં છે. ઉપરાંત આપણે ત્યાં ગાંધીજી પ્રત્યેનું માન પણ હજી સારા પ્રમાણમાં જીવંત છે અને વિનોબાજીના માર્ગદર્શનમાં ગાંધીતત્વ પ્રમાણેનાં જ ધ્યેયને વરેલું એક મહાન સામાજિક આંદોલન વસ્તુતઃ ચાલી જ રહ્યું છે, એટલે એવી આશા જરૂર રાખી શકાય કે કાન્તિ-ભાઈના પ્રશસ્ય પરિશ્રમને પ્રતાપે ગુજરાતીમાં ઉપલબ્ધ થતા ફ્રોમના આ પુસ્તક દ્વારા કેવળ બૌદ્ધિક કરતાં કંઈક વધુ ઉદ્દેશ સરશે. આજે પણ આ દેશના ભદ્રવર્ગમાં ઘણા એવા લોકો છે, જે કોઈ પણ ભાર-તીય વસ્તુને જ્યાં સુધી વિદેશમાં કોઈ ને કોઈ રીતે માન્યતા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી ગંભીરતાપૂર્વક ગણતરીમાં જ નથી લેતા. આટલાં વર્ષોથી સર્વોદય આન્દોલન સાથે જેવા વિચારો સંકળાયેલા છે, તેવા જ વિચારો એરિક ફ્રોમ જેવા પાશ્ચાત્ય ચિંતકની કલમે વ્યકત થાય છે, તેથી સર્વોદય—આન્દોલન અંગે આપણા બુદ્ધિમાનોમાં નવો સુર જાગવો જોઈએ.

"છેલ્લે, હું આશા રાખું છું કે કાન્તિભાઈએ લીધેલી મહેનત આ પુસ્તકના અન્ય ભારતીય ભાષાઓના અનુવાદનો માર્ગ સરળ કરી આપશે. આ દેશમાં "શાણા સમાજ"નું વાચન જેટલું વ્યાપક પ્રમાણમાં થશે, તેટલી જ એની દિશા—સૂઝ વધુ સ્પષ્ટ બનશે, એનું આયોજન અને વિકાસ વધુ સમતોલ બનશે, અને આ દેશ પાછો એની પોતાની સભ્યતાનાં મૂળની નિકટ આવશે."

'અભ્યાસ'નો દાદાસાહેબ માવળંકર વિશેષાંક

ગુજરાતની સંસ્કારમૂર્તિ અગ્રગણ્ય સમાજસેવક અને લોક-સભાના પ્રથમ સ્પીકર સ્વ. દાદાસાહેબ ગણેશ વાસુદેવ માવળંકર ૨૭ મી ફેબ્રુઆરી ૧૯૫૬ ના રોજ ૬૭ વર્ષની ઉમ્મરે વિદેહ થયા. આ ઘટનાને દશ વર્ષ થયાં તે સંધિને અનુલક્ષીને 'અભ્યાસ' માસિ-કનો ગયા ફેબ્રુઆરી માસનો એક વિશેષાંક પ્રગટ કરવામાં આવ્યો છે. સ્વ. દાદાસાહેબ માવળંકરના પુત્ર શ્રી પુરુષોત્તમ માવળંકર જેઓ શેઠ લાલભાઈ દલપતભાઈ આર્ટ્સ કૉલેજના પ્રિન્સિપાલ છે અને અમદાવાદના લાસ્કી ઈન્સ્ટીટ્યુટના પ્રમુખ સંચાલક છે તેઓ છેલ્લાં સાડાપાંચ વર્ષથી આ અભ્યાસપૂર્ણ માસિકનું કુશળ સંપા-દન કરી રહ્યા છે. આશરે ૨૫૦ પાનાનો આ દળદાર અંક વાંચતાં દાદાસાહેબ જાણે કે આપણી સમક્ષ પ્રત્યક્ષ જીવતા થાય છે અને તેમના વિવિધરંગી વ્યકિતત્વનો આપણને નિકટ પરિચય થાય છે. આ અંકમાં દાદસાહેબની રોજનીશીનો ૪૩ મો હફતો તા. ૨-૮-૪૮ થી તા. ૨૯-૮-૪૮ સુધીનો પ્રગટ કરવામાં આવ્યો છે અને તેમાંથી તે વખ-તના ભારતના પાટનગર દિલ્હીના—રાજકારણી પ્રવાહોને લગતી અને આપણને અજાણી એવી કેટલીક માહિતી સાંપડે છે. આ અંકમાં દાદા-સાહેબનાં કેટલાંક લખાણો પ્રગટ કરવામાં આવ્યા છે જેમાં ભાઈ પુરુ-ષોત્તમ ૧૯૫૧ માં ઈંગ્લાંડ વિશેષ અભ્યાસાર્થે ગયા તે પ્રસંગને ઉદ્દે-શીને સલાહ સૂચના આપતો એક લાંબો અનેક ઉપયોગી સૂચનોથી ભરેલો પત્ર આપણું સહેજે ધ્યાન ખેંચે છે. આ અંકમાં દાદા-સાહેબને ભાવભરી અંજલિઓ આપતાં ભારતની ખાસ કરીને મહા-રાષ્ટ્ર તથા ગુજરાતની—અનેક અગ્રગણ્ય વ્યકિતઓના પત્રોનો સારો સંગ્રહ પ્રગટ કરવામાં આવ્યો છે અને તે ઉપરથી આપણી વચ્ચે કેવી મોટી માનવ-વિભૂતિ જીવી ગઈ અને કેટલું બધું કામ કરી ગઈ અને તેમના પરિચયમાં આવેલી દરેક વ્યકતિને તે કેટલી બધી પ્રભાવિત કરતી ગઈ તેનો આપણને જીવન્ત ખ્યાલ આવે છે. આવા માહિતીભર-પુર અંકનું સંપાદન કરવા માટે 'અભ્યાસ'ના તંત્રી શ્રી પુરુષોત્તમ માવળંકરને અનેક ધન્યવાદ ઘટે છે.

આ વિશેષ અંકની કિંમત રૂા. ૬-૦૦ રાખવામાં આવી છે. 'અભ્યાસ'નું વાર્ષિક લવાજમ રૂા. ૧૦ છે. તે માટેનું પ્રાપ્તિસ્થાન અભ્યાસ કાર્યાલય, માવલંકર હવેલી, ભદ્ર, અમદાવાદ, - ૧. છે.

"જ્યોતિશિખા"

આચાર્ય રજનીશજી આજના એક મૌલિક ચિન્તક છે અને તેટલી જ પ્રભાવશાળી તેમની વાણી છે, તેમના વિચારોનો ચોતરફ સારો ફેલાવો થઈ રહેલ છે અને તેમના વિશેનું આકર્ષણ દિન પ્રતિ-દિન વધતું જાય છે. તેમના પ્રવચનપુસ્તકોનો પણ સારા પ્રમાણમાં ઉઠાવ થઈ રહ્યો છે અને તે પ્રવચનોનો અનુવાદ ભારતની જુદી જુદી ભાષાઓમાં પ્રગટ થઈ રહ્યો છે.

તેમના વિચાર તેમ જ સાહિત્યનું પ્રકાશન તથા પ્રચાર કર-વાના હેતુથી જીવનજાગૃતિ કેન્દ્ર નામની એક સંસ્થા બેએક વર્ષથી ઊભી કરવામાં આવી છે. આ સંસ્થા તરફથી આજ સુધીમાં પ્રગટ કરવામાં આવેલ રજનીશ-સાહિત્યની યાદી નીચે મુજબ છે:—

૧.	સાધનાપથ	હિન્દી	મૂલ્ય	૨.૦૦
૨.	સાધના પથ	ગુજરાતી	,,	૨.૦૦
૩.	સાધના પથ	મરાઠી	,,	૩.૦૦
૪.	ક્રાંતિબીજ	હિન્દી	,,	૨.૦૦
૫.	ક્રાંતિ બીજ	ગુજરાતી	,,	૨.૦૦
૬.	સિંહનાદ	હિન્દી	,,	૧.૨૫
૭.	સિંહનાદ	ગુજરાતી	,,	૧-૦૦
૮.	અહિંસાદર્શન	ગુજરાતી	,,	૦-૩૫
૯.	પાથ ઑફ સેલ્ફ રીએલીઝેશન	ઈંગ્લીશ	,,	૨.૨૫

આજ સંસ્થાના ઉપક્રમે 'જ્યોતિશિખા' નામનું ત્રિમાસિક ગયા જૂન માસથી શરૂ કરવામાં આવેલ છે. તેના સંપાદક શ્રી જટુ-ભાઈ મહેતા છે. લગભગ સવાસો પાનાનો આ અંક આચાર્ય રજનીશ-જીનાં હિંદી પ્રવચનો અને વાર્તાલાપોનો સંચય રજૂ કરે છે. આ ત્રિમાસિકમાં જીવનજાગૃતિ કેન્દ્રનો તેમ જ આચાર્ય રજનીશજીનો પરિ-ચય આપવો જોઈતો હતો. વળી આ ત્રિ-માસિકની નીતિ શું છે—એટલે કે આ ત્રિમાસિકમાં માત્ર રજનીશજીનાં જ પ્રવચનો અને વાર્તા-લાપો પ્રગટ કરવામાં આવશે કે તેમની સદશ ભૂમિકા ઉપર રહીને વિચાર કરતા ચિન્તકોના લખાણોને પણ આ અંકમાં અવકાશ આપ-વામાં આવશે—આ મુદ્દાની તેમ જ આનુષંગિક બાબતોની સ્પષ્ટતા કરતું સંપાદકીય વકતવ્ય પણ એટલું જ અપેક્ષિત હતું. આ ઉપરાંત આચાર્ય રજનીશજીના વિચારોને સ્પર્શતી તંત્રીનોંધ પણ એટલી જ જરૂરી હતી. સંભવ છે કે આ પહેલો જ અંક બહુ ઉતાવળથી તૈયાર કરવામાં આવેલો હોઈને આવી જરૂરી બાબતો આ અંકમાં અન્તર્ગત કરવી રહી ગઈ હોય. આગામી અંકોમાં, આશા રાખીએ કે, આ અંકમાં દેખાતી ત્રુટિઓ રહેવા નહિ પામે.

આચાર્ય રજનીશજીના વિચારો જાણવાની સમજવાની ઉત્સુકતા આજે ચોતરફ વધતી રહી છે. આશા રાખીએ કે તે ઉત્સુકતાને આ ત્રિમાસિક પુરતા પ્રમાણમાં સંતુષ્ટ કરતું રહેશે. આ જ્યોતિશિખાનું વાર્ષિક વલાજમ રૂા. ૫-૦૦ છે અને તે મેળવવાનું ઠેકાણું : જીવન જાગૃતિ કેન્દ્ર, ૫૦૫, કાલબાદેવી, રોડ મુંબઈ ૨, છે.

"તિબેટના ભીતરમાં"

'હેનરિક હેરર' એ નામના, એક ઑસ્ટ્રિયન ડુંગરખેડુએ ૧૯૫૫ અને ૧૯૫૫ના ગાળા દરમિયાન આ પુસ્તક મૂળ જર્મન ભાષામાં લખેલું અને ત્યાર બાદ 'Seven Years in Tibet'—'તિબેટમાં સાત વર્ષ'—એ નામે અંગ્રેજી ભાષામાં અનુવાદિત થયેલ.

આ પુસ્તકનો ભાઈ મહેન્દ્ર મેઘાણીએ ૧૯૫૬ની સાલમાં ટૂંકાવેલા ગુજરાતી અનુવાદની પહેલી આવૃત્તિ ૧૯૫૬ની સાલમાં પ્રગટ થયેલી અને તેની બીજી આવૃત્તિ ૧૯૬૫માં પ્રગટ કરવામાં આવી છે. તેના પ્રકાશક છે લોકવિદ્યાલય કાર્યાલય, કોરટ રસ્તો, ભાવનગર. આ બીજી આવૃત્તિની નકલ મને થોડા સમય ઉપર તેમણે મોકલેલી તે લગભગ એક બેઠકે સળંગ વાંચી જતાં થયેલો આનંદ તે પુસ્તકના અવલોકન રૂપે વ્યકત કરવા આ નોંધ લખી રહ્યો છું.

આ પુસ્તકના લેખક હેનરિક હેરરનો પરિચય આપતાં ગુજરાતી અનુવાદક ભાઈ મહેન્દ્ર મેઘાણી જણાવે છે કે; "હજારો માઈલ દૂર દેશના એક જુવાને આવીને આપણી હિમાલયી સરહદને ઓતરાદે પડખે જે સાહસો ખેડયાં અને આપણી પુરાતન પાડોશી તિબેટી પ્રજાના જીવનનું જે દર્શન કર્યું તેનું બ્યાન 'તિબેટમાં સાત વરસ' નામના પુસ્તકમાં તેણે આપ્યું, એ જુવાનનું નામ હેનરિક હેરિયર. વતન એનું ઓસ્ટ્રિયા. સત્યાવીશમે વરસે હિમાલયના નંગા પરબત શિખર પરની ચઢાઈમાં સાથેદાર બનતાં પહેલાં યુરોપના અનેક પહાડો એણે ખૂંદી નાખેલા. નિશાળની રજાઓ પૂરી થાય ને ડુંગરાઓની વિશાળ ગોદ છોડીને શાળાના સાંકડા ખંડમાં પાછા ફરવું પડે, એ તો એને માથાના ઘા જેવું થઈ પડે. ઓછું ભણેલા, ને ભણતરમાં એથી યે ઓછો રસ ધરાવનારા, એ જુવાનની તિબેટી આપવીતીની કથા આ દાયકાની સૌથી વધારે ફેલાવો પામેલી, ને જગતભરમાં લોકપ્રિય ચોપડીઓમાં સ્થાન પામી. એનું એક કારણ અલબત્ત, તિબેટનાં હિમ-વેરાનો વીંધતાં જોખમોની જે વર્ષાઝડી એણે અને એના સાથી ઓફ્સ્નાઈતરે ઝીલી તે છે. ઉપરાંત બહારની દુનિયાથી હજી આજે પણ ઠીક ઠીક અજાણ એવી એ પ્રાચીન પ્રજાના અંગત જીવનનો અનુભવ વરસો સુધી એ મેળવી શકયા. તિબેટના લોકોનું આવું સમતોલ અને સમભાવી આલેખન જગતને અગાઉ ભાગ્યે જ સાંપડ્યું હશે.

"૧૭૦૦૦ ફુટની ઊંચાઈએ તોપો ઢસડતા બ્રિટિશ સેનાપતિ યંગહસબંડ ૧૯૦૪ની સાલમાં ટિબેટના પાટનગર લ્હાસા સુધી હિંમતભરી અને કપરી ચઢાઈ લઈ ગયા ત્યારે તેમની સાથે છાપાના ગણ્યાગાંઠ્યા ખબરપત્રીઓ ગયેલા, ને તિબેટની રહસ્યભૂમિ ઉપરથી ગાઢા ધુમ્મસ-શો પડદો જરા હઠેલો ને પછી પૂર્વવત્ પડી ગયેલો. બાકીના જગત્થી સદન્તર અલિપ્ત રહેવાના તિબેટી દઢ આગ્રહના આવરણને છેલ્લાં પચ્ચાસ વરસમાં બહુ ઓછા માનવીઓ ભેદી શકયા છે ને તેમાં, લ્હાસામાં પાંચ વરસનો વાસ કરીને છેક એ દેશના "દેવી" બાળરાજા દલાઈ લામાના વિશ્વાસુ મિત્રપદે પહોંચી શકનાર આ પુસ્તકના લેખકની સિદ્ધિ અજોડ ગણાય છે.

"૧૯૫૧ના વર્ષમાં આ પુસ્તકના લેખકે તિબેટ છોડ્યું. તે પછીનાં વરસો દરમિયાન, ચીનના મહાન પ્રજાસત્તાકના એક ભાગરૂપે, તિબેટની ઘણી કાયાપલટ થઈ છે. એ રીતે, આ ચોપડીમાં વર્ણવાયલી અમુક હકીકતો હવે ભૂતકાળની બની ચૂકી હશે. તે છતાં, મોજીલી ને ભકિતભાવભરી, શાણી ને વહેમીલી તિબેટી પ્રજાની હજી તો ગઈ કાલની જ તસવીર તરીકે આમાંની ઘણી વિગતો રસિક નીવડશે. "

આ ચોપડીનો લેખક નંગા પર્વતની આરોહક ટુકડીમાં જોડાવા માટે ૧૯૬૦ના ઓગસ્ટમાં ભારત ખાતે આવેલો. નંગા પર્વતનો નવો કેડો શોધવાને લગતા પ્રાથમિક સંશોધનનું કાર્ય પતાવીને તે યુરોપ રવાના થવાની વાટ જોતો કરાંચીમાં થોડા દિવસથી આરામ કરતો હતો, એવામાં બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું અને તેને અને તેના સાથી પીટર ઑફ્સ્નાઈટરને એક યા બીજી અટકાયત છાવણીમાં મહિનાઓ સુધી પુરાયેલા રહેવું પડ્યું. તેમનું ધ્યેય એમાંથી ભાગી છૂટીને તથા હિમાલય ઓળંગીને તિબેટ પહોંચવાનું અને એ દેશનો બને તેટલો પરિચય મેળવવાનું હતું. ભાગી છૂટવાનાં બે ત્રણ નિષ્ફળ પ્રયત્નો બાદ આખરે ૧૯૪૪ના એપ્રિલની ૨૯મી તારીખે તે બન્ને સાથીઓ ભારતની સરહદ વટાવી શકયા અને ભટકતાં ભટકતાં અને અવારનવાર ભારત યા નેપાલ તરફ પાછા ધકેલાતા આખરે ૧૯૪૬ના જાન્યુઆરી માસની ૧૫મી તારીખે તેઓ કશા પણ પાસપોર્ટ વિના લ્હાસામાં દાખલ થયા. ત્યાર બાદ ૧૯૫૦માં તિબેટ ઉપર ચીની આક્રમણની શરૂઆત થઈ અને ૧૯૫૧ના માર્ચ માસમાં તિબેટ છોડવા સિવાય આ બન્ને સાહસિક નરવીરો માટે બીજો કોઈ વિકલ્પ ન રહ્યો. અજાણ્યા [અણઆમંત્ર્યા આ બન્ને બહાદુરો લ્હાસામાં કેમ સ્થિર થયા અને ત્યાંના પ્રજાજનોને અને રાજ્યને ઉપયોગી એવી કયા કયા પ્રકારની કામગીરી બજાવીને ત્યાંના અધિદેવતા સમા દલાઈ લામા, ઊંચી કક્ષાના અધિકારીઓ અને પ્રજાજનોના તેઓ કેવા પ્રીતિપાત્ર બન્યા–એની રોમાંચક કથા આ પુસ્તકમાંથી આપણને જાણવા મળે છે. આ પુસ્તકનો અનુવાદ ભારે સુન્દર થયો છે. આ પુસ્તક પ્રારંભથી અન્ત સુધી વાંચતા એક પ્રકારના રોમાંચક આનંદનો અનુભવ થાય છે અને આપણી કલ્પના અદ્‌ભુત તૃપ્તિ અનુભવે છે. હિમાલયની બીજી બાજુના–દુનિયાની અટારી જેવા ૧૨૦૦૦ ફીટથી વધારે ઊંચાઈએ આવેલા–આ પહાડી મુલકનો કાલ્પનિક પ્રવાસ ખેડવાનો આલ્હાદ આ પુસ્તકના વાચનથી આપણને સહજપણે પ્રાપ્ત થાય છે. પહાડોના પર્યટનના રસિક જનોને આ પુસ્તક વાંચી જવા ખાસ અનુરોધ છે. પરમાનંદ

સંઘ સમાચાર

આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળા

આ વખતની તા. ૧૧ મી સપ્ટેમ્બરથી તા. ૧૮ મી સપ્ટેમ્બર સુધી એમ આઠ દિવસ માટે યોજાયેલી પર્યુષણ વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ ગોઠવાઈ રહ્યો છે. પહેલા, દિવસે શ્રી ગજનવિહારી મહેતા, 'ગોરો અને ગાંધીજી' એ વિષય ઉપર અને શ્રી ઉછરંગરાય ઢેબર, 'ગાંધીજી અને વિનોબા' એ વિષય ઉપર વ્યાખ્યાન આપશે. છેલ્લા દિવસે આચાર્ય રજનીશજીનું વ્યાખ્યાન હશે. આઠે દિવસની સવારે ૮-૩૦ વાગ્યે શરૂ થતી સભાઓ ચોપાટી ઉપર આવેલા "બીરલા ક્રીડા કેન્દ્ર"માં ભરવામાં આવશે.

શ્રી કિસનસિંહ ચાવડાનું વ્યાખ્યાન: 'હિમાલયની વિભૂતિ'

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે તા. ૨૭મી ઑગસ્ટના રોજ શનિવાર, સાંજના ૬-૦૦ વાગ્યે મસ્જીદ બંદર રોડ ઉપર બેંક ઑફ બરોડાની સામે આવેલા ધી ગ્રેન એન્ડ ઑઈલ સીડ્‌ઝ મરચન્ટ્‌સ એસોસિએશનના સભાગૃહમાં શ્રી કિસનસિંહ ચાવડા 'હિમાલયની વિભૂતિ' એ વિષય ઉપર જાહેર વ્યાખ્યાન આપશે. આ વિષયના જિજ્ઞાસુઓને વખતસર ઉપસ્થિત થવા અનુરોધ છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

વિષયસૂચિ

		પૃષ્ઠ
હું ભારત તરફ કેમ આકર્ષાઈ ?	એની માર્શલ	૭૫
સાતત્ય	ગીતા પરીખ	૭૬
પ્રકીર્ણનોંધ: સંસદમાં સૌજન્યનું ચિન્તાજનક અવમૂલ્યાંકન, પર્યુષણ પર્વ અંગેનો પ્રાણીહિંસાભેદ ટાળી શકાય એમ છે ખરું ? પશ્ચિમ અને પૂર્વના દર્શનમાં રહેલું મૌલિક અન્તર, અવકાશસંશોધન પાછળ વ્યર્થ વેડફાતું અનર્ગળ દ્રવ્ય.	પરમાનંદ	૭૭
સ્વ. વિદ્યાવિભૂતિ ડૉ. વાસુદેવશરણ અગ્રવાલ	રતિલાલ દીપચંદ દેસાઈ	૭૯
અવલોકનો: શાણો સમાજ, અભ્યાસનો વિશેષાંક, જ્યોતિ શિખા, તિબેટની ભિતરમાં.	પરમાનંદ	૮૦
સિંહદર્શન	પૂર્ણિમાબહેન પકવાસા	૮૩

સિંહદર્શન

(ગયા ફેબ્રુઆરી માસની તારીખ ૪, ૫, ૬ એમ ત્રણ દિવસ માટે આચાર્ય રજનીશજીને અનુલક્ષીને એક શિબિર ગોઠવવામાં આવી હતી. આ શિબિર અને તે અંગે કરવામાં આવેલા પ્રવાસની વિગતો ડૉ. રમણલાલ સી. શાહે પ્રબુદ્ધજીવન માટે લખી આપી હતી અને તે પ્રબુદ્ધજીવનના માર્ચ માસના બે અંકોમાં પ્રગટ કરવામાં આવી છે. આ તુલસીશ્યામ શિબિરમાં ઉપસ્થિત થયેલાં શ્રી પૂર્ણિમા-બહેન પકવાસા શિબિર પુરી થયા બાદ એ બાજુ રહેતા અને વિચરતા સિંહોને પ્રત્યક્ષ નિહાળવાના હેતુથી તુલસીશ્યામની બાજુએ આવેલા સાંસણ ગામ તરફ ગયેલા અને આજુબાજુ ફરેલાં. આ રીતે ફરતાં તેમને જે અનુભવ થયો તેનું તેમણે હિંદીમાં લખેલું રોમાંચક વર્ણન 'શક્તિદલ' નામના માસિકમાં પ્રગટ થયું હતું. તેનો અનુવાદ મારી વિનંતિથી તેમનાં પુત્રી બહેન આરતી મહેતાએ કરી આપ્યો છે જે નીચે પ્રગટ કરવામાં આવે છે.

અહિં જણાવવાનું પ્રાપ્ત થાય છે કે આ અંકમાં આ વર્ણનાત્મક લેખ પ્રગટ થતો હોઈને 'મહાપ્રસ્થાનના પથ પર'નો ૧૪મો હપ્તો પ્રગટ કરવાનું આવતા અંક ઉપર મુલતવી રાખવાનું ઉચિત ધાર્યું છે. તંત્રી)

તુલસીશ્યામ સાધના શિબિરની પૂર્ણાહુતિ પછી અમે જગ-પ્રસિદ્ધ ગિરનારનાં સિંહોને જોવા ગયા. મધ્યગિરમાં સિંહોને જોવા માટે એક વિશેષ સ્થાન છે, જેનું નામ 'સાંસણ' છે. અમે તુલસી-શ્યામથી સવારના ૭ વાગે ઊપડ્યા. આખો રસ્તો જંગલમાંથી જતો હતો. સવારનો વખત હતો એટલે રસ્તામાં જ પેલા 'દોસ્તો'ને મળવાની આશા હતી. અમારી આતુર નજર બન્ને બાજુની ઝાડીમાં ફરતી હતી. વચ્ચે ટપકાંવાળાં હરણોનાં જોડકાં મળ્યાં. એમણે અમારી તરફ અત્યંત નિર્દોષ નજરે જોયું અને છલાંગ મારતાં ભાગી ગયા. એક જગ્યાએ તો ૧૫-૨૦ આકર્ષક હરણોનું ઝુંડ ચરતું હતું. દૂરથી એમને જોયાં એટલે મોટર ત્યાં જ ઊભી રાખી ધીરેથી નીચે ઊતરી અમે એમની તરફ ચાલવા લાગ્યાં. ઝાડની આડસ લઈને અમે એમની ખૂબ પાસે પહોંચી ગયા અને એમની પ્રવૃત્તિ જોવામાં મશગૂલ બની ગયાં. પણ કશેકથી થોડોક સંચળ થયો એટલે તરત જ બધા ભાગી ગયા. મેં મનમાં જ કહ્યું "પ્યારા દોસ્તો, અમે તમને હેરાન કરવા નહોતા આવ્યાં, અમે તો ફક્ત તમારા દર્શન કરવા અને તમારી સાથે દોસ્તીનો હાથ લંબાવવા આવ્યા હતા. એમને અમારો આ સંદેશો પહોંચ્યો કે નહીં તેની ખબર નથી. નીલ-ગાય, ખિસકોલી, સસલાં, જંગલી મરઘાં ઈત્યાદિ અનેક પ્રાણી તથા પક્ષીઓની મુલાકાત થઈ. વચ્ચે બે-ચાર મોટાં શીંગડાવાળા સાબર પણ મળ્યાં. પણ જેને જોવાને દિલ તલપાપડ થઈ રહ્યું હતું તે સિંહો ન મળ્યા.

વચ્ચે વચ્ચે નાનાં મોટાં ગામડાઓ આવ્યા કરતાં હતાં. નાની મોટી નદીઓ પણ આવતી હતી. આ વનપ્રદેશ બહુ સુકકો લાગતો હતો. ઝાડ અધિકાંશ પાતળા હતા અને પાનખર ઋતુ હોવાથી શૃંગારવિહીન લાગતાં હતાં. વિશેષ કરીને અહીં આંબળા, બાવળ અને કેસૂડાંનાં વૃક્ષો વધારે નજરે પડતાં હતાં. બોરનાં ઢગલામાં પાકાં ચણીબોર માણેકની જેમ ચમકી રહ્યાં હતાં. એ કાંટાવાળા ગુંબજોમાંથી વીણી વીણીને બોર ખાવાનો લોભ અમે રોકી ન શક્યા, બોરનો સ્વાદ લેતાં લેતાં કોઈકવાર કાંટાનો પણ સ્વાદ મળી જતો હતો. આ સુક્કા વનપ્રદેશમાં કેસૂડાનાં ફૂલો પૂરબહારમાં ખીલ્યાં હતાં. જ્યાં જુઓ ત્યાં યજ્ઞની કેસરી જ્વાળાઓની જેમ ફૂલોથી ભરપુર કેસૂડાનાં વૃક્ષો જંગલની શોભા વધારી રહ્યાં હતાં. આ ફૂલોની સમૃદ્ધ વિપુલતામાં કશે પાંદડાં તો દેખાતાં જ નહોતાં. મને યાદ આવ્યું કે મારી બા મને અને મારા ભાંડુઓને કેસૂડાંનાં ફૂલનાં પાણીથી નવડાવતી હતી જેથી ગરમીની ઋતુમાં બાળકોનાં શરીરને શીતળતા મળતી અને અળાઈ ફોલ્લાં વિગેરેથી બચી શકાતું. કેસૂડાના આ ગુણધર્મો મેં મારા સાથીઓને કહ્યા. વિચાર આવ્યો કે આપણી આ નૈસર્ગિક મૂલ્ય-વાન સંપત્તિ પ્રભુએ વિપુલ પ્રમાણમાં આપી છે, છતાં યે આપણે એનો પૂરો ઉપયોગ નથી જાણતાં અને તેનો મોટો ભાગ દર વર્ષે આમ જ નષ્ટ થઈ જાય છે.

રસ્તો સારો હતો એટલે મોટર પણ પૂર ઝડપથી દોડી રહી હતી. દૂરથી એક મંદિરની ફરફરતી ધજાનાં દર્શન થયાં. પાસે પહોંચ્યાં ત્યારે ખબર પડી કે એ તો 'કનકઈ' અથવા 'કનકેશ્વરી' માતાનું મંદિર હતું. પાસે સુંદર નદી વહી રહી હતી. મંદિર થોડી ઊંચાઈ પર હતું. એ ટેકરી પર ચઢીને મંદિરમાં જઈ માતાનાં દર્શન કર્યાં. મૂર્તિ તથા આભૂષણો સુંદર હતાં. અહીંથી આસપાસના પ્રદેશનું સુંદર દર્શન થયું. અત્યાર સુધી અમને સુકકો વનપ્રદેશ જોવા મળ્યો હતો, પણ અહીં નદીના કારણે હરિયાળી નજરે પડતી હતી. ત્યાંના પૂજારીજીએ અમને ઠંડુ પાણી પાયું તથા મંદિરનો ઈતિહાસ સંભળાવ્યો. અહીં બે-ત્રણ સ્વચ્છ ધર્મશાળાઓ છે, એક રેસ્ટ-હાઉસ છે, અને પૂજારી અને અન્ય કાર્યકરોને રહેવા માટે મકાન પણ છે. પૂજારીએ કહ્યું કે "મંદિરનાં ટ્રસ્ટીઓએ યાત્રીઓને રહેવા માટે સરસ વ્યવસ્થા કરી છે. અહીંની આબોહવા સમશીતોષ્ણ રહે છે અને નદીના કારણે સ્થાન રમણીય પણ છે. કૂવાનું પાણી મીઠું છે, એટલે ૧૦-૧૫ દિવસ આરામથી રહી શકાય એવું છે. કોઈક-વાર રાત્રે સિંહ નદીનું પાણી પીવા આવે છે, એમની ગર્જનાઓ પણ સંભળાય છે, પણ કોઈ દિવસ અહીંની વસ્તીને સિંહોએ હેરાન નથી કરી, પૂજારીએ મને કહ્યું કે તમે શક્તિ દલનો એક વિશેષ તાલીમ-કેમ્પ અહિંયા કરો, અમે તમને બધી સગવડ કરી આપીશું."

અમારી વાતો ચાલતી હતી એટલામાં જ એક સુંદર પાતળી યુવતી પોતાનાં પતિ અને બે બાળકો સાથે એક ઘરમાંથી નીકળી. એમની સાથેની વાતચીતથી માલુમ પડ્યું કે એમના પતિ વેરાવળની એક ફેક્ટરીમાં એંજીનિયર અને ભાગીદાર છે. પતિ-પત્ની બન્નેને નૈસર્ગિક રમણીયતા અને વન્યજીવન માટે ખૂબ પ્રેમ છે; એટલે પોતાના કામમાંથી થોડો સમય મળતાં જ તેઓ અહીં આવી જાય છે. આ વખતે તો ત્રણ અઠવાડિયાને માટે તેઓ અહીં આવ્યાં હતાં. પતિ બાળકોને લઈને નદી તટ પર ગયા અને પત્ની અમારી સાથે વાતો કરવા લાગી. એણે કહ્યું કે "અહીં અમને બીજાઓની કંપની ન હોવા છતાં અમે શાંતિ અને આનંદથી રહી શકીએ છીએ. આ નદી, જંગલ, ઝાડી, પ્રાણી, પક્ષી અને અહીંની બધી ચીજ અમારી સાથે વાત કરે છે અને અમને પ્રસન્ન રાખે છે."

એમણે કહ્યું કે નદીનાં ઉપરવાસમાં દોઢેક માઈલ દૂર ત્રણ આંખોવાળી માછલીઓ રહે છે. આ સ્થાન ઘણું દુર્ગમ અને ભયા-નક છે. તો પણ એક દિવસ ત્યાં જવાનો વિચાર છે. સવારના પહોરમાં જ ઝાડ પરથી તોડેલાં તાજા આંબળા એણે અમને આપ્યાં. વધતી જતી ગરમીમાં આંબળા ખૂબ મીઠાં લાગ્યાં. અમે એની વિદાય લીધી. કોઈ ને કોઈ દિવસ કનકાઈ માતાનાં સ્થાન પર ફરીથી આવીશું અને બની શકશે તો તાલીમ શિબિર પણ કરીશું એમ એને અને પૂજારીને કહી અમે મોટરમાં બેઠાં.

નદી પાર કરીને અમે આગળ ચાલવા લાગ્યા. અહીં જ અમે રસ્તો ચૂકી ગયા. ડાબી બાજુનો એક નાનો રસ્તો સાંસણ જતો હતો, પણ નામનું બોર્ડ નીચે પડી જવાથી અમને ખબર ન પડી અને અમે આગળ ચાલી ગયાં. રસ્તે ફોરેસ્ટ રેંજર મળ્યા. એમને પૂછવાથી ખબર પડી કે સાંસણનો રસ્તો તો પાછળ રહી ગયો. અમે પાછા વળ્યાં, પણ એક અજાણ્યા રસ્તામાં ઘુસી ગયા. રસ્તો સાંકડો

અને ખરાબ હતો. અમારો ડ્રાઈવર સાવધાન અને કુશળ હતો, એટલે ઘણી વાર તેણે અમને ખતરામાંથી બચાવી લીધા હતાં. અમે એવા જંગલમાંથી પસાર થઈ રહ્યાં હતાં કે જ્યાં કોઈ માણસ પશુ કે પક્ષી ન્હોતાં દેખાતાં. ન કોઈ ખેતર કે ન કોઈ મનુષ્ય-વસવાટના ચિહ્નો, તડકો વધી રહ્યો હતો. સવારના સાડા દસ વાગે સાંસણ પહોંચવાનો ઈરાદો હતો, અને અહીં તો બાર વાગી ગયેલા છતાં પણ આ ભયાનક જંગલનો અંત નહોતો આવતો. હવે તો નક્કી જ હતું કે અમે ખોટે રસ્તે ચઢી ગયા હતા. બળદગાડી ચાલવાનાં ચીલાઓ પણ કશે ન્હોતા દેખાતા. હવે તો મોટરને પણ આગળ જવાને માટે મુશ્કેલી પડવા લાગી, ઘણી મુશ્કેલીથી ડ્રાઈવરે મોટરને પાછી લીધી અને આવ્યાં હતાં એટલો જ રસ્તો પાછો કાપ્યો. મોટા રસ્તે પહોંચતાં એક વાગી ગયો. જ્યાંથી પાછા ફર્યા હતાં એ જ દિશામાં આગળ વધ્યાં. દસેક માઈલ પર ફરીથી પેલા ફોરેસ્ટ રેંજરનો ભેટો થયો અને એમનાં માર્ગદર્શન પ્રમાણે 'સતધાર'નાં લાંબા પણ મુખ્ય રસ્તા પર જ સાંસણ જવું ઠીક લાગ્યું.

બરાબર અઢી વાગે સાંસણના 'રમણીય ગેસ્ટ હાઉસ'માં પહોંચ્યાં. સ્નાન, ભોજન આરામાદિથી પરવારીને અમે સાડા ચાર વાગે સિંહ-દર્શન માટે નીકળ્યાં. દસ માઈલ મોટરમાં અને દોઢેક માઈલ જંગલના બોરડી, બાવળ આદિ કાટાંળા ઝાડોથી બચતાં બચતાં નિશ્ચિત સ્થાન પર પગરસ્તે પહોંચ્યાં. અમારાથી લગભગ ૪૦ ફૂટ દૂર એક નાનાં નાળાની વચ્ચે એક મોટો ડાલમથ્થો વનરાજ આરામથી બેઠો હતો. એની મનોહર કેશવાળી અને ચામડીનો રંગ ચમકતાં હતાં. તે એક યોગીની માફક આંખો બંધ કરતો હતો અને ફરી ખોલીને ચારે બાજુ અને અમારી તરફ નજર કરતો હતો. એની દૃષ્ટિમાં ક્યાંય હિંસા કે વિક્રાળતા દેખાતી નહોતી. અમે થોડાં વધુ નજીક ગયાં, પણ એ તો એમનો એમ બેસી જ રહ્યો. એને વિશ્વાસ હતો કે અમે એને સતાવવા નહિ, માત્ર જોવા જ ગયા હતા. અમે એનાં થોડાં ફોટા લીધા.

આ સિંહ ત્યાનાં લોકોને માટે પણ નવો હતો. આમ તો જંગલના બધા સિંહોને ફોરેસ્ટ ઓફિસર અને ચોકીદાર લોકો ઓળખતા હોય છે. સિંહોનાં નામ પણ પાડેલાં હોય છે, પણ આ સિંહ પહેલી જ વાર નજરમાં આવ્યો હતો એટલે એનું નામ નહોતું પડયું. ફોરેસ્ટ ઓફિસરે અમને કહ્યું કે ગિરનાં જંગલનાં બધા સિંહમાં આ સૌથી મોટો છે. ગિરનો સૌથી મોટો સિંહ જોવાની તક મળી તેને અમે અમારું સદ્‌ભાગ્ય માન્યું. ફોરેસ્ટ ઓફિસર શ્રી મોદીએ મને એનું નામ પાડવાની વિનંતી કરી, જેનો મેં સહર્ષ સ્વીકાર કર્યો. આ સિંહ દેખાવમાં બહુ સુંદર અને આકર્ષક હતો એટલે મ્હેં એનું નામ ઠેઠ સૌરાષ્ટ્રી ભાષામાં 'રૂડો' રાખ્યું. ગામડાંનાં લોકો એને 'રૂડિયો' પણ કહી શકે એવી શકયતા આ નામમાં હતી એટલે બધાને એ બહુ જ ગમ્યું.

નામકરણ થતાં જ ભાઈ ઊઠીને ઊભા થયા અને ધીરે ધીરે ચાલવા લાગ્યા, અમે પણ એની પાછળ પાછળ ચાલવા લાગ્યા, એક ટેકરીની ધાર પરથી એ સીધો નીચે ઉતરી જતો હતો તે દશ્ય ઘણું જ આકર્ષક હતું. એની બધી જ લાક્ષણિક અદાઓનું અમને દર્શન થયું. જંગલના રાજાનું ગૌરવ એની અદાઓમાં પ્રકટ થતું હતું. એક અદા હજી જોવાની મનમાં ઈચ્છા હતી, તે એને દોડતો જોવાની, તે પણ પૂરી થઈ. અમને વધારે નજીક આવતા જોઈ એ છલાંગ મારીને ભાગવા લાગ્યો. વાહ ! શું સુંદર દશ્ય ? એની ગુચ્છાદાર લાંબી પૂંછડીને ઉછાળતો ચારેપગે પૂરી તાકાતથી દોડતો એ સામેની ઝાડીમાં અદશ્ય થઈ ગયો. થોડીવાર સુધી અમે એનાં પાછા આવવાની પ્રતીક્ષા કરી, પણ ચોકીદારે કહ્યું કે હવે એ રાત્રે જ પાછો આવશે.

સૂર્યાસ્તનો સમય થઈ ગયો હતો. પક્ષીઓ પોતપોતાનાં માળામાં જઈ રહ્યાં હતાં. એમનાં કિલકિલાટથી વાતાવરણ ગાજી રહ્યું હતું. કોઈ કોઈ વખત જંગલી જાનવરોના પણ અવાજો સંભળાતા હતા. અંધારું ઊતરવા લાગ્યું હતું અને અમને ફરીથી મોટર સુધીનો કાંટાળો રસ્તો પાર કરવાનો હતો. અન્ય જાનવરોના બહાર નીકળવાની સંભાવના પણ હતી એટલે અમે જલ્દી ચાલવા લાગ્યા અને જીપ ગાડી સુધી પહોંચી ગયાં.

રાત્રે મુખ્ય ફોરેસ્ટ ઓફિસર શ્રી સિંહા તથા ડૉ. સત્યનારાયણજીને મળવાનું થયું. એમણે સિંહોની ઘણી રોમાંચક વાતો કહી સંભળાવી. 'ગિર'ની ગાયોનું તાજું ઘી તથા તાજા ગોળનો પણ એમણે સ્વાદ ચખાડયો.

બીજે દિવસે પ્રભાતે જલ્દી ઉઠીને અંધારામાં જ અમે 'સાંઢ-બેડા' જંગલ તરફ પ્રયાણ કર્યું. આ જંગલ પણ સિંહોને માટે મશહુર છે. એક બે નહીં પણ સાત સાત સિંહોનાં જૂથ પણ કોઈ કોઈ વાર અહીંયા જોવા મળે છે. મોટર છોડીને ફરીથી પગયાત્રા શરૂ થઈ. પ્રભાતની લાલીમાએ સારા વાતાવરણને પ્રસન્નતાથી ભરી દીધું હતું. ઝાડ, પશુ, પક્ષી—બધાં આ ચૈતન્યદાયી વાતાવરણનો આલ્હાદ લઇ રહ્યાં હતાં. જંગલના પગીઓએ અમને કહ્યું કે એક નિશ્ચિત જગ્યા પર થોડા જ વખત પર બે સિંહ અને એક સિંહણ બેઠાં હતાં. એક બચ્ચું પણ સાથે હતું. અમે ત્યાં પહોંચીએ ત્યાં સુધીમાં તો બધા ગાયબ થઈ ગયેલાં.

આજે તો અમને જંગલની મહારાણીની મુલાકાત લેવાની હતી. કોઈ મહારાણીની મુલાકાત વખતે જેમ પ્રથમ મુલાકાતીઓ આવે, પછી ચપરાસી મહારાણીને ખબર આપે, એ આવે અને મુલાકાત આપે, કંઈક એવા જ શિષ્ટાચારનો અમને અહીં અનુભવ થયો. પગીઓએ જંગલની અંદર જઈને બકરીની જેમ 'બેં બેં બેં' 'બેં' અવાજ કર્યો. થોડી જ વારમાં અમારી સામેથી એક સિંહણ ઝડપથી બકરાનાં અવાજો તરફ જતી જોવામાં આવી. એની પાછળ એનું એક મહિનાનું બચ્ચું પણ કુદક કુદક કરતું જતું હતું. પગીઓ નજીકમાં જ હતાં. એક પગીનાં હાથમાં સાચે જ બકરીનું બચ્ચું હતું, પણ તે ફકત દેખાવ માટે જ. સિંહણના નાસ્તા માટે નહીં. પહેલેથી જ અમે એ ચોખવટ કરી દીધેલી કે અમારે તો અહિંસક રીતે જ સિંહદર્શન કરવા છે.

એ પગીઓની સામે ૨૦ ફીટ દૂર જ એ સિંહણ બેસી ગઈ, એનું બચ્ચું એની સાથે રમી રહ્યું હતું. આ મા-દીકરાની ગમ્મતી-ક્રીડા ઘણી મનોરંજક લાગી. સિંહણ લાલચું નજરે બકરીનાં બચ્ચાં તરફ જોઈ રહી હતી. એ ખૂબ જ આરામ અને વિશ્વાસથી બેઠી હતી. આ બધી રમતગમત અમે એક બાજુથી જોઈ રહ્યાં હતાં. સિંહણ પણ ડોક ફેરવીને અમારી સામે વારે ઘડીએ જોઈ લેતી હતી. આમ બાજુમાંથી જોઈને પછી ધીરે ધીરે એની સામે જ્યાં પગીઓ હતા ત્યાં અમે આવી પહોંચ્યાં. એનો સામેનો દેખાવ વધારે ગમ્યો. હું તો એનાથી ૨૫ ફીટ દૂર પલાંઠી લગાવીને બેસી ગઈ. એ ખૂબ પ્રેમથી મારી સામે જોઈ રહી. મને તો તે વખતે એ એક ગાય જેવી નિર્દોષ અને વ્હાલી લાગી. મારી આંખોમાં પણ એના પ્રતિ ખૂબ પ્યાર હતો. મનમાં ઈચ્છા થઈ આવતી હતી કે, એકવાર પાસે જઈને એનાં સુંદર શરીર પર હાથ ફેરવી આવું, પંપાળી આવું. એની આંખોમાં ક્યાંય હિંસા કે ક્રૂરતા ન્હોતી દેખાતી. વનનાં હિંસક પશુઓની સામે આટલી નિશ્ચિતતા અને વિશ્વાસથી બેસી શકાય છે એની આજે ખાત્રી થઈ. આ મહારાણીએ લાંબા સમય સુધી અમને મુલાકાતનું માન આપીને ફોટો માટે વિવિધ 'પોઝ' પણ આપ્યાં. એ પુષ્ટ, સુંદર અને સપ્રમાણ હતી એટલે એનું નામ 'રૂપાળી' રાખ્યું અને એનાં બચ્ચાનું નામ 'લાડકો.' સાચે જ બચ્ચું બહુ લાડકું હતું. એક કલાક સુધી આરામથી બેઠા પછી તડકો વધતાં એને થોડી અશાંતિનો અનુભવ થયો હોય એમ લાગ્યું એટલે, એ ઊભી થઈ અને ધીરે ધીરે બચ્ચાં સાથે વનમાં ચાલવા લાગી. અમે થોડીવાર એની પાછળ ગયાં પણ એ તો ઝડપથી જંગલમાં અદશ્ય થઈ ગઈ.

અમે પણ જૂનાગઢ તરફ પ્રસ્થાન કર્યું. સાંસણનાં સિંહ-સિંહણ અને બચ્ચાંનો આ આલ્હાદક અનુભવ મારી સ્મૃતિમાં ચિરસ્થાયી બની ગયો.

અનુવાદક :
બહેન આરતી મહેતા

મૂળ હિંદી :
બહેન પૂર્ણિમા પકવાસા

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ. મુંબઈ-૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ

Regd. No. MH. 117
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૮ : અંક ૯

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, સપ્ટેમ્બર ૧ ૧૯૬૬, ગુરૂવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૨૫ પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

☆ ભગવાન મહાવીર વિષે વિનોબાજીનું ચિન્તન ☆

[પંડિત બેચરદાસ જીવરાજ દોશી સંપાદિત મહાવીર–વાણીનું છઠ્ઠું હિંદી સંસ્કરણ સર્વ સેવા સંઘ રાજઘાટ, વારાણસી, તરફથી (કીંમત રૂા. ૫) સંસ્કૃત - રૂપાન્તર, વિસ્તૃત તુલનાત્મક વિવેચન તથા મહાવીર જીવન સહિત બહાર પાડવામાં આવ્યું છે. તેમાં વિનોબાજીએ આ સંસ્કરણને લક્ષમાં રાખીને પુરોવચન જેવું લખાણ લખી આપ્યું છે તે તથા આગળનાં સંસ્કરણોમાં તે પ્રકારનાં જે લખાણો પ્રગટ કરવામાં આવેલાં તે સર્વ એકત્ર કરીને તેનો સમયના ક્રમાનુસાર ગુજરાતી અનુવાદ નીચે આપવામાં આવે છે. આ બધાં લખાણો ભગવાન મહાવીર અંગેની વિનોબાજીની વિશિષ્ટ દૃષ્ટિ અને વિચાર-સરણી રજૂ કરતાં હોઈને અત્યન્ત મહત્ત્વનાં છે. પરમાનંદ]

"હું એમનું જ કામ કરી રહ્યો છું"

(શ્રી રિષભદાસ રાંકા ઉપર લખાયલા પત્રમાંથી)

'મહાવીર-વાણી' મને બહુ જ પ્રિય લાગી છે. તેમાં તમે સંસ્કૃત છાયા આપી રહ્યા છો, તેથી તે સમજવામાં વધારે સગવડ રહેશે. આજ તો હું બુદ્ધ તથા મહાવીરની છત્રછાયામાં તેમને પ્યારા એવા બિહાર પ્રદેશમાં ઘૂમી રહ્યો છું અને માનું છું કે હું એમનું જ કામ કરી રહ્યો છું. આ દિવસોમાં 'ધમ્મપદની' પ્રતિ મારી સાથે હોય જ છે. જ્યારે 'મહાવીર - વાણી' નું આપનું નવું સંસ્કરણ નીકળશે ત્યારે તે પણ સાથે રાખીશ. તે વાંચવા માટે મને સમય મળે યા ન મળે, તેની કોઈ ચિન્તા નથી. એવી ચીજો નજીકમાં હોય તો પણ તેની સંગતિથી પણ બધું મળી જાય છે. એમ તો આગળ ઉપર 'મહાવીર-વાણી' હું જોઈ ગયો છું. એમ છતાં પણ પ્રિય વસ્તુનું પુનર્દર્શન પ્રિયતર બનશે. આજકાલ સેંકડો પુસ્તકોનો દરેક ભાષામાં ભરાવો થઈ રહ્યો છે. જો મારૂં ચાલે તો ઘણાખરા લેખકોને હું ખેતીના કામમાં જોડવા ઈચ્છું અને ગીતા, ધમ્મપદ, મહાવીર - વાણી જેવાં થોડાં પુસ્તકોમાંથી સમાજને ઉર્જાજીવન – ઉત્કૃષ્ટ જીવન–નું તત્ત્વ પહોંચાડું.

પડાવ: અંબા (ગયા) તા. ૧૨–૧૧'૫૨ વિનોબા

આશીર્વચન

(ચોથા હિંદી સંસ્કરણમાંથી)

બુદ્ધ તથા મહાવીર ભારતીય આકાશનાં બે ઉજ્જવલ રત્ન છે. ગુરુ - શુક્ર સમાન તેજસ્વી તેમ જ મંગલ–દર્શન. બુદ્ધનો પ્રકાશ દુનિયામાં વ્યાપક રૂપમાં ફેલાઈ ગયો. મહાવીરનો પ્રકાશ ભારતના હૃદયમાં સોંસરવો ઉતરી ગયો. બુદ્ધે મધ્યમ માર્ગ દેખાડયો. મહાવીરે મધ્યમ દૃષ્ટિ આપી. બન્ને દયાળુ તથા અહિંસાધર્મી હતા. બુદ્ધ બોધપ્રધાન હતા, મહાવીર વીર્યવાન તપસ્વી હતા.

બુદ્ધ અને મહાવીર બન્ને કર્મવીર હતા. લેખન - વૃત્તિ તેમનામાં નહોતી. તેઓ નિર્ગ્રન્થ હતા. કોઈ શાસ્ત્ર-રચના તેમણે કરી નહોતી; પણ તેઓ જે બોલ્યે જતા હતા તેમાંથી શાસ્ત્રો રચાયે જતા હતા. તેમનું બોલવું સહજ રહેતું હતું. તેમની વિખરેલી વાણીનો સંગ્રહ પણ પાછળથી લોકોને એકત્ર કરવો પડેલો.

બુદ્ધ-વાણીનો એક નાનો સરખો સારભૂત સંગ્રહ 'ધમ્મપદ'ના નામથી બે હજાર વર્ષ પહેલાં થઈ ચૂકયો હતો, જે માત્ર બૌદ્ધ સમાજ-માં જ નહિ પણ આખી દુનિયામાં 'ભગવદ્ ગીતા' માફક પ્રચલિત બની ચૂકયો છે. 'મહાવીર–વાણી' આજ સુધી જૈનોના આગમાદિ ગ્રંથોમાં વિખરેલી પડી હતી. તેમાંથી ચૂંટીને આ એક સંગ્રહ આત્માર્થીઓના ઉપયોગ માટે શ્રી રિષભદાસજીની પ્રેરણાથી પ્રકાશિત કરવામાં આવેલ છે. આમ તો આ પુસ્તકની ચોથી આવૃત્તિ છે, પણ આ પુનર્મુદ્રણ નથી, પણ પરિવર્તિત આવૃતિ છે, જેમાં અધિક વ્યાપક દૃષ્ટિથી સંકલન કરવામાં આવ્યું છે. મારી સૂચનાથી આ આવૃ-ત્તિમાં મૂલ વચનોનું સંસ્કૃત રૂપાન્તર પણ આપવામાં આવ્યું છે. એમ થવાથી 'મહાવીર–વાણી' સમજવામાં વધારે સરળતા–સગવડ–રહેશે.

ધમ્મપદ કાલ-માન્ય બની ચૂકેલ છે. મહાવીર–વાણી પણ બની શકે છે, જો જૈન - સમાજ એક વિદ્વત્પરિષદ મારફત પૂરી ચકાસણી-પૂર્વક ભ. મહાવીરનાં વચનોનો તેમ જ તેના ક્રમનો નિશ્ચય કરીને, એક પ્રમાણભૂત સંગ્રહ લોકો સમક્ષ રજૂ કરે. જૈન સમાજને મારી આ એક વિશેષ ભલામણ છે. જો આ સૂચનાનો અમલ કરવામાં આવશે તો જૈન - વિચારના પ્રચાર માટે પચ્ચાસ - સો પુસ્તકો લખવામાં આવે છે તેના કરતાં આવો સંગ્રહ અધિકતર ઉપયોગી નિવડશે.

આવો અપૌરુષેય સંગ્રહ જ્યારે થવાનો હશે ત્યારે થશે. પણ ત્યાં સુધી પૌરુષેય–વ્યક્તિગત–પ્રયત્નથી જે કોઈ નિપજશે તે પણ ઉપયોગી બનશે. 'સાધક સહચરી' નામથી આવો જ એક સંગ્રહ સન્તબાલજીએ કરેલો પ્રકાશિત થયો છે. આ બીજો પ્રયત્ન છે. હું ઈચ્છું છું કે કેવળ જૈન સમાજ જ નહિ, પરંતુ ચિત્તશુદ્ધિની ઈચ્છા ધરાવવાવાળા જેઓ જૈન - સંપ્રદાયના અનુયાયી નથી તેઓ પણ આનું ચિન્તન - મનન કરશે.

પડાવ: ચપરી (બિહાર) તા. ૩૦–૩–૫૩ વિનોબા

અણમોલ ભેટ

(પાંચમા ગુજરાતી સંસ્કરણમાંથી)

'મહાવીર - વાણી'નું ગુજરાતી સંસ્કરણ પ્રગટ થઈ રહ્યું છે. આ આનંદજનક વાત છે. અહિં બિહારમાં ભૂદાન - યજ્ઞના પ્રચારઅર્થે ઘૂમતાં ઘૂમતાં બુદ્ધ તથા મહાવીરનું મને નિરન્તર સ્મરણ થયા કર્યું છે. લોકો જાણે છે કે મેં બોધગયામાં સમન્વય - આશ્રમ શરૂ કરી દીધો છે. કોઈ નવો આરંભ કરવાની વૃત્તિ હું મારામાં જોતો નથી. એમ છતાં પણ, ભૂદાનની પ્રવૃત્તિમાંથી સમન્વયની પ્રવૃત્તિ અનિવાર્ય રૂપે નીકળી પડી છે.

ભારત ભૂમિમાં આત્માનું ચિન્તન, મનન તથા શોધ બહુ પ્રાચીન કાળથી આજ સુધી થતાં રહ્યાં છે. તેમાં વૈદિક, બૌદ્ધ તથા શ્રમણ–

આ ત્રણ શાખાઓ ચાલી આવી છે, ત્રણે શાખાઓમાં અનેક સન્ત પુરુષ નિર્માણ થયા છે તેમ જ તેમના વિવિધ પક્ષો પણ શરૂ થયા છે. આ પંથોમાં શિખોનો પણ એક પંથ છે. જો કે આજે વિશેષ સંઘટનાને લીધે પોતાના શિખધર્મને એક અલગ ધર્મ તરીકે તેઓ માનવા લાગ્યા છે, પણ એ પણ એક ઉપાસના–પંથ જ છે. ભારતની બહારના ધર્મ-પ્રવાહ પણ ભારતીય સંસ્કૃતિમાં દાખલ થઈ ગયા છે, અથવા તો ભારતની બહારના તે મટી ગયા છે. ઈસાઈ, મુસલમાન, યહુદી–આ ત્રણે જમાતોએ ભારતને અપનાવ્યું છે અને આજે આ ત્રણેનું પોતાનું એક ભારતીય રૂપ પણ છે. આ રીતે ઐતિહાસિક પ્રવાહમાં ભારત–દેશ ધર્મ–વિચારોનું સંગમ–સ્થાન બની ગયેલ છે.

આ ઐતિહાસિક કાર્ય ત્યારે પૂર્ણ થશે કે જ્યારે આપણા જીવન-દર્શનમાં આ સર્વનો આપણે સમન્વય કરીશું. આ માટે દરેક ધર્મની સારભૂત કોઈ વસ્તુ મળી જાય છે તો ભારે સગવડતા પેદા થાય છે.

વૈદિક ધર્મનો સાર, સૂત્રરૂપમાં ઈશોપનિષદ્‌માં અને કેટલાક વિસ્તારથી ભગવદ્‌ગીતામાં આપણને મળી જાય છે. ઈસાઈ ધર્મનો સાર ઈશુના 'ગિરિ-પ્રવચન' રૂપે મશહૂર છે. બૌદ્ધ ધર્મનો સાર બૌદ્ધો એ જ ચૂંટેલું 'ધમ્મપદ' છે. શિખોનો પૂરો ધર્મ-વિચાર 'જપુજી'માં આવી જાય છે. જૈન-ધર્મનો સાર સંક્ષેપમાં આપવાવાળા પુસ્તકની, ખૂબ જરૂર હતી. મને લાગે છે કે તે જરૂર 'મહાવીર–વાણી' એ સારી રીતે પૂરી પાડી છે.

આ પુસ્તકમાં માત્ર ૩૧૩ વચનો આપવામાં આવ્યાં છે, તો આ એક નાની સરખી ચીજ બની જાય છે. આ પ્રકાશનથી અધ્યયન કરવાવાળાને શબ્દોનો વધારે પડતો બોજો નહિ પડે અને જીવન માટે પાથેય-ભાતું-પૂરા પ્રમાણમાં મળી રહેશે. પરિભાષાનું જંગલ ઠીક પ્રમાણમાં ટાળવામાં આવ્યું છે. સામાન્ય પાઠકને લગભગ પચ્ચાસેક નવા શબ્દો આમાંથી મળશે, જે તેને ભડકાવનારા નહિ બને, પણ તેની સમજણ ને સંસ્કાર આપનારા માલૂમ પડશે. આ શબ્દો ૧૯મા સૂત્રમાં મોટા પ્રમાણમાં જોવામાં આવે છે. આ સૂત્ર અહિં આપવામાં આવ્યું ન હોત તો પાઠકોને અપરિચિત એવો કોઈ શબ્દ મળત નહિ. પણ એમ કરવાથી પુસ્તકનું વજન–મહત્ત્વ–થોડું ઓછું થાત. આ સૂત્ર વિના જૈનવિચારના ખરા દર્શનથી પાઠક વંચિત રહી જાત.

સમન્વય-આશ્રમ માટે આ સંગ્રહ ખૂબ ઉપયોગી નિવડશે. પણ સમન્વય-આશ્રમ માત્ર બોધગયામાં જ નથી ચલાવવાનું. સમગ્ર દેશભરમાં અધ્યયન તથા સેવાકાર્ય માટે જેટલાં સ્થાન છે તે સર્વને આપણે સમન્વય-આશ્રમ બનાવવાના છે. આ માટે આ સંગ્રહ એક અણમોલ ભેટ છે.

દલસિંગરાય, (બિહાર,) વિનોબાના
તા. ૧૦-૮-૫૪. પ્રણામ

અત્યન્ત અનાગ્રહી મહાવીર

(ગ્રામદાન-તૂફાનયાત્રા દરમિયાન વૈશાલી પ્રખંડમાં તા. ૨૬-૧૧-૬૫ના કરવામાં આવેલા પ્રવચનમાંથી આ વિભાગ ઉદ્‌ધૃત કરવામાં આવ્યો છે. આ વિભાગના મુખ્ય વિચારને કેન્દ્રમાં રાખીને કરવામાં આવેલા પ્રવચનની નોંધ તા. ૧૬-૪-૬૬ના પ્રબુદ્ધ જીવનમાં થઈ ચૂકી છે. એમ છતાં ભગવાન મહાવીર વિષેનું વિનોબાજીનું ચિન્તન સંકલિત આકારમાં પ્રબુદ્ધ જીવનના વાચકોને જાણવા મળે એ હેતુથી થોડોક પુનરુક્તિનો દોષ વહોરીને પણ ઉપર જણાવેલ પ્રવચન–વિભાગ નીચે આપવામાં આવે છે. *તંત્રી*)

મહાવીરના આ ક્ષેત્રમાં સહયોગ હોવો ઘટે છે. તેમણે હંમેશા સહયોગની વાત કહી છે. જ્યાં મહાવીર પોતાના વિચારો સમજાવતા હતા ત્યાં જો કદિ વિચારોમાં મતભેદ ઊભો થતો હતો તો તેઓ વિરોધ કરીને સમજાવતા નહોતા. તેઓ માનતા હતા કે, દરેક વ્યક્તિની પાસે સત્યાંશ હોય છે. આમ હોવાથી દરેકની પાસેથી એક–એક સત્યાંશ ગ્રહણ કરવો અને વળી પાછું પૂર્ણ સત્યનું સંશોધન કરવું –એ એમની પદ્ધતિ હતી. અને એ ભારે મોટી દૃષ્ટિ મહાવીર–સ્વામીએ આપણને આપી છે. દરેકને તેઓ કહેતા હતા કે "તમારા કથનમાં પણ સાર છે." આ બાબતનો સ્વીકાર કરીને લોકોએ એક 'ફોર્મ્યુલા' બનાવી જેને અનુસરીને આજની સીકયોરીટી કાઉન્સીલ ચાલી રહી છે. તે દરેક પાસેથી સત્યાંશ લઈને પૂર્ણ સત્યની શોધ કરવાનો પ્રયત્ન કરે છે.

એમ સમજવું કે મારી પાસે જ પૂર્ણ સત્ય છે એ બરોબર નથી. દરેકની પાસે સત્યનો અંશ છે એમ સમજવું જોઈએ. વેદમાં યુદ્ધ માટે એક શબ્દ આવે છે. સંસ્કૃતમાં યુદ્ધ માટે અનેક શબ્દો છે. વેદમાં આવે છે કે 'મમ સત્યમ્.' હે ઈન્દ્ર, લોકો તારૂં આવાહન કરે છે. મમ સત્યમ્‌માં ભાષ્યકાર લખે છે: મમ સત્યેષુ યુદ્ધેષુ ઇત્યર્થઃ એટલે કે મમ સત્યનો અર્થ યુદ્ધ થાય છે. એટલે કે કોઈ પણ માણસ જ્યારે કહે છે કે "મારું કહેવું જ સત્ય છે." "મારું કહેવું જ માત્ર સત્ય છે" તો તેમાંથી યુદ્ધ પેદા થાય છે. આમ હોવાથી યુદ્ધને એ જ નામ આપવામાં આવ્યું. કહેવું એમ જોઈએ કે મમ સત્યાંશઃ તવાપિ સત્યાંશઃ–મારું પણ સત્ય છે, તમારું પણ સત્ય છે. આમ બને તો વાત ચાલે અને એકબીજાનો મેળ મળે. આમ હોવાથી, દુનિયામાં જો વિશ્વરાજ્ય થવાનું હોય તો તે માટે મહાવીરે દર્શાવેલો એ જ એક માત્ર ઉપાય છે.

હું અહિંસાની વાત કરતો નથી. હું મહાવીરની મધ્યસ્થ દૃષ્ટિની વાત કરી રહ્યો છું. સૌ કોઈ સત્યાગ્રહી બનવાની વાત કરે છે. હું કહું છું કે પહેલા સત્યગ્રાહી બનો, પછી તમે સત્યાગ્રહી બની શકો છો.

મહાવીરે એક ઘણી મોટી વાત કરી છે. મહાવીર અને બુદ્ધ એક જમાનામાં થઈ ગયા. મારો ખ્યાલ છે કે બન્નેનું મિલન પણ થયું હશે. ભગવાન બુદ્ધ સ્ત્રીઓને સંન્યાસ–દીક્ષા આપતા નહોતા. એક વખત તેમનો શિષ્ય આનંદ એક બહેનને લાવ્યો અને કહ્યું, "ભગવન્! આ બહેન ખૂબ જ જિજ્ઞાસુ છે. આને દીક્ષા આપો!" ત્યારે બુદ્ધે કહ્યું, "હે આનંદ! તેં પરીક્ષા કરી છે તો તારા ઉપર વિશ્વાસ રાખીને એને હું દીક્ષા આપું છું. પણ ધ્યાનમાં રાખજે કે આપણા સંપ્રદાય માટે આ એક જોખમકારક વસ્તુ છે." એટલે બુદ્ધે સ્ત્રીઓને દીક્ષા આપવામાં જોખમ માન્યું, જ્યારે ભગવાન મહાવીરે સ્ત્રીઓને છૂટથી દીક્ષા આપી. કહેવાય છે કે એમના પરિવારમાં જેટલી સાધુઓની સંખ્યા હતી એથી વધારે સાધ્વીઓની સંખ્યા હતી. આ એમનું ભારે હીંમતભર્યું કામ હતું. આને લીધે એમને આપવામાં આવેલું 'મહાવીર' નામ પૂરા અર્થમાં સાર્થક લાગે છે. જ્યારે હું મહાવીરનું નામ લઉં છું ત્યારે મને એમ લાગે છે કે જાણે કે મારી ચારેમેર તેઓ ઘૂમી રહ્યા છે પરમ ત્યાગી, અનાગ્રહી, મધ્યસ્થ દૃષ્ટિસંપન્ન મહાવીર. હું જોવા ચાહું છું અને તેઓ પણ એ જોવા ચાહતા હશે કે આ પ્રજામાં મહાવીરના થોડાં પણ લક્ષણ દેખાઈ રહ્યા છે.

તા. ૨૬-૧૧-૬૫, વૈશાલી (બિહાર)

જૈન આગમોનું નવનીત

(તાજેતરમાં પ્રગટ થયેલા છઠ્ઠા હિંદી સંસ્કરણમાંથી)

'મહાવીર–વાણી' માટે બે શબ્દ હું લખું એવી પ્રેમની માંગણીને હું ટાળી નહિ શક્યો, જો કે તૂફાની કાર્યક્રમમાં હું જોડાયેલો છું. 'મહાવીર–વાણી'માં જે સંકલન થયું છે તેમાં જૈન આગમોનું નવનીતને માખણ આવી ગયું છે. સર્વધર્મ–સમભાવ વધારવા માટે તેનો ખૂબ ઉપયોગ થશે એમાં મને શક નથી.

'મહાવીર–વાણી' હું જોઈ ગયો છું. સંચય મને સારો માલુમ પડયો છે. એમ છતાં પણ મારી સૂચના હતી કે જૈન વિદ્વાનોની એક સમિતિ બનાવવામાં આવે અને તે સમિતિ સર્વમાન્ય સંગ્રહ લોકોની સામે રજૂ કરે. આથી ધમ્મપદને જે મહત્ત્વ પ્રાપ્ત થયું છે તે મહત્વ આને પણ પ્રાપ્ત થાય. ખેર, એ તો જ્યારે બને ત્યારે ખરું, પણ ત્યાં સુધી 'મહાવીર–વાણી' લોકોમાં ચાલશે–ચાલવી જોઈએ.

આ દિવસોમાં 'સર્વધર્મસમભાવ' એક નવો શબ્દ આપણને મળ્યો છે. આમ છતાં મહાવીરના વિચારોનો જેમને પરિચય છે તેમના માટે આ કોઈ નવી વાત નથી. મારી દૃષ્ટિએ મહાવીર સર્વધર્મ સમન્વયાચાર્ય છે. સત્યનું એક એક પાસું લઈને લોકોની સામે ભિન્ન ભિન્ન પંથના રૂપમાં એક એક 'નય' રજૂ કરવામાં આવે છે. આ છે મહાવીરનો મુખ્ય વિચાર. અહિંસા તો તેના પેટમાં સહજમાં સમાઈ જાય છે. હું આશા રાખું છું કે દિલોને–માનવી માનવીને–જોડવામાં 'મહાવીર-વાણી'નો પૂરો ઉપયોગ થશે.

ગ્રામદાન તૂફાન–યાત્રા વિનોબાના *જય જગત્*
બિહાર તા. ૧૨-૧૨-૬૫,

ભગવાન મહાવીરની મધ્યસ્થ દૃષ્ટિ

(ભ. મહાવીરની જન્મભૂમિ વૈશાલીમાં 'પ્રાકૃત જૈન વિદ્યાપીઠ'ના વિદ્યાર્થીઓ સમક્ષ તા. ૨૫-૧૧-૬૫ના આપેલ પ્રવચન.)

અહિં આપ લોક સંશોધન કરો છો, સંશોધનનો ઘણો લાભ છે. પણ કેટલીક વાતો એવી હોય છે, જેનું સંશોધન થઈ શકતું નથી. ઉદાહરણ રૂપે, મહાવીર સ્વામીના જીવનના વિષયમાં ઘણા મત-ભેદ છે. દિગમ્બર જૈનો માને છે કે મહાવીર સ્વામી અવિવાહિત હતા અને સન્યાસ લીધો હતો. શ્વેતાંબર જૈનો માને છે કે મહાવીર-સ્વામીનાં લગ્ન થયાં હતાં અને સંતાન થયા બાદ તેમણે સંન્યાસ લીધો હતો. પચ્ચીસસો સાલ પહેલાંની આ વાત છે. એક મહાપુરુષ, જે એક ધર્મના સ્થાપક હતાં, એના વિષયમાં આટલો ઊંડો મતભેદ છે. એનો ફેંસલો હવે કેવી રીતે થઈ શકે? ઈતિહાસના આધારે તો એ સંભવિત નથી. દલીલ પ્રતિદલીલ કરશે પણ એના નિષ્કર્ષથી તો મતભેદ વધશે. મહાવીર બ્રહ્મચારી હતા એ દિગમ્બરોની એટલી તીવ્ર માન્યતા છે કે ખુદ મહાવીર ઉપસ્થિત થઈને કહે કે મારે સંતાન હતું તો પણ એ માનશે નહિ! આ તો મેં એક વિનોદની વાત કરી.

દરેકને પોતાનો એક આદર્શ હોય છે અને આપણે ઈચ્છીએ છીએ કે આ મહાપુરુષ આપણા આદર્શ જેવો હોય. આ આદર્શ આપણે ઊભો કર્યો હોય છે અને આ મહાપુરુષોના ચરિત્રને આપણે આપણા આદર્શ અનુસાર આકાર આપીએ છીએ. જૈનોને પોતાનો આદર્શ છે, હિંદુ ધર્મમાં પણ આ વિશેષતા છે. ભારતમાં પચ્ચાસ રામાયણ છે - અને હરેક રામાયણમાં જુદું જુદું રામચરિત્ર મળશે. પણ આ તો આપણા બાપનું ઘર છે. આ ઘરમાં આપણે ઠીક પડે ત્યાં બારી મૂકીશું, ઠીક પડે ત્યાં દરવાજો. અને એટલું બદલીશું કે, ભલે બાપના ઘરનો હિસ્સો બહુ થોડો એમાં રહે! તુલસીદાસજીએ એમાં પોતાનો પૂરો અધિકાર સંભાળ્યો છે. આપણે હવે તેમાં સંશોધન શું કરીશું?

ઈસામસિહના બારામાં એક કથન છે કે આ નામનો કોઈ મનુષ્ય હતો જ નહિ. એ સૂર્યનારાયણનું રૂપક છે.

વર્ષના બાર મહિના એના બાર શિષ્ય માનવામાં આવે છે, અને ઈસામસિહના ઉપશિષ્ય વર્ષના ૩૬૦ દિવસોના પ્રતિનિધિ છે. ભગ-વાન ઈસામસિહ આદિત્યનારાયણ સમાન બિરાજે છે, એનો જન્મ થયો નથી, ન અસ્ત થશે. આ પણ એક શોધ છે અને એનાથી એને બળ મળશે. ભગવાન સૂર્યનારાયણને જોઈ લીધા તો ઈસા-મસિહને જોઈ લીધા. હવે એનું સંશોધન કોણ કરશે? એટલે જ કેટલુંક સંશોધન સંશોધનથી પણ પર છે. એ ભગવાન ઉપર છોડી દેવું જોઈએ.

પરન્તુ જૈનોએ ઘણું સાહિત્ય નિર્માણ કર્યું છે, એનું સંશોધન થઈ શકે છે. જે પ્રકાશિત થયું ન હોઈ, એનું પ્રકાશન થઈ શકે છે. જે ગલત ઢંગથી પ્રકાશિત થયું હોય એનું સારી રીતે પ્રકાશન થઈ શકે, આ ક્ષેત્રમાં ઘુસણખોરી થઈ છે. અનેક જૂઠા પાઠો આપણા પ્રાચીન સાહિત્યમાં ઘુસી ગયા છે. એનું યોગ્ય પાઠ સાથે પ્રકાશન થઈ શકે. પ્રાકૃત ભાષાનું પણ અહિં અધ્યાપન થઈ શકે.

મેં એક વાર બૌદ્ધોને કહ્યું હતું કે કમમાં કમ આપનું 'ત્રિપિટક' તો નાગરીમાં લાવો. એમણે કંઈક પ્રકાશન કર્યું છે. ઘણું મોટું કામ આથી થયું.

હું ઈચ્છું છું કે 'કુરાન શરીફ' પણ નાગરીમાં આવે. એની કોશીષ થઈ રહી છે. પારસી ગ્રંથો પણ નાગરીમાં પ્રકાશિત થઈ રહ્યા છે. તામિલનાડનું તિરુક્કુરલ પણ નાગરીમાં આવવું જોઈએ. જે પ્રમાણિત સારી આવૃત્તિઓ છે, એનું સંશોધન થવું જ જોઈએ.

જૈનોએ કેટલાં ગ્રંથો લખ્યાં છે? સામેના ઝાડ ઉપર જેટલા પાંદડાં છે એટલાં. જૈનોના જે ગ્રંથ આજે મળી શકે છે એની સંખ્યા પણ દસ હજારથી ઓછી નહિ હોય. અધ્યાત્મ, તત્ત્વજ્ઞાનથી સંગીત, વૈદકશાસ્ત્ર, જ્યોતિષ શાસ્ત્ર, સુધીના કોઈ વિષય એમણે છોડ્યા નથી.

લોકો માને છે કે, અહિંસા એ જૈનોનું સૌથી મોટું પ્રદાન છે. પરંતુ એ મોટી વાત નથી. ઉપનિષદમાં અહિંસાનો ઉલ્લેખ છે, 'તપો દાન આર્જવ અહિંસા સત્યવચનમ્'. હવે એ કહેવું મુશ્કેલ છે કે, ઉપનિષદ પહેલાં હતાં કે જૈન શાસ્ત્રો પહેલાં હતાં. અહિંસા ઘણા પહેલાના જમાનાથી ચાલી આવે છે. એને વિશેષ રૂપ આપવાનો જૈન, ગૌતમ બુદ્ધ, વૈષ્ણવસંત વગેરેએ પ્રયત્ન કર્યા. એ પણ સત્ય છે કે જૈન લોકો બહુ તપસ્વી હતા, પણ એ વાત પણ પહેલા કહેવામાં આવી છે. વિદ્યાર્થી ગુરુ પાસે ગયો તો એને કહેવામાં આવ્યું કે 'તપસા બ્રહ્મ વિજિજ્ઞાસસ્વ'. હું આ બન્ને મહાવીરની વિશેષતા માનતો નથી. આમ છતાં બન્ને વાતો મહાવીરના જીવનમાં વિશિષ્ટ રૂપે પ્રગટ થઈ હતી.

મહાવીરની વિશેષતા તો એ છે કે કોઈના હૃદયમાં ધક્કો માર્યા વગર કુશળતાથી એમાં પ્રવેશ કરવો. માણસ ગમે એટલો ગરીબ હોય, પણ એના ઘરમાં ઓછામાં ઓછો એક દરવાજો તો હશે. હૃદયમાં જે ગુણ છે તે દરવાજો છે અને જે દોષો છે એ દીવાલ છે. એકાદ ગુણ તો દરેકમાં હોય છે. એ આ દરવાજામાંથી પ્રવેશ કરશે અને પછી એને બીજી બારી બનાવવાની સલાહ આપશે. આથી મહાવીર સ્વામી જે કોઈ પણ મનુષ્ય તેની પાસે આવતા હતાં, એને અનુકૂળ વિચાર શું છે એ પ્રથમ જોતા હતાં. અને ચર્ચા માટે આવેલ મનુષ્ય એમ માનતો થતો કે એના વિચારનું મંડન થયું અને એની પ્રતિષ્ઠા થતી હતી. 'બેઝીક ફીલોસોફી' મળી, પરન્તુ વિચારની બીજી બાજુ પણ હોઈ શકે છે. આ એમની અહિંસાનો વિચાર હતો. સત્ય વચ્ચે હોય છે. અહિં કંઈક સત્યનો અંશ હોઈ શકે છે; ત્યાં પણ કંઈક સત્ય હોઈ શકે છે; વચ્ચે પૂર્ણ સત્ય છે. આ એમની દૃષ્ટિ હતી. બાદમાં લોકોએ આને ઘણું મોટું નામ આપ્યું—સ્યાદ્‌વાદ.

આ વાદ નથી. એક ઓળખ છે, દૃષ્ટિ છે. સત્યને ગ્રહણ કરવું હોય તો, વચ્ચેના પૂર્ણ સત્યને પકડવું જોઈએ. હરેક પાસાને મહત્ત્વ આપવું જોઈએ, તો જ સર્વાંગીણ સત્ય ગ્રહણ થશે. અહિંસા અને તપ એ એની ખાસ વિશેષતા નથી, પણ આ જે મધ્યસ્થ દૃષ્ટિ છે એ એની વિશેષતા છે. ભાષ્યકાર એક પાસાને ગૌણ માને છે અને એક પાસાને મુખ્ય માને છે. આ પ્રકારે ગૌણ મુખ્યના ભેદ કરીને એ અર્થ કરે છે. પરંતુ મહાવીર ગૌણ મુખ્ય ભેદ કરતાં નહિ. એ કહી શકાતું નથી કે મહાવીરના પહેલાં આ પ્રકારના પ્રયત્નો થયા જ નથી. જરૂર થયા છે, પરન્તુ એનું સ્પષ્ટ દર્શન મહાવીરે કરાવ્યું છે.

આ મધ્યસ્થ દૃષ્ટિ મહાવીરની અહિંસા છે. પ્રાણીઓની હિંસા ન કરવી એ તો ઠીક છે, પરન્તુ વિચારોનો આગ્રહ રાખવામાં આવે તો એનાથી ઝઘડાઓ થાય છે. આથી અહિંસાનું મૂળ પકડવું હોય તો મધ્યસ્થ દૃષ્ટિ—સમત્વ દૃષ્ટિ આવવી જોઈએ. જૈનોએ પ્રહાર કર્યો નથી, ઉપહાર કર્યો છે. મહાવીરની રીત ઉપહારની, પ્રથમ ચર્ચા કરવાની હતી.

આથી જૈનોએ પોતાની સંખ્યા વધારવાનું ઉચિત માન્યું નથી. બીજા ધર્મવાળા પોતાની સંખ્યા વધારતા જ ગયા, અને આખરમાં એક નવો અસુર ઉત્પન્ન થયો. એનું નામ 'સંખ્યાસુર.' બહુમતને માનવું એ નવી વાત આવી. જૈનોએ સંખ્યા વધારવાનું પોતાનું મુખ્ય કાર્ય માન્યું નથી. એમણે પોતાના શુદ્ધ વિચાર સામે રાખ્યા છે. એમાં જ જૈનોની સાર્થકતા છે. એ પંથ બનાવવા ઈચ્છતા નહિ, એ સાકરનું કામ કરવા ઈચ્છે છે. દૂધમાં સાકર નાખવામાં આવે છે, પરન્તુ નામ દૂધનું રહે છે, સાકર નહિ. આજે પણ સાકરનો ઘણો ઉપયોગ છે. હું માનું છું કે, જૈનધર્મ સાકરનું કામ કરવા માગે છે. હુમલાખોર ધર્મ હુમલા કરીને નાશ પામશે, પરન્તુ 'જૈન' શબ્દનો અર્થ જીતવું એવો થાય છે.

વિનોબા

મંજૂર નથી

હિન્દુસ્તાનના લોકોને બળદ તો જોઈએ છે, પણ ગાયની સેવા તેને કરવી નથી. તેને પૂજવાનો ઢોંગ તે કરે છે, પણ દૂધ માટે તો તે ભેંસની કદર કરે છે. હિંદુસ્તાનના લોકો ઈચ્છે છે કે એમની માતા ભેંસ રહે, અને બાપ બળદ. યોજના તો સારી છે, પણ ભગવાનને મંજૂર નથી.

વિનોબા

સમેતશિખર પહાડ અંગે:

બિહાર સરકાર અને ભારતવર્ષીય દિગંબર જૈન તીર્થક્ષેત્ર કમિટી વચ્ચે કરવામાં આવેલું કરારનામું

(મૂળ અંગ્રેજીનો અનુવાદ)

(૧) પ્રથમ વિભાગના પક્ષકાર તરીકે બિહારના રાજ્યપાલ અને બીજા વિભાગના પક્ષકાર તરીકે જેની રજિસ્ટર્ડ ઑફિસ મુંબઈ ખાતે સી. પી. ટૅંક આગળ આવેલ છે અને જે ૧૯૦૦ની સાલના સોસાયટીઝ રજિસ્ટ્રેશન ૨૧ મા ઍક્ટની નીચે રજિસ્ટર થયેલ છે તે ભારતવર્ષીય દિગંબર જૈન તીર્થક્ષેત્ર કમિટી નામની સંસ્થા—આ બે પક્ષકારો વચ્ચે ૧૯૬૬ના ઑગસ્ટ માસની પાંચમી તારીખે થયેલા કરારનામાની વિગતો નીચે મુજબ છે:

ભૂમિકા

(૨) જેથી, હઝારી બાગ જિલ્લામાં આવેલો અને ટૌંઝી નં. ૨૦/૧ ધરાવતો પારસનાથનો પહાડ અથવા તો સંમેત શિખરજી ચોવીશ તીર્થંકરમાંના વીશ તીર્થંકરોની અને ઘણા ગણધરોની અને અસંખ્ય જૈન સાધુસંતોની નિર્વાણભૂમિ હોઈને, બીજા વિભાગના પક્ષકારો તેને પવિત્રમાં પવિત્ર તીર્થ તરીકે માને છે,

(૩) અને જેથી, આખા પારસનાથ પહાડને અને તેના દરેક પથ્થરને અને તસુએ તસુ જમીનને બીજા વિભાગના પક્ષકારો પવિત્ર લેખે છે. અને પૂજાઉપાસના યોગ્ય લેખે છે અને તેમને મન આખો પહાડ એક મંદિર અથવા તો તીર્થ છે,

(૪) અને જેથી, આ પહાડ, જૈન ધર્મની માન્યતા મુજબ એક યાત્રા સ્થળ છે અને પવિત્ર કેન્દ્ર છે, અને બીજા વિભાગના પક્ષકાર આખા પહાડને પૂજાયોગ્ય ગણે છે, અને એ પહાડની ટેકરીઓ ફરતી બાર-કોષની પરિક્રમા (પ્રદક્ષિણા) કરીને ત્યાં આવેલાં અસંખ્ય સ્થળો કે જે પવિત્ર છે અને એમ છતાં જ્યાં પહોંચવાનું લગભગ અશકય છે એ સર્વની બીજા વિભાગના પક્ષકારો આરાધના કરે છે,

(૫) અને જેથી, આ પવિત્ર ટેકરીઓ આત્મશુદ્ધિનું પરમ સાધન છે અને જૈનોના પૂજ્ય તીર્થંકરોએ આપેલા અને અમલમાં મૂકેલા વિશ્વપ્રેમના સંદેશા સાથે સેંકડો વર્ષોથી સંકળાયેલ છે અને જેનો માટે એક પ્રકારની આધ્યાત્મિક પ્રેરણારૂપ છે,

(૬) અને જેથી, દેશના આ વિભાગનો અંગ્રેજ સરકારે કબજો લીધો ત્યારથી બીજા વિભાગના પક્ષકારો તેમના ધાર્મિક ખ્યાલોને અને ભાવનાને આઘાત પહોંચાડે તેવા કોઈ પણ હેતુ માટે થનાર આ પહાડના ઉપયોગનો સફળતાપૂર્વક વિરોધ કરતા રહ્યા છે અને સમય સમયની સરકારોએ પહાડ સાથે જોડાયેલી—બીજા વિભાગના પક્ષકારોની—ધાર્મિક ભાવનાઓ અને લાગણીઓનો સહાનુભૂતિપૂર્વક આદર કરતી રહી છે,

(૭) અને જેથી, કોર્ટના એવા ચુકાદાઓ છે કે જે દ્વારા એમ નક્કી કરવામાં આવ્યું છે કે આખો પહાડ અને તેનો દરેક પથ્થર પવિત્ર છે અને જૈન કોમના માટે ભક્તિ અને ઉપાસનાનું સાધન છે અને જે દ્વારા આ પહાડ અને તે ઉપર આવેલી ટુંકો, મંદિરો અને ધર્મ-સ્થાનો ઉપર બીજા વિભાગના પક્ષકારોના કેટલાક હક્કો સ્વીકારવામાં તેમ જ તેમને અમલી બનાવવામાં આવ્યા છે,

(૮) અને જેથી, અમદાવાદની શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના ટ્રસ્ટીઓએ હજારીબાગ જિલ્લાઓમાં આવેલ અને ટૌંઝી નંબર ૨૦/૧ ધરાવતા પારસનાથ પહાડ ઉપર ૧૯૧૮ના ફેબ્રુ-આરી માસની ૨૬મી તારીખના રોજ અને ૧૯૧૮ના માર્ચ માસની ૯મી તારીખના રોજ કરવામાં આવેલા ખતપત્રોથી જમીન-દારીના હક્કો પ્રાપ્ત કર્યા હતા,

(૯) અને જેથી, ૧૯૫૦ બિહાર લૅન્ડ રીફૉર્મ્સ એકટની કલમ ૩૭ની પેટાકલમ (૧) નીચે ૧૯૫૩ના મે માસની બીજી તારીખે કાઢ-વામાં આવેલા નોટીફિકેશનના અન્વયે આ પારસનાથ પહાડ ઉપર પ્રથમ વિભાગના પક્ષકારની માલેકી સ્થપાઈ ચૂકી છે,

(૧૦) અને જેથી, આ પહાડ અને ત્યાં આવેલા મંદિરો અને દેરીઓ ઉપર જૈન કોમના હક્કોને રક્ષણ આપવા માટે અને આને લગતી ધાર્મિક ભાવનાઓ અને લાગણીઓને માન આપવા માટે બીજા વિભાગના પક્ષકારો તરફથી પહેલા વિભાગના પક્ષકારો સમક્ષ રજૂઆતો અને નિવેદનો કરવામાં આવ્યાં હતાં,

(૧૧) અને જેથી, ૧૯૫૩ના મે માસની બીજી તારીખે કાઢ-વામાં આવેલ ઉપર જણાવેલ નોટીફિકેશનની રૂઈએ શેઠ આણંદજી કલ્યાણજીના ટ્રસ્ટીઓને આપવાના વળતરનો પ્રશ્ન નક્કી કરવા માટે અને જૈન કોમના સર્વ હક્કોને રક્ષણ આપવા માટે અને પ્રસ્તુત પારસનાથ પહાડને લગતી ધાર્મિક ભાવનાઓ અને લાગણીઓનો આદર કરવા માટે પ્રથમ વિભાગના પક્ષકારે શેઠ આણંદજી કલ્યાણજીના ટ્રસ્ટીઓ સાથે ૧૯૬૫ ફેબ્રુઆરી પાંચમી તારીખના રોજ કરારનામું કર્યું છે,

(૧૨) અને જેથી, દિગંબર જૈનોએ રાજ્ય સરકાર સમક્ષ એવી આશંકા વ્યકત કરી છે કે આ કરારનામાથી આ પહાડ અને તેની ટૂંકો, મંદિરો અને દેરીઓ ઉપરના તેમના હક્કો અને અધિ-કારો ઉપર બાધક અથવા પ્રતિકૂળ અસર પડશે,

(૧૩) અને જેથી, પહેલા વિભાગના પક્ષકારે બીજા વિભાગના પક્ષકારોને એવી ખાત્રી આપી છે કે જૈન કોમના અથવા તો શ્વેતાંબર કોમના હક્કો અને અધિકારો અંગે જાહેરાત કરતું, સ્પષ્ટતા કરતું કે ખાતરી આપતું ઉપર જણાવેલું કરારનામું દિગંબર જૈનોના કોઈ પણ હક્કો કે અધિકારો બજાવવામાં અથવા તો તેમની ધાર્મિક ક્રિયાઓ કરવામાં અથવા તો તેમની ધાર્મિક સંસ્થાઓનો વહીવટ ચલાવવામાં કોઈ પણ રીતે બાધક છે નહિ, બાધક બની શકે નહિ. અને બાધક બને એવો કોઈ ઈરાદો નથી,

(૧૪) અને જેથી, રાજ્ય સરકાર આ અંગેની વાસ્તવિક સ્થિતિ જાહેર કરવાનું અને સ્પષ્ટ કરવાનું ઈચ્છનીય ગણે છે, તેથી બન્ને પક્ષકારો આ નીચે આપેલું કરારનામું કરવાને સંમત થયા છે:—

કરારનામાની કલમો

હવે તેથી એ બાબતની સૌ કોઈને જાણ થાય કે ૧૯૬૫ના ફેબ્રુઆરી માસની પાંચમી તારીખના કરારનામામાં ગમે તે જણાવવામાં આવ્યું હોય એમ છતાં પણ આ કરારનામાના બન્ને પક્ષકારો નીચે મુજબ કબૂલ કરે છે:—

(૧) પહેલા વિભાગનાં પક્ષકાર બીજા વિભાગના પક્ષકારોને અદા-લતી ચુકાદાઓ દ્વારા અથવા તો બીજી કોઈ રીતે જે કોઈ હક્કો મળેલા હોય કે તેમણે મેળવેલા હોય તે સર્વ હક્કોનો સ્વીકાર કરે છે અને તેનો આદર કરવાની કબુલાત આપે છે અને આ બીજા વિભાગના પક્ષકારોના આવા સર્વ હક્કોને બાધ આવે કે તેમાં દખલ થાય એવું કશું પણ તેઓ કરશે નહિ તેમ જ એવું કશું પણ અન્યને કરવા દેશે નહિ.

(૨) પ્રથમ વિભાગના પક્ષકાર આથી જાહેર કરે છે કે આ પહાડ ઉપરનાં મંદિરો, ધર્મશાળાઓ વગેરેને ૧૯૫૩નું બીજી મેનું નોટીફિકેશન કોઈ પણ અંશમાં લાગુ પડતું નથી. અને બીજા વિભા-ગના પક્ષકારોનો તેમની માલેકીનાં મંદિરો, દેરીઓ, ટેકરીઓ, અને ધાર્મિક ખાતાઓ ઉપર અબાધિત અધિકાર અને નિયંત્રણ રહેશે. અને પહેલા વિભાગના પક્ષકારની કોઈ પણ દખલગીરી કે અટકા-યત સિવાય પહેલાં માફક બીજા વિભાગના પક્ષકારો પોતાની ધાર્મિક પૂજા અને ધાર્મિક ક્રિયાઓ કરી શકશે.

(૩) બન્ને પક્ષકારો આથી કબુલ કરે છે કે પહાડ ઉપરનાં જંગલોનો વહીવટ બિહાર રાજ્યના જંગલ ખાતાની એજન્સી દ્વારા

ચાલુ કાનૂન કાયદા મુજબ એવી રીતે કરવામાં આવશે કે જેથી બીજા વિભાગના પક્ષકારોને તેમની પૂજા-ઉપાસના કરવામાં બાધ ન ન આવે અથવા તો તેમની ધાર્મિક ભાવનાઓ, માન્યતાઓ અને લાગણીઓને આઘાત ન પહોંચે અથવા તો તેમનાં મંદિરો વગેરેની માલેકીહક્કમાં ખલેલ ન પહોંચે.

(૪) પહેલા વિભાગના પક્ષકાર આથી કબૂલ થાય છે કે ઉપર જેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે ૧૯૬૫ના ફેબ્રુઆરી માસની પાંચમી તારીખના કરારનામાની પાંચમી કલમમાં સૂચવવામાં આવેલી એડવાઈઝરી કમિટી (સલાહકાર સમિતિ)માં પહેલા વિભાગના પક્ષકારને જે બે પ્રતિનિધિઓની નિમણુંક કરવાની છે તેમાંના એક પ્રતિનિધિ બીજા વિભાગના પક્ષકાર જેની ભલામણ કરે તે દિગંબર જૈન હશે.

(૫) જંગલોનો વહીવટ એવી રીતે કરવામાં આવશે કે જેથી આજનાં મંદિરો અને તે મંદિરો અને દેરીઓની આસપાસના અર્ધા માઈલનો પ્રદેશ જો કે બિહાર રાજ્યની માલેકીનો છે અને બિહાર રાજ્યને તેની માલેકી પ્રાપ્ત થયેલી છે એમ હકીકત હોવા છતાં, એ અર્ધા માઈલનો પ્રદેશ જંગલખાતાના વહીવટથી હંમેશાને માટે મુકત રહેશે. આ પહાડના કોઈ પણ ભાગ ઉપર, પછી તે ભાગ જંગલખાતાના વહીવટ નીચે હોય કે ન હોય તો પણ, કોઈ પણ નવું મકાન કે બાંધકામ કરવા દેવામાં આવશે નહિ, પણ કોઈ પણ સમયે, બીજા વિભાગના પક્ષકારને કોઈ પણ ધાર્મિક કે સખાવતી હેતુ માટે અથવા તો યાત્રાળુઓની સગવડ માટે પહાડના કોઈ પણ ભાગ ઉપર બાંધકામ કરવાની ઈચ્છા થશે તો તે સામે રાજ્ય સરકાર કે જંગલખાતા તરફથી વાંધો ઉઠાવવામાં નહિ આવે, અને આ સંબંધમાં અરજી મળ્યાને પંદર દિવસની અંદર જંગલ ખાતા તરફથી તેમ જ રાજ્ય સરકાર તરફથી બધી જાતની સગવડો આપવામાં આવશે અને આથી જાહેર કરવામાં આવે છે કે આ કલમ કે ઉપર જણાવેલ કરારનામાની એને મળતી કલમ વડે દિગંબર કે શ્વેતાંબર કોમના (પરસ્પરના) કોઈ પણ હક્કો અથવા તો હિતોને કોઈ પણ અંશમાં બદલવાનો કે તેમાં પ્રતિકૂળતા ઊભી કરવાનો આશય નથી.

(૬) શિકાર, શૂટીંગ, માછલી પકડવી, પક્ષીઓની કે પશુઓની હિંસા અથવા આ પહાડ ઉપર કે આસપાસ માંસાહાર-આ બધી બાબતોની સખ્ત બંધી કરવામાં આવે છે.

(૭) સરકારના જંગલખાતાના અધિકારીઓ અને નોકરો જૈન કોમની લાગણીઓને દરેક પ્રકારે માન આપશે અને પહાડ ઉપરના યાત્રાળુઓના માલેકી હક્કમાં કે ધાર્મિક ક્રિયાઓ કરવા કરાવવવામાં કોઈ પણ પ્રકારની દખલ કરવામાં નહિ આવે તેમ જ યાત્રાળુઓને કોઈ પણ પ્રકારની તકલીફ આપવામાં નહિ આવે.

(૮) આથી જાહેર કરવામાં આવે છે કે આ કરારનામું કે ૧૯૬૫ના ફેબ્રુઆરીની પાંચમી તારીખ કરવામાં આવેલું કરારનામું-આ બન્નેની એવી કોઈ અસર નહિ થાય કે જેથી શ્વેતાંબર કે દિગંબર સંપ્રદાયના મંદિરો વગેરેને લગતા, તેમ જ પૂજા ઉપાસના તથા ધાર્મિક ક્રિયાઓ કરવાને લગતા, પરસ્પરને પ્રાપ્ત થયેલા હક્કોમાં જરા પણ વધારો કે ઘટાડો થવા પામે.

(૯) આથી સર્ટિફાઈ કરવામાં આવે છે કે આ લખાણ મૂળ દસ્તાવેજની ખરી અને અક્ષરશઃ ઉતારેલી નકલ છે. બન્ને પક્ષ વચ્ચે એ પણ કબૂલ કરવામાં આવ્યું છે કે આ કરારનામાના રજિસ્ટ્રેશનનો ખર્ચ રાજ્યસરકાર વહન કરશે.

આના સાક્ષી તરીકે બન્ને પક્ષકારોએ ઉપર જણાવેલ વર્ષે અને દિવસે પોતપોતાના હાથે આ કરારનામા ઉપર સહીઓ તથા સીલ સિક્કા કર્યા છે.

બિહારના રાજ્યપાલ જેમનો આ કરારનામામાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેમણે નીચેની વ્યકિતઓની હાજરીમાં પોતાના સહીસિક્કા કરીને આ કરારનામું સુપરત કર્યું છે.

(૧) સહી : એસ. એ. ઈમામ, રજીસ્ટ્રાર, વસુલાતખાતું.

(૨) સહી : આર. પી. સિંહા, હેડ એસિસ્ટન્ટ, વસુલાત ખાતું.

સહી : જે. પી. શ્રીવાસ્તવ તા. ૫-૮-'૬૬ સરકારી વસુલાત ખાતાના મંત્રી, બિહાર.

ભારતવર્ષીય દિગંબર જૈન તીર્થરક્ષા કમિટી વતી તેના પ્રમુખે નીચેની વ્યકિતઓની હાજરીમાં પોતાના સહીસીક્કા કરીને આ કરારનામું સુપરત કર્યું છે.

(૧) સહી : હરખચંદ જૈન તા. ૫-૮-૬૬.

(૨) સહી : સીતારામ કેશરી તા. ૫-૮-૬૬.

સહી : શાન્તિપ્રસાદ જૈન તા. ૫-૮-'૬૬.

અનુવાદક : પરમાનંદ

સમેતશિખરની સમસ્યામાં પુટેલો નવો ફણગો : દિગંબરો સાથેના કરારનામાએ ઉભીકરેલી નવીપરિસ્થિતિ

ગત વર્ષ ૧૯૬૫ના ફેબ્રુઆરી માસની પાંચમી તારીખે બિહાર સરકાર અને શ્વેતાંબર મૂર્તિપૂજક સમુદાય વચ્ચે સમેતશિખર પહાડ અંગે જે કરારનામું થયું તેમાં શ્વે. મૂ. સમુદાયને જે કાંઈ અપેક્ષિત હતું તે લગભગ બધું મળી જવાથી, શ્વે. મૂ. સમુદાય તરફથી, જાણે કે પોતાનો એક મહાન વિજય પ્રાપ્ત થયો હોય એ રીતે, આ કરારનામાને વધાવી લેવામાં આવ્યું હતું અને બિહાર સરકાર સાથેની વાટાઘાટોને પોતાના પક્ષે આટલી બધી યશસ્વી બનાવનાર શ્વે. મૂ. સમુદાયના અગ્રણી પુરુષોનું તેમ જ આ કાર્યમાં પરોક્ષ રહીને સહાયક બનેલા અમુક કૉંગ્રેસી રાજપુરુષોનું બહુમાન કરવામાં આવ્યું હતું. બીજી બાજુએ આ કરારનામામાં દિગંબર સમુદાયના પરંપરાગત હકકોનો કશો પણ ઉલ્લેખ કરવામાં આવેલો નહિ હોઈને તે સમુદાય ભારે હતાશ બન્યો હતો. આ અનિચ્છનીય પરિસ્થિતિનું નિવારણ કરવાના હેતુથી તા. ૧૬-૩-'૬૬ના 'પ્રબુદ્ધ જીવન'માં મેં જણાવ્યું હતું કે "આપણે આશા રાખીએ અને નમ્રભાવે એમ છતાં આગ્રહપૂર્વક શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી અને તેના વર્તમાન સૂત્રધાર શેઠ કસ્તુરભાઈ લાલભાઈને અનુરોધ કરીએ કે પ્રસ્તુત કરારનામાના પરિણામે જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગનું પ્રતિનિધિત્વ ધરાવતી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને અને તેના પ્રમુખ શેઠ કસ્તુરભાઈ લાલાભાઈને સમેતશિખરની બાબતમાં અસાધારણ વર્ચસ્ પ્રાપ્ત થયું છે તો તેઓ માત્ર શ્વે. મૂ. સમાજના સ્વાર્થનો તેમ જ હિતનો વિચાર ન કરતાં સમગ્ર જૈન સમાજની દષ્ટિએ આ બાબતનો વિચાર કરે અને આજના સમયમાં જૈન સમાજના આ બે પ્રમુખ વિભાગોમાં એકતા સ્થપાવાની તેમ જ તે સુદઢ થવાની કેટલી જરૂર છે તેનો પૂરો ખ્યાલ કરે, અને સમેતશિખર તીર્થ પૂરતી દિગંબર સમાજની સ્થિતિ વારસાવંચિત ઓશિયાળા સાવકા ભાઈ જેવી છે-જો ૧૯૧૮ની સાલમાં સમેતશિખર પહાડ ખરીદવા અંગે દિગંબર સમાજ સાથે કરવામાં આવેલો સોદો કાયમ રહ્યો હોત તો શ્વે. મૂ. સમાજની સ્થિતિ પણ કદાચ આવી જ હોત-તે સ્થિતિનું નિવારણ કરીને મોટો ભાઈ નાના ભાઈને બાજુએ બેસાડે તેમ દિગંબર સમાજના સ્વમાનને અનુરૂપ સ્થાન નવી રચનામાં આપવાની ઉદારતા અને સમયસૂચકતા દાખવે." આ મારા નમ્ર સૂચને જે સમાજનો હું છું એ શ્વે. મૂ. વિભાગમાં ભારે ઈતરાજી પેદા કરી હતી અને મારી આ સાદી સીધી ન્યાયયુકત માગણીને કોઈ પણ અગ્રણીએ ધ્યાન ઉપર લીધી નહોતી.

એ અરસામાં ઉપર જણાવેલ દ્વિપક્ષી કરારનામા સામે દિગંબર સમાજમાં તીવ્ર આંદોલન ઊભું થયું હતું અને એપ્રિલ કે મે માસના અરસામાં આ કરારનામાના વિરોધમાં એક લાખ દિગંબર જૈનોનું દિલ્હીમાં એક પ્રચંડ સરઘસ નીકળ્યું હતું અને તે સરઘસ શ્રીમાન શાહુ શાન્તિ-

પ્રસાદ જૈનના નેતૃત્વ નીચે એ વખતના આપણા મહાઅમાત્ય સ્વ: લાલબહાદુર શાસ્ત્રીને મળ્યું હતું. પરિણામે આ બાબતમાં ફરીથી વિચાર કરવા માટે બિહાર સરકારને સક્રિય બનવાની ફરજ પડી હતી અને તેના મુખ્ય પ્રધાન શ્રી કૃષ્ણવલ્લભ સહાય અને બન્ને પક્ષના આગેવાનો વચ્ચે પટણા ખાતે બે મીટિંગો ગોઠવાઈ હતી અને બન્ને પક્ષોએ મળીને ત્રિપક્ષી કરારનામાનો ખરડો નક્કી કરીને શ્રી કૃષ્ણસહાયને ફરીથી મળવું એમ છેવટની મીટીંગ વખતે નક્કી કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ દિગંબર તીર્થક્ષેત્ર સમિતિના આગેવાનો તરફથી આવો એક ખરડો ઘડીને શેઠ કસ્તુરભાઈ લાલભાઈ ઉપર મોકલવામાં આવ્યો હતો, પણ મળેલી ખબર મુજબ શેઠ કસ્તુરભાઈ તરફથી એ બાબત અંગે કોઈ સંતોષજનક પ્રતિધ્વનિ પ્રાપ્ત થયો નહોતો. જો સમેતશિખર પહાડ ઉપર માત્ર તીર્થ પુરતો દિગંબરોનો પણ શ્વેતાંબરો જેટલો અધિકાર છે એ હકીકતનો સ્વીકાર કરવામાં આવે તો એ ખરડામાંથી સમાધાનીની ભૂમિકા જરૂર ઊભી થઈ શકી હોત એમ હું ધારું છું અને એમ થયું હોત તો એ કેટલું-બધું આવકારપાત્ર લેખાત? પણ શ્વે. મૂ. વિભાગના આગેવાનો બિહાર સરકાર સાથે કરેલા કરારનામા ઉપર મક્કમ રહ્યા અને એ કરારનામું પોતાના વિભાગને જોઈતા હકકો અબાધિત રીતે આપતું હોય તો પછી નવો કોઈ પણ લેખિત કરાર કરીને અન્ય વિભાગને જરા પણ નમતું શા માટે આપવું એવી વૃત્તિ તેમનામાં કાયમ રહી.

જ્યારે દિગંબર આગેવાનોને આ દિશાએ લગભગ નિરાશા સાંપડી ત્યારે તેમણે બિહાર સરકાર સાથે સીધી વાટાઘાટો શરૂ કરી અને તેનું પરિણામ તાજેતરમાં ઑગસ્ટની પાંચમી તારીખે બિહાર સરકાર અને દિગંબર સમાજ વચ્ચે થયેલા કરારનામામાં આવ્યું છે. (આ કરારનામાનો અનુવાદ આ અંકના પ્રારંભમાં આપવામાં આવ્યો છે.)

૧૯૬૫ ફેબ્રુઆરીની પાંચમી તારીખે કરવામાં આવેલ કરારનામાએ માત્ર શ્વે. મૂ. સમુદાયને જે સુવાંગ હકક આપ્યા હતા તે હકકમાં આ નવા કરારનામાએ દિગંબર સમાજને ભાગીદાર બનાવેલ છે. જે હકકો શ્વેતાંબર સમાજના આગેવાનો દિગંબર સમાજને graceથી –ખેલદિલીથી –આપી શકયા હોત અને તે દ્વારા પરસ્પરની એકતા વધારે સુદઢ થઈ હોત, તે હકકોનો હવે ફરજિયાતપણે સ્વીકાર કરવાની કફોડી અને આત્મગૌરવને ઝાંખપ લગાડે તેવી સ્થિતિ આ નવા કરારનામાએ શ્વે. મૂ. સમુદાય માટે ઊભી કરી છે અને પરિણામે બન્ને વચ્ચે સંઘર્ષનાં નવાં મૂળ રોપાયાં છે.

જેને મન જૈન સમાજની એકતાનું સવિશેષ મહત્ત્વ છે તેને મન ત્રિપક્ષી કરારનામું એ જ પ્રસ્તુત સમસ્યાનો સાચો ઉકેલ હતો અને તેથી બિહાર સરકારે જૈન શ્વે. મૂ. સમુદાય સાથે કરેલું કેવળ એકપક્ષી કરારનામું જેમ કોઈ સંતોષનો વિષય બન્યો નહોતો તેમ બિહાર સરકારે શ્વે. મૂ. સમુદાયને બાજુએ રાખીને દિગંબર સમુદાય સાથે જે કરારનામું કર્યું તે પણ કોઈ ખાસ સંતોષનો વિષય બની ન જ શકે. જે સરકાર દોઢ વર્ષ પહેલાં અમુક વિભાગ સાથે એક પ્રકારનું કરારનામું કરે છે તે જ સરકાર તેના પ્રતિસ્પર્ધી લેખાતા અન્ય વિભાગ સાથે તે કરારનામાના implications-સૂચિત અર્થોની–અવગણના કરતું દોઢ વર્ષ બાદ બીજું કરારનામું કરી શકે એ ન સમજી શકાય કે ન કલ્પી શકાય એવી એક વિચિત્ર ઘટના છે. સરકારી બેજવાબદારી તથા ધૃષ્ટતાનો આ એક અજબ નમૂનો છે. આવી ઘટના આગળના કરારનામા તથા પછીના કરારનામા વિષે સ્વાભાવિક રીતે મનમાં અનેક તર્કવિતર્કો પેદા કરે છે.

અને કુદરત પણ આપણી કેવી ઠેકડી કરે છે! ગઈ કાલે યેનકેન પ્રકારેણ અમુક સિદ્ધિ હાંસલ કરીને એક પક્ષ મલકાયો; તેણે આનંદપ્રમોદ માન્યો–મનાવ્યો; માનસન્માનનાં પરસ્પર વિતરણ કર્યાં; હજુ ગયા જુલાઈ માસની ૧૭મી તારીખે માલેગાંવ ખાતે આ જ સિદ્ધિને ઊજવવા માટે એક સન્માનસમારંભ મોટા પાયા ઉપર ગોઠવવામાં આવ્યો હતો, અને અન્ય આગેવાનો સાથે કૉંગ્રેસી નેતા શ્રી કે. કે. શાહને માનપત્ર આપવામાં આવ્યું હતું. આજે જાણે કે એ બધું કર્યું કારવ્યું ધુળ મળી ગયું એવી ભોંઠપનો અનુભવ કરાવતી મનોદશા કુદરતે એ પક્ષ માટે પેદા કરી છે. જો અગમચેતી વાપરીને વિજેતા બનેલા પક્ષે અન્ય પક્ષ સાથે પ્રેમ, સદ્‌ભાવ અને ભાઈચારાનો હાથ લંબાવ્યો હોત તો શું આ દુર્દશા અટકાવી શકાઈ ન હોત? શું આજે જે ફરજિયાત સ્વીકારવાની સ્થિતિ તે પક્ષ માટે પેદા થઈ છે તે કરતાં હળવી શરતોએ બે પક્ષો વચ્ચે સમાધાની નિર્માણ થઈ શકી ન હોત?

આ ઉપરથી શ્વે. મૂ. વિભાગના આગેવાનોએ ધડો લેવો ઘટે છે કે આ આખો ઝગડો ઉભયમાન્ય એવા અમુક એક તીર્થ ઉપરના એક પક્ષે માની લીધેલા માલેકી હકકમાંથી પેદા થયો છે. આ સંબંધમાં કોઈ પણ કોર્ટનો ચુકાદો અથવા તો સત્તારૂઢ સરકાર સાથેનું કરારનામું કોઈ પણ એક પક્ષને સુવાંગ હકકો આપે તો પણ તેના ઉપર મુસ્તાક રહેવું, આણનમ વલણ ધારણ કરવું અને અન્ય પક્ષની વ્યાજબી માગણીઓ સામે મોં ફેરવવું એમાં ન્યાયબુદ્ધિ તો નથી જ, પણ ડહાપણ કે શાણપણ પણ નથી. કુદરતને આવી અસમ પરિસ્થિતિ લાંબો વખત માન્ય બની શકતી નથી. અને પરિણામે એકમેક સાથે ટકરાતી નવી પરિસ્થિતિઓ, નવા આઘાત પ્રત્યાઘાતો અને અવનવા સંઘર્ષો પેદા થવા માંડે છે.

તો પછી કરવું શું?

આ દૂષિત વર્તુલને ચાલવા દેવું કે તેનો અન્ત આણવો એ પ્રશ્ન આપણ સર્વની સામે આવીને ઊભો રહે છે. કેવળ માની લીધેલા હકકની રક્ષાનું મહત્ત્વ વધારે છે કે સુવેહશાન્તિ અને સદ્‌ભાવભર્યા સહઅસ્તિત્વનું મહત્ત્વ વધારે છે એ પ્રશ્ન આ આલોચનામાંથી ઉપસ્થિત થાય છે. ડહાપણ એમાં છે કે કાળના એ ધાણ પરખીને, વાસ્તવિકતાનો સ્વીકાર કરવો, દિગંબર જૈનો સાથે કરવામાં આવેલા કરારનામાને જેવું છે તેવું શ્વે. મૂ. સમુદાયે તત્કાળ સ્વીકારી લેવું અને તેમાં કોઈ મહત્ત્વનો ફેરફાર કરાવવાનું જરૂરી લાગે તો બન્નેએ સાથે મળીને બિહાર સરકાર સમક્ષ રજૂઆત કરીને તે ફેરફાર મંજૂર કરાવવા પ્રયત્ન કરવો અને દેરીઓ તથા ધર્મસ્થાનો તેમ જ તેની આસપાસના અડધા માઈલના ક્ષેત્રફળ ઉપર જે પ્રકારનો બન્ને પક્ષને સમાન અધિકાર છે તેનો વહીવટ કરવા માટે એક સંયુકત સમિતિ નીમવી અને એ રીતે પ્રસ્તુત તીર્થને લગતા બધા સંઘર્ષનો અન્ત આણવો. આ ડહાપણ અને દુરંદેશી આપણા આગેવાનો દાખવી શકશે ખરા?

આ નોંધ પૂરી કરતાં પહેલાં સ્પષ્ટ કરવાની જરૂર છે કે આ નોંધ પ્રસ્તુત નવા કરારનામાની કોઈ આલોચના નથી, પણ આ નવા કરારનામાએ ઊભી કરેલી પરિસ્થિતિની આલોચના છે. પ્રસ્તુત કરારનામાની આલોચના એક સ્વતંત્ર નોંધની અપેક્ષા રાખે છે, જે કદાચ આગળ ઉપર કરવામાં આવશે. **પરમાનંદ**

વિષયસૂચિ

		પૃષ્ઠ
ભગવાન મહાવીર વિષે વિનોબાજીનું ચિંતન	વિનોબા	૮૫
સમેતશિખર પહાડ અંગે: બિહાર સરકાર અને ભારતવર્ષીય દિગંબર જૈન તીર્થક્ષેત્ર કમિટી વચ્ચે કરવામાં આવેલું કરારનામું.	અ. પરમાનંદ	૮૮
સમેતશિખરની સમસ્યામાં ફૂટેલો નવો ફણગો, દિગંબરો સાથેના કરારનામાએ ઊભી કરેલી નવી પરિસ્થિતિ.	પરમાનંદ	૮૯
તમે પુનર્જન્મમાં માનો છો?	પ્રો. એચ. ઓન. બેનરજી	૯૧
નમ્ર નિવેદન		૯૩
સ્વાતંત્ર્યદિનના રોજ રાષ્ટ્રપતિએ પ્રજાજોગ પાઠવેલું તલસ્પર્શી પ્રવચન.	ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન	૯૪
ધર્મપલટો : બહુપત્નીત્વ વિરોધી કાયદાની આ છટકબારી સરકાર સત્વર બંધ કરે.	વીરચંદ શેઠ	૯૫
વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ		૯૬

તમે પુનર્જન્મમાં માનો છો?

[આ મથાળા નીચે 'ઈલસ્ટ્રેટેડ' વીકલીના જુલાઈ ૧૦મીના અંકમાં પ્રગટ થયેલા રાજસ્થાન યુનિવર્સિટીમાં 'પૅરે-સાઈકોલોજી' વિષયના અધ્યાપક શ્રી એચ. એન. બૅનરજીના લેખનો શ્રી મૃણાલિની-બહેન દેસાઈએ કરી આપેલો અને થોડો ટુંકાવેલો અનુવાદ નીચે પ્રગટ કરતાં આનંદ થાય છે. આ શ્રી એચ. એન. બૅનરજીનો તા. ૧૬-૫-૬૬ના 'પ્રબુદ્ધજીવન'માં પરિચય આપવામાં આવ્યો હતો. રાજસ્થાન યુનિવર્સિટીએ પુનર્જન્મના વિષય ઉપર વૈજ્ઞાનિક સંશોધન માટે શ્રી બૅનરજીની ખાસ નિમણૂંક કરી છે. જણાવતાં સવિશેષ આનંદ થાય છે કે આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં વ્યાખ્યાન આપવા માટે શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી શ્રી બૅનરજીને આપવામાં આવેલા નિમંત્રણનો તેમણે સ્વીકાર કર્યો છે અને તેઓ 'અતીન્દ્રિય અનુભૂતિઓ' ઉપર સપ્ટેમ્બર માસની ૧૬મી તથા ૧૭મીના રોજ સવારના ભાગમાં અનુક્રમે બે વ્યાખ્યાનો આપવાના છે. તંત્રી]

'પુનર્જન્મ હોય ખરો?' આ પ્રશ્નનો નિશ્ચિત 'હા' કે 'ના' જવાબ આપી દેવો એ સહેલી વાત નથી. એ અશક્ય જ છે એમ કહેવું અથવા તો એ તદ્દન સહજ પ્રક્રિયા છે—પુનર્જન્મ આપણે બધાંને લેવાનો જ છે એ બંને જાતનાં વિધાનો પૂર્ણ લાગતાં નથી. એ બેમાંથી એકની પણ કારણ—મીમાંસા સંતોષ આપે એવી નથી કરી શકાતી.

પુનર્જન્મ પર વિશ્વાસ રાખવો અથવા એમાં ન માનવું એમાં સિદ્ધાંતનું અને પ્રત્યક્ષ પ્રમાણનું—એમ બે દૃષ્ટિબિન્દુઓ હોઈ શકે. માન્યતાની બધી બાજુઓ કસોટીપર ચકાસી જોવી જોઈએ.

સિદ્ધાંતની દૃષ્ટિએ પુનર્જન્મ વિશે વિચારવું હોય તો હિંદુ બૌદ્ધ અને જૈન ધર્મો પુનર્જન્મમાં માને છે. માનવીસંસ્કૃતિના આરંભકાળથી એ માન્યતા અબાધિત રહી છે. સંસ્કૃતિકાળની પ્રાથમિક અવસ્થાથી માંડી નવયુગના ફિલ્સૂફો સુધી બધાં એ માને છે. એ લોકોનું માનવું છે કે:

(૧) દેહ નાશ પામે છે, પરંતુ માનવીનું વ્યક્તિત્વ એની સાથે નાશ પામતું નથી.

(૨) માનવીના વ્યક્તિત્વનું પ્રાણતત્વ—આત્મા—એ તો અમર અને અવિનાશી છે. એ સાક્ષાત્ પ્રભુનો અંશ છે.

(૩) આત્મા વિશેના અજ્ઞાનમાંથી આપણે જે ભૂલો કરીએ છીએ એમાંથી માનવીજીવનમાં વિષમતા, ભેદભાવ અને દુઃખ નિર્માણ થાય છે.

(૪) સદ્‌વર્તન, જ્ઞાન અને શ્રદ્ધાથી આત્મા પોતાની ઉન્નતિ સાધી આદિતત્ત્વ સાથેની એની અભેદતા જાણવા પામે છે.

ઈતિહાસની દૃષ્ટિએ જોતાં, ઋગ્વેદની ઋચાઓમાં પણ પુનર્જન્મને સ્થાન આપવામાં આવ્યું છે એમ જણાઈ આવશે. મનુસ્મૃતિ અને પુરાણોમાં પણ એ માન્યતાને ટેકો આપવામાં આવેલો છે. માત્ર ભારતમાં જ આ માન્યતા પ્રચલિત હતી એમ નહિ, પણ કેટલાક યહુદી અને પાયથાગોરસના અનુગામી ગ્રીક તત્ત્વવેત્તાઓ પણ પુનર્જન્મને માને છે.

આધુનિક ખ્રિસ્તીઓ પુનર્જન્મના વિચારને માનતા નથી. છતાં ખ્રિસ્તીધર્મ અનુસરનારાં કેટલાંક જૂનાં જૂથો એ માનતા હતા. સેંટ જહોનના ગૉસ્પેલના ૧૦મા પ્રકરણનો આ ભાગ જુઓ. પુનર્જન્મને માન્યતા આપ્યા વગર એનું સ્પષ્ટીકરણ જ આપી ન શકાય. એમાં એ લખે છે, "ભગવાન ઈશુ ત્યાંથી જતા હતા ત્યારે એમણે એક જન્માંધને જોયો. એમના શિષ્યોએ એમને પૂછ્યું, 'સ્વામી, કોના પાપનું ફળ આ અંધ ભોગવી રહ્યો છે? એ પોતે પાપી હશે? એનાં માતાપિતાએ પાપ કર્યું હશે? શાને લીધે એ જન્મથી અંધ બન્યો?"

ઈશુએ કહ્યું: 'એ પોતે કે એનાં માતાપિતા કોઈ જ પાપી નથી. પણ ભગવાનનો સંકેત પૂર્ણ કરવાનું એને ભાગે આવ્યું છે.'

ખ્રિસ્તીધર્મમાં પુનર્જન્મને માન્યતા આપી નથી એમ કહેવામાં આવે છે. છતાં કેટલાક વિદ્વાનોએ બાઈબલમાંથી પુનર્જન્મનું સમર્થન કરે એવાં કેટલાંક ઉતારા શોધ્યાં છે. તેમ જ કુરાનમાંથી પણ એવા ઉતારા કેટલાક પંડિતોએ ટાંકયા છે. દાખલા તરીકે

(૧) "માટીમાંથી તને ઘડયો. એ જ માટીમાં અમે તને વિદાય કર્યો છે. એ જ માટીમાંથી ફરીવાર તારું નવું નિર્માણ થશે."

(૨) "જુઓ, માટીમાંથી એણે કેવા કેવા જીવ નિર્માણ કર્યા છે. અને પછી પણ એ એમને ફરી વાર જીવન આપશે. કારણ કે એ (પરમેશ્વર) સર્વશક્તિમાન છે."

આજના વિજ્ઞાનયુગમાં આ વિષય પર સ્વતંત્ર વિચાર કરવાની વૃત્તિવાળા ઘણા વિદ્વાનો છે. પુનર્જન્મ એ એક માન્યતા નહિ પરંતુ વૈજ્ઞાનિક સત્ય સાથે બંધબેસતી હકીકત છે કે કેમ એ શોધવાના પ્રયાસો આ લોકો કરી રહ્યા છે. શક્તિ સાચવી રાખવાનો જે વિજ્ઞાનનો ધર્મ છે, નષ્ટ થયેલી શક્તિની જગ્યા ખાલી નથી રહેતી એ વિશ્વચૈતન્યનો (Cosmic energy) સિદ્ધ નિયમ છે, તે નિયમઅનુસાર ચાલતા વિશ્વવ્યવહારમાં જે અસમાનતા, ભેદભાવ વગેરે જણાય છે તેનું કારણ શોધવા માટે પુનર્જન્મ જેવી માન્યતાનો આધાર લેવો પડશે એમ કેટલીક વાર જણાય છે. દુષ્ટ લોકો આ દુનિયામાં સુખ પામે અને સજ્જનોને ભાગે દુઃખ આવે—એ વિસંગતિનો રદિયો પુનર્જન્મ તરત આપે છે. નિર્દોષ બાળકો મૃત્યુ કેમ પામે...સરળ રસ્તે જનાર આફતમાં સપડાય અને કાવાદાવા કરનારા ઊંચે ચડે—એ બધાંની કારણપરંપરા 'પુનર્જન્મ' સ્પષ્ટ કરી શકે છે. વિશ્વશક્તિના આવિષ્કારનું સાતત્ય અને એકસૂત્ર પણ એ માન્યતાથી સરળ બને છે. સુખદુઃખ, યશ—અપયશ એવાં દ્વંદ્વોમાંથી પસાર થતો આત્મા આખરે 'આત્મતત્ત્વ'ને ઓળખી અંતિમ સત્ય પામે છે એ આ માન્યતાનું તત્ત્વ છે.

આ માન્યતાની વિરુદ્ધ જે પક્ષ છે તેમને આ ઉપર આપેલી કારણપરંપરા માન્ય નથી. એ પક્ષમાં પણ બે માન્યતા છે. પુનરુત્થાનને—કયામતને—માનનારા લોકો પુનર્જન્મ માનતા નથી. પારસી, મુસલમાન અને ખ્રિસ્તી લોકો કયામતમાં માને છે. પોતાનાં કરેલાં કર્મનું ફળ ભોગવવા માણસ ફરી જન્મ નથી લેતો, પણ પોતાનાં કૃતકર્મો સાથે રાખી એ કયામતના દિવસની રાહ જોઈ પોતાની કબરમાં રહે છે. એક દિવસ અંતિમ ન્યાય આપવા માટે પરમેશ્વર ન્યાયાસને બેસશે ત્યારે પ્રાણીમાત્ર પોતે કાયા, વાચા અને મનથી કરેલા કર્મનો જવાબ ત્યાં આપશે અને કર્માનુસાર તે સ્વર્ગ અથવા નરક પામશે એવી આ માન્યતા છે.

વિજ્ઞાનના અભ્યાસીઓ આ આખો પ્રશ્ન શરીરવિજ્ઞાનની કસોટીપર ચકાસી જોવા માગે છે. ચૈતન્ય અને વ્યક્તિત્વનું નિર્માણ, પ્રગતિ અને સાતત્યમાં કોઈક નિશ્ચિત યંત્રણા કામ કરે છે એમ એઓ માને છે. વિચારો નિર્માણ થવાની સાથે મસ્તિષ્કમાં નિશ્ચિત પ્રકારની હલનચલનસ્ફુરણાદિ ક્રિયાઓ થાય છે. મન અને શરીરનો આ જાતનો અત્યંત નિકટનો સંબંધ હવે જગતમાં માન્ય થયો છે. ઉત્ક્રાંતિના નિયમ મુજબ ચેતના અને વિકસતું મગજ એ બે વચ્ચેનો અભેદ જેવો સંબંધ સિદ્ધ થયો છે. માનશસાસ્ત્રીય ચિકિત્સાના વિવિધ ક્ષેત્રોમાં (neurology, neuroanatomy, psychiatry, clinical psychology) પણ માનવીશરીર અને માનસનો પરસ્પર સંબંધ અત્યંત નિકટનો અને અગત્યનો છે તે અનુભવથી સિદ્ધ થઈ ચૂકયું છે. એટલે વિચારકોને લાગે છે કે સામાન્ય માનવીની સ્મરણશક્તિ એના શારીરિક વિકાસ પર નિર્ભર

હોય છે. આ વિચારપરંપરાને અનુસરનારને વ્યક્તિત્વનો 'અશરીર' એવો એક વિભાગ પૂર્વજીવન સાથેની સ્મૃતિ જાળવી બીજો દેહ ધારણ કરે એ માત્ર ધાર્મિક વૃત્તિવાળાઓની ભોળી ભાવના લાગે છે. નક્કર હકીકતનો તેમને એમાં અંશ પણ જણાતો નથી.

વૈજ્ઞાનિક દૃષ્ટિબિન્દુને પણ એક બીજું પાસું છે. વિજ્ઞાનની અંદર જે જે નવી શોધખોળ થઈ છે તેથી વિજ્ઞાનના ઉપાસકો પોતાનું સંપૂર્ણ ભૌતિક દૃષ્ટિબિંદુ બદલી વિશાળ દૃષ્ટિએ જીવન અંગે વિચારવા માંગે છે. માનસચિકિત્સામાં માનવી-મનોવ્યાપારના કેટલાક એવા દાખલા મળી આવે છે કે જેનું સ્પષ્ટીકરણ શરીરશાસ્ત્રની કક્ષામાં પ્રાપ્ત થતું નથી, એટલું જ નહિ પણ, માનસચિકિત્સકોએ એવા કેટલાક મુદ્દાઓ નક્કર પાયા પર વિજ્ઞાન સમક્ષ મૂકયા છે કે જે જોતાં શરીરથી પર એવી કોઈ શક્તિ મનોવ્યાપારોના દોર સાચવે છે એવું માનવું પડે એમ લાગે છે. અને પુનર્જન્મ એ માત્ર ભોળી ભાવના મટી હકીકતનું રૂપ લે એવી શકયતાઓ નિર્માણ થાય છે.

માત્ર એક સિદ્ધાંત તરીકે નહીં પણ અનુભવસિદ્ધ હકીકતની દૃષ્ટિએ પુનર્જન્મના પ્રશ્નની તપાસ કરી એ બાબતનો વિચાર કરવા જેવું છે. માનસચિકિત્સકો વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુથી એવા કેટલાક અનુભવો ભેગા કરી એનાપર સંશોધન કરે છે. પુનર્જન્મના કેટલાક પ્રત્યક્ષ કહેવાતા દાખલાઓનો અભ્યાસ કરી એમાં મળતા મુદ્દાઓ સ્પષ્ટ કરવાના પ્રયાસ એ વૈજ્ઞાનિકો કરી રહ્યા છે.

કોઈ પણ જાતના સંશોધન માટે આપણી પાસે હકીકતોની ચોક્કસ ભૂમિકા જરૂરી છે. કેટલીક વાર નાના બચ્ચાંઓ પોતાના પૂર્વ જીવનની વાતો કરે છે–એ બાબતની વ્યવસ્થિત નોંધ લેવામાં આવે છે. એવી વાતોમાંથી પુનર્જન્મ વિશે કાંઈક જાણવાનું મળશે કે કેમ એ અંગે સંશોધન ચાલે છે.

પોતાના પૂર્વજન્મની વાતો કેટલાક કરે [છે] તેવા સમાચાર ઘણીવાર મળે છે. પુનર્જન્મમાં માને એવા લોકો બહુ સરળતાથી એવી વાતો સ્વીકારે છે, પણ જે લોકો એમાં ન માને તેઓ એવી વાતોને ગણકારતા નથી. વૈજ્ઞાનિકની રીત આ બંનેથી જુદી હોય છે. એ પ્રત્યક્ષ પ્રમાણદ્વારા પ્રાપ્ત થયેલી હકીકતોની નોંધ લે છે. અને કોઈ પણ પૂર્વગ્રહ વગર એમાંથી કોઈ નિર્ણય અથવા અનુમાન ઉપર આવવાનો પ્રયાસ કરે છે.

એક રહસ્યપૂર્ણ કિસ્સો

અમારી પાસે કહેવાતા પુનર્જન્મ અંગેના કેટલાક કિસ્સાઓ આવે છે તેમાં આ એક ધ્યાન ખેંચી લે એવો મહત્ત્વનો કિસ્સો છે.

નિસાટી ઉન્ લુકાસ કિરન - જેને આપણે ખાલી નિસાટી કહીશું એ ૧૭ વર્ષનો યુવાન છે. 'અદના' નામનું એક ગામ તુર્કસ્તાનમાં – આવેલું છે. ત્યાં એક સાધારણ સ્થિતિના આરબ કુટુંબમાં આ છોકરાનો જન્મ થયો હતો. માબાપે છોકરાનું નામ મલિક પાડયું. પણ બે જ દિવસ પછી એની માતા સેસિલીને સ્વપ્નું આવ્યું તેમાં આ બાળકે પોતાનું નામ મલિક નહીં પણ નેસિપ પાડવાનું બહુ આગ્રહથી કહ્યું. પાસેના સગામાં નેસિપ નામનો એક છોકરો હતો. અને એ જ નામ ફરી પાડવું અપશુકન જેવું ગણાય એટલે એ માબાપે મલિક નામ બદલી નિસાટી એવું નામ પાડયું.

આ લેખમાં આપેલા કિસ્સામાં જેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે પૂર્વભવનો 'નેસિબ બુદાર્ક' છે.

છોકરો જ્યારે બોલવા જેવી ઉંમરે પહોંચ્યો ત્યારે એ પોતાના પૂર્વજન્મની વાતો કરવા લાગ્યો. પોતાનું પૂર્વજન્મનું નામ નેસિપ બુદાક હતું એમ એણે જણાવ્યું. એ મર્સિન ગામમાં રહેતો હતો, અને એનું ખૂન કરવામાં આવ્યું હતું એમ પણ એ કહેતો. જરા મોટો થયો પછી આ જ હકીકતની વિગતો એણે આપી. મર્સિન ગામનો આ નેસિપ બુદાક પરણેલો હતો. ઘણાં છોકરાઓનો પિતા હતો. એની પત્નીનું નામ ઝહેરા હતું. નાનકડો નજાત એનો બહુ લાડીલો છોકરો હતો. એ એને ખભે ઊંચકીને ફરતો. અહમદ રેકિલ નામના શખ્સે નેસિપે ચહા લાવવાની ના પાડી તેથી ઝઘડો કરી નેસિપ પર છરીના ઘા કર્યા ને એનું ખૂન કર્યું. માથાના પાછલા ભાગમાં, મોં પર, ભમ્મર પર, છાતી અને પેટ પર તેણે છરીના ઘા કર્યા હતા, અને નવાઈની વાત એ છે કે આ નિસાટી નામના છોકરાના શરીર પર જન્મથી જ આ બધી જગ્યાએ રૂઝાયેલા ઘાની નિશાનીઓ મોજૂદ છે.

નિસાટીને હવે તો બધાં નેસિપ જ કહેવા લાગ્યાં. નેસિપ બુદાકનું કુટુંબ આખું હેમખેમ છે. અને જ્યારે આ નિસાટી ઉર્ફે નેસિપ દિવંગત નેસિપ બુદાકને ઘેર ગયો ત્યારે ઝહીરાને તે બરોબર ઓળખી શકયો, બધા છોકરાઓને તેણે નામથી બોલાવ્યા, માત્ર નાની છોકરી જેનો જન્મ એના મૃત્યુ પછી થયો હતો એને એ ઓળખી ન શકયો. ઝહેરા સાથે એકવાર ઝઘડયો હતો ને એના પગ પર એણે પ્રહાર કર્યો હતો એ એને યાદ આવ્યું અને સાચે જ એ નિશાની પણ એ બાઈના પગ પર હતી! જ્યારે નેસિપ બુદાકને કબ્રસ્તાનમાં લઈ ગયા ત્યારે સખત વરસાદ હતો એમ પણ એણે કહ્યું અને એ વાત તદ્દન સાચી છે એમ ઝહેરાએ કબૂલ કર્યું. આમ બનતાં આ બધી વાત એક રહસ્ય જેવી લાગવા માંડી.

આ આખી વાતમાં નીચેના મુદ્દાઓની ખાસ નોંધ લેવી પડે એમ છે. (૧) નિસાટીનું જન્મસ્થાન અદના અને નેસિપનું ગામ મર્સિન, બે ગામ વચ્ચેનું અંતર ૭૫ કિ. મિટર જેટલું છે. (૨) બંને સંબંધિત કુટુંબો એક બીજાથી તદ્દન અપરિચિત હતા (૩) પોતાનાં સંસ્મરણો કહેતા પહેલાં નેસાટી ઉર્ફે નેસિપ કોઈ દિવસ મર્સિન ગામે ગયો નહોતો. (૪) આ લોકવિલક્ષણ ઘટના પછી આ બે કુટુંબો વચ્ચે કલેશભાવ નિર્માણ થયો છે.

આ લેખમાં આપેલા કિસ્સામાં જેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે આજે વિદ્યમાન 'નેસાટી ઉન્લુકાસકિરણ, છે

આ આખો દાખલો તપાસી જોયા પછી શું માનવું? જેને પુનર્જન્મમાં બિલકુલ વિશ્વાસ નથી તે તરતજ કહેશે કે આ બધું ધતિંગ છે. પ્રસિદ્ધિ

માટે બે કુટુંબીઓએ મળી આ જાળ રચી છે અથવા તો મજાક કે એવો જ કોઈ હેતુ એની પાછળ છે. પરંતુ પરિસ્થિતિ જોતાં એવું કહી નાખવું બરાબર ના ગણાય. જરૂરી તપાસ કર્યા પછી બે કુટુંબો તદ્દન અપરિચિત હતાં એ હકીકત પુરવાર થઈ છે. આ બનાવ પછી લોકોની પૂછપરછથી બંને કુટુંબો કંટાળી ગયા છે અને એ બે વચ્ચે કોઈ પણ જાતનો ભાવ રહ્યો નથી. નેસાટીના માબાપને એ અંગેના સમાચારો ફેલાય, પૂછપરછ થાય એ પ્રત્યે નફરત છે.

કેટલાક માણસો આ દાખલા પર વિચાર કરી એમ કહેશે કે વિચાર વહનનો (telepathy) આ એક પ્રકાર હોઈ શકે. પરંતુ આ મત પણ પાયાવિનાનો કહેવાય. કારણ કે નિસાટીમાં એ જાતની કોઈ શકિત કે આવડત હોવાનો બીજો કોઈ પુરાવો નથી. અને કદાચ એ શકિત એનામાં હોય તો પણ બુદાક કુટુંબની વ્યકિતઓને એણે જે રીતે બરાબર ઓળખી કાઢી, એમના સહવાસમાં એ જે રીતે રહેવા માગતો હતો તે બધાંનું સ્પષ્ટીકરણ 'વિચાર વહન' ના આપી શકે.

સ્વામિત્વ જમાવવાની વૃત્તિ આની પાછળ છે એમ પણ કોઈ કહેશે. નિસાટીના મન પર નેસિપે કાબૂ મેળવ્યો (જેમ કોઈના શરીરમાં કોઈ પ્રેત સંચરે અથવા કોઈને ભૂતબાધા થાય તેમ) પરંતુ આવો સંચાર (એમાં માનવું હોય તો) અમુક વખત સુધી જ ચાલે અને એ ચાલે ત્યાં સુધી જ નિસાટી નેસિપ જેવું વર્તન રાખે. પરંતુ આ તો પ્રારંભથી જ આ બધી વિગતો નિસાટી કહેતો રહ્યો છે, એનું મગજ સારી પેઠે સ્થિર છે, એને કોઈ પણ વળગાડ હોય એવું એનું વર્તન નથી.

'અવગતિયા જીવ' તરીકે પણ કોઈ એને ગણે. પરંતુ એવી માન્યતામાં બેસે એવો આ 'જીવ' નથી. છતાં મૃત્યુ પછી પણ આ લોકમાં આ જીવ રહ્યો છે એવું કાંઈક માનવા જેવું ખરું.

છતાં આ બધાં પર્યાયોમાંથી એક પણ પર્યાય આ દાખલામાં બંધબેસતો નથી એ તો ચોક્કસ છે. એ દરેક પર્યાય સામે મૂકી શકાય એવા નક્કર પુરાવા આ હકીકતમાં છે.

માનસશાસ્ત્રચિકિત્સા (Parapsychology) આ એક વિજ્ઞાન છે. એની કસોટીપર જ્યારે આ દાખલો મુકાય ત્યારે કોઈ પણ પૂર્વગ્રહ, માન્યતા, કે વિશ્વાસને એમાં સ્થાન ના હોઈ શકે. એ બાબત જે કાંઈ કહેવું હોય તેની પાછળ વિજ્ઞાને સિદ્ધ કરેલો સિદ્ધાંત હોય તો જ કાંઈક કહી શકાય. આ વિજ્ઞાનની શિસ્ત છે. કોઈ પણ મુદ્દો એમાં કાઢી નાંખવા જેવો નથી કે કોઈ માની લેવા જેવો પણ નથી. સંપૂર્ણ સંશોધનને અંતે જે સત્ય તારવી શકાશે તે જ શાસ્ત્ર માન્ય રાખશે.

એક ચિકિત્સક તરીકે મને એમ લાગે છે કે આ બાબતનો કોઈ પણ ખુલાસો આજે આપણી પાસે નથી ત્યારે આ નિસાટીના કહેવાતા પુનર્જન્મની કથા એ આપણી સામેનો એક કૂટ પ્રશ્ન બને છે. એ આખી ઘટના પર પ્રશ્નચિહ્ન લટકે છે. જવાબ હજુ જડતો નથી, છતાં એ જવાબ છે—એ ચોક્કસ છે. એ શું છે એ વાત જુદી. એના પર મહેનતપૂર્વક સંશોધન કરી એ શોધવો જોઈએ. માનસશાસ્ત્રના ચિકિત્સકોને આ એક પડકાર છે. એઓ આ આવ્હાન સ્વીકારશે અને સત્યપરનું આવરણ દૂર કરશે.

અનુવાદ : મૂળ અંગ્રેજી :
શ્રી મૃણાલિનીબહેન દેસાઈ પ્રા. એચ. એન. બેનરજી

"શેઠજી, તમારી પાઘડી ભેંસ ચાવી ગઇ"

એક વાણિયા અને ખેડૂત વચ્ચે કોઈ બાબતમાં તકરાર થઈ. તકરાર કાજી પાસે ગઈ. વાણિયાએ કાજીને છૂપી રીતે રૂ. ૧૦૦ની નોટ પહોંચાડી. ખેડૂતને આ બાબતની ખબર પડી ગઈ. ખેડૂત પછીના દિવસે કાજીને ત્યાં એક ભગરી બેંશ બાંધી આવ્યો. વાણિયો કાજીને જ્યારે જ્યારે મળે ત્યારે ત્યારે સલામ કરીને કહેતો જાય કે "સાહેબ મારી પાઘડીની ખેવના કરવાનું ભૂલતા નહિ." એમ બે ચાર વાર જ્યારે વાણિયાએ કાજીને કહ્યું ત્યારે એક દિવસ કાજીએ વાણિયાને એક ખૂણે બોલાવીને જણાવ્યું કે 'શેઠજી, હું શું કરું ? તમારી પાઘડી ભેંશ ચાવી ગઈ !"

દેશભરમાં લેવાતી લાંચરૂશ્વત આજે આ પ્રકારનું રૂપ ધારણ કરી રહી છે.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વિવિધલક્ષી પ્રવૃત્તિનાં પ્રસંશકો તેમ જ સંસ્કારી સુજ્ઞ શ્રોતાઓને

નમ્ર નિવેદન

છેલ્લાં સાડત્રીશ વર્ષથી ચાલતાં અમારા સંઘનો અને સંઘ દ્વારા ચાલતી પ્રવૃત્તિઓનો પરિચય આપવાની આવશ્યકતા આજે અમને દેખાતી નથી—આમ છતાં પણ, પર્યુષણ પર્વનાં પવિત્ર અને મંગલમય દિવસોમાં આપણે સૌ બાર મહિને એકવાર ભેગા થઈએ છીએ ત્યારે સંઘની પ્રવૃત્તિઓ વિષે બે શબ્દ કહેવાનું મન થાય એ સ્વાભાવિક જ છે. વળી, સંઘની કાર્ય—જ્યોત અખંડપણે પ્રજ્વલિત રાખવા આપની પાસે આર્થિક સહકાર માટે પણ અમારે હાથ લંબાવવાનો બાર મહિને ફકત આ એક જ પ્રસંગ આવે છે.

ટૂંકમાં અમારી પ્રવૃત્તિઓ આ છે:

(૧) પર્યુષણ વ્યાખ્યાનમાળા.
(૨) પાક્ષિક પત્ર—'પ્રબુદ્ધ જીવન'
(૩) સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય
(૪) નાતજાતના ભેદભાવ વિના અપાતી વૈદ્યકીય રાહત
(૫) વૈદ્યકીય સારવારનાં સાધનો
(૬) વિશિષ્ટ વ્યકિતઓની સાથે મિલન—વાર્તાલાપ
(૭) નાનાં મોટાં પર્યટન - પ્રવાસો

ઉપરની દરેક પ્રવૃત્તિ પાછળ વર્ષ—પ્રતિવર્ષ ખર્ચ વધતો જ જાય છે. આ વર્ષે પર્યુષણ દરમ્યાન અમારી રૂ. ૧૫,૦૦૦ ભેગા કરવાની અપેક્ષા છે. આપ ઉપરની કોઈ પણ એક પ્રવૃત્તિમાં યા સમગ્ર પ્રવૃત્તિમાં આપની રકમ નોંધાવી શકો છો. વિનંતિ એક છે—અપીલ એક છે—આ રકમ બની શકે તેટલી મોટી આપો, જેથી અમારું લક્ષ્યાંક જલ્દી સિદ્ધ થાય.

શ્રદ્ધા છે આપ અમને નિરાશ નહિ જ કરો!

૪૫, ૪૭, ધનજી સ્ટ્રીટ
મુંબઈ—૩.

ચીમનલાલ જેઠાલાલ શાહ,
સુબોધભાઇ એમ. શાહ,
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

સ્વાતંત્ર્યદિનના રોજ રાષ્ટ્રપતિએ પ્રજાજોગ પાઠવેલું તલસ્પર્શી પ્રવચન

(તા. ૧૪મી ઑગસ્ટની રાત્રીએ ઑલ ઈન્ડિયા રેડીઓ દ્વારા પ્રસારિત કરવામાં આવેલ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના પ્રવચનનો ગુજરાતી અનુવાદ નીચે આપવામાં આવે છે. આ પ્રવચન આપણા દેશની આજની પરિસ્થિતિને પાયામાંથી સ્પર્શે છે અને આજનાં ભયસ્થાનો પ્રત્યે અંગુલિનિર્દેશ કરીને આપણને સચોટ અને સ્પષ્ટ માર્ગદર્શન આપે છે. તંત્રી)

આપણા સ્વાતંત્ર્યદિનની ૧૯મી જયંતી પ્રસંગે ઘરઆંગણેના તથા પરદેશમાં વસતા આપણા દેશબાંધવોને કંઈ કહેવાની જે તક મળી છે તેથી મને આનંદ થાય છે.

આપણે અનેક મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છીએ—આપણા માટે બધું જોઈએ તેવું સમુસૂતરું નથી તેમ છતાં હતાશ થવાની કોઈ જરૂર નથી. આપણી રોજબરોજની મથામણોમાં કોલાહલ અને કડવાશમાં આપણે અટવાઈ ન જઈએ તો આપણામાં ઘણું એવું ઉત્તમ અને મહાન છે એનો આપણને ખ્યાલ આવશે. અવિરત અને મક્કમ પ્રયત્નોથી આપણી મુશ્કેલીઓને આપણે વટાવી શકીએ એવી આપણી શ્રદ્ધા છે.

વ્યાપક દૃષ્ટિએ ભાવિ માર્ગ અને ઉદ્દેશોને લક્ષમાં રાખી આપણે વર્તવું જોઈએ. આપણે લોકશાહી બંધારણ અપનાવ્યું છે. વિચાર અને વર્તનની એકવાક્યતા માટે થઈ રહેલા આગ્રહો છતાં, લોકશાહી બંધારણ આપણું વ્યકિતત્વ જાળવવામાં આપણને મદદરૂપ નીવડે છે. આને પરિણામે મહાન નહીં તોય ભદ્રસમાજ નિર્માણ થશે જ. જગતની સમકાલીન પરિસ્થિતિમાં વિરોધ તથા ટીકા સહન કરી શકે તે જ સરકાર તરી, પાર ઊતરશે. આચાર વિચારમાં એકધારાપણાનો આગ્રહ સેવતી સરકારો ભલે સમયપૂર્તિ ટકી જાય પણ તે ક્ષણજીવી જ નીવડવાની. લોકશાહી રાજ્યની વિવિધ સભાઓ સામાજિક સંઘર્ષોને સહ્ય બનાવે છે અને ભયજનક ઉલ્કાપાતોને ટાળે છે. સક્રિય લોકશાહી માટે પ્રજાજનોએ કાયદો અને અધિકૃત સત્તાના સ્વીકારની તત્પરતા દાખવવી ઘટે. કોઈ પણ માનવી યા સમૂહ કાયદો ઠોકી બેસાડી શકે નહીં. આપણી આસપાસ નજર ફેંકીએ તો આપણને સર્વત્ર અરાજકતા વધતી જણાય છે. ક્ષુલ્લક બાબતો માટે હડતાળો, દેખાવો અને ચળવળો વધી રહ્યાં છે. ખેતરો અને કારખાનાઓમાં, શિક્ષણસંસ્થાઓમાં અને સરકારી કચેરીઓમાં પ્રામાણિકતા અને ખંતથી કામ કરતા આપણા પ્રજાજનોને કંઈક ગુમાવ્યાની તથા માનભંગ થવાની ભાવનાથી અસ્વસ્થ કરી મૂકવામાં આવે છે અને એવી પ્રવૃત્તિઓમાં જોડાવા માટે પ્રેરવામાં આવે છે, જેને પરિણામે તેમના જીવનનું નૈતિક બળ શિથિલ થાય છે અને રાષ્ટ્રીય માલમિલકતને નુકસાન પહોંચે છે. આપણા ઉજ્જવળ નામને તથા આપણી સુખાકારીને નુકસાન પહોંચે તેવું કશું આપણે ન કરવું જોઈએ. આ કપરા કાળમાં આપણ સૌની ફરજ છે કે આપણે લોકશાહી સંસ્થાઓ અને સદ્‌વર્તનનું જતન કરીએ. માગનું નિરાકરણ લાવવા માટે આંદોલન જ એક માત્ર માર્ગ છે એમ મનાવું ન જોઈએ. આવતા વર્ષની શરૂઆતમાં આપણે ત્યાં સામાન્ય ચૂંટણીઓ થશે. તત્ત્વચિંતન, ધર્મ, સાહિત્ય અને કલાદ્વારા આપણી સંસ્કૃતિ પર છાપ મૂકી જનાર આપણા સંસ્કારોનું પ્રતિનિધિત્વ ધરાવનારાઓ જ ધારાસભામાં આપણા પ્રતિનિધિ હોવા જોઈએ. 'સત્યમેવ જયતે'ની આર્ષવાણી આજે વિશ્વના કરોડો માનવીઓ સ્મરે છે. અસ્ખલિત બુદ્ધિમત્તા, સામાજિક ન્યાય, નિર્બળની રક્ષા માટેની ત્રણ હજાર વર્ષો પુરાણી અવિશ્રાન્ત આર્ષવાણી આપણા ઈતિહાસની પ્રથમ પ્રબળ સંચાલક શકિત રહી છે. માનવજાતના મન અને હૃદયને સ્પર્શવાની એ શબ્દો અને વિચારોમાં શકિત રહેલી છે. આપણા રાષ્ટ્ર વતી બોલનાર આપણા પ્રતિનિધિઓ સંસ્કારી, અનાસકત, અને લોકસેવાની ભાવના ધરાવતા હોવા જોઈએ. ક્ષુલ્લક વ્યકિતગત, સ્થાનિક, જ્ઞાતિવિષયક તથા કોમવિષયક ઝઘડાઓમાં અટવાયેલા અને સત્તાલોલુપતાને વશ થનારને અહીં સ્થાન નથી. આપણા મોવડીઓના શિક્ષણ-સંસ્કાર પર આપણા દેશનું ભાવિ અવલંબે છે. સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક પરિવર્તન માટે શિક્ષણ એક સાધન છે. આપણે જો સામાજિક અને રાષ્ટ્રીય એકતા માટે કાર્ય કરવું હોય, આપણે જો નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યોનો વિકાસ સાધવો હોય, અને ખેતીવાડીમાં કે ઉદ્યોગોમાં ઉત્પાદન વધારવું હોય તો આપણે શિક્ષણનો સદુપયોગ કરવો રહ્યો. ભૂખ અને ગરીબી, રોગચાળો અને નિરક્ષરતા, વહેમ અને રીતરિવાજોની જડતા, વેડફાતાં સાધનો તથા પછાત દેશની ગરીબ પ્રજાના પ્રશ્નો—આ સર્વનો તોડ લાવવામાં જ્ઞાનવિજ્ઞાન સહાયભૂત બનશે. વિકાસના આપણા કાર્યક્રમોને કુંઠિત કરતા આલસ્ય અને આણ-આવડતમાંથી આપણે મુકત થવું રહ્યું.

વિવિધ સ્તર પર આપણું વહીવટી તંત્ર સ્વચ્છ અને કાર્યકુશળ બનવું જોઈએ. અનાજનો પ્રશ્ન વિચારીએ : આપણા દેશની સિત્તેર ટકાથી વધુ વસ્તી ખેતીવાડીના કામમાં રોકાયેલી હોય અને છતાં પણ આપણે મોટા પાયા પર પરદેશથી અનાજ આયાત કરવું પડતું હોય તો એમ જ માનવું રહ્યું કે જેની વિશાળ અને વ્યાપક ખેતીવાડી માત્ર વરસાદ પર જ નિર્ભર છે તેવા પ્રાથમિક સમાજની દશામાં આપણે છીએ. મબલખ પાક ઊતરે ત્યારે આપણે ધાન્યનું જતન કરતા નથી. અછતના કાળમાં આપણે યોગ્ય વહેંચણીની વ્યવસ્થા કરી શકતા નથી. આવી અછત પ્રજાની સ્વાર્થવૃત્તિ, સંગ્રહખોરી, સટ્ટાખોરી અને ગેરવ્યવસ્થાને કારણે ઉગ્ર બને છે. સમાજવિરોધી તત્ત્વો સામે આપણે પગલાં કાં તો લેવા માગતા નથી કે લઈ શકતા નથી. આ રુશ્વતખોરીનીને ડામવામાં પ્રમાણિક અને મક્કમ સરકારે સક્રિય બનવું રહ્યું. પ્રામાણિક અને મક્કમ સરકારે છેતરામણ, જુઠ્ઠાણાં કાવાદાવા અને ભીરુતાને નિર્મૂળ કરવાં જોઈએ. આવતાં થોડાં વર્ષોમાં અનાજની બાબતમાં સ્વાવલંબી બનવાને માટે આપણે રાષ્ટ્રીય ધોરણે મહાપ્રયાસો કરી પરિસ્થિતિ સુધારવી જોઈએ. આપણે સૌ પહેલાં ખેતીવાડીનો વિકાસ કરવો જોઈએ. આપણા ખેડૂતો બુદ્ધિશાળી છે અને નવું નવું શીખવા તત્પર છે. આપણું ખેતીવાડીનું ઉત્પાદન વધ્યું તો છે, પરંતુ તે આપણી વધતી જતી વસ્તીની માગને પૂરું પડી શકે તેમ નથી. આપણી વસ્તી ૧૯૫૧માં છત્રીસ કરોડ દસ લાખની હતી તે ૧૯૬૧માં તેતાલીસ કરોડ નેવું લાખની થઈ. અને આજે આપણી વસ્તી અડતાલીસ કરોડ અને પચાસેક લાખે આવીને ઊભી છે. ઉદ્યોગ અને ખેતીવાડીનો વિકાસ આ રીતે વધતી જતી વસ્તીની માગને પહોંચી વળી શકે તેમ નથી. આથી વસ્તીનિયમન કરવું ખૂબ જ આવશ્યક છે.

અવમૂલ્યનની મૂલ્યવત્તા અને વ્યાજબીપણા વિષે આપણે ચર્ચાઓ કરીએ છીએ. વાદવિવાદથી કશો અર્થ સરતો નથી. અવમૂલ્યન લાભકારક નીવડે અને એની મર્યાદાઓ ટળે તેવાં પ્રખર પગલાં લેવાનું આજનું આપણું મુખ્ય કાર્ય છે. આયાતખર્ચ તથા નવી યોજનાઓને પહોંચી વળવા માટે તથા આર્થિક સ્થિતિને ઝડપભેર સુધારવાની આશાએ આપણે અવમૂલ્યનનું જોખમ ખેડ્યું છે. રોજી તથા ભાવવધારાના ઉછાળાને અટકાવવા માટે, ઉત્પાદન વધારવા માટે તેમ જ જાહેર અને ખાનગી ક્ષેત્રમાં ખર્ચનું પ્રમાણ ઘટાડવા માટે આપણે પગલાં લઈ રહ્યા છીએ. નાણાંકીય વ્યવહારમાં આજે સબળ સંયમની જરૂર છે. કપરા કાળનો આપણે સામનો કરવાનો છે અને કરકસર અપનાવવાની છે. જાતજાતની સગવડો વિના જીવતાં શીખવાનું છે અને રોદણાં રડ્યા વિના મુશ્કેલીઓનો સ્વીકાર કરવાનો છે. આવા પ્રખર શિસ્તથી આપણું સ્વાસ્થ્ય અને ચારિત્ર્ય સુધરશે. આનો આરંભ ઉપલા સ્તરથી થવો

જોઈએ કારણ કે આપણી પ્રજાનો બહુ મોટો ભાગ તો વિવિશ થઈને કરકસર કરતો રહ્યો છે.

ગમે તે દલીલો યા વલણોને કારણે ભૂતકાળમાં યુદ્ધનો બચાવ થયો હોય, પરંતુ આધુનિક યુદ્ધની નીતિરીતિ અને સભાન થતી માનવજાત એ સ્પષ્ટ કરે છે કે નૈતિક દૃષ્ટિએ યુદ્ધનો કોઈ રીતે બચાવ થઈ શકે એમ નથી. આણુ અને કિટાણુ યુદ્ધ એટલે કરોડો માનવીઓનો સંહાર, આવતી પેઢીને નુકસાન અને પૃથ્વી, જળ અને વાયુની અસ્વચ્છતા. આ સઘળું માનવજીવન અશક્ય નહીં તો મુશ્કેલ તો જરૂર બનાવશે. આણુયુદ્ધમાં સંરક્ષણ પણ પોતાનો સંહાર નોતરે છે. આપણે ભલે ભયાનક શસ્ત્રો સજીએ તો પણ એક જીવલેણ પ્રહાર દુશ્મનનો તથા આપણો પણ સર્વનાશ કરશે. યુદ્ધની ભયાનકતા અને જંગલીપણાથી, વીએટનામની પ્રજાની યાતનાથી, અને સમસ્ત વિશ્વને ઘેરી વળે એવા સંહારના કોઈ પણ વિકાસની ચિંતાએ આપણને અસ્વસ્થ બનાવ્યા છે અને તેથી આપણે વીએટનામમાં તંગદિલી ઓછી કરવાના પ્રથમ પગલારૂપે યુદ્ધબંધીનું સૂચન કર્યું છે, જેથી માનપૂર્વકના સમાધાન માટેનું વાતાવરણ સર્જી શકાય. શાન્તિ માટેની ઝંખના વિશ્વલાગણીનો પડઘો પાડે છે. આપણે જાણીબૂઝીને ક્રોધ અને આવેશ સેવવાં ન જોઈએ. પૂર્વગ્રહો અને સંશયોનો આપણે સામનો કરવો જોઈએ તથા મન અને હૈયું મોકળાં રાખવાં જોઈએ. આપણે જો એમ માની લઈએ કે સામો પક્ષ દુષ્ટ અને દાવપેચ રમનારો છે તો તો પછી સમજૂતી માટે કોઈ અવકાશ રહેતો નથી. શરતી શરણાગતિ નહીં પરંતુ સમાધાન આપણું લક્ષ હોવું જોઈએ. આક્રમણનો સામનો કરવાની આપણી તૈયારી હોવી જોઈએ તે સાથો સાથ આપણું લક્ષ્ય બધાં રાષ્ટ્રો સાથેની મૈત્રીનું તથા પાકિસ્તાન અને ચીન સાથે સારા પડોશી દેશ તરીકેના સંબંધો બાંધવાનું હોવું જોઈએ. ભારત અને પાકિસ્તાનના આર્થિક વિકાસને માટે પરસ્પર બાંધછોડ આવશ્યક છે. આ બે દેશો વચ્ચે મૈત્રી સ્થાપવી મુશ્કેલ નથી. આપણે એક જ પ્રજા છીએ, આપણો ઈતિહાસ અને આપણી સાંસ્કૃતિક ભૂમિકા સમાન છે, આપણી ભાષાઓ પણ સરખી છે. તો પછી આપણે સારાં મિત્રો કાં ન બનીએ ? એ જ આપણે સિદ્ધ કરવાનું છે.

બળનો ઉપયોગ ન કરવો, પરસ્પરની આંતરિક બાબતોમાં દરમ્યાનગીરી ન કરવી, વિરોધી પ્રચારમાં ન પરોવાવું વગેરે તાશ્કંદમાં સ્વીકારાયેલી ભાવનાઓ અત્યારના આપણા સર્વ મતભેદોને લાગુ પડે છે. શુભેચ્છા હોય તો આપણે નિર્વાસિતોની બાબતમાં, સરહદી તકરારોમાં, નદીઓનાં પાણી અને વેપાર અંગેની બાબતોમાં સત્વર સહકાર આપી શકીએ. આમ છતાં પણ જો ગેરસમજૂતી ચાલુ રહે અને શસ્ત્રસરંજામ વધારવાનું ચાલુ રહે તો તેથી આપણા બન્ને દેશો નબળા પડશે અને જોખમાશે. મોડા વહેલા–કહોને વહેલા જ–ચીન અને ભારત સંપશાન્તિથી સાથે રહેતાં શીખશે. આપણા મતભેદોનું યથાર્થ નિરાકરણ શક્ય નથી, અશક્ય છે એમ માની લઈને કશુંયે તરછોડવું ન જોઈએ. આ કરવા જેવું છે કે નહિ એ જ એક વ્યાજબી સવાલ છે–તો આપણે એ કરી છૂટીએ. પરિસ્થિતિને થાળે પાડવામાં આપણે સૌએ પોતપોતાનો પૂરો ભાગ ભજવવાનો છે. આપણું ભાવી યુવાનો–યુવાનીની ભાવનાથી પ્રેરિત વીર અને સાહસિકો પર નિર્ભર છે. આપણી જરૂરિયાતો પૂરી પાડવામાં જગતે ઉદારતા દાખવી છે, પણ આપણને જીવંત રાખવાની પણ એમની ફરજ છે એમ આપણે ન માની લઈએ. આપણે આપણી જાતને ઘડવાની છે. અન્તે પરાવલંબન ઓછું કરવાનું છે. આપણો ભાવિ માર્ગ લાંબો, મુશ્કેલ અને વિકટ છે. તો આપણે મુક્ત મને સ્વચ્છ હૈયે અને સૌથી વધુ તો આપણા ભાવિ પર શ્રદ્ધા રાખી કદમ ઉઠાવીએ !

ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન.

ધર્મપલટો : બહુપત્નીત્વવિરોધી કાયદાની આ છટકબારી સરકાર સત્વર બંધ કરે !

એક જમાનો એવો હતો કે જ્યારે સ્ત્રીઓ પણ બીજી વસ્તુઓની જેમ મિલકત ગણાતી અને એકથી વધુ સ્ત્રીઓ હોવી એ સમૃદ્ધિ અને પ્રતિષ્ઠાની નિશાની ગણાતી. પરંતુ જેમ જેમ સંસ્કૃતિનો વિકાસ થતો ગયો તેમ તેમ એ જૂની અને જંગલી માન્યતાનો અંત આવતો ગયો અને આજે સુસંસ્કૃત સમાજમાં એકથી વધુ પત્નીઓ કરવી એ પ્રતિષ્ઠાવિહીન કાર્ય ગણાય છે. દુનિયાની ઘણીખરી પ્રજાઓએ એકથી વધુ પત્નીઓ હોવા સામે કાનૂની પ્રતિબંધો ફરમાવ્યા છે. આપણા દેશમાં પણ મહદ્‌અંશે આવી જ પરિસ્થિતિ પ્રવર્તે છે.

એ યુગ પલટાયો છે.

જ્યારે અરબ જાતિઓમાં અમીરો અને ટોળીના સરદારો સેંકડોની સંખ્યામાં સ્ત્રીઓ રાખતા એ જમાનામાં પેદા થયેલા પયગંબર મહમદસાહેબે એ ખરાબ રિવાજને અંકુશમાં લેવા પ્રયત્ન કર્યો અને ચારથી વધુ પત્નીઓ કરવા સામે પ્રતિબંધ ફરમાવ્યો. પરંતુ એ યુગ પલટાઈ ગયો છે. અને ઘણાખરા સુધરેલા મુસ્લિમ દેશોએ બહુપત્નીવિરોધી કાયદાઓ કર્યા છે. ખુદ પાકિસ્તાન કે જે મુસ્લિમ ધર્મના આદેશ પ્રમાણે રાજતંત્ર ચલાવવાનો દાવો કરે છે ત્યાં પણ બહુપત્નીત્વવિરોધી કાયદો અમલમાં આવ્યો છે.

દુર્ભાગ્યે આપણી સરકાર કે જે બિનધાર્મિક હોવાનો દાવો કરે છે. તેણે મુસ્લિમોની કહેવાતી ધાર્મિક લાગણીઓના નામે બહુપત્નીત્વવિરોધી કાયદો મુસ્લિમ સમાજને લાગુ કર્યો નથી. પાકિસ્તાન જેવું સામાજિક રીતે રૂઢિચુસ્ત રાષ્ટ્ર જે કરી શકયું છે તે કરવાની હિંમત પણ આપણી સરકારે દાખવી નથી.

અને બહુપત્નીત્વવિરોધી કાયદાની વાડમાં રહી ગયેલા આ છીંડાનો બહુ જ દુરુપયોગ થઈ રહ્યો છે. જે બિનમુસ્લિમો એક ઉપરાંત બીજી પત્ની કરવા માગતા હોય છે તેઓ ધર્મપરિવર્તનનું નાટક કરીને બીજું લગ્ન કરે છે. પહેલાં લગ્નની પત્ની તથા બાળકોને રઝળતાં, રવડતાં કરી મૂકે છે, અને કાયદો તેમને કાંઈ જ સ્પર્શ કરી શકતો નથી.

હમણાં હમણાં વર્તમાનપત્રોમાં એવા બે કિસ્સાઓ બહાર આવ્યા છે, જેમાં એકમાં એક અદ્યતન શિક્ષણધારી આચાર્યએ સ્ત્રીબાળકોવાળા યુવાન સાથે લગ્ન કરવા ઈચ્છયું અને બંનેએ મુસ્લિમ ધર્મ અંગીકાર કરવાનો વિધિ કરી તેમ કર્યું. પેલા યુવાનની પ્રથમ વારની પત્ની અને બાળકો આજે અસહાય બની ગયાં છે. એવો જ બીજો કિસ્સો જેમાં પણ એક સુશિક્ષિત કુમારી શિક્ષિકા અને વયોવૃદ્ધ સામાજિક કાર્યકર બંનેએ મુસ્લિમ બની જઈ લગ્ન કર્યાની વાત છાપામાં ચર્ચાઈ રહી છે.

અયોગ્ય કાર્ય માટે

આ રીતે જે લોકો પોતાના અંગત સ્વાર્થ અને સામાજિક દૃષ્ટિએ અયોગ્ય કાર્ય કરવા માટે મુસ્લિમ ધર્મ અંગીકાર કરે છે તેઓ મુસ્લિમ ધર્મ પ્રત્યે કઈ વફાદારી ધરાવે છે ? એવાંઓને મુસ્લિમ ધર્મમાં અપનાવનાર મુલ્લાં મૌલ્લવીઓ આમાં ઈસ્લામની કઈ સેવા બજાવે છે ? પરંતુ જ્યાં સુધી સમાજમાં આવા અંધ–ધર્મઘેલા ધર્મગુરુઓ પડ્યા હશે ત્યાં સુધી તેમનો આવો ગેરલાભ લેનારા નીકળશે જ. આવા ધર્મધિામાં સાચી સમજ આવવાની વાત તો દૂરની જ છે.

સરકારની ફરજ

પરંતુ સરકાર કે જે બહુપત્નીત્વની વિરુદ્ધ છે અને તેના ભંગને શિક્ષાપાત્ર ગણે છે તે આવા બનાવો આંખો બંધ કરી કેમ જોઈ રહે છે તે જ આશ્ચર્ય છે. આવા કિસ્સાઓ જોયા પછી સરકારની એ ફરજ બને છે કે બહુપત્નીત્વવિરોધી કાયદો ધર્મ કે કોમના ભેદભાવ વિના સમગ્ર ભારતીય પ્રજાજનને લાગુ કરે, નિર્ધર્મી અને લોકશાહી–આધારિત ભારતની કાયદાપોથી ઉપર આવા ભેદભાવભર્યા કાયદા ન જ રહી શકે.

અને આટલી પણ નૈતિક હિંમત આપણા રાજતંત્રના ચાલકો અને સૂત્રધારોમાં ન રહી હોય તો છેવટ મુસ્લિમ ધર્મ પ્રમાણે જે ચાર પત્નીઓની છૂટ છે તે માત્ર મુસ્લિમ માબાપોને પેટે જન્મેલાં સંતાનો, જેઓ બંને પક્ષે જન્મથી જ મુસ્લિમ હોય તેમના પૂરતી મર્યાદિત રાખે. જ્યાં બેમાંથી એકે પક્ષ બિનમુસ્લિમ જન્મ્યો હોય તેવાં સ્ત્રી–પુરુષોને કાયદાની આ છૂટનો લાભ મળતો સદંતર અટકાવી દે.

સરકાર આ માટે પાર્લામેન્ટમાં સત્વર કાયદામાં સુધારો લાવે, યા તો એવું કરે તેની રાહ જોયા વિના કોઈક સંસદસભ્ય આવો સુધારો રજૂ કરે એ જરૂરી છે.

'જન્મભૂમિ'માંથી ઉદ્‌ધૃત

વીરચંદ શેઠ

શ્રી મુંબઈ જૈનયુવક સંઘ આયોજિત :

◆◆ પર્યુષણ વ્યાખ્યાનમાળા ◆◆

સ્થળ : બિરલા ક્રીડા કેન્દ્ર (ચોપાટી)

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી સપ્ટેમ્બર માસની ૧૧ તારીખ રવિવારથી ૧૮ તારીખ રવિવાર સુધી એમ આઠ દિવસની પર્યુષણ વ્યાખ્યાનમાળા યોજવામાં આવી છે. આ આઠે દિવસની વ્યાખ્યાનસભાઓનું પ્રમુખસ્થાન અધ્યાપક શ્રી. ગૌરીપ્રસાદ ચુનીલાલ ઝાલા શોભાવશે. આ આઠે ય દિવસની વ્યાખ્યાનસભાઓ ચોપાટી ઉપર આવેલા 'બિરલા ક્રીડા કેન્દ્ર"માં ભરવામાં આવશે. સભા સવારે ૮-૩૦ વાગે શરૂ થશે. વ્યાખ્યાનમાળાનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે:

તારીખ	વ્યાખ્યાતા	વ્યાખ્યાન વિષય
૧૧, રવિવાર	શ્રી ગગનવિહારી મહેતા	ગાંધીજી અને ગાંધીજી
"	શ્રી, ચીમનલાલ ચકુભાઈ શાહ	શું માનવી સ્વત્વવંચિત બની રહ્યો છે?
૧૨, સોમવાર	શ્રીમતી સૌદામિનીબહેન મહેતા	માર્ટીન લ્યુથર કીંગ
"	શ્રીમતી મૃણાલિની દેસાઈ	ભક્તિયોગ
૧૩, મંગળવાર	શ્રી એચ. એમ. પટેલ	કેળવણી વિષેના વ્યાપક અસંતોષનું વિશ્લેષણ
"	શ્રી ગોકુળભાઈ ભટ્ટ	સત્યશોધક જ્યોતિરાવ ફૂલે
૧૪, બુધવાર	શ્રીમતિ હર્ષિદા પંડિત	શ્રીમતી ડોરોથી પીક્સ
"	શ્રી ઉછરંગરાય ન. ઢેબર	ગાંધીજી અને વિનોબા
૧૫. ગુરુવાર	શ્રીમતી ઉષા મહેતા	હેલન કેલર
"	અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ	ભાવકની જવાબદારી
૧૬, શુક્રવાર	શ્રી નવલભાઈ શાહ	સમૃદ્ધ જીવન
"	શ્રી એચ્. એન્. બેનરજી	અતીન્દ્રિય અનુભૂતિઓ
૧૭, શનિવાર	શ્રી કાકાસાહેબ કાલેલકર	સંઘર્ષ અને સમન્વય
"	શ્રી એચ્. એન. બેનરજી	અતીન્દ્રિય અનુભૂતિઓ
૧૮, રવિવાર	શ્રી અજિત શેઠ તથા નિરુપમા શેઠ	ભક્તિગીતો
"	આચાર્ય રજનીશજી	ધર્મ શું છે?

★ વ્યાખ્યાનસભામાં સમયસર ઉપસ્થિત થવા અને સભા દરમ્યાન શાંતિ જાળવવા સુજ્ઞ શ્રોતાઓને વિનંતિ. ★

ચીમનલાલ જેઠાલાલ શાહ,
સુબોધભાઇ એમ. શાહ,
મંત્રીઓ, શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

પુસ્તકાલયમાં વસાવવા લાયક, શિક્ષણસંસ્થામાં ઈતર વાંચન તરીકે ઉપયોગમાં લેવા લાયક તેમ જ
કોઈ પણ શુભ પ્રસંગે વહેંચવા લાયક પુસ્તકો

સત્યં શિવં સુંદરમ્

શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાનો લેખસંગ્રહ
કાકાસાહેબ કાલેલકર અને પંડિત સુખલાલજીના પ્રવેશકો સાથે
કિંમત રૂા. ૩, પોસ્ટેજ ૦૦-૬૦

બોધિસત્ત્વ

સ્વ. ધર્માનંદ કોસમ્બી રચિત મૂળ મરાઠી નાટક
અનુવાદકો :
શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા તથા શ્રી કાન્તિલાલ બરોડિયા
કિંમત રૂા. ૧-૫૦, પોસ્ટેજ ૦૦-૩૦
મુંબઈ જૈન યુવક સંઘના સભ્યો તથા પ્રબુદ્ધ જીવનના ગ્રાહકો માટે
સત્યં શિવં સુન્દરમ્: કિંમત રૂા. ૨, બોધિસત્ત્વ: કિંમત રૂા. ૧

દર્શન અને ચિન્તન

પંડિત સુખલાલજીના આજ સુધીના ગુજરાતી તથા હિંદી લેખોનો સંગ્રહ–બે વિભાગ ગુજરાતી: એક વિભાગ હિંદી:
કુલ ત્રણ વિભાગમાં
કિંમત રૂા. ૨૧; પૅકીંગ પોસ્ટેજ રૂા. ૫
મુંબઈ જૈન યુવક સંઘના સભ્યો તથા પ્રબુદ્ધ જીવનના ગ્રાહકો માટે
કિંમત રૂા. ૧૮

'પ્રબુદ્ધ જીવન'ની ફાઇલો: કિંમત રૂા. ૬

પ્રબુદ્ધ જીવનના ગ્રાહક બનો • વાર્ષિક લવાજમ રૂા. ૪

મળવાનું ઠેકાણું :
મુંબઈ જૈન યુવક સંઘ, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ. મુંબઈ-૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ

Regd. No. MH. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૮ : અંક ૧૦

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, સપ્ટેમ્બર ૧૬, ૧૯૬૬, શુક્રવાર
આફ્રિકા માટે શિલિંગ ૯

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

❋ જૈન પ્રાર્થના મંત્રો ❋

पंच परमेष्ठि - महामन्त्र

नमो अरिहंताणं।
नमो सिद्धाणं।
नमो आयरियाणं।
नमो उवज्झायाणं।
नमो लोए सव्वसाहूणं।

एसो पंच नमुक्कारो सव्वपाव- प्पणासणो।
मंगलाणं च सव्वेसिं पढमं हवइ मंगलं॥

પંચપરમેષ્ઠિમંત્ર એ જૈન પરંપરામાં મહામંત્ર તરીકે માન્ય છે. જૈન પરંપરાના બધા ય ફિરકાઓને એ મંત્ર સમાન ભાવે માન્ય છે. પ્રત્યેક પ્રવૃત્તિમાં એનું શ્રવણપઠન કલ્યાણકૃત્ મનાયેલું છે.

જો કે પ્રસ્તુત મહામંત્ર જૈન સંપ્રદાયની ભાષા અને પરિભાષામાં ગ્રથિત છે; સામાન્ય જૈનો એને પોતાનો જ મંત્ર માનતા આવ્યા છે; જૈનેતરો એ મંત્રમાં પોતાને માન્ય હોય એવું રહસ્ય કદી જાણવા યત્ન કરતા નથી; આથી જેમ દરેક ધર્મ પરંપરાની મંગળમય પ્રાર્થના તે તે પરંપરામાં જ મુખ્યપણે સમાયેલી દેખાય છે, તેમ પ્રસ્તુત પરમેષ્ઠિમંત્ર વિશે પણ બન્યું છે; છતાં પ્રસ્તુત મહામંત્રનો જે પરમાર્થ છે, તેને જાણનાર કોઈ પણ કહી શકશે કે વસ્તુતઃ આ મહામંત્ર સર્વ-દેશ – કાળના બધાય સાચા આધ્યાત્મિકોએ સ્મરણ કરવા યોગ્ય છે.

જ્યારે આ પરમાર્થની વાત કરું છું, ત્યારે તે કલ્પનાથી નથી કહેતો; ખુદ પરમેષ્ઠિમંત્રના પંચમપદમાં જ તે અર્થ સ્પષ્ટ રીતે સૂચવાયો છે. **नमो लोए सव्वसाहूणं।** એ પદમાં **'लोक'**, **'साधु'** અને તે પણ **'सर्व'**–એ ત્રણ અંશ ઉક્ત ભાવના સૂચક છે. **'लोअ'** પદથી દેશ-કાળ નિરપેક્ષ આખાય વિશ્વમાં વર્તમાન એવા સાધકો અભિપ્રેત છે. **'साधु'** પદથી કોઈ માત્ર બાહ્યવેશ કે બાહ્ય ચિહ્નધારી સાધક વિવક્ષિત નથી, પણ જે આધ્યાત્મની સાચી દિશા તરફ ઉન્મુખ છે તે જ વિવક્ષિત છે. **'सर्व'** પદથી પંથ, જાતિ આદિ સંકુચિત સીમાઓથી પર એવા સમગ્ર સાધકોને નમસ્કાર કરેલ છે.

આ પૂર્વભૂમિકાનો અર્થ ધ્યાનમાં રાખી બાકીનાં પદોના અર્થની સંગતિ કરવાની છે.

नमो उवज्झायाणं એ પદ જ્ઞાનદાતા ઉપાધ્યાયને નમસ્કાર સૂચવે છે. પણ તે ઉપાધ્યાય અત્રે મુખ્યપણે આધ્યાત્મિક સાધનોમાં ઉપયોગી હોય છે એવા જ્ઞાનના ધારક અને દાતા જ વિવક્ષિત છે. એ જ રીતે **नमो आयरियाणं** એ પદથી જે આચાર્યોને નમસ્કાર કરેલ છે, તે આચાર્યો મુખ્યપણે આધ્યાત્મિક સાધનોને અનુકૂળ હોય એવા જ વિશુદ્ધ આચારમાં પ્રવર્તમાન હોય અને ઈતર અધિકારીઓને એવા આચારમાં માર્ગદર્શક થઈ શકે તેવા હોય તે જ વિવક્ષિત છે.

આ જ ક્રમને અનુસરીને **नमो अरिहंताणं** એ પદનો અર્થ સમજવાનો છે. જેઓએ આધ્યાત્મિક સાધનાની છેલ્લી ભૂમિકા પ્રાપ્ત કરી હોય અને છતાં દેહધારી હોય, એવા જીવનમુક્ત વીતરાગ જ અહીં વિવક્ષિત છે. યોગશાસ્ત્રમાં અને સાંખ્ય પરંપરામાં (સાંખ્યકારિકા–૬૪) જેમને કેવલી યા કૈવલ્ય પ્રાપ્ત રૂપે વર્ણવ્યા છે, અને યોગપરંપરામાં જેમને **सप्तधा प्रान्तभूमिः प्रज्ञा (योगसूत्र, पाद २ सूत्र २७)** પ્રાપ્ત થયેલી છે, તે અહીં અર્હત્ તરીકે અને કેવળી તરીકે નિર્દિષ્ટ છે.

ક્ષય કરવા લાયક બધા જ ક્લેશો જેમના ક્ષીણ થયા હોય, જાણવા લાયક બધું જ જેમણે જાણ્યું હોય, પ્રાપ્ત કરવા લાયક બધું જ જેઓએ પ્રાપ્ત કર્યું હોય અને કરવા લાયક બધું જ જેમણે કરી લીધેલું હોઈ હવે કશું નવું કરવાનું બાકી રહેતું ન હોય, એવી સ્થિતિવાળા જ **सप्तधा प्रान्तभूमि** ના અર્થમાં આવે છે; અને જૈન પરંપરામાં એ જ અર્થ **अर्हत्** પદથી વિવક્ષિત છે. આવો જીવનમુક્ત ઔપનિષદ પરંપરામાં અને બૌદ્ધ પરંપરામાં તેમ જ ઈતર પરંપરાઓમાં એક સરખી રીતે નમસ્કરણીય મનાયેલ છે.

नमो सिद्धाणं પદ એ વિદેહમુક્ત વિશુદ્ધ જીવાત્મા, અથવા કહો કે, પરમાત્માનું બોધક છે.

આ રીતે આપણે જોઈ શકીએ છીએ કે પરમેષ્ઠિમંત્રમાં માત્ર આધ્યાત્મિક ઉત્ક્રાંતિના પ્રારંભથી માંડી તેની અંતિમ ભૂમિકા સુધીના અધિકારીઓને જ આવરી લઈ તે દ્વારા આધ્યાત્મિક વિશુદ્ધિની જ ઉપાસના–વંદના કરવામાં આવી છે અને અત્યારલગીના માનવ-જાતિના આધ્યાત્મિક ચિંતન-સાધનાને લગતા ઈતિહાસમાં એવી કોઈ પરંપરા નથી કે જે એક યા બીજા રૂપે આવા ઉત્ક્રાંતિક્રમને ન સ્વીકારતી હોય કે આચારણીય ન માનતી હોય. આ જ દૃષ્ટિથી વિચાર કરવામાં આવે તો નિઃશંક રીતે **नमुक्कारमहामन्त्र** ને સર્વગ્રાહ્ય રૂપે સમજાવી શકાય.

नमुक्कार મંત્રના મહિમાને સૂચવવા માટે એના છેલ્લાં પદોમાં સર્વમાંગલિકમાં પ્રથમ યા મુખ્ય મંગળ તરીકે એને વર્ણવ્યો છે.

* * *

સૌ જાણે છે કે બૌદ્ધ પરંપરામાં બુદ્ધ, ધર્મ અને સંઘ એ ત્રિશરણનો સ્વીકાર છે. જૈન પરંપરામાં એ ત્રિશરણના સ્થાનમાં ચતુઃશરણ પ્રસિદ્ધ છે. અર્હત્, સિદ્ધ, સાધુ અને વીતરાગપ્રણીત ધર્મ. ખરી રીતે બુદ્ધના સ્થાનમાં જૈન પરંપરાએ જીવનમુક્ત અને વિદેહ-મુક્ત એ બન્નેને માત્ર જુદા વર્ણવ્યા છે, એટલું જ.

લૌકિક કે લોકોત્તર કોઈ પણ પરંપરા હોય, તો તેમાં તે તે વિષયના પૂર્ણ નિષ્ણાત અર્થાત જ્ઞાની, તેણે દર્શાવેલો કર્તવ્યપંથ - ધર્મ અને તે માર્ગને અનુસરતો વર્ગ એટલે સંઘ: આ ત્રણ અંશો સંવાદીપણે હોવાના જ; તો જ તે તે પરંપરા ચાલી અને વિકસી શકે.

પ્રસ્તુત મહામંત્રમાં તો આધ્યાત્મિક સાધનાનો વિશુદ્ધ માર્ગ અભિપ્રેત હોવાથી તેમાં અર્હત્, સિદ્ધ, સાધુ અને કેવળી - પ્રરૂપિત ધર્મ-એ ચારને ઉત્તમ મંગળ માનીને એનું શરણ સ્વીકારવાનું કહ્યું છે.

चत्तारि मंगलं

अरिहंता मंगलं। सिद्धा मंगलं।
साहू मंगलं। केवलिपन्नत्तो धम्मो मंगलं।

चत्तारि लोगुत्तमा

अरिहंता लोगुत्तमा। सिद्धा लोगुत्तमा।
साहू लोगुत्तमा। केवलिपन्नत्तो धम्मो लोगुत्तमो।

चत्तारि सरणं

अरिहंते सरणं पवज्जामि। सिद्धे सरणं पवज्जामि।
साहू सरणं पवज्जामि। केवलिपन्नतं धम्मं सरणं पवज्जामि।

વિવેચક: પંડિત સુખલાલજી

શ્રી વિમલાબહેન ઠકારનું પ્રવચન

(શ્રી વિમલાબહેન ઠકાર પ્રબુદ્ધ જીવનના વાંચકોને સુપરિચિત છે. તેઓ યુરોપમાં દશ માસ રહીને ગયા ઑગસ્ટ માસની બીજી તારીખે મુંબઈ ખાતે પાછાં ફર્યાં. તેમના આ પ્રત્યાગમનના અનુ-સંધાનમાં એ જ માસની સાતમી તારીખે સાંજે ન્યુ મરીન લાઈન્સ રસ્તા ઉપર આવેલા સંઘના એક કાર્યવાહક શ્રી દીપચંદ લક્ષ્મીચંદ સંઘવીના નિવાસસ્થાને–'મનોહર'માં–શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સભ્યો સાથે શ્રી વિમલાબહેનનો વાર્તાલાપ ગોઠવવામાં આવ્યો હતો. પ્રારંભમાં સંઘના ઉપપ્રમુખ શ્રી પરમાનંદભાઈએ શ્રી વિમલા-બહેનને આવકાર આપતાં જણાવ્યું કે, 'શ્રી વિમલાબહેન દશ મહિ-નાના ગાળે આપણી વચ્ચે આવે છે તો તેમની પાસેથી આપણે ઘણી વાતો સાંભળવાની અપેક્ષા ધરાવીએ છીએ. તેઓ એક સજાગ અને સતત ક્રિયાશીલ વ્યકિત છે અને યુરોપમાં રહ્યા છતાં ભારત વિષે–અહિંની રાજકારણી પરિસ્થિતિ વિષે–તેઓ પૂરા જાણકાર રહ્યા છે તો આજની દુનિયાની પરિસ્થિતિના સંદર્ભમાં ભારતની મુખ્યત્વે કરીને રાજકારણી પરિસ્થિતિ કેવી છે તે અંગેના તેમના અંગત આઘાત-પ્રત્યાઘાતો આપણે સાંભળવા આતુર છીએ. આ ઉપરાંત તેમણે ત્યાં રહીને દશ મહિનાના ગાળામાં કઈ કઈ પ્રવૃત્તિઓ કરી તેનો પણ આપણને તેઓ કાંઈક ખ્યાલ આપે અને જે વિશિષ્ટ વિચારસરણી તેઓ યુરોપના લોકો સમક્ષ રજુ કરી રહ્યા હતા તેની પણ આપણને તેઓ કાંઈક ઝાંખી કરાવે એવી આપણી અપેક્ષા છે.

"આ આપણી અપેક્ષાઓ ધ્યાનમાં લઈને, અહિં આપણી પાસે જે સમય છે તે ગાળામાં, વિમળાબહેન પોતાના વિચારો રજુ કરે એવી તેમને મારી વિનંતિ છે. વિમલાબહેનને જોતાં - આટલા લાંબા ગાળે મળતાં - આપણ સર્વને થયેલો આનંદ હું અહિં વ્યકત કરું છું અને તેમને આપણા એક સ્વજન તરીકે હું અહિં ઊંડા ભાવપૂર્વક આવકારું છું."

આ પૂરોવચન બાદ શ્રી વિમલાબહેને દોઢ કલાક સુધી અનેક વિષયોને સ્પર્શતું ધારાબદ્ધ જે પ્રવચન કર્યું તે અહિં નીચે શબ્દશ: રજુ કરતાં હું ઊંડી પ્રસન્નતા અનુભવું છું. આ પ્રવચનમાં એવા કેટલાક વિચારો છે, એવી કેટલીક વાતો છે કે જે આપણામાંના ઘણાને કદાચ સ્વીકાર્ય ન હોય. એમ છતાં આ ઉદ્‌ગારો સત્યનિષ્ટ સંવેદન-શીલ એવી એક વિશિષ્ટ વ્યકિતના છે એમ સમજીને તેને ગ્રહણ કરવા અને તે સાથે પોતપોતાના અંગત ખ્યાલોની ચકાસણી કરવા અને એ રીતે સારાસાર તારવવા વિનંતિ છે. પરમાનંદ)

શ્રી વિમલાબહેન ઠકારનું પ્રવચન

સંઘના સભ્યો સાથે જ્યારે મળવાનો પ્રસંગ આવે છે ત્યારે લાગે છે કે, આ એક એવું સ્થાન છે કે જ્યાં વિશ્વબંધુભાવથી, નિ:સંકોચવૃત્તિથી, વસ્તુસ્થિતિનું જે મને દર્શન થાય છે તેને શબ્દબદ્ધ કરી સૌની સામે મૂકું.

સ્નેહપરિવારમાં ભાષાના માધ્યમથી જે સંવાદ થાય છે તેમાં કોઈ વિષયના પ્રતિપાદનનો હેતુ નથી હોતો. આપનું અને મારું અહીં જે મિલન છે અને જે કાંઈ હું અહીં કહેવાની છું, તેને હું જેટલી ઉન્મુકતતાથી કહેવાનો પ્રયત્ન કરીશ તેટલી જ ઉન્મુકતતાથી આપ સૌ સાંભળશો એવી મને આશા છે.

બીજી તારીખે વિમાન દ્વારા હું ભારત પાછી આવી રહી હતી ત્યારે વિમાનમાં સાથેની ખુરસી પર એક ભાઈ બેઠા હતા. અમેરિકા-ના રહેવાસી કદાચ જ્યૂ હશે. પંદર વર્ષથી ફ્રાંસમાં રહે છે અને કોઈ ધંધાર્થે ભારતમાં એમની અવરજવર રહે છે. વાત ચાલી, ચર્ચા થતી રહી અને ચર્ચા દરમિયાન એમણે મને એક પુસ્તક આપ્યું. બેઠાં બેઠાં હું વાંચતી હતી, પુસ્તક હતું "જર્મની બીફૉર ધી સેકન્ડ વર્લ્ડ વૉર'. બીજા વિશ્વયુદ્ધ પહેલાં જર્મનીમાં જે યુદ્ધપરિસ્થિતિ હતી અને તેમાંય ખાસ કરીને જ્યૂ લોકોનો જે સંહાર થયો તે શા માટે થયો, કેવી રીતે થયો તેનું વિવેચન ઐતિહાસિક પ્રસંગોને આધારે એક ડૉકટરે એ પુસ્તકમાં કર્યું છે. જે રસ્તેથી એ લોકો વર્ષોથી જતા હતા તે ગેસ ચૅમ્બર અને તેમાં લાખો લોકોનું ચાલીને જવું એ તો આખરી પગલું હતું. પહેલું પગલું એ હતું કે જે જ્યૂ હોય તેને સરકારી નોકરીઓમાં ન લેવા જોઈએ. આ પગલું ભર્યું ત્યારે જે જ્યૂ જર્મનીમાં હતા તેમણે પ્રતિકાર ન કર્યો. થોડો સમય થોભીને બીજું પગલું ભર્યું–ઘરમાં જ કેદ રાખો. તો જાણે કતલની રાહ જોતાં હોય તેમ ઘરમાં જ બેસી રહ્યાં. કયારે કોઈ આવીને દરવાજો ખખડાવશે અને લઈ જશે. ત્રીજું પગલું હતું કેદ કરવાનું અને ચોથું પગલું હતું કતલ કરવાનું. પરંતુ જ્યૂ લોકો જો જડતાથી ઘેરા-યેલા ન રહેત, સક્રિય હોત, સભાન હોત અને પહેલા પગલા વખતે જ પ્રતિકાર કરત તો કતલનું પગલું નાત્સી લોકો કાદાપિ નહીં ભરત. એણે કહ્યું કે "સંહારની જેટલી જવાબદારી નાત્સીની છે તેનાથી જરાયે ઓછી જવાબદારી અમારી જ્યૂ લોકોની નથી એમ એ જ્યૂ પુસ્તક લખે છે.' ખૂબ હૃદયદ્રાવક પુસ્તક છે.

ભારતની પરિસ્થિતિ દૂરથી જોઉં છું, નજીકથી જોઉં છું ત્યારે લાગે છે કે આ દેશની જનતા જડતા અને તંદ્રાથી ઘેરાયેલી છે. સમસ્યા પર સમસ્યા આવતી જાય છે. રાજનૈતિક પક્ષ પર, નેતાઓ પર, સરકાર પર, જવાબદારી નાખીને અહીં જે રાજનૈતિક પક્ષોથી નિરપેક્ષ એવા માણસો છે તે શાંતિથી બેસી રહ્યા છે, નિષ્ક્રિય બેસી રહ્યા છે. આ રીતે વિચારતાં આ દેશનું ભાવિ કાંઈ બહુ ઉજ્જવળ લાગતું નથી. કઈ કઈ સમસ્યાઓ ભારત-ની સામે છે તે મારા કરતાં આપ બહુ સારી રીતે જાણો છો. સમસ્યાઓ એટલી સ્પષ્ટ છે કે એના વિવેચનમાં કે વિશ્લેષણમાં જવાની જરૂર નથી. પરંતુ મારી સામે સવાલ એ છે કે, ભારતનો સામાન્ય નાગરિક કયારે જાગશે? અને એને જે અન્યાય લાગે છે તેની સામે લોકશાહી પદ્ધતિથી પ્રતિકાર કરવાનું કયારે શિખશે? પ્રતિ-કારનું પણ વિજ્ઞાન છે. પ્રતિકારની પણ કળા છે. અને લોકશાહીના સંદર્ભમાં પણ સામૂહિક પ્રતિકાર કેવી રીતે થઈ શકે એ કયારે વિચારશે?

આજે ભારતમાં જે પ્રતિકાર થાય છે,–પછી દુકાળ સામે હોય, રૂપિયાના અવમૂલ્યન સામે હોય, અથવા બીજી કોઈ બાબત સામે હોય – પરંતુ તેમાં લોકશાહીની સુગંધ કયાંય નથી આવતી. પ્રતિ-કારાત્મક જે પગલાં ભરે છે, પછી તે પાર્લામેન્ટમાં ઉઠાવતા હોય, વિધાન સભામાં ઉઠાવતા હોય, કોરપોરેશનમાં ઉઠાવતા હોય–તે વાંચતાં વાંચતાં શરમથી માથું ઝૂકી જાય છે. શું છે આ દેશમાં કે જેમાં એક બાજુ ૧૭-૧૮ વર્ષ સુધી એક જ પક્ષનું રાજ્ય ચાલે અને આટલી બહુમતીથી ચાલે. જે વિરોધ કરવાવાળા લોક છે–પછી તે લોકસભામાં હોય, વિધાન સભામાં હોય કે, બહાર હોય–પણ તેમાં તેમને પણ લોકશાહી મૂલ્યોની રક્ષા કરવાની ચિન્તા ના હોય એ એક મોટી ગંભીર સમસ્યા છે.

આપે કહ્યું કે, વિશ્વની પરિસ્થિતિના સંદર્ભમાં ભારતનું આપને શું દર્શન થાય છે? બધા પેપર પણ વાંચે છે. રેડિઓ પણ સાંભળે છે. નવી ખબરો તો હું શું આપીશ? પરંતુ એ ચોક્કસ છે કે ૧૯૬૪માં ભારતની જેટલી થોડી ઘણી આબરૂ યુરોપના દેશોમાં હતી, અમે-રિકામાં હતી તે ફકત ક્ષીણ જ થઈ રહી નથી, પણ નષ્ટપ્રાય થઈ ગઈ છે. હવે કોઈ સીડી ઉતરવાની રહી નથી. જે સરકારી કર્મચારીઓ અને પ્રધાનો પરદેશ જાય છે તે શું ખબર લાવે છે તેની મને ખબર નથી. પણ હું તો જનતાની સાથે મળું છું, જવાનોની સાથે મારો સંબંધ છે. તો ત્યાં હું જોઉં છું કે ત્યાં કોઈ પણ પ્રકારનો આદરભાવ ભારતવાસીઓ માટે રહ્યો નથી. કારણમાં જવાની જરૂર નથી.

આફ્રિકાના દેશો નિરાશ છે, હતાશ છે. કારણકે અહિંસાત્મક પ્રતિકાર માટે કોઈ જ માર્ગદર્શન હવે ભારત પાસેથી મળી શકતું નથી. આફ્રિકાના દેશોની સમશ્યાઓના નિરાકરણ માટે કોઈ દિશાદર્શન કે માર્ગદર્શન અહીંથી નથી મળવાનું એ એ લોકો હવે સમજી ગયા છે. આથી એમનો ગમે તે પ્રશ્ન હોય - પછી સાઉથ આફ્રિકાનો હોય કે રોડેશિયાના આફ્રિકન લોકોનો હોય, ઝામ્બીયા છે કે તાન્જાનિયા કે કેનિયાના લોકોનો હોય—એ લોકો યુરોપના લોકો સામે કેવી રીતે ટક્કર ઝીલી શકે અને તે પણ વર્ણદ્વેષ વગર—એ તેમને સૂઝતું નથી. મને ખબર નથી કે આફ્રિકાની આજની જે પરિસ્થિતિ છે તેના વિષેની કેટલી માહિતી આપણે અહીં ભારતમાં ધરાવીએ છીએ! પરંતુ ત્યાં કાળા વિરુદ્ધ ગોરા—કાળી પ્રજા પ્રત્યે પૂર્વગ્રહ અને ધિક્કાર છે. એક સદી કે એક સદીથી વધુ યુરોપના લોકોએ કાળા લોકોનું અપમાન કર્યું છે; તેમની ઉપર જુલમ કર્યા છે કે અન્યાય કર્યા છે; તેની પ્રતિક્રિયા ખૂબ જોશથી આફ્રિકાની ભૂમિમાં ઉઠી છે અને આ પરિસ્થિતિનો દોર જોમે કેન્યાટા કે જુલિયસ નેજ કે આપણા ફ્રીંદા જેવા નમ્રમતવાદીઓના હાથમાં હતો તે હવે તેમના હાથમાંથી સરકતો જાય છે. એવી જ રીતે અમેરિકામાં નીગ્રો લોકોનું આંદોલન માર્ટીન લ્યુથરના હાથમાંથી પૂરેપૂરું સરકી રહ્યું છે. 'સ્ટુડન્ટ નોનવાયોલેન્ટ ડાયરેક્ટ એક્શન કમીટી' ના જેટલા નવયુવાનો હતા તે ડૉ. માર્ટીન લ્યુથર કીંગ નમ્રમતવાદી (મોડરેટ) છે, અને તેનાથી કાંઈ કામ થવાનું નથી એમ કહીને ઉદ્દામવાદી (એક્સ્ટ્રીમીસ્ટ) થઈ ગયા છે. ડૉ. કીંગની આબરૂ બીજા દેશોમાં ભલે હોય, પરંતુ એ આંદોલનમાં જે જુવાનો છે તેઓ કહે છે કે, "અમારે કાળા લોકોની સત્તા (બ્લેક પાવર) અમેરિકામાં જોઈએ છે. હવે અમારી માત્ર એવી માગણી નથી કે જાતીય અલગતા ન રહે, પણ અમારે તો (બ્લેક પાવર) કાળા લોકોની સત્તા જોઈએ છે. આના માટે અમેરિકાના ગોરા લોકોને મારવા પડે, તેમની કતલ કરવી પડે, હિંસા કરવી પડે, લૂંટફાટ કરવી પડે તો વાંધો નહીં. આ માર્ટીન લ્યુથર કીંગનો રસ્તો લાંબો છે. અમારી પાસે એટલી બધી ધીરજ નથી." તેઓ દાખલો આપે છે કે, ભારતમાં ગોવાનું કેમ થયું? ત્યાં શું કર્યું? તો પછી ગાંધીજીનું નામ લ્યુથર કીંગ કેમ સૂચવે છે? ભારત આજે શું કરી રહ્યું છે? નાગાલેન્ડમાં ભારત સરકાર શું કરી રહી છે? તો પછી અમને કેમ કહો છો કે અહિંસાનું આંદોલન ચલાવો?

સંસ્કારી કક્ષાએ શું થાય છે એ તો આપ સર્વે જાણો છો. પરંતુ જનતા શું વિચારે છે શું કહે છે? ભારત હવે ગાંધીની ભૂમિ રહી નથી. લંડનમાં ફ્રેન્ડઝ હાઉસમાં ૩૦ મી જાન્યુઆરીએ – ગાંધીજીના સ્મૃતિ દિવસે - મારું ભાષણ હતું. મેં કહ્યું હતું કે ગાંધી તો આવતી કાલના માનવ છે. હજી તો એ જન્મ્યા પણ નથી. લોકોએ પૂછ્યું કે ગાંધી અને વિનોબાને સમજવાવાળા હિંદુસ્તાનમાં કેટલા છે? મેં કહ્યું જીસસને સમજવાવાળા જેટલા પશ્ચિમમાં છે એટલા લોકો ભારતમાં ગાંધીને સમજવાવાળા છે. જવાબ દેવા ખાતર તો દઈ દઈએ, પરન્તુ જે એક વિચારધારા ગાંધીજીને કારણે હતી, તે વિચારધારા આજની નવી જીવન-પદ્ધતિને કારણે સમાપ્ત થઈ ગઈ છે.

રશિયામાં રાજનૈતિક દૃષ્ટિએ જવાહરલાલજી અને શાસ્ત્રીજીના વખતમાં ભારતનું જે સ્થાન હતું તે સ્થાન પણ ભારતે હવે ગુમાવ્યું છે. તેઓ ઉલટું એમ વિચારે છે કે પાકિસ્તાનને ખુશ રાખીશું તો દક્ષિણપૂર્વ એશિયામાં આપણે રહી શકીશું. ત્યાં વિયેટનામ પણ છે, કંબોડિયા છે. આ બધા દેશોને ખુશ રાખીએ. હિંદુસ્તાનની કાંઈ બહુ પરવા કરવાની જરૂર નથી. આ ખ્યાલ ત્યાં ઘર કરી ગયો છે. આપ ત્યાંનાં છાપાં વાંચો. ભલે ન્યુયૉર્ક ટાઈમ્સ વાંચો કે ન્યુ યૉર્કનું ટ્રીબ્યુનલ વાંચો કે પછી ગ્રેટબ્રિટનનું મેન્ચેસ્ટર ગાર્ડીયન ,ઑબઝર્વર કે લંડન ટાઈમ્સ વાંચો – બધામાં એક સૂર સાંભળવા મળશે કે ભારતની કોઈ પરવા કરવાની જરૂર નથી. ભારત સામ્યવાદ તરફ જનાર નથી. કારણકે તે ધાર્મિક દેશ છે. તો પછી એની પરવા શું કરવી? પરવા તો પાકિસ્તાનની કરવાની છે. પરવા તો ઈન્ડોનેશિયાની કરવાની છે. પરવા તો વિયેટ નામની કરવી કે અમે ચીનને હંફાવી શકીએ. ભારતની ચિન્તા કરવાની કાંઈ જરૂર નથી. એટલે ભારતની વ્યૂહાત્મક પરિસ્થિતિનું મૂલ્ય રશિયામાં ઘટી રહ્યું છે. આ આજની હકીકત આપણે ધ્યાનમાં રાખવી જોઈએ.

જે આર્થિક મદદ આપણને લેવી પડે છે તેને તમે ગમે તેટલી બીનશરતી કહો, પરંતુ એ લોકો તો મનમાં સમજે છે કે જેટલી આર્થિક મદદ અમે આપીએ છીએ તેટલી અમારી અવ્યક્ત સત્તા ભારતના જનમાનસ ઉપર વધતી જાય છે, અને અમારી મદદ વગર આ લોકોનું કંઈ નહીં ચાલે, એક પગલું પણ આગળ નહીં વધી શકે. અને જ્યારે ભારતની આંતરિક સમશ્યાઓ પર અહીં ઝગડા ચાલે છે, અહીં વિખવાદ ચાલે છે, દેશની મિલ્કત સળગાવી દેવામાં આવે છે, ત્યારે અહીંનાં છાપાંમાં તો મોડેથી ખબર આવે છે, પરંતુ ત્યાં તરત જ પેપરમાં અને ટેલીવીઝન ઉપર આ વાતો પહોંચી જાય છે. તેમને લાગે છે કે આપણે આપણી રાષ્ટ્રીય સમશ્યા પર વિચાર નથી કરતા અને નાની નાની વાતો લઈ ઝગડીએ છીએ અને એમ વિચારીને તેઓ આપણને મૂર્ખ ગણે છે, રાજ્ય કરવા માટે નાલાયક કહે છે. તેઓ બોલે છે કે "જોયું ને, અમે કહેતા હતા કે ભારતીઓ હજી રાજ્ય ચલાવવા માટે લાયક નથી થયા, અમે લોકોએ જલ્દી ભારત ન છોડ્યું હોત તો આવી પરિસ્થિતિ ના થાત." આ ગમે તેમ હો, પણ મને લાગે છે કે આ દુનિયામાં જે બદલાતી જતી સમતુલાઓ છે, સત્તાનું દબાણ છે અને એમાં ભારતનું જે સ્થાન હતું તે સ્થાન ઉતરતું જાય છે, ઉતરતું ગયું છે. આનું ભાન થવાની સામાન્ય નાગરિકને પણ જરૂર છે. હું ઈચ્છું છું કે થોડી નમ્રતાથી તે પોતાની આંતરિક સમશ્યાને જુએ અને તેને સમજવાની કોશિષ કરે.

યુરોપથી આવી ને સવારમાં વિમાનમાંથી ઉતરી, અને સાંજે ગાડી પકડી. જે ગાડીમાં હું હતી, જે ડબ્બામાં હતી તે ડબ્બામાં શિખ નેતા સંત ફતેહસિંહ હતા. મુંબઈથી શરૂ કરીને રાત આખી "પંજાબી સુબા ઝીંદાબાદ", "સુબા વિરોધી મુર્દાબાદ" ના નારા ગાજતા હતા. દરેક સ્ટેશન પર ભાષણો થતાં હતાં; સ્વાગત થતાં હતાં. એમનો ડબ્બો તો મારા કુપેની પાસે જ હતો. બારી ખુલ્લી હતી. આથી દરેક સ્ટેશન પર આવતા જતા લોકોના ચહેરા હું જોઈ શકતી હતી. સ્વરોમાં એટલી બધી ઉત્તેજના, આંખોમાં ઉત્તેજના, એટલો ઘૃણાભાવ અને એટલો દ્વેષ હતો કે જો નારા એ તલવારો હોત તો તલવારથી કાપીને જ ચાલી જાત. આ તો પહેલું દર્શન હતું. દસ મહિના પછી હું અહીં શું જોઉં છું? દરેક વસ્તુને મેળવવા માટે લોકમાનસને ભડકાવો, તેમનામાં ઉત્તેજના ભરી દો, દ્વેષિત કરી દો, ઘૃણા ભરી દો અને પછી આપ તેમને ચાલક શકિત બનાવીને લડો. ભુસાવળ પછી લોકો ડબ્બામાં આવ્યા. તો મહાવિદર્ભની વાત કરતા હતા. કહેતા હતા કે, "મહારાષ્ટ્રની સાથે કદી વિદર્ભને રાખવું જોઈએ નહીં, બહુ નુકસાન થઈ રહ્યું છે. અમે વિદર્ભ લઈને જ રહીશું. અમને મદદ કરશે વિદર્ભ ચંડિકા." એવી વાતો થતી હતી અને જાણે હું કોઈ બીજી જ દુનિયામાં આવી પડી હોઉં એમ મને લાગતું હતું. આ ક્યાંની વિદર્ભ ચંડિકા? અને આ મહાવિદર્ભ અલગ કેમ? સાચું કહું છું કે જનમાનસ ઝેરથી દૂષિત થઈ ગયું છે. વિદર્ભ થવું જોઈએ કે ન જોઈએ એ હું નથી કહેવા માગતી. સૌરાષ્ટ્રવાસીઓ ગુજરાતથી જુદા થાય કે ન થાય એ તો હું ગૌણ સમજું છું. પરંતુ પ્રશ્નો ઉકેલવાની જે પદ્ધતિ છે, જે વણલ છે તે ઝેરથી દૂષિત છે. આનો પ્રતિકાર કોણ કરશે? આ એક મારી સામે સવાલ છે.

મહારાષ્ટ્ર - માઈસોર - સીમાનો પ્રશ્ન લો. આજે પેપરમાં વાંચ્યું કે મહારાષ્ટ્રના મુખ્ય મંત્રી માઈસોર જઈ રહ્યા છે. ત્યાં પોલીસની કૉર્ડન હતી. સત્યાગ્રહી લોકો ત્યાં ગયા અને કૉર્ડન તોડવાનો પ્રયત્ન કર્યો. તોડી શકયા નહીં તો એક કાઉન્સીલર પોલીસના ઉપર થૂંકયો. આ

તે કેવી વાત થઈ? તે રાજકીય પક્ષનો સભ્ય છે, અને તે મ્યુનિસિપાલિટીનો પણ સભ્ય છે. આંખ ખોલતાં શરમ આવે છે, કાનથી સાંભળતાં શરમ આવે છે, છાપુ વાંચતાં શરમ આવે છે. આનો ઉપાય? આનો ઉપાય છે. એ ઉપાય રાજનૈતિક પક્ષોના હાથમાં નથી કે સરકારના હાથમાં પણ નથી. આનો ઉપાય મારી સમજ પ્રમાણે તમારા અને મારા હાથમાં છે. આજે જનતાના માનસને અને એના દૃષ્ટિકોણને ઝેરથી દૂષિત કરવામાં આવ્યું છે, અને દૂષિત કરાઈ રહ્યું છે. એનો પ્રતિકાર વ્યકિત જ કરી શકે. કોઈ સંસ્થા કે સંગઠ્ઠન ના કરી શકે. જો વ્યકિત ઊભી થાય અને કહે કે મારા મનને દૂષિત નહીં બનવા દઉં, આ ઝેરથી દૂષિત દૃષ્ટિકોણ મારા કુટુંબમાં જ માત્ર નહીં પરંતુ વાતાવરણમાં પણ નહીં ફરકવા દઉં, આવા ઝેરીલા મનને લઈને જે લોકો કામ કરે છે તેમને કોઈ પ્રકારનો સાથ ન આપું, તેમને સહયોગ ના આપું–આમ જો વ્યકિત સ્થળે સ્થળે–ખૂણે ખૂણે ઊભી થઈ જાય, અને એ તોફાની લોકોનાં આવાં આંદોલનોની ઉપેક્ષા કરે તો પછી એ લોકો સમજી જશે કે "હા, ભાઈ! જનતા જાગી ઉઠી છે! આપણી વિધ્વંસક વાતો નહીં ચાલે." આજે તો એમને વિશ્વાસ છે કે કોઈપણ પ્રકારની ઉત્તેજના ભરી દઈશું તો જનતા આપણી સાથે થઈ જશે.

એ હું જાણું છું કે જીવન આર્થિક સમશ્યાઓને કારણે એટલું સંકટમય છે, એટલું ખેદજનક, એટલું કષ્ટમય છે કે કોઈ નાગરિક આવી બાબતો ઉપર વિચારવા તૈયાર નથી. એ કહે છે કે મોંઘવારી વધી રહી છે, અમારી ઉપર ટેકસનો બોજો વધી રહ્યો છે, તો અમે શું કરીએ? સરકારને કહો, નહીં તો રાજનૈતિક નેતાઓને કહો. મને ન તો સરકારમાં વિશ્વાસ છે, ન તો રાજનૈતિક પક્ષોમાં. જો થોડોઘણો વિશ્વાસ હોય તો જનતામાં છે. એટલા માટે એમની સાથે હું વાત કરું છું. જો આપણે આપણા મનને તૈયાર કરીએ, જો આપણે ઊભા થઈ જઈએ, તો હજી મોડું નથી થયું. હવે એક બીજી વાત આપને કહું. મને ખબર છે કે એ આપને પ્રિય તો નહીં લાગે. પરંતુ અપ્રિય લાગવા છતાં પણ તમારી સમક્ષ મૂકવાની મારી ઈચ્છા છે.

"હિંદુસ્તાન અને પાકિસ્તાનની વચમાં જે મનદુ:ખ છે, જે તંગદિલી છે તેના માટે હિન્દુસ્તાન જ દોષિત છે. કાશ્મીરની સમશ્યા માટે પાકિસ્તાન ગુનેગાર નથી."–આવી ૫૦ ટકા નહીં પણ ૯૯ ટકા યુરોપિયન રાષ્ટ્રોની અને અમેરિકાની માન્યતા છે. આ કોઈ ગુપ્ત વાત નથી. એ લોકો માને છે કે તાશ્કંદ કરાર પછી ભારતની સરકાર કાંઈક પગલાં આગળ ભરશે અને કાશ્મીરના સંબંધમાં કાંઈક થશે–આ એક આશા હતી. આશા પૂરી ન થઈ. એટલે હવે કેવા પ્રકારનું દબાણ, કેવા પ્રકારની તંગદિલી, ભારતની સરકાર પર લાવવી તેની ત્યાં તૈયારીઓ ચાલે છે. એમાં જવાની જરૂર નથી કે કયો દેશ કેવા પ્રકારનું દબાણ લાવવા માગે છે! પરંતુ આની તૈયારી પશ્ચિમ યુરોપ અને અમેરિકામાં થઈ રહી છે. દસ મહિના પહેલાં હું ભારતમાં હતી ત્યારે મેં મિત્રો સાથેના વાર્તાલાપમાં કહ્યું હતું અને આજે પણ કહેવા માગું છું કે "જેટલા જલદી શેખ અબદુલ્લા અને મૌલાના મસુદીને છોડીને, દિલ્હી બોલાવીને એમની સાથે ભારત સરકાર વાતો કરશે તેટલું વિશ્વની પરિસ્થિતિની દૃષ્ટિએ ભારત નું ભલું થવાનું છે. આજે બધી પૂરી તૈયારીઓ ત્યાં થઈ રહી છે. એ બધી તૈયારીઓના ભાવારને આપણે ચલિત કરી દઈશું. વ્યૂહાત્મક દૃષ્ટિએ એ બીલકુલ જરૂરી છે કે આપણે આ બન્ને નેતાઓને છૂટા કરી, દિલ્હી બોલાવી એમની સાથે વાતો કરીએ."

કાશ્મીરનો સવાલ અંગત સવાલ છે. કાશ્મીરના નેતા અને આપણે જોઈ લઈશું કે બહારના કોઈપણ દેશની આમાં દખલગીરી ના રહે, વાતો કરીને પણ કોઈ પ્રકારની દખલગીરી કરવાનો અધિકાર નથી એ ત્યારે સાબિત થશે કે જ્યારે કાશ્મીરી નેતાઓને છૂટા કરી તેની સાથે વાતચીત થશે. જ્યાં સુધી એમને કેદમાં રાખ્યા છે–પછી આપ ભલે આવતા વર્ષમાં ત્યાં ચૂંટણી પણ કરી લો, પણ–ત્યાં સુધી તમે દુનિયાના અંત:કરણને તમારી સત્યતા વિશે અને તમારા કેસના ન્યાયીપણા વિશે ખાત્રી નહિ કરાવી શકો. આ એક વસ્તુલક્ષી સત્ય જે મને દેખાય છે તે આપની સામે મેં મૂકયું છે. એમાં જવાની જરૂર નથી કે બે વખત એમને છોડયા અને એમણે શું કર્યું? શું કામ એમને પાછા પકડવા પડયા? ઈતિહાસ અને દુનિયા એ જાણે છે અને એનાથી વધુ તો કહેવું પણ નથી. પાકિસ્તાન અને એના સાથીઓ પડદા પાછળ જે ચાલ ચાલી રહ્યા છે અને જે પ્રકારના વિચારો એ લોકો કરી રહ્યા છે એની જો તાકાત છીનવી લેવી હોય તો આ પગલું મને અતિ આવશ્યક લાગે છે. હું જયપ્રકાશ નારાયણની બહુ પ્રશંસા કરું છું કે ધીરજ અને સાહસથી આ વાતો સારી રીતે કહેતા આવ્યા છે.

શું વાતો થશે, શું કહેશે અને મૌલાના મસુદી પણ શું કહેશે, કયા કયા પર્યાય છે તે બધા વિશે આજે ને આજે પૂરેપૂરું ધારી લેવું ઠીક નથી. પરંતુ વાટાઘાટો થવી જ જોઈએ. જો આ નહીં થાય તો કટોકટી ઉભી થશે. આપણે સમજી લઈએ કે કાશ્મીરની સમશ્યા વિશે દુનિયાને આપણે ખાત્રી નથી કરાવી શકયા, એ હકીકત છે. એક પણ દેશ એવો નથી–પછી તે બેલ્જીયમ હોય, નેધરલેન્ડ હોય કે નોર્વે હોય–હું જ્યાં જ્યાં ગઈ ત્યાં ત્યાં એકે દેશ એવો નથી, કોઈપણ દેશની એવી એક પાર્ટી નથી. એવો એક રાજનૈતિક પુરુષ નથી કે જેને રૂપિયામાં ચાર આના પણ વિશ્વાસ હોય કે કાશ્મીર પ્રત્યે ભારત ન્યાયનું વલણ દાખવી રહ્યું છે. પણ અત્યારે એ લોકોની પોતાની મુશ્કેલીઓ છે. જેમકે રોડેશિયામાં વિલસન મુંઝાયા છે અને તેથી તેઓ આથી વધારે પડતું આપણી ઉપર દબાણ નથી લાવી શકતા. અમેરિકાની સરકાર નીગ્રોના પ્રશ્ન ઉપર કંઈક મૂંઝાય છે. આથી એ લોકો પણ ઝાઝું બોલી શકતા નથી. વીયેટનામનો પ્રશ્ન છે એટલે પણ ચૂપ છે. પૂર્વ જર્મનીના કારણે રશિયા થોડો સંકોચ અનુભવી રહ્યું છે. એટલે અમુક મર્યાદાથી આગળ એ પણ વધી શકતું નથી. આ એમની મુશ્કેલીઓ છે તે આપણા માટે તકો છે. એનાથી આપણું કામ ચાલી રહ્યું છે. એટલે કે ભારતનું કામ ચાલી રહ્યું છે. ખરું પૂછો તો આપણે માટે એ સહાનુભૂતિ નથી. જે દેશને વિશ્વની સત્ અસત્ વિવેકબુદ્ધિનો આધાર ન હોય તે દેશને માટે સર્વ માન્યતા મળવી કે આદરપાત્ર થવું મુશ્કેલ છે

આપૂર્ણ

વિમલાબહેન ઠકાર.

ભારત જૈન મહામંડળનું આગામી અધિવેશન

તા. ૧૪-૧૫ ઑકટોબર ૧૯૬૬ ના રોજ ભારત જૈન મહામંડળનું ૩૯મું અધિવેશન વર્ધા મૂકામે મળી રહ્યું છે. આ અધિવેશનનું ખાસ મહત્ત્વ એ છે કે ભગવાન શ્રી મહાવીરની આગામી ૨૫૦૦ મી નિર્વાણ તિથિનું વર્ષ નજીક આવી રહ્યું છે તે દેશ તેમ જ વિદેશોમાં કઈ રીતે ઉજવવું એ બાબત ચર્ચા-વિચારણા થશે. આ પ્રસંગે દરેક સંપ્રદાયની આગેવાન વ્યકિતઓ હાજરી આપે તે અંગેના પ્રયત્નો ચાલુ છે. ખાસ કરીને મહામંડળના જૂના આગેવાન કાર્યકર અને પ્રાણ સમા શ્રી ચિરંજીલાલ બડજાત્યાની તબિયત વૃદ્ધાવસ્થાને કારણે ઘણી નબળી હોવાથી અને તેઓ બહારગામ નીકળી શકે તેમ ન હોવાથી, તેમને જૈન સમાજના નેતાઓ, કાર્યકર્તાઓ અને સેવકોનાં દર્શનનો લાભ મળે એવી તેમની તીવ્ર ઈચ્છા હોઈને આ અધિવેશન વર્ધામાં યોજવામાં આવેલ હોઈ, આશા છે કે તેમની વિનંતિને માન આપીને લોકો મોટી સંખ્યામાં આ અધિવેશનમાં હાજરી આપે. વિગતો મહામંડળના કાર્યાલય ૧૦૧, કાલબાદેવી, મુંબઈ-૨-એ સ્થળેથી મળી શકશે.

આચાર્ય શ્રી રજનીશજીનાં મુંબઈમાં યોજાયેલાં પ્રવચનો

જાણીતા ચિંતક અને દાર્શનિક આચાર્ય શ્રી રજનીશજી તા. ૧૬મીએ પૂનાથી મુંબઈ આવી રહ્યા છે. તેમનાં મુંબઈમાં પ્રવચનો નીચેની વિગતે યોજવામાં આવેલાં છે.

શનિવાર તા. ૧૭ સવારનાં ૯, સુંદરબાઈ હોલમાં, ભારત જૈન મહામંડળ મુંબઈ શાખાના ઉપક્રમે. રાતના ૯ ગુજરાતી મંડળ હૉલ, શ્રદ્ધાનંદ રોડ, વિલેપાર્લે પૂર્વ, જૈન યુવક મંડળ વિલેપાર્લેનાં ઉપક્રમે.

રવિવાર તા. ૧૮ સવારનાં ૯ બિરલા ક્રિડા કેન્દ્ર, મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે. રાતના ૯ અહિંસા હોલ, ખાર, પંજાબ જૈન ભ્રાતૃસભાનાં ઉપક્રમે.

સોમવાર તા. ૧૯ સવારના ૮-૩૦ માધવબાગ સર્વોદય મંડળ મુંબઈના ઉપક્રમે.

પૂનાનાં સ્મરણો

તા. ૧-૫-૧૯૬૦ના રોજ ગુજરાત તથા મહારાષ્ટ્રના અલગ રાજ્યની સ્થાપના થઈ હતી. તે દરમ્યાન બેઉ રાજ્યો વચ્ચે જે કંઈ અંતરાય ઊભો થયો હોય એ દૂર કરીને બેઉ વચ્ચે સ્નેહ સર્જવાની દૃષ્ટિએ ગુજરાત તરફથી આ વર્ષે એપ્રિલ માસમાં મહારાષ્ટ્રને આમંત્રણ મોકલવામાં આવ્યું હતું. ગુજરાતના પાટનગર અમદાવાદમાં કામ કરતી "૪૨ બિરાદરી" (૧૯૪૨ની ચળવળમાં ભાગ લેનાર મિત્રોનું જૂથ) તથા પૂનાની અગ્રગણ્ય સંસ્થા "આંતરભારતી" ના સંયુક્ત પ્રયાસથી એક કાર્યક્રમ વિચારવામાં આવ્યો હતો. તે મુજબ આ બેઉ રાજ્યોનો સ્થાપના-દિન ઊજવવા તા. ૩૦-૪-'૬૬ના રોજ મહારાષ્ટ્રના વીસેક ભાઈબહેનો અમદાવાદમાં આવ્યાં હતાં. ત્યારે થયેલા ઉત્સાહભર્યા મિલન બાદ ચાલુ વર્ષના ઑગસ્ટ માસની તા. ૭, ૮, ૯ના રોજ મહારાષ્ટ્ર આવવા આંતર-ભારતી તરફથી ગુજરાતને આમંત્રણ મળેલું. પરિણામે અમદાવાદ તથા વડોદરાનાં વિવિધ ક્ષેત્રોમાં કામ કરતાં પાંત્રીસેક ભાઈ બહેનો પૂના ગયાં હતાં. પૂનામાં થયેલા સ્નેહમિલનના કેટલાક અનુભવો નીચે આપું છું:—

સ્ટેશનમાં ગાડી દાખલ થાય ત્યારે સામાન્ય રીતે સ્ટેશનની ઑફિસમાંથી આવનાર ગાડીનું નામ વિગેરે 'માઈક' પર જાહેર થતું હોય છે. અમારી ગાડી પૂના સ્ટેશનમાં દાખલ થતી હતી ત્યારે 'માઈક' પર "ગુજરાતના મહેમાનોનું અમે હાર્દિક સ્વાગત કરીએ છીએ." - એ મતલબના શબ્દો ગાજતા હતા. પરપ્રાંતના અજાણ્યા અતિથિઓ માટે આત્મીયતાની આ હવા અકલ્પિત હતી. એના રણકારમાં ભળી ચંપાની સુવાસ. સ્ટેશને ઉતરતાવેંત અમને સૌને ચંપાના ફૂલોથી સત્કારવામાં આવ્યા. મહારાષ્ટ્રના અમારા યજમાનોની આ સુવાસ અમારાં હૈયામાં ઊંડી કોરાઈ ગઈ.

મારા માટે મરાઠી પ્રજા પૂર્વ-પરિચિત હતી. મુંબઈમાં ઉછરી હોવાથી મને એમની સાથે પરાયાપણું નહોતું લાગતું. પણ પૂનાના અનુભવથી મને તેઓ મારા ચિર-પરિચિત સ્વજનો હોય એમ જ લાગ્યું.

દરેક આગંતુકને અલગ અલગ મરાઠી કુટુમ્બોમાં રહેવાનું હતું. એટલે સ્ટેશને અમને સૌને અમારા યજમાનોની ઓળખાણ કરાવવામાં આવી. મારાં યજમાન બહેન સાથે મને પૂના આવતાં પહેલાં પત્રથી ઓળખાણ થયેલી. એટલે મેં એમને જાતે જ શોધી કાઢયાં. મરાઠી ભાષાના પ્રસિદ્ધ કવયિત્રિ સરિતા પદકી અને તેમના પતિ—પ્રસિદ્ધ લેખક મંગેશ પદકી—મારા યજમાનો હતા. પછી એમની સાથેના ત્રણ દિવસના સહવાસ દરમ્યાન મને જરાયે અન્તર લાગ્યું નહોતું. એમના નાનકડા સાદા ઘરમાં મને જ્ઞાન, સંસ્કારિતા ને સદ્‌ભાવનો ત્રિવેણીસંગમ માણવા મળ્યો હતો.

સ્ટેશન પર શ્રી પદકીના એક મિત્ર શ્રી કેળકરની ઓળખાણ થઈ. તદ્દન સાદું ખમીસ ને પાયજામો પહેરેલા એ ભાઈને જોયા ને પછી એમની શાનદાર ગાડીમાં બેસીને અમે ઘેર પહોંચ્યા, ત્યારે રસ્તામાં એ વિચાર વારંવાર આવ્યો કે આટલી સમૃદ્ધિ ધરાવનારનાં વસ્ત્રો કેટલાં સાદાં છે! મરાઠી પ્રજાની આ સાદાઈ વારંવાર અનુભવવા મળી ત્યારે મનમાં વિચાર આવ્યો કે મહિને રૂા. ૫૦૦ કમાનાર ગુજરાતી મહિને રૂા. ૨૦૦૦ કમાનાર મરાઠી કરતાં વધુ શોખીન રીતે રહેતો હોય છે. આનું કારણ શું? મરાઠી પ્રજામાં બાહ્યાડંબરનો અભાવ કે જીવનના ઊંડાણમાં ઉતરવાની તેની સવિશેષ તીવ્રતા? અલબત્ત, પશ્ચિમની જીવનપદ્ધતિની ત્યાં પણ અસર પહોંચી છે, પણ આપણા જેટલી નહીં. આ પ્રજા એનું સત્ત્વ ને ખમીર વધુ જાળવી શકે છે એવું મને લાગ્યું છે.

પહેલા દિવસની બપોર તો લગભગ ઘરમાં ગોઠવાવામાં, જમવામાં ને આરામમાં જ પૂરી થઈ ગઈ, કારણ કે ઘેર પહોંચતાં જ બે વાગી ગયા હતા. મારા યજમાનની રહેણીકરણી, તેમનાં રસના વિષયો તથા ઉમ્મર પણ મને મળતી હતી. આંતર-ભારતીના કાર્યકરોએ મહેમાન-યજમાન સમાન રસવાળા હોય એ વિષે ખૂબ ધ્યાન રાખેલું. સાહિત્ય, સમાજસેવા, રાજકારણ, કેળવણી, પર્વતારોહણ, નૃત્યકલા, નાટ્યકલા વિગેરે અનેક ક્ષેત્રના ચાહક મહેમાનોને મહદંશે તેવા જ યજમાન મળતાં બે વચ્ચે વાતોનો પ્રવાહ સહજ રીતે વહેવા માંડતો. પ્રશ્ન એક જ થયો કે, સમયની ખેંચને લીધે યજમાનો સાથે ઈચ્છા મુજબ સમય ગાળી ન શકાયો.

પહેલે દિવસે તા. ૩-૮-'૬૬ના રોજ સાંજે 'Intigration' (એકત્વ) પર પરિસંવાદ રાખવામાં આવેલો. એમાં અતિથિઓના સ્વાગત બાદ ગુજરાતના સર્વશ્રી ઝીણાભાઈ દેસાઈ, ઠાકોરભાઈ દેસાઈ, ભોગીલાલ ગાંધી, ડૉ. લીલાબહેન શાહ, બકુલ ત્રિપાઠી, પ્રિ. એસ. વી. દેસાઈ વિગેરે બોલ્યાં હતાં. તેમ જ મહારાષ્ટ્રના વિધાનસભાના સ્પીકર શ્રી ભારદે, દાદા ધર્માધિકારી, એસ. એમ. જોષી, શ્રી ગોરે વિગેરેએ પણ પરિસંવાદમાં ભાગ લીધો હતો. ખ્યાતનામ અર્થશાસ્ત્રી ડૉ. ડી. આર. ગાડગીલ પરિસંવાદના પ્રમુખપદે હતા. પરિસંવાદ જરા લાંબો પણ એકંદરે મજાનો થયો. આ મિલનમાં કર્ણાટકના બે પ્રતિનિધિઓ આવેલા. તેમણે પણ પરિસંવાદમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. મહિસુરના બળતા પ્રશ્ન અંગે તેમણે વ્યક્ત કરેલું દર્દ ખરેખર હૃદયસ્પર્શી હતું. એ જ રીતે પાણીની તંગી સમયે મુંબઈમાં પ્રગટેલી એક ભાવના કે "બીન મહારાષ્ટ્રીઓને ખાલી કરાવો" એ અંગે એક મરાઠી વકતાએ પણ ઊંડો સંતાપ વ્યક્ત કર્યો હતો. ભાવનાત્મક ઐક્ય માટે આવી નિખાલસતા કેટલી જરૂરી છે?

દેશની અનેક ભારે વિટંબણાઓમાં પ્રાન્તિય વિભિન્નતા ઘણી મોટી ચિન્તાનો વિષય છે. આઝાદી આવ્યા બાદ પ્રજા પ્રજા વચ્ચેનું અંતર ઘટવાને બદલે વધવા માંડ્યું છે. આ સ્થિતિમાં બે પ્રાંત એકમેકને વધુ ઓળખવા માંગે, વધુ આત્મીયતા કેળવવા ચાહે - એ અત્યંત જરૂરી છે. આવાં સંમેલનોથી એ દિશામાં જરૂર એક સબળ સામુદાયિક પ્રયત્ન સધાય છે.

પહેલે દિવસે રાત્રે ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરની પુણ્યતિથિ નિમિત્તે રવીન્દ્રસંગીત તથા શ્રી વસંતરાવ દેશપાંડેનું શાસ્ત્રીય સંગીત રાખવામાં આવ્યું હતું. બંગાળી કંઠના હલકપૂર્ણ રવીન્દ્રસંગીતથી ઊંડી તૃપ્તિ અનુભવી. શાસ્ત્રીય સંગીતની જમાવટ ઓછી થતાં એ માણવાની અપેક્ષા અધૂરી રહી.

બીજે દિવસ ઊગ્યો. સવારના ગુજરાતી બંધુ સમાજ (પૂના) તરફથી અમારી સાથે સ્નેહમિલન ગોઠવવામાં આવ્યું હતું. અને ત્યાર બાદ જુદી જુદી સંસ્થાઓ તથા સ્થળોની મુલાકાત હતી. પૂનામાં અને પૂના નજીક ઘણી સંસ્થાઓ જોવા જેવી છે. એટલે અમારી ત્રણ ટુકડીઓ કરવામાં આવેલી. બે દિવસમાં અમારી ટુકડીએ અસહાય સ્ત્રીઓ ને બાળવિધવાઓ માટે ચાલતું 'સેવાસદન', આંતર-ભારતીના સિદ્ધાન્તને અમલમાં મૂકવા મથતી હિન્દી હાઈસ્કૂલ, વિનસ પ્રકાશન, નેશનલ કેમિકલ લેબોરેટરી, મહારાષ્ટ્ર યુનિવર્સિટી વિસ્તાર, પૂજ્ય કસ્તુરબા તથા મહાદેવભાઈની સમાધિ, દેશના સંરક્ષણ માટે ઊંચી તાલીમ આપતી નેશનલ ડિફેન્સ એકેડમી વિગેરે અનેક સંસ્થાઓ ને સ્થળો જોયાં. ખડકવાસલાની નેશનલ ડિફેન્સ એકેડમી કોઈને પણ પ્રભાવિત કરે એવી છે. કુદરતી સૌંદર્યના વિશાળ વિસ્તારમાં પથરાયેલી આ સંસ્થાનું રાષ્ટ્રીય મહત્ત્વ પણ અનોખું છે. હિન્દી હાઈસ્કૂલ જેવી સામાન્ય કલ્પેલી સંસ્થામાં પણ એક નવી જ વિશેષતા જોવા મળી. એમાં પ્રત્યેક શ્રેણીને એક એક પ્રાંત બનાવ્યો છે. દા. ત. દસમી શ્રેણી ગુજરાત છે. તો એ શ્રેણીમાં ભણનાર વિદ્યાર્થી શાળાના સમય દરમિયાન આખું વર્ષ એ પ્રાંતનો હોય તેમ રહે. તેને લગતી વિવિધ માહિતી, ચિત્રો, ગીતો, કાવ્યો, વગેરે એ વર્ગમાં આપણને ભરપૂર મળી રહે. આમ આન્તર-પ્રાન્તીય જીવનને એક નવા સ્વરુપે આ શાળાએ રજુ કરવા સારો પ્રયત્ન કર્યો છે.

બે દિવસમાં અમને આવું આવું ઘણું જોવા તથા જાણવા મળ્યું. તદુપરાંત મ્યુનિસિપાલિટી તથા બૅંક તરફથી અમારો સત્કાર અને પૂનાની શ્રેષ્ઠ ગણાતી હૉટેલ 'પૂનમ'માં અમારો યજમાનો સાથેનો ભોજન સમારંભ પણ થયો. ખવરાવવામાં મહારાષ્ટ્રી લોકો એટલા ભાવભર્યા હતા કે બધે એમને ન્યાય આપવો એ અમારા માટે મુશ્કેલ બનતું હતું. હું તો વિનોદમાં કહેતી હતી કે, મારી પાસે એક ટીફીન હોત તો વધારાનું બધું ખાવાનું ભરીને ગુજરાત લઈ જાત!

બીજે દિવસે સાંજે મરાઠી સાહિત્ય પરિષદમાં સાહિત્યકારો સાથે મિલન હતું. શ્રી ઝીણાભાઈ દેસાઈ (સ્નેહરશ્મિ)ના પ્રમુખપદે થયેલા

આ મિલનમાં બેઉ ભાષાના નાના મોટા સાહિત્યકારોનો પરિચય આપવામાં આવ્યો. આ પરિચયવિધિ અતિશય લાંબો થતાં સાહિત્યની આપ-લે માટે સમય ઓછો પડ્યો. શ્રી ઝીણાભાઈએ અત્યારના ગુજરાતી સાહિત્યનો ખ્યાલ આપ્યો તથા તેમનાં પંદરવીસ 'હાઈકુ'' (જાપાની સાહિત્યનો એક કાવ્યપ્રકાર) સંભળાવ્યા. એ સુંદર હતાં. ત્યાર બાદ શ્રી ઠાકોરભાઈ દેસાઈએ એમણે કરેલો "ગીતા પ્રવચનો' નો અનુવાદ લક્ષ્યમાં રાખીને કેટલુંક કહ્યું. પરંતુ આપણા આધુનિક શક્તિશાળી કવિ તથા નવલકથાકાર શ્રી રઘુવીર ચૌધરી, હાસ્યરસના અચ્છા લેખક શ્રી બકુલ ત્રિપાઠી વગેરેનો લાભ આપવા માટે સમય બિલકુલ ન રહ્યો. તેમ જ મરાઠી સાહિત્યકારોની પણ એકકે કૃતિ સાંભળવા અવકાશ ન રહ્યો એનું મને ઘણું દુ:ખ થયું. કાર્યક્રમ પૂરો કરવાને બેચાર મિનિટ બાકી હશે ને મને કોઈ કાવ્ય સંભળાવવાનું કહેવામાં આવ્યું. મેં સંભળાવ્યું તે કાવ્ય એ ભાઈ-બહેનોએ જે રીતે ઝીલ્યું તે મારે માટે યાદગાર બની રહ્યું. પરભાષાના શ્રોતાઓ હોવા છતાં તેમણે આ ગુજરાતી કાવ્યનો શબ્દેશબ્દ સુંદર રીતે ઝીલ્યો.

આ સભા બાદ તરત જ બીજી સભા—પ્રત્યેક ભાષાની સંસ્થાઓ પોતાની પ્રવૃત્તિની માહિતી આપે તે અંગે—હતી. એટલે સાહિત્ય સંમેલન અણધાર્યું બંધ કરવું પડ્યું.

રાતે અમારા રંજન માટે રાષ્ટ્ર સેવાદળના કલાપથક તરફથી 'મહારાષ્ટ્ર દર્શન'ના ગીતનૃત્યો તથા 'બીન બિયાં ચા ઝાડ''નો તમાસો રજૂ કરવામાં આવ્યો. ગીત ને નૃત્ય ખરેખર રંજન કરે એવાં સુંદર હતાં. 'તમાસો' એટલે આપણી 'ભવાઈ' જેવું ગ્રામઢબે રજૂ થતું નાટક. એની કથા આપણી બાળવાર્તા 'રાજા સૂપડકન્નો' જેવી જ હતી. નાટક ખૂબ ગમ્મત પડે એવું હતું. સુપ્રસિદ્ધ મરાઠી કવિ શ્રી વસંત બાપટે નાટક સુંદર રીતે ભજવ્યું ને અમે એથી હળવાંફૂલ થઈ ગયાં.

ત્રીજે દિવસે સવાર ને બપોર તો સંસ્થાઓની મુલાકાતો ને અમારા સત્કારસમારંભોમાં ગઈ. કાર્યક્રમ અત્યંત ભરચક હોવાથી સમય ઝડપભેર વહી જતો હતો.

સવારે 'સાધના' સાપ્તાહિકના કાર્યાલયમાં આંતરભારતીની પ્રવૃત્તિ પર ચર્ચા કરવા અમે પંદરવીસ કાર્યકરો મળ્યા હતાં. ત્યાં આ પ્રવૃત્તિને વધુ સબળ, વ્યાપક ને અસરકારક કરવા માટે સૌએ પોતપોતાનાં સૂચનો આપ્યાં. મારી દૃષ્ટિએ આ સભા મહત્ત્વની હતી. કાર્યક્રમોની સતત ચાલતી હારમાળામાં મારું મન વિચાર્યા કરતું હતું કે, આમાંના ઔપચારિક પરિચયો, પાર્ટીઓ, વધુપડતી સંસ્થાઓની મુલાકાતો, અનાવશ્યક લંબાણવાળાં ભાષણો અને વધારેપડતાં રંજનકાર્યક્રમો આ બધામાં વિવેક વાપરીને થોડું ઓછું રાખ્યું હોય તો? સમયની ખેંચાખેંચ ન હોય તો આ મિલન વધુ સ્વાભાવિક ને સચોટ ન બને? શરૂઆતની ભૂમિકામાં આ જરૂરી હશે. પણ ભવિષ્યમાં આ બધું ઓછું કરીને મૂળભૂત પ્રવૃત્તિ પર જ કેન્દ્રિત થઈએ તો? છતાં આ તબક્કે તો જે થયું તે પણ ઘણું સારું થયું છે.

સાંજે જાહેર સભા હતી. જેમાં શ્રી સનત મહેતા, શ્રી રઘુવીર ચૌધરી, શ્રી અચ્યુત પટવર્ધન, શ્રી રાવસાહેબ પટવર્ધન વિગેરે બોલ્યા હતા. વર્તમાન જીવન, સમાજ, રાષ્ટ્ર તથા રાજકારણ વિગેરે ને અનુલક્ષીને વક્તાઓએ પોતાનું સારું ચિંતન લાઘવયુક્ત ભાષામાં રજૂ કર્યું હતું.

મધુર કંઠે ગવાયેલા "વંદે માતરમ્" સાથે ત્રણ દિવસનો કાર્યક્રમ પૂરો થયો ત્યારે એમ થયું કે, જાણે પૂનામાં અમે કેટલાય સમયથી આવ્યા હઈશું.

તા. ૧૦મીએ સવારે ખંડાલાના ઘાટ વટાવતી અમારી બસ મુંબઈ તરફ ગતિ કરતી હતી. મનની ગતિ પણ એમાં તાલ દેતી હતી, અને એના અત્યંત રમણીય પ્રકૃતિસૌંદર્યને માણતી હતી. એના વાદળછાયા પડદા હઠતાં હરિયાળી કુદરત, ખળખળ વહેતાં ઝરણાં ને આકાશ ચિંધતા પહાડો કેવાં ખીલી ઉઠતાં! મનમાંથી પણ પ્રાંત પ્રાંત વચ્ચેના અનેક પડદાઓ આમ જ હઠી જશે એવી શ્રદ્ધા દૃઢ થતી હતી. બસમાં પાંચસાત મરાઠી મિત્રો સાથે હતાં, તેમની સાથે જામેલી મરાઠી ને ગુજરાતી ગીતો તથા કાવ્યોની મજાની રમઝટ વાતાવરણને પ્રસન્નતાથી ભરી દેતી હતી. મહારાષ્ટ્રમાં આવ્યાં ત્યારે જાણે કે માત્ર ગુજરાતી હતાં એવાં અમે ગુજરાત તરફ જતી વખતે ગુજરાતી મરાઠીનું સંયુક્ત વ્યક્તિતત્વ અનુભવતાં આગળ વધી રહ્યાં હતાં. આ આનંદ અત્યન્ત પ્રેરક અને રોમાંચક હતો.

ગીતા પરીખ

ખાદી ગ્રામોદ્યોગનું આયોજનમાં સ્થાન

[પ્લાનીંગ ફોરમ તરફથી ગુજરાત વિદ્યાપીઠમાં ગુ. રા. ખાદી ગ્રામોદ્યોગ બોર્ડના અધ્યક્ષશ્રી બાબુભાઈ જ. પટેલના તા. ૪-૨-૬૬ના પ્રવચનની નોંધ]

આયોજનના વિશાળ ફલકના એક નાનકડા ખૂણાની વાત આજે આપની સમક્ષ મૂકવાની મારી કોશિષ છે. સામાન્ય રીતે યોજનાપૂર્વકના વિકાસમાં સંશોધન કેન્દ્રો થાય, મોટા ઉદ્યોગો સ્થપાય, દેશમાં સંપત્તિ વધે, બંધો બંધાય, નહેરો થાય, મોટા પાયા પર ઉત્પાદન વધારવાની અને રોજગારી વધારવાની કોશિષ થાય—આ બધાં મુખ્ય અંગો છે. જુદાં જુદાં અંગોમાંનું એક નાનકડું અંગ ખાદી ગ્રામોદ્યોગ પણ છે.

આ દેશમાં જો સમાજવાદ સ્થાપવો હોય, ગરીબી કાયમ માટે દૂર કરવી હોય, અને આર્થિક અસમાનતા ઘટાડવી હોય તેમ જ અનેક દેશોની હરોળમાં ઊભો રહી શકે તેવો દેશને બનાવવો હોય તો મોટા પાયાના ઉદ્યોગો અને પાયાના ઉદ્યોગોનો ઝડપી વિકાસ કરવો જોઈએ એમ એક વર્ગ માને છે. યોજનાઓમાં મોટા પાયાના ઉદ્યોગોમાં ભારે પ્રગતિ થઈ છે એમાં શંકા નથી. ત્રણ યોજનાઓ દરમ્યાન ઔદ્યોગિક ઉત્પાદનમાં ૧૫૦ ટકા જેવો વધારો થયો છે. સિંચાઈની યોજનાઓમાં ઘણો વિકાસ થયો છે. યોજનાઓ પહેલાં દેશમાં મોટા અને પાયાના ઉદ્યોગો નહિવત હતા તે યોજનાઓ દરમ્યાન ઘણા જ વિકસ્યા છે. રેલવેના એન્જિનો, ડબા, વેગન વગેરેની જરૂરિયાતો દેશના ઉદ્યોગો દ્વારા હવે પૂરી પાડી શકાય છે. રાસાયણિક ખાતરનું ઉત્પાદન પણ વધ્યું છે. કાપડનું ઉત્પાદન ૩૭૫ લાખ વાર પરથી વધીને ૯૦૦ લાખ વાર થયું છે. સિમેન્ટનું ઉત્પાદન ૧૮ લાખ ટન હતું તે વધીને ૧ કરોડ ટન જેટલું થયું છે. આમ ઉદ્યોગોના વિકાસમાં પ્રગતિ થઈ છે તે હકીકત છે. રાષ્ટ્રીય આવક તેમ જ સંપત્તિ પણ વધી છે. પહેલી યોજનામાં ૧૧ ટકા જેટલો વાર્ષિક રાષ્ટ્રીય આવકમાં વધારો થશે તેવી કલ્પના હતી તેને બદલે ૧૮ ટકાનો વધારો થયો. બીજી અને ત્રીજી યોજના દરમ્યાન પણ ઉત્પાદન વધારો ચાલુ જ રહ્યો છે. જીવનધોરણ પણ યોજનાઓ દરમ્યાન ઊંચું આવ્યું છે.

આ બધું હોવા છતાં પણ એક પાયાનો સવાલ ઉકેલવાનો હતો તે ચાલુ જ રહ્યો છે. આ સવાલ તે રોજગારીનો છે. યોજનાઓ દરમ્યાન શરૂ કરવામાં આવેલાં નવાં કામોએ રોજગારી વધારી, છતાં પણ, બેરોજગારીનું પ્રમાણ વધતું જ રહ્યું છે. પહેલી યોજનાને અંતે ૫૦ લાખ બેરોજગાર હતા, બીજી યોજનાને અંતે ૯૦ લાખ બેરોજગાર હતા, ત્રીજી યોજનાને અંતે ૧૩૦ લાખ બેરોજગાર હશે એવો અંદાજ છે. રોજગારીનું પ્રમાણ વધારવામાં આવતું હોવા છતાં દરેક યોજનાને અંતે બેરોજગારીનું પ્રમાણ વધતું જ જાય છે.

દુનિયાના બીજા દેશોને હિસાબે હિન્દુસ્તાનમાં વસતિવધારો ઝડપી છે એ આપણી સમસ્યાનું એક મહત્ત્વનું કારણ છે. વસતિ વધારાની બાબતમાં હિન્દુસ્તાનનું સ્થાન જગતભરના આગળના દેશોમાં પ્રથમ છે. ૫૦ વર્ષમાં હિન્દુસ્તાનની વસતિમાં ૮૪ ટકાનો વધારો થયો છે, ત્યારે એ અરસામાં ગુજરાતનો વસતિવધારો ૧૨૭ ટકા થયો છે, હિન્દુસ્તાનની કુલ જમીનના ૩૫ ટકામાં અનાજ થાય છે. જ્યારે ગુજરાતની કુલ ખેતીલાયક જમીનના ૫૫ ટકા જમીન ઉપર રોકડિયા પાકો થાય છે.

એક ભાઈ મારી પાસે આવ્યા અને કહેવા લાગ્યા કે, આયોજનમાં બધું જ બંધ કરી દો, પણ વસતિ વધારો અટકાવી શકાય તેવું કંઈક કરો. આ વાત લોકોને ગળે ઉતારવાની જરૂર છે, લોકો નહિ સમજે તો આ નહિ થઈ શકે.

એક વાત તો સાચી જ છે કે મોટા પાયાનાં ઉદ્યોગો જે રોજગારી આપે છે તેના કરતાં નાના પાયાના ઉદ્યોગો દ્વારા વધારે રોજગારી આપી શકાય છે. વળી ખાદી જેવા ઉદ્યોગોના વિકાસ માટે વધારે મૂડી રોકાણની જરૂર પણ હોતી નથી. આઠ ત્રાકનો અંબર રેંટિયો ચલાવવા ફક્ત રૂ. ૨૫૦ જોઈએ. વળી એક જ અંબર રેંટિયા ઉપર કુટુંબની બે કે ત્રણ વ્યક્તિઓ પણ કામ કરી શકે છે. જેમ ઉદ્યોગો મોટા તેમ મૂડી રોકાણ વધતું જાય. કેટલાક મોટા ઉદ્યોગોમાં તો ૧ લાખ

રૂ. ના મૂડીરોકાણથી ફક્ત એક જ વ્યક્તિને રોજગારી આપી શકાય છે. હિંદુસ્તાન માટે મૂડી રોકાણનો સવાલ ખૂબ કોયડા સમાન છે. જે રકમ દેશમાં બચાવી તે મૂડી છે અને તે મૂડીનું રોકાણ કરી શકાય. આપણા દેશના લોકોની માથાદીઠ વાર્ષિક આવક રૂ. ૩૩૦ છે. આમાંથી બહુ બચત કરવાનું કઠણ છે. હિન્દુસ્તાનમાં ચાલતા બધા જ ઉદ્યોગોમાં કુલ ૪૦ લાખ લોકોને રોજગારી મળે છે, જ્યારે ૧૩૦ લાખ લોકો જે બેરોજગાર છે અને ભવિષ્યમાં જે બેરોજગાર વ્યક્તિ વધે તે બધાને રોજગારી આપવા માટે આજના મોટા ઉદ્યોગોના ધોરણે તો અસાધારણ વધારે મૂડીરોકાણની જરૂર પડે.

વધારે મૂડીરોકાણ પરદેશી મદદ દ્વારા થઈ શકે, પણ પરદેશી મદદ મેળવવી બહુ આસાન નથી. પરદેશી મદદ માટે વ્યાજ અને મુદ્દલ ચૂકવવાનું રહે છે જ. આ માટે આપણા દેશમાં પેદા થતી વસ્તુઓની નિકાસ કરવી પડે. તેલના ભાવ ચડતા હોય તો લોકો બૂમ પાડે કે તેલની નિકાસ કરશો નહિ, ચામડાની નિકાસ કરશો નહિ, કપાસિયાની નિકાસ કરશો નહિ. કેટલાક લોકો એમ માને છે કે આ વીસમી સદીમાં ગાંધીજીનો વિચાર એ તો જૂનવાણી વિચાર છે. જે જાતના ઉદ્યોગોની તેમની કલ્પના છે તે તો જૂનવાણી છે. છતાં પણ બેરોજગારીનો સવાલ હળવો કરવા માટે જે વાત ગાંધીજીએ કરી છે તેનાથી બીજી કોઈ સારી વાત હજી એમને જડી નથી. ગૃહઉદ્યોગો અને નાના પાયાના ઉદ્યોગો દ્વારા જેટલી રોજગારી આપી શકાય તેટલી રોજગારી બીજા કોઈ ઉદ્યોગો દ્વારા આપી શકાય તેમ નથી. ગૃહ ઉદ્યોગો એવા પ્રકારના છે કે જે ઓછામાં ઓછી મૂડીમાં વધારેમાં વધારે માણસોને રોજગારી આપે છે.

આ વાતનું મહત્ત્વ સ્વીકારીને ભારત સરકારે ખાદી અને ગ્રામોદ્યોગના વિકાસ માટે એક પંચ બનાવ્યું. તે ખાદી ગ્રામોદ્યોગ પંચે, આના વિકાસ માટે ત્રણ યોજનાઓ દરમ્યાન અનુક્રમે રૂ. ૧૫ કરોડ, રૂ. ૮૮ કરોડ અને રૂ. ૮૯ કરોડ ફાજલ પાડયા છે.

ખાદી ક્ષેત્રમાં યોજનાઓ પહેલાં ૩ લાખ ૭૦ હજાર લોકોને રોજગારી મળતી હતી; હાલ ૧૮ લાખ લોકોને રોજગારી પૂરી પાડે છે.

હિંદુસ્તાનમાં કાપડ ઉદ્યોગ ઠેર ઠેર ફેલાયો છે. એ ઉદ્યોગ ૯ લાખ માણસોને રોજગારી આપે છે. ખાદી ઉદ્યોગ ૧૮ લાખ માણસોને રોજગારી આપે છે. આ રોજગારીમાંથી મળતી આવક બહુ મામૂલી છે. કેટલાક લોકોને તો બે કે ચાર આના મળતા હોય છે. જેટલો સમય માણસ ફાજલ પાડી શકે તેટલું તેમાંથી તેને મળે. કેટલાંકને તો ફક્ત મીઠું મરચું લાવવાના કામમાં આવી શકે તેટલી રોજગારી જ તેમાંથી મળતી હોય છે. પણ સમાજમાં કેટલાંય કુટુંબો એવાં છે કે જેમને આ નજીવી આવક પણ ઘણી રાહતકારી જણાય છે.

વ્યક્તિને દરરોજનો રોક રૂપિયો રોજગારી મળે તેવું સાધન રેંટિયામાં શોધાવું જોઈએ એવો વિચાર રાષ્ટ્રપતિએ રજૂ કર્યો હતો. અંબર ચરખો એ એક એવું સાધન ગણી શકાય. ગુજરાતમાં જે અંબરનું કામ ચાલે છે તે દેખાડે છે કે કેટલાંક કુટુંબો ૨૦ કે ૩૦ આંટી દિવસના કાઢે છે. એક આંટીમાં ૧૪ પૈસાની મજૂરી મળે છે. અંબર ચરખો પૂરો સમય ચલાવવામાં આવે તો ૧ રૂ. કરતાં વધારે દૈનિક આવક મેળવી શકાય. આઠ ત્રાકના અંબરના કારણે ગુજરાતમાં ખાદીનું પ્રમાણ વધતું જાય છે. ખાદીનું ઉત્પાદન મોટા પાયા પર થશે તો તેના વેચાણનું શું થશે? મોંધી જ રહેવાની હોય તો તેને ખરીદશે કોણ એવા પ્રશ્નો કેટલીક વાર ઉઠાવાય છે. એ અંગે સૂચવાય છે કે, હિંદુસ્તાનના કાપડ ઉત્પાદનમાં અમુક ક્ષેત્રે જેમ કે નેપકીન, ચાદર, ટુવાલ વગેરે કે જેમાં આ ક્ષેત્ર ખાદી માટે નિયત કરવામાં આવે તો તે ક્ષેત્ર દ્વારા ખાદીનું પ્રમાણ વધારી શકાય.

ખાદી ગ્રામોદ્યોગ પંચે જેવી રીતે ખાદીના વિકાસનું કામ શરૂ કર્યું છે તેમ તેવાં જ બીજાં કેટલાંક કામો પણ શરૂ કર્યાં છે.

આપણા દેશમાં નીરો આપનારાં ઝાડોની સંખ્યા ઘણી જ વધારે છે. આ બધાં જ ઝાડો છેદવામાં આવે તો તેમાં ઘણાં માણસોને રોજગારી આપી શકાય. વળી આ રસમાંથી ગોળ પણ બની શકે છે. આપણા દેશમાં જે જમીન શેરડીમાં રોકવામાં આવે છે અને શેરડીને જે પાણી જોઈએ છે તે બીજા પાકો કરતાં છથી સાત ગણું હોય છે, તે બચાવી તાડ ઉદ્યોગને વિકસાવી તેમાંથી ગોળ બનાવવામાં આવે તો અનાજ ઉત્પાદનને પણ વેગ મળે.

પશુસંપત્તિમાં જગતનો સૌથી મોટો દેશ હિંદુસ્તાન છે. આ બધાં જાનવરો સારી રીતે ઉછેરવામાં આવે તો આ ઉદ્યોગ પણ વિકસાવી શકાય.

ગામડામાં માટીનાં જુદાં જુદાં વાસણો અને રમકડાં બનાવવામાં આવે છે. આ ઉદ્યોગને પણ સારી રીતે વિકસાવવો જોઈએ.

ઘાણીના ઉદ્યોગને પણ પદ્ધતિસર વિકસાવવામાં આવે તો ગામના કારીગરોને પ્રોત્સાહન અને રોજગારી મળે અને ગામમાં જ આ ઉદ્યોગ હોવાથી ખેડૂતોને લાભ થાય.

આ બધા જ ઉદ્યોગોના વિકાસ માટે ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ દ્વારા પ્રયત્નો થાય છે, આ બધાના વિકાસ માટે ખાદી ગ્રામોદ્યોગનું સ્થાન આયોજનમાં રાખેલ છે.

જેને આપણે ગાંધીવિચાર કહીએ છીએ તેને અને આને સંબંધ નથી. ગાંધીવિચારમાં તો ગામડાં અને શહેરો સ્વાવલંબી હોવા જોઈએ. દરેકે પોતપોતાની જરૂરિયાતની વસ્તુઓ જાતે જ પેદા કરવી જોઈએ. આખો સમાજ સુખી અને સંપીલો બને. સમાજમાંથી આવકની તેમજ બીજી અસમાનતા દૂર થાય. આ હતી બાપુની કલ્પના. એ કલ્પના આપણા આયોજનકારોએ સ્વીકારી નથી. આયોજનમાં ખાદી ગ્રામોદ્યોગનો સ્વીકાર કરવામાં આવે તેનું કારણ તો તેની આર્થિક ઉપયોગિતા જ છે.

ગુજરાતમાં ખાદીનું ઉત્પાદન ૩૦ લાખ વારનું છે તે ૧ કરોડ વારનું કરવાની ધારણા છે. આ યોજના પૂરી પડશે ત્યારે ૨૫ હજારને બદલે ૮૦ હજાર માણસોને રોજગારી પણ આપી શકાશે તેવી આશા છે. આમાં કામ કરતી વ્યક્તિઓની માથાદીઠ આવક રૂ. ૨૪૦ની છે તે રૂ. ૪૦૦ની થાય તેવી ધારણા પણ છે.

'ગ્રામનિર્માણ'માંથી સાભાર ઉધ્ધૃત — બાબુભાઈ જ. પટેલ

સંઘના સભ્યના લવાજમમાં વધારો : 'પ્રબુદ્ધ જીવન' ના લવાજમમાં વધારો

તા. ૨-૯-૬૬ શનિવારના રોજ મળેલી શ્રી મુંબઈ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિએ, સંઘના તેમ જ પ્રબુદ્ધ જીવનના વહીવટી ખર્ચમાં છેલ્લાં પંદર વર્ષ દરમિયાન અસાધારણ વધારો થયેલો હોઈને સંઘનું વાર્ષિક લવાજમ હવે પછીના જાન્યુઆરી માસથી રૂ. ૫ ના બદલે રૂ. ૧૦ કરવાનો ઠરાવ કર્યો છે અને પ્રબુદ્ધ જીવનના ગ્રાહકનું લવાજમ હવે પછીથી જે કોઈ નવા ગ્રાહક થાય અથવા તો જૂના ગ્રાહકો ચાલુ થાય તેમના માટે રૂ. ૪ ને બદલે રૂ. ૭ કરવાનો ઠરાવ કર્યો છે. — **મંત્રીઓ: મુંબઈ જૈન યુવક સંઘ.**

'સિંહદર્શન': મુદ્રણશુદ્ધિ

તા. ૧૬-૮-'૬૬ના 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થયેલા 'સિંહ દર્શન' ના છેવટના ભાગમાં જે સિંહણનો ભેટો થયો તેને અનુલક્ષીને જણાવવામાં આવ્યું છે કે "હું એનાથી ૨૫ ફીટ પલાંઠી લગાવીને બેસી ગઈ.....એક કલાક સુધી આરામથી બેઠા પછી"-આની અંદર '૨૫ ફીટ' ને બદલે '૨૦ ફીટ' વાંચવું અને 'એક કલાક'ના ઠેકાણે 'અરધોએક કલાક' વાંચવું. — તંત્રી.

વિષયસૂચિ

		પૃષ્ઠ
જૈન પ્રાર્થના	પંડિત સુખલાલજી	૯૭
શ્રી.વિમલાબહેન ઠાકરનું પ્રવચન		૯૮
પૂનાનાં સ્મરણો	ગીતા પરીખ	૧૦૧
ખાદી ગ્રામોદ્યોગનું આયોજનમાં સ્થાન	બાબુભાઈ જ. પટેલ	૧૦૨
અનિષ્ઠ લોકસેવક		૧૦૪
મહાપ્રસ્થાનના પથ પર-૧૪	પ્રબોધકમાર સંન્યાલ	૧૦૫

☆ સન્નિષ્ઠ લોકસેવક ☆

મહારાષ્ટ્રના રાજ્યપાલ ડૉ. પી. વી. ચેરિયને કાયદો, ન્યાયતંત્ર અને જાહેર આરોગ્ય ખાતાના પ્રધાન શ્રી શાંતિલાલ હ. શાહનું રાજીનામું સ્વીકારી લીધું છે અને તેમનું જાહેર આરોગ્યનું દફતર હાલ તુરત મુખ્ય પ્રધાન શ્રી વસંતરાવ નાઈકે સંભાળી લીધું છે. શ્રી શાંતિલાલ શાહના રાજીનામા સાથે વિશાળ મુંબઈ અને મહારાષ્ટ્ર રાજ્યના વહીવટ સાથે છેલ્લાં ૧૪ વર્ષોથી સંકળાયેલા એક કર્તવ્યનિષ્ઠ રાજપુરુષની પ્રધાનપદની કારકિર્દીનો તત્કાળ પૂરતો અંત આવ્યો છે. જે સંજોગોમાં શ્રી શાંતિલાલ શાહનું રાજીનામું આવી પડ્યું તે સંજોગોનો વિચાર કરતા, તેમનું રાજીનામું સિદ્ધાંતના પ્રશ્ન પર અપાયેલું હોઈ, તેમના તરફથી એ દિશામાં કશી બાંધછોડની અપેક્ષા રાખી શકાય નહિ. પણ એમના જેવા વડેરા પ્રધાન અને રાજપુરુષના રાજીનામાને અંગે તેમની સાથે વિવેક પૂરતી પણ ચર્ચા વિચારણા કરવાનું યોગ્ય મનાયું નહિ અને મુખ્ય પ્રધાને તેમનું કારણ દર્શાવ્યા વિનાની એક લીટીની–રાજીનામું સ્વીકારવાની-ભલામણ સાથે, રાજ્યપાલને સુપરત કરી દીધું તેથી સ્વાભાવિક રીતે જ આશ્ચર્ય સાથે આઘાતની લાગણી થાય છે. શ્રી શાંતિલાલ શાહની પ્રધાનપદની છેલ્લાં ૧૪ વર્ષોની સન્નિષ્ઠ સેવા જોતાં તેમને આવી રીતે આ પદ પરથી ખસવું પડે એ ભાગ્યે જ ઉચિત લેખાય. પણ હવે આ રાજીનામું સ્વીકારાઈ ગયું હોઈ એને અંગે વિતંડાવાદમાં ઉતરવાનું હિતાવહ નથી. છતાં શ્રી શાંતિલાલ શાહે જે સિદ્ધાંતને ખાતર રાજીનામું આપ્યું છે તેના અંગે તેઓને અભિનંદન આપ્યા વિના રહી શકાતું નથી.

'સચિવાલય બંધ' ની 'ઘેરા ઢાલો' પ્રવૃત્તિ અને તે પછીનાં 'મુંબઈ બંધ' ના દિવસો દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની જાળવણી યથાયોગ્ય રીતે કરવામાં મહારાષ્ટ્ર સરકાર નિષ્ફળ ગઈ. પરિણામે તે દિવસે મુખ્ય પ્રધાન, ગૃહપ્રધાન અને પ્રદેશ કૉંગ્રેસના પ્રમુખની વિનંતિને માન આપીને 'બંધ' ની અવગણના કરીને કામધંધે જનારી જનતાને ભારે પરેશાની અનુભવવી પડી. આના વિરોધમાં મુંબઈ પ્રદેશનું પ્રતિનિધિત્વ ધરાવતા ધારાસભ્યોએ વિધાન મંડળમાંથી પોતાનાં રાજીનામાં આપી દીધાં. બે પ્રધાનો પૈકી એક શ્રી શાંતિલાલ શાહે જ પોતાનાં પ્રધાનપદનું રાજીનામું પણ આપ્યું; બીજા એક પ્રધાને ધારાસભ્યપદનું રાજીનામું અપ્યું પણ પ્રધાનપદે તો તે કાયમ રહ્યા અને એક નાયબ પ્રધાન મુંબઈ પ્રદેશ કૉંગ્રેસના પ્રમુખને પોતે રાજીનામું આપે છે એમ જણાવીને એ આપવાથી દૂર રહ્યા, એટલું જ નહિ પણ, એને અંગે ફરી ગયા. આ પછી ધારાસભ્યોનાં રાજીનામાં પાછાં ખેંચી લેવાતાં સુધીની જે ઘટનાઓ બની ગઈ તે મુંબઈ શહેરની કાયદાને માન આપનારી પ્રજા માટે દુ:ખદ બોધપાઠ મૂકી જાય છે. અલબત્ત, આ રાજીનામાં પાછાં ખેંચાતાં મહારાષ્ટ્ર સરકાર અને મુંબઈ પ્રદેશ કૉંગ્રેસ વચ્ચેનાં દુ:ખદ ઘર્ષણનો સુખદ અંત આવ્યો છે. પણ આ ઘટનામાંથી કોઈ નવા ફણગા ફૂટે તો આશ્ચર્ય પામવાનું નથી. આ પરિસ્થિતિમાં શ્રી શાંતિલાલ શાહે પ્રદેશ કૉંગ્રેસના આદેશ મુજબ ધારાસભ્યપદનું રાજીનામું ખેંચી લીધું; પણ પ્રધાનપદના રાજીનામાને તેઓ વળગી જ રહ્યા અને એ તેમની સિદ્ધાંતનિષ્ઠાનું સૂચક લેખાય. 'બંધ' ને અંગે વિરોધ પક્ષો સાથે વધારે પડતી, કાયદો અને વ્યવસ્થાને ભોગે પણ, સહાનુભૂતિથી કામ લેવાની મહારાષ્ટ્ર સરકારની નીતિ સાથે શ્રી શાંતિલાલ શાહ સ્વાભાવિક રીતે જ સંમત ન થયા. સંભવ છે કે મહારાષ્ટ્ર સરકારની બીજી ચોક્કસ નીતિઓ અંગે પણ તેમને સૈદ્ધાંતિક મતભેદ હોય. આથી તેઓ રાજીનામાના નિર્ણયને વળગી રહ્યા. તેમની આવી સિદ્ધાંતનિષ્ઠા, આવાં સ્થાનો પરના માનવીઓ માટે અનુકરણીય હોઈ, અભિનંદનને યોગ્ય છે.

શ્રી શાંતિલાલ શાહે પ્રધાનપદની તેમની ૧૪ વર્ષની કારકિર્દી દરમ્યાન વિવિધ દફતરો સંભાળ્યાં. શ્રી મોરારજીભાઈ, શ્રી ચવ્હાણ, શ્રી કન્નમવર અને શ્રી નાઈક - એમ ચાર મુખ્ય પ્રધાનો હેઠળ તેમણે વિવિધ સમય માટે મજૂર ખાતું, જાહેર આરોગ્ય ખાતું, કેળવણી ખાતું, કાયદા ખાતું, ન્યાયતંત્ર, આમ વિવિધ ખાતાઓ સંભાળીને તેનો ભારે કાબેલિયતથી વહીવટ કર્યો. અલબત્ત, એમના આ ખાતાઓના વહીવટ સંબંધમાં ચોક્કસ પ્રકારનો અસંતોષ ચોક્કસ વર્ગોમાં વ્યાપ્યો હતો એની ના પડાય નહિ. પણ એ વહીવટ કરવામાં શ્રી શાંતિલાલ શાહનાં નિષ્ઠા, પ્રમાણિકતા, કર્તવ્યપરાયણતા અંગે કશી જ શંકાને સ્થાન રહેતું નથી. એટલે આવા એક સન્નિષ્ઠ સેવકની સેવા, નવી ચૂંટણીના થોડાક માસ જ રહેલા હોય ત્યારે, ગુમાવવી પડી એ દુ:ખદ લેખાય. એમના રાજીનામા અંગે શ્રી નાઈકે વધારે ઉદારતાથી જોવાની અને શ્રી શાંતિલાલ શાહને રાજીનામું પાછું ખેંચવું પડે એવી પરિસ્થિતિ નિર્માણ કરવાની જરૂર હતી. એમ ન થયું એ દુ:ખદ જ લેખાય.

(તા. ૯-૯-૬૬ના મુંબઈ સમાચારનો અગ્રલેખ સાભાર ઉદ્ધૃત)

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વિવિધલક્ષી પ્રવૃત્તિનાં પ્રસંશકો તેમ જ સંસ્કારી સુજ્ઞ શ્રોતાઓને

❋ નમ્ર નિવેદન ❋

છેલ્લાં સાડત્રીશ વર્ષથી ચાલતાં અમારા સંઘનો અને સંઘ દ્વારા ચાલતી પ્રવૃત્તિઓનો પરિચય આપવાની આવશ્યકતા આજે અમને દેખાતી નથી – આમ છતાં પણ, પર્યુષણ પર્વનાં પવિત્ર અને મંગલમય દિવસોમાં આપણે સૌ બાર મહિને એકવાર ભેગા થઈએ છીએ ત્યારે સંઘની પ્રવૃત્તિઓ વિષે બે શબ્દ કહેવાનું મન થાય એ સ્વાભાવિક જ છે. વળી, સંઘની કાર્ય – જ્યોત અખંડપણે પ્રજ્વલિત રાખવા આપની પાસે આર્થિક સહકાર માટે પણ અમારે હાથ લંબાવવાનો બાર મહિને ફક્ત આ એક જ પ્રસંગ આવે છે.

ટૂંકમાં અમારી પ્રવૃત્તિઓ આ છે :–

(૧) પર્યુષણ વ્યાખ્યાનમાળા
(૨) પાક્ષિક પત્ર – 'પ્રબુદ્ધ જીવન'
★ (૩) સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય
(૪) નાતજાતના ભેદભાવ વિના અપાતી વૈદ્યકીય રાહત
(૫) વૈદ્યકીય સારવારનાં સાધનો
(૬) વિશિષ્ટ વ્યક્તિઓની સાથે મિલન – વાર્તાલાપ
(૭) નાનાં મોટાં પર્યટન - પ્રવાસો

ઉપરની દરેક પ્રવૃત્તિ પાછળ વર્ષ – પ્રતિવર્ષ ખર્ચ વધતો જ જાય છે. આ વર્ષે પર્યુષણ દરમ્યાન અમારી રૂા. ૧૫,૦૦૦ ભેગા કરવાની અપેક્ષા છે. આપ ઉપરની કોઈ પણ એક પ્રવૃત્તિમાં યા સમગ્ર પ્રવૃત્તિમાં આપની રકમ નોંધાવી શકો છો. વિનંતિ એક છે – અપીલ એક છે – આ રકમ બની શકે તેટલી મોટી આપો, જેથી અમારું લક્ષ્યાંક જલ્દી સિદ્ધ થાય.

શ્રદ્ધા છે આપ અમને નિરાશ નહિ જ કરો!

૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ,
મુંબઈ-૩.

ચીમનલાલ જેઠાલાલ શાહ
સુબોધભાઇ એમ. શાહ
માનદ્ મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

★ આ પ્રવૃત્તિને આવકવેરામાંથી મુક્તિ મળેલી છે.

મહાપ્રસ્થાનના પથ પર ૨-૧૪

પોથીબાસા ને બનિયાકુંડ વટાવીને લગભગ સાંજે અમે ચોપતા આવી પહોંચ્યા. સામે જ એક મોટી ધર્મશાળા હતી, એની પાસે થોડી ખુલ્લી જગ્યા જોઈને અમે નિરાંત અનુભવી. સમતલ જગ્યા જોવાની મળતી નહોતી, એટલે આજે એને માટે અધીરા બની ગયા હતા, જ્યાં નજર નાખીએ ત્યાં પહાડની જોડે દૃષ્ટિ અથડાઈને પાછી આવે, એમાંથી ક્યાંય મુકિત મળતી નહોતી. મનમાં થતું હતું કે ક્યાં ભાગી જાઉં કોઈ મુકત સમતલ જમીનમાં કે કોઈ સમુદ્ર કિનારે, વાંકોચૂકો વનનો રસ્તો, ગામમાંથી અનાજથી ભરેલાં ખેતરો તરફ લઈ જતો માર્ગ, ત્યાંથી વળી નદીના કિનારા તરફ વળતો માર્ગ, જ્યાંથી ગ્રામસ્ત્રીઓ બેડાં ભરીને ઘેર જતી હોય, જ્યાંથી ભરથરી ગીત ગાતા ગાતા ચાલ્યા જતા હોય, જે ગીતમાં હોય "મનનો માનવી મનમાં બેઠો, શોધો રે ભાઈ શોધો." એ રસ્તો છે કયાં? અમને હવે હિમાલય નથી જોઈતો, પથ્થર પર પથ્થર બેઠા હોય એવી પૂંજી નથી જોઈતી અમારે, પાર્વતી નીલ નદી, કે ઉન્મત ઝરણું પણ નથી ખપતું અમારે.

જ્યાં માનવીનું જીવન સંગીહીન ને એકાકી હોય છે, જ્યાં એ પોતાના પગ પર જ ઊભો રહે છે, જ્યાં એ સંપૂર્ણ સ્વાધીન બનીને પોતાનું કામ પોતે જ કરતો હોય છે, ત્યાં એના સિવાય એને બીજું કોઈ મદદ કરવાવાળું હોતું નથી, બધાથી વિખૂટા પડીને પોતાનો દિવસ પોતે જ વિતાવવાનો—એ કંઈ વ્યકિતગત સ્વાધીનતા ન કહેવાય. એને તો ઉચ્છૃંખલ આત્મમયતા કહેવાય. જેઓ દુકાનમાં બેસીને ખાય છે, ધર્મશાળામાં જઈને ઊંઘે છે, મનોરંજનના સ્થાનયમાં જઈને મન બહેલાવે, યથેચ્છ ભ્રમણ કરે, માંદગીમાં હૉસ્પિટલમાં જઈને દાખલ થાય એમને સ્વાધીન કહી શકાય, પણ તેઓ દુર્ભાગી છે. પ્રત્યેક માનવીની જોડે પૃથ્વીનું થોડું લેણદેણ હોય છે. એ બંધનો તો આપણે સ્વીકારવાં જ જોઈએ સ્નેહનાં અને સેવાનાં. બધા મહાપુરુષોનાં જીવનઈતિહાસમાં આપણે એ જોઈએ છીએ કે એઓ સેવારત રહે છે. મનુષ્યની સેવા કરવાની પણ હોય છે, ને મનુષ્ય પાસે સેવા લેવાની પણ હોય છે. પ્રેમ આપવાનો હોય છે, ને પ્રેમ લેવાનો પણ હોય છે. જેણે મનુષ્યની સેવાનો અસ્વીકાર કર્યો. અને જેણે સ્નેહના બંધનનો અસ્વીકાર કર્યો તે હતભાગી માનવી માનવ સમાજને વિષમય બનાવે છે. એને આપણે બોહીમિયન ભલે કહીએ, પણ એ માનવી તો નથી જ. આજે બધા વ્યકિતગત સ્વાધીનતા પ્રાપ્ત કરીને એમાં જ સર્વસ્વ આવી ગયું એમ માને છે, ને સમાજનો કોઈ એક પણ આકારનો સ્વીકાર કરતો નથી. તો તો આખું જગત રેતીના રણ જેવું બની જાય. પૃથ્વીમાં જો સ્નેહ અને સેવા ન હોય; પ્રેમ અને મોહ ન હોય; વ્યકિતની જોડે વ્યકિતનો સંસર્ગ ન હોય; તો તેનું કેવું રૂપ હોય? જે સંસ્કૃતિ આજે પ્રત્યેક દિશામાં ફેલાયેલી છે તેના મર્મસ્થાનમાં સ્નેહ અને સેવાનો રસ સીંચાયેલો છે. તેને છોડી દઈને માનવસમાજ કઈ દિશામાં જઈ પહોંચવાનો છે? આ જે તીર્થયાત્રીઓનો સમૂહ જાય છે, તેના કરતાં સ્વાધીન બીજું કોણ છે? એઓ પોતાની જાતને જ ચાહે છે. ને સેવા પણ પોતાની જાતની જ કરે છે. એમની પાછળ જેમ આજે બંધન નથી, તેમ એમની સામે પણ કોઈ ફકાવટ નથી. એ બધા જ પોતાનું પોટલું બાંધે છે, પોતે જ પોતાને જોઈતી ચીજો ભેગી કરે છે, પોતાની જ આપત્તિ અને પોતાના જ સુખમાં પરોવાયેલાં રહે છે, ને પોતપોતાનું સ્વાતંત્ર્ય જ એમને મૂલમંત્ર હોય છે. પણ આ એમના સુખનું સાચું સ્વરૂપ નથી. એમને જોઈને મને બીક લાગે છે. એઓ માનવજીવનમાં સ્નેહહીન હાડપિંજર દળ છે. જે દિવસે એમની તીર્થયાત્રા પૂરી થશે, તે દિવસે એઓ મમતા અને દાક્ષિણ્યની સ્નિગ્ધ છાયામાં જવા માટે દોટ મૂકશે, તે દિવસે એઓ સમાજ ને ઘરને રસ્તે ભાગવા માંડશે એ હું જાણું છું એમના જીવનની બધી ભૂખ કાંઈ મટી ગઈ નથી હોતી. જીવનની ભૂખના માર્ગને રૂંધીને, અસ્વાભાવિક સંયમનું રૂપ ધારણ કરીને, મોહ અને પ્રેમનો વ્યવહાર સ્થગિત કરીને એ લોકોએ આ મહાતીર્થનો રસ્તો પકડયો છે. એ લોકો અહીં આવ્યા છે આત્મશુદ્ધિની આકાંક્ષાથી. મંદિરના ખૂણે ખૂણામાં જો જંજાળોનો ઢગલો જ જમા થયા કરતો હોય, તો પછી ત્યાં દેવતાનું આસન શી રીતે બિછાવી શકાય? જેઓ એક પછી એક તીર્થમાં ફરતા ફરે છે, તેઓ કેવળ આત્મવંચના કરતા હોય છે, તે દેવની પાછળ પાછળ દોડે છે, પણ દેવત્વને સ્પર્શ કરી શકતા નથી.

ધર્મશાળાનો રખેવાળ એક પંજાબી બ્રાહ્મણ હતો. ઠંડા પવનથી અમને જર્જરિત અને હેરાન થયેલા જોઈને, એ કોણ જાણે ક્યાંથી ઘણા બધા કામળા લઈ આવ્યો, એ વિનયી પણ બોલકણો હતો. એણે પાયજામો ને પહેરણ પહેરેલાં હતાં. યાત્રીઓ પાસેથી જે બેચાર આના મળે તેનાથી એ પોતાનું પેટિયું કાઢતો હતો. દૂધ પીને તમાકુ ખાઈને ગોપાળદા જરા સ્વસ્થ થઈને બેઠા. પછી એણે ધર્મચર્ચા કરી ને પછી થોડી દક્ષિણા લઈ ગયો. આખા દિવસના સખત તાપ પછી સાંજે ઠંડો પવન વાવા લાગ્યો તેથી, બધા થોડા થોડા સજીવ ને ઉત્સાહિત થઈ ગયા. ગોપાળદા દર પંદર મિનિટે એકવાર ચલમ પીવા લાગ્યા. બંધ ધર્મશાળાની બહાર વૈશાખી પૂર્ણિમાની ચાંદની છવાઈ ગઈ હતી. બરફ જેવી ઠંડી એકાંત રાત્રી હતી.

બીજે દિવસે વહેલી સવારે ઠંડીથી કાંપતાં કાપતાં અમે ભૂલકણા ચટ્ટીમાં આવી પહોંચ્યા. આકાશમાં વાદળાં જામ્યાં હતાં, વચ્ચે વચ્ચે વરસાદનાં ફોરાંઓ અમને સ્પર્શી જતાં હતાં. ક્યારેક ક્યારેક વિદીર્ણ મેઘની અંદરથી તડકાથી ઉજજવળ આકાશ હસી ઊઠતું હતું. રસ્તામાં ઘનઘોર વાદળ ચઢી આવવાથી વરસાદ તૂટી પડશે, એમ લાગતું હતું. ભૂલકણા વટાવીને અમે મોડે દૂર ગયા ત્યાં ખબર પડી કે ડાબે હાથે તુંગનાથનો રસ્તો છે. દક્ષિણ તરફને રસ્તે સીધું લાલસાંગા અથવા ચમોલી તરફનું ચઢાણ હતું. રસ્તામાં થોડા કાઠીવાળા દેખાયા. તુંગનાથને રસ્તે ભયાનક ચઢાઈ છે. મોટેભાગે ત્રિજુગીનારાયણ જેવો જ રસ્તો છે, જો કોઈ અહીંથી દર્શન કરી આવવા ઈચ્છે તો, અહીંથી કંડીઓ ભાડે મળતી હતી. અહીંથી અનેક લોકો દર્શને ગયા હતાં. કેટલાક પગપાળા ગયા, તો કેટલાક કંડીમાં. હિમાલયનાં ગણનાપાત્ર સ્થળ ચાર છે. બદરીનાથ, કેદારનાથ, ત્રિજુગીનાથ અને તુંગનાથ. તુંગનાથની ચોવીશ માઈલ ઉત્તરે માંધાતાક્ષેત્ર છે. યાત્રીઓ અહીં આકાશગંગામાં સ્નાન કરે છે. અહીંના જૂના મંદિરમાં એક જ પૂજારી છે. એકાંત, શાંત, ને કોઈ માણસ ન મળે એવું પર્વતનું શિખર છે, આસપાસ ક્યાંય ગામડું કે ચટ્ટીનું નામનિશાન નથી. એક તરફ એક સામાન્ય દુકાન ઊભી છે. તુંગનાથની ઉપર ઊભા રહેવાથી ઉત્તરમાં દૂર ધવલ તુષારમય હિમાલયનું નયનાભિરામ રૂપ દૃષ્ટિગોચર થાય છે. આવું અત્યંત સુંદર વૈચિત્ર્ય તુંગનાથ સિવાય બીજે કોઈ સ્થાનેથી આવી રીતે જોવાનું મળતું નથી, જાણે મહાયોગી કેદાર અને બદરીનાથની શ્વેતપુષ્પશૈયા, અને એના ચરણમાં શ્યામલશોભામયી મહાસતી હરિહરની સેવામાં ધ્યાનસ્થ થઈને જ બેઠી છે!

દક્ષિણનો રસ્તો તુંગનાથની કેડે વીંટળાઈને પૂર્વદિશાથી વળાંક લઈને પશ્ચિમદિશા તરફ જતો હતો. તુંગનાથનાં દર્શન કરીને આ જ રસ્તે ઊતરવું પડે છે. અહીંનો રસ્તો અરણ્યમય ને એકાંત છે, ચઢાઈ ને ઉતરાઈ પણ સામાન્ય છે, દરિયાનાં મોજાંની જેમ અમે ક્યારેક ઉપર ચઢતા ને ક્યારેક નીચે ઊતરતા, ઘણીવાર રસ્તો સમતલ પણ આવતો હતો. અહીં અત્યારે વસન્તઋતુ હતી, સૂકાયેલાં ખરેલાં પાંદડાંથી રસ્તો ઢંકાયેલો હતો. એકલો એકલો જ જંગલને રસ્તે હું ચાલતો હતો. ઉતરાણને રસ્તે હાંફ ચઢયો હોય ત્યારે

કળ વળતી હતી, પણ પગનું દર્દ પાછું હેરાન કરવા લાગતું હતું. દર્દ કોણ જાણે શરીરના કોઈ એક ભાગમાં લપાઈને બેઠું રહેતું, ને તક મળતાં જ પાછું પ્રગટ થતું હતું. પહાડોમાંથી સરસર કરતો વાસંતીવાયું સ્થાને સ્થાનેથી વહેતો હતો. આ વખતે ડાબી અને જમણી તરફ દૂર દૂર સુધી દૃષ્ટિ પહોંચી. આકાશનો વિશાળ ભાગ જ્યારે વિશેષ પ્રમાણમાં દેખાવા લાગ્યો ત્યારે ત્યારે અમને સમજાય કે અમે સારી પેઠે ઊંચે ચઢયા છીએ. બધી દિશામાં દૃષ્ટિના અંતરાય જાણે ખૂલી ગયા હતા. જીવનમાં પણ એવું જ બનતું હોય છે. જ્યારે મર્યાદિત ચેતનામાં આપણે રહેતા હોઈએ છીએ, ત્યારે આપણા મનનું આકાશ સંકુચિત, ને અલ્પ પરિઘવાળું હોય છે. મનુષ્ય જ્યારે ઉદારતા ને વિશાળતાના શિર પર ચઢીને ઊભો રહે છે, ત્યારે એના હૃદયનો અને દૃષ્ટિનો વિસ્તાર દેખાય છે. એની વ્યાપકતાનું ભાન થાય છે. જેઓ કેવળ પોતાના ઘરને લઈને જ વ્યસ્ત રહે છે તેઓ, સમાજ-બદ્ધ જીવો છે. એને છોડીને જેઓ ઊંચા સ્તર પર પહોંચે છે તેને આપણે દેશમાન્ય કહીએ છીએ, તેઓ રાષ્ટ્રપતિ છે. સમાજ અને રાષ્ટ્રની નિર્દિષ્ટ સીમા અતિક્રમીને જેઓ એથી પણ ઊંચે ઊઠે છે, તેને આપણે વિશ્વના કલ્યાણકારી મહામાનવ કે મહાત્મા કહીએ છીએ. કાવ્ય અને સાહિત્યમાં પણ એ જ પ્રકારનું છે. સુવિસ્તૃત કલ્પના, અનંત સૌંદર્યલોક. કથાને અતિક્રમીએ કે સૂર પ્રગટે, ને છન્દને અતિક્રમીએ કે વ્યંજના પ્રગટે. જ્યારે હું વાર્તા લખવા બેસું છું ત્યારે કેટલાંયે પાત્રો નજરની સામે આવીને ફરતાં હોય છે. એમની પોતાની ઈચ્છા હોય છે, તેમની ગતિ સહજ હોય છે. એઓ પોતે જ બનાવોને સરજે છે, ને પોતાનું ચરિત્ર પોતે જ દર્શાવે છે. પણ એકલા બનાવોથી કાંઈ નીપજે નહિ—એને સાહિત્યની સૃષ્ટિમાં ખેંચી લાવવાં જોઈએ. વાસ્તવિક જીવનમાં પણ આપણે કેટલાક વિચિત્ર પ્રસંગો બનતા જોઈએ છીએ, પણ એ બધા જ બનાવોનું સાહિત્યમાં સ્થાન હોતું નથી. પણ જે મહાન કલાકાર હોય છે, તેનામાં પસંદગી કરવાની આવડત ને સૂઝ હોય છે, એને પાત્રો ને ઘટનાઓની પર્ષે પણા કરવાની વિશિષ્ટ રીત હોય છે. જેઓ પાત્રસૃષ્ટિ નિર્માણ કરે છે તે દષ્ટા છે, ને જે રસની સૃષ્ટિ સર્જે છે, તે સ્રષ્ટા છે. કળાકાર દષ્ટા ને સ્રષ્ટા બન્ને એકીસાથે હોય છે. એના સ્પર્શથી સામાન્ય વસ્તુ અસામાન્ય બની જાય છે, એ આપણને લોકમાંથી લોકાતીતમાં, સંકીર્ણતામાંથી વ્યાપકતા તરફ, અને જીવનમાંથી મહાજીવન તરફ લઈ જાય છે.

પાંગરવાસા ચટ્ટી આગળ અમે આવી પહોંચ્યા. આ વખતે સૂર્યનો તડકો ઓછો ત્રાસદાયી હતો. આજે સવારથી જ આકાશ વાદળાંઓથી ઘેરાયેલું હતું. ઉપર અને નીચે જંગલોથી ભરેલો પર્વત હતો, એ જંગલમાંની ઊંડી ગુફાઓમાંથી નાનું એકાદું ઝરણું આમ તેમ વહી આવતું હતું. પાસે જ ક્યાં ય ઝરણું છે એવી અમને ખબર પડી જતી. ઝરણું પાસે હોય ત્યારે ગિરગિટી પક્ષીનો અવાજ અત્યંત પ્રખર બની જાય છે. હવે એવી ઠંડી નહોતી. સવારની ઠંડી બપોરના વસન્તમાં રૂપાંતરિત થઈ ગઈ હતી. આટલીવાર જોયું નહોતું, પણ હવે જોયું તો આખા શરીર પર માખીઓ બાઝી હતી. જેમ મધપૂડાને માખીઓ વળગે તેમ મારા શરીરને ઝૂંડનાં ઝૂંડ વળગ્યાં હતાં. ફૂંક મારવાથી માખીઓ દૂર ન થાય, એને તો હાથથી જ ઝાટકવી પડે. વચ્ચે વચ્ચે તો કોઈ ચટ્ટીમાં લાખો માખીઓનો એવો એક ગણગણાટ થતો હોય કે જો આપણે એને કાન માંડીને સાંભળીએ તો એ મીઠો જ લાગે, એક જ ઢબનો મધુર ઉદાસીન સૂર, રાતના અંધારામાં અર્ધજાગૃત તંદ્રાવસ્થામાં કાનની આગળ થતો મચ્છરનો ગણગણાટ જેણે સાંભળ્યો છે, તેમને ખબર છે, કે મન કેવું કરુણ કલ્પનાઓથી વિરાગી બની જાય છે.

ભોજન ને શયનથી પરવારી પાછો થેલો ખભે લઈને રસ્તો પકડયો. જોડા ફાટી ગયા હતા, રાંધતાં રાંધતાં બન્ને હાથને ઝાળ લાગવાથી એ કાળા પડી ગયા હતા. હાથ પર હવે વાળ નહોતા, વાસણ માંજીમાંજીને આંગળીઓનો રંગ બદલાઈ ગયો હતો. ને ખડબચડી બની ગઈ હતી. ગમે તેવું ખાવાથી શરીરમાંથી લોહી ઊડી ગયું હતું. જો બેઠો હોઉં તો ઊઠી શકાતું નહિ, ને ચાલતો હોઉં તો પછી બેસતાં દમ નીકળી જાય. રસ્તે આવીને યંત્રની જેમ હું ચાલતો હતો, રસ્તે આવ્યા કે બન્ને પગો આપમેળે જ યંત્રની જેમ ચાલવા લાગે. મારી પોતાની તરફ જોઈને હું આંસુ ભરેલી આંખે નિશ્વાસ નાંખતો, ઊંઘને લીધે મોઢામાંથી એક પ્રકારનો આર્તસ્વર નીકળતો હતો, અને મારો એ સ્વર સાંભળીને હું જ ચમકી ઊઠતો, ત્યારે મને સમજાતું કે મનુષ્યનો પીડિત આત્મા કેટલા કષ્ટથી માણસના શરીરમાં રહ્યાં જ કરતો હોય છે.

જંગલમાં જ ઉપરથી હું નીચે આવતો હતો. હજી સાંજને ઘણીવાર હતી, તો પણ ધીરે ધીરે અંધારાં ઊતરતાં હતાં. ખબર પડી કે આ પ્રદેશમાં ક્યારેક ક્યારેક હિંસક જાનવરોનો ઉપદ્રવ ખૂબ વધી જાય છે. અહીં સાપ પગલાના અવાજથી ભાગી જતો નથી, પણ ફેણ ઊંચી કરીને માણસની સામે તાકી રહે છે. એ ઝાડમાં ભમે, ને રસ્તાની બાજુએ જ ચાલે. અહીં ક્યારેક દાવાનળ સળગ્યો હશે, તેના કાળા ડાઘ અહીં લગભગ દરેક ઝાડ પર જણાય છે. અમે પણ ત્રાસ પામેલા હોવાથી ટોળામાં ચાલતા હતા. કોઈ જો આગળ જતો રહે, તો બે બાજુની જંગલની ભયાનકતા જોઈને, ગભરાઈને ઊભો રહે. કાંઈ આફત આવી પડી તો, ને માર્યા ગયા તો, એ દહેશતને લીધે કોઈ પાછળ પણ પડી જાય નહિ. ક્યાંક ક્યાંક રસ્તો લપસણો હતો, ક્યારેક રસ્તામાં ઝાડનાં ડાખળાં વગેરે પડયાં હતાં, ક્યાંક ક્યાંક ઝરણાંના મધુર વહેવાનો અવાજ સંભળાયા કરતો હતો. જોતજોતામાં તો આકાશ કાળાં વાદળાંઓથી છવાઈ ગયું. ગર્જના થવા લાગી. વિજળીના ચમકારા પણ થવા લાગ્યા, વજ્રપાતથી અહીં ધરતીમાં તરાડ પડતી, પથરા ગબડીને નીચે પડે, એ એક ભયાનક દૃશ્ય જોવા મળતું. જોત જોતામાં તો અંધારું વધારે જામ્યું, ને વરસાદ વરસવા લાગ્યો. હવે બીજો કાંઈ ઈલાજ નહોતો, વરસાદ પૂરો થાય તેની રાહ જોઈને ક્યાંક ઊભા તો રહી શકાય નહિ, આ ભયાનક જંગલમાં એક ક્ષણ પણ ક્યાંય આશરો લઈ શકાય નહિ. વરસાદથી ભીંજાઈએ તેનો કાંઈ વાંધો નહિ, પણ જો આ જંગલના સકંજામાંથી ભાગી છૂટાય તો ગંગ નાયા. ભયાર્ત દૃષ્ટિથી હું વારેવારે વૃક્ષની શાખાઓની અંદરથી આકાશ તરફ જોતો જોતો ચાલતો, શરીરમાં ઝણઝણાટી થતી હતી, ને પ્રતિક્ષણ મારાં રૂંવાડાં ઊભાં થઈ જતાં હતાં. વાંકોચૂંકો રસ્તો હતો, એક જણે વળાંક લીધો કે એ નજર આગળથી દૂર જાય. બધા પાસે પાસે જ હતા, છતાં પણ બધા ખોવાઈ ગયા હતા. અત્યાર સુધી તો અમે વાતો કરતા હતા, પણ રસ્તાની પાસે જ કાઈ જાનવરનું સૂકાયલું હાડપિંજર જોયું ત્યારથી મારા મોઢામાંથી તો એક પણ શબ્દ નીકળતો જ નહોતો. ક્યારેક ક્યારેક અંધારામાં પંખીનાં પાંખનો ફટફડાટનો અવાજ સંભળાતો. હવે ખરેખર સાંજ પડી ગઈ હતી. પવન ને વરસાદથી અમે એ અંધારામાં અટવાઈ ગયા હતા.

ચારુની મા ચાલતાં ચાલતાં એકાએક ઊભી રહી ગઈ, પેલી બ્રાહ્મણ ડોશી મજૂરોની ખાંધ પર કંડીમાં જતી હતી તેની તરફ જોઈ ભયભીત અવાજે બોલી : "તમને આવતી નથી મા ?"

બ્રાહ્મણ ડોશીએ ધીરે અવાજે પૂછયું, "શું મા ?"

ચારુની મા ચાલતાં ચાલતાં આમતેમ જોઈને બોલી : "કોઈ મુડદાંની વાસ ? અહીં પાસે જ ક્યાંક મુડદું પડયું લાગે છે."

"દુર્ગા ! દુર્ગા !—ઓ તુલશીરામ ચાલ ભાઈ આગળ" કહેતી કહેતી બ્રાહ્મણ ડોશી એકાએક હીબકાં ખાતી રડવા લાગી." "પંચાનનને કોઈ પણ રીતે સાથે લાવી શકી નહિ. મધુસૂદન ... નારાયણ."

તુલશીરામ એને લઈને આગળ ગયો ત્યાં એ હાડપિંજર જેવી, ઘડપણને લીધે ખખડી ગયેલી ચારુની મા, મારી પાસે આવીને હસતી હસતી કહેવા લાગી: "બામણ ડોશીને બીવડાવી મૂકી. બા'ઠાકુર, મરવાની આટલી બધી બીક ?" બોલતાં બોલતાં જેને મરણની બીક ન હતી તેવી એ ડોશી ખડખડ હસવા લાગી ..... "હું જો મરી જાઉં તો ચારુ છે, ... ને મેં બધું ચૂકવી દીધું છે, ... સરસ્વતી, ભાદુ, હાબતિ, ને બાકી બીજાં, ગાય, વાછરડાં ... રોજ ત્રીશ શેર દૂધ નીકળે, ને ચારુનું તો એક પેટ, એ અગિયાર વર્ષની હતી ત્યારથી જ વિધવા થઈ છે ... શું એનું નહિ પેટ ભરાય ... બા'ઠાકુર."

"જરૂર ભરાશે."

એ મુશ્કેલ રસ્તા પર ચાલતાં ચાલતાં કેટલી ય વાતો ચારુની માએ મને કરી. એના દૂધના ધંધાનો ઈતિહાસ; એના ભત્રીજાની વાત, એનું નેપાલના પશુપતિનાથનું ને સેતુબંધ રામેશ્વરનું સાહસ, કાંઈ કાનમાં ગયું નહિ, ફકત 'હું હાં' ... કર્યે રાખતો હતો. ચારુની મા કોઈ પણ વિપત્તિ કે દુ:ખથી ગભરાતી નહોતી.

જવા દો એ વાત. વરસાદ ઓછો થયો ને એની સાથે સાથે અનંતસમુદ્રમાં, રસ્તો ભૂલેલા નાવિકને જેમ અકસ્માતથી એકાદ બેટ નજરે પડે તેમ દૂર અંધારામાં એક દીવો બળતો જોઈને અમે ઉલ્લાસિત બની ગયાં. આજે તો મૃત્યુને અમે ઠગી શકયા. જંગલનો રસ્તો પૂરો થયો હતો. ચાલો બચી ગયા. ક્રમશ.

અનુવાદક : ડો. ચંદ્રકાંત મહેતા.

મૂળ બંગાલી : શ્રી પ્રબોધકુમાર સાન્યાલ

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ. મુંબઈ-૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ

Regd. No. MH. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૮ : અંક ૧૧

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ઑક્ટોબર ૧, ૧૯૬૬, શનિવાર
આફ્રિકા માટે શિલિંગ ૯

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

આ વખતની પર્યુષણ વ્યાખ્યાનમાળા

જણાવતાં આનંદ થાય છે કે તા. ૧-૯-૬૬ના પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ થયેલા આઠ દિવસના કાર્યક્રમ મુજબ આખી પર્યુષણ વ્યાખ્યાનમાળા સાંગોપાંગ પાર પડી છે. તે કાર્યક્રમમાં જણાવેલા પ્રત્યેક વ્યાખ્યાતાઓએ સમયસર ઉપસ્થિત થઈને પોતપોતાના વિષયનું અભ્યાસપૂર્ણ વિવેચન રજૂ કર્યું હતું અને આ વ્યાખ્યાનમાળાનો સભાઓનું પ્રમુખસ્થાન સેન્ટ ઝેવિયર્સ કોલેજના સંસ્કૃત ભાષાના અધ્યાપક શ્રી ગૌરીપ્રસાદ ઝાલાએ શોભાવ્યું હતું. આ વ્યાખ્યાનોની સમીક્ષા ઝાલાસાહેબ પ્રબુદ્ધ જીવનના આગામી અંકમાં કરશે. અહીં આ નોંધનો આશય પર્યુષણ વ્યાખ્યાનમાળાને લગતી મુખ્ય મુખ્ય હકીકતો રજૂ કરવાનો છે.

આ વ્યાખ્યાનમાળાના ચૌદ વક્તાઓમાંથી શ્રી ગગનવિહારી મહેતા, શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ, શ્રીમતી સૌદામિની મહેતા, શ્રીમતી મૃણાલિની દેસાઈ, શ્રીમતી હર્ષિદા પંડિત, શ્રી ઉષા મહેતા તથા શ્રી ઉછરંગરાય ઢેબર મુંબઈમાં વસતી સ્થાનિક વ્યક્તિઓ હતી, જ્યારે શ્રી એચ્. એમ. પટેલ આણંદથી, શ્રી ગોકુલભાઈ ભટ્ટ જયપુરથી, શ્રી અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ બીલીમોરાથી, શ્રી નવલભાઈ શાહ ગુંદીથી, ડો૰ એચ. એન. બેનરજી જયપુરથી, પૂજ્ય કાકાસાહેબ કાલેલકર દિલ્હીથી, તથા આચાર્ય રજનીશજી જબલપુરથી પધાર્યા હતા. આમારા ખાસ નિમંત્રણને માન આપીને આવેલા રાજસ્થાન યુનિવર્સિટીના ફેરેસાઈકોલોજીના અધ્યાપક ડો૰ બેનરજીએ અતીન્દ્રિય અનુભૂતિઓ ઉપર બે વ્યાખ્યાનો આપ્યાં હતાં, જેમાંનું પહેલું વ્યાખ્યાન મેન્ટલ ટેલીપથી–વૈચારિક સંક્રમણ–અને બીજું વ્યાખ્યાન પુનર્જન્મ ઉપર હતું. આ બધા વ્યાખ્યાતાઓ પ્રત્યે અમે ઊંડા આભારની લાગણી પ્રદર્શિત કરીએ છીએ.

પ્રત્યેક વ્યાખ્યાનસભાનો પ્રારંભ શ્રી માલિનીબહેન શાસ્ત્રીનાં ભજનોથી થયો હતો, સિવાય કે તા. ૧૪મીની સભામાં સંઘની કાર્યવાહક સમિતિના સભ્ય અને જૈન સમાજના જાણીતા આગેવાન શ્રી દુર્લભજી કેશવજી ખેતાણી ખાસ ઘાટકોપરથી આવ્યા હતા અને તેમણે સભાના પ્રારંભમાં ત્રણ ભજનો સંભળાવ્યા હતા અને તા. ૧૮મીની છેલ્લા દિવસની સભાનો પ્રારંભ શ્રી અજિત શેઠ તથા સૌ. નિરૂપમા શેઠના ભક્તિગીતોથી કરવામાં આવ્યો હતો. તેમણે તેમ જ પહેલા દિવસની સભાના બે વ્યાખ્યાનો પૂરાં થયા બાદ શ્રી નયનબહેન ભણશાળીએ અડધાથી પોણા કલાકનો ભક્તિગીતોનો કાર્યક્રમ રજૂ કરીને શ્રોતાસમુદાયના દિલનું મંગળ મનોરંજન કર્યું હતું. આ રીતે ગંભીર વિષયોના વિવેચનોમાં આગળ યા પાછળ મધુર-મર્મસ્પર્શી ગીતો યા ભજનોની પુરવણી કરવા બદલ માલિનીબહેન શાસ્ત્રીનો નયનબહેન ભણશાળીનો અને સંગીતયુગલ અજિત શેઠ તથા નિરૂપમાબહેનનો અમારો સંઘ ઋણી બન્યો છે.

આ વખતની પર્યુષણ વ્યાખ્યાનમાળાની ખાસ ધ્યાન ખેંચે એવી વિશેષતા એ હતી કે આજ સુધીની આગળની વ્યાખ્યાનસભાઓ બ્લેવાટ્સ્કી લૉજમાં અને પાછળની સભાઓ, ભારતીય વિદ્યાભવનમાં ભરવામાં આવતી હતી, જ્યારે આ વખતની આઠે દિવસની વ્યાખ્યાનસભાઓ ચોપાટી સીફેસ ઉપર થોડા સમય પહેલાં તૈયાર કરવામાં આવેલા બિરલા ક્રિડાકેન્દ્રના મુખ્ય વ્યાખ્યાનગૃહમાં ભરવામાં આવી હતી. આમ સ્થળાંતર થતાં અને જ્યાંથી બાજુએ આવેલા સાગરતટનાં અને થોડે દૂર આવેલી વાલકેશ્વરની ટેકરીનાં દર્શન થાય છે એવા ભવ્ય સ્થળમાં સભાઓ યોજાતાં આખી વ્યાખ્યાનમાળાની રોણક જ જાણે કે બદલાઈ ગઈ હોય એમ લાગતું હતું. શ્રોતાઓને સહજપણે વિશાળ વાતાવરણ પ્રાપ્ત થતું હતું. વ્યાખ્યાનગૃહમાં આશરે ૭૦૦ ખુરશીઓ છે, પણ સ્ટેઈજ -રંગમંચ-ઘણો વિશાળ છે અને એક બાજુ એ ઘણી વિશાળ ઓશરી છે, જ્યાં શ્રોતાઓની વધતી જતી ભીડને સમાવવાનું સરળ બને છે. પહેલો દિવસ રવિવારનો હોઈને શ્રોતાસમુદાય બહુ સારા પ્રમાણમાં ઉભરાયો હતો અને કેટલાંક ભાઈ-બહેનોને બાજુની ઓશરીનો આશ્રય લેવો પડ્યો હતો. બાકીના દિવસોમાં સભાગૃહ શ્રોતાઓથી ભરાયેલું રહ્યું હતું. છેલ્લા દિવસે આચાર્ય રજનીશજીનું વ્યાખ્યાન હતું અને તેમાં શ્રોતાઓની ઘણી મોટી ભીડ થશે એમ અમે કલ્પેલું હતું અને તે અંગે સ્ટેજ ઉપર, ઓશરીમાં તેમ જ પ્રવેશ વિભાગમાં ધ્વનિવર્ધક યંત્રની ગોઠવણ અમે મોટા પ્રમાણમાં કરી હતી. આમ છતાં પણ સભાગૃહ, રંગમંચ, તથા ઓશરીના ખૂણેખૂણા માણસોની મેદનીથી ભરચક ભરાઈ ચૂક્યા હતા અને સતત વહેતા માનવપ્રવાહને સમાવવો મુશ્કેલ થઈ પડ્યો હતો અને કેટલાક ભાઈ-બહેનોને નિરાશ થઈને પાછા જવું પડ્યું હતું. આજ સુધીની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં શ્રોતા ભાઈ-બહેનોની આટલી મોટી ભીડ અમે પહેલાં કદિ પણ અનુભવી નહોતી.

શરૂઆતના સાત દિવસની સભામાં શાન્તિ જાળવવાનું જરા પણ મુશ્કેલ બન્યુ નહોતું. સૌ કોઈ સગવડપૂર્વક બેસી શકે અને ધ્વનિવર્ધક યંત્રની પૂરી સગવડના કારણે સારી રીતે સાંભળી શકે એવી વ્યવસ્થા હોય ત્યારે શાન્તિ જાળવવાનો પ્રશ્ન ભાગ્યે જ ઉપસ્થિત થાય છે. પણ છેલ્લા દિવસની સભામાં શાન્તિ જાળવવાનો પ્રશ્ન અમારા માટે મોટી ચિન્તાનો વિષય બન્યો હતો. ખુરશીઓ તો ક્યારની ભરાઈ ચૂકી હતી, પણ જવા આવવાના રસ્તાઓ, ઓશરી, સ્ટેઈજ– બધું જ ખીચોખીચ ભરાયેલું અને કોક ઠેકાણે બે માણસો વચ્ચે જરા પણ ગરમ બોલાચાલી થાય તો શાન્તિનો ભંગ થતાં વાર ન લાગે અને સભાની વ્યવસ્થા તૂટી પડે એવો ભય લાગતો હતો. આમ છતાં અને બેઠેલા કે ઊભેલાં ભાઈ-બહેનો પારવિનાની અગવડ ભોગવતાં છતાં આખી સભા દરમિયાન એકસરખી શાંતિ જળવાઈ રહી હતી. આ અમારે મન એક ભારે આશ્ચર્યજનક અને અલબત્ત અતિ પ્રોત્સાહક ઘટના છે. આ માટે અમારે શ્રોતા-

સમુદાયનો અત્યંત આભાર માનવો ઘટે છે. પર્યુષણ વ્યાખ્યાનમાળા વર્ષોથી યોજાતી આવતી શ્રી મુંબઈ જૈન યુવક સંઘની એક વિશિષ્ટ અને પરંપરાભંજક પ્રવૃત્તિ છે. તેમાં ભાગ લેવા માટે આવતાં સંખ્યાબંધ ભાઈ-બહેનો કોઈ મનોરંજન માટે નથી આવતા, પણ કાંઈક નવું જાણવા–સમજવા–બાર મહિનાનું ભાતું બાંધવાના આશયથી આવે છે અને તેમના માટે આવી સભાઓમાં શિસ્ત જાળવવી–શાંતિ જાળવવી–એ સહજ અને સ્વાભાવિક બની ગયું છે. આચાર્ય રજનીશજીની સભા પણ ઉપર જણાવ્યું તે મુજબ સાંગોપાંગ શાન્તિપૂર્વક પાર પડી એ અમારા શ્રોતાઓના ગૌરવભર્યા વર્તન તથા સહકારના દ્યોતક છે. તેમના વિશેનો અમારો વિશ્વાસ આવા સુખદ અનુભવથી વધારે સુદૃઢ થાય છે.

અન્ય પ્રત્યેના આભારનિવેદન સાથે, આ વખતની વ્યાખ્યાનમાળાના પ્રમુખ પોતાનાં અનેક રોકાણોમાંથી સમય કાઢે છે, બધી સભાઓમાં હાજરી આપે છે, વ્યાખ્યાનના પ્રારંભમાં કે અન્તમાં દરેક વ્યાખ્યાનની જરૂરી છતાં મિતાક્ષરી આલોચના કરે છે, અને વ્યાખ્યાનમાળા પૂરી થયા બાદ સમય કાઢી આખી વ્યાખ્યાનમાળાની ચિન્તનપૂર્ણ આલોચના પ્રબુદ્ધ જીવન માટે લખી આપે છે–આ માટે ઝાલાસાહેબ પ્રત્યે અમે અમારા સંઘ વતી ઊંડી કૃતજ્ઞતાની લાગણી પ્રગટ કરીએ છીએ. જેઓ સાચા અર્થમાં બ્રાહ્મણ છે તેવા ઝાલાસાહેબ અમારી વ્યાખ્યાનમાળાને પ્રમુખ મળે એ અમારી વ્યાખ્યાનમાળા તથા અમારા સંઘનું ખરેખર એક મોટું સદ્‌ભાગ્ય છે.

અમારા સંઘને વિવિધ પ્રવૃત્તિઓના કારણે થતા ખર્ચનો બોજો હળવો કરવામાં આ અમારી પર્યુષણ વ્યાખ્યાનમાળા એક પ્રબળ નિમિત્ત બને છે. સંઘના મિત્રો, સ્વજનો, પ્રશંશકો પ્રત્યે અમારા સંઘના ફાળામાં યથાશક્તિ રકમ ભરવા અમે અપીલ કરીએ છીએ અને અમારી જરુરિયાતના પ્રમાણમાં મોટા ભાગે ફાળો પૂરો ભરાઈ જાય છે. આ વખતે પણ અમે રૂ. ૧૫,૦૦૦ની માગણી કરી છે. આજ સુધીમાં આશરે રૂ. ૧૦,૦૦૦ ભરાયા છે. હજુ ઘણા મિત્રો એવા છે કે જેમના તરફથી રકમ ભરાવી બાકી છે. તો અમે આશા રાખીએ છીએ કે અમારા આ લક્ષ્યાંકને પહોંચી વળવામાં અમને મુશ્કેલી નહિ આવે.

આ ફાળો ભરનારાઓનો તેમ જ આ ફાળો ભરવામાં મદદરૂપ બનનાર અનેક સાથીમિત્રોનો અમારે ખાસ આભાર માનવો ઘટે. આના અનુસંધાનમાં અમારે ખાસ ઉલ્લેખ કરવાનો છે અમો સર્વના મુરબ્બી માતુશ્રી તુલ્ય ૭૧ વર્ષની ઉમ્મરના વયોવૃદ્ધ પવિત્રમૂર્તિ શ્રીમતી ચંચળબહેન ટી. જી. શાહનો. તેઓ હંમેશા વ્યાખ્યાનસભા શરૂ થાય તેની અડધા કલાક પહેલાં સભાસ્થળે આવી પહોંચતા અને તેના પ્રવેશદ્વાર ઉપર 'ભાઈઓ ઝોળીમાં કાંઈ ને કાંઈ નાંખતા જાઓ' એમ કહેતાં કહેતાં ઝોળી લઈને લગભગ એક કલાક સુધી ઊભા રહેતા. છેલ્લા દિવસે સંઘની કાર્યવાહક સમિતિના સભ્યો શ્રી નીરુબહેન સુબોધભાઈ શાહ પણ ઝોળી લઈને ઊભા રહેલાં આ રીતે ઝોળીદ્વારા, અમને જણાવતાં આનંદ થાય છે કે, સંઘને રૂ. ૧૪૫૦ની પ્રાપ્તિ થઈ છે.

અહીં એ જણાવવું અસ્થાને નહિ ગણાય કે અમારા સંઘ માટે મોટા ફંડફાળા કરવાનો અમે કદિ વિચાર કર્યો નથી. સંઘની જે પ્રવૃત્તિઓ ચાલે છે–આ પર્યુષણ વ્યાખ્યાનમાળા, પ્રબુદ્ધ જીવન, શ્રી મણિલાલ ગોકળચંદ શાહ, સાર્વજનિક વાચનાલય-પુસ્તકાલય તથા વૈદ્યકીય રાહતપ્રદાન--આ પ્રવૃત્તિઓને બને તેટલી લિકસાવવી–આ અમારું લક્ષ્ય છે. પણ આ લક્ષ્યની પરિપૂર્તીનો આધાર તેને મળતાં આર્થિક સિંચન ઉપર રહેલો છે. પર્યુષણ વ્યાખ્યાનમાળા સમય જતાં આન્તરભારતીય સ્વરૂપ ધારણ કરે અને પ્રબુદ્ધ જીવન આજના વિચારપ્રવાહોને સમર્થપણે અભિવ્યક્ત કરતું અને આજની સમસ્યાઓ અંગે નિડર તેમ જ સત્યપરાયણ માર્ગદર્શન કરાવતું ગુજરાતી ભાષાનું મુખપત્ર બને–આવું અમારું સ્વપ્ન છે. આ સ્વપ્ન સિદ્ધ કરવા માટે અનેક દિશાના–અનેક પ્રકારના–સહકારની અપેક્ષા છે. આવો સહકાર, જો અમારામાં કાર્યનિષ્ઠા હશે તો, અમને સમયના વહેવા સાથે જરૂર સાંપડતો રહેશે એવી અમારી શ્રધ્ધા છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

અન્તિમ વ્યાખ્યાનસભાનું એક શબ્દચિત્ર

★

આ વખતની પર્યુષણ વ્યાખ્યાનમાળાના પ્રારંભદિવસ માફક વ્યાખ્યાનમાળાનો અન્તિમ દિવસ પણ રવિવાર જ હતો–ના, એ ફક્ત રવિવાર જ નહિ, પરંતુ પર્વાધિરાજ પર્યુષણની સંવત્સરિનો દિવસ હતો-ના, એ સંવત્સરિનો જ નહિ, પણ જેમણે ધર્મવિચારમાં ક્રાન્તિના બીજ રોપી–સિંહનાદ કરી–જ્યોતિશિખા પ્રગટાવી છે એવા આચાર્યવર શ્રી રજનીશજીના વ્યાખ્યાનનો દિવસ હતો. વહેલી સવારથી જ ચિન્તનયાત્રાના–જ્ઞાનયાત્રાના–આ ઉચ્ચત્તમ શિખરનાં દર્શન કરવા માનવમહેરામણ ઊમટી પડ્યો હતો. ઘડિયાળમાં હજુ તો આઠ પણ થયા નથી અને હોલની ખુરશીઓ, જવા આવવાનાં માર્ગો, સ્ટેજ અને સ્ટેજ બહાર-બધી જ જગ્યા ભરાઈ ગઈ. હજુ લોકો તો આવતા જ જતા હતા. કાર્યકરોની મૂંઝવણ વધતી જતી હતી, લાઉડસ્પીકરથી બને તેટલે દૂર દૂર અવાજ પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવી હતી, આમ છતાંય કેટલાય મિત્રો નિરાશ થયા, કેટલાંક પાછા પણ ગયા. સાડા આઠ થયા અને સંગીત યુગલ શ્રી અજિત શેઠ અને નિરૂપમા શેઠે બુલંદ અવાજે પ્રાર્થના શરૂ કરી અને અસ્વસ્થ વાતાવરણમાં સ્વસ્થતા આવી. વાતાવરણ સંગીતસભર બન્યું, સર્વત્ર શાંતિ પ્રસરી. એક પછી એક સુંદર ભજનો કર્ણમધુર હતા. બહાર દરિયો શાંત હતો, સૂરજ ઉપર ચડતો હતો, બગીચાનાં રંગબેરંગી પુષ્પો જાણે જીવનની તાઝગીનું દર્શન કરાવતા હતા. વખત વહેતો હતો. ઘડિયાળમાં સાડા નવ થાય છે અને ખલીલ જિબ્રાનના વ્યક્તિત્વસમા આચાર્યશ્રી રજનીશજીનો પ્રવેશ થાય છે વાતાવરણમાં ટાંચણી પડે તો ય સંભળાય એવી શાંતિ પ્રસરે છે–અને આચાર્યશ્રી રજનીશ એની અસ્ખલિત વાક્‌ધારા વહેતી મૂકે છે. આ ફક્ત વાકધારા જ નહિ પણ એક નવી વિચારધારા છે, અને સૌના હૃદયના તાર ઝણઝણી ઊઠે છે. "માણસને એનું નિજ વ્યક્તિત્વ છે–એ નિજ વ્યક્તિત્વને જ પ્રાપ્ત કરવાનું, છે, કોઈની પણ નકલ થવાનું નથી, ન એણે મહાવીર કે બુદ્ધ થવાનો પ્રયત્ન કરવો ઘટે. સત્ય અને પ્રેમનાં દ્વાર ઉપર જ પરમાત્મા છે. આ દ્વારને ધક્કો મારવાની જરૂર નથી. ફક્ત હાથ જ લગાડો-અરે હાથ લગાડવાની ય જરૂર નથી–આંખ ખોલીને એના તરફ જુઓ અને એ દ્વાર ખૂલી જશે"...શ્રોતાઓની આંખો આનંદના અશ્રુથી સજળ બને છે, હૃદય કૂણું બને છે, અને કહે છે સૌ કોઈ-- "હા, આજ સાચું છે. આવું જ અમે વરસોથી સાંભળવા ઝંખતા હતા-આજે અમને તૃપ્તિ થઈ-પરમ તૃપ્તિ થઈ."

અંતમાં રાષ્ટ્રગીત ગવાય છે અને પ્રસન્ન વાતાવરણમાં સૌ વિખરાય છે.

આલેખક : **ચીમનલાલ જે. શાહ**

ક્ષમાપના

પર્યુષણ પર્વનો અંતિમ દિવસ - સાંવત્સરિક પર્વના રોજ જૈનો સર્વ જીવો પ્રત્યે ક્ષમાભાવ દાખવે છે અને ક્ષમાપ્રદાન કરે છે. આ ભાવના નીચે આપેલા ચાર શ્લોકોમાં વ્યકત કરવામાં આવી છે:

खमिअ खमाविअ मइ, खमह सव्वह जीव-निकाय ।
सिद्धह साख आलोयण मज्झ (न) वइए न भाव ।।

હે જીવ-સમૂહ! તમે સર્વે ખમત ખામણાં કરીને મારા પર ક્ષમા કરો. હું સિદ્ધોની સાક્ષીએ આલોચના કરું છું કે, મારે કોઈ પણ જીવ સાથે વૈરભાવ નથી.

सव्वे जीवा कम्म वस, चउदह राज भमंत ।
ते मे सव्व खमाविआ, मज्झ वि तेह खमंत ।।

સર્વે જીવો કર્મવશ હોઈને ચૌદ રાજલોકમાં ભ્રમણ કરે છે, તે સર્વેને મેં ખમાવ્યા છે, તેઓ મને પણ ક્ષમા કરો.

जंजं मणेण बद्धं, जंजं बायाइ भासिअं पावं ।
जंजं काएण कयं, मिच्छामि दुक्कडं तस्स ।।

મેં જે કંઈ પાપ મન, વચન અને કાયાથી બાંધ્યું હોય તે મિથ્યા થાઓ.

खामेमि सव्व जीवा, सव्वे जीवा खमन्तु मे ।
मिति मे सव्वभूएसु, वेरं मज्झ न केणइ ।।

સર્વે જીવોને હું ખમાવું છું. સર્વ જીવો મને ખમાવો. સર્વ ભૂતમાં મને મૈત્રી છે, કોઈ સાથે પણ મને વૈર નથી.

શ્રી વિમલાબહેન ઠકારનું પ્રવચન

(ગતાંકથી ચાલુ)

['પ્રબુદ્ધ જીવન'ના ગતાંકમાં પ્રગટ થયેલ શ્રી. વિમલાબહેનના પ્રવચનનો શેષભાગ અહિં નીચે પ્રગટ કરવામાં આવે છે. આ સાથે જણાવતાં આનંદ થાય છે કે વિમલાબહેન જાહેર જીવનમાં પુનઃ પ્રવેશ કરી રહ્યા છે. તેઓ ૧૯ ઑક્ટોબરથી ૮ નવેમ્બર સુધી ગુજરાત તેમ જ કચ્છમાં પ્રવાસ કરશે અને મતદાતા શિક્ષણ, લોકશાહીનું સંરક્ષણ અને વિકાસમાં નાગરિકનું કર્તવ્ય વગેરે લોકનીતિ અંગેના વિષયો ઉપર, નક્કી થયેલા કાર્યક્રમ મુજબ, ભિન્ન ભિન્ન સ્થળોએ, તેઓ ચર્ચાવાર્તાલાપ કરશે. ત્યાર બાદ રાજસ્થાનમાં પ્રવાસ કરશે. આના અનુસંધાનમાં વિશેષ જણાવવાનું કે એક પ્રાન્તીય સ્તર ઉપર નિષ્પક્ષી વિચારકોની એક પરિષદ નવેમ્બરની મધ્યમાં શ્રી સિદ્ધરાજ ઢઢ્ઢા આયોજિત કરી રહ્યા છે. તે પરિષદ પતાવીને તેઓ આબુ જશે અને ડીસેમ્બર ૧થી ૧૦ સુધી તેઓ મુંબઈ આવીને રહેશે. તંત્રી)

પહેલી જે વાત શ્રી પરમાનંદભાઈએ આપની સમક્ષ રજુ કરી હતી કે આજની દુનિયાની પરિસ્થિતિના સંદર્ભમાં ભારતની ખાસ કરીને રાજકારણી પરિસ્થિતિને હું શી રીતે સમજું છું તે અંગે મારે વિવેચન કરવું, તે બાબત મેં અહિં સંક્ષિપ્તમાં આપની સમક્ષ રજુ કરી છે. આ સાંભળીને આપ કદાચ પ્રશ્ન કરશો કે એ બધી સમસ્યાઓ આપના ધ્યાનમાં હતી તો આપે શું કર્યું? મારાં તો પ્રવચનો યુરોપમાં થતાં હતાં. તે સિવાય જે કાંઈ કામ મેં કર્યું તે આપને ટૂંકાણમાં જણાવું.

મને બરાબર લાગી રહ્યું છે અને એ હું માનું છું કે, વિનોબાજી અને એમના ગ્રામદાન આંદોલનનો મારા વૈચારિક જીવનમાં ઘણો ફાળો છે. એમણે શીખવ્યું કે, ભારતની આર્થિક સમસ્યા, જ્યાં સુધી ખેતી અને ખેડૂતની સમસ્યાઓ હલ ના થાય ત્યાં સુધી ઉકેલાશે નહીં. આ મૂળભૂત દર્શન એમણે મને કરાવ્યું છે અને તેથી ભારતના કિસાનને કેવા પ્રકારની મદદ જોઈએ એના પર મારું બરાબર ચિન્તન સતત ચાલતું રહ્યું છે. આના અનુસંધાનમાં 'હું' અહિં જે કહીશ તે, 'આ મેં કર્યું' એમ કહેવું પડશે. આ રીતે 'હું'નો મારે ઉપયોગ કરવો પડશે. આ માટે મને ક્ષમા કરશો અને જે થયું છે એને ધ્યાનમાં રાખશો. યુરોપમાં ખેતીવિષયક યંત્રો બનાવવાની એક મોટી ફેક્ટરી છે. તેનું નામ 'ફીકાનો' છે. એના ડાયરેકટર સાથે મારે વાત થઈ. મેં કહ્યું કે ભાઈ, ભારતના ખેડૂત માટે આ તમારાં મોટાંમોટાં ટ્રેક્ટરો, અને કંપાઉન્ડ હાર્વેસ્ટરો કામનાં નથી. આપ મદદ તરીકે મફતમાં આપી પણ દો, પણ એનો સ્ક્રૂ નીકળતાં એને બદલી પણ ન શકાય. વિકેન્દ્રિત પદ્ધતિથી ખેડતને મદદ કરવી હોય તો નાનાં નાનાં સાધનો બનાવવાં જોઈએ. આના માટેની વર્કશોપ પણ ગામડામાં ઊભી થવી જોઈએ. જ્યાં એમને તાલીમ મળી શકે. આપ લોક એમાં કાંઈક મદદ કરવા માગતા હો તો વાતો કરીએ. ત્યાં એમની કંપનીના બધા જ ડાયરેકટરો અને સંચાલકોની કમિટીએ મારી સાથે બેસીને બે અઢી કલાક વાત કરી અને એ વસ્તુ મંજૂર થઈ કે, ભારતમાં જો ચાર જગ્યાએ એમને પ્રોજેક્ટ કરવાની સંમતિ મળે, તો ત્યાં એ રીતના પ્રોજેક્ટ બનાવવા તેઓ તૈયાર છે. આ પ્રોજેક્ટ અનુસાર ત્યાં એમના ઈજનેરો આવશે. મેં વિચાર્યું છે કે, ગ્રામદાન આંદોલનને, સર્વ સેવા સંઘને, સર્વોદય સમાજને કહું કે, તેઓ કેટલાક જુવાનોને આ પ્રોજેક્ટમાં જોડાવા માટે મોકલવાનું સૂચવે કે જેથી તેમને પણ તાલીમ મળે. એમણે એક દોઢ વર્ષ અભ્યાસ કરીને જે સાધનો બનાવ્યા હતાં તેને પણ હું જોઈ આવી છું. એમાંથી કાંઈ ત્રણ ચાર સાધન હું સમજી શકી અને એના વિષે હું માહિતી લાવી છું. રાજસ્થાનમાં કે જ્યાં હું રહું છું, ત્યાંની સરકાર સાથે, ગુજરાતની સરકાર સાથે, સર્વ સેવા સંઘના નેતાઓ સાથે વાતચીત થશે. સપ્ટેમ્બરમાં એમના પ્રતિનિધિઓ આવવાના છે. તો આ એક નાની શી વાત થશે. ભારતનાં ચાર ખૂણામાં સો સો એકરનાં ખેતરો બનાવાશે. કેટલાંક યુવકો ત્યાં ઓજારો બનાવવાનું શીખશે, અને પછી ગામડામાં બનાવશે.

બીજી વાત ત્યાં એ જોઈ કે ઈઝરાઈલમાં જેવી રીતે રેતાળ જમીનને એ લોકોએ ખેડવાને લાયક બનાવી છે એવી રીતે હોલેન્ડમાં સમુદ્રમાંથી જમીન મેળવીને ખેતીને લાયક બનાવીને ત્યાં લોકો ખેતી કરે છે. નેધરલેન્ડ સોઈલ સોસાયટીના પ્રતિનિધિ રાજસ્થાનની સરકાર સાથે વાત કરવાના છે. આશા છે કે, એક નમૂનો ત્યાં સર્જાય. હવે પછીના દસ વર્ષમાં આ એક સમસ્યા હલ કરવાની દિશામાં આપણાં પગલાં આગળ વધી શકે તેમ છે.

નોર્વે ગઈ હતી. આપ જાણો છો કે, ઈન્ડો-નોર્વેજીયન ફીશીંગ પ્રોજેક્ટ કેરલમાં લગભગ ૧૯૫૬થી કામ કરતી આવી છે અને એક મોટા પાયા પર આ યોજનાનું કામ થઈ રહ્યું છે. મારી ઈચ્છા હતી કે, જે ગામડામાં ગ્રામદાન થયા છે અને જે પશ્ચિમ અને પૂર્વનાં કિનારા ઉપર આવેલાં છે તે ગામડાઓમાં નાના પાયા ઉપર આ બાબત અંગે શાસ્ત્રીય શિક્ષણ આપી શકાય. આપણા રાજદૂત અપ્પાસાહેબ પંત ત્યાં હતા. આજ સુધીમાં મારા ભ્રમણમાં મેં ભારતના આવા રાજદૂત જોયા નથી. ખરેખર ભારતનું પ્રતિનિધિત્વ રજુ કરી શકે એવી વ્યકિતનાં અપ્પાસાહેબમાં મને દર્શન થયાં. ભારતની સમસ્યાઓ માટે તેમની લગની જોઈ, તેમનું ચિંતન જોયું, અધ્યયન જોયું. એમણે મને પૂરતી મદદ કરી. મારી સાથે ફરતા રહ્યા. નોર્વેનું જે ફેડરેશન છે તે કદાચ આ દિશામાં કોઈક પગલાં ભરશે એવું લાગે છે.

ચોથી વાત મારા મનમાં હતી કે જલ્દીમાં જલ્દી ગામડામાં પીવાના પાણીની વ્યવસ્થા થવી જોઈએ, કૂવા બનાવવા જોઈએ. કૂવા બનાવવા હોય, ટ્યુબવેલ કરવા હોય તો બોરીંગ મશીન ક્યાંથી લાવીએ? જ્યાં જ્યાં હું ગઈ છું ત્યાં ત્યાંના લોકોએ પૂછ્યું કે ભારતને શી મદદ કરીએ? મેં કહ્યું કે, 'ભારતને એક પાઈ પણ ના આપશો.' પૂછ્યું 'શા માટે?' મેં કહ્યું, 'નહિં, ભૂખ્યા લોકોના હાથમાં પૈસો જાય છે તો દુઃખ અને ભ્રષ્ટાચારનાં બીજ વવાય છે. ભારત સરકાર પૈસા માંગે તો પણ નહિ આપવા. ટેકનીશયનો મોકલો, મશીનરી જોઈએ તો મશીનરી મોકલો, મશીનરીનો ઉપયોગ શી રીતે કરવો તે શીખવવા માણસો મોકલો. મનુષ્યશકિત મોકલો. જે નિષ્ણાતો હોય તેમને મોકલો, પણ પૈસા ન મોકલો.' એ લોકોને ભારે આશ્ચર્ય થતું હતું. મેં કહ્યું, 'મેં જોઈ લીધું છે કે, પૈસા માણસની વૃત્તિ, શકિત અને પ્રેરણાને નષ્ટ કરે છે. તે કારણે માણસો જેવા ને તેવા નિષ્ક્રિય બેસી રહે છે. ઈચ્છા વધે છે. આકાંક્ષા વધે છે પરંતુ લોકોની વિચારવાની શકિત વધતી નથી, જવાબદારીનું ભાન વધતું નથી.' મેં કહ્યું, 'આફ્રિકા અને એશિયામાં પૈસા જેટલી સરળતાથી આવે છે તેટલો એ ભૂખ્યા દેશમાં ભ્રષ્ટાચાર વધશે, આર્થિક વિષમતા વધશે.'

વાત તો કડવી લાગે છે અને મારે કહેવું છે પણ ટૂંકમાં, પરંતુ સાચું કહું છું કે, આ દેશની જનતા અને સરકાર જે દિવસે ઓળખશે કે આપણી પાસે જે મનુષ્યબળ અને પશુબળ છે તે આપણી તાકાત છે, આપણી શકિત છે, તે આપણી કમજોરી નથી, ત્યારે એવો દિવસ આવશે કે જ્યારે આપણી આર્થિક યોજના પૈસા ઉપર નહિ મનુષ્યબળ ઉપર આધારિત થશે. એ નવો દૃષ્ટિકોણ જે દિવસે પ્લાનીંગ કમિશનમાં આવશે તે દિવસે હું સમજીશ કે ભારતની સમસ્યા ઉકેલવાનો સાચો રસ્તો આપણને મળ્યો છે. બીજા દેશો પાસે ભીખ માંગવામાં જ્યાં સુધી ગૌરવ માનવામાં આવે છે, કેટલી ભીખ હું માંગી લાવી છું અને કેટલી ભીખ તમે માંગી લાવ્યા તેના ઉપર જ દેશ પ્રત્યેની સેવાનું મૂલ્યાંકન થાય છે, ત્યાં સુધી સ્વાભિમાન, સ્વમાન

આ દેશમાં કોઈ દિવસ જાગશે નહિ. દેશ એ ભીખારીનો દેશ કહેવાશે, એમ કહેવાનું જ છે.

હવે આ કોણ કહે? જનતા કહે કે, "અમારે આવી મોટી મોટી યોજનાઓ નથી જોઈતી, અમારા મનુષ્યબળનો ઉપયોગ થવો જોઈએ. અમારે નાના પાયા ઉપર નાના નાના યંત્રો જોઈએ, જે અમારો ખેડૂત પણ વાપરી શકે. બહુ જ થોડા શિક્ષણમાં અમારે આવી જાતની યોજનાઓ જોઈએ છીએ." જ્યાં સુધી નાગરિક આ અવાજ જોર-શોરથી નહિ ઉપાડે, કોઈ પણ રાજનૈતિક પક્ષમાં પોતાનું સ્થાપિત હિત નથી એવો નાગરિક જ્યાં સુધી પોતાનો અવાજ ના ઉઠાવે ત્યાં સુધી આ બધું આમ જ ચાલવાનું છે. હું આજે નાગરિકોને અપીલ કરવા આવી છું કે, ભાઈ આપનામાં મનુષ્યનું જે બળ છે તેનો વિનિયોગ થવો જોઈએ. હિમત કરીને એનો ઉપયોગ તમારે અને મારે કરવો જોઈએ. એક વાત વધુ કહું. આ તો ઉન્મુકત સહચિંતન છે, તો એક વાત જે મારા મનમાં આવે છે તે કહી દઉં. વાત મનમાં એવી આવે છે કે, મતદાન સંબંધે નાગરિકના જે અધિકાર છે તે અધિકારનો ઉચિત ઉપયોગ આપણે કરવો રહ્યો. સજાગ થઈને, સાવધાન થઈને એનો ઉપયોગ કરવો જોઈએ. ખબર નથી કે પાંચ વર્ષ પછી લોકશાહી ચૂંટણી આ દેશમાં થશે કે નહીં? ઘણી તકો મળી. હજુ પણ પાંચ વર્ષની એક વધારે તક આપણને મળે છે. આ દેશમાં જે લોકશાહી છે તે હજુ કાગળ ઉપર છે. વ્યવહારમાં કેટલું છે એ તો આપણે બધા જાણીએ છીએ. પરંતુ જે કાંઈ બચ્યું છે તે હવે પછીનાં વર્ષોમાં બચશે કે નહીં એ કહેવું મુશ્કેલ છે. આવી સલાહ આપનામાં નિરાશા પેદા કરવા માટે હું નથી આપતી, પણ વસ્તુસ્થિતિ આ છે. લોકશાહી સંસ્થાઓ જેટલી છે તેમાંથી એક પણ સંસ્થામાં કોઈને શ્રદ્ધા નથી. આપ જાણો છો કે બંગાળની વિધાનસભા હોય કે ઉત્તર પ્રદેશની. બીજી વિધાન સભાઓની વાત દૂર રહી. આપ આ સભામાં જુઓ શું વ્યવહાર ચાલે છે? વારંવાર માર્શલને બોલા-વીને સભ્યોને ઉઠાવીને બહાર લઈ જવા પડે છે. એ લોકશાહીની હાંસી છે, એ લોકશાહી સંસ્થાઓની હાંસી છે. બધી પ્રતિષ્ઠા પૂરી થઈ ગઈ છે. આથી અંદેશો રહે છે કે, ફરી અવસર મળવાનો છે કે નહીં. પરંતુ હાલ એક તક ૧૯૬૭માં આવવાની છે. આ અવસરનો ઉપયોગ દેશના નાગરિકો કેવી રીતે કરશે? રાજનૈતિક પક્ષ કેવી રીતે કરશે? એ એક સર્વવિદિત છૂપી વાત છે કે ચૂંટણીમાં વિજય મેળ-વવા માટે બધાં પ્રકારનાં સાધનો વાપરવામાં આવશે. એમાં કોઈ પણ વિવેક રાખનાર નથી. બધાં પ્રકારનાં સાધનોનો ઉપયોગ થશે.

હવે એ તમારે અને મારે જોવું જોઈએ કે જે વ્યકિતને આપણે મત આપશું તે લોકસભામાં મોકલવા યોગ્ય છે કે નહીં. વિધાનસભામાં મોકલવા યોગ્ય છે કે નહીં? જ્ઞાતિના નામે એની પાત્રતા ન ગણવી જોઈએ, ધર્મના નામે તેની પાત્રતા ન ગણવી જોઈએ, સંપત્તિના નામે પણ એની પાત્રતાનું માપ ન રાખવું જોઈએ અને આ હું ખૂબ જવાબદારી સાથે કહી રહી છું. હું જાણું છું કે સવાલ ઉઠાવવામાં આવશે કે પક્ષના નામે જો નહીં ચૂંટશું તો ટીમ કેવી રીતે બનશે? કામ કેવી રીતે થશે? સવાલોના જવાબ તો હોઈ શકે છે. પણ લાયક વ્યકિતઓને ચૂંટવાથી જે પરિસ્થિતિ નિર્માણ થશે તે આજની પરિસ્થિતિ કરતાં ખરાબ નહીં હોઈ શકે. આજે જે દશામાં રાજનૈતિક વાતાવરણ પહોંચી ગયું છે એનાથી વધુ ખરાબ હાલત કઈ પેદા થવાની છે? અરાજકતાની વાત કોઈ કરે છે તો આ દેશમાં અરાજકતા કયાં નથી? શિક્ષણના ક્ષેત્રમાં નથી? જઈને જૂઓ કે બનારસ યુનિવર્સિટીમાં શું ચાલી રહ્યું છે? રાજનૈતિક ક્ષેત્રમાં નથી? આર્થિક ક્ષેત્રમાં નથી? કયાં નથી? અરાજકતામાં તો આપણે રહીએ જ છીએ. આનાથી બૂરી દશા બીજી કઈ કઈ હશે? આથી કોઈ 'પીપલ્સ નેશનલ ફોરમ" બનાવવું જોઈએ. એક "પીપલ્સ નેશનલ ફોરમ" બને. જે જવાબદાર વ્યકિતઓ છે જેવી કે હાઈ-કોર્ટના ચીફ જસ્ટીસ, યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર, વિચારક-સાહિત્યકાર વગેરે લોકોએ એક મંચ ઉપરથી લોકોને અપીલ કરવી જોઈએ કે ભાઈઓ તમે ન્યાતજાત, ધર્મસંપ્રદાય અથવા પક્ષના નામે મત ના દેશો. લોકશાહીનો જે ઢાંચો બચ્યો છે, તેને બચાવવાની જવાબદારી આપણી પોતાની છે, પક્ષની નહીં.

સરકારને આમ કહેવાવાળા નાગરિક ઊભા થવા જોઈએ અને એક મંચ ઉપરથી એમણે બોલવું જોઈએ. દેશમાં ચૂંટણીના ૪-૫ મહિના પહેલાં જો આ હવા તૈયાર થાય તો સંભવ છે કે નાગરિકોને આજે પણ પોતાની જવાબદારીનું ભાન થાય. પછી તેને પૈસાનો મોહ કે દંડાનો ભય આ રસ્તા પરથી હઠાવી નહીં શકે.

હવે તમે પૂછશો કે "એ દેશોમાં જઈને આપ શું કહો છો?" યુરોપવાસી મને પૂછે છે કે "ભારતમાં આપ જાઓ છો ત્યારે મનના મનોવૈજ્ઞાનિક રેવોલ્યુશન ઉપર આપ બોલો છો ખરા?" મેં કહ્યું કે "ના, ત્યાં હું આ વિષય ઉપર નથી બોલતી." તેઓ પૂછે છે કે "શા માટે નથી બોલતા?" મેં કહ્યું કે, "આફ્રિકા અને એશિયાની સામે સવાલ છે જીવવાનો, ખાવાનો, કપડાં પહેરવાનો. જેઓ નાગાં છે, ભૂખ્યાં છે તેમની સામે અધ્યાત્મની હું શું વાત કરું? જેને સાંજનું ભોજન શું મળશે, કાલે ભોજન મળશે કે નહીં એની ફિકર છે, જેને ભૂખના કારણે પોતાનો છોકરો એક સીલીંગ ચાર પેન્સમાં વેચવો પડે છે એની સામે હું આધ્યાત્મિક શું બોલું?" મેં કહ્યું કે "આ બધી યુરોપીયનોની દેણ છે. આફ્રિકા અને એશિયાના દેશોમાં આજે ભૂખ ભરેલી છે, આજે તંગી છે, એ જે લોકોએ ત્યાં કોલોનીઓ બનાવ્યાં તેમની દેણ છે. આપની ઔદ્યોગિક ક્રાંતિ અને સમૃદ્ધ એશિયાના અને આફ્રિકાના લોકોને ભોગે મળી છે. તો અધ્યાત્મ આપે સમજવું જોઈએ."

હું જાણું છું કે માનવમનના ટુકડા થઈ ગયા છે અને જ્યાં સુધી મન ભગ્ન છે ત્યાં સુધી માનવીય સમાજ આગળ પગલાં ભરી નહીં શકે. આથી યુરોપમાં આ વાત હું કહું છું. હું તેમને કહું છું કે "આ માનવીય મન છે. તેને લઈને દુનિયાના સવાલો ઉકેલવા જશો તો ઉકલવાના નથી. એને ઓળખવું એ આત્મદર્શનનો પ્રારંભ છે. તો ભાઈઓ! તમે લોકોએ સાયન્સ અને ટેકનોલોજીમાં ઘણો વિકાસ કર્યો છે. સુખસગવડનાં સાધનો મેળવ્યાં છે, હવે તમારે ખાવા-પીવાની ચિંતા નથી. રાજનૈતિક અને આર્થિક સંરક્ષણ છે. હવે વિચારો તો ખરા કે તમારા માનવશરીરમાં મન છે તે મનુષ્યનું કે વાનરનું? શિયાળનું છે કે શિયાળનું? મતલબ કે આપ આકારમાં મનુષ્ય તો છો પણ આશયથી મનુષ્ય છો કે નહીં એ તો વિચારો." આ વાત કહેવા માટે ત્યાં જાઉં છું, ત્યાં કહેવી પડે છે માનસશાસ્ત્રની આંતરરાષ્ટ્રીય સંશોધન સંસ્થા સમક્ષ, ફિલોસોફીની સંશોધન સંસ્થા સમક્ષ. દરેક દેશમાં જ્યાં હું જાઉં છું ત્યાં હું કહું છું કે, જુઓ, આ મન અથવા બુદ્ધિ જે છે તે એક યંત્ર છે. જેવી રીતે શરીર યંત્ર છે તેવી રીતે મન યંત્ર છે. એના આપણે ગુલામ બન્યા છીએ. એની ગુલામીથી મુકત થવું એ જ માનવતા છે. મનની ગુલામીથી જે મુકત થાય તે ખરા માનવ કહેવાય. તો માનવી કેવો રીતે બનાય? તો એ વિચાર જુદી જુદી રીતે મૂકવો પડે છે. ચેતન મન શું છે? અચેતન અને ચેતનનો શો સંબંધ છે? માણસોએ આજ સુધી જે જ્ઞાન પ્રાપ્ત કર્યું, અનુભૂતિ પ્રાપ્ત કરી, એનો સાર અચેતન મનમાં કેવી રીતે પડયો છે, જ્ઞાનના, અનુભૂતિના આધારથી અચેતન મન શી રીતે ચેતન મનને કાબુમાં રાખે છે, ચેતન મનની ક્રિયા પર નિયંત્રણ કરે છે એ સમજો. વિચાર, ભાવના, પ્રતિ-ક્રિયાઓ એ યાંત્રિક કર્મ છે. એને આપ કહો છો મારો વિચાર, મારી ભાવના, મારી પ્રતિક્રિયા. એમાં ગૌરવ પણ માનો છો. તો પ્રતિક્રિયાઓ નથી મારી, નથી તમારી. એ તો સામૂહિક સંયોજનનું પરિણામ છે."

યુરોપમાં એ જ્ઞાન કરાવવું પડે છે કે મન એક યંત્ર છે, મન અને બુદ્ધિથી પર માનવતા છે; અને એ સમજવા માટે જિજ્ઞાસુ લોકો આવે છે. વિચાર પણ કરે છે. ૫૦ મિનિટમાં આપણે એ જોયું કે દુનિયાની નજરમાં ભારત કેવો દેખાય છે. એ જોયું કે ભારતની સમશ્યાઓમાં મુખ્ય સમશ્યા કઈ છે. આપણે જોયું કે જનતા જ્યાં તંદ્રા, જડતા, નિષ્ક્રિયતામાં ફસાઈ જાય છે ત્યાં સરકાર બદલવાથી, નેતા બદલવાથી દેશનું ઉત્થાન નહીં થઈ શકે. અનું જેટલી વખત પુનઃ ઉચ્ચારણ કરું એટલું ઓછું છે. ઉઠેલા, જાગેલા નાગરિકોને કહેવાનું છે કે આ નાગરિક સંગઠન કેવી રીતે થઈ શકે? 'પીપલ્સ નેશનલ ફોરમ' થઈ શકે છે. આપણા અવાજને કેવી રીતે બુલંદ કરીએ એ તો યોજના ઘડવાનો સવાલ છે. કરવું હોય તો કંઈ અશકય નથી. પરંતુ એ નહીં થાય તો મને બીજો રસ્તો દેખાતો નથી.

સમાપ્ત : વિમલાબહેન ઠકાર

પશુસંવર્ધન અને ડેરી નિષ્ણાતોનો મતિભ્રમ

જ્યારથી રૂપિયાની કિંમતમાં ઘટાડો થયો છે, ત્યારથી સરકાર અને સરકારી નિષ્ણાતોએ ભારતમાં જાનવરોની સંખ્યા અધિક હોઈ તેની કતલ કરી, ગોમાંસની નિકાસ દ્વારા વધારે એકક્ષ્ચેંજ કમાવાના તથા રૂપિયાની કિંમત ઘટવાને કારણે વિદેશોનું દોઢું થયેલું કરજ ફેડવા માટેની પૂર્વભૂમિકા સરજવાના પ્રયાસો ચાલુ કર્યા છે. પ્લાનીંગ કમિશન અને પ્રધાનો નિકાસ વધારવાની મોઘમ વાતો કરે છે, પણ તેના સંદર્ભમાં કતલ વધારી, કતલ થયેલાં જનાવરોનાં માંસ અને અન્ય અંગઉપાંગોની નિકાસની તત્પરતા રહેલી છે. અહિંસામાં માનનાર જનતાએ અને પશુધન પર દેશની ખેતીનો આધાર હોવાનું માનનાર નેતાઓએ જાગૃત રહી, પ્રસરી રહેલી ભારત–હિત–વિરોધી વિચાર-ધારાને જડમૂળમાંથી ઉખેડી નાખવાનાં પ્રયત્નો આજથી જ કરવાં પડશે.

રૂપિયાની કિંમત ઘટાડવાની પાછળ પણ વિદેશી રાષ્ટ્રોના–વિદેશી સહાયતાના ટુકડા ફેંકી ભારતને આર્થિક ક્ષેત્રે પરાધીન બનાવવાના–કાવતરાને કમનશીબે ભારતીય નેતાઓ અને પ્રધાનો સમજી શકયા નથી. અને પરિણામે સ્વરાજ્યનો મૂળ હેતુ-સ્વાવલંબનનો–નિષ્ફળ નિવડયો છે, એટલું જ નહિ પણ, પરાવલંબન એ શાસનની નીતિ બની છે એ ખેદની વાત છે. પી. એલ. ૪૮૦ અન્વયે ભારતને અન્નસહાયતા આપવાની સાથે વિદેશી સત્તાઓએ ભારતની લાગણી–પ્રધાન જનતા નકામાં જાનવરોને અનાજ ખવડાવી દે છે તેવો ખોટો ભ્રમ પ્રધાનોમાં પેદા કર્યો, અને પશુવિશેષજ્ઞો જેઓ પશુ સંવ-ર્ધનમાં નિષ્ફળ નીવડયા છે, તેમના મનમાં–જ્યાં સુધી અનાર્થિક પશુઓની કતલ કરવામાં ન આવે ત્યાં સુધી ભારતના પશુધનની સુધારણા શકય નથી.–તેવા ભ્રામક ખ્યાલો પેદા કર્યા, ત્યારથી દેશના પશુવિશેષજ્ઞો નકામાં પશુઓની સંખ્યા ઘટાડવા અને તેને માટે જંગી કતલખાનાની યોજના કરવા તલસી રહ્યા છે.

તાજેતરમાં નાપે સંસ્થાના ઉપક્રમે તા. ૩૦ જૂનના રોજ ઓલ ઈન્ડિયા ડેરી ડેવલપમેન્ટ બોર્ડના પ્રમુખ શ્રી કુરીઅનના ભાષણના પ્રગટ થયેલા અહેવાલમાં જણાવ્યા મુજબ શ્રી કુરીઅને ખાસ કરીને દેશમાં જાનવરોની વધતી જતી સંખ્યાને ડામવાની અગત્ય પર ભાર મૂકી આખરે જણાવ્યું કે, "ભારતની વસ્તીને દૂધ પુરું પાડવા સારાં ઢોર હોય તો, માત્ર બે કરોડ ઢોર જોઈએ. આઠ કરોડ ઢોર તદ્દન નકામા છે. તેની કતલ કરી, વસ્તુઓ નિકાસ કરવામાં આવે તો, રૂા. ૧૫૦૦૦ કરોડ ઉપરાંત હૂંડિયામણ મળે તેમ છે; અને બીજી બાજુ તેનું નિભાવણીનું ખર્ચ ઓછું થાય." તેમણે વિશેષમાં જણાવ્યું કે, "શહેરમાં જાનવરનાં બચ્ચાંને ભૂખે મારી નાખ-વામાં આવે છે. આ રીતે ઉત્તર ગુજરાતમાંથી દર વર્ષે જતાં એંશી હજાર દૂધાળાં ઢોરનાં બચ્ચાંને મુંબઈમાં ભૂખથી મારી નાંખવામાં આવે એ રીત બરાબર નથી. કારણ કે સારાં જાનવરનાં બચ્ચાંની ઓલાદ સારી હોય છે. સિલોનની સરકારે મને ડેરીની ખીલવણી માટે આમંત્રણ આપતાં હું સિલોન જનાર છું અને તેમને આવાં ભેંસનાં બચ્ચાં આપવા માટે વાટાઘાટ કરવા માગું છું. આ વાટાઘાટ સફળ થતાં ભૂખથી મારી નખાતાં બચ્ચાં જીવતાં રહેશે અને સરકારને હૂંડિયામણ મળશે."

જો મી. કુરીઅને ભારતની અર્થવ્યવસ્થા અને વ્યવહારુ દૃષ્ટિએ આ પ્રશ્ન અંગે વિચાર કર્યો હોત તો તેઓ કદાચ આવા ભ્રામક ખ્યાલો રજૂ કરી શકત નહિ. વળી તેઓ જો અસલી ભારતનું હિત ચાહતા હોત તો, કતલના માર્ગને બદલે દેશની લાંબા ગાળાની હિતલક્ષી સુધારણાની કોઈ વ્યવહારુ યોજના સૂચવી શકત, પણ કમનસીબે તેઓ પણ આજે વિદેશી રાષ્ટ્રોની ભારતને હંમેશ માટે પરાવલંબી અને ભીખ માગતો રાખવાની નીતિના સમર્થક છે, એટ-લું જ નહિ પણ, તેમના એજન્ટ છે. તેથી એમના અભારતીય વિચારો અને સૂચનોથી નવાઈ પામવાને બદલે તેમને અમેરિકા કે તેવા દેશોમાં મોકલી આપવા જોઈએ કે, જેથી જાનવરોની અનિયંત્રિત કતલ કરાવી પોતાના આત્માને તેઓ સંતોષી શકે.

તેમણે કરેલાં વિધાનો સત્ય હકીકતથી તદ્દન વેગળાં છે. બીજા દેશોની સરખામણીમાં ભારતમાં પશુધન વધારે નથી એ હકીકત છે. માંસાહારી અને યંત્રવાદી દેશોમાં ગાય માત્ર દૂધ અને માંસ માટે રાખવામાં આવે છે, જ્યારે ભારતમાં દૂધ માટે ગાયો અને ખેતી માટે બળદો, અને ઘેર ઘેર પેદા થતાં સેન્દ્રિય ખાતર માટે બન્ને અનિવાર્ય છે. ભારતમાં આજે ખેડાતી આશરે ૩૫ કરોડ એકર ભૂમિ માટે ઓછામાં ઓછા આશરે ૭ થી ૮ કરોડ બળદોની આવશ્યકતા છે, જ્યારે આજે દેશમાં આશરે ૬૫ કરોડ બળદો ખેતી માટે ઉપલબ્ધ છે. વળી સરકાર અને નિષ્ણાતોની જમીન–વિષયક અને ડેરી–વિષયક અવળી નીતિ અને જનતાની ઉદાસીનતા તથા ઘાસચારાની કમી અને ઓલાદ સુધારણાની નિષ્ફળતા–આ બધાં કારણોને લીધે જે બળદો છે તે પણ અગાઉના જેવા સશકત રહ્યા નથી. દર વરસે આશરે ૧૦ ટકા જેટલા બળદો થાકે કે વૃદ્ધ થાય તેના સ્થાને દર વરસે ૧૦ ટકા જેટલા નવા બળદો કામને લાયક ઉછેરવા માટે ઓછામાં ઓછી ૪ કરોડ પ્રજનન કરી શકે તેવી ગાયોની આવશ્યકતા છે કે, જેથી અરધી ગાયો નિયમિત બચ્ચાં આપે, અને તેમાં ૫૦ ટકા બચ્ચાં નર હોય તો જ દર વરસે થાકતા એક કરોડ બળદોને બદલે નવા જન્મેલા બળદો કામમાં લઈ શકાય. આજે ભારતમાં ૨૪ કરોડ પશુઓ ઓછામાં ઓછું દર વરસે ૪૦ કરોડ ટન છાણ, મૂત્ર વગેરે આપે છે. તેનાં ખાતરનાં તત્ત્વોનો વિચાર કરતાં દર વરસે તેમાંથી ૪૦ કરોડ રતલ નાઈટ્રોજન, ૪૦૦ કરોડ રતલ પોટાશિયમ, ૨૦૦ કરોડ રતલ ફોસફરસ વગેરે સેન્દ્રીય સ્વરૂપનું ખાતર મળી શકે છે, જેની કિંમત બજાર ભાવે અબજો રૂપિયા થાય છે. તેમાં નથી નવી મૂડીનું રોકાણ, કે નથી હૂંડિયામણનો પ્રશ્ન. આ સેન્દ્રીય ખાતર સૌંદરીના ખાતરના કારખાનાની પેદાશ કરતાં નવગણું વધારે છે. છતાં વિદેશી પાશ્ચાત્ય દૃષ્ટિવાળા નિષ્ણાતો અને પ્રધાનોની સલાહથી દેશમાં કરોડો રૂપિયાની મૂડી નાંખી મશીનરી માટે હૂંડિયામણ ખર્ચ કરી, ખેડૂતો જેમની પાસે રોકડેથી ખાતર ખરી-દવાના પૈસા હોતા નથી, તેમને સબસીડી કે તગાવીથી મોંઘું ખાતર આપવામાં કયું ડહાપણ છે તે સમજી શકાતું નથી.

ઉપર જણાવ્યા મુજબ ભારતના ગોવંશના આર્થિક મૂલ્યાંકનો કેવળ દૂધની દૃષ્ટિએ કરવાં એ અજ્ઞાનતા અને મૂર્ખાઈ છે. વિલાયતની ગાયો જેમ દૂધ અને માંસના વ્યવહારથી અર્થક્ષમ ગણાય છે તેમ ભારતની ગાયો દૂધ, બળદ, ખેતીનું ઉત્પાદન અને ખાતરથી વિલા-યતની ગાયો કરતાં પણ વધારે અર્થક્ષમતા ધરાવે છે, અને વધારામાં કુદરતી મોતે મરતાં આશરે એક કરોડથી વધારે પશુઓ ચામડાં, હાડકાં, ઈત્યાદિ આપી, દેશને ફાયદો આપે છે. મી. કુરીઅન અને તેમના જેવા પશ્ચિમી વિચારવાળા નિષ્ણાતો એ ભૂલી જાય છે કે તેઓ ભારતમાં છે, અને ભારતની અર્થવ્યવસ્થા, સાધનો, આબોહવા, અને જનમાનસનો વિચાર કરીને તેમણે પશુસંવર્ધન અને દૂધ વ્યવ-સાયનો વિચાર કરવાનો છે. કેવળ પશ્ચિમનું અનુકરણ કરી, અહીંની વિકાસ યોજના વિચારનારાઓ ભારતના હિતશત્રુઓ છે.

સને ૧૯૫૪માં ભારત સરકારે હ્યુમન ન્યુટ્રીશન વીસા–આ-વીસ એનીમલ ન્યુટ્રીશન માટે સર્વોચ્ચ તજજ્ઞોની કમિટી નીમેલી. તેમણે બધી દૃષ્ટિએ વિચાર કરી, નીચેની મતલબની ડહાપણભરેલી ભલામણ કરી હતી. ભારતની ગાયોની દૂધ-ઉત્પાદનની શકિત સરે-રાશ ગાય દીઠ બે પાઉંડની ગણતાં, તેઓ અનાર્થિક ગણાય. પણ આજે દેશમાં ૪૫ ટકા ગાયનું દૂધ અને ૫૫ ટકા ભેંસનું દૂધ એવી જ ઓછી ઉત્પાદનવાળી ગાયો–ભેંસોમાંથી મળે છે. વળી દેશમાંથી દર્થી ૭ કરોડ બળદોને ખેતીના કામમાં રાખવા માટે દર વરસે થાકતા બળદોને બદલે દર વરસે એક કરોડ જેટલા નવા બળદો તૈયાર કરવા માટે પણ ઓછાં દૂધ દેવાવાળી પણ વાછરડા દેનારી ગાયોની આવશ્યકતા છે. કતલ દ્વારા અનાર્થિક પશુઓની સંખ્યા ઘટાડવાથી દેશના આજના દૂધના ઉત્પાદનમાં, બળદોમાં, અને ખેતીના ઉત્પાદનમાં ઘટાડો થશે. વ્યવહારુ માર્ગ એ જ છે કે હાલના ગોવંશને સંભાળી,

તેની ઓલાદ સુધારી, તેનું ઉત્પાદન વધારવાના તેમ જ નબળા સાંઢ અશક્ત અને અનુપયોગી ગાયોનું પ્રજનન બંધ કરવાના પ્રયાસો કરવા જોઈએ.

દેશના સર્વોચ્ચ નિષ્ણાતોના અભિપ્રાય પછી પણ, આપણા પાશ્ચાત્ય વિચારધારવાળા નવા નિષ્ણાતોએ એફ. એ. ઓ.ના નિષ્ણાતોની સલાહ અને દબાણથી કે લોભલાલચને વશ થઈ, તેમની આનાર્થિક પશુઓની હત્યાની નીતિ ચાલુ રાખી છે, એટલું જ નહિ પણ, તેમાં વધારો કર્યો છે. પરિણામે દેશ પહેલાં હતો, તેના કરતાં વધારે વિકટ સ્થિતિમાં આવ્યો છે. આમ નિષ્ણાતો પાછળ સરકારે કરેલો કરોડો રૂપિયાનો ખર્ચ નકામો ગયો છે, અને ગોવંશને બદલે કહેવાતા અભારતીય દૃષ્ટિવાળા નિષ્ણાતો જ અનાર્થિક બન્યા છે.

તેઓએ બીજી ભયંકર ભૂલ એ કરી છે કે, ઓલાદ સુધારવા અને દૂધનું ઉત્પાદન વધારવાના પ્રયાસોથી પ્રારંભ કરવાને બદલે વિદેશી સહાયતાંથી લોભાઈને કરોડો રૂપિયાની ડેરી સામગ્રી મંગાવી, વિશાળ ડેરીઓ ઊભી કરી, કરોડો રૂપિયાનો ચાલુ ખર્ચ વધાર્યો છે. ડેરીને ચલાવવા માટે જે દૂધ મળે તેનાથી ડેરી ચલાવવામાં તેમણે પોતાની "ગાડી આગળ અને ઘોડો પાછળ" જોડવાની ભૂલ ઢાંકવા, ભેંસોને વધારે ઉત્તેજન આપી, ગાયને અનાર્થિક બનાવી છે. મી. કુરીઅન ગુજરાતના જાણીતા ભેંસભક્ત છે. તેમણે ગામડાંમાં પણ જોયું હશે કે ભેંસોના ૫૦ ટકા બચ્ચાં પાડાઓને પણ શહેરોની ભેંસની દશાની માફક અકાળે મારી નાંખવામાં આવે છે. અને માત્ર ૧૦થી ૧૫ ટકા પાડાઓ ઉછેરવામાં આવે છે. સરકારની કાફ્રીઅરિંગ સ્કીમના અનુભવથી જણાય છે કે, ભેંસોની પાડીઓ ઉછેરવામાં પણ ૨૫ ટકા જેટલું મરણ પ્રમાણ આવે છે, જ્યારે ગાયોના બચ્ચામાં ભાગ્યે જ ૧-૨ ટકા જેટલું મરણ પ્રમાણ આવે છે. એટલે શહેરોમાં ગુજરાતમાંથી તેમ જ પંજાબમાંથી જતી ભેંસોના બચ્ચાંની આજે દયા ખાવી પડે છે. પણ જો મી. કુરીઅન જેવા નિષ્ણાતોએ ભારતીય દૃષ્ટિને અપનાવી, સને ૧૯૪૮-૪૯માં ભારત સરકારે નીમેલી કેટલ પ્રીઝર્વેશન એન્ડ ડેવલપમેન્ટ કમિટીના નિર્ણયો મુજબ બે હેતુ સિદ્ધ કરતી ગાયો નિર્માણ કરવી, ભેંસોને જ્યાં ચારાની વિપુલતા હોય, ત્યાં જ તેના દૂધનાં માખણ, ઘી, પાઉડર, આદિ બનાવટો તૈયાર કરવી, અને શહેરોમાં જાનવરો ન જવા દેતાં ગ્રામવિસ્તારોમાંથી દૂધ મોકલવા તથા ચારા આદિનું ઉત્પાદન વધારવું, અને સેન્દ્રીય ખાતરનો ઉપયોગ કરવો તથા નકામા સાંઢને ખરસી કરવી—આવો વિવિધલક્ષી હેતુ સિદ્ધ કરવા માટે પ્રામાણિકતાથી કામ કર્યું હોત તો, આજે તેમણે ભારતને દૂધ, ઘી માટે, ખાતર માટે, અને ખેતી અને અનાજ માટે સ્વાવલંબી બનાવ્યું હોત,

મિ. કુરીયન કતલ દ્વારા ૧૧,૦૦૦ કરોડ રૂપીયાનું એક્સ્પોર્ટ જ કમાવા, સરકાર તાળવે ગોળ ચોંટાડે છે. શું તેઓ એક જ વરસમાં તેમના મત મુજબનાં બધાં જ અનાર્થિક જાનવરોનો નીકાલ કરવાની હિંમત ધરાવે છે? શું એ જાનવરો કપાતાં સુધી હવા ઉપર રહેશે? દૂધના ઉત્પાદનમાં પડનારી ઘટ તેઓ ભીખ માંગીને પૂરી કરશે? એ બધી બાબતોનો ભારતીય દૃષ્ટિએ વિચાર કર્યા વગર મિ. કુરીયનની કતલ કરી હૂંડિયામણ કમાવાની સૂચના અવ્યવહારૂ જ નહિ, પણ એક નરી મૂર્ખાઈભરી છે.

મિ. કુરીયન સીલોન સરકાર પર ખુશી થઈને ભેંસના બચ્ચાં તેમને આપવાની ઉદારતા કરવા માગે છે. જો ભેંસના બચ્ચાં ઉછેરી શકાતાં હોય તો, તેનો ઉપયોગ તેઓ ભારતમાં શા માટે નથી કરતાં કે જ્યાં તેમના કહેવા મુજબ સારાં દૂધાળાં જાનવરોની જરૂર છે. જો કતલ માટે તેઓ આપવા માંગતા હોય તો, તેમણે સમજી લેવું જોઈએ કે, ભારતીય જનતા તેમની એ મૂર્ખતા સહન નહિ કરે.

એક બાજુથી સરકારી સલાહકાર મિ. કુરીયન ઘાસચારાની દૃષ્ટિએ જાનવરો અધિક હોવાની ફરિયાદ કરે છે, જ્યારે બીજી બાજુથી સરકાર મરઘાં, ડુક્કરો, ભેંસોનો વધારો કરે છે, જેને પણ અનાજ, ખાણ આદિની આવશ્યકતા છે. તેનો તેઓ કેમ વિરોધ કરતા નથી? સરકારના સલાહકારે સંતુલિત દૃષ્ટિએ વિચાર કરવો જોઈએ, અને જનતાની ભાવના, જેના કલ્યાણને નામે તેઓ સૂચનો કરે છે, તેમ જ દેશનાં સાધનોનો તેમણે નિષ્પક્ષપાત રીતે વિચાર કરવો જોઈએ.

દેશની એ કમનસીબી છે કે, અભારતીય દૃષ્ટિવાળા અને ટૂંકા સમયમાં ચમત્કાર દેખાડી પોતાનો ઉદય ચાહનારા, અને દેશના ભાવિને વધારે ગુંચવનાર નિષ્ણાતો આજે સરકારના સલાહકાર બને છે અને સરકાર અને જનતાની આંખે પાટા બંધાવી, દેશમાં હિંસા અને હિંસક વ્યાપાર વધારવા માગે છે, અને તેઓ જ નીતિના નિર્માતા બને છે. જનતાએ સાવધાન રહેવાની જરૂર છે અને દરેક પ્રસંગે એવા અભારતીય વિચારો, સૂચનો, અને યોજનાઓનો સખ્ત વિરોધ કરવો ઘટે છે.

જયન્તીલાલ એન. માન્કર
મંત્રી, મુંબઈ જીવદયા મંડળી.

સંઘ સમાચાર

તા. ૨૫-૯-૬૬ સના રોજ શ્રી મુંબઈ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિની એક સભા સંઘના મંત્રી શ્રી સુબોધભાઈ એમ. શાહના નિવાસ સ્થાને (સાગર-દર્શન, ભુલાભાઈ દેસાઈ રોડ, મુંબઈ) મળી હતી. આ સભામાં કા. વા. સમિતિના સભ્યો ઉપરાંત કેટલાક શુભેચ્છક મિત્રોને પણ નિમંત્રણ આપવામાં આવ્યું હતું. પ્રારંભમાં થોડી વહીવટી બાબતોનો વિચાર પુરો થયા બાદ પ્રબુદ્ધ જીવનની ગ્રાહક સંખ્યા કેમ વધારવી અને પ્રબુદ્ધ જીવનના સંપાદન કાર્યને કેમ વધારે પુષ્ટ કરવું તે અંગે કેટલીક ચર્ચા વિચારણા થઈ હતી અને પ્રબુદ્ધ જીવનના ગ્રાહકો વધારવાની દિશાએ કાર્યવાહક સમિતિના સભ્યોને સક્રિય બનવા ખાસ અનુરોધ કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ સંઘ માટે પોતાનું મકાન અથવા ફ્લેટ પ્રાપ્ત કરવા અંગે પણ સારા પ્રમાણમાં ચર્ચા થઈ હતી અને જુદા જુદા સભ્યો તરફથી એ અંગે કેટલાક વિધાયક સૂચનો રજુ થયાં હતાં અને હાજર રહેલા સભ્યોએ અને સ્વજનોએ આ બાબતમાં પૂરો સહકાર આપવાની ઉત્સુકતા દાખવી હતી. કામકાજ પૂરું થયા બાદ સભ્યોનું શ્રી સુબોધભાઈએ, બાદશાહી ઉપહાર વડે ભાવભર્યું આતિથ્ય કર્યું હતું.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની
અસાધારણ સામાન્ય સભા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની એક અસાધારણ સામાન્ય સભા તા. ૯-૧૦-૬૬ શનિવારના રોજ સાંજના ૫-૩૦ વાગ્યે સંઘના કાર્યાલયમાં (૪૫, ૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ-૩) ભરવામાં આવશે. જે વખતે, તા. ૨-૯-૬૬ના રોજ મળેલી સંઘની કાર્યવાહક સમિતિએ આગામી ૧૯૬૭ના જાન્યુઆરી માસની પહેલી તારીખથી સંઘના સભ્યોનું ચાલુ વાર્ષિક લવાજમ રૂ. ૫ છે તે વધારીને રૂ. ૧૦ કરવું એ મુજબનો જે ઠરાવ કર્યો છે તે ઠરાવ સામાન્ય સભાની મંજુરી મેળવવા માટે કાર્યવાહક સમિતિ તરફથી રજુ કરવામાં આવશે. આ સભામાં વખતસર ઉપસ્થિત થવા સર્વ સભ્યોને વિનંતિ કરવામાં આવે છે.

આચાર્ય રજનીશજીની આધ્યાત્મિક શિબિર

શ્રી જીવન જાગૃતિ કેન્દ્ર તરફથી ઑક્ટોબર માસની ૨૩, ૨૪ તથા ૨૫ એમ ત્રણ દિવસ માટે માથેરાન ખાતે આચાર્ય રજનીશજીની નિશ્રામાં એક શિબિર યોજવામાં આવેલ છે. આ શિબિરમાં જોડાવા ઈચ્છતા ભાઈ - બહેનોએ તેને લગતું પત્રક જીવન જાગૃતિ કેન્દ્રના કાર્યાલયમાંથી (૫૦૫, કાલબાદેવી રોડ, એડવર્ડ સીનેમા સામે, ટે. નં. ૨૨૩૩૧) મેળવીને તથા ઓક્ટોબર માસની તારીખ ૧૫ સુધીમાં ભરીને રૂ. ૫૫-૦૦ સાથે એ સંસ્થાના કાર્યાલયમાં પહોંચાડવાનું છે. આ શિબિરાર્થીએ તા. ૨૨મી ઓક્ટોબર સાંજ પહેલાં માથેરાન પહોંચવાનું છે. અને માથેરાન જવા આવવાની વ્યવસ્થા પોતે જાતે કરવાની છે.

જે ભાઈ બહેન માથેરાનમાં રહેવા ખાવાની સ્વતંત્ર વ્યવસ્થા કરવા માગતા હોય અને એ રીતે શિબિરમાં સામેલ થવા ઈચ્છતા હોય તેમના માટે રૂ. ૧૫-૦૦ પ્રવેશશુલ્ક રાખવામાં આવી છે.

આચાર્ય રજનીશજીની આ પ્રકારે ગોઠવાતી શિબિર દ્વારા આપણા વિચારોનું પાયામાંથી સંમાર્જન થાય છે, આપણા મનન ચિન્તનને નવી તાજગી મળે છે, સામુદાયિક મિલનનો યોગ સહજ પ્રાપ્ત થાય છે અને સુખદ પર્યટનની તક પણ મળે છે. તો સંઘના સભ્યોને આ શિબિરનો લાભ લેવા અનુરોધ છે. આ શિબિરમાં જોડાવા માટેનાં પત્રકો સંઘના કાર્યાલયમાંથી પણ મળી શકશે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

પ્રકીર્ણ નોંધ

મહાભારતના અન્તિમ પર્વનું પ્રકાશન:
પચાસ વર્ષના સંશોધન કાર્યની પૂર્ણાહૂતિ

પૂનાના ભાંડારકર ઓરિયેન્ટલ રીચર્સ ઈન્સ્ટીટ્યુટ તરફથી આજથી પચાસ વર્ષ પહેલાં મહાભારતની સંશોધિત અને સર્વગ્રાહી આવૃત્તિ ૧૯ વિભાગમાં પ્રગટ કરવા માટે એક વિરાટ યોજના કરવામાં આવી હતી. આ કાર્યની સ્વ. ડૉ. સર રામકૃષ્ણ ભાંડારકરે શરૂઆત કરેલી અને એ મહાન કાર્ય ડૉ. વી. એસ. સુખ્તંકર, ડૉ. એસ. કે. બેલવલ્કર, ડૉ. પી. એલ. વૈદ્ય અને ડૉ. આર. એન. દાંડેકર જેવા અનેક વિદ્વાન સંશોધકોના સહકાર વડે તાજેતરમાં પુરું કરવામાં આવ્યું છે. તેના ૧૯મા વિભાગ 'અનુશાસન પર્વ'નું પ્રકાશન તા. ૨૨-૯-૬૬ ના રોજ રાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણનના હાથે પૂના ખાતે યોજાયેલા એક ભવ્ય સંમેલનમાં જાહેર કરવામાં આવ્યું છે. આ 'અનુશાસન પર્વ'નું સંપાદન ડૉ. આર. એન. દાંડેકરે કર્યું છે.

આ પ્રસંગને અનુલક્ષીને ડૉ. રાધાકૃષ્ણને જણાવ્યું છે કે "મહાભારત ભારતના ઈતિહાસના એક પ્રાણવાન તબક્કાની પ્રત્યક્ષ ચિરસ્મરણીય તવારીખ છે. પાર વિનાનાં પાત્રો અને ઘટનાઓનો જેમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેવા આ મહાભારત ગ્રંથનો એક પાયાનો સિદ્ધાન્ત એ છે કે, દુનિયા ઉપર કોઈ એક મહાન શક્તિનું શાસન પ્રવર્તે છે. તેનો એ સંદેશ છે કે આ વિશ્વમાં ધર્મ જેવું એક તત્ત્વ છે અને આ સંસાર કોઈ પણ પ્રકારના અનુબંધ વિનાની હેતુશૂન્ય ઘટનાઓનું કોઈ આંધળું આકસ્મિક પરિણામ નથી. મહાભારત માનવજાતને કહી રહેલ છે કે અસત્યનો પરાજય છે અને સત્યનો આખરે વિજય છે. મહાભારતનો મુખ્ય બોધપાઠ એ છે કે, દુનિયાનું અસ્તિત્વ ટકાવવું હોય તો ધર્મની શ્રેષ્ટતાનો અને તેને અનુસરતા શાસનનો સ્વીકાર તેમ જ આદર કર્યા સિવાય ચાલશે જ નહિ. એ યાદ રાખવું અત્યન્ત જરૂરી છે કે તત્કાળ ગમે તે પરિણામો આવે, પણ જેઓ ધર્મની અવજ્ઞા કરશે તેમનો આખરે વિનાશ થશે, જ્યારે જેઓ ધર્મને અનુસરશે તેમને તેનો બદલો જરૂર મળી રહેશે. આ ધર્મ સમાજને સુભાજિત તથા સુગ્રથિત કરે છે, જ્યારે અધર્મ સમાજને વિભાજિત અને વિચ્છિન્ન કરે છે. જેઓ નૈતિક કાનૂનને અને ધર્મને વળગી ને ચાલ્યા છે તેમને ધન્ય છે!

"ભારતની આજની જનતા જ્યારે દુન્યવી ભોગવિલાસ, ભૌતિક લાભ અને ઉપરછલ્લી સુખ–સગવડ પાછળ દોડી રહી છે, અને આ દોડના પરિણામે પોતાના મૂળ સત્ત્વથી વિચ્છિન્ન બની રહી છે. ત્યારે–આજની પરિસ્થિતિના આવા સંદર્ભમાં–મહાભારતમાંથી નીકળતા બોધપાઠોનું સવિશેષ મહત્ત્વ છે, તેમ જ પ્રસ્તુતતા છે.

"આટલા મોટા ઐતિહાસિક કાર્ય પાછળ અને આટલા મોટા સાહસ પાછળ માત્ર ૧૬ લાખ રૂપિયાનો જ ખર્ચ થયો છે એ જાણીને મને ભારે આશ્ચર્ય થાય છે. કોઈ પણ અન્ય દેશમાં આટલું મોટું કામ આથી ચારગણી રકમ ખરચ્યા સિવાય નિર્માણ થઈ શક્યું જ નહોત. મહાભારતની આટલી મોટી સંશોધિત આવૃત્તિ નિર્માણ કરવા પાછળ જે વિદ્વાનો અને પંડિતોએ પાર વિનાનો પરિશ્રમ ઉઠાવ્યો છે અને ભોગ આપ્યો છે તેમને અનેક ધન્યવાદ ઘટે છે. મહાભારત જેવો વિપુલ જ્ઞાનભંડાર સામાન્ય જનતાને આજે સુલભ બની શક્યો છે તે ઘટના તેમની વિદ્વતા અને બલિદાનને આભારી છે. મને ખાત્રી છે કે, આ મહાભારત ગ્રંથમાંથી સૈકાઓ સુધી લોકોને પ્રેરણા અને સમાધાન મળતાં રહેશે."

આજથી પચ્ચાસ વર્ષ પહેલાં જે મહાનકાર્યની આચાર્ય ડૉ. રામકૃષ્ણ ભંડારકરની પ્રેરણા અને આયોજન–કુશળતા નીચે શરૂઆત થઈ હતી તે કાર્યની પૂર્ણાહુતિનો સમારોહ એમના જ સમક્ષી તત્ત્વવેત્તા ડૉ. રાધાકૃષ્ણનના હાથે ઉજવાય એ કાળનો ભારે ઔચિત્યપૂર્ણ સંકેત લાગે છે અને તે કારણે ભારતની વિદ્વત જનતા પરમ આનંદ અને ધન્યતાનો અનુભવ કરે છે.

શ્રીમતી કમલાદેવી ચટ્ટોપાધ્યાયને મળેલું
મેગસેસે પારિતોષિક

તા. ૩૧-૮-૬૬ ના રોજ ફીલીપાઈન્સની રાજધાની મનીલા ખાતે શ્રીમતી કમલાદેવી ચટ્ટોપાધ્યાયને, તેમણે ભારતના સામાજિક ક્ષેત્રે કરેલી આપૂર્વ સેવાની કદર તરીકે, ફીલીપાઈન્સના પ્રમુખ શ્રી.ફરડીનંડ માર્કોઝ તરફથી, જે પારિતોષિક શ્રી વિનોબા ભાવેને અને શ્રી જયપ્રકાશ નારાયણને આપવામાં આવેલ છે તેજ 'રૅમોન મેગસેસે' પારિતોષિક અર્પણ કરવામાં આવ્યું છે. શ્રીમતી કમલાદેવી ઈન્ડિયન કોઓપરેટીવ યુનિયનના સ્થાપક અને અધ્યક્ષ છે. આ પરિતોષિકનો સ્વીકાર કરતાં તેમણે જણાવ્યું હતું કે, "જ્યારે છાપાવાળાઓએ આ બાબતની મને પહેલી ખબર આપી ત્યારે હું એકાએક બોલી ઊઠી કે, આમ બને જ નહિ, આ સમાચારમાં કાંઈ ભૂલ હોવી જોઈએ, કારણ કે, આ પારિતોષિક માત્ર મહાપુરૂષોને જ આપવામાં આવે છે.

"આમ છતાં આ પારિતોષિક માટે મારી પસંદગી કરવામાં આવી છે તે અંગે, એક કારણસર હું આનંદ અનુભવું છું, અને તે કારણ એ છે કે કોમ્યુનીટી સર્વીસ જેવું કશા પણ આડંબર, દેખાવ કે જાહેરાત વિનાનું કાર્ય કે જે તરફ ભાગ્યે જ જાહેર જનતાનું ધ્યાન ખેંચાય છે, તેની આ દુનિયાના કોઈ એક ખુણે પણ આવી કદર સંભવે છે."

શ્રીમતી કમલાદેવીએ આગળ બોલતાં જણાવ્યું કે, "આ રૉકેટ ઉડ્યનની અને આણુશસ્ત્રોના યુગની સતત વધતી જતી ગતિશીલતા સાથે આપણી જાતને સતત ગોઠવતા રહેવાની વિટંબણા વડે આપણું જીવન વધારે ને વધારે ઘેરાતું રૂંધાતું જાય છે. પરિણામે આપણે જાણે કે હારી રહ્યા હોઈએ, નગણ્ય જેવા બની રહ્યા હોઈએ, અને બીતરફથી ભીંસ અનુભવી રહ્યા હોઈએ–આવી લાગણી આપણા ચિત્ત ઉપર અવારનવાર અસવાર થતી આપણે અનુભવીએ છીએ.

"જુના સામાજિક ચોગઠા તૂટી રહ્યા છે અને જુના રીતરિવાજો અને જુના ચીલાઓ આપણા માટે નકામા બની રહ્યા છે અને આજની જટિલ દુનિયા સાથે બંધ બેસે એમાં નવાં મૂલ્યો અને નવા માર્ગદર્શનની અપેક્ષા ખૂબ જ વધી રહી છે.

"જ્યારે રાત્રીના અંધકારે આપણને ઘેરી લીધા હતા ત્યારે મહાત્મા ગાંધી અને અન્ય મહાન વ્યકિત દ્વારા જેવી રીતે આપણે ત્યાં પ્રકાશનું અવતરણ થયું હતું તેમ આજે પણ નવી સર્જનશીલ જ્યોતિ પ્રગટ થવાની ખૂબ જ જરૂર છે. આજની માનવજાતના અસ્તિત્ત્વને ભયરૂપ બનેલી એવી નૈતિક કટોકટીના ભયાનક પ્રવાહથી માનવીના આધ્યાત્મિક વારસાને બચાવવા માટે કોઈ નવો સેતુ યોજાવાની અત્યન્ત આવશ્યકતા છે.

"આજની કટોકટીની પળે, મહાત્મા ગાંધીએ જે કહેલું જ તેનું હું પુનર્ ઉચ્ચારણ કરીશ:–

"તરવારને બાજુએ ફેંકી દીધા બાદ માત્ર પ્રેમનો પ્યાલો જગતની સામે ધરવા સિવાય મારી પાસે બીજું કશું છે જ નહિ. એ પ્યાલો તેમની સામે ધરીને તેઓ મારી વધારે નજીક આવે એવી ઉત્સુકતા હું સેવું છું. માણસ માણસ વચ્ચે સ્થાયી શત્રુતા હું કદિ કલ્પી જ શકતો નથી. દુનિયા પાસે પ્રેમ જેટલી બળવાન બીજી કોઈ શકિત નથી, અને એમ છતાં તેમાં અપાર નમ્રતા રહેલી છે."

આવાં સેવામૂર્તિ કમલાદેવી ચટ્ટોપાધ્યાયને આ પારિતોષિક મળવા બદલ આપણા અન્તરના અભિનંદન હો! તેમના સ્વાસ્થ્ય તથા ચિરાયુષ માટે આપણી પ્રાર્થના હો! **પરમાનંદ**

ચૂંટણી ફંડમાં અત્યાર સુધીમાં વિવિધ ઉદ્યોગોએ કયા પક્ષને કેટલો ફાળો આપ્યો?

ચૂંટણી લોકશાહીનો પ્રાણ છે, પણ એની પાછળ થતો અનર્ગળ ખર્ચ એના આત્માને ઘણી વખત ઝાંખપ લગાડનારો હોય છે. આવા ગંજાવર ખર્ચથી અમેરિકા જેવા દેશોના રાજકીય પક્ષો જેઓ અબજો ડોલરના ફંડ ધરાવે છે, તેમને પણ આ પ્રશ્ન મૂંઝવી રહ્યો છે. આ સંજોગોમાં આપણા ગરીબ દેશના વિવિધ પક્ષોને ચૂંટણી પાછળ કેટલું ખર્ચ થાય છે, કોણ તે ખર્ચ આપે છે તે જાણવું રસપ્રદ થઈ પડશે. એ અર્થે અહીં નીચે કેટલાક આંકડા – હકીકતો આપ્યાં છે:–

"વિકસતા સમાજના અભ્યાસ માટેનું કેન્દ્ર" નામક સંસ્થાના એક સંશોધન કાર્યકર, શ્રી ગોપાળકૃષ્ણે ઈન્ડિયન જર્નલ ઑફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન (જાહેર વહીવટ અંગેના ભારતીય સામયિક)ના જાન્યુ.–માર્ચ ૧૯૬૬ ના અંકની પૂર્તિરૂપે, "એક પક્ષનું વર્ચસ્વ : વિકાસ અને વલણો" નામક નિબંધ પ્રકટ કર્યો છે.

આ સંશોધકે લોકોનાં નાણાંમાંથી ચાલતી ખાનગી પેઢીઓના હિસાબ સરવૈયાઓનો અભ્યાસ કરીને, કઈ પેઢીઓ કયા રાજદ્વારી પક્ષને કેટલા પૈસા ફંડમાં આપ્યા તેના આંકડાઓ એકઠા કર્યા છે. આ આંકડાઓ ઘણા રસપ્રદ છે. તેમાં રાજકીય પક્ષોના ફંડમાં વ્યક્તિગત રીતે આપવામાં આવેલાં નાણાંનો સમાવેશ થતો નથી. આંકડા નીચે મુજબ છે:

કૉંગ્રેસ અને સ્વતંત્ર પક્ષ

૧૯૬૨ની સાલમાં થયેલી ચૂંટણી પહેલાના વર્ષમાં એટલે કે, ૧૯૬૧-૬૨માં ૩૪૮ કરોડ રૂપિયાની મૂડી ધરાવતી ૧૪૪ પેઢીઓએ, કૉંગ્રેસ તેમ જ સ્વતંત્ર પક્ષને નીચે મુજબની રકમ તેમના ફંડમાં આપી હતી.

વર્ષ	કૉંગ્રેસ	સ્વતંત્ર
૧૯૬૧-૬૨	રૂા. ૭૯,૦૪,૧૯૭	૨૦,૭૬,૧૫૧
૧૯૬૨-૬૩	રૂા. ૯,૮૧,૯૭૦	૫૪,૨૦૦
૧૯૬૩-૬૪	રૂા. ૩,૦૨,૫૯૩	૭,૭૦૦
કુલ...	રૂા. ૯૧,૮૮,૭૬૦	૨૧,૩૮,૦૫૧

આ આંકડાઓ પરથી જોઈ શકાશે કે ૧૯૬૧-૬૨ના ચૂંટણીઓના વર્ષ દરમ્યાન રકમ સૌથી વધુ છે તે પછીનાં વર્ષોમાં તેનું પ્રમાણ ઓછું થતું જાય છે.

ચાર મોટાં જૂથો

આ ફાળો આપનારી, લોકોએ જેમનામાં પૈસા રોક્યા છે તેવી લોકોને પૈસે ચાલતી ખાનગી પેઢીઓમાં, ભારતીય ઈજારદાર મૂડીવાદીઓના ચાર મોટા જૂથો મુખ્ય છે; જેમાં તાતા, ખટાઉ, માર્ટિન બર્ન અને બિરલા જૂથનો સમાવેશ થાય છે.

જૂથ	કંપનીની સંખ્યા	કૉંગ્રેસ	સ્વતંત્ર
૧ તાતા	૧૩	૧૫,૫૬,૦૦૦	૬,૫૮,૦૦૦
૨ ખટાઉ મકનજી	૩	૬,૯૨,૫૦૦	૫,૩૩,૦૦૦
૩ માર્ટિન બર્ન	૪	૧૦,૭૦,૦૦૦	૪,૫૫,૦૦૦
૪ બિરલા	૧૦	૭,૭૮,૨૩૮	----

બિરલા જૂથે ૧૯૬૧-૬૨નાં વર્ષોમાં ફક્ત કૉંગ્રેસને જ ફંડમાં નાણાં આપ્યા હતાં.

આ ચાર જૂથોની ત્રીસ કંપનીઓ અને બીજી સત્તાવીસ કંપનીઓએ એટલે કે કુલ સત્તાવન કંપનીઓએ અનુક્રમે કૉંગ્રેસને ૬૯,૦૦,૦૦૦ ઓગણોસિતેર લાખ અને સ્વતંત્ર પક્ષને, ૧૯,૦૦,૦૦૦ ઓગણીસ લાખ રૂપિયા ફંડમાં આપ્યા હતા. કૉંગ્રેસને મળેલાં નાણાંનો ૭૫ ટકા હિસ્સો અને સ્વતંત્ર પક્ષને મળેલાં નાણાંનો ૯૦ ટકા હિસ્સો, આ રીતે વ્યાપારી આલમમાંથી લોકોને પૈસા ચાલતી લિમિટેડ કંપનીઓનો વહીવટ કરતા મોટા મૂડીવાદીઓની પેઢીઓએ પૂરો પાડ્યો હતો.

બીજા પક્ષોને નજીવી સહાય

પ્રજા સમાજવાદી પક્ષ અને રિપબ્લિકન પક્ષને અનુક્રમે, વ્યાપારી પેઢીઓ પાસેથી રૂા. ૨૭,૫૦૦ રૂપિયા પ્રાપ્ત થયા હતા. જ્યારે રાજકીય પક્ષોનું નામ આપવામાં આવ્યું ન હોય તેવી રકમનો આંકડો રૂા. ૮૦,૭૦૦ હતો.

આ આંકડાઓ તો "જાહેર લિમિટેડ" તરીકે નોંધાયેલી કંપનીઓના સરવૈયામાંથી જ લીધાં છે. ખાનગી રીતે કાળા બજારનાં નાણાં રાજકીય પક્ષોના ફંડમાં કેટલા ગયા હશે તે તો ભગવાન જાણે! સત્તાવાર ચૂંટણી ફંડ ઉપરાંત, ચૂંટણી માટે ઊભેલા ઉમેદવારના મિત્રો અને શુભેચ્છકો તરફથી મળતી વધારાની આર્થિક મદદનો તો આમાં સમાવેશ થતો જ નથી.

ઉમેદવાર દીઠ ચૂંટણી ખર્ચ

આ સંશોધન કાર્યકરે, ૧૯૬૨ની સાલમાં થયેલી ચૂંટણીઓ માટે, ચૂંટણી કમિશનર સમક્ષ જે હિસાબ રજૂ કરવામાં આવ્યો તેના રાજકીય પક્ષો તરફથી આપવામાં આવેલા ખર્ચના આંકડાઓ પણ એકઠા કર્યા છે અને રજૂ કર્યા છે, જેમાં તેણે પ્રત્યેક ઉમેદવાર દીઠ, ચૂંટણી લડનાર પ્રત્યેક રાજકીય પક્ષે કેટલાં નાણાં ખર્ચ્યા તેની સરેરાશ કાઢી છે. આંકડાઓમાં ગેરસમજ ન થાય તે માટે ઉપરના વધારાના પૈસા આ લેખમાં કાઢી નાખવામાં આવ્યા છે.

પક્ષ	કુલ રકમ	ઉમેદવાર દીઠ સરેરાશ
કૉંગ્રેસ પક્ષ	૧,૫૮,૫૩,૨૩૧	૪૭૬૯
સ્વતંત્ર પક્ષ	૩૬,૩૧,૮૭૫	૨૯૯૯
સામ્યવાદી પક્ષ	૧૯,૫૧,૨૭૧	૨૦૧૧
પ્રજાસમાજવાદી પક્ષ	૩૧,૧૦,૦૫૧	૧૫૯૯
જનસંઘ	૨૧,૨૬,૩૧૭	૧૫૯૧
બીજા પક્ષો	૨૬,૩૮,૮૭૪	૧૮૦૭
સ્વતંત્ર રીતે ઊભેલાંઓ	૫૮,૨૯,૧૦૧	૧૩૩૪

આ આંકડાઓ પરથી જોઈ શકાશે કે, કૉંગ્રેસ તેમ જ સ્વતંત્ર પક્ષના ઉમેદવારો માટે સૌથી વધુ પૈસા ખરચવામાં આવ્યા છે. આ આંકડાઓ તો ચૂંટણીપંચ સમક્ષ નિયમ મુજબ ન છૂટકે આપવામાં આવેલા આંકડાઓ છે. હકીકતમાં ચૂંટણી પાછળ જે ખર્ચ થાય છે તે દરેક ઉમેદવારની પોતાની તેમ જ પોતાના વ્યક્તિગત ટેકેદારોની આર્થિક સ્થિતિ પર આધાર રાખે છે અને એ ખર્ચ ધારાસભાની ઉમેદવારી માટે આશરે પચીસ હજાર રૂપિયા અને લોકસભાની ઉમેદવારી માટે આશરે એક લાખ રૂપિયા જેટલું થાય છે તે હવે જાણીતી વાત છે.

ચૂંટણીનું કુલ ખર્ચ કેટલું?

ચૂંટણી પંચને આપવામાં આવેલા તમામ રાજકીય પક્ષો અને સ્વતંત્ર રીતે ઊભેલા ઉમેદવારોએ કરેલા કુલ ખર્ચનો આંકડો ત્રણ કરોડ એકાવન લાખ રૂપિયા પર પહોંચે છે. આ તો સત્તાવાર રીતે સ્વીકારાયેલો આંકડો છે, જ્યારે ચૂંટણી ખર્ચ, આ આંકડા કરતાં દસગણું વધારે થાય છે. આ દૃષ્ટિએ સામાન્ય ચૂંટણીઓ પાછળ પાંત્રીસ કરોડ રૂપિયા જેટલો ખર્ચ થાય છે. પાંચથી છ ગણું ગણીએ તો પણ વીસ કરોડ રૂપિયા તો થાય. આ ઉપરાંત ચૂંટણી વ્યવસ્થા, મતપત્ર, મતદારોની યાદીઓ વગેરે માટે સરકારી ધોરણે થતું ખર્ચ તો જુદું.

(તા. ૨૦–૯–૬૬ના 'જન્મભૂમિ'માંથી સાભાર ઉદ્ધૃત)

ભારત જૈન મહામંડળ :
વર્ધા ખાતે ભરાનાર અધિવેશન અંગે

ઓક્ટોબર માસની તા. ૧૪ તથા ૧૫મીના રોજ વર્ધા ખાતે ભારત જૈન મહામંડળના ભરવામાં આવનાર અધિવેશનના અધ્યક્ષસ્થાન માટે જાણીતા ઉદ્યોગપતિ શ્રી અમૃતલાલ કાળીદાસ દોશીની વરણી કરવામાં આવી છે, અને અધિવેશનનું ઉદઘાટન શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ કરવાના છે. આ અધિવેશનમાં રાષ્ટ્રીય ક્ષેત્રમાં જૈનોના કર્તવ્ય અંગે તથા ભગવાન મહાવીરના ૨૫૦૦મા નિર્વાણ મહોત્સવ અંગે ચર્ચાવિચારણા થવાની છે. આ અધિવેશનમાં દેશના સર્વ પ્રાન્તોના પ્રમુખ જૈન નેતાઓ, વિદ્વાનો તથા વિચારકો ઉપસ્થિત થશે એવી આશા છે. આ અધિવેશનમાં હાજર રહેવા સમસ્ત જૈન સમાજને નિમંત્રણ આપવામાં આવે છે.

મંત્રીઓ, ભારત જૈન મહામંડળ,
૫૦૫, કાલબાદેવી રોડ, મુંબઈ-૨

મહાપ્રસ્થાનના પથ પર – ૧૫

અંધારામાં શોધતાં શોધતાં ચટ્ટી મળી ગઈ. પાસે જ બાલખીલા નદીની ક્ષીણધારા દેખાઈ નહિ. ફક્ત નદીની રેખા જ દેખાઈ. એક નાનું સરખું મંદિર હતું, પણ તેનાં દર્શન કરવાની હવે શક્તિ રહી નહોતી. ધર્મશાળામાં જગ્યા હતી નહિ. એટલે અમે ડાંખળીઓ ને પાંદડાંથી બાંધેલી ચટ્ટીમાં જ આશ્રય લીધો. એનું નામ ચંડલચટ્ટી હતું, પણ એને ઘણા જંગલચટ્ટી નામથી પણ ઓળખતા. આજે તો અહીં જ મારી યાત્રા પૂરી થઈ. ગોપાલદાએ ધામધૂમથી ચલમ સળગાવવા માંડી.

થોડી રાત વીતી હશે, ત્યાં તો, અમે સૂવાની તૈયાર કરતા હતા, એટલામાં બે ઉત્તર પ્રદેશની સ્ત્રીઓ ને એક પુરુષ રડતાં રડતાં આવીને ચટ્ટીને આંગણે ઊભાં રહ્યાં. એ લોકોનું કેટલું હૃદય ફાડી નાંખે એવું આક્રંદ, કેવી આકુળવ્યાકુળતા? એમણે કહ્યું, "મહારાજજી! તમને પગે લાગીએ, એક ફાનસ અમને આપો. અમારો એક માણસ જંગલમાં રહી ગયો છે. દો બાબા દો."

આવી ઘનઘોર રાતે ક્યાં ક્યાં જંગલમાં એ લોકોનો માણસ પડ્યો હશે? એ શું હજી જીવતો હશે? ખબર પડી કે એ સ્ત્રી હતી, ને સાથે આવતાં આવતાં પાછળ પડી ગઈ હતી. ઘણી વાર રાહ જોયા પછી પણ એ આવી પહોંચી નહિ, એટલે હાથમાં ફાનસ લઈને આ દુર્ગમ અને પ્રાણઘાતક માર્ગમાં એને શોધવાનું એ લોકોએ નક્કી તો કર્યું, પણ એમની પાસે ફાનસ નહોતું. નિર્મળા તો હવે સાથે રહી નહોતી, એટલે એનું ફાનસ એ લોકોને આપી દીધું. એ લોકો ગાંડાની જેમ પાછે એ જ માર્ગે ખોવાયેલી સ્ત્રીની શોધમાં ગયા. એ લોકોએ જણાવ્યું કે એઓ લાલસાંગા પહોંચીને ફાનસ પાછું મોકલી દેશે.

એ લોકો તો ગયા, પણ સાથે લઈ ગયા મારી એ રાત્રીની શાંતિભરી નિદ્રા. મારું વ્યાકુળ મન અને સજાગ દૃષ્ટિ પેલી નિરુદ્દિષ્ટ સ્ત્રીની પાછળ પાછળ એને શોધતી ભમવા લાગી. કદાચ એમ પણ બને કે એના માણસો એને શોધી શકે, પણ હું એને શોધી નહિ શકું. મારી કલ્પનામાં જે મનુષ્ય ખોવાઈ જાય છે ને જેનો પત્તો લાગતો નથી, તે કદિ પાછું મળતું નથી.

બધાને ઊંઘ આવી, પણ મને વિધાતાએ સખત સજા કરી. શરીર પર કામળાના ડંખ વાગ્યા હતા, આખા શરીરમાં પીડા થતી હતી. મારી નાંખે એવી અશાંતિ હતી. આખી રાત નદી તરફ નિઃશબ્દ દૃષ્ટિ ફેંકતો જાગતો રહ્યો, પણ ઊંઘ ન આવી.

ગઈ કાલની વાત ભૂલી ગયો હતો. જેમ દિવસો જતા હતા, તેમ સ્મૃતિ શિથિલ ને શિથિલ થતી હતી. કાલે રાત્રે જે બનેલું તે - એ તો સ્વપ્ન હતું, એ હતી માયા. આજની સવાર એ જ સાચી– વસ્તુ છે. આ ભૂરું આકાશ, આ નિર્મળ તડકો, વસન્તના દિવસનો આ અપ્રતિમ રૂપસંભાર. ગઈ કાલનું પ્રકૃતિનું રુદ્ર સ્વરૂપ, પ્રલયાંધકાર, વીજળી ને વ્રજપાત - એ બધું ગઈકાલનું ગતજન્મનું બની ગયું હતું. મારા આખા શરીર પર એની છાપ હતી, પણ મન પર એનો જરા જેટલો પણ ડાઘ નહોતો. સ્મરણશક્તિનો પરીઘ અત્યંત સંકુલ બની ગયો હતો. આજનો ઈતિહાસ આવતી કાલની નવલકથા બની ગયો હતો. મારા જ જીવનની ઘટના જ્યારે હું બીજાને મોઢે સાંભળું છું, ત્યારે અવાક્ થઈ જાઉં છું. પાછું મેં ચાલવા માંડ્યું. સવારથી જ ચઢાઈ હતી. જીવડાંની જેમ જમીનને વળગીને યાત્રીનું દલ ચાલતું હતું. જીવડાંની જેમ થાકથી પર, જીવડાંની જેમ અબોલ.

સૂટાના ચટ્ટી ધીરે ધીરે મેં પાર કરી. હવે ચલાતું નહોતું. પ્રબળ દર્દથી હું થરથર કંપતો હતો. આંખમાં ઝાળ બળતી હતી. હાથની લાકડી હવે જોરથી પકડાતી નહોતી. ઝોળો ને કામળો ખભા પર દુશ્મનની જેમ વળગ્યાં હતાં. એનો આટલો બધો ભાર ને પીડા હવે હું સહન કરી શકતો નહોતો. આવી સ્થિતિમાં જ દોઢેક માઈલ તો ચાલ્યો. તડકો અત્યંત તીવ્ર બનતો જતો હતો, એટલો સખ્ત કે શરીર સળગી જાય. પાસે જ ગોપેશ્વર હતું, સામે જ ગોપેશ્વરનું મોટું પત્થરનું મંદિર હતું. એ ગામ જાણે ગોપેશ્વરનું મામુલી અનુકરણ હતું. બેએક દુકાનો હતી. પાસે જ એક નાનું સરખું ગામડું હતું. ગામનાં છોકરાછોકરીઓ પૈસાની ભીખ માંગવા યાત્રાળુઓની પાસે દોડી આવ્યાં. શિવમંદિરની સામે એક વિરાટ ત્રિશૂલ ઊભું હતું. એના લોખંડી શરીર પર બારમી સદીના મહારાજા અનેકમલ્લની વિજયવાર્તા કોઈ દુર્બોધ ભાષામાં લખી હતી. યાત્રીઓ અહીં વૈતરણીકુંડમાં સ્નાન કરતા હતા. કરવા દો એમને સ્નાન. એક દુકાનની પાસે પથ્થરનો ટેકો દઈને હું બેસી પડ્યો. માથું ફરતું હતું, શરીર દુઃખતું હતું, એકાએક છાતીમાં દુઃખાવો થયો ને એ પત્થરની ધાર પર મેં ઊલટી કરી. ભગવાન આ શું થયું? જરા શ્વાસ લેવા બેઠો ત્યાં ઊલટી? લોકો પાસેથી જ પસાર થતા હતા. એ લોકો મારી તરફ જોતા પણ નહોતા, આવી એમની બેદરકારી હતી.

કોઈ એક માણસ ત્યાંથી પસાર થતો હતો. એણે કહ્યું, "એક કંડી કર લો યાર. જય બદરીવિશાલ લાલ કી"

ના, ના, હવે વખત નહોતો. બધા આગળ જતા રહ્યા હતા. ઓરે શ્રાન્ત, ઓરે ભ્રાન્ત, ઓરે ભગ્ન, પાછો એકવાર ઉઠીને ઊભો થા. ખભા પર ઝોળો લઈ લે. હાથમાં લાકડી ને લોટો લઈ લે. ભૂતકાળની શક્તિ પાછી પ્રાપ્ત કરી લે. વિદીર્ણ કંઠે ચિત્કાર કરી ઉઠ, કે

વ્યાઘાત આવે ભલે નવાનવા,
આઘાત ખમીને અચલ રહેવું,
તારે દુઃખે વાગશે મારા
ઉરમાંહી જયડંકો.
આપી બધી શક્તિ, લઈશ હું
અભય તવ શંખ.

હું શરૂઆતમાં તો ધીમો ધીમો ચાલ્યો. પછી ચાલ્યો ઉતાવળો, મરણ આગળ આગળ આવતું હતું, ને વળી પાછળથી જાણે ધક્કા મારતું હતું. ઉજ્જવળ દિવસનો પ્રકાશ લુપ્ત થઈ ગયો હતો. ફક્ત ભૂરો, અંધકાર હતો. આકાશ ઝૂલતું હતું. અર્ધમિંચેલી, ને ખાડા પડી ગયેલી આંખોથી ઉનાં આંસુની ધારા પડતી હતી. હું શું ગાંડો થઈ ગયો હતો? શું મારું મગજ ખસી ગયું છે? કેમ મારા પગ આ રીતે ધ્રૂજે છે? શા માટે મારું મન આવા પ્રચંડ પ્રતિવાદથી અકળાઈ ઊઠે છે? મને ખબર નથી કે કઈ આશા અંતરમાં લઈને હું આ ચાલ ચાલ કરું છું. ત્યાં જઈને હું શું મેળવવાનો હતો? ત્યાં શું મારી બધી આશાની પરિસમાપ્તિ છે? મારી બધી ઈચ્છાઓનો અંત છે? જેની આશાથી આ અકાલમૃત્યુના હાથની પકડને છોડાવીને હું ચાલ્યો છું, ને જે મારી પ્રતીક્ષા કરે છે, તેની પાસેથી હું મારું બધું લેણું ચૂકવી લઈશ એમ મને લાગે છે. એ લેણું હશે: કંઠમાં પરમવાણી, કાનમાં આત્મપ્રકાશનો મૂળમંત્ર; સૌદર્યસૃષ્ટિના બંધમુખનું અનાવરણ; શક્તિ અને સાહસથી વિસ્તૃત બનેલું હૃદય; નિઃસીમ પ્રેમ અને અકૃપણ દાક્ષિણ્ય; આંખમાં અવર્ણનીય એવી સ્વપ્નભૂમિ: અને હૃદયમાં અનંત વહ્નિક્ષુધા.

મારી સામે પત્થરનો પહાડ હતો, સૂર્યકિરણ પ્રતિબિંબિત થઈને અનેક રંગોમાં ઝળહળતાં હતાં, પાસે જ જંગલી ગુલાબોનું જંગલ હતું, ને દાડમ તથા અખરોટનું વન હતું. ત્યાંથી ડાબી તરફ રસ્તાનો વળાંક હતો. વળાંક લીધો ત્યાં જ ચમોલી શહેર ને લાલસાંગા દૃષ્ટિએ પડ્યાં. એની નીચે અલકનંદા નદીની પેલી તરફ સફેદ સૂતરના જેવો ક્ષીણ એ જ મહાપ્રસ્થાનનો પુરાતન પંથ કર્ણપ્રયાગથી જઈ લાલસાંગાને મળતો હતો. આ જ રસ્તે યાત્રીઓ પાછા જતા હતા. કલાકેક ચાલ્યા પછી અલકનંદાનો પૂલ પાર કરીને લાલસાંગાની ધર્મશાળામાં આવી પહોંચ્યો. તે વખતે ધૂમ ધખતા હતા.

કેદાર, બદરી ને કર્ણપ્રયાગનું કેન્દ્રસ્થાન આ ચમોલી છે. શહેર નાનું છે પણ સમૃદ્ધ છે. અહીં ગઢવાલ જિલ્લાની અદાલત; જંગલ-

ખાતાનું કાર્યાલય, કલેકટર, મજૂરોની એજન્સી, હોસ્પીટલ, વિદ્યાલય, બજાર, સદાવ્રત, પોલીસ ને પોસ્ટઓફિસ વગેરે શહેરની નિત્ય પ્રયોજનીય વસ્તુઓ જોવા મળી. અશકિતમાન યાત્રીઓ અહીંથી બદરીનાથ સુધી પૈસા આપીને ઘોડો ભાડે કરી શકે.

ધર્મશાળામાં ડોશી અને ગોપાલદાનો ભેટો થયો, પણ એમની જોડે વાત કરવાની રૂચિ થઈ નહિ. તેણે ફકત એકવાર મારી તરફ જોઈને પૂછયું, "તમને શું થાય છે દાદા?"

હું બોલી શકયો નહિ. ફકત કામળો ગમે એમ પાથરીને હું સૂતો. આંખ બંધ કરીને કશું બોલ્યા વિના હું પડયો રહ્યો. મને એમ લાગતું હતું, કે માટીની અંદર હું ઊંડો ઉતરતો જાઉં છું. ગોપાલદા મારી પાસે આવ્યા ને શરીર પર ને માથા પર થોડો સમય હાથ ફેરવીને બોલ્યા, "હું ધારતો હતો એમ જ થયું છે. આ કંઈ તડકાની ગરમી નથી. તમારું શરીર તો તાવથી ધખી ઊઠયું છે. શું થશે હવે?"

શું થશે તેની બધાને ખબર હતી, ગોપાલદાને પણ એની ખબર હતી. એનાં સ્નેહભર્યા વચનો શૂળની જેમ શરીરમાં વાગ્યાં. પણ જવાબ આપવાની શકિત મારામાં નહોતી, માથું ઊંચું કરવાની પણ શકિત નહોતી. અમારો મોટો યાત્રીઓનો સમૂહ એક દિવસ હૃષિકેશથી યાત્રા કરતો દેવપ્રયાગ સુધી પહોંચ્યો હતો, તે અમારો સમૂહ આજે છિન્નભિન્ન થઈ ગયો હતો. કોઈ પાછા ગયા હતા, કોઈ રસ્તામાં જ અટકી ગયા હતા, કોઈ શકિતહીન બનીને રસ્તામાં કયાંક પાછળ ખોવાઈ ગયા હતાં, કોઈ મરી ગયા હતા. અમારા સમૂહના ત્રણ જણ નહોતા, આજે મારે પણ અટકી જવું પડયું. બાવીશ દિવસમાં અમે અત્યાર સુધીની બધી યાત્રા પૂરી કરી હતી. હવે માત્ર સામાન્ય રસ્તો જ વટાવવાનો હતો. બહુ સામાન્ય રસ્તો, ફકત અડતાલીસ માઈલ. એક જ દોટમાં આ અડતાલીશ માઈલ પૂરાં કરી શકત, પણ તે હવે બની શકે એમ નહોતું. તાવથી પીડાતો, પંગુ થઈને આ રસ્તા પર અનિર્દિષ્ટ કાળ સુધી હું પડી રહેવાનો. ગોપાલદાએ તો ફકત હોસ્પિટલ બતાવી દીધી.

ગમે એમ કરીને અમારા પ્રિય યાત્રીસમૂહે ભોજનાદિથી પરવારી આગળ યાત્રા શરૂ કરી. મને એ લોકોએ બોલાવ્યો નહિ, મારામાં બોલવાની શકિત રહી નહોતી. એમને વિદાય આપવાનો ઉત્સાહ પણ મારામાં નહોતો. ફકત કંઈ બોલ્યા વિના હું પડયો રહ્યો. જતી વખતે ચારૂની માએ પાણી પાયું ને ગોપાલદાએ સહાનુભૂતિ અને શુભકામના આપી. એણે કહ્યું, "દુ:ખી થશો નહિ. જેવી ભગવાનની ઈચ્છા. પાછા ફરતી વખતે આ જ રસ્તે આવવાનું થશે, ત્યારે આવીને અમે જોઈશું કે તમે તદ્દન સારા થઈ ગયા હશો. તાવ જરા નરમ પડે પછી જ ખાવાનો વિચાર કરજો."

આટલું પણ મળવાની આશા નહોતી, આ સામાન્ય મમતાભર્યા શબ્દોના સ્પર્શથી મારું હૃદય ભરાઈ આવ્યું. આ માણસ મને કયારેય ગમ્યો નહોતો, પણ આજે મને એમ લાગ્યું કે આ માણસ મારા ભલામાં રાજી હશે. કામળામાંથી મોઢું બહાર કાઢીને હું સૂઈ જ રહ્યો, એણે ધીરે ધીરે વિદાય લીધી, ને જતી વખતે પાછો મને કહેતો ગયો, "ત્રણ ચાર દિવસથી તમારો મિજાજ જે પ્રકારે ગરમ થઈ જતો હતો, ત્યારથી જ મને લાગેલું કે તમારું શરીર સારું નથી."

નિર્જન ધર્મશાળા, મારા માથા તરફ નીચે અલકનંદાનો ક્લ-કલ અવાજ મને સંભળાતો હતો, પાસે જ કોણ જાણે કયાંથી સ્પષ્ટ અસ્પષ્ટ માણસનો અવાજ કાને સંભળાતો હતો. જોતજોતામાં માથા આગળ નમતી બપોરનો તડકો આવ્યો. હૂ હૂ કરતો વસન્તનો પવન વાતો હતો, સામે જ લાલ અને સફેદ પત્થરના બે પહાડ હતા. તે સૂર્યનાં કિરણો એની પર પડવાથી અત્યંત સુંદર રૂપ ધારણ કરતા હતા. નદીની પેલી પારથી જે રસ્તે અમે આવ્યા હતા તે પથરેખા સ્વપ્નલોક જેવી દેખાતી હતી. ધીરે ધીરે મારી લોહીયાળ, બીમાર ને રુંધાયેલી ચેતના પાછી સતેજ બની. આખા શરીરમાં તાવની અસહ્ય જવાળા ને દર્દ થતાં હતાં, હવે મારે જીવવાની કોઈ આશા રહી નહોતી. મનમાં ને મનમાં મેં બધાની વિદાય લીધી. ને જન્મભૂમિની દિશા તરફ દષ્ટિ સ્થિર કરીને મે એને વંદન કર્યા.

કેટલીવાર પડયો રહ્યો હોઈશ તે યાદ નથી. પણ હું ઊઠીને ગાંડાની જેમ દોડતો ધર્મશાળાના પાછળને રસ્તે ઉતરી પડયો, ત્યારે ઢળતા બપોર હતા. હવે બહુ સમય બાકી નહોતો. રેતી અને પત્થરનાં કઠણ માર્ગેથી સીધો ઉતરીને હું નદીને કિનારે આવી પહોંચ્યો. બે ચાર સાધુ સન્યાસી અહીં ત્યાં આસન જમાવીને બેસી રહ્યા હતા. હિતાહિતજ્ઞાન ન હોવાથી હું પાણીમાં ઉતર્યો, પ્રવાહ અત્યંત વેગીલો હતો, થોડે દૂર પાણીમાં જઈને એક મોટા પથ્થરને પકડીને મેં પાણીમાં ડૂબકી મારી. લગભગ અર્ધો કલાક કશીય પરવાહ રાખ્યા વિના નાહીને જ્યારે ધર્મશાળામાં પાછો આવ્યો ત્યારે શરીર થોડું સ્વસ્થ થયું હતું. વિષથી વિષ દૂર થયું હતું. હવે કોઈ પણ દિશા તરફ જોયા વિના ઝોળો ને લાઠી લઈને એકલો રસ્તા પર આવી પહોંચ્યો. સાંજ પડવા આવી હતી. ભલે સાંજ પડતી, પણ થોડો રસ્તો તો પાર કરું જ. હું આમ તો મરેલો જ હતો.

શી રીતે કેટલીક ચટ્ટીઓ વટાવી આજે મને એ સ્પષ્ટ રીતે યાદ નથી. રાત્રે એક જગ્યાએ આશરો લીધો. બીજે દિવસે સવારે પીપળકોટી વટાવી. રસ્તાની એક બાજુએ કેટલાક ગુલમહોરનાં વૃક્ષો જોવામાં આવ્યાં. લાલફૂલની મહેફિલ ઉપર ઉગતા સૂર્યનાં કિરણો પડતાં હતાં. અહીં વાઘ ને રીંછનાં ચામડાં ખૂબ સસ્તે ભાવે મળતાં હતાં. પીપળકોટીમાં ગઢવાળી સ્ત્રીઓ કામળાનો વેપાર કરવા આવે છે. બપોરે ગરૂડગંગાની ચટ્ટીમાં આવી પહોંચ્યો. અહીં ગરૂડગંગા ને અલકનંદાનો સંગમ છે. અહીં ગરૂડનું મંદિર છે ને સામાન્ય ગામ છે. જ્યારે અજવાળું દિશા બદલતું હોય ત્યારે ગરૂડગંગામાં એક ડૂબકી મારીને અંદરથી એક પત્થરનો ટુકડો કાઢયો હોય, ને ઘેર લઈ જઈએ, એની પૂજા કરીએ તો સાપનો ડર રહે નહિ. ગરૂડગંગાથી પાતાલગંગાનો ચાર માઈલનો ચઢાણનો રસ્તો છે. રસ્તો ચીડ ને પાઈનનાં જંગલોથી વીંટળાયલો છે, ને રસ્તા પર એ વૃક્ષોની ઘેરી છાયા પથરાયેલી રહે છે. સાંજને સમયે પાતાળગંગાની ચટ્ટીમાં આવીને મેં આરામ લીધો. પાસે જ ગણપતિનું મંદિર હતું. ત્યાં અલકનંદામાં પાતાળગંગા સમાઈ જતી હતી.

બીજે દિવસે સવારથી જ રસ્તો કાપવા માંડયો. મારી જોડે કેટલાક અપરિચિત યાત્રીઓ ચાલતા હતા. ગોપાલકુટી વટાવીને બપોરે અમે કુમારચટ્ટીમાં આવી પહોંચ્યાં. સમતલ માર્ગ હતો. પ્રાકૃતિક શોભાથી ચટ્ટી સમૃદ્ધ હતી, પાસે જ કર્મનાશા નદી વહેતી હતી. જમીને થોડી ક્ષણ આરામ લઈને હું બહાર નીકળી પડયો. કોઈ પણ સ્થળે વધારે વખત રહેવાનું મને ગમતું નહિ. રસ્તે જ આરામ લઈ લેવો. રસ્તો જ મારું સર્વસ્વ થઈ પડયો હતો.

ઝડકુલા ને સિંહદ્વાર વટાવીને સાંજ પહેલાં જ્યાં આવી પહોંચ્યો તે સ્થાન મારું નાનપણનું સ્વપ્નસ્થાન જોશીમઠ હતું. થોડો થોડો વરસાદ વરસતો હતો. પાછું ઠંડીનું પ્રમાણ વધ્યું હતું. આ નાનું સરખું શહેર જોશીમઠ નામે ઓળખાતું હતું. એનું સંસ્કૃત નામ જ્યોતિર્મઠ હતું. અહીંથી શંકરાચાર્યનું ઉત્તરધામ શરૂ થાય છે. બદરીનાથના પૂજારી રાવળજી અહીં જ રહે છે. શિયાળામાં અહીંથી જ તે બદરીનાથની પૂજા કરે છે. નૃસિંહ દેવ ઈત્યાદિ અનેક દેવોનાં મંદિર પણ અહીં જ છે. બધાં મંદિરો એક મોટા ચોતરાની આસપાસ જ આવેલાં છે. અહીં નભોગંગાના સ્નાન કરતાં દંતધારાનું સ્નાન વધારે પુણ્યદાયી ગણાય છે. ખરૂં જોતાં તો બેમાંથી એકેમાં ન્હાવા જેવું નથી. જોશીમઠ શહેર તો નાનું છે, પણ ઉખીમઠ કરતાં મોટું. બજાર, ટપાલઑફિસ, છાપખાનું, સદાવ્રત શું ત્યાં નથી? ઘણા અહીંથી કૈલાસ અને માનસરોવર જાય છે. ત્રણેક માઈલ જઈએ ત્યાં ભવિષ્યબદરીનાં દર્શન થાય. ધર્મશાળામાં જઈને થોડો આરામ લીધો ત્યાં તો, ઠંડીની ધ્રૂજારી શરૂ થઈ. પાસે જ પર્વતશિખર પર સફેદ બરફ દેખાવા માંડયો. બરફ વિષે મારા મનમાં બીક પેસી ગઈ હતી. જોશીમઠનું કુદરતી દશ્ય અત્યંત સુંદર હતું.

રાત પૂરી થઈ, એટલે ઠંડીથી થરથરતો એકલો જ જોશીમઠની વિદાય લઈને હું ઉતરાણને માર્ગે ચાલ્યો, ત્રણ માઈલનું ઉતરાણ હતું. પગમાં વેદના પાછી શરૂ થઈ. ત્રણ માઈલનો રસ્તો વટાવી નદીનો પૂલ પાર કરીને જ્યારે હું વિષ્ણુપ્રયાગ પહોંચ્યો ત્યારે સવાર પડી ગઈ હતી. ત્યાં વિષ્ણુગંગા, અથવા અલકનંદા ને ધવલી ગંગાનો સંગમ છે. પુરાણકાળમાં વિષ્ણુની આરાધના કરીને નારદમુનિએ સર્વજ્ઞતાનું વરદાન અહિં પ્રાપ્ત કર્યું હતું. નીલવસના અલકનંદાના ખોળામાં ગેરૂઆવસ્ત્રધારી ગંગાનું આત્મસમર્પણ આ સ્થળમાં એક અત્યંત રોમાંચકર નયનાભિરામ દશ્ય છે. અહીંથી બદરીનાથ ફકત સોળ માઈલ દૂર છે. ક્રમશ:

અનુવાદક: ડૉ. ચન્દ્રકાન્ત મહેતા

મૂળ બંગાલી: શ્રી. પ્રબોધકુમાર સંન્યાલ

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ. મુંબઇ-૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઇ

Regd. No. MH. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૮ : અંક ૧૨

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ઑક્ટોબર ૧૬, ૧૯૬૬, રવિવાર
આફ્રિકા માટે શિલિંગ ૯

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

પ્રકીર્ણ નોંધ

આગામી ચૂંટણી અંગે વિમલાબહેન ઠકારનું નિવેદન

આ અંકમાં અન્યત્ર શ્રી વિમળાબહેન ઠકારે દેશભરમાં પ્રચાર માટે તૈયાર કરેલું નિવેદન 'Call of Love'–'પ્રેમનું આવ્હાહન'–પ્રગટ કરવામાં આવ્યું છે. આજ સુધીમાં આપણે બે ચૂંટણીઓ જોઈ છે. આવતા વર્ષના ફેબ્રુઆરી માસમાં થનારી ત્રીજી ચૂંટણી સમીપ આવી રહી છે. આગળની બે ચૂંટણીઓ દ્વારા આપણે જોયું કે આ ચૂંટણીઓ પાછળ પાર વિનાનો દ્રવ્યવ્યય થાય છે, સત્તાલક્ષી રાજકીય પક્ષો વચ્ચે ચૂંટણી જીતવા અંગે કટુતાભરી સ્પર્ધા ચાલે છે અને એ સમય દરમિયાન થતાં પ્રચારલક્ષી ભાષણો સભ્યતા, વિવેક, સંયમ અને ઔચિત્યની બધી સીમાઓ ઓળંગીને વહેવા લાગે છે. જ્યાં જ્યાં લોકશાહી પ્રવર્તે છે ત્યાં ત્યાં ચૂંટણી અંગે ઓછા વધતા પ્રમાણમાં આવી જ પરિસ્થિતિ પ્રવર્તતી માલુમ પડે છે. ચૂંટણી આવે છે અને જાય છે, પણ પાછળ પક્ષો વચ્ચે અને વ્યક્તિઓ વચ્ચે રાગદ્વેષ અને મત્સરનાં ઝેરી સંસ્કારો–સ્મરણો મૂકી જાય છે. આ દુ:સ્થિતિ કેમ ટળે એ વિચાર–મંથનમાંથી વિમળાબહેનનું પ્રસ્તુત નિવેદન જન્મ પામ્યું હોય એમ લાગે છે.

આ નિવેદન વાંચીને મેં વિમળાબહેનને જણાવેલું કે "આજની લોકશાહીના માળખામાં રહીને થનારી ચૂંટણીના સંદર્ભમાં આ તમારો પ્રયાસ અને તે અંગે તમે કરવા ધારેલો પ્રવાસ, આજે જ્યારે ચૂંટણીનાં ઢોલનગારાં અને પડઘમ વાગવા શરૂ થઈ ચૂક્યાં છે અને પ્રત્યેક રાજકીય પક્ષ પોતપોતાની વ્યૂહરચનામાં મશગૂલ છે ત્યારે, અરણ્ય-રૂદન જેવો નિવડવા સંભવ છે અને ચૂંટણીના ઘોંઘાટમાં તમારી તનુડી બહુ ઓછાં કાનોને સ્પર્શશે એવો મને ભય રહે છે." આના જવાબમાં વિમળાબહેન તા. ૨૭-૯-૬૬ના પત્રમાં જણાવે છે કે "મારા જીવનનું સત્ત્વ અને પ્રેરણા માનવપ્રેમ છે. સમૂળી ક્રાન્તિ વગર તરણોપાય નથી એનું મને પૂરેપુરું ભાન છે; પરંતુ સમૂળી ક્રાન્તિની વાત જનતાને કહી શકું તે માટે પણ જનતંત્રને બચાવવું આવશ્યક છે. જો જનતંત્ર નાશ પામશે અને ભારતમાં ઈન્ડોનેશિયા, ચીન કે બર્મા જેવી સરમુખત્યારશાહી સ્થાપિત થશે તો સમૂળી ક્રાન્તિ લાવવી તો દૂર રહી, પણ લોકોની સાથે ઉન્મુક્ત વાર્તાલાપ પણ થઈ શકશે નહિ.

"તોફાન, વિધ્વંસક પ્રવૃત્તિ અને હિંસા તરફ લોકોનું આકર્ષણ વધતું જ જશે તો લોકતંત્રને કોઈ બચાવી શકશે નહિ. તે માટે જનતા સામે વસ્તુસ્થિતિનું નિવેદન હું પ્રેમથી રજુ કરવા માંગું છું. મારા મનમાં એવો કોઈ ભ્રમ નથી કે સમીપ આવી રહેલી ચૂંટણી ઉપર મારી તનૂડીનું કોઈ તાત્કાલિક પરિણામ આવશે. મારું આપને નમ્ર નિવેદન છે કે મારી તનુડી કોઈ પ્રયોજનથી ક્યારે ય વાગી નથી. આ તો પ્રેમને કારણે વાગે છે અને પ્રેમના કારણે વાગતી રહેશે. પરિણામનો હિસાબ કરીને હું કર્મ કરવાનું શીખી નથી. કુટુંબમાં જેવી રીતે પિતા-પુત્ર, ભાઈ-બહેન, પતિ-પત્ની વચ્ચે હિસાબથી કામ ચાલતું નથી તેવી જ રીતે વિશ્વપરિવારમાં હિસાબથી મારું વ્યવહાર–કાર્ય ચાલતું નથી. એટલા માટે જ મારા નિવેદનનું શિર્ષક છે: 'call of love' 'પ્રેમનું આવ્હાહન.'

પ્રસ્તુત નિવેદનમાં કરવામાં આવેલા સૂચનો, આજની પરિસ્થિતિ અને આપણી લોકશાહીને લગતી સમજણના સંદર્ભમાં, વ્યવહારુ નથી એમ ઘણાને લાગવા સંભવ છે, પણ આજની ચૂંટણીનું સંશોધન કરવાનો, તેને આજના હીન સ્તર ઉપરથી ઊંચે લેવાનો અને અઘટિત સ્પર્ધા અને અનર્ગળ દ્રવ્યવ્યયમાંથી બચાવવાની દૃષ્ટિએ કોઈ માર્ગ સૂચવવાનો વિમળાબહેનનો આ પ્રમાણીક પ્રયાસ છે એ સૌ કોઈ કબુલ કરશે. જો ચૂંટણીની પદ્ધતિ અને રીતરસમ પાયાની સુધારણા માગે છે–આટલી વાત સર્વસ્વીકાર્ય બનશે તો તે સુધારણાના વ્યવહારુ માર્ગો લોકોને આપમેળે સુઝી આવશે. આ દૃષ્ટિએ વિમળાબહેનના આ નિવેદનને હું આવકારું છું.

આજે અમલી બનેલી લોકશાહી વિષે થોડીક વિચારણા

આજે આપણે ત્યાં અમલી બનેલી લોકશાહીમાં રહેલાં અમુક દૂષણો દા. ત. પુખ્તવયમતાધિકારના સંદર્ભમાં થોજાતી જંગી પાયા ઉપરની આજની ચૂંટણીઓ અને તે પાછળ થતો અનર્ગળ દ્રવ્યવ્યય અને આ ચૂંટણીઓ અંગે નિર્માણ થતી સત્તાલક્ષી પક્ષ-રચના અને તેના અનર્થો–લોકશાહીના ગર્ભમાં રહેલાં આ દૂષણો અને લોકશાહીના લાભો જેમ કે પ્રજાના અને પ્રજામતદ્વારા ચૂંટાતા પ્રતિનિધિઓ અને તે દ્વારા થતું લોકશાસન અને તેમાં પડતું લોકમતનું પ્રતિબિંબ–આ બન્ને અનિવાર્યપણે જોડાયેલાં છે. એકને ટાળીને બીજાને વધારે સાચા અર્થમાં ચરિતાર્થ કરવાનું શક્ય જ લાગતું નથી. લોકશાહીની આજની રચના અને કલ્પના કરતાં વધારે સારી અને એમ છતાં વ્યવહારુ બની શકે તેવી રચના અને કલ્પના હજુ અન્ય કોઈ પણ દેશમાં મૂર્તિમન્ત થઈ જાણી કે સાંભળી નથી. આખરે મૂળમાં માનવી સત્તાલક્ષી છે અને તેમાંથી સત્તાલક્ષી પક્ષો જન્મે છે અને મોટા પાયા ઉપરની ચૂંટણીના માધ્યમ દ્વારા કોઈ એક પક્ષ સત્તા ઉપર આવે છે અને અન્ય પક્ષો વિરોધમાં ગોઠવાય છે અને રાજ્ય-નિષ્ઠાનું સ્થાન પક્ષનિષ્ઠા લે છે. આમાંથી અનેક અનર્થો જન્મે છે.

લોકશાહીનાં આ દૂષણોની અનિવાર્યતા સ્વીકારવી એનો અર્થ લોકશાહીના સ્થાને સરમુખત્યારશાહી લાવવી એ નથી, કારણ કે સરમુખત્યારશાહી વળી બીજાં અનેક દૂષણો લાવશે અને સૂકા સાથે ઘણું લીલું બાળી નાંખશે. તો આ દૂષણો નિવારવાનો ખરો ઉપાય તો માનવીને પાયામાંથી સુધારવાનો અને તેના નૈતિક સ્તરને ઊંચે લાવવાનો છે. પણ આ ઉપાય લાંબદોર ઉપાય છે. તત્કાળ ભિન્ન ભિન્ન પક્ષો વચ્ચે અને તે તે પક્ષના ઉમેદવારો વચ્ચેની સ્પર્ધાના કારણે કટુતા ન જન્મે અને સમગ્ર પ્રચારકાર્ય ઊંચા

સ્તર ઉપર ચાલે તે માટે બધા રાજકીય પક્ષોને સ્વીકાર્ય એવી એક આચારસંહિતા ઊભી થવાની જરૂર છે. અને બીજું ચૂંટણીના પરિણામે પક્ષતંત્રની રચના થયા બાદ કેવળ બહુમતીના જોરે રાજ્ય નહિ ચલાવતાં, જે પક્ષો અલ્પમતીમાં હોય તેમને વહીવટી સર્વ કાર્યમાં બને તેટલા સાથે રાખવાનો પ્રયત્ન શાસક પક્ષે કરતા રહેવું– આવો સંકેત ઊભો થવાની અથવા તો ઊભો કરવાની ખાસ જરૂર છે. આમ બનતાં, આપણે ત્યાં આજે અમલી બનેલી લોકશાહી વધારે સાચા અર્થની લોકશાહીમાં પરિણત થવાની શકયતા ઊભી થશે.

"તીર્થોનો સંઘર્ષ મિટાવવાનો સાચો માર્ગ"?

આ અંકમાં અન્યત્ર અધ્યાપક શ્રી દલસુખભાઈ માલવણિયાનો ઉપર જણાવેલ મથાળા નીચેનો એક લેખનો અનુવાદ પ્રગટ કરવામાં આવ્યો છે. જો દિગમ્બર મૂર્તિપૂજક જૈનોની અને શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનોની જૈન મૂર્તિ અને મૂર્તિપૂજા અંગેની પરંપરા તથા પૂજાપદ્ધતિ એકસરખી હોત તો તેમણે તીર્થોનો સંઘર્ષ મિટાવવા માટે સૂચવેલો માર્ગ કદાચ વ્યવહારુ લેખાત, પણ આ જૈન મૂર્તિ અને મૂર્તિપૂજા અંગે પ્રત્યેકની માન્યતા ભિન્ન ભિન્ન હોઈને અને તેની જડ પ્રત્યેક સમુદાયમાં ઘણી ઊંડી હોઈને શ્રી દલસુખભાઈએ સૂચવેલો ઉપાય નથી વ્યવહારુ લાગતો કે નથી વાસ્તવિકતાલક્ષી લાગતો. આ માટે પ્રસ્તુત સમસ્યાને વધારે ઊંડાણથી જોવા-તપાસવાની જરૂર છે.

જ્યાં કેવળ એક જ સમુદાયનું મંદિર અથવા તો તીર્થ હોય અને તેનો વહીવટ તે જ સમુદાયના પ્રતિનિધિઓના હાથમાં હોય ત્યાં પરસ્પર સંઘર્ષનો કોઈ પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. દા. ત. શત્રુંજય, અથવા તો શ્રવણ બેલગોડા. જ્યાં ઉભયમાન્ય તીર્થ હોય પણ પ્રત્યેકનાં દેવસ્થાનો અને વહીવટ અલગ અલગ હોય ત્યાં પણ આવો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. દા. ત. તારંગાજી અથવા પાવાપુરી. પણ જ્યાં તીર્થ ઉભયમાન્ય હોય અને દેવસ્થાન–પછી તે દેરી હોય કે મંદિર હોય–અલગ અલગ ન હોય ત્યાં જ આ પ્રશ્ન ઉભો થાય છે. દા. ત. શિખરજી, કેશરિયાજી, મક્ષીજી, અન્તરિક્ષજી. "આવાં તીર્થોમાં વહીવટ ગમે તેના હાથમાં હોય, તમારે તો પૂજા ઉપાસના કરવી છે ને, તેમાં કોઈ આડે આવતું ન હોય તો પછી વહીવટની બાબતમાં તકરાર કર્યા કરવી એ યોગ્ય નથી." એમ જે સમુદાયને પ્રસ્તુત તીર્થના વહીવટથી અલગ રાખવામાં આવ્યો હોય તે સમુદાયને કહેવાથી તે સમુદાયનું કોઈ કાળે સમાધાન થઈ શકવાનું નથી. આનું કારણ બન્ને વચ્ચે રહેલો પાયાનો માન્યતાભેદ છે.

શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનોની મૂર્તિ કચ્છધારી હોય છે અને દિગમ્બરોથી પોતાની મૂર્તિને અલગ દેખાડવાના હેતુથી મુખાકૃતિ ઉપર સ્ફટિક કે કોડીનાં ચક્ષુઓ ચોડવામાં આવે છે, જ્યારે દિગમ્બરોની મૂર્તિ નગ્ન હોય છે અને તેનાં અર્ધ નિમીલિત ચક્ષુઓ મૂળ મૂર્તિમાં કોરેલાં હોય છે. બીજું શ્વેતાંબરો મૂર્તિ ઉપર ટીલાં ટપકાં કરે છે, ઢગલાબંધ પુષ્પો ચઢાવે છે, આંગી રચે છે અને મુગટ, બાજુબંધ, મોતીની માળા, રત્નજડિત હાર વગેરે આભૂષણો મૂર્તિને પહેરાવે છે, જ્યારે દિગંબરો પોતાની મૂર્તિ ઉપર કોઈ પણ જાતનો શોભાશણગાર કરતા નથી કે ફૂલોનો ઢગલો કરતા નથી. હવે કોઈ પણ ઉભયમાન્ય તીર્થ યા મંદિર ઉપર કોઈ એક જ સમુદાયના પ્રતિનિધિઓનો વહીવટ હોય તો તેઓ પોતપોતાની માન્યતા મુજબની મૂર્તિઓ બેસાડવાની તથા જૂની મૂર્તિઓમાં જ્યારે શકય હોય ત્યારે પોતાની માન્યતા મુજબના ફેરફારો લાદવાની પેરવીમાં રહેવાના અને મૂર્તિપૂજા અંગે પણ પોતપોતાની માન્યતા મુજબની રીતરસમ અને પદ્ધતિને દાખલ કરવાની વૃત્તિ ધરાવવાના, અને તે કારણે બન્ને વચ્ચે અવારનવાર સંઘર્ષોનાં નિમિત્તો પેદા થતાં રહેવાનાં. આમાંથી કોઈને પણ પોતાની માન્યતા છોડવાનો આગ્રહ કરવાનો કોઈ અર્થ જ નથી. જેમને મૂર્તિપૂજાનો જ આગ્રહ ન હોય અથવા તો જેઓ મૂર્તિ અને મૂર્તિપૂજા અંગેના માન્યતાભેદો અંગે ઉદાસીન હોય તેમને દલસુખભાઈના માર્ગદર્શનમાં જરા પણ અનૌચિત્ય કે અવ્યવહારુપણા જેવું નહિ લાગવાનું, પણ આપણે તો કામ લેવાનું છે પોતપોતાની માન્યતાના આગ્રહને વળગી રહેવા માગતા બન્ને સમુદાયો સાથે અને તેના આગેવાન પ્રતિનિધિઓ સાથે. તો પછી આજના સંઘર્ષો ટાળવાનો ઉપાય, આ પ્રતિનિધિઓને પોતપોતાના માન્યતાભેદો બાજુએ મૂકવાનું કહેવામાં નથી રહેલો, પણ જ્યાં જ્યાં ઉભયમાન્ય તીર્થ કે મંદિર હોય ત્યાં ત્યાં બન્ને સમુદાયની સંયુકત વહીવટી રચના ઊભી કરવામાં અને શકય હોય ત્યાં સમાન પૂજાપદ્ધતિ નિર્માણ કરવામાં અને એ શકય ન હોય ત્યાં પ્રત્યેકની પૂજાપદ્ધતિને પૂરો અવકાશ મળે એવી ગોઠવણ ઊભી કરવામાં રહેલો છે. આ કામ છે જેઓ જેનો જેનો વચ્ચે અથડામણના સંયોગો ઘટે અને પરસ્પર એકતા અને સંઠગન વધે એવી ભાવના ધરાવતા જૈન આગેવાનોનું અને એવી ભાવનાને વેગ આપવો એ જેનું મુખ્ય ધ્યેય છે એવી ભારત જૈન મહામંડળ જેવી સંસ્થાનું. આ પ્રશ્નોનો ઉકેલ વાસ્તવિકતા સામે આંખમીંચામણા કરવામાં નહિ પણ વાસ્તવિકતાના સાચા સ્વીકારમાં રહેલો છે.

શ્રી દલસુખભાઈએ પોતાના લેખના પ્રારંભમાં જે દાખલો આપ્યો છે કે થાઈલેન્ડે લાઓસ ઉપર વિજય પ્રાપ્ત કર્યો, થાઈલેન્ડના લશ્કરે લાઓસમાં રહેલી સ્ફટિકની એક ભવ્ય બૌદ્ધ મૂર્તિનું અપહરણ કર્યું અને તે મૂર્તિને પોતાની રાજધાની બેંકોકમાં અમુક બૌદ્ધ મંદિરમાં પધરાવી અને અમુક વ્યકિતએ લાઓસવાસીઓને પૂછ્યું કે "શું આપ સૌ મૂર્તિ પાછી લાવવાનો પ્રયત્ન કરવાના?" તેના જવાબમાં 'એ મૂર્તિ અહીં હોય તો પણ શું અને ત્યાં હોય તો પણ શું?' એમ જણાવીને લાઓસવાસીએ તે વિષે તદ્દન ઉદાસીનતા દાખવી. –આ દાખલાનો અર્થ જો એમ થતો હોય કે "એ મૂર્તિ પાછી લાવવા ખાતર અમો લાઓસવાસીઓ થાઈલેન્ડ સામે યુદ્ધ નોતરવા માગતા નથી." તો એ વલણ તદ્દન વ્યાજબી અને બરોબર છે, પણ જો એનો અર્થ એમ થતો હોય કે "એ બાબતનો અમને લેશ માત્ર રંજ નથી" જે સૂચવવાનો દલસુખભાઈનો આશય છે, તો તેમ બનવું અશકય છે અને તેવું તેમનું અનુમાન કોઈને પણ સ્વીકાર્ય બની શકે તેવું નથી. સામાન્યત: બન્ને સમુદાયના લોકોને ગળે ન ઊતરે એવી વાત ગળે ઊતરાવવા માટે તેમણે ઉપરની ઘટનાનો ઉપયોગ કર્યો છે અને આ તેમનું બુદ્ધિચાતુર્ય સૂચવે છે.

આખી ચર્ચાનો સાર એ છે કે કોઈ પણ તીર્થનો વહીવટ કોઈ પણ કરે તેનું કોઈ મહત્ત્વ જ નથી એ વિચાર જ ભૂલભરેલો છે. શ્વેતાંબરના ગુવાંગ લેખાતા તીર્થનો વહીવટ દિગંબર કરે એ જેમ કલ્પનામાં આવતું નથી એટલો જ કઢંગો દિગંબરના તીર્થનો વહીવટ શ્વેતાંબરો કરે એ વિચાર છે. તો પછી જે ઉભયમાન્ય તીર્થ હોય તેનો વહીવટ ઉભયમાન્ય પ્રતિનિધિઓ વડે જ થવો ઘટે એ સ્વત: ફલિત છે અને તેથી જ્યાં જ્યાં તીર્થોના કારણે સંઘર્ષો પેદા થાય ત્યાં ત્યાં વાટાઘાટ કરીને બન્ને સમુદાય વચ્ચે સમાધાનના માર્ગો શોધવા એ જ એકતાલક્ષી સૌ કોઈ જૈનોનો અનિવાર્ય ધર્મ બને છે.

શેખ અબદુલ્લાના છૂટકારાનો પ્રશ્ન

શેખ અબ્દુલ્લાને છૂટા કરવાની માગણી શ્રી જયપ્રકાશજી કેટલાય સમયથી કરી રહ્યા છે. શ્રી વિમલાબહેન ઠકારે પણ પોતાના પ્રવચનમાં (જે પ્રબુદ્ધ જીવનના આગળના બે અંકમાં પ્રગટ થઈ ચૂકેલ છે) આ જ બાબતની વધારે આગ્રહપૂર્વક માગણી કરી છે. થોડા સમય પહેલાં શ્રી મનુભાઈ પંચોળીએ પણ આ જ વિચારની 'જન્મભૂમિ'માં દર સોમવારે પ્રગટ થતી તેમની એક નોંધમાં હિમાયત કરી હતી અને એ નોંધમાં જણાવવામાં આવ્યું હતું કે શ્રી જયપ્રકાશજીના કહેવા મુજબ શેખ અબદુલ્લાને, પ્રારંભમાં કાશ્મીર ભારત સાથે જે સંબંધથી જોડાયલું હતું તે સંબંધથી, સંતોષ રહેશે અને આ રીતે કાશ્મીર ભારતનાં બીજા રાજ્યો કરતાં વિશેષ સ્વાયત્તતા ધરાવતું હશે, એમ છતાં, ભારતના અન્તરભાગ તરીકે ભારતીય સાર્વભૌમત્વ નીચે રહે એ શેખ અબદુલ્લાને સ્વીકાર્ય રહેશે. આ મુજબ સ્પષ્ટ શબ્દોમાં શેખ અબદુલ્લા ભારત સરકારને જણાવે તો તેમના છુટકારા અંગે તેમની અને ભારત સરકાર વચ્ચે વાટાઘાટો શરૂ કરવાની શકયતા જરૂર ઊભી થાય એમ લાગે છે. આમ છતાં શેખ અબદુલ્લા પક્ષે આટલી સ્પષ્ટતા કદાચ પૂરતી માલુમ ન પડે એમ પણ બનવાજોગ

છે. કારણ કે તેમને ફરીવાર પરહેજ કરવાનું કારણ તો એ હતું કે તેઓ હજના બહાને ભારત બહાર ગયા હતા અને પાકિસ્તાનની દરમ્યાનગીરી દ્વારા તેઓ ચાઉ-એન-લાઈને મળ્યા હતા. આ તેમનું વર્તન તરેહતરેહની શંકા ઉપજાવે તેવું હતું. તેથી આ બાબતમાં જ્યાં સુધી સ્પષ્ટતા ન થાય અથવા તો ન કરવામાં આવે ત્યાં સુધી શેખ અબ્દુલ્લાને મુકત કરવામાં અમુક જોખમ રહેલું છે એમ મારા જેવા અનેકને લાગવા સંભવ છે.

શ્રી જયપ્રકાશજી નાગાલેન્ડના પ્રશ્નના સંદર્ભમાં ડૉ. માઈકલ સ્કૉટ અંગે કેવી રીતે છેતરાયા એ બાબત આપણા સ્મરણમાં હજુ તાજી છે. ડૉ. માઈકલ સ્કૉટને તેમણે નાગાલેન્ડ અને ભારતના સાચા મિત્ર તરીકે લેખ્યા અને બન્ને વિભાગ વચ્ચે સમાધાની થાય અને સ્વાભાવિક સંબંધોની સ્થાપના થાય એમ ડૉ. માઈકલ સ્કૉટ અન્તરથી ઈચ્છે છે એમ શ્રી જયપ્રકાશજી માનતા રહ્યા અને તેમની સાથેના પીસ મિશનમાં તેઓ લાંબા વખત સુધી જોડાયલા રહ્યા. પણ સમય જતાં શ્રી જયપ્રકાશજીને આ પીસ મિશનથી છૂટા થવું પડયું અને ડૉ. માઈકલ સ્કૉટને તેમના ભારતવિરોધી વર્તનના કારણે ભારત છોડી જવાની ફરજ પડી. આ બધી ગઈ કાલની હકીકત છે.

શ્રી જયપ્રકાશજી શેખ અબદુલ્લાની ઉપર જણાવ્યા મુજબની ભારતનિષ્ઠા અંગે પૂરી પ્રતીતિ ધરાવતા હોય, એમ છતાં પણ, રખેને જયપ્રકાશજી શેખસાહેબ સંબંધમાં પણ છેતરાતા હોય એવો વિચાર આવે છે. શેખ અબદુલ્લા એક ગૂઢ વ્યકિત છે અને તેમના અંગેનો ઉપરનો ખુલાસો હોવા છતાં પણ, શેખસાહેબના મનમાં અનેક reservations-અપ્રગટ ધારણાઓ-હોવા સંભવ છે. અને તેથી કાશ્મીરના અન્તિમ સમાધાનમાં શેખ અબદુલ્લાનો સાથ અને સહકાર ગમે તેટલો ઈષ્ટ હોય તો પણ "તેમને છૂટા કરો-કશી પણ સ્પષ્ટતાની અપેક્ષા રાખ્યા સિવાય તેમને સત્વર છૂટા કરો." એમ મુકત મનથી કહી શકાતું નથી. શ્રી મનુભાઈ પંચોળી પણ પોતાના નિવેદનમાં આ પાયાની સ્પષ્ટતા ઉપર એટલો જ ભાર મૂકે છે. પણ સાથે સાથે જયપ્રકાશજીની શેખ અબદુલ્લા સાથેની મુલાકાતે આ અણ-ઉકેલ આંટીમાંથી નીકળવાની કેડી નિર્માણ કરી છે એમ તેઓ માને છે અને આ તકનો આપણા રાજપુરુષો લાભ લેશે એવી તેઓ આશા સેવે છે. શેખ અબદુલ્લાને છૂટા કરવામાં જોખમ નથી એવી પરિસ્થિતિ અને આપણા દિલમાં એવી પ્રતીતિ ઉભી થાય એમ આપણે પણ ઈચ્છીએ છીએ.

પુનર્જન્મ અને વૈજ્ઞાનિક સંશોધન

ગઈ પર્યુષણ વ્યાખ્યાનમાળામાં રાજસ્થાન યુનિવર્સિટીના પેરેસાઈકોલૉજીના અધ્યાપક ડૉ. એચ. એન. બેનરજી 'અતીન્દ્રિય અનુભૂતિઓ' એ વિષય ઉપર બે વ્યાખ્યાનો આપી ગયા અને તેમાં બીજું વ્યાખ્યાન 'પુનર્જન્મ' એ વિષય ઉપર હતું. આ વ્યાખ્યાન દરમિયાન તેમણે એ મતલબનું જણાવેલું કે આજ સુધી પુનર્જન્મ એ ધાર્મિક માન્યતાનો વિષય રહ્યો છે. અને તેનું કોઈ વૈજ્ઞાનિક સંશોધન થયું નથી, એટલે કે તે માન્યતાને લગતા સત્યાસત્યની આજ સુધી કોઈ ચકાસણી વૈજ્ઞાનિક પદ્ધતિએ કરવામાં આવી નથી. આજે હિન્દુધર્મ જેમાં વૈદિક, જૈન તથા બૌદ્ધ ધર્મનો સમાવેશ થાય છે તેના પાયામાં પુનર્જન્મને લગતી માન્યતા રહેલી હોઈને માત્ર હિન્દુઓ જ આ પુનર્જન્મના સિદ્ધાન્તને સ્વીકારે છે, જ્યારે અન્ય ધર્મોના અનુયાયીઓ આવા કોઈ સિદ્ધાન્તને સ્વીકારતા નથી. પરિણામે, હિન્દુસમુદાયમાં જ્યારે કોઈ અલૌકિક સ્મરણજાગૃતિની ઘટના બને છે ત્યારે તેને તેઓ પૂર્વજન્મ સાથે જોડી દે છે, જ્યારે હિન્દુઓ નહિ એવા જનસમુદાયમાં અને ભારત સિવાયના અન્ય દેશોમાં જ્યારે પણ આવી ઘટનાઓ બને છે ત્યારે તે ઘટનાઓનો એક યા અન્ય પ્રકારના મનોવૈજ્ઞાનિક વિભ્રમ તરીકે અથવા તો એકના અનુભવનો અન્યના ચિત્તમાં થતા સંક્રમણ તરીકે તે તે સ્થળના મનોવૈજ્ઞાનિકો ખુલાસો કરે છે. આમ બનવાનું એક એ પણ કારણ છે કે જેમ આપણા જન્મજાત સંસ્કારના કારણે આપણી સામે પુનર્જન્મની કલ્પનાનો વિકલ્પ ઊભેલો જ હોય છે તેવો કોઈ વિકલ્પ તે લોકોની સામે હોતો જ નથી. આ પરિસ્થિતિમાં પ્રશ્ન થાય છે કે પુનર્જન્મનું વૈજ્ઞાનિક સંશોધન એટલે શું?

પુનર્જન્મના વૈજ્ઞાનિક સંશોધનનો અર્થ એ છે કે પુનર્જન્મના વિચારને કોઈ વાસ્તવિક પાયો છે કે નહિ અને જો હોય તો તેવા સ્મરણને કારણકાર્યના કોઈ નિયમ સાથે જોડી શકાય તેમ છે કે નહિ તેની તટસ્થ તપાસ કરવી. આ માટે સૌથી પહેલાં પુનર્જન્મ-સ્મરણની ઘટનાઓ જ્યાં જ્યાં બનતી હોય ત્યાં ત્યાં તેની વિગતો સંબંધમાં આ વિષયના સંશોધકે પોતે જાતે અથવા તો પોતાના વિશ્વાસપાત્ર પ્રતિનિધિ મારફતે તપાસ કરવાની રહે છે અને જે કાંઈ વિગતો મળે તેના સાચાખોટાપણા વિષે પૂરી ચકાસણી કરવાની અને તેમાંથી પૂરી વિશ્વસનીય હોય એવી વિગતો તેણે તારવવાની રહે છે.

આ રીતે તૈયાર થયેલા કિસ્સાની મનોવૈજ્ઞાનિક ધોરણે વધારે ઝીણવટથી તપાસ કરવી અને આવા પૂર્વજન્મની કલ્પના સાથે સંકળાયેલા કિસ્સાના ખુલાસા અંગે પુનર્જન્મ સિવાયના અન્ય જે કોઈ વિકલ્પો વિચારવામાં કે રજૂ કરવામાં આવતા હોય તેમાંનો કોઈ પણ એક વિકલ્પ લાગુ પાડવાથી આવા અતીન્દ્રિય અનુભવનો ખુલાસો થઈ શકે તેમ છે કે નહિ તેનો પૂરી તટસ્થ દૃષ્ટિથી વિચાર કરવો એ પ્રસ્તુત સંશોધન અંગેનું બીજું પગલું છે.

આ દુનિયામાં પુર્વજન્મસ્મરણના કિસ્સાઓ માત્ર ભારતમાં જ બને છે એમ નથી. શ્રી બેનરજીએ દેશ દેશમાં બનતા આવા કિસ્સાઓ તેને લગતી પ્રમાણભૂત વિગતો સાથે આશરે ૫૦૦ ની સંખ્યામાં એકઠા કર્યા છે, અને હજુ પણ જ્યારે પણ દુનિયાના જે કોઈ ખૂણેથી આવા સ્મરણના સમાચાર આવે છે તો તેઓ પોતે ત્યાં દોડી જાય છે, તે સ્મરણોની વિગતો હકીકત સાથે બંધબેસતી આવે છે કે નહિ તેની પૂરી તપાસ કરે છે અને તેનો case-history ચોક્કસ કિસ્સાની પ્રમાણભૂત વિગતોની વ્યવસ્થિત નોંધ તેઓ તૈયાર કરે છે. આવી નોંધો દ્વારા કઈ વ્યકિતને કઈ ઉમ્મરે કેવા સંયોગોમાં આવા પૂર્વસ્મરણોની જાગૃતિ થાય છે તેનું તેઓ સંશોધન કરે છે અને એને લગતા કોઈ નિયમો હોય તો તેની તારવણી કરવાનો પ્રયત્ન કરે છે. દેશ-દેશના અને ધર્મ-ધર્મના લોકો સાથે સંબંધ ધરાવતા આ બધા કિસ્સાઓનો ખુલાસો પુનર્જન્મના સ્વીકાર સિવાય બીજી કોઈ રીતે થતો જ નથી એવા અનુમાન ઉપર જ્યારે આ વિષયનો સંશોધક આવે ત્યારે જ તે સંશોધક પૂર્વજન્મને એક હકીકત રૂપે દુનિયા આગળ રજૂ કરી શકે છે. ડૉ. બેનરજી-ના કહેવા પ્રમાણે હજુ સુધી તેઓ આ સ્થિતિએ એટલે કે પૂર્વજન્મને એક નિશ્ચિત હકીકત તરીકે જાહેર કરવાની સ્થિતિએ પહોંચ્યા નથી.

પણ ધારો કે ઉપર જણાવેલા સંશોધનની સર્વ પ્રક્રિયાઓમાંથી પસાર થયા બાદ પુનર્જન્મનો એક હકીકત રૂપે સ્વીકાર કર્યા સિવાય બીજો વિકલ્પ ન રહે તો એ સ્થિતિએ પહોંચાયું તો પછી પ્રસ્તુત સંશોધનનું પછીનું પગલું કોઈ પણ વ્યકિતમાં તેના પુનર્જન્મનું સ્મરણ જાગૃત કરવાનું શકય છે કે નહિ તેને લગતું રહેવાનું. આજે કોઈ પણ વ્યકિત ઉપર મનોવૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા પ્રયોગ કરીને તેને અમુક 'હિપ્નોટિક' પરિસ્થિતિમાં મૂકીને તેનાં ભૂતકાળનાં સ્મરણો જાગૃત કરી શકાય છે અને આ અસર નીચે તેના અજાગૃત મનમાં રહેલી અનેક બાબતો જાગૃત મનમાં ઉપર લાવી શકાય છે અને પ્રયોગપાત્ર વ્યકિત તે બાબતો એક પછી એક કહેવા માંડે છે. પચ્ચાસ વર્ષની વ્યકિતને તેના ભૂતકાળમાં-૪૦-૩૦ ૨૦-૧૦ વર્ષ અને એમ છેક બાળપણ સુધીના ભૂતકાળમાં-પ્રસ્તુત મનોવૈજ્ઞાનિક પ્રયોગ દ્વારા લઈ જઈ શકાય છે અને જાગૃત સ્થિતિમાં જેનું સ્મરણ સર્વથા લુપ્ત થઈ ગયું હોય એવી અનેક બાબતો તે એક પછી એક ક્રમસર કહેવા માંડે છે. આવી જ રીતે જો પુનર્જન્મ એક હકીકત રૂપે પુરવાર થાય તો અમુક પ્રકારના મનોવૈજ્ઞાનિક પ્રયોગ દ્વારા-હિપ્નોટીઝમ દ્વારા-પુનર્જન્મનાં સ્મરણોને પણ જાગૃત કરી શકાય-આવી કલ્પના પ્રસ્તુત પુનર્જન્મના વિષયના સંશોધન પાછળ રહેલી છે અને પૂર્વજન્મનું સ્મરણ જાગૃત કરવાને લગતી આવી કોઈ મનોવૈજ્ઞાનિક પ્રક્રિયા શોધી કાઢવી-આવો કોઈ નિયમ તારવવો-એ આ સંશોધન પાછળ રહેલો મનોરથ છે. આનું નામ છે પુનર્જન્મ અંગેનું વૈજ્ઞાનિક સંશોધન.

પરમાનંદ

પ્રેમનું આવ્હાહન : CALL OF LOVE

[આ નિવેદન એક પ્રેમની હાકલ છે. ભારતના જાગૃત અને સંવેદનશીલ નાગરિકોને ઉદ્દેશીને તે કરવામાં આવી છે. આ એક એવ વ્યકિતની હાકલ છે, જે તીવ્રપણે એમ અનુભવી રહી છે કે ભારતમાં રહેતા વિરાટ માનવસમુદાયના જીવનમાંની આ કટોકટી વેળાએ આપણે સહુએ આપણો સામૂહિક અવાજ ઊઠાવવાની તાકીદની જરૂર છે.

વિમલા]

ત્યારે કરીશું શું?

આપણો અવાજ આપણે કઈ રીતે બુલંદ કરીશું?

આપણે પહેલું કામ તો એ કરવાનું છે કે આ દેશમાં પાલમિન્ટરી લોકશાહીના રક્ષણ માટે આપણે શપથ લઈએ; ચોતરફ મુકતકંઠે આપણે એવી ઘોષણા કરીએ કે આપણે આપણા વાણી-સ્વાતંત્ર્ય અને વિચાર-સ્વાતંત્ર્યનો ઉપયોગ એક એવી યથાર્થ અને જીવંત લોકશાહીના નિર્માણ માટે કરવા માગીએ છીએ, જેમાં ખરેખર લોકો રાજ્ય ચલાવતા હોય; વિશિષ્ટ વર્ગો તેમ જ સમગ્ર જનસમુદાયનો અભિક્રમ જગાડવા આપણે કમર કસીને ભારોભાર પુરુષાર્થ કરીએ.

આવતી સામાન્ય ચૂંટણીના પ્રસંગનો લાભ લઈને આપણે નીચેની બાબતો વિશે આપણો અવાજ ઊઠાવીએ:-

ચૂંટણી વખતે બધા રાજકીય પક્ષો દ્વારા થતો નાણાંનો ગુનાહિત દુર્વ્યય અમે કદાપિ સાંખી લઈશું નહીં.

ચૂંટણીમાં ભાગ લેતા બધા ઉમેદવારોને વાહનવ્યવહાર તેમ જ સંદેશાવ્યવહારની સગવડ સરકાર જ પૂરી પાડે, અને ચૂંટણીપ્રચાર માટે વાહનવ્યવહાર તેમ જ સંદેશાવ્યવહારનાં ખાનગી સાધનોનો ઉપયોગ કરવાની મનાઈ કરવામાં આવે.

આમ કરવાથી દરેકે દરેક ઉમેદવારને એકસરખી તક મળશે, પછી ભલે તે કોઈ પણ રાજકીય પક્ષનો હોય કે ન પણ હોય. આજે તો ચૂંટણી એ સત્તા કબજે કરવા માટેની એક હોડ બની ગઈ છે, જેમાં ભાગ લેવાનું ધનાઢય, નામના પામેલાઓ કે ગુંડાઓને જ પાલવી શકે તેમ છે. કોઈ પણ પ્રામાણિક, ગરીબ અને સાદો-સીધો માણસ ઉમેદવાર તરીકે ઊભા રહેવાનો કદી વિચાર પણ કરી શકે તેમ નથી. આમ, દેખીતું છે કે જેઓ ચૂંટાઈને આવે તેઓ પ્રજાના અને પ્રજાની ચેતનાના પ્રતિનિધિ હોય જ એમ ન કહી શકાય.

આ સ્થિતિ દૂર થવી જ જોઈએ, અને તે દૂર ન થાય ત્યાં સુધી આપણે – ભારતની જનતા – કદી જંપીશું નહીં.

આપણે આપણો અવાજ બુલંદ કરીને બધા રાજકીય પક્ષોને જણાવી દઈશું કે:

(૧) સત્તાભૂખ્યા રાજકીય પક્ષોના હેતુ પાર પાડવા માટે જ્ઞાતિવાદનો લાભ લેવાવો જોઈએ નહીં. જ્ઞાતિ, જાતિ કે ધર્મના નામે અમે મતદાન કરીશું નહીં.

(૨) બધા પક્ષોના નેતાઓએ પોતાનો ચૂંટણી-પ્રચાર એવી રીતે ગોઠવવો જોઈએ કે જેથી કોઈ પણ એક મતદાર વિભાગના બધા જ ઉમેદવારો એક સાથે તે વિભાગનો પ્રવાસ કરે અને એક જ મંચ પરથી એકી વખતે ચૂંટણી-સભાઓને સંબોધે. આને પરિણામે સમય, શકિત અને પૈસાનો પુષ્કળ બચાવ થશે.

ઉમેદવારો એકબીજા સામે ચારિત્ર્યના આક્ષેપો, ગાળાગાળી, બદનક્ષી ને નિંદા નહીં કરે, ખોટા ગપગોળા નહીં ઉડાવે, નાહકનાં ખોટાં વચનો નહીં આપે, તથા સંકીર્ણ પ્રાદેશિક લાગણીઓ, તુચ્છ મહત્વાકાંક્ષાઓ અને જૂથવાદી ઈર્ષાખોરીને નહીં ઉશ્કેરે.

☆

રાજકીય પક્ષો તરફથી શિક્ષણસંસ્થાઓને પ્રચારનાં કેન્દ્રો બનાવી મૂકવાની જે કમનસીબ પ્રણાલી શરૂ થઈ છે તેની સામે આપણે ભારપૂર્વક આપણો અવાજ ઊઠાવવાનો છે. વિદ્યાર્થીઓ અને શિક્ષકો આજે સત્તાની સ્પર્ધામાં પડેલા રાજકીય પક્ષોના હાથમાં પ્રચારનાં સાધન બની ગયા છે. આને લીધે શિક્ષણસંસ્થાઓના ગૌરવ તેમજ પવિત્રતાનું ખંડન થયું છે.

આપણે તમામ શિક્ષણસંસ્થાઓને વિનંતી કરીએ કે તેઓ પ્રલોભનો કે ડરામણીઓના શિકાર ન બને, પોતાની સંસ્થાનાં મકાનો અને પટાંગણોનો વિભિન્ન રાજકીય પક્ષોના પ્રચાર-કેન્દ્રો તરીકે ઉપયોગ કરવા દેવાનો તેઓ ઈનકાર કરી દે, કોઈ પણ રાજકીય પક્ષ તરફથી કોઈ ચૂંટણી ઝુંબેશ ચલાવવાની તેઓ ના પાડી દે, અને નિર્દોષ યુવાનોનું માનસ પક્ષાપક્ષીના વિષથી કલુષિત ન થવા દે.

શિક્ષણસંસ્થાઓ વિદ્યાની પવિત્ર ભાવના જાળવી રાખે અને સત્તાના રાજકારણ તેમ જ પક્ષાપક્ષીના રાજકારણથી દૂર રહે.

☆

અખબારો, જાહેર સભાઓ તેમ જ પરિપત્રો દ્વારા આપણે જાહેર કરવું જોઈએ કે:

કોઈ પણ પક્ષને નામે અમે મતદાન નહીં કરીએ. અમે તો એ જોઈશું કે ઉમેદવાર અમારું પ્રતિનિધિત્વ ધરાવવા સારું 'યોગ્ય માણસ' છે કે નહીં.

'યોગ્ય માણસ' કહેવા પાછળ અમારી મતલબ છે –

(અ) લોકોનું પ્રતિનિધિત્વ કરવું એટલે શું એ સમજવાને તે ઉમેદવાર સમર્થ હોવો જોઈએ.

(બ) પોતાની જવાબદારી અદા કરવા માટે તે ઉમેદવાર શૈક્ષણિક, સાંસ્કૃતિક અને ભાવાત્મક દૃષ્ટિએ સુસજ્જ હોવો જોઈએ.

(ક) પોતાના વ્યકિતગત જીવનમાં ગેરરીતિઓ માટે, પોતાના સામાજિક સંબંધોમાં ગેરશિસ્ત માટે, તથા આંતરજાતીય, આંતરપ્રાંતીય અને આંતરધર્મીય સંબંધોમાં અવરોધ નાખવા માટે તે ઉમેદવાર નામચીન ન હોવો જોઈએ.

ઉપરની યોગ્યતા ધરાવતો એક પણ ઉમેદવાર જો અમને નહીં જડે, તો અમે 'મત ન આપવાના' અમારા અધિકારનો ઉપયોગ કરીશું, અર્થાત્ અમે મતદાન નહીં કરીએ.

ચૂંટણી થઈ ગયા પછી ચૂંટાયેલા પ્રતિનિધિઓ પર તકેદારી રાખવા દરેકે દરેક ગામ, કસબા અને શહેરમાં આપણે 'જાગરૂક સમિતિઓ' (વિજિલન્સ કમિટી) ની રચના કરીએ.

આ રચનાત્મક ક્રાંતિમાં કસબાઓ અને શહેરોએ પહેલ કરવી જોઈએ. એમણે ધારાસભા અને લોકસભામાંના પોતાના પ્રતિનિધિઓને એવી સૂચના આપી દેવી જોઈએ કે દરેકે દરેક ધારાસભ્યે તથા દરેકે દરેક લોકસભાના સભ્યે વરસમાં ત્રણ વાર જાગરૂક સમિતિને પોતાનો અહેવાલ આપવો, અને ધારાસભામાં કે લોકસભામાં જ્યારે કોઈ વિવાદાસ્પદ બાબત ઉપસ્થિત થાય ત્યારે તેમણે જાગરૂક સમિતિની સલાહ લેવી.

ઉમેદવાર એક વાર ચૂંટાયો કે લોકોનો પ્રતિનિધિ બની જાય છે. આપણે ધારાસભ્યો અને લોકસભાના સભ્યોને એવી કેળવણી આપવી પડશે કે જેથી રાષ્ટ્રીય પ્રશ્નો વિશે તેઓ પક્ષાપક્ષીની દૃષ્ટિએ ન વિચારે તથા લોકોના હિત કરતાં પોતાના પક્ષની પ્રતિષ્ઠાને વધારે મહત્ત્વની ન માને. જાગરૂક સમિતિઓ દ્વારા આ સિદ્ધ કરવું પડશે.

આ બધું કરશે કોણ?

તમે અને હું.

ચાલો આપણે દરેક વૉર્ડમાં આ પત્રિકા પહોંચાડી દેવા નાનાં નાનાં મંડળો રચીએ.

ચાલો આપણે આ સંદેશો આપણા વૉર્ડના એકેએક મતદાતા સુધી પહોંચાડી દઈએ.

ચાલો આપણે પોતાના ગામ કે શહેરથી જ આરંભ કરીએ.

લોકશિક્ષણના આ પવિત્ર કાર્યમાં ભાગ લેવા માંગતા હોય, તેઓ નાની સભાઓ યોજી લોકોને આ હાકલનો મર્મ સમજાવે.

જેઓ પોતાના સમય, શક્તિ અને નાણાંનો કંઈક ભોગ આપવા ઈચ્છતા હોય, તેઓ અસપાસનાં ગામડાંઓમાં જઈને લોકો પ્રત્યેની આ હાકલ ગ્રામજનોને સમજાવે.

બહેનો એમની સંસ્થાઓમાં આ હાકલનો પ્રચાર કરે. દુનિયાની કોઈ પણ તાકાત માતાના અવાજને દબાવી શકે તેમ નથી. બહેનો પ્રેમનો આ પયગામ દેશના ખૂણેખૂણે પહોંચાડવાનું પોતાના માથે લે.

અંતમાં સામૂહિક પુરુષાર્થની આવશ્યકતા ઉપર મને ભાર મૂકવા દો. વ્યક્તિગત જીવનના વ્યક્તિગત આચરણના વ્યાપક પ્રભાવ વિશે મને ખૂબ શ્રદ્ધા છે. એ પ્રભાવનો પૂરેપૂરો ખ્યાલ આપણને આવ્યો નથી. તેમાં જબરદસ્ત સંભાવનાઓ પડી છે.

મુઠ્ઠીભર પ્રબુદ્ધ, તત્પર અને જાગરૂક વ્યક્તિઓ જો દૃઢ નિશ્ચય કરે તો આખાયે રાષ્ટ્રના ગૂંગળાવનારા વાતાવરણને પલટાવી શકે.

જાગો! ઉઠો! કાર્યરત બનો!

વિમલાબહેનનો ગુજરાતનો કાર્યક્રમ

૧૯	ઑક્ટોબર	પાલણપુર	૨૭	ઑક્ટોબર	વલસાડ
૨૦	„	પાટણ	૨૮	„	સુરત
૨૧	„	મહેસાણા	૨૯	„	ભરૂચ
૨૨	„	મોડાસા - પ્રાંતિજ	૩૦–૩૧	„	વડોદરા
૨૩–૨૪	„	અમદાવાદ	૧	નવેમ્બર	નડિયાદ
૨૫	„	વાડાશિનોર	૨ થી ૬	„	સૌરાષ્ટ્ર
૨૬	„	આણંદ	૭	„	ભુજ

શ્રી વિજુ પટનાયક

[આજે જ્યારે ઓરિસ્સાના કૉંગ્રેસી મંત્રીમંડળમાં પરસ્પર ઊભા થયેલા વિખવાદના સંદર્ભમાં શ્રી વિજુ પટનાયકનું નામ આજના સામયિકોમાં અવારનવાર જોવામાં આવે છે ત્યારે તા. ૧૯-૯-૬૬ના જન્મભૂમિ-પ્રવાસીમાં પ્રગટ થયેલા તેમના રેખા-ચિત્રનું અહિં નીચે કરવામાં આવતું અવતરણ અત્યંત પ્રસ્તુત બને છે. આજે આવી વ્યક્તિ કાગ્રેસની કારોબારીમાં છે અને કૉંગ્રેસ પ્રમુખ કામરાજ આવી વ્યક્તિને ઓરિસ્સામાં કોંગ્રેસની ચુંથાયેલી પરિસ્થિતિને, આગામી ચૂંટણીના સંદર્ભમાં, સરખી કરવાની જવાબદારી સોંપે છે, જ્યારે શ્રી નવકૃષ્ણબાબુ અને શ્રી હરેકૃષ્ણ મહેતાબ જેવી ઉચ્ચ કોટિની વ્યક્તિઓ કૉંગ્રેસ સામે વિદ્રોહ જગાવી રહેલ છે—આ હકીકત આપણી કૉંગ્રેસનું નૈતિક સ્તર કેટલું નીચે ઉતરી ગયું છે તેનો ખ્યાલ આપવા માટે પૂરતી છે. પરમાનંદ]

વિજયાનંદ પટનાયકે હમણાં ઓરિસ્સામાં અભૂતપૂર્વ રાજકીય કટોકટી સર્જી હતી. તેમના દોરીસંચારથી ઓરિસ્સાના ૧૩ પ્રધા-નોમાંથી ૧૨ પ્રધાનોએ રાજીનામાં આપ્યાં, અને મુખ્ય પ્રધાન સદાશિવ ત્રિપાઠીની ઝાટકણી કાઢી નાખી. આખરે ગયે અઠવાડિયે કૉંગ્રેસપ્રમુખ કામરાજે જ્યારે વિજુને બોલાવીને તેમની ખબર લઈ નાખી ત્યારે બારે પ્રધાનોએ સીધાદોર બનીને રાજીનામાં ખેંચી લીધાં.

આપણી કૉંગ્રેસની લીલા પણ અજબ છે! તે સમાજવાદનું ધ્યેય ધરાવે છે, પણ કરોડપતિઓ અને કરોડપતિઓના ટેકેદારો પણ કૉંગ્રેસના થાંભલા છે. વિજુ પટનાયક એક મોટા ઉદ્યોગપતિ છે, અથવા એમ કહો કે તેમની પત્ની ઉદ્યોગ–પતિ છે. તેઓ ઓરિ-સ્સાના મુખ્ય પ્રધાન હતા, અને તેમની પત્નીના નામે ચાલતી પેઢી તેમની સરકારને માલ પૂરો પાડતી હતી!

કૉંગ્રેસપ્રમુખને લાગ્યું કે આવતી ચૂંટણીમાં સૌથી ગરીબ ઓરિસ્સામાં કૉંગ્રેસે જીતવું હોય તો સૌથી ધનવાન અને સાહસિક પટનાયકને ચૂંટણી જંગના નાયક બનાવવા જોઈએ. આથી તેમણે આ જવાબદારીનો ભાર નાખતો પત્ર વિજુ પટનાયકને લખી નાખ્યો. વિજુને લાગ્યું કે આવી મોટી જવાબદારી મારે ઉઠાવવી હોય તો મારે મુખ્ય પ્રધાનની ખુરશી ઉપર બેસવું જોઈએ. આથી તેમણે મુખ્ય પ્રધાન સદાશિવ ત્રિપાઠીના સિંહાસનના તેર પાયામાંથી બારને ખસેડી નાખ્યા. માંદા માંદા ત્રિપાઠીએ પણ એક પાયા પર ટકી રહીને કામકારાજનો આધાર લઈ લીધો.

વિવેકબુદ્ધિનું ઉલ્લંઘન કરવું એ પટનાયકની પ્રકૃતિમાં છે. ૧૯૬૩માં પંડિત નહેરુએ તેમને વૉશિંગ્ટન મોકલ્યા હતા તે પહેલાં તેઓ હોળી પ્રસંગે મૂર્ખાઓની પરિષદના અધ્યક્ષ બન્યા હતા. પણ જ્યારે તેઓ વૉશિંગ્ટન ગયા ત્યારે તેમના મગજમાંથી મૂર્ખાઓના પ્રમુખ હોવાનો ખ્યાલ હજી ખસી ગયો ન હતો. પરિણામે તેમણે વૉશિંગ્ટનમાં ઓરિસ્સાના મુખ્ય પ્રધાન અને પંડિતજીના પ્રતિનિધિ તરીકે વર્તવાને બદલે મૂર્ખાઓની પરિષદના પ્રમુખ જેવા છબરડા વાળ્યા! નહેરુને પટનાયકનાં સાહસો માટે માન હતું; પરંતુ તેમનાં દુ:સાહસો જ્યારે વધી ગયાં ત્યારે તેમને "કામરાજ યોજના' વડે સંભાળથી લપેટી લઈને ખુરશી પરથી ટોપલીમાં મૂકી દીધા. (બીજે વર્ષે વિજુએ કહ્યું કે કામરાજ યોજના દયાજનક રીતે નિષ્ફળ ગઈ છે!) ત્રણ વર્ષ અને એક માસ પછી ખુદ કામરાજે જ તેમને ટોપ-લીમાંથી બહાર કાઢયા તો, વાંદરો ઘરડો થાય તો પણ ગુલાંટ ન ભૂલે તેમ, હજી વયથી કે અનુભવથી વૃદ્ધ નહિ થયેલા વિજુએ ખુરશી પર ચડી જવા છલાંગ મારી!

વિજુએ નહેરુના જમાનામાં ત્રિવિધ પાઠ ભજવ્યો હતો—ઓરિસ્સાના મુખ્ય પ્રધાન તરીકે, નેહરુના બિનસત્તાવાર સંરક્ષણપ્રધાન તરીકે અને બિનસત્તાવાર વિદેશપ્રધાન તરીકે! જ્યારે સંરક્ષણ સહાય માટે વાટાઘાટ કરવા નેહરુએ તેમને અમેરિકા મોકલ્યા ત્યારે અમેરિકન પત્રકારોએ તેમને શીશામાં ઉતાર્યા. લોકસભાના અધ્યક્ષ હુકમસિંહે પણ કહેવું પડયું કે સંરક્ષણને લગતી જે વાતો સસંદમાં ન થઈ શકે તે અમેરિકામાં પણ ન કરવી જોઈએ.

કંગાળ ઓરિસ્સાએ એક નહિ બે કરોડપતિ પંત પ્રધાન જોયા છે. બીજા હરેકૃષ્ણ મહેતાબ—વિજુના ગુરુ અને હવે શત્રુ!

વિજુ માટે પંડિતજીને આકર્ષણ થવાનાં કારણો છે. નેહરુ શૌર્ય અને સાહસના પ્રશંસક હતા. વિજુ એક બાહોશ વિમાની છે. ૧૯૪૫ માં સુકર્ણ ઈન્ડોનેશિયાનો સ્વાતંત્ર્ય સંગ્રામ લડી રહ્યા હતા ત્યારે ડચ સૈન્યથી ઘેરાયેલા સુકર્ણને અને તેમના સાથી ડો. શેરીઅરને પટનાયકે વિમાનમાર્ગે ઉઠાવી જઈને દિલ્હીમાં નેહરુ સમક્ષ હેમખેમ રજૂ કર્યા હતા! ૧૯૪૭માં પાકિસ્તાને કાશ્મીર પર ચડાઈ કરી ત્યારે શ્રીનગરમાં પહેલું વિમાન ઉતારનાર પટનાયક હતા.

વિજયાનંદ અને તેમના બે ભાઈઓ (એક હવાઈ સેનામાં છે, બીજા ડૉક્ટર છે.) ઉડિયા સ્ત્રીઓને નથી પરણ્યા. વિજુ પંજાબીને પરણ્યા છે.

વિજયાનંદ પ્રકૃતિથી સાહસવીર છે, પણ રાજકારણમાં તેમણે દુ:સાહસ ન કર્યા હોત તો વધુ લોકપ્રિય હોત. સોહમ

વિષયસૂચિ

		પૃષ્ઠ
પ્રકીર્ણ નોંધ: આગામી ચૂંટણી અંગે વિમલાબહેન ઠકારનું નિવેદન, આજે અમલી બનેલી લોકશાહી વિષે થોડીક વિચારણા, તીર્થોનો સંઘર્ષ મિટાવવાનો સાચો માર્ગ? શેખ અબદુલ્લાના છૂટકારાનો પ્રશ્ન, પુનર્જન્મ અને વૈજ્ઞાનિક સંશોધન.	પરમાનંદ	૧૧૭
પ્રેમનું આહ્વાહન	વિમલા ઠકાર	૧૨૦
શ્રી વિજુ પટનાયક	સોહમ્	૧૨૧
હિમાલયની વિભૂતિ	કિશનસિંહ ચાવડા	૧૨૨
સમન્વયસાધક સન્ત વિનોબા	અમૃત મોદી	૧૨૩
તીર્થોના સંઘર્ષ મીટાવવાનો સાચો માર્ગ	દલસુખ માલવણિયા	૧૨૪
થોડાંક અવલોકનો: 'વેળુ અને ફીણ:' ખલિલ જિબ્રા-નનો પરિચય, પાનખર અને વસંત, સમર્પણનો જય.	પરમાનંદ	૧૨૫
એ દેશની ખાજે દયા (કાવ્ય)	મકરન્દ દવે	૧૨૬

હિમાલયની વિભૂતિ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનાં ઉપક્રમે શ્રી કિસનસિંહ ચાવડાનું 'હિમાલયની વિભૂતિ' એ વિષય ઉપર એક વ્યાખ્યાન, શનિવાર, તા. ૨૭-૮-'૬૬ નાં સાંજના ઑઈલ સીડ્ઝ મરચન્ટ્સ એસોસીએશનનાં સભાગૃહમાં રાખવામાં આવ્યું હતું. શરૂઆતમાં સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહે શ્રી કિસનસિંહને આવકાર આપ્યો અને કહ્યું "જૈન યુવક સંઘ વતી શ્રી કિસનસિંહભાઈને આવકાર આપતાં હું આનંદ અનુભવું છું. શ્રી કિસનસિંહ ચાવડાનો પરિચય આપવાની જરૂર નથી. તેઓ જાણીતા સાહિત્યકાર, વિવેચક અને સાધક છે અને પરમાનંદભાઈ આજે અમદાવાદથી આવી શકયા નથી—એ પણ પુરવાર કરે છે કે એમનાં પરિચયની જરૂર નથી—આમ છતાં ય જો શ્રી પરમાનંદભાઈ ઉપસ્થિત હોત તો શ્રી કિસનસિંહભાઈનો તેમણે વિશિષ્ટ પરિચય આપ્યો હોત. લગભગ દોઢ વર્ષ પહેલા મેં શ્રી રસિકભાઈ ઝવેરીને ત્યાં તેમને પ્રથમ વાર સાંભળ્યા—લગભગ દોઢ કલાક સુધી તેઓ બોલેલા અને ત્યારે મને ખૂબ મઝા આવેલી—આવી જ મઝા માણવા આપણે સૌ અત્યારે ભેગા થયા છીએ. મઝાની સાંજ છે—મઝાનું વાતાવરણ છે—મઝાનાં વક્તા છે અને મઝાનો વિષય છે. હું શ્રી કિસનસિંહભાઈને એમનો આનંદરસ વહેતો મૂકવા વિનંતી કરું છું."

શ્રી કિસનસિંહે એમના વક્તવ્યમાં કહ્યું "હિમાલયની વિભૂતિ એ ભાવાત્મક વિષય છે. પરમાનંદભાઈને વાસ્તવિક વિષય ગમે છે. એટલે તેમણે મને જણાવેલું કે મારે હિમાલયને મનુષ્યનાં સંદર્ભમાં ગોઠવીને એનાં વિષે પૂરેપૂરું કહેલું. હવે હિમાલય આમ તો એક મોટો પથ્થર—બરફનો પહાડ છે. એને માણસનાં હૃદય સુધી હું કેવી રીતે પહોંચાડું? હિમાલયની વિભૂતિ ઉપર બોલતા વારંવાર ભાવાત્મક થઈ જવાશે. હિમાલયનું વર્ણન હું કયા શબ્દોમાં કરું? મેં અમેરિકા-યુરોપ-આફ્રિકામાં ય બરફના પર્વતો જોયા છે, પણ હિમાલયમાં જે આત્મીયતા હું અનુભવી શકયો છું તે મેં ક્યાંય અનુભવી નથી. જ્યાં મનુષ્યનો બહુ વસવાટ થાય છે ત્યાં આત્મીયતા સધાતી નથી. પરદેશના પર્વતોમાં આત્મીયતા નહિ સધાવાનું આ પણ એક કારણ હોઈ શકે. તમે હિમાલય આઠ દશ હજાર ફીટ ઉપર ચઢવા માંડો એટલે તમને એમ થશે કે માણસ કેટલો મહાન અને નાનો પણ છે. માણસ પાસે સ્વપ્ન છે, બુદ્ધિ છે, પ્રતિભા છે, અલ્પતા અને મહત્તા બંને પ્રકટ કરવાની શકિત છે, પણ પ્રકૃતિ ઉપર વિજય મેળવતાં તે ડરે છે ....તે ચઢતાં ચઢતાં પણ ડરે છે અને પ્રકૃતિ—તે તો એનાં એક પછી એક સ્તરો ઉઘાડતી જાય છે, માણસને તે કેટલો નાનો છે એનો અનુભવ કરાવતી જાય છે. આપણે પ્રકૃતિથી ડરીએ છીએ, કારણ એની સાથેનો આપણો સમાગમ મેળવાળો નથી. હાથ મિલાવવામાં અને આલિંગનમાં ફરક છે. પ્રકૃતિ સાથે હાથ ન મિલાવવાના હોય. એની સાથે તો આલિંગન જ હોય. અને એમાં આખા અસ્તિત્વનું મિલન હોય પ્રકાશની પૂરેપૂરી વ્યવસ્થા હોય તો જ અરિસામાં પૂરેપૂરું સ્પષ્ટ પ્રતિબિંબ દેખાય. એવું જ પ્રકૃતિનું છે. પ્રકૃત્તિને તમે એક અંશથી ન જોઈ શકો, પણ મનુષ્યને પોતાનો અહંકાર છે. એ હિમાલયની મહત્તા—ઓળખવાનો સમજવાનો—પ્રયત્ન કરે છે, પણ પછી એને જેટલું સમજાય તેટલું જ એ સ્વીકારે છે. ઘરના પ્રકાશને બહારના સમસ્ત સૂર્યના પ્રકાશને એ મેળવતો નથી. ખરી રીતે તો માણસે આખે આખા ઉઘડી જવું જોઈએ. તો જ એને પ્રકૃતિનું અભિનવ લાવણ્ય, ચારુતા, આકૃતિ અને નવું સ્વરૂપ દેખાય. બાકી, માણસને એનું પોતાનું અભિમાન એટલું બધું છે કે એ એમ માને છે કે એને બધું જ સમજાય છે. એને વસ્તુની પૂર્વભૂમિકા ખબર નથી. આથી એ જ્ઞાનનો સ્પર્શ પામી શકતો નથી. એ વસ્તુને અંશથી અડે છે અને સમગ્રનો ખ્યાલ કરે છે. આપણાં કાટલાં ખોટાં છે તે સ્વીકારવા આપણે તૈયાર નથી. ગાંધીજીએ એક વાર કહેલું તે મને અહિ યાદ આવે છે કે "હું અજ્ઞાન માણસ સામે ઊભો રહેવા તૈયાર છું; પણ જ્ઞાનના અભિમાનવાળા માણસ સામે ઊભો રહેવા તૈયાર નથી."

"હિમાલયમાં અમારે ત્યાં એક મિત્ર આવ્યા. મને કહે "I am frightfully confuscd." મેં કહ્યું: "confusion કાઢવાનો પ્રયત્ન કરો." તમે અપૂર્ણતાનો ખ્યાલ કરો. તમારામાં જ contradictions છે. માણસ પોતાની અજ્ઞાનની શૈયામાં સૂતો છે અને વળી પાછું અભિમાન કરે છે. એટલે અજ્ઞાન-અભિમાન ભેગા મળીને આ લીલા રચાય છે અને પ્રકૃતિનો સીધો સંપર્ક એને થવા જ પામતો નથી.

"હિમાલયમાં માણસને બે લાગણી થાય છે—

(૧) મારામાંથી છૂટું—

(૨) હિમાલય કેવળ સ્થુળ નથી.

"પહેલી લાગણી માણસ હિમાલયમાં લાંબો સમય વસે છે ત્યારે થાય છે.

"સંસારનો ભાર, કામ-વાસનાઓ, વિચારો ડાળીમાંથી પાંદડાં ઊગે તેમ પાંખાં થઈ જાય છે—thin—પાતળાં થાય છે. પોતા તરફનું દર્શન બદલાય છે. "પહેલા હું" "પહેલા હું" વર્ષો સુધીનું આપણું આ ગીત ત્યાં સંભળાતું બંધ થાય છે અને કોઈ મોટી, વિરાટ વસ્તુનો જાણે અનુભવ થતો હોય તેમ લાગે છે. આ છે હિમાલયની વિભૂતિના સંપર્કનું પ્રથમ પરિણામ.

"હિમાલયમાં ઋષિઓ અને ઋષિપત્નીઓએ નિર્મળ પ્રેમની નદીઓ વહેવરાવી છે. આ બધું પેલા જેમ કહે છે "હશે—હશે" એમ હું નથી કહેવા માંગતો." છે—છે" એમ હું કહેવા માંગું છું. આજે શહેરનાં અવાજમાં પ્રકૃતિનો જે સૂર—શબ્દ—અવાજ ઊઠે છે તે કોઈ દિવસ શું સંભળાય છે? ત્યારે ત્યાં વિરાટ પિતા—સાગર—સમુદ્ર છે. તમે કદિય એનાં કિનારે મધરાતે બેઠા છો? અલી અકબરખાનના પિતા અલાઉદ્દીનખાંએ સમુદ્રના કિનારે ત્રણ કલાક બેસીને સમુદ્રતરંગનાં સૂરનું સર્જન કર્યું હતું. હું કહું છું કે તમે ગર્જનને શ્રુતિ સુધી લઈ જાઓ. તમે એટલા શાંત થાઓ. બાકી આજે આ બધો ઘોંઘાટ બહાર દેખાય છે તે અંદરના ઘોંઘાટનું Projection છે—બહારનો ઘોંઘાટ એ બીજું કશું જ નહિ અંદરના Noises છે—ઈચ્છાઓની પાછળની આપણી આ બધી દોડધામ છે. જે દિવસે ઘોંઘાટ ઓછો લેશો...શાંત થશો ત્યારે એક સૂર—એક શબ્દ સંભળાશે—અને આ છે હિમાલયની બીજી લાગણી—

"હિમાલયની શાંતિની તો તમને શું વાત કરું!

"કેટલાક મિત્રો અમારે ત્યાં આવેલા. તેઓ મને કહે કે અહિની શાંતિ અમને અશાંત કરી દે છે. આની પાછળ આપણું અસ્તવ્યસ્ત, અવ્યવસ્થિત, અરાજકતાવાળું જીવન છે. પેલી શાંતિમય અશાંતિ સાથે પ્રવેશે છે. માણસને એમ થાય છે કે હું સાચો કે સ્થળ સાચું. માણસ પોતાની અંદરની ભયંકરતાને સહન કરી શકતો નથી. માણસ ચાર સ્વરૂપે જીવે છે. શુદ્ર, વૈશ્ય, ક્ષત્રિય અને બ્રાહ્મણ. હિમાલયમાં શુદ્ર સ્વરૂપે આવે તો નમસ્કાર કરી 'બરાબર છે' કહી ચાલ્યો જાય. વૈશ્ય સ્વરૂપે સમાધાન કરીને માંડ બે ચાર દિવસ રહે. ક્ષત્રિય સ્વરૂપે એ થોડું મથન કરે, પણ બ્રાહ્મણ સ્વરૂપે એ આ શાંતિમાં વધારે અકળાય છે, પણ અંતે સંઘર્ષમાંથી સંવાદિતા જન્માવે છે. આમ આપણે અંદરથી બ્રાહ્મણ થવાની જરૂર છે, અંદરથી ઊંચે ચઢવાનું છે. હિમાલય ચઢવાનો અર્થ પણ આ જ છે. ગંગાના મુખને મળવું હશે તો એના પ્રવાહ સાથે નહિ, પણ પ્રવાહની વિરુદ્ધ જવું પડશે. તો જ ગંગોત્રીનું દર્શન થશે. અંતમાં જે દીવો બૂઝાવાની તૈયારીમાં છે એને પ્રકટાવવાની શકયતા હિમાલયની વિભૂતિ બતાવે છે.

"અને એક વાત આપણે સમજી લઈએ. મનુષ્ય માત્ર મરવાના છે. મૃત્યુ સૌનું ચોક્કસ છે. છતાં મૃત્યુ વિષે જ મનુષ્ય બેદરકાર છે અને જે મૃત્યુ વિષે બેદરકાર છે એ જીવન વિશે પણ બેદરકાર છે. આપણે એકલતા, એકાંત અને શાંતિ—સાથે મૈત્રી કરીએ તો શ્રુતિ તેજ થશે, આંખો નિર્મળ થશે, ખરાબ વિચારો દૂર થશે." આમ જણાવીને શ્રી મુંબઈ જૈન યુવક સંઘે તેમને પોતાનો અનુભવ રજૂ કરવાની જે તક આપી તે બદલ શ્રી કિસનસિંહભાઈએ સંઘનો આભાર માન્યો અને ત્યાર બાદ સંઘના અન્ય મંત્રી શ્રી સુબોધભાઈએ આભારદર્શન કર્યું અને આવા વ્યાખ્યાનનો લાભ શ્રી કિસનસિંહભાઈ અવારનવાર આપતા રહે એ માટે તેમને અનુરોધ કર્યો.

સંપાદક: ચીમનલાલ જે. શાહ

સમન્વય-સાધક સન્ત વિનોબા

[ગયા સપ્ટેમ્બર માસની ૧૧મી તારીખે પૂજ્ય વિનોબાજીએ ૭૧ વર્ષ પૂરાં કરીને ૭૨મા વર્ષમાં પ્રવેશ કર્યો છે. આ પુણ્યતિથિને લક્ષમાં રાખીને ગુજરાત સર્વોદય મંડળના મંત્રી શ્રી અમૃત મોદી તરફથી વિનોબાના સમગ્ર વ્યક્તિત્વનો ખ્યાલ આપતો એક લેખ મળ્યો છે, જે પ્રગટ કરતાં ઊંડી પ્રસન્નતા અનુભવું છું. આ પ્રસંગે વિનોબાજી પ્રત્યે આપણ સર્વના હાર્દિક અભિનંદન હો અને સુરક્ષિત આરોગ્યપૂર્વક તેઓ દીર્ઘકાળ સુધી આપણી વચ્ચે વસે અને વિચરે અને તેમની કલ્યાણમય - મંગળમય ચિન્તનધારાનું આપણા જીવન ઉપર સતત સિચન થતું રહે એવી આપણી પ્રાર્થના હો!

પરમાનંદ]

વસુંધરાના બાગમાં ભાતભાતનાં ને જાતજાતનાં ફૂલો ખીલે છે. એક એકથી નીરાળાં ને વિવિધતાવાળાં. કોઈ મહાજ્ઞાની હોય છે તો કોઈ પરમ ભક્ત તો કોઈ કર્મવીર. ભારત પર પરમેશ્વરની ખૂબ કૃપા રહી છે કે આપણા જમાનામાં પોતપોતાના ક્ષેત્રમાં કેટલાયે અદ્વિતીય પુરુષો પાકયા. અનેક જ્ઞાની, કર્મવીર તથા ભકતો ભારતમાં પ્રગટ થયા. પરંતુ જ્ઞાન, કર્મ અને ભકિત એ ત્રણેમાં જેણે સમન્વય સાધ્યો હોય અને ત્રણેયનું સરખું ઊંડાણ સાધ્યું હોય તેવી વિરલ વ્યકિતઓમાં વિનોબા છે, જેઓ આજે એમની જીવનયાત્રાનાં ૭૧ વર્ષ પૂરાં કરીને ૭૨મા વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છે.

વિનોબાના જીવનમાં જ્ઞાન, કર્મ, અને ભકિતનો ત્રિવેણી-સંગમ થઈ શકયો છે, કેમકે એમના ચિંતનની પદ્ધતિ સમન્વયની છે અને લક્ષ્ય સામ્યયોગનું છે. જ્ઞાન, કર્મ અને ભકિતના સમન્વયમાંથી જ ભૂદાન-ગ્રામદાનની ક્રાંતિનો વિચાર પ્રગટયો છે. સમન્વયી ક્રાંતિના પ્રણેતા વિનોબા અદ્વૈતના ઉપાસક છે.

૧૯૧૬માં વિનોબાજી બ્રહ્મની ખોજમાં ઘર છોડીને કાશી પહોંચ્યા હતા. ગંગા કિનારે દ્વૈત-અદ્વૈતવાદી વિદ્વાનો ચર્ચાઓ કરી રહ્યા હતા. યુવાન બિનોબા બેઠા બેઠા ચર્ચા સાંભળતા હતા. આખરે દ્વૈત-અદ્વૈતવાદના વિદ્વાનોની જીતમાં ચર્ચાની સમાપ્તિ થઈ, ત્યારે વિનોબાએ માર્મિક વાત કહી કે અદ્વૈતમાં માનનારા દ્વૈતી સાથે ચર્ચામાં ઊતરે છે. તેનો અર્થ એ જ કે તેઓ પહેલેથી જ હારી ચૂકેલા છે."

આમ, વિનોબા પહેલેથી દ્વૈતને સ્થાને અદ્વૈતની, ભેદને બદલે અભેદની, વિરોધમાં અવિરોધની શકયતા શોધે છે. તેના મૂળમાં તેમની સમન્વયની સાધના રહેલી છે.

વિનોબાની આ સાધનાની દષ્ટિ શું છે? સમન્વયની પદ્ધતિથી સામ્યયોગ સુધી પહોંચવાનું એમનું લક્ષ્ય છે. વિવિધ ધર્મોના મૂળ ગ્રંથોના પરિશીલન–સંત-સાહિત્યના સેવન–પાછળ એમની આ જ દષ્ટિ રહી છે એમ કહી શકાય. વિનોબાની આ સાધનાનું રહસ્ય શું છે? એક શબ્દમાં કહેવું હોય તો કહી શકાય "સમન્વય" યાને એકમેકને જોડવાની સાધના, વ્યકિતગત રીતે પોતાના આંતર-બાહ્ય જીવનને જોડવું, "બહાર ભીતર એક હી જાણો "ની સાધના કરવી. ત્યારે સામાજિક ક્ષેત્રે માનવ-માનવમાં દિલને જોડવાની એમની પ્રવૃત્તિ રહી છે. છેલ્લાં પંદર વર્ષની ભૂદાન-ગ્રામદાનની યાત્રાનો જે અલખ તેમણે જગાવ્યો છે, તેમાં એક વાત કહેતાં એ કયારેય થાકયા નથી. "મારું કામ જમીન વહેંચવાનું નથી, પણ દિલોને જોડવાનું છે."

આ દિલોને જોડવાની દષ્ટિએ જ વિનોબાએ યાત્રા દરમિયાન એક મોટું કામ કર્યું. વિવિધ ધર્મોના મૂળ ગ્રંથોનો સાર કાઢીને નવનીત રૂપે જગત આગળ તેમણે ધરી દીધો છે. માનવ-સમાજ એકમેકના ધર્મની ખૂબીઓ સમજે, ગુણગ્રાહી બને અને ધર્મ-સંપ્રદાયના સાંકડા વાડાના ચિંતનમાંથી મુકત થાય એવો વિનોબાનો આ સમન્વયલક્ષી પ્રયત્ન છે. એમણે કુરાને શરીફનો સાર તૈયાર કર્યો, ધમ્મપદનું સંકલન કર્યું, જપુજીનું ભાષ્ય કર્યું, અને ગીતાનો મર્મ સમજાવ્યો. બાઈબલનાં "ન્યુ ટેસ્ટામેન્ટ"નું પરિશીલન ચાલુ છે. ગુરુબોધ અને ભાગવતનો સાર પણ આપણને સાંપડયો છે. આની પાછળની દષ્ટિ સમજાવતાં વિનોબા કહે છે:-

"વિજ્ઞાને દુનિયાને નાની બનાવી, અને બધા ધર્મોને એ નજીક લાવવા ચાહે છે એવી હાલતમાં માનવસમાજ વાડાઓમાં વહેંચાયેલો રહે, દરેક જમાત પોતાને ઊંચી અને બીજાને હલકી માને તે કેમ ચાલે? એકબીજાને આપણે સારી રીતે સમજવા જોઈએ. એકમેકના સદ્‌ગુણો હાંસલ કરવા જોઈએ. વર્ષોથી ભૂદાન નિમિત્તે મારી પદયાત્રા ચાલી રહી છે, જેનો મુખ્ય આશય દિલોને જોડવાનો છે. બલ્કે મારી જિંદગીના બધાં ય કામ દિલોને જોડવાના મુખ્ય આશયથી પ્રેરિત છે."

વિનોબાની આવી સમન્વયની દષ્ટિ છે, તેમ ધર્મ અને કર્મનો સુમેળ પણ તેમના જીવનમાં પાનેપાનામાં દેખાય છે. એનો આવિષ્કાર જ ભૂદાન-ગ્રામદાનમાં થયેલો છે. જો કે વિનોબાની પ્રવૃત્તિ ભૂમિના દાનમાં નથી સમાતી, પણ સામાજિક, આર્થિક અને રાજકીય એમ બધાં ક્ષેત્રે માનવીયે સમતા સ્થાપવાનો ક્રાંતિનાદ ગજવી રહી છે. ગાંધીજીની અહિંસાની સર્વાંગિતા, તેનો વિકાસ અને વિસ્તાર વિનોબાના આ યજ્ઞમાર્ગમાં દેખાઈ રહ્યો છે. તેથી તો વિનોબા કોઈ આ કે તે પક્ષના વાડામાં પૂરાઈ શકતા નથી, સમાતા નથી. ઉલટાનું, એમની પ્રવૃત્તિ બધા જ પક્ષોના અવિરોધનો પાયો નાખી રહી છે. વિનોબા અને તેમની પ્રવૃત્તિ પક્ષાતીત રહે છે, એટલું જ નહિ પણ, સર્વપક્ષસંગ્રહી બની રહે છે, શાને લીધે? વિનોબાના ચિંતનની સમન્વયની પદ્ધતિના પરિણામે જ.

જો કે વિનોબા રાજનીતિને ગૌણ અને લોકનીતિને પ્રધાન સ્થાન આપવા માગે છે. વિજ્ઞાનના આ યુગમાં દુનિયાએ અધ્યાત્મનો રસ્તો અપનાવવો જોઈશે. તેથી એમણે સૂત્ર રચ્યું છે :

સિયાસત: રાજનીતિ + વિજ્ઞાન = સર્વનાશ.

રૂહાનિયત: અધ્યાત્મ + વિજ્ઞાન = સ્વર્ગ.

વિજ્ઞાનનો ફાયદો ઉઠાવવો હશે તો તેની સાથે અધ્યાત્મને જોડવું જોઈશે. પણ રાજનીતિ અને વિજ્ઞાન ભેગાં થશે તો દુનિયાની તારાજી નોતરશે.

અધ્યાત્મ એટલે શું? ભૂતમાત્ર પ્રત્યે સમભાવ. સહુમાં "સ્વ"નું સ્વરૂપ જોવું. પરમાં સ્વના "રામ"નું દર્શન કરવું તે અધ્યાત્મ દષ્ટિ. તે કયારે લાધે? "મમતા"ને ટાળી "સમતા" સધાય ત્યારે. જો કે મમતા અને સમતા બન્નેના મૂળમાં પ્રેમતત્વ છે. જ્યારે માણસનો પ્રેમ સંકીર્ણ હોય ત્યારે મમતા, અને તે પ્રેમ નિર્બન્ધન વિકસે ત્યારે તે સમતા. સંકુચિત મટી મમતા વ્યાપક બને ત્યારે તે સમતા રૂપે ઓળખાય છે. આ સમતા ધર્મમાત્રનું અંતિમ સાધ્ય છે. અને વિનોબાનાં ભૂદાન-ગ્રામદાનના આંદોલનના મૂળમાં આ મહાન વિચારનું ખાતર પડેલું છે.

સ્વરાજનો આત્મા પ્રજામાં પ્રગટાવવા માટે યુગપુરુષ વિનોબા ભૂદાન-ગ્રામદાનયજ્ઞના અધ્વર્યુ તરીકે દેશમાં પગપાળા ઘુમ્યા અને એમણે ક્રાંતિને શાંતિના ધાગે બાંધી, શાંતિને ક્રાંતિકારી ભાવનાનો પુટ પાયો, પોતાને પરમેશ્વરનું ઓજાર માનીને, રામનું બાણ માનીને તેઓ આ યુગકાર્યમાં પડયા. સતત જાગરૂક અને વિકાસશીલ વિનોબાનાં વિચાર, વાણી અને આચારમાં જેટલો મેળ છે તેટલો બહુ ઓછા લોકોમાં હશે. અને તેથી તેમનું જીવન એક મધુર સંગીતસમું સુસંવાદી બન્યું છે.

૧૯૫૮માં પશ્ચિમ ખાનદેશના દાબ ગામે પોતાના ૬૪મા જન્મદિને આત્મચિંતન કરતાં વિનોબાએ પોતાની ભૂમિકા બતાવતાં કહ્યું હતું કે "હું જ્યારે મારા વિશે વિચારું છું કે હું કોણ છું ને મારું ભાગ્ય શું છે, ત્યારે કેટલાક સ્થૂળ ભાગ્યો પણ યાદ આવી જાય છે, અને એનો મોટો ગંજ ખડકાય છે. મને જે માબાપ મળ્યા તે કંઈક વિશેષ જ હતાં એમ લોકો માને છે. મને જે ભાઈ મળ્યા તે તો નિઃસંશય લોકદષ્ટિમાં "મહાત્મા" જ મનાયા. મને જે સ્નેહી–મિત્રો મળ્યા તે પણ એકે એક લોકોના પ્રેમપાત્ર થયા. મને જે વિદ્યાર્થી મળ્યા તેમના પર તો હું જાતે જ આશક છું. તો આવાં બધાં ભાગ્યોનો ગંજ ખડકાઈ જાય છે. તેમાં યે મને અનેક ભાષાઓનું

જ્ઞાન મળ્યું તે કારણે અનેક મહાપુરુષો અને ધર્મપુરુષોના વિચારસ્પર્શનું સેવન કરવાનો મને નિરંતર મોકો મળ્યો, અને હજુએ મળતો રહે છે.... આ રીતે ભાગ્યરાશિ બનતો જાય છે. પણ તે આખીયે કાલ્પનિક છે. મુખ્ય ભાગ્ય તો એક જ છે અને તે મારું, તમારું, સહુનું છે. તે એ છે કે આપણે પરમેશ્વરનાં અંગ છીએ, અવયવ છીએ, એના તરંગ છીએ, એની ચિનગારીઓ છીએ. આ જ એક માત્ર ભાગ્ય છે, જે સહુ કોઈને મળેલું છે, અને જે આ એક ભાગ્યને અનુભવશે નહીં, એને બીજાં સેંકડો ભાગ્યો મળ્યા હશે તો પણ તે એળે જશે." આ છે વિનોબાની જીવન પ્રત્યેની દૃષ્ટિ.

એ દૃષ્ટિમાંથી જ વિનોબાના જીવન-વિકાસનું છેલ્લું સોપાન જોવા મળે છે—સૂક્ષ્મ કર્મયોગના પ્રવેશનું. એ સ્વરૂપ છે બહુ આહ્લાદક. આમ તો એ વિનોબાની ચિંતન-સેરનો જ મણકો છે, જૂનો વિચાર છે. મનથી ઉપર ઉઠવાની તેમની જીવનની સાધના છે. પ્રવૃત્તિ કરતાં નિવૃત્તિમાં—નિવૃત્તિપરાયણ પ્રવૃત્તિમાં-ગીતાની પરિભાષામાં "વિકર્મ"માં—તેમને વધારે શક્તિ દેખાય છે. વાણી કરતાં મૌનને તે વધારે સમર્થ માને છે, અને એમના એ ચિંતનને જ સૂક્ષ્મ-કર્મયોગની વાત અનુસરે છે. ૭ જૂન, ૧૯૧૬ના રોજ ગાંધીજીનાં વિનોબાએ પહેલીવાર દર્શન કરેલાં. તેને આ વર્ષે ૫૦ વર્ષ પૂરાં થયાં. ત્યારે વિનોબાએ વિચાર્યું કે "૫૦ વર્ષ સુધી સ્થૂળ કર્મયોગ રૂપ સેવા ભગવાનને સમર્પિત કરીને તેમાંથી સૂક્ષ્મ કર્મયોગમાં પ્રવેશું. સમાજને છોડી દેવાનો આમાં ખ્યાલ નથી. બલ્કે સમાજને અભિમુખ રહીને આ કરવાનું છે." આવી છે વિકાસશિલ વિનોબાના જીવનની વિલક્ષણ શક્તિ.

અમૃત મોદી

તીર્થોના સંઘર્ષ મિટાવવાનો
સાચો માર્ગ

['तीर्थोंका संघर्ष को मिटाने का सहि मार्ग' એ મથાળા નીચે પ્રગટ થયેલ હિંદી લેખનો અનુવાદ 'જૈન પ્રકાશ'માંથી સાભાર ઉદ્‌ધૃત કરવામાં આવે છે. **તંત્રી**].

તીર્થોની માલિકી અથવા અધિકારો માટે ઝગડતાં જૈનો સમક્ષ લાઓસની પ્રજાએ એક અનુકરણીય ઉદાહરણ રજૂ કર્યું છે. જુલાઈ - ઓગસ્ટનાં 'મહાબોધિ' ના અંકમાં બલદુન ધીંગરાનો લેખ વાંચ્યો. લાઓસની બૌદ્ધ જનતા પ્રસન્નચિત્ત છે અને દાન તથા ઉત્સવોને કેવું પ્રાધાન્ય આપે છે તેનું એમાં સુંદર વર્ણન છે. એ લેખમાં લેખકે બતાવ્યું છે કે જનતા સાચા અર્થમાં ધાર્મિક છે; તેમનામાં બીજા પ્રતિ અનાદર કે તિરસ્કાર માટે સ્થાન નથી. થાઈલેન્ડે લાઓસ પર વિજય પ્રાપ્ત કર્યો ત્યારે તેઓ સ્ફટિકની બૌદ્ધ મૂર્તિ લાઓસથી બેંકોક લેતા આવ્યાં અને તે ત્યારથી આજ સુધી ત્યાં જ છે. શ્રી ધીંગરાએ લાઓસવાસીઓને પૂછ્યું: 'શું આપ એ મૂર્તિ પાછી લાવવાનો પ્રયત્ન કરશો?' આનો ઉત્તર જે લાઓસવાસીઓએ આપ્યો તે તીર્થોના માલિકીપણા માટે ઝગડનારાઓ માટે બોધપ્રદ છે. એમણે કહ્યું કે, "What does it matter whether it here or there. It is there for all to pay homage." એ મહત્ત્વની વાત નથી કે મૂર્તિ અમારે ત્યાં હોય કે એને ત્યાં. જ્યાં હોય ત્યાં અમારે માટે પૂજનીય છે." સાચા ધાર્મિક પુરુષ જેના હૃદયમાં ભગવાનની પૂજાનું મહત્વ છે એનો આ જ ઉત્તર હોઈ શકે, જે લાઓસના સાચા ધાર્મિકોએ આપ્યો છે!

પરંતુ ખેદની વાત એ છે કે આપણે આપણી જાતને સાચા ધાર્મિક કહેવડાવવાવાળા છતાં, આપણે સૌ ધાર્મિકતાથી કેટલા દૂર છીએ! અગર જો એમ ન હોય તો આ તીર્થો માટેના ઝઘડા કેમ હોઈ શકે? જે વીતરાગ ભગવાને આપણને અપરિગ્રહનો પાઠ ભણાવ્યો છે, આપણે એને જ પરિગ્રહની વસ્તુ બનાવી, આપસમાં એ માટે લડીને સંસાર સમક્ષ આપણી સંકુચિતતા અને અધાર્મિકતાને પ્રકટ કરી છે.

શું મૈત્રીનો પાઠ પઢાવતા પર્યુષણ પર્વ પર આપણે એ નિર્ણય ન કરી શકીએ કે જે તીર્થની વ્યવસ્થા જેઓ કરી રહ્યા છે, એમાં આપત્તિઓ ઊભી કરવામાં ન આવે. આખરે ત્યાં તો ભગવાનની પૂજા કરવી છે, એનો અપમાન યા અનાદર તો કરવો નથી ને? પરંતુ આ પ્રકારના ઝઘડા ઊભા કરીને આપણે વાસ્તવમાં ભગવાનનું અપમાન કરીએ છીએ – અનાદર કરીએ છીએ અને ભગવાનના બતાવેલા અપરિગ્રહના સિદ્ધાંત વિરુદ્ધનું આચરણ કરીએ છીએ. શ્વેતામ્બર અને દિગમ્બર બન્નેએ ક્રમસેક્રમ એટલું તો કરવું જોઈએ કે ભગવાનની પૂજા થાય, પરંતુ ભગવાનનો અનાદર યા અપમાન ન થાય. શું શ્વેતામ્બર મંદિરમાં દિગમ્બર પૂજા કરવા ચાહે તો એ ચક્ષુ હટાવીને પૂજા કરે તો જ શું સાચી પૂજા થઈ શકશે? અથવા દિગમ્બર મંદિરમાં શ્વેતામ્બર ચક્ષુ લગાવે તો જ સાચી પૂજા કરી શકશે? અથવા શું અમુક રીતની મૂર્તિ અને એની જ પૂજાનું વિશેષ મહત્ત્વ છે? મહત્ત્વ તો ભાવોનું છે. સામેની મૂર્તિ તો નિમિત્ત માત્ર છે. એનું અવલમ્બન લઈને આપણા દિલમાં ભગવાનની પાષાણ મૂર્તિનું નહિ પરંતુ ગુણમયી મૂર્તિનું ચિત્ર ખડું કરવું જોઈએ. શું આ ચિંતન માટે આંખો કાઢી નાખવી કે લગાવવી જરૂરી છે? અગર મંદિરની વ્યવસ્થા અમુક સંપ્રદાયની વ્યક્તિ કરતી હોય તો, એ ગુણમૂર્તિના સંવેદનમાં બાધા આવે છે? એમ માનનારા ધર્મથી બહુ દૂર છે અને કેવળ બાહ્ય પૂજામાં લાગેલા છે. ભાવપૂજા જે વાસ્તવીક પૂજા છે એનાથી બહુ દૂર છે.

એથી જ જેઓ પોતાને તટસ્થ માને છે, તેમનું કર્તવ્ય થઈ જાય છે કે જનતાને સાચી પૂજાનું મહત્ત્વ સમજાવે અને આ સાચી પૂજાનું મહત્ત્વ વધારે. એનો આ મંદિરની વ્યવસ્થા કોણ કરે એ માટેનો પ્રયત્ન ન હોવો જોઈએ. કારણ કે આ ઝગડાનો કદિ અંત નહિ આવે. આથી ઉત્તમ માર્ગ એ છે કે આપણે એ પ્રબન્ધના ઝગડામાં નહિ પડતાં, જૈન તત્ત્વો અનુસાર સાચી પૂજા કઈ છે એ જનતાને બતાવવાનો પર્યુષણ પર્વ જેવા આત્મશોધનના પર્વ પર સંકલ્પ કરીએ.

લાંબા સમયથી ચાલ્યા આવતા તીર્થોના આ ઝગડાથી આપણે એ બોધપાઠ લેવો જોઈએ કે કોર્ટ તો કોઈ એકના પક્ષમાં ફેંસલો કરશે યા કરી શકે. બન્ને પક્ષોને સંતોષ મળે એવો નિર્ણય સંભવી શકે નહિ. આવી સ્થિતિમાં ભારત જૈન મહામંડળ જેવી સંસ્થાનું એ કર્તવ્ય હોવું જોઈએ કે એ લોકોને સમજાવે કે તેઓ કોઈ ઝઘડામાં ન પડે. વ્યવસ્થા તમારા હાથમાં હોય યા નહિ, સાચી પૂજા કરવાનું તમારા હાથમાં છે. બીજો માર્ગ અપનાવવામાં કડવાશ વધશે. બન્ને સંપ્રદાયોમાં સમજુતી થાય અને સમજૂતીની વાત આગળ કરીને જેના પક્ષમાં કોર્ટનો ફેંસલો ન હોય, એને ન્યાય મળવો જોઈએ એવી વાત ભારત જૈન મહામંડળ જેવી સંસ્થા કરે એ ઉચિત માર્ગ નથી, પરંતુ પોતાને પોતે જ કોઈ એક પક્ષમાં બાંધી લે છે એમ મને લાગે છે. આથી એનું કર્તવ્ય એ છે કે એ જૈનોને સાચી પૂજાનું મહત્ત્વ સમજાવે અને પ્રબન્ધના પ્રશ્નને ગૌણ સ્થાન આપે; ત્યારે જ સાચી ધાર્મિકતાનો વિકાસ થઈ શકે. અન્યથા આગળ જઈને એ પણ કહેવું પડશે કે મુસ્લિમોએ હિન્દુ અને જૈન મંદિરોની મસ્જિદો બનાવી છે એ મસ્જિદો પાછી આપે. પણ જો આપણે અહિં ઉદાર બનીએ છીએ અને લોકશાહી રાજ્યનો હવાલો આપી લડવાનું પસંદ કરતાં નથી અને અહીં આપણે સમજૂતી અને ન્યાયની વાત કરતાં નથી. તો આપણે અહિં સાચી ધાર્મિકતાનો હવાલો આપી ઉદાર કેમ ન બની શકીએ? આપણે જાહેર કરીએ કે તીર્થોનો પ્રબંધ ભલે ગમે તે હાથમાં હોય, અમારી પૂજામાં બાધા પહોંચતી નથી.

સામ્પ્રદાયિકતાના કદાગ્રહને દૂર કરવાનો આ જ માર્ગ છે અને એ અપનાવવો આવશ્યક છે.

દલસુખ માલવણિયા

થોડાંક અવલોકનો

'વેળુ અને ફીણ:' ખલિલ જિબ્રાનનો પરિચય

શ્રી રાજેન્દ્ર મયાભાઈ શાહ તરફથી (પ્રકાશ પ્રીન્ટર્સ, જાંબુલવાડી વેસ્ટ, મુંબઈ-૨.) ખલિલ જિબ્રાન રચિત 'Sand and Foam' એ પુસ્તકનો 'વેળુ અને ફીણ' એ નામે ગુજરાતી અનુવાદ પ્રગટ કરવામાં આવ્યો છે. તે પુસ્તકનો અનુવાદ કરનાર છે શ્રી લક્ષ્મીનારાયણ પંડ્યા અને શ્રી કાન્તિ ઉપાધ્યાય અને આ પુસ્તકના પાને પાને સૂચક ચિત્રો આપવામાં આવ્યાં છે તેના દોરનાર છે, શ્રી યુસુફભાઈ ધાલા મરચન્ટ, આ પુસ્તકમાં શ્રી ધીરૂબહેન પટેલે ખલિલ જિબ્રાનનો અત્યન્ત મિતાક્ષરી પરિચય આપ્યો છે જે નીચે મુજબ છે :–

"૧૮૮૩માં પયગંબરોની પુણ્યભૂમિ લેબેનોનમાં જન્મ. માબાપ મધ્યમ વર્ગનાં. આર્થિક ભીંસ અને કૌટંબિક ઘર્ષણનો બચપણથી પરિચય. પિતાની દિલેરી અને માતાની સંસ્કારિતા. આ જીવન–કયારીમાં જિબ્રાનનો ઉછેર થયો. વતનની પહાડી પ્રકૃતિના પ્રેમે એના રખડુ જીવનને અન્તર્મુખતા અર્પી.

"પ્રેમ અને મૃત્યુ-જીવનનાં આ બે મહાન શિક્ષકોએ યુવાન જિબ્રાનનું ઘડતર કર્યું. લાડકી નાની બહેન સુલતાનાના અવસાને તેના અંતરને હચમચાવી નાખ્યું. મમતાળુ માતાએ પણ એ જ માર્ગ લીધો, અને સૌથી અદકા પ્રેમાળ સાવકાભાઈ પિટરના મરણે જીવન અને મૃત્યુના મર્મનું મંથન જગાડ્યું. આમ આ કવિ, ચિન્તક અને ચિત્રકારના અંતરશિલ્પને આકાર મળ્યો. આ કપરી કસોટીમાં બાકી રહેલી બહેન મેરિઆનાએ એને હૂંફ અને હૈયાધારણ આપ્યાં.

"એના પ્રથમ ચિત્રપ્રદર્શને એને મિસ મેરી હેસ્કેલના પરિચયમાં આણ્યો. આ કલાપારખુ સહૃદયી મહિલા પાછળથી એના જીવનની ધ્રુવતારક બની. આધ્યાત્મિક એકલતા અનુભવતા જિબ્રાનને એણે અનુભવ કરાવ્યો કે સ્ત્રી–પુરુષ વચ્ચે શારીરિક આકર્ષણ વિના પણ ઊંડી લાગણી સંભવી શકે છે. પણ મેરીની મદદનીશ શિક્ષિકા મિશેલનમાં એનું મન મોહ્યું. શ્રેય અને પ્રેયની દ્વિધાના આ વલોણામાંથી વિચારનવનીત પ્રગટ્યું.

"એનાં ચિત્રોનાં પ્રદર્શનો યુરોપનાં તમામ પાટનગરોમાં યોજાયાં. દુનિયાને ધિક્કારનાર આ કલાકારનું અંતર દુનિયાની વાહ વાહ માટે ઝંખતુ. એના વ્યકિતત્વની આ વિભકત વિચિત્રતાથી એનું વર્તન વિસંવાદી અને અગમ્ય બની જતું. પહેલી અરબ્બી નવલ 'ધ બ્રોકન વિંગ્ઝ' અને નિત્શેની સ્પષ્ટ અસર દાખવતા 'ધ ગ્રેવ ડિગર' પછી એણે અંગ્રેજીમાં લખવાનું વિચાર્યું અને 'ધ મેડ મેન' નામની પહેલી જ કૃતિએ એને કીર્તિ અને કલદાર કમાવી આપ્યાં. મૂળ અરબ્બીમાં લખેલી વિચારકળીઓનો 'સેન્ડ એન્ડ ફોમ'ના નામે એણે અંગ્રેજીમાં અનુવાદ કર્યો. ધી ટેમ્પેસ્ટ, ધી ફોરરનર, ધી વૉન્ડરર, સ્પીરીટ રિબેલિયસ, ટિચર્સ એન્ડ લાફ્ટર, જિસસ ધ સન ઓફ મેન, ધ અર્થ ગૉડઝ જેવી કૃતિઓ તેની કલમમાંથી સરજાઈ. પરંતુ વિશ્વસાહિત્યમાં એનો કિર્તિધ્વજ તો 'ધ પ્રોફેટ' (અલ-મુસ્તફા)એ લહેરાવ્યો. એની અન્તઃસૃષ્ટિનું આ નિષ્ઠાભર્યું કલાત્મક નિરૂપણ આપણને રવિ ઠાકુરની 'ગીતાંજલિ'ની તો એનાં ચિત્રો વિલિયમ બ્લેઈકની યાદ આપે છે. પ્રશંસા અને નજરાણું લઈ દુનિયા એને દ્વારે આવી ત્યારે એના શરીરે એને સાથ ન આપ્યો અને ૪૮ વર્ષની વયે ૧૯૩૧ની સાલમાં એ ચિરનિદ્રામાં પોઢી ગયો."

જિબ્રાનની ભાષા વિષે આ પુસ્તકનાં અનુવાદકો યર્થાથપણે જણાવે છે કે "તેની ભાષા સમાધિભાષા છે. એનામાં પૌર્વાત્ય પ્રતિભાનાં વિવિધ પાસાં એકત્ર થયેલાં જોવા મળે છે. એ સમર્થ ચિન્તક અને કવિ તો છે જ, પણ તેથીયે વધુ તો એ એક મોટો મહર્ષિ છે. એ નિષ્ઠાવાન સાધકના સ્વાનુભવનો રણકો એની વાણીમાંથી ઊઠે છે. એમાં સંતોની અકળ અને અવળ વાણી પણ દેખા દે છે."

ખલિલ જિબ્રાનના લખાણને ગુજરાતીમાં ઉતારવું એ સહેલું કામ નથી. ઘણી વખત ખૂબ જ દુર્બોધ હોય છે. અને તેથી અનુવાદકની ઠીક ઠીક કસોટી થાય છે. આવી સ્થિતિમાં પ્રસ્તુત અનુવાદ કોઈ કોઈ ઠેકાણે દુર્બોધ બની ગયો છે, પણ એ ક્ષતિ પ્રસ્તુત પરિસ્થિતિમાં ક્ષમ્ય લેખાવી ઘટે છે.

આ પુસ્તકની છાપણી અને ઉઠાવ બન્ને બહુ આકર્ષક છે. વળી પાને પાને આપેલ ચિત્રો વડે પુસ્તક વધારે મોહક બન્યું છે. ખલિલનાં વાકયો સૂત્રાત્મક અને વેધક હોય છે અને વાચનારની બુદ્ધિ અને કલ્પના બન્નેને પકડે છે. આવું પુસ્તક શરૂ કર્યા બાદ તેની પકડના કારણે અન્ત સુધી પહોંચ્યા સિવાય ચેન પડતું નથી. કોઈ પણ શુભ પ્રસંગે અથવા પ્રેમસ્મરણ નિમિત્તે ભેટ આપવા લાયક એવી સુન્દર આ નાના સરખા ગ્રંથની રચના છે. આ પુસ્તક મેસર્સ એન. એમ. ત્રિપાઠીની કંપની, કાલબાદેવી રોડ, મુંબઈ-૨ ઉપરથી મળી શકે તેમ છે.

'પાનખર અને વસન્ત'

અમદાવાદના એક જાણીતા સામાજિક કાર્યકર શ્રી સત્યવતી બહેન શાહનો આ વાર્તાસંગ્રહ વાંચીને પ્રસન્નતા અનુભવી. આ વાર્તાઓ આપણા સામાજિક પ્રશ્નોને સ્પર્શતી હોય છે. કલ્પના સાથે અનુભવનું મિશ્રાણ હોઈને આ વાર્તાઓ આજની સામાજિક પરિસ્થિતિનું સુન્દર અને સ્વચ્છ પ્રતિબિંબ રજુ કરે છે. સત્યવતી બહેન અદ્યતન જીવનદષ્ટિથી સંપન્ન છે અને ઉન્માર્ગે ઘસડાઈ જતી બહેનો પ્રત્યે તેમના દિલમાં ઊંડી સહાનુભૂતિ છે અને તેથી ઉન્માર્ગને વખોડી કાઢવાને બદલે ઉન્માર્ગના ઊંડાણમાં જવા તેઓ પ્રયત્ન કરે છે. તેમનો વાર્તાદોહ બે રીતે કાચો લાગે છે. ઘણી વાર વાર્તાની શરૂઆતમાં જ તેઓ આપણને કયા મુદ્દા ઉપર લઈ જવા માગે છે તેની એકદમ ખબર પડી જાય છે. બીજું પાત્રોની વાણી કદિ કદિ પ્રચારાત્મક બની જાય છે. ધ્વનિ અથવા વ્યંજના દ્વારા સૂચન અને મિતાક્ષરી નિરૂપણ એ બે તત્ત્વો વાર્તાનિર્માણ માટે બહુ મહત્ત્વનાં છે. સત્યવતીબહેન આશાસ્પદ લેખિકા છે. અનુભવની એરણ ઉપર તેમનું ચિન્તન ઘડાતું જાય છે. તેમની લેખનશૈલીના વિકાસ સાથે તેમની વાર્તાઓ અધિકતર કલામય બનતી જશે એવી આશા રહે છે. ભાષા ઉપર તેમણે સારું પ્રભુત્વ પ્રાપ્ત કર્યું છે. નિરૂપણ પણ સુંદર લાગે છે.

આ પુસ્તક ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલયે (ગાંધી રસ્તો, અમદાવાદ), પ્રગટ કર્યું છે અને તેની કિંમત રૂા. ૩-૫૦ છે.

'સમર્પણનો જય'

શ્રી જીવન–મણી સદ્‌વાચનમાળા ટ્રસ્ટ તરફથી પ્રગટ થયેલ 'સમર્પણનો જય' નામના વાર્તાસંગ્રહના લેખક છે શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ. આ જ ટ્રસ્ટ તરફથી આ જ લેખકની બીજી ચાર કૃતિઓ પ્રગટ કરવામાં આવી છે. ૧. કામવિજેતા, ૨. રચિત્રાકુમારી, ૩. અદ્વૈત, ૪. પ્રભાતનાં પુષ્પો. શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ સિદ્ધ વાર્તાલેખક છે. તેઓ અત્યન્ત ભાવુક પ્રકૃતિનાં છે અને તીવ્ર સંવેદનશીલ તેમનું હૃદય છે. આ વાર્તાઓમાં તેમની આ ભાવુકતા અને સંવેદનશીલતા સારા પ્રમાણમાં પ્રતિબિંબિત થઈ છે અને સમર્પણની ભાવનાને મુખ્યતા આપીને બધી વાર્તાઓની વસ્તુઓ નિર્માણ થઈ છે, સિવાય કે 'કુડું અને કથરોટ–કોણ કોને હસે?' આ વાર્તા આજની રાષ્ટ્રીય તેમ જ સામાજિક પરિસ્થિતિ અંગેનું એક કટાક્ષચિત્ર રજુ કરે છે. આ ભાવનાત્મક વાર્તાસંગ્રહમાં આ વાર્તા અસ્થાને લાગે છે.

આ સંગ્રહની કિંમત રૂા. ૧-૫૦ છે અને ઉપર જણાવેલ ટ્રસ્ટ ઉપર હઠીભાઈના દેરા સામે, દિલ્હી દરવાજા બહાર, અમદાવાદ એ સરનામે લખવાથી મળી શકે તેમ છે.

પરમાનંદ

એ દેશની ખાજે દયા!

('સમર્પણ'માંથી સાભાર ઉધ્ધૃત)

દોસ્તો, સફરના સાથીઓ, એ દેશની ખાજે દયા,
જ્યાં ધર્મનો છાંટો નહીં, ફિરકા છતાં ફાલી રહ્યા.

સૂત સફરાં અંત ચે, -પોતે ન પણ કાંતે વણે,
જ્યાકૂતો માણે, ન ભૂમિ પાક પોતાનો લણે,
લોક જે દારૂ વિદેશી રોજ ઢીંચે અંતથી
વતન કેરું મધ પરંતુ જેમણે ચાખ્યું નથી;

રંગ છે બહાદુર! બિરદાવી ફૂલેકે ફેરવે,
જે પ્રજા નાચી રહે ગુંડા ટણકને ટેરવે,
-ને દમામે જીતનારાને ગણે દાનેશ્વરી,
હાય, એવા દેશના જાણો, ગયા છે દી ફરી.

ભાવનામાં વાસના કેરાં વછોડે આંગળાં,
જિંદગીમાં એ પિશાચીનાં પછી ચાટે તળાં,
મરશિયા વિણ મોકળું કર્યાંયે ગળું ના મૂકતાં,
એકલી ડંફાસ બંડેરો મહીં જઈ ફૂંકતાં.

માંચડે ફાંસી તણે ચડતાં, કપાતાં ખંજરે,
એ વિના જે હરફ હોઠે કાઢતાં યે થરથરે!
જાણજો એ લોકને કાજે રહ્યાં છે છાજિયાં-
દોસ્તો સફરના સાથીઓ, એ દેશની ખાજે દયા!

લોકનેતા લોંકડી શા જ્યાં કપટના કાંધિયા,
ભૂર ભાષાના મદારી લોપ પંડિત વેદિયા,
નામ કૂટીને કળાનું થીંગડાં મારી ફરે,
જ્યાં જવાનો નકલ નખરામાં ય ફિસિયારી કરે!

નવા રાજાને કહે વાજાં વગાડીને, જિયો!
જાય તો પાછળ ઉડાડી ધૂળ બોલે હૂરિયો
ને છતાં એ કોઈ બીજાને ફરી સત્કારતા,
એ જ નેજા, એ જ વાજાં, એ જ ખમ્મા વાહવા!

જાણજો એવી પ્રજાના ખીલડા ખૂટલ થયા-
દોસ્તો, સફરના સાથીઓ, એ દેશની ખાજે દયા!

મૂક જર્જર જ્યાં મહર્ષિઓ અવસ્થા કારણે,
જેમના શૂરા જનો પોઢયા હજી છે પારણે,
ભાગલા પાડી ઉડાડે નોખનોખી જે ધજા
ને બધા એ ભાગ પોતાને ગણે આખી પ્રજા!

જાણજો એવી પ્રજાનાં પુણ્ય પરવારી ગયાં-
દોસ્તો, સફરના સાથીઓ, એ દેશની ખાજે દયા!

[ખલિલ, જિબ્રાનના 'પિટી ધ નેશન' કાવ્યનો અનુવાદ]

મકરન્દ દવે.

સભ્યોના વધારેલા લવાજમને મળેલી મંજુરી

તા. ૮-૧૦-'૬૬ ના રોજ મળેલી શ્રી મુંબઈ જૈન યુવક સંઘની અસાધારણ સામાન્ય સભાએ, તા. ૨-૯-'૬૬ ના રોજ મળેલી સંઘની કાર્યવાહક સમિતિએ આગામી ૧૯૬૭ના જાન્યુઆરી માસની પહેલી તારીખથી સંઘના સભ્યોનું ચાલુ વાર્ષિક લવાજમ રૂા. ૫-૦૦ છે તે વધારીને રૂા. ૧૦-૦૦ કરવું એ મુજબનો જે ઠરાવ કર્યો છે તેને મંજૂરી આપી છે. આ રીતે આવતા વર્ષથી સંઘના સભ્યોએ વાર્ષિક લવાજમ પેટે રૂા. ૧૦-૦૦ ભરવાના રહેશે. આ બાબત તરફ સંઘના સર્વે સભ્યોનું ધ્યાન ખેંચવામાં આવે છે.

'પ્રબુદ્ધ જીવન'ના લવાજમમાં વધારો

તા. ૨-૯-૬૬ ના રોજ મળેલી શ્રી મુંબઈ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિએ કરેલા ઠરાવ અનુસાર 'પ્રબુદ્ધ જીવન'નું વાર્ષિક લવાજમ રૂ. ૪ ને બદલે ૭ કરવામાં આવ્યું છે. આ બાબતની જૂના તેમ જ હવે પછી થનારા નવા ગ્રાહકોને નોંધ લેવા વિનંતિ છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

અન્યત્ર યોજાયેલી પર્યુષણ વ્યાખ્યાનમાળાઓ

શ્રી ગુજરાતી કેળવણી મંડળ-માટુંગા, દ્વારા તા. ૧૧-૯-૬૬થી તા. ૧૬-૯-'૬૬ સુધી યોજાયેલી પર્યુષણ વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ નીચે મુજબ હતો:-

પ્રવચનકાર	વિષય
શ્રી અમૃતલાલ બી. યાજ્ઞિક	વર્તમાન સામાજિક પ્રશ્નો
શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ	માનવી માનવ રહેશે?
શ્રી ગુલાબદાસ બ્રોકર	સેવા અને શોષણ
શ્રીમતી ધૈર્યબાળા વોરા	અમેરિકી સમાજનું દર્શન
શ્રી હરિભાઈ વેલજી કોઠારી	વ્યવહાર અને ધર્મ
શ્રી કરસનદાસ માણેક	રવીન્દ્રનાથ ટાગોર
વેદાંતાચાર્ય શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રી	માનવધર્મ

શ્રી અમદાવાદ જૈન યુવક સંઘના ઉપક્રમે યોજાતી "પર્યુષણ વ્યાખ્યાનમાળા" આ વર્ષે તા. ૧૧-૯-'૬૬ ને રવિવારથી તા. ૧૮-૯-'૬૬ રવિવાર સુધી યોજવામાં આવી હતી. આ આઠ દિવસનો કાર્યક્રમ નીચે પ્રમાણે હતો:

વ્યાખ્યાતા	વિષય
ડૉ. ભોગીલાલ સાંડેસરા	જૈન સાહિત્યના ભારતીય સંશોધકો
આચાર્યશ્રી યશવંત શુકલ	બટ્રન્ડ રસેલ અને લોકશાસન
સાધ્વીશ્રી નિર્મળાજી	અપરિગ્રહ
શ્રી કે. વરદમ કા. શાસ્ત્રી	સંસ્કૃતિઓનું સંકટ
શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ	પ્રાર્થના
શ્રી બી. એન. આલોક	યુદ્ધ અને ધર્મ
શ્રી નવલભાઈ શાહ	સમૃદ્ધ જીવન
આચાર્ય શ્રી પુરુષોત્તમ માવળંકર	લોકસ્તદનુવર્તતે
આચાર્ય શ્રી એસ. વી. દેસાઈ	જૈન ધર્મના બે સિદ્ધાંતો: અહિંસા અને અપરિગ્રહ
પ્રો. હીરાબહેન પાઠક	શ્રીમદ્ રાજચંદ્ર
શ્રી ઝીણાભાઈ દેસાઈ	આજનું શિક્ષણ - મારી દૃષ્ટિએ
શ્રી રવિશંકર મહારાજ	વાર્તાલાપ
આચાર્ય શ્રી યશવંત શુકલ	અન્યોન્યાશ્રય
શ્રી એચ. એમ. પટેલ	કેળવણીના સળગતા પ્રશ્નો
શ્રી મનુભાઈ પંચોળી	શિક્ષણમાં ધર્મ
આચાર્ય શ્રી એસ. આર. ભટ્ટ	સર્વાર્થ

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ. મુંબઈ-૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સમેન પીપલ પ્રેસ, ફોર્ટ, મુંબઈ

Regd. No. MH. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૮ : અંક ૧૩

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, નવેમ્બર ૧, ૧૯૬૬, મંગળવાર
આફ્રિકા માટે શિલિંગ ૯

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

સર્વોદય વિચારધારાનું સમ્યક્ સ્વરૂપ

(શ્રી શંકરરાવ દેવના નામ અને કામથી પ્રબુદ્ધ જીવનના વાચકો સુપરિચિત છે. આજથી સાડાત્રણ વર્ષ પહેલાં તેમની આગેવાની નીચે આન્તરરાષ્ટ્રીય આકારની એક મંડળી દિલ્હી–પેકીંગ યાત્રાનું આયોજન કરીને તા. ૧-૩-૬૩ના રોજ દિલ્હીથી પગપાળા રવાના થયેલ અને ઉત્તરપ્રદેશ, બિહાર, બંગાળા વટાવીને આસામમાં આવેલા મૈત્રી–આકામે તા. ૧-૧૧-૬૩નાં રોજ પહોંચેલી. અહીંથી આગળ વધવા માટે ચીન–બર્માની પરવાનગી મેળવવી રહી. આ પ્રયત્ન પાછળ ત્રણ મહિના પસાર થયા પછી એક પણ બાજુએથી સરહદ ઓળંગવાની પરવાનગી ન મળતાં તા. ૩૦-૧-૬૪ના રોજ પ્રસ્તુત મૈત્રીયાત્રા વિસર્જન કરવામાં આવી હતી.

આ ઘટનાનો શ્રી શંકરરાવ દેવને ઘણો સખ્ત આઘાત લાગ્યો અને પરિણામે ઘણો લાંબો સમય તેમણે લગભગ નિશ્ચેષ્ટ દશામાં પસાર કર્યો. ઘણોખરો સમય તેમણે શ્રી પ્રેમાબહેન કંટકની સંભાળ નીચે સાંસવડ આશ્રમમાં ગાળ્યો. ધીમે ધીમે તેમણે શારીરિક–વિશેષત: માનસિક–આરોગ્ય–સ્વાસ્થ્ય પ્રાપ્ત કરવા માંડ્યું, જાણે કે બુઝાયલી ન હોય એવી તેમની ચેતના પુન: પ્રજ્જ્વલિત થવા લાગી. આ દરમિયાન દોઢેક વર્ષ પહેલાં તેમને આબુમાં મળવાનું બનેલું.

તાજેતરમાં ગયા જુલાઈ મહિનામાં તેઓ મુંબઈ આવેલા ત્યારે તેમને ફરીથી મળવાનું બન્યું અને તેમની સાથે આશરે એક કલાક સુધી આજની રાજકીય પરિસ્થિતિ તથા ચાલી રહેલા સર્વોદય આન્દોલન વિષે ચર્ચા થઈ અને તેમનામાં પહેલાના શંકરરાવ દેવ પુનર્જીવિત થઈ રહ્યા હોય એવો આનંદ તેમની સાથેના આ મિલનથી મને થયો. ત્યાર બાદ ઑગસ્ટ માસની શરૂઆતમાં તેમના તરફથી એક લાંબો ટાઈપ કરેલો પત્ર મને મળ્યો. એ પત્ર મૂળ મરાઠીમાં છે તેનો ગુજરાતી અનુવાદ અમુક સંક્ષેપપૂર્વક સૌ. મૃણાલિનીબહેને કરી આપ્યો, જે નીચે પ્રગટ કરતાં હું ખૂબ પ્રસન્નતા અનુભવું છું. આ પત્ર તેમના માનસિક સ્વાસ્થ્યની પુન:પ્રાપ્તિનો દ્યોતક છે.

શ્રી શંકરરાવ દેવ આજે પણ સાંસવડ આશ્રમમાં જ રહે છે; શરીર ઉપર હવે વૃદ્ધત્વની સારા પ્રમાણમાં અસર દેખાય છે; પણ માનસિક રીતે તેઓ પૂરા સ્વસ્થ અને જાગૃત બન્યા છે અને તેમનું ચિન્તન પણ વેગપૂર્વક ચાલી રહ્યું છે.

પરમાનંદ)

સર્વોદય વિચારધારાનું સમ્યક્ સ્વરૂપ

તા. ૧લી જુલાઈના 'પ્રબુદ્ધ જીવન'માં 'આણુવ્રતવિચારધારા : સર્વોદય વિચારધારાના સંદર્ભમાં' આ વિશે આપે પ્રકીર્ણ નોંધમાં જે લખ્યું છે તેમાંના કેટલાક મુદ્દાઓ પ્રત્યે આપનું હું ધ્યાન ખેંચવા ઈચ્છું છું.

નોંધમાં આપે છેલ્લે લખ્યું છે "આચાર્ય તુલસી વ્યાપક પ્રશ્નનો વિચાર ગંભીરતાથી કરે છે–અને એમાં જ્યારે કોઈ અધિકારી વ્યક્તિ-સાથે મતભેદનો પ્રસંગ આવે ત્યારે એ મતભેદ જાહેર કરવાનું નીતિ-ધૈર્ય તેઓ બતાવે છે– એ અભિનંદનીય અને સ્વાગતાર્હ છે." આ બાબત હું પણ તમારી સાથે સહમત છું. શરૂઆતમાં આપે સ્પષ્ટ કર્યું છે તેમ સર્વશ્રી આચાર્ય તુલસી, રતનલાલ જોષી અને યજ્ઞેશ્વર દત્ત વચ્ચે જે ચર્ચા થઈ તે ગાંધીજી અને વિનોબાજીના વિચારો અને આણુવ્રતવિચારધારા એ બે વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરે એવી છે, અને આણુવ્રત વિચારધારાને બરાબર સમજવાની દૃષ્ટિએ વિચારપ્રેરક છે એ સાચું છતાં, આ સંદર્ભમાં હું નમ્રતાપૂર્વક એક સ્પષ્ટતા કરવા માગું છું.

આ ચર્ચાદ્વારા આણુવ્રતી વિચારધારા અને ગાંધી-વિનોબાના વિચારો વચ્ચેનો ભેદ સ્પષ્ટ થાય છે એ બરાબર, છતાં આચાર્યશ્રીનાં કેટલાંક વિધાનોથી 'સર્વોદયવિચાર અવ્યવહારુ છે.' એવી કાંઈક છાપ પડે છે–એમના મનમાં એ હેતુ ના પણ હોય–અને આ ચર્ચામાં સર્વોદય વિચાર અને સાધનો બાબત વિસ્તારથી વિચાર થાય એવી અપેક્ષા પણ નથી, છતાં એ વિષે કોઈ પણ ગેરસમજુતી થઈ શકે એવી સંભાવ્યતા ટાળવા માટે આ લખ્યું છું.

આચાર્યશ્રી કહે છે તેમ મહાવ્રતી હૃદયપરિવર્તનદ્વારા અન્યાય દૂર કરવાનો પ્રયત્ન કરે છે, છતાં [illegible]વ્યવસ્થાને પણ માન્ય રાખે છે. આણુવ્રતી પોતે આક્રમણ ના કરે પણ એના પર કોઈ આક્રમણ કરે તો એ પ્રતિકારને નિષેધાર્હ નહીં માને. એવા પ્રતિકારમાં શસ્ત્રોનો ઉપયોગ કરવો પડે એ હિંસા છે. પ્રતિકારાત્મક પ્રક્રિયાને અહિંસાત્મક માનવી એ ભ્રમ છે. વળી વ્યક્તિ આદર્શોનું પૂર્ણાંશે પાલન કરી શકે; રાષ્ટ્ર અથવા સમાજને માટે એ શક્ય નથી. રાષ્ટ્ર પાસે સૈન્ય ના હોવું જોઈએ એવી સર્વોદયની માન્યતા હોઈ શકે, પણ આણુવ્રતી વ્યવહારની દૃષ્ટિએ જુએ છે. સર્વોદય શાસનવિહીન સમાજની કલ્પનામાં રાચે છે ત્યારે આણુવ્રતી વ્યવસ્થાપ્રધાન સમાજનો આદર્શ રાખે છે. મહાવ્રત એ સમાજ માટે નથી, વ્યક્તિ માટે છે. લાખોમાં એકાદ બે જ મહાવ્રત સ્વીકારે છે. મહાવ્રતી પદયાત્રા કરે, સમાજ ના કરી શકે. મહાવ્રતીની ક્રિયામાંથી સમાજને પ્રેરણા મળે. એવી પ્રેરણા વડે લોકો સમાજમાં રહી શુદ્ધતા સાચવી શકશે. આણુવ્રત આંદોલન વડે સાધુઓ, મુનિઓ અને ગૃહસ્થોને એકબીજા સાથે સાંધે એવી કડીઓ નિર્માણ થશે અને અત્યાર સુધી એવી કેટલીક વ્યક્તિઓ તૈયાર થઈ પણ છે. આણુવ્રત વિષેની ચર્ચામાં આ મુદ્દાઓ મુખ્યત્વે ચર્ચાયા છે.

અન્યાયી વ્યક્તિનું મહાવ્રતી હૃદયપરિવર્તન કેવી રીતે કરે એ અહીં સ્પષ્ટ રીતે કહ્યું નથી. સામાન્ય ગૃહસ્થ હૃદયપરિવર્તન કરી શકે એવું એઓ માનતા હશે એવું લાગતું નથી. કારણ પ્રતિકાર માટે ગૃહસ્થને શસ્ત્ર વાપરવું પડે તેનું તેઓ સમર્થન કરે છે, અને

એને વ્યવહારુ ગણી અજાણતા સર્વોદયને 'અવ્યવહારુ' ઠરાવે છે!

જગતના બધાં જ ધર્મપંથોમાં અનુયાયી–અનુયાયી વચ્ચે ભેદ માનવામાં આવ્યા છે. સંન્યાસી તથા સંસારી, સાધુ તથા સામાન્ય, ભિક્ષુ તથા ગૃહસ્થ એવા વર્ગોમાં સંન્યાસી અને ભિક્ષુઓને શ્રેષ્ઠ માન્યા છે, એમને મોક્ષાર્થી ગણી એમને માટે નિશ્ચિત આચાર સંહિતા બતાવી છે, અને બાકીનો સમાજ પેટ ભરવા પાછળ પડવાનો એવું ધારી એમને માટે ધર્મપ્રણીત પરંતુ બીજા જ આચારવિચારો બતાવ્યા છે એ ઠીક, પરંતુ જેઓ મોક્ષાર્થી છે એમને પણ પેટ છે અને એને ભરવું પણ પડે છે એ હકીકત છે, અને એ મોક્ષાર્થી વર્ગના યોગક્ષેમની જવાબદારી આખરે સામાન્ય સમાજને જ સોંપવામાં આવે છે. મોક્ષાર્થીના યોગક્ષેમ માટે જે અર્થાર્જન કરવું પડે તે અધર્મથી ના કરવું એવી આજ્ઞા આ બધા ધર્મો કરે છે; સત્ય, અહિંસા, અપરિગ્રહ એવાં વ્રતોનો ઉપદેશ પણ કરે છે; છતાં વ્યવહારમાં સામાન્ય માણસો આ ઉપદેશ અને વ્રતો બાજુ પર મૂકી પોતાનો અને સંતોનો યોગક્ષેમ કરવા મોટે ભાગે અધાર્મિક અને અનૈતિક ગણાય એવા માર્ગો સ્વીકારે છે. છતાં અત્યાર સુધી કોઈ પણ ધર્મમાં સંસારી ગૃહસ્થે ધર્મમાર્ગથી અર્થોત્પાદન શી રીતે કરવું તે બદલ કશું નિશ્ચિત માર્ગદર્શન કરાવવામાં આવ્યું નથી તથા સાધુઓએ પોતાના જીવનમાં એવા પ્રયોગો કરી એવાં આદર્શો નિર્માણ કર્યા નથી–આ હકીકત છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચારે પુરુષાર્થો છે એમ કહેનાર હિંદુ ધર્મ પણ આ ક્ષતિ ધરાવે છે. કારણ સાચા અર્થમાં મોક્ષ એ એક જ પુરુષાર્થ માની એ વિશે વિસ્તૃત વિવેચન સર્વત્ર કર્યું છે. અર્થ અને કામ એ આ અંતિમ સિદ્ધિની આડે આવે છે–ધર્મથી એમનું નિવારણ કરવું એવી ભૂમિકા લેવામાં આવી છે. એમાં પણ ધર્મમાર્ગે અર્થ અને કામને પ્રાપ્ત અથવા તૃપ્ત કેવી રીતે કરવા એની તર્કશુદ્ધ શાસ્ત્રીય પદ્ધતિ કોઈ વ્યક્તિએ, પંથે કે સમાજે બતાવી નથી. ખરું જોતાં એવી શાસ્ત્રશુદ્ધ પદ્ધતી શોધી, એ અંગેના પ્રયોગો કરી, સમાજ અને વ્યક્તિ માટે એને સ્વીકાર્ય બનાવી સમાજને એ સ્વીકારવા માટે શિક્ષણ આપવું એ મોક્ષાર્થી સાધુઓની ધર્મસાધનાનું એક અનિવાર્ય કર્તવ્ય હોવું જોઈએ. જગતના ધર્મોમાં આ અક્ષમ્ય એવી ક્ષતિ રહી ગઈ છે, તેથી જ આજે બધા ધર્મો નિષ્પ્રાણ બની ગયા છે. આજના વિજ્ઞાન યુગમાં ધર્મને માટે કોઈ સ્થાન રહ્યું નથી. સાધુ કે ગૃહસ્થ કોઈના જ જીવનમાં શુદ્ધ-ધર્મ પ્રવેશી જ શક્યો નથી. કારણ યોગક્ષેમ ચલાવવા માટે જે અધર્માચરણ થાય એ જાણ્યા છતાં એનું નિરાકરણ કરવાનો રસ્તો સંતોએ જગતને બતાવ્યો નથી. એટલે એ અધર્માચરણની જવાબદારી એમને શિરે પણ છે. જગતના સંતોએ જીવનનો, એના સંપૂર્ણ સ્વરૂપનો વિચાર કર્યો હોત તો સમાજમાં સંત અને સંસારી આ ભેદ જ રહ્યો ન હોત. માનવમાત્રને મોક્ષના માર્ગનો અધિકાર મળત. ઈર્ષ્યા, હિંસા અને સંઘર્ષને ટાળી માનવમાત્રને સમૃદ્ધિ, સંતોષ અને કૃતાર્થતા પામવાનો માર્ગ સાંપડ્યો હોત.

હિંદુ ધર્મમાં સત્‌યુગનું ભવ્ય ચિત્ર છે. પરંતુ એમાં જે શાન્તિ, સુખ, સંતોષનું વર્ણન કર્યું છે તે માનવ પોતાના પુરુષાર્થથી શી રીતે પ્રાપ્ત કરી શકે તે બદલ કશું કહ્યું નથી. સત્ય, કૃત, દ્વાપર અને કલિ આ એક કાળચક્ર છે–સત્‌યુગના નિર્માણમાં અથવા હસ્તિમાં માનવી-કર્તૃત્વનો ફાળો- સમાજનો કે વ્યક્તિનો-હોવાની કોઈ પણ જરૂર એમાં લાગતી નથી.

અર્વાચીન ઈતિહાસમાં કાર્લ માર્ક્સે ધર્મને બાજુપર મૂકી, સમતા અને ન્યાય એ તત્વોનું અવલંબન લઈ માનવમાત્રને સમૃદ્ધિ, સંતોષ અને શાન્તિ મળી શકે અને શાસનરહિત, વર્ગવિહીન સમાજ નિર્માણ થાય એવી કલ્પના દુનિયા સમક્ષ રજુ કરી છે. અર્થ અને કામપ્રાપ્તિની એક સંહિતા અથવા તો શાસ્ત્રીય પદ્ધતિ એણે તૈયાર કરી છે. પણ માર્ક્સવાદમાં હિંસાને માન્યતા આપી છે; તેથી સામ્યવાદ પણ સમાજમાંથી ઈર્ષ્યા, સંઘર્ષ કે અશાન્તિ દૂર કરી શક્યો નથી એ હકીકત છે. સામ્યવાદમાં (૧) ઉત્પાદન, વિભાજન અને વિનિમયનાં સાધનો પર સમાજની માલિકી હોવી જોઈએ. (૨) દરેક વ્યક્તિએ પોતાની શક્તિ પ્રમાણે સમાજની સેવા કરવી અને સમાજે વ્યક્તિની મૂળભૂત જરૂરિયાતો પૂરી પાડવી - આ બે મુખ્ય પાયાનાં તત્ત્વો છે. છેલ્લાં ચાળીસ વર્ષમાં આપણે જોઈ શકયા કે સામ્યવાદ આ તત્વો પ્રત્યક્ષમાં લાવી શકયો નથી. કારણ એ વિચારપદ્ધતિમાં માનવનું સ્થાન 'એક ભૌતિક પ્રાણી' જેવું છે. માનવીની નૈતિક કે આધ્યાત્મિક શક્તિનો એમાં વિચાર જ કર્યો નથી. માર્ક્સની કલ્પનામાં રમતો આદર્શ સમાજ માનવ નિર્માણ કરી શકશે, જ્યારે માનવી-મનનું અધ્યાત્મીકરણ થઈ નવમાનવીનું સર્જન થશે ત્યારે.

સર્વોદય આ આખી વસ્તુને જુદી રીતે વિચારે છે. ભૌતિકતા એ માનવતાનું એક અંગ છે, છતાં નૈતિકતા અને આધ્યાત્મિકતા એ માનવતાના પ્રધાન અંગો છે એવી સર્વોદયની માન્યતા છે. માનવના વિકાસ અને કલ્યાણ અર્થે આ બે અંગોનો વિકાસ સાધવો પડશે એવી સર્વોદયની ધારણા છે. પોતાની જરૂરિયાતો પૂરી કરવા માટે માનવ જ્યારે ભૌતિક સાધનો સ્વીકારે છે ત્યારે પરિણામરૂપે ઈર્ષ્યા, અસૂયા, હિંસા અને સંઘર્ષ નિર્માણ થાય છે. સ્વાભાવિક એવા આ આધ્યાત્મિક, નૈતિક માનસ પર આ ભૌતિકતાનું આવરણ-આચ્છાદન ચડે છે એ આચ્છાદન દૂર કરવાનો માર્ગ એક જ છે. પોતાની જરૂરિયાતો પૂરી કરવાનાં સાધનો નૈતિક અને આધ્યાત્મિક રાખવાં. આ તત્વનો પ્રથમ ઉચ્ચાર ગાંધીજીએ કર્યો અને એવી શાસ્ત્રશુદ્ધ જીવનપદ્ધતિ શોધી કાઢવા માટે સમાજજીવનના વિવિધ ક્ષેત્રોમાં પ્રયોગો પણ કર્યા.

ગાંધીજીના મંત્ર અને તંત્ર તથા વિજ્ઞાન એકબીજા સાથે સુસંગત છે. અધ્યાત્મવાદ જે અંતિમ સત્યના શોધમાં રહે છે તે જ સત્ય–વર્ણ, જાતિ, ધર્મ, રાષ્ટ્ર વિ.ના ભેદના પડ નીચે પડેલો માનવમાત્ર એક છે–વિજ્ઞાન પણ સિદ્ધ કરે છે. આ સત્યશોધનમાં નિસર્ગનિયમોનું જ્ઞાન માનવને મળ્યું છે. તેથી એના હાથમાં અસીમ શક્તિઓ પણ આવી છે. આ શક્તિઓ વડે ભૌતિક સુખ મેળવવા પાછળ એ પડે છે ત્યારે આત્મશોધન બાજુ પર મૂકી સિદ્ધિઓની જાળમાં ફસાયેલા સાધક જેવી એની દશા થાય છે. શાસ્ત્રો વડે સત્ય પ્રાપ્ત કરી, સત્યથી નૈતિક અને આધ્યાત્મિક વિકાસ સાધ્યા વગર ભૌતિક સુખ માટે એ સિદ્ધિઓનો ઉપયોગ કરવામાં વિવેક રહેતો નથી, સંયમ રહેતો નથી.

વિજ્ઞાન અને યંત્રનો વિચાર ગાંધીજી આ રીતે કરતા હતા: ગાંધીજી વિજ્ઞાન અથવા યંત્રની વિરુદ્ધ હતા એવી માન્યતા ભૂલભરેલી છે. એમની જીવનદૃષ્ટિ વિજ્ઞાનશુદ્ધ જ હતી. યંત્ર એ સાધન છે. એનો ઉપયોગ કરવામાં વિવેક રાખવો, ભોગલાલસાથી પ્રેરાઈને યંત્રના ગુલામ ન બનવું એવી એમની ભૂમિકા હતી. વિનોબાજીના વિચારો તો એનાથી પણ વધારે સ્પષ્ટ છે. માનવીની નૈતિક અને આધ્યાત્મિક શક્તિનો વિકાસ સાધવા માટે અણુશક્તિનો ઉપયોગ પણ કરવામાં પ્રત્યવાય નથી- ભૌતિક સુખ માટે એ શક્તિ ના વાપરવી એવું એમનું માનવું છે. ગાંધીજીએ આર્થિક ઉત્પાદનમાં વિકેંદ્રીકરણ કરવાનું કહ્યું ત્યારે વિનોબાજી સમાજવ્યવસ્થામાં જ વિકેંદ્રીકરણ લાવવા માગે છે. ઉત્પાદન, વિભાજન, માનવીનો પરસ્પર સંબંધ એ બધાં વચ્ચેની સંગતિની પ્રક્રિયાઓ વિનોબાજીએ સ્પષ્ટ રીતે બતાવી છે.

ગાંધીજી ઘણા નમ્ર બની એમ કહે છે કે હું કશું નવું નથી કહેતો; મેં કોઈ નવું સત્ય શોધ્યું નથી, પણ સનાતન સત્ય ઉપર નવો પ્રકાશ પાડવા હું મથું છું. એ એમનો વિવેક છે, છતાં એમને સત્યનું એક નવું જ પાસું મળ્યું છે અને એમણે એ જગત સમક્ષ મૂકયું છે એ હકીકત છે. સત્યનું સ્વરૂપ નિત્યનૂતન છે. એમની પોતાની એ અનુભૂતિમાંથી સત્યાગ્રહ, રચનાત્મક કાર્યક્રમ, નવસમાજનિર્મિતી સમાજના વિશ્વસ્તોની કલ્પના–આ અભિનવ જીવનદૃષ્ટિ તેઓ આપી શકયા. સત્ય અહિંસાદી મહાવ્રતો જીવનમાં ઉતારી સત્યયુગનું સર્જન

માનવી પોતાના પુરુષાર્થથી કરે... એ પુરુષાર્થનો તર્કશુદ્ધ માર્ગ સર્વોદય વિચારે બતાવ્યો છે. એવા સત્યયુગને ગાંધીજી રામરાજ્ય કહે છે. રામરાજ્યમાં સાધુ, સંન્યાસી, ગૃહસ્થ એવો કોઈ ભેદભાવ નથી. સુખ, સંતોષ અને શાંતિનો અધિકાર માનવ માત્રને છે. સત્ય અને અહિંસાના પાલનથી જીવનસાધના કરવાથી માનવને એ પ્રાપ્ત થશે એવી એમની માન્યતા છે.

અર્થ અને કામ એ બંનેની પ્રાપ્તિ ધર્મમાર્ગથી કેમ થઈ શકે એ વિશે વિચાર અને સંશોધન કરી વ્યક્તિગત અને સમાજજીવનમાં એ પ્રત્યક્ષ કેમ લાવી શકાય એના પ્રયોગો કરવામાં ગાંધીજી અને વિનોબાજી બંનેએ પોતાનું જીવન વ્યતીત કર્યું છે.

યુદ્ધના નૈતિક પર્યાય તરીકે ગાંધીજીએ સત્યાગ્રહ શોધી કાઢ્યો. સત્યાગ્રહમાં અહિંસાત્મક અસહકાર પણ અભિપ્રેત છે. આક્રમણ અને અરાજક બંનેનો સામનો કરવાની શકિત સત્યાગ્રહમાં છે. સત્યાગ્રહથી બે શત્રુઓ વચ્ચે વેરાગ્નિ સળગતો નથી, પણ શાંત થઈ બંને મિત્ર બની જાય છે. અરાજક મટી સુવ્યવસ્થિત શાંતિપ્રિય સમાજનું સર્જન સત્યાગ્રહ કરે છે એવો ગાંધીજીનો દાવો હતો. ગાંધીજીના નિર્વાણ પછી વિનોબાજીએ આ જ તત્વને આધારે શાંતિસેના સ્થાપન કરી છે. શસ્ત્રસજ્જ સૈન્યની માફક શાંતિસેનાની કલ્પના Standing army જેવી ના હોય, પણ રાષ્ટ્રનો દરેક નાગરિક શાંતિસૈનિક હોય... અહિંસાનું પાલન કરી નિગ્રહથી પોતાનું સ્વાતંત્ર્ય રક્ષે એ શાંતિસૈનિક. આવી શાંતિસેનાને તાલીમ આપવી એ સર્વોદય વિચારનું કાર્ય છે. આ કાર્યની પરિણતી એ સેના પણ વિરામ પામે અને માત્ર શાંતિનું અસ્તિત્વ જગતમાં રહે-એવી હોય.

આજે સમતા અને ન્યાય પર આધારિત સમૃદ્ધ, શાંત અને સંતોષી સમાજ એ એક સુંદર આભાસ-સ્વપ્ન લાગે. કારણ અર્થ અને કામની પ્રાપ્તિ માટે ધર્મવિહિત માર્ગ હોઈ શકે એ જ અશકય લાગે છે—એની શકયતા કોઈએ સિદ્ધ કરી બતાવી નહોતી, અને એટલે જ સમતા અને ન્યાય મેળવવા માર્કસે પણ હિંસાનું અવલંબન સ્વીકાર્યું, જેથી અમુક અંશે ભૌતિક સમૃદ્ધિ માનવીને મળી, છતાં ઈર્ષ્યા, સંઘર્ષ અને અશાંતિનું વર્ચસ્વ જીવનમાં વધતું ગયું. મારું-તારું—એ ભાવમાંથી ભય નિર્માણ થાય—અને એ ભયથી જ દંડનીતિ પર આધારિત એવી રાજનીતિ જન્મે. અવિશ્વાસ અને હિંસા પ્રબળ થાય. માનવની નૈતિક અને આધ્યાત્મિક શકિત વધે ત્યારે એ નિર્ભય બને. માનવમાત્ર સમાન છે એ સત્ય સમજ્યા પછી મારા-તારાનો ભાવ નષ્ટ થાય અને રાજનીતિને બદલે લોકનીતિની સત્તા સ્થાપિત થાય. વ્યવહારનું શુદ્ધ સ્વરૂપ પ્રેમ, વિશ્વાસ ને સહકારની ભાવનાથી લોકો પોતે જ ઘડશે. આ સાચી લોકશાહી. આ જો માત્ર સ્વપ્ન લાગતું હોય તો 'સત્‌યુગ' એ પણ સ્વપ્ન જ છે એવું કહેવું પડશે.

ગાંધીજીનું સત્યાગ્રહ એ શસ્ત્ર. એ શસ્ત્રનો પણ આજે દુરુપયોગ થાય છે. એનો અર્થ જ બદલાઈ ગયો છે. 'આગ્રહ' બલિષ્ઠ થઈ 'સત્ય'ને દાબી નાંખે છે. આ વૃત્તિને અટકાવવા વિનોબાજી સત્યાગ્રહને અહિંસાત્મક સહકાર તરીકે ઓળખાવે છે અને એમણે પોતાની જીવનસાધના તરીકે સત્યાગ્રહનો સ્વીકાર કર્યો છે. ગાંધીજીએ પ્રથમ 'સત્યાગ્રહ' શબ્દ વાપર્યો ત્યારે 'નિઃશસ્ત્ર પ્રતિકાર' એવો અર્થ એમાંથી અભિપ્રેત થયો હતો. છતાં ગાંધીજીને પોતાને નિઃશસ્ત્ર પ્રતિકારમાં અપ્રત્યક્ષ હિંસાને જે સ્થાન મળી શકે એમ છે તે માન્ય ના હોવાથી એમણે 'સત્યાગ્રહ' શબ્દ વાપર્યો. પ્રતિકાર હોય કે સહકાર હોય પણ નમ્રતા, તટસ્થતા, અને અનાગ્રહી વૃત્તિ આ ગુણો સત્યાગ્રહીને માટે તો શું પણ વૈજ્ઞાનિકને માટે પણ આવશ્યક છે.

આ વિવેચનના સાર તરીકે કહેવાય કે 'સત્ય'—ધર્મનું આચરણ કરવાથી માનવી જીવનમાં અમૂલાગ્ર ક્રાન્તિ થશે અને નવમાનવનું નિર્માણ થશે. આ નવમાનવનાં જીવનવ્યવહારનાં મૂલ્યો પણ નવાં હશે. એમાં અસૂયા, હિંસા, ઈર્ષ્યા, અશાંતિને સ્થાન નહીં હોય. પ્રેમ, વિશ્વાસ, સહકાર એ એનાં જીવનમૂલ્યોના માનદંડ હશે.

સર્વોદય વિચારને જે રીતે હું સમજ્યો છું તે સંક્ષેપમાં આ પત્રમાં રજુ કરવા મેં પ્રયત્ન કર્યો છે.

અનુવાદ : મૂળ મરાઠી :

સૌ. મૃણાલિનીબહેન દેસાઈ **શ્રી શંકરરાવ દેવ**

પર્યુષણ વ્યાખ્યાનમાળા: સમાલોચના

પ્રાસ્તાવિક

ગાંધીજીના અવસાન પછીના લગભગ બે દાયકા જેટલા ગાળામાં આપણું પ્રજાજીવન (વૈયકિતક અને સામૂહિક) ધારી ન શકાય તેટલી ત્વરાથી અને તેટલી હદ સુધી વિકૃત થઈ ગયું છે એમ તટસ્થ નિરૂપણકારને લાગ્યા વિના નહિ રહે. વિજ્ઞાન વિષે કહેવાય છે—અને તે સાચું છે—કે સામાન્ય સંજોગોમાં વિજ્ઞાનને જે પ્રગતિ કરતાં ચારસો વર્ષ લાગે તે પ્રગતિ તેણે છેલ્લાં ચાલીસ વર્ષમાં કરી છે. આપણું પ્રજાજીવન પણ પ્રધાનપણે વિજ્ઞાનની સિદ્ધિઓ, બુદ્ધિવાદ અને પ્રત્યક્ષવાદના પ્રબળ પ્રભાવને લીધે છેલ્લાં વીસેક વર્ષમાં જે વિકૃતિ પામ્યું છે તે અન્ય સામાન્ય સંજોગોમાં પામતાં સો વર્ષ નીકળી જાય. વિકૃતિ શબ્દ હું અહીં વાપરું છું તે તેના બંને અર્થમાં: વિકૃતિ એટલે કેવળ પરિવર્તન, ફેરફાર - જે ઉન્નતિ કે અવનતિ તરફ લઈ જાય. અને વિકૃતિનો બીજો અર્થ છે સડો, હ્રાસ, અવનતિ, અધોગતિ. એટલે આપણા પ્રજાજીવનમાં આમૂલ પરિવર્તન થયું છે અને વિનોબાજી, જયપ્રકાશ નારાયણ, રવિશંકર મહારાજ, વિમલા ઠકાર વગેરે અનેક જીવન દષ્ટાઓના અવિરત પરિશ્રમ છતાં એ પરિવર્તન સરવાળે પ્રજાજીવનને અવનતિ તરફ લઈ જતું રહ્યું છે એ કટુ સત્ય સ્વીકારવું જ રહ્યું.

ગાંધીજીના નેતૃત્વના ત્રીસેક વર્ષના ગાળામાં—અને તે પહેલાંના કોઈ પણ કાળમાં—પ્રજાજીવન સર્વથા દૂષણમુકત કે આદર્શરૂપનું તો નહોતું જ. આપણી સમાજવ્યવસ્થા, આચાર, વ્યવહાર, ધર્મ, નીતિ વગેરે જીવન-ક્ષેત્રોમાં અનેક ઊણપો અને દૂષણો હતાં; છતાં જીવનના દરેક ક્ષેત્રમાં પાયારૂપે સ્વીકારાયેલા કોઈ આદર્શ હતા, સિદ્ધાન્તો હતા, મર્યાદાઓ અને આમન્યાઓ હતી. ગાંધીજીએ પ્રજાજીવનને સર્વથા વિશુદ્ધ બનાવવાના હેતુથી સાધ્યશુદ્ધિની સાથોસાથ સાધનશુદ્ધિનો આગ્રહ રાખ્યો. "End justifies the means; nothing succeeds like success".— જેવાં જીવનસૂત્રોમાં પ્રતીત થતી સ્વાર્થપરાયણ અને હિંસાપ્રધાન જીવનદષ્ટિથી દૂર રહેવા પ્રજાને ચેતવી, એટલું જ નહીં પણ, ખટપટ, છળ, કપટ, સ્વાર્થ, હિંસા વગેરે તત્ત્વોથી ઊભરાતા રાજકારણને સત્ય અને નીતિ સાથે સાંકળવાનો ભગીરથ પ્રયત્ન પણ તેમણે કર્યો.

અને આજે? આપણું વૈયકિતક અને સામૂહિક પ્રજાજીવન અપ્રતિષ્ઠ (પાયા વિનાનું) અને કેન્દ્રચ્યુત (de—centred) થઈ ગયું છે. આજે આપણા જીવનવ્યવહારમાં કોઈ આદર્શ, કોઈ સિદ્ધાંત, કોઈ મર્યાદાઓ કે આમન્યાઓ નજરે આવતી નથી. કેવળ સ્વાર્થપરાયણતા અને ભોગવાસનાને ધ્રુવતારક ગણીને જીવનવ્યવહાર કરીએ છીએ. આજે માત્ર રાજકારણને નહીં પણ ધંધારોજગાર, વેપાર વગેરેને પણ સિદ્ધાન્તો કે નીતિ-ધર્મ સાથે કંઈ સંબન્ધ નથી એમ આપણે માનતા થયા છીએ. ભગવદ્‌ગીતામાં માનવીની હીન—આસુરી—વૃત્તિનું વર્ણન કરતાં કહ્યું છે કે આસુરીવૃતિવાળો માણસ માને છે કે કામોપભોગ અને તેને માટે ધનસંચય એ જ પરમ પુરુષાર્થ છે; તે અનેક ઝંખનાઓ કરે છે; અન્યાયથી પણ પોતાના સુખચેન માટે ધન એકઠું કરવા મથે છે અને મોહથી સાચાં ખોટાંનો ભેદ ભૂલી જઈને પ્રવૃત્તિઓ કરે છે. આ વર્ણનમાં આપણી આજની પરિસ્થિતિનું હૂબહૂ પ્રતિબિમ્બ નજરે નથી આવતું? કશા પણ સાચા કારણ વિના વસ્તુઓનો ભાવ વધારી દેવો, કૃત્રિમ રીતે વસ્તુની અછત - તંગી - ઉપજાવવી, નકલી માલ સાચા માલ તરીકે ખપાવવો, પહેરવા ઓઢવાની જ નહીં પણ ખાવાપીવાની ચીજોમાં પણ ભેળભેળ કરવી અને તે પણ માનવજીવનને હાનિ પહોંચાડે-ઈજા કરે તેવા પદાર્થોની, જીવન—મરણ વચ્ચે ઝોલા ખાતા માંદગીને બિછાને પડેલા માણસને જોઈતી મોંઘી દવાઓમાં ચાકના ભૂકા જેવી

ભેળસેળ કરી પાંચ પૈસા કમાવાની તક લેવી - આ બધી પ્રવૃત્તિઓની પાછળ રહેલી મનોવૃત્તિ કેટલી માનવતાવિહોણી, કેટલી આસુરી છે? આ વૃત્તિની પરાકાષ્ઠા તો આપણા જ કોઈ પ્રતિષ્ઠિત વેપારીએ થોડા સમય પહેલાં પશ્ચિમ જર્મનીની એક યંત્ર - સામગ્રી બનાવનાર પેઢીને કરેલી પૂછપરછમાં વ્યકત થાય છે. આ વેપારીભાઈએ જર્મન પેઢીને પૂછાવ્યું હતું કે ચોખાના દાણા જેવા અને જેવડા પત્થરના દાણા પાડવાનું મશીન તમે બનાવી આપશો કે કેમ? જર્મન પેઢીવાળાને આ પૂછપરછથી આશ્ચર્ય નહીં પણ તેની પાછળ રહેલી માનવતાવિહોણી ક્રૂર વૃત્તિ પ્રત્યે તિરસ્કાર ઉપજ્યો; તેણે જર્મન સરકારને કાને આ વાત નાખી અને જર્મન સરકારે આપણા દેશની સરકારને આની જાણ કરી. લોભને નહીં થોભ!

આ હકીકતનો ઈન્કાર તો થઈ શકે તેમ નથી. પણ તે તે વર્ગના કોઈ કોઈ પ્રતિનિધિ તરફથી બચાવરૂપે કહેવાતું સાંભળીએ છીએ કે દરેક ધંધામાં કે ક્ષેત્રમાં બે પાંચ ટકા વ્યકિતઓ જ આવું કરતી હોય છે. તેને બાકે એ આખા વર્ગને જવાબદાર ન ગણવો જોઈએ. દલીલ ખાતર આ બચાવ સ્વીકારી લઈને આપણે પૂછી શકીએ કે આજના સમયમાં દરેકે દરેક ધંધા કે વેપારના ક્ષેત્રમાં સંઘો (Council કે Chamber કે Association કે Corporation) સ્થપાયા છે અને દરેક વર્ગના હિતો સાચવવાના એ દ્વારા પ્રયત્નો થાય છે. તો આ સંઘો પોતાના સભ્યોમાંના જે પાંચ સાત ટકા જેટલા સભ્યો ગેરરીતિઓ યોજતા હોય તેને તેમ કરતાં અટકાવવા માટે કેમ કંઈ પ્રવૃત્તિ કરતા નથી? કોઈ પણ વેપાર-ક્ષેત્રના આવા સંઘે નફાખોરી, ભેળસેળ વગેરે કરતા એક પણ સભ્યને કોઈ પણ પ્રકારે સજા કરી હોય કે વખોડયો હોય એવો એક પણ દાખલો આપણે સાંભળ્યો નથી. હકીકતમાં તો આ અનાચાર માટે જવાબદાર સ્વાર્થવૃત્તિ કેટલી પ્રબળ બની છે અને આ અનાચાર કેટલો વ્યાપક બન્યો છે તેનો ખ્યાલ આપતો એક પ્રસંગ હમણાં જ બન્યો છે. શ્રી જે. આર. ડી. તાતા અને શ્રી અરવીંદ મફતલાલ જેવા સાધનશુદ્ધિનો આગ્રહ રાખનારા અગ્રણી ઉદ્યોગપતિએ ને ઉદ્યોગપતિઓ અને વેપારીઓ અને ધંધાદારીઓ માટે આચાર-સંહિતાની આવશ્યકતા જણાઈ છે અને થોડા દિવસ પહેલાં જ એ કાર્ય માટે એક સંસ્થાની સ્થાપના પણ કરાઈ છે. આ અત્યન્ત સ્તુત્ય અને અધમવૃત્તિ અને પ્રવૃત્તિમાંથી પાછા ફરવાની હાકલ કરતી સંસ્થાને કેટલો અને કેવો સહકાર મળે છે એ જાણવું પણ રસપ્રદ થઈ પડશે.

આવી સંસ્થાઓની સફળતા અંતે તો તેના સભ્યોના સહકાર અને નિષ્ઠા ઉપર જ અવલંબે છે. That government is the best, which governs the least (એ સરકાર શ્રેષ્ઠ ગણાય જેમાં શાસન ઓછામા ઓછું હોય.—આ વિધાનનો પણ મર્મ પણ એ જ છે. જે દેશમાં દરેક વ્યકિત પોતાના ધર્મ, કર્તવ્ય, મર્યાદાઓ વગેરેને આપોઆપ અનુસરે તે દેશમાં સરકાર જેવી બાહ્ય સંસ્થાએ બહુ ઓછું જ અથવા ન જેવું—શાસન કરવાનું હોય. બીજા શબ્દોમાં કહીએ તો સ્વશાસન એ જ વ્યકિત અને સમષ્ટિના યોગક્ષેમનો સાચો માર્ગ છે. આ સ્વ—શાસન આપણે કઈ રીતે સિદ્ધ કરી શકીએ તેના અનેક ઉપાયો પર્યુષણ વ્યાખ્યાનમાળામાં નિરૂપાતા વિષયોમાંથી આપણને મળી રહે છે. માર્ગો અનેક હોય પણ અન્તિમ લક્ષ્ય એક જ છે—માનવ થવું તે.

પ્રસ્તુત સમાલોચના

આ વર્ષની પર્યુષણ વ્યાખ્યાનમાળા સપ્ટેમ્બરની ૧૧મીથી ૧૮ મી સુધી 'બિરલા ક્રીડા કેન્દ્રમાં' યોજાઈ હતી. આ વર્ષે પણ શ્રી પરમાનંદભાઈ તથા શ્રી જૈન યુવક સંઘના નિમન્ત્રણથી આઠેય દિવસની સભાઓમાં હાજર રહેવાની તક મને મળી હતી. આ વ્યાખ્યાનમાળાનું સ્વરૂપ આજે તો નિશ્ચિત થઈ ચૂકયું છે, સાચા અર્થમાં એ જ્ઞાનસત્ર બની રહેલ છે. વિષયોમાં કે વકતાઓમાં કોઈ નિયન્ત્રણ નહિ. સંસારના વિશાળ પટમાંથી જેને જે કંઈ ઉદ્ધારક કે પાવક તત્ત્વ લાધ્યું હોય તે એ તત્ત્વ શ્રોતાઓ સમક્ષ રજૂ કરે. સરવાળે, ઊર્ધ્વમુખ જ્યોતવાળી દીપમાળાની પેઠે આ વ્યાખ્યાનમાળા પણ ઊર્ધ્વાભિમુખ જ્યોતિ:પુંજ બની રહેશે.

પહેલા દિવસનાં બે વ્યાખ્યાનોમાં હું બહારગામથી આવતાં ટ્રેન ખૂબ મોડી થવાથી હાજર ન રહી શકયો. આમ શ્રી ગગનવિહારી મહેતાનું 'થૉરો અને ગાંધીજી' વિષેનું અને શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનું 'શું માનવી સ્વત્વવંચિત બની રહ્યો છે?' વિષેનું — એમ આપણા બે અભ્યાસનિષ્ઠ અને વિચારનિષ્ઠ વકતાઓનાં વ્યાખ્યાનોનો લાભ ન લઈ શકયો. શ્રી સૌદામિનીબહેન મહેતાએ 'માર્ટીન લ્યુથર કીંગ' વિષેના વ્યાખ્યાનમાં એ પ્રસિદ્ધ અમેરિકન હબસીને તેના જીવનનું નિરૂપણ કરતાં તેના બાલ્યકાળના કેટલાક પ્રસંગો, ધાર્મિક વૃત્તિ, હબસીઓને ગોરા તરફથી થતા અન્યાય સામે બળવાની વૃત્તિ વગેરેનું વિવેચન કર્યું હતું, એના ઉપર ગાંધીજીની અને થોરોની કેવી અસર થઈ હતી અને અહિંસક માર્ગ સ્વીકારીને હબસીઓના રાજકીય અને સામાજિક જીવનમાં થતા અન્યાયોને દૂર કરવામાં તેણે કેવાં કષ્ટો વેઠયાં અને સિદ્ધિ મેળવી તે દર્શાવ્યું હતું. શ્રી ગોકુળભાઈ ભટ્ટના વ્યાખ્યાનનો વિષય હતો 'સત્યશોધક જ્યોતિરાવ ફુલે.' સતારામાં માળીના કુટુંબમાં જન્મેલા જ્યોતિરાવ પૂના આવીને વસે છે. તેના ઘરમાં પાંચ છ નાના મોટાં બાળકો છે—પણ એ પોતાનાં સંતાન નથી: ત્યજાએલાં બાળકોને સ્વીકારીને ઊછેરવાની તેણે હામ ભીડી. સમાજનો પુણ્યપ્રકોપ અને વિરોધ સહન કર્યો. બાલહત્યાપ્રતિબન્ધક ગૃહની સ્થાપના કરી; મહાર અને અસ્પૃશ્યોનાં બાળકો માટે શાળા શરુ કરી. સત્યશોધક સંસ્થા સ્થાપી. એ જમાનામાં આ પ્રકારનું સામાજિક સેવાનું કામ કરનાર નિર્ભય જ્યોતિરાવનું રાણી વિકટોરિયાએ સન્માન કર્યું. જ્યોતિરાવનો જીવનમંત્ર : સત્યાનેં વર્તાવા। શ્રી ઉષા મહેતાના વ્યાખ્યાનનો વિષય હતો 'હેલન કેલર'-હેલન કેલરના જીવનના મુખ્ય મુખ્ય પ્રસંગોનો ઉલ્લેખ કરીને આંધળા અને બહેરા માનવીઓનાં જીવનને હળવું અને ઉપયોગી બનાવવા માટે હેલને કરેલા પ્રયત્નોનું તેમણે નિરૂપણ કર્યું. હેલનના જીવનમાં એની સલીવાનની ચીવટ અને રસ, સ્પર્શદ્વારા જ્ઞાનવિતરણના કરાયેલા પ્રયોગો, કેળવણી, કલા વગેરે અનેક વિષયો વિષે હેલને વ્યકત કરેલા વિચારો વગેરેનું તેમણે વિગતવાર વિવરણ કર્યું. ભારતમાં પણ આવા ભગીરથ પ્રયત્નની ઘણી જરૂર છે એમ એમણે અન્તમાં કહ્યું હતું.- શ્રી હર્ષિદા પંડિતે હેલન કેલર જેવી જ પણ બહુ ઓછી જાણીતી અમેરિકન બહેરા ડોરોથી પિકસનો પોતાના વ્યાખ્યાનમાં પરિચય આપ્યો. ૧૮૦૨માં જન્મેલી ડોરોથી દસ વર્ષની ઉંમરે ઘર છોડીને ચાલી ગઈ અને દાદીની સંપત્તિનો અને વિશાળ મકાનનો ઉપયોગ ગરીબ બાળકોની શાળા ચલાવવા માટે કર્યો. તેને જેલમાં કેદીઓની સ્થિતિ નિહાળવાનો પ્રસંગ મળ્યો : ત્યાં ગાંડી થઈ ગયેલી એક બાઈ જોઈ. તેની સાથે જેલ અધિકારીઓનો અમાનુષી વર્તાવ જોયો. તેનો આત્મા કકળી ઊઠયો. ૧૮૪૨થી ૧૮૬૧ સુધી અવિરત પ્રયત્ન કરી પ્રજાને જાગ્રત કરી, કોંગ્રેસના સભ્યોનો સહકાર મેળવ્યો : ૧૮૬૧માં કોંગ્રેસે ગાંડા બહેરા પ્રત્યેની ડોરોથીએ સૂચવેલી નીતિનો સ્વીકાર કર્યો.

માર્ટિન લ્યુથર કિંગ, હેલનકેલર, જ્યોતીરાવ ફૂલે અને ડોરોથી પિકસના જીવન અને કાર્યના પરિચયથી માનવસંકલ્પ અને માનવશકિતના પ્રભાવનો ખ્યાલ આવે છે. સંજોગો માનવને ઘડે છે કે માનવ સંજોગોને ઘડે છે."Man makes the age or the age makes the man?"—એ પ્રશ્ન નિત્ય ચર્ચાતો રહ્યો છે, છતાં જ્યોતિરાવ, ફૂલે, ડોરોથી પિકસ વગેરે સામાન્ય નહીં પણ તદ્દન ક્ષુદ્ર પરિસ્થિતિમાં જન્મેલા માનવીઓ સંજોગોના કોટલામાં પુરાઈ ન રહેતાં સંકલ્પબળથી અને અવિરત પરિશ્રમથી કેવા મહાકાય જીવન—ઘડવૈયાઓ બની શકે છે એ જાણીએ ત્યારે માનવનાં દર્શન

કરી ધન્યતા અનુભવીએ છીએ. વીરતા દરેક માનવીના હૃદયમાં પડી છે, માત્ર તેણે તેને સેવવી જોઈએ.

શ્રી ઉછરંગરાય ઢેબરના વ્યાખ્યાનનો વિષય હતો 'ગાંધીજી અને વિનોબા.' શ્રી ઢેબરભાઈએ આરંભ કરતાં કહ્યું કે થોરોના ઉત્તરાધિકારી ગાંધીજી અને ગાંધીજીના ઉત્તરાધિકારી વિનોબા. વિવેકાનંદ, ટિળક અને ગાંધીજી ન હોય તો આજના વિનોબાજી ન હોય. વિનોબા કાશીમાં વ્યાકરણનો અભ્યાસ કરતા હતા ત્યારે બનારસ હિંદુ યુનિવર્સિટીમાં ગાંધીજીએ કરેલા પ્રવચનનો પ્રબળ પ્રભાવ તેના ઉપર પડ્યો. વિનોબા સાબરમતી આશ્રામમાં આવ્યા, ચાર વર્ષ રહ્યા. ગાંધીજી અને વિનોબાનો સંબંધ પિતા–પુત્ર જેવો, ગુરુ–શિષ્ય જેવો, રામ-હનુમાન જેવો. બંનેમાં અદ્‌ભુત પ્રેમભાવ, ઉદારતા અને વિનય. બંનેમાં સામ્ય છતાં વૈષમ્ય પણ ખરું. ગાંધીજી રાજકારણમાં નિરત એવા કુટુંબમાં જન્મેલા, તેમની અહિંસા સક્રિય. વિનોબા સંતકુળમાં જન્મેલા અને વેદાન્તના અભ્યાસી : તેની અહિંસા શાન્ત, સૌમ્ય, રાજકારણથી અલિપ્ત- ભૂદાન-ગ્રામદાન જેવી પ્રવૃત્તિઓમાં વ્યકત થાય. બંનેને અહિંસા સત્યમાંથી ઉદ્‌ભવતી દેખાઈ. આમ આ બંને વચ્ચે મૂલગત ઐક્ય છતાં વૈવિધ્ય. શ્રી ઢેબરભાઈનું વ્યાખ્યાન વસ્તુને કારણે, વિવેચનાત્મક પદ્ધતિને કારણે અને પ્રસંગોના ઉલ્લેખોને કારણે દ્યોતક અને રસપ્રદ નીવડ્યું હતું. શ્રી એચ. એમ. પટેલે 'કેળવણી વિષેના વ્યાપક અસંતોષનું વિશ્લેષણ' વિષે વ્યાખ્યાન આપ્યું હતું. કેળવણીનું ધ્યેય શું છે અને પ્રજા જીવનમાં કેળવણીનું શું સ્થાન છે એ પણ આપણે નક્કી કર્યું નથી. અનેક કમિશનો નીમાયા, તેમના રિપોર્ટો આવ્યા છતાં, કેળવણીનો પ્રશ્ન એવો ને એવો જટીલ રહ્યો છે એમ જણાવીને તેમણે કહ્યું કે સાચી કેળવણીનો પાયો પ્રાથમિક કેળવણી છે. પ્રાથમિક કેળવણીને સત્ત્વશીલ બનાવવી હોય તો શાળાઓ માટે સારાં મકાનો, સારા શિક્ષકો અને ઊંચું વેતન-ધોરણ આવશ્યક છે. આ જ ધોરણે માધ્યમિક અને ઉચ્ચ કેળવણીના પ્રશ્નમાં ઉકેલ આણવો જોઈએ. શાળામાં જેમ શિક્ષકનો પ્રભાવ બાળક ઉપર પડે છે તેમ ઘરમાં માતા પિતાનો પ્રભાવ તેના જીવનને ઘડે છે. શ્રી પટેલના આ વિવરણને સંપૂર્ણ બનાવવા માટે ઉમેરવું જોઈએ કે શિક્ષક અને માતાપિતા ઉપરાંત આજના સમાજવાદી લોકશાહીના યુગમાં લોકનેતાઓના વર્તનનો પણ પ્રભાવ બાળમાનસ ઉપર પડે છે. સંસદ, વિધાનસભા, નગરપાલિકા વગેરે પ્રતિષ્ઠિત સંસ્થાઓમાં નેતાઓના સભ્ય – અસભ્ય વર્તનની અસર નાનીસૂની નથી એ ધ્યાનમાં રાખવું આવશ્યક છે.

શ્રી મૃણાલિની દેસાઈએ 'ભક્તિયોગ'નું નિરૂપણ કરતાં કહ્યું કે બાળપણમાં જે જીવન અને જગત–સુંદર લાગ્યું હતું તેમાં મોટી ઉંમરે અસુન્દરતા દેખાઈ. આનું કારણ અહમ્. આ અહમ્ જીવનના કલેશો અને ભેદોના કારણરૂપ છે. એથી ઊલટું, ભક્તિ એટલે પ્રભુ-પ્રેમ અને સર્વસમર્પણ. ત્યાં સમન્વય અને ઐક્યની ભાવના. પ્રભુ-પ્રેમની સાથે જ્ઞાનની આવશ્યકતા. સુંદર શૈલી અને ઉદાહરણોને લીધે વ્યાખ્યાન રોચક બન્યું હતું.

શ્રી નવલભાઈ શાહના વ્યાખ્યાનનો વિષય હતો 'સમૃદ્ધ-જીવન.' શરૂઆતમાં તેમણે આજના શહેરી જીવનનું નિરૂપણ કરતાં કહ્યું કે આજનું જીવન ઈન્દ્રિયપ્રધાન છે, માનવચેતનાના ઉપલા સ્તરનું જીવન છે. જીવનનું ધ્યેય ધનસંચય અને વાસનાનો સંતોષ છે. આ જીવનદૃષ્ટિને સંપત્તિ હોવા છતાં જીવન ખાલીખમ લાગે છે, પોતાના કામમાં રસ કે તાદાત્મ્ય અનુભવાતું નથી. આનું કારણ છે ઊંડા ચિન્તનનો અભાવ. માનવચેતનાના ઊંડાણને સ્પર્શાય, સર્વ જીવ પ્રત્યે પ્રેમ અને બન્ધુભાવ સેવાય તો માનવજીવન સમૃદ્ધ અને સંતૃપ્ત બને. કામમાં રસ પડે અને જીવન સાર્થક લાગે, જીવન જીવવું પણ સ્વાર્થ માટે નહીં–વ્યાપક ચૈતન્ય અનુભવવા માટે : એ સૂત્ર રજૂ કરતાં, વ્યાખ્યાન દરમ્યાન, તેમણે કેટલાક પ્રસંગો અને ઉદાહરણો આપ્યાં હતાં.

શ્રી કાકાસાહેબ કાલેલકરનું વ્યાખ્યાન 'સંઘર્ષ અને સમન્વય' વિષે હતું. કાકાસાહેબે સામાજિક અને રાજકીય ક્ષેત્રે આપણા દેશમાં અને અન્ય દેશોમાં આજ સુધી જે સંઘર્ષ ચાલતો આવ્યો છે તેનું વર્ણન કરીને કહ્યું કે આજના વિજ્ઞાનયુગમાં માનવે જીવવું હશે તો સમન્વય સ્વીકાર્યા વિના ચાલશે નહીં. સંઘર્ષ જરા પણ લાંબો ચાલશે તો સમન્વયનું આચરણ કરવાની ક્ષણ પણ નહીં આવે. કાકાસાહેબની વાણીમાં સામાન્ય રીતે નજરે આવતા દ્યોતકતા અને રોચકતાનાં તત્ત્વો આ વ્યાખ્યાનમાં પણ અનુભવાયા.

શ્રી અનિરુદ્ધ બ્રહ્મભટ્ટનો વિષય સાહિત્ય-ક્ષેત્રનો હતો : 'ભાવકની જવાબદારી.' ભાવક એટલે પ્રેક્ષક, શ્રોતા અને વાચક એવી સ્પષ્ટતા કરીને તેમણે આજે સાહિત્યસર્જનમાં જે અનધિકારચેષ્ટા ચાલી રહી છે– વિશેષત : નવલકથા અને ટૂંકી વાર્તાના ક્ષેત્રમાં, તેને માટે ભાવકની વિવેકહીન વૃત્તિને જવાબદાર ગણી હતી. કાવ્યની વ્યંજનાઓને અને તેથી કાવ્યને સમજવા માટે ભાવકને પક્ષે પણ પરિશ્રમની જરૂર છે એ વિધાનનું 'મંદિરના ઘંટ ઉપર પ્રસુપ્ત એક પતંગિયું' એ હાઈકુનું અર્થવિવરણ કરી સમર્થન કર્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે સારા ભાવક હોય તો સારા સર્જનને આપોઆપ ઉત્તેજન મળે છે. શ્રી બ્રહ્મભટ્ટે શ્રોતૃવર્ગને ધ્યાનમાં રાખીને પશ્ચિમમાંથી આપણે ત્યાં આવેલા આજના કેટલાક વાદોનો પોતાના વ્યાખ્યાનમાં ઉલ્લેખ ન કર્યો તે યોગ્ય જ હતું.

આ વર્ષની વ્યાખ્યાનમાળામાં સૌથી વધારે જિજ્ઞાસા અને રસ જગાડ્યાં હતાં ડૉ. એચ. એન. બેનરજીનાં 'અતીન્દ્રિય અનુભૂતિઓ' વિષેનાં બે વ્યાખ્યાનોએ. પેરાસાઈકોલોજીનું વિજ્ઞાન ભૂત-પ્રેતનું કે ભવિષ્ય ભાખવાનું શાસ્ત્ર નથી એમ સ્પષ્ટતા કરીને તેમણે સમજાવ્યું કે આજે મનોવિજ્ઞાનના ક્ષેત્રમાં ત્રણ પ્રકારના ઉપાયો શક્ય છે : હિપ્નોસીસ, યોગ–સમાધિ અને ઔષધોપચાર. જગતમાં ઈન્દ્રિય-ગમ્ય જ્ઞાન ઉપરાંત ઈન્દ્રિયથી પર હોય એવા અનુભવો થતા આવ્યા છે. આ અતીન્દ્રિય અનુભવોની વૈજ્ઞાનિક પદ્ધતિએ ચિકિત્સા–નિરૂપણ–કરવું એ પેરાસાઈકોલોજીનું ધ્યેય છે. આવા અતીન્દ્રિય અનુભવોને વૈજ્ઞાનિકો કાં તો આકસ્મિક અને કાં તો યોગાનુયોગે થતા ગણે છે. પણ એ નિરાકરણ વૈજ્ઞાનિક નથી. આવા અતીન્દ્રિય અનુભવો ત્રણ પ્રકારના છે: ટેલીપથી, ક્લૅર વૉયન્સ અને ભવિષ્યકથન. ડૉ. બેનરજીએ અનેક દૃષ્ટાંતો આપી પોતાના વકતવ્યની સ્પષ્ટતા કરી હતી. બીજા વ્યાખ્યાનમાં પુનર્જન્મના પ્રશ્નને સ્પર્શતાં કેટલાક દાખલાઓ રજ કર્યા હતા. વૈજ્ઞાનિકને છાજે તેવી નિખાલસતાથી તેમણે કહ્યું કે 'આ વૈજ્ઞાનિક સંશોધનનો ઉપયોગ શો ?' એમ પ્રશ્ન સ્વાભાવિક રીતે જ થાય : અને એનો ઉત્તર આપ્યો કે માનવમાત્ર યન્ત્ર–પંચ-મહાભૂતનું પૂતળું જ–છે કે તેથી વધારે ઊંડું અને ગહનતત્ત્વ તેમાં રહ્યું છે તે શોધવું એ આ સંશોધનનું લક્ષ્ય છે. આ તત્ત્વનો નિર્ણય થાય તો તેને આધારે જીવન–દર્શન અને જીવન–વિધાન યોજી શકાય.

અને અન્તે હતું આચાર્ય રજનીશનું વ્યાખ્યાન 'ધર્મ શું છે?' એ વિષયનું વિવરણ શ્રી રજનીશજીએ પોતાની આકર્ષક અને અસ્ખલિત વાક્‌શૈલિમાં કર્યું. રામ, કૃષ્ણ કે મહાવીરનું અનુકરણ શક્ય નથી. દરેક વ્યકિતએ પોતે પોતાનું સ્વરૂપ જાણવું અને પામવું એજ પ્રધાન પુરુષાર્થ છે–અન્તિમ ધ્યેય છે. શ્રી રજનીશજીની વિષયનિરૂપણ શૈલી અને અખંડ વાક્‌પ્રવાહ શ્રોતાઓને મુગ્ધ કરી દે છે એ તો જાણીતી વાત છે.

ગોરીપ્રસાદ આલા

પ્રકીર્ણ નોંધ

ભાઈ ઉમાશંકરને અનેક ધન્યવાદ !

થોડા સમય પહેલાં ભાઈ ઉમાશંકર જોશી અને શ્રી મગનભાઈ દેસાઈ વચ્ચે ગુજરાત યુનિવર્સિટીની "ફેકલ્ટી ઑફ આર્ટસ્"ના ડીનના પદ અંગે સ્પર્ધા થઈ હતી, અને તેમાં મગનભાઈનો પરાજય થયો હતો. ગયા ઑક્ટોબર માસની ૧૫ મી તારીખે ગુજરાત યુનિવર્સિટીના વાઈસ ચેન્સેલર - ઉપકુલપતિ - ના પદ માટે એ જ બન્ને વ્યક્તિ વિશેષો વચ્ચે સ્પર્ધા થઈ અને ૧૧૮ વિરુદ્ધ ૧૦૭ મતે ભાઈ ઉમાશંકરનો વિજય થયો. આ ઘટના અનેક રીતે સૂચક છે અને આગવું મહત્ત્વ ધરાવે છે.

ભાઈ ઉમાશંકર માત્ર કવિ નથી, વિવેચક છે, કેળવણીકાર છે, સાહિત્યકાર છે, ગુજરાતની અસ્મિતાના અંજોડ પુરસ્કર્તા છે, ભારતીય સંસ્કૃતિના એક પ્રતિનિધિ છે. આ રીતે જે પદ ઉપર તેમની નિમણૂંક થઈ છે તે માટે તેઓ સર્વ પ્રકારે યોગ્ય છે અને તેથી આ પદ ઉપર આવવા માટે આપણા સર્વના અભિનંદનના તેઓ અધિકારી બને છે.

આમ છતાં તેઓ સામાન્ય ક્રમમાં આ પદ ઉપર બીનહરિફ ચુંટાઈને આવ્યા હોત તો આ ઘટના સમગ્ર ગુજરાતનું આટલું ધ્યાન ખેંચત નહિ. શ્રી મગનભાઈ દેસાઈને બદલે બીજો કોઈ હરીફ હોત તો પણ આ ઘટનાને આટલું બધું મહત્ત્વ આપવામાં આવ્યું ન હોત.

પણ મગનભાઈને કૉંગ્રેસનો પૂરો ટેકો હતો; રાજકારણી નેતાઓનું તેમને પૂરું પીઠબળ હતું; એક શિક્ષણકાર, સાહિત્યકાર અને પત્રકાર તરીકે પણ તેમની કારકીર્દિ ઉજ્જવળ હતી. આમ છતાં તેઓ હાર્યા અને ઉમાશંકર જીત્યા એ ઘટનાનો અર્થ એ છે કે આજ સુધી ગુજરાતના આવા વિશિષ્ટ અધિકારો ઉપર કૉંગ્રેસ અને કૉંગ્રેસી રાજકારણનું સવિશેષ પ્રભુત્વ હતું અને ગુણવત્તા ગૌણ સ્થાને હતી. આજે આ ચૂંટણીદ્વારા રાજકારણ ઉપર—કૉંગ્રેસી પ્રભુત્વ ઉપર — ગુણવત્તાનો—સંસ્કારીતાનો — વિજય થયો છે. ઉમાશંકરને ગુજરાતે ઉપકુલપતિપદ ઉપર સ્થાપીને નવા પ્રસ્થાનનો આરંભ કર્યો છે.

બન્ને વિદ્વાન, બન્ને શિક્ષણપ્રિય, બન્ને નિડર તથા સ્પષ્ટવકતા — આમ છતાં ઉમાશંકરને વધારે મત કેમ મળ્યા અને મગનભાઈને ઓછા મત કેમ મળ્યા? કારણ કે એકે ગુજરાતને અમૃત પિરસ્યું છે; બીજાએ ગુજરાતને સુદર્શન પિરસ્યું છે. એકમાં વિનમ્રતા છે; બીજામાં સચ્ચાઈની શેખી અને તોછડાઈ છે. એકમાં અહંની માત્રા ઓછી છે; અન્યમાં અહંની માત્રા વધારે પ્રમાણમાં છે. આના પરિણામે એક અત્યન્ત લોકપ્રિય બન્યા છે; અન્ય એટલા જ અપ્રિય બન્યા છે.

આ ચૂંટણી ઉપરથી નિષ્પન્ન થતો બોધપાઠ ગુજરાતના રાજકારણ ઉપર પ્રભુત્વ ભોગવતા શ્રી મોરારજીભાઈ અને શ્રી ઠાકોરભાઈ દેસાઈ પણ અંતરમાં ઉતારે એવી સૂચના અહીં અસ્થાને નહિ ગણાય. કારણ કે આ બન્ને વ્યક્તિવિશેષોએ ગુજરાતને ઘણી સેવા આપી છે. એમ છતાં, પોતાની કડવી વાણીના કારણે, સચ્ચાઈની શેખીના કારણે અને નાના લેખાતા માનવીઓ સાથેની તોછડાઈના કારણે તેમણે આજ સુધી લોકોની નારાજી અને અપ્રિયતાની ખૂબ કમાણી કરી છે. તેઓ સમજી લે કે લોકો હજુ સત્તા સામે માથું ઊંચકતા નથી, પણ તેમના કટુ વર્તનના કારણે અંદરથી લોકો ખૂબ જ નારાજ છે. કટુતાને સત્યનો તેમણે સહચારી ગુણ માન્યો છે; પથ્ય પ્રિય અને મિત એવાં સત્યનાં બીજાં લક્ષણોની અવારનવાર ઉપેક્ષા કરવામાં આવી છે. આ ચૂંટણીનું પરિણામ તેમની ત્રિપુટીના આ સ્વભાવને પડકારરૂપ છે.

ભાઈ ઉમાશંકર જે પદ ઉપર આવ્યા છે તેને, શિક્ષણના ક્ષેત્રમાં નવો અભિક્રમ દાખવીને, ખૂબ શોભાવે, ઉજ્જવલ કરે, ગુજરાતનો આજનો વિદ્યાર્થી ભારતમાં તેમ જ ભારતની બહાર અપ્રતિષ્ઠિત બન્યો છે તેનાં કારણોમાં ઊંડા ઉતરીને, તથા આજની શિક્ષણપદ્ધતિ અને નીતિમાં જરૂરી ફેરફારો કરીને તેને પુનઃ પ્રતિષ્ઠિત બનાવે—ઉમાશંકર વિષે આવી આકાંક્ષા આશા રાખીએ તો તે વધારે પડતી નહિ ગણાય.

ભારત જૈન મહામંડળના અધિવેશનમાં પસાર કરવામાં આવેલ પ્રસ્તાવો

તા. ૧૪ તથા ૧૫ મી ઓક્ટોબરના રોજ વર્ધા ખાતે મળેલા ભારત જૈન મહામંડળના ૩૯મા અધિવેશનમાં પસાર કરવામાં આવેલા પ્રસ્તાવો નીચે મુજબ છે:—

પ્રસ્તાવ—૧

આહાર - વિશેષજ્ઞોનું માનવું છે કે શારીરિક તથા માનસિક સ્વાસ્થ્ય તથા માન્યતાની દૃષ્ટિથી શાકાહાર સર્વોત્તમ છે. આમ છતાં પણ માંસાહારની પ્રવૃત્તિ દિનપ્રતિદિન વધતી રહી છે, અને અનેક કારણોથી માંસાહારને ઉત્તેજન આપવામાં આવે છે. આવી સ્થિતિમાં નિરામિષાહારીઓને એ કર્તવ્ય પ્રાપ્ત થાય છે કે શાકાહાર પ્રતિ લોકોની રુચિ વધે એવું સાહિત્ય જનતાને તેઓ ઉપલબ્ધ કરે. શાકાહાર પ્રતિ જ્યાં સરકારની ઉપેક્ષા જોવામાં આવે અને માંસાહારને ઉત્તેજન આપવાની સરકારની નીતિ જ્યાં જ્યાં નજરે પડે ત્યાં ત્યાં ભારત જૈન મહામંડળે જનતાનું તેમ જ સરકારનું ધ્યાન ખેંચવું તથા તેને લગતો પ્રચાર કરવો ઘટે છે અને યોગ્ય સરકારી અધિકારીઓ સમક્ષ ઉચિત પ્રતિનિધિત્વદ્વારા નિવેદનો કરીને એ રીતે શાકાહાર પ્રતિ અનુકૂળ વાતાવરણ નિર્માણ કરવાનું રહે છે.

પ્રસ્તાવ—૨

ભારત જૈન મહામંડળ સર્વ સંપ્રદાયોને તથા તેના પ્રમુખ લોકોને પ્રાર્થના કરે છે કે પોતપોતાની માન્યતાઓ પ્રતિ આસ્થા રાખવા છતાં, ભિન્ન સંપ્રદાયોની માન્યતાઓ પ્રત્યે તેઓ આદર રાખે તથા કોઈ એવા પ્રકારની ટીકા - ટીપણી તથા આલોચના ન કરે, કે જેથી પ્રેમ ન વધતાં પરસ્પર કટુતા વધે. આ રીતે પારસ્પરિક કટુતા દૂર થશે. પરસ્પરના વિવાદોનો ઉકેલ લાવવા માટે આ દિશામાં જરૂરી પ્રયત્ન કરે એવી એક સમિતિની નિમણૂંક કરવાનું પ્રમુખને સૂચવવામાં આવે છે.

પ્રસ્તાવ—૩

સાત વર્ષ પછી ભગવાન મહાવીરના નિર્વાણને ૨૫૦૦ વર્ષ પૂરાં થવાનાં છે. આ નિર્વાણ મહોત્સવ એવી રીતે ઊજવવામાં આવે કે જેથી ભગવાન મહાવીરના ઉપદેશ તથા સિદ્ધાન્તોનો જનતાને સમ્યક પરિચય થાય. આ માટે સર્વ સંપ્રદાયના વિધાનો, નેતાઓ, તથા કાર્યકર્તાઓને અનુરોધ કરવામાં આવે છે કે તેઓ આ મહાન કાર્યને સંપન્ન કરવા માટે ભારત જૈન મહામંડળના પ્રયત્નોમાં સહયોગ આપે. મંડળ વિભિન્ન સંસ્થાઓ સાથે સંપર્ક સાધીને આની રૂપરેખા તૈયાર કરે.

પ્રસ્તાવ—૪

ભારત જૈન મહામંડળનું આ અધિવેશન મદ્યપાનને સામાજિક દૃષ્ટિથી અત્યંત હાનિકાર લેખે છે, તથા આ માટે જે મદ્યપાનવિરોધી પ્રયત્નો ચાલી રહ્યા છે તેનું સમર્થન કરે છે તથા આ બદી દૂર કરવામાં જૈન સમાજને યોગ દેવા અનુરોધ કરે છે.

ભારત જૈન મહામંડળનું અધિવેશન: એક આલોચના

ઑક્ટોબર માસની તા. ૧૪ મી તથા ૧૫ મીના રોજ વર્ધા ખાતે ભારત જૈન મહામંડળનું ૩૯ મું અધિવેશન મુંબઈ નિવાસી શેઠ અમૃતલાલ કાળીદાસ દોશીના પ્રમુખપણા નીચે ભરવામાં આવ્યું હતું. વર્ધાનિવાસી શ્રી ચિરંજીલાલ બડજાતે ભારત જૈન મહામંડળના ઘણા જૂના એક અગ્રગણ્ય કાર્યકર્તા છે. તેઓ વૃદ્ધાવસ્થાને પામ્યા છે અને પક્ષઘાતની આછી અસરથી તેમનું હલનચલન અવરુદ્ધ બન્યું છે.

તેમની ખાસ ઈચ્છા અને આગ્રહને માન આપીને આ અધિવેશન વર્ધા ખાતે ભરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. અધિવેશનના પ્રારંભમાં શ્રી ચિરંજીલાલજીએ પોતાના જીવનની સંધ્યાટાણે અધિવેશનના કારણે ઉપસ્થિત થયેલા જૈન સમાજના આગેવાનોનાં દર્શનથી પોતાને થયેલો અત્યાનંદ પોતાના મુદ્રિત નિવેદનમાં વ્યકત કર્યો હતો. આ અધિવેશનનું શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે ઉદ્ઘાટન કર્યું હતું. સ્વાગત પ્રમુખનું ભાષણ, અધિવેશન પ્રમુખનું ભાષણ, વિષયવિચારિણી સમિતિની કાર્યવાહી, તેમાં નક્કી કરવામાં આવેલા ઠરાવો ઉપર વિવેચનો—આ બધું ચાલુ ચીલા મુજબ યથાક્રમ રજૂ થયું હતું અને પાર પડ્યું હતું. અધિવેશનના ઠરાવો આ અંકમાં ઉપર આપવામાં આવ્યા છે. આ ઠરાવો કે પ્રમુખના ભાષણમાં કોઈ નવો વિચાર નજરે પડતો નથી કે કોઈ એવી વસ્તુ જોવા મળતી નથી કે જેની ખાસ નોંધ લેવાની ઉત્તેજના અનુભવાય. આખરે ભારત જૈન મહામંડળ પાસે કોઈ ક્રાન્તિનું સ્વપ્ન નથી. તે એક સીમિત ઉદ્દેશથી કાર્ય કરી રહેલી સંસ્થા છે અને તેનો ઉદ્દેશ છે જૈન સમાજમાં ઐકયને પ્રસ્થાપિત કરવું અને એ ઐકયને પોષક એવી પ્રવૃત્તિઓ હાથ ધરવી અને કોઈ પણ તકરારી યા વિવાદાસ્પદ બાબતથી બને તેટલું દૂર રહેવું. વિશેષમાં આ વખતે મંડળના પ્રમુખ કાર્યકર્તાઓ અને અધિવેશનના નિમાયેલા પ્રમુખ વચ્ચે એવી કોઈ સમજુતી થયેલી હોવાનું અનુમાન થાય છે કે તીર્થો જેવા ઝગડાળુ પ્રશ્નનો પ્રમુખના ભાષણમાં કે કાર્યવાહી તરફથી રજૂ કરવામાં આવનાર ઠરાવોમાં કશો ઉલ્લેખ જ ન કરવો. આ કારણે તીર્થોના વિવાદાસ્પદ પ્રશ્ન ઉપર પ્રમુખે મૌન સેવવાનું ઉચિત વિચાર્યું હોય એમ લાગે છે. વળી મંડળની કાર્યવાહી તરફથી આ બાબતને લગતો કોઈ ઠરાવ વિષયવિચારણી સમક્ષ રજૂ કરવામાં આવ્યો નહોતો. પરિણામે નક્કી કરવામાં આવેલા ઠરાવો ચાલુ વાતોનું રટણ કરતાં પ્રેરણાવિહોણાં લાગે છે.

આમ છતાં પણ, સંભવિત છે કે ઉપર સૂચવેલી સમજૂતી અંગેના અજાણપણાના કારણે, શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે પોતાના ઉદ્ઘાટન પ્રવચનમાં ઉભયમાન્ય તીર્થોના ઝગડાનો ઉલ્લેખ કર્યો હતો અને જણાવ્યું હતું કે ઉભયમાન્ય તીર્થોનો વહીવટ સંયુકત હોવો જોઈએ અને આજે જેવી જ્યાં સ્થિતિ છે તેવી સ્થિતિ ત્યાં કાયમ રહે—આ ભૂમિકા બન્ને પક્ષ સ્વીકારે તો આ ઝગડાઓનો નિકાલ લાવવાનું મને જરા પણ મુશ્કેલ નથી લાગતું." આ જ વિચારનું પોતાના પ્રાસંગિક વિવેચનમાં શેઠ લાલચંદ હીરાચંદે સમર્થન કર્યું હતું. અધિવેશન ઉપર ઉપસ્થિત આગેવાનોના યજમાનસમા શ્રી રામકૃષ્ણ બજાજે જૈનો જેવી શાણી કોમના ભિન્ન ભિન્ન સમુદાયો વચ્ચે તીર્થો અંગે આવા ઝઘડાઓ ચાલ્યા કરે છે એ સાંભળીને ભારે આશ્ચર્ય વ્યકત કર્યું હતું અને સૂચવ્યું હતું કે "જેવી રીતે પોપની પસંદગી કરવા માટે કાર્ડીનલોને એક ઓરડામાં પૂરવામાં આવે છે અને નિર્ણય કર્યા પહેલાં કોઈ કાર્ડીનલને બહાર નીકળવા દેવામાં આવતો નથી એમ મારી આપને વિનમ્રભાવે સૂચના છે કે બન્ને વિભાગના જવાબદાર આગેવાનોને આપે એકઠા કરવા અને જ્યાં સુધી બધા વિવાદોનો તેઓ નિકાલ ન લાવે ત્યાં સુધી તેમને પુરી રાખવા—આમ કરવાથી આપના ઝગડાઓનો જરૂર નિકાલ આવી જશે એવી મારી શ્રદ્ધા છે." આ વિચારને પકડી લઈને, સંપ્રદાયો વચ્ચે આદર વધે અને કટુતા ન વધે એ બાબતનો અનુરોધ કરતા ઠરાવનું અનુમોદન કરતાં માલેગાંવવાસી અને શ્વે. મૂર્તિપૂજક સમુદાયના આગેવાન શ્રી મોતીલાલ વીરચંદે એ મતલબનું જણાવ્યું કે "શ્રી ચીમનભાઈએ જે ભૂમિકા રજૂ કરી છે તે ભૂમિકા સ્વીકારીને અહીં એકત્ર થયેલા બધા સમુદાયના આગેવાનો જો પૂરા દિલથી પ્રયત્ન કરે તો આપણને જુદા પાડતા ઝઘડાઓના નિકાલ લાવવાનું જરા પણ મુશ્કેલ નથી અને આ ભૂમિકા સ્વીકારીને બનતા પ્રયત્ન કરવાની હું મારા તરફથી પૂરી ખાતરી આપું છું." શ્રી મોતીલાલભાઈના આ તેજસ્વી અને પ્રાણવાન વકતવ્યે વાતાવરણમાં નવી ચેતના પેદા કરી હતી અને જે ઝઘડાઓ જૈનો જૈનો વચ્ચે અંતર અને જુદાઈ પેદા કરી રહ્યા છે તે ઝગડાઓનો આવા અભિગમપૂર્વક બહુ જલ્દિથી નિકાલ લાવવામાં આવશે એવી આશાનાં કિરણો વહેતાં કર્યાં હતાં.

ગયા વર્ષે ભરાયેલા સાંગલી અધિવેશનની સરખામણીમાં આ અધિવેશનમાં પ્રતિનિધિઓ અને પ્રેક્ષકોની હાજરી પ્રમાણમાં બહુ ઓછી હતી, પણ જુદા જુદા વિભાગના આગેવાનોની હાજરી ઘણા સારા પ્રમાણમાં હતી અને તેમાં પણ જૈન શ્વે. મૂ. વિભાગના આગેવાનોની હાજરી આ વખતે ઘણા મોટા પ્રમાણમાં હતી. પ્રમુખ પોતે તો શ્વે. મૂ. જૈન હતા જ, પણ એ ઉપરાંત શેઠ કુલચંદ શામજી, શેઠ ભોગીલાલ લહેરચંદ, શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારી, જૈન શ્વે. કૉન્ફરન્સના પ્રમુખ તથા મંત્રી, પૂનાવાસી શ્રી પોપટલાલ રામચંદ શાહ, માલેગાંવવાસી શ્રી મોતીલાલ વીરચંદ વગેરે ઉપસ્થિત થયા હતા અને આ એવી વ્યકિતઓ છે કે જેઓ ધારે તો જૈન સમાજમાં એકતા સ્થાપવાની દિશાએ શ્વે. મૂ. સમુદાય પૂરતો ઘણો મહત્ત્વનો ફાળો આપી શકે.

આમ સમગ્રપણે વિચારતાં, ભારત જૈન મહામંડળના આ અધિવેશને જૈન સમાજની એકતા સિદ્ધ કરવાની દિશાએ બે ડગલાં જરૂર આગળ ભર્યાં છે. વસ્તુતઃ પ્રસ્તુત એકતાનો વિચાર સૌ કોઈને ગમે છે, પણ તે વિચાર, માત્ર શુભેચ્છાથી—શુભ કામનાથી—હજુ આગળ ચાલતો નથી. મોટા ભાગના દિલમાં હું આ સંપ્રદાયનો છું કે તે સંપ્રદાયનો છું એટલે જૈન છું—આમ સંપ્રદાયવિચાર પ્રધાન સ્થાને છે, જૈન હોવાનો વિચાર ગૌણ સ્થાને છે. એકતાની લગની બહુ ઓછાને છે, જ્યારે આ લગની મોટા પ્રમાણમાં પેદા થશે, પરસ્પર વચ્ચે રહેલા માન્યતા-સામ્ય ઉપર વધારે ને વધારે ભાર મૂકાતો જશે અને માન્યતાભેદ ગૌણ સ્થાનને પામશે ત્યારે સાચી એકતાની જૈન સમાજમાં પ્રતિષ્ઠા થશે. આવી લગની ભાઈ ઋષભદાસ રાંકામાં છે. તેવી લગની જૈનના નામે ઓળખાતા આપણ સર્વમાં પેદા થવી ઘટે છે. એમ થતાં આપણી વચ્ચે સંઘર્ષો પેદા થશે નહિ અને કદિ થશે તો પણ તે લાંબો વખત ટકશે નહિ. અને એ રીતે આખો જૈન સમાજ સંગઠિત બનીને પોતાને જે ઉદાત્ત વિચારસરણીનો ભગવાન મહાવીરદ્વારા વારસો મળ્યો છે તેનું માનવ જાતમાં વિતરણ કરી શકશે.

એક ચર્ચા પત્ર

તા. ૧૬-૧૦-'૬૬ ના પ્રબુદ્ધ જીવનમાં 'તીર્થોનો સંઘર્ષ મિટાવવાનો સાચો માર્ગ' એ મથાળા નીચે પ્રગટ થયેલ પ્રાધ્યાપક દલસુખભાઈ માલવણિયાનો લેખ અને તે ઉપર કરવામાં આવેલી મારી નોંધને લક્ષમાં લઈને જાણીતા જૈન વિદ્વાન શ્રી કસ્તુરમલ બાંઠિયાએ મારી ઉપર એક પત્ર લખી મોકલ્યો છે. તે પત્ર મૂળ હિંદીમાં છે. 'પ્રબુદ્ધ જીવન'ના વાચકોની જાણકારી માટે તે પત્રનો નીચે અનુવાદ આપવામાં આવે છે. આ પત્રમાં જે ઐતિહાસિક વિધાનો અને અનુમાનો રજૂ કરવામાં આવ્યા છે તેની જવાબદારી તેમની છે. આ વિષય અંગેનું મારું જ્ઞાન અને સમજણ બહુ જ પરિમિત છે.

નેપાનગર, ૨૦-૧૦-'૬૬

સુજ્ઞ પરમાનંદભાઈ,

પ્રણામ, ૧૫-૧૦-૬૬ ના પ્રબુદ્ધ જીવનમાં પં. માલવણિયાનો લેખ અને તેના ઉપર લખેલી આપની ટિપ્પણી વાંચી. હું આપના વિચારો સાથે સંપૂર્ણપણે સહમત છું. સમેતશિખરનો ઝગડો પૂજા સંબંધી નહિ પણ સંપત્તિના અધિકારનો છે. કાનૂની અધિકાર શ્વેતાંબરોનો હતો. સરકારે કાયદો બનાવી જ્યારે એ અધિકાર શ્વેતાંબરો પાસેથી ઝૂંટવી લીધો ત્યારે દિગંબરો રાજી થયા. અધિકાર ઝૂંટવી લીધા પછી સરકારે ફરીથી શ્વેતાંબરો સાથે પહાડના ભવિષ્ય સંબંધમાં એગ્રીમેન્ટ કર્યું ત્યારે દિગંબરોએ રોષ પ્રગટ કરી આંદોલન કર્યું અને બિહાર સરકાર સામે એવી સ્થિતિ ઉત્પન્ન કરી કે શ્વેતાંબરોની અવગણના કરીને તેમની સાથે બિહાર સરકારને એગ્રીમેન્ટ કરવું પડ્યું.

આથી દિગંબરો રાજી થયા કારણ કે સંપત્તિ ઉપર તેમનો પણ અધિકાર માન્ય થયો. શ્વેતાંબરો શાન્ત છે, પરંતુ બે જુદા જુદા એગ્રીમેન્ટો કરીને સરકારે બન્ને માટે લડવાનો અવસર ઊભો કર્યો છે. દિગંબરોને અધિકાર હતો નહિ, પણ તેમને અધિકાર મળી ગયો છે એટલે તેઓ આ નશામાં શ્વેતાંબરોની પજવણી ન કરે તો એ વાત પ્રકૃતિની વિરુદ્ધ હશે. જેટલા સંમિલિત તીર્થો છે તે બધા ઉપર અધિકારના ઝગડાઓ છે અને સરકારે બન્નેનો સમાન અધિકાર સ્વીકારીને બન્નેને પોતપોતાની માન્યતા અનુસાર પૂજા કરવાનો સમય નક્કી કરી દીધો છે, એમ છતાં 'जिनमूर्ति जिन सारखी' માનવાવાળો તે મૂર્તિની વિડંબના કરવામાં જરા પણ સંકોચ કરતો નથી. જો પાર્શ્વનાથ ભગવાનની એવી વિડંબના થતી હોય, તેઓ મોક્ષમાં બેસી આપણી એમના પ્રત્યેની શ્રદ્ધાભક્તિ જોઈ અવશ્ય દુઃખી થતા હશે.

આ સંબંધમાં આપે નેત્રોની વાત કરી છે. આમ તો બધા માને છે કે જૈન મૂર્તિઓમાં આ ભેદ, આઠમી શતાબ્દીમાં થઈ ગયેલા બપ્પટસૂરિએ કરાવ્યો છે. ત્યારથી શ્વેતાંબરો પોતાની મૂર્તિઓની કમરમાં કંદોરો અને લંગોટ અંકિત કરવા લાગ્યા છે. આપને એ પણ ખબર હશે કે વિક્રમની અગિયારમી શતાબ્દીમાં થઈ ગયેલા ધનપાલ કવિએ ભગવાનની સ્તુતિ કરતી વખતે એમનાં 'प्रशमरसनिमग्न' નેત્રોની વાત કહી છે. એવા પ્રશમરસનિમગ્ન' નેત્રોનો અનુભવ સ્ફટિક અને કોડીવાળા નેત્રોમાં કેવી રીતે થઈ શકે? આ ઉપરથી એ સ્પષ્ટ થાય છે કે, મૂર્તિ ઉપર નેત્રો ચોંટાડવાની શ્વેતાંબરોની પ્રથા ૧૧મી શતાબ્દી પછીની છે, પુરાતનકાળની નથી. થોડા મહિના પહેલા 'શ્રી જિનપૂજા વિધિ સંગ્રહ' નામનું પુસ્તક પ્રસિદ્ધ ઈતિહાસવેત્તા મુનિ કલ્યાણવિજયજીએ પ્રકાશિત કર્યું છે. આ એમનું વિ. સં. ૨૦૧૨માં પ્રકાશિત 'જિનપૂજા પદ્ધતિ'નું પરિવર્ધિત બીજું સંસ્કરણ છે. આપે નહિ જોયું હોય તો એ એક કૃતિ મંગાવી અવશ્ય જોઈ જશો. એમાંથી શ્વેતાંબર સંપ્રદાયની પૂજાવિધિની વિકૃતિનો પ્રમાણસહિત ઈતિહાસ આપને વાંચવા મળશે. તે ઉપરથી આપને જણાશે કે 'वत्थयुगल' ની અવેજમાં 'चक्षुयुगल' કરીને 'શ્રાદ્ધવિધિ કૌમુદી'ના લેખકે બારમી શતાબ્દીમાં આ વિકારને પ્રવેશ કરાવી દીધો છે, જે મુનિ કલ્યાણવિજયજીના મતાનુસાર અનાગમિક છે. પરંતુ કોઈ ગીતાર્થે આ અનાગમિક વિકારનું સંશોધન કરવું તો દૂર રહ્યું, પરંતુ પેઢી દર પેઢી સૌ કોઈ આનું સમર્થન કરતા જ આવ્યા છે. આજે પણ આ અનાગમિક વિકારનો વિરોધ થાય તો તો તે નાબૂદ થતાં દિગંબર શ્વેતાંબરોનું મનોમાલિન્ય તો દૂર થશે જ, પરંતુ આના લીધે થતી ભગવાનની મૂર્તિની વિડંબના પણ દૂર થઈ આશાતનાના પાપથી આપણે સૌ બચી જઈશું. જો કે રૂઢિપંથી મુનિઓ તો આ વિકારનું સમર્થન કરશે જ, પરંતુ સત્યનું સંશોધન કરનારાઓ મુનિ કલ્યાણવિજયજીનું સમર્થન કરશે. રૂઢિપંથીઓની દૃષ્ટિએ કલ્યાણવિજયજી ભ્રષ્ટ છે, કારણ કે તેઓ જેવું સત્ય દેખાય તેવું પ્રકાશિત કરવાનું સાહસ કરી શકે છે. આપણી જેવાઓએ મુનિ કલ્યાણવિજયજીના મતનો પ્રચાર કરીને લોકમત કેળવવો જોઈએ. આ રીતે કેળવાયેલા લોકમતનો અનાદર કયાં સુધી થઈ શકશે? કલ્યાણવિજયજી આજે પણ પોતાના કથનનું તટસ્થ ન્યાયાધીશના સમક્ષ પ્રમાણપુરઃસર સમર્થન કરવા માટે તૈયાર છે.

આપનો

કસ્તુરમલ બાંઠિયા

સંયુક્ત રાષ્ટ્રસંસ્થા સમક્ષ રજૂ કરવામાં આવેલો ભારતીય સંગીતનો કાર્યક્રમ

૨૪મી ઑક્ટોબર યુનાઈટેડ નેશન્સનો સ્થાપનાદિન હતો. તેના અનુસંધાનમાં યોજાયલા સમારંભમાં તા. ૨૩-૧૦-૬૬'ના રોજ યુનાઈટેડ નેશન્સ – સંયુક્ત રાષ્ટ્રસંસ્થા સમક્ષ યુનોની મહાસમિતિના હૉલમાં ભારતની મશહૂર ગાયિકા શ્રીમતી એમ. એસ. શુભાલક્ષ્મીએ પોતાના ગાયનોનો એક અત્યંત મનોરંજક કાર્યક્રમ રજૂ કર્યો હતો. આ કાર્યક્રમ દરમિયાન યુનોના સેક્રેટરી જનરલ શ્રી યુ થાને શ્રીમતી શુભાલક્ષ્મીના સંગીતની મુક્તકંઠે પ્રશંસા કરતાં જણાવ્યું હતું કે "શુભાલક્ષ્મીને અત્યારે જે ઉમળકાભર્યો આવકાર મળી રહ્યો છે તે દર્શાવે છે કે સંગીતને કોઈ ભૌગોલિક મર્યાદા નથી. તે સર્વવ્યાપી અને સર્વગ્રાહી ભાષામાં વ્યક્ત થાય છે."

આ પ્રસંગે ભારતના અગ્રગણ્ય રાજપુરુષ શ્રી ચક્રવર્તી રાજગોપાલાચારીએ ખાસ રચેલું અને અંગ્રેજી સ્વરમાં નિબદ્ધ કરેલું સ્તોત્ર શ્રીમતી શુભાલક્ષ્મીએ ગાઈ સંભળાવ્યું હતું. તા. ૨૪-૧૦-'૬૬ ના 'જન્મભૂમિ' માં પ્રગટ થયેલો આ સ્તોત્રનો ગુજરાતી અનુવાદ નીચે મુજબ છે :–

મહિમન

હે પ્રભુ! કરજે ક્ષમા અમ પાપને,
સર્વ રાષ્ટ્રો સંપથી એકત્ર છે,
રાષ્ટ્રસંસ્થાનું અહીં સુખછત્ર છે.

રાષ્ટ્રસંસ્થાના સુશીતલ છત્ર નીચે,
વિશ્વશાંતિના શિવંકર સત્ર નીચે.

ધિક્કાર કે ભયભીત વૃત્તિ ત્યાગવા,
અન્યના હૈયાની ઉષ્મા પામવા
સર્વ રાષ્ટ્રો સંપથી એકત્ર છે,
રાષ્ટ્રસંસ્થાનું અહીં સુખછત્ર છે.

રાષ્ટ્રસંસ્થાના સુશીતલ છત્ર નીચે
વિશ્વશાંતિના શિવંકર સત્ર નીચે,

યુદ્ધ ને સંહારનાં સાહસ કરી ચૂકયા પછી,
શાંતિ કાજે ભટ્ટ સાહસને રહ્યાં આજે ભજી.
સર્વ રાષ્ટ્રો સંપથી એકત્ર છે.
રાષ્ટ્રસંસ્થાનું અહીં સુખછત્ર છે.

રાષ્ટ્રસંસ્થાના સુશીતલ છત્ર નીચે
વિશ્વશાંતિના શિવંકર સત્ર નીચે

પરમાણુની પર ચેતના તો છે જ માનવમાત્રમાં,
એ પ્રભા પરામાણુની પ્રચ્છન્ન કિન્તુ અમાપ છે,
પરમાણુમાં પરમાર્થલક્ષી નવ્ય ભવ્ય પ્રતાપ છે,
એ પ્રભાના દર્શનાર્થે દૂર દુરિતોને કરી
એ પ્રભાનાં કિરણથી મઢીએ ચિરંજીવ શાંતિને

રાષ્ટ્રસંસ્થાના સુશીતલ છત્ર નીચે
વિશ્વશાંતિના શિવંકર સત્ર નીચે.

હે પ્રભુ! કરજે ક્ષમા અમ પાપને
જગન્મંગલ શાંતિની શુભ પ્રેરણા તું આપ ને!

રાષ્ટ્રસંસ્થાની ધજાના છત્ર નીચે
વિશ્વશાંતિના પ્રજાના સત્ર નીચે.

આ રીતે સંયુક્ત રાષ્ટ્રસંસ્થા સમક્ષ યુનોદિન ઉત્સવ નિમિત્તે ભારતીય સંગીતનો ભવ્ય કાર્યક્રમ રજૂ કરીને શ્રીમતી શુભાલક્ષ્મીએ ભારતના ગૌરવમાં વધારો કર્યો છે અને તેમણે પોતે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત કરી છે.

વિનોબાજીને મળેલો ગૌરવપ્રદ પુરસ્કાર

તા. ૨૫-૧૦-૬૬ના રોજ ન્યુ યૉર્ક ખાતે માનવ સંબંધોના ક્ષેત્રે–જગતના માનવીઓ વચ્ચે પ્રેમ અને બન્ધુભાવની ભાવના સ્થાપવા અર્થે આચાર્ય વિનોબા ભાવેએ જે કામ કર્યું છે તેની કદર તરીકે 'Society for the Family of Men' – 'માનવી કુટુંબ માટેની સંસ્થા' તરફથી ૫,૦૦૦ ડૉલરનો પુરસ્કાર અપાયેલો જાહેર કરવામાં આવ્યો છે. આ પુરસ્કાર વિનોબાજી ઉપરાંત બીજા છ વિશેષ વ્યક્તિઓને આપવામાં આવ્યો છે, જેમાં યુનાઈટેડ સ્ટેટ્સના પ્રમુખ જૉનસનનો સમાવેશ થાય છે. વિનોબાજીના મહાન કાર્ય અને સેવાની આ પ્રમાણે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે કદર થતી જોઈને આપણે ભારતવાસીઓ ગૌરવ અનુભવીએ એ સ્વાભાવિક છે. વિનોબાજીને આપણા હાર્દિક ધન્યવાદ અને અભિનંદન! ચરમાનંદ

સંતતિ-નિયમનની મહાન પુરસ્કર્તા: મિસિસ માર્ગરેટ સેંગર

(તા. ૧૯-૯-૬૬ ના 'ટાઈમ્સ ઑફ ઈન્ડિયા'માંથી સાભાર ઉધ્ધૃત અને અનુવાદિત)

શ્રીમતી માર્ગરેટ સેંગર જેમનું તાજેતરમાં ગયા સપ્ટેમ્બર માસની છઠ્ઠી તારીખે ૮૩ વર્ષની ઉંમરે અવસાન થયું તેમને ભારત ઘણા કાળ સુધી સંભારતું રહેશે. એ મિસિસ સેંગર હતાં કે જેમણે 'Birth control'–'સંતતિનિયમન' શબ્દનો સૌથી પહેલો પ્રયોગ કર્યો હતો, અને ૧૯૨૧માં જેમણે ન્યુ યૉર્ક ખાતે સૌથી પહેલી સંતતિ–નિયમન પરિષદ ભરી હતી. દુનિયાના પ્રવાસે નીકળેલાં તેઓ ૧૯૩૫ ની સાલમાં ભારત ખાતે આવ્યાં હતાં અને ગાંધીજીને પણ તેઓ એ દિવસોમાં મળ્યાં હતાં. ગાંધીજી સાથેના મેળાપનું વર્ણન કરતાં તેમણે શ્રી ભંવરમલ સિંઘીને જણાવેલું કે "દુનિયાના એ મહાન પુરૂષને મળવાનું સૌભાગ્ય મને પ્રાપ્ત થયું હતું એને મારા જીવનની એક મોટી ઘટના તરીકે લેખું છું. એ મેળાપની વાત જ્યારે પણ હું યાદ કરૂં છું ત્યારે–આજે પણ–મારા ભાગ્ય વિશે હું ગર્વ અનુભવું છું. એ બરોબર છે કે સંતતિ–નિયમનના વિષય અંગે ન હું ગાંધીજીનો મત બદલી શકી કે ન તેઓ મને નિરૂત્તર કરી શક્યા. પરંતુ તેમના પ્રત્યેની મારી શ્રદ્ધામાં ન તો તે વખતે કોઈ પણ કમીપણું આવ્યું હતું, નથી આજે કોઈ કમીપણું આવ્યું." તેમણે એ વખતે ૧૮ દેશોની મુલાકાત લીધી હતી અને શહેરના રાજ્યાધિકારીઓને, મેડિકલ સોસાયટીઓને અને સામાજિક કાર્યકરોને મળ્યા હતા અને તેમની સાથે પોતાના વિષયની ચર્ચાવિચારણા કરી હતી, અને ભારતમાં સંતતિનિયમનની હીલચાલને વેગ આપવામાં તેમણે ખૂબ મદદ કરી હતી.

માર્ગરેટ સેંગરે નાની ઉમ્મરથી પોતાની ભાવી મહત્તાનાં ચિહ્નો પ્રગટ કર્યા હતાં. તેઓ અગિયાર ભાંડુઓમાંના એક હતાં અને એ કારણે અનિશ્ચિત આવકવાળાં કુટુંબોમાં બહુ ઝડપથી પેદા થતાં સંખ્યાબંધ બાળકોની સમસ્યાને બહુ નાની ઉમ્મરથી તેમના દિલ ઉપર ચોંટ લાગી હતી.

તેમની માતા ક્ષયરોગમાં મરણ પામી અને લોકોની સેવા કરવાની ઈચ્છાને વશ થઈને આ નાની ઉમ્મરની માર્ગરેટ 'નર્સિંગ' ના વ્યવસાય તરફ આકર્ષાઈ. આગળ જતાં ન્યુ યૉર્ક સીટીના લોઅર ઈસ્ટ સાઈડમાં આવેલી ચાલોમાં વીઝીટીંગ નર્સ તરીકે કામ કરતાં સતત ગર્ભધારણના માઠાં પરિણામો તેમને બહુ નજીકથી જોવા મળ્યાં હતાં અને તેની તેમના મન ઉપર ખૂબ ગંભીર અસર પડતી ગઈ. તેમના દર્દીઓમાં એવી સ્ત્રીઓ હતી કે જેઓ ચાલુ સુવાવડોની ભોગ બનતી હતી. આ જુવાન નર્સને માલુમ પડયું કે આ સ્ત્રીઓ ભાંગી ગઈ છે, ૩૫ વર્ષની ઉમ્મરે ઘરડી જેવી લાગે છે અને અવારનવાર ગર્ભપાતનો આશ્રય લે છે જેમાંથી કેટલીકનું મરણ નીપજતું હોય છે.

આ અત્યન્ત દરિદ્ર–દુઃખી સ્ત્રીઓ કે જેમની સારવાર કરવાનું તેમના ભાગે આવતું હતું તેમની કેવળ નિરાશાજનક દશા જોઈને તેમની ઉંઘ ઊડી જતી અને ઊંઘતા તો તેનાં જ તેમને સપનાં આવતાં. આખરે આ બહેનોની દયાજનક દશા જોઈને ઘેલી જેવી બની ગયેલી સેંગરે, તેમને પોતે કોઈ પણ રીતે મદદરૂપ થઈ શકે તેમ નથી કે સલાહ આપી શકે તેમ નથી–આવી વસ્તુસ્થિતિનું ભાન થતાં, ૧૯૧૨ માં નર્સિંગનો વ્યવસાય છોડયો.

તેમણે લખ્યું છે કે, "મને એકાએક ભાન થયું કે નર્સ તરીકેનું મારું કામ અને સામાજિક ક્ષેત્રને લગતી મારી પ્રવૃત્તિઓ ઉપરછલી રાહત આપનારી અને અર્થવિનાની છે અને જે દુઃખ હું મારી ચારે બાજુએ જોઈ રહી હતી તેમાં કોઈ સંગીન રાહત આપી શકાય તેમ છે જ નહિ.

આ અનિષ્ટનું મૂળ શોધવાના મંથનદ્વારા તેમને માલુમ પડયું કે પુરુષના પગાર અને આર્થિક વળતર વધારવાને લગતી લડત પૂરતી નથી. જ્યાં સુધી આ દુનિયામાં ગરીબ લોકો ઢગલાબંધ બાળકો પેદા કર્યા કરશે ત્યાં સુધી ગરીબો હંમેશા ગરીબ જ રહેવાનાં. આવી પ્રતીતિ થતાં મિસિસ સેંગરને એ હકીકતજ ખૂબ પજવવા લાગી કે આ માતાઓને જે માહિતી આપવી ઘટે તે માહિતી પહોંચાડવા માટે કોઈ કાયદેસરનો રસ્તો જ નથી. ડૉક્ટરો એમ કહીને તેમને ટાળતા હતા કે આ તો કેવળ સામાજિક પ્રશ્ન છે; સામાજિક કાર્યકરો કાં તો ઈશ્વરેચ્છાની વાત કરતા અથવા તો આવી બાબતમાં પોતાના હાથ ખંખેરી નાંખતા.

વર્ષો સુધી વિચારો કર્યા બાદ આ પ્રશ્ન તેમણે પોતાના હાથમાં લેવાનો નિરધાર કર્યો અને વિરોધીઓના હુમલાનો સામનો કરવાનું તેમણે શરૂ કર્યું. તેમણે કશી પણ ધાંધલધમાલ કર્યા સિવાય ગર્ભધારણ અટકાવવાની બાબતમાં સ્ત્રીઓને ખાનગી સલાહ આપવાનું શરૂ કર્યું. આ છૂપા આંદોલનમાં તેમને મળેલી સફળતાથી તેમને એટલો બધો ઉત્સાહ આવ્યો કે તેમણે 'The women rebel' એ નામના સામયિકની શરૂઆત કરી અને તેના પહેલો અંક ૧૯૧૪ માં બહાર પડયો.

કામદાર સ્ત્રીઓ પોતાનો પ્રશ્ન જાતેજ વિચારતી થાય અને કોઈ અન્યાય કે અઘટિત વર્તાવનો તેઓ પ્રગટપણે હિંમતપૂર્વક સામનો કરતી થાય–એવો ઉદ્દેશ આ સામયિકનો જાહેર કરવામાં આવ્યો. સ્ત્રીઓના હક્કો શું છે એની જાહેરાત કરવી, એટલું જ નહિ પણ, મર્યાદિત ગર્ભધારણની પદ્ધતિ વિષે કાયદેસર રીતે સલાહ આપવાની જરૂરિયાતને લોકો સમક્ષ આગળ ધરવી–આ બાબતોની આ પત્ર દ્વારા જોસભેર હીલચાલ ચલાવવામાં આવી. આ પત્રને સરકાર તરફથી ટપાલમાં લઈ જવાની કે પહોંચાડવાની મના ફરમાવવામાં આવી.

ટપાલ મારફત સંતતિનિયમન કરવાને પ્રેરતી પત્રિકાઓ મોકલવા માટે ૧૯૧૫ માં મિસિસ સેંગર ઉપર કેસ કરવામાં આવ્યો. પણ મિસિસ સેંગરની હીલચાલના પક્ષકાર એવા કેટલાક જાણીતા મિત્રોએ પ્રાગુખ વિલ્સન તરફ આવા કેસનો વિરોધ કરતા પત્રો લખ્યા અને પરિણામે આ કેસ પાછો ખેંચી લેવામાં આવ્યો.

૧૯૧૬ માં બ્રૂકલીનમાં બર્થકન્ટ્રોલ કલીનીક ચલાવવા માટે મિસિસ સેંગરની ધરપકડ કરવામાં આવી. અને તેને ૩૦ દિવસની સજા ફરમાવવામાં આવી, પણ આ સજા સામે કરવામાં આવેલી અપીલનું પરિણામ યુ. એસ્. કોર્ટ ઑફ અપીલના એવા ચૂકાદામાં આવ્યું કે જેના પરિણામે અમુક દર્દના ઉપાય અને અટકાયત માટે સંતતિનિયમનને લગતાં સાધનો વાપરવા સંબંધે સ્ત્રીઓને સલાહ આપવાની ડાકટરોને છૂટ આપવામાં આવી.

પોતાના જેલનિવાસ દરમિયાન મિસિસ સેંગર એવા નિર્ણય ઉપર આવ્યાં કે કેળવ જોસભેર આન્દોલન ચલાવવાને બદલે શિક્ષણ, સંચાલન અને કાનૂનનિર્માણને લગતો નવો કાર્યક્રમ હવે હાથ ધરવાની જરૂર ઊભી થઈ છે. આ પ્રકારના શિક્ષણના ક્ષેત્રે પહેલું પગલું ૧૯૧૭ માં "બર્થ કન્ટ્રોલ રિવ્યુ' શરૂ કરવાને લગતું હતું–એ સમયે કે જ્યારે તેનાં તંત્રી હજી જેલમાં હતાં.

૧૯૨૧ માં પહેલી નેશનલ બર્થ કન્ટ્રોલ કૉન્ફરન્સ ન્યુ યૉર્કમાં ભરવામાં આવી. જાહેર મત કેળવવા માટે મિસિસ સેંગરે ધી અમેરિકન બર્થ કન્ટ્રોલ લીગની સ્થાપના કરી–એ હેતુથી કે સ્ત્રીઓ ડાકટરો પાસેથી માર્ગદર્શન મેળવતી થાય, વૈજ્ઞાનિકોના સંશોધનોનું સમીકરણ કરવામાં આવે, સંતતિનિયમનનો અવરોધ કરતા કાયદાકાનૂન રદ કરવામાં આવે અને કાર્યકરોને એવા રાજ્યોમાં મોકલવામાં આવે કે જ્યાં વસતિના પ્રશ્નનો અભ્યાસ કરવામાં સ્થાનિક સંસ્થાઓને સહકાર આપતાં ક્લીનીકોને કાયદાથી અટકાયત કરવામાં ન આવે.

સંતતિનિયમનની હીલચાલનાં શરૂઆતનાં વર્ષો દરમિયાન બીજું મહત્વનું પગલું એ લેવાયું કે ૧૯૨૩ માં ન્યુ યૉર્ક સીટીમાં ક્લીનિકલ રીસર્ચનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું–આ એ સંસ્થા કે જ્યાં

ડૉકટરો સંતતિ–અવરોધનાં સાધનોની જાહેર રીતે ભલામણ કરવા લાગ્યા. આ સંસ્થામાં કેસ-હીસ્ટ્રીઝ સંગ્રહિત કરવામાં આવ્યા અને એ રીતે સંતતિનિયમનના સમર્થનમાં વૈજ્ઞાનિક ભૂમિકા તૈયાર કરવામાં આવી. આગળ જતાં આ સંસ્થા 'બર્થ કન્ટ્રોલ ક્લીનીકલ રીસર્ચ બ્યૂરો'માં પરિવર્તિત થઈ. ૧૯૨૯માં આ સંસ્થાના મકાન ઉપર પોલીસની ધાડ આવી, પણ ત્યાર પછી તે સામેના આરોપો પાછા ખેંચી લેવામાં આવ્યા.

અર્થશાસ્ત્રીઓ, સમાજશાસ્ત્રીઓ, નૃવંશશાસ્ત્રીઓ, પ્રાણીવિજ્ઞાનશાસ્ત્રીઓ અને અન્ય વૈજ્ઞાનિકો હવે આ સંતતિનિયમનને લગતી જેહાદમાં ભળવા લાગ્યા. ૧૯૨૫માં ન્યુ યૉર્ક સીટીમાં ભરવામાં આવેલી ધી ઈન્ટરનેશનલ બર્થ કન્ટ્રોલ કૉન્ફરન્સમાં ૧૭ દેશોના પ્રતિનિધિઓએ ભાગ લીધો. ૧૯૩૦માં મિસિસ સેંગરે દુનિયાના જુદા જુદા દેશોના પ્રયાસો વચ્ચે અનુસંધાન ઊભું કરવા માટે ઝૂરીચ ખાતે વર્લ્ડ કૉન્ટ્રાસેપ્ટીવ કૉન્ફરન્સનું આયોજન કર્યું.

૧૯૬૨માં મિસિસ સેંગરે બર્થ કન્ટ્રોલને લગતો કાયદો કરવા સંબંધે કૉંગ્રેસી સભ્યોના અભિપ્રાયો સંગઠિત કરવા માંડ્યા અને ૧૯૩૧માં બર્થ કન્ટ્રોલ અંગે ફેડરલ લેજીસ્લેશન (રાષ્ટ્રવ્યાપી કાનૂન) કરવા માટે એક નેશનલ કમિટીની સ્થાપના કરી.

આજે બર્થ કન્ટ્રોલની હીલચાલે યુનાઈટેડ સ્ટેટ્સમાં સન્માનભર્યું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

૧૯૩૯માં જૂની અમેરિકન બર્થ કન્ટ્રોલ લીગ અને બર્થ કન્ટ્રોલ ક્લીનીકલ રીસર્ચ બુરો–આ બન્ને સંસ્થાનું વિલીનીકરણ કરવામાં આવ્યું અને એમાંથી 'બર્થ કન્ટ્રોલ ફેડરેશન ઑફ અમેરિકા' નામની સંસ્થાનું નિર્માણ થયું અને મિસિસ સેંગર તેના ઑનરરી ચેરમેન બન્યાં. ૧૯૪૨માં આ નવા ફેડરેશને પોતાનું નામ બદલી 'પ્લાન્ડ પેરન્ટ હુડ ફેડરેશન ઑફ અમેરિકા' એવું નામ ધારણ કર્યું અને ન્યુ યૉર્કને તેનું મથક બનાવવામાં આવ્યું.

મિસિસ સૅંગરને તેમની સિદ્ધિ બદલ અનેક પારિતોષિકો આપવામાં આવ્યા અને ઑનરરી ડિગ્રીઓ અર્પણ કરવામાં આવી. ૧૯૩૧માં 'Integrity, vision and valour'–'પ્રમાણિકતા, દર્શન અને વીરતા' માટે મિસિસ સૅંગરને 'ધી અમેરિકન વીમેન્સ ઍવૉર્ડ' મળ્યો અને ૧૯૩૬માં માનવી જીવનના વિકાસ અને ઉત્કર્ષમાં મહત્ત્વનો ફાળો આપવા માટે તેમને 'ધી ટાઉન હૉલ એવૉર્ડ ઑફ ઑનર' મળ્યો.

ધી આલ્બર્ટ ઍન્ડ મેરી લાસ્કર ફાઉન્ડેશને બર્થ કન્ટ્રોલને લગતા આંદોલનના અનુસંધાનમાં ડહાપણભર્યા આયોજનના શિક્ષણપ્રદાનમાં સૌથી આગળ પડતો ભાગ લેવા માટે અને દુનિયાના દેશોનું વસ્તીના સમધારણના પ્રશ્ન તરફ ધ્યાન કેન્દ્રિત કરવામાં અગ્રણી બનવા માટે મિસિસ સૅંગરનું બહુમાન કર્યું. ૧૯૪૯માં મેસેચ્યુસેટ્સમાં આવેલ સ્મીથ કૉલેજે તેમને 'ડૉકટર ઑફ લૉઝ'ની ડિગ્રી આપી; અને ૧૯૬૫માં યુનિવર્સિટી ઑફ એરીઝોના તરફથી તેમને 'ડૉકટર ઑફ હ્યુમેઈન લેટર્સ'ની પદવી મળી.

આગળ જતાં મિસિસ સૅંગરને, 'Humanist of the year' અને 'Woman of the Century' તરીકે જાહેર કરવામાં આવ્યાં હતાં અને ૧૯૬૫માં 'વીમેન્સ હૉલ ઑફ ફેઈમ'માં ૨૦મી સદીની ૨૦ આગળ પડતી સન્નારીઓમાંનાં એક તરીકે તેમનું નામ અંકિત કરવામાં આવ્યું હતું.

તેમણે 'The Pivot of Civilisatlon' (૧૯૨૨); Women and the New Races'(૧૯૨૩); Happiness in Marriage' (૧૯૨૬); અને બે આત્મચરિત્રો; 'My Fight for BirthControl (૧૯૩૧); અને 'Margaret Sanger–an Autobiography' (૧૯૩૮) અને એ ઉપરાંત બર્થ કન્ટ્રોલ અને જાતીય શિક્ષણ ઉપર ઘણાં પુસ્તકો લખ્યાં છે.

અનુવાદક: પરમાનંદ

:મૂળ અંગ્રેજી: યુ. જી. સિરૂર

ઉમાશંકર જોષી

('જન્મભૂમિ–પ્રવાસી'માંથી સાભાર ઉધ્ધૃત)

ત્રણ અઠવાડિયામાં બે 'યુદ્ધ' જીતવાં એ એક મોટી સિદ્ધિ છે. તેમાં પણ પ્રતિસ્પર્ધી જ્યારે શ્રી મગનભાઈ દેસાઈ જેવા જાજરમાન રાજપુરુષ હોય, સરકાર અને કૉંગ્રેસનું પીઠબળ ધરાવતા હોય ત્યારે એવા યોદ્ધાને હરાવવા એ કંઈ જેવી તેવી સિદ્ધિ નથી. વિદ્યાના ક્ષેત્રે શ્રી ઉમાશંકર જોશીએ જે સિદ્ધિ પ્રાપ્ત કરી છે તેના કરતાં આ વિજય કંઈ વધુ મોટો નથી અને ઉમાશંકરને એવા વિજયની જરૂર પણ નથી. પરંતુ સરસ્વતીને રાજકારણના તાપથી બચાવવી હોય તો આ સ્પર્ધાની જરૂર હતી.

વિદ્વાનો અને કેળવણીકારો પોતાના ક્ષેત્રમાં રહે અને રાજકરણના કાદવમાં ન પડે એ જરૂરી છે. કારણ કે આપણે ત્યાં રાજકારણનો અતિરેક થયો છે, ને રાજકારણમાં ગંદકી તો બધે હોય છે. આ કંઈ ગાંધીજીનું રાજકારણ નથી. ગાંધીજીનું તત્ત્વજ્ઞાન તો ગાંધીજીની સાથે ગયું. ઉમાશંકરને કોઈ રાજકીય મહત્ત્વકાંક્ષા નથી. એ સારસ્વત સરસ્વતીની ભક્તિમાં તલ્લીન રહીને સુખી છે. તેમ છતાં તેમને શસ્ત્ર મૂકીને શસ્ત્ર ઉપાડવું પડ્યું, કારણ કે વિદ્યા અને કેળવણી પર રાજકારણનું આક્રમણ થયું હતું. થોડાક માસ પહેલાં આ મહાકવિની સાથે ત્રણ ચાર દિવસ ગાળવાનો મને પ્રસંગ આવ્યો ત્યારે જાણવામાં આવ્યું હતું કે, તેમનો અંતરાત્મા બળવો કરી રહ્યો છે.

'સંસ્કૃતિ'ના સંપાદક અને સંસ્કૃત વિદ્વાન પુણ્યપ્રકોપ અનુભવે તો પણ કટુતાથી મુકત છે. એમને હોદ્દાની ભૂખ નથી, પ્રશંસાનો મોહ નથી. અમદાવાદમાં સરદાર પટેલ નગરમાં 'સેતુ'ના પ્રસન્નચિત્ત શાંત વાતાવરણમાં કવિ અધ્યયનમાં મગ્ન હોય અથવા ગુજરાત વિદ્યાપીઠમાં શિક્ષણ આપવામાં તલ્લીન હોય–આ તેમનું જગત છે. જીવનની કરુણતાએ આ સાધુપુરુષને પણ છોડ્યા નથી, કારણ કે કાળે ઉમાશંકર પાસેથી ઉમાને અકાળે ખૂંચવી લીધી છે.

ઉમાશંકર જેઠાલાલ જોષીનો જન્મ તા. ૨૧મી જુલાઈ ૧૮૧૧ ના રોજ સાબરકાંઠાના બામણા ગામે થયો હતો. ગુજરાત વિદ્યાપીઠમાં અને મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાં ભણીને એમ. એ. થયા પછી એમણે કેળવણી અને સાહિત્યને પોતાનું જીવન અર્પણ કર્યું છે.

ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે આ કવિ–પંડિતનો ફાળો અમૂલ્ય છે. કવિતા માટે તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક, નર્મદ સુવર્ણચંદ્રક અને મહિડા પારિતોષિક મળ્યાં છે, પરંતુ હવે તો તેમની કાવ્યપ્રતિભા અને તેમનું વિદ્યોતેજ પોતે જ એમના ચંદ્રક છે. એમની કાવ્યગંગોત્રીના પ્રસન્નચિત્ત પ્રવાહને ખરેખર તો ગંગાવતરણના પ્રવાહ સાથે સરખાવી શકાય. તમે ભાગીરથી, મંદાકિની અને અલકનંદાને હિમાલયમાંથી ઊતરતી અને ઉછળતી જુઓ, અને પછી હરિદ્વારથી પ્રગલ્ભ રીતે મેદાનમાં વહેતી જુઓ ત્યારે જે સ્વરૂપવિધ્ય તમે જોશો તે ઉમાશંકરની કાવ્યગંગામાં છે.

'વિશ્વશાંતિ' નામના ખંડકાવ્યની પાંખે અને 'ગંગોત્રી'ની લહેરે ચડીને ઉમાશંકરે ગુજરાતી કાવ્ય-સાહિત્યમાં નાની વયે પ્રવેશ કર્યો. અને તરત જ પહેલી પંકિતના અધિકારી બની ગયા. તેમનું 'સાપના ભારા' વાંચનારને તેમની પાસેથી વધુ નાટકોની અને 'ત્રણ અડધું બે' તથા 'શ્રાવણી મેળા'નું રસપાન કરનારને વધુ વાર્તાઓની તૃષ્ણા જાગે છે. એક વિદ્વાન વિવેચક તરીકે તેમનું સ્થાન આગવું છે. 'ઉત્તરરામચરિત' અને 'શાકુન્તલ' દ્વારા તેમણે સંસ્કૃત કાવ્યામૃતનો ગુજરાતીમાં રસાસ્વાદ કરાવ્યો છે.

કેળવણી રાજકારણથી અલિપ્ત અને અસ્પૃશ્ય રાખવી હોય તો મગનભાઈ અને ઉમાશંકરની વચ્ચે ઉમાશંકરની જ પસંદગી કરવાની હોય. એથી આગળ વધીને કહીએ તો કેળવણીકાર તરીકે ઉમાશંકરની જ પસંદગી યોગ્ય છે. નવા જમાનાને એવા સંસ્કારમૂર્તિ વિદ્વાનની જરૂર છે કે જેમની તાજગીભરી દૃષ્ટિને રાજકીય વિચારો ધૂંધળા બનાવી શકે નહિ. આજે ભારતમાં વિદ્યાર્થી જગત્ સંક્ષુબ્ધ છે, દિશાભાન ગુમાવી બેઠેલ છે, ક્રુદ્ધ બની ખંડનાત્મક પ્રવૃત્તિમાં પણ ઊતરી ગયેલ છે ત્યારે ગુજરાત યુનિવર્સિટીમાં આવતી કાલના ગુજરાતી ભાગ્યવિધાતાઓનું પોતાનું ભાગ્ય ઘડવા ઉમાશંકર જેવા ભોમિયા મળ્યા એ સૌનું સદ્‌ભાગ્ય છે. સોહમ્

આધ્યાત્મિક સાધના શિબિર : બહેનો માટે

શકિત દલનાં પ્રમુખ શ્રીમતી પૂર્ણિમાબહેન પકવાસા તરફથી મળેલ પત્રિકામાં એ મુજબની જાહેરાત કરવામાં આવી છે કે શકિતદલ તરફથી નવેમ્બર માસની ૨૧, ૨૨ તથા ૨૩ મી તારીખ - એમ ત્રણ દિવસ માટે આચાર્ય રજનીશજીના સાન્નિધ્યમાં મુંબઈ-મલાડ ખાતે આવેલા આદર્શ દુગ્ધાલયમાં બહેનો માટે એક આધ્યાત્મિક સાધના શિબિર યોજવામાં આવી છે. આ શિબિરમાં જોડાવા ઈચ્છતી બહેનોએ શિબિરને લગતું પ્રવેશપત્ર મેળવવાનું રહેશે અને તા. ૧૦ મી નવેમ્બર સુધીમાં રૂા. ૫૦ સાથે તે પ્રવેશપત્ર ભરીને માનદ્ મંત્રી, શકિતદલ, ૨૧, ડુંગરશી રોડ, મુંબઈ-૬ એ ઠેકાણે પહોંચાડવાનું રહેશે. આ શિબિરમાં જોડાવા ઈચ્છતી બહેનોએ તા. ૨૦ મી નવેમ્બરની રાત્રીના આઠ વાગ્યા સુધીમાં શિબિર સ્થળે પહોંચી જવાનું રહેશે. શિબિરાર્થી બહેનો માટે શિબિરના દિવસો દરમિયાન ખાવા પીવા તથા રહેવાની જરૂરી બધી સગવડો કરવામાં આવશે. વિશેષ સૂચનાઓ શિબિરને લગતાં પ્રવેશપત્રોમાંથી બહેનોએ મેળવી લેવી. આ પ્રવેશપત્રો મેળવવા તથા નાણાં ભરવા માટે નીચેનાં સ્થળોએ પણ ગોઠવણ કરવામાં આવી છે:-

(૧) શ્રી મુંબઈ જૈન યુવક સંઘ કાર્યાલય, ૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ -૩.

(૨) શ્રી જીવન જાગૃતિ કેન્દ્ર, ૫૦૫, કાલબાદેવી રોડ, બઈ-૨. ટે. નં. ૨૨૩૩૧

આ બન્ને કાર્યાલયો તરફથી રૂ. ૫૦ ની કાચી પહોંચ આપવામાં આવશે.

'શ્રેયસ્'નો પરિચય

શ્રી. મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે મસ્જિદ બંદર રોડ ઉપર આવેલા ધી ગ્રેઈન ઍન્ડ ઑઈલ સીડઝ મરચન્ટસ એસોસીએશનના હૉલમાં તા. ૫-૧૧-૬૬ શનિવાર સાંજના છ વાગ્યે એક સભા યોજવામાં આવી છે, જેમાં અમદાવાદની સુપ્રસિદ્ધ શિક્ષણ સંસ્થા 'શ્રેયસ્'ના સ્થાપક તથા મુખ્ય સંચાલક શ્રીમતી લીનાબહેન મંગળદાસ 'શ્રેયસ્'ની વિવિધ પ્રવૃત્તિઓનો ચિત્રો તથા વિવિધ સાહિત્ય દ્વારા પરિચય આપશે. આ સભામાં ભાગ લેવા જિજ્ઞાસુ સર્વે ભાઈબહેનોને વિનંતિ કરવામાં આવે છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

કક્કો

(મિશ્ર)

અભ્યાસ કક્કા સમ જિંદગીનો
આરંભ કીધો 'અ' થકી અહો મેં
અંતે પહોંચી 'જ્ઞ' સુધી છતાં યે
સ્હી ખરા જીવનથી જ 'અજ્ઞ'!

ગીતા પરીખ

ભુલ સુધારણા

પ્રબુદ્ધ જીવનના ગતાંકમાં 'વેણુ અને વીણ' ના અવલોકનમાં જણાવાયું છે કે આ પુસ્તક મેસર્સ એન. એમ. ત્રિપાઠીની કંપનીમાંથી મળશે, પણ આ પુસ્તિકા વેચવા માટે કાઢી નથી, પણ ભેટ આપવા પૂરતી અમુક નકલો કાઢવામાં આવી છે, એટલે સામાન્ય લોકોને આ પુસ્તિકાની પ્રાપ્તિ શકય નથી.

'સમર્પણનો જય'ના અવલોકનમાં શ્રી રતિલાલ દીપચંદ દેસાઈની અન્ય કૃતિઓ તરીકે ૧. કામવિજેતા, ૨. ચિત્રાકુમારી, ૩. અદ્વૈત અને ૪. પ્રભાતના પુષ્પો એમ ચાર કૃતિઓ જણાવી છે. આ વિધાન ભૂલભરેલું છે. તેમની ચાર કૃતિઓનાં નામ નીચે મુજબ છે: સુવર્ણકંકણ, રાગ અને વિરાગ, કલ્યાણમૂર્તિ અને હિમગિરિની કન્યા.

તંત્રી : 'પ્રબુદ્ધ જીવન'

વિષયસૂચિ

		પૃષ્ઠ
સર્વોદય વિચારધારાનું સમ્યક્ સ્વરૂપ.....	શંકરરાવ દેવ	૧૨૭
પર્યુષણ વ્યાખ્યાનમાળા :		
સમાલોચના	પ્રો. ગૌરીપ્રસાદ ચુ. ઝાલા	૧૨૯
પ્રકીર્ણ નોંધ : ભાઈ ઉમાશંકરને અનેક પરમાનંદ ધન્યવાદ, ભારત જૈન મહામંડળના અધિવેશનમાં પસાર કરવામાં આવેલ પ્રસ્તાવો, ભારત જૈન મહામંડળનું અધિવેશન : એક સમાલોચના, એક ચર્ચાપત્ર, સંયુકત રાષ્ટ્રસંસ્થા સમક્ષ રજૂ કરવામાં આવેલો ભારતીય સંગીતનો કાર્યક્રમ, વિનોબાજીને મળેલો ગૌરવપ્રદ પુરસ્કાર.		૧૩૨
સંતતિ-નિયમનની મહાન પુરસ્કર્તા : મીસીસ માર્ગરેટ સંગર	યુ. જી. સિરૂર...	૧૩૫
વ્યાખ્યાનમાળાની યાદી		૧૩૮

પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન સંઘની વિવિધ પ્રવૃત્તિઓને થયેલું અર્થસિંચન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

૧૫૬૨-૬૬ ઝોળીમાં આવ્યા

૫૦૧	એક સદ્ગૃહસ્થ
૫૦૦	શ્રી મધુરીબહેન અમૃતલાલ શાહ
૫૦૦	શ્રી નવલમલ કુંદનમલ ફીરોદીયા
૨૫૧	„ રસિકલાલ મોહનલાલ ઝવેરી
૨૫૧	„ એક સદ્ગૃહસ્થ
૨૫૧	„ ચીમનલાલ ચકુભાઈ શાહ
૨૫૧	„ એક સદ્ગૃહસ્થ
૨૫૦	" કામાણી બ્રધર્સ પ્રા. લી.
૨૫૦	" ખીમજી માડણ ભુજપુરીયા
૨૫૦	„ ચંદુલાલ મોહનલાલ ઝવેરી
૨૫૦	„ અરજણ તથા દેવજી ખીમજી સાર્વજનિક ટ્રસ્ટ.
૨૫૦	„ પ્રમોદભાઈ વીરચંદ શાહ
૨૫૦	„ દુર્લભજી કેશવજી ખેતાણી
૨૦૧	„ સ્વ. અંબાલાલ ચતુરભાઈના સ્મરણાર્થે તેમના કુટુંબીજનો તરફથી
૨૦૧	„ ચીમનલાલ પી. શાહ
૨૦૦	" વીશા પ્રીન્ટરી
૨૦૦	„ નરેન્દ્ર શીવલાલ ગુપ્તા
૨૦૦	„ તારાચંદ ધનજી
૨૦૦	„ ગુલાબચંદ તલકચંદ શેઠ
૨૦૦	„ આર. સી. બરાર કું.
૧૫૧	„ ફત્તેહચંદ લલ્લુભાઈ શાહ
૧૫૧	„ સુબોધભાઈ એમ. શાહ
૧૫૧	„ જ્યંતિલાલ અંબાલાલ શાહ
૧૫૧	„ ઉર્મિલાબહેન જ્યંતિલાલ શાહ
૧૫૦	„ લીલાધર પાસુ શાહ
૧૦૧	„ લખમશી નેણશી
૧૦૧	„ અજમેરા એન્ડ કું.
૧૦૧	„ એક સદ્ગૃહસ્થ
૧૦૧	„ મફતલાલ ભીખાચંદ શાહ
૧૦૧	„ સેવંતીલાલ ખેમચંદ
૧૦૧	„ એક સદ્ગૃહસ્થ
૧૦૧	„ નીરૂ એન્ડ કું.
૧૦૧	„ શાહ પટેલ એન્ડ કું.
૧૦૧	„ રમણલાલ ચંદુલાલ શાહ
૧૦૧	„ પી. વી. શાહ
૧૦૧	„ નૌતમલાલ દીપચંદ શાહ
૧૦૧	„ હીરાબહેન દીપચંદ સંઘવી
૧૦૧	„ રબ્બર ગુડઝ ટ્રેડીંગ કું.
૧૦૧	„ એક શુભેચ્છક
૧૦૧	„ ડી. આર. વી. ટ્રેડીંગ કું.
૧૦૧	„ યુનિવર્સલ ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન

૧૦૧ ,, એમ. કિશોરભાઈ એન્ડ કું.
૧૦૧ ,, રીપભદાસજી રાંકા
૧૦૧ ,, ધીરજલાલ અજમેરા
૧૦૧ ,, શાન્તાબહેન જીવણલાલ લાખાણી
૧૦૦ ,, મહાસુખલાલ ભાઈચંદ
૧૦૦ ,, મનુભાઈ ગુલાબચંદ કાપડિયા
૧૦૦ ,, કાન્તાબહેન કસ્તુરચંદ ઝવેરી
૧૦૦ ,, એમ. બી. વોરા
૭૫ ,, રતિલાલ ચીમનલાલ કોઠારી
૫૧ ,, વિજયાબહેન પરીખ
૫૧ ,, ભગવાનદાસ પોપટલાલ
૫૧ ,, એન. જે. મહેતા
૫૧ ,, મણિલાલ બી. નાણાવટી
૫૧ ,, મંગળજી ઝવેરચંદ મહેતા
૫૧ ,, કે. પી. શાહ
૫૧ ,, ઘેલા કુરપાલ
૫૧ ,, મોંઘીબહેન હીરાલાલ શાહ
૫૧ ,, સુરજબહેન કોઠારી
૫૧ ,, પ્રવિણચંદ્ર હેમચંદ અમરચંદ
૫૧ ,, ડૉ. ચીમનલાલ શ્રોફ
૫૧ ,, સુનિતાબહેન શેઠ
૫૧ ,, બાલકૃષ્ણભાઈ ગાંધી
૫૧ ,, ચંદુલાલ સાકળચંદ શાહ
૫૧ ,, પ્રવિણભાઈ મંગળદાસ શાહ
૫૧ ,, મહેતા એન્જીનિયરીંગ સ્ટોર્સ
૫૧ ,, દેવચંદ રવજી ગાલા
૫૧ ,, ચંદનબહેન ડાહ્યાભાઈ શાહ
૫૧ ,, સ્વરૂપચંદ નેમચંદ શ્રોફ
૫૧ ,, ખેતસી માલસી સાવલા
૫૧ ,, ભૂપેન્દ્ર સી. શાહ.
૫૧ ,, લીનાબહેન જીતેન્દ્ર શેઠ
૫૧ ,, ભગવાનદાસ સી. શાહ
૫૧ ,, રમણલાલ લાલભાઈ લાકડાવાલા
૫૧ ,, મણિલાલ દુર્લભજી શાહ
૫૧ ,, નરસી કોરસીની કું.
૫૦ ,, અમીચંદ જે. શાહ
૫૦ ,, એક સદ્‌ગૃહસ્થ
૫૦ ,, એક સદ્‌ગૃહસ્થ
૫૦ ,, નરભેરામ મોરારજી ઝાટકીયા
૪૫ ,, એક સદ્‌ગૃહસ્થ
૨૫ ,, પરમાનંદ કુંવરજી કાપડિયા
૨૫ ,, હરિલાલ ગુલાબચંદ શાહ
૨૫ શ્રી શિવલાલ હરિલાલ શાહ
૨૫ ,, લીલાવતીબહેન દેવીદાસ
૨૫ ,, મેનાબહેન નરોત્તમદાસ
૨૫ ,, મણિબહેન સવચંદ કાપડિયા
૨૫ ,, લીનાબહેન નરેન્દ્ર શેઠ
૨૫ ,, ચંપકલાલ મુલચંદ લાખાણી
૨૫ ,, જયચંદ એમ. શાહ
૨૫ ,, મણિબહેન શીવલાલ શાહ
૨૫ ,, લવણપ્રસાદ કુલચંદ શાંહ
૨૫ ,, દલપતલાલ કેશવલાલ
૨૫ ,, ચીનુભાઈ નાથાલાલ શાહ
૨૫ ,, રમણલાલ પ્રભુદાસ શાહ
૨૫ ,, રામજી ટોકરસી ઘરોડ
૨૫ ,, રાયચંદ હીરાચંદ ઝવેરી
૨૫ ,, પ્રભાવતી જાદવજી મહેતા
૨૫ ,, ચંદબહેન પારેખ
૨૫ ,, હસમુખલાલ ફત્તેહચંદ
૨૫ ,, કુસુમચંદ્ર ડાહ્યાભાઈ
૨૫ ,, સરસ્વતીબહેન કાંતિલાલ મહેતા
૨૫ ,, કુમુદબહેન અરવિન્દ પટવા
૨૫ ,, યશોધર હેમચંદ મોદી
૨૫ ,, જગજીવન પોપટલાલ
૨૫ ,, ગુણપતલાલ મગનલાલ કોઠારી
૨૫ ,, હીરાલાલ હરગોવિંદદાસ ગાંધી
૨૫ ,, ચત્રભુજ નાગરદાસ
૨૫ ,, ડૉ. નગીનદાસ પી. શાહ
૨૫ ,, જયંતિલાલ પોપટલાલ શાહ
૨૫ ,, શિવલાલ કે. મહેતા
૨૫ ,, નાનજી વીરપાળ
૨૫ ,, મોહનલાલ નગીનદાસ જરીવાલા
૨૧ ,, શાન્તિલાલ અમૃતલાલ શાહ
૨૧ ,, કપિલાબહેન શાસ્ત્રી
૨૧ ,, અમૃતલાલ પટણી
૨૧ ,, સુશિલા બહેન કોઠારી
૨૧ ,, કાંતિલાલ ભોળાભાઈ ઝવેરી
૨૧ ,, સરસ્વતીબહેન
૨૦ ,, હીરજી ટોકરસી
૧૬ ડૉ. હસમુખલાલ ચીમનલાલ કુવાડીયા
૧૫ ,, જીતેન્દ્રકુમાર કાંતિલાલ શાહ
૧૫ ,, આણંદજી ગોવિંદજી
૧૫ ,, મૂળચંદ નાનાલાલ શાહ
૧૫ ,, હેમચંદ વીરજી મહેતા
૧૫ ,, પ્રદિપ મહેતા
૧૫ ,, રમણિકલાલ વાડીલાલની કું.
૧૫ ,, હા. શ્રી જયંતિલાલ સુંદરલાલ કોઠારી
૧૩ ,, મોહનલાલ ત્રીભુવનદાસ
૧૧ ,, પ્રો. રમણલાલ ચી. શાહ
૧૧ ,, મનસુખલાલ કલ્યાણજી શાહ
૧૧ ,, ઉત્તમચંદ ડોસાભાઈ દડીયા
૧૧ ,, દીનકરલાલ પારેખ
૧૧ ,, સુખલાલ મનસુખલાલ મહેતા
૧૧ ,, પી. એચ. કામદાર
૧૧ ,, કુલીન કાંતિલાલ મોદી
૧૧ ,, ભાણજી ઠાકરસી દેઢીયા
૧૧ ,, તરૂણા વિપિન શાહ
૧૧ ,, ધીરજલાલ મલુકચંદ દોશી
૧૧ ,, રાજેન્દ્ર અમૃતલાલ
૧૧ ,, જયંતિલાલ એસ. ઓઝા
૧૧ ,, વેણીબહેન વિનયચંદ કાપડિયા
૧૧ ,, ગુણવંતીબહેન છોટાલાલ શાહ
૧૧ ,, ડી. એમ. ભુજપુરીયા
૧૧ ,, શાંતિલાલ સી. શાહ
૧૧ ,, કાંતિલાલ ભગવાનદાસ
૧૦ ,, શામજી ચનાભાઈ
૧૦ ,, ખીમજી માણેક વીરા
૧૦ ,, કેશવલાલ નગીનદાસ શાહ
૧૦ ,, જયાબહેન પ્રવિચંદ્ર
૫૨ દસથી નીચેની રકમો

૧૩૧૪૭-૬૬

શ્રી. મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય

૨૫૧ શ્રી જેઠાલાલ ડામરસીભાઈ: ચંદ્રિકાબહેન વાડીલાલની દીક્ષા પ્રસંગે
૨૫૧ ,, રસિકલાલ માણેકલાલ દલાલ
૨૫૧ ,, કાંતિલાલ ન્યાલચંદ કોઠારી
૨૫૦ ,, કામાણી ફાઉન્ડેશન
૧૦૯ ,, જે. પી. પારેખ
૧૦૧ ,, આર. એલ. શાહ
૧૦૧ ,, પી. રતિલાલની કું.
૧૧ ,, સુનિતાબહેન શેઠ
૫૦ ,, મોહનલાલ નગીનદાસ જરીવાલા
૨૬ ,, વિદ્યાબહેન ચંપકલાલ દલાલ
૨૫ ,, જમનાદાસ જે. શાહ
૨૫ ,, રમણિકલાલ પ્રભુદાસ શાહ
૨૫ ,, હસમુખલાલ ફત્તેહચંદ શાહ
૨૫ ,, કુસુમચંદ્ર ડાહ્યાભાઈ
૨૫ ,, નંદલાલ છગનલાલ
૨૫ ,, ચંદનબહેન ડાહ્યાભાઈ
૧૧ ,, એક સદ્‌ગૃહસ્થ
૧૦ ,, દલપતલાલ કેશવલાલ પરીખ
૧૭ દસથી નીચેની રકમો

૧૬૨૯

વૈદ્યકીય રાહત

૫૦૦ શ્રી રામજી શામજી વિરાણી
૩૧ ,, રમણિકલાલ પ્રભુદાસ શાહ
૨૫ ,, ચન્દનબહેન ડાહ્યાભાઈ શાહ
૧૫ ,, બાબુભાઈ કેશવલાલ
૧૧ ,, લીલાબહેન મનુભાઈ શાહ
૧૧ ,, જી. ચીમનલાલ બ્રધર્સ
૧૦ ,, મોહનલાલ ત્રીભુવનદાસ
૧૦ ,, દલપતલાલ કેશવલાલ
૧૫ દસથી નીચેની રકમો

૬૨૮

પ્રબુદ્ધ જીવન

૧૦૧ એક સદ્‌ગૃહસ્થ
૧૧ શ્રી વનિતા જયંત શાહ

૧૧૨

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ. મુંબઈ-૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ

Regd. No. MH. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૮ : અંક ૧૪

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, નવેમ્બર ૧૬, ૧૯૬૬, બુધવાર
આફ્રિકા માટે શિલિંગ ૯

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

પ્રકીર્ણ નોંધ

નૂતન વર્ષ પ્રવેશ

નવેમ્બર માસની ૧૩મી તારીખે—કાર્તક શુદ ૧ થી—આપણે વિક્રમના ૨૦૨૩મા વર્ષમાં પ્રવેશ કર્યો છે. સાધારણ રીતે આ દિવસ આનંદ અને ઉત્સાહનો પ્રેરક હોય છે, પણ આ વખતે નવા વર્ષના પ્રારંભ સાથે કોઈ આનંદ-ઉલ્લાસ જોડાયલા અનુભવાતા નથી. કારણ કે આખો દેશ એક પ્રકારની માનસિક બેચેની, અસહિષ્ણુતા, અસ્વસ્થતાના વ્યાપક ઉપદ્રવથી—'એપીડેમીક'થી—ગ્રસ્ત થયો છે, અને કિંકર્તવ્યમૂઢતા સમગ્ર પ્રજાસમુદાયના માનસને ઘેરી વળી છે. વધતી જતી મોંઘવારી, લોકોના જીવનને ભરડો દેતી હાડમારીઓ, કુદરતી દુર્ઘટનાઓ, ઊંચે ચઢતા જતા કરવેરા, જીવન-જરૂરિયાતની ચીજોની ઘેરી બનતી જતી અછત, ચોતરફ ઘેરી બનતી જતી નિરાશા—આવાં અનેક કારણોને લીધે સંભવ છે કે આવી પરિસ્થિતિ ઊભી થવા પામી હોય, પણ આજે આ પરિસ્થિતિ ભારે ચિન્તાનો વિષય બની રહી છે અને કોઈ પણ નિમિત્ત મળતાં દેશના એક યા બીજે ખૂણે નાનો-મોટો ભડકો થતાં વાર ન લાગે એવું ભયાનક રૂપ ધારણ કરી રહી છે. આ જ માનસિક ભારતવ્યાપી ઉપદ્રવના આજના વિદ્યાર્થીઓ પણ ભોગ બન્યા છે અને નાની મોટી બાબતને આગળ કરીને ભાંગફોડની પ્રવૃત્તિ તરફ તેઓ ધસી જતા માલુમ પડે છે.

તાજેતરમાં વ્યતીત થયેલા ભૂતકાળનું સ્વરૂપ આવું ધૂંધળું છે; ભાવી વધારે ધુંધળું અને અંધકારમય ભાસે છે. આવા વાતાવરણ વચ્ચે નવા વર્ષ અંગે શુભેચ્છાના, ઉત્સાહના કે ઉલ્લાસના શબ્દો ચિત્તમાં સહજપણે સ્ફુરતા નથી અને લેખિની સ્થગિત થઈ જાય છે. આવી વ્યાકુળ મનોદશામાં વિશેષ લખવાનો પ્રયત્ન કરું તેના બદલે તાજેતરમાં હૈદરાબાદ ખાતે તા. ૧૨મી નવેમ્બરના રોજ સ્વ. શ્રી વિશ્વેશ્વરૈયાની પ્રતિમાનું અનાવરણ કરતા ભારતના પ્રજાજનોને ઉદ્દેશીને રાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણને જે ઉદ્‌ગારો કાઢયા છે તે ઉદ્‌ગારો અહિં ઉદ્‌ધૃત કરું તે વધારે પ્રસ્તુત અને ઉચિત લાગે છે. તેમણે ઉપર જણાવેલ પ્રસંગે જણાવ્યું કે:—

"આજે દેશમાં દરેક જણ પોતાના માટે જેટલું બને તેટલું મેળવી લેવાની અને પોતાનું ઘર ભરવાની ચિન્તામાં પડયો છે. દેશના વિશાળતર હિતની કોઈને જ પડી નથી. આપણામાં અપૂર્ણતાઓ હોય એ સ્વાભાવિક છે, પણ પ્રમાણિકતામાં આપણે ઊણા ન જ ઉતરવું જોઈએ. આપણે સૌ પ્રમાણિક માણસ છીએ, ક્ષુદ્ર માણસો નથી એમ પ્રજા ઉપર ઠસાવવાના પ્રયાસો આપણે કરીએ તે જરૂરનું છે. દેશની અંદર અશાન્તિ અને અવ્યવસ્થા હોય તો આપણે આપણી જાતને પૂછવું જોઈએ કે આમાં આપણી પોતાની જવાબદારી કેટલી? જવાબદારીના ભાન વિના સત્તા માટેની લાલસા એ ખરેખર અત્યન્ત ઘૃણાજનક છે. કોઈ પણ પ્રકારની રાજકીય ગુંડાગીરીથી રાષ્ટ્રનું નવવિધાન થઈ શકવાનું જ નથી. રાજકીય ગુંડાગીરીથી દેશ પાયમાલ થઈ જશે. દરેક જણે પોતાની જાતને પ્રશ્ન પૂછવો જોઈએ કે, "હું મારા રાષ્ટ્રનું નવવિધાન કરવામાં મદદરૂપ થાઉં છું કે દેશનો વિનાશ કરવામાં સહાયક થાઉં છું?" નાના મોટા ઉચ્ચ સ્થાને બિરાજતા મોટા લોકો કે સામાન્ય સ્થાને રહેલા નાના લોકો, ભણતો વિદ્યાર્થી કે ભણાવતો અધ્યાપક, વહીવટી અધિકારી કે સત્તાધીશ રાજપુરુષ—દરેક જણે પોતાના અંતરાત્માને પ્રશ્ન પૂછવો જોઈએ કે મારું કૃત્ય રાષ્ટ્રને માટે ઈષ્ટ છે ખરું? આ સમાજને સંગઠિત રાખનાર તત્ત્વ તે ધર્મ છે. દરેક જણ પોતાનાં હિતો કરતાં રાષ્ટ્રના જ હિતને વિશેષ મહત્ત્વ આપે અને પોતાનાં અંગત સ્વાર્થ કરતાં લોકની સેવાનું ગૌરવ કરે તે જ મહત્ત્વનું છે. દરેક કાર્યનો પ્રેરક ઉદ્દેશ આ જ ભાવના હોઈ શકે."

નવા વર્ષમાં આપણે આ પ્રકારની કર્તવ્યનિષ્ઠા, ધર્મપરાયણતા અને આજે જે અનર્થો દેશને અવનતિ તરફ લઈ જઈ રહ્યા છે તે વિશે પૂરી સભાનતા - સજાગતા - પૂર્વક પ્રવેશ કરીએ, અને જ્યાં અંધકાર છે ત્યાં પ્રકાશનું અવતરણ કરીએ, નિરાશા છે ત્યાં આશાનું સીંચન કરીએ, દુ:ખ છે ત્યાં કાંઈક સુખનો સંચાર કરીએ અને દેશના ડહોળાયેલા માનસને સમધારણ ઉપર પ્રસ્થાપિત કરીએ! આવી આપણી પ્રાર્થના હો અને આવો આપણો પુરુષાર્થ હો!

મહારાષ્ટ્રી—બિનમહારાષ્ટ્રી

તા. ૩૦મી ઓકટોબર રવિવારે મુંબઈ ખાતે શિવાજી પાર્કમાં શિવસેનાની એક વિરાટ સભા યોજવામાં આવી હતી અને ત્યાં મુંબઈના પ્રજાજનોના મહારાષ્ટ્રી અને બિનમહારાષ્ટ્રી—એવા મનોકલ્પિત ભેદને આગળ ધરીને બે વિભાગ વચ્ચે વૈમનસ્યને ઉત્તેજન મળે એવાં ઝેરીલા ભાષણો થયાં હતાં. તે સભા વિખરાતાં આશરે ૫,૦૦૦ માણસોના ટોળાએ દાદર વિભાગમાં મોટી ધાંધલ ઊભી કરી હતી., માલ મિલકતનું સારા પ્રમાણમાં નુકસાન કર્યું હતું, અને એ જ વિભાગમાં આવેલી પાંચ મદ્રાસી હોટેલોની સારા પ્રમાણમાં ભાંગફોડ કરી હતી. આ દુર્ઘટનાએ મુંબઈમાં વસતી પચરંગી પ્રજાના દિલમાં અસાધારણ બેચેની અને બિનસહીસલામતીની લાગણી પેદા કરી હતી અને ઉપર જણાવેલા વલણની વખતસર અટકાયત કરવામાં નહિ આવે તો વર્ષોથી આજ સુધી એક સાથે ભાઈભાંડુની માફક વસતા પ્રજાજનો વચ્ચે મહારાષ્ટ્રી—બિનમહારાષ્ટ્રીના ભેદભાવ ઉપર આધારિત એવા સંઘર્ષો પેદા થશે એવી ભીતિ સર્વ કોઈના દિલને કંપાવી રહી હતી. આવી પરિસ્થિતિને લક્ષમાં લઈને મહારાષ્ટ્રના આજે સર્વોચ્ચ લેખાતા નેતા અને ભારતના ગૃહમંત્રી શ્રી યશવન્તરાવ ચવ્હાણે તા. ૭મી નવેમ્બરના રોજ શિવાજી પાર્કમાં ઊભી કરવામાં આવેલ શિવાજી મહારાજની મહાકાય અશ્વારૂઢ પ્રતિમાનું અનાવરણ કરતાં નીચે મુજબ જણાવ્યું હતું:—

"પ્રાદેશિક ખ્યાલોના સ્થાને રાષ્ટ્રીય એકતાને વધારે મહત્ત્વનું સ્થાન અપાવું ઘટે છે. 'મારો દેશ પહેલો' એ આદર્શ લોકોએ હંમેશા પોતાની સમક્ષ સૌથી આગળ રાખવાનો રહે છે. આવી રાષ્ટ્રીય ભાવનાને ઉત્તેજન મળે એ લક્ષ્યપૂર્વક લોકોએ સર્વ કોઈ પ્રવૃત્તિઓનું સંચાલન કરવું જોઈએ. શિવાજી મહારાજના જીવનચરિત્રમાંથી તેમણે આ પ્રકારની પ્રેરણા મેળવવાની છે.

"શિવાજી મહારાજ આખા રાષ્ટ્રના નેતા હતા. તેઓ માત્ર કોઈ એક પ્રદેશ સાથે જોડાયેલા નહોતા. તેમની આ પ્રતિમા રાષ્ટ્રીય એકતાનું પ્રતીક બનેવી જોઈએ.

"જ્યારે મહારાષ્ટ્રનું ભાષાકીય રાજ્ય ઊભું કરવામાં આવ્યું ત્યારે મેં સર્વ કોઈને ખાત્રી આપી હતી કે આ રાજ્યમાં વસતા

બધા લોકોને મહારાષ્ટ્રી ગણવાના છે. હું તમને ખાસ ભાર મૂકીને જણાવું છું કે આ મુદ્દો હંમેશાને માટે યાદ રાખવાનો છે. રાજ્યમાં કોઈ પણ ઠેકાણે અને ખાસ કરીને મુંબઈમાં કોઈ પણ પ્રકારના ભેદ-ભાવની લાગણીને સ્થાન હોવું ન ઘટે કે ઉત્તેજના મળવી ન જોઈએ. મુંબઈના વિકાસમાં સર્વ પ્રજાજનોનો સરખો હિસ્સો છે એ તરફ તમારું હું ખાસ ધ્યાન ખેંચું છું.

"કેટલાક લોકોને આર્થિક અથવા તો અન્ય પ્રકારની મુશ્કેલીઓ હોવા સંભવ છે, પણ આ સમસ્યાઓ, માત્ર જ્યારે આખા દેશનો એક ઘટક તરીકે વિચાર કરવામાં આવે ત્યારે જ, ઉકેલી શકાય તેમ છે. આવી સમસ્યાઓ લોકશાહીની રીતે અને બંધારણીય દૃષ્ટિએ ઉકેલવાની છે. મહારાષ્ટ્રી–બિન મહારાષ્ટ્રી એ પ્રકારનો વિવાદ ઊભો કરવાથી આ સમસ્યાનું નિરાકરણ થવાનું નથી.

"સ્વ. રાનાડે, ગોખલે અને તિલક જેવા રાષ્ટ્રીય નેતાઓએ રાષ્ટ્રીય એકતાને સર્વોત્કૃષ્ટ સ્થાન આપ્યું હતું. જો રાષ્ટ્ર જીવિત હશે તો જ મહારાષ્ટ્ર ટકી શકશે. જ્યારે પણ જરૂર હોય ત્યારે રાષ્ટ્રીય હેતુઓ માટે આત્મભોગ આપવામાં મહારાષ્ટ્રે સૌથી પહેલી હરોળમાં ઉભા રહેવાનું છે. એમાં જ મહારાષ્ટ્રની વિશેષતા અને ગૌરવ રહેલાં છે."

આપણે આશા રાખીએ કે શ્રી યશવન્તરાવ ચવ્હાણના આ ઉદ્‌ગારો શિવસેનાના અગ્રેસર આગેવાનો અને તેમની માફક વિચારતા અન્ય મહારાષ્ટ્રી બંધુઓના દિલને સ્પર્શે અને કહેવાતા બિનમહારાષ્ટ્રીઓ સામે એક પ્રકારના જાતિવાદનું ઝેર ફેલાવતા તેઓ અટકે. જો એમ નહીં બને તો તેમાંથી અનેક ભયંકર સંભાવનાઓ પેદા થવાની કલ્પના કરી શકાય છે. પરિણામે કોને કેટલું સહેવું પડશે એ વિચારને બાજુએ રાખીએ, પણ મુંબઈ તો મુંબઈ નહિ જ રહે, એટલું જ નહિ પણ, આખા દેશમાં આ ઝેર ફેલાઈ જશે, ભાઈઓ ભાઈઓ વચ્ચે અથડામણ થશે, દેશની એકતા છિન્નભિન્ન થઈ જશે અને અનર્થોની–કલ્પનામાં ન આવે એવી–પરંપરા સરજાશે. આપણે આશા રાખીએ અને પ્રાર્થના કરીએ કે માનવી માનવી વચ્ચે ઝેર ફેલાવતા લોકોના દિલમાં સન્મતિનો ઉદય થાય અને પરસ્પર બંધુભાવની પુનઃ પ્રતિષ્ઠા થાય.

વિજ્ઞાન અને ધર્મ

'વિજ્ઞાન અને સંસ્કૃતિ' એ મથાળા નીચે તા. ૨૬-૧૦-૬૬ના 'ભૂમિપુત્ર'માં દાદા ધર્માધિકારીએ ભાવનગર ખાતે તા. ૨૭-૮-'૬૬ ના રોજ આપેલા વ્યાખ્યાનની સવિસ્તર નોંધ પ્રગટ થઈ છે. તેમાં વિજ્ઞાન અને ધર્મ વચ્ચેનો તફાવત સમજાવતાં દાદા ધર્માધિકારી નીચે મુજબ જણાવે છે:–

"વિજ્ઞાન અને ધર્મમાં એક બહુ મોટો ફરક છે. વિજ્ઞાનમાં સવાલ જ સવાલ છે, જ્યારે ધર્મમાં ઉત્તર જ ઉત્તર છે. તેને કારણે વિજ્ઞાન વસ્તુનિષ્ઠ રહ્યું. જેમાં ઉત્તર જ ઉત્તર હોય ત્યાં વસ્તુનિષ્ઠા જળવાઈ ન શકે. આમ તો અથાતો બ્રહ્મજિજ્ઞાસા એમ કહેવાયું છે. તેથી ધર્મમાં યે સવાલ જ સવાલ હોવા જોઈતા હતા, જિજ્ઞાસા દેખાવી જોઈતી હતી. પણ તેને બદલે ધર્મમાં ઉત્તર જ ઉત્તર છે. છતાં લોકમાનસ ઉપર વિજ્ઞાન કરતાં ધર્મનો પ્રભાવ સૌકાઓથી અધિક જ રહ્યો છે. આનું કારણ બર્નાર્ડ શૉએ સુંદર શબ્દોમાં કહ્યું છે. ધર્મ એક જ વાતને, એક જ અસત્યને રોજ ને રોજ દોહરાવતો રહે છે, જ્યારે વિજ્ઞાન પોતાના અસત્યને, ટેન્ટેટીવ ટ્રુથને–કામચલાઉ સત્યને–બદલતું રહે છે. પોતે કોઈ અપરિવર્તનીય સત્યની ખોજ કરે છે એવો વિજ્ઞાનનો દાવો નથી. એ નમ્રતા દાખવે છે. આને કારણે માણસની બુદ્ધિમાં બુદ્ધિનિષ્ઠા, વસ્તુનિષ્ઠાનો આવીર્ભાવ થયો.

"ત્યાર બાદ વિજ્ઞાનની પ્રતિક્રિયા ધર્મ પર પણ થઈ, અને ધર્મમાં યે જિજ્ઞાસા અને વસ્તુનિષ્ઠા આવી. ધર્મે હવે એટલું જ ન કહ્યું કે શ્રદ્ધા રાખો, પણ ઉમેર્યું કે તેની સાથે અનુભૂતિ પણ જોઈએ. આજના યુગમાં ધર્મ અને તત્ત્વ, દર્શન અને વિજ્ઞાન એક-બીજા સાથે હસ્તધૂનન કરી રહ્યા છે. આજે આપણે સૌએ આવા એક નવયુગમાં પદાર્પણ કર્યું છે."

જંબુદ્વીપ નિર્માણ અને આજનું ખગોળશાસ્ત્ર

તા. ૫-૧૨-૬૬ના 'જૈન'માંથી જાણવા મળે છે કે પાલીતાણામાં જંબુદ્વીપની વિશાળ રચના માટે સવા લાખ રૂપિયાના ખર્ચે ૨૭,૦૦૦ વાર જમીન ખરીદવામાં આવી છે અને તે જમીન ઉપર પ્રસ્તુત રચના પાછળ પાંચ સાત લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવનાર છે અને જંબુદ્વીપનું જૈન ધર્મ શાસ્ત્રોમાં જે પ્રમાણે વર્ણન કરવામાં આવ્યું છે તે મુજબ લંબ શાશ્વત ચૈત્યોનું આ જગ્યા ઉપર નિર્માણ કરવામાં આવનાર છે.

વિશ્વની રચના સમજાવવા માટે જૈન ધર્મ શાસ્ત્રોમાં ચૌદ રાજલોક અને તેમાં અઢી દ્વીપની કલ્પના કરવામાં આવી છે, તેની મધ્યમાં જંબુદ્વીપ છે અને તેની મધ્યમાં ભરતક્ષેત્ર છે જેમાં આપણે વસીએ છીએ. આવી વિશાળ રચના ઊભી કરવા પાછળ તેના નિર્માતાઓનો આશય જૈન મતાનુસાર પૃથ્વી થાળી જેવી સ્થિર અને સપાટ છે, મધ્યમાં મેરુ પર્વત છે અને તેની આસપાસ સૂર્ય ચંદ્ર ફરે છે–આ માન્યતાની પ્રતિષ્ઠા કરવાનો અને આજે ખગોળશાસ્ત્ર દ્વારા રજુ કરવામાં આવતી પૃથ્વી ગોળ અને ફરતી હોવાની માન્યતાને અપ્રતિષ્ઠિત કરવાનો–અસત્ય ઠરાવવાનો–છે.

જે આજે પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધ થઈ ચૂકયું છે તે અસિદ્ધ કરવાના આ મિથ્યા પ્રયત્નની પાછળ કરવામાં આવનાર વિપુલ દ્રવ્યવ્યયને લગતી આ યોજના જાણીને ભારે આશ્ચર્ય તેમ જ દુઃખ થાય છે. કેટલાંક વર્ષો પહેલાં પૃથ્વી ગોળ અને ફરતી હોવાની માન્યતા અનુમાન–આધારિત હતી અને તેથી તેના વિકલ્પમાં પૃથ્વી સ્થિર અને સપાટ હોવાની માન્યતાને ઊભી રહેવાનો થોડો સરખો પણ અવકાશ હતો, પણ આજે તો અન્તરિક્ષમાં ઘણે ઊંચે ગયેલા અવ-કાશયાનો દ્વારા પ્રાપ્ત થયેલી છબીઓના કારણે પૃથ્વી ગોળા જેવી ગોળ સિદ્ધ થઈ ચૂકી છે અને તેમાં કોઈ પણ શંકાને સ્થાન રહ્યું નથી. આમ છતાં જૈન સમાજની અંધશ્રદ્ધા ટકાવી રાખવા જેવો આ વ્યર્થ પ્રયત્ન શા માટે હાથ ધરવામાં આવે છે?

તેનું કારણ એ છે કે જૈન ધર્મશાસ્ત્રમાં વિશ્વરચનાનું જે સ્વરૂપ પ્રરૂપાયેલું છે તે સર્વજ્ઞકથિત છે એવી માન્યતા છે અને આ સ્વરૂપ આજના ખગોળની ધારણા સાથે બંધબેસતું નથી અને હવે જો આજના ખગોળની પૃથ્વીને લગતી ધારણા સ્વીકારવામાં આવે–જે સ્વીકાર્યા સીવાય બીજો કોઈ માર્ગ નથી–તો તથાકથિત સર્વજ્ઞનું સર્વજ્ઞત્વ ખંડિત થાય છે અને તેથી ઉપર જણાવ્યું તેવા જંબુદ્વીપના સ્વરૂપને એટલે કે પૃથ્વીના આકારને લગતી ધાર્મિક માન્યતાને સાચી ઠરાવવાનો હાસ્યાસ્પદ પ્રયત્ન થઈ રહ્યો છે. આમાંથી ઉગરવાનો એક જ માર્ગ છે કે ધર્મતત્ત્વની વિચારણા અને ધર્મશાસ્ત્ર સાથે જોડાયેલી વૈજ્ઞાનિક માન્યતાઓ–બન્નેને અલગ કરવી જોઈએ અને માત્ર ધર્મવિચારણા તથાકથિત સર્વજ્ઞપ્રરુપિત છે, સનાતન છે, જ્યારે ધર્મ સાથે જોડાયલી વૈજ્ઞાનિક માન્યતાઓને તથાકથિત સર્વજ્ઞ સાથે જોડવાની કોઈ જરૂર નથી, તેમ જ તેનો કોઈ અર્થ નથી. તે માન્યતાઓ જે હોય તેને આજના વૈજ્ઞાનિક સંશોધનના સંદર્ભમાં ફેરવવાની જ રહી. આ રીતે વિચારવાથી એટલે કે વિજ્ઞાન અને ધર્મના ક્ષેત્ર અલગ અલગ છે એમ ગ્રહણ કરવાથી એકનો અન્ય સાથે વિરોધ થવાનો કે અથડામણમાં આવવાનો કોઈ સંભવ જ રહેતો નથી.

વિજ્ઞાન સંબંધમાં જેવી સ્થિતિ જૈન ધર્મની છે તેવી જ સ્થિતિ ખ્રિસ્તી ધર્મની છે. એક વખત એવો હતો કે ખ્રિસ્તી ધર્મપ્રરૂપિત માન્યતાથી અન્યથા માનનાર વૈજ્ઞાનિકોને દેહાંતદંડની સજા કરવામાં આવતી. આજે જેમ ખ્રિસ્તી ધર્મે વિજ્ઞાન સાથે સમાધાન સ્વીકાર્યું છે તેવી રીતે જૈન ધર્મે પણ વિજ્ઞાન સાથે સમાધાન સ્વીકારવું જ રહ્યું.

શ્રી મોહનલાલ પ્રેમચંદ શાહનો સ્વર્ગવાસ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મંત્રી શ્રી સુબોધભાઈ એમ. શાહના પિતા શ્રી. મોહનલાલ પ્રેમચંદ શાહનું તા. ૮મી નવેમ્બરના રોજ ૮૦ વર્ષની ઉંમરે અમદાવાદ ખાતે અવસાન થયું છે. છેલ્લા એક વર્ષથી તેઓ કેન્સરના દર્દથી પીડાતા હતા. અમદાવાદના તેઓ એક પ્રતિષ્ઠિત વેપારી અને જૈન ધર્મમાં ઊંડી શ્રદ્ધા ધરાવતા સચ્ચરિત્ર સજ્જન હતા. બહોળો કુટુંબપરિવાર મૂકીને તેઓ વિદાય થયા છે. તેમના આત્માને શાશ્વત શાન્તિ પ્રાપ્ત થાઓ!

પરમાનંદ

* આજની પરિસ્થિતિનું આછું વિશ્લેષણ *

દેશમાં કેટલાક સમયથી અને તાજેતરમાં દિલ્હીમાં જે બનાવો બની ગયા તે ભારે કમનસીબ અને ઊંડી ચિંતાનો વિષય છે. શ્રી લાલબહાદુર શાસ્ત્રીના અવસાન પછી તેમના અનુગામી પસંદ કરવાનો પ્રશ્ન વિકટ હતો. કૉંગ્રેસના આગેવાનો અને રાજ્યના મુખ્યમંત્રીઓએ મળીને એક એવી વ્યકિતને આગળ ધરી કે જેના વિષે એમના મનમાં એમ હતું કે તે પ્રજાના મોટા ભાગનો વિશ્વાસ સંપાદન કરી શકશે અને કૉંગ્રેસના તંત્રને ટકાવી રાખશે. આ પસંદગી ગુણવત્તા ઉપર કે એમની શકિતના પરિચયથી થઈ ન હતી. કૉંગ્રેસના બધા આગેવાનો અને બધા રાજ્યોના મુખ્ય મંત્રીઓએ નિષ્ઠાથી અને પ્રમાણિકતાથી શ્રીમતી ઈન્દિરા ગાંધીને સહકાર અને ટેકો આપ્યા હોત તો કદાચ પરિસ્થિતિ આટલી બગડત નહિ. શ્રીમતી ગાંધીને કાંટાળો તાજ પહેરાવવામાં આવ્યો હતો.

અતિ વિકટ પ્રશ્નોનો તેમણે સામનો કરવાનો હતો. એમનું એવું પ્રતિભાશાળી વ્યકિતત્ત્વ નથી અથવા એમને એવો અનુભવ નથી કે પોતાની જ શકિતથી પ્રજામાં પ્રભાવ પાડી શકે. કૉંગ્રેસના આગેવાનો અને રાજ્યના મુખ્ય મંત્રીઓ પોતાના સ્વાર્થમાં અને પોતાની રમતમાં રચ્યાપચ્યા છે. દરેક પોતાની સત્તા અને સ્થાન પ્રાપ્ત કરવામાં પડ્યા છે. વીસ વર્ષ સુધી સતત સત્તા ભોગવ્યા પછી કોઈ પણ રાજકીય પક્ષમાં જે શિથિલતા અને ભ્રષ્ટાચાર આવે તે બધા કૉંગ્રેસમાં પેઠા છે. એવા સંજોગોમાં દેશમાં જે કાંઈ બની રહ્યું છે તે માટે કોઈ એક વ્યકિત દોષપાત્ર નથી.

રાજ્યના મુખ્ય મંત્રીઓ પોતે માની લીધેલા પોતાના પ્રદેશના હિતો માટે દેશના હિતને જાહેર રીતે અવગણે છે, હિંસક આંદોલનોને ટેકો આપે છે, કેન્દ્રને ધમકીઓ આપે છે અને તેની અવગણના કરે છે. પછી તે માયસોર હોય, મહારાષ્ટ્ર હોય કે આંધ્ર હોય, દરેક પોતાનો સ્વાર્થ શોધે છે. પોલાદનું કારખાનું પોતાના રાજ્યમાં થવું જોઈએ તેને માટે કોઈ વ્યકિત આમરણાંત ઉપવાસ કરે તો તેને ટેકો આપે છે અને ઉપવાસ છોડે ત્યારે હાજર રહી રસનો ઘૂંટડો પાય છે.

પંજાબનું વિભાજન કરવું પડ્યું પણ તેથી સંત ફતેહસિંહને સંતોષ નથી અને વિશેષ આંદોલનની તે ધમકી આપે છે. બે રાજ્યો થયાં, તેના મોટા મંત્રીમંડળો રચ્યાં, જરા પણ વગદાર હોય તેવી વ્યકિતને ખરીદી લેવા માટે.

વિદ્યાર્થીઓના વ્યાપક તોફાનોનાં કારણો શોધવામાં બધા પડ્યા છે, પણ તેનો ઉપાય કોઈને સૂઝતો નથી અથવા સુઝતો હોય તો તેને અમલમાં મૂકવાની શકિત નથી.

રૂપિયાનું અવમૂલ્યાંકન ઉતાવળે કર્યું. તેને માટે જોઈતી તૈયારી ન હતી, તેમ તેને લાભદાયક બનાવવા જે પગલાંઓ લેવાં જોઈએ તે લેવાયાં નથી. નાણાંપ્રધાન અને વ્યાપારપ્રધાનના ઉગ્ર મતભેદોને કારણે આર્થિક તંત્ર વધારે વણસ્યું છે અને હજી તેમાં એકરાગે કામ થવાની કોઈ શકયતા દેખાતી નથી.

દુર્ભાગ્યે ઈશ્વરની પણ દયા ઓછી છે અને વર્ષ નબળું થયું છે. અન્નસ્થિતિ ભારે કફોડી અને ચિંતાજનક છે.

વધતા જતા ફુગાવા અને મોંઘવારીની ભીંસમાં પ્રજા દળાય છે.

છેલ્લે ગોવધ પ્રતિબંધને નામે પાટનગરમાં તોફાનો થયાં અને રાજકર્તાઓ ભડકી ઊઠ્યા. પ્રજાના પ્રતિનિધિઓએ પાર્લામેન્ટમાં કે વિધાન સભાઓમાં શિસ્ત કે સંયમને તજી દીધા. નાગા બાવા અને જૈન સાધુઓ, ધર્મને નામે, રાજકીય અને હિંસક આંદોલનોની આગેવાની લઈ, પ્રજાની લાગણીઓને બહેકાવી રહ્યા છે. ગોરક્ષા અને ગોસંવર્ધન માટે સેવેલી ભયંકર બેદરકારીને જાણે ઢાંકવા માટે, કાયદાના આધારે ગોધનને બચાવવાનો દાવો કરે છે. માંસાહાર વધી રહ્યો છે તેને અટકાવવાની કોઈની શકિત નથી કે વૃત્તિ નથી, પણ ગોવધપ્રતિબંધ કાયદાથી કરીને અહિંસાનો વિજય થશે એમ તેમનું માનવું છે.

આ બધું જે બન્યું તે કોઈનો ભોગ તો માગે અને નન્દાજી તેનો ભોગ બન્યા છે. ગૃહમંત્રી તરીકે નન્દાજી કોઈ શકિતશાળી કે કુશળ વ્યકિત હતા એમ નથી. ગોવધ પ્રતિબંધ આંદોલનને તો તેમણે કેટલેક દરજ્જે ટેકો આપ્યો હતો. પોતાની અંગત માન્યતાઓ અને પોતાની સરકારની નીતિ વચ્ચેનું મોટું અંતર તે જોઈ ન શકયા. સરકારની આ નીતિ યોગ્ય છે તેમ નથી, પણ તેમાં નિર્ણયાત્મક સ્પષ્ટતા ન હતી, અને એક નન્દાને કાઢવાથી શું વળશે? પાયામાંથી સડો છે ત્યાં ઉપરથી થીગડાં માર્યે શું થાય? નન્દાને સ્થાને કોણ આવે તેમાં વિવાદ થયો. આ તકનો લાભ લઈ થોડા વધારે ફેરફાર કરવાની શ્રીમતી ઈન્દિરા ગાંધીએ કાંઈક હીંમત કરી તો તેમાં તેને નિષ્ફળતા મળી અને તેમની થોડી ઘણી પ્રતિષ્ઠા હતી તે પણ તેમણે ગુમાવી. જે દાદાઓ થઈ બેઠા છે તેમને આવા ફેરફારો પોષાય તેમ ન હતું. શ્રી કામરાજ જે એક મજબૂત વ્યકિત ગણાય છે તે કાંઈક ઉદાસીન થયા હોય તેમ લાગે છે. શ્રીમતી ઈન્દિરા ગાંધીને વડા પ્રધાન તરીકે પોતાના નિશ્ચિત વિચારો હોય અને તે પ્રમાણે વર્તવાનો તેમને અધિકાર છે, પણ તે માટે શકિત જોઈએને? તે ન હોય તો જેના આધારે પોતે આ સ્થાન પર હોય તે આધાર તજી દઈ, બીજાઓની સલાહ પર ચાલવું તે હિતાવહ ન લેખાય.

કેટલાક લોકોની દૃષ્ટિ સ્વાભાવિક રીતે શ્રી મોરારજીભાઈ તરફ વળે છે. કૉંગ્રેસી આગેવાનોમાં એ જ એક બહાર છે. પીઢ, અનુભવી અને દૃઢનિશ્ચયી વ્યકિત તરીકે તેમની શકિતનો લાભ પ્રજાને મળવો જોઈએ એમ કેટલાકને લાગે છે. પણ સૌની સાથે મળીને અથવા સૌને સાથે રાખીને તેઓ કામ કરી શકે તેવી પરિસ્થિતિ હોય તો તેમની શકિતનો ઉપયોગ થઈ શકે. મંત્રીમંડળમાં તેમના આવવાથી અત્યારે જે સંઘર્ષ છે અને પક્ષાપક્ષી છે તે ઘટશે કે વધશે તે પ્રશ્ન છે. ગમે તેટલી શકિતશાળી વ્યકિત હોય તો પણ કેટલાક સંજોગો એવા હોય છે કે જ્યારે એ શકિત કામયાબ નથી થઈ શકતી. એ જ ધનુષ્ય એ જ બાણ!

હકીકતમાં વ્યકિતઓની ફેરબદલીથી સુધારો થાય એવી આ પરિસ્થિતિ નથી. કૉંગ્રેસના આગેવાનોની મનોવૃત્તિ ન પલટાય અને સાચી સેવાની ભાવના ન જાગે ત્યાં સુધી પ્રજાએ સહન કરવું જ રહ્યું. This is a failure of leadership. તેમાં કોઈ વ્યકિત દોષપાત્ર નથી. ચૂંટણી માથે આવી છે ત્યારે ટિકિટો મેળવવા માટે જે ખટપટ, અને પક્ષાપક્ષી દરેક રાજ્યમાં જોવા મળે છે અને જે પ્રકારના ઉમેદવારોની પસંદગી થાય છે તે જોતાં એમ લાગે છે કે હવે પછીનો કેટલોક સમય અસ્થિરતામાં જ જવાનો. કૉંગ્રેસ એક શંભુમેળો છે. તેના સિદ્ધાંતો અને આદર્શો અને તેના વ્યવહાર વચ્ચે મોટું અંતર છે. દુર્ભાગ્યે દેશમાં બીજો કોઈ રાજકીય પક્ષ સત્તાના સૂત્રો સંભાળી શકે તેમ નથી, સંભાળવાને લાયક નથી.

એમ કહેવાય છે કે, નેતાગીરી નિષ્ફળ ગઈ હોય ત્યારે સામાન્યજનોએ જાગ્રત થઈ, દોર પોતાના હાથમાં લેવો જોઈએ. વર્તમાન રાજતંત્રમાં આ બહુ શકય નથી. સામાન્ય જન અકળાય, મૂંઝાય ત્યારે તોફાન કરી શકે, બળવો કે ભડકો કરી શકે, પણ નિશ્ચિતનીતિવાળા સ્થિર રાજકીય પક્ષો ન હોય, ત્યાં અત્યારની 'લોકશાહી'માં રાજપલટો સહેલો નથી. ગ્રામપંચાયતથી માંડીને પાર્લામેન્ટ સુધીની ચૂંટણી પદ્ધતિએ કાંઈક અનિષ્ટ તત્ત્વોને જોર આપ્યું છે. અને રાજસત્તાનાં સૂત્રો પોતાના હાથમાં જેને રાખવા છે તેવા આગેવાનો આવા તત્ત્વોનો સાથ છૂટથી લે છે.

આપણા દેશની સ્થિતિ હદ બહારની વણસેલી છે એમ નથી. એશિયા - આફ્રિકાના બીજા દેશોનાં પ્રમાણમાં ઘણી સારી છે તેમ કહેવામાં અતિશયોકિત નથી. અભાવ છે કુશળ પ્રમાણિક નેતાગીરીનો. દેશના ઈતિહાસમાં આવા સમયો આવે છે. આવી અસ્થિર પરિસ્થિતિ લાંબો વખત પણ ચાલે અને પ્રજાની ધીરજ ખૂટે અને એવી આગેવાની ઉપર આવે અથવા એવી કોઈ ઘટના બની જાય તો એમાંથી એકાએક ક્રાંતિ થઈ જાય. **ચીમનલાલ ચકુભાઈ શાહ**

❋ માથેરાનની શિબિર ❋

ગયા મહિનાની તા. ૨૩ થી ૨૫ એમ ત્રણ દિવસ જીવન જાગૃતિ કેન્દ્રના ઉપક્રમે માથેરાનમાં આચાર્ય રજનીશજીના સાંનિધ્યમાં એક અધ્યાત્મક શિબિર યોજવામાં આવી હતી. આ શિબિરમાં લગભગ ત્રણસો ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો. આમાં જૈનો તેમ જ જૈનેતરો સામેલ થયા હતા. ફક્ત મુંબઈથી જ નહિ પણ મહારાષ્ટ્ર અને ગુજરાતનાં અન્ય શહેરોમાંથી પણ અનેક સુશિક્ષિત ભાઈ–બહેનો આ શિબિરમાં ઉપસ્થિત થયાં હતાં. આ અગાઉની શિબિરોમાં જેમણે ભાગ લીધો હતો તેમની હાજરી મોટા પ્રમાણમાં હતી, જ્યારે પ્રથમ વાર જ શિબિરમાં ભાગ લેનારાઓની સંખ્યા પણ સાવ નાની તો ન જ કહેવાય.

માથેરાન ફક્ત હવા ખાવાનું જ સ્થળ નથી. માનસિક ચિન્તાઓનું મુક્તિધામ પણ છે. શાંત અને સ્વસ્થ થવા માટે સ્થળનું પણ મહત્ત્વ છે. એટલે શિબિર માટેનું આ સ્થળ સર્વ રીતે ઉચિત હતું. આ દિવસોમાં બહુ ઠંડી ન હતી, ઉકળાટ પણ ન હતો. આંખને ઠારતી હરિયાળી, લીલાંછમ ખેતરો, સ્વચ્છ આકાશ, ગાઢ જંગલોની વચ્ચે સગવડોથી ભરેલી કુટિરો, એટલે કે રુબી હૉટેલ, અને પંખીઓનો કલરવ, ચિત્તને પ્રસન્નતાનો અનુભવ કરાવતા હતા. ક્યાંક ક્યાંક સૂકાં પર્ણો વન ગજવતાં હતાં અને ત્યારે પરમાનંદભાઈનાં પુત્રી–ગીતાબહેને લખેલું પેલું મુકતક યાદ આવી જતું–'સૂકાં પર્ણો વન ગજવતાં ... શાંત લીલાં સદાયે.'

શિબિરનો રીતસરનો કાર્યક્રમ તો રવિવાર તારીખ ૨૩મીથી શરૂ થતો હતો. પરંતુ શનિવાર સાંજ સુધીમાં બધાએ માથેરાન પહોંચી જવાનું હતું. એટલે, સૌ પ્રથમ બેઠક શનિવાર રાતે રુબી હૉટેલના વિશાળ પ્રાંગણમાં ખુલ્લા આકાશ નીચે શશીનાં શિતલ કિરણોનાં પ્રકાશમાં મળી ત્યારે વાતાવરણમાં એક જાતની ગંભીરતા, અને આત્મદર્શન માટેની પૂરી ઝંખના શિબિર–સભ્યોમાં દેખાતી હતી.

આચાર્ય રજનિશજીએ શિબિરનું મહત્ત્વ સમજાવતાં કહ્યું–

"તમારે ભૂલી જવાનું છે તમે માથેરાનમાં છો. તમારે એ પણ ભૂલી જવાનું છે કે, અહીં તમારે કોઈ મિત્ર છે–કોઈ અખબાર છે–કોઈ રાજનેતા કે અભિનેતા છે. બધા જ સંબંધોને શિથિલ કરી દો. ન ઘરને યાદ કરો, ન કોઈ આદતોને યાદ કરો. ત્રણ દિવસ બને તેટલું મૌન, બને તેટલો પ્રકૃતિ સાથે પ્રેમ અને તાદાત્મ્ય, બને તેટલી એકલતા સાધો. ત્રણ દિવસમાં તમારે સજગતાનો અનુભવ કરવાનો છે. સ્પંદનને જગાડવાનું છે. ક્ષુદ્ર અને વ્યર્થ વાતોમાંથી મુકત થવાનું છે. શિબિરનું ધ્યેય છે સાર્થક ચિંતન અને આત્મદર્શન."

શિબિરમાં નીચે મુજબ કાર્યક્રમ રહેતો:–

સવારનાં ૯ થી ૧૦ પ્રવચન અને ત્યાર બાદ ધ્યાન.

સાંજના ૪ થી ૫ પ્રશ્નોત્તરી

રાતે ૯ થી ૧૦ પ્રશ્નોતરી અને ધ્યાન.

છેલ્લા દિવસે સાંજનું પ્રવચન રદ કરીને એ સમય અંગત મુલાકાતો માટે રાખવામાં આવ્યો હતો. સવારનું પ્રવચન સાંભળ્યા પછીના ધ્યાનમાં બધાએ દૂર દૂર–કોઈને સ્પર્શ કર્યા વિના–બેસી જવાનું અને જાગરણને ઘટ્ટ કરવાનું એટલે કે શાંત બેસી, ભિતર પ્રતિ જાગવાનું–આમ છતાં ય, બહારની પ્રકૃતિથી પરિચિત રહેવાનું, અને સમગ્ર જાગૃતિ Total Awareness કેળવવાની હતી. ધ્યાનમાં બેઠા હોઈએ ત્યારે આચાર્યશ્રી પંદર મિનિટ સુધી, સમાધિમાં જવાની ક્રિયાનું ધીમે ધીમે વર્ણન કરતા અને એમનાં શબ્દો કાને પડતા હૃદય સુધી પહોંચી જતાં.

રાત્રિનાં ધ્યાનમાં નિદ્રાને ઘટ્ટ બનાવવાની હતી એટલે કે નિદ્રા તરફ જવાનો આ પ્રયોગ હતો. શરીરને શિથિલ બનાવી, શિથિલતાને દૂર સુધી લઈ જવાની શ્વાચ્છોશ્વાસને લયબદ્ધ બનાવવાનો અને શાંતિથી, સૂઈ જવાનું. જે નિદ્રા માણી શકે છે એ જ જાગૃતિ માણી શકે છે–આચાર્યશ્રીનું આ કથન પણ કેટલું બધું કહી જાય છે.

આચાર્યશ્રીનાં પ્રવચનોનો મુખ્ય સાર એ હતો કે માણસે ત્રણ બોધ લેવા જોઈએ. અજ્ઞાનનો બોધ–રહસ્યનો બોધ અને અભાવનો બોધ.

અજ્ઞાનનો બોધ

"મનુષ્યની ઉપર આજે ઉધાર 'જ્ઞાન'ની ધૂળ લાગી છે. અજ્ઞાની સત્યથી વંચિત હશે પણ ઉધાર–જ્ઞાની સત્ય ઉપલબ્ધ કરતો નથી. જ્ઞાન તો ઉધાર ભેગું કરી શકાય છે. આજે તો ઉધાર જ્ઞાન ભેગુ કરવાના ઉપાયો વધતા જાય છે. ઉધાર જ્ઞાન લેવાનું બંધ થાય તો જ સાચું વાસ્તવિક જ્ઞાન મળે. અજ્ઞાની અજ્ઞાનની પીડાથી અકળાઈ જ્ઞાન ભેગું કરવા માંડે છે, વચનો ભેગા કરવા માંડે છે, અને પોતાને જ્ઞાની કહેવડાવે છે. 'આત્મા છે' એમ કહે છે ત્યારે પણ એ જ્ઞાન આજુબાજુમાંથી, શાસ્ત્રોમાંથી આવેલું જ્ઞાન છે અને હજારો માણસ આ ઉધાર જ્ઞાનના સહારાથી જીવે છે. ઉધાર જ્ઞાન એ મિથ્યા જ્ઞાન છે, જ્યારે સમ્યગ્ જ્ઞાન એ તો સ્વમાંથી આવે. મહાવીરનું જ્ઞાન અન્ય માટે પરાયું છે એટલે એ મિથ્યા અને અસત્ય થઈ જાય છે અને સત્યના આગમનમાં દીવાલ ઊભી કરે છે. માણસને મન આત્મા એ કલ્પનાથી વધારે શું છે? આજે ભક્તો ગુરુની ફજેતી ન થાય એ માટે લડે છે, મહાવીરની ફજેતી ન થાય એ માટે જૈનો લડે છે અને મહાવીરને મોટામાં મોટા, બીજાના ભગવાનથી પણ મોટા બનાવવામાં સૌ લાગી પડયા છે.

આપણું જ્ઞાન નિરાધાર છે–આમાં પ્રાણ નથી. જે જ્ઞાન મારું નથી એને મારું માનવામાં મેં મારી વંચના કરી છે. આ જ્ઞાન તો માનવીને બાંધે છે. એને તોડવાની જરૂર છે. ઈશ્વર નથી એમ કહેનાર ઈશ્વર છે ની સાબિતી આપે છે. જેમણે ઈશ્વરનું પ્રમાણ આપ્યું છે તેઓ સંભવ છે કે નાસ્તિક હોય. અનુભવ ઉપરનું જ્ઞાન જ સાચું જ્ઞાન છે.

આપણે કેમ જન્મ્યા–આપણે શું છીએ–અને આપણું મૃત્યુ પછી શું થશે–આની કશી જ ખબર નથી. અને આ જ ખરી ખબર છે કે આપણને કશી જ ખબર નથી. સીધી સાફ વાત છે. બધું જ અજ્ઞાન - અને એટલે જ અજ્ઞાનનો બોધ એટલે કે તે અંગેની સભાનતા જ્ઞાનની દિશાનું પહેલું પગથિયું છે. અજ્ઞાનનો બોધ જીવનની ક્રાંતિ લાવે છે. અજ્ઞાનના બોધમાં બોધનું પહેલું બીજ રહેલું છે જે વિકસાવી શકાય છે. અજ્ઞાન આપણી ભૂમિકા છે અને શાસ્ત્રોએ આ ભૂમિકા નષ્ટ કરી છે. બાકી અજ્ઞાનને તો, કોઈએ Divine Iignorance પણ કહ્યું છે.

અને જો આ 'બોધ' થઈ જાય તો વ્યકિતનું પરિવર્તન શરૂ થઈ જાય–શિબિરમાંથી પાછા જાઓ ત્યારે જ્ઞાનનો ભાર અહિં મૂકીને જાઓ, અજ્ઞાની થઈને જાઓ, અને આમ કરશો તો તમારો દંભ ગળી જશે અને વિનમ્રતા આવશે. સત્યના અનુભવ માટે અજ્ઞાનના બોધની પહેલી જરૂરત છે.

રહસ્યનો બોધ

અજ્ઞાનના બોધની વાત કરી આચાર્યશ્રીએ જ્ઞાનનાં જૂઠા પ્રકાશને બૂઝાવી દેવાનો અનુરોધ કર્યો અને પછી કહ્યું, 'અજ્ઞાનના બોધથી જીવન રહસ્યથી ભરાઈ જશે. મિથ્યાજ્ઞાન હઠાવ્યું એટલે જીવનમાં અદ્ભૂત રહસ્ય ઊભું થશે. જીવન ચારે ય બાજુ રહસ્યમય છે, પરંતુ વચ્ચે 'થોથા જ્ઞાન' આવી જાય છે. દરેક વસ્તુની આપણે વ્યાખ્યા બાંધી દીધી છે, આથી ચિત્તમાં રહસ્યની, આશ્ચર્યની, સ્તબ્ધતાની લહેર ઉઠતી નથી. વ્યાખ્યા રહસ્ય ખલાસ કરી દે છે. એટલે જ જ્યાં અજ્ઞાન છે ત્યાં રહસ્ય છે. આપણે છીએ તો

જૈન સમાજને એકત્ર બનવાનું આવ્હાહન

"આપણામાં માન્યતાભેદ અતિ અલ્પ છે: માન્યતાનું સામ્ય અતિ વિશાળ છે"

(ગત ઑક્ટોબર માસની ૧૮-૧૯મીના રોજ વર્ધા ખાતે મળેલા ભારત જૈન મહામંડળના અધિવેશનના પ્રમુખસ્થાનેથી કરવામાં આવેલ શેઠ અમૃતલાલ કાળીદાસ દોશીના અધ્યક્ષીય અભિભાષણમાં જૈન સમાજની એકતાને અનુલક્ષીને રજૂ કરવામાં આવેલા વિચારો.)

એકતાની આવશ્યકતા

એમ વિચારવામાં આવ્યું હતું કે આઝાદી બાદ રાષ્ટ્રહિતનો ખ્યાલ રાખીને રાષ્ટ્રનિર્માણનું કામ થશે અને દેશના લોકો સુખી થશે. પણ સ્વાર્થવૃત્તિના કારણે એમ બનવા પામ્યું નથી, અને પ્રાન્ત, ભાષા, જાતિ, વર્ગ અને ધર્મોના ભેદોને જોર મળતાં રાષ્ટ્રીય હિતોની અવગણના થઈ છે. જેઓ રાષ્ટ્રીયવૃત્તિના લોક હોય તેમને સહજમાં અન્યાય થઈ જાય છે, કારણ કે બહુસંખ્ય લોકો જાતીયતાના બળ ઉપર અલ્પસંખ્ય લોકો ઉપર અન્યાય કરે છે. આપણે આ બાબતમાં જાગૃત રહેવું એ અત્યન્ત આવશ્યક છે. કારણ કે આપણે અલ્પસંખ્ય છીએ. જૈનો હંમેશા રાષ્ટ્રીય તથા ઉદાર વૃત્તિના રહ્યા છે. પરંતુ જેમ જેમ જાતીયતાને ઉત્તેજન મળતું રહ્યું તેમ તેમ તેમની શક્તિ તથા યોગ્યતાનો રાષ્ટ્રીય ક્ષેત્રમાં ઉપયોગ ઓછો થતો રહ્યો છે. આ આપણું સંગઠ્ઠન માત્ર જાતિહિત માટે નહિ પણ રાષ્ટ્રીય તેમ જ માનવહિત માટે છે. આપણે અન્યાયનાં હિતોનું અપહરણ ન કરતાં અન્યની સેવા કરીએ છીએ. એમ છતાં પણ અન્ય જનોની સેવાની સાથે સાથે આપણું અસ્તિત્ત્વ પણ આપણે કાયમ રાખવાનું છે અને સ્વાભિમાન પણ. જેઓ સ્વાભિમાનની સાથે જીવવાનું નથી જાણતા તેમની સ્થિતિ એવી થશે કે જેવી યહુદીઓની થઈ. તેઓ બુદ્ધિમાન હતા, વૈજ્ઞાનિક હતા, વ્યાપારી હતા, પણ હિટલરની ગુંડાગીરી સામે કોઈ પણ પ્રકારનો પ્રતિકાર કર્યા સિવાય તેઓ માથું નમાવતા રહ્યા. પરિણામ એ આવ્યું કે બકરાં ઘેટાંની માફક આઠ લાખ યહૂદીઓએ નાશને પ્રાપ્ત કર્યો. આપણે ઈતિહાસની આ ઘટનામાંથી પાઠ શિખવાનો છે અને એક બનવાનું છે.

આપણા મતભેદો

આપણી વચ્ચે જે વિઘટન દેખાય છે, જૂદાઈ દેખાય છે તેના મૂળમાં જ્યારે આપણે ઉતરીએ છીએ ત્યારે આશ્ચર્ય થયા વિના રહેતું નથી. જૈન સંપ્રદાયોનાં મૂળ તત્ત્વોમાં જરા પણ ભેદ છે નહિ. જેઓ અનેકાન્ત દૃષ્ટિમાં નથી માનતા એવા હિન્દુઓમાં તાત્ત્વિક વાતોમાં મતભેદ હોવા છતાં પણ તેઓ હિન્દુના રૂપમાં એક છે. તેમનામાંના કોઈ સૃષ્ટિના કર્તાહર્તા ઈશ્વરને માને છે તો કોઈ ઈશ્વરને એ રૂપમાં નથી માનતા, પણ આપણે જૈનો તો ૨૪ તીર્થંકરોને એકસરખી રીતે માનીએ છીએ, અહિંસા, અનેકાન્ત, અપરિગ્રહ આદિ તત્ત્વોને એકસરખી રીતે સ્વીકારીએ છીએ, કર્મસિદ્ધાન્ત, સદ્‌ગુણોપાસના, ભક્તિસ્વરૂપ—આ સર્વ વાતો આપણામાં એકસરખી છે. સર્વ જૈનો કષાયોમાંથી છૂટવાના અને વીતરાગ અવસ્થા પ્રાપ્ત કરવાના આદર્શમાં એકસરખી શ્રદ્ધા ધરાવે છે. ભેદ બહુ થોડો છે. કોઈ કહે છે કે સ્ત્રીમુક્તિ થાય છે, કોઈ કહે છે થતી નથી, પણ એ માટે ઝગડવાની આજના વખતમાં કોઈ આવશ્યકતા નથી, કારણ કે આપણી માન્યતા મુજબ આ સમયમાં તો કોઈ જીવ મોક્ષ પ્રાપ્ત કરી શકે તેમ નથી. કોઈ મૂર્તિને અલંકાર પહેરાવે છે. કોઇ નથી પહેરાવતું; પણ આત્માના વિકાસમાં કે સાધનામાં કે તત્ત્વજ્ઞાનમાં કોઈ અન્તર નથી. જે થોડું સરખું અન્તર આચાર-વિચારોમાં કે વિધિવિધાનોમાં છે તે સંબંધમાં વાદવિવાદ કરવો તે અનેકાન્તના ઉપાસકોને માટે યોગ્ય નથી. આપણે પોતપોતાની માન્યતાઓ પ્રત્યે આસ્થા રાખવા સાથે અન્ય પ્રત્યે ઉદારતા રાખી શકીએ છીએ અને એ માટે પરસ્પર મળવું હળવું અને એક મંચ ઉપર એકઠા થવું એ અત્યન્ત જરૂરી છે. અને એ કાર્ય વર્ષોથી ભારત જૈન મહામંડળ કરતું આવ્યું છે. તે કહે છે કે આપ આપની માન્યતાઓ પ્રત્યે નિષ્ઠા રાખો, આપના આચાર વિચારોનું પાલન કરો, પણ જે પ્રશ્નો આખા સમાજને સ્પર્શે છે તેમાં તો એકત્ર બનો. ધર્મ સંપ્રદાય યા ગચ્છથી ઉપર છે એ બાબતને ધ્યાનમાં રાખો.

મતભેદ તો હર સંપ્રદાય, ગચ્છ એમ જ વ્યક્તિમાં હોવાનો, પણ તેનો આગ્રહ પરમ અનાગ્રહી ભગવાન મહાવીરના અનુયાયીઓ માટે શોભાસ્પદ નથી. આ ઉપરથી આશા રાખવામાં આવે છે કે જૈનો મતભેદને મનભેદમાં પરિવર્તિત થવા નહિ દે. જે મતભેદ કે વિવાદ નજરે પડે છે એ મટવા જ જોઈએ, કારણ કે આપણે જીંદગીભર લડતા રહીએ એમાં કોઈને લાભ છે નહિ, હાનિ હાનિ જ છે અને આપણા સમાજના પ્રબુદ્ધ તેમ જ વિચારશીલ નેતાઓમાં આપણો વિશ્વાસ છે કે તેઓ જરૂર એવો માર્ગ કાઢશે કે જેથી જૈન સમાજ હળીમળીને સમાજ, રાષ્ટ્ર તથા માનવહિત સાધવામાં પોતાની શક્તિ તેમ જ સાધનોને સંલગ્ન કરશે.

આપણે એક જગ્યાએ એકઠા થઈએ!

આપણે જોઈ રહ્યા છીએ કે પ્રાન્ત, રાજ્ય, દેશ તેમ જ સંસારમાં સર્વત્ર અસંતોષ તેમ જ અશાંતિ છે. એવી ફ્રેંટક સ્થિતિ છે કે માલુમ પડતું નથી કે ક્યાં ક્યારે લડાઈ, વિદ્રોહ કે સંઘર્ષ ઊભો નહિ થાય. તેનાં દુષ્પરિણામોથી માનવજાતિ બચી શકે તેમ છે જ નહિ. પ્રેમ તેમ જ સમન્વય વિના, અહિંસા તેમ જ અનેકાન્ત વિના માનવજાતિની સમસ્યાઓ ઉકલી શકે તેમ નથી. સમસ્યા ભલેને વ્યક્તિની હોય કે રાષ્ટ્ર યા જગત્‌ની હોય, તેના મૂળમાં આપણને માલુમ પડશે કે વિદ્વેષ, ધૃણા, ઈર્ષ્યા, આગ્રહ તેમ જ અહંકાર જ રહેલાં છે. આમ હોવાથી સર્વ ક્ષેત્રોમાં અહિંસા તેમ જ અનેકાન્તનો પ્રયોગ આવશ્યક છે. આ મહાન કાર્ય કરવાની જવાબદારી સહજ રૂપમાં જૈનો ઉપર આવે છે. પ્રત્યેક ક્ષેત્રમાં—પછી આપણો સાંપ્રદાયિક મામલો ઉકેલવાનો હોય અથવા તો રાષ્ટ્રીય સંકુચિતતા દૂર કરવાની હોય—આનો જ પ્રયોગ કરવાનો રહેશે. આ ત્યારે થઈ શકે એમ છે કે જ્યારે આપણે એક જગ્યાએ એકઠા થઈએ અને સાથે બેસીને આપણી સમસ્યાઓનો વિચાર કરીએ.

અમૃતલાલ કાળીદાસ દોશી

આચાર્ય રજનીશજીની સાધનાશિબિર

પ્રબુદ્ધ જીવનના ગતાંકમાં આ અંગે પ્રસિદ્ધ કરવામાં આવેલી જાહેરાતમાં થોડો ફેરફાર કરવામાં આવ્યો છે. શકિતદળના ઉપક્રમે યોજવા ધારેલી માત્ર બહેનો માટેની તા. ૨૧ થી ૨૩ સુધીની શિબિર રદ કરવામાં આવી છે, પણ એના બદલે જીવન જાગૃતિ કેન્દ્ર તરફથી મલાડ પશ્ચિમ વિભાગમાં આવેલ આદર્શ દુગ્ધાલયના સ્થળે તા. ૧૯મી નવેમ્બર શનિવાર રાત્રીથી તા. ૨૨ મી નવેમ્બર રાત્રિ સુધી—એમ સાડાત્રણ દિવસની સાધનાશિબિર ગોઠવવામાં આવી છે. આ શિબિરમાં હંમેશાં રાત્રીના ૮ થી ૯-૩૦ અને સવારના ૮ થી ૯ એમ આચાર્યશ્રીનાં કુલ સાત વ્યાખ્યાનો થશે. આ શિબિરમાં જીવન જાગૃતિ કેન્દ્ર કાર્યાલય, (એડવર્ડ સીનેમા સામે, ૫૦૫, કલબાદેવી રોડ, ટે.નં. ૨૨૩૩૧)માં રૂ. ૫ ભરીને પ્રવેશપત્ર મેળવીને કોઈ પણ ભાઈ-બહેન ભાગ લઈ શકશે.

એક વિશેષ પ્રસ્તાવ

ભારત જૈન મહામંડળના વર્ધા ખાતે મળેલા અધિવેશનમાં પસાર કરવામાં આવેલા પ્રસ્તાવોની યાદી પ્રબુદ્ધ જીવનના ગતાંકમાં આપવામાં આવી છે તેમાં એક પ્રસ્તાવ પ્રગટ કરવો રહી ગયો હતો તે પ્રસ્તાવ નીચે મુજબ છે:—

"સામાજિક શિક્ષા, ઔષધીય સહાયતા, સાહિત્ય આદિ વિભિન્ન સેવાક્ષેત્રોમાં કાર્ય કરતી સાંપ્રદાયિક સંસ્થાઓને ભારત જૈન મહામંડળ નિવેદન કરે છે કે તેમના કાર્યનું ક્ષેત્ર સમસ્ત જૈન સમાજ સુધી વ્યાપક બનાવે અને સમસ્ત જૈન સમાજને સ્પર્શ કરતા પ્રશ્નો તરફ વિશેષ ધ્યાન આપે."

થા માટે? પક્ષીઓ ગીત ગાય છે તો શા માટે? બીજમાંથી વૃક્ષ શા માટે? વાદળમાંથી પાણી શા માટે? જેને રહસ્ય માલુમ નથી એને પરમાત્માનું રહસ્ય નહિ સમજાય. આપણી આંખો વ્યાખ્યાઓથી, સિદ્ધાંતથી આંધળી થઇ ગઈ છે. વ્યાખ્યાઓ નડતરરૂપ છે. આજે વિજ્ઞાન અને ધર્મ રહસ્ય નષ્ટ કરી રહ્યા છે. આપણે જીવીએ છીએ અજ્ઞાનના કારણે—જીવનનાં પ્રતિરહસ્યનો બોધ અનિવાર્ય છે - રહસ્ય પ્રત્યે આપણે અભિમુખ થવું જોઈએ. અને અસીમ અનંત પ્રતિ હૃદયને ખોલવું જોઈએ. ચારે તરફ ફેલાયેલી - પ્રકૃતિ એ પરમાત્માનું ઘર છે. એની પાસે જાઓ પ્રેમ કરો, કેમ કોઈ ઝાડપાન પક્ષી ઉદાસ નથી અને માણસ જ ઉદાસ છે? એને કેમ કાંટા જ કાંટા દેખાય છે અને ફૂલ દેખાતું નથી? કારણ એના જીવનમાં કોઈ કાવ્ય નથી, કોઈ સંગીત નથી, કોઈ પ્રેમ નથી. એણે જીવનનો કોઈ પરિચય કર્યો નથી, ચિત્ત ઉપર નિરંતર સજાગ થવાની આજે જરૂર છે. જ્ઞાનને જવા દેશો તો રહસ્ય આવવા માંડશે."

અભાવનો બોધ

અજ્ઞાનનો બોધ અને રહસ્યનો બોધ - આ બે બિંદુઓ ઉપર વિચાર કર્યા પછી અભાવનાં બોધ ઉપર બોલતાં આચાર્યશ્રીએ કહ્યું– 'માણસમાં જો રહસ્યનો બોધ ન હોય તો માણસ સીમિત બની જાય છે. માણસ જ્ઞાનથી શું ભરવા માંગે છે અને તે પ્રકૃતિથી કેમ દૂર રહ્યો છે આનો આપણે વિચાર કરવો જોઈએ. માણસ માત્ર જીવનભર સંગ્રહ જ કરતો હોય છે. શું સંગ્રહ કરે છે એ જૂદી વાત છે. 'ત્યાગ' નો પણ સંગ્રહ કરવામાં આવે છે–'ઉપવાસ'ની પણ ગણતરી થાય છે. એટલે જ્યાં ગણિત છે ત્યાં સંગ્રહ છે. કેટલું ધન તેમ કેટલો ત્યાગ એનો પણ હિસાબ થાય છે અને આમ ત્યાગ પણ સંપત્તિ બની જાય છે. આનું કારણ અંદર કંઈકનો અભાવ છે. અનિવાર્ય શૂન્યતાથી–શૂન્યથી–તે ડરે છે અને એથી કંઈક ભર્યા કરે છે. એને Nothingness નો ભય છે. સંગ્રહની વૃત્તિ એ છટકબારી છે. Original emptiness એ આપણો સ્વભાવ છે. અભાવ એ સ્વભાવ છે.

આજે દુ:ખોને છોડવાની અને સુખોને ભેગા કરવાની દોડ ચાલી છે. દુ:ખ સુખથી અલગ થોડું છે? સુખની છાયા દુ:ખ છે. નવાં સુખો નવાં દુ:ખો લાવે છે. ભીતર સંપૂર્ણ અભાવ છે. આ અભાવના બોધ પ્રતિ જાગવાની જરૂર છે. બહાર એકઠું કરવાથી શું તે અંદર જઈ શકશે? 'અંદર' નો અર્થ જ્યાં કશું બહારથી ન જઈ શકે. આજે માણસને મોક્ષની ઈચ્છા થાય છે પણ એ ભૂલી જાય છે કે જ્યાં ઈચ્છા છે ત્યાં સંસાર છે. મોક્ષને શોધવાનો હોતો નથી. 'અભાવ' માં જીવવા માટે તૈયાર થવાની ક્ષણ જ મોક્ષ છે. જે તમે છો તે જ ઠીક છો - 'ભીતર'માં છલાંગ લ્યો, અભાવમાં છલાંગ ભરો, એથી ભાગો નહિ અને તમને આત્માનું દર્શન થશે. અભાવમાં જીવવાથી જ પરમાત્મા મળે છે. ભરવાની કોશીષ છોડી દેવી તે છે ત્યાગ. મંદિરમાં જવાની જરૂર નથી-અભાવમાં જાઓ. જ્યાં મહત્ત્વાકાંક્ષા છે ત્યાં અવસ્થા છે. જે કોઈને માનતો નથી એ જ સ્વને જાણતો થાય છે."

આમ આચાર્યશ્રીનાં પ્રવચનોમાંથી આપણને જીવનની એક ચોક્કસ દૃષ્ટિ મળે છે. ઉપરનાં ત્રણ સૂત્રો ઉપર જો દૃષ્ટિ આવી જાય તો ક્રાંતિ આવે, નવા મનુષ્યનો જન્મ થાય.

શિબિરમાં ભાગ લેનાર દરેક ભાઈ - બહેનોને એટલી ફરજો તો આવી જ હશે કે પ્રત્યેક વ્યક્તિમાં અપાર શક્યતાઓ રહેલી છે અને ધાર્મિકતા ચાંદલામાં કે જનોઈમાં નથી પણ આમૂલ પરિવર્તનમાં રહેલી છે.

શિબિરનાં પ્રશ્નોત્તરી કાર્યક્રમમાં ઘણાં બુદ્ધિગમ્ય પ્રશ્નો પૂછાતાં હતાં. શું જીવનમાં અનુશાસનની આવશ્યકતા નથી? આ પ્રશ્નનો જવાબ આપતા આચાર્યશ્રીએ કહ્યું કે વિવેક, પ્રજ્ઞા, જાગરણ, બોધ નથી એટલે અનુશાસનની લાકડીની જરૂર છે. માણસ અંદર અસંસ્કૃત છે. ઉપર સંસ્કૃત છે.

આજે દેશમાં વિદ્યાર્થીઓના તોફાનો અંગે આચાર્યશ્રીનો અભિપ્રાય પૂછતાં તેઓશ્રીએ કહ્યું, 'સત્ય માટે બાળકને મુક્ત કરવાની જરૂર છે. આજે સમાજ બાળકને વિવેક નથી દેતો, વિચાર દે છે, સમાજ મરેલાની પૂજા કરે છે. મૂડદાનો સમાજ જીવિત માણસની પૂજા નથી કરતો. એટલે બાળકને આકાશ નથી દેખાતું, દીવાલ દેખાય છે. તેમને પોલીસ ચોકીને નુકસાન કરવાનું હું નથી કહેતો; હું તો કહું કે કોઈ મોટી બુનિયાદી ક્રાંતિ કરો. બાકી Disciplined માણસ એને હું મરેલો માણસ કહું છું.

આ ઉપરાંત 'મોક્ષ છે કે નહિ ?' 'વૃત્તિઓ કેમ બદલાય?' વિગેરે વિગેરે પ્રશ્નો આવ્યા હતા.

માથેરાનની શિબિરે સૌનાં ચિત્તમાં એક નવા વિચારનું બીજ જરૂર રોપ્યું છે. આશા રાખીયે આ બીજ ફૂલેફાલે.

શિબિરમાં અન્ય ખાવાપીવા-રહેવા વિગેરેની વ્યવસ્થા સુંદર અને સંતોષકારક હતી. આ માટે રબી હૉટેલનાં માલિક શ્રી રમણલાલ ઠક્કર અને શિબિરની સમગ્ર જવાબદારી લેવા માટે 'જીવન જાગૃતિ કેન્દ્ર'નાં કાર્યકરો અંતરનાં અભિનંદનનાં અધિકારી બને છે.

ચીમનલાલ જે. શાહ

મુંબઈ આવી રહેલાં શ્રીમતી વિમળાબહેન ઠકારનો કાર્યક્રમ

શ્રીમતી વિમલાબહેન ઠકાર તા. ૨૦મી નવેમ્બર રવિવારના રોજ દશ દિવસ માટે મુંબઈ આવી રહ્યાં છે તે પ્રસંગે મુંબઈ સર્વોદય મંડળ તરફથી તેમનાં વ્યાખ્યાનો અંગે નીચે મુજબનો કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો છે:–

તા. ૨૦મી રવિવાર સાંજના ૪ વાગે સાન્તાક્રુઝ સર્વોદય મિત્ર મંડળ દ્વારા સભા, સાન્તાક્રુઝ.

તા. ૨૧ સોમવાર રાતના ૯ વાગ્યે બહેનોની સભા, બાલાસીનોર મંડળ દ્વારા, સી. સી. ટૅંક, મુંબઈ.

તા. ૨૨ મંગળવાર રાતના ૯ વાગે બહેનોની સભા, કાંદીવલી–બોરીવલી.

તા. ૨૩ બુધવાર બપોરે ૩ વાગ્યે બહેનોની સભા, એસ. એન. ડી. ટી. કૉલેજ તથા સાંજના ૬ વાગ્યે નિમંત્રિતોની સભા, ઈન્ડિયન મરચન્ટસ ચૅંબરના હૉલમાં, મુંબઈ.

તા. ૨૪ મી ગુરુવાર, સાંજે ૬-૧૫ રીનેસન્સ ક્લબ, સોશિયલ સર્વીસ લીગ, સરવન્ટ ઑફ ઈન્ડિયા સોસાયટી, મુંબઈ.

તા. ૨૫મી શુક્રવાર બપોરે ૩-૧૫ વાગ્યે મીઠીબાઈ કૉલેજ વીલેપાર્લે અને રાત્રીના ૯ વાગ્યે, જૈન ભવન, સાયન.

તા. ૨૬મી શનિવાર, સાંજે ૪-૩૦ વાગ્યે સર્વોદય શિક્ષણ સંઘ, મુંબઈ તથા રાત્રે ૯ વાગ્યે જાહેર સભા, મલાડ.

તા. ૨૭ મી રવિવાર સવારના ૬ વાગ્યાથી ૧૧-૨૫ સુધી યુથ રેલી તથા યુવક સંમેલન, વીલેપારલે અને રાત્રીના ૮-૩૦ વાગ્યે ગ્રુપ મિટિંગ, કાલબાદેવી રોડ, મુંબઈ.

તા. ૨૮મી સોમવાર, સાંજના ૪-૩૦ વાગ્યે જાહેર સભા, ખાદી ગ્રામોદ્યોગ કમિશન, વીલેપારલે અને રાત્રે ૯ વાગ્યે સભા, મુલુંડ.

તા. ૨૯મી મંગળવારે બહેનોની સભા હિંદુ સભા હૉલ, ઘાટકોપર અને રાત્રીના ૯ વાગ્યે જાહેર સભા હિંદુ સભા હૉલ, ઘાટકોપર.

તા. ૩૦મી બુધવાર બપોરે ૩ વાગ્યે બહેનોની સભા મણિબા હૉલ, સાયન પૂર્વ અને રાત્રે ૯ વાગ્યે જાહેર સભા, દાદર.

तमसो मा ज्योतिर्गमय ।

સંસારે સઘળે ભલે અસત્ છે, શું સત્ય છે ક્યાંય ના?
જ્યાં ત્યાં દુ:ખવિષાદ છો વરતતાં, શું ભદ્ર દેખાય ના?
છે સર્વત્ર કુરૂપ ને મલિનતા સૌન્દર્ય તો યે લસે!
રે રે જીવનમાં સદા નિરખિયે સત્યં શિવં સુન્દરમ્ ।।

નઠવર મ. દવે

બિનસાંપ્રદાયિકતા

ભારત એક બિનસાંપ્રદાયિક રાજ્ય છે એમ આપણે કહીએ છીએ. બિનસાંપ્રદાયિક રાજ્ય એટલે શું ? આ શબ્દ અંગ્રેજી Secular state નો પર્યાય છે. સેકયુલર સ્ટેટનો ખ્યાલ પશ્ચિમનાં દેશોમાં વિશિષ્ઠ સંજોગોમાં વિકસ્યો છે. એનો એક અર્થ એ છે કે રાજસત્તા ધાર્મિક બાબતોમાં કોઈ અધિકાર ભોગવે નહિ અથવા દખલગીરી કરે નહીં. અહીં, વ્યકિતગત ધર્મ કરતાં સ્થાપિત ધાર્મિક સંસ્થા અથવા સંપ્રદાય Established church લક્ષમાં છે. રાજ-સત્તા અને ધાર્મિકસત્તા (Ecclesiastical Power) એ બે વચ્ચે ઘર્ષણ ટાળવા આ કલ્પના ઊભી થઈ. ખ્રિસ્તીધર્મની શરૂઆતમાં નવા ધર્મના અનુયાયીઓને તે સમયની રાજસત્તા તરફથી ભારે ત્રાસ અને હાડમારી વેઠવાં પડતાં હતાં. ક્રાઈસ્ટનો વધ રોમન સામ્રાજ્યના પ્રતિ-નિધિના હુકમથી જ થયો. પોતાના ધર્મમાં સુદઢ રહેવા અને ધાર્મિક સ્વતંત્રતા જાળવી રાખવા, તે સમયે, ક્રાઈસ્ટે એવી સલાહ આપી કહેવાય છે કે: "Render unto ceasar the things that are ceasor's and unto God the things that are God's."

સેકયુલર સ્ટેટ જેને કહે છે તેનો પાયો આ રીતે નખાયો. Seperation of State and Church. એક સમય એવો હતો કે રાજસત્તા તેના નાગરિકોના જીવનનાં બધા અંગો ઉપર અધિકાર ભોગવવાનો દાવો કરતી હતી. બીજી કોઈ સત્તા–ધર્મને નામે, ધર્મ-ગુરુઓની પણ–સ્વીકારવા રાજસત્તા તૈયાર ન હતી. Divine Right of Kings. ધાર્મિક સંસ્થાઓ, તેની પ્રણાલિકાઓ, વિધિવિધાનો, બધાનો અધિકાર રાજસત્તા ભોગવતી અને તે ન સ્વીકારનાર ભારે દંડને પાત્ર થતા. કોઈ નવા અથવા ભિન્ન ધર્મના અનુયાયીઓને કોઈ રક્ષણ ન હતું. રાજધર્મ–સ્ટેટ રીલીજીયન–બધાએ સ્વીકારવો પડતો.

સમય જતાં, ખ્રિસ્તી ધર્મનો પ્રભાવ વધ્યો અને રોમન સમ્રાટ કોન્સ્ટન્ટાઈને ખ્રિસ્તીધર્મ સ્વીકાર્યો ત્યારે તે ધર્મ રાજધર્મ બન્યો અને ધર્મગુરુઓની સત્તા વધી, એટલી હદ સુધી કે, પોતે જે ધાર્મિક સ્વતંત્રતા માગતા હતા તે બીજાને આપવા તેઓ તૈયાર ન થયા અને અન્ય ધર્મીઓનું અનહદ પીડન શરૂ કર્યું. મધ્યકાલીન યુગમાં પોપનું સામ્રાજ્ય અને સત્તા કોઈ પણ રાજ્યની સત્તા કરતાં અતિવિશેષ હતાં.

આવી પરિસ્થિતિ પણ લાંબો વખત ન નભે. નવા વિચારોનો પવન ફૂંકાયો. માર્ટીન લ્યુથરે પ્રોટેસ્ટન્ટ સંપ્રદાય સ્થાપ્યો. વિજ્ઞાનયુગે માણસની દ્રષ્ટિ બદલાવી. રાજાઓ પણ પોપની સત્તાથી ત્રાસ્યા. કાંઈક સંઘર્ષો થયા અને કાંઈક બાંધછોડ અને સમજૂતીઓ થઈ.

પણ ધીમે ધીમે ઉદારમતવાદી લોકશાહી વિચારો–Liberal Democratic Thought–પ્રબળ થતા ગયા અને દરેક વ્યકિતને ધાર્મિક સ્વતંત્રતા હોવી જોઈએ એ ભાવના વ્યાપક બની.

બીજો વિશ્વધર્મ ઈસ્લામ–તેમાં પણ આવી જ સ્થિતિ હતી. Ottoman Empire સમ્રાટ એ જ ખલિફ, પયગમ્બરનો પ્રતિનિધિ અને કુરાન એ જ કાયદો.

પશ્ચિમના દેશોમાં સેકયુલર સ્ટેટની કલ્પનાનો વિકાસ થતો રહ્યો અને ધીમે ધીમે ધાર્મિક બાબતોમાં રાજસત્તાનો અધિકાર કે દખલગીરી ઓછી થઈ. સેપરેશન ઓફ સ્ટેટ એન્ડ ચર્ચ-અમેરિકા આવા બિનસાંપ્રદાયિક રાજ્યનું શ્રેષ્ઠ ઉદાહરણ ગણાય છે. ઈંગ્લે-ન્ડમાં પણ હજી તેનો રાજા પ્રોટેસ્ટન્ટ ધર્મનો જ હોવો જોઈએ, તેના ધાર્મિક ગુરુઓ આર્ચબિશપ વગેરેની નિયુકિત રાજ્ય તરફથી થાય છે, અને તેમાંના કેટલાક પ્રીવીકાઉન્સીલ કે ઉમરાવસભાના સભ્ય હોય છે. છતાં ધાર્મિક સહિષ્ણુતા મોટા પ્રમાણમાં છે. અમેરિકામાં પણ કોઈ રોમન કેથોલીકને પ્રેસીડન્ટ થવું ભારે અઘરું છે.

પણ ધીમે ધીમે સેકયુલર સ્ટેટનો અર્થ બીજો જ થતો ગયો. -બિન મઝહબી–Irreligious રાજ્ય. માત્ર ભૌતિક અને ઐહિક બાબતોનો વિચાર કરે અને ધર્મ સાથે તેને કોઈ સંબંધ નહીં અથવા ન હોવો જોઈએ એવી માન્યતા ઊભી થઈ છે.

શું પ્રજાના નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યો જાળવવામાં રાજ્યની કાંઈ ફરજ નથી ? તે વિષે રાજ્ય બેદરકાર રહી શકે ?

પણ સેકયુલર સ્ટેટનો અર્થ આથી પણ આગળ ગયો. રશિયા સેકયુલર કહેવાય છે. પણ રશિયામાં રાજ્ય, ધાર્મિક બાબતોમાં દખલ-ગીરી ન કરે એટલું જ નહીં પણ ધર્મનો જ સખ્ત વિરોધ કરે એમ મનાય છે. અહીં ધર્મ એટલે એસ્ટાબ્લીશ્ડ ચર્ચ. પણ એસ્ટાબ્લીશ્ડ ચર્ચનો તો ટોલ્સ્ટોયે પણ સખત વિરોધ કર્યો હતો, પણ તે સાચા ધર્મની પ્રતિષ્ઠા કરવા. પણ સામ્યવાદીઓએ એસ્ટાબ્લીશ્ડ ચર્ચના વિરોધ સાથે જીવનમાં ધર્મને જ કોઈ સ્થાન નથી એવું વાતાવરણ અને માન્યતા ઊભાં કર્યાં છે.

બિનસાંપ્રદાયિક રાજ્યનો એક બીજો પણ અર્થ છે અને તેનો વિચાર કરીએ. બિનસાંપ્રદાયિક રાજ્યમાં, દરેક નાગરિકને પોતાની ધાર્મિક માન્યતા અને વિચાર માટે સ્વતંત્રતા હોય, પોતાની ધાર્મિક સંસ્થાઓનો પોતાની માન્યતા પ્રમાણે વહીવટ કરવાનો અધિ-કાર હોય, પોતાના ધર્મની આચારપ્રણાલિકાઓ પ્રમાણે વર્તવાનો અને પોતાના ધર્મનો પ્રચાર કરવાનો હક્ક હોય. ટુંકમાં–Individual and Corporate Freedom of Religion. બીજું, કોઈ નાગરિકને પોતાના ધર્મને કારણે નાગરિક હક્કોથી વંચિત ન રખાય અને બધા ધર્મના નાગરિકોને સમાન અધિકાર હોય–રાજ્યના દરેક ક્ષેત્રમાં. ત્રીજું, રાજ્ય કોઈ એક ધર્મને રાજ્યધર્મ ગણે નહીં અને તેવા કોઈ એક ધર્મનો પ્રચાર કરવા અથવા તેનો પ્રભાવ વધા-રવા પ્રયત્ન કરે નહિ.

ભારતવર્ષ કાંઈક આવા અર્થમાં બિનસાંપ્રદાયિક રાજ્ય છે, તે હવે ટૂંકમાં બતાવીશ.

પશ્ચિમના દેશોમાં બન્યું છે તેમ, ભારતવર્ષમાં રાજસત્તા અને ધર્મસત્તા વચ્ચે કોઈ મોટા સંઘર્ષો થયા નથી. ધર્મગુરુઓએ સ્વેચ્છાએ ગરીબાઈ સ્વીકારી અને સત્તાનો લોભ ન રાખ્યો. ક્ષત્રિ-ઓને રાજસત્તા મળી પણ પ્રતિષ્ઠા ધર્મગુરુની રહી. રઘુવંશમાં દિલીપ રાજા પોતાનું સર્વસ્વ ગુરને ચરણે ધરી દે, 'अदेयमासीत् त्रयमेच भूपतेः, शशीप्रभम् छत्र मूभे च चामरे। રાજસત્તાનાં ચિહ્નો છત્ર અને ચામર સિવાય સર્વસ્વ સમર્પણ કરી દીધું. શિવાજી બધું રામદાસને ચરણે ધરી દે. સમ્રાટ અશોક, સાચા ધર્મના પ્રચાર માટે, યુદ્ધનો ત્યાગ કરી, પોતાની સર્વશકિત ધર્મને સમર્પે. મુસલમાન કાળ દરમિયાન પણ અકબર જેવા ઉદાર-ચરિત રાજવી–દીન–ઈલાહી–વિશ્વધર્મની શોધમાં પડે. ઔરંગઝેબ જેવા અસહિષ્ણુતાનાં વિપરીત પરિણામ પોતે જ ભોગવે. બ્રિટિશ સમય દરમ્યાન ધર્મની બાબતમાં રાજ્યકર્તા તટસ્થ રહ્યા. રાજકીય કારણોએ કોમવાદ ઊભો કર્યો તે જુદી વાત છે.

ભારતવર્ષમાં ધાર્મિક સહિષ્ણુતા અને સર્વધર્મસમભાવ પાયામાં છે. હિંદુધર્મ એક મહાસાગર છે, જેમાં અનેક મતમતાં-તરો સ્થાન પામ્યા છે. ખરી રીતે હિંદુ ધર્મને કોઈ Organised church નથી કે રાજ્ય સાથે સંઘર્ષનો કોઈ અવકાશ રહે. તેને કોઈ પોપ કે ખલીફા નથી.

ભારતના પુનરુત્થાનનો પાયો રાજા રામમોહનરાય, રામકૃષ્ણ પરમહંસ, સ્વામી વિવેકાનંદ જેવા મહાપુરુષોએ નાખ્યો.

રાષ્ટ્રીય કોંગ્રેસ ખરે જ રાષ્ટ્રીય હતી અને છે. બધા ધર્મોના

અને બધી કોમના માણસોને તેમાં સ્થાન છે. કોમી એકતા તેના પાયામાં છે. ગાંધીજીએ તેને માટે પ્રાણ આપ્યા.

આ સંજોગોમાં, દેશને પોતાનું બંધારણ ઘડવાનો સમય આવ્યો ત્યારે પાયાના આ પ્રશ્નોનો તેણે વિચાર કરવાનો હતો. આપણા પડોશી રાજ્ય પાકિસ્તાને એક ઈસ્લામી રીપબ્લીક સ્થાપ્યું. આપણે લોકશાહી પ્રજાસત્તાક રાજ્યની સ્થાપના કરી. આ બાબતમાં બંધારણમાં શું પ્રબંધ કરવામાં આવ્યો છે તે હવે ટૂંકમાં જોઈએ.

તેની પ્રસ્તાવના, કે જેમાં તેનું હાર્દ આવી જાય છે, તેમાં કહ્યું છે કે ભારતના દરેક નાગરિકને વિચાર, અભિવ્યકિત, માન્યતા, ધર્મ અને ઉપાસનાની સ્વતંત્રતા તથા પ્રતિષ્ઠા અને અવસરની સમાનતા મળે તે માટે અમે ભારતના લોક આ બંધારણ સ્વીકારીએ છીએ.

નાગરિકના મૂળભૂત અધિકારો–Fundamontal Rights–માં નીચે મુજબ અધિકારો છે :

૧. કેવળ ધર્મ, જાતિ કે જ્ઞાતિના આધાર પર રાજ્ય કોઈ નાગરિક પ્રત્યે ભેદભાવ રાખી શકશે નહીં અથવા રાજ્યની નોકરી કે હોદ્દા સંબંધે તેને અયોગ્ય ઠેરવી શકશે નહીં કે તેનો ભેદભાવ કરશે નહીં.

૨. સાર્વજનિક વ્યવસ્થા, સદાચાર તથા સ્વાસ્થ્યના નિયમોને આધીન રહી, દરેક વ્યકિતને અંત:કરણની સ્વતંત્રતા તથા પોતાનો ધર્મ માનવાનો, આચરવાનો અને તેનો પ્રચાર કરવાનો અબાધિત હક્ક રહેશે.

૩. પ્રત્યેક ધાર્મિક સંપ્રદાયને પોતાની ધાર્મિક સંસ્થાઓ સ્થાપવાનો અને નિભાવવાનો, ધાર્મિક બાબતોમાં પોતાની પ્રવૃત્તિ કરવાનો, અને પોતાની ધાર્મિક મિલકતનો વહીવટ કરવાનો અબાધિત હક્ક રહેશે.

૪. કોઈ પણ ખાસ ધર્મ કે ધાર્મિક સંપ્રદાયની ઉન્નતિ કે પોષણ માટે કોઈ વ્યકિત ઉપર કરવેરા નાખી શકાશે નહીં.

૫. રાજ્યના ખર્ચે ચાલતી કોઈ શિક્ષણસંસ્થામાં ધાર્મિક શિક્ષણ આપી શકાશે નહીં.

૬. રાજ્ય તરફથી અથવા રાજ્યની મદદથી ચાલતી કોઈ પણ કેળવણીની સંસ્થામાં ધર્મ, જાતિ કે જ્ઞાતિના ભેદ વિના દરેક નાગરિકને પ્રવેશનો અધિકાર રહેશે.

૭. દરેક ધાર્મિક લઘુમતિ કોમને પોતાની શિક્ષણસંસ્થાઓ ચલાવવાનો અધિકાર રહેશે.

ધાર્મિક હક્કોને લગતા કેટલાક મૂળભૂત અધિકારો મેં ટૂંકમાં બતાવ્યા તે ઉપરથી જણાશે કે ધાર્મિક લઘુમતિઓને તેમ જ વ્યકિતને ધાર્મિક માન્યતા અને આચરણ માટે પૂર્ણ સ્વતંત્રતા છે. છતાં ધાર્મિક બાબતોમાં રાજ્યને કાંઈ અધિકાર નથી એમ નથી. ધર્મને નામે અનીતિ, અનાચાર કે અનિષ્ટ રીતરિવાજો નિભાવી ન લેવાય અને તે સંબંધે રાજ્ય કાયદા કરી શકે છે. અસ્પૃશ્યતા સંપૂર્ણ નાબૂદ કરવામાં આવી છે. ધાર્મિક સંસ્થાઓના યોગ્ય વહીવટ માટે નિયમન કરતા કાયદાઓ રાજ્યે કર્યા છે. ધાર્મિક બાબતોમાં તટસ્થતાનો અર્થ એવો નથી કે સામાજિક પ્રગતિ રુંધાય અને સ્થિતિચુસ્ત કે પ્રત્યાઘાતી બળોને છુટો દોર મળે.

આવા કાંઈક અર્થમાં બિનસાંપ્રદાયિક રાજ્યની આપણી કલ્પના છે. પણ આ વિષયમાં ઘણી અસ્પષ્ટતા છે અને બિન સાંપ્રદાયિક એટલે બિનમઝહબી–Irreligious–એવો લગભગ અર્થ કેટલેક સ્થળે થાય છે. જીવનનાં નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યો વિષે રાજ્ય બેદરકાર રહી ન શકે. શિક્ષણસંસ્થાઓમાં ધાર્મિક શિક્ષણનો પ્રશ્ન પણ અનિશ્ચિત દશામાં પડયો છે. કોઈ ખાસ સંપ્રદાયનું શિક્ષણ ન અપાય, પણ વિશાળ અર્થમાં ધાર્મિક અને નૈતિક શિક્ષણની અવગણના ન થઈ શકે.

બાબુ રાજેન્દ્રપ્રસાદ અને ડૉ. રાધાકૃષ્ણન જેવાએ ભારપૂર્વક જણાવ્યું છે કે બિનસાંપ્રદાયિક રાજ્યનો અર્થ અધાર્મિક રાજ્ય નથી. ડૉ.. રાધાકૃષ્ણને કહ્યું છે : "I want to say authoritatively that sccularism does not mean irreligion. It means respect for all faiths and religions. Our statc does not identify it-self with any particular religion."

પણ રાજ્યકર્તા વર્ગમાં બધાની આવી દષ્ટિ નથી. એક બીજો પણ ભય છે કોમવાદનો. જનસંઘ, હિંદુમહાસભા જેવાં બળો આ દષ્ટિ સ્વીકારતા નથી અને ભારતને એક હિંદુરાજ્ય બનાવવું એવી તેમની કલ્પના છે. આ બળો દેશને કયાં લઈ જશે તે કહેવું મુશ્કેલ છે. ગાંધીજીએ કહ્યું હતું કે હિંદુધર્મ પોતાનું પ્રધાનલક્ષણ સર્વધર્મસમભાવ છોડી દેશે ત્યારે તે હિંદુધર્મ નહીં રહે.

આમ બિનસાંપ્રદાયિક રાજ્યની કલ્પના આ દેશમાં અને બીજા દેશોમાં પણ અસ્પષ્ટ છે અને અપૂર્ણ છે. વર્તમાન જગતમાં વિજ્ઞાને જે પરિસ્થિતિ સર્જી છે તેમાં One World Government કેટલાક વિચારકોને સંઘર્ષો ટાળવાનો એક જ ઉપાય લાગે છે. તે સાથે એક વિશ્વ સંસ્કૃતિ World Civilisatlon ની ભાવના જાગી છે. સંયુકત રાષ્ટ્રસંસ્થાએ Declaration of Human Rights જાહેર કર્યા છે તેનો પણ આ પાયો છે. સાચા ધાર્મિક મૂલ્યોને જીવનમાં યોગ્ય સ્થાન આપીએ તો જ સાચી બિનસાંપ્રદાયિકતા થાય.

(આકાશવાણીના સૌજન્યથી) **ચીમનલાલ ચકુભાઈ શાહ**

સાભાર–સ્વીકાર

ધન કમાને કી કળા : લેખક : શ્રી રિષભદાસ રાંકા, પ્રકાશક: સંસ્કાર સાહિત્ય માળા, કૈલાસ ભવન, મુંબઈ - ૬૦, કિંમત રૂ. ૨-૫૦.

Literary Evaluatian of Paumcharium: લેખક : ડૉકટર કે. આર. ચંદ્ર; પ્રકાશક: જૈન કલ્ચરલ સોસાયટી, વારાણસી, ૫, કિંમત: રૂા. ૧-૫૦.

વિદ્યા વેચાય નહિ : લેખક શ્રી મનુ પંડિત, પ્રકાશક: વત્સલ પ્રકાશન–વાત્સલ્ય ધામ, મઢી (જિ. સુરત) કિંમત ૦-૬૦ પૈસા.

પંચાયતી રાજ્યના કેટલાક અનુભવો : લેખક શ્રી રિખવદાસ જેસીંગલાલ, પ્રમુખ : જિલ્લા પંચાયત, મહેસાણા.

ગાંધી, માર્કસ અને ક્રાન્તિનું વિજ્ઞાન : મૂળ અંગ્રેજી: આચાર્ય કૃપલાની; અનુવાદક: શ્રી ભોગીલાલ ગાંધી, પ્રકાશક: વિશ્વ માનવ, રામજી મંદિર પોળ, વડોદરા, કિંમત રૂા. ૧/

જૈન ઈતિહાસની એક ઝલક: લેખક : મુનિ જિનવિજયજી; સંપાદક રતિલાલ દીપચંદ દેસાઈ; પ્રકાશક: અશોક કાન્તિલાલ વોરા ૪૮, ગોવાલિયા ટેંક રોડ, મુંબઈ-૨૬, કિંમત રૂા. ૨.

વીતરાગ સ્તવ : 'કલિદાસ સર્વજ્ઞ' શ્રી હેમચંદ્રાચાર્ય રચિત; કાવ્યાનુવાદક તથા વિવેચક: ડૉ. ભગવાનદાસ મનસુખભાઈ મહેતા; પ્રકાશક: શ્રીમદ્ નિજાભ્યાસ મંડપ ટ્રસ્ટ, ઠે. પંચભાઈની પોળ, અમદાવાદ, કિંમત રૂા. ૩.

શ્રીમદ્ રાજચંદ વચનામૃત: કર વિચાર તો પામ : ભાગ-૧-૨; પ્રકાશક : શ્રી ત્રિકમલાલ મહાસુખલાલ શાહ, શ્રી રાજચંદ્ર પાઠશાળા, પંચભાઈની પોળ, અમદાવાદ. કિંમત ૬૦ પૈસા.

ગામનો વિદ્રોહ : લેખક: આચાર્ય રામમૂર્તિ; પ્રકાશક: યજ્ઞ પ્રકાશન, હુઝરાત પાગા, વડોદરા -૧, કિંમત રૂા. ૧-૨૫.

વિચાર પોથી : લેખક: આચાર્ય વિનોબાજી, પ્રકાશક ઉપર મુજબ કિંમત રૂા. ૧.

જ્ઞાનદેવ ચિન્તનિકા : (બીજી આવૃત્તિ) લેખક: આચાર્ય વિનોબાજી પ્રકાશક: ઉપર મુજબ કિંમત રૂા. ૧-૫૦.

વિનોબા ચિન્તન : ૧ થી ૭ પુસ્તિકા, પ્રકાશક: મંત્રી, સર્વ સેવા સંઘ, રાજઘાટ, વારાણસી, પ્રત્યેકની કિંમત ૫૦ પૈસા.

જૈન દર્શન ઔર સંસ્કૃતિ પરિષદ્: (પ્રથમ અધિવેશન–૧૯૬૪ ની કાર્યવાહી), પ્રકાશક: શ્રી જૈન શ્વેતાંબર તેરાપંથી મહાસભા, ૩, પોર્ચુગીઝ ચર્ચ સ્ટ્રીટ, કલકત્તા -૧.

અમૃત - કણ : મૂળ હિંદી: આચાર્ય રજનીશજી, અનુવાદક: પ્રા. પ્રતાપ જ. ટોલિયા, પ્રકાશક જીવન જાગૃતિ કેન્દ્ર, ૫૦૫, કાલબાદેવી રોડ, મુંબઈ–૨. કિંમત ૪૦ પૈસા.

પૂર્વી : (કાવ્ય સંગ્રહ) રચયિતા: બહેન ગીતા પરીખ, પ્રકાશક : મેસર્સ વોરા એન્ડ કંપની, ૪ રાઉન્ડ બિલ્ડીંગ, કાલબાદેવી રોડ, કિંમત રૂા. ૩-૫૦.

મિટ્ટી કે દિન : લેખક: આચાર્ય રજનીશજી: પ્રકાશક: જીવન જાગૃતિ સંઘ, ૫૦૫, કાલબાદેવી રોડ, મુંબઈ-૨, કિંમત રૂા. ૩–૦૦.

દાયકાનું યાદગાર વાચન: (૧૯૫૧ થી ૧૯૬૦ સુધીનું) સંપાદક: શ્રી મહેન્દ્ર મેઘાણી, લોકમિલાપ કાર્યાલય, પો. બો. ૨૩, ભાવનગર-૧, કિંમત રૂા. ૧૦.

મારવાડી સમાજ : લેખક : શ્રી ભંવરમલ સિંધી; પ્રકાશક : પ્રબુદ્ધ પ્રકાશન, ૧૨૬, ચિત્તરંજન એવેન્યુ, કલકત્તા–૭ કિંમત રૂ. ૩

મહાપ્રસ્થાનના પંથ પર—૧૬

ધવલી ગંગાને તીરે તીરે બહુ જ સાંકડો ને વિપદ્‌જનક રસ્તો છે. થોડોક સમતલ છે તો થોડુંક ચઢાણ છે. ઊભા ઊભા દિવાલની ઉપર ચઢતા હોઈએ એવું સીધું ચઢાણ નથી, પણ ધીરે ધીરે ઊંચાઈ વધતી જાય છે. ક્યાંક રસ્તો પૂરો ખંડિત થાય છે ને નદીમાં અદશ્ય થઈ જાય છે. ક્યાંક પથ્થરો પડેલા છે, એને ઓળંગવા એક અત્યંત મુશ્કેલ કામ છે. ક્યાંક રસ્તો નથી, ઝરણાંનાં પાણી પરથી ચાલવાનું છે, ક્યાંક રેતીનો ઢગલો પડયો હોય, ક્યાંક ખાડો હોય. બહુ જ સાવધાનીથી પંગ મૂકી મૂકીને ચાલવું પડે. કાલથી આરસના પહાડ જોવામાં આવ્યા, કોઈ કોઈ તો હંસની પાંખના જેવા સફેદ હતા. કોઈ હતા ગુલાબી રંગના, કોઈ ભૂરા રંગના હતા, તો કોઈ પીળી હળદરના રંગના. બન્ને બાજુ આરસના પહાડ હતા. ને વચ્ચેથી ગંગાનો કલકલ નાદ કરતો પ્રવાહ વહેતો હતો. ધીમે ધીમે ચઢાણને રસ્તે અમે ઉપર જતા હતા. આજના રસ્તાથી છાતીમાં દુ:ખાવો થતો નહોતો, પણ થાક લાગતો હતો. પગ દુ:ખતા હતા. તાવ તો ચાલી ગયો હતો, પણ શરીર હજી સ્વસ્થ થયું નહોતું. થોડા ખોરાકથી અને ઉપવાસથી શરીર નેતરની સોટી જેવું દુબળું બની ગયું હતું. ઘાટચટ્ટી પાર કરીને બે માઈલ ચઢાણ કર્યા પછી ઘણી વખતે થાકેલા શરીરે પાડુંકેશ્વર ગામમાં આવી પહોંચ્યો.

ગામ ખરાબ નહોતું, નદીને કિનારે જ હતું. પથ્થરથી જડેલા રસ્તાવાળું ગામ, એનો રસ્તો ઊંચોનીચો હતો. ડાળ-પાંદડાથી અને ઝાડની ડાંખળીઓથી બાંધેલી ઘણી ચટ્ટીઓ હતી. એક નાનીશી ધર્મ-શાળા હતી. પાસે જ જોગબદરી મંદિર હતું. ત્યાં એક દવાખાનું હતું. ત્યાં મૂળિયાં અને દેશી દવાદારૂની વ્યવસ્થા હતી. સામેના પર્વત-શિખર પર પાંડુરાજા રહેતા હતા. મંદિરમાં તામ્રલેખ હતો. ત્યાંના સ્થાનિક લોકોએ સમજાવવા માંડયું કે આ જ રસ્તેથી એક દિવસ પાંચ પાંડવો અને દ્રૌપદીએ સ્વર્ગારોહણ કર્યું હતું; અને આપણને એમની વાત પ્રમાણભૂત લાગે એવી કેટલીક નીશાનીઓ પણ એમણે બતાવી. અમે સ્વર્ગદ્વાર સુધી જઈ શકીશું કે નહિ એવા અનેક પ્રશ્નો અમે એમને પૂછયા. આ ઠંડીનો પ્રદેશ છે તેથી અહીંના રહેવાસી સુંદર અને દેખાવડા છે. આજના રસ્તાની આસપાસ ઘણા ભુજપત્રનાં ઝાડો હતાં, વચ્ચે વચ્ચે કોઈ કોઈ ચટ્ટીની જમીન પર પણ ભુજપત્રો પાથર્યા હતાં. કોઈ કોઈ ઠેકાણે રાતાં જબાકૂલના રંગના પહાડ હતા. કોઈ પહાડ ઉજળા કાળા રંગના હતાં, કોઈ ભૂરા વાદળાં જેવાં હતાં, તો કોઈ પહાડ દૂધ જેવા સફેદ હતા. વિસ્મયથી અવાક બનીને હું એ પહાડોને જોતો જોતો ચાલ્યો જતો હતો. જમી કરીને પાછું મેં ચાલવાનું શરૂ કર્યું. વરસવાને માટે તત્પર એવાં વાંદળાઓ વચ્ચે વચ્ચે સૂર્યને ઢાંકી દેતાં હતાં, ને આગળ વધતાં હતાં. નદીને તીરે તીરે હું ચાલતો હતો. ગંગાની ધારા હવે ભૂરી નહોતી, પણ કોમળ માટીના રંગની હતી. નદી હજી સુધી અમારી દક્ષિણે હતી. રસ્તામાં એકની એક નદીને બહુ વાર અમારે ઓળંગવી પડતી. જ્યાં સુધી નજર જાય, ફકત ઋજુ-કુટિલ અનેક પથ્થરોમાંથી વહેતી ગંગા ગર્જન કરતી કરતી વેગપૂર્વક વહેતી હતી. રસ્તો ઊતર્યો ત્યાં પત્થરનો સમૂહ હતો. એને પાર કરીને નદીના પાણીને સ્પર્શ કરવાનું અસાધ્ય હતું. એ સંભવિત જ નહોતું. પાછો નદી કિનારાનો સમતલ ભાગ છોડીને રસ્તો ઉપરની બાજુ ચઢતો હતો. ધીરેધીરે ચઢાય એવો રસ્તો હતો. ઘૂંટણમાં દર્દ થતું હતું. ક્યારેક ક્યારેક બદરીનાથથી પાછાં ફરતાં બે ચાર જણ પ્રસન્નમુખ યાત્રીઓ મળતાં હતાં. બધાનાં મોઢાં પર આનંદ હતો, ખુશાલી હતી. એઓ બદરીનાથનું કીર્તન કરતા હતા. કંગાળની જેમ મોઢું ઊંચું કરીને એમને હું જોતો ને આગળ વધતો.

લામબગડ ચટ્ટીને મેં વટાવી. રસ્તો ધીરે ધીરે ઉપર ચઢતો હતો. નદી પણ ઉપર હતી. એનો પ્રવાહ ગર્જના કરતો આગળ વધતો હતો. નદી પ્રચંડ અવાજ કરતી નીચે ધસતી હતી. પથ્થરની જોડે નદીની રમત જોતાં જોતાં આંખો ધરાય નહિ. કેટલીય વાર આગળ જતાં જતાં હું થોભ્યો. ધરાઈ ધરાઈને એ દશ્ય જોઈ મારા ચિત્તમાં એની છબી દઢ રીતે અંકિત કરી, ને પછી નિસાસો મૂકીને આગળ ચાલવા માંડયું. નદીની અવિશ્રાન્ત ગતિને જોતાં માણસનું મન કેમ ભારે થઈ જાય છે તેની મને ખબર નથી, પણ દુર્ગત જલસ્રોત જે નસોમાં લોહીને ઉછાળે છે તેની મને ખબર છે. એક જગ્યાએ આવીને મારે અટકવું પડયું. એવો સાંકડો અને સીધો રસ્તો, કે બેઠાં બેઠાં ઉતર્યા સિવાય બીજો આરો નહોતો. બેઠા બેઠા જ નીચેની તરફ લાઠીને ટેકવી નદીને કિનારે હું ઉતરી આવ્યો. આ કિનારેથી પેલે કિનારે જવાનું છે. વચ્ચે દોરડાંનો પુલ છે. આ દોરડાંનો પૂલ પૂર્ણાંશે સ્વદેશી, પુરાણો ને અકૃત્રિમ છે. આ તરફના પહાડની સાથે પેલી તરફના પહાડના પથ્થરોને બાંધેલાં બે વળવાળાં જાડાં દોરડાં છે. તેની ઉપર થઈને ડરતા ડરતા માનવીઓ હાથથી સમતુલા જાળવતા જાળવતા પેલી પાર જાય છે. બીજો આરો નહોતો. આંખ મીંચીને થથરતાં કાળજાંથી, બીકથી ને સાવધાનીથી પુલ પાર કર્યો. પુલ પાર કરીને જે રસ્તાનો મેં સ્પર્શ કર્યો તે જોઈને મારી આંખ ઠરી ગઈ. એ સીધો થાંભલો જ જોઈ લ્યોને. ઉપર ચઢવા માટે કોઈ સીડી નહોતી. હે ભગવાન બદરીનાથ! હજી કેટલાં વિઘ્ન નાંખવા છે, હજી કેટલા માર્ગમાં અંત-રાયો ઊભા કરવા છે? પણ હજી ભગવાન તો આઠનવ માઈલ દૂર હતા. એ ભગવાનના હાથમાં પણ રસ્તો સુગમ કરવાનું નહોતું. હવે શું થશે? પથ્થર અને માટીની દિવાલને જોરથી વળગીને, નાકલીટી તાણતાં તાણતાં, આડા પડી, સીધા થઈને, બદરીનાથના પૂર્વજોની ચૌદ પેઢી-ઓનું શ્રાદ્ધ કરતાં કરતાં, લાઠીને દાંત કચકચાવીને જમીનમાં ખોસી ખોસીને આખરે ગમે એમ કરીને ઉપર પહોંચ્યો તો ખરો. ધન્યતીર્થ! હવે આ જ ભગવાનને મંદિરે જવાનો રાજમાર્ગ નાન્य: पंथा! આટલું ધૈર્ય ધારણ કરીને અને આટલું કષ્ટ વેઠીને જાઉં છું અને જઈને જોવા મળશે—એક પત્થરનો મોટો ટુકડો, અથવા તો કોણ જાણે કેવી દેવને નામે રચેલી કિંભૂત કિમાકાર એક ગોલમાલ. તીર્થકામીઓની શ્રાપયુકત કાતરતાથી બદરીનાથ હંમેશા ગૌરવાન્વિત બને છે. રોગ—જરાહીન, આનંદોજ્જવલ, સ્વસ્થ દેહવાળા અને તાકાતવાળા યાત્રીઓ ઉપર બદરીનાથની દષ્ટિ ઠરતી નથી. મુમૂર્ષુ, અકાળે ઘરડા બની ગયેલા, દુ:ખથી હેરાન થયેલા, ચાલવાની શકિત વિનાના,—એવાઓ વગર એને ચાલતું નથી. એ લોકોને લીધે જ તો એનું આટ-આટલું ગૌરવ છે, ને આટલો મહિમા છે, એ લોકો વિના એને ચાલે નહિ. જે માર્ગે એના ભકતો આવે છે, ત્યાં એણે દુકાળ, રોગચાળો, સંકટો, અકાળમૃત્યુ ને મટે નહિ એવો વ્યાધિ બિછાવી રાખ્યાં છે. આર્તનો આર્તનાદ જ એની પૂજાનો મંત્ર છે. મનુષ્યનું બહારનું પાપ અને મલીનતાદ્વારા જ એના આનંદનું આયોજન થાય છે. દુ:ખ, દુર્યોગ, અને પીડાની વચમાં જઈને જ યાત્રી પોતાના ભકિતભાવની કસોટી કરે છે. તેથી એમ લાગે છે કે તેમની શારીરિક અસ્વચ્છતાથી બદરીનાથનો માર્ગ ને મંદિર અપવિત્ર થતાં નથી.

હનુમાન ચટ્ટીએ પહોંચી તે દિવસની યાત્રા તો પૂરી કરી. સૂસવાટા મારતા બરફ જેવા ઠંડા પવનથી મારું શરીર થરથર કાંપતું હતું. પાછો બરફમાં આવી લાગ્યો હતો. આકાશ વાદળાંથી છવાયલું હતું. ટપટપ કરતો વરસાદ વરસતો હતો, ચારે દિશામાં ઘોર અંધારું છવાઈ ગયું હતું. કાલે સવારે હું બદરીનાથ પહોંચી જઈશ. મારી યાત્રા પૂરી થશે. પાસે જ હનુમાનજીનું પ્રાચીન મંદિર હતું. પણ અંદર જઈને દર્શન કરવાની શકિત રહી નહોતી. ડાબે હાથે પાકી બાંધેલી

ધર્મશાળા હતી, તેમાં બીજે માળે પહોંચી ગયો. અંદર ને બહાર ઘણા યાત્રીઓની ભીડ જામી હતી.

"ઓ મા! બાઠાકુર! આવી પહોંચ્યા?"

ફરીને જોઉં છું તો ચારુની મા. મેં પૂછ્યું, "કેમ છો?" બધા સાજાસારાં તો છો ને? ગોપાલદા ક્યાં છે?"

અંદરથી આનંદભર્યો ઉત્તર આવ્યો" "આવો દાદા! તમાકુ તૈયાર કરું છું. આખો રસ્તો તમારો જ વિચાર કરતાં કરતાં ... સારે નશીબે અમે આગળ વધ્યા નથી."

બીજા બધાએ કહ્યું, "તમે બાબા સંન્યાસી નથી. જો સન્યાસી હોત તો અમને બધાને તમારું આકર્ષણ આટલું બધું ન હોત."

"તથાસ્તુ" બોલીને ગોપાલદાની પાસે જઈને કામળો બિછાવ્યો. કાતીલ ઠંડીથી હાથપગ ઠરી જતા હતા. ચારેબાજુએ ઠંડીથી શરીરને ભાંગી નાંખે એવી સંધ્યા આવી પહોંચી હતી.

* * *

યાત્રા કરો, યાત્રા કરો યાત્રીદલ,
આવ્યો છે હુકમ,
વિશ્રામનો સમય હવે થયો છે ખતમ.

વહેલી પરોઢના અંધારામાં ધ્રૂજતા ધ્રૂજતા અમે બધાએ રસ્તો લીધો. ચારે દિશાઓ વાદળથી છવાયેલી હતી. વરસાદનાં ઝાપટાં ચાબુકની જેમ શરીર પર વાગતા હતા. ડાબી બાજુએ નદીના ઢોળાવની ફરતો અર્ધચંદ્રાકાર રસ્તો ઉત્તર દિશા તરફ જતો હતો. બરફમાંથી આવતા ઠંડા પવનથી શરીરનું લોહી પણ જાણે જામીને બરફ થઈ જતું હતું. દાંત ઠંડીથી કકડતા હતા. પાછી કેદારનાથને રસ્તે જતાં જે કુદરતી આફત નડેલી તેવી જ આફત આજે નડશે એમ લાગતું હતું. વનબાલિકાની જેમ, લતા અને પુષ્પના અલંકારથી શોભાયમાન ઝરણાંઓ યાત્રીઓને સાદર અભિનંદન જણાવવા રસ્તા પરથી વહેતાં હતાં. ક્યાંય હવે જંગલના દર્શન થતાં નહોતાં. આ તરફ જંગલને આશરો આપનારું કાંઈ હતું નહિ. એ તો રહ્યો બરફનો પ્રદેશ. ક્યાંક ક્યાંક દરિદ્રી જેવા થોડાં ઝાડપાન સ્વદેશી નેતાની જેમ એકઠા થઈને બરફના અત્યાચારની વિરૂદ્ધ ભીરૂતાથી ફરિયાદ કરતા હોય એવાં દેખાતાં હતાં. એમની ઉપર જ આફતની ઝડીઓ વર્ષતી હતી. નદીનો પ્રવાહ કયાંક લુપ્ત થઈ જતો, ને ઉપર બરફની શય્યા જાણે બિછાવેલી પડી હતી. બન્ને તરફના કાળા પહાડોમાંથી સફેદ બરફની ધારા ઝરતી હતી, જાણે ઘનશ્યામ વનમાળીના ગળામાં ઝૂલતી મલ્લિકાનાં માળા.

પ્રભાત થયું, પણ સૂર્યનું તેજ નહોતું. એ સવાર હતી કે સાંજ તે સમજાય એમ નહોતું. જાણે સૃષ્ટિના આદિયુગમાં હું આવી પડ્યો હોઉં, કે જ્યારે સૂર્ય-ચંદ્ર, ગ્રહનક્ષત્ર કાંઈ હતું નહિ, એમ જ અકુદરતી ઉજાસ નહિ, એવા પ્રકાશમાં બેસીને વિધાતા પોતાનું કામ કરી ગયા હશે. આ પ્રકાશ જાણે જીવનના અંતિમ પ્રહરની જેમ થંભી ગયો હતો, મોળો હતો, અંતિમ દિવસની જેમ ઝાંખો અને આનંદ વિનાનો હતો. આજ મારી છેવટની યાત્રા હતી, છેવટનો ખેલ હતો, ને રસ્તાનો હિસાબ પૂરો થવાનો હતો. જે મોટો સમૂહ લઈને એક દિવસ નીકળ્યો હતો, તે વાતનો વિચાર કરું છું, એમાંનાં કેટલાયે નથી, કેટલાયે થંભી ગયા છે. એક જણ નાના સરખા ઘોડા પર બેસીને જતો હતો. ત્યાં ઘોડાનો પગ લપસ્યો ને એ એક માઈલ નીચે નદીના પ્રવાહમાં પડીને હંમેશને માટે અદૃશ્ય થયો. જેઓ આજે પણ મારી જોડે હતા, એમની તરફ જોઈએ તો રડવું આવે. કેટલાકને પિત્તનો વ્યાધિ થયો હતો, કોઈને તાવ આવ્યો હતો, કોઈના કાન ખોટા પડી ગયા હતા, કોઈની આંખો ખરાબ થઈ ગઈ હતી, કોઈ હવે વાત કરતું નહોતું, કોઈના મગજમાં વિકૃતિનાં લક્ષણો નજરે પડતાં હતાં, કોઈ પહેરવાનું કપડું ફાડી ફાડીને એનો પાટો બનાવીને પગને તળિયે બાંધતા હતાં, ને પછી ખોડા ખોડા ચાલતા હતા. હું થોડે દૂર જતો, થોડીવાર બેસતો ને પાછળનો રસ્તો વારે-વારે જોયા કરતો. પણ કશાનો પણ વિચાર કરવા માંડું કે માથું દુ:ખવા માંડે. મગજની બિમારી આવે નહિ એટલે લાગલો જ ઊઠીને પાછો આગળ આગળ ચાલવા માંડતો. ડોક સીધી થતી નહોતી, માથું ઊંચું થઈ શકતું નહોતું, ને મારા પોતાના પગ તરફ જોતો ને પાછો ચાલવા માંડતો.

"મેરે લાલ!"

ઉદાસીન દૃષ્ટિથી મોઢું ફેરવતો, કેટલીયે વાર આવો જ અણઘડ યાત્રીઓનો અવાજ હું સાંભળતો ને કશોય જવાબ આપ્યા વિના પાછું મોઢું ફેરવીને ચાલવા માંડતો.

"ઔર કિતના રાસ્તા હૈ મેરે લાલ?" એક સ્ત્રી હાંફતી હાંફતી રડવા લાગી. એના મોઢામાંથી ફીણ નીકળતાં હતાં, ને એમાં કયાંક કયાંક લોહી પણ હતું. જો મારા હાથમાં પિસ્તોલ હોત તો એનું દુ:ખ એક ક્ષણમાં મટાડી દેત.

"થોડા હી હૈ માઈ" એમ કહીને હું આગળ ચાલ્યો. રસ્તો કેટલા માઈલ હજી લાંબો હતો, તે ચોક્કસ આંકડો મેં એને કહ્યો નહિ. જો કહેત તો એ સાંભળીને એનું હૃદય ત્યાં જ બંધ પડી જાત. રસ્તો કેટલો દૂર છે તેનો જરા સરખો પણ ઈશારો જો થાકેલા યાત્રીઓને કરીએ તો એમનો ઉત્સાહ ને શકિત બન્ને ખલાસ થઈ જાય.

અમે થોડા જણ એકબીજાની પાછળ પાછળ ચાલતા હતા. આજે રસ્તો બહુ મુશ્કેલ હતો. કયાંક કયાંક રેતાળ કિનારો હતો. રસ્તો નદી તરફ ઢસીને જતો હતો. નીચે ખૂબ ઊંડાણમાં નદી હતી. બીકથી મારા પગ ધ્રૂજતા હતા. કયાંક કયાંક જ કિનારો હતો અને તે પણ થોડા ઊંચ પહોળો. સીધો થઈને, પહાડની જોડે પીઠ ઘસતો ઘસતો હું જતો હતો. બીકને લીધે આંખો બંધ કરી હતી. પાછળથી કોઈ બીકના માર્યા ચીસો પાડતા હતા. એક જ વાર જરાક જ જો પગ ફસકયો તો પછી સ્થિરતા જળવાય નહિ ને બરફથી છવાયેલી નદીની અંદર રામબોલો ભાઈ રામ.

થોડી ક્ષણ હાથપગ બંનેનો ઉપયોગ કરતાં કરતાં એક સારી જગ્યાએ આવી પહોંચ્યો. પાસે જ એક સામાન્ય પહાડી લોકોની વસતી હતી. છોકરીઓ પીઠ પર લાકડાંનો ભારો લઈને બદરીનાથ તરફ જતી હતી. કેદારનાથની જેમ બદરીનાથમાં પણ બાળવાનાં લાકડાં મળતાં નથી. દક્ષિણ તરફના વનમાંથી લાકડાં ભેગાં કરીને સ્ત્રી-પુરુષની પીઠ પર લાદી ત્યાં લઈ જવામાં આવે છે. એક આનામાં મોટી એક લાકડાંની ભારી વેચે. એ લોકોની ગતિ અને હાલચાલ જોઈને મને થયું કે હવે રસ્તો પૂરો થવા આવ્યો છે.

કહેવત છે કે ભૂત જાય, પણ જતાં જતાં છેવટે પોતાનો પરચો તો બતાવતો જ જાય. પાછી પ્રાણઘાતક ચઢાઈ શરૂ થઈ. ચાલતાં ચાલતાં વચ્ચે ઊભો રહેતો, છાતીમાંથી જાણે કોઈ અવાજ આવતો હતો. કાનમાં જળતરંગના અવાજ જેવો એક પ્રકારનો અવાજ સંભળાતો હતો.

પછી?

પછી મેં સ્વપ્ન જોયું. અર્ધનિદ્રાના આવેગમાં એક રૂપસૃષ્ટિનું નિર્માણ થયું. માયામય વિચિત્ર અમરાપુરી એ હતી. સામે જ ને દૂર દૂર સુધી એક વિપુલ વિસ્તૃત બરફમય પ્રદેશ હતો. એના એકાંતમાં ધુમ્મસથી ઢંકાયેલું એક કોઈ ગામડાનું અસ્પષ્ટ ચિત્ર હતું, વચમાં જ મંદિરનું સુવર્ણશિખર હતું ને પગ આગળ ગંગા હતી.

જરૂર હું બચી ગયો છું. હજી હૃદયમાં જીવનનું ચિન્હ છે, હજી નસોમાં લોહી વહે છે, હજી મારી આંખો હંમેશને માટે બંધ થઈ નથી. આ લકવાની જેની પર અસર થઈ છે એવો હાથ, આ પીડાથી જર્જરિત થઈ ગયેલા પગ, આ શુષ્ક નિરસ દેહ, આ ભગ્ન અને શોકભર્યું હૃદય—એ સહુ મારાં જ છે, હું જ છું.

દુર્જયની જયમાળા
ભરી દે મારી ફૂલોની ડાલી.

જય બદરી વિશાલકી જય!

અનુવાદક : ડૉ. ચંદ્રકાન્ત મહેતા

મૂળ બંગાલી : શ્રી. પ્રબોધકુમાર સન્યાલ

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ. મુંબઈ-૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ

Regd. No. MH. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૮ : અંક ૧૫

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ડિસેમ્બર ૧, ૧૯૬૬, ગુરૂવાર
આફ્રિકા માટે શિલિંગ ૯

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રીઃ પરમાનંદ કુંવરજી કાપડિયા

અનેક બાળકોને જેણે અપનાવ્યા છે એવી એક સન્નારીની સ્વકથિત કહાણી

(થોડા સમય પહેલાં આચાર્ય રજનીશજી ભીલાઈ ગયેલા અને મુનિશ્રી સંતબાલજીને મળેલા. તેમની સાથે નજીકના પ્રદેશમાં વસતી ત્રણ બહેનો પણ મુનિશ્રીના દર્શનાર્થે ગયેલી. તેમાંના એક બહેન શ્રી મદનબહેન એક બાળસંસ્થા ચલાવે છે. એ બાળ-સંસ્થાની પ્રવૃત્તિ તરફ એ બહેન કેવા સંજોગોમાં અને કઈ રીતે આકર્ષાયાં તેની રોચક તેમ જ રોમાંચક કહાણી તેમણે મુનિશ્રી સંતબાલજીને સંભળાવેલી. તે કહાણીને મુનિશ્રીએ તા. ૧-૧૧-૧૯૬૬ના 'વિશ્ર્વવાત્સલ્ય'માં પ્રગટ કરી છે, જે નીચે આપ-વામાં આવે છે. તંત્રી)

"પૂજ્ય મહારાજશ્રી! પિયરપક્ષે હું સ્થાનકવાસી જૈન છું. કારણ કે મારી 'મા' એ જૈન ફિરકાની છે. પિતા દેરાવાસી અને અહીં પતિ પણ દેરાવાસી છે અને મને પૂર્વજન્મના જે દીકરાનો છ એક વર્ષ પહેલાં સુયોગ મળ્યો; તે દિગંબર જૈન છે. પણ આ સહજ ત્રિવેણીયોગે અમારાં સૌમાંથી કટ્ટરતા સાવ કાઢી નાખી છે. એક સ્વપ્ન મને આવેલું અને એ સુયોગ મળતાં પહેલાં ત્રણેક માસ અગાઉ એક 'બાલકદાસ' નામના ભગવાધારી સાધુએ કહેલું :- "...માતાજી ! તૂં જિસે ઢૂંઢ રહી હૈ, વહ તેરા લડકા તીન માસમેં મિલેગા..." મેં તો તે વાત પર કશું ધ્યાન નહોતું આપ્યું પણ ખરે જ તે અક્ષરશ : સાચું પડ્યું. એ પુત્રમિલન બાદ મને જીવ-નમાં સમાધાન સાંપડ્યું છે. બચપણથી જ સંસારમાં ચિત્ત લાગતું નહીં. હરિદ્વાર અને ઋષિકેશમાં પણ ભમી આવી. જૈનધર્મ અને દર્શનોને ભણી લીધાં. સાધ્વી–દીક્ષામાં ય મન ન માન્યું. શુષ્ક કર્મકાંડોમાં તો કદી રુચિ જ ન પ્રગટી. આખર સમજાયું :- "...તું જ્યાં સ્વાભાવિક છે, ત્યાંથી સહજપણે જ આંતરિક વિરકિતથી આગળ વધ..." આ પ્રસ્તાવના સાથે તે વીર નારીએ પોતાનો ટચૂકડો અનુભવ–પ્રયોગ આસ્તે આસ્તે કહેવા માંડ્યો :-

"આજથી અઢાર ઓગણીસ વર્ષ પહેલાંની વાત છે. મારા પતિને કોઈએ કહ્યું :- "...સાત માસે પેટ ચીરીને બે બાળકીઓને જીવતી કાઢી લીધી. પણ 'મા' બચી નહીં; મરી ગઈ: હવે આ તાજી જન્મેલી તેની છોકરીઓનું શું કરવું ?..." પતિકીએ મને આ વાત કરી. મેં કહ્યું :- "આપની ઈચ્છા હોય તો હું જરૂર એ બન્નેમને ઉછે-રીશ. પણ ઘરમાં સૌનું મન જોઈને એ પગલું ભરાય." મારા સસરાજી તો આ સાંભળીને ખૂબ ખુશી થયા. એટલે હું તે છોકરીઓને લેવા તેના બાપ પાસે ગઈ. તે વખતે હું ઘુંઘટ રાખતી હતી, જો કે પાછ-ળથી સસરાની સંમતિથી જાહેર રીતે એ કાઢી નાખ્યો છે, જેને બારેક વર્ષ વીતી ગયાં છે, પણ ત્યારે જેવી હું એ રાજસ્થાની ખાનદાન કુટુંબમાં ગઈ તો તરત એ બાળકીઓના પિતા મારા ચરણમાં ઝૂકી પડ્યા. હું શરમાઈ ગઈ. તેમણે કહ્યું :- "ન છૂટકે ઈસાઈને ત્યાં જતી બાળકીને સ્વધર્મદાન અને જીવનદાન બન્નેય આપનારને હું નમું છું. હું કોઈ વ્યકિતને કેવલ વ્યકિતત્વ ખાતર નમતો નથી. મારી સત્તરેક વર્ષની પરિણીત બાળાને તો અત્યારથી તેના સાસરિયાનું કહેણ આવ્યું છે કે "જો તારી તાજી જન્મેલી બહેનડીઓને લઈને આવ-વાની હોય તો હવે અહીં આવતી જ નહીં." આવી ચોમેરની દુર્દશા વચ્ચે મૂંઝાયેલા માનવીને મદદ કરનાર ઓ મહાદેવી ! આપને પ્રણિ-પાત ન કરું, તો શું કરું ?" દુર્ભાગ્યે એક બાળા તો મારા ગયાં પહેલાં જ મરી ગઈ હતી. એટલે બીજીને હું ઘેર લઈ આવી. મારી સૌથી પહેલા ખોળાની દીકરી તાજી જન્મેલી એટલે દૂધ મારી પાસે હતું. મેં મારા જીવ સાટે એ પરાઈ બાળાને પોતીકી બનાવીને રાખી, પણ સાચવી શકાઈ નહીં. પાંચેક માસે તે ચાલી નીકળી એટલે કે મરી ગઈ.

* * *

"એક દિવસ મારા સસરા પાસે એક મજૂર આવ્યો અને પોતાનો દીકરો એમના ચરણે મૂકી કહે :- "મેં એક મહિઆરણ પાસેથી સાંભળ્યું છે :- 'આપ આવાં નમાયાં બચ્ચાને રાખો છો.' તેથી હું કસબામાં દિવસો લગી ફરી ફરીને થાક્યા પછી આપને શરણે આવ્યો છું. કૂતરાં બિલાડાંને રાખો છો, તો આનેય રાખો.' મારા સસરાએ તે શ્રમજીવી ભાઈને કહ્યું :- 'ગભરા મા ભાઈ ! કૂતરાં, બિલાડાંને કૂતરાં બિલાડાની જેમ ઉછેરાય, પણ, આ તો માનવબાળ છે. એને એવા જ ગૌરવ સાથે ઉછેરાશે.' એ તો હા...શ કહી ચાલતો થયો. સસરાજીએ મને કહ્યું: 'વહૂ બેટા! પરાણે નથી કહેતો. ઉલટ થાય તો આનેય ઉછેરો.' હોંસમાં મેં લઈ તો લીધું. પણ આ બાળકે મારી પૂરી પરીક્ષા લેવા માંડી. એક રાતે તો નિદ્રા જ ન આવી. વિચારોએ જોર કર્યું: "અરેરે આત્મા! આ તેં શું માંડ્યું છે! તારા મનને આ કાળાં, આ ગોરાં એવી જુદાઈ શા માટે થાય છે!" વળી થયું :- "દુનિયામાં કેટલાં ય નમાયાં જન્મે છે ને મરે છે. તેમાં તારે આટલી બધી શી પંચાત ? દઈ દે એના બાપને પાછું અથવા મોકલ ઈસાઈ સંસ્થામાં." મેં મારા પતિને જગાડી આ મારી અંત-વ્યથા ખાલી કરી. તેમણે કહ્યું :- "તું થોડા દહાડા જવા દે. તારા જ હૈયામાંથી વાત્સલ્ય છૂટશે. શરૂઆતમાં નવું નવું છે ત્યાં લગી આ કાળું ! કદરૂપું ! મજૂર સંતાન ! એમ લાગ્યા કરશે." એમણે મારી ધૃતિને જગાડી દીધી. આજે તો એ જ બાળક ચૌદ પંદરેક વર્ષનો મારો સગો દીકરો હોય તેવો બની ગયો છે. મારી સંસ્થાનો એ પણ એક ભાગ બની ગયો છે. એ તો છે મારો મોંઘેરો, 'યોગેશ' એનું નામ પાડ્યું છે.

* * *

"મારા સસરાના સ્વર્ગવાસ પછી મારા પતિને થયું :- 'મારે દાડોદપાડો કાંઈ કરવો નથી. એક આવાં જ બાળકોની સંસ્થા ખોલવી છે. જો તારો સહયોગ મળે તો.' મને તો ભાવતું જ વૈદ્યે બતાવ્યા જેવું હતું. ત્યારથી અમારું ઘર બાલસંગોપન–સંસ્થા બની ગયું. મુસ્લિમ

બચ્ચું પણ વીસ દિવસની બાળકી રૂપે આવ્યું. અરે ખ્રિસ્તી બાળકો પણ આવ્યાં. મારા મનમાં પ્રથમ પ્રથમ હતું :- 'આ બધાંને જૈન બનાવું.' પણ એક મારા સ્થાનકવાસી ગુરુએ મને કહ્યું :- "જૈનત્વરૂપી સંસ્કારથી સંતોષ માન. જો એક ફિરકાવાસી બનાવીશ, તો બીજા ફિરકાવાસી સહાય નહીં કરે." આ વાત મને તરત ગળે ઊતરી ગઈ. અને મુસલમાન બાળકને કુરાન, ખ્રિસ્તી બાળકને બાઈબલ, વૈદિક બાળકને રામાયણ-ગીતા, બૌદ્ધ બાળકને ધમ્મપદ અને જૈન બાળકને જૈન ગ્રંથ આપી મુખ્યપણે માનવતામય સંસ્કાર પાઉં છું. ઊતારચઢાવ ઘણા આવ્યા. હજારો રૂપિયા ઘરનાં ખરચ્યા. હવે તો સંસ્થા પણ સરકારમાન્ય થઈ ગઈ છે. બાળકો પણ નાનાં બાળકોને સંભાળતાં થયાં છે. મારાં માતાજી પણ ત્યાં જ રહે છે. મકાન પણ અલગ બનાવ્યું છે. કેટલાક સરકારી કર્મચારીઓના કડવા અનુભવો થયા, તેમ અતિ મધુર પણ થયા છે. તેવા કેટલાકોએ વિશિષ્ટ રીતે અપવાદ કરીને મદદો અપાવી છે. બાળકો જ ભારતના ભાવિ નાગરિકો છે. તેમને 'એરકન્ડીશન' રૂમમાં રાખવાં પડે અને પૂરતો નિરવદ્ય છતાં પોષક ખોરાક ભરપુર આપવો પડે. એટલે સરકારી આવકમાં પૂરું ન થાય, ત્યાં ઘરનું કે સ્વૈચ્છિક મળેલા ફંડનું જોડીએ છીએ. આજે તો સિત્તેર ઉપરાંત બાળકો છે. સારી રીતે પલવાય તેટલાં જ રાખીએ છીએ."

આ તો થઈ એકમાંથી અનેક બાળકોની માતા બનવાની વાત. અને છતાં ય એ સંસ્થા છોડીને અહીં (ભિલાઈ) થોડા દિવસ માટે આવી શકે છે. સંસ્થાનો અનુરાગ અવશ્ય છે, રાગ નથી. સાંપ્રદાયિક મમતા છૂટી છે. માતૃમમતા છુટી નથી. મોટા મોટા અમલદારો સંસ્થાની હાજરી લેવા આવે ત્યારે પણ તેણી તો આ પોતીકાં કરેલાં બાળકોમાં જ મગ્ન હોય છે એવી છાપ એણે ઊભી કરી છે. પોતાના ઘરને તેણીએ સંસ્થારૂપ બનાવ્યું છે કે સંસ્થાને જ પોતાનું ઘર બનાવ્યું છે, તે ઘણાઓને સમજાતું નથી. રાજકીય આકાંક્ષાવાળાઓની ઈર્ષ્યાનું ભાજન તેણીને બનવું પડ્યું છે, પણ તેણીને પૂછાય છે તો કહે છે :- "મને કોઈ પક્ષની શિસ્તમાં ફાવે તેવું નથી. મને મારી સંસ્થાના કામમાં જ રહેવા દો. તેણીએ ઘણું વેઠ્યું છે. ઝાડો પિશાબ આ બાળકોનાં કોણ ઉઠાવે ? પણ તેણી નોકરાણીને કહેતી :- 'તમે બીજાં કામો કરો હું મેલુ ઉઠાવીશ.' આખરે નોકરાણીમાં પણ માનવતા હોય છે ને ! "જો આ શ્રીમંત અને ઉચ્ચ ગણાતા વણિક કુટુંબની બાઈ મેલું ઊઠાવે, તો આપણને શો બાધ ?" હજામો હજામત ન કરતા, તો તેય પોતે કરીને ચલાવ્યું. જો કે હવે તો બધું ઠીક થઈ ગયું છે. પોતે નૃત્યકળા જાણે છે. નાટકોય લખી બાળકોને ભજવાવી જાણે છે. ઘોડેસ્વારી પણ કરી જાણે છે અને મોટર પણ ચલાવી જાણે છે. સાધુપ્રેમ અપરંપાર છે. પણ જ્યાં નારીગૌરવ હણાય ત્યાં ડોકાવાનું પણ મન થતું નથી. ધારે તો એક ગૃહસ્થ નારી પણ આટલું કરી શકે છે; તેનો નમૂનો એક નાની સરખી સ્વાભાવિક બાળસંસ્થા બનાવીને તેણીએ પૂરો પાડ્યો છે. પણ એ તો કહે છે :- "મારાં ભાઈ, ભાભીઓ, માતા, પતિ, સસરા, સેવકો, સરકારી શાણા કર્મચારીઓ વ. અનેકે મદદ કરી છે. એકલો માનવી કાંઈ જ કરી શકતો નથી." સાથોસાથ તેણી કહે છે :- "મારે ત્યાં અનેક બાળકો આવે છે, પણ મારી મર્યાદા હોઈ ના પાડવી પડે છે. એક વાંદરો પણ પોતાના સંતાનને છોડતો નથી તો માનવ શા માટે મીશનરીઓ પાસે મોકલી દે છે ? કારણોમાં સૌએ ઊંડા ઊતરવું જોઈએ અને જેનાથી જે બને તે કરી છૂટવું જોઈએ." **'સંતબાલ'**

'પૂર્વી'

'પૂર્વી' એ નામનો બહેન ગીતા પરીખનો કાવ્યસંગ્રહ મેસર્સ વૉરા ઍન્ડ કંપની (ઠે. રાઉન્ડ બિલ્ડીંગ, કાલબાદેવી રોડ, મુંબઈ-૨) તરફથી તાજેતરમાં પ્રગટ કરવામાં આવ્યો છે. તેની કિંમત રૂ. ૩.૫૦ છે. કવિ શ્રી સુન્દરમે આ કાવ્યસંગ્રહનો પ્રવેશક લખી આપ્યો છે અને તેમાં તેમણે શ્રી ગીતાબહેનનો અને તેમની કાવ્યશક્તિનો જુદાં જુદાં કાવ્યોના અવતરણપૂર્વક પરિચય કરાવ્યો છે. આ ઉપરાંત ગુજરાતી સાહિત્યના ક્ષેત્રમાં જેમનું અગ્રસ્થાન છે એવી બે વિશિષ્ઠ વ્યક્તિઓ શ્રી ઉમાશંકર જોષીએ તથા શ્રી વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદીએ પણ પ્રસ્તુત કાવ્યસંગ્રહને પોતાની રીતે આવકાર્યો છે. આ કાવ્યસંગ્રહની વિશેષતા આકરવામાં ઉપયોગી થશે એમ સમજીને આ બે મનિષીઓનાં અભિપ્રાયસૂચક કથનો નીચે ઉદ્ધૃત કરવામાં આવે છે.

તંત્રી

આતમ-શરણાઈ

ગુજરાતીને લાભ મળ્યો ત્યારે મીરાંબાઈ જેવાનો મળ્યો, પણ સામાન્ય રીતે આપણે ત્યાં કવયિત્રીઓના કંઠ ઓછા જ સાંભળવા મળે છે !

બેન ગીતાનું સ્થાન, મારે મન, સમ ખાવા જેવી એકની એક કવયિત્રી લેખે જ નથી, પણ પોતાને મળેલી શકિતની માવજત કરીને એનાં યથાશકય સુપરિણામો નિપજાવવા મથતી એક સદા ઉદ્યોન્મુખ એવી કલા-વ્યાસંગિની તરીકે છે. એક નારીનો અવાજ કેવો જુદો જ તરી આવતો હોય છે! વાત્સલ્યનાં કાવ્યો લખાતાં હોય છે, પણ ગીતાનું માતૃહૃદય કેવી સહજતાથી એ ભાવ આલાપે છે :

આ મુઠ્ઠી જે હજીય પૂરી ખૂલી શકે ના,
તે માંહ્ય મારૂં ઉર શી રીત ગોપવી દે?

નવા જન્મેલાં બાળકનું હૃદયભેર સ્વાગત કરનારી એની મોટી બહેન એક નીકળી—એ વાત જનેતાની આંખ ભારે નાજુકતાથી પકડી પાડે છે :

ના કિન્તુ સ્નેહજ નવજાતથી દૂર જાયે
આશ્ચર્યમુગ્ધ નીરખંત અદસ્ય હર્ષે
પલકારતી મૃદુલ બ્હેનની નાની કીકી
ઝૂલાવતી પ્રતિછવી મહીં ભાઈ નાનો.

દામ્પત્યનાં—ખાસ કરીને વાત્સલ્યનાં—કાવ્યોમાં ગીતાનો પોતાનો અવાજ સ્પષ્ટ સંભળાય છે. ગીતામાં ઊંડી અભીપ્સા છે. 'તપોભૂમિ આ પ્રેમત્યાગની'—એ શબ્દોમાં સંસારને એ ઓળખાવે છે. ગીતાના વિષયો પરિમિત છે. અને કોઈક વાર એ રચના—ચતુરાઈથી સંતુષ્ટ થઈ જાય છે. પણ જીવનવાત્સલ્યનું એનું ભાન ક્યારેક 'રે હીબકાં લે અહીંની દીવાલો' જેવા વેધક પ્રૌઢિભર્યા ઉદ્‌ગારમાં પ્રગટ થઈ જાય છે.

'ઘટના કોલાહલમાં સુણવી શેં આતમશરણાઈ ?'—એ મૂંઝવણ ગાતી બેન ગીતાનો અવાજ ગુજરાતી કાવ્યરસિકોને સાંભળવો ગમશે જ.

તા. ૨૨-૭-૧૯૬૬. **ઉમાશંકર જોશી**

તાજાં કુસુમ જેવાં કાવ્યો

(શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદીનો બહેન ગીતા ઉપરનો પત્ર)

સૂરત, તા. ૧-૧૧-૬૬

શ્રીમતી સુજ્ઞ બહેન ગીતાબહેન,

તમારો કાવ્યસંગ્રહ "પૂર્વી" મને મળી ગયો તેથી આનંદ થયો. હું આભારી છું. કેટલાંક કાવ્યો તો પહેલાં મેં કૌતુકથી વાંચ્યાં છે. તમને મારાં અભિનંદન. કાવ્યપ્રવૃત્તિમાં તમને આટલો રસ છે એ જ એક ખુશીનો વિષય છે; તેમાંય તમને કાવ્યતત્ત્વની સૂઝ છે અને આગળ કહી શકાય એવું આપી શકયાં છો. તમે નાની ઉંમરમાં પણ વૃદ્ધની લાગણી ચોકકસ પારખી છે. મારી બાજુમાં મારી પુત્રીની બાળકી છે આઠ મહિનાની, અને મને ૬૭ થયાં. અમારી વાત તમે જાણે કરી છે !

"જે કૌતુકે શિશુદગે નીરખ્યું તું વિશ્વ
એ કૌતુકે અવ અલૌકિક શોધતી દગ."

તમારાં તાજાં સુમન જેવાં કુટુંબભાવનાં કાવ્યો ચિ. સૌ. વસન્તિકાને વંચાવ્યાં. તેણે પણ 'કુમાર'માં થોડાંક વાંચ્યાં જ હતાં. સંસારનો સંયમી મધુર-રસ અને વિશ્વમાં વ્યકિતત્વને ભૂલવાની-ભાળવાની વૃત્તિ તમારી કવિતાનાં આકર્ષક પાસાં છે. તમારાં ગીતોમાં પણ કાવ્યત્વ ને માધુર્ય સંયુકત છે. આટયું કહું : માત્ર મતિ (abstract thught) કે તરંગચાતુરી (Fancy) કે વિસંવાદી અલંકરણ કે પ્રતિરૂપથી ઉપલક ચમત્કાર સધાય છે, પણ કાવ્યચમત્કાર સધાતો નથી. ભાવાનુપ્રવિષ્ટ ચમત્કાર તે જ સાચો ચમત્કાર—સંવાદ અને એકતા લાવનારી ચિત્તશકિત છે તેનું પ્રવર્તન દરેક કાવ્યમાં થવું જોઈએ. પ્રતિભા તે આ જ. કહેવાતા "અસ્તિત્વવાદ"થી બચી જજો.

વિ. ૨. ત્રિવેદીના નમસ્કાર

જગદ્‌ગુરૂ શંકરાચાર્યના ઉપવાસને અનુલક્ષીને–

[જગન્નાથપુરીના શ્રીમદ શંકરાચાર્ય ગૌવધનિષેધ આન્દોલનના અનુસંધાનમાં આમરણાંત ઉપવાસ ઉપર ઉતર્યા છે એ સમાચારની જાણ થતાં તા. ૨૧-૧૧-૬૬ ના રોજ શ્રી ઢેબરભાઈએ અંગ્રેજીમાં એક છાપાજોગું નિવેદન બહાર પાડ્યું હતું. આ અંક પ્રગટ થતા સુધીમાં પ્રસ્તુત ઉપવાસ ચાલુ હોય કે ન હોય, તો પણ ગૌવધનિષેધ આન્દોલન અને તે સાથે જોડાયેલો અનશન વિચાર આજે એટલી જ ઉત્કટતાપૂર્વક દેશભરમાં ચોતરફ પ્રવર્તમાન છે. આવી આજની ચિન્તાજનક પરિસ્થિતિમાં શ્રી ઢેબરભાઈનું આ નિવેદન અત્યન્ત પ્રસ્તુત છે અને ઉચિત માર્ગદર્શન આપે છે એમ સમજીને તેનો અનુવાદ નીચે પ્રગટ કરવામાં આવે છે. તંત્રી]

આજના છાપાઓ જગન્નાથપુરીના શ્રીમદ્ જગદ્‌ગુરુ શંકરાચાર્યજીના ઉપવાસ વિષેના સમાચાર આપે છે. આ ઉપવાસના, તેઓશ્રી જે સ્થાન હિન્દુ સમાજમાં ધરાવે છે તે સ્થાનને અનુરૂપ, અનિવાર્યપણે ચોક્કસ પ્રત્યાઘાતો પેદા થવાના જ. મને ખાત્રી છે કે ખાસ કરીને પખવાડિયા પહેલાં એટલે નવેંબરથી ૭મી તારીખે દિલ્હીમાં જે કાંઈ બનાવો બન્યા છે તેની પશ્ચાદ્‌ભૂમિકામાં આવું ગંભીર પગલું ભરતાં પહેલાં બધાં પરિણામોનો તેમણે પૂરી સાવધતાપૂર્વક વિચાર કર્યો જ હશે. લાગણીના સ્તર ઉપર જાહેર મતને સતેજ કરવો એ પ્રમાણમાં વધારે સહેલું છે; તેનું નિયંત્રણ કરવું મુશ્કેલ છે; તેને બુદ્ધિપૂર્વકની દિશાએ વાળવો એ એથી પણ વધારે મુશ્કેલ છે. જ્યારે પણ સામાજિક–રાજકીય અથવા તો સામાજિક–આર્થિક પ્રશ્નોને, ગુણવત્તા ઉપર તેની મુલવણી થવાને બદલે, ધાર્મિક લાગણીઓ ઉપર આધારિત અપીલોનો–અનુરોધોનો–વિષય બનાવવામાં આવ્યો છે ત્યારે ત્યારે ભારતમાં લોહીનાં સીંચન થયાં છે. ૧૯૪૭માં આમ બન્યું હતું; પખવાડિયા પહેલાં પણ કાંઈક આવું જ બન્યું હતું. આવી દરેક ઘટનાના પ્રસંગે આપણા દેશે માનવી, મિલકત અને પ્રતિષ્ઠાની બાબતમાં ઘણી મોટી નુકસાની વેઠી છે. લાગણીમાંથી ઝનૂન એક પગલું છે અને ઝનુનને હિંસામાં પરિણમતાં એક પગલા જેટલી પણ વાર લાગતી નથી. આમ હોવાથી, વૈજ્ઞાનિક અને બુદ્ધિપૂર્વકના કાર્યક્રમ દ્વારા ગાયનો ઉદ્ધાર થવો જોઈએ એવી માન્યતા ધરાવનાર એક વ્યકિત તરીકે, ગાયના રક્ષણ, ટકાવ અને વિકાસ અંગે આપણા રાજ્યબંધારણમાં જે જોગવાઈ છે તેના ઔચિત્ય અને શાણપણમાં શ્રદ્ધા ધરાવનાર એક દેશજન તરીકે, તેમ જ દેશની સુલેહ અને શાન્તિને ખતરનાક નીવડે એવા કશા પણ વર્તનથી આપણા લોકો દૂર રહે એવી ચિન્તા ધરાવનાર એક શુભચિન્તક તરીકે, પૂજ્ય આચાર્યશ્રી અને તેમના સાથીઓને લેશમાત્ર સમય ગુમાવ્યા સિવાય આજની પરિસ્થિતિ અંગે પુનઃ વિચારણા કરવા માટે હું હાર્દિક અનુરોધ કરું છું.

આપણા ભારતના બંધારણમાં ૪૮મી કલમ દાખલ કરનાર બંધારણના ઘડવૈયાઓએ પ્રજાના મોટા ભાગની આ વિષય અંગેની લાગણીનો સ્વીકાર કર્યો છે. લોકશાહી જનસમુદાયની તીવ્ર લાગણીઓને પ્રતિબિંબિત કરે છે. પણ એ જ બંધારણ બીજા બધા વિકલ્પોથી દૂર રહેવાની અને બંધારણે અને તે પાછળ રહેલી ભાવનાએ જે માર્ગ અને ઉપાય સૂચવ્યો છે, તે સિવાય બીજા કોઈ પણ માર્ગનું અવલંબન નહિ લેવાની લોકોની જવાબદારી ઉપર એટલો જ ભાર મૂકે છે. આ રસ્તો છે મતદાન પદ્ધતિનો માર્ગ. જો એક વખત સમાજની જવાબદાર વ્યકિતઓ આ સિદ્ધાન્તનો ત્યાગ કરશે તો પછી ઓછા બુદ્ધિશાળી અને વધારે બીનજવાબદાર લોકો મતદાન પદ્ધતિના સર્વોત્કૃષ્ટ વર્ચસ્વના સિદ્ધાન્તને કચરાની ટોપલીમાં ફેંકી દેતા વાર નહિ લગાડે. આ કારણે મહામના શંકરાચાર્યજી જેવું અતિ મહત્વનું સ્થાન અને પ્રતિષ્ઠા ધરાવતી વ્યકિતની સામાજિક જવાબદારી ઘણી મોટી છે. લોકલાગણીઓ એટલી બધી ઉત્તેજિત થઈ બેસે કે તેનું નિયંત્રણ કરવાનું મુશ્કેલ બની જાય તે પહેલાં લોકોને સાચી અને સમજણભરી દોરવણી આપવા તેમને હું પ્રાર્થના કરું છું.

સાથે સાથે ભારત સરકારને પણ પોતાની જવાબદારીનો પૂરો ખ્યાલ કરવા હું પ્રાર્થના કરીશ. આ એક એવી સમસ્યા છે કે જેના નિરાકરણની દિશાએ સરકાર ઘણી આગળ વધી ચૂકી છે અને જે કાંઈ બાકી રહ્યું છે તે એટલું થોડું છે કે તે કારણે સરકાર અને જનતાના સામાન્ય સમુદાય વચ્ચે કડવાશ પેદા થવી કે સંઘર્ષ નિર્માણ થવો ન ઘટે. પાંચ રાજ્યો સિવાય આજે બાકીના લગભગ બધાં રાજ્યોમાં ગૌવધ સામે કાનૂની પ્રતિબંધ અસ્તિત્ત્વ ધરાવે છે. મને એમ સમજવાને કારણ છે કે આ પાંચ રાજ્યોમાંથી ત્રણ રાજ્યો તો આ સંબંધમાં કાયદો કરવાને તૈયાર છે. ભારત સરકાર આસામના પહાડી પ્રદેશ અને ગોવા સિવાય બાકીના કેન્દ્રશાસિત પ્રદેશોમાં ગૌવધનિષેધ અંગે કાનૂની પ્રબંધ યોજવાની તૈયારી કરી રહેલ છે. આમ છે તો પછી જે સમસ્યાનો ઉકેલ માત્ર સિદ્ધાંતમાં નહિ પણ આચરણમાં પંચોતેર ટકા જેટલો સ્વીકારાયેલો છે તે સમસ્યાને હજુ અદ્ધર ને અદ્ધર ઊભી રાખવામાં ડહાપણ છે કે નહિ એ બાબત ભારત સરકારે ગંભીરપણે વિચારવાની રહે છે. આ પશુઓની જાતિને સુધારવાના, વિકસાવવાના ઉપયોગી કાર્ય તરફ પોતાની તેમ જ વિરોધીઓની શકિતઓને વાળવા તરફ ભારત સરકાર પોતાનું ધ્યાન કેન્દ્રિત કરે એ શું વધારે ઈચ્છવા યોગ્ય નથી? અલબત્ત, જો ગૌરક્ષાનો સિદ્ધાન્ત હજુ વિવાદાસ્પદ પ્રશ્નની સ્થિતિમાં હોત તો જુદી બાબત હતી. બંધારણે તેમ જ જુદા જુદા રાજ્યોની કાનૂની વ્યવસ્થાએ આ સવાલને એક નિર્ણીત સવાલ તરીકે સ્વીકારેલો છે, અને તે મુજબનો વર્તાવ કર્યો છે.

મારા અભિપ્રાય મુજબ ભારત સરકારે કાનૂની પ્રતિબંધની જવાબદારી સ્વીકારવી જોઈએ અને જેઓ આ પ્રશ્ન અંગે આન્દોલન ચલાવી રહ્યા છે તેમણે પણ, જે જાનવરો તેઓ બચાવવા માગે છે તેમના રક્ષણ, ટકાવ અને વિકાસ માટે જોગવાઈ કરવાના હેતુથી સરકાર અને પંચાયત રાજ્ય સંસ્થાઓને સાધનસામગ્રી અને સંપત્તિ પૂરી પાડવાની દિશાએ પોતાની શકિતને અનુસંધિત કરવી ઘટે છે. એ ભૂલાવું ન જ જોઈએ કે માત્ર કાનૂની જોગવાઈથી ગાય બચાવી શકાય તેમ છે જ નહિ. આ માટે જ્યાંથી જે કાંઈ મળે તેમ હોય ત્યાંથી તે સર્વ સાધનસામગ્રી એકઠી કરવાની રહેશે. આ કામ એટલું મોટું છે કે માત્ર સરકાર કે માત્ર લોકો એકલા હાથે તેને પહોંચી શકે તેમ છે જ નહિ, જરૂર છે. પરસ્પરના સહકારી અભિગમની. હું આશા રાખું છું અને વિશ્વાસ ધરાવું છું કે સૌ કોઈની શકિતઓ આ પ્રશ્ન અંગે સહકારી ઉકેલ શોધી કાઢવાના કાર્ય તરફ કેન્દ્રિત કરવામાં આવશે.

અનુવાદક :
પરમાનંદ

મૂળ અંગ્રેજી :
શ્રી ઉછરંગરાય ન. ઢેબર

પૂરક નોંધ

ઉપવાસો બંધ કરો !: આંદોલન સંકેલી લ્યો !!

ગૌહત્યા પ્રતિબંધક આન્દોલનના સંદર્ભમાં આજકાલ તેને લગતી અખિલ ભારતવ્યાપી કાનૂની જોગવાઈ કરવાનું ભારત સરકાર ઉપર દબાણ લાવવા માટે જગન્નાથપુરીના જગદ્‌ગુરુ શંકરાચાર્ય માફક અમુક સાધુઓ, સંન્યાસીઓ તેમજ દેશના આગેવાન હિન્દુ નેતાઓ સીમિત કે આમરણાન્ત ઉપવાસ પર ઉતર્યા છે અથવા ઉતરવાના છે–આવા સમાચારો આજના સામયિકોમાં ચારે બાજુએથી સાંભળવામાં આવે છે. આખો દેશ આજે એક અસાધારણ કટોકટીમાંથી પસાર થઈ રહ્યો છે; ગયું ચોમાસું કેટલેક ઠેકાણે નિષ્ફળ જવાથી દેશના અમુક ભાગો ઉપર દુષ્કાળના–ભૂખમરાના–ઓળા ઉતરી રહ્યા છે; આર્થિક ભીંસ સરકારને મુંઝવી રહી છે; વધતી જતી મોંઘવારી લોકજીવનને રૂંધી રહી છે; લોકમાનસ અત્યન્ત આળું, અસહિષ્ણુ અને ઉશ્કેરાટપરાયણ બની રહ્યું છે અને કોઈ પણ

નિમિત્ત તેને જોતજોતામાં બહેકાવી શકે છે. પરિણામે રાજ્ય સરકાર અને પ્રજાજનો વચ્ચે અવારનવાર અથડામણ ઊભી થયા કરે છે અને જાનમાલની નાની મોટી ખુવારીમાં પરિણમે છે. દેશની આવી અત્યન્ત સ્ફોટક બનેલી પરિસ્થિતિમાં ગૌવધ નિષેધલક્ષી ઉપવાસો–પછી તે સીમિત હોય કે આમરણાન્ત–ઊંબાડિયાનું કામ કરે છે; તેમાંથી ઠેકાણે ઠેકાણે રોષાગ્નિની જ્વાળાઓ ભભૂકી ઉઠે છે અને તરેહ તરેહના અનર્થો સરજાય છે. આ રીતે આ ઉપવાસો અહિંસાના સ્વાંગમાં હિંસાત્મક બની રહ્યા છે, હિંસાને નોતરી રહ્યા છે. આ રીતે આવા ઉપવાસો ઉપર ઊતરનાર વ્યક્તિ ગમે તેટલી મોટી હોય તો પણ તે એક પ્રકારનો દેશદ્રોહ આચરી રહેલ છે–આ બાબત આપણે બરોબર સમજી લઈએ.

આ ઉપવાસો ગાયોને બચાવવાના નામે અને હિંદુધર્મને આગળ ધરીને કરવામાં આવે છે. તેનો ઉપયોગ કેવળ લોકલાગણીને સળગાવવા માટે અને કોમી ઝનુન પેદા કરવા માટે થઈ રહ્યો છે. આ ઉપરાન્ત પ્રસ્તુત આન્દોલન સાથે જોડાયેલા આ ઉપવાસને રાજકારણી રંગ લાગી ચૂક્યો છે અને કૉંગ્રેસ–વિરોધી રાજકીય પક્ષો તેનો પૂરો લાભ ઉઠાવી રહ્યા છે. આમ જોખમી બનતા જતા ઉપવાસોની પ્રવૃત્તિને વખતસર બંધ કરવામાં કે અટકાવવામાં નહિ આવે તો તેમાંથી આખા આન્દોલનને કોમી વલણ મળવાનો અને તેના અતિરેકમાંથી "અમારે તો હવે હિન્દુ રાજ્ય જ જોઈએ, કારણ કે આ દેશમાં અમારી એટલે કે હિંદુઓની બહુમતી છે"–આવી લોકશાહીને ભારે ખતરનાક માંગણી પેદા થવાનો ખૂબ જ સંભવ છે.

આ ભયંકર શક્યતાથી ભારત સરકાર અને ભારતના જવાબદાર પ્રજાજનો ચેતે અને તેને અટકાવવા માટે જે કાંઈ શક્ય હોય તે પ્રત્યેક પક્ષ કરી છૂટે એ અત્યન્ત આવશ્યક છે. ભારત સરકાર ગૌવધ નિષેધ અંગે જે કોઈ કાનૂની પ્રબંધ શક્ય હોય તે વિના વિલંબે અમલમાં લાવે અને જવાબદાર પ્રજાજનો સીમિત કે આમરણાન્ત ઉપવાસોના ઉલ્કાપાતો નિર્માણ થતા કોઈ રીતે અટકાવે.

વસ્તુતઃ આ સર્વદલીય ગૌરક્ષા અભિયાન આન્દોલન, તેનો પાયાનો વિચાર ગમે તેટલો સાચો હોય તો પણ, અત્યન્ત કમબખતનું છે. આ આન્દોલને પરદેશોમાં ખાસ કરીને અમેરિકામાં આપણા વિષે ભારે પ્રતિકૂળ છાપ પેદા કરી છે. "ભારતના લોકોને દુષ્કાળના ડાચામાં બેઠેલા પોતાના પ્રજાજનોની કશી પડી નથી અને ગાયોને તેઓ બચાવવા નીકળી પડ્યા છે. આવા લોકોને અન્નસહાય કોઈ પણ પ્રકારની સહાય આપવાનો શું અર્થ છે?" આવો પ્રશ્ન તેઓ ઉઠાવી રહ્યા છે. આપણે તેમની નજરમાં હાંસીપાત્ર બની રહ્યા છીએ. આજે દેશના અમુક વિભાગોને ભૂખમરાથી બચાવવા માટે અમેરિકા તેમ જ અન્ય દેશોની અન્નસહાય અનિવાર્યપણે જરૂરી છે. ઉપર જણાવેલ ખ્યાલથી આપણને મદદરૂપ થવાનો તેમનો ઉત્સાહ ઓસરી રહ્યો છે, પરિણામે આપણને અન્નસહાય મળતી બંધ થાય અને લોકો ભૂખે મરવા માંડે તો તેની જવાબદારી કોની લેખાશે? આજની આવી કપરી વાસ્તવિકતા ધ્યાનમાં લઈને આ ગૌરક્ષા અભિયાન વિનાવિલંબે સંકેલી લેવામાં આવે એ અત્યન્ત ઈચ્છવાયોગ્ય છે. આવી સદ્‌બુદ્ધિ–સન્મતિ–ગૌરક્ષાના ઝનુનને વશ બનેલા હિન્દુસમાજના ધર્મનેતાઓ અને અન્ય આગેવાનો દાખવશે ખરા?

પરમાનંદ

"અદ્યતન રાજકારણી પરિસ્થિતિ"

શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહનું વ્યાખ્યાન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે તા. ૬ ડિસેંબર મંગળવાર સાંજના ૬ વાગ્યે સંઘના કાર્યાલયમાં (૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ) શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ અદ્યતન રાજકારણી પરિસ્થિતિ ઉપર જાહેર વ્યાખ્યાન આપશે. આ વિષયમાં રસ ધરાવતાં ભાઈ બહેનોને નિમંત્રણ છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

ગાંધી-વિચારનું સાર-તત્ત્વ

(આકાશવાણીના સૌજન્યથી–મૂળ અંગ્રેજી પરથી)

ગાંધીજીની સર્વોદયની કે બીજી કોઈ વિચારસરણી અંગે કાંઈ કહેવું સહેલું નથી. ગાંધીજીના વિચારો એકી સાથે સરળ અને ગહન, સીધા અને સૂક્ષ્મ, સ્પષ્ટ અને અસ્પષ્ટ હતા. વળી, એમના "સત્યના પ્રયોગો"ની સાથોસાથ એ વિચારો પાંગરતા અને વિકસતા ગયા. ગાંધીજીના મૃત્યુ બાદ ૧૯૪૮ના માર્ચમાં દેશભરના નેતાઓ સેવાગ્રામમાં ભેળા થયા હતા. ગાંધી-આંદોલનના ભાવિ અંગે તેઓએ વિચારણા કરી અને વિનોબાજીની સલાહથી સર્વોદય સમાજને નામે ગાંધી વિચારસરણીમાં રસ ધરાવનારાઓનો એક ભાઈચારો ઊભો કરવાનું નક્કી કર્યું. એ નિર્ણય સંમેલન સમક્ષ રજૂ કરતી વખતે રાજેન્દ્રબાબુએ પોતાના મહત્ત્વના ભાષણમાં જણાવેલું કે એક વાર ગાંધીજીને એવી વિનંતી કરવામાં આવી કે તેઓ એમના વિચારો પદ્ધતિસર કંઈક "સર્વાંગીણ પાઠય પુસ્તક" રૂપે લખી આપે. ત્યારે ગાંધીજીએ કહ્યું કે એમને માટે એ શક્ય જ નથી, કેમકે એમની પાસે તો કેટલાક મૂળભૂત સિદ્ધાંતો છે, જેને તેઓ રોજબરોજની વ્યાવહારિક સમસ્યાઓને લાગુ પાડવાનો પ્રયત્ન કરતા રહે છે, અને તેથી સર્વસામાન્ય સૂત્રોના પાઠય પુસ્તક રૂપે કાંઈ લખી જવાનું એમને માટે બિલકુલ શક્ય નથી.

આના ઉપરથી ખ્યાલ આવશે કે ગાંધીજીનાં થોકબંધ લખાણો અને વ્યક્તવ્યો તથા ત્રણ ખંડમાંની અડધી સદીની એમની પ્રવૃત્તિઓ પરથી એમના વિચારોનો નિચોડ કાઢવાનું કેટલું અઘરું છે! સાથોસાથ આના ઉપરથી એ પણ સમજાય છે કે ગાંધીજીનું મગજ શા માટે નિરંતર તાજું રહેતું, અને એમના અનુયાયીઓને અવારનવાર નવાઈમાં ડુબાડી દેતું. ગાંધીજીનાં કેટલાંક પગલાં એમના અનુયાયીઓને વિરોધાભાસી અને વિસંગત લાગતાં.

'સર્વોદય' શબ્દ ગાંધીજીનો બનાવેલો નથી. આપણા પુરાતન ધાર્મિક સાહિત્યમાં તે ઘણી વાર જોવા મળે છે. ગાંધીજીએ માત્ર એ શબ્દનો ઉપયોગ પોતાની સમગ્ર વિચારધારા વ્યક્ત કરવા માટે કર્યો. પોતાની આત્મકથામાં તેઓ કહે છે એમના પ્રવૃત્તિમય જીવનને કારણે એમને વાચન માટે બહુ થોડો વખત મળતો, અને તેને લીધે જ તેઓ જે કાંઈ વાંચતા તેને પચાવી શકતા. એમાંનું એક પુસ્તક જેણે "મારા જીવનમાં તત્કાળ અને વ્યવહારુ પરિવર્તન આણ્યું," તે રસ્કિનનું "અન્ટુ ધિસ લાસ્ટ." પાછળથી એમણે એ પુસ્તક ગુજરાતીમાં ઉતાર્યું અને તેને નામ આપ્યું, "સર્વોદય," જેનો એમણે અર્થ કર્યો- સહુનું કલ્યાણ.

પાછળથી "હરિજન" (૧૦-૪-૪૯)માં લખતાં વિનોબાજીએ કહેલું કે "અન્ટુ ધિસ લાસ્ટ"નો સાચો અનુવાદ તો થાય "અંત્યોદય," પણ ગાંધીજીએ આપણને શીખવ્યું છે કે સર્વોદયને માર્ગે જવા માટે સૌ પ્રથમ સૌથી છેવાડે અને સૌથી નીચે પડેલાથી આરંભ કરવો જરૂરી છે. એટલે "સર્વોદય" શબ્દ જ ચાલુ રહેવો જોઈએ. સર્વોદયનો આ એક પાયાનો વિચાર છે. અલબત્ત, એ સ્વીકારવું જોઈએ કે તેથી સામાજિક-આર્થિક કાર્યપદ્ધતિ બાબતમાં હજી ઘણું કરવાનું બાકી છે. એ જાણીતું છે કે આજની વિકાસની પ્રચલિત વિચારસરણીઓ અને પ્રયોગો આ પ્રશ્નની કેવી ઉપેક્ષા કરે છે! તેઓ એવું અનુમાન કરીને ચાલે છે કે વિકાસના લાભો ધીરે ધીરે છેવાડે પડેલા અને સૌથી નીચે રહેલા સુધી પહોંચશે. વિનોબાજી આને માટે એક બહુ સારગર્ભિત શબ્દ વાપરે છે–પરકોલેટ, એટલે કે વિકાસના લાભો ઉપરથી ધીરે ધીરે ઝમી-ઝમીને નીચેનાઓ સુધી પહોંચશે. આજે આ દેશમાં જે આયોજન થઈ રહ્યું છે અને સર્વોદય જે જાતનું આયોજન કરવા માગે છે તે બેની દિશા વચ્ચેનો મૂળભૂત ફરક આ જ છે.

ગાંધીજીએ પોતાની આત્મકથામાં "અન્ટુ ધિસ લાસ્ટ"ના

ઉપદેશોનો, અર્થાત્ સર્વોદયના ઉપદેશોનો સાર નીચેના ત્રણ મૂળભૂત સિદ્ધાંતોમાં આપ્યો છે :

(૧) બધાના ભલામાં આપણું ભલું રહેલું છે.

(૨) વકીલ તેમ જ વાળંદ બંનેના કામની કિંમત એકસરખી હોવી જોઈએ, કેમ કે આજીવિકાનો હક બધાને એકસરખો છે.

(૩) સાદું મજુરીનું, ખેડૂતનું જીવન જ ખરું જીવન છે.

તેઓ આગળ લખે છે : 'પહેલી વસ્તુ હું જાણતો હતો. બીજી હું ઝાંખી જોતો હતો. ત્રીજીનો મેં વિચાર જ નહોતો કર્યો. પહેલીમાં બીજી બંને સમાયેલી છે, એ મને "અન્ટુ ધિસ લાસ્ટ" દીવા જેવું દેખાડ્યું,' પછી ઉમેરે છે—અને અહીં આપણી સમક્ષ ગાંધીજીની મહાનતાનું રહસ્ય છતું થાય છે—"સવાર થયું અને હું આ સિદ્ધાંતોનો અમલ કરવાના પ્રયત્નમાં પડ્યો."

તરેહ-તરેહના સમાજવાદ અને સામ્યવાદના આ યુગમાં આ મૂળભૂત સિદ્ધાંતોને એ ભિન્ન ભિન્ન વાદોના મૂળભૂત સિદ્ધાંતો સાથે સરખાવવાનું રસપ્રદ થઈ પડશે. પહેલો સિદ્ધાંત કદાચ સમાજવાદ-સામ્યવાદના સામૂહીકરણના વિચાર સાથે બંધબેસતો થતો હોય એમ લાગશે, કેમ કે તે વિચારમાં યે સમૂહના ભલામાં વ્યકિતનું ભલું સમાયેલું છે એમ માનવામાં આવે છે. ઈતિહાસ જો કે એમ કહે છે કે કાલ્પનિક સમૂહની વેદી પર વાસ્તવિક વ્યકિતનો હંમેશાં ભોગ દેવાયો છે, જ્યારે બીજી બાજુ ગાંધીજી અહિંસાને વળગી રહ્યા હતા તેને કારણે એક એવી બાંયધરી મળતી હતી કે સમૂહના હિત માટે વ્યકિત ઉપર નૈતિક દબાણ સિવાયનું બીજું કોઈ પણ દબાણ આવશે નહીં. ગાંધીજીની વિચારસરણી પ્રમાણે તો સહુનું કલ્યાણ પણ વ્યકિત-ગત પુરુષાર્થ દ્વારા જ સાધી શકાશે. ગાંધીજીને મન આ "સર્વ" એ કોઈ પક્ષ કે રાજ્યમાં મૂર્તિમંત થયેલ કલ્પના નહોતી. એમને માટે તો "સર્વ" એટલે શબ્દશ: સમાજમાં રહેતી બધી વ્યકિતનો સરવાળો, અને સર્વના ભલાનો અર્થ દરેકે દરેક વ્યકિતનું ભલું. તેથી જ્યારે એમણે એમ કહ્યું કે સર્વના ભલામાં વ્યકિતનું ભલું સમાયેલું છે, ત્યારે એમનો અર્થ સમૂહવાદીઓના અર્થ કરતાં સાવ જુદો હતો.

બીજા સિદ્ધાંતના સંદર્ભમાં આપણને યાદ આવશે કે "દરેકની પાસેથી તેની શકિત અનુસાર લેવું અને દરેકને તેની જરૂરિયાત મુજબ આપવું," એ દિવ્ય સિદ્ધાંતનો ઉદ્‌ઘોષ કરનાર કાર્લ માકર્સ હતો. પરંતુ માર્કસની અન્ય માનવતાવાદી આંતરસૂઝની જેમ માકર્સ-વાદના આ માનવતાવાદી મહાન સિદ્ધાંતનીયે તેના અનુયાયીઓએ ઉપેક્ષા કરી છે. બધા જ સમાજવાદી તેમ જ સામ્યવાદી દેશોમાં પગા-રની ચૂકવણીનો આધાર તે જ છે, જે મૂડીવાદમાં છે, અર્થાત્ જેટલું કામ કર્યું હોય તે અનુસાર પગાર ચૂકવાય, અને કેટલાક પ્રકારના કામોની અન્ય કામો કરતાં વધુ કિંમત અંકાય. ગાંધીજીના માનવતા-વાદથી આ વિરુદ્ધ હતું. તેઓ કામ કરનાર માણસને એક વ્યાપારી એકમ ગણવાને બદલે એક જીવતો જાગતો માનવ ગણતા, જેની શારીરિક અને આધ્યાત્મિક જરૂરિયાતો પક્ષના નેતાઓ, ઑફિસરો, મેનેજરો, વૈજ્ઞાનિકો, કળાકારો વગેરેના જેટલી જ છે.

ત્રીજા સિદ્ધાંતના સંદર્ભમાં કેવળ અમુક સામ્યવાદી સમાજોએ જ શરીરશ્રમનું ગૌરવ વધારવાના અધકચરા પ્રયત્નો પ્રામાણિકપણે કર્યા છે. પરંતુ તેને વ્યવહારમાં ઉતારવાનો પ્રયત્ન ગંભીરપણે કયાંય કરવામાં આવ્યો નથી. પરિણામે શરીરશ્રમનું કામ કરનારા અને બૌદ્ધિક કામ કરનાર વચ્ચેની ખાઈ પહોળી ને પહોળી થતી જાય છે અને બૌદ્ધિક કામ કરનારાઓને સમાજમાં ઊંચો દરજ્જો અપાય છે. માનસશાસ્ત્રીઓના કહેવા પ્રમાણે માણસ કષ્ટ ટાળવાનો અને તેથી શરીરશ્રમ ટાળવાનો પ્રયત્ન કરે તે સ્વાભાવિક છે. પરંતુ આના પરથી તો એ સ્પષ્ટ થાય છે કે શ્રમજીવીની મુકિતના પ્રશ્નના મૂળમાં શું છે. સૌ પ્રથમ તો શારિરીક દૃષ્ટિએ અને આધ્યાત્મિક દૃષ્ટિએ માણસને ક્ષીણ કરનારી વેઠ તથા કામની નીરક્ષરતા કેમ દૂર કરવી તે સવાલ છે. પછી કામ કરનારને તેના કામ સાથેનો સંબંધ સુધરે તે માટેના પ્રયત્ન કરવાનો છે, જેથી તેને માટે કામ અર્થપૂર્ણ અને આનંદ-દાયક બને. ત્રીજી વાત એ કે સમાજના માનસમાં પરિવર્તન કરવાનું છે, જેથી શરીરશ્રમને એક નવું ગૌરવ પ્રાપ્ત થાય. આ ઉદ્દેશને કારણે, અને તેમાં યે ખાસ કરીને શ્રમનું ગૌરવ વધારવાના ઉદ્દેશને કારણે, ગાંધીજીએ એ વાત પર આટલો બધો ભાર મૂકેલો કે સમાજમાં દરેક જણ નિયમિત કાંઈ ને કાંઈ શરીરશ્રમ કરે, જેને તેઓ રોટી-શ્રમ કહેતા.

સાધ્યની પ્રાપ્તિ માટેનાં સાધનો ગાંધીજીને મન સાધ્યનાં જેટલાં જ મહત્ત્વનાં હતાં. "યંગ ઈન્ડિયા"માં એમણે લખેલું : 'લોકો કહે છે, સાધન આખરે માત્ર સાધન જ છે, પણ હું કહીશ કે સાધન જ સર્વસ્વ છે. જેવું સાધન, તેવું સાધ્ય.' "હિંદ સ્વરાજ"માં એમણે લખ્યું, 'સાધનને બીજ સાથે સરખાવી શકાય, અને સાધ્યને વૃક્ષ સાથે.' એક વાર એક પત્રમાં એમણે જણાવેલું : 'સાધ્યની સ્પષ્ટમાં સ્પષ્ટ વ્યાખ્યા અને તેની આવશ્યકતાની પ્રતીતિયે આપણને ત્યાં સુધી પહોં-ચાડી શકશે નહીં, જો તેને પ્રાપ્ત કરવાનાં સાધનો આપણે જાણતા નહીં હોઈએ, અને તેનો ઉપયોગ નહીં કરતા હોઈએ. તેથી જ મેં મુખ્યત્વે સાધનોની શુદ્ધિ અને તેના પ્રગતિશિલ ઉપયોગ ઉપર મારું ધ્યાન કેન્દ્રિત કર્યું છે. હું જાણું છું કે આપણે જો સાધનોની સંભાળ લઈ શકીશું, તો સાધ્યની પ્રાપ્તિ નિશ્ચિત જ છે.' પોતાના કથનની ટીકા થશે એમ કલ્પીને એમણે ઉમેર્યું : 'આ માર્ગ ભલે લાંબો લાગતો હોય, કદાચ બહુ લાંબો, પણ મને ખાતરી છે કે એ ટૂંકામાં ટૂંકો માર્ગ છે.'

ઓછામાં ઓછું આ દેશની જનતાને તો જણાવવાની જરૂર ન હોય કે સર્વોદયનું સાધ્ય સિદ્ધ કરવા માટે ગાંધીજી સ્વરાજ્યની લડતમાં વપરાયેલ સત્ય અને અહિંસાના સાધનોનો જ ઉપયોગ કરવા માગતા હતા. ખરેખર એમણે કઈ રીતે આરંભ કર્યો હોત, તે કહેવું મુશ્કેલ છે. પરંતુ એક વાત સ્પષ્ટ છે. આ માટે રાજ્યના તંત્રનો ઉપયોગ કરવાનું તેઓ વિચારતા નહોતા. બે હકીકત પરથી આ બાબત સ્પષ્ટ થાય છે. એક તો તેઓ પોતે સત્તાસ્થાનથી અળગા રહ્યા હતા, અને એમણે એવી સલાહ આપેલી કે સ્વાતંત્ર્ય સંગ્રામના સર્વોચ્ચ નેતાઓમાંથી માત્ર થોડા જ સરકારમાં જાય, અને બાકીના જન-તાની અંદર પ્રત્યક્ષ કામ કરવા સારું બહાર રહે. બીજી હકીકત એ કે એમની હત્યાને આગલે દિવસે અખિલ ભારત કોંગ્રેસ સમિતિ માટે એમણે એક પ્રસ્તાવ ઘડેલો કે કૉંગ્રેસ—જે તે વખતે હજી એક રાષ્ટ્રીય સંગઠન હતું અને નહીં કે એક પક્ષ—નું લોકસેવક સંઘમાં રૂપાંતર કરી નાખવું જોઈએ.

આવી જ એક બીજી મહત્ત્વની વાત પણ સ્પષ્ટ છે. ગાંધીજીના સર્વોદયના કાર્યક્રમનું સ્વરૂપ ગમે તે હોત, પણ તેમાં ગ્રામરાજ અને ટ્રસ્ટીશિપ એ બે મહત્ત્વની વાતનો સમાવેશ તો અવશ્ય થયો હોત. પોતાની કલ્પનાની લોકશાહીનો પાયો નાખવા સારુ એમણે પહેલી ચીજ પર પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું હોત. આજની સામંતવાદી અને મૂડીવાદી વ્યવસ્થાનું એક સર્વોદયી સમાજ-વ્યવસ્થામાં પરિ-વર્તન કરવા માટે એમણે બીજી ચીજનો ઉપયોગ કર્યો હોત.

આ સંક્ષિપ્ત છણાવટને અંતે એવો નિર્દેશ કરી દેવો ઉચિત ગણાશે કે વિનોબાજીએ એમની પોતાની રીતે ગાંધીજીના સંકેતોને પાર પાડવાનો પ્રયત્ન કર્યો છે—સર્વ સેવા સંઘની સ્થાપના કરીને, ભૂદાન-ગ્રામદાન આંદોલન ઉપાડીને, અને નિકટના ભવિષ્યમાં ઉપાડાનાર નગરદાન આંદોલનની કલ્પના રજૂ કરીને.

'ભૂમિપુત્ર'માંથી સાભાર ઉધ્ધૃત. **શ્રી જયપ્રકાશ નારાયણ**

સ્વ. પ્રજ્ઞાચક્ષુ પંડિત આણંદજીભાઈ

(ગયા વર્ષે શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે યોજવામાં આવેલ કચ્છના પ્રવાસ દરમિયાન ભુજપર ખાતેના અમારા થોડા કલાકના રોકાણ દરમિયાન પં. આણંદજીભાઈનો અમને પરિચય થયો હતો અને તે પરિચયનો વિગતવાર ઉલ્લેખ એ સમયના પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ કરવામાં આવેલી કચ્છના પ્રવાસની નોંધમાં કરવામાં આવ્યો હતો. તેમનું તા. ૧૪-૧૦-'૬૬ ના રોજ ૭૦ વર્ષની વયે અવસાન થયું, તે દુઃખદ ઘટનાને અનુલક્ષીને તા. ૧૨-૧૧-૬૬ ના જૈનમાં પ્રગટ થયેલી સદ્‌ગતને ભાવભરી અંજલિ આપતી અવસાન નોંધ નીચે આપવામાં આવે છે. પરમાનંદ)

કચ્છના સુપ્રસિદ્ધ પ્રાચીન ભદ્રેશ્વરતીર્થની યાત્રાએ જઈએ ત્યારે અન્ય તીર્થસ્થાનો કરતાં કંઈક અનોખું વાતાવરણ ત્યાં મઘમઘતું હોય એમ તરત જ જાણવા મળે છે. કચરાનું કયાંય નામ નહીં; ધૂળ સિવાયની જગ્યાએ ચપટી ધૂળ ન મળે; કાગળનો નાનો સરખો ટુકડો પણ કયાંય રખડતો ન દેખાય; કાપડના ડૂચા માટે તો શોધ કરવી પડે. બધી જ વસ્તુઓ પોતપોતાના સ્થાને યોગ્ય રીતે વ્યવસ્થાપૂર્વક ગોઠવેલી મળે: પૂજાનાં કપડાં જુઓ તો સ્વચ્છ અને ધડી વાળેલાં. કેસર, ફૂલ, ધૂપ અને દીપ પણ જાણે પોતપોતાની જગ્યાને શોભાવી રહ્યા હોય. વિશાળ જિનપ્રાસાદમાં પરકમ્મા કરો; મંદિરની આસપાસના અંદરના ચોગાનમાં કે ધર્મશાળાઓમાં આંટા મારો; બહારના અતિવિશાળ આંગણામાં લટાર મારો – ગમે ત્યાં જાઓ, જાણે સ્વચ્છતા, સુંદરતા અને સુવ્યવસ્થાની દેવી જાતે એની ખડેપગે રખેવાળી કરતી હોય એવો અપૂર્વ આહ્લાદ અંતરમાં વ્યાપી રહે છે. અરે, ત્યાંની ભોજનશાળામાં જાઓ, ત્યાંની વ્યવસ્થા અને ચોખ્ખાઈ જોઈને મન આફરીન પોકારી ઊઠે છે. વાસણ, આસનિયાં, પાટલાં, ધરતી અને છત બધે જ સ્વચ્છતાનો ઉજાસ વ્યાપેલો નજરે પડે છે! અવ્યવસ્થા કે અસ્વચ્છતા કરનાર આપમેળે જ શરમાઈ જાય એવી કામણગારી આ તીર્થની સર્વાંગી સુંદર વ્યવસ્થા છે. શાંતિ તો ભદ્રેશ્વરતીર્થની જ!

એમ લાગે છે કે ભદ્રેશ્વર તીર્થની આવી અપૂર્વ સ્વચ્છતા અને આવી આદર્શ વ્યવસ્થાની પાછળ કોઈક ભાવિક ભકતપુરુષની ચકોર નજર સતત કામ કરી રહી છે, અખંડ ચોકી રાખી રહી છે અને નિરંતર પ્રેરણા આપી રહી છે. એ ચકોર નજર હતી પ્રજ્ઞાચક્ષુ પંડિતરત્ન શ્રી આણંદજીભાઈ દેવશી શાહની. એ નજર તા. ૧૪-૧૦-૬૬ ને શુક્રવારના રોજ સદાને માટે સંકેલાઈ ગઈ! પંડિત આણંદજીભાઈ તે દિવસે એમના વતન ભુજપુરમાં સ્વર્ગવાસી બન્યા! તેઓ તો દેશ, ધર્મ અને સમાજને ચરણે પોતાની અવિશ્રાંત સેવાનાં પુષ્પો ચડાવીને કૃતકૃત્ય બની ગયા, પણ કચ્છને અને કચ્છના જૈન સંઘને એક સાચા નિષ્ઠાવાન અને વિચક્ષણ રાહબરની, સહેલાઈથી ન પૂરી શકાય એવી મોટી ખોટ પડી! કુદરતે આંખોનાં તેજ તો એમનાં બાળપણમાં જ હરી લીધાં હતાં, પણ એમના અંતરમાં કેવા અજવાળાં પથરાયેલાં હતાં એ ભદ્રેશ્વર તીર્થની વ્યવસ્થા ઉપરથી પણ સહજપણે જોઈ શકાય છે, અલબત્ત, એમાં શ્રી આણંદજી ભાઈના શાણા અને આજ્ઞાંકિત સાથીઓ અને એ તીર્થના ભાવનાશીલ ટ્રસ્ટીબંધુઓ તથા કચ્છના અન્ય ધર્માનુરાગી મહાનુભાવોનો પણ ઘણો હિસ્સો છે એ વાતનો સ્વીકાર કરતાં આનંદ થાય છે; અને શ્રી આણંદજીભાઈની પછી પણ આ તીર્થની વ્યવસ્થા આવી જ રીતે સચવાતી રહેશે એવી આશા અને શ્રદ્ધા અંતરમાં જાગે છે.

ભદ્રેશ્વર તીર્થ એ તો શ્રી આણંદજીભાઈના પ્રવાસ અને પ્રાણ હતું. એની જાહોજલાલી અને ખ્યાતિ કેમ વધે, યાત્રાળુઓની પૂરેપૂરી સગવડ કેમ સચવાય અને તીર્થની વ્યવસ્થા નમૂનેદાર અને સર્વાંગ સંપૂર્ણ કેવી રીતે બને એ જ એમની તીવ્ર ઝંખના હતી; અને એ માટે તેઓ ઊંઘ અને આરામને વીસરીને તન-મન-ધનથી રાત-દિવસ પ્રયત્ન અને પુરુષાર્થ કરતા રહેતા હતા. ભદ્રેશ્વરની ભોજનશાળા માટે પણ એમણે ખૂબ જહેમત ઉઠાવી હતી. એમ કહી શકાય કે આ ધર્મતીર્થ ચિરકાળ સુધી શ્રી આણંદજીભાઈની વિરલ તીર્થભકિત અને ઉત્કટ ધર્મભાવનાની યશોગાથા સંભળાવ્યા કરશે. ભદ્રેશ્વર તીર્થનો પરિચય આપતું સરસ સુંદર પુસ્તક તૈયાર કરાવવાની તેઓની તીવ્ર ઝંખના હતી એ અધૂરી રહી!

ભુજપુર એ શ્રી આણંદજીભાઈનું મૂળ વતન; એમની ઉંમર આશરે સિતેરેક વર્ષની. ઘોડિયે ઝૂલતાં ઝૂલતાં, માત્ર અઢી વર્ષની ઉંમરે બળિયાના વ્યાધિમાં એમની આંખોનાં તેજ સદાને માટે હરાઈ ગયાં: જીવન વિકાસની સામે મોટો અવરોધ ઊભો થઈ ગયો. પણ અંતરમાં હીર અને ખમીરને પ્રગટાવીને શ્રી આણંદજીભાઈએ એ અવરોધને જ પોતાના વિકાસનું સોપાન બનાવી દીધું; અને એમણે પોતાનું જીવન યશોજજ્વલ અને ધન્ય બનાવી દીધું.

ભાંગ્યા સંતાનના સાચા ભેરુ સમાં માતા સરસ્વતીનાં ચરણોની શ્રી આણંદજીભાઈએ દિલ દઈને ઉપાસના કરી; માતા સરસ્વતીએ એમને પંડિત બનાવ્યા – જાણે એમના અંતરમાં જ્ઞાનદીપિકાની જ્યોત ઝળહળી રહી. પંડિત આણંદજીભાઈએ અનેક સાધુ સાધ્વીઓ અને ગૃહસ્થો અને બાળકોને હેતપૂર્વક અભ્યાસ કરાવીને પોતાની વિદ્યાને ચરિતાર્થ કરી; અને અનેક વ્યકિતઓના આદર્શ ગુરુ બનીને એક પ્રજ્ઞાવાન ધર્મપુરુષ તરીકેની ખ્યાતિ પ્રાપ્ત કરી. ધર્મપુરુષ તરીકે તેઓ મધ્યમ વિચારસરણી ધરાવવા છતાં નવીન વિચારોને સજવાની અને ઝીલવાની એમની તત્પરતા હતી.

તેઓ એક સાચા રાષ્ટ્રવાદી કાર્યકર્તા હતા. ગાંધીયુગમાં એમણે રાષ્ટ્રભાવનાની ચેતનાનો કચ્છમાં પ્રસાર કરવામાં યાદગાર સેવાઓ બજાવી હતી. એ જ રીતે સમાજસેવાને પણ તેઓ સાચા દિલથી વરેલા હતા.

આવા એક શાણા અને દેશ, ધર્મ અને સમાજની સેવામાં જ જીવનને કૃતાર્થ કરી જાણનાર પંડિત પુરુષના અવસાનની નોંધ લેતાં અમે ઊંડા દુઃખ અને શોકની લાગણી અનુભવીએ છીએ અને શ્રી. આણંદજીભાઈનાં આત્માને અમારી હાર્દિક અંજલિ અર્પણ કરવા સાથે એમના સ્વજનો અને સ્નેહીઓના દુઃખમાં અમારી અંતરની સહાનુભૂતિ અને સમવેદના દર્શાવીએ છીએ.

રતિલાલ દીપચંદ દેસાઈ

નૂતન વર્ષના મંગળ પ્રભાતે–

વર્ષ નહિ, વસુધાનો પલટો, પલટો માનવ – ઉર;
તંત્રો પલટો, મંત્રો પલટો, પલટો કાળનું પૂર.
માનવ માનવ વચ્ચે ઉભા ઊંડા અણગણ ભેદ;
એ ભેદોનો છેદ ઉડાડી, જગવો જગત અભેદ.

પલટો યુગ યુગ કેરૂં ગાણું,
આજ ઊગે નવા વર્ષનું વ્હાણું.

ગજાનન ચિ. જોશી

સંઘના સભ્ય શ્રી રજનીકાન્ત દલીચંદ શાહનું દુઃખદ અવસાન

શ્રી રજનીકાન્ત દલીચંદ શાહનું ૪૮ વર્ષની ઉમ્મરે હૃદયરોગના એકાએક હુમલાના પરિણામે તા. ૨૩–૧૧–૬૬ના રોજ મુંબઈ ખાતે અવસાન થયું છે. તેઓ મૂળ થાનગઢના રહેવાસી હતા; અશોક ઑપ્ટીશિયન્સ કંપનીના માલિક હતા; મુંબઈ જૈન યુવક સંઘના વર્ષોથી સભ્ય હતા અને એક વર્ષ સંઘની કાર્યવાહક સમિતિના પણ સભ્ય હતા. સ્વભાવે સરળ, આનંદી અને મળતાવડા હતા અને સંઘની પ્રવૃત્તિમાં સક્રિય રસ ધરાવતા હતા. તેમના આ અકાળ અને દુઃખદ અવસાનથી સંઘને તેમ જ સમાજને એક શકિતશાળી સંસ્કારસંપન્ન વ્યકિતની ખોટ પડી છે. તેમના કુટુંબીજનો પ્રત્યે સંઘ હાર્દિક સહાનુભૂતિ દાખવે છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

મહાપ્રસ્થાનના પથ પર–૧૭

જેઠ સુદ બારસ ૧૯૮૯ (બંગાળી ૧૩૩૯, ઈ. સ. ૧૯૩૩) આજનો દિવસ મહાકાલની માતાનો જપ કરવાનો નહિ રહે. આ હિમકણોથી ભરેલું ધૂમ્મસભર્યું પ્રભાત મારા આયુષ્યથી કાંઈક ભિન્ન લાગે છે. મૃત્યુના અંધકારને ઠેલતા ઠેલતા અમે એક નવા લોકમાં આવી પહોંચ્યા હતા. એથી જ તો પહેલાં તો મનમાં થયું કે અમે બચીશું નહિ, આ તો એક નિર્દય પ્રલોભન છે, અમર્ત્ય મરીચિકા છે.

દૂરથી જ્યારે બદરીનાથ ગામનાં પહેલવહેલાં દર્શન થયાં, ત્યારે જ આવા જ વિચારોમાં ડૂબ્યો હોવાથી હું કશું બોલી શક્યો નહિ. આનંદ અને ઉલ્લાસ કરી શકું એવી નહોતી શારીરિક સ્થિતિ કે નહોતી માનસિક. ક્યાંથી હોઈ શકે? અમે તો જલી જલીને ક્ષીણ બની ગયા હતા. તેલના દીવાની વાટની જેમ. લાંબા પચીશ દિવસનો એ દુ:ખમય ઈતિહાસ પાછળ રહી ગયો. એને તો અમે ભૂલી ગયા હતા. આજે અમારી યાત્રા પૂર્ણ થઈ હતી. દુ:ખની જ્વાળામાંથી છૂટકારો હતો. જે કેડીએ એક દિવસ ગામની સીમા વટાવી હતી, અરણ્ય અને નદીને પાર કર્યા હતાં, દેશ અને મહાદેવમાં જે અવતીર્ણ થઈ હતી, આજે એ જ કેડી વિશ્વની તરફ ફેલાયલી હતી. મારી તે દિવસની સામાન્ય તીર્થયાત્રાએ આજે વિરાટનો ચરણસ્પર્શ કર્યો હતો. મારા મને કહ્યું, "તું આ જ છે કે? આ જ તારું રૂપ કે?" જેને માટે હું અહીં આવ્યો, તે કાંઈ મંદિરમા નથી. એ તો અમારા માર્ગમાં બધે જ છે. એ કાંઈ સામાન્ય મંદિરમાં પૂરાયલો બંદી નથી.

ગંગાનો પૂલ પાર કરીને હું ગામમાં આવી પહોંચ્યો. ગામનું નામ પણ બદરીકાશ્રમ હતું. કોઈ એને બદરીવિશાલા કહેતું તો કોઈ નારાયણાશ્રમ કહેતું. પેસતાં જ ડાબે હાથે નાની પોસ્ટ ઑફિસ છે. ત્યાર પછી રસ્તાની બન્ને બાજુએ નાની નાની દુકાનો છે. આકાશ-વાદળોથી છવાયલું હતું, ટપટપ કરતો વરસાદ વરસતો હતો. પવનના વેગથી અને અત્યંત ઠંડીને લીધે કોઈ બાજૂ મોઢું ફેરવાય એવું હતું જ નહિ. ઝટપટ અમારે ઉતારે હું ગયો.

એ ઘર ખાસ્સુ મોટું હતું. પાકું પથ્થરનું બાંધેલું બે માળનું મકાન હતું. બારણા, બારી, ઉપર જવા માટે દાદરો, ને સામે પાકો ચણેલો ચોતરો હતો. આ અમારા પંડાનું રહેઠાણ હતું. જે પંડાને ત્યાં અમે રહ્યા હતા તે અહીં ઘણો જાણીતો હતો, અને એની ઈજ્જત પણ ઘણી હતી. એ લોકો પાંચ ભાઈ હતા, સૂર્યપ્રસાદ, રામપ્રસાદ વગેરે. એના છોકરાનું નામ પિયારીલાલ હતું. દેવપ્રયાગમાં પણ એમના પ્રતિનિધિએ અમારો સંપર્ક સાધ્યો હતો. શરૂઆતથી જ એના અતિથિ-સત્કારથી અમે અત્યંત પ્રસન્ન થયા. ભોંયતળિયાના ઓરડામાં એણે અમારા માટે થોડા કામળાં બીછાવી દીધા, અને લાકડાં લાવીને સળગાવ્યાં. એ આગે તથા કામળાંએ અમને ઠંડીના સંકટમાંથી બચાવ્યા ને જીવતદાન આપ્યું. સૂર્યપ્રસાદ અને રામપ્રસાદ જેવા સંસ્કારી અને મિષ્ટભાષી પંડા તીર્થસ્થાનમાં ભાગ્યે જ મળે. ઘણું કરીને દરેક બંગાળી અને ઉત્તર હિંદના યાત્રીઓ એને ત્યાં જ ઉતરતા.

થાક, પીડા, ઠંડી વગેરેને લીધે આખો દિવસ કશું પણ કર્યા વિના ઘરમાં બેસીને જ આરામમાં જ વીતાવ્યો. માખીનો ઉપદ્રવ નહોતો, પણ કપડાં અને કામળામાં જીવાતનો બહુ જબરો ત્રાસ હતો. આહાર વગેરેમાં પણ એ જ મુશ્કેલી હતી. રાંધવા કરવાની જગ્યા પણ નહોતી, સગવડ પણ નહોતી ને શકિત પણ નહોતી. એટલે અમે તો અમરાસિંહની મારફત પૂરીઓ મંગાવી. ધન્ય પૂરી. પૂરી જ આખા દેશમાં જેની કોઈ ગતિ જ નથી તેની ગતિ છે.

બપોર શી રીતે વીત્યો, સાંજ ક્યાંથી આવી તેની કશી ખબર પડી નહિ. બહાર ટપટપ કરતો હજી વરસાદ પડતો હતો, પવનથી વચ્ચે વચ્ચે બારણાં બારી હાલી ઊઠતાં હતાં. બંધ ઓરડામાં આગની ચારે બાજુ અમે કેટલાક જણ વીંટળાઈને વાતો કરતા હતા, ગોપાલદા ચૂના જોડે તમાકુ મસળતા હતા, બામણ ડોશી રસ્તામાંથી રોગ લઈને આવી હતી, તે એક ખૂણે ટૂંટીયું વાળીને નિર્જીવ જેવી પડી રહી હતી, અને એ તકનો લાભ લઈને દુબળી, શકિતહીન, હાડપિંજર જેવી ચારૂની માએ પોતાના ઘરના ગાય વાછરડાંની વાતો શરૂ કરી દીધી હતી. ધીરે ધીરે રાત્રી વીતતી ગઈ.

બીજે દિવસે સવારે અમે જ્યારે આકાશ સામે જોયું તો હેરત પામી ગયા. લાલ તડકાથી ચારેબાજુ છવાયેલી હતી અને જાણે હસતી હતી. આકાશ સ્વચ્છ ભૂરું હતું. આસપાસના પહાડો પર જામેલો બરફ સૂર્યનાં કિરણ એની પર પડતાં હોવાથી ઝગમગતો હતો. નદીને સામે કિનારે સમતલ જગામાં ખેતીનું કામ ચાલતું હતું. ક્યાંક ક્યાંક સામાન્ય વૃક્ષલતા પવનને લીધે હિલોળા લેતી હતી. અમે પરમતૃપ્તિથી ધારી-ધારીને ચારે દિશામાં જોયું. આવો તડકાવાળો મધુર દિવસનો ઉપભોગ કરવાનું સૌભાગ્ય અમને પ્રાપ્ત થશે એનો તો અમને સ્વપ્ને પણ ખ્યાલ નહોતો. મનુષ્યનું ભાગ્ય પલટાતાં જેવો સુખદ દિવસ આવે છે, આજનો આ સુનિર્મલ તેજથી પ્રકાશતો દિવસ અમારી-ઉપર વિધાતાનો આશીર્વાદ ઊતર્યો હોય એવો લાગતો હતો. આજે સવારના ઉઠીને ચાલવાનું નહોતું, એટલે શરીરના એકેએક અંગને આરામ મળતો હતો. કોમળ અને ગરમ તડકામાં આંખો બંધ કરીને બેસી રહ્યો.

મંદિરમાં જવાનો અને દેવનાં દર્શન કરવાનો મારો આગ્રહ નથી એ સાંભળીને ઘણાએ કપાળ કૂટયું અને ફાવે તેમ બોલવા લાગ્યા. વળી જ્યારે સાંભળ્યું કે દેવની મૂર્તિ માટે મને જરાયે મોહ નથી કે બિન્દુમાત્ર કુતુહલ નથી, ને હું પૂજા પણ કરવાનો નથી, ને મુકિતની માગણી પણ કરવાનો નથી, ત્યારે એમના મોઢાનો ભાવ બદલાઈ ગયો.

"ભલે બીજું કાંઈ નહિ કરે, તો પણ દેવને પ્રણામ તો કરશેને બેટા?"

"કોને પ્રણામ કરું?"

"કોને? બેટા! તારી વાત સાંભળીને તો હૃદય સળગી ઊઠે છે. તો શું બાપ, મા કે પિતૃઓને પિંડદાન પણ નહિ કરે?"

અહીં બ્રહ્મકપાલીમાં પિતૃઓને પિંડદાન કરવાનો મહિમા છે. એવી લોકવાયકા છે, કે સ્વર્ગીય પિતૃલોકવાસીઓ સ્વર્ગદ્વારથી હાથ ફેલાવીને ખોબો ધરે છે, અને અહીં એમના ઉત્તરાધિકારીઓ પાસેથી પિંડગ્રહણ કરે છે. ગૌરીકુંડની જેમ અહીં પણ ગરમ પાણીના ઝરા છે ને યાત્રીઓ અત્યંત આરામથી એ પાણીમાં નહાય છે. રસ્તે જતાં એ સાધારણ ગરમ પાણીનું ઝરણું આવે છે, ત્યાં નાહવાથી શરીરમાં તેજી આવી જાય છે. એથી યાત્રીઓનો આગ્રહ એ ઝરણામાં નાહવાનો વિશેષ પ્રમાણમાં હોય છે. ગંગામાં નહાતાં, અથવા એના પાણીને વાપરતાં એક પણ માણસને મેં જોયો નહિ. બરફથી છવાયલી, ભગવા રંગની ગંગાને સ્પર્શ કરવાનું મોટું સાહસ કોઈ કરતા નહોતા.

અકડાઈ ગયેલું શરીર, ઉઘાડા પગ, મેલાં કપડાં, કોઈ પણ જાતની સ્પૃહા વિનાનું ઉદાસીન મન એ બધું લઈને ધીરે ધીરે મંદિરમાં પગથિયાં ચઢીને હું અંદર ગયો. કોઈ પણ જાતના ભેદભાવ વિના યાત્રીઓના સમૂહે અંદર કોલાહલ શરૂ કરી દીધો હતો. આજ બધાએ પોતાનું લક્ષ્ય સિદ્ધ કર્યું હતું. બધાના મુખ પર તૃપ્તિનું હાસ્ય ફૂટતું હતું. કોઈનું શરીર રોગગ્રસ્ત હતું, કોઈના શરીર પર ઘા હતા, કોઈ ખોડંગાતા ખોડંગાતા ચાલતા હતા, કોઈનો અવાજ બેસી ગયો હતો, તેમ છતાં, બધાનાં કપાળે જય તિલક હતું. મંદિરની અંદર અંધારું હતું. જાતજાતનાં અલંકાર અને વસ્ત્રથી ઢંકાયેલા બદરીનાથનાં બરાબર દર્શન કરવાં એ મુશ્કેલ વ્યાપાર હતો. શંખ, ચક્ર, ગદા પદ્મધારી વિષ્ણુની મૂર્તિ હતી, ને એની આસપાસ નાનાં દેવદેવીઓ હતાં. મૂર્તિ નાની હતી, સામે અંધારામાં ઘીનો દીવો બળતો હતો, નિકટમાં અન્નકૂટની વાનીઓ સુંદર રીતે સજાવી હતી. શ્રી ક્ષેત્રની જેમ અહીં પણ અન્નની બાબતમાં સ્પૃશ્યાસ્પૃશ્યતાનો ભેદાભેદ નથી.

આટલા દિવસનો રસ્તાનો થાક આજ આવી સામાન્ય રીતે જ પૂરો થયો. દુ:ખ, પીડન, કાયરતા, ઉપવાસ ને રસ્તાનો થાક, આટલું

કુતૂહલ, વ્યથા–વેદના ને આટઆટલી તૈયારી–આ બધું આવીને અટકી ગયું એક પત્થરની મૂર્તિનાં ચરણોમાં. કેટકેટલાં મરણ ને રોગ, કેટકેટલો ક્લેશ ને કેટકેટલી પીડા, રસ્તામાં બની ગયેલી કેટકેટલી ઘટનાઓ, ને સંઘર્ષો આજે શું એ બધાનું કશું મૂલ્ય નહિ?

કોણ કહે છે કે મૂલ્ય નથી? કેટકેટલો યુગયુગાંતર, કાલકાલાંતરવ્યાપી લોકપ્રવાહ અવિશ્રાન્ત વહેતો આવે છે આ વિરાટને તીરે, કોટિ કોટિ પિપાસાર્ત હૃદયો મુક્તિની વાસનાથી વિગલિત અશ્રુથી આના ચરણમાં આવીને ઢળે છે. આજે મારા જેવા મામુલી માણસના શિથિલ સન્દેહ અને અવિશ્વાસથી શું કાંઈ એનું મૂલ્ય ઘટી જવાનું છે? એટલું બધું અભિમાન તો હું રાખતો નથી.

ચારેતરફ એક વાર જોયું. મારા બધા સ્નાયુઓની અંદર કોઈ-અદ્‌ભુત પ્રકારનું આંદોલન જાગી ઊઠ્યું હતું, એનું નામ જ શું નાસ્તિકની આત્મગ્લાનિ! આને જ શું અવિશ્વાસવાદીની અવચેતનાની પ્રતિક્રિયા કહેવી? પણ મારા સ્વાભાવિક અભિમાનને થવા દો લુપ્ત. મારા વ્યક્તિસ્વાતંત્ર્યના નિષ્ફળ દંભને ભૂંસાઈ જવા દો. હું એ લોકોમાંનો જ એક જણ છું, આ લોકોની જેમ, ભક્તિરસથી પ્લાવિત એવી ભરતીમાં હું પણ તણાઈ જવા ઈચ્છું છું, એ બધાની સંમીલિત પ્રાર્થનામાં હું પણ મારો સૂર મિલાવીને મને પણ કહેવાની ઇચ્છા થઈ કે, "હે દેવાધિદેવ, મારી શંકા ને અવિશ્વાસને દૂર કરો. મારી જે જંજાલ છે તેને હટાવી દો! હે પારસમણિ! જે મલીનતા, જે કુરૂપતા, જે વિરૂપતા, જે કાંઈ આવરણ એ બધાને તારા સ્પર્શથી સુંદર બનાવી દે, દૂર દૂરના પ્રાચીનકાળથી જેઓ તારા દર્શનની કામનાથી, આ મુશ્કેલ ને દુર્ગમ રસ્તે અનેક સંખ્યામાં આવે છે, મહાકાળના પ્રવાહના વેગમાં, જેઓ અદશ્ય થઈ ગયા છે, હે ભગવાન, યુગયુગાંતરના એ કોટિકોટિ અગણ્ય અને નગણ્ય નરનારીની મોક્ષલાભની અતૃપ્ત વાસના મારા આ તૃષાતુર હૃદયમાં પણ રહેલી છે... તું એને મુક્તિ દે. અવિશ્વાસ, સન્દેહ, દ્વંદ્વ બધું જ ચાલ્યું જાય એવું કરી દે. હું એ જ પ્રાચીન કાળનો હિન્દુ છું, એ જ ચિરંતન હિન્દુકુળમાં મારો જન્મ છે, મારી નસેનસમાં વહેતા લોહીમાં હિન્દુની એક આદિકાળની શુચિતા છે. તમારા ચરણતલમાં હું પણ આળોટું, ને ધન્ય બનું, કૃતાર્થ બનું એવું કરી દે."

ભારે મન લઈને હું બહાર નીકળીને પાછો અમારે ઉતારો આવી પહોંચ્યો. નીલ આકાશમાં તડકો ચમકતો હતો, બન્ને બાજુએ ફીણ જેવાં સફેદ બરફમય પર્વતશિખર પર સૂર્યકિરણ પ્રતિબિંબિત થઈને અપૂર્વ શોભા ફેલાવતું હતું. મહાયોગીની લટકતી જટાની જેમ બરફની ધારાઓ ઝરણાંઓનું રૂપ લઈને નીચે ઉતરી આવતી હતી. દૂર દૂર મંદિરમાં ઝાંઝ વાગતાં હતાં, પેલી તરફના પહાડની નીચે એક સરકારી બંગલો હતો. એની પાસે જ કોમળ લીલી ખેતીની જમીન હતી. ત્રણચાર મહિનામાં જે કાંઈ ફસલ ઉત્પન્ન થઈ શકે તે જ, પછી તો શરદ-ઋતુની શરૂઆતથી ધીરે ધીરે આખું રાજ્ય બરફમાં સમાધિ લઈ લે. ગ્રામવાસીઓને નીચે ઉતરી જવું પડે. બદરીનાથનું મંદિર અદશ્ય થઈ જશે, પૂજારી રાવળ મહાશય જઈને જોશીમઠમાં રહેશે. ત્યાંથી જ શિયાળામાં એ બદરીનાથની પૂજા કરે છે.

"દાદા!" મારા કાન પાસે કંપિત કંઠમાંથી અવાજ આવ્યો. મોઢું ફેરવીને જોયું. એ કંઠસ્વર હું આજે પણ ભૂલ્યો નથી.

"તમે આવ્યા છો કે? મઝામાં તો છો ને?"

બ્રહ્મચારીને હું તરત તો ઓળખી શક્યો નહિ, ઓળખી શકાય એમ હતું પણ નહિ. સૂકાયેલો ને રૂક્ષ દેહ, ટાઢથી સૂકાઈ ગયેલું ફાટેલું મોઢું, બન્ને પગમાં પડેલા ચીરાડામાંથી વહેતું લોહી, સૂજી ગયેલા હાથ પગ–એ હં કરીને નિસાસા નાંખતો મારી પાસે આવીને બેઠો. એણે કહ્યું, "કેટલાય દિવસથી તાવ આવે છે, ને આ પગમાં તો પીડા એવી થાય છે કે મારું મન જ જાણે છે." બોલતાં બોલતાં એની આંખમાં પાણી આવ્યાં.

"પગમાં આ થયું શી રીતે?"

"મધમાખી કરડી એની બધી મોકાણ છે. દાદા! તમારા મેં ઘણા ગુન્હા કર્યા છે. મેં તમને છોડી દીધા તેની આ સજા મારે ભોગવવી પડી. મને માફ કરો."

એના ડાબા પગમાં વાળથી કોડી બાંધેલી હતી. એ તરફ એકવાર મેં નજર કરી અને કહ્યું, "માફ કરવાનું વળી શું હોય? તમે મને એક વાર છોડીને આવેલા, એ વાત તો હું ક્યારનો ય ભૂલી ગયો છું.'

મારી આ વાત ખોટી નહોતી. જે બ્રહ્મચારી તરફ તે દિવસે મમતા અને સ્નેહથી હું આંધળો થઈ ગયો હતો, જેને છોડતાં મારું હૃદય ભાંગી પડતું હતું, આજે એને વિષે મારામાં કશી જ ભાવના નહોતી, મારા મનનું સ્તર ધોવાઈ, લૂછાઈને સાફ થઈ ગયું હતું. બ્રહ્મચારીને વિષે મારું હૃદય આજે તદ્દન ઉદાસીન હતું.

"વિચાર કરું છું, કે આ પગને લઈને હું શી રીતે હિમાલય પાર કરી શકીશ–મને લાગે છે કે હું હવે નહિ જીવી શકું."

મેં કહ્યું, "બધા એક દિવસ મરવાના તો છે, બ્રહ્મચારી." બ્રહ્મચારી થોડી ક્ષણ કાંઈ બોલ્યો નહિ. પછી એણે કહ્યું "તમારી આશામાં ને આશામાં હું અહીંયાં ચાર દિવસથી રહ્યો છું. રોજ બે એક વાર તમને શોધવા નીકળું છું. આખરે તમે આવી પહોંચ્યાને? હું જાણું છું કે તમે મારી બધી માગણી પૂરી કરવાના જ છો."

પછી પાછું એણે કહ્યું, "ઉપવાસ કરતો કરતો આવ્યો છું. ઉપવાસ કરતો કરતો પાછો જઈશ. પણ રામનગરથી વૃન્દાવન સુધીનું જો ગાડીભાડું ન હોય તો ચાલે જ નહિ. હું ફક્ત તમારે ભરોસે જ–"

મોઢું ઊંચું કરીને મેં એની તરફ જોયું ત્યાં એ પાછો બોલ્યો. "જો મને તમે થોડા પૈસા આપો–"

એક દિવસ મેં મારી જાતે જ બ્રહ્મચારીના ખરચાની જવાબદારી મારે માથે લઈ લીધી હતી, પણ મારું હૃદય જે તે વખતે હતું તે મરી પરવાર્યું હતું. એની કરૂણ વિનંતિનો ઉત્તર નિર્દયતાથી આપતાં મેં કહ્યું, "હું કાંઈ મારી જોડે જમીનદારી તો બાંધી નથી લાવ્યોને?"

જોતજોતામાં તો એનું મોઢું અપમાનથી, બીકથી, ભયથી ને નિ:સહાયપણાના ભાવથી, સફેદ પૂણી જેવું થઈ ગયું. એનું સુકલકડી ને રોગી શરીર એને આ લાગેલો આઘાત સહન કરી શક્યું નહિ, એણે પથ્થરનો ટેકો લીધો, મેં કહ્યું, "હું કાંઈ દાન કરવા અહીં આવ્યો નથી, પુણ્ય કરવાને પણ નહિ. મારી પાસેથી તને પૈસા નહિ મળે."

"થોડાક પૈસા. આઠેક આના તો આપો....."

મેં સખ્ત અવાજે કહ્યું. "ના."

બ્રહ્મચારીએ બીજું કશું કહ્યું નહિ, ફક્ત મૂંગા મૂંગા જ એના નિષ્ક્રિય એવા પગમાં શક્તિ લાવીને એણે નીચાવળી મને નમસ્કાર કર્યા. પછી મહામહેનતે ઊઠીને ધીરે ધીરે ચાલી ગયો. બ્રહ્મચારીની કથાનું આ પરિશિષ્ટ.

આ પણ જીવનનું એક પાસું છે. જે આપણને આઘાત આપે. જે આપણો તિરસ્કાર અને અપમાન કરે, તેને હાથ જોડીને નમસ્કાર કરવાની વૃત્તિ થાય એ પણ એક અજાયબી જ છે ને? ને બીજી તરફ જે મારી આગળ આત્મસમર્પણ કરે છે, મારો ટેકો લઈને જે જીવવા ઇચ્છે છે, તેની નિર્દયતાભરી અવગણના, નિષ્ઠુર ઉદાસીનતા એ પણ જીવનનું એક પાસું જ છે ને? જીવનની ગતિ સીધી દિશામાં નથી હોતી. ઈશ્વર ઉદાસીન છે એટલે જ એને મેળવવા માટે આપણે આટલો આગ્રહ રાખીએ છીએ, ને આટલા વ્યાકુળ બનીએ છીએ. જો દેવો વાતવાતમાં આપણને મળતાં હોય, તો એમની કિંમત પણ ઘટી જાય ને આપણી કામના અને આપણું કુતૂહલ પણ લુપ્ત થઈ જાય. પ્રેમ બે પ્રકારના હોય છે. એક પ્રકારમાં એક જણનું અવલંબન લઈને હૃદય રંગ ને રસથી તરબોળ બની જાય છે, પ્રેમને કેન્દ્રિત કરીને મનુષ્યનો આત્મવિકાસ થાય છે તો બીજાં પ્રકારમાં જેને આપણે પ્રાપ્ત કરી શકતા નથી, પ્રાપ્ત થવું શક્ય નથી તેની પાછળ આપણે દોડીએ છીએ. અનેક મનુષ્યોમાં આપણે લાંબા સમયથી જેની ઝંખના કરતા હોઈએ છીએ, તે આપણા મનના માનવીને, શોધતા શોધતા ચાલ્યા જઈએ છીએ, અનેક જીવનના ઘાટેઘાટે એને ઢુંઢીએ છીએ, અને ફોગટ વારાફેરા કરીએ છીએ.

અનુવાદક: ડૉ. ચન્દ્રકાન્ત મહેતા

મૂળ બંગાલી: શ્રી પ્રબોધકુમાર સન્યાલ

કેળવણી અંગેના વ્યાપક અસંતોષનું વિશ્લેષણ

(ગત પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન અપાયેલા વ્યાખ્યાનની નોંધ)

મારા ભાષણનો વિષય જ સૂચવે છે કે આખા દેશમાં કેળવણી વિષે ખૂબ અસંતોષ છે, અને એ અસંતોષ સૌને હૈયે વસી ગયેલો છે.

આ અસંતોષ સાચો છે. દરેક જણ સ્વીકારે છે કે આપણી કેળવણીની પદ્ધતિમાં ખામી છે. જેમણે પરિસ્થિતિનો વધારે અભ્યાસ કર્યો છે, તેઓને સવિશેષ અસંતોષ રહે છે. એક તો આપણા યુવક અને યુવતીઓ અભ્યાસને અંતે કૉલેજ છોડે છે ત્યારે પણ પોતાના વિષયનું જ્ઞાન તેમને હોતું નથી. બીજું, જીવન પ્રત્યેની તેમની દૃષ્ટિ તદ્દન અપરિપક્વ હોય છે. જ્યારે વિદ્યાર્થી એસ. એસ. સી. પાસ કરે છે, ત્યારે અપરિપક્વ તો હોય જ છે, અને કોઈ કામ કરવાની – કોઈ પણ નોકરી સ્વીકારવાની–તેનામાં લાયકાત હોતી નથી. આમાંના ઘણા પ્રાથમિક શાળાના શિક્ષક બની જાય છે. એઓ પોતે જ અપરિપક્વ હોય, એમનાં મન સ્થિર ન હોય, તો એ લોકો નાનાં બાળકોને કઈ રીતે ભણાવી શકે? અને પરિણામે જે વયમાં, બાળકોને સૌથી સારી તાલીમ મળવી જોઈએ, એ જ વયમાં એમને સૌથી ખરાબ તાલીમ મળે છે.

આપણી કેળવણીની પદ્ધતિ તરફ નજર કરું છું ત્યારે આપણા કેળવણીના યોજકોએ દૃષ્ટિનો કેવો અભાવ બતાવ્યો છે તે જોઈને છક થઈ જવાય છે. અભ્યાસક્રમ નક્કી કરવાનું કામ જેમને સોંપવામાં આવ્યું છે તેઓએ કયા આશયથી યા તો કયા સાધ્યની સિદ્ધિ માટે પ્રાથમિક, માધ્યમિક અને કૉલેજના એમ ત્રણે અભ્યાસક્રમો નક્કી કર્યા હશે? આપણે કઈ જાતના યુવક યુવતીઓ તૈયાર કરવા છે તેની કશી દૃષ્ટિ અભ્યાસક્રમ ગોઠવનારાઓ સામે દેખાતી નથી.

એમ લાગે છે કે આપણે માત્ર ભણેલાની સંખ્યા વધે એ જ બાબત ઉપર ભાર મૂક્યો છે. આપણે અનેક પ્રાથમિક શાળાઓ ઉઘાડી છે અને નિશાળે જતા છોકરાઓની સંખ્યા વધારી છે. પણ આપણે એ જોવાની તસ્દી નથી લીધી કે વિદ્યાર્થીઓ ખરેખર શાળામાં જાય છે કેમ, શું શીખે છે, અને તેમને શિખવવાને માટે યોગ્ય વ્યક્તિઓ છે કે કેમ? આપણે એમ માની લીધું છે કે સમય વીતતાં બધું બરાબર થઈ જશે, અને વિદ્યાર્થી ઉપલાં ધોરણોમાં જશે એટલે નીચેની ખામીઓ આપોઆપ દૂર થઈ જશે.

માધ્યમિક શાળામાં પણ આપણે યોગ્ય અભ્યાસક્રમ ઘડવાની કાળજી રાખી નથી. તે જ રીતે આપણે સારા શિક્ષકો શોધવાની તસ્દી લીધી નથી. ગુણવત્તા પ્રત્યેની આ બેદરકારી દરેક તબક્કે જોવા મળે છે. આપણે બિલકુલ બેજવાબદાર રીતે નવી નવી યુનિવર્સિટીઓ અને નવી નવી કૉલેજો ઊભી કરતા આવ્યા છીએ. આ વેગને લીધે ગુણવત્તા પાતળી પડી ગઈ છે. એકવારની સારી સંસ્થાઓ પણ હવે સારી રહી નથી. કારણ કે તેના અધ્યાપકો વધુ પગાર મળતાં બીજી સંસ્થાઓમાં ચાલ્યા ગયા છે. આ રીતે શિક્ષણનું ધોરણ બધી દિશામાં નીચું ઉતરી ગયું છે.

આપણે કેટલાંય ઍજ્યુકેશન કમિશનો નીમ્યાં છે. એમના અહેવાલો સુંદર છે. પણ આપણે એમને કદી અમલમાં મૂક્યા છે ખરા? આપણા રોજિંદા વહેવારમાં આપણે કેળવણી વિષે કોઈ નીતિ અપનાવી નથી. આ વસ્તુનો ખ્યાલ આવ્યો એટલે આપણે છેલ્લું ઍજ્યુકેશન કમિશન નીમ્યું અને તેને અનેક બાબતોની વ્યાપક તપાસ કરવાનું કામ સોંપ્યું. તે કમિશને દળદાર અહેવાલ બહાર પાડ્યો છે, પણ એનો અમલ તો કરીએ ત્યારે! એ અમલ થશે કે કેમ તે વિષે શંકા જ રહે છે.

મને ભય છે કે આપણે આ જ રીતે કોઈ પણ નક્કી હેતુ વિના આમ તેમ ઘસડાયા કરીશું; કારણ કે આપણે આપણો ઉદ્દેશ નક્કી કરી લીધો નથી. કોઈ પણ સાચી કેળવણીની નીતિ સાચી જીવનપદ્ધતિ સાથે સંકળાયેલી હોવી જોઈએ. આપણે નિર્ણય કર્યો છે કે આપણે લોકશાહી રીતે જીવવું છે. આથી લોકશાહી સમાજના મહત્ત્વના ગુણો આપણા બાળકોમાં ઉતરે તેનું ધ્યાન આપણી કેળવણીની નીતિમાં રાખવું જોઈએ. લોકશાહીમાં વ્યક્તિઓનો સૌથી વધુ ને સર્વાંગી વિકાસ થાય એવાં મૂલ્યોનો સમાવેશ થાય છે, કારણ કે લોકશાહી સમાજમાં વ્યક્તિનું સ્થાન મહત્ત્વનું ગણાય છે, ગણાવું જોઈએ.

આપણે લોકશાહી બંધારણ ઘડી લોકશાહી રાજ્યવ્યવસ્થા સ્વીકારી છે. એનો અર્થ એ કે આપણે કેટલાંક ગુણો, કેટલાક ધ્યેય અને કેટલાંક મૂલ્યો સ્વીકારેલાં છે. લોકશાહી પ્રજાજન તરીકે લોકોએ નિઃસંશય પોતાની ફરજો બજાવવી જોઈએ, એટલે કે, તેમણે હંમેશાં શિસ્તપૂર્વક વર્તવું જોઈએ. આ શિસ્ત બહારથી લાદેલી ન હોય, પરંતુ તેમના અંતરના ઊંડાણમાંથી પ્રેરાયેલી હોવી જોઈએ. શિસ્ત એમના સ્વભાવમાં વણાઈ જવી જોઈએ. કારણ કે કોઈ પણ પ્રજા શિસ્ત વિના વર્તે તો પહેલાં અવ્યવસ્થા અને જોરજુલમ થાય અને પરિણામે સરમુખત્યારશાહી આવે. કોઈ પણ લોકશાહીમાં માનનારને આ વસ્તુ ન જ ગમે. લોકોએ સમજવું જોઈએ કે જૂથનાં હિતો રાષ્ટ્રનાં હિતો આગળ સદા સર્વદા ગૌણ છે. આપણે સૌએ અંગત હિત કરતાં જાહેર કલ્યાણને વધારે ઊંચું સ્થાન આપવું જોઈએ. આપણા લોકોએ હકીકતલક્ષી દૃષ્ટિએ સ્પષ્ટતાથી તેમ જ વિવેકપૂર્વક વિચાર કરવો જોઈએ, આત્મવિશ્વાસ પણ રાખવો જોઈએ અને એકંદરે સમતોલ દૃષ્ટિ-બિંદુ કેળવવું જોઈએ. કોઈ પણ સદ્ધર કેળવણીવિષયક નીતિનું પહેલું ધ્યેય એ હોવું જોઈએ. કે નિશાળ, કૉલેજ અને યુનિવર્સિટીમાંથી જે વિદ્યાર્થીઓ બહાર પડે તેમનામાં અમુક મૂલ્યો હોવા જ જોઈએ, જેથી તેઓ જીવનના ભરણપોષણ ને વ્યવહાર માટે ગમે તે વ્યવસાય સ્વીકારે, છતાં યે એમનામાં લોકશાહીના સાચા નાગરિક બનવાની યોગ્યતા આવેલી હોય.

વહેવારમાં આનો અર્થ એ કે કોઈ પણ તબક્કે આપણે કેળવણીની ગુણવત્તા ઘટવા દેવી ન જોઈએ. આ સાધવાને માટે કોઈ ટૂંકા રસ્તા છે જ નહિ. આપણે આપણી પ્રાથમિક નિશાળોને માટે સારાં મકાન બાંધવાં પડશે, અને સારી તાલીમ પામેલા અને કાબેલ શિક્ષકો રાખવા પડશે. આપણે હજી આ ક્ષેત્રે ઘણો પંથ કાપવાનો બાકી છે. અને વળી આપણે પ્રાથમિક કેળવણી ફરજિયાત કરી છે, જેથી યોગ્ય તાલીમ પામેલ શિક્ષકો મેળવવાનો વેગ આપણે ઘણો વધારવો જોઈએ. આ જ ખરી પ્રારંભની વાત છે. એટલે આપણે સૌ પ્રથમ તો સાચી કોટિના અને સાચી શક્તિવાળા શિક્ષકો શોધી તેમને શરૂઆતથી જ સારો પગાર આપવો જોઈએ અને પગારનું ધોરણ એવું બાંધવું જોઈએ કે એ વ્યવસાય સ્વીકારનાર કાયમને માટે એને વળગી રહે. બીજે વધુ પૈસા મળે ત્યારે ભાગી ન જાય. મારી આ દલીલમાંનું સત્ય સ્વીકારીને એજ્યુકેશન કમિશને શિક્ષકોના પગારમાં મોટો વધારો સૂચવેલો છે. આજે પટાવાળા કરતાં પણ પ્રાથમિક શાળાના શિક્ષકનો પગાર ઓછો છે. પણ કમિશનની આ ભલામણોનો સ્વીકાર થાય તો એકે એક રાજ્યનાં કેળવણી–વિષયક બજેટ ઘણાં મોટાં થઈ જશે. કારણ કે નીચેના સ્તરે પગારનો વધારો કરીએ, એટલે હાઈસ્કૂલ અને કૉલેજોમાં પણ પગાર વધારવા જ પડે. આમ છતાં આ રીતે ખર્ચમાં જે મોટો વધારો થશે તે અનિવાર્ય ગણીને સ્વીકારી લેવો જોઈએ. એમ ન કરીએ તો આપણી કેળવણી આજે જે વિષચક્રમાં અટવાઈ ગઈ છે તેમાંથી કદી છૂટી થઈ નહીં શકે. પણ મને ભીતિ છે કે ખર્ચનું બજેટ ઘણું વધી જાય એટલા માટે જ એજ્યુકેશન કમિશનની આ ભલામણ અભરાઈએ ચડાવવામાં આવશે. આ ભલામણોનો સ્વીકાર તો જ થશે, જો આખી પ્રજા એને ટેકો આપશે અને એને અમલમાં મૂકવાનું દબાણ કરશે. સરકાર જો આ ભલામણો નહીં સ્વીકારે તો

આપણી કેળવણીની પદ્ધતિમાં સાચો અને સંગીન ફેરફાર કરવાની આપણી આશાઓ અને ઈચ્છાઓને રામરામ જ કરવા રહ્યા.

પ્રાથમિક શાળાના શિક્ષકોને તાલીમ આપવા માટે ખાસ ટ્રેનિંગ કૉલેજો સ્થાપવી જોઈએ અને એમાં સૌથી સારા અધ્યાપકો નિમવા જોઈએ, આપણે પ્રાથમિક અને માધ્યમિક તેમ જ હાઈસ્કૂલ ત્રણે ય જાતની શાળાઓ માટેના શિક્ષકો તૈયાર કરવા એકજ સંસ્થા સ્થાપીએ તો ચાલે. એમ કરવાથી એક ખાસ લાભ છે. બન્ને પ્રકારના શિક્ષકોને કેટલીક મૂળભૂત તાલીમ એક જ જાતની આપવાની હોય છે. એક જ શિક્ષકસંસ્થા હોય તો બેવડાતી તાલીમમાં થતો ખરચ ને સમય બચે. બીજો લાભ એ થશે કે પ્રાથમિક શાળાના શિક્ષક સહેલાઈથી માધ્યમિક અને હાઈસ્કૂલ કક્ષાની શાળામાં જઈ શકશે અને માધ્યમિક તેમ જ હાઈસ્કૂલ કક્ષાની શાળાના શિક્ષકો પ્રાથમિક શાળામાં જઈ શકશે. પ્રાથમિક શાળાના શિક્ષક માધ્યમિક શાળામાં જાય તેથી યે વધુ લાભ માધ્યમિક શાળાના શિક્ષક પ્રાથમિક શાળામાં જાય તેથી થશે. તેમ થવાથી પ્રાથમિક શાળાને ચડિયાતા શિક્ષક મળશે, જે વસ્તુ ઘણી મહત્ત્વની છે, કારણ કે આપણને પ્રાથમિક શાળામાં કેળવણીના સારામાં સારા શિક્ષકોની ખાસ જરૂર છે.

આપણા દેશમાં નિશાળના મકાનને કશું મહત્ત્વ અપાતું નથી. પ્રાથમિક શિક્ષણની નિશાળો – ખાસ કરીને ગામડામાં – શિક્ષણપ્રદાન માટે તદ્દન અયોગ્ય એવાં મકાનોમાં બેસે છે. તમને આ વાતની ખાતરી ન થતી હોય તો ગામડાની એક કે બે ઓરડાવાળી પ્રાથમિક શાળાઓ જોઈ આવવા મારી વિનંતી છે. એમાં હવા આવવાની સગવડ ઓછી હોય છે અને અજવાળું પણ ઓછું જ આવતું હોય છે અને આવી નિશાળો એક બે નથી પણ સેંકડો અને હજારો છે. આપણે નિશાળનાં આદર્શ મકાનોની ડીઝાઈન તૈયાર કરવા માટે કાબેલ અને કલ્પનાશીલ આર્કીટેકટો રોકવા જોઈએ. તેમને કહેવું જોઈએ કે ઋતુ અને હવામાનના ફેરફારને અનુકૂળ આવે તેવાં મકાન તમારે તૈયાર કરવાનાં છે. તમે કહેશો કે આ પણ પૈસાની વાત થઈ. પણ સારાં મકાનમાં વાવેલા પૈસા પણ ઊગી જ નીકળવાના છે. એટલે આપણે એ પૈસા ખર્ચવા તૈયાર રહેવું જોઈએ. સારી કેળવણીનો લાભ ધુમ કમાતા ઉદ્યોગો કરતાં પણ વધારે મોટો છે. આપણે છેલ્લા કેટલાંક વર્ષોથી આપણા કામદારોની સ્થિતિ કામ કરતી વખતે સારી અને અનુકૂળ બને તે માટે કારખાનામાં હવાઉજાસ વગેરેના નિયમો કરેલા છે. આવા જ નિયમો નિશાળમાં સારું ભણતર મળે તે માટે નિશાળના મકાન અંગે કરવાની જરૂર છે.

માધ્યમિક શાળાનો પ્રશ્ન પણ આ જ છે. સારાં મકાનો અને સારી તાલીમ પામેલા શિક્ષકોનો અભાવ. અને પ્રાથમિક શાળાના પ્રશ્નને તાકીદનો ગણીને ઉકેલવાનો છે તે જ રીતે માધ્યમિક શાળાના આ પ્રશ્નને પણ એટલો જ તાકીદનો ગણવો જોઈએ.

સારા શિક્ષકોને પણ સારાં પાઠય પુસ્તકોની જરૂર પડવાની. વળી શિક્ષણ આપવાની સુવ્યવસ્થિત યોજના પણ તેમની સમક્ષ આપણે મૂકવી પડશે. બીજા શબ્દોમાં કહીએ તો આપણે કેળવણી માટે સારો અભ્યાસક્રમ નક્કી કરવાની ખૂબ જ આવશ્યકતા છે. આખા રાજ્યને દૃષ્ટિમાં રાખીને આવા અભ્યાસક્રમો ઘડવા જોઈએ. આમાં કોઈ ફેરફાર આવશ્યક લાગે તો તે તરત કરવા જોઈએ. પણ ખરી મહત્ત્વની વાત એ છે કે શીખવવાની તેમ જ નાનાં બાળકોનું માનસ સમજવાની પદ્ધતિમાં ઉત્તરોત્તર સુધારો થયા કરવો જોઈએ. પાઠયપુસ્તકો અને અભ્યાસક્રમ તૈયાર કરવામાં આપણે આપણા અંતિમ હેતુ ધ્યાનમાં રાખવા જોઈએ. એ અંતિમ હેતુઓ આ છે: આપણે બાળકોને પોતાના પગ ઉપર ઊભા રહેતાં શીખવવું છે, પોતાની મેળે વિચારતાં શિખવવું છે, પોતે જ વિષયો પસંદ કરે છે તેમાં વધુ જ્ઞાન મેળવવા માટે મૂળભૂત બુદ્ધિશક્તિવાળા બને અને સારા નાગિરક બની પોતાના કુટુંબ અને સમાજ સાથે સંપ, એકદિલી ને સહકારથી જીવનવ્યવહાર કરે તે જોવું છે.

એક બીજી વસ્તુનો આપણે સ્વીકાર કરવો જોઈએ કે દરેક વિદ્યાર્થીમાં યુનિવર્સિટીમાં ઉચ્ચ અભ્યાસ કરવા જેટલી બુદ્ધિશક્તિ નથી હોતી. વળી કેટલાક વિદ્યાર્થીઓ પોતાના હાથનો ઉપયોગ મગજના ઉપયોગ કરતાં વધારે સારી રીતે કરી શકતા હોય છે. એટલે આપણે દરેક વ્યકિતને વાંચતાં લખતાં અને વિચાર કરતાં આવડે એટલી પાયાની કેળવણી આપવી જોઈએ. પરંતુ દરેકને ઉચ્ચ શિક્ષણ આપવું જ જોઈએ અથવા તો મળવું જ જોઈએ એ જરૂરી નથી. અને આ દૃષ્ટિએ જ, આપણી કેળવણીની પદ્ધતિ, બાળકોની સાચી સેવા કરે એવી હોવી જોઈએ. જેમને ઉચ્ચ અભ્યાસ કરવો નથી અથવા જેમની એટલી બુદ્ધિશકિત નથી તેમને માટે આપણે ટેકનિકલ ટ્રેનિંગની વ્યવસ્થા કરવી જોઈએ, જે વડે તે કમાઈ શકે અને એ પોતાનો જીવનવ્યવહાર ચલાવી શકે. આપણે યુનિવર્સિટીની ડિગ્રી ઉપર ઘણો ભાર મૂકી દીધો છે. આપણે એને જે મહત્ત્વ આપ્યું છે તે ધીરે ધીરે ઓછું કરવું પડશે. સરકારમાં અથવા ખાનગી સંસ્થાઓમાં મોટા ભાગની નોકરીઓ માટે યુનિવર્સિટિની ડિગ્રી ખરું જોતાં જરૂરની નથી. પણ આ વસ્તુનો અમલ આપણે ક્યારે કરી શકીએ? તો જ કે જો આપણે જે બાળકોને એસ. એસ. સી. સુધીનો અભ્યાસ કરાવીએ, તેમને પૂરતી ને ખરેખરી કેળવણી આપી હોય. પ્રાથમિક અને માધ્યમિક શાળાની તાલીમ ઉપર હું આટલો બધો ભાર મૂકું છું તેનું બીજું કારણ આ છે. જો એ કેળવણી બરાબર આપીએ અને રોજગારમાં જવા માટેની પાયાની તાલીમ બરાબર આપીએ તો વધારે જવાબદારીભર્યા કામ આવો વિદ્યાર્થી જરૂર કરી શકશે.

જો આપણે આ રીતે મોટી સંખ્યાના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓને યોગ્ય તાલીમ આપીને બીજી દિશામાં વાળી શકીશું તો તેઓ સારા નાગરિકો બનશે; અને કૉલેજો અને યુનિવર્સિટીમાં ધસારો ઓછો થતાં એ કક્ષાએ પણ સાચી કેળવણી આપવાનો આપણને અવકાશ મળશે. આજે તો કૉલેજને નામે ઓળખાતી સંસ્થાઓમાં આપણે શિક્ષક તરીકે જુવાન ગ્રેજ્યુએટો ભરી દીધા છે. એમને શિખવવાનો કોઈ જાતનો અનુભવ નથી, કશી તાલીમ નથી અને ઘણી વાર તો એમને પ્રથમ કક્ષાની, – પહેલા વર્ગની – ડિગ્રી પણ હોતી નથી. આવા અધ્યાપકોનું શિક્ષણ અતિશય ખરાબ હોય તેમાં નવાઈ શું? એટલે જ એમ. એ. અને બી. એ. ના ઢગલાના ઢગલા બહાર પાડવા છતાં આપણને કોઈ પણ વ્યવસાયમાં શકિતવાળા યુવાનો શોધ્યા જડતા નથી. આનો અર્થ એ નહીં કે આપણે ત્યાં બુદ્ધિશકિત અને આવડતવાળા માણસોનો અભાવ છે. આપણા દેશમાં એવા માણસો છે, પણ આપણે એમની આવડતો અને શકિતઓને પુરેપુરી વિકસાવવાની તક જ આપતા નથી.

જ્યાં સુધી આપણને કેળવણીને સંગીન અને સુવ્યવસ્થિત કરવાનું સૂઝશે નહીં ત્યાં સુધી આપણે મહાન વૈજ્ઞાનિકો, ઈજનેરો, અર્થશાસ્ત્રીઓ, રાજકારણના નિષ્ણાતો, ઈતહાસકારો અને ફીલસુફો ઉત્પન્ન કરી શકીશું નહીં. એ જ રીતે પાયાથી ઉચિત ને વ્યવસ્થિત કેળવણી નહિ આપીએ તો ઉદ્યોગીકરણવાળા સમાજમાં જાત જાતનાં જે કામો અને ફરજો પાર પાડવાનાં આવે છે, તે પાર પાડવા માટે ટેક્નિકલ જ્ઞાનવાળા માણસો પણ મેળવી શકીશું નહિ.

હવે આપણે એટલું તો સમજી લઈએ કે કેળવણીને સૌથી વધારે મહત્ત્વ આપવું જરૂરી છે. કમભાગ્યે આપણે હજુએ નક્કી કર્યું નથી કે આપણે ઉત્પાદક બાબતો કરતાં કેળવણીને વધારે અગ્ર–આગળનું સ્થાન આપવું જોઈએ કે પાછળનું. જો આપણી પાસે મજબૂત શરીર, મન અને ઉત્સાહવાળા માણસો નહિ હોય, તો આપણે સારી રીતે ઉત્પાદન પણ નહીં જ કરી શકીએ. એટલે જો સાચા અર્થમાં સમજીએ તો આપણે આપણી દરેક પંચવર્ષીય યોજનામાં કેળવણીને ખૂબ મહત્ત્વનું સ્થાન આપવું જોઈએ, ખેતી અને ઉદ્યોગ કરતાં પણ વધારે મહત્ત્વનું. આપણે હિંમતપૂર્વક આપણી કેળવણીની પદ્ધતિ નવેસરથી ઘડવી જોઈએ. એનો પાયો ખૂબ મજબૂત કરવો જોઈએ, અને તે કોઈ પણ ભોગે.

ટૂંકમાં આપણી કેળવણીની પદ્ધતિ એવી હોવી જોઈએ કે જે શારીરિક અને માનસિક બન્ને જાતની શકિતથી સંપન્ન યુવક – યુવતીઓ તૈયાર કરે, જેઓ ઉત્પાદન ક્ષેત્રે તેમ જ અન્ય રાજ્ય ને સમાજ વ્યવસ્થાના વહીવટ માટે જોઈતી વિવિધ આવડત ને કારીગીરીની જાણબુઝવાળા હોય, અને લોકશાહી તંત્રને શોભાવે એવા નાગરિકો તરીકે પોતાના કુટુંબ ને સમાજમાં સહકારથી જીવન ગાળે એવા ચારિત્રવાન હોય.

ચોય. ઓમ. પટેલ

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ. મુંબઈ–૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ

Regd. No. MH. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૮ : અંક ૧૬

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ડિસેમ્બર ૧૬, ૧૯૬૬, શુક્રવાર
આફ્રિકા માટે શિલિંગ ૯

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

બીજા છેડેથી વિચારીએ !

પ્રજોત્પત્તિની સંખ્યા કાબુમાં લાવવા માટે જન્મપ્રમાણનું નિયોજન કરવાને લગતા અનેક પ્રકારો વિચારવામાં આવ્યા છે. કિન્તુ શું આ બાબતમાં બીજે છેડેથી વિચારી શકાય તેમ નથી? જન્મ લેવાવાળા અથવા તો જન્મ લેવાની શકયતાવાળા પ્રાણીઓના આગમન ઉપર જેવી રીતે આપણે અંકુશ રાખી શકીએ છીએ (એ પ્રાણીઓની સંમતિથી નહિ પેરન્તુ માબાપ અને સમાજની સંમતિથી) તેવી રીતે લોકસંખ્યા ઓછી કરવા માટે મરણદ્વારા આ દુનિયામાંથી વિદાય લેવાવાળાની સંખ્યા શું આપણે વધારી શકતા નથી? આમાં માબાપ અથવા તો સમાજનો અભિપ્રાય ગૌણ બને છે; મરણના ઉમેદવાર વૃદ્ધજનોની તેમની પોતાની સંમતિનો પ્રશ્ન જ પ્રધાન બની જાય છે.

પોતાનું જીવનકાર્ય પરિપૂર્ણ થઈ ગયું એમ જોઈને જો મહારાષ્ટ્રના આદ્ય સન્ત શ્રી જ્ઞાનેશ્વર મહારાજ બાવીશ વર્ષની ઉમ્મરે ગુરુજનોના આશીર્વાદ પ્રાપ્ત કરીને પોતાનું જીવન સમાપ્ત કરી શકે છે તો સમાજ-હિતનો ખ્યાલ કરવાવાળા અને લોકસંખ્યાનું નિયમન કરવું કેટલું જરૂરી છે તેનો જેમને સાક્ષાત્કાર થયો છે એવા પુખ્ત ઉમ્મરના સજ્જનો પોતાના જીવનને શું સમાપ્ત કરી ન શકે?

જીવન-યાત્રામાં હારીને અથવા પરાસ્ત બનીને અથવા પ્રતિષ્ઠા ખોઈને જે આદમી કાયર બને છે અને આત્મહત્યા કરે છે તેની વાત આપણે નથી કરતા. એવી વ્યકિતનો આત્મહત્યા કરવાનો અધિકાર હોય યા ન હોય, જ્યારે તે આત્મહત્યા કરી બેસે છે ત્યારે સમાજ એને કશું કરી શકતો નથી. આત્મહત્યાની વિરુદ્ધ આપણે ગમે તે બોલીએ, પ્રત્યક્ષ આત્મહત્યા કરી રહેલ વ્યકિતની વિરુદ્ધ કાંઈ પણ કહેવું સમાજને સારું નથી લાગતું. જે રીતે એ મરી ચૂકેલ છે તેના સંબંધમાં કઠોર વચન આપણે શા માટે ઉચ્ચારીએ? આવી સહાનુભૂતિપૂર્વક સમાજ તેવી આત્મહત્યા વિષે મૌન ધારણ કરવાનું પસંદ કરે છે. આપણે તો, સમાજ-હિતના માટે, ભૂમિનો ભાર હળવો કરવા માટે, અને નિરુપયોગી જીવન નાહક ચલાવવાની મૂર્ખતાથી બચવા ખાતર જે લોકો જીવનથી નિવૃત્ત થાય છે, મરણની મદદ લે છે, તેની વાત કરી રહ્યા છીએ. તેઓ તો પોતાના જીવનને કૃતાર્થ જ કરે છે. એવા લોકોને સમાજ તરફથી ધન્યવાદ મળવા ઘટે છે.

ગરીબોના અથવા અકાલ-ગ્રસ્તોના દુ:ખનુ નિવારણ કરવા માટે જે લોકો પોતાનું સર્વસ્વ દાન કરે છે તેમને આપણે દાનશૂર કહીએ છીએ તો સમાજનો ભાર હળવો કરવા માટે જીવવા લાયક, જીવવા યોગ્ય લોકોને સગવડ કરી આપવાના હેતુથી જે કોઈ વ્યકિત પોતાના જીવનને ખતમ કરે છે તેને જીવનવીર કહેવા જોઈએ. યુદ્ધશૂર, દાનશૂર અને જીવનશૂર–ત્રણેને એકસરખા આદરણીય ગણવા ઘટે.

એટલું તો અહિં સ્પષ્ટ કરવાની જરૂર છે કે જ્યાં સુધી આ આદર્શ બીલકુલ નવો છે ત્યાં સુધી સ્વેચ્છાએ મરણ પસંદ કરવાવાળા સજ્જનો સુધી જ આ વિચાર સીમિત ગણવો ઘટે. છે. આજે આપણે સમાજ પાસેથી એટલી અપેક્ષા રાખીએ છીએ કે આ રીતે લોક–સંખ્યાનો ભાર હળવો કરવા માટે જે વૃદ્ધજનો જીવનને સમાપ્ત કરવા ઈચ્છે છે તેમને સમાજ તેના કાર્યમાં પ્રોત્સાહન આપે, તેમને પોતાની માન્યતા આપે અને તેમના સિદ્ધાંતોનું અનુમોદન કરે.

લડાઈના મેદાનમાં એક ઘાયલ સેનાપતિને તરસ લાગી. કોઈએ તેને પીવા માટે પાણી આપ્યું. પાણીનો પ્યાલો મોં પાસે લાવી રહ્યો હતો એટલામાં તેણે જોયું કે પાસેનો બીજો એક સૈનિક પાણી વિના તરફડી રહ્યો છે. સેનાપતિએ તરત જ એ પાણી તે સૈનિકને આપ્યું એમ કહીને કે "તમારી જરૂર મારાથી વધારે છે એટલે તમે જ આ પાણી પી જાઓ."

દુષ્કાળના દિવસોમાં આમ કરવું જ પડે છે. અને યુદ્ધના દિવસોમાં જ્યારે ખાદ્યપદાર્થોની તંગી હોય છે અને હીરા માણેક દેવા છતાં પણ રોટલી મળતી નથી, ત્યારે જેમની ઉપયોગીતા વધારે હોય તેમને ખવરાવવામાં આવે છે. લોકો કહે છે કે જ્યારે બધાં જાનવરોને આપણે બચાવી શકીએ એમ નથી, ખવરાવી શકીએ એમ નથી, ત્યારે નકામાં જાનવરોને મરવા દેવા અથવા મારી નાખવા અને કામના જાનવરોને બચાવવા એ આપણો ધર્મ બને છે; શુદ્ધ નીતિ આ છે.

અને એક બીજી બાબત પણ વિચારવા જેવી છે. જ્યારે કોઈ મોટું વહાણ દરિયામાં ડૂબવા માંડે છે ત્યારે તેની ઉપર રાખેલી બે ચાર હોડીઓ પાણીમાં ઉતારવામાં આવે છે અને જહાજ ઉપરના ખારવાઓ અને મુસાફરો પોતાનો જાન બચાવવા માટે આ હોડીઓમાં કૂદી પડે છે.

હવે મોટા ભાગે એમ બને છે કે હોડીમાં હદથી વધારે પડતા આદમી જો એકઠા થાય તો હોડી ડૂબી જાય. આ માટે હોડીમાં હદથી વધારે મુસાફરોને ઉતરવા દેવામાં આવતા નથી અને જે જહાજ ઉપરથી મુસાફરો કૂદકા મારીને હોડીમાં ઉતરતા જાય, ઉતરતા જ જાય, તો હોડીમાં બેઠેલા મુસાફરો કઠોર બનીને નવા ઉતરનારાઓને તરવારથી કાપી નાખે છે. એમ ન કરવામાં આવે તો એક પણ પ્રવાસી બચી શકે નહિ, અને આખી હોડી ડૂબી જાય. હોડીમાં બેઠેલા આદમીઓને બચાવવા માટે નવા આવનારાઓને ખતમ કરવા જ પડે છે.

વાત આટલેથી પૂરી થતી નથી. હોડીમાં ઉતરવાવાળા લોકો પહેલાંથી પ્રબંધ કરે છે કે હોડીમાં ખાધાખોરાકી અને પીવાનું મીઠું પાણી પૂરા પ્રમાણમાં ભરવામાં આવે. ત્યાર બાદ જ હોડીને કિનારે લઈ જવાની તૈયારી કરવામાં આવે છે. પણ કિનારો કદિ કદિ આઠ દશ દિવસ સુધી નજરે પડતો નથી. ખારવાનું કામ કરવાવાળા લોકો વારાફરતી હોડી ચલાવે છે, પણ જ્યારે તેમને માલુમ પડે છે કે કિનારો નજરે પડતો નથી અને અન્નપાણી ખતમ થવાની તૈયારી

છે ત્યારે વિચારે છે કે હોડીમાં આ બધા લોકોને બચાવી શકાય તેમ નથી. હોડી ચલાવવાવાળા મજબૂત જુવાન તો જોઈએ જ. હોડી તૂટતા તેનું સમારકામ કરનાર એક સુતાર તો જોઈએ જ. આ રીતે જરૂરી–ઉપયોગી–લોકોને પસંદ કરીને બાકીના લોકોને સમુદ્રમાં ફેંકી દેવા જ પડે છે. એમાં પુષ્ટ શરીરવાળા લોકોને કોઈ મરવા દેતું નથી. ઘરડા-ઘરડા અને બિમાર લોકો કે જેઓ હોડી ચલાવવામાં કોઈ કામના નથી હોતા તેમને સૌથી પહેલાં ફેંકી દેવામાં આવે છે. સંખ્યાનું વજન હળવું કર્યા સિવાય જ્યારે બીજો કોઈ ઉપાય રહેતો નથી ત્યારે કઠોર થઈને સંખ્યા ઓછી કરવી જ પડે છે.

આ જ નિયમ સંકટના સમયે સાર્વજનિક બનાવવો ઘટે છે. જો ખાવાનું અન્ન ઓછું હોય અને લોકસંખ્યા વધી જાય તો જેવી રીતે પ્રજોત્પત્તિ રોકવામાં આવે છે તેવી રીતે અનુપયોગી લોકોને પણ મૃત્યુને સોંપીને લોકસંખ્યાના ભાર હળવો કરવો રહ્યો.

આ વાત કોઈ નવી અથવા તો કદિ ન બનેલી એવી નથી. એક ડૂબી રહેલા જહાજના યાત્રીઓ જ્યારે હોડીમાં કૂદી પડયા ત્યારે તેમાં વધારે ગોરા હતા, ઓછી સંખ્યામાં ચીનાઓ હતા. ગોરાઓએ જ્યારે જોયું કે હોડીમાં ભાર વધી ગયો છે ત્યારે તેમણે ચીનાઓને ઉપાડીને ફેંકી દીધા અને ગોરાઓને બચાવી લીધા. એક ચીનો કોઈના આસનની નીચે છુપાઈ ગયેલો. તે ઉપર બેઠેલા લોકોના ભારથી દબાઈને મરી ગયો અને પછી તેની લાસને બહાર ફેંકી દેવામાં આવી.

ઉત્તર ધ્રુવની બાજુએ એસ્કિમો લોકો રહે છે. તેમની જીવન–યાત્રા કઠણ હોય છે. તેઓમાં એક નિયમ હોય છે કે તેમની પાસે જે કાંઈ ખાધાખોરાકી હોય તે બધા વહેંચીને ખાય. કોણ કેટલું કમાઈને લાવ્યું છે તેનો કોઈ હિસાબ જોતું નથી. કોઈ પુરુષાર્થી આદમી વધારે શિકાર લાવે છે; કોઈ આળસુ ઓછું લાવે છે; આનો હિસાબ કોઈ કરતું નથી. પણ જ્યારે એ લોકો જુએ છે કે તેમનામાંનો એક આદમી મહેનત જ કરતો નથી, અને મફતનું ખાય છે, ત્યારે બધા મળીને ઠરાવ કરે છે કે તે નકામા માણસને જીવવાનો અધિકાર નથી, અને તેથી તેને ખતમ કરવો જોઈએ. પછી એ આદમી કાં તો ભાગી જાય છે અથવા તેને મોતના કિનારે હડસેલી દેવામાં આવે છે.

તો સવાલ એટલો જ છે કે આપણે બધા જીવતા આદમીઓ એકમેકને બચાવવા ચાહીએ છીએ, અને એ માટે દુનિયામાં આવવાવાળા જીવોને રોકવાનો પ્રસ્તાવ કરીએ છીએ તો આપણે એમ કેમ ન વિચારીએ કે જીવવાવાળા લોકોમાં જેમનું જીવવું અનુપયુક્ત છે, ભારરૂપ છે એવા લોકોને લોકસંખ્યમાંથી કમી કરવામાં આવે.

આ વિચાર ક્રાન્તિકારી છે. આજે આ વિચારને સાંભળવા માટે કોઈ તૈયાર નહિ થાય. લોકો એમ કહેશે કે હજુ આવી કોઈ કઠણાઈ આપણી સામે આવીને ઊભી નથી. આપણે માની લઈએ કે સ્થિતિ એટલી વિકટ નથી. આમ છતાં પણ ન્યાયની વાત વિચારવી તો જોઈએ જ. આજે જે લોક જીવતા છે તેઓ પોતાને ગોરા લોક માને અને જેઓ આ દુનિયામાંથી જવાની તૈયારી કરી રહ્યા છે તેમને ચીની લોક માને અને પોતાની જાતીને બચાવવા માટે અસહાય જાતિને જીવનની હોડીમાં સ્થાન ન આપે તો આ કઠોરતાનો આપણે ગંભીરતાપૂર્વક વિચાર તો કરવો જ જોઈએ. જેઓ જીવવાલાયક નથી તેમને બચાવવા, ખવરાવવું અને તેમની ઉમ્મર વધારતા જવું ક્યાં સુધી યુક્તિસંગત છે એ વિચારવાની ઘડી આવી ગઈ છે. લોકસંખ્યાનો વિચાર જેમ જનતાના એક છેડેથી કરવામાં આવે છે તેમ જ મરણના બીજે છેડેથી પણ વિચારવો ઘટે છે. આપણી જિજીવિષા (જીવવાની ઈચ્છા) આપણને કાયર ન બનાવે. જેવી રીતે થાકેલો આદમી સેવાનિવૃત્ત થાય છે, તેવી રીતે જીવન માટે અનુપયુક્ત પ્રાણી જીવનનિવૃત્ત થઈ જાય તે યોગ્ય છે, ન્યાયયુકત છે, શોભાસ્પદ છે.

અનુવાદક: પરમાનંદ

મૂળ હિંદી : કાકા કાલેલકર

પ્રકીર્ણ નોંધ

"બીજા છેડેથી વિચારીએ" એક વિલક્ષણ વિચારણા.

જ્યારે કોઈ એક વિશિષ્ટ વ્યકિતનું કોઈ વિશેષ વિચાર રજૂ કરતું લખાણ મારા જોવામાં આવે છે અને તે વિશેષ વિચારને મારી વિવેક-બુદ્ધિ અનુમત કરે છે ત્યારે તે લખાણને પ્રબુદ્ધ જીવનના વાચકો સમક્ષ રજૂ કરવા હું પ્રવૃત્ત થાઉં છું. પ્રસ્તુત લેખ કાકાસાહેબ કાલેલકર જેવી વિશિષ્ટ વ્યકિતનો છે અને તેમાં આજ સુધી ભાગ્યે જ સાંભળ્યો હોય એવો વિશેષ વિચાર પણ રહેલો છે, પણ તે ઉપરથી તે વિશેષ વિચારને કોઈ અંશમાં મારૂ બૌદ્ધિક અનુમોદન કે સમર્થન છે એમ કોઈ ન સમજે. ઉલટું તે વિશેષ વિચાર અંગે મેં અત્યન્ત તીવ્ર પ્રતિકૂળ પ્રત્યાઘાત અનુભવ્યો છે. એમ છતાં તા. ૧-૧૨-૬૬ના 'મંગળ પ્રભાત'માં પ્રગટ થયેલ આ લખાણ (મૂળ હિંદી)નો અનુવાદ હું પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ કરી રહ્યો છું એમ સમજી તથા વિચારીને કે, આપણી દુનિયાના વૃદ્ધો વિષે આવી હદ સુધીનો વિચાર કોઈ એક માનવી કરી શકે છે–અને તે કાકાસાહેબ કાલેલકર જેવી અસાધારણ વિશિષ્ટ કોટિની અને ગાંધીવાદને વરેલી વ્યકિત–આ કદિ કલ્પનામાં ન આવે એવી એક ભારે આશ્ચર્યજનક ઘટના છે અને તેથી પ્રબુદ્ધ જીવનના વાચકો સમક્ષ રજૂ કરવા જેટલા મહત્વની મને લાગી છે.

કાકાસાહેબ સાથે મારો વર્ષોજૂનો–આશરે ૫૫ વર્ષ પુરાણો–સંબંધ છે અને તે પરસ્પર ઘનિષ્ટ સ્નેહથી સતત સિંચાતો રહેલો છે. મારે મન તેઓ એક માર્ગદર્શક વડિલ સમા રહ્યા છે. અમારી બન્ને વચ્ચે–જ્યારે પણ મળવાનું બને ત્યારે અને કદિ કદિ પત્રો મારફત–એકધારો વિચારવિનિમય ચાલતો રહ્યો છે. તેમના વિચાર અને વલણોથી ભાગ્યે જ જુદા પડવાનું બન્યું છે. પ્રબુદ્ધ જીવનના અને શ્રી મુંબઈ જૈન યુવક સંઘ મારફત યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળાના તેઓ આદ્યપ્રેરક પુરુષ જેવા છે અને જ્યારે માગ્યો ત્યારે તેમના તરફથી મને પૂરો હાર્દિક સહકાર મળતો રહ્યો છે. મારા વિચારઘડતરમાં તેમનો ઘણો મોટો ફાળો છે. આ બધાના પરિણામે કાકાસાહેબની એક Image–પ્રતિમા–મારા ચિત્તમાં પ્રતિષ્ઠિત થઈ છે. તે Image ને કાકાસાહેબના આ લખાણે સખત આઘાત પહોંચાડયો છે અને મારા દિલમાં પ્રશ્ન ઊભો કર્યો છે કે શું આ એ જ અહિંસા, મૈત્રી, કરુણા, અને ગુરુજનસેવાના પ્રરૂપક કાકાસાહેબ છે કે જેમની કલમમાંથી આવો માનવતાઘાતક લેખ જન્મ પામ્યો છે ?

આ લખાણ ઉપયુકતતાવાદની ચરમ સીમા રજૂ કરે છે; લખાણના પદે પદે એક પ્રકારની નિષ્ઠુરતા–કઠોરતા–નીતરતી લાગે છે. તેમના વિચારના સમર્થનમાં આપેલા દષ્ટાન્તો કેટલા પ્રમાણભૂત કે વાસ્તવિકતાને વફાદાર છે એ વિષે મન શંકા અનુભવે છે. પ્રસ્તુત લખાણદ્વારા રજૂ થતી વિચારણાનાં implications–સીધા તેમ જ આડકતરા સૂચનો–ભારે અનર્થજનક ભાસે છે, આજે કેવળ પોતાના સુખભોગમાં રાચતું યુવાન માનસ વૃદ્ધાવસ્થાને પહોંચેલા વડિલજનો પ્રત્યે એક પ્રકારની ઉદાસીનતા, કર્તવ્ય-શૂન્યતા, નફરત દાખવી રહેલ છે, તેને આ પ્રકારની વિચારણા કેટલી ટેકારૂપ બને તેમ છે એનો વિચાર આવતાં દિલ કંપે છે. આવા તીવ્ર સંવેદનપૂર્વક અને અચકાતા ખચકાતા મનથી, ભારે હૈયે, આ નોંધ હું લખી રહ્યો છું.

Fair Trade–Praetices Association:

વ્યાપારવિષયક સદ્‌વ્યવહાર મંડળ

છેલ્લી ગાંધી જયંતીના શુભ દિને મુંબઈમાં એક નવી વ્યાપારી સંસ્થાનો જન્મ થયો છે. તે સંસ્થાનું નામ છે: "Fair Trade

Practices Association"– વ્યાપાર વિષયક સદ્‌વ્યવહાર મંડળ. આ મંડળના પ્રણેતાઓનાં નામ નીચે મુજબ છે:–

૧. શ્રી એમ. એલ. આપ્ટે,	૧૦. શ્રી એસ. એલ. કિર્લોસ્કર
૨. શ્રી રામકૃષ્ણ જે. બજાજ,	૧૧. શ્રી અરવિંદ એન. મફતલાલ
૩. ડૉ. એસ. કે. બસુ,	૧૨. શ્રી કેશવ સી. મહીન્દ્ર
૪. શ્રી વસંતકુમાર બીરલા,	૧૩. શ્રી રામનાથ એ. પોદ્દાર
૫. ડૉ. આર. સી. કૂપર,	૧૪. શ્રી પી. એલ. ટન્ડન
૬. શ્રી વાઈ. એ. ફાઝલભાઈ,	૧૫. શ્રી જે. આર. ડી. તાતા
૭. શ્રી સી. એલ. ધીવાળા,	૧૬. શ્રી નવલ એચ. તાતા
૮. શ્રી એસ. પી. ગોદરેજ,	૧૭. શ્રી એન. એમ. વાગલે,
૯. શ્રી ધરમશી એમ. ખટાઉ,	

આ સંસ્થાના નીચે મુજબ ઉદ્દેશો છે:

(૧) વ્યાપાર અને ઉદ્યોગના ક્ષેત્રમાં વાપરનારના લાભમાં હોય એવા સદ્‌વ્યવહારને ઉત્તેજન આપવું અને વ્યાપારી કોમ વિષે સામાન્ય જનતામાં વધારે સદ્‌ભાવ અને વિશ્વાસ પેદા કરવો.

(૨) વ્યાપારી કોમના સભ્યોને અનુસરવા માટે એક આચાર–સંહિતા નિર્માણ કરવી.

(૩) આ આચારસંહિતાને બને તેટલી વ્યાપક જાહેરાત આપવી અને માલ પેદા કરવામાં અને પુરો પાડવાના વ્યવસાયમાં રોકાયેલા અને માલ વાપરનારાઓને સેવા આપતા વર્ગમાંથી બને તેટલા લોકોને પ્રસ્તુત આચારસંહિતાનો સ્વીકાર કરવા તરફ વાળવા.

(૪) આ મંડળના હેતુઓનો અમલ કરવા માટે યોગ્ય શરતોએ નાણાં ઊભા કરવા, ઉછીનાં લેવાં અથવા તો પ્રાપ્ત કરવા.

(૫) અને આ મંડળના ઉપર જણાવેલ હેતુઓના સીધા કે આડકતરા અમલ માટે સામાન્ય રીતે જરૂરી હોય તેવી બધી પ્રવૃત્તિઓ હાથ ધરવી.

આ મંડળમાં સભ્ય થવા માટે નીચે મુજબનું વાર્ષિક લવાજમ મુકરર કરવામાં આવ્યું છે:–

વ્યક્તિઓ અને વ્યાપારી પેઢીઓ માટે રૂા. ૧૦૦,
પ્રાઈવેટ લિમિટેડ કંપનીઓ માટે રૂા. ૨૫૦,
પબ્લીક લિમિટેડ કંપનીઓ માટે રૂા. ૫૦૦,

આ મંડળના સભ્યો માટે નક્કી કરવામાં આવેલી આચાર-સંહિતા નીચે મુજબ છે:–

આચારસંહિતા

(૧) હું માત્ર વ્યાજબી અને યોગ્ય ભાવ લઈશ અને આ ભાવ માલ ખરીદનારના પૂરા ધ્યાન ઉપર આવે એ માટે જરૂરી એવાં બધાં પગલાં ભરીશ.

(૨) મારા નીમેલા આડતિયાઓ અથવા વ્યાપારીઓ નક્કી કરેલા ભાવથી જરા પણ વધારે ભાવ ન લે એ પ્રકારની ચોક્કસાઈ માટે જરૂરી એવા બધાં પગલાં ભરીશ.

(૩) અછતના વખતમાં નફાખોરી કે સંઘરાખોરી કરવાના આશયપૂર્વક કોઈ પણ માલના જથ્થાને હું સંઘરીશ કે છુપાવીશ નહિ.

(૪) વેચાણ માટેની વસ્તુઓમાં હું કોઈ પણ પ્રકારની ભેળ-સેળ કરીશ નહિ.

(૫) કોઈ પણ જાતનો બનાવટી માલ અથવા તો જાહેર કરવામાં આવેલ હોય તેથી ઉતરતા ધોરણનો માલ હું પેદા કરીશ નહિ અથવા તો તેવા માલનો હું વેપાર કરીશ નહિ.

(૬) ગેરરસ્તે દોરે–ગેરસમજૂતી પેદા કરે–તેવી કોઈ જાહેરાત હું કરીશ નહિ.

(૭) આયાત કરેલા કે નિકાસ કરવાના માલનું બીલ હું એના સાચા ભાવ પ્રમાણે બનાવીશ.

(૮) વેચાણ માટેના માલના માપતોલની ચોક્કસાઈ હું બરોબર સાચવીશ, અને

(૯) જાણી જોઈને દાણચોરી દ્વારા આવેલા માલનો હું વેપાર કરીશ નહિ.

દેશભરમાં નફાખોરી, લાંચરૂશ્વત, કાળાબજાર, સંયોગોનો ગેરલાભ ઉઠાવવો વગેરે અનેક આક્ષેપો આજે વ્યાપારીઓ ઉપર થઈ રહ્યા છે. આ કલંકમાંથી વ્યાપારી સમાજને મુક્ત કરવાના અને ચોક્કસ સિદ્ધાંતો ઉપર વ્યાપારી વ્યવસાયને સ્થિર અને સુદૃઢ બનાવવાના હેતુથી આ મંડળની સ્થાપના કરવામાં આવી છે. દ્રવ્યોપાર્જન ઉપરાંત સમાજ પ્રત્યે પોતાની ચોક્કસ જવાબદારી છે અને એ જવાબદારીની સભાનતાપૂર્વક સમગ્ર વ્યાપારવ્યવસાયનું નિર્માણ થવું જોઈએ–આવી ભાવના ધરાવતા દરેક વ્યાપારીને અને ઉદ્યોગપતિને આ મંડળના સદસ્ય બનીને તેને બને તેટલું બળવાન અને સદ્ધર બનાવવાનો અનુરોધ કરવામાં આવે છે. આ વિષયમાં આગેવાની લેનાર વ્યાપારીઓને ધન્યવાદ ઘટે છે.

દુષ્કાળસંકટનો મુકાબલો: આપણું કર્તવ્ય

સર્વ સેવા સંઘના મંત્રી શ્રી રાધાકૃષ્ણન તરફથી નીચે મુજબનો તા. ૨-૧૨-૬૬નો અંગ્રેજીમાં પરિપત્ર મળ્યો છે, જેનો અનુવાદ નીચે મુજબ છે:–

"મને ખાત્રી છે કે બિહારમાં અને ઉત્તર પ્રદેશ તથા મધ્યપ્રદેશના કેટલાક વિભાગોમાં ઊભી થયેલી અતિ ગંભીર દુષ્કાળ–પરિસ્થિતિના સમાચાર તમારા ધ્યાન ઉપર આવી ચૂક્યા હશે. આ પ્રદેશો માટે હવે પછીના દશ મહિના ઘણી મોટી કટોકટીના હશે. આવી કટોકટી પોતાની જિંદગીમાં આજ સુધી કદિ નિહાળી નથી એ રીતે વિનોબાજી ત્યાંની અદ્યતન પરિસ્થિતિને વર્ણવી રહ્યા છે. ગ્રામદાન કટોકટીના વખતે સંરક્ષણ ઉપાય છે, સર્વ સમય માટે વિકાસ ઉપાય છે અને આ પ્રદેશોમાં તે એક રાહત ઉપાય તરીકે પુરવાર થાય એવો પૂરો સંભવ છે."

તેમણે જણાવ્યું છે કે: "આ વર્ષે બિહારનો દુષ્કાળ ઘણો ગંભીર છે. તે કોઈ સાધારણ બાબત નથી. જો આ બાબતમાં પુરી સંભાળ લેવામાં નહિ આવે, દુષ્કાળનો સામનો કરવા માટે બિહારની બધી તાકાતને સુગ્રથિત કરવામાં નહિ આવે, ભારતના બીજાં રાજ્યો તરફની બધી મદદને સુયોજિત કરવામાં નહિ આવે, કેન્દ્ર સરકાર તરફથી પૂરો ટેકો નહિ મળે અને ભારત–બહારના દેશોમાંથી જરૂરી મદદ હાથવગી કરવામાં નહિ આવે તો તમારે અને મારે અન્ન અભાવના કારણે લાખો માણસોને મરતા જોવાના રહેશે. ૧૯૪૩માં કલકત્તામાં લગભગ ૩૦ લાખ માણસો ભૂખના કારણે મરણ ભેગા થયા હતા, પણ ત્યારની જવાબદારી કેવળ અંગ્રેજી હકુમતની હતી. આજે જો એ ભયાનક કરુણતાનું બિહારમાં પુનરાવર્તન થાય તો તે માટે આપણે બધા જવાબદાર અને ગુનેગાર લેખાઈશું. આ પ્રકારના સંયોગોમાં દેશના નાગરિકોએ બીજી બધી બાબતોમાંથી પોતાના મનને વાળી લેવાનું રહેશે અને આ સમસ્યા ઉપર પોતાના સમગ્ર ધ્યાનને કેન્દ્રિત કરવું પડશે."

બિહારમાં એક બિનસરકારી પ્રતિનિધિઓની રાહત સમિતિ ઊભી કરવામાં આવી છે અને શ્રી જયપ્રકાશ નારાયણ તેના પ્રમુખ છે. આ રાહત સમિતિ સરકારી રાહત પ્રવૃત્તિઓને પૂરો સાથ આપશે–ખાસ કરીને એ હેતુથી કે રાહતકાર્યમાં નકામી ઢીલ થવા ન પામે અને જેમને મદદ કરવાની છે તેમને વખતસર મદદ પહોંચે. જિલ્લા અને બ્લોક્લેવલ ઓર્ગનાઈઝો અને નાગરિકોના પ્રતિનિધિઓની સમિતિઓ નીમાઈ ચૂકેલ છે અને આ વિષમ પરિસ્થિતિ ટાળવા માટે જરૂરી સહકાર અને ટેકો મળે તે હેતુથી દેશમાંથી તેમ જ દેશબહારથી જે કાંઈ સાધનસામગ્રી મેળવી શકાય તેમ હોય તેને એકઠી કરવાનું કાર્ય શરૂ થઈ ચૂક્યું છે. દેશના સાત માણસે આજે લગભગ એક માણસ આ દુષ્કાળની અસરનો ભોગ બનેલ છે. બિહારના સર્વોદય કાર્યકરો આ પરિસ્થિતિમાં પોતાને જે ભાગ ભજવવાનો છે તેનો પૂરો ખ્યાલ કરીને સાધનપણે કામ કરવાનો અને પરિસ્થિતિના પડકારને પહોંચી વળવાનો નિરધાર કરી ચુક્યા છે.

પ્રશ્ન છે જેઓ આ દુષ્કાળગ્રસ્ત વિભાગોની બહાર વસે છે તેમનું આજની પરિસ્થિતિમાં શું કર્તવ્ય છે તેને લગતો. તમે એક

વ્યક્તિ તરીકે શું કરી શકો તેમ છો? સ્થાનિક સર્વોદય સંસ્થાના એક અંગભૂત સભ્ય તરીકે તમે શું કરી શકો તેમ છો? આપણી સંવેદનશીલતાને ટકાવી રાખીએ તો જ આપણે ક્રાંતિકારી માનસ વિકસાવી શકીએ.

તમે અને તમારું મંડળ નીચેની બાબતો કરી શકો :–

(૧) બિહારમાં અને બીજાં રાજ્યોમાં શું થઈ રહ્યું છે એ બાબતના પૂરા સંપર્કમાં રહો અને વ્યવસ્થિત અને જવાબદારીભર્યા ઔચ્છિક પ્રયત્નો દ્વારા આ પડકારનો કેવી રીતે સામનો થઈ રહ્યો છે તે વિષે પૂરી જાણકારી રાખો.

(૨) બિહારમાં અને બીજા દુષ્કાળગ્રસ્ત પ્રદેશોમાં ઊભી થતી જતી પરિસ્થિતિ વિષે તમારા પ્રદેશમાંના લોકોને ખબરો પહોંચાડતા રહો.

(૩) તમે પોતે થોડો આત્મ–નિરોધ કરો અને લોકોને તેમ કરવા કહો અને આ રીતે બીજાને આપવા - પહોંચાડવા માટે થોડું - થોડું બચાવતા રહો.

(૪) જે પ્રકારના રાહતકાર્યમાં તમે અથવા તમારા મિત્રો મદદરૂપ થઈ શકે તેમ હોય તે પ્રકારના રાહતકાર્ય માટે ચોક્કસ પ્રદેશ અથવા વિભાગ પસંદ કરવા અંગે બિહાર રાહત સમિતિના સંપર્કમાં રહો. (તમને બોલાવવામાં ન આવે ત્યાં બિહાર દોડી જવાની કૃપા કરીને ઉતાવળ ન કરો.)

(૫) આ કટોકટીની મુદત સુધી દુકાળ - ગ્રસ્ત કુટુંબોને દત્તક લેવા માટે તમારા વિભાગમાંના લોકોને પ્રોત્સાહન આપો.

(૬) દાન એકઠાં કરો અને રાહતકાર્ય કરતી સમુચિત એજન્સીઓ ઉપર તે રવાના કરો.

(૭) કાપડ, નવાં અને વાપરી શકાય એવાં જૂનાં વસ્ત્રો તેમ જ ધાબળા, ચાદર, ગરમ ગંજીફરાક, બાળકોનાં કપડાં–આ ચીજોની ખૂબજ જરૂર છે. તો આમાંથી જે કાંઈ શક્ય હોય તે એકઠું કરીને યોગ્ય સ્થાને રવાના કરો.

(૮) આ ગંભીર પરિસ્થિતિમાં દુકાળ - ગ્રસ્ત વિભાગોને મદદ કરી શકે એવા નાગરિકોની સ્થાયી સમિતિ ઊભી કરો.

રાહત માટે જે કાંઈ સાધનસામગ્રી મોકલવાની હોય તે રેલ્વે દ્વારા મોકલવા માટે રેલ્વેવાળાઓએ કન્સેશન–ચાલુ દરમાં અમુક રાહત–આપવાની જાહેરાત કરી છે.

બિહાર રીલીફ કમિટી (બિહાર રાહત સમિતિ)નું ઠેકાણું : નીચે મુજબ છે :

Cottage Industries Emporium Building Gandhi-maidan Patna-4, Bihar

સત્વર સક્રિય બનવા તમને અમારો અનુરોધ છે અને અમને મદદ કરવા માટે તમે શું કરી શકો તેમ છે તે જણાવવા વિનંતિ છે."

આ અપીલ ખાસ કરીને સર્વોદય કાર્યકરોને ઉદ્દેશીને કરવામાં આવી છે, એમ છતાં પણ, તેનો અનુરોધ દુષ્કાળગ્રસ્ત વિભાગની બહાર વસતી સમાજસેવા કરતી સર્વ કોઈ વ્યક્તિઓને અને મંડળોને છે.

તો આ અસાધારણ સંકટમાં રાહત પહોંચાડવા અંગે જે કોઈ વ્યક્તિ અથવા મંડળથી જે કાંઈ શક્ય હોય તે કરી છૂટવામાં જરા પણ પ્રમાદ કે ઉદાસીનતા ન સેવે એવી સમગ્ર માનવતાપ્રેમી જનતાને પ્રાર્થના છે.

બિહાર દુષ્કાળ રાહત માટે જૈનોનો ઉદાર ફાળો

ઉપરની નોંધના અનુસંધાનમાં જણાવતાં આનંદ થાય છે કે ચાતુર્માસ દરમિયાન જૈન મુનિઓ આષાઢ સુદ ૧૪ થી કાર્તિક શુદ ૧૪ સુધી એક જ સ્થળે નિવાસ કરે છે અને કાર્તિક શુદ ૧૫ ના રોજ સ્થાનાંતર - સ્થળાંતર કરે છે – આ પરંપરાને અનુસરીને મુંબઈના કોટ વિભાગના ઉપાશ્રયમાં ચાતુર્માસ પૂરા કરીને જૈન શ્વે. મૂ. સમાજના એક આગેવાન શ્રી જયંતીલાલ રતનચંદના નિવાસસ્થાને મુનિશ્રી ચંદ્રપ્રભસાગર (ચિત્રભાનુ) પધાર્યા અને ત્યાં એકત્ર થયેલા જૈન સમાજ સમક્ષ કરવામાં આવેલા પ્રવચનના અન્તે બિહારની દુષ્કાળ-ગ્રસ્ત પ્રજાને મદદ કરવા માટે મુનિશ્રીએ હૃદયસ્પર્શી અપીલ કરી જેના પરિણામે શ્રી જયંતીલાલ રતનચંદે રૂા. ૫,૦૦૦ ની શરૂઆત કરી અને જોતજોતામાં કુલ રૂા. ૬૩,૦૦૦/- નો ફાળો ભરાઈ ગયો અને ત્યાર બાદ સાંભળવા મુજબ, આજ સુધીમાં તે ફાળાનો આંકડો લગભગ એક લાખ સુધી પહોંચાડવાની ધારણા છે. આ શુભ ઘટના જૈન સમાજના હાડમાં રહેલી સ્વાભાવિક ઉદારતા અને કરુણા-પરાયણતાને પુરવાર કરે છે. આ ફાળા માટે પ્રેરણા આપનાર મુનિશ્રીને અને ઉદાર દિલથી ફાળામાં મોટી મોટી રકમો ભરાવનાર જૈન શ્રીમાનોને હાર્દિક ધન્યવાદ ઘટે છે.

સાર્વજનિક આરોગ્ય-કેન્દ્રનું ઉદ્‌ઘાટન

શ્રી ભારતીય આરોગ્ય નિધિ તથા શ્રી જૈન શ્વે. કૉન્ફરન્સના સહ–સંયોજનથી થોડા સમય પહેલાં બાળકો માટે કોઈ પણ જાતના ભેદભાવ વિનાનું મફત દુધ કેન્દ્ર ખોલવામાં આવ્યું હતું. તાજેતરમાં તા. ૪-૧૨-'૬૬ ના રોજ એ જ બે સંસ્થાના સહસંયોજનથી તબીબી રાહતને લગતી અનેક પ્રકારની સગવડો આપતું સાર્વજનિક આરોગ્ય કેન્દ્ર ખોલવામાં આવ્યું છે. આ યોજનામાં મફત અથવા તો નજીવી રકમ લઈને બાળકો, સ્ત્રીઓ, પુરુષો તથા સાધુ - સાધ્વીઓ માટે તબીબી સલાહની, વિટામીન - મિનરલ ધરાવતાં પોષણદ્રવ્ય પૂરાં પાડવાની, તથા એક્સરેની તેમ જ પડતરથી ઓછા ભાવે દવા - ઈન્જેક્શનો પૂરા પાડવાની કક્ષા પણ ભેદભાવ સિવાય સગવડો આપવાનો પ્રબંધ કરવામાં આવ્યો છે. સાધારણ સ્થિતિવાળા અને આર્થિક ભીંસ અનુભવતા કુટુંબો માટે આ પ્રકારની રાહતલક્ષી સગવડો એક મોટા આશીર્વાદ રૂપ નીવડે છે. ભારતીય આરોગ્ય નિધિ તો આ કાર્ય વર્ષોથી કરતું આવ્યું છે અને ક્ષયનિવારણના ક્ષેત્રે તેણે અદ્‌ભુત સેવા બજાવી છે. આ માનવતાલક્ષી શુભ કાર્યમાં જૈન શ્વે. કૉન્ફરન્સ જોડાય એ કૉન્ફરન્સને સજીવન બનાવવાની દિશાએ શુભસૂચક પગલું છે. આપણે આશા રાખીએ કે આવી તેમ જ અન્ય કલ્યાણકારી પ્રવૃત્તિઓ દ્વારા કૉન્ફરન્સમાં નવો પ્રાણ પુરાય અને જૈન શ્વે. મૂ. સમાજના અંગત પ્રશ્નો સ્પર્શવાની–ઉકેલવાની તાકાત કેળવાય.

ઉપર જણાવેલ મફત દૂધ–કેન્દ્ર તથા તબીબી રાહતને લગતા આરોગ્ય - કેન્દ્ર સંબંધી વધારે માહિતી મેળવવા માટે શ્રી જૈન શ્વે. કૉન્ફરન્સ કાર્યાલયનો (ગોડીજી બિલ્ડીંગ, બીજે માળે, ગુલાલવાડીના નાકે, મુંબઈ - ૨). અથવા ભારતી આરોગ્યનિધિ કાર્યાલયનો (દયા-મંદિર, ૧૨૩, મુમ્બાદેવી રોડ, મુંબઈ - ૩) નો સંપર્ક સાધવો.

"નૂતન વર્ષના મંગળ પ્રભાતે"

ઉપરનાં મથાળા નીચે પ્રબુદ્ધ જીવનના ગતાંકમાં પ્રગટ થયેલ એક નાના સરખા કાવ્ય નીચે શ્રી ગજાનન જોશીનું નામ ભૂલથી મૂકવામાં આવ્યું છે. તેને બદલે તે કાવ્યના રચયિતા શ્રી કરસનદાસ માણેકનું નામ મૂકવું જોઈએ. પરમાનંદ.

સંઘના સભ્યોને આગ્રહભરી વિનંતી

ઈ. સ. ૧૯૬૬ નું વર્ષ હવે પૂરું થવા આવ્યું છે. આમ છતાં પણ કેટલાક સભ્યોના ચાલુ વર્ષના લવાજમો હજુ સુધી ભરાયા નથી. તો જે જે સભ્યોના લવાજમો બાકી હોય તેમને લવાજમના રૂા. ૫-૦૦ સત્વર ભરી જવા નમ્ર વિનંતી કરવામાં આવે છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

રાયચંદભાઈનાં કેટલાંક સ્મરણો

(શ્રીમદ્ રાજચંદ્ર ભારતની એક વિરલ આધ્યાત્મિક વિભૂતિ હતા, તેમનો જન્મ વિ. સં. ૧૯૨૪ની કાર્તિક શુદ પૂર્ણિમાને રોજ (ઈ.સ. ૧૮૬૭) થયો, અને ૩૩ વર્ષની ઉમ્મરે વિ. સં. ૧૯૫૭ ના ચૈત્ર વદ ૫ ના રોજ (ઈ. સ. ૧૯૦૧) તેમનું અવસાન થયું. તેમના જન્મ દિવસના હિસાબે ગત કાર્તિક શુદ પૂર્ણિમાના દિવસે ૧૦૦ મું વર્ષ શરૂ થયું. આ જન્મશતાબ્દિના અનુસંધાનમાં શ્રીમદ્જન્મશતાબ્દિ મંડળ તરફથી ત્રણ પુસ્તકો બહાર પાડવામાં આવ્યા છે. (૧) શ્રી મુકુલભાઈ કલાર્થીએ તૈયાર કરી આપેલું શ્રીમદ્ રાજચંદ્રનું જીવન-ચરિત્ર 'જીવન સાધના' નામથી બહાર પડેલ છે, જેની કિંમત છે રૂપિયા ૧-૨૫. (૨) શ્રીમદ્નાં કાવ્યો 'રાજપદ'ના નામથી, કિંમત રૂપિયા ૦૦-૫૦ (૩) શ્રીમદ્ના પત્રોમાંથી તારવેલા વચનોનો સંગ્રહ 'કર વિચાર તો પામ'ના નામથી, કિંમત રૂ. ૦૦-૬૦. આ પુસ્તકો મેસર્સ એમ. વાડીલાલની કંપની, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ—આ ઠેકાણેથી મળી શકશે.

શ્રીમદ્ રાજચંદ્રનો જેમના વિચારઘડતરમાં ઘણો મોટો ફાળો હતો એવા ગાંધીજીએ સંવત ૧૯૭૯માં—ઈ. સ. ૧૯૨૩માં—કેટલાક મિત્રોના આગ્રહને વશ થઈને કેટલાંક સ્મરણો લખી આપેલા. શ્રીમદ્ રાજચંદ્રના ઉત્કૃષ્ટ વ્યકિતત્વનો સપ્રમાણ ખ્યાલ પ્રાપ્ત કરવા માટે આ સ્મરણોનું અહિં પુનઃ પ્રકાશન અત્યન્ત સમયોચિત અને પ્રસંગોચિત લાગે છે, તદુપરાંત આ સ્મરણોમાં બન્નેના વ્યકિતત્ત્વની પ્રતિભા અદ્ભૂત રીતે પ્રતિબિંબિત થાય છે અને તેથી તેનું અસાધારણ મહત્ત્વ છે. પરમાનંદ)

જેનાં પવિત્ર સંસ્મરણો લખવાનો હું આરંભ કરું છું તે સ્વ. શ્રીમદ્ રાજચંદ્રની જન્મતિથિનો આ દિવસ છે, એટલે કાર્તિક પૂર્ણિમા. મારો પ્રયત્ન શ્રીમદ્ રાજચંદ્રનું જીવનચરિત્ર લખવાનો નથી. એ કાર્ય મારી શકિતની બહાર છે, મારી પાસે સામગ્રી નથી. જીવન-ચરિત્ર લખવું હોય તો હું તેમની જન્મભૂમિ વવાણિયા બંદરમાં કેટલોક વખત ગાળું, તેમનું રહેવાનું મકાન તપાસું, તેમના રમવા—ભમવાનાં સ્થાનો જોઉં, તેમનાં બાળમિત્રોને મળું, તેમની નિશાળમાં જઈ આવું, તેમના મિત્રો—અનુયાયીઓ, સગાસંબંધીઓને મળું, તેમની પાસે જાણવાનું જાણી લઉં ને પછી જ લખવાનો આરંભ કરું. આમાંની કોઈ વસ્તુનો મને પરિચય નથી.

પણ સ્મરણો લખવાની પણ મારી શકિત અથવા યોગ્યતા વિષે મને શંકા ઉત્પન્ન થઈ છે. અવકાશ હોય તો તેમનાં સ્મરણો લખું એવો ઉદ્ગાર મેં એકથી વધારે વખત કાઢેલો મને યાદ છે. તેમના એક શિષ્ય કે જેમને સારૂ મારા મનમાં ઘણું માન છે, તેમણે તે સાંભળેલું અને આ આરંભ તેમને સંતોષવાને ખાતર છે.

મારી ઉપર ત્રણ પુરૂષોએ ઊંડી છાપ પાડી છે. ટૉલ્સ્ટૉય, રસ્કિન અને રાયચંદભાઈ. ટોલસ્ટોયની તેમના અમુક પુસ્તક દ્વારા અને તેમની સાથેના થોડા પત્રવ્યવહારથી. રસ્કિન તેના એક જ પુસ્તક 'અનટુ ધિસ લાઈટ' થી, જેનું ગુજરાતી નામ 'સર્વોદય' મેં રાખ્યું છે. અને રાયચંદભાઈની તેમની સાથેના ગાઢ પરિચયથી હિન્દુ-ધર્મમાં મને શંકા પેદા થઈ તે સમયે તેના નિવારણમાં મદદ કરનાર રાયચંદભાઈ હતા. સને ૧૮૯૩ની સાલમાં દક્ષિણ આફ્રિકાના હું કેટલાક ખ્રિસ્તી સજ્જનોના ખાસ સંબંધમાં આવેલો. તેમનું જીવન સ્વચ્છ હતું. તે ધર્મચુસ્ત હતા. બીજા ધર્મવાળાને ખ્રિસ્તી થવા સમજાવવા એ તેમનો મુખ્ય વ્યવસાય હતો. જો કે મારો તેમની સાથે સંબંધ વ્યાવહારિક કાર્યને જ અંગે થયેલો, તો પણ તેમણે મારા આત્માના કલ્યાણ અર્થે ચિંતા કરવા માંડી. મારૂં એક કર્તવ્ય હું સમજી શકયો. જ્યાં સુધી હિંદુધર્મનું રહસ્ય હું પૂરું જાણી ન લઉં અને તેનાથી મારા આત્માને અસંતોષ ન થાય, ત્યાં સુધી મારા જન્મનો ધર્મ મારે ન જ તજવો જોઈએ. તેથી મેં હિંદુ અને બીજાં ધર્મપુસ્તકો વાંચવા શરૂ કર્યાં. ખ્રિસ્તી, મુસલમાની પુસ્તકો વાંચ્યાં. લંડનમાં થયેલ અંગ્રેજ મિત્રોની સાથે પત્રવ્યવહાર ચલાવ્યો. તેમની આગળ મારી શંકાઓ મૂકી, તેમ જ હિંદુસ્તાનમાં જેઓ ઉપર મારી કંઈ પણ આસ્થા હતી તેમની સાથે પત્રવ્યવહાર ચલાવ્યો. તેમાં રાયચંદભાઈ મુખ્ય હતા. તેમની સાથે તો મને સરસ સંબંધ બંધાઈ ચૂકયો હતો. તેમના પ્રત્યે માન હતું, તેથી તેમની મારફતે જે મળી શકે તે મેળવવા વિચાર કર્યો. તેનું પરિણામ એ આવ્યું કે હું શાંતિ પામ્યો. હિંદુધર્મમાં મને જે જોઈએ તે મળે એમ છે એવો મનને વિશ્વાસ આવ્યો. આ સ્થિતિને સારૂ રાયચંદભાઈ જવાબદાર થયા. એટલે મારૂં માન તેમના પ્રત્યે કેટલું વધ્યું હોવું જોઈએ તેનો ખ્યાલ વાંચનારને આવશે.

એમ છતાં એમને મેં ધર્મગુરુ નથી માન્યા. ધર્મગુરુની તો શોધ જ કર્યા કરૂં છું, અને હજુ સુધી મને બધાને વિષે 'આ નહિં' એમ જ જવાબ મળ્યો છે. એવા સંપૂર્ણ ગુરુ મળવાને સારૂ અધિકાર જોઈએ, તે ક્યાંથી કાઢું?

* * *

રાયચંદભાઈની સાથે મારી ઓળખાણ સન ૧૮૯૧ના જુલાઈ માસમાં જે દિવસે હું વિલાયતથી પાછો ફરી મુંબઈ પહોંચ્યો તે જ દિવસે થઈ. એ દિવસોમાં દરિયામાં તોફાન હોય છે, તેથી આગબોટ મોડી પહોંચેલી ને રાત પડી ગઈ હતી. મારો ઉતારો દાકતર—બૅરિસ્ટર અને હવે રંગૂનના પ્રખ્યાત ઝવેરી પ્રાણજીવનદાસ મહેતાને ત્યાં હતો. રાયચંદભાઈ તેમના વડીલ ભાઈના જમાઈ થાય. દાકતરે જ પરિચય કરાવેલો. તેમના બીજા વડીલભાઈ ઝવેરી રેવાશંકર જગજીવનની ઓળખ પણ તે જ દિવસે થઈ. દાકતરે રાયચંદભાઈને 'કવિ' કહી ઓળખાવ્યા, અને કહ્યું, મને કહ્યું, 'કવિ છતાં યે અમારી સાથે વેપારમાં છે. તેઓ જ્ઞાની છે, શતાવધાની છે.' કોઈએ સૂચના કરી કે, મારે કેટલાક શબ્દો તેમને સંભળાવવા ને તેઓ તે શબ્દો ગમે તે ભાષાના હશે તો પણ જે ક્રમમાં હું બોલ્યો હઈશ તે જ ક્રમમાં પાછા કહી જશે. મને આ સાંભળીને આશ્ચર્ય થયું. હું તો જુવાનિયો; વિલાયતથી આવેલો; મારા ભાષાજ્ઞાનનો પણ ડોળ; મને વિલાયતનો પવન ત્યારે કંઈ ઓછો ન હતો. વિલાયતથી આવ્યા ઓટલે ઊંચેથી ઉતર્યા. મેં મારૂં બધું જ્ઞાન ઠાલવ્યું અને જુદી જુદી ભાષાના શબ્દો પ્રથમ તો મેં લખી કાઢયા—કેમકે મને ક્રમ કયાં યાદ રહેવાનો હતો? અને પછી તે શબ્દો વાંચી ગયો. તે જ ક્રમમાં રાયચંદભાઈએ હળવેથી એક પછી એક બધા શબ્દો કહી દીધા. હું રાજી થયો, ચકિત થયો અને કવિની સ્મરણશકિત વિષે મારો ઊંચો અભિપ્રાય બંધાયો. વિલાયતનો પવન હળવો પાડવા સારૂ આ અનુભવ સરસ થયો ગણાય.

કવિને અંગ્રેજી જ્ઞાન મુદ્દલ ન હતું, તેમની ઉંમર તે વખતે પચીસથી ઉપર ન હતી. ગુજરાતી નિશાળમાં પણ થોડો જ અભ્યાસ કરેલો, છતાં આટલી સ્મરણશકિત, આટલું જ્ઞાન અને આટલું તેમની આસપાસનાઓ તરફથી માન. આથી હું મોહાયો. સ્મરણશકિત નિશાળમાં નથી વેચાતી. જ્ઞાન પણ નિશાળની બહાર જો ઈચ્છા થાય - જિજ્ઞાસા હોય - તો મળે અને માન પામવાને સારું વિલાયત કે કયાંયે જવું નથી પડતું, પણ ગુણને માન જોઈએ તો મળી રહે છે એ પદાર્થપાઠ મને મુંબઈ ઉતરતાં જ મળ્યો.

કવિની સાથેનો આ પરિચય બહુ આગળ ચાલ્યો. સ્મરણશકિત ઘણાની તીવ્ર હોય, તેથી અંજાવાની કશી જરૂર નથી. શાસ્ત્રજ્ઞાન પણ ઘણામાં જોવામાં આવે છે, પણ જો તે સંસ્કારી ન હોય તો તેમની પાસેથી કૂટી બદામ પણ નથી મળતી. સંસ્કાર સારા હોય ત્યાં જ

સ્મરણશક્તિ અને શાસ્ત્રજ્ઞાનનો મેળાપ શોભે અને જગતને શોભાવે કવિ સંસ્કારી જ્ઞાની હતા.

* * *

"અપૂર્વ અવસર એવો ક્યારે આવશે,
ક્યારે થઈશું બાહ્યાન્તર નિર્ગ્રંથ જો,
સર્વ બંધનનું બંધન તિક્ષ્ણ છેદીને,
વિચરીશું કવ મહત્પુરૂષને પંથ જો?
સર્વ ભાવથી ઔદાસીન્ય વૃત્તિ કરી,
માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો,
અન્ય કારણે અન્ય કશું કલ્પે નહિ,
દેહે પણ કિંચિત્ મૂર્છા નવ હોય જો...અપૂર્વ૦"

રાયચંદભાઈના ૧૮ વર્ષની ઉંમરે નીકળેલા અપૂર્વ ઉદ્‌ગારની આ પહેલી બે કડીઓ છે. જે વૈરાગ્ય એ કડીઓમાં ઝળહળી રહ્યો છે, તે મેં તેમના બે વર્ષના ગાઢ પરિચયમાં ક્ષણે ક્ષણે તેમનામાં જોયેલો. તેમનાં લખાણોની એક અસાધારણતા એ છે કે પોતે જે અનુભવ્યું તે જ તેમણે લખ્યું છે. તેમાં ક્યાંયે કૃત્રિમતા નથી. બીજાની ઉપર છાપ પાડવા સારૂ એક લીટી સરખી પણ લખી હોય એમ મેં નથી જોયું. તેમની પાસે હંમેશા કંઈક ધર્મપુસ્તક અને એક કોરી ચોપડી પડેલી જ હોય. એ ચોપડીમાં પોતાનાં મનમાં જે વિચાર આવે તે લખી નાખે. કોઈ વેળા ગદ્ય ને કોઈ વેળા પદ્ય. એવી રીતે જ 'અપૂર્વ અવસર' પણ લખાયેલું હોવું જોઈએ.

ખાતાં બેસતાં, સૂતાં, પ્રત્યેક ક્રિયા કરતાં તેમનામાં વૈરાગ્ય તો હોય જ. કોઈ વખત આ જગતના કોઈ પણ વૈભવને વિષે તેમને મોહ થયો હોય એમ મેં નથી જોયું.

તેમની રહેણીકરણી હું આદરપૂર્વક પણ ઝીણવટથી તપાસતો. ભોજનમાં જે મળે તેથી સંતુષ્ટ રહેતા. પહેરવેશ સાદો: પહેરણ, અંગરખું, ખેસ, ગરભસૂતરો ફેંટો ને ધોતી. એ કંઈ બહુ સાફ કે ઈસ્ત્રીબંધ રહેતા એમ મને સ્મરણ નથી. ભોંયે બેસવું - ખુરસી-એ બેસવું-બન્ને તેમના માટે સરખાં હતા. સામાન્ય રીતે તેઓ પોતાની દુકાનમાં ગાદીએ બેસતાં.

તેમની ચાલ ધીમી હતી. અને જોનાર સમજી શકે કે ચાલતાં પણ પોતે વિચારમાં ગ્રસ્ત છે. આંખમાં ચમત્કાર હતો: અત્યંત તેજસ્વી; વિહ્વળતા જરાયે ન હતી. આંખમાં એકાગ્રતા લખેલી હતી. ચહેરો ગોળાકાર, હોઠ પાતળા, નાક અણીદાર નહિ, ચપટું પણ નહિ, શરીર એકવડું, કદ મધ્યમ, વર્ણ શ્યામ, દેખાવ શાંત મૂર્તિનો હતો. તેમના કંઠમાં એટલું બધું માધુર્ય હતું કે, તેમને સાંભળતાં માણસ થાકે નહિ. ચહેરો હસમુખો ને પ્રફુલ્લિત હતો. તેની ઉપર અંતરાનંદની છાયા હતી. ભાષા એટલી પરિપૂર્ણ હતી કે તેમને પોતાના વિચારો બતાવતો કોઈ દિવસ શબ્દ ગોતવો પડયો છે એમ મને યાદ નથી. કાગળ લખવા બેસે ત્યારે ભાગ્યે જ શબ્દ બદલતાં મેં એમને જોયા હશે; છતાં વાંચનારને એમ નહિ લાગે કે કયાંય વિચાર અપૂર્ણ છે કે વાકયરચના તૂટેલી છે, અથવા શબ્દની પસંદગીમાં ખોડ છે.

આ વર્ણન સંયમીને વિષે સંભવે. બાહ્યાડંબરથી મનુષ્ય વીતરાગી નથી થઈ શકતો. વીતરાગતા એ આત્માની પ્રસાદી છે. અનેક જન્મના પ્રયત્ને મળી શકે છે એમ હરકોઈ માણસ અનુભવી શકે છે. રાગોને કાઢવાનો પ્રયત્ન કરનાર જાણે છે કે રાગરહિત થવું કેવું કઠિન છે. એ રાગરહિત દશા કવિને સ્વાભાવિક હતી. એમ મારી ઉપર છાપ પડી હતી.

મોક્ષનું પ્રથમ પગથિયું વીતરાગતા છે. જ્યાં સુધી જગતની એક પણ વસ્તુમાં મન ખૂંચેલું છે ત્યાં સુધી મોક્ષની વાત કેમ ગમે? અથવા ગમે તો તે કેવળ કાનને જ - એટલે જેમ આપણને અર્થ જાણ્યા સમજ્યા વિના કોઈ સંગીતનો કેવળ સૂર જ ગમી જાય તેમ. એવી માત્ર કર્ણપ્રિય ગમ્મતમાંથી મોક્ષને અનુસાર વર્તન આવતાં તો ઘણો કાળ વહી જાય. આંતરવૈરાગ્ય વિના મોક્ષની લગની ન થાય. એવી વૈરાગ્યલગની કવિની હતી.

અપૂર્ણ

ગાંધીજી

શ્રી રામકૃષ્ણ પરમહંસ અને સ્વામી વિવેકાનંદ

(શ્રી રામકૃષ્ણ પરમહંસની ૧૧૪મી જન્મ જયંતીના પ્રસંગે ૧૯૪૯ના માર્ચ માસની ૨૦મી તારીખે દિલ્હી ખાતેના રામકૃષ્ણ મીશનમાં પંડિત જવાહરલાલ નહેરુએ અંગ્રેજીમાં એક યાદગાર વ્યાખ્યાન આપેલું. તેની પ્રમાણભૂત નોંધ એક નાની પુસ્તિકાના આકારમાં માયાવતી-આલ્મોરાના અદ્વૈતાશ્રમ તરફથી પ્રગટ કરવામાં આવી છે. તેનો શ્રી મેનાબહેન નરોત્તમદાસે કરી આપેલો સરળ અને સુવાચ્ય અનુવાદ પ્રગટ કરતાં આનંદ થાય છે. પંડિત જવાહરલાલજી જેવા એક સમર્થ ચિંતક, વિચારક અને વિવેચકના હાથે થયેલું રામકૃષ્ણ પરમહંસ અને વિવેકાનંદ જેવી મહાન વિભૂતિઓના જીવનકાર્યનું આ ભવ્ય મૂલ્યંકન 'પ્રબુદ્ધ જીવન'ના વાચકો માટે જરૂર પ્રેરક તેમ જ પ્રબોધક નીવડશે. પરમાનંદ)

સ્વામીજી અને મિત્રો

આ ઉત્સવ પ્રસંગે તમે મને આમંત્રણ આપ્યું તે માટે આભાર માનું છું. આ નિમિત્તે સ્વામી રામકૃષ્ણ પરમહંસની સ્મૃતિને અંજલિ આપવાની તક મળી તે માટે હું મને સદ્‌ભાગી માનું છું.

સ્વામી રામકૃષ્ણના જીવન અને કથન વિષે કંઈ કહેવાને હું લાયક છું કે નહિ તે હું નથી જાણતો. કે કે સ્વામીજી ઈશ્વરીય અંશના પુરુષ હતા, જ્યારે હું ઐહિક પ્રવૃત્તિઓથી ઘેરાએલો અને તેમાં જ મારી સઘળી શક્તિ ખર્ચનારો એક દુન્યવી માનવી છું. પણ જેમ દુન્યવી મનુષ્ય પણ દૈવી આત્માઓથી પ્રભાવિત થાય છે, અને તેમના પ્રત્યે પોતાનો આદર દર્શાવી શકે છે, તેમ હું પણ એ ઉચ્ચ આત્માઓને કદાચ બરાબર સમજી શકયો ન હોઉં તો પણ આદર તો રાખું જ છું. આવા પુણ્યાત્માઓએ જે કહ્યું અને તેમના અનુયાયીઓએ જે લખ્યું તેમાંનું ઘણું મેં વાંચ્યું છે, અને તેની મારા મન ઉપર ઊંડી અસર પડી છે. આવા અસાધારણ પુરુષોએ તેમની સમકાલીન તેમ જ ભાવિ પેઢી ઉપર ઘણી મોટી અસર પાડેલી હોય છે, મહાન્ સત્તા ઓ ઉપર તેમણે પ્રભાવ પાડયો છે અને પ્રજાનાં જીવન ધોરણ બદલી નાખ્યા છે. સ્વામી રામકૃષ્ણ આવા એક દિવ્ય આત્મા હતા તે સુવિખ્યાત છે. ભારતમાં જે અનેક મહાન્ ઋષિઓ થયા કે જેમણે જીવનના ઉચ્ચ તત્વ તરફ જનસમુદાયને વાળવા સમયે સમયે જન્મ લીધો છે, તેમાંના જ એક વારસ સમાન શ્રી રામકૃષ્ણ હતા. ભારતે તેના લાંબા કાળના ઈતિહાસ દરમિયાન અનેક વ્યવહારિક પ્રવૃત્તિઓમાં રચ્યા પચ્યા રહેવા છતાં આધ્યાત્મિક મૂલ્યો તરફ કદી ઉપેક્ષા કરી નથી. ભારતે હંમેશા સત્યની ખોજ ઉપર ભાર મૂકયો છે. એવા સત્યશોધકોને સન્માન્યા છે, પછી ભલે ગમે તે નામ ધારણ કરી આ દુનિયામાં અવતર્યા હોય. આમ ભારતે સાધકોની એક પરંપરા ઊભી કરી છે, એટલું જ નહિ પણ સાથે સાથે, સૂઝયો તે માર્ગ સાધકે અપનાવ્યો હોય તો પણ, ઈશ્વરની ખોજમાં પડનાર તે વ્યકિતને પોતામાં સમાવી લેવાની સહિષ્ણુતાની પણ એક પરંપરા ઊભી કરી છે. કમનસીબે હમણા હમણામાં આપણી એ સહિષ્ણુતા ઓછી થઈ ગઈ છે, અને કેટલીક વખત આને લીધે આપણે અવળા માર્ગે ચઢી જઈએ છીએ. આપણું મન સંકુચિત થઈ ગયાં છે અને પરિણામે એવી માન્યતામાં આપણે જકડાઈ ગયા છીએ કે જે માર્ગે આપણે ચાલી રહ્યા છીએ તે જ સાચો છે અને બીજા બધા ખોટા છે.

આજ દિવસ સુધીના ભારતની આ પ્રણાલી નહોતી. સર્વને સમાવી લેવાની હૃદયની ઉદારતામાં તો ભારતની મહાનતા હતી. તે માનતું કે સત્યને ઘણાં પાસાં છે અને તે અનેક રીતે જાણી શકાય છે. કોઈ માણસ એમ કેમ કહી શકે કે મને એકને જ સત્ય લાધ્યું છે? જો તે અત્યંત તીવ્રતાથી સત્યની ખોજમાં પડયો હોય તો તે એમ કહી શકે કે સત્યનો અમુક અંશ મને પ્રાપ્ત થયો છે, પણ તે એમ કેમ કહી શકે કે બીજો જે મારા માર્ગે ન ચાલે તો તેણે સત્ય જાણ્યું જ નથી! આમ ભારતે હંમેશાં સત્યશોધકોને, ચિન્તકોને અને

નૈતિક મૂલ્યોને મહત્ત્વ આપ્યું છે. ભારતની સંસ્કૃતિનું આ એક જુદું તરી આવતું તત્ત્વ છે. તેના ઇતિહાસમાં કંઈક ચઢતી પડતીના પ્રસંગો આવી ગયા, પણ કાળના એ દીર્ઘ પ્રવાહમાં એ મૂળતત્ત્વ અફરપણે જળવાઈ રહ્યું છે.

શ્રી રામકૃષ્ણના જીવનની એક એ વિશિષ્ટતા હતી કે જે કોઈ એમના પરિચયમાં આવતું તે એમના તરફ ખેંચાઈ જતું. ઘણીવાર કેટલાક લોકો એમના સીધા પરિચયમાં ન આવ્યા હોય ત્યારે એમની મશ્કરી ઉડાવતા, પણ જ્યારે એમની નજીક આવતા કે થોડીવારમાં એ સંત પાસે એમનું માથું નમી પડતું અને નિંદાના બદલે તેઓ એમની સ્તુતિ કરવા લાગતા. તેમાંના ઘણાયે પોતાનાં ઘરબાર, વેપાર-ધંધા છોડી દીધા હતા અને એમના શિષ્ય સમુદાયમાં જોડાયા હતા. તેમાં અનેક શક્તિશાળી પુરુષો હતા જેમાંના એક સ્વામી વિવેકાનંદ હતા, જે ભારતમાં જ નહિ પણ, દુનિયાના બધા દેશોમાં પ્રસિદ્ધિ પામ્યા હતા. આજની યુવાન પેઢી સ્વામી વિવેકાનંદનાં લખાણ અને ભાષણો કેટલાં વાંચે છે તે હું જાણતો નથી, પણ એટલું ચોક્કસ કહું છું કે મારી પેઢીના ઘણા યુવાનો ઉપર સ્વામી વિવેકાનંદનો ખૂબ પ્રભાવ પડ્યો હતો, અને આજના યુવકો પણ એમના ભાષણો અને લખાણોની ચોપડીઓ વાંચે તો એમને ઘણો ફાયદો થશે – ઘણું શીખશે અને અમારામાંનાં કેટલાકને જેમ થયું તેમ તેઓ પણ સ્વામી વિવેકાનંદનાં દિલ અને દિમાગમાં જે આગ બળતી હતી (કે જે કારણે એમની જિંદગીનો અંત વહેલો આવ્યો) તેની કંઈક ચીનગારી તેમને પણ લાગશે. કેમકે એમના દિલનો એ અગ્નિ એમની વાણીમાં પૂરા બળથી વહેતો. અને તે માત્ર વાતો જ નહોતી. તેમાં તેઓ એકરસ હતા. તેઓ જે બોલતા તેમાં તેના આત્માને જ જાણે કે વાણી દ્વારા તેઓ પ્રગટ કરતા. તેથી જ તે મહાન્ વક્તા બન્યા અને એ વક્તાપણું ઉપરછલ્લી ચમકદાર ભાષાનું નહોતું. તેની પાછળ ઊંડી વિચારણા અને ધગશ હતાં. તેથી જ એમણે દેશના કેટલાયે યુવાનોનાં દિલ જીતી લીધાં, એટલું જ નહિ પણ, બેથી ત્રણ પેઢી સુધીની યુવાન પ્રજા એમની પાછળ ઘેલી બની. તે પછી દેશમાં બીજા ઘણા બનાવો બન્યા. આપણા રાષ્ટ્રપિતા ગાંધીજી આવ્યા. આખા દેશને એમણે હલાવી મૂક્યો. ઋષિ પરંપરાના એ બીજા મહાપુરુષ હતા.

ગાંધીજીના સમયમાં ઘણું બધું બની ગયું. અને જે બન્યું તે એવું બન્યું કે તે એમની પહેલાં આવેલાઓએ એ મુશ્કેલીભર્યા દિવસોમાં એમનો આદેશ ઝીલવા માટે દેશને તૈયાર કરવાનું જે પાયાનું કામ કર્યું હતું તેને કદાચ ગૌણ બનાવી દેય. પણ જો તમે સ્વામી વિવેકાનંદનાં લખાણો અને ભાષણો વાંચશો તો તમને અજાયબી સાથે જણાશે કે એ લખાણો ગઈ સદીના નથી. છપ્પન વર્ષ પછી આજે તમને એવાં જ નાવીન્યભર્યા લાગશે. કેમકે તેઓ જે બોલતા તે આપણી અથવા સમગ્ર દુનિયાની જીવન્ત સમસ્યાઓનો તલસ્પર્શી વિચાર કરી બોલતા. તેથી તે આપણને જૂનું પુરાણું લાગતું નથી. આજે પણ તમે વાંચો અને તે તમને આજના યુગને બંધબેસતું જણાશે.

એમણે કંઈક એવું આખું કે જેણે આપણામાં અને આપણી ભાવી પેઢીમાં એક ચોક્કસ પ્રકારનું સ્વમાન જગાડ્યું. વળી એમણે આપણી ખામીઓ તરફ પણ આંખમીંચામણા કર્યા નથી. આપણી નબળાઈઓ અને ભૂલોને પણ તેમણે ખુલ્લંખુલ્લા ફટકારી છે. તે કંઈ જ છુપાવવા માગતા નહોતા. છુપાવવું જોઈએ પણ નહીં. કેમકે એ ખામીઓ આપણે સુધારવાની છે. ક્યારેક આપણને તે ઘણા કડક લાગે છે, તો વળી કેટલીક વખત આપણી વિશિષ્ટતાઓ કે જેના લીધે દેશ પડતીના સમયમાં પણ પોતાની મહત્તા સાચવી શક્યો છે તેનો પણ તેઓ બરાબર નિર્દેશ કરે છે.

એટલે સ્વામીજીએ જે લખ્યું તેમાં આપણને રસ પડે તેવું છે. રસ પડવો જ જોઈએ, કેમકે ભવિષ્યમાં ઘણા વખત સુધી તેમાંથી પ્રેરણા મળી રહે તેવું ઘણું છે. સીધી રીતે રાજદ્વારી કહી શકાય તેવા તે પુરુષ નહોતા. છતાં આજે જે રાજદ્વારી ચળવળ ચાલી રહી છે તેનો પાયો નાંખનારાઓમાંનાં એક તેઓ હતા. ઘણાઓએ એ ચળવળમાં પડવાની પ્રેરણા સ્વામી વિવેકાનંદમાંથી મેળવી છે.

ક્યાંક સીધી રીતે તો ક્યાંક પરોક્ષ રીતે, પણ આજના ભારત ઉપર સ્વામી વિવેકાનંદની ઘણી મોટી અસર છે. અને મને આશા રાખવાનું મન થાય છે કે સ્વામી વિવેકાનંદની વાણીમાંથી જે જોમ, ધગશ અને ડહાપણનો કુવારો ઊડી રહ્યો છે તેનો લાભ આજની યુવાન પેઢી પણ જરૂર ઉઠાવશે.

આપણી સામે અને દુનિયાની સામે પણ અનેક વિકટ સમસ્યાઓ પડેલી છે. આપણે તેનો ઉકેલ કેવી રીતે લાવીશું? રાજદ્વારી રીતે ઉકેલ લાવવાનો એક માર્ગ છે. હું તકવાદી રાજદ્વારીઓની વાત નથી કરતો, જો કે કમનસીબે ગંભીર રાજદ્વારીઓને પણ જે વસ્તુસ્થિતિ છે, અને તેમની પાસે જે સાધનો છે તે પ્રમાણે તેમને થોડુંક તકવાદી થવું પડે છે. પ્રજા જે વસ્તુને જીરવવાને કે સમજી શકવાને તૈયાર ન હોય તે વસ્તુ રાજ્યસત્તા અમલમાં મૂકી શકતી નથી. તેમને હંમેશા આવા પ્રશ્નોનો સામનો કરવો પડે છે. આ લોકશાહીના જમાનામાં ખાસ. લોકશાહી એ જ શ્રેષ્ઠ માર્ગ છે એમ હું માનું છું, પણ લોકશાહી સફળ ત્યારે કે જે તમે કરો તે પ્રજાનો મોટો ભાગ સમજતો અને સ્વીકારતો હોય અને તેને આચારમાં મૂકવા ઉત્સાહી હોય. જો એમ ન હોય તો સાચી વાતને પણ પ્રજા સમક્ષ મૂકી શકાતી નથી. એટલે જ્યાં પ્રજા સાચું સમજવા કે સ્વીકારવા જેટલી તૈયાર ન હોય ત્યાં રાજ્યને સત્ય સામે પણ નમતું મૂકવું પડે છે. આમાં લાભ છે કે નુકસાન તેની મને ખબર નથી. પણ આવું બને છે અને રાજ્ય પાસે બીજો કોઈ માર્ગ હોતા નથી. કેમકે રાજ્ય તેને જે સાચું લાગ્યું છે તેનો જ આગ્રહ રખે તો પ્રજા તેને ક્યાંયે દૂર ફેંકી દે, હવે સંત પુરુષો આવા પ્રસંગે જુદો માર્ગ અખત્યાર કરે છે. ગમે તેવી કઠીણાઈ આવે, પણ તેઓ સત્યને વળગી જ રહે છે. પછી ભલે તેમના ઉપર પથ્થરો ફેંકવામાં આવે, તેમને ગોળીથી વિંધવામાં આવે, કે બીજી રીતે તેમની હત્યા કરવામાં આવે. એ સંતોનો માર્ગ છે અને રહેશે. ભલેને સંત પુરુષ આમ મૃત્યુને ભેટે, પણ તેમણે આગળ ધરેલું સત્ય મૃત્યુ પામતું નથી. સંત કરતાં પણ સત્ય મહાન છે અને કદાચ તે સંત જીવિત રહેશે તો તે સત્યને વધારે ઉજ્જવળ કરીને જ જીવશે.

અનુવાદક:
શ્રી મેનાબહેન નરોત્તમદાસ.

મૂળ અંગ્રેજી:
પંડિત જવાહરલાલ નહેરુ

અદ્યતન રાજકીય પરિસ્થિતિ

[તા૦ ૬ ડિસેંબરના રોજ ઉપર જણાવેલ વિષય ઉપર શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે સંઘના કાર્યાલયમાં શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે એક જાહેર વ્યાખ્યાન આપ્યું હતું તેની શ્રી ચીમનલાલ જે. શાહે તૈયાર કરી આપેલી નોંધ નીચે પ્રગટ કરવામાં આવેલ છે. તંત્રી]

આજની સમીક્ષા શરૂ કરું તે પહેલાં એક વાત મારા મનમાં હંમેશ રહે છે તે કહું. મને એમ લાગે છે કે રાજકારણી પુરુષોને આપણે કદાચ વધારે પડતું મહત્વ આપીએ છીએ અને એમનું વર્તન એ જ જાણે કે આપણું સર્વસ્વ હોય એવું કોઈક વખત આપણે અનુભવીએ છીએ. રાજકારણી પુરુષોનું વર્તન આપણા ઉપર, સદ્‌ભાગ્યે કે દુર્ભાગ્યે, ઊંડી અસર કરે છે. આજે પ્રજાનું જીવન એવું થઈ ગયું છે કે રાજકારણને તેમાં વધારે મહત્ત્વ મળે છે. રાજ્યોને માત્ર વ્યવસ્થા અને કાયદાને લગતી સત્તા નહિ પણ પ્રજા-જીવનનાં અંગેઅંગને સ્પર્શવાની જાણે કે સત્તા મળી છે! અને આપણે રાજકારણી પુરુષોને લાયકાત કરતા વધારે મહત્ત્વ આપી રહ્યા છીએ.

હું હમણાં એક પુસ્તક વાંચું છું- 'INSPITE OF'. લેખકનો કહેવાનો આશય છે માણસ ઉપર બીજી અનેક બાબતોનું પ્રભુત્વ હોવા છતાં આ બધાથી અલગ એવો હું પોતે કંઈક છું–I am something–એમ માને છે.

બીજું એક પુસ્તક વાંચું છું 'TIDE OF FORTUNE' આમાં લેખકે ઈતિહાસનાં બાર પ્રસંગો લીધા છે જુલિયસ સીઝરથી માંડી અમેરિકન પ્રેસીડેન્ટ વિલ્સન સુધીના–અને લેખક કહેવા માંગે છે કે ઈતિહાસમાં અવારનવાર એક એવો પ્રસંગ બને છે અને પ્રજાનું આખું

ભાવિ બદલાઈ જાય છે, જે પ્રસંગને માટે, જે સત્તાને માટે માણસો મરી પડે છે અને રચ્યોપચ્યો રહે છે. ત્યારે એ જ એને સર્વસ્વ લાગે છે–પણ કાળના ઈતિહાસમાં બધું ધૂળધાણી થઈ જાય છે. આ હું એટલા માટે કહું છું કે આપણે ઈતિહાસનું આખું દર્શન કરીએ ત્યારે અનેક ચિત્રો આપણી સમક્ષ આવે છે અને છતાંય માણસ એક જ વાક્ય બોલે છે Inspite of all this–I am what I am.

મનમા એમ થાય છે એક ગાંધીયુગ આવી ગયો. આમાંનાં કેટલાકે આ યુગ પૂરેપૂરો જોયો, કેટલાકે થોડો જોયો, કેટલાકે બીલકુલ ન જોયો. નવી પેઢીને માટે ગાંધીયુગ માત્ર ઈતિહાસ છે. જીવી ગયા એને માટે અનુભવ છે. એ પશ્ચાદભૂમિની સરખામણી કરતાં એમ થાય છે કે આપણે ક્યાં હતા અને આજે આપણે ક્યાં આવી પડ્યા છીએ ?

ગાંધી, સરદાર અને નહેરુની આપણને એક અજોડ નેતાગીરી મળી–આ ત્રિપુટીએ પ્રજાજીવનમાં એક મોટું આંદોલન ઊભું કર્યું. આ જોતાં મને એમ પ્રશ્ન થાય છે કે પ્રજા ઊંચી આવે છે એ એના સત્ત્વથી કે નેતાગીરીથી ?

એક ત્રીજું પુસ્તક પણ હું વાંચું છું 'CIVIL WAR IN CHINA'. તે ૧૯૨૭થી ૧૯૪૯ સુધીના માઓ અને ચાંગ કે શેક વચ્ચેના સંઘર્ષનો ઈતિહાસ છે. ચીનનો એ જ ખેડૂત એક પક્ષે વીરતાથી લડે છે અને બીજે પક્ષે નિરુત્સાહ થઈ પાછો પડે છે. ત્યારે એમ પ્રશ્ન થાય કે આ શાને લીધે ? એનો જવાબ છે There was a leader who had faith in himself–who had will power–who was determined to fight the battle–come what may.

આજે આપણાં દેશમાં આપણે એ જ માણસો છીએ, ભાવનાના આદર્શના પૂરમાં પોતાનું સમર્પણ કરતાં એ જ પ્રજાજનો છીએ. પણ આજે પ્રેમ નથી, ઉમળકો નથી, દેશ માટે મરી ફીટવાનો ઉત્સાહ નથી. આનું કારણ શું છે ?

આનું કારણ એ છે કે લોકોમાં જે સત્વ–શકિત હોય એને સક્રિય બનાવવા માટે એન્જીનનું જે જોશ જોઈએ–જે આપવાની નેતાગીરીની ફરજ છે–તે આજે નથી. અલબત્ત ગાંધીયુગનાય હજુ કેટલાક રાજપુરુષો આપણે ત્યાં છે તો કેટલાક નવા પણ છે. બીજુ પટ્ટનાયક અને અતુલ્ય ઘોષ જેવા છે–અને મોરારજીભાઈ અને ઈંદિરા ગાંધી જેવા પણ છે. અદ્યતન રાજકારણી તખ્તાનો પૂરો ખ્યાલ આપવા માટે મેં આટલી પૂર્વભૂમિકા તમારી સમક્ષ રજુ કરી. હવે પ્રશ્ન એ ઊભો થાય છે કે આજે આપણે શા માટે આટલી બધી નિરાશા અનુભવીએ છીએ ?

ચૂંટણી આવતાં જે બળો ભૂગર્ભમાં હતા તે આજે બહાર આવ્યા છે, ઘણાને એમ લાગે છે કે કોંગ્રેસ સફળ થશે કે કેમ ? પણ કોઈ અન્ય વિરોધપક્ષે નેતાગીરી નથી કે નથી કોઈ કાર્યક્રમ. હજુ કંઈપણ રહ્યું હોય તો તે છે કોંગ્રેસમાં. તે કયાં સુધી રહેશે તે હું નથી કહી શકતો, પણ આજે તો હજુ ચૂંટણીમાં કોંગ્રેસ જ સફળ થશે એમ મને લાગે છે.

આપણને સ્વતંત્રતા મળ્યા પછીનાં ૧૯ વર્ષો સ્થિરતાના મળ્યાં, ઔદ્યોગિક વિકાસ ઘણા મોટા પાયા ઉપર થયો, આંતરરાષ્ટ્રિય પ્રતિષ્ઠા પણ ઘણી મળી, પણ આ બધું ઈતિહાસમાં સદાકાળ રહેતું નથી. મને આજે લાગે છે કે આપણે જે નિરાશા અને ગ્લાનિ અનુભવીએ છીએ એ મહદ્‌અંશે નેતાગીરીની નિષ્ફળતાને લીધે છે. અલબત્ત આપણામાં પણ ઘણા દોષ છે જ. મત–અધિકારનો પ્રશ્ન આવે છે ત્યારે આપણી સમક્ષ સારી અને નરસી બન્ને વસ્તુઓ આવે છે. અને સત્તાપલટો કરવા માટે સબળ નેતાગીરી-વાળો વિરોધપક્ષ ન હોય તો સત્તાપલટો શક્ય નથી. કોંગ્રેસથી આપણને અસંતોષ હોય તો પણ સ્થિરપણે વિચારીશું તો પ્રશ્ન થશે કે કોંગ્રેસ સિવાય આપણે બીજા કોને મત આપીશું ?

શાસ્ત્રી અને નહેરુ વચ્ચે કોઈ સરખામણી ન થઈ શકે. નહેરુએ ચીની–હીંદી ભાઈ ભાઈ કહી ગફલત ખાધી અને ચીને ચઢાઈ કરી–એમ છતાંય નહેરુએ પ્રજામાં જે વિશ્વાસ અને વફાદારીને જાગૃત કર્યા તે અદ્‌ભુત હતા. શાસ્ત્રી અને નહેરુ બંને શકિતશાળી નેતા હતા. શાસ્ત્રીજી થોડા સમયમાં યશ લઈ ગયા, જ્યારે નહેરુની ભૂલો ભાષાકિય પ્રાંતરચના વગેરે કેટલું મોટું ભૂત લઈને ઉભી છે ? ઈંદિરા ગાંધીને વડા પ્રધાનપદે મૂકયા ત્યારે તેમને અત્યંત અનુભવી પીઢ કે શકિતશાળી સમજીને નો'તા મૂકયા. આપણે માત્ર એક પ્રયોગ કર્યો હતો. આજે એમ લાગે છે કે જે વિકટ પ્રશ્નો ઊભા થયા છે એને પહોંચી વળવાની એમની શકિત નથી. આમ છતાંય એમનાં સ્થાને બીજો કોઈ હોત તો તે પણ આ પ્રશ્નોને પહોંચી શકત કે કેમ તે પણ સવાલ છે. નેતાગીરીએ પ્રજામાં વિશ્વાસ અને વફાદારી પેદા કરવાનાં હોય છે. આવી નેતાગીરી આપણે ત્યાં નથી. પણ અત્યારે કેવળ નિરાશ બની બેસવા જેવો સમય નથી.

કૉંગ્રેસની સિદ્ધિઓ વિષે મતભેદને અવકાશ છે, પણ જો આપણે ગામડાં તરફ જોઈએ તો આજે ગામડાઓની આખી સૂરત બદલાઈ ગઈ છે. ત્યાં કેટલી બધી સહકારી સોસાયટીઓ ચાલે છે ? ખેડૂતોને કેટલું બધું ધિરાણ થાય છે ? હા - ગામડાઓની અંદર કોમવાદ બહુ છે, પણ ત્યાં કૉંગ્રેસે એક જુદા જ પ્રકારનું જીવન તૈયાર કર્યું છે એટલે કૉંગ્રેસને ગામડાઓનો સારો ટેકો રહેશે.

આપણી મોટી ચિંતા છે આજની આર્થિક ભીંસને લગતી. આજના અસંતોષનું મૂળ કારણ છે ફૂગાવો, અને મોંઘવારી. આ અટકી શકે એમ નથી. અન્નસંકટ બતાવવામાં આવે છે એટલું અથવા ધારીએ એટલું મોટું નથી. Procurement અને Distribution જો બરાબર હોય તો આખી દુનિયામાં આજે જે ભીખ માંગવા નીકળવું પડ્યું છે તે ન નીકળવું પડત–આવી પરિસ્થિતિમાં દૃઢ નિશ્ચય-વાળી નેતાગીરી હોય તો એમ કહે કે, અમે પેટે પાટા બાંધવા પડશે તો થોડો વખત બાંધીશું, પણ સ્વાવલંબી થઈશું, અને ભીખ તો હરગીઝ નહિ માંગીએ. પરદેશી મદદ મર્યાદાબહાર જતાં ઝેરરૂપ બની જાય છે. આજે અવમૂલ્યાંકન કરવું પડ્યું, કારણ અમેરિકાને આપણે ખુશ કરવા માંગતા હતા. વાસ્તવમાં આપણે તો એમ કહેવું જોઈતું હતું કે મદદ કરવી હોય તો કરો, નહિતર, તમે તમારે રસ્તે–અમે અમારે રસ્તે. ઘણા માને છે કે, DON'T BITE THE HANDS THAT FEED. મારું આ વલણ નથી. આજે ગાંધી હોત તો કહી શકત કે અમારે તમારી શરતોવાળી મદદ નથી જોઈતી. અમારું થવાનું હોય તે થાય. ગાંધીજીનું સ્મરણ આજે એટલું બધું થાય છે. એમનામાં આંતર-પ્રેરણા હતી - એમનામાં આત્મશ્રદ્ધા, અડગતા અને દૃઢ મનોબળ હતાં. ૧૯૪૨માં તેમણે અંગ્રેજોને કહ્યું You Quit, અમે ભલે અંદર અંદર ઝઘડીને ખલાસ થઈ જઈએ. આ હતી સબળ અને સફળ નેતાગીરી. આજે આપણે ત્યાં આ નથી. અને એથી જ એક સર્વોદયનો માણસ સ્ટીલ પ્લાન્ટ માટે ઉપવાસ ઉપર તરી શકે છે. અને ધર્મગુરૂઓ ધર્મને નામે ગોવધ પ્રતિબંધ માટે ઉપવાસો કરે છે. આપણે તો ગોવધ શું પણ પ્રાણી માત્રનો વધ ન થાય એવું ઈચ્છીએ છીએ–પણ આ ઉપવાસો શું એનો ઈલાજ છે ?

સંત ફત્તેસિંગને પંજાબી સુબો મળ્યા છતાં પંજાબ અને હરિ-યાણા વચ્ચે વહીવટી સગવડ માટે કેટલીક સાંકળતી કડીઓ–એક ગર્વનર, એક હાઈકોર્ટ, એક સ્થળે રાજધાની–વગેરે રાખી છે તે તોડવા ઉપવાસની ધમકી આપે છે, જાણે પંજાબનું વિભાજન થતાં બે રાજ્યો પરદેશી બન્યા હોય. સરકાર નિર્બળ છે અને દૃઢતાથી એમ કહેવાની તેનામાં હીંમત નથી કે નિર્ણય કર્યો છે તે જ રહેશે. જે કોઈ ધમકી આપે તેને પંપાળવા પડે છે–વિદ્યાર્થીઓ હોય, ધર્મગુરૂઓ હોય કે સર્વોદય કાર્યકર હોય.

આવી પરિસ્થિતિમાં ચોથી સામાન્ય ચૂંટણી થઈ રહી છે. પ્રજા–માનસ અત્યંત ક્ષુબ્ધ છે તેમાં શું પરિણામ આવશે તે કહેવું મુશ્કેલ છે.

ચીમનલાલ ચકુભાઈ શાહ

❋ બ્રહ્મવિદ્યા મંદિરનો પરિચય ❋

(વર્ધા બાજુએ આવેલા પવનારમાં વિનોબાજીની પ્રેરણાથી આજથી સાત વર્ષ પહેલાં ઊભું કરવામાં આવેલ બ્રહ્મવિદ્યા મંદિરમાં જોડાયલાં એક બહેને – ઉષાબહેને – ૧૯૬૬ ના સપ્ટેમ્બર માસના 'મૈત્રી'ના વિનોબા જયન્તી અંકની એક નકલ મારી ઉપર મોકલી અને તે અંગે સલાહસૂચના આપવા મને જણાવ્યું. આ હિંદી ભાષાનું માસિક છે અને ૧૯૬૪ ના ફેબ્રુઆરી માસથી શરૂ કરવામાં આવેલ છે. પ્રસ્તુત અંક ત્રીજા વર્ષનો આઠમો અંક હતો. તેનું વાર્ષિક લવાજમ રૂા. ૬ થી ૧૨ સુધીમાં જેની જે ઈચ્છા હોય એ મુજબ મોકલે એવો પ્રબંધ કરવામાં આવ્યો છે એમ તેને લાગતા વિજ્ઞાપન પત્ર ઉપરથી માલુમ પડે છે અને આ લવાજમ વ્યવસ્થાપક, પરંધામ પ્રકાશન, વર્ધા (માહરાષ્ટ્ર) એ સરનામે મની ઑર્ડરથી મોકલવાનું રહે છે. ઉપર જણાવેલ ઉષાબહેનને જવાબ લખતા બ્રહ્મવિદ્યા મંદિરનો પરિચય આપવા મેં તેમને વિનંતિ કરી. તેના જવાબમાં આવેલ ઉષાબહેનનો પત્ર નીચે પ્રગટ કરતાં હું આનંદ અનુભવું છું, અને જે સંસ્થા વિષે આપણી બાજુએ બહુ ઓછા લોકો જાણે છે તે સંસ્થા અંગેની નીચે આપેલી માહિતી પ્રબુદ્ધ જીવનના વાચકોને રસપ્રદ નીવડશે એવી હું આશા સેવું છું. પત્ર જેવો છે તેવો નીચે આપું છું. **પરમાનંદ**)

મુ. પરમાનંદભાઈ, તા. ૧૬-૧૦-૬૬

તમારો તા. ૨૧-૯ નો પત્ર યથાસમય મળ્યો હતો. પ્રત્યક્ષમાં તો તમને મળવાનું થયું નથી. પણ 'પ્રબુદ્ધ જીવન' દ્વારા તમારે માટે એક આદરયુક્ત સ્થાન જીવનમાં નિર્માણ થયું છે. તમારા સપ્રેમ આશિષ પામીને એમાં આત્મીયતાની સુગંધ ભળી.

પ્રવૃત્તિ અંગે આપે પૂછયું છે. અહીંની સમગ્ર પ્રવૃત્તિનો ખ્યાલ આપવાથી ઠીક ચિત્ર રજૂ થશે. તો એ દૃષ્ટિએ જ ઉત્તર લખું છું.

આ સ્થાનનો પૂર્વ - ઈતિહાસ સુવિદિત છે. ૧૯૩૮ થી ૧૯૫૧ પૂ. વિનોબાજીની આ સાધના–ભૂમિ રહી. '૫૧માં તેઓ ભૂદાનમાં નીકળી પડયા. કેટલાંક સાધકવૃત્તિના ભાઈઓ ત્યારબાદ પણ અહીં રહેતા હતા. ૧૯૫૯માં અજમેર સર્વોદય સંમેલનના દિવસોમાં, આજના જમાનાને અનુરૂપ બ્રહ્મવિદ્યાની સાધનાની દૃષ્ટિથી એક સ્થાન બહેનો માટે હોવું જોઈએ–એ વિચારને મૂર્ત સ્વરૂપ અપાઈ રહ્યું હતું. ભૂદાન આંદોલનમાં કામ કરતી કેટલીક બહેનો એ માટે અનુકૂળ માનસિક વૃત્તિ ધરાવતી હતી. ભારતના વિભિન્ન પ્રાંતોમાંથી આવેલી બાર બહેનો તેને માટે તૈયાર થઈ. ભૂદાન પ્રવૃત્તિ દ્વારા, કસ્તુરબા કેન્દ્રો દ્વારા સ્વતંત્ર રૂપથી સમાજ સેવાના કામમાં લાગેલી એ બહેનો હતી. સને ૧૯૫૯ ના માર્ચ મહિનાથી અહીં 'બ્રહ્મવિદ્યામંદિર'ના નામે બહેનોની સામૂહિક સાધનાના પ્રયોગનાં શ્રીગણેશ મંડાયાં. પૂ. વિનોબાજી તો યાત્રામાં ફરતા રહેતા, પણ પ્રારંભકાળથી માંડીને આજસુધી એમના માર્ગદર્શનનો તથા વિશેષ અમીદૃષ્ટિનો અનન્ય લાભ આ સ્થાનને મળી રહ્યો છે. બહેનો એમના પ્રત્યક્ષ પરિચયમાં આવેલી હોવાથી વ્યક્તિગત માર્ગદર્શનનો લાભ પણ મળી રહે છે. કર્મ–જ્ઞાન–ભક્તિના સુભગ સમન્વયની એમની જીવન-દૃષ્ટિ છે. તો જીવનના સર્વાંગી વિકાસને અનુલક્ષીને આશ્રમની પ્રવૃત્તિનું સહજ આયોજન થઈ ગયું છે. આજે સાત વરસ દરમ્યાન બહેનોની સંખ્યા ૨૩ થઈ છે. જર્મનીની એક બહેન પણ અમારામાં સામેલ છે.

બ્રહ્મવિદ્યાની સાધના એ અહીંનો મુખ્ય ઉદ્દેશ છે. તેને અનુરૂપ અને પોષક એવી પ્રવૃત્તિ સ્વીકારી છે પ્રેસ તથા ખેતી. પરંધામ પ્રકાશનને નામે એક નાનકડું પ્રેસ ચાલે છે. બાબાનાં મરાઠી પ્રકાશનો અહીંથી પ્રકાશિત કરીએ છીએ. તેમાં કમ્પોઝ, બાઈન્ડિંગ, પ્રીન્ટીંગ, વ્યવસ્થા સંપાદન, અનુવાદ આદિ સર્વ કામોમાં અમે પ્રત્યક્ષ ભાગ લઈએ છીએ. 'મૈત્રી' પત્રિકાનું સંપાદન - વ્યવસ્થાનું કામ પણ તેમાં આવી જાય છે. 'મૈત્રી' અમારી પ્રવૃત્તિ - ચિંતન - મનનનું મુખપત્ર બને એવી ધારણા છે. વિચારોના માધ્યમ દ્વારા સમાજ-સંપર્કનું લક્ષ્ય પણ તેમાં-અનુસ્યૂત છે. પ્રતિદિન પ્રત્યેક વ્યકિત ત્રણ કલાક પ્રેસકામ પાછળ આપે છે. એક કલાક ખેતીકામનો માન્યો છે. ભાજી - ફળ ઠીક પ્રમાણમાં તૈયાર કરી લઈએ છીએ. તેમાં પ્રકૃતિનો સ્પર્શ પણ અનુભવાય છે. આમ ચાર કલાક ઉત્પાદક પરિશ્રમના માન્યા છે. એ ચાર કલાકના પરિશ્રમ દ્વારા સ્વાવલંબન સાધવાની નેમ છે. હજી અમે એ નેમને પૂર્ણતયા પહોંચ્યા નથી, પણ કોશાય એ દિશામાં ચાલુ છે. આજના જમાનાની ભિક્ષાનું સ્વરૂપ ઉત્પાદક પરિશ્રમ એ વિચાર બાબાએ આપ્યો છે. ચાર કલાકના પરિશ્રમ દ્વારા મનુષ્યની સાદી જીવન-જરૂરતોની પૂર્તિ થઈ રહેવી જોઈએ એ દૃષ્ટિ પણ આ પ્રયોગની પાછળ છે. મજૂરીના ક્ષેત્રમાં બ્રહ્મવિદ્યાનો પ્રયોગ - એ રીતે પણ તેઓ તેને વર્ણવે છે.

ચાર કલાકના ઉત્પાદક પરિશ્રમ ઉપરાંત બે કલાક રસોઈ-સફાઈ જેવા ગૃહકૃત્યના કામ માટે માન્યા છે. છ કલાક કર્મયોગ અને એક કલાક બે સમયના ભોજન માટે એમ સાત કલાક સામૂહિક કાર્યક્રમ માટે રાખી બાકીનો સમય વ્યકિતગત અધ્યયન, ધ્યાન, ધારણા માટે મોકળો રાખ્યો છે. પ્રાર્થના બે સમય નિયમિત થાય છે. તેમાં પણ સૌ સ્વેચ્છાએ એકઠા થાય છે. અધ્યયન માટે સામૂહિક વર્ગ પણ ચાલે છે. વિનોબાજીના નાનાભાઈ પૂ. બાળકોબાજી અમારી વચ્ચે વરસમાં છ મહિના રહે છે. બ્રહ્મસૂત્ર - શાંકરભાષ્ય એ ગ્રન્થની તેમને જીવન-સાધનામાં ખૂબ મદદ મળી છે. તો એ ગ્રન્થ પર તેમની ઊંડી શ્રદ્ધા બેઠી છે. એ ગ્રંથના અધ્યયનના વર્ગ તેઓ લે છે. ગાંધીજીની નિકટ રહેવાનો મોકો એમને મળ્યો હતો. વિનોબાજીના જીવનને તો તેઓ નાનપણથી જોતાં આવ્યા છે. તેમના પોતાના જીવન પર પણ ગાંધીજીની સ્પષ્ટ છાપ તરી આવે છે. શંકરાચાર્ય - ગાંધીજી - વિનોબાજી - સહુના વૈચારિક સત્સંગનો એકત્ર લાભ તેમના દ્વારા અમને સૌને મળે છે.

અમારી સૌની વચ્ચે ભાષા - માધ્યમ હિંદી છે. આપસમાં પણ એકબીજાની ભાષાઓનું અધ્યયન ચાલતું હોય છે. તદુપરાંત સૌ પોતપોતાની શકિત-રુચિ પ્રમાણે અધ્યયન કરતા હોય છે. નાનકડું પણ સુંદર પુસ્તકાલય અહીં છે. ભારતની બધી ભાષાઓનાં પુસ્તકોનો તેમાં સમાવેશ થાય છે.

બ્રહ્મવિદ્યા મંદિરનો અંતર્ગત સર્વ વ્યવહાર બહેનો આપસના સહકારથી સંભાળે છે. તેમાં રસોઈ - સફાઈથી લઈને પ્રેસ, ખેતી, હિસાબ સઘળાં કામો આવી જાય છે. આ છે અમારી પ્રવૃત્તિઓનું ચિત્ર. એની પાછળનું ધ્યેય તો પ્રવૃત્તિ વચ્ચે રહીને પણ આંતરિક નિવૃત્તિ અનુભવવાનું છે. જેટલે અંશે તે સધાય છે તેટલે અંશે પ્રવૃત્તિમાં પણ જોમ આવે છે અને જીવનમાં પણ તેજ આવે છે. ત્યાર બાદનું પગલું હોઈ શકે નિવૃત્તિમાં પ્રવૃત્તિ. એના દર્શનની આંખી વિનોબાજીના આજના સૂક્ષ્મ કર્મયોગ દ્વારા કદાચ આપણને સૌને થઈ શકે.

બ્રહ્મવિદ્યા મંદિર વર્ધાથી છ માઈલ દૂર પરંધામ નદીને કિનારે રળિયામણું સ્થાન છે. કયારેક આ તરફ આવવાનું થાય તો જરૂર આવશો. સૌ બહેનોને આનંદ થશે.

'પ્રબુદ્ધ જીવન' મળે છે.

ઉષાના સાદર પ્રણામ.

'શ્રેયસ'નો પરિચય

તા. ૫-૧૧-૬૬ ના રોજ, અમદાવાદની સુપ્રસિદ્ધ શિક્ષણસંસ્થા 'શ્રેયસ'નો તેના સ્થાપક અને પ્રમુખ સંચાલક શ્રીમતી લીનાબહેન મંગળદાસે સેધી ગ્રેન એન્ડ ઑઈલ સીડઝ મરચન્ટ્સ એસોસિએશનના હૉલમાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે યોજવામાં આવેલ જાહેર સભામાં પરિચય આપ્યો હતો. પ્રારંભમાં શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ શ્રી લીનાબહેન મંગળદાસનો પરિચય આપતાં જણાવ્યું હતું કે "૧૯ વર્ષ પહેલાં અસ્તિત્વમાં આવેલી અને ત્યાર બાદ સતત વિકસતી અને વિસ્તરતી આ સંસ્થા માત્ર ગુજરાતમાં જ નહિ પણ આખા ભારતમાં એક પ્રમુખ શિક્ષણસંસ્થાનું સ્થાન ધરાવે છે અને તેની અનેક વિશેષતાઓના કારણે આજની અન્ય પ્રાથમિક તથા માધ્યમિક શિક્ષણ આપતી ચીલાચાલુ શિક્ષણસંસ્થાઓથી ઘણી રીતે જુદી પડે છે. આ 'શ્રેયસ'નો ઉદ્‌ભવ અને વિકાસ આજના આપણા આમંત્રિત બહેન લીનાબહેન મંગળદાસના અથાક પરિશ્રમ અને અસાધારણ શિક્ષણનિષ્ઠાને આભારી છે. શ્રેયસના કાર્ય સાથે તેઓ એક મીશનરીની માફક જોડાયલા છે. આ સંસ્થા સરકારે નક્કી કરેલા અભ્યાસક્રમ મુજબ માત્ર શિક્ષણ આપવાનું કાર્ય કરતી નથી, પણ શિક્ષણના ક્ષેત્રમાં આ સંસ્થા અનેક પ્રયોગો અને સંશોધન કરી રહેલ છે; આ માટે ઘણી મોટી જમીન આવરી લેવામાં આવી છે અને તે ઉપર એક મોટું કેંપસ ઊભું કરવામાં આવ્યું છે. આજથી છ વર્ષ પહેલાં લીનાબહેને આ જ વિષય ઉપર આપણી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં વ્યાખ્યાન આપ્યું હતું. આ વખતે તેઓ દીવાળી સાથે સંબંધ ધરાવતી રજાઓમાંથી અઠવાડિયું કાઢીને મુંબઈ આવવાના છે એમ ખબર મળતાં તેમની સાથે વાટાઘાટ કરીને આપણે આજનું તેમનું ભાષણ અથવા તો વાર્તાલાપ ગોઠવ્યો છે. પોતાનાં ઘણાં રોકાણોમાંથી સમય કાઢીને તેઓ અહીં આવ્યા છે તે માટે તેમનો હું આભાર માનું છું અને સંઘ તરફથી તેમને હું આવકારું છું."

ત્યાર બાદ લીનાબહેને પોતાના બાળકના શિક્ષણના વિચારમાંથી શ્રેયસની સ્થાપના કરવાનો વિચાર આવ્યો એમ જણાવીને કેવા નાના પાયા ઉપર શ્રેયસની શરૂઆત કરવામાં આવી અને આજની ચાલુ ઢબની નિશાળોથી કઈ કઈ બાબતોમાં તેમણે પોતાની આ સંસ્થામાં નવા ચીલાઓ શરૂ કર્યા દા૦ ત૦ ચાલુ નિશાળોનો સમય ૧૧ થી ૫ હોય છે તેને બદલે સવારના ૮ા થી ઘણું કરીને સાંજના ૪ વાગ્યા સુધી એ શાળાનો સમય તેમણે ગોઠવ્યો, બપોરે બધા વિદ્યાર્થીઓ સાથે જમે એવો પ્રબંધ ગોઠવ્યો, આ ભોજનવ્યવસ્થા સંભાળવામાં વિદ્યાર્થીઓને ભાગીદાર અને જવાબદાર બનાવવામાં આવ્યા, અને સ્વાશ્રયના તત્ત્વને આ બધી પ્રવૃત્તિઓમાં તેમણે અમલી બનાવ્યું, ભાષાના પ્રશ્નનો તેમણે અમુક ઉકેલ વિચાર્યો, ચાલુ અભ્યાસક્રમ ઉપરાંત બીજી કઈ કઈ આડપ્રવૃત્તિઓને દાખલ કરવામાં આવી—આવી શ્રેયસને લગતી અનેક બાબતો તેમણે રજૂ કરી, સમજાવી. તાજેતરમાં તેમણે શરૂ કરેલી નાની ઉંમરના અને માબાપના આધાર કે ટેકા વિનાનાં બાળકોને વસાવવાની બાલગ્રામની યોજના (જે તા. ૧૬, જુલાઈ ૧૯૬૬ના પ્રબુદ્ધ જીવનમાં વિસ્તારથી આપવામાં આવી છે) નો તેમણે વિગતવાર ખ્યાલ આપ્યો. આ યોજના હાથ ધરવા પહેલાં પોતે યુરોપ ગયેલાં અને ત્યાંના જુદા જુદા દેશોના અનેક બાલગૃહો તેમણે જાતે જોયેલાં તેને લગતો અનુભવ તેમણે રજૂ કર્યો. આમ લગભગ સવા કલાક સુધી લીનાબહેને શ્રેયસની અનેક બાજુઓનો પરિચય કરાવ્યો. ત્યાર બાદ કેટલીક પ્રશ્નોત્તરી થઈ. અંતમાં સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે લીનાબહેનના સુન્દર, મધુર અને અસ્ખલિત નિરૂપણ અંગે પોતે અનુભવેલી ઊંડી પ્રસન્નતા વ્યક્ત કરતાં જણાવ્યું કે "આજે અત્યારે જ્યારે મહારાષ્ટ્રી-બિનમહારાષ્ટ્રીના પ્રશ્ને આપણને બેચેન બનાવી મૂક્યા છે ત્યારે અરણ્યમાં મીઠી વીરડી જેવા લીનાબહેનના વાર્તાલાપે આપણી આ બેચેની બે ઘડી ભૂલાવી દીધી છે અને આપણને કોઈ જુદા જ પ્રદેશમાં તેમણે સુખદ પ્રવાસ કરાવ્યો છે અને આપણને વારસામાં મળેલાં અનુપમ જીવનમૂલ્યો હજુ એટલાં જ જીવતાં છે અને કોઈ એક ઠેકાણે તેને મૂર્ત કરવાનો ગંભીર અને નિષ્ઠાયુક્ત પ્રયત્ન થઈ રહ્યો છે એવી શ્રદ્ધા અને પ્રતીતિ લીનાબહેનના વાર્તાલાપે આપણા દિલમાં જાગૃત કરી છે, અને શ્રેયસને નજરે નિહાળવાની ઈચ્છા આપણામાં પેદા કરી છે. એક સુસ્થિત બહેન પોતાનાં સમયનો, સંપત્તિનો અને શક્તિનો કેવો સદુપયોગ કરે છે અને શિક્ષણપ્રદાનના એક ભવ્ય આયોજન પાછળ પોતાના જીવનને કેવું ચરિતાર્થ કરે છે એ લીનાબહેનના આજના કથન ઉપરથી આપણને જાણવા મળે છે અને તેમના વિષે આપણું દિલ ઉંડો આદર અનુભવતું જાય છે. આજના તેમના વાર્તાલાપ માટે સંઘ તરફથી તેમ જ આપ સર્વ તરફથી લીનાબહેનનો હું આભાર માનું છું." પ્રમુખશ્રીના ઉપસંહાર બાદ સભા વિસર્જન કરવામાં આવી.

અવકાશમાં અથડામણ

(તા. ૧૪-૧૦-૬૬ ના 'ટાઈમ્સ ઑફ ઈન્ડિયા'માં પ્રગટ થયેલ એક તંત્રીનોંધનો અનુવાદ)

અવકાશમાં ઘૂમી રહેલાં માનવસર્જિત ઉપગ્રહો વચ્ચે અથડામણ થઈ જવાની સંભાવના નહીંવત્ છે; તેમ છતાં પણ માડ્રીડ (સ્પેન)માં ભરાયેલી એસ્ટ્રોનોટીકલ કૉંગ્રેસમાં જાહેર થયા પ્રમાણે ગયા વરસે બે અમેરિકન ઉપગ્રહો એક બીજા સાથે અથડાઈ પડ્યાં હતાં. સદ્‌ભાગ્યે આ એક નજીવી અથડામણ હતી અને ભૂમિમથકનાં જણાવ્યા પ્રમાણે બંને ઉપગ્રહો છૂટાં પડીને કશું પણ નુકસાન થયાં વિના પોતપોતાની ભ્રમણકક્ષામાં ચાલી ગયાં હતાં.

છેલ્લા થોડા વખતમાં વધી રહેલી અવકાશયાનોની પ્રવૃત્તિ જોતાં (માત્ર ગયા વરસમાં જ ૧૬૦ ઉપગ્રહો છોડવામાં આવ્યાં હતાં.) અને એથીયે વિશેષ, નિષ્ફળ થયેલાં અને મૃતપ્રાય થયેલાં ગ્રહો—ઉપગ્રહોનો ભંગાર હજી પણ અવકાશમાં ઘૂમી રહ્યો હશે તે ધ્યાનમાં લેતાં રશિયા અને અમેરિકા વચ્ચે કોઈ પણ જાતનું સ્વયંનિયંત્રણ થવું જરૂરી છે. આ વખતે કોઈ મોટો અકસ્માત ન થયો એથી ભવિષ્યમાં પણ કોઈ સમયે બે અવકાશયાત્રીઓની એકબીજા સાથે અથડાઈ જવાની જોખમી સંભાવના દૂર થતી નથી. વાસ્તવમાં આ અથડામણ ગમે તેવી આકસ્મિક હોય તો પણ જો અમેરિકન ઉપગ્રહ રશિયન ઉપગ્રહ સાથે અથડાઈ પડે તો તેમાંથી ઘણું મોટું રાજકીય ઘર્ષણ ઊભું થવાનો ભય રહેલો છે ને એટલા જ માટે અવકાશમાં છોડવામાં આવતાં તમામ ઉપગ્રહોની યુનાઈટેડ નેશન્સના દફતરમાં યાદી કરવામાં આવે છે. પરંતુ ભવિષ્યમાં આથી વધારે અસરકારક અંકુશ રાખવો જરૂરી થઈ પડશે.

આ અઠવાડિયે જે અથડામણની જાહેરાત કરવામાં આવી તે અથડામણ આજથી દોઢ વર્ષ પહેલાં થઈ હતી - જે પરથી આવા બનાવો વિષેની લાગતીવળગતી સરકારોની મૂંઝવણ જણાઈ આવે છે.

૧૯૬૧માં અમેરિકાએ ૯૪ ઉપગ્રહો અવકાશમાં મોકલ્યાં હતાં, જેમાંથી ૫૬ હજી પણ ઘૂમી રહ્યાં છે - ભૂતકાળમાં છોડેલાં ઉપગ્રહોનો હજી પણ ઘૂમી રહેલો ભંગાર તો જુદો. માડ્રીડમાં ભરાઈ ગયેલી કૉંગ્રેસ અવકાશવિજ્ઞાનને લગતાં આ પ્રશ્નને વધારે ઝીણવટથી તપાસી શકી હોત તો સારું થાત.

અનુવાદક: **સુબોધભાઈ એમ. શાહ**

વિષયસૂચિ

		પૃષ્ઠ
બીજા છેડેથી વિચારીએ!	કાકા કાલેલકર	૧૫૨
પ્રકીર્ણ નોંધ: "બીજા છેડેથી વિચારીએ": એક વિલક્ષણ વિચારણા, વ્યાપાર વિષયક સદ્‌વ્યવહાર મંડળ, દુષ્કાળસંકટનો મુકાબલો: આપણું કર્તવ્ય, બિહાર દુષ્કાળ રાહત માટે જૈનોનો ઉદાર ફાળો, નૂતન વર્ષના મંગળ પ્રભાતે.	પરમાનંદ	૧૬૦
રાયચંદભાઈનાં કેટલાંક સ્મરણો	મહાત્મા ગાંધીજી	૧૬૩
રામકૃષ્ણ પરમહંસ અને સ્વામી વિવેકાનંદ.	જવાહરલાલ નહેરુ	૧૬૪
અદ્યતન રાજકીય પરિસ્થિતિ	ચીમનલાલ ચકુભાઈ શાહ	૧૬૫
બ્રહ્મવિદ્યા મંદિરનો પરિચય	ઉષા બહેન.	૧૬૭
શ્રેયસનો પરિચય.		૧૬૮
અવકાશમાં અથડામણ.	અનુ. સુબોધભાઈ એમ. શાહ	૧૬૮

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ. મુંબઈ-૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, ફોર્ટ, મુંબઈ